
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૩)



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૨૯-૬૮ શ્લોક ૨૭-૪૫) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૬૯-૧૧૪)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૩)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૨૯ થી ૬૮, શ્લોક-૨૭ થી ૪૫,
પ્રવચન-૬૯ થી ૧૧૪)


પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવંત
૨૦૭૫

વીર સંવંત
૨૫૪૫

ઈ. સન
૨૦૧૮


## પ્રકાશન તિથિ

માગસર વદ-૮, કલિકાલ સર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્ય
આચાર્ય પદવી દીન

## પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી બિનાબેન ચેતનભાઈ મહેતા<br>શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ | ૧૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, આસામ | ૧૦,૦૦૦/- |
| એક મુમુક્ષુ, આસામ | ૧૦,૦૦૦/- |
| એક મુમુક્ષુ, આસામ | ૫,૦૦૦/- |

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૪૬ પ્રવચનનાં
સંકલનરૂપ આ ‘ભાગવત શાસ્ત્ર’ ભાગ–૩ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૯ થી ૬૮ ગાથા તથા તેના ૨૭ થી ૪૫ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૬૯ થી ૧૧૪ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૩માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી.

ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે, તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ ‘ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ’ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે ‘આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.’

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, ‘ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ’નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ‘‘....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...’’

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે ‘જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા’ અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી  એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે ‘કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.’ એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે ‘શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ’નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૬૯ | ૦૭–૦૨–૧૯૭૬ | ગાથા–૨૯ થી ૩૧ | ૦૦૧ |
| ૭૦ | ૦૮–૦૨–૧૯૭૬ | ગાથા–૩૧ | ૦૧૪ |
| ૭૧ | ૦૯–૦૨–૧૯૭૬ | ગાથા–૩૧ | ૦૨૫ |
| ૭૨ | ૧૦–૦૨–૧૯૭૬ | ગાથા–૩૧–૩૨ | ૦૩૬ |
| ૭૩ | ૧૧–૦૨–૧૯૭૬ | ગાથા–૩૨ | ૦૪૮ |
| ૭૪ | ૧૨–૦૨–૧૯૭૬ | ગાથા–૩૨–૩૩ | ૦૬૧ |
| ૭૫ | ૧૩–૦૨–૧૯૭૬ | ગાથા–૩૩ | ૦૭૪ |
| ૭૬ | ૧૪–૦૨–૧૯૭૬ | કળશ–૨૮ | ૦૮૬ |
| ૭૭ | ૧૫–૦૨–૧૯૭૬ | કળશ–૨૮, ગાથા–૩૪ | ૦૯૮ |
| ૭૮ | ૧૬–૦૨–૧૯૭૬ | ગાથા–૩૪ | ૧૧૦ |
| ૭૯ | ૧૭–૦૨–૧૯૭૬ | ગાથા–૩૫ | ૧૨૨ |
| ૮૦ | ૧૮–૦૨–૧૯૭૬ | ગાથા–૩૫ | ૧૩૫ |
| ૮૧ | ૧૯–૦૨–૧૯૭૬ | ગાથા–૩૬, કળશ–૨૯ | ૧૪૮ |
| ૮૨ | ૨૦–૦૨–૧૯૭૬ | ગાથા–૩૬, કળશ–૩૦ | ૧૬૦ |
| ૮૩ | ૨૧–૦૨–૧૯૭૬ | ગાથા–૩૭ | ૧૭૧ |
| ૮૪ | ૨૨–૦૨–૧૯૭૬ | ગાથા–૩૮, કળશ –૩૧ | ૧૮૩ |
| ૮૫ | ૨૨–૦૨–૧૯૭૬ | ગાથા–૩૮ | ૧૯૫ |
| ૮૬ | ૦૫–૦૬–૧૯૭૬ | ગાથા–૩૮ | ૨૦૭ |
| ૮૭ | ૦૬–૦૬–૧૯૭૬ | ગાથા–૩૯ થી ૪૩, કળશ–૩૩ | ૨૧૯ |
| ૮૮ | ૦૭–૦૬–૧૯૭૬ | ગાથા–૩૯ થી ૪૪ | ૨૩૧ |
| ૮૯ | ૦૮–૦૬–૧૯૭૬ | ગાથા–૪૪ | ૨૪૩ |

| | | | |
|---|---|---|---|
| ૯૦ | ૦૯–૦૬–૧૯૭૬ | ગાથા–૪૪–૪૫ | ૨૫૬ |
| ૯૧ | ૧૦–૦૬–૧૯૭૬ | ગાથા–૪૪, કળશ–૩૪ | ૨૬૭ |
| ૯૨ | ૧૧–૦૬–૧૯૭૬ | ગાથા–૪૫ | ૨૭૯ |
| ૯૩ | ૧૨–૦૬–૧૯૭૬ | ગાથા–૪૬ | ૨૯૨ |
| ૯૪ | ૧૩–૦૬–૧૯૭૬ | ગાથા–૪૬ થી ૪૯ | ૩૦૫ |
| ૯૫ | ૧૪–૦૬–૧૯૭૬ | ગાથા–૪૯ | ૩૧૬ |
| ૯૬ | ૧૫–૦૬–૧૯૭૬ | ગાથા–૪૯ | ૩૨૯ |
| ૯૭ | ૧૬–૦૬–૧૯૭૬ | ગાથા–૪૯ | ૩૩૯ |
| ૯૮ | ૧૭–૦૬–૧૯૭૬ | ગાથા–૪૯ | ૩૫૧ |
| ૯૯ | ૧૮–૦૬–૧૯૭૬ | ગાથા–૫૦ થી ૫૫, કળશ–૩૫ | ૩૬૩ |
| ૧૦૦ | ૧૯–૦૬–૧૯૭૬ | ગાથા–૫૫ થી ૫૫ | ૩૭૫ |
| ૧૦૧ | ૨૦–૦૬–૧૯૭૬ | ગાથા–૫૦ થી ૫૫, કળશ–૧૧થી૧૮ | ૩૮૮ |
| ૧૦૨ | ૨૧–૦૬–૧૯૭૬ | ગાથા–૫૦ થી ૫૫ | ૪૦૧ |
| ૧૦૩ | ૨૨–૦૬–૧૯૭૬ | ગાથા–૫૦ થી ૫૫ | ૪૧૪ |
| ૧૦૪ | ૨૩–૦૬–૧૯૭૬ | ગાથા–૫૦ થી ૫૬, કળશ–૩૭ | ૪૨૫ |
| ૧૦૫ | ૨૪–૦૬–૧૯૭૬ | ગાથા–૫૬ થી ૬૦ | ૪૩૬ |
| ૧૦૬ | ૨૫–૦૬–૧૯૭૬ | ગાથા–૫૮ થી ૬૧ | ૪૪૮ |
| ૧૦૭ | ૨૬–૦૬–૧૯૭૬ | ગાથા–૬૧–૬૨ | ૪૬૦ |
| ૧૦૮ | ૨૭–૦૬–૧૯૭૬ | ગાથા–૬૩ થી ૬૬ | ૪૬૫ |
| ૧૦૯ | ૨૮–૦૬–૧૯૭૬ | ગાથા–૬૫–૬૬, કળશ–૩૮–૩૯ | ૪૭૬ |
| ૧૧૦ | ૨૯–૦૬–૧૯૭૬ | ગાથા–૬૭–૬૮, કળશ–૪૦ | ૪૮૯ |
| ૧૧૧ | ૩૦–૦૬–૧૯૭૬ | ગાથા–૬૮ | ૫૦૦ |
| ૧૧૩ | ૨૧–૦૬–૧૯૭૬ | કળશ–૪૨ થી ૪૪ | ૫૧૦ |
| ૧૧૪ | ૦૩–૦૭–૧૯૭૬ | કળશ–૪૪–૪૫ | ૫૨૩ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૩)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**મહા સુદ-૭, શનિવાર, તા. ૦૭-૦૨-૧૯૭૬,**
**ગાથા-૨૯, ૩૦, ૩૧, શ્લોક-૨૫, ૨૬**
**પ્રવચન નં. ૬૯**

૨૯ ગાથા. ઉપરની વાતને સિદ્ધ કરે છે.

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि।।२९।।
પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.

'ટીકા :- **જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે...**' સુવર્ણમાં એનો અભાવ છે, સફેદપણાનો. '**માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું,...**' ધોળું સોનું એમ કહેવાય છે. તમારે હિન્દીમાં શબ્દ શું કહે છે? સફેદ શું? પણ એ સોનું સફેદ નથી. સોનામાં તો સફેદપણાનો અભાવ છે.

'**સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે;...**' અસ્તિ-નાસ્તિ કરી. સુવર્ણનો જે ગુણ પીળું આદિ એના નામથી સોનું કહેવાય છે. '**તેવી રીતે શરીરના ગુણો જે શુક્લ-રક્તપણું વગેરે,...**' ભગવાન ધોળા છે, રાતા છે, લીલા, પીળા છે. '**તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે...**' એ રંગ રાતો, પીળો

એ કાંઈ ભગવાનના આત્મામાં નથી. '**માટે નિશ્ચયથી શરીરના શુક્લ-રક્તપણું** વગેરે ગુણોનું **સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું, તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી...**' આહા..હા..! '**તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન...**' થાય છે. ગુણોનું સ્તવન લેશે. ભગવાનના ગુણો એટલે પોતાના ગુણો એ રીતે. આહા..હા..!

'**હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે, તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે :-**'

णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।
देहगुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति।।३०।।

**વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

'**શ્લોકાર્થ :-**' છે ને? '**આ નગર એવું છે કે જેણે...**' છે ને શ્લોકમાં છે.

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

'**આ નગર એવું છે કે જેણે કોટ વડે આકાશને ગ્રસ્યું છે...**' એટલે કોટ એટલો ઊંચો છે કે આકાશમાં જાણે અવલંબતો હોય, નગરનો (કોટ). '**मुपवनराजीनिगीर्णभूमितलम्।**' '**બગીચાઓની પંક્તિઓથી જે ભૂમિતળને ગળી ગયું છે...**' ઊંડું ઉતર્યું હોય. ચારે કોર બાગ-બગીચા હોય છે ને નગરને? '**(અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે)**' '**परिखावलयेन पातालम् पिबति इव**' '**કોટની ચારે તરફ ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે...**' આહા..હા..! '**(અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે).**' બગીચા બધા પહોળા છે, આકાશને જાણે ગઢ (ગ્રસી ગયો છે), ખાઈ જાણે ઊંડી પાતાળ સુધી ગઈ છે.

'**આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે, જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે તોપણ, કોટ-બાગ-ખાઈ-આદિવાળો રાજા નથી.**'

'**તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છે :-**'.

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।

'**શ્લોકાર્થ :- જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે.**' ભગવાનનું શરીર એવું હોય છે કે કોટિ સૂર્યથી પણ પ્રકાશ વધારે હોય છે. સુંદર રૂપ નમણાઈ બહુ હોય છે. દરેક અવયવની પ્રકૃતિ એવી બંધાયેલી છે કે જેના શરીરની સુંદરતા, નમણાઈ ઘણી ઊંચી હોય

છે. 'नित्यम्-अविकार' '**જેમાં સર્વ અંગ હંમેશાં અવિકાર...**' અંગમાં વિકારની ચેષ્ટા જેમાં હોય નહિ. શાંત... શાંત... શાંત... શરીર હોં! '**અવિકાર અને સુસ્થિત (સારી રીતે સુખરૂપ સ્થિત છે), જેમાં (જન્મથી જ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે (અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે) અને જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચલાચળ નથી.**' શાંત... શાંત... શાંત...

'**આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તોપણ, સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.**' નગરના વર્ણનમાં રાજાનું વર્ણન આવતું નથી. એમ શરીરના વર્ણનમાં આત્માનું વર્ણન આવતું નથી. આહા..હા..! હવે આ સાર ગાથા છે ૩૧મી. મુદ્દાની ગાથા છે આ. આહા..હા..!

'**હવે, (તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયક સંકરદોષનો પરિહાર...**' શું કહે છે? જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા છે અને આ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષય, ત્રણલોકના નાથ કે એની વાણી કે સમવસરણ બધું જ્ઞેય છે. સમજાણું કાંઈ? જ્ઞાયક જાણક સ્વભાવ એવો ભગવાન આત્મા અને દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય.. દ્રવ્યેન્દ્રિય એટલે આ જડ શરીરના પરિણામ પ્રાપ્ત, ભાવેન્દ્રિય એટલે એક-એક વિષયને જાણનારી ખંડ-ખંડ ઇન્દ્રિય અને એ ઇન્દ્રિયનો વિષય જગતના પદાર્થો. ભગવાન અને ભગવાનની વાણી પણ ઇન્દ્રિયનો વિષય છે, તે ઇન્દ્રિય કહેવામાં આવી છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા જ્ઞાયકના જ્ઞેય છે, છતાં જ્ઞેય અને જ્ઞાયકની એકતા માનવી એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પોતાની મિલકત હોય એને તો ફેરફાર કરવોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિલકત કેદી હતી એની? ધૂળની હતી? રામજીભાઈએ આપી દીધું મકાન કો'કને અને પૈસા એના. છોકરાનું નામ ચડાવી દીધું. કોનું નામ હતું? એય.. પોપટભાઈ! આ તો ઘરમાંથી જવાબ દઈએ ને. પોપટભાઈએ અહીંયાં મકાન કર્યા છે. હજી બીજા મકાન લીધા છે, ૩૬ હજારની જમીન. કોની છે ઈ જમીન? કોના પૈસા? કહેવાય એમ કે પોપટભાઈની જગ્યા છે એમ કહેવાય છે, લ્યો! કોની જમીન, બાપુ?

અહીં તો અહીંયાં સુધી લે છે કે આત્મા તો જ્ઞાનસ્વરૂપી... જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકભાવ સ્વરૂપ જ તેનું અસ્તિત્વ છે. એને આ રાગ, શરીર, સ્ત્રી, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર, વાણી એ બધા જ્ઞાનમાં પરજ્ઞેય છે. સ્વજ્ઞેય જ્ઞાયક છે. આહા..હા..! જ્ઞાનમાં એ ઇન્દ્રિયો જડ અને ભાવેન્દ્રિય અને એનો વિષય રૂપ, રસ, ગંધ આદિ એ બધા ત્રણેને ઇન્દ્રિય કહ્યા છે અને ઇન્દ્રિય અને જ્ઞાયકના તે જ્ઞેય છે. આહા..હા..! એ જ્ઞાયકના જ્ઞેયને એકપણે માનવા એ સંકરદોષ-

ખીચડો છે કહે છે. સમજાણું કાંઈ? ખીચડો સમજો છો?

**શ્રોતા :-** દાળ-ચોખા ભેગા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દાળ-ચોખા તો ઠીક છે, આ તો ચોખા અને કાંકરા ભેગા. ચોખા અને કાંકરા. આહા..હા..!

આ મુદ્દાની રકમ અહીંથી શરૂ થાય છે. જીવ કોને કહેવો? અને જીવમાં જે જણાય પરચીજ એ બધી અજીવ છે. આ જીવની અપેક્ષાએ બધા અજીવ. ભગવાન અજીવ, ભગવાનની વાણી અજીવ. આહા..હા..! પંચપરમેષ્ઠી આ જીવ નહિ માટે અજીવ. એ જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે. આહા..હા..! એમ ન માનતા જ્ઞેય અને હું બે એક છું એમ માનવું તે જ્ઞાન અને જ્ઞેયનો સંકર-ખીચડો છે. બેની એકતા છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ?

**'તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકર...'** સંકર એટલે એકતા. સંયોગને સંબંધને પરચીજને એકપણે માનવી એનું નામ સંકરદોષ કહેવામાં આવે છે. **'પરિહાર કરી...'** જ્ઞાયક અને જ્ઞેય બેની એકતાનો પરિહાર કરી '**(નિશ્ચય) સ્તુતિ કહે છે :-**' સમજાણું કાંઈ? કૌંસમાં શું છે? '**(તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે.**' શું છે? '**(તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે.**' ઉત્તરમાં શું કહેશે? કે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે તેને ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને જ્ઞેયો, એનાથી ભિન્ન-અધિક-જુદો-પરિપૂર્ણ શુદ્ધાત્મ તરીકે અનુભવવો એનું નામ કેવળીના ગુણની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓલી બે ગાથા સાધારણ હતી તો એકદમ લઈ ગયા. આ તો ગાથા (મુદ્દાની છે). આ તો હજી મથાળાની વ્યાખ્યા આવી. આહા..હા..!

હવે નિશ્ચય સ્તુતિ આ. એનો અર્થ કૌંસમાં નાખ્યો તીર્થંકર અને કેવળીની સ્તુતિ. ભગવાન! ત્યારે તીર્થંકર અને કેવળીની સાચી સ્તુતિ કોને કહેવી? તો એના ઉત્તરમાં એમ કહે છે કે આ જ્ઞાયક ભગવાન આત્મા જડ ઈન્દ્રિય, ભાવેન્દ્રિયનો વિષય ભગવાન, વાણી આદિ બધું એ બે એકતા છે એ વાણીથી મને લાભ થાય છે, પરથી જ્ઞેયથી મને જ્ઞાન થાય છે એવી જે એકતાબુદ્ધિ તેનો નિષેધ કરીને આત્માના ગુણનું સ્તવન જ્ઞેયથી ભિન્ન જુદો પરિપૂર્ણ શુદ્ધાત્માનો અનુભવ એ કેવળીની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ગીરધરભાઈ! આ તમારે કામ તો હજી મોટું છે ઈ બહારનું. એ શુભભાવ હોય છે. શુભભાવ સ્વભાવ નથી.

**શ્રોતા :-** આવ્યા વિના રહેતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યા વિના રહેતો નથી. અશુભથી બચવા અથવા તે કાળે તે ક્રમમાં શુભભાવ આવ્યા વિના રહે નહિ, એમ વાત છે. આહા..હા..! છતાં તે સ્વભાવધર્મ નથી. આહા..હા..!

તીર્થંકર અને કેવળીની સાચી સ્તુતિ એમ કહેશે અને એના કહેવાના ઉત્તરમાં આ કહેશે કે ભગવાન આત્મા જ્ઞાયક એકલો જ્ઞાનરૂપ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનભાવરૂપ વસ્તુ છે. એ જ્ઞાનને રાગ અને પરજ્ઞેયથી ભિન્ન પાડી, અધિક કરી, જુદો કરી, પરિપૂર્ણ એનો અનુભવ કરવો એનું નામ નિશ્ચય કેવળી અને તીર્થંકરના ગુણની સ્તુતિ છે. આહા..હા..!

**શ્રોતા :-** નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં એ શુભવિકલ્પમાં જાય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

**શ્રોતા :-** જૈનધર્મનો મૂળ મંત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૈનધર્મનું મૂળ આ છે. જ્ઞેયને જીતવું અને જ્ઞાનમાં રહેવું એ જૈનધર્મનું મૂળ. જૈન કોને કહીએ? જૈન. એ જ અહીં છે. ઇન્દ્રિયને જીતવી, અણીન્દ્રિયમાં આવવું એનું નામ જૈન. આહા..હા..!

જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ.
યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.

આહા..હા..! ઓલો અધિકાર પાછો ભાઈ સ્થાનકવાસીમાં આવ્યો છે ઓલા નગીનનો. કાલે વાંચ્યોને. સ્થાનકવાસીમાં આવ્યો છે. અરે..! કાંઈ સમજે છે? દેહનો કર્તા દેહનું કરે છે. શું કરે છે? આ નાના છોકરા બિચારા બાળક હજી. એને શેઠિયો બનાવ્યો. દુર્લભજીભાઈની પાછળ. ઓલો રાજકોટનો બે હજાર ઘરનો પ્રમુખ. એને ખબર નહિ બિચારાને. આવી ગયો છે અહીંયાં પહેલાં, ત્રણ-ચાર મહિના પહેલાં. પણ આ વસ્તુ નહિ. ખરેખર તો એ શ્વેતાંબરના શાસ્ત્રમાં આવી સ્પષ્ટ વાત છે જ નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત, ભાઈ!

**શ્રોતા :-** ભગવાનના તો કહેલાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાનના કહેલાં જ નથી. ઝીણી વાત છે, ભાઈ! કોઈને દુઃખ લાગે. પણ એ સર્વજ્ઞના કહેલાં નથી, મુનિઓના કહેલાં નથી, સંતોના કહેલાં એ શાસ્ત્રો નથી, સમકિતીના કહેલાં એ શાસ્ત્રો નથી, અગૃહીત મિથ્યાદષ્ટિના પણ કરેલા નથી, ગૃહીત મિથ્યાદષ્ટિના કરેલા છે, ભગવાન! આહા..હા..! આકરું લાગે, ન લાગે, ભાઈ! આહા..હા..! એય.. પોપટભાઈ! આવું છે, બાપા! આ તો ભાગ્યશાળી છે બધા ફરી ગયા એ. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! આવી વાત.

આમ એક સમયમાં ભગવાન ભવિતવ્યનો શુદ્ધાત્મા, પર્યાય અને રાગથી પણ જુદો એવો જે પરિપૂર્ણ પ્રભુ, એને પરથી જુદો કરીને અનુભવવો એનું નામ ભગવાનની સ્તુતિ કહેવામાં આવી. ભગવાન પોતે, હોં! આહા..હા..! જે કોઈ રાગના વખાણ કરે, એક સમયની પર્યાયની પ્રશંસા કરે એ ભગવાનની સ્તુતિ નથી કરતો, એ ગાળ દે છે. ગીરધરભાઈ! આવું છે. વસ્તુ એવી, ભાઈ! આહાહા..! એરેરે..! ભગવાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાન, અવધિજ્ઞાન ખૂટ્યાં,

પાછળથી આ બધા ભેદ પડ્યા.

**શ્રોતા :-** શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાન જેવું જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે પણ આ ભેદ પડ્યા એટલે વિરોધ અનેક થઈ ગયા. સાચી વાતને પણ.. કોટવાળને ચોર દંડે એવું થઈ ગયું. આહા..હા..! ભાઈ! માર્ગ તો આ છે. આહા..હા..!

**શ્રોતા :-** ચોર ઝાઝા હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુઓને આ ગાથા. આહા..હા..! આમાંથી પાછા એ કાઢે છે કે જુઓ! નિશ્ચયસ્તુતિ છે એ ભગવાનની મૂર્તિની પૂજા ને સ્તુતિ નથી. એ કાઢે છે. આ સ્થાનકવાસી ઈ કાઢે. ઓલા એ કાઢે કે નહિ, ભગવાનની સ્તુતિ એ પણ ધર્મ છે. ત્યારે ઓલા કહે જુઓ! આ નિશ્ચયસ્તુતિ એ સ્તુતિ છે. હવે તમારામાં કેદી હતી ઈ વાત? એય.. પોપટભાઈ! બાપુ! અનાદર માટે નથી, ભાઈ! કોઈનો તિરસ્કાર માટે નથી આ વાત. વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં (શું થાય)? આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે ઈન્દ્રો અને ગણધરોની વચમાં કહી તે આ વાત છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, '**(તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયક...**' ભગવાન તો જ્ઞાયકસ્વરૂપે જાણનાર છે. સ્વપરપ્રકાશકસ્વરૂપ જ એનું છે. પરવસ્તુ પ્રકાશે એ તો એનું પોતાનું સામર્થ્ય છે. પરને પોતાનું માનવું કે પરથી મને લાભ થાય... આહા..હા..! ભગવાનની વાણી સાંભળીને મને લાભ થાય, ભગવાન ત્રણલોકના નાથને દેખીને મને ધર્મલાભ થાય એ તો જ્ઞાયક અને જ્ઞેયની એકતાબુદ્ધિ છે, એનું સ્વ તરફનું વલણ નહિ રહે. જે પર તરફથી લાભ માનશે એની બુદ્ધિ પરમાં રોકાશે. સમજાણું કાંઈ? અને આમાં નિશ્ચયસ્તુતિ છે એ સમ્યગ્દર્શન છે અહીંયાં. હવે કેટલાક એમ કહે છે કે વીતરાગી દશામાં આ નિર્વિકલ્પ સમાધિ વીતરાગદશા તેને જ્ઞાન કહેવું. એ સિવાય ચોથા ગુણસ્થાનવાળાને પણ અજ્ઞાની કહેવું. પંડિતજી! સાંભળ્યું છે? શું? જ્ઞાનસાગર છેને જ્ઞાનસાગર? એ ભૂરમલજી બ્રહ્મચારી હતા, જ્ઞાનસાગર સાધુ હતા એણે સમયસાર બનાવ્યું છે એમાં એમ લખ્યું છે. એમાં લખ્યું છે. એ તો હમણાં જોયું. પહેલાં જોયું હતું, વાંચ્યું હતું. નિર્વિકલ્પ સમાધિ વીતરાગપણામાં હોય તો જ તેને જ્ઞાની કહેવો. નિર્વિકલ્પ સમાધિથી ભ્રષ્ટ થઈને વિકલ્પમાં આવે તો અજ્ઞાની કહેવો. આહા..હા..! શું થાય પણ? જગતના બિચારા લોકોને ખબર નથી. આમાં છે. એ આખું વાંચ્યું છે. અહીં તો બધા ગ્રંથો વાંચ્યા છેને. જ્ઞાનસાગર. અજમેરમાં છપાણું છેને.

**શ્રોતા :-** જયસેનાચાર્યની ટીકા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જયસેનાચાર્યની ટીકા છે. એ તો કઈ અપેક્ષાએ કહ્યું છે. આહા..હા..! એમાંથી આ તમારો થાય છેને.. એય..! ચેતનજી! વિવેક. વિવેક શું કહેવાય?

**શ્રોતા :-** વિકાસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકાસ.. એમાંથી કહે છેને ઈ? ચોથે ગુણસ્થાને વીતરાગી સમકિત ન હોય. ચોથે તો સરાગસમકિત જ હોય. અરે..! સરાગ અને વીતરાગ એવા ભેદ જ ન હોય સમકિતમાં. સમકિત તો વીતરાગસમકિત તે જ સમકિત છે. આહા..હા..!

**શ્રોતા :-** સાત પ્રકૃતિનો ઉપશમ થઈ જાય, ક્ષયોપશમ થઈ જાય, ક્ષય થઈ જાય તો પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાત પ્રકૃતિનો ક્ષય થઈ જાય તોપણ સરાગસમકિત કહે. આવ્યું હતું ને છાપામાં આવ્યું હતું. અરે.. ભગવાન! શું કંઈક કંઈક કરે. અરેરે..! અરે.. બાપુ!

આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પૂર્ણ પરિપૂર્ણ (છે) એ પર્યાયથી અને રાગથી અધિક થઈને જુદો અંદરમાં અનુભવે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ અને સમાધિ ભેગી છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? અનંતાનુબંધીનો જે નાશ થયો એટલું સ્વરૂપાચરણ પણ છે. ચોથે ગુણસ્થાને છે, ભાઈ! એ ના પાડે છે અત્યારે કેટલાક. સ્વરૂપાચરણ ન હોય. રતનચંદજી ના પાડે છે, ભાઈ! આ વસ્તુ એમ નથી. બાપુ! સ્વરૂપજ્ઞાન છે ઈ તો અહીં કહે છે. જ્ઞાયક જ્ઞાનસ્વભાવસ્વરૂપ પ્રભુ, એને રાગથી, જ્ઞેયથી ભિન્ન પાડીને જ્ઞાયકભાવનો અનુભવ કરવો એમાં તો પ્રતીત, જ્ઞાન અને રમણતા ત્રણે આવી ગઈ. સમજાય છે કાંઈ? આહા..! એણે એ કહ્યું છે આમાં કળશટીકામાં. ભાઈ! તમે અનુભવ-અનુભવ સમકિતમાં કહો છો, પણ માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે છે. એ ત્રણે આવી ગયા એમાં. છે ને ભાઈ આમાં? કયે ઠેકાણે છે? સમજાણું?

કોઈ કહે કે ભાઈ આત્મા રાગથી, પરથી ભિન્ન જાણે અને પ્રતીત કરે તો તે સમ્યગ્દૃષ્ટિ છે પણ એને ચારિત્ર ન આવ્યું. મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય કહ્યા છે. તો કહે છે, ભાઈ! એમાં ત્રણેય આવી ગયા. સ્વરૂપાચરણરૂપ ચારિત્ર છે. આહા..હા..! આમાં છે ક્યાંક. આપણને યાદ નથી. કોણ અભ્યાસી છે? કોઈ અભ્યાસી? રાખવું જોઈએ પાકું એકને. આપણા કેવા? ન્યાલભાઈના અભ્યાસી નથી જવાહરલાલ? છેને ન્યાલભાઈના? એમ આનો .. એક અભ્યાસ હતો. બધું કાંઈ યાદ રહે છે? એકલો ક્ષયોપશમ કાંઈ છે? આહા..હા..! ભાવ યાદ રહે. આહા..હા..!

કહે છે કે આ નાથ સર્વજ્ઞસ્વભાવી પ્રભુ. જ્ઞાન કહ્યું ને અહીંયા? જ્ઞાયક કહ્યો ને? જ્ઞાયક કહો કે સર્વજ્ઞસ્વભાવી વસ્તુ કહો. એને પરિપૂર્ણતા, પરથી ભિન્ન પાડીને પરિપૂર્ણ અને પરથી ભિન્ન-અધિક-જુદો-અનુભવવો એનું નામ કેવળીના ગુણની સ્તુતિ કહેવામાં આવે છે. એને ત્રણેય આવ્યા—સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતા પણ ભેગી અંશે આવી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પહેલાં...**' આ પહેલાં એટલે આમાં ૩૨-૩૩માં બીજું કહેશે. '**પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકર...**' સંકર એટલે એકતા. જ્ઞેય અને જ્ઞાયકની એકતાનો દોષ જે છે અનાદિનો એનો

પરિહાર કરીને સ્તુતિ કરે છે. જ્ઞાયક અને જ્ઞેયની એકતા તે મિથ્યાત્વભાવ છે અને જ્ઞાયક અને જ્ઞેયની ભિન્નતા એ સમ્યગ્દર્શનરૂપી સ્તુતિ છે. આહા..હા..! ટૂંકી વ્યાખ્યા. આહા..હા..! એવું છે. અરે..! બહુ ફેરફાર થઈ ગયા. એવા થઈ ગયા ઘણા. કોકે કાંઈક માન્યું, કોકે કાંઈક માન્યું. આહાહા..! અરેરે..!

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય શરૂઆત (કરતાં) જિન કોને કહેવો એ વાત શરૂ કરે છે. જિન-જિન કોને કહેવો? આ જુઓ!

**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।**
**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

સંતો ભાવલિંગી સાધુઓ શ્રુતકેવળીઓ અને કેવળીઓ આને જિન કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ત્યારે વળી એમાં એમ લખ્યું હતું, જયસેનાચાર્યનો આધાર આપીને. દીકરો એકનો ન હોય, બાપ અને માનો બેનો થઈને હોય, એમ વિકાર એકનો ન હોય જીવનો અને કર્મનો, બે થઈને હોય. એકનો માને એ જૂઠાં છે એમ લખ્યું છે, લ્યો. અરે.. ભગવાન! કઈ અપેક્ષાએ ત્યાં કહ્યું છે? જયસેનાચાર્યે તો ઉપાદાન-અશુદ્ધ ઉપાદાન અને નિમિત્ત બેની વાત કરીને બેથી થયું એમ કહ્યું છે, જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? બાકી વિકાર પોતે એકલાથી થાય છે. પરની જેમાં... એ કહ્યુંને ૬૨મી ગાથામાં. પરના ચતુષ્ટય, કારકના ચતુષ્ટયની એને જરૂર નથી. બીજો કર્તા, કર્મ એવા કારકની આને જરૂર નથી. એક સમયની વિકારી પર્યાયનો તે ક્ષણ પોતાથી પોતામાં પરના કારકની અપેક્ષા વિના થાય છે એવું એનું વિકારી પર્યાયનું સ્વતઃ સ્વતંત્ર સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ એમાં લખ્યું છે. એકલા માને તો... બાપુ! સાંભળ તો ખરો, ભાઈ! એ જયસેનાચાર્યે તો બે વાત ભેગી કરી છે. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. બાકી થાય છે તો પોતાના એકલાથી જ. એ સમયે ચારિત્રગુણનો જે વિકાર છે એ ગુણનો ઉત્પાતનો કાળ જ એ પોતાનો છે. આહા..હા..! બહુ ઊલટું એટલે આમાં બિચારા સાધારણ માણસોને અભ્યાસ ન હોય. થોડું કલાક સાંભળવા જાય ત્યાં જે મળે એ જય નારાયણ.

અરેરે..! આવો વખત મળ્યો મનુષ્યપણું. દુર્લભ જેનું મનુષ્યપણું છે, અનંતે કાળે (મળે). આહા..હા..! એ દુર્લભ શેના માટે? રળવા માટે અને ભોગ માટે છે? આહા..હા..! એય.. પોપટભાઈ! કહો, ચિમનભાઈ! આ રળવા માટે દુર્લભ હશે આ? આ તો આત્માનું કરવા માટે દુર્લભ છે. આહા..હા..! એ બધા વેપારમાં ઘુંચી ગયેલા છે. કપુરભાઈ કહે છે એને કે વેપાર-ધંધા છાતીએ લગાડીને સાથે લઈ જજો. કરવાનું છે કરતાં નથી, પછી ક્યારે થાશે આ? આહા..હા..!

**શ્રોતા** :- આ ભવમાં નહિ તો આવતા ભવમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવતો ભવ ક્યાં થશે એની ખબર છે એને? આહા..હા..! એક ભાઈ કહેતા હતા કરોડપતિ. ઓલા કાંતિભાઈ સર્વોદય, સર્વોદયવાળા. એને દીકરો નથી. દીકરી હતી. કરોડ રૂપિયા. પરણાવીને કાંઈક પૈસા આપવાના હતા ૩૦ લાખ છોડીને-જમાઈને. પછી આવ્યા મારી પાસે. અહીંથી જઈને વ્યાખ્યાન ત્યાં આપવાના છે. ત્યાં જ આપવાના છે ને? કલાક. ઘાટકોપર. રહેવાનું સુમનભાઈને ત્યાં. વ્યાખ્યાન ત્યાં. એમ નક્કી થયું છે. આહા..હા..! એ આવ્યા. આ ફેરી ત્યાં નહોતા ગયા ને. વ્યાખ્યાન અહીં હતા મોટાણીને ત્યાં. કાંતિભાઈ મોટાણીને ત્યાં. આવ્યા, આવે ખરા. મહારાજ! તમે કહો છો એ ધર્મ ઘણા ભવ પછી કરશું. નવનીતભાઈ! અત્યારે નહિ, ઘણા ભવ પછી. આહા..હા..! પૈસા ઘણા. બાયડી-ભાયડો બે જ છે. છોકરી એક હતી (એને) પરણાવી. એક કરોડ રૂપિયા. હવે આમાં પ્યાલા ફાટી જાય. ઓલા શું કહેવાય એ? દવાખાનું.

**શ્રોતા** :- હોસ્પિટલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હોસ્પિટલ. એમાં કેટલા માણસો. પાંચસો, હજાર, બે હજાર કેટલા બધાને મફત ઈસ્પિતાલ આપે, ઘણું આપે ખર્ચ પૈસા. એના બાપ આદિ જમીન મૂકી ગયા એના પૈસા એટલા ઊપજ્યા, કરોડ રૂપિયા થઈ ગયા. એ બધા ખરચવા.. ખરચવા.. બસ. એ જાણે કે ઓહોહો..! શું કરીએ છીએ ધર્મ! અરે..! ભગવાન! આહા..હા..! અહીં આવ્યા હતા. કીધું એણે, મહારાજ! તમે કહો છો એ ધર્મની વાત (ખરી) પણ ઘણા ભવ પછી થશે. ઘણા ભવ પછી પણ જો રુચતી હોય તો ઘણા પછી થશે એનું ક્યાં આવ્યું? આ રુચતું નથી આત્યારે. આહા..હા..! એ ઓલું કરવું નથી એટલે.. પૈસા આમ ખરચે. ૨૫ હજાર અહીં દે, ૫૦ હજાર અહીં દે. લાખ, બે લાખ આમ દે. એઈ..! રાજી-રાજી થઈ જાય લોકો. ઓહોહો..! છોડીને પરણાવીને ૩૦ લાખ દેવાના હતા જમાઈને, ૩૦ લાખ! ફાટી જાય ને પ્યાલા. કોક આવ્યો હશે બહારથી રખડાવ. આ અમેરિકાથી. ભણવા ગયો હોયને. દે એમ કે ઓહોહો..! દીકરી ઓલામાં આપી. ધૂળમાંય નથી ત્યાં હવે. આહાહા..! અરેરે..! જે કરવાનું એ કરે નહિ. ઘણા ભવ પછી કરશું, કહે. ઠીક! આ ભવમાં થાય એવું નથી. આ ભવમાં તો હમણાં આ કરીએ. અરે..! જુઓને બાપા! મનુષ્યભવ ક્યારે મળશે ભાઈ! આ દુર્લભ અનંત કાળે મળ્યો છે, બાપુ! તને ખબર નથી. આહા..હા..! આયુષ્ય પૂરું થઈ ક્યાં જશે એના ભાવ? બાપુ! આહા..હા..! આહા..હા..! શું કહેવાય? ઊલટો વાયરો ઊડે. વાયુ-વંટોળિયો. વંટોળિયામાં તણખલું ઊડીને જાય. ઊડીને ક્યાં પડશે? એમ મિથ્યાત્વના વાયરે પડ્યો એ જઈને ક્યાં પડશે? ભાઈ! તને ખબર નથી. આહા..હા..! આવા ટાણા મળવા મુશ્કેલ છે, બાપુ! આહા..હા..!

કહે છે... ટીકા. ગાથાર્થ લઈએ પહેલાં. **'જે ઇન્દ્રિયોને જીતીને...'** ઇન્દ્રિયની વ્યાખ્યા

ત્રણ કરશે. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો—એ ત્રણેને ઇન્દ્રિય કહેવામાં આવે છે. એનો શબ્દાર્થ એ છે કે જે કોઈ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયનાં વિષયો... ભગવાનને પણ અહીંયાં ઇન્દ્રિય કહેવામાં આવ્યા છે. ભગવાનની વાણીને પણ અહીંયાં ઇન્દ્રિય કહેવામાં આવી છે. આ અણીન્દ્રિય ભગવાન સિવાયની જેટલી ચીજો તેને ઇન્દ્રિય કહેવામાં આવી છે. આહા..હા..! એ ઇન્દ્રિયોને જીતીને એટલે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એનો વિષય, તેના લક્ષને છોડી દઈને. આહા..હા..! સમજાણું કાંઈ? 'જીતીને...' એટલે તેના લક્ષને છોડી દઈને.

ભગવાન આત્માને.. જુઓ! '**ज्ञानस्वभावाधिकं**' '**જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક...**' આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્યઘન છે એને પરદ્રવ્યથી અધિક નામ જુદો, પરિપૂર્ણ, શુદ્ધાત્મસ્વરૂપ એવા આત્માને '**જાણે છે...**' અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! આવી વાતું ઝીણી પડે ને બિચારાને પછી ઓલા બહારમાં જોડાઈ જાય. હમણાં નહોતું ... આવ્યું? ...માં મોટું. દેરાવાસીનું મંદિર છે અને કંકોત્રી આવડી મોટી જાડી. બે રૂપિયાની હશે એક કંકોત્રી. એ ધમાધમ કરે અને પૈસા ઉડાવે જાણે ધર્મ થઈ ગયો. આહા..હા..! એમ માને. સાધુ માને અને મનાવે બીજાને. અરે..! ભાઈ! સત્ય વસ્તુની હજી ખબર નથી. એની માન્યતા વિના તારું કલ્યાણ ક્યાં છે? હો એ વસ્તુ, અંદર અશુભથી બચવા માટે (આવે), પણ તે પણ વીતરાગમાર્ગના.. આ એની પ્રતિમા દિગંબર જોઈએ. આહા..હા...! સમજાય છે? એવી વાત છે, બાપુ! આહા..હા..! જેવા વીતરાગ હતા, બિંબ હતા એવું પ્રતિબિંબ જોઈએ. જેવા ભગવાન વીતરાગમૂર્તિ એવું બિંબ હતું એવું પ્રતિબિંબ-મૂર્તિ એવી જોઈએ. એને વસ્ત્ર ને એના... શું કહેવાય? આંગી. એ લખ્યું છે આંગી રચશે. મોટી આંગી રચશે એમાં પ્રકાશ કરશે, દીવા કરશે. બહુ ઈ આવ્યું છે. કો'કે મૂક્યું છે સોનગઢને નામે. નામ બહાર પ્રસિદ્ધ છે ને એટલે મૂકે કો'ક. આહા..હા..! અરે..! વીતરાગમૂર્તિ કોને કહીએ, બાપુ! જેને કાંઈ લેપ કાંઈ ન હોય એવી વીતરાગમૂર્તિને પ્રતિમા કહેવામાં આવે છે. આહા..હા..! એના મહોત્સવમાં હોય છે એને શુભભાવ હોય છે. સમજાય છે કાંઈ? ગીરધરભાઈ!

**શ્રોતા :-** ગીરધરભાઈનો વારો આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠીયાઓનો બધાનો વારો છે ને. ચારેય શેઠિયાના નામ નાખ્યા છે. ગીરધરભાઈ સેવક .. ખબર છે. સેવક. રમણીકભાઈ, પોપટભાઈ અને પછી ચીમનભાઈ, ત્રંબકભાઈના ભાઈ. આહા..હા..! અરે..! આવા વીતરાગમાર્ગને સમજવા માટે બાપુ, વખત ક્યાં છે? આહા..હા..!

કહે છે, '**જ્ઞાનસ્વભાવ વડે...**' એટલે? જ્ઞાયકભાવનો આશ્રય લઈને એના વડે જ્ઞેયને-ઇન્દ્રિયોને એટલે જ્ઞેયને એટલે કે ભગવાન અને ભગવાનની વાણીનું પણ લક્ષ છોડી દઈને, આહા..હા..! એનાથી અધિક ભિન્ન ભગવાન જ્ઞાનસ્વભાવ છે એને અનુભવે છે. જાણે છે એટલે અનુભવે છે. એ સ્વનું જ્ઞેય જ્ઞાન કરે છે. પર જ્ઞેય ઉપરથી લક્ષ છોડે છે. આહા..હા..!

'તેને,...' 'ये निश्चिताः साधवः' '**જે નિશ્ચયનયમાં સ્થિતિ સાધુઓ છે તેઓ, ખરેખર જિતેંદ્રિય કહે છે.**' કોણ? કોને? કે જે સાધુ છે મહાસંત પરમાગમના પૂર્ણ પવિત્રને પ્રગટ કર્યા છે જેણે અંદર. શાંતિ.. શાંતિ.. સાધુપદ ગણધરોએ પ્રગટ કર્યા છે. એવા ગણધરો એ નિશ્ચયસાધુ એ આવા જીવને જીતેન્દ્રિય કહે છે. કોને? કે જ્ઞેય તરફનું લક્ષ છોડીને જ્ઞાયકભાવને અધિકપણે ભિન્નપણે પરિપૂર્ણપણે અનુભવે છે, જાણે છે, વેદે છે, અવલોકે છે એને નિશ્ચય સાધુઓ, સંતો, મુનિઓ, ગણધરો એને જીતેન્દ્રિય કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને!

**શ્રોતા :-** આત્માની સ્તુતિ એ જ ભગવાનની સ્તુતિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્તુતિ. એ સ્તુતિ. આની સ્તુતિ એ ભગવાનની સ્તુતિ. એ કહી. આહા..હા..! ભગવાનનું સ્વરૂપ છે એવું જ તારું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! સમય-સમય, બાપુ! દેહની અવસ્થા પૂરી થવા જાય છે. દેહને છૂટવાને નજીક આવે છે. એમાં કરવાનું તો આ છે. આહા..હા..! એનો સમય આવશે દેહ છૂટશે, એને રાખ્યો રહેશે નહિ. ઈન્દ્રો અને મોટા ડોક્ટરોને કરોડોને બોલાવ તોપણ કાંઈ રહેશે નહિ. આહા..હા..! હમણાં કો'ક કહેતું હતું કે દવા મગાવી ત્યાં દવા આવ્યા પહેલાં મરી ગયો. આ તમારે કોલસાવાળા. ..ભાઈ! કોલસાવાળા નહિ તમારા? તમારા કિરણના સસરાના બાપ. અહીંયાં કાંપમાં. રોગ હતોને રોગ એમને? દવા મગાવી હતી વિલાયતથી. ખબર છે ને. આવી હતી. દવા આવ્યા પહેલાં (ચાલ્યા ગયા). ગૃહસ્થ માણસ હતો, પૈસા ઘણા. દવા મગાવી હતી વિલાયતથી. આવ્યા પહેલાં દેહ છૂટી ગયો. એમાં દવા શું કરે? આહા..હા..! કાંપમાં. આહા..હા..! અરે..!

અરે.. એ શું? આ મોટા તમારે નહિ? બે અબજ ને ચાલીસ કરોડ. શાંતિલાલ ખુશાલ. દુઃખાવો થાય છે. બૈરાને હેમરેજ થઈ ગયેલું. એટલે અહીં મુંબઈ દવા કરવા આવ્યા હોસ્પિટલમાં. હવે કહે કાંઈક થોડા દી થયા હશે કેટલા ખબર નથી. એ બહેનની એના ભાણેજને ખબર હોય. એમાં રાતે ઊઠ્યા દોઢ વાગે. મને દુઃખે છે. ૬૧ વર્ષની ઉંમર. બે અબજ અને ચાલીસ કરોડ. ડોક્ટરને બોલાવો. એ ભાઈ કહેતા. ત્યાં મુંબઈમાં છે એમના. એ કહે હું ઊભો હતો મને કહ્યું. મને કહ્યું. ડોક્ટરને હું બોલાવા જાઉં ત્યાં ખલાસ થઈ ગયા. ખલાસ, દેહ છૂટી ગયો. શું ધૂળ કરે? એની સ્થિતિનો સમય છે તે છૂટે જ છૂટકો. આહા..હા..! લાખ ઈંજેક્શન ડોક્ટરને બોલાવને. નક્કી થયેલો કેવળજ્ઞાનીના જ્ઞાનમાં જણાણું કે આ દેહ આ દેહ આ ટાણે છૂટશે. એ પરમાણુનો સંયોગ આ કાળે છૂટશે. આહા..હા..! એ પહેલાં જો આ સમજ્યો અને કર્યું તો હથિયાર હાથમાં રાખ્યું એણે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સુમનભાઈ! એ કાંઈ આઠ હજારના પગાર-બગાર સાથે નહિ આવે ત્યાં, એમ કહે છે.

**શ્રોતા :-** સાથે શું આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાથે આવે આ ભાવ જે કર્યા એ. ભાવ કર્યા એ પણ ક્યાં આવે છે, એ તો વયા જાય છે, પણ એના બાંધેલા ઓલા રજકણ છે એ સાથે આવે. આહા..હા..! અરે..! વસ્તુ તો જો. ભાઈ! તારે શું કરવું છે, બાપુ?

કહે છે, જે કોઈ જ્ઞાયકભાવને જ્ઞેય બાજુના લક્ષને છોડી દઈને જ્ઞાયકભાવને ભિન્ન-અધિક-જુદો-પરિપૂર્ણ શુદ્ધાત્માને અનુભવે એને સંતો, ગણધરો તેને જિતેન્દ્રિય કહે છે. ઇન્દ્રિયથી વિષય સેવે નહિ માટે જિતેન્દ્રિય એમ નહિ. આહા..હા..!

**શ્રોતા** :- અમુક વસ્તુનો ત્યાગ કરવો જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પણ નહિ, ત્યાગ કોને કરે સામે? એને ત્યાગ આ છે. આહા..હા..!

જ્ઞેયની જ્ઞાનમાં એકતા તેને તોડીને... આહા..હા..! જે સ્વભાવથી જુદો પડીને જ્ઞેયની સાથે એકતા કરી છે એને જોડ્યું છે તેને તોડીને. આહા..હા..! જોડનારો એકતા પણ એ અને તોડનારો પણ એ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આ વસ્તુ છે. આ ૩૧ ગાથા જિતેન્દ્રિયની મુખ્ય જિનપણું કોને કહેવું એની શરૂઆત છે. આહા..હા..!

તે '**અન્યદ્રવ્યથી અધિક...**' અસાધારણ જ્ઞાયકભાવ તે હું છું. બીજામાં એ જ્ઞાયકભાવ ક્યાંય વહેંચાયેલો નથી. આહા..હા..! 'એવી જ્ઞાયકશક્તિ-જ્ઞાયકભાવ તે હું છું' એવો વિકલ્પ નહિ. આહા..હા..! '**આત્માને જાણે...**' એમ કીધું ને? આત્મા છે એ તો જ્ઞાયકભાવ નિર્વિકલ્પ છે. આહા..હા..! એને જાણવું. દ્રવ્ય છે એ ત્રિકાળી જ્ઞાયકભાવ છે. એને જાણે, અનુભવે તે પર્યાય છે. એને ગણધરો જિતેન્દ્રિય તે જીવને કહેવામાં આવે છે. આહા..હા..! એ સ્તુતિ છે. એ આત્માની સ્તુતિ, સમ્યગ્દર્શન એ. આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ ગાથા ઊંચી છે. ઓલી બે લઈ ગયા ઝટ દઈને, પણ આ.. આ તો માખણ છે ને. આહા..હા..! જૈનદર્શનનું મૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેને આ મૂળની ખબર નથી એ વિના બધું તપ ને વ્રત ને નિયમ ને બધા કરે એ બધા સંસાર ખાતે છે, બાપા! આહા..હા..! જેમાં ભવના અંત ન આવે એ ક્રિયા તે ભવની અંતવાળી ક્યાંથી હોય? આહા..હા..! એ ઓલા પત્રોમાં એવું આવે કે આણે આમ કર્યું, આણે અપવાસ કર્યા, આંબેલ કરી, દીક્ષા આટલા વર્ષની થઈ એને ઉજવી. શું ઉજવ્યા? ધૂળ? આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયકભાવ. કહ્યો ને? જુઓ! '**જ્ઞાનસ્વભાવ વડે...**' તે જ્ઞાયકભાવ. એ વડે જેણે ઇન્દ્રિયોને જીતી. આહા..હા..! જેણે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકભાવને સમીપ લીધો, જેને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય સમીપ હતું, આહા..હા..! એણે જ્ઞાનની પર્યાયને જ્ઞાયકના સમીપમાં લીધી અથવા જ્ઞાયકભાવ પર્યાયને સમીપ કર્યો. આહા..હા..! એ અનુભવને કેવળીની અને તીર્થંકરની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! કારણ કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ સિદ્ધ સમાનનો અનુભવ એ એની કેવળીની સ્તુતિ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જિતેન્દ્રિય કહે છે.**' '**ખરેખર જિતેન્દ્રિય કહે છે.**' આ ઇન્દ્રિયો જીતીને વિષય સેવ્યા નહિ. કાનમાં ઓલા રાખ્યા, સાંભળ્યા નહિ. કાંઈક ભૂલ થાય તો આમ કરે. પોપટભાઈ! એમ કરે છે ને? આપણે પોપટભાઈ કરતાં એમ. વઢવાણમાં. શું છે પણ આ? આને શું છે? આ તો જડ છે. આહા..હા..! એવું સાંભળવાનું હોય તો ઉં..હું..હું.. એ તો જ્ઞેય છે. શું છે? આહા..હા..!

અહીં કહે છે આને '**જિતેન્દ્રિય કહે છે.**' અહીં મુનિની પ્રધાનતાથી કથન છે. સમજાણું? નહિતર તો આ વિષય સમ્યગ્દર્શનનો છે, પણ મુનિની પ્રધાનતાથી કથન છેને? પહેલેથી શરૂ કર્યું છેને? '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' આવે છેને? બીજી ગાથા. જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણે લીધા ત્યાં. મુનિ છેને ત્યાંથી ઉપાડી છે વાત, તે સ્વસમય જાણ. વળી આમાં એમ લખ્યું છે, ચોથે ગુણસ્થાને સ્વસમય હોય જ નહિ. ઓલામાં આવે છેને રયણસારમાં. રયણસારમાં આવે છે કે સ્વસમય તેરમે ગુણસ્થાને હોય. ત્યાં સુધી અંતરાત્મા છે એ પણ હજી પરસમય છે. એ તો પૂર્ણ નથી એ અપેક્ષાએ. આહા..હા..! રયણસારમાં છે. આહા..હા..!

અરે..! સ્વસમય ભગવાન જ્ઞાન આત્મા એમાં ઠર્યો ત્યાંથી સ્વસમયની શરૂઆત થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિદ્યાનંદજી સાથે એ વાત થઈ હતી દિલ્હીમાં. એમ કે ... વ્યાખ્યા. ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય છે. સિદ્ધ તે સ્વસમય છે. અરે..! કીધું આ શું કહે છે? કૈલાસચંદજી હતા. સાંભળ્યું એણે. વખાણ કર્યા. બઢિયા વ્યાખ્યાન! અરે.. પણ શું કીધું આ? ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય છે અને સિદ્ધને સ્વસમય હોય. આ શું કહે છે? બહુ તો ઉત્કૃષ્ટપણે દેવું હોય તો સ્વસમયની પૂર્ણતા તેરમે છે. માટે એને સ્વસમય કહેવાય, ઉત્કૃષ્ટ પૂરાની અપેક્ષાએ. રયણસારમાં એ છે. અને પહેલેથી તે બારમા ગુણસ્થાન સુધી, એને હજી અંતરાત્મા હોવા છતાં, પરિપૂર્ણ દશા નથી એટલે એને પરસમયમાં નાખ્યું છે. રયણસારમાં છે. એ કઈ અપેક્ષા છે?

અહીં તો પરમાત્મા ૩૧થી શરૂ કરે છે. જેણે આત્મા આનંદનો નાથ ભગવાન જ્ઞાયકભાવમાં નજરું નાખી અને જેણે પર્યાય અને રાગથી નજર ઊઠાવી લીધી... આહા..હા..! તેને જિતેન્દ્રિય અને તે આત્મામાં આવ્યો અને આત્માનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. એણે કેવળીની સ્તુતિ કરી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા તો બહુ ઊંચી છે. આહા..હા..! ટીકા છે ને કૌંસમાં. '**જે મુનિ...**' તેથી લીધું. મુનિની વ્યાખ્યા છે ને મુખ્ય?

'**ટીકા :- (જે મુનિ દ્રવ્યેન્દ્રિયો,...**' એટલે જડ પાંચ '**ભાવેન્દ્રિયો...**' એક-એક વિષયને જાણનારો ક્ષયોપશમનો ખંડ-ખંડ જ્ઞાન '**ઇન્દ્રિયોના વિષયભૂત...**' ઇન્દ્રિયોના વિષયભૂત (પદાર્થો) એ વિષય છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પણ ઇન્દ્રિયનો વિષય છે. વાણી ને દિવ્યધ્વનિ પણ ઇન્દ્રિયનો વિષય છે. આકરી વાત.

**શ્રોતા** :- ભગવાન પોતે ઈન્દ્રિય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભગવાન પોતે ઈન્દ્રિય છે. એ તો ઈન્દ્રિયથી જણાય છે. કાંઈ અણીન્દ્રિયથી.. આહા..હા..!

એ ત્રણે '**પદાર્થો—એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને...**' એટલે તેના તરફનો આશ્રય-લક્ષ છોડી દઈને '**સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન...**' સર્વ અન્યદ્રવ્યોથી જુદો ભગવાન. આહા..હા..! સમ્યગ્જ્ઞાન દિપીકામાં ધર્મદાસ ક્ષુલ્લકે એવું લીધું છે, ૪૯મી ગાથાનો પહેલો બોલ છે ને? છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય વ્યક્ત છે, તેનાથી જીવ અન્ય અવ્યક્ત છે. શું કહ્યું એ? ૪૯ ગાથામાં અવ્યક્તના છ બોલ લીધા છે. એમાં પહેલો બોલ એ લીધો છે કે છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય. છે અંદર, જુઓ! ગુજરાતી પાનું ૧૦૦ છે. આમાં પાનું ૧૦૦. છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય. આ તો આપણે જ્ઞેય આવ્યું છેને જ્ઞેય? આહા..હા..! છે? અવ્યક્તનો બોલ. છ દ્રવ્યસ્વરૂપ લોક કે જે જ્ઞેય છે એટલે કે વ્યક્ત છે, તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. આહા..હા..! એમાંથી સમ્યગ્જ્ઞાનદિપીકા ધર્મદાસ ક્ષુલ્લકે મૈં સપ્તમ દ્રવ્ય હો જાતા હું ઐસા કહા હૈ. કારણ કે છ દ્રવ્યથી અન્ય કહ્યુંને? છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે, બાહ્ય છે, તેનાથી જીવ અન્ય છે અંદર પૂર્ણાનંદનો નાથ, માટે તેને અવ્યક્ત કહે. સાતમું થઈ ગયું તેને અવ્યક્ત કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

## મહા સુદ-૮, રવિવાર, તા. ૦૮-૦૨-૧૯૭૬, ગાથા-૩૧ પ્રવચન નં. ૭૦

૩૧ ગાથા, સમયસાર. શિષ્યનો પ્રશ્ન છે, જ્યારે શરીરની સ્તુતિથી, જેમ નગરના વર્ણનથી રાજાનું વર્ણન યથાર્થપણે હોઈ શકતું નથી, એમ શરીરના વર્ણનથી આત્માની સ્તુતિ થઈ શકતી નથી તો એ આત્માની એટલે કે તીર્થંકરની અને કેવળીની નિશ્ચયસ્તુતિ કોને કહે છે? એટલે કે જે આત્મા જ્ઞાયક છે અને આ જડ ઈન્દ્રિયો શરીરપરિણામને પ્રાપ્ત, શરીરની અવસ્થારૂપે આ ઈન્દ્રિયો જડ છે આ અને ખંડ ઈન્દ્રિયો એક જ વિષયને જાણે એ ખંડરૂપે જ્ઞાન કરાવે એ પણ ખરેખર ઈન્દ્રિય પર છે. આહા..હા..! જ્ઞાનની ભાવેન્દ્રિય જે ક્ષયોપશમ છે એ એક-એક વિષયને જણાવે એ જ્ઞાનનો પર્યાય પણ પરજ્ઞેયમાં જાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. મૂળની વાત છે આ ગાથા તો.

જેમ આ શરીરપરિણામ પ્રાપ્ત આ ઇન્દ્રિય જડ એ જેમ જ્ઞાનમાં જ્ઞાયકમાં એ પરજ્ઞેય તરીકે છે, એમ ઇન્દ્રિયનો વિષય જે ભાવેન્દ્રિય ખંડ-ખંડ એક-એક શબ્દ, રૂપ, રસ, ગંધને જાણે એક-એક ઇન્દ્રિય એવો જે ખંડ-ખંડ જ્ઞાનનો ભાવ એ પણ જ્ઞાયકનું નિશ્ચયથી તો પરજ્ઞેય છે. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? જ્ઞાયક એવો ભગવાન આત્મા એનું એ સ્વજ્ઞેય નથી, તેમ એ ભાવઇન્દ્રિયથી જણાતા શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ પરપદાર્થ એ પણ જ્ઞાયકસ્વરૂપ સ્વજ્ઞેય એનું એ પરજ્ઞેય છે. આહા..હા..! તે સ્વ જ્ઞાયક જ્ઞેય એટલે કે જાણવાલાયક જ્ઞેય એવું પરવસ્તુ જ્ઞેય જાણવાલાયક એમાં એકત્વબુદ્ધિ જે છે એ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? એ અજ્ઞાનભાવ છે, એ સંસારભાવ છે. આહા..હા..! એ ત્રણને જીતે એટલે કે પરજ્ઞેય તરફના લક્ષને છોડી દઈ અને સ્વજ્ઞેય જ્ઞાયકભાવનો અનુભવ કરે.. આહા..હા..! સ્વ જ્ઞાયક જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એ જ્ઞાનને માને, જાણે, અનુભવે-વેદે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ જિન કહેવામાં આવે છે. આહા..હા..! અહીંયાં અધિકાર મુનિપ્રધાનથી છે, પણ વસ્તુ આમ છે. સમજાય છે કાંઈ? ધર્મની શરૂઆતની આ ગાથા છે. છઠ્ઠીમાં એ, અગિયારમાં આવી ગયું. ભિન્ન-ભિન્ન રીતે વર્ણન કરે છે.

હવે ટીકા. એના કૌંસમાં છે એ આવી ગયું છે. હવે આ જડ ઇન્દ્રિય છે આ કાન, આંખ, નાક, જીભ, આ સ્પર્શ એ બધા પર્યાય શરીરના પરિણામરૂપ આ પર્યાય છે. શરીર જે અજીવ આ જડ એની પર્યાયરૂપ આ જડ ઇન્દ્રિયનું પરિણામ છે. સમજાણું કાંઈ? આ આંખ, આ કાન, આ શરીર જે પરમાણુ જડ સ્કંધ એની પર્યાયનું પરિણમન એ પરિણામ એ પર્યાય એ જડ ઇન્દ્રિય છે. શરીરના પરિણામ, શરીરની પર્યાય એને જડ ઇન્દ્રિય કહે છે. આહા..હા..! એ આત્માના પરિણામ અને આત્માની પર્યાય નહિ. આહા..હા..! એ દ્રવ્યેન્દ્રિયને જીતવું એટલે શું? એનાથી જુદું પાડવું. જડ ઇન્દ્રિયથી ભિન્ન-અધિક-જુદો પરિપૂર્ણ જ્ઞાયકભાવને અનુભવવો એનું નામ ભગવાન કેવળીની અથવા આત્માની સ્તુતિ, જેવું સ્વરૂપ છે એનું એવું એણે આદર્યું અને એકાગ્ર થયો એ એના વખાણ કર્યા એ એની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. હજી ધર્મની પહેલી સીઢી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે દ્રવ્યેન્દ્રિયને કેમ જીતવી? અને જીતી કેમ કહેવાય? એ વ્યાખ્યા ચાલે છે. પંડિતજી આવ્યા નથી. સમજાણું કાંઈ? હવે દ્રવ્યેન્દ્રિય એટલે શું? એ પહેલી વાત કરી અને એમાં આવશે. આ શરીર જે રજકણ સ્કંધ જડ માટી-ધૂળ અજીવતત્ત્વ. જે આ શરીર છે એ અજીવતત્ત્વ છે, એ કાંઈ જીવ નથી. એ અજીવતત્ત્વના જે પરિણામ એટલે પર્યાય એ દ્રવ્યેન્દ્રિય છે. કહો, સમજાય છે કે નહિ, પોપટભાઈ? પૈસાની પર્યાય પરમાં રહી ગઈ, એ અહીં નહિ, એની અહીં વાત નહિ. ઇન્દ્રિયના વિષયમાં એ જાય છે. ત્રીજા બોલમાં. રતિભાઈ! આ પૈસા એટલે આ બધા ધૂળ એ અજીવ. એ અજીવ પણ એ પરજ્ઞેયમાં જાય છે. એ ત્રીજા

ભાગમાં આવશે. .... ભાવ સ્વતંત્ર ભૂમિકામાં આનંદની લહેરમાં નથી રહી શક્યો... સમજાય છે કાંઈ? આહા..હા..!

હવે એને કહે છે કે **'અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે...'** ટીકામાં તો એટલું છે **'निरवधिबन्धपर्यायवशेन'** સંસ્કૃત ટીકા એટલી છે. **'निरवधिबन्धपर्यायवशेन'** એટલે જે કર્મનો બંધ છે એની કોઈ મર્યાદા નથી, અનાદિ છે. જેમ ખાણમાં સોનું અને પત્થર બે ભેગા અનાદિ છે, એમ ભગવાન આત્મા જ્ઞાયકરૂપી આનંદસ્વરૂપ પ્રભુ અને એના સંબંધમાં નિમિત્તરૂપે કર્મની બંધ અવસ્થા, જડની કર્મની બંધ અવસ્થા અનાદિની છે. હવે કહે છે કે એ બંધપર્યાયને વશે. એ કર્મના બંધપર્યાયને કારણે એમ નહિ. આહા..હા..!

ભગવાન આત્મા અંદર જ્ઞાયકસ્વરૂપ ચિદ્દ્ઘન જેનો અનુભવ કરે તો સમ્યગ્દર્શન થાય, ધર્મની પહેલી દશા થાય. એને ઠેકાણે કહે છે કે આ કર્મ જે જડ છે અંદર .. પર્યાયનો પરવશનો થવાનો એનો ધર્મ છે એથી એ પરવશ થાય અને રાગ કરે છે. આહા..હા..! એ ઈશ્વરનય એમ કહેવામાં આવે છે. ૪૭ નય પ્રવચનસાર. આહા..હા..! આચાર્યોએ તો કામ કર્યાં છે. દિગંબર સંતોએ તો વાતને સક્ક્ડ કરી નાખી છે. જ્યાં ત્યાં વર્ણન સ્વતંત્રતાનું વર્ણન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ આ સંસ્કૃત છે. **'बन्धपर्यायवशेन'** એમ શબ્દ છે, બંધપર્યાયને કારણે એમ નહિ. મોટો ફેર છે એમાં. કર્મનો ઉદય આવ્યો માટે વિકાર થાય છે એમ નહિ. આહા..હા..! અજીવતત્ત્વ અને વિકારનું આસ્રવતત્ત્વ એની પણ સ્વતંત્રતાની ખબર ન મળે એને આખો ભગવાન જ્ઞાયકતત્ત્વ સ્વતંત્ર આનંદનો કંદ પડ્યો છે એની દૃષ્ટિ ક્યાંથી થાય? આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તને લઈને થાય, નિમિત્તને વશે થાય એમ ન માનતા એને લઈને થાય (એમ માનવામાં) મોટો ફેર છે. ઉગમણો-આથમણો ફેર છે. સમજાણું કાંઈ? એ વિકાર થાય છે, દ્રવ્યઈન્દ્રિયના જે શરીરપરિણામને પ્રાપ્ત એ ઉદયને વશ થઈને એ પર્યાય જડની મારી છે એમ માને છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર એની દિવ્યધ્વનિ છે, ભાઈ! આ તો સંતો એના આડતિયા છે. માલ ભગવાનના ઘરનો છે. આહા..હા..! કેવળી પરમેશ્વર જિનેશ્વરદેવ સાક્ષાત્ બિરાજે છે પ્રભુ મહાવિદેહમાં સીમંધર ભગવાન આદિ વીસ તીર્થંકરો બિરાજે છે. ઈન્દ્રો, ગણધરો ત્યાં સાંભળે છે. ભગવાનની ૐ ધ્વનિ ઈચ્છા વિના (નીકળે છે). 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' એ બનારસીદાસમાં આવે છે, બનારસી વિલાસ. ભગવાનની ૐ ધ્વનિ નીકળે છે. ૐ એવો (ધ્વનિ ઊઠે છે). આપણે જે બોલીએ એમ ભગવાન ન બોલે. એના હોઠ હલે નહિ, કંઠ હલે નહિ, કંઠ ધ્રુજે નહિ. આહાહા..! એ ભગવાન ૐ એવો અવાજ આખા શરીરમાંથી નીકળે. એ 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ગણધર ગૌતમસ્વામી. ત્યાં તો ગૌતમ નથી, બીજા મુનિ છે. અહીં

ગૌતમસ્વામી ભગવાન પાસે, મહાવીર ભગવાન પાસે. ત્યાં બીજા છે. એ 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' અને એમાંથી શાસ્ત્રની રચના કરે. આહા..હા..! ભગવાનના શ્રીમુખે તો અર્થ નીકળે. સમજાણું કાંઈ?

એ ભગવાનના શ્રીમુખે કેવળજ્ઞાનની વાણી ન નીકળે, ભાવશ્રુતની વાણી દ્રવ્યશ્રુતરૂપે નીકળે. ધવલમાં પાઠ છે એ, પહેલા ધવલમાં. ભાવશ્રુતરૂપે. કારણ કે અક્ષર વાણી જે ઊઠે છે એ ભાવશ્રુતરૂપે દ્રવ્યશ્રુતની વાણી છે એ. કેમકે એ વાણી સાંભળીને ગણધર પોતાના ભાવશ્રુતરૂપે પરિણમે છે એથી એનું નિમિત્ત છે એટલે એ દ્રવ્યશ્રુત એ વાણી કહેવામાં આવે છે અને એ ભાવશ્રુતને પ્રરૂપે છે એવી વાણી છે. એ આગમ... શું કહેવાય આ? ધવલ-ધવલ. ધવલનો પહેલો ભાગ. અહીં નથી. જ્યાં આવે છે ને શ્રાવણ વદ એકમે ભગવાનની વાણી નીકળે છે, ત્યાં આવે છે એ. સમજાણું કાંઈ? સંતોએ આચાર્યોએ તો કેટલા શાસ્ત્રો કહ્યા છે, એટલા રહ્યા છે. આહા..હા..! એમાંથી ધ્વનિમાંથી ગણધર શાસ્ત્ર રચે એ માયલા શાસ્ત્રો સંતોએ રચેલા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તું તો આનંદઘન પ્રભુ છો ને. આહા..હા..! પ્રભુ! તું તો અખંડ જ્ઞાયકભાવ છો ને. એવા અખંડ જ્ઞાયકભાવનો આશ્રય દૃષ્ટિ છોડીને જે કર્મના ઉદયની પર્યાયને વશ થાય... આહા..હા..! સમજાણું કાંઈ? છે? **'જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે...'** એ કર્મના ઉદયમાં વશ થાય છે એથી જડ ઇન્દ્રિયની પર્યાયને પોતાની માને છે એને સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે આમાં (શું સમજવું)? ઓલા બિચારા એકેન્દ્રિય, બેઇન્દ્રિય કરીને કરતાં હતા. તસ્સૂતરી કરણેન. લીલાધરભાઈ! એ તો બધી ખબર છે ને. તસ્સૂતરી કરણેન, શ્રાવકાણ ઠાણેણં.. આહા..હા..! ભાઈ! માર્ગ આ છે, બાપા! એ માર્ગને ભૂલ્યા છે માણસો. આહા..હા..!

ત્રણલોકના નાથ ... છે. આહા..હા..! એનો આ માર્ગ છે. આહા..હા..! શબ્દ તો જુઓ! **'બંધપર્યાયના વશે...'** બંધને પર્યાયને કારણે એમ નહિ. કેટલો ફેર છે! ઓલા એમ કહે, કર્મનો ઉદય માટે વિકાર થાય. એમ નહિ, ઉદયને વશ થાય એને વિકાર થાય. આહા..હા..! આવો માર્ગ છે, બાપુ! આહા..હા..! **'જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે...'** આ શરીરની પર્યાય. આ આંખની, નાકની, આ સ્પર્શની. એક, જાણે આત્મા અને એ પર્યાય જડની એક હોય એમ અજ્ઞાનીને થઈ ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વપર. સ્વ ભગવાન જ્ઞાયક અને શરીરપર્યાયપ્રાપ્ત દ્રવ્યેન્દ્રિય એ બેનો વિભાગ નામ જુદાઈ જેને આથમી ગઈ છે. આહા..હા..! હવે આ હસમુખ ને પૈસા તો ક્યાંય રહી ગયા.

**શ્રોતા :-** ઈ તો મુંબઈમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ ગયા? સુમનભાઈ ગયા હશે. એ તો મોઢા આગળ બેઠા

એની વાત કરીએ. બાકી બધાને છે ને. પોપટભાઈ! આહા..હા..!

ઓહો..હો..! પ્રભુ! તું ક્યાં? અને આ શું છે આ બધું? કહે છે કે આ શરીરની પર્યાયને પ્રાપ્ત એવી જે દ્રવ્યેન્દ્રિય આ અને આત્મા ભગવાન જ્ઞાયકભાવ એ કર્મના બંધની પર્યાયને તાબે થયેલો એ જડની પર્યાયને પોતાની માને છે, પણ શરીરની પર્યાય પર અને ભગવાન જ્ઞાયક સ્વ, તેની જુદાઈ કરતો નથી. બેમાં બેની જુદાઈ તેને આથમી ગઈ છે. આહા..હા..! સમજાય એવું છે હોં! ભાષા એવી કંઈ નથી આકરી. ભાષા એવી આવે છે. આહા..હા..!

'**સ્વપરનો...**' સ્વપર એટલે? અને '**સમસ્ત સ્વપરનો...**' એમ શબ્દ પડ્યા છે, સમસ્ત. ભગવાન જ્ઞાયકસ્વરૂપ ભિન્ન અને આ જડપર્યાય જડની અજીવ આ ભિન્ન—એ સ્વપરનું ભિન્નપણું પૂરું આથમી ગયું છે. આહા..હા..! આ શરીરની પર્યાય તે જ હું. બસ, થઈ રહ્યું. આ એને  હું હલવું, આને હું ખવરાવું, આને પીવરાવું એ બધી જડની પર્યાય એને પોતાની માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અજીવને જીવ માને છે, મિથ્યાત્વમાં આવે છે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, પણ એની ખબરું ક્યાં? પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વ આવે છે એમાં આવે છે. આહા..હા..!

ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય. ભગવાન એટલે આ આત્મા હોં! આહા..હા..! ભગ નામ લક્ષ્મી, વાન નામ વાળો. એમાં અનંત જ્ઞાન-દર્શન અને આનંદની લક્ષ્મીવાળો આત્મા (છે) માટે એને ભગવાન કહેવામાં આવે છે. ભગ નામ લક્ષ્મી અને વાન નામ વાળો. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાત્મા સંતો ભગવાન તરીકે બોલાવે છે એને. આહા..હા..!

નાની ઉંમરમાં (સંવત) ૧૯૬૪ની વાત છે. એક ફેરી વડોદરા માલ લેવા ગયેલ. ૬૪ની વાત છે. તેદી ૧૮ વર્ષની ઉંમર. માલ લેવા જાયને દુકાનનો? એમાં એક નાટક હતું. કેવું કહેવાય? અનુસુયા. અનુસુયાનું નાટક. આ નર્મદા છેને નર્મદા? નર્મદા નથી નદી ભરૂચને કાંઠે? એની બહેન હતા. પછી મોટું નાટક હતું. અમે જોવા ગયા હતા. બાર આનાની ટિકિટ હતી તેદી હોં. ૬૪ની વાત છે. એમાં એ બાઈ બ્રહ્મચારી હતી અને જાતી હતી સ્વર્ગમાં. તો સ્વર્ગમાંથી નકાર આવ્યો. એ લોકોમાં એમ આવે છેને '**अपुत्रस्य गति नास्ति।**' નવનીતભાઈ! એમાં એ આવે. આ તો તેદી જોયેલું ૧૮ વર્ષની ઉંમરે. એમ કે દીકરા વિનાના જીવને સ્વર્ગ નહિ મળે. હેઠે વયા જાવ. એ લોકોમાં છે વેદમાં.

પુત્ર-પવિત્ર કરાવે માટે પુત્ર. એ પુત્ર નથી માટે તમે સ્વર્ગમાં જવાને લાયક નથી. તો બાઈ કહે, શું કરું ત્યારે? નાટક મોટું નાટક વડોદરામાં થિયેટરમાં. આ તો ૬૪ની વાત છે. કેટલા વર્ષ થયા? ૬૮. હેઠે જે કોઈ દેહ હોય એને પરણ. એટલે હેઠે એક આંધળો બ્રાહ્મણ હતો એને પરણી. મારે બીજું કહેવું છે એમાંથી. એને થયો એક છોકરો. તો છોકરો કાંઈક લાવ્યા હશે નાટકમાં, પણ એને એ વખતે... પંડિતજી! બોલાવતા હતા, '**शुद्धोसि बुद्धोसि निर्विकल्पोसि**' એમ બોલતા હતા. નાટકમાં હોં! તું શુદ્ધ છો. આહા..હા..! આ તો ૬૪ની

સાલનું સાંભળેલું. હવે અહીં એને સંપ્રદાયમાં ખબર ન મળે કે શુદ્ધ એટલે શું. એવું ગાતી એ બાઈ હાલરડા. 'शुद्धोसि बुद्धोसि.

આપણે આવે છે સમયસારમાં, ભાઈ! બંધ અધિકારમાં છેલ્લે અને છેલ્લા અધિકારમાં, જયસેનાચાર્યમાં. એ શબ્દો હતા ત્યાં. અહીં છે આપણે. જયસેનાચાર્યનું છે ને. '**तस्य बंधस्य विनाशार्थं**'બંધ અધિકારની ટીકા જયસેનાચાર્યની '**तस्य बंधस्य विनाशार्थं विशेषभावनामाहसहजशुद्धज्ञानानन्दैकस्वभावो ऽहं, निर्विकल्पो ऽहं, उदासीनोऽहं,**' પણ ત્યાં શબ્દ આટલો બધો નહોતો પણ આટલું હતું. '**शुद्धोसि बुद्धोसि निर्विकल्पोसि उदासीनोसि...**' બેટા! ઓલો ઘોડિયામાં. અહીં તો એની માં કહે, મારો છોકરો ડાહ્યો છે ને પાટલે બેસી નાહ્યો છે ને મામાને ઘરે જાય છે ને ગુંજામાં ખારેકું લાવે. એવું કાંઈક બોલતા હશે. આપણને બહુ ખબર નથી. અહીં તો એ વખતે આવું ગાતા, લ્યો જુઓ આ.

'**निर्विकल्पोऽहं**' આ સંસ્કૃત શબ્દ છે. '**उदासीनोऽहं,**' આહા..હા..! '**सहजशुद्धज्ञानानन्दैकस्वभावोऽहं**' '**निरंजननिजशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूप-निश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातवीतरागसहजानंदरूप सुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः प्राप्यो भरितोवस्थोऽहं,...**' આહા..હા..! પોપટભાઈ! આ તો આવી વાતું અમારા.. ઘોડિયામાં હતા ત્યારથી સાંભળેલું. ૧૮ વર્ષની ઉંમરે નાટકમાં. અને પાછું એ વખતે મારો સ્વભાવ એવો હતો ને કે એ ગાય એ ચોપડી લાવો ભાઈ. તમે શું બોલો છો એ સમજ્યા વિના અમને કાંઈ ખબર ન પડે. તમારી ટિકિટ બાર આનાની, ચોપડી બાર આનાની. એમ ન સમજવું શું બોલો છો એ સંભળાય નહિ અમે શું સમજીએ. આ સમજતા હોં અંદરથી. આહા..હા..! નાના છોકરાને આમ હાલરડે (ગાય). બેટા! શુદ્ધ છો, પવિત્ર છો, બુદ્ધ છો, જ્ઞાનમૂર્તિ છો! આહા..હા..! નિર્વિકલ્પો છો! વિકલ્પ નામ રાગ વિનાની તારી ચીજ છે. ઉદાસિન છો, સારા જગતથી તું ઉદાસીન છો. આહા..હા..!

એવા આત્માને અહીં કહે છે, કર્મના બંધની પર્યાયને વશે આ જડ શરીરના પરિણામને પ્રાપ્ત એવી ઇન્દ્રિયોને મારી માને છે. ભાન નથી કે હું કોણ છું. આહા..હા..! મારી આંખ આવી છે, મારું નાક આવું છે, મારા કાન આવા છે, મારી સ્પર્શ ઇન્દ્રિય આવી છે; પણ કેદી ઇન્દ્રિય તારો હતો? સાંભળને! આહા..હા..! સમજાણું કાંઈ? એ આપણે ૧૯ ગાથામાં આવી ગયું છે કે ગયા કાળમાં આ ઇન્દ્રિયો મારી આવી હતી, અત્યારે આવી છે, ભવિષ્યમાં રહેશે એ બધો મિથ્યાદષ્ટિનો ભાવ છે બધો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**સ્વપરનો વિભાગ...**' નામ જુદાઈ. '**શરીરપરિણામને પ્રાપ્ત...**' આ જડની અવસ્થા અને ભગવાન જ્ઞાયક ચૈતન્ય ભિન્ન, એની જુદાઈનો ભાવ અજ્ઞાનીને અસ્ત થઈ ગયો છે. આથમી ગયો છે એટલે બેને એક માને છે. '**જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી...**' આહા..હા..! એ તો આંખ મારી, આ નાક મારું આ

કાન (મારા એમ માને છે). આ તો જડ માટી-ધૂળ છે. મસાણમાં રાખ થાય છે આ તો. આહા..હા..! રાખ પણ આટલી ન થાય પાછી થોડી થાય આટલી. આ ચાર મણનું હોય તો ત્યાં ન થાય, આટલી થાય અને પવન આવે તો ઊડી જાય અને ક્યાંય રજકણ જાય. આહા..હા..! 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, પછી નર તન પામીશ ક્યાં ચેત, ચેત નર ચેત.' આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

સંતો જગતને જાહેર (કરે છે). સર્વજ્ઞનો વાણીનો પ્રવાહ જે હતો એનો ભાવ જાહેર કરે છે. આહા..હા..! ભાઈ! આ શરીરપરિણામ.. જુઓ, છે? **'એવી શરીરપરિણામને પ્રાપ્ત...'** જડની અવસ્થાને પ્રાપ્ત. આ અજીવ શરીર એની અવસ્થાને પ્રાપ્ત. આહા..હા..! **'જે દ્રવ્યેન્દ્રિયો...'** એટલી વાત રાખી. હવે એની જુદાઈ કરે છે. એકપણે માન્યું છે. આહા..હા..! એ અધર્મ છે, એ અજ્ઞાન છે, એ મિથ્યાત્વ છે, એ દુઃખદષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'તેમને તો...'** એવું જે એકરૂપ શરીરપરિણામને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયને એકરૂપ માની છે તેને તો ધર્મી **'નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી...'** એમ છે. આહા..હા..! **'નિર્મળ ભેદ-અભ્યાસ...'** આહા..હા..! 'હું જ્ઞાયક છું, આ શરીરપરિણામ હું નહિ' એવું એની સાથે નિર્મળ ભેદવિજ્ઞાન. એકલી વિકલ્પની ધારણામાં રાખ્યું કે જડ પર છે અને હું (ચૈતન્ય જુદો છું) એમ નહિ. આહા..હા..! 'શરીરપરિણામ પ્રાપ્ત ઈન્દ્રિય તે પર છે અને હું સ્વ છું' એવું એક વિકલ્પથી ધારી રાખવું એ નહિ. આહા..હા..! આ તો વીતરાગની વાણી, ભાઈ! આ કાંઈ કથા નથી. આહા..હા..! ત્રિલોકનાથની ગંભીર વાણી, ભાઈ! આહા..હા..! સંતો કહે છે એ કેવળીની વાણી કહે છે. આહા..હા..!

કહે છે, **'તેમને...'** એટલે? જે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ભગવાન, અને **'શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો...'** બેની.. કર્મના નિમિત્તના વશ પડ્યો, બેની એકતા માનતો વિભાગ તેને આથમી ગયો છે. બેની જુદાઈ તેને અસ્ત થઈ ગઈ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય-પાપ અનાદિ સંબંધને લીધે.. છોડીને.. સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવતત્ત્વરૂપ પરિણમ્યું છે, તે તો વિભાવ પરિણતિ છે. તેથી નવતત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વરૂપ છે. ભેદરૂપ નવ છે ને? અને તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં તો ત્યાં એકવચન છે. પંડિતજી! ત્યાં એકવચન છે. ભેદ નહિ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, મોક્ષ **तत्त्वः** એ એકવચન થયું. **तत्त्वः** એ એકવચન થયું. **तत्त्वानि** નથી. એમાં મોટો ફેર છે. આહા..હા..! એ અહીં કહે છે.

આ સંવર, સાચા સંવર-મોક્ષની અહીં વાત નથી આમાં. એ છે. ચર્ચા સમાધાનમાં ખુલાસો ઘણો છે. જેટલો આસ્રવ તે તે ગુણસ્થાને રોકાય છે ને એની અપેક્ષાએ સંવર કહ્યું અને પૂર્વના કર્મ ખરે છે એને નિર્જરા કીધી અને બંધનો એકદેશ અંશે ઓછો બંધ પડે છે એને મોક્ષ કહ્યો. સાચા સંવર-નિર્જરા-મોક્ષ નહિ. એ નવતત્ત્વનું પરિણમન ભેદરૂપે એને અહીંયાં

મિથ્યાત્વ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ છઠ્ઠો કળશ છે. '**तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः**' '**अस्तु नः**' એટલે અમને એક આત્મા હો. આહા..હા..! આ તો વીતરાગનો દરબાર છે. આહા..હા..! પરમેશ્વર જેની પાસે તો ઈન્દ્રો ૩૨ લાખ વિમાનના સાહેબા, એક-એક વિમાનમાં અસંખ્ય દેવો, એ ગલુડિયાની પેઠે ભગવાનની પાસે બેસે. આહા..હા..! ગલુડિયા સમજો છો? પિલ્લા. કૂત્તિકા બચ્ચા. એ ત્રણલોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવ એની વાણીનું શું કહેવું! એ વાણીમાંથી આવ્યું છે આ.

કહે છે, ધર્મી જીવ ધર્મ કેમ પામે છે? વાત ક્રમે કહેશે. પહેલી દ્રવ્યેન્દ્રિય જીતે, ભાવેન્દ્રિય જીતે પણ ત્યાં ક્રમ નથી, ત્યાં તો એક સાથે છે, સમજાવામાં ક્રમ પડે છે. સમજાય છે કાંઈ? પણ અંદર થવામાં ત્રણેનું એક સાથે ભિન્ન પડે છે. સમજાવવું છેને ત્યાં. દ્રવ્યેન્દ્રિય જીતે, ભાવેન્દ્રિય જીતે, ઈન્દ્રિયના વિષય જીતે એમ ક્રમસર સમજાવે છે. બાકી અંદરમાં તો એક થાય ત્યાં ત્રણે ભેગા સાથે છે. આહા..હા..!

કહે છે, આ જડ ઈન્દ્રિયના પર્યાયને પરથી ભેદ પાડવાના અભ્યાસથી તે પણ નિર્મળ ભેદજ્ઞાન. જ્ઞાનની પર્યાયને જ્ઞાયક તરફ ઢાળતા, જ્ઞાનની અવસ્થાને જ્ઞાયક તરફ ઢાળતાં એ નિર્મળ ભેદ અભ્યાસ એની '**પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ...**' આહા..હા..! અંતરંગ એમાં પ્રગટ અતિસૂક્ષ્મ '**ચૈતન્યસ્વભાવ...**' આહા..હા..! '**તેના અવલંબનના બળ વડે...**' '**અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી;...**' કથંચિત્ જુદી કરી એમ નહિ. કેટલાક કહે સર્વથા હોય નહિ ભગવાનના માર્ગમાં. અરે..! ભાઈ! છે? '**સર્વથા**' આહા..હા..!

'**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત...**' શું પ્રાપ્ત? પરથી જુદું પાડવાના નિર્મળજ્ઞાનના અભ્યાસથી પ્રાપ્ત. શું પ્રાપ્ત? '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' આહા..હા..! કારણ કે આ જડઈન્દ્રિય પરિણામ તો સ્થૂળ છે, જડ છે આ તો. સ્થૂળ છે. આ તો અંદર ભગવાન અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ, તેના અવલંબનના બળ વડે.. આહા..હા..! '**સર્વથા પોતાથી જુદી કરી;...**' સર્વથા જડની પર્યાય દ્રવ્યેન્દ્રિયની અંતરંગમાં સૂક્ષ્મ અતિ ચૈતન્ય સ્વભાવના અવલંબનના બળ વડે જુદી થઈ-જુદી કરી. આહા..હા..! આવી વાત હવે. આ સમ્યગ્દર્શન પામવાની આ રીત. આહા..હા..! આવું સાંભળવા પણ મળે નહિ એ બિચારા કેદી કરે? જિંદગી ચાલી જાય. આહા..હા..! વેપારના રસિયા તો વેપારમાં બસ, એય..! મશગુલ.

અમારે કુંવરજીભાઈ ભાગીદાર હતા, તે વેપારના રસિયા. બહુ રસિયા. મેં તો પછી કહ્યું હતું હોં! (સંવત) ૧૯૬૬ની સાલ. દીક્ષા લીધા પહેલાંની વાત છે. ૬૬ની સાલ. ૨૦ વર્ષની ઉંમર હતી. બે દુકાન હતી. સાંજના આહાર કરવા ભેગા જતા હતા ત્યાં ઊભા હતા. ભાઈ! તમને આટલો બધો રસ છે. આટલો રસ છે કે ગામમાં સાધુ આવે તો સાંભળવાનો વખત

નહિ. રાતે આઠ વાગે જાય. ગામમાં સવારના આવ્યા હોય તો કાંઈ સામું જોવે નહિ. હું તો ભગત કહેવાતો. હું એનું બધું એનું કરું. આ વહોરાવું પાણી.. કીધું ભાઈ! તમને આવો રસ છે મને તો એવું લાગે છે, ભાઈ! તું મરીને ઢોર થઈશ હોં! એમ થયું. આ તો ૬૬ની વાત છે. દીક્ષા ૭૦માં થઈ એના પહેલાં. ઈ ભાઈ મરતા... બે લાખની પેદાશ દુકાનની. દસ લાખ ઉપજ્યા. અત્યારે તો વધી ગયું. હવે તો. ..ની સાલની વાત. અત્યારે તો પૈસા વધ્યા છે ને થોડી પેદાશ વધી. છોકરા ત્રણ છે. .. દુકાને લઈ જાવ મને. પોષેલોને રસ બહુ દુકાનના રસનો. દુકાને લઈ જાવ નહિતર હું મરીશ. પણ શું કામ? છોકરા કહે કે શું કામ છે પણ તમારે? અમારા માટે? અમે ના પાડીએ છીએ, અમારે ઘણું છે. તો પડું કહે. ગુલાબચંદભાઈ હતા તમારા જોબાળિયા ત્યાં. છોકરાના વેવાઈ થાયને. ઊભા થાય પડુ મેડીએથી. ઝાલી રાખ્યા. કહો, હવે આવા. મૂર્ખાઈના પાર છે? એવા રસિયા વેપારનાને. એય..! ઝવેરભાઈ! સાંભળ્યું આ? એ કહે, લઈ જાવ મને ત્યાં. મેડી છે. ઘરના મકાન છે. ઘરના મકાન, ઘરની દુકાનો, ગોદામો ૧૩ છે. ૫૦ હજારના. ૫૦-૫૦ હજારના તેર તો ગોદામ છે. ગૃહસ્થ છે પૈસા છે. એ દુકાન અમારી પિતાજીની હતી. આહા..હા..! એ મરીને કીધું ભાઈ, છોકરાવ કહે કે મહારાજ કહેતા હતા એ થયું. ઢોરમાં ગયા લાગે છે. હાય.. હાય.. આ કરો.. આ કરો.. આ કરો... આ કરો.. આ કરો.. શું છે પણ આ? કોઈ ગામમાં સાધુ આવે એને સાંભળવાનો વખત નહિ, એને આહાર-પાણી દેવાનો વખત પણ નહિ. એ ન આવે ત્યાં. એ તો દુકાને ધંધે બેઠા હોય એ ધડાધડ આવો.. આવો.. એ બહેન આવો... એ બહેન આવો. તો માલ વેચાય ને. અરે..! આ શું છે પણ આ તે? એવા રસિયાને આ વાત બેસે નહિ, ભાઈ! એય..! પોપટભાઈ! આહા..હા..!

જુઓને! કેટલી એક વાતમાં એક દ્રવ્યેન્દ્રિયને જીતવાની શૈલીમાં કેટલી વાત કરી! જડની પર્યાય અને ભગવાનની જ્ઞાનદશાને એક માનનારો અનાદિનો જીવ જ્યારે એને ગુરુગમે વાત મળી, પ્રભુ! તું ભિન્ન છો, ભાઈ! આહા..હા..! દેશના મળી છે એને. સાંભળ્યા વિના ક્યાંથી આ આત્મા છે ને આ છે. ગુરુ પાસેથી સાંભળવા મળ્યું છે એને. હવે સાંભળીને પ્રયોગ કરે છે અંદર. આમ ચૈતન્યસ્વરૂપ ભગવાન અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ, એનું અવલંબન લીધું, એનો આશ્રય લીધો, એનાથી દ્રવ્યેન્દ્રિયને જુદી પાડીને સર્વથા ભિન્ન કરી. આહા..હા..! લ્યો, આ સમ્યગ્દર્શન પામવાની આ રીત. આહા..હા..! એ ધર્મનું પહેલું પગથિયું. શાંતિભાઈ! એ શાંતિભાઈ મુનિ થવાના હતા. દિગંબર મુનિ. વળી રહી ગયા. ક્યાં હતું? મુનિપણું કોને કહેવાય એની ખબરું ન મળે. એટલા ભાગ્યશાળી. આહા..હા..!

શબ્દ કેટલા આવ્યા? કે એક તો કર્મના ઉદયને વશ. એક વાત. ઈન્દ્રિયો શરીરના પરિણામને પ્રાપ્ત. એમને જુદી પાડવાના અભ્યાસથી અંતરંગમાં પ્રગટ અતિ ચૈતન્યસ્વભાવ. છે? પ્રગટ અતિસૂક્ષ્મ. વસ્તુ છે અંદર કહે છે. એ તો પર્યાયની અપેક્ષાએ વસ્તુને અવ્યક્ત કીધી. છે

બોલે ૪૯ (ગાથામાં). પણ વસ્તુ તો પ્રગટ વસ્તુ સત્.. સત્ છે. આહા..હા..! અસ્તિ, સત્તા, મોજૂદગી ચીજ છે એ. આહા..હા..! **'અંતરંગમાં પ્રગટ...'** પ્રગટ શબ્દ છેને? **'અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...'** ભગવાન આત્માનો તો જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ **'તેના અવલંબનના બળ વડે...'** ચૈતન્યસ્વભાવના આશ્રયે, અવલંબન વડે દ્રવ્યેન્દ્રિયને **'સર્વથા પોતાથી જુદી કરી;...'** આહા..હા..! આ દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું. દ્રવ્યેન્દ્રિય (જીતવી) એટલે કાનમાં કોડા નાખીને સાંભળવું નથી અને આંખ ફોડી નાખી એમ નહિ. આવે છેને સુરદાસનું? એ ભાવઈન્દ્રિય કોને કહેવું એ જાણવું પડશેને. આહા..હા..! આ દ્રવ્યેન્દ્રિય તો શરીર પરિણામને પ્રાપ્ત કહ્યું.

ભાવેન્દ્રિય એટલે **'જુદાં-જુદાં પોતપોતાના વિષયોમાં...'** આહા..હા..! **'વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે...'** કાનનો ભાવઈન્દ્રિય તે શબ્દને જાણે-ગ્રહણ કરે. ગ્રહણ કરે એટલે જાણે. આંખ રૂપને જાણે, આ સ્પર્શ ઈન્દ્રિય દ્વારા ઉઘાડવાળો સ્પર્શને જાણે એમ પોતપોતાના વિષયોમાં 'વ્યાપારપણાથી...' એક-એક ઈન્દ્રિય પોતપોતાનો વેપાર કરે. **'જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે)...'** આહા..હા..! સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો જડ ઈન્દ્રિયના પરિણામ, એને દ્રવ્યેન્દ્રિય કીધી. એની ને આત્માની એકતા તે અજ્ઞાન કહ્યું. હવે અહીં એક-એક ઈન્દ્રિયનો વિષય ખંડ-ખંડ જણાવે એને જ્ઞાયકની સાથે એકતા કરવી તે મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જુદાં-જુદાં એટલે કે સ્પર્શ ઈન્દ્રિયનો ઉઘાડ છે એ સ્પર્શ ઈન્દ્રિયને જણાવે, સ્પર્શને જણાવે, આ ટાઢો, ઊનો આદિ. અહીં આંખનો ક્ષયોપશમ છે ખંડ ઈન્દ્રિય એ રૂપને જણાવે. આ કાનનો ક્ષયોપશમ-અંદર ઉઘાડ હોં! આ નહિ. આ તો દ્રવ્યેન્દ્રિયમાં ગયું. ઓલો ઉઘાડ છે તે શબ્દને જણાવે. રસ ઈન્દ્રિયનો જે ઉઘાડ છે એ રસને જણાવે. ઘ્રાણનો ક્ષયોપશમ ઘ્રાણ ને જણાવે. એક-એક જુદાં-જુદાં પોતપોતાના વિષયો. આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! આહા..હા..!

**'પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ...'** એક એક **'વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે...'** જ્ઞાનથી. અથવા જ્ઞાનને એટલે અખંડ જે જ્ઞાન ભગવાન એને ખંડખંડરૂપે જણાવે છે એ ભાવઈન્દ્રિયને એકપણે માનવું તે મિથ્યાત્વ છે. આહા..હા..! જુઓ તો ખરા! ઓલા શરીરપરિણામને પ્રાપ્ત હતી, આ આત્માના જ્ઞાનરૂપી પરિણામ ખંડખંડવાળા તેને પ્રાપ્ત ભાવેન્દ્રિય. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'(અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને,...'** એવી ભાવેન્દ્રિયોને **'પ્રતીતિમાં આવતા...'** એટલે કે ભાવેન્દ્રિયો દ્વારા પ્રતીતમાં આવતા એમ નહિ. ભાવેન્દ્રિયોને એટલું ત્યાં રાખ્યું. સમજાણું? ક્યાંક એવો અર્થ કર્યો છે કેટલાકે. ભાવેન્દ્રિયમાં જણાય એ પ્રતીતમાં આવે છે એનાથી આ, એમ નથી. ભાવેન્દ્રિય દ્વારા પ્રતીતમાં આવે છે આ, એમ નથી. ભાવેન્દ્રિય એટલે એક એક ખંડ-ખંડ ઈન્દ્રિય. એક-એક જ્ઞાનને એક-એક વિષયને જણાવે

એટલે કે જ્ઞાનને ખંડખંડરૂપે જણાવે એટલે કે અંશી આખો જ્ઞાયકભાવ તેને પર્યાયના ખંડ ખંડ જ્ઞાનરૂપે જણાવે એ ભાવેન્દ્રિય. ખરેખર તો જ્ઞાયકનું એ જ્ઞેય છે. જેમ આ જડેન્દ્રિય જ્ઞાયકનું.. અહીં એ દોષ ચાલે છેને. જ્ઞાયક જ્ઞેયનો સંકરદોષનો પરિહાર કરે છે. જ્ઞાયક જ્ઞેયનો સંકર-સંબંધ-સંયોગ. જ્ઞાયક-જ્ઞેયનો સંકર-સંયોગ-સંબંધ તેનો પરિહાર કરાવે છે. આહા..હા..! તો એમાં આ પણ આવી ગયુંને? કે જેમ આ શરીરપરિણામ પ્રાપ્ત જે જ્ઞેય છે, આત્મા જ્ઞાયક ભિન્ન છે; એમ આ ભાવેન્દ્રિય પ્રાપ્ત છે એ જ્ઞેય છે-પરજ્ઞેય છે. આહા..હા..! છેને, સામે પુસ્તક છે. એનો અર્થ શું થાય છે એને જરી જાણવું જોઈએ. આહા..હા..! આવા વખત ક્યારે મળે, બાપા! આ શું ચીજ છે? વીતરાગ કોને કહે છે? વાત સાધારણ કાંઈ બહારથી મળી જાય એવી ચીજ નથી. આહા..હા..!

'**એવી ભાવેન્દ્રિયોને,...**' બસ, એટલું ત્યાં રહ્યું. હવે '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...**' સમજાણું કાંઈ? ઓલામાં એમ હતું '**ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે...**' અહીંયાં '**ભાવેન્દ્રિયોને,...**' એક-એક જ્ઞાનના ક્ષયોપશમનો જે ભાવ છે, એક-એક વિષયને જાણે છે એટલે કે આખા જ્ઞાનને અખંડને ખંડ-ખંડપણે જણાવે છે તે ખરેખર તો જ્ઞાયકનો તે જ્ઞેયભાવ છે, પરજ્ઞેય છે. આહા..હા..! '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્ય...**' ભાષા દેખો! આહા..હા..! ત્યાં પ્રતીતિનું જોર લીધું. જોયું!

'**પ્રતીતિમાં આવતા અખંડ એક...**' જ્ઞાયકભાવ. આહા..હા..! '**એક ચૈતન્યશક્તિપણા વડે...**' ઓલું ખંડ-ખંડ છે, ત્યારે અહીં અખંડ છે. એ ઇન્દ્રિય પાંચ છે, ત્યારે અહીં એક ચૈતન્યશક્તિ વડે. આહા..હા..! '**પ્રતીતિમાં આવતા...**' અને પ્રતીતિ લીધી એટલે પ્રતીતિ તો અખંડ જ્ઞાયકની છે. આહા..હા..! એક '**અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી;...**' આહા..હા..! સમજાણું? બસ ભાવેન્દ્રિય. જાણી પછી ખુલાસો કર્યો. આહા..હા..! જે ખંડખંડ જ્ઞાન જણાવે તેને અખંડ પ્રતીતિમાં આવતા અખંડ જ્ઞાયકભાવ વડે તે ખંડ ખંડ જ્ઞાનને જ્ઞેય તરીકે પર છે તેને જુદી પાડી. આહા..હા..! આવી વાત! આહા..હા..! કહો, ગિરધરભાઈ! પ્રતીતિમાં આવતાં.. આહા..હા..! '**અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...**' અખંડ પ્રતીત વડે ખંડને જુદી પાડી એમ કહે છે. સર્વથા જુદી પાડી. આ એનું નામ ભાવેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૯, સોમવાર, તા. ૦૯-૦૨-૧૯૭૬, ગાથા-૩૧, પ્રવચન નં. ૭૧

જ્ઞેયજ્ઞાયક સંકરદોષનો પરિહાર. એટલે? કે આ આત્મા જે જ્ઞાયકસ્વરૂપ છે એમાં આ દ્રવ્યેન્દ્રિયો જે જડ શરીરપરિણામને પ્રાપ્ત એ પરજ્ઞેય છે. એને 'એ પર્યાય મારી છે' એમ જે એકત્વબુદ્ધિ (કરે છે) એ મિથ્યાત્વભાવ સંકર-ખીચડો કર્યો એણે, જડની પર્યાય અને આત્માની પર્યાયને બેને એક કરી-માની. સમજાણું કાંઈ? એમ ભાવેન્દ્રિય—એક-એક વિષયને શબ્દને, રૂપને, રસને, ગંધને, સ્પર્શને જાણવાની યોગ્યતાવાળો ક્ષયોપશમભાવ એ પણ ખરેખર જ્ઞેય છે, પરજ્ઞેય છે. એ જ્ઞાયકભાવની અને પરજ્ઞેયની એકતાબુદ્ધિ એ સંસાર છે, મિથ્યાત્વ છે. આહા..હા..! અને ત્રીજો ભાવેન્દ્રિયનો વિષય આખી દુનિયા એમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર સમવસરણની વાણી ભગવાનની એ બધા ઈન્દ્રિયનો વિષય છે, તેથી તેને ઈન્દ્રિય અહીં કીધી છે. સમજાણું કાંઈ? એને પણ આત્માની સાથે (એક કરે છે), એ પરજ્ઞેયથી મને લાભ થાય.. આહા..હા..! ગજબ વાત છે ને! વૃદ્ધાવસ્થામાં સ્ત્રી, કુટુંબ હોય તો એનું પાલન કરે, પોષણ કરે શરીરનું જેથી શરીર ઠીક રહે. નહિ?

**શ્રોતા :-** .. એના કારણે છે, એમાં બીજો શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પરજ્ઞેય છેને. એ મને સેવા કરે અને એનાથી મને લાભ થાય એ તો મિથ્યાભ્રાંતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી કહ્યું પહેલાં બોલમાં કે આ ભગવાન આત્મા આ શરીરપરિણામને પ્રાપ્ત જે ઈન્દ્રિયો જડ એને નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવિણતાથી પ્રાપ્ત થાય... આહા..હા..! ભગવાન. એને કોઈ પૈસાથી કિંમતી કે આ મંદિરોથી પ્રાપ્ત ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો બિચારા આપણા ઓલા ભાઈ શાંતિભાઈ લાવ્યા હતાને છાપામાં. રામજીભાઈ નહિ કણબી? એણે ૩૫ લાખનું ફિલ્મ કર્યું. ત્યાં નાખ્યું. આમ બેસતા. પ્રેમ ઘણો હતો હોં અહીંનો. એનો મોટો ફોટો હતો. કીધું, આની કિંમત છે કે આની કિંમત છે? દુનિયાને એમ લાગે કે આહા..હા..!

**શ્રોતા :-** દુનિયાનો અભિપ્રાય જુદો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયાનો અભિપ્રાય જુદો. આહા..હા..!

જેની પ્રાપ્તિ આત્માની.. આહા..હા..! છે? એ નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવિણતાથી જે પ્રાપ્ત થાય એવો છે આત્મા. આહા..હા..! એ લક્ષ્મીથી અને એવા મંદિરોથી કે ભગવાનની વાણીથી કે ભગવાનના દર્શનથી ભગવાન પ્રાપ્ત થાય એવો નથી. આહા..હા..! એવી વાત

છે. એ તો નિર્મળ ભેદ-અભ્યાસ. આહા..હા..! જ્ઞાનની પર્યાયને જ્ઞાયકમાં વાળતા શરીરના પરિણામ પ્રાપ્ત જે જડ ઇન્દ્રિય એનાથી પ્રાપ્ત ભિન્ન ભગવાન થાય. તો શું થાય પ્રાપ્ત? **'અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...'** આહા..હા..! જે વિકલ્પથી પણ ગ્રાહ્ય નથી. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવથી પણ ગ્રાહ્ય નથી. આહા..હા..! એવો **'ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી;...'** એ એક વાત આવી ગઈ હતી.

બીજી. **'જુદાં-જુદાં પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે...'** એટલે કે અખંડ ભગવાન જ્ઞાયકભાવ, એને ભાવેન્દ્રિય ખંડખંડપણે જણાવે છે. આહા..હા..! એને-એ ભાવેન્દ્રિયોને જીતવાનો ઉપાય.. આ તો સમજણમાં ત્રણ ક્રમ પાડ્યા છે. બાકી તો એક થાય એમાં ત્રણે ભેગા આવી જાય છે. ભાવેન્દ્રિય જે એક-એક ઇન્દ્રિયનો ક્ષયોપશમ. આહા..હા..! ઇન્દ્રિયનું જ્ઞાન. નવ પૂર્વની લબ્ધિ પ્રગટ થાય મિથ્યાદૃષ્ટિને એ પણ ઇન્દ્રિયનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ખંડખંડ જણાવે છે. આહા..હા..! મિથ્યાત્વમાં વિભંગજ્ઞાન થાય છે. એ સાત દ્વીપ, સાત સમુદ્ર જાણે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પણ ભાવેન્દ્રિયના ખંડખંડ જ્ઞાનથી જ જણાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી તે ભાવેન્દ્રિયને... આહા..હા..! એમાં ભાવેન્દ્રિયમાં તો નવ પૂર્વનું જ્ઞાન પણ થાય છે મિથ્યાત્વમાં. આહા..હા..! પૈસાની કિંમત નહિ, પણ નવ પૂર્વનું જ્ઞાન જે લબ્ધ પ્રગટે મિથ્યાત્વમાં એનું એ સ્વભાવ પ્રાપ્તિ માટે કામ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! આ તો મુદ્દાની રકમની ગાથા છે. આહા..હા..! અરે..! દુનિયાની ચીજ શું? કહે છે. આહા..હા..! આ ભાવેન્દ્રિયને જીતવાનું... એ નવ પૂર્વની લબ્ધિ પ્રગટે મિથ્યાત્વમાં એ પણ ખરેખર ભાવેન્દ્રિયનો ખંડ વિષય છે. આહા..હા..! એને દૂર કરવાનું અથવા જ્ઞાનમાં તે પરજ્ઞેય છે એ સ્વજ્ઞેય નથી એમ એને જીતવાનું પ્રતીતિમાં આવતો... આહા..હા..! ભગવાન પ્રતીતિમાં આવતો.

**'અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...'** જોયું! ઓલું ખંડખંડની સામે ચૈતન્યશક્તિ લીધી. ઓલા શરીર પરિણામની સામે અંતરંગમાં સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ એમ લીધું. આહા..હા..! શું ટીકા તે ટીકા છે ને!! ભગવાનને આમ હથેળીમાં બતાવે છે. આહા..હા..! ભાઈ! તું કોણ છો? એ ભાવેન્દ્રિયને જીતવા માટે અંતરમાં પ્રતીતિમાં આવતું **'અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી;...'** જોયું! સર્વથા. કેટલાક કહે છે કે 'સર્વથા' જૈનદર્શનમાં નથી. અરે.. ભાઈ! સમજાણું કાંઈ? આ ભોપાલમાં છેને રાજા? એને તો આ વાત બેસતી નથી. એ 'સર્વથા' વાત હોય નહિ બધી જૈનમાં. આહા..હા..! ઓલામાં (કળશટીકા-કળશ-૧૮૧) 'સર્વથા' આવે છેને પ્રજ્ઞાછીણી. સંકર એટલે જ્ઞેય અને જ્ઞાનનો સંબંધ સંકર-સંયોગ. એ **'સંબંધ અનાદિ કાળથી ચાલ્યો આવ્યો છે; ત્યાં એવો સંબંધ જ્યારે છૂટી**

**જાય, જીવદ્રવ્ય પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે—અનંત ચતુષ્ટયરૂપે પરિણમે, તથા પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયને છોડે—જીવના પ્રદેશોથી સર્વથા અબંધરૂપ થઈ...**' આહા..હા..! સર્વથા અબંધરૂપ. આહા..હા..! સંબંધરૂપ છે એ '**સંબંધ છૂટી જાય...**' કહો, સમજાણું? આહા..હા..! અને એ '**શુદ્ધત્વ પરિણમન સર્વથા સકળ કર્મોનો ક્ષય કરવાનું કારણ છે.**' બીજો 'સર્વથા' આવ્યું. ભગવાન આત્માના શુદ્ધ સ્વભાવનું પરિણમન શુદ્ધ.. શુદ્ધ એ સર્વથા સકળ કર્મનો ક્ષય કરવાનું કારણ છે. આહા..હા..!

'**એવું શુદ્ધત્વ પરિણમન સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે...**' કર્મના ક્ષયરૂપ છે અને સર્વથા જીવદ્રવ્યના પરિણામરૂપ છે. આહા..હા..! સર્વથા દ્રવ્યના પરિણામરૂપ નિર્વિકલ્પ છે. આહા..હા..! ચોથો. તેથી એવા રૂપે કહેવાય છે કે જીવને શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે. જ્ઞાનગુણ તે મોક્ષ તેનું સમાધાન. શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ જે જ્ઞાન તે જીવના શુદ્ધત્વ પરિણમનથી સર્વથા સહિત છે. આહા..હા..! ત્રીજો સર્વથા. ચોથો. આહા..હા..! શુદ્ધ પરિણમન જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થતાં જે અનુભવની સ્થિરતા શુદ્ધત્વ પરિણમન એ શુદ્ધત્વ પરિણમનથી સર્વથા સહિત છે. આહા..હા..!

'**જેને શુદ્ધત્વ પરિણમન હોય છે તે જીવને શુદ્ધસ્વરૂપનો અનુભવ અવશ્ય હોય છે, સંદેહ નથી. અન્યથા સર્વ પ્રકારે અનુભવ હોતો નથી.**' કેટલામું આવ્યું? પાંચમું આવ્યું. સર્વથા પાંચમું. આહા..હા..! લોકોને તત્ત્વ શું છે એની (ખબર નથી). પોતાનો પક્ષ રાખીને વાત એ ન સમજાય, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન પરથી જુદો પડે છે તો સર્વથા જુદો પડે છે. કથંચિત્ જુદો અને કથંચિત્ એક (એમ નથી હોતું). આહા..હા..! સમજાણું કાંઈ?

નાળિયેરમાં જે ગોળો છેને શ્રીફળનો? આ નાળિયેર. ગોળો છે એ કાચલીથી સર્વથા જુદો છે. કે ક્યાંક એકમેક હશે? આ નાળિયેર-શ્રીફળ. એ છાલા, એ કાચલી અને કાચલી કોરની લાલપ-રાતડ છાલ એ ત્રણેથી ગોળો સર્વથા જુદો છે. એમ આ ચૈતન્ય ગોળો ભગવાન શુદ્ધસ્વરૂપ એ શરીર, કર્મ અને પુણ્ય-પાપના વિકલ્પરૂપી છાલ લાલ એનાથી સર્વથા જુદો છે. આહા..હા..! આવી વાત સાંભળવા મળે નહિ. શું કરે? જે મૂળ વસ્તુ એ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. ધર્મની પહેલી જૈનમાર્ગની પ્રથમ સીઢી જેની. આહા..હા..! આ તો આ કરો, વ્રત કરો ને અપવાસ કરો, આ કરો; પણ એ તો બધા બાળવ્રત અને બાળતપ છે, મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ છે. આહા..હા..! સુજાનમલજી! આહા..હા..! આવું સ્વરૂપ છે. આહા..હા..! છે? પાંચ થયાને?

છઠ્ઠો છે ખરો. આ રહ્યો. '**કેવી છે પ્રજ્ઞાછીણી?**' રાગથી ભિન્ન પાડવાની જ્ઞાનની પરિણતિની છીણી. '**अभितः भिन्नभिन्नौ कुर्वती**' '**अभितः**' '**સર્વથા પ્રકારે...**' એનો અર્થ કર્યો, લ્યો. છે ને શબ્દ? '**अभितः भिन्नभिन्नौ कुर्वती**' આહા..હા..! '**अभितः**' '**સર્વથા**

**પ્રકારે જીવને અને કર્મને જુદાં-જુદાં કરે છે.'** આહા..હા..! અને એક છેલ્લો શબ્દ છે. '**अन्तःस्थिरविशदलसद्धाम्नि**' આહા..હા..! શું કહે છે? '**अन्तःस्थिरविशदलसद्धाम्नि**' '**अन्तः**' '**સર્વ અસંખ્યાત પ્રદેશોમાં એકસ્વરૂપ...**' એ '**अन्तः**'નો અર્થ કર્યો. ક્ષેત્ર બતાવ્યું એનું. '**स्थिर**' '**સર્વ કાળે શાશ્વત...**' એ કાળ બતાવ્યો. આહા..હા..! '**विशद**' '**સર્વ કાળે શુદ્ધત્વરૂપ...**' સર્વ કાળે શુદ્ધ ભગવાન બિરાજે છે અંદર. આહા..હા..! '**विशद**'. અને '**लसत**' '**સર્વ કાળે પ્રત્યક્ષ...**' સર્વ કાળે ભગવાન સ્વરૂપ પ્રત્યક્ષ છે અંદર. આહા..હા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉતાર્યા. એટલી એક લીટીમાં. દેખો! '**अन्तःस्थिरविशदलसद्धाम्नि**'. આહા..હા..! '**धाम्नि**' એટલે '**કેવળજ્ઞાન-કેવળદર્શન-તેજઃપુંજ...**' આહા..હા..! ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શનનો પુંજ. કેવળ એટલે ઓલી પર્યાય નહિ. આ પુંજ પોતે કેવળદર્શન, કેવળજ્ઞાનનો પુંજ પ્રભુ છે. આહા..હા..! જેની નિર્મળ એક સમયની પર્યાય એ આખા લોકનું રાજ આપે તો પ્રગટ થાય એવી એ ચીજ નથી. આહા..હા..! અને એ પર્યાય-ગુણમાં એટલી અનંતી શક્તિ પડી છે કે એમાં એને પરથી ભેદ પાડીને દૃષ્ટિ કરે એ પુરુષાર્થથી પ્રાપ્ત થાય એવી છે. આહા..હા..! એ પુરુષાર્થની શું કિંમત! સમજાણું કાંઈ? જુઓને ભાષા આચાર્યની!

'**अन्तः**' અસંખ્ય પ્રદેશ લીધા. કારણ કે સર્વજ્ઞ સિવાય ક્યાંય આત્મા અસંખ્ય પ્રદેશી છે એ વાત ક્યાંય છે નહિ. આહા..હા..! અસંખ્ય પ્રદેશ '**अन्तः**'. '**स्थिर**' સર્વ કાળે સ્થિર છે. '**स्थिर**' એટલે શાશ્વત. આહા..હા..! '**विशद**' સર્વ કાળે શુદ્ધ-નિર્મળ અને '**लसत**' સર્વ કાળે પ્રત્યક્ષ. એવો '**કેવળજ્ઞાન, કેવળદર્શન, તેજઃપુંજ જેનો...**' એવો સ્વભાવ છે એનો. આહા..હા..! આત્મા એટલે કાંઈ લોકોને કિંમત જ નહિ. આહા..હા..! જેના અનંત પુરુષાર્થ દ્વારા જેની પર્યાય સમકિત, જ્ઞાન, ચારિત્રની પ્રગટે એવો જે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એને અહીં પરથી જુદો પાડીને અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને મોક્ષમાર્ગ છે. આહા..હા..! ભારે આકરું કામ. આ ચાલ્યું હતું. વ્યાખ્યાનમાં આ ચાલી ગયું છે આપણે.

'**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિ...**' એટલે? પર્યાયને અંતર્મુખ વાળતા પર્યાય સામાન્યમાં એક થાય છે. એટલે એ અખંડમાં એકત્વ થાય છે. એ પર્યાય આ અખંડ છે માટે એકત્વ થાઉં છું એમ પણ નથી એમાં. આહા..હા..! પણ પર્યાય જ્યાં આમ વળે છે એ પર્યાયને અહીં વાળતા એ અખંડમાં જ પર્યાય જાય છે. પર્યાયને રાગ તરફ વાળતા મિથ્યાત્વ છે. આહા..હા..! એ પર્યાયને અંતર્મુખ વાળતા એ પર્યાયનો વિષય અખંડ છે એમ થઈ જાય છે, થઈ જાય છે. આહા..હા..!

**શ્રોતા :-** વાળવાવાળો કોણ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાળવાવાળો કોણ? પોતે, કોણ બીજો! આહા..હા..! દિશા ફેરવવાવાળો કોણ? કે પોતે. પરની દિશા તરફની દશા છે. પરની દિશાના લક્ષ તરફની દશા છે એને દશાને સ્વ તરફ વાળતા તેની દિશા સ્વ થઈ જાય છે. આહા..હા..! શું થાય?

માણસ મૂળ ચીજ આખી પડી રહી અને વાતું બધી એવું કરવા માંડે. હવે તો છાપામાં એવું આવે છે ફલાણી આર્જિકાએ અપવાસ કર્યા આત્મલક્ષે. આત્મા શું છે એનું ભાન પણ નથી, સાંભળ્યું નથી. એ તો અહીં વાત આત્માની આવીને એટલે હવે વાતું કરવા મંડ્યા. આહા..હા..! આત્મા કેવો તારે? આહા..હા..! હજી દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા કોણ છે એની ખબરું ન મળે અને એને આત્મલક્ષે તપસ્યા થઈ ગઈ. આમ ને આમ અનાદિથી હેરાન થઈ ગયો છે. આહા..!

અહીં કહે છે કે ચૈતન્ય... '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...**' ચૈતન્યશક્તિનું સત્ત્વ એકલું આખો. એ વડે સર્વથા... પોતાના '**ચૈતન્યશક્તિપણા વડે સર્વથા...**' ભાવેન્દ્રિયને જુદી જાણી. આહા..હા..! એ ભાવેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આહા..હા..! જે પરજ્ઞેય હતું તેને સ્વ માનતો એ આત્મા જીતાઈ ગયો હતો મિથ્યાત્વથી. આહા..હા..! એ સ્વજ્ઞેય અને પરજ્ઞેયને પરથી ભિન્ન પાડી અને પોતાના અખંડ ચૈતન્ય ઉપર લઈ ગયો એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. સમજાણું કાંઈ? એ સત્યદર્શન થયું એને. આહા..હા..! બે વાત થઈ ગઈ છે. બે થઈ ગઈ છેને?

હવે ત્રીજી. '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની...**' સંબંધની વ્યાખ્યા. જણાવાલાયક અને જાણનાર. ગ્રાહ્ય એટલે જણાવાલાયક અને ગ્રાહક એટલે જાણનાર. એ ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એનો વિષય એ બધા જણાવાલાયક છે અને જાણનારો જ્ઞાયકભાવ છે. એ પરજ્ઞેય તરીકે જણાવાલાયક છે અને ભગવાન સ્વજ્ઞેય તરીકે જાણવાલાયક છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જેના ફળ અનંત અનંત આનંદ આવે. આ મોક્ષમાર્ગનું ફળ અનંત આનંદ. તે કેટલો કાળ? 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' આહા..હા..! જેની અનંત આનંદની પ્રાપ્તિની શરૂઆત થઈ, પણ જેની પ્રાપ્તિની પૂર્ણતા ક્યાંય અટકી જાય એમ છે નહિ. આહા..હા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખ' જેનું ફળ. એ મોક્ષમાર્ગ કેવો હોય! ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! એ કાંઈ પાંચ-પચાસ લાખ મેળવવા-ધૂળ મેળવવા દેશ મૂકીને પરદેશમાં (જાય). પોપટભાઈ! વઢવાણ મૂકીને મુંબઈ (જાય). એમ આ ભગવાનજીભાઈને, લ્યોને. અહીંનું મૂકીને ત્યાં આફ્રિકા (ગયા). આ તો દાખલો લ્યોને. અજીતભાઈ! એ પણ ત્યાં ગયા છે ને મૂકીને બધા ત્યાં. દુનિયાના સુખ પાંચ-પચાસ લાખ મેળવવા માટે સગા-વ્હાલા છોડીને ત્યાં જાય, છતાં મળવું એ તો પૂર્વના પૂણ્યને લઈને છે. આહા..હા..! આ તો પોતે પરને છોડીને પુરુષાર્થથી અંદરમાં જાય (તો) પ્રાપ્ત થયા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ગ્રાહ્ય...**' બધું હોં! ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એના વિષયો બધા એ જણાવાલાયક છે પરજ્ઞેય તરીકે. ત્રણલોકના નાથ અને ત્રણલોકના નાથનું સમવસરણ અને એની દિવ્યધ્વનિ

એ ગ્રાહ્ય છે, જણાવાલાયક છે. જાણનારો ગ્રાહક જ્ઞાયક છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો જિનેશ્વરદેવનો માર્ગ, ભાઈ! વીતરાગ પરમાત્માનો પંથ છે આ. એ પંથે જતાં જેની પૂર્ણ પ્રાપ્તિ સાદિ અનંતસુખની મળે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એ માર્ગ અપૂર્વ છે. એને એનું જ્ઞાન પણ નથી તો એ બિચારો પ્રયોગ કઈ રીતે કરે? ક્યાં કરે? આહા..હા..! અરે..! વખત ચાલ્યા જાય છે સમય સમયમાં.

કહે છે, ગ્રાહ્ય નામ જણાવાલાયક. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એના વિષયો—ત્રણે ઈન્દ્રિય કીધી છે અહીં. એ ભગવાનને પણ અણીન્દ્રિય આત્માની અપેક્ષાએ ઈન્દ્રિય કીધી છે. એ દિવ્યધ્વનિને પણ આ અણીન્દ્રિયની અપેક્ષાએ ઈન્દ્રિય કીધી છે. આહા..હા..! અને તેને પરજ્ઞેય તરીકે કીધું છે. સમજાણું કાંઈ? '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની...**' ભાષા દેખો! જ્ઞેયજ્ઞાયકસંબંધ એને ગ્રાહ્યગ્રાહક શબ્દ મૂક્યો છે. ગ્રાહ્ય એટલે જ્ઞેય, ગ્રાહક એટલે જ્ઞાન. જ્ઞેયજ્ઞાયક '**સંબંધની નિકટતાને લીધે...**' બહુ નજીક. જ્ઞાનમાં વાણી સાંભળે એટલે વાણી છે તો જ્ઞેય અને જ્ઞાનમાં જણાય ત્યારે એને એમ લાગે કે આ વાણી જણાય છે અથવા વાણીને લઈને મારી પર્યાય જણાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કેમકે જ્ઞેયાકારપણે જ્ઞાનની પર્યાય પરિણમે છે એ પોતાનું પરિણમન છે. એ જ્ઞેયને કારણે નથી. પણ અતિનિકટતાને લઈને એવું થઈ જાય કે જાણે આ જ્ઞેય છે તેથી મારામાં જ્ઞાન એનું આવ્યું, એને લઈને આવ્યું એમાંથી, એના સંબંધે આવ્યું. આહા..હા..! પહેલી જ્ઞાનની પર્યાય ઓછી હોય અને શાસ્ત્ર વાંચે, સાંભળે ત્યારે એને નવું જ્ઞાન લાગે છે એટલે જાણે જ્ઞાન સાંભળવાથી અને પરથી આવ્યું હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ગ્રાહ્યગ્રાહકના નિકટ સંબંધને લીધે.. આહા..હા..! '**જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે...**' જ્ઞાનના અનુભવ સાથે '**પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...**' એક થયા નથી. પરસ્પર. જ્ઞેય-જ્ઞાયક અને જ્ઞાન અને જ્ઞેય જાણે બે એક હોય. આહા..હા..! જેવું શાસ્ત્ર સામે હોય એવું જ અંદર જ્ઞાન થાય એટલે એને એમ લાગે કે આને લઈને આ થયું. હજી પરસત્તાવલંબીમાં પણ પરને લઈને થયું એ માન્યતા તે અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધ...**' એટલે કે જણાવાલાયક અને જાણનાર એવો જ્ઞેયજ્ઞાયક સંબંધ. એ બેની '**નિકટતાને લીધે...**' ઘણું નજીકપણું. જેવી વાણી સાંભળે ત્યારે એને જ્ઞાનની પર્યાય એ જ પ્રકારે કહે એવો અહીં ખ્યાલ આવે, પણ એ ખ્યાલ આવે છે એ તો પોતાની યોગ્યતાથી આવે છે, એ કાંઈ વાણીને લઈને આવે છે (એમ નથી), પણ ઘણું નિકટપણું છે એટલે એને એમ લાગે છે કે આ વાણી સાંભળી તેથી મને જ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળો સંબંધ. એવા સંબંધની નજીકતાને લીધે '**જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર...**' જ્ઞેય જાણે જ્ઞાન થઈ ગયું, જ્ઞાન જાણે જ્ઞેય થઈ ગયું પરજ્ઞેય. છેને? પરસ્પર. જ્ઞાયક જાણે જ્ઞેયને લઈને થયું અને જ્ઞેય જાણે જ્ઞાયકને લઈને હોય.

આહા..હા..! આ તો અમૃતની ધારાની ટીકા છે! અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..!

**શ્રોતા** :- જગતમાં એક ટીકા છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત એ જ છે. આ છે જ નહિ. એવી વાતું, બાપા!

**શ્રોતા** :- વિશ્વમાં આવી ટીકા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના, દિગંબરમાં આવી બીજી ટીકા નથી. આખા વિશ્વમાં. વાત સાચી. છે જ એમ. આ તે શું છે આ જુઓ તો ખરા! કાંઈ પાર ન પડે શબ્દ.. એવી અંદર ગંભીરતા ભરી છે. આહા..હા..! ઓહોહો..! અને સ્પષ્ટતા, તદ્દન સ્પષ્ટતા.

કહે છે, '**ગ્રાહ્યગ્રાહકલક્ષણ...**' એવો લક્ષણનો સ્વભાવ. એને નિકટતાને લઈને એકદમ જણાઈ જાય અને જાણનાર થઈ જાય એવો જાણે પરસ્પર એક હોય એમ થઈ જાય. '**જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...**' પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે. એક જેવા થયા નથી. એને એમ જ થઈ જાય કે આ સંભળાય છે ત્યારે જ્ઞાનની પર્યાય થાય છેને! પહેલાં કેમ નહોતી એ પર્યાય? અહીંયા ઘરે-દુકાને બેઠા હતા તો આ નહોતું જ્ઞાન અને અહીં સાંભળવામાં આવ્યું એટલે ત્યાંથી સાંભળ્યું તેનાથી જ અહીં જ્ઞાન થયું એમ અજ્ઞાનીને ભ્રમ થાય છે; પણ તે કાળનો તે પર્યાય તે જ્ઞેયને જાણવાને લાયકથી તે પર્યાય થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! આ જિનેશ્વરદેવનો માર્ગ, પરમેશ્વર ત્રિલોકનાથનો પ્રાપ્ત માર્ગ અલૌકિક છે. લોકોને સાંભળવા મળ્યો નથી. બહારથી આ કરો ને આ કરો ને આ કરો. જ્ઞાનસૂર્ય પ્રભુ એકલો ચૈતન્યસૂર્ય પ્રભુ એ જાણનાર છે. એ સ્વને જાણતા એ પરને જાણે સ્વતઃ. પર છે માટે પરને જાણે એમ પણ નહિ. આહા..હા..! પરથી તો નહિ, પણ પર છે માટે પરને જાણે એમ પણ નહિ. આહા..હા..! આવી વસ્તુ છે, ભાઈ! આહા..હા..! આઠ-આઠ વર્ષના રાજકુમારો, ચક્રવર્તીના રાજકુમારો આઠ વર્ષના આવું સાંભળે અને સમ્યક્ પામે અને નીકળી જાય છે, બસ. વનવાસમાં નીકળી જાય છે. અરે..! અમારી ચીજ અમે શોધવા જઈએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? દીક્ષા એટલે કે અંદર આત્માને શોધવો એ. પૂર્ણ પ્રાપ્તિ માટે. આહા..હા..! શોધનો અર્થ નથી આવતો? સૂત્ર-સૂત્રપાહુડમાં. સૂત્રપાહુડમાં આવે છે. સૂત્રપાહુડમાં એવું આવે છે અષ્ટપાહુડમાં. એ શોધન. અંદરમાં આત્માને શોધવા માટે ચારિત્ર છે. સૂત્રપાહુડમાં છે.

अरहंतभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।
सुत्तत्थमग्गणत्थं सवणा साहंति परमत्थं।।१।।

'**सुत्तत्थ**' નામ શોધવા માટે. પહેલી ગાથા છે. '**अरहंतभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं। सुत्तत्थमग्गणत्थं**' આહા..હા..! '**સૂત્રનો જે કંઈ અર્થ છે તેને 'માર્ગણ અર્થાત્' શોધવા-જાણવાનું જેમાં પ્રયોજન છે...**' આહા..હા..! જુઓને કેટલું મૂક્યું છે! '**सुत्तत्थमग्गणत्थं**' માર્ગણા એટલે શોધવું. અંદર ભગવાનને શોધવો અંદર. આહા..હા..! એ

માટે સૂત્રનો અભ્યાસ છે કહે છે. આહા..હા..!

જેઓ જ્ઞેય (છે). ત્રણલોકના નાથ તીર્થંકર પણ ગ્રાહ્ય નામ પરજ્ઞેય તરીકે છે અને આત્મા જાણનાર તરીકે પોતાથી છે. એમાં બેના પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે અજ્ઞાનીને. આહા..હા..! **'એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો...'** એટલે એકલા સ્પર્શાદિ નહિ, બધું આવ્યું એમાં. જે ભગવાનની વાણી છે એ પણ સ્પર્શવાળી છેને! વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી છે. આહા..હા..! પુદ્‌ગલ છે. સમજાય છે? પ્રવચનસારમાં કહ્યું છેને. સૂત્ર એ પુદ્‌ગલ છે. વીતરાગની વાણી એ પુદ્‌ગલ છે. એમાંથી જ્ઞાન કાઢવું. અંદર મારું આ જ્ઞાનસ્વરૂપ છે તે સૂત્રની જ્ઞપ્તિ કહેવામાં આવે છે. એવો પાઠ છે. પ્રવચનસાર. સૂત્ર છે એ પુદ્‌ગલ છે અને એની જ્ઞપ્તિ જે કરવી પોતાથી તે તેનું જ્ઞાન છે. એ સૂત્રની શબ્દની ઉપાધિ કાઢી નાખો. એવી ટીકા છેને? આહા..હા..! એ ઉપાધિ કાઢી નાખો તો એકલું જ્ઞાન રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દિગંબર આચાર્ય, સંતોએ તો કેવળજ્ઞાન રાખ્યું છે! વસ્તુનો જે પ્રવાહ હતો અનાદિ સત્ય એ ચાલ્યો આવે છે. વચમાં આ બધી ગડબડ થઈ ગઈ બધી. પંથ પડ્યા. બહુ ગડબડ થઈ ગઈ. સત્ય હાથ ન આવ્યું.

**'જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...'** આહા..હા..! **'ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ...'** બહારની વાણી આદિ, શરીરાદિ, સ્ત્રી, કુટુંબ, રાજ આદિ બધું. એ **'પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું...'** આહા..હા..! હવે જુદાં પાડે છે. **'તેમને, પોતાની ચૈતન્યશક્તિ...'** મારો જાણવાનું તો મારો સ્વભાવ સ્વતઃ શક્તિ છે. છેને? **'સ્વયમેવ અનુભવમાં આવતું...'** એ વાણીને લઈને નહિ, ભગવાનને લઈને નહિ. આહા..હા..! સ્વયમેવ જ્ઞાન અનુભવમાં આવતું **'જે અસંગપણું...'** અહીં ફેરવ્યું જોયું! ઓલામાં **'અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...'** એમ લીધું હતું દ્રવ્યેન્દ્રિયની સામે, ભાવેન્દ્રિયની સામે અખંડ એક ચૈતન્યશક્તિ લીધી હતી અને આ જ્ઞેયજ્ઞાયકની સામે અસંગપણું (લીધું). જેને વાણીનો સંગ નથી, રાગનો સંગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વયમેવ...'** **'પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે...'** ઇન્દ્રિયના વિષયો એટલે ઇન્દ્રિય એ પરજ્ઞેય એ **'સર્વથા પોતાથી જુદાં કર્યા;...'** ત્રીજી વાર આવ્યું સર્વથા. આહા..હા..! પણ દ્રવ્ય છે એ નિત્ય છે એ સર્વથા છે કે કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય? અને પર્યાય અનિત્ય છે તે કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય? આહા..હા..! આખો આત્મા વર્ણવવો હોય તો એમ કહેવાય કે કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે, પણ દ્રવ્યથી આત્મા તે નિત્ય જ છે, પર્યાયથી અનિત્ય જ છે. આહા..હા..! એમા 'જ' હોય. એમાં 'સર્વથા' જ હોય. માણસને શાસ્ત્રના અર્થો સમજવામાં પણ ઘરનો

સ્વચ્છંદ રાખીને વાંચે તો જે કહેવાનો આશય છે તે ઊંધો પડી જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન અસંગ છે. આહા..હા..!

આમાં એક કથા આવી છે, વાત આવી છે. એક આંધળો માણસ હશે પ્રજ્ઞાચક્ષુ, પણ બુદ્ધિવાળો ઘણો. રાજમાં મોતીના હાર આવ્યા બહુ, કોઈ દી નહિ આવ્યા એવા આવેલા એટલે લોકો વિસ્મય પામ્યા. આ આંધળો અંધ માણસ રાજમાં ગયેલો અને રાજે રાખેલો. ભાઈ, હું કોઈ વખતે તમને કામ આવીશ, મને રાખો. એને બોલાવ્યો. મોતીની કિંમત બહુ ટાંકતા માણસો. આ તો આંધળો, પણ સ્પર્શ ઈન્દ્રિય દ્વારા મોતીને આમ સ્પર્શતા એને ઝીણી... ઝીણી... ઝીણી... તડ દેખાણી સ્પર્શથી. એટલે કહ્યું કે આ મોતીની કિંમત તડ છે માટે કિંમત કાંઈ નથી. સમજાણું? લોકો બધા દ્વેષમાં આવી ગયા. આંધળો શું જાણે? ભાઈ! અમે કહીએ છીએ. જુઓ તમે લાવો. તમારી આંખથી ન સૂઝે તો સૂક્ષ્મ દર્શક યંત્ર લાવો. મૂકો એમાં. હા, ઝીણી તડ છે. એલા પણ આંધળો છોને? કે આંધળો છું પણ સ્પર્શ છે કે નહિ મારી પાસે? એમ ભગવાન આત્મા ભલે આ આંખ ન હોય, અરે..! મન પણ ન હોય અને વિકલ્પ પણ ન હોય તે આત્માને અનુભવી શકે છે. એવો ભગવાન ચૈતન્ય દેખતો ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એકવાર ઘોડો આવ્યો ઊંચો બહુ રાજમાં. અશ્વ બહુ કિંમતી, બહુ ઊંચો. બધા અશ્વપાળ આવ્યા અને જોયો. ઓહોહો..! આવો તે ઘોડો કોઈ દી જોયો નથી. રાજા કહે પણ અમારો અંધ માણસ છે એને બતાવો પહેલો. એણે આમ ફેરવવા માંડ્યો આમ હાથ ફરતા... ફરતા... ફરતા.. એને અંદરમાં લાગ્યું કે આના પેટમાં કોઈ એવી ચીજ છે કે પૃથ્વી ઉપર ગતિ કરશે, પાણીમાં જશે તો બેસી જશે. એવું આમ સ્પર્શ (કરીને) કહે છે. એના પેટનો ભાગ. સમજાણું? ઓલા બધાએ બહુ વખાણ કર્યા. આ કહે પણ મને તો આમ લાગે છે. તમે જોઈ લ્યો. ત્યારે બીજા માણસે કહ્યું કે હા. એને ભેંસનું દૂધ પાયુ હતું ઉછેરતા. નાનો હતો ને એટલે ભેંસના દૂધને લઈને એને પાણીમાં બેસી જવાની શક્તિ થઈ ગઈ છે. એને યાદ આવી ગયું. લઈ ગયા પાણીમાં એટલે બેસી ગયો ઘોડો. એલા પણ ઘોડો ન બેસેને? પણ આ જુઓને બેઠો કે નહિ. એ અંતરની દૃષ્ટિથી જુએ તો ખબર પડે કે આ શું શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયાની પરીક્ષા પણ બહારથી કરે સાધારણ તો એને ન થઈ શકે તો આ તો ત્રણલોકનો નાથ! આહા..હા..! જેની કિંમતુ કેવળી પણ કરી શક્યા નથી. શું કિંમત કરવી એને? આહા..હા..! અમૂલ્ય ચીજ અમૂલ્ય છેને. આહા..હા..! એનું મૂલ્યાંકન શું? એના મૂલ્યનો અંક શું? આહા..હા..!

એવો એ ભગવાન આત્મા.. આહા..હા..! **'સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા...'** વિષયોથી એટલે કે પાંચ ઈન્દ્રિયના જ્ઞેયો જે છે એનાથી એને જુદો કર્યો. આ જુદો કર્યો એ જુદો કર્યો એ જીત્યો. આહા..હા..! જુદો કર્યો એટલે કે પરથી

અધિકપણે જુદો જાણ્યો, પરથી ભિન્નપણે પૂરો જાણ્યો, પરથી ભિન્નપણે પૂરો અનુભવ્યો, પરથી ભિન્નપણે પૂરો સંચેતન અને અનુભવ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? એને જુદો કર્યો એમ કહેવામાં આવે છે. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આ કાંઈ કથા નથી.

નાની ઉંમરમાં શીખતાને? ચકલી લાવી ચોખાનો દાણો, ચકલો લાવ્યો મગનો દાણો. એ બે દાણાની ખીચડી કરી. બેની. વાત આવતી. નાની ઉંમરમાં શીખતા. એ ખીચડી લઈને કુંભારને આપી, કુંભારે ઘડુલો આપ્યો, ઘડુલો આપ્યો વાણિયાને અને વાણિયાએ આપ્યો ખજૂર ને.. એમ લાંબી લાંબી વાતું ગપની બધી. નાની ઉંમરમાં કહેતા. પોપટભાઈ! સાંભળ્યું હતું? એવી આ વાર્તા નથી. આ તો ત્રણલોકના નાથની દિવ્યધ્વનિનો સાર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એ, ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું.'** આ ત્રીજો બોલ થયો. એ ત્રણે જ્ઞેય હતા. જડ ઇન્દ્રિય જ્ઞાનનું જ્ઞેય પર, ભાવેન્દ્રિય જ્ઞાનનું જ્ઞેય પર અને ભગવાનની વાણી અને ભગવાનના શાસ્ત્ર એ જ્ઞાનનું પરજ્ઞેય હતું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. એ જીત્યા એટલે જુદું પાડ્યું. એ જિન થયો. એ જિન થયો. પરજ્ઞેય અને સ્વજ્ઞેયની એકતા હતી તે અજૈન હતો. એનું સ્વરૂપ જે જિનસ્વરૂપે હતો એ પરથી જુદો પાડીને નિર્મળ પર્યાય પ્રગટ કરી એ જિન થયો. એ જિતેન્દ્રિયજિન થયો. છેને શબ્દ એ? આહા..હા..!

**'આમ જે (મુનિ)...'** આ રીતે, આ પ્રકારે જે કોઈ મુનિ **'દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો—એ ત્રણેને જીતીને,... '** જોયું! છેલ્લું લીધું. **'જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી...'** આહા..હા..! જાણવાયોગ્ય ચીજ જે જાણનારની છે એમ થઈ જતું અથવા જાણનારની ચીજ તે જણાવાયોગ્યની હતી એમ થતું. સમજાણું કાંઈ? હવે આમાં તસ્સૂતરી .. .. વોસરે. એય..! એમ કરતાં અમે ત્યાં હોં પાલેજમાં દરરોજ. પડિક્કમણા કરતાં સંવત્સરીના. કાંઈ ખબર ન મળે. અને હું ભગત કહેવાતો, હું પડિક્કમણું કરાવતો. એઈ..! ... નાની ઉંમરમાં હોં. એ લગભગ ૬૩ની સાલથી. ૧૭ વર્ષની ઉંમર હતી. કેટલા થયા? ૬૯. ૬૯ વર્ષ પહેલાંની વાત છે. પડિક્કમણા કરાવીએ. આઠ દીમાં ચાર અપવાસ કરીએ હોં ચોવિહારા. દુકાને બેસીએ અને દુકાન ચાલે અને પછી ગળું સૂકાઈ જાય. પછી એકવાર તો અપવાસ કર્યો અને પાણીની તૃષા લાગી તો અંદર પાણીહારે જઈને પાણી પીધું. નાની ઉંમરને બહુ. ગરમી હશે અને દુકાને ધંધો આખો દી બેઠા હોયને દુકાને અને માનીએ કે આપણે કાંઈક ધર્મ કર્યો છે. લ્યો! આહા..હા..!

**શ્રોતા :-** ત્યારે એ કાળે એ રીતે ધર્મ થાતો હતો ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કાળે એમ ધર્મ થાતો હશે? આહા..હા..! અને પછી ગાઈએ નવરાશે રાત્રે, 'જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી...' એવું ગાયન આવતું. એ આવે છે.

'કેવા વ્રતધારી .. થયા નર નારી.' આ તો ૬૩ની સાલની વાત છે. આપણને પણ ક્યાં કાંઈ ખબર નહિ. 'જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી!' આ ગજસુકુમાર મુનિ ને જંબુકુમાર. 'જુઓ જુઓ જંબુસ્વામી બાળાવયે બોધ પામી...' એવું આવતું. આહા..હા..! કાંઈ ખબર ન મળે. કહેનારને ખબર ન મળે સાધુને તો બિચારાને સાંભળનારને ક્યાંથી (ખબર હોય)? આહા..હા..! જુઓ તો માર્ગ!

**'એ ત્રણેને જીતીને, જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો...'** એટલે બે ભિન્ન છે તેને એક માનતો હતો. સંયોગને સંકર એટલે એકતાને, પરના સંબંધને પોતે પોતાનું માનતો હતો. આહા..હા..! ભાવેન્દ્રિયને પોતાની માનતો હતો, ઈન્દ્રિયોના વિષયોને ભગવાનની વાણીને પોતાના માનતો હતો. સમજાણું કાંઈ? આહા..હા..! અને જેનાથી લાભ થાય એને તો પોતાનું માને કે નહિ? એટલે માને કે આ વાણીથી મને લાભ થયો, પણ એ **'તે સઘળો દૂર થવાથી...'** ભગવાન જ્ઞાયકસ્વભાવમાં અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવને અવલંબે, અખંડ જ્ઞાનના જ્યોતિને આશ્રયે અને અસંગ એવા ચૈતન્ય ભગવાનને અવલંબે—એ ત્રણે કથન કર્યું છે ક્રમે, વસ્તુ તો એક સાથે હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેમકે દ્રવ્યેન્દ્રિયને અતિસૂક્ષ્મ ચૈતન્ય (સ્વભાવના) અવલંબે-બળે જીતી તો એનો અર્થ કે એ વખતે ભાવેન્દ્રિયનું લક્ષ છૂટી ગયું છે અને એ વખતે પરના વિષયોની લક્ષ-દૃષ્ટિ પણ છૂટી ગઈ છે; પણ સમજાવવામાં તો ક્રમ પડેને! સમજાણું કાંઈ?

ભાવેન્દ્રિય વખતે પણ જ્યારે ભાવેન્દ્રિયને જીતી આમ સૂક્ષ્મ અખંડ એક ચૈતન્યશક્તિ વડે, તો એ વખતે દ્રવ્યેન્દ્રિયનું લક્ષ છૂટી ગયું છે અને વિષયનું લક્ષ પણ છૂટી ગયું છે અને પર વિષયોનું લક્ષ છૂટતાં પણ.. એ લક્ષ જતાં તો દ્રવ્ય ઉપર લક્ષ ગયું છે, એ દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયને પણ જીતી છે. એક સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજવું, સમજવું ને સમજવું એવું આવે લ્યો. પણ શું કરવું? સમજવું એ કરવું નથી? એ પોતે જ્ઞાનસ્વરૂપ છે, બીજું કરે શું એ? આહા..હા..! જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... દેખવું એ કરે. કરે શું બીજું ઈ?

એવો **'દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે...'** છે? **'પત્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર...'** અહીં છે શેત્રુંજયમાં. એક મૂર્તિ આખા પત્થરમાંથી આખી કાઢી છે. મોટી અડબદ નાથની. પત્થરમાંથી.

**શ્રોતા :-** બાહુબલજીની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાહુબલીની નહિ, આ તો બીજી છે. બાહુબલીની તો આપણે જુદી છે આ તો. આ તો મંદિર જ બનાવ્યું છે એક. છેને જોયું છેને, બધું જોયું છે. પહેલાં પણ ત્યાં ગયા હતા. સંસારમાં પણ બધું જોયું છેને. આખી પ્રતિમા એક જ. પત્થર ખોદીને હોં! કોતરીને એમ ને એમ પત્થરમાંથી (બનાવી છે).

એમ આ ટંકોત્કીર્ણ જેવો ભગવાન છે એવો અંદરમાં રાગ અને પરથી ભિન્ન દેખાણો. આહા..હા..! **'મૂર્તિની જેમ એકાકાર જેવો ને તેવો સ્થિત.'** **'ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવ વડે...'** આહા..હા..! જેનો જ્ઞાનસ્વભાવ છે. સ્વભાવવાન પ્રભુ, જેનો જ્ઞાનસ્વભાવ છે એ **'વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદાં...'** એ વડે અન્યદ્રવ્યોથી... જુઓ! **'જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદાં એવા પોતાના આત્માને અનુભવે છે...'** આહા..હા..! નિર્વિકલ્પ સમાધિકાળમાં સમ્યગ્દર્શન થાય છે એટલે ત્યાં નિર્વિકલ્પ સમાધિને અનુભવે છે એમ કીધું ત્યાં. આહા..હા..! સમજાય છે કાંઈ?

દ્રવ્યસંગ્રહની ૪૭ ગાથા છે એમાં એ કહ્યું છે. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** ૪૭ ગાથા છે. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન અને વ્યવહારસમ્યગ્દર્શનનો વિકલ્પ એ બધું ધ્યાનમાં આવે છે. અંદરમાં ધ્યાનમાં જતાં તેને જ્ઞેય-જ્ઞાયકની ભિન્નતા પડી જાય છે, દ્રવ્યેન્દ્રિય-ભાવેન્દ્રિય જીતે છે અને અંદરમાં જતાં અબુદ્ધિપૂર્વક જે કાંઈ રાગ રહે છે એને વ્યવહારસમકિત અને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! એવો પાઠ છે. ૪૭ છે ગાથા. ૪૭ને શું કહે છે? સૈંતાલીસ. ૪ અને ૭. દ્રવ્યસંગ્રહ. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** નિશ્ચયથી તે ભગવાનનું ધ્યાન કરે છે ત્યાં નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ ત્યાં પમાય છે. આહા..હા..! **'એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિયજિન' છે.'** દેખો! તેને ઇન્દ્રિયોને જીતી એવો એને જિન કહેવામાં આવે છે. કેમકે **'(જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી, તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.)'** હવે એ કેવો છે એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૦, મંગળવાર, તા. ૧૦-૦૨-૧૯૭૬, ગાથા-૩૧, ૩૨, પ્રવચન નં. ૭૨

સમયસાર, ૩૧-ગાથા. છેલ્લે આવ્યું ને? **'અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદાં એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિયજિન' છે.'** આત્મા પોતાના જ્ઞાયકસ્વભાવના બળથી દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય, એ ત્રણેને ઇન્દ્રિય કહેવાય છે, તેનું

લક્ષ છોડી પોતાના સ્વભાવમાં પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવથી અધિક પૂર્ણ સત્ શાસ્ત્ર દ્વારા કહેવામાં આવેલો સત્ અનુભવ—પોતાના શુદ્ધચૈતન્યનો અનુભવ કરે છે તે જિતેન્દ્રિય જિન છે. આહા..! સમજાણું કાંઈ? છે? '**અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદાં એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિયજિન'**...' કહેવામાં આવે છે, તેને ધર્મી કહે છે. તેને નિશ્ચયને જાણનારા ગણધરો જિન અને ધર્મી કહે છે, આહાહા..! ભારે! વચ્ચે રાગ હોય છે, પણ એ રાગ કંઈ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! રાગથી પૃથક્ થઈને સ્વભાવ જે જ્ઞાયકસ્વભાવ ત્રણકાળને જાણનારો જે જ્ઞાનસ્વભાવ, તેની પર્યાયથી અને રાગથી ભિન્ન-અધિક જાણીને તેનો અનુભવ કરવો ત્યારથી જિનપણાની શરૂઆત થાય છે, ત્યારથી ધર્મની શરૂઆત થાય છે, આહા..હા..! એમ ગણધર-નિશ્ચયના જાણનાર-નિશ્ચયજ્ઞ આમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ? કૌંસમાં.

'(**જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી**...' જ્ઞાન જાણનસ્વભાવ એ અચેતન રાગાદિમાં, પરમાં નથી. '(**તેથી તે વડે આત્મા**...' જ્ઞાનસ્વભાવ પરથી ભિન્ન અને એ જ્ઞાનસ્વભાવ શુભ રાગાદિમાં નથી અને અન્ય દ્રવ્યમાં આ સ્વભાવ નથી. '(**તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે**).' આહા..હા..! આ પ્રથમ કર્તવ્ય છે. સમજાય છે કાંઈ? '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' એ સંસ્કૃત ટીકા છે. '**આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો**...' અર્થાત્ જ્ઞાયકસ્વભાવ પરજ્ઞેયને જાણતો હોવા છતાં જ્ઞેયરૂપ થતો નથી. રાગ, શરીર, વાણી આદિ પરદ્રવ્યને જાણે એમ હોવા છતાં જ્ઞાયક પરદ્રવ્યરૂપ થતો નથી. આહાહાહા..! સમજાય છે કાંઈ?

'**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' આત્માનો જ્ઞાનસ્વભાવ કેવો છે? તેને અહીંયા ભગવાન કહેશે. ભગવાન જ્ઞાનસ્વભાવ એમ કહેશે. આહા..હા...! પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ છે એ તો અચેતન રાગ છે. આહા..હા..! એમાં જ્ઞાનસ્વભાવની પર્યાયનો અંશ પણ નથી. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ એવો મહિમાવંત છે. જ્ઞાનસ્વભાવરૂપી ભગવાનથી ભરેલો છે. આહા..હા..! બહુ જ ટૂંકી વાત અને ઘણી જ મહત્ત્વની આ વાત છે. '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' જાણન.. જાણન.. જાણનસ્વભાવ. વિશ્વ નામ '(**સમસ્ત પદાર્થોની) ઉપર તરતો**...' અર્થાત્ સમસ્ત પદાર્થોને જાણવા છતાં પરરૂપ થતો નથી અને પરથી ભિન્ન રહે છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. એને બીજી રીતે શી રીતે કહે? કે એને રાગની ક્રિયા, વ્રત પાળે, તપસ્યા કરે, રાગની ક્રિયાથી આત્માનો સ્વભાવ પ્રાપ્ત થાય છે, એમ તો છે નહિ. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- પાઠમાં લખ્યું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લખ્યું પણ નથી. એ તો ક્યાંક કોઈક ઠેકાણે સાધક તરીકે કહ્યું હોય એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે, એ સાધક છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ... સાધક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાધક કહ્યું ઈ સાધકનું જ્ઞાન કરાવવા કહ્યું છે. સાધક તો પોતાનું સ્વરૂપ જ્ઞાનનું સાધન રાગથી ભિન્ન કરીને પ્રજ્ઞાછીણી દ્વારા પોતાનું સાધન કરીને.. આત્મામાં એક સાધન નામનો ગુણ અનાદિ છે, કરણ નામનો ગુણ છે. એ રાગથી પૃથક્ થઈને પોતાના કરણગુણ દ્વારા ભિન્ન થઈને પોતાનો અનુભવ કરવો એ સાધક છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એમાં એક ભાવ નામની શક્તિ છે, ૪૭ શક્તિ છેને. જ્ઞાનશક્તિ, આનંદશક્તિ, સ્વચ્છતાશક્તિ, કર્તા, કર્મ, કરણ શક્તિઓ જેમ છે, એમ ભાવ નામની એક શક્તિ છે-એક ગુણ છે, એ દ્રવ્યનો આશ્રય કરે છે તો ભાવશક્તિમાંથી કોઈ પણ પર્યાય વિદ્યમાન રહે છે એ ભાવશક્તિનું કાર્ય છે. શું કહ્યું? એ રાગની મંદતા કારણ અને ભાવશક્તિની વિદ્યમાન નિર્મળ પર્યાય કાર્ય એમ નથી. ૪૭ શક્તિ છેને? પહેલી ભાવશક્તિ. ભાવ નામ કોઈ પણ પર્યાય ભાવશક્તિને કારણે વિદ્યમાન-ઉત્પન્ન થઈને રહે છે, કરવી નથી પડતી, એમ કહે છે. આહા..હા..! ભાવશક્તિને કારણે વર્તમાન પર્યાય નિર્મળ વિદ્યમાન હોય જ છે. આહા..હા..! એ રાગ, વ્યવહાર જે મંદ રાગ છે, તેને કારણે વિદ્યમાન નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે અને રહે છે, એમ નથી. સમજાય છે કાંઈ? આહા..!

અથવા એમ પણ લીધું છેને? ષટ્કારક શક્તિ પોતામાં છેને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, એવી શક્તિ-ગુણ છે. તો ષટ્કારકના પરિણમનથી વિકારી પરિણમન જે પર્યાયમાં થાય છે તેનાથી રહિત એક ભાવશક્તિ છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત, ભાઈ! ષટ્કારકનું પરિણમન વિકારરૂપે થાય, છે તો નિર્વિકારી ષટ્કારક સ્વભાવ છે, પણ નિમિત્તને આધીન પરિણમન થાય તેનાથી રહિત થઈને રહેવું એ ભાવશક્તિનું કાર્ય છે. આહા..હા...! એ વિવેચન આવી ગયું છે એમાં. ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે. આહા..હા...! આત્મામાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—એવા છ ગુણ-શક્તિ છે. એ શક્તિ નિમિત્તાધીન થઈને જે વિકારી પર્યાય થાય છે, તેનાથી રહિત થવું એ ભાવશક્તિનું કાર્ય છે. એ ભાવશક્તિ જુદી અને પેલી ભાવશક્તિ જુદી. પહેલાં જે ભાવશક્તિ કહી એ તો વર્તમાન નિર્મળ વિદ્યમાન પર્યાય હોય જ છે એ શક્તિને કારણે. ભાવને કારણે વર્તમાન નિર્મળ પર્યાય હોય જ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય ભાવશક્તિને કારણે એ પર્યાય વિદ્યમાન હોય જ છે. આહા..હા...! અને એક બીજી ભાવશક્તિ છે. આહા..હા..! બહુ વર્ણન છે ૪૭ શક્તિમાં.

બીજી ભાવશક્તિ એવી લીધી છે.. છેને, આ સમયસાર છેને, ૩૯મી શક્તિ છે, ૩૮ પછી ૩૯મી શક્તિ છે. ૩ અને ૯. શક્તિનું વર્ણન છે. '**(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા...**' આહા..હા...! ૩૯મી છે. છે? કર્તા, કર્મ આદિ એટલે છ કારક. એ 'કારકો

**અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (-હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.**' આહા..હા..! સમજાય છે કાંઈ? ૩૩મી શક્તિ અને આ શક્તિ ભિન્ન છે. પહેલાં કહી ઈ. ૩૩મી શક્તિ જુઓ.

'**વિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.**' છે ૩૩? '**(અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ).**' આહા..હા...! ભગવાન આત્મામાં ભાવ નામની એક શક્તિ-ગુણ છે. જેણે દૃષ્ટિ દ્રવ્ય પર કરી તો ભાવશક્તિથી નિર્મળ પર્યાય વિદ્યમાન રહે છે, ભાવરૂપ રહે છે, ભાવરૂપ હોય છે. એવો ભાવ નામની શક્તિ-ગુણ છે અંદરમાં. આહા..હા..! નિર્મળ વિદ્યમાન રહે એની વાત છે, હોં! મલિનની વાત અહીંયાં નથી. મલિન તો પરવસ્તુ છે. આહાહા..! છે? ૩૩. એ ૩૩મી ભાવશક્તિ જુદી અને ૩૯મી ભાવશક્તિ જુદી. ૩૯મી ભાવશક્તિનો અર્થ કારકો અનુસાર ક્રિયા-વિકારી પર્યાય, તેનાથી રહિત, આહા..હા..! ભવનમાત્રમયી ભાવશક્તિ. છે? ઝીણી વાત છે, ભાઈ! આ તો ભગવાન આત્માની વાત છે. આહા..હા..! એમાં તો પવિત્રતાનો ભંડાર ભર્યો છે. આહા..હા..! એ અને ૪૦.

'**કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.**' ઈ શું કહ્યું? પહેલાં એમ કહ્યું.. ત્રણ બોલ આવ્યા. આત્મામાં એક એવી ભાવશક્તિ છે કે દ્રવ્યની રુચિ થવાથી ભાવશક્તિને કારણે વિદ્યમાન નિર્મળ પર્યાય હોય, હોય ને હોય જ! કરવી પડતી નથી અને એ રાગની મંદતાથી થાય છે એમ પણ નહિ. આહા..હા..! એક વાત. આ વાત બીજી. અંદર છ કારકની શક્તિ-ગુણ-સ્વભાવ છે. એ અંદર ક્રિયા વિકારી પર્યાય ષટ્કારકરૂપે થાય તેનાથી રહિત થાય છે એવી એક ભાવશક્તિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ૪૦. '**કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ)...**' આત્મામાં ષટ્કારક રૂપી શક્તિ-ગુણ પડ્યા છે. તે કારક અનુસાર પરિણમવાપણારૂપ ભાવમયી ક્રિયાશક્તિ. એ નિર્મળ. ઓલામાં પણ નિર્મળ હતી પણ વિકારી પર્યાયથી રહિત ભાવશક્તિ અને આ નિર્મળ પરિણતિરૂપ ભાવશક્તિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

પેલા ષટ્કારક એટલે ષટ્કારક અનુસાર વિકારી પર્યાય થઈ એનાથી રહિત અને આ તો ષટ્કારકરૂપ પરિણમન શુદ્ધ નિર્મળ થાય છે ઈ. સમજાય છે કાંઈ? પાટનીજીએ પ્રશ્ન કર્યો કે ૩૯ અને ૪૦મી બે શક્તિમાં ફેર શું છે? આ તો ત્રણેમાં ફેર છે. એક ભાવશક્તિ ૩૩મી. એ તો ભાવશક્તિને કારણે વિદ્યમાન નિર્મળ અવસ્થા હોય, હોય ને હોય જ. અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય તે રૂપ ભાવશક્તિ. આહા..હા..! અને આ ભાવશક્તિ ષટ્કારક ગુણ જે છે એનું પરિણમન જે નિમિત્તાધીન થાય છે તેનાથી રહિત એ ભાવશક્તિ અને આ ક્રિયાશક્તિ સીધું ષટ્કારકનું નિર્મળ પરિણમન થાય એ ક્રિયાશક્તિ. સમજાય છે કાંઈ? આ બધા વ્યાખ્યાન થઈ ગયા છે. આહા..હા..! સમજાય છે કે નહિ?

એમ અહીંયા કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ જેવો છે એવો એક ભાવ નામનો

ત્રિકાળ સ્વભાવ છે. એવી ક્રિયાશક્તિ નામનો પણ એક ત્રિકાળ ભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ '**વિશ્વની (સમસ્ત પદાર્થોની)** ઉપર તરતો...' એ જ્ઞાનશક્તિનું પરિણમન જે ભાવરૂપ થાય, વિકારથી રહિત થાય એ નિર્મળ પરિણમન જે છે તેમાં સમસ્ત વિશ્વ જણાય છે. એમ હોવા છતાં વિશ્વરૂપ જ્ઞાનની પર્યાય થતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

જેમ કેવળજ્ઞાનની પર્યાય આખા લોકાલોકને જાણે એવી થાય છે પણ એ તો પોતાની પર્યાય અને પોતાના સામર્થ્યથી છે, લોકાલોક છે તો છે એમ નથી; અને લોકાલોકને પર્યાય જાણે છે છતાં જ્ઞાનની પર્યાય જ્ઞેયરૂપ નથી થઈ અને જ્ઞેય છે તે જ્ઞાનની પર્યાયરૂપ થયું નથી. આહા..હા..! આવો સ્વભાવ છે, ભાઈ! અરે..! એના સ્વભાવની શક્તિઓનું શું માહાત્મ્ય એની ખબર ન મળે, જ્ઞાન નહિ અને એને ધર્મ થઈ જાય, લ્યો. આહા..હા..! આ તો સહજનો ધંધો છે. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા'. આહા..હા...! શું આચાર્યએ વાત કરી છે!

'**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' વિશ્વ. વિશ્વ નામ સમસ્ત લોકાલોક. વિશ્વ નામ સમસ્ત. '**(સમસ્ત પદાર્થોની)** ઉપર તરતો...' આહા..હા..! લોકાલોકથી ઉપર નામ ભિન્ન રહેતો. લોકાલોકનું જ્ઞાન કરવા છતાં લોકાલોકથી ભિન્ન તરતો થકો, લોકાલોકથી ભિન્ન રહેતો થકો. આહા..હા..! સમજાય છે કાંઈ? '**(અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપે નહિ થતો),...**' આહા..હા..! '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...**' એ જ્ઞાનસ્વભાવ ભગવાન આત્માનો તો પ્રત્યક્ષ થાય છે. વેદનમાં જ્ઞાન, રાગ અને નિમિત્તના અવલંબન વિના, કષાયની મંદતાના અવલંબન વિના '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન...**' છે. આહા..હા..! આવી વાત. આવો માર્ગ છે, બાપુ! પ્રભુ! તું એ છો. આહા..હા...! વિરોધ કરવો ન પાલવે, પ્રભુ! તું શું કરે છે આ? માર્ગ આ છે, ભાઈ! તારી જાત જ આવી છે. આહા..હા..! એમાં હઠનું પણ ક્યાં કામ છે? એ તો સહજ વસ્તુ એવી છે. સમજાય છે કાંઈ?

કહે છે કે જ્ઞાનસ્વભાવ વિશ્વને જાણવા છતાં વિશ્વની ઉપર તરે છે. ઉપર તરે છે એનો અર્થ વિશ્વથી ભિન્ન રહે છે. વિશ્વને જાણવા છતાં વિશ્વથી ભિન્ન રહે છે. આહા..હા..! શ્રુતજ્ઞાનની પર્યાય પણ વિશ્વને જાણવા છતાં શ્રુતજ્ઞાનની પર્યાય વિશ્વથી ભિન્ન રહે છે. બીજી રીતે કહીએ તો જે રાગની મંદતા છે તેને જ્ઞાનસ્વભાવ જાણે છે, છતાં એ રાગથી જ્ઞાનસ્વભાવનું પરિણમન ભિન્ન રહે છે. આહા..હા..! આવી ચીજ છે. વસ્તુ જ એવી છે, એમાં શું થાય?

આ ૩૧ ગાથા. આહાહા..! '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...**' ભિન્ન રહે છે પણ પ્રત્યક્ષ પ્રકાશમય છે એ તો. આહા..હા..! પ્રત્યક્ષ જ્ઞાનની જ્યોત ઉદ્યોતપણાથી સદા અંતરંગમાં પ્રકાશમાન છે. આહા..હા..! શક્તિમાંથી વ્યક્તરૂપે પ્રકાશમાન રહે છે. આ જ્ઞાનસ્વભાવ પકડ્યો ઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? આ ધર્મની આવી ચીજ. આહા..હા..! પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી.

વિશ્વને જાણે છે એ પરની એક અપેક્ષા લીધી, પણ એ છે તો જાણે છે એમ નહિ. એક વાત. અને પ્રત્યક્ષ ઉદ્યોત છે. પોતાના અનુભવમાં પરની—મન કે રાગની સહાયતા નથી. આહા..! એવો જ્ઞાનસ્વભાવ પ્રત્યક્ષરૂપ ઉદ્યોતપણાથી—પ્રત્યરૂપ પ્રકાશપણાથી. પછી ઉદ્યોતની વ્યાખ્યા કરી કે સદા અંતરંગમાં પ્રકાશમાન છે. ઉદ્યોતપણાથી સદા અંતરંગમાં પ્રકાશમાન છે. વસ્તુ ત્રિકાળ છે એમ અનુભવ પર્યાયમાં સદા પ્રકાશમાન છે. આહા..હા..! આ સમજે નહિ. ઝીણું પડે એટલે બીજે (રસ્તે ચડી ગયા). આ તો નિશ્ચય છે, પણ સત્ય જ આવું છે. આહા..હા..! જેઠાભાઈ! ઊનું પાણી પીવું એ સહેલુંસટ હતું, લ્યો. આહા..હા..! સહેલું તો આ છે કે જે છે તેને પ્રાપ્ત કરવો છે. રાગ તો એમાં નથી એને પ્રાપ્ત કરવો એ સહેલું નથી. આહા..! કેટલા શબ્દ છેલ્લે આપ્યા છે! ગજબ છે! ટીકા તે ટીકા છેને!!

જ્ઞાનસ્વભાવને જેણે અનુભવ્યો-જાણ્યો એ જ્ઞાનસ્વભાવ કેવો છે? આહા..હા..! સમસ્ત પદાર્થોને. સમસ્ત નામ કોઈ બાકી નહિ. શ્રુતજ્ઞાનની પર્યાય પ્રત્યક્ષમાં પણ કોઈ વસ્તુ જાણવાની બાકી નથી, ફક્ત પરોક્ષ અને પ્રત્યક્ષનો ફેર છે. આહા..હા...! સમજાય છે કાંઈ? એ આવે છે, શ્લોક આવે છે. સ્યાદ્‌વાદ ને સર્વજ્ઞ.. પરોક્ષ અને પ્રત્યક્ષનો ફેર છે, બીજો કોઈ ફેર નથી. સદા અંતરંગમાં પ્રકાશમાન છે.

કેવો છે ભગવાન જ્ઞાનસ્વભાવ? અવિનશ્વર છે. આહા..! ત્રિકાળ નાશ ન થાય એવો જ્ઞાનસ્વભાવ છે. એનો અનુભવ કર્યો તો આ જ્ઞાનસ્વભાવ આવો છે એમ ખ્યાલ આવ્યો. સમજાય છે કાંઈ? આવો ઉપદેશ હવે. ઓલું કેટલું (સહેલું હતું), જાઓ! ... એ.. ઝવેરચંદભાઈ! આ બધા શેઠિયાઓ .. કરે અને થઈ ગયો ધર્મ. બાપુ! મારગડા જુદાં, પ્રભુ! તારી જાત જુદી છે, ભાઈ! સમજાય છે કાંઈ? આહા..! અવિનશ્વર ભગવાન ત્રિલોકનાથ આત્માનો જ્ઞાનસ્વભાવ, હોં! આહાહા..!

'**સ્વતઃસિદ્ધ...**' છે. આહા..હા...! જ્ઞાનસ્વભાવનો કોઈ કર્તા છે એમ નથી. એ સ્વયંસિદ્ધ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..! '**અને પરમાર્થસત્...**' અને ખરેખર પરમાર્થરૂપ '**એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' આહાહા..! આમ જણાયું છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જોયું શબ્દ વાપર્યો ઈ! ભગવાન જ્ઞાનસ્વભાવ. આહા..હા...! જેમ ભગવાન આત્મા એનો જ્ઞાનસ્વભાવ છે તો ભગવાન જ્ઞાનસ્વભાવ કહ્યું. એને અનુભવમાં લીધો એને આમ છે. નથી લીધો એને ખબર જ નથી શું વસ્તુ છે. સમજાય છે કાંઈ? આવો અવિનશ્વર પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી વિશ્વની ઉપર તરતો અર્થાત્ ભિન્ન રહેતો જ્ઞાન જ્ઞેયમાં નહિ જઈને જ્ઞેયને જ્ઞાન જાણે છે તો જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી. સમજાણું કાંઈ? આવો સ્વતઃસિદ્ધ પરમાર્થરૂપ આવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. રાગથી ભિન્ન થઈને પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવનું ભાન થયું એ અવિનશ્વર સ્વતઃસિદ્ધ ભગવાન એવો છે. આહાહા..! આવો છે એમ અનુભવ થયો તો આવો છે એમ ખ્યાલમાં આવ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ?

એનું નામ જિનપણું અને એનું નામ સમ્યગ્દર્શનપણું છે. અજૈનમાંથી જૈન થવું હોય તો આ ઉપાય છે. આહા..હા..!

લોકોને આ પરમાર્થ વસ્તુ આકરી લાગે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ એવો રાગ એ ધર્મ નથી. રાડ નાખે બિચારા. આમાં જરી ભાઈના-હુકમચંદજીના વખાણ કર્યા છે. એમ કે હુકમચંદજીનો ઉપદેશ બહુ ઓલો હતો, પણ એકાંત કરતાં. આહા..હા..! ભાઈ! એકાંત એટલે શું? 'જ્ઞાનસ્વભાવ પોતાથી પ્રાપ્ત થાય છે, રાગની મંદતાથી નહિ.' એને તું એકાંત કહે તો એકાંત જ છે. અને આવું એકાંત થાય છે ત્યારે જ રાગનું અનેકાંતમય જ્ઞાન થાય છે. સમ્યક્ એકાંત વિના અનેકાંતનું જ્ઞાન યથાર્થ થતું નથી. શું કહ્યું? ભગવાન જ્ઞાનસ્વભાવ ઉપર આવ્યા વિના, સમ્યક્ એકાંતમાં આવ્યા વિના પર્યાયનું, રાગનું અને નિમિત્તનું અનેકાંતપણાનું જ્ઞાન યથાર્થ નથી થતું. આહા..હા..! સમજાય છે કાંઈ?

શ્રીમદ્દે એમ લીધું છે. સમ્યક્ એકાંત એવા નિજપદની... અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. આહા..હા..! એ લીટી ઉપર એક કલાક વ્યાખ્યા વવાણિયામાં થયું હતું. લોકો એના પણ પક્ષકાર થઈ ગયા. ભક્તિ કરીએ અને ભક્તિથી થાશે. ધૂળેય નહિ થાય, સાંભળને! ભક્તિ કર ને લાખ. બેયનું સરખું માને પાછું. શ્વેતાંબર અને દિગંબર. બેનો કાંઈ મેળ નથી એને રખાય શી રીતે? શ્વેતાંબર કહે દિગંબરને નિહ્નવ, દિગંબર કહે શ્વેતાંબર ગૃહીત મિથ્યાત્વી. હવે બેને સરખા શી રીતે માનવા? નવનીતભાઈ! તેથી એ લોકો એમ કહે છે કે સોનગઢવાળા કાનજીસ્વામીએ નવું કાઢ્યું. ભાઈ! નવું નથી, બાપા! આ તો જે છે ઈ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે એમાં બે જોઈએ એ એક જ દિગંબરને માને છે. પણ કુંદકુંદાચાર્ય પોતે કહે છે, સ્વયં દર્શનપાહુડમાં અને બોધપાહુડમાં કહે છે. છેને? અષ્ટપાહુડ, બોધપાહુડ. લ્યો, બોધપાહુડ નીકળ્યું. ૧૬મી ગાથા. બોધપાહુડને? ૧૪મી, ૧૪મી.

दंसेइ मोक्खमग्गं सम्मत्तं संजमं सुधम्मं च।
णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।

ઈ દર્શનપાહુડમાં છે. દર્શનપાહુડની ૧૪મી ગાથા છેને?

दुविहं पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।
णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणे होदि।।१४।।

જૈનદર્શન એને કહે છે કે '**જ્યાં બાહ્યાભ્યંતર ભેદથી બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ હોય...**' મુનિપણું એ જૈનદર્શન લેવું છેને. '**અને મન-વચન-કાય એવા ત્રણે યોગોમાં સંયમ હોય તથા કૃત, કારિત, અનુમોદના એવા ત્રણે કરણ જેમાં શુદ્ધ હોય તેવું જ્ઞાન હોય તથા નિર્દોષ-જેમાં કૃત, કારિત, અનુમોદના પોતાને ન લાગે એવું-ઊભા રહી હાથ રૂપી પાત્રમાં આહાર કરે, આવું જ્યાં હોય તેને મૂર્તિમંદ દર્શન**

હોય છે.' આ જૈનદર્શન છે. સમજાય છે કાંઈ? મુનિપણાની મોક્ષમાર્ગ દશા લેવી છેને, આખી પૂર્ણ. આહા..હા..! જુઓને, '**બાહ્યાંભ્યતંર ભેદથી બન્ને પ્રકારના પરિગ્રહણનો ત્યાગ...**' જોયું! બાહ્યમાં વસ્ત્રાદિ આવી ગયા. એનો પણ ત્યાગ અને અભ્યંતરમાં રાગની એકતા ગ્રંથિનો ત્યાગ. નિર્ગંથ લેવા છેને. તો રાગની એકતાનો ત્યાગ એ અંદર ગ્રંથીનો ત્યાગ અને બાહ્ય વસ્ત્રનો ત્યાગ એ બાહ્યગ્રંથિનો ત્યાગ. આહા..હા..!

'**એવા ત્રણે યોગોમાં સંયમ હોય તથા કૃત, કારિત, અનુમોદના એવા ત્રણે કરણ જેમાં શુદ્ધ હોય તેવું જ્ઞાન...**' શુદ્ધ જ્ઞાન હોય. કૃત, કારિત, અનુમોદના કંઈ પણ અંદર... કહ્યુંને ભાઈએ? રત્નકરંડશ્રાવકાચાર. ન્યૂન, અધિક, વિપરીત. ઓછું નહિ, અધિક નહીં, વિપરીત નહિ એવું જેનું જ્ઞાન હોય એ અંદરમાં સમ્યક્. આહા..હા..! '**તથા નિર્દોષ-જેમાં કૃત, કારિત, અનુમોદના પોતાને ન લાગે એવું-ઊભા રહી...**' છે? '**उब्भसणे दंसणे**'. '**उद्धभोजने**' '**उद्धभोजने**'નો અર્થ ઊભા-ઊભા. આહા..હા..! છે? '**હાથરૂપી પાત્રમાં આહાર કરે, આવું જ્યાં તેને મૂર્તિમંત દર્શન હોય છે.**' આ જૈનદર્શન છે. છે? પરાકાષ્ટા છે! આહા..હા..! જૈનદર્શન આ છે. અને જેમાં બેઠા-બેઠા આહાર લેવો, પાત્રથી આહાર લેવો, એને માટે બનાવ્યો હોય એ લેવું એ જૈનદર્શન જ નથી. સમજાય છે કાંઈ? ભાઈ! ઝીણી વાત, બાપુ! આહા..હા..!

'**ભાવાર્થ :- અહીં દર્શન મત છે; ત્યાં બાહ્ય વેશ શુદ્ધ જણાય તે દર્શન; તે જ તેનો અંતરંગભાવ બતાવે છે. ત્યાં બાહ્યપરિગ્રહ અર્થાત્ ધનધાન્યાદિક અને અંતરંગપરિગ્રહ મિથ્યાત્વ-કષાયાદિ, તે જ્યાં ન હોય, યથાજાત દિગંબરમૂર્તિ હોય, તથા ઈંદ્રિયમનને વશમાં રાખતા હોય, ત્રસ, સ્થાવર જીવોની દયા પાળતાં હોય, એવા સંયમનું મન-વચન-કાય દ્વારા શુદ્ધ પાલન કરતાં હોય, અને જ્ઞાનમાં વિકાર કરવો, કરાવવો, અનુમોદના કરવી એવા ત્રણ કારણોથી વિકાર ન હોય અને નિર્દોષ હાથરૂપી પાત્રમાં ઊભા રહી આહાર લેતા હોય આ પ્રકારે દર્શનની મૂર્તિ હોય તે જિનદેવનો મત છે.**' આહા..! સમજાય છે કાંઈ? એનાથી વિરુદ્ધ તે જૈનદર્શન નથી, જૈનમત જ નથી. આહા..હા..! કેટલી વાત કહે છે, જુઓને! આચાર્યોએ તો સ્પષ્ટ કરી નાખ્યું છે. ઈ હિસાબે શ્વેતાંબર જૈનમત જ નથી. જરી આકરું લાગે, બાપા! શું થાય? સ્થાનકવાસી અને શ્વેતાંબર બેય જૈનદર્શન જ નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. આકરું લાગે માણસને, શું થાય? માર્ગ આવો છે. એને ગોપવે શી રીતે?

અહીંયા કહે છે, એવો ભગવાન જ્ઞાનસ્વભાવ, જેની પર્યાયમાં રાગથી ભિન્ન થઈને અનુભવ થયો. જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ છે, પરથી ભિન્ન છે, સ્વવેદનમાં આવવાવાળો છે, એવો જ્ઞાનસ્વભાવ છે. અનુભવ કર્યો એને આવો જ્ઞાનસ્વભાવ જણાયો, એનું નામ જૈનદર્શન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? મુનિપણાની વાત સાથે લીધી છેને. '**આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો**

**આ થઈ.'** નિશ્ચયસ્તુતિ કહ્યું, જોયું! આહા..હા...! ભગવાન પૂર્ણ જ્ઞાનસ્વભાવ પરથી અધિક-ભિન્ન થઈ સ્વભાવમાં લીન થવું એ જ સ્વભાવની સ્તુતિ, એ જ નિશ્ચયસ્તુતિ, એ કેવળીના ગુણની સ્તુતિ એ જ આત્માના ગુણની સ્તુતિ. આહા..હા..! એ.. મિત્રસેનજી! બરાબર છે? આહા..હા..! જરી કૌંસમાં ખુલાસો કર્યો છે.

'**(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો,...**' આ શરીરપરિણામપ્રાપ્ત. '**(ભાવેન્દ્રિયો...**' ખંડ-ખંડ જ્ઞાન. આહા..હા..! '**(તથા ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો...**' બધા. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દુકાન, ધંધો, દેવ-ગુરુ-શાસ્ત્ર, એની વાણી, સમવસરણ એ બધા ઈન્દ્રિયના વિષય છે. આહાહા..! આવી વાત! અરે..! એને સાંભળવા મળે નહિ એ બિચારા શું કરે? ક્યાં જાય? આહા..હા..! ભગવાનનો માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..! '**(અને જ્ઞાયક પોતે આત્મા...**' આહા..હા..! ત્રણે જ્ઞેય લીધાને? દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઈન્દ્રિયોના વિષય એ જ્ઞેય. એ ત્રણ જ્ઞેય. '**(અને જ્ઞાયક પોતે આત્મા...**' જાણનાર પોતે ભગવાન. '**(એ બન્નેનું અનુભવન, વિષયોની આસક્તતાથી, એક જેવું થતું હતું;...**' નિમિત્તની રુચિથી એક જેવો અનુભવ થતો હતો. જ્યારે '**(ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે...**' ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું '**(ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો...**' જ્ઞેય અને જ્ઞાયક બેય એક છે એવી માન્યતા દૂર થઈ. આહા..હા..! હું એકલો જ્ઞાયક છું, મારે જ્ઞેયની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ઈ એક સ્તુતિ થઈ. ૩૨મી ગાથા.

'**હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :-**' શું કહે છે હવે? આમ તો થયું. હવે આગળ ઉપશમમાં જાય છે. કર્મનો ઉદય આવે છે એ ભાવક અને ભાવકને અનુસરીને વિકાર થવો એ ભાવ્ય. એ બેની એકતા છે ત્યાં સુધી એટલો અસ્થિરતાનો દોષ છે. એકતા નામ કર્મનો જે ઉદય છે તેને અનુસારે. સમકિતી તો છે, જ્ઞાની છે, પણ પર્યાયમાં નિમિત્તને અનુસરી જે વિકારની પરિણતિ હતી, તેને દૂર કરી. કર્મનો ઉદય હોય તો તેને અનુસરીને પરિણતિ થતી હતી તેનાથી દૂર ખસી સ્વભાવમાં જોડી દીધી. છે તો સમકિતી, પણ એને પણ હજી ભાવ્યભાવક-સંકરદોષ હતો. મિથ્યાત્વ નહિ, પણ ચારિત્રનો દોષ જેવો ઉદય આવ્યો તેને અનુસાર, તેનાથી નહિ, પણ તેને અનુસાર પોતાની જે પરિણતી હતી તેને ખસેડી દીધી. દૂરથી ખસેડી દીધી. તે તરફનું જોડાણ છૂટી ગયું. એ ભાવ્યભાવક-સંકરદોષને દૂર કરવાની સ્તુતિ છે. આહા..હા..! શાંતિથી સાંભળો! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? એ ખુલાસો આવશે.

जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं जिदमोहं साहुं परमट्ठवियाणया वेंति।।३२।।

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

ગાથાર્થ લ્યો પહેલાં. ગાથાર્થ લ્યોને. આપણે અહીં તો ૧૮મી વાર ચાલે છેને.

'**ગાથાર્થ :- જે મુનિ મોહને જીતીને પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક...**' મિથ્યાત્વ જીત્યું છે. એ તો કહ્યું જીતીને. હવે '**પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક...**' ઉદય આવે છે તેમાં જોડાણ નહિ કરીને પોતાના સ્વભાવમાં અધિકપણે રહે છે. આહા..હા..! કેવી વાત! આહા..હા..! '**જાણે છે તે મુનિને...**' રાગની એકતા તૂટી ગઈ, સ્વભાવની એકતા થઈ એ સંકરદોષ-સંયોગદોષ-સંબંધદોષ ગયો; પણ હજી અસ્થિરતામાં જેવો કર્મનો ઉદય છે તે તરફના ઝુકાવથી જે વિકાર થતો હતો એ ભાવ્ય છે અને ઉદય છે તે ભાવક છે. કારણ કે ખરેખર આત્મા વિકારને કરનારો છે જ નહિ એટલે એને ભાવક કહીને વિકાર કરનારો થયો તો બેનો સંબંધ છે એ ભાવ્યભાવક દોષ છે. તેને જેણે ખસેડી દીધો. આહા..હા..! પોતાના સ્વભાવમાં અધિકપણે આશ્રય લઈને ઉદયને અનુસાર જે ભાવ્ય થતો હતો તેને થવા દીધો નહિ તેને ભાવ્યભાવક સંકરદોષ છૂટી ગયો. આહા..હા..! ક્યાં ગયા તમારા ત્રીજા? કૈલાસ. સમજાય છે કાંઈ? જુઓ!

'**પરમાર્થના જાણનારાઓ જીતમોહ કહે છે.**' તેને જીતમોહ કહે છે. ઉપશમધારા લીધી છે. કર્મનો ઉદય છે, એકતાબુદ્ધિ છૂટી ગઈ છે, પણ જે અસ્થિર બુદ્ધિ છે કર્મના નિમિત્તમાં જોડાઈને, કેમકે જ્ઞાનીને પણ રાગનું પરિણમન છે એ પરિણમનનો કર્તા આત્મા છે. ભાવ્ય થવાલાયક આત્મા છે, સમ્યગ્દૃષ્ટિનો પણ. આહા..હા..! કર્મનો ઉદય.. હવે ચારિત્રમોહની વાત છે. એને અનુસાર ભાવ્ય થવાની લાયકાત સમકિતીની પણ છે. કર્તા રંગારા કહે છે ને? આગળ આવે છેને? રંગરેજ જેમ રંગને કરે છે, એમ ધર્માત્મા જ્ઞાની રાગરૂપ પરિણમે છે તેનો કર્તા આત્મા છે. કર્મ કર્તા છે અને કર્મથી થાય છે એમ નહિ. સમજાય છે કાંઈ? કેટલી વાત! આહા..હા..!

એમ જેણે પોતાની પર્યાયને જ્ઞાયક તરફ ઢાળીને, નિમિત્તના આશ્રયે જે વશ થતો હતો એ વિકારી ભાવ્ય અને કર્મનો ઉદય વિકાર, એવો બે નિમિત્ત સંબંધ હતો તેને છોડી દીધો. દૂરથી છોડી દીધો. એટલે પહેલાં રાગ કર્યો અને પછી રાગ છોડ્યો એમ નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભગવાન! આહા..હા..! ઈ કહે છે, જુઓ!

'**ટીકા :- મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે...**' એ તો કર્મના ઉદયની વાત પહેલાં કરી. આહા..હા..! મોહકર્મ જડ. '**ફળ દેવાના સામર્થ્ય વડે...**' અનુભાગ. '**પ્રગટ ઉદયરૂપ થઈને...**' સત્તામાં પડ્યા એ નહિ, હવે ઉદયરૂપની વાત કરે છે. '**ભાવકપણે પ્રગટ થાય છે...**' વિકારી થવાલાયક જીવને એ ભાવક કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..! '**તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' ઉદય તો જડમાં આવ્યો, પણ અહીંયાં જ્યાં સુધી અસ્થિરતા થાય છે, એ ઉદય અનુસારે ત્યાં જે ભાવ્ય-વિકાર થાય છે ત્યારે ભાવ્ય અને ભાવક બેય એક થઈ ગયા. એક

નામ સંબંધ. એ સંબંધને અહીંયા છોડી દીધો. આહા..! એક શબ્દ ફરે તો ન્યાય ફરી જાય .. એવી છે. શું કહે છે જુઓ.

ઉદય આવ્યો. સમકિતીને ચારિત્રમોહનો ઉદય છેને. હવે કહે છે કે એ ભાવકપણે જડમાં પ્રગટ થાય છે. **'તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...'** તદ્ અનુસાર. તેને કારણે નહિ. તદ્ અનુસાર-ઉદયને અનુસાર કરે છે. **'જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા...'** ભાવ્ય. આહા..હા..! સાધારણ કોર્ટમાં જાય તોપણ એને કેટલી સભ્યતા રાખવી પડે છે. મગજને કેળવવું પડે છે. આ તો ભગવાનની કોર્ટ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? છે સમકિતી, સમ્યગ્દર્શન થયું છે, જિતેન્દ્રિયજિન થયો છે, પણ હજી ભાવ્યભાવક બાકી છે. ભાવ્યભાવક જે થાય છે તેટલો હજી અજિતેન્દ્રિય છે, ઉપશમ તરીકે, હોં! આહા..હા..!

ફરીને. આપણે અહીં કાંઈ પુનરુક્તિ દોષ નથી લાગતો. મોહકર્મ સિદ્ધ કર્યો. મોહકર્મ છે. એક વાત. ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થયો. સત્તામાંથી જડકર્મ પ્રગટ થયું. એ ભાવપણે પ્રગટ થયું. અહીંયા વિકારી થાય એને નિમિત્ત થાય એમ પ્રગટ થયું છે. **'તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...'** જ્ઞાનીના આત્માની પર્યાયમાં પણ ઉદય અનુસાર પરિણતિ થાય છે, એવો જે આત્મા ભાવ્ય. **'તેને ભેદજ્ઞાનના બળ વડે...'** એટલે તદ્ અનુસાર નહિ થઈને, જ્ઞાયકભાવ અનુસાર સ્થિરતા કરે છે. **'દૂરથી જ પાછો વાળવાથી...'** એનો અર્થ શું? કે ઉદય આવ્યો તેને અનુસારે પ્રવૃત્તિ કરી પછી પ્રવૃત્તિથી પાછો વળે છે એમ નહિ. કર્મનો ઉદય આવ્યો અને પોતાના આત્માની પર્યાયમાં વિકાર થવાની ભાવ્યતા છે. પણ કહે છે કે એ ભાવ્યતા થઈ ગઈ પછી પાછો વળે છે એમ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! **'ભેદજ્ઞાનના બળ વડે...'** પ્રથમથી જ. ઉદયમાં આવ્યું છે તે તરફ જે ભાવ્ય વિકાર થવાનો હતો તે થયો જ નહિ. તેનાથી દૂરથી જ પાછો વળીને.

**શ્રોતા :-** જોડાયો જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જોડાયો નહિ. ઉદય તો ઉદય જડમાં છે, એ તો જડમાં છે, એમાં આત્માને શું? ઉદય જડમાં છે. પોતાનું જે તેના તરફનું વલણ હતું તે છોડી દીધું.

**શ્રોતા :-** એ એમ કહે છે કે ઉદય એને ઉત્પન્ન કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં કામ નથી. ના, ના. અહીંયા તો કર્મનો ઉદય ઉદયરૂપે આવ્યો. સમકિતીને, ક્ષાયિક સમકિતીને. આહા..હા..! અરે..! મુનિને પર્યાયમાં નબળાઈથી ઉદય જે ભાવક છે તેને અનુસારે ભાવ્ય થવાની સમકિતીની પર્યાયમાં લાયકાત છે. ઉદય આવ્યો માટે નહિ, ઉદય આવ્યો તેને અનુસાર ભાવ્ય થવાની લાયકાત જીવમાં છે. તેનાથી દૂરથી પાછો વળીને. જુઓ! આહા..હા..!

**'ભેદજ્ઞાનના બળ વડે...'** અર્થાત્ જ્ઞાયકભાવ તરફ ઝુકવાથી. **'દૂરથી જ પાછો વાળવાથી...'** એટલે ઉદય તરફની દશા જ ઉત્પન્ન ન થવા દીધી. આહા..હા..!

**શ્રોતા :-** ઉદય ઉદયમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉદય ઉદયમાં રહ્યો. અહીં જે પોતાની પર્યાયમાં જે પર અનુસાર થતો હતો તે ન થયો. અહીં સ્વભાવ તરફ વિશેષ ઝુક્યો માટે. તે ઉપશમ શ્રેણિમાં, પણ આપણે અત્યારે ઉપશમ શ્રેણિ નથી લેવી. આટલું લેવું છે. મોહને જીત્યો છે એટલું આપણે લેવું છે. આહા..હા..! એ શ્રુતકેવળીઓ કે કેવળીઓ એના સ્વરૂપના કથન કરતાં હશે, કેવા! આહા..હા..!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે, રાગ છેને. ઈ કહે છે કે ઉદય આવ્યો તેની અંતર પ્રવૃત્તિના પરિણામ છે, પણ હવે દૂરથી પાછો વળી જાય છે, થવા નથી દેતો. આહા..હા..! અહીં વિશેષ જોડાયો એટલે પર સાથેનું જોડાણ છૂટી ગયું. સમજાય છે કાંઈ? આ તો સ્વતંત્રતાનો ઢંઢેરો છે. આહા..હા..! ભાષા કેટલી લીધી છે! પેલા એમ કહે છે, ઉદય આવ્યો તે પ્રમાણે વિકાર કરવો પડે. એ પ્રશ્ન અહીંયા છે જ નહિ. આહા..હા..! ઉદય તો જડની પર્યાય છે અને આત્માની પર્યાય અને જડની પર્યાય વચ્ચે તો અત્યંત અભાવ છે. આહા..હા..! પણ જ્યાં સુધી પોતાની પર્યાય નિમિત્તના આશ્રયે-લક્ષે જે ભાવ્ય થતો હતો એ ભાવ્ય અને ભાવક સંકરદોષ હતો. એ ભાવ્યભાવક પોતાના સ્વભાવ તરફ ઝુકવાથી, ઉદય તરફ નહિ જોડાઈને દૂરથી પાછો વળી ગયો. એટલે કે ઉદય અનુસાર થયો અને પછી પાછો વળ્યો એમ નહિ.

**શ્રોતા :-** થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ થઈ ગયા પછી શું? આ તો થયો જ નહિ. સમજાય છે કાંઈ? કેટલાક એમ કહે છે, રાગનો ઉદય આવે તો રાગ થાય જ, પછી રાગનો નિષેધ કરવો, પણ એમ છે જ નહિ. રાગનો અભાવ પછી નહિ પણ સાથે થાય છે. જ્યારે ઉદય આવ્યો અને તે અનુસારે ન થયો તો ત્યાં સાથે જ રાગ ન થયો. રાગ આત્મામાં થયો જ નહિ. થયા પછી અંદર વળે એમાં શું થયું? થયા પછી શું? આહા..હા..! એક ન્યાય ફરે તો બધા ન્યાય ફરી જાય છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે.. ટીકા તો જુઓ! ઓહો..હો..! સત્યના ઢંઢેરા પીટ્યા છે. ભગવાન આત્મા..! એક-એક લીટીમાં કેટલા સંતોએ ભાવ ભર્યા છે!! આહા..હા..! અરે..! પ્રભુ! તું અભ્યાસ તો કર. આહા..હા..! '**મોહકર્મ...**' એ સત્તામાં. '**ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને...**' એ ઉદયમાં. અને તેને ભાવક કહ્યું. કેમકે નિમિત્ત છે તેને કર્તા કહેવામાં આવે છે. '**ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે...**' ઉદયને અનુસારે આત્માની પરિણતિ ભાવ્યરૂપ થવાની છે યોગ્યતા. '**જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા-ભાવ્ય,...**' આહા..હા..! '**તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી...**'

આહા..હા..! તે તરફનું લક્ષ જ છૂટી ગયું. પોતાના સ્વભાવ ઉપર લક્ષ કરવાથી જે ઉદયનો ભાવ હતો, તેના તરફનું જોડાવું છૂટી ગયું. આહા..! આ તો મહામુનિઓની ટીકા! આહા..હા..! આવી ટીકા ભરતક્ષેત્રમાં ક્યાંય નથી. શ્વેતાંબરમાં તો વસ્તુ જ નથી. આ તો દિગંબરમાં આના જેવી ટીકા બીજી નથી. મહામુનિઓ ઓહો..! વીતરાગી સંતો આનંદમાં ઝુલતાં-ઝુલતાં વિકલ્પ આવ્યો, શબ્દોથી રચના થઈ ગઈ, શબ્દોની રચના થઈ ગઈ, કરી નથી. આહા..હા..! તે સમયે પણ શબ્દોની પર્યાય થવાની હતી તો થઈ ગઈ. ટીકાની પર્યાયનો જન્મક્ષણ ઈ હતો. આહા..હા..! વિકલ્પ આવ્યો તો ટીકા થઈ છે એમ નથી. ટીકાના શબ્દોની એવી પરિણતિ થવાની હતી. એમાં વિકલ્પ આવ્યો તેને નિમિત્ત કહેવામાં આવ્યો છે. આહા..હા..! બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે, હોં! ભાષા એવી કંઈ આકરી નથી.

**શ્રોતા :-** .. બહુ ધ્યાન રાખવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ ધ્યાન રાખવું પડે. ક્યાં શબ્દ ફેર પડે છે.. વિશેષ કહેશે, લ્યો. વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## મહા સુદ-૧૧, બુધવાર, તા. ૧૧-૦૨-૧૯૭૬, ગાથા-૩૨, પ્રવચન નં. ૭૩

ગાથા ફરીને. આ ૩૧, ૩૨ અને ૩૩ એ કેવળીના ગુણોની સ્તુતિ છે. શિષ્યનો પ્રશ્ન હતો કે જ્યારે શરીરના વર્ણનથી આત્માનું વર્ણન ન હોય અને આત્માની સ્તુતિ ન હોય તો આત્માની નિશ્ચયસ્તુતિ કોને કહેવી? આત્માની નહિ પણ કેવળીની. ત્યારે એના ઉત્તરમાં આ આત્મા આવ્યો કે આ આત્મા ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એના વિષયો ત્રણેના લક્ષને છોડી અને જ્ઞાનાનંદ સ્વભાવ અધિક પૂરો, પરથી ભિન્ન એનો અનુભવ કરે એ એક નિશ્ચય કેવળીની સ્તુતિ કહેવાય છે. પોતાની સ્તુતિ એ નિશ્ચય કેવળીની સ્તુતિ. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી આ સ્તુતિ. છોટાભાઈ! છોટાભાઈનો પ્રશ્ન હતો. એમ કે આ ઉદય છે અને એને ઉપશમભાવ લેવું છે? એમાં ન્યાય આવી ગયો ઈ.

આ બીજી સ્તુતિ શું છે? કે છે સમ્યગ્દૃષ્ટિ, છે આત્માનો અનુભવ, આનંદનો અનુભવ, પણ હજી પર્યાયમાં કર્મના ઉદય તરફના વલણવાળી દશા છે. કર્મ વલણ કરાવતું નથી. એ

વલણવાળી દશા છે એને અહીંયાં ભાવ્યભાવક સંકરદોષ કહે છે. એટલે? કે ભાવક જે મોહકર્મ એને અનુસરીને પર્યાયમાં વિકાર થવાની ભાવ્યતા હતી. એ ભાવક અને આ ભાવ્ય. એ એકપણું નહિ, પણ એકપણાની વૃત્તિ જે થતી નિમિત્તના વલણમાં એને અહીંયાં ભાવ્યભાવકને સંકરદોષ કીધો છે. એને જે જીતે એ ભાવ્યભાવકના સંકરદોષથી રહિત છે. એ છે સ્તુતિ પોતાની અંદર. નિમિત્તના લક્ષે ન વળતાં સ્વભાવને લક્ષે વળીને જે ભાવ્ય જે નિમિત્તને આધીન થતો વિકાર એ થયો નહિ એટલી અહીં નિર્મળ સ્તુતિ થઈ. એટલી બીજા નંબરની સ્તુતિ થઈ. પહેલાં નંબરની તો છે જ એને. સમજાણું કાંઈ? આહા..હા..!

ટીકા ફરીને લઈએ છીએ. 'ટીકા :- **મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને...**' મોહકર્મ. એ તો સત્તામાં રહ્યું તે. હવે ફળ દેવાના સામર્થ્ય વડે ઉદયમાં આવ્યું. આહા..હા..! '**ફળ દેવાના...**' એટલે અનુભાગ એના '**ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ...**' કર્મના અસ્તિત્વમાં કર્મનો ઉદય વિપાક થયો. કર્મમાં હોં! '**ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે...**' કર્મનો ઉદય ભાવકપણે એટલે કર્મને અનુસરીને ભાવ્ય જે વિકાર કરે તેને આ ભાવકપણે પ્રગટ થાય છે.

**શ્રોતા** :- વિકાર કરે તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરે તો. અહીં તો જીતવું છેને? એટલે જીતવા પહેલાં ભાવ્ય થાય છે એને. ત્યાં સુધી બીજી સ્તુતિ નથી. સમજાણું કાંઈ? ભાઈ! આહા..હા..! કેવી શૈલી છે! આ જૈનપ્રકાશમાં.. પંડિતજી! એ જૈનપ્રકાશ છેને સ્થાનકવાસીનું, એમાં અમરમુનિ છે આગ્રાવાળા, સ્થાનકવાસી. એણે લેખ લખ્યો છે. આબેહુબ સમયસાર. શુભભાવ તે પુણ્ય છે, પુણ્ય તે બંધન છે, બંધન તે સંસાર છે. અહીંની શૈલી. અહીંનું વાચ્યું છેને. અહીંનું સાહિત્ય વાંચે છે બધા. એ વાંચે છે.

**શ્રોતા** :- અનુકૂળ લખ્યું છે થોડું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા અનુકૂળ. શુદ્ધભાવ.. સંતોએ શોધન કર્યું છે અંદરમાં કે જે શુદ્ધભાવ છે તે સંવર છે, એ નિર્જરા છે, એ ધર્મ છે અને એ મોક્ષનું કારણ છે. આખો લેખ આવ્યો છે.

**શ્રોતા** :- અમને આવડે છે એમ. એકલા સોનગઢવાળાને જ આવડે છે અને અમને નથી આવડતું એમ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત એ. એવું હવે સાહિત્ય બહાર પડી ગયું. લોકો બોલવા ઘણા મંડ્યા હવે. આહા..હા..!

એક બાજુ એમ કહે કે ભગવાનને જે વસ્ત્ર ઇન્દ્રે આપ્યું હતું.. એ લોકોમાં આવે છે શ્વેતાંબરમાં. દીક્ષા લીધી ભગવાને ત્યારે ઇન્દ્રએ એક વસ્ત્ર આપ્યું. ખભા ઉપર રાખીને. એમાં મૂળસૂત્રમાં એમ આવે છે કે બાર મહિના એ વસ્ત્ર પડ્યું રહ્યું. ઇન્દ્રોએ આપ્યું હતું. એ છે

કલ્પિત બધું. વસ્ત્ર કોણ આપે? પણ એના આચારંગમાં પાઠ છે આવો. ભગવતીમાં પાઠ છે કે ભગવાને જ્યારે દીક્ષા લીધી ત્યારે ઈન્દ્રએ આવીને એક વસ્ત્ર આપ્યું. કેમ? કે સાધુને વસ્ત્રનો માર્ગ પ્રવર્તવા માટે. ઈ છે.

પછી એક વાત બીજી છે હવે કે કલ્પસૂત્રમાં એમ આવે છે કે ભગવાનના મામાનો મિત્ર બ્રાહ્મણ હતો એ ભગવાન પાસે આવ્યો. પ્રભુ! આપે દાન તો બધાને આપ્યા. આવે છે એ લોકોમાં. બાર દાન આપે છે. વર્ષીદાન આપે છે. બાર મહિના તીર્થંકર સાધુ થવા પહેલાં વર્ષીદાન આપે. એ બધી ખોટી કલ્પના છે, પણ એમાં આવે છે. દરરોજ સાડા ત્રણ કરોડ સોનામહોર આપે, તીર્થંકર સાધુ થયા પહેલાં વહેંચે. ઈ ઓલો રહી ગયો બ્રાહ્મણ એના મામાનો મિત્ર. પ્રભુ! હું રહી ગયો. મને કાંઈ આપો. પછી ઓલું વસ્ત્ર હતુંને ઈન્દ્રએ આપેલું એમાંથી અડધું ફાડીને ભગવાને આપ્યું એને. એના કર્યા હતા વખાણ અમરચંદજીએ. કરુણા તો જુઓ ભગવાનની! એય..! આવી વાત માણસને ન્યાયમાં અંદર બેસે નહિ ને એમાં ઘસરપચડ કરે. શું થાય? આહા..હા..!

**શ્રોતા :-** પોતાની વાતની સ્થાપના માટે આ વાત પણ કહી દીધી અને પેલી વાત પણ કહી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કરી. આહા..હા..! આ વાત તો એવી લખી છે ચોખ્ખી. સ્થાનકવાસીમાં એ વાત છે નહિ. આ તો અહીંનું વાંચીને અને દિગંબરનું વાંચીને ચોખ્ખી વાત છે ત્યાં. અમારા ગુરુએ કીધુંને.

હીરાજી મહારાજ તો કોણ હતા એ તો તમે સાંભળતા નહોતા. બહુ ગંભીર માણસ હતા. આમાં તો કોણે જોયા હશે? આમાં તો કોઈએ જોયા નથી. તમે જોયા હતાને? હીરાજી મહારાજને નહોતા જોયા? ઓલા ૭૧.

હા, ૭૧માં જોયા હતા. ૭૧ની સાલ. ઠાકરશીભાઈ વિનંતી કરવા આવ્યા હતા. હા એ સાચી વાત છે. તેદી એમનો કંઠ રહી ગયો હતો તો હું બેસતો હતો જોડે. બહુ શાંત હતા. ગંભીર... ગંભીર. સાધારણ દેરાવાસી સાધુને તો શંકા પડી જાય કે આવા સાધુ પાક્યા સ્થાનકવાસીમાં! એવો શાંત માણસ. નિર્દોષ આહાર-પાણી લે. વસ્ત્ર લેવા જાય તો કાંઈક એક દાણો કચરાયો તો વસ્ત્ર ન લે. પાણીનો એક બિંદુ પણ એને માટે કરેલો હોય તો ન લે. એવી (ક્રિયા), પણ આ વસ્તુ નહોતી. પરની દયા પાળવી એ અહિંસા અને એ જૈનસિદ્ધાંતનો સાર. હવે તો આ (વાત) બહાર આવી એટલે લોકો વાતું કરવા મંડ્યા છે હવે. એનામાં ક્યાં છે આ વાત. આમાં તો ચોખ્ખું લખ્યું છે આણે તો અમરચંદજીએ. જૈનપ્રકાશમાં આવ્યું છે કે જેટલો શુભભાવ એ બધો પુણ્ય છે, એ બંધન છે, એ સંસાર છે અને સંતોએ શુદ્ધતા શોધી છે. એ શુદ્ધતાનો ભાવ તે સંવર છે, તે નિર્જરા છે, તે ધર્મ છે, તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? જૈનપ્રકાશમાં આવ્યું છે. લોકોને ક્યાં પરીક્ષા કરવાની તાકાત ન

મળે અને આંધળે આંધળા એમ ને એમ જ્યાં પડ્યા એમ ને એમ માને. અહીં વસ્તુ... હવે અહીં જે આપણે કહીએ છીએ એની ટીકા પંડિતો કરે, વર્ધમાન શાસ્ત્રી. અને આ એના જૈનપ્રકાશમાં આવ્યું છે અહીંની શૈલીનું સમયસારનું છે. આહા..હા..! ભગવાન આ વાત તો એવી છે, બાપુ! આહા..હા..!

જેણે '**जिणित्ता इंदियं**' અણીન્દ્રિય એવો ભગવાન આત્મા એને રાગ અને નિમિત્તથી ભિન્ન પડીને એક સમયની પર્યાયથી પણ જુદો, પૂરો, ભિન્ન પડીને... આહા..હા..! એને અનુભવે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન દ્વારા આનંદને અનુભવે. આહા..હા..! એને જિતેન્દ્રિય, જિન-ઈન્દ્રો, જિન-ગણધરો એને જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! એ (વાત) પહેલી ગાથામાં ગઈ. હવે એ જ .. સ્તુતિ. આત્માની ગુણની શુદ્ધિ વધે એ એની સ્તુતિ.

ત્યારે બીજે નંબરે આ આવ્યું. છે સમ્યગ્દષ્ટિ, અનુભવી, આનંદનો વેદક છે, પણ હજી કર્મનો ઉદય આવે છે એને અનુસરીને. એ કર્મનો ઉદય આવે માટે અનુસરે છે એમ નહિ, પણ ઉદય છે તેને અનુસરીને ભાવ્ય નામ વિકારીદશા થવાની લાયકાત સમકિતીની અને મુનિની પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એને જીતવું કેમ એ વાત અહીં ચાલે છે. એને ભાવ્યભાવકનો જે સંબંધ હતો. વિકારી પર્યાય નિમિત્તને અનુસરીને જે થાય એવો ભાવ્ય અને ભાવકનો સંકરદોષ હતો, સંબંધદોષ હતો, સંયોગદોષ હતો એ હવે જીતે છે, એને અહીંયાં બીજી સ્તુતિ-આત્માના ગુણની શુદ્ધિની વૃદ્ધિ એને બીજી સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે, ભાઈ! જુઓ હવે.

કાલે ચાલ્યું છે આપણે, (આ તો) વધારે સ્પષ્ટ થાય. આ તો ગજબની ટીકા છે! આચાર્યની ટીકાઓ દિગંબર સંતોની, અમૃત ભર્યા છે એકલા. આહા..હા..! એકલા ન્યાય ભર્યા છે. '**મોહકર્મ...**' એક વાત. અસ્તિ સિદ્ધ કરી કે એક મોહકર્મ છે. '**ફળ દેવાના સામર્થ્ય વડે...**' પાકમાં આવ્યું એ. સત્તામાંથી પાકમાં-ઉદયમાં આવ્યું. '**ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ...**' પહેલી સત્તા હતી એને પ્રગટ ઉદયરૂપ થઈને '**ભાવકપણે પ્રગટ થાય છે...**' એટલે કે જે જીવ એને અનુસરીને ભાવ્ય-વિકાર કરે તેને એ ભાવકપણે પ્રગટ કહેવામાં આવે છે. આહા..હા..!

'**તોપણ તેને અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' સમ્યક્ છે, મુનિ છે, છતાં હજી કર્મના ઉદય તરફના વલણનો પર્યાયનો પોતાનો ધર્મ છે એ. પર્યાયનો એ ધર્મ છે ઈશ્વરનય. ઈશ્વર અને અનિશ્વરનય છે બે. ૪૭ નયમાં. એટલે એને પર્યાયમાં હજી સમ્યગ્દર્શન અને મુનિપણું હોવા છતાં નિમિત્તના લક્ષે એટલે એને આશ્રયે ભાવ્ય થાય એવી પર્યાય મુનિ-સમકિતીને પણ છે. તો એ કહે છે કે તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે. એટલે એ સ્થાપ્યું હજી. ભાવકને અનુસરીને ભાવ્ય થવાની પર્યાયની લાયકાત છે એનામાં. આહા..હા..! એવો જે પોતાનો આત્મા '**ભાવ્ય,...**' જોયું!

**'તેને ભેદજ્ઞાનના બળ વડે...'** આહા..હા..! એને કર્મના ઉદયને અનુસરતી ભાવ્ય થવાની લાયકાત હોવાથી તે ભાવ્યભાવકનો સંબંધ અને દોષ કહેવામાં આવે છે. એ હવે જીતે છે એને. શી રીતે? કે ઉદય તરફના વલણની વૃત્તિ જે છે એને ભેદજ્ઞાનના બળ વડે. પરથી ભિન્ન હું જ્ઞાયક છું એવી સ્થિરતા એને વધી. વિકારી ભાવ્ય જે થતું એ થવા ન દીધું. આહા..હા..! છે? **'ભેદજ્ઞાનના બળ વડે...'** એટલે જે અસ્થિરતા ભાવ્ય, મોહકર્મ ભાવક એને અનુસારે થવાની ભાવ્યદશા હતી, એને ભેદજ્ઞાનના બળ વડે... કેટલાક એમ કહે છેને કે કર્મનું મંદપણું આવે તો અહીં શુભભાવ થાય, તીવ્ર ઉદય આવે તો અશુભ થાય, એમ નથી. પોતે એના અનુસારે કરે તો ભાવ થાય, અનુસાર ન કરે તો ભાવ ન થાય.

**'તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી...'** ભાષા દેખો! એટલે કે ભાવકકર્મને અનુસરીને ભાવ્ય થયું અને પછી એને થવા ન દીધું એમ નહિ. કેટલાક એમ કહે છે કે કર્મનો ઉદય હોયને એને અનુસારે ભાવ થાય જ, પણ થયા પછી બીજે ક્ષણે એને છોડવા લાયક છે એમ જાણે, એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભગવાન સર્વજ્ઞની સ્તુતિ એટલે સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માની સ્તુતિ. આહા..હા..!

**'ભેદજ્ઞાનના બળ વડે...'** એટલે? તે તરફનું જે લક્ષ હતું એને છોડી દીધું. **'દૂરથી જ પાછો વાળવાથી..'** એટલે? કે નિમિત્તના વલણવાળી દશા થઈ અને પછી પાછો વળ્યો એમ નહિ. નિમિત્તના વલણમાં ગયો નહિ એ દૂરથી પાછો વળ્યો. આહા..હા..! જુઓ તો ખરા. આ ઉપશમસ્તુતિ. છોટભાઈ! **'દૂરથી જ...'** આહા..હા..! તે કાળે ભાવકના કાળે જે ભાવ્ય થવાની.. અહીં કીધુંને પહેલું? કે **'તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા-ભાવ્ય,...'** આહા..હા..! **'તેને ભેદજ્ઞાનના બળ વડે...'** તેને પર તરફના વલણને જુદો પાડતાં, આહા..હા..! દૂરથી જ પાછો વળ્યો એટલે કે નિમિત્તના લક્ષે થઈ દશા અને પાછો વળ્યો એ નહિ. નિમિત્તને લક્ષે દશા થઈ જ નહિ. આહા..હા..! આ વાત તો જુઓ! આ સિદ્ધાંત કહેવાય કે જે ન્યાય ઘડેઘડ બેસી જાય. આહા..હા..! **'ભેદજ્ઞાનના બળ વડે...'** એટલે પોતાના પુરુષાર્થ વડે. આ બાજુ પુરુષાર્થ કર્યો. એ જ નિમિત્તને અનુસારે હતો તો પુરુષાર્થ એનો. નિમિત્તને અનુસારે. હવે એ અનુસાર છોડીને પુરુષાર્થ કર્યો આ બાજુ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ તો.. થવાને લાયક તો પહેલો કીધો. છેને?

**'ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા-'** પર્યાયમાં થાય તો છે એને. હવે થાય છે એ નથી થવા દેતો એ જીતવું છે. **'તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો...'** ભાષા શું છે? દૂરથી એટલે? એના તરફનું લક્ષ જ છૂટી ગયું. આહા..હા..! પોતાના જ્ઞાયકભાવના ઉગ્ર આશ્રયે. સમ્યગ્દર્શનમાં આશ્રય તો ભગવાન આત્માનો જ હતો અને આ જે નિમિત્તને આધિન થતો એ પણ પુરુષાર્થ તો પોતાનો જ ઊંધો હતો. હવે તેને કહે છે કે દૂરથી પાછો વાળવાથી, પણ ભેદજ્ઞાનના

બળ વડે અંતરમાં જ્ઞાયકનો આશ્રય ઉગ્ર લીધો એટલે ભેદ પડી ગયો.

'**દૂરથી જ પાછો...**' કોને દૂરથી પાછો વાળ્યો? ઓલા આત્માને. પોતાનો આત્મા ભાવ્ય જે થતો હતો તેને... આહા..હા..! '**તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી...**' આહા..હા..! અંતરનો આશ્રય ઉગ્ર થયો એથી તેને નિમિત્તને અનુસારે જે ભાવ્ય થતો અને એ ભાવ્યભાવકનો સંબંધનો સંકરદોષ હતો એ દૂરથી એટલે એના તરફનું વલણ છોડ્યું. ભાવ્ય થવાને લાયક જે જીવ હતો પોતાના ઊંધા પુરુષાર્થને લઈને. આહા..હા..! એ સવળા પુરુષાર્થ દ્વારા. ઓલો અભેદ હતો. નિમિત્તનો વિપાક થાય ત્યારે અનુસરતો એ બેની એકતા થતી. એકતા એટલે? નિમિત્તને નિમિત્ત તરીકે એને સ્વીકાર થતો કે આ છે વિપાક, એને અનુસરતો એટલે ભાવ્યભાવક એક થતો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભેદજ્ઞાનના બળ વડે...**' એટલે? પોતાનો આત્મા નિમિત્ત વિપાક કર્મનો તેને અનુસરીને આત્મા ભાવ્ય થવાને લાયક તો હતો. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર હતું, પણ એને અનુસરવું એવી એનામાં લાયકાત તો હતી એ લાયકાત તેણે છોડી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? ટીકા તે ટીકા છેને! એકલા સિદ્ધાંત. સત્યના સિદ્ધાંત ભર્યા છે એકલા. આહા..હા..! વળી કોઈ કહે કે કર્મ આવ્યું માટે એને વિકાર કરવો જ પડે. નવરંગભાઈ! કર્મ નિમિત્ત થઈને જ આવે કે જેથી વિકાર કરવો જ પડે. નોકર્મ નહિ, નોકર્મ તો પોતે કરે તો થાય, પણ કર્મ તો નિમિત્ત થઈને જ આવે કે જેથી એને વિકાર કરવો જ પડે, એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એના ભાવમાં ભાસન થવું જોઈએને? એમ ને એમ માની લેવું એ કાંઈ ચીજ છે? એના ભાવમાં ખ્યાલ આવવો જોઈએ કે આ આમ છે ને આમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રગટ થાય છે એ એને અસ્તિ કહ્યું અને તેને અનુસરીને પ્રવૃત્તિ આત્માની હતી એ ભાવ્ય, એની અસ્તિ કરી. બેની અસ્તિતો સિદ્ધ કરી. હવે એના તરફનું વલણ છોડી દે છે. '**ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...**' નિમિત્ત તરફનો આદર છોડી દઈને. આહા..હા..! કર્મના પાકનો તિરસ્કાર કરીને એટલે કે આદર છોડી દઈને, એનો અનાદર કરીને ભગવાનના આદરમાં ગયો અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વસ્તુસ્થિતિ જ છે હોં આવી. ટીકાનું વર્ણન એ વસ્તુની સ્થિતિનું વર્ણન છે. આહા..હા..! એમ ને એમ વાંચી જાય અને સમજી ગયો એમ માને (એમ ન ચાલે), બાપુ! અંદર ખ્યાલમાં આત્મા વસ્તુ અને એની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને પર્યાયમાં ભાવ્ય નામ વિકાર થવાની લાયકાત એ પોતાને લઈને અને ભાવક તે, એવો જે ભાવ્ય અને ભાવકનો સંબંધ સંયોગ સંકર હતો એને દૂરથી તેના તરફનું લક્ષ છોડી દીધું. ભાવ થયો અને પછી છોડ્યું એમ નહિ. સમજાણું કાંઈ? તેથી દૂરથી શબ્દ વાપર્યો છે. આહા..હા..! આ ક્યાં ટીકા બાપુ આવી ભરતક્ષેત્રમાં. આહા..હા..! કેવળીને અનુસારે આ ટીકા છે.

ઓલી ચિઠ્ઠીમાં લખ્યું છેને, ભાઈ! નહિ? પરમાર્થવચનિકા. બનારસીદાસ. આ ચિઠ્ઠી કેવળીના વચન અનુસાર છે. વસ્તુનું વર્ણન કરી અને પછી કહ્યું છે. વચનાતીત તત્ત્વો, ઇન્દ્રિયાતીત, જ્ઞાનાતીત, કુતર્કના જ્ઞાનથી પાર છે. એથી આ વિચારો બહુ શા લખવા. જે જ્ઞાતા હશે તે થોડું લખેલું બહુ સમજશે. જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહિ. આ વચનિકા યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવળી વચનાનુસાર છે. બનારસીદાસ કહે છે. પરમાર્થવચનિકા. છે? 'જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્ય અનુસાર કલ્યાણકારી થશે.' બનારસીદાસ કહે છે કે કેવળજ્ઞાન અનુસારી આ હું કહું છું. આ સંતોની તો વાત શી! સમજાણું કાંઈ? આહા..હા..!

**'એ રીતે બળપૂર્વક મોહનો....'** આહા..હા..! ઉદય આવ્યો તેનો તિરસ્કાર એટલે તેને અનુસર્યો નહિ. **'સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી...'** લ્યો! એટલે ભાવકને અનુસરીને ભાવ્ય થવાને લાયક હતી એ ભાવ્ય છૂટી ગઈ. એ ભાવ્ય અને ભાવક બે એકતા થતી એ છૂટી ગઈ. **'સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ...'** એટલે સંયોગદોષ, સંબંધદોષ એ **'દૂર થવાથી એકત્વમાં...'** એકલો ભગવાન જ્ઞાયકભાવમાં **'ટંકોત્કીર્ણ (નિશ્ચળ) અને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદાં...'** આહા..હા..! **'અને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદાં એવા પોતાના આત્માને જે (મુનિ) અનુભવે છે...'** કર્મના પાક કાળે તેને અનુસરીને ભાવ્ય થતી દશા એ દોષ હતો. એને અનુસરવું દૂરથી છોડી દીધું. આહા..હા..! જેટલે અંશે દૂરથી છોડ્યું અને સ્વ તરફમાં આવ્યો, આહા..હા..! તે પોતાના આત્માને અનુભવે છે. **'તે નિશ્ચયથી 'જિતમોહજિન' (જેણે મોહને જીત્યો છે એવો જિન) છે.'** આ બીજા પ્રકારની સ્તુતિ. પહેલી સ્તુતિથી આ ઊંચી સ્તુતિ છે. આ જઘન્ય, આ મધ્યમ છે અને ઉત્કૃષ્ટ પછી આવશે હવે.

**'જ્ઞાનસ્વભાવ વડે...'** **'णाणसहावाधियं'** છેને? જુઓને! **'णाणसहावाधियं मुणदि आदं'** ૩૧માં પણ એમ હતું. **'णाणसहावाधियं मुणदि आदं'** ૩૨માં પણ એમ છે **'णाणसहावाधियं मुणदि आदं'** આહા..હા..! **'જ્ઞાનસ્વભાવ વડે...'** જ્ઞાયકભાવનો આશ્રય લીધો છે એથી **'જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદાં એવા પોતાના આત્માને જે (મુનિ) અનુભવે છે તે નિશ્ચયથી જિતમોહ...'** જિત્યો મોહ, હજી મોહ ટાળ્યો નથી, જીત્યો છે, ઉપશમ કર્યો છે. જીત્યો, ક્ષય નથી કર્યો હજી. એટલો પુરુષાર્થ મંદ છે. ૩૩માં ક્ષય કર્યો છે એ લેશે. આહા..હા..!

એક પણ એની વાત સત્ય જેમ છે તેમ એને બેસવી જોઈએ. તો એક ભાવ બેસે એને બધા ભાવ સરખા બેસે. જયસેનાચાર્યની ટીકામાં છે, ભાઈ! જયસેનાચાર્યની ટીકામાં છે આ. એક ભાવ જેને યથાર્થ બેસે તેને બધા યથાર્થ બેસી જાય, પણ જેને એક ભાવના

જ ઠેકાણા ન મળે (એને ક્યાંથી બેસે)? આહા..હા..! કર્મનું નાખે કર્મનું. જુઓ! મુનિને, સમકિતીને પણ રાગનો અભાવ છે દૃષ્ટિમાં, છતાં તેને કર્મનો ઉદય છે માટે રાગ થાય છે, એમ નથી. સમજાણું કાંઈ? મોટી શ્રદ્ધામાં ફેર છે. એની લાયકાતને લઈને ભાવક તરફનું વલણ એનું ભાવ્યનું હતું. આહા..હા..! એને છોડીને... જેણે અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત પરનો વલણનો પર્યાયમાં જે ભાવ હતો એ છોડી દીધો અને સ્વ તરફમાં વળ્યો એને જિન કહે છે. આહા..હા..! સમજાણું?

'**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' એ તો ૩૧માં આવ્યો હતો એની એ ભાષા છે હવે. '**આ સમસ્ત લોકના ઉપર તરતો,...**' એટલે? જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશક થવાનો સ્વભાવ છે એથી લોકના જ્ઞેયને જાણતો થકો. લોકના જ્ઞેયથી ભિન્ન રહેતો થકો, જુદો રહેતો થકો. આહા..હા..! '**સમસ્ત લોકના ઉપર તરતો,...**' ઉપર તરતો એટલે? જ્ઞેયને બરાબર જાણતો હોવા છતાં, જ્ઞેયથી જ્ઞેયરૂપ થતો નહોતો. જ્ઞેયનું જ્ઞાન છે એ રૂપે પોતે થાય છે, પણ જ્ઞેયપણે થતો નથી એટલે જ્ઞેયથી ભિન્ન જુદો રહે છે. આહા..હા..!

'**લોકના ઉપર તરતો,...**' એટલે? જણાવાયોગ્ય જ્ઞેય છે એનાથી જુદો રહેતો. આહા..હા..! '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...**' જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષ અંશે થઈ. આહા..હા..! '**સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' સદાય અંતરંગમાં પ્રકાશમાન અવિનાશી ભગવાન '**પોતાથી જ સિદ્ધ અને પરમાર્થ સત્ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' ભગવાન જ્ઞાનસ્વભાવ એમ લીધું, જુઓ! આહાહા..! આત્મા તો ભગવાન છે, પણ એનો જ્ઞાનસ્વભાવ ભગવાન છે. આહા..હા..! ભગવાનની સ્તુતિ છે આ. ભગવાન પોતે. ભગવાનજીભાઈ! આહા..હા..!

પૂછ્યું છે શિષ્યે તીર્થંકર અને કેવળીની નિશ્ચયસ્તુતિ કેમ થાય? જવાબ એ આપ્યો કે તારો આત્મા રાગ અને પરથી ભિન્ન પડીને એકાગ્ર અનુભવ કરે એ સ્તુતિ છે નિશ્ચય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ રીતે ભાવ્યભાવક ભાવના...**' જોયું! ભાવક એવો કર્મનો ઉદય, ભાવ્ય એને થવાને લાયક પોતાની ભાવ્ય એવો જે ભાવ એના '**સંકરદોષને...**' બેની એકતા એટલે નિમિત્તના સંબંધમાં જતો એવા દોષને '**દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.**' આહા..હા..! '**આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે; તેમાં 'મોહ' પદને બદલીને તેની જગ્યાએ રાગ,...**' લેવો. અંદર વિપાકનો ઉદય આવ્યો કર્મમાં, પણ તેને અનુસારે જે ભાવ્ય રાગ થતો તેને દૂરથી રાગ થવા ન દીધો એટલે તેના તરફનું વલણ છોડ્યું અને જ્ઞાયકભાવનું વલણ વિશેષ વધાર્યું. એ રાગ લેવો. મોહપદને ઠેકાણે રાગ. જેવી મોહના પદની વ્યાખ્યા કરી એ રીતે રાગની કરવી. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે શું? કે ચારિત્રમોહનો ઉદય આવ્યો પાક, રાગ ચારિત્રમોહનો. એને અનુસરીને ધર્મીનો આત્મા પણ પર્યાયમાં રાગ થવાની ભાવ્યતાવાળો હતો. સમજાણું કાંઈ? એને એના અનુસારે ન થવા દેતાં અરાગી પરિણામ

પ્રગટ કર્યા. આહા..હા..! એ રાગને જીત્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમ '**દ્વેષ,...**' ઉદયમાં આવતા દ્વેષનો ઉદય એને અનુસરીને પર્યાયમાં ભાવ્ય જે દોષ થતો એ સંકરદોષ એટલે બેના સંબંધરૂપી દોષ થતો, એ ટાળ્યો. આહા..હા..! અંતરના જ્ઞાયકભાવના ઉગ્ર આશ્રયથી પરથી ભેદ પાડીને દોષને ટાળ્યો, દ્વેષને. દ્વેષરૂપી દોષને. '**ક્રોધ,...**' એમ ક્રોધનો ત્યાં ઉદય હોય વિપાક એને અનુસરીને ક્રોધ થવાની ભાવ્યતા જીવમાં હતી સમકિતીને અને મુનિને. આહા..હા..! સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહ્યું છે ૪૭ શક્તિમાં કે કર્મના નિમિત્તે થતો રાગ તેનું કર્તાપણું છોડી દીધું છે એવો એનો અકર્તા સ્વભાવ છે. અકર્તાગુણ લીધો છે. અકર્તા એ ગુણ છે. એટલે શું? કે કર્મના નિમિત્તના વલણે જે રાગ થાય એ કરતો હતો એ અકર્તા થઈ ગયો. વસ્તુ અકર્તા છે. રાગનો કર્તા છે નહિ. આહા..હા..! અહીં કહે છે કે ભાવ્યપણે રાગનો કર્તા, ભાવ્યપણાની લાયકાત એનામાં છે. આહા..હા..! ત્યાં અકર્તા દ્રવ્યદૃષ્ટિએ વર્ણન કરવું છે અને અહીંયાં પર્યાયમાં ક્ષણે-ક્ષણે કાંઈક પરાધીનતા અને સ્વાધીનતા થાય છે એનું આ વર્ણન છે. આહા..હા..! છેને ૪૭ (શક્તિ)? અકર્તા ગુણ છે. રાગનું થવું એ સ્વરૂપમાં છે નહિ. એમ અભોક્તા. કર્મને અનુસરીને થતાં વિકારથી નિવૃત્તિરૂપ ઉપરમરૂપ. એવો પાઠ છે. ૪૭ શક્તિમાં. સમયસાર છેને આ? પાછળ છે. ગુજરાતીમાં ૬૨૯. આ તો ભગવાનના કાયદા. રામજીભાઈ આપેને કાયદામાંથી કાઢીને કોર્ટમાં. ત્યારે ઓલા જજ માનેને.

**શ્રોતા :–** આ અંદરના જજને મનાવવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, અંદરના.

'**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' ભાષા દેખો! ઓલો ભાવ છેને? ખરેખર વિકાર કરવો એ જીવમાં કોઈ ગુણ નથી એટલે કે પર્યાયમાં થાય છે તેને કર્મના નિમિત્તથી જે થયો એટલે '**કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદાં પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...**' છેને? '(**તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ**) **અકર્તૃત્વશક્તિ.** ' આત્મામાં છે. આહા..હા..! રાગને ન કરવું એવો અકર્તાગુણ આત્મામાં છે.

**શ્રોતા :–** કરી શકતો જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે નહિ, ગુણમાં તો નથી. પછી પર્યાયમાં જે અહીં વર્ણન ચાલે છે. એ કર્મનું નિમિત્ત છે અને એને અનુસરીને પર્યાયમાં જે યોગ્યતા છે એ પોતાથી છે. એને પરના વલણવાળું છોડી દઈને સ્વમાં (સ્થિરતા) કરે છે એ બળપૂર્વક પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? આ કર્મનો ગોટો મોટો લોકોમાં અત્યારે ચાલે છે. જ્યાં હોય ત્યાં ઓલા રતનચંદજી એ જ નાખે. વાત આવે. એય.. કર્મને લઈને થાય... કર્મને લઈને થાય. એવું નથી, ભાઈ! ભગવાન! કર્મ-કર્મ... કર્મ કર્મને લઈને થાય કર્મમાં. કર્મમાં લઈને કર્મમાં થાય એ કર્મમાં, પણ કર્મને લઈને આત્મામાં થાય એ વાત ક્યાંથી લાવ્યા? આહા..હા..!

**શ્રોતા** :- અત્યંત અભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અત્યંત અભાવ છે.

છે? જુઓ! અહીં અકર્તૃત્વ કીધું. અહીં કર્મના ઉદયનું નિમિત્ત થયું-આવ્યું એને અનુસર્યો એ પોતાની લાયકાતથી છે. અને છેને આમાં? કર્તા છે. કેટલામાં? અભોક્તા તો ત્યાં આવ્યું. આ તો કર્તા. કેટલામું? ૨૨. ૨૨. એ તો અનુભવનું. એ તો અનુભવનું કર્મથી. ત્યાં કર્મથી કર્તા ત્યાં જુદાં પરિણામો અનુભવના એટલે ભોગવટાની વાત છે. આહા..હા..! આ શક્તિ છે એમાં નહિ. ઓલા નયમાં. નયનું છે. પ્રવચનમાં નયનું છે.

**'આત્મદ્રવ્ય કર્તૃત્વનયે,...'** જુઓ ભાષા! આ પ્રવચનસાર. ૪૭ નય. **'રંગરેજની માફક,...' '(જેમ રંગારો રંગકામનો કરનારો છે તેમ.)' 'રાગાદિ પરિણામનો કર્તા છે,...'** છે? કર્તૃત્વનય છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં દૃષ્ટિનો વિષય અને શક્તિ એની અપેક્ષાએ રાગનો કર્તા નથી, અકર્તૃત્વ સ્વભાવ એનો છે; પણ સાથે થયેલું જે જ્ઞાન એ તો રાગરૂપે થવું એવો કર્તૃત્વનય એનામાં છે. સમજાણું કાંઈ? કર્મને લઈને થવું એમ નહિ. છેને?

**'આત્મદ્રવ્ય કર્તૃત્વનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે. (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામનો કર્તા છે,...'** અહીં પરિણમે છે એને કર્તા તરીકે કહેવો છે. કરવાલાયક છે એમ નહિ અહીંયાં. સમજાણું કાંઈ? આહા..હા..! અને અકર્તૃત્વનયે. પછી અહીં નાખ્યા કે કેવળ સાક્ષી પણ છે સાથે ને સાથે. રાગ થવાને લાયકાત પણ એક કર્તૃત્વનય છે અને અકર્તા તેને જાણનારો પણ અકર્તૃત્વનય તે ક્ષણે પણ છે. આહા..હા..! એવું આચાર્યોએ.. ઓહોહો..! પેથીએ-પેથીએ કહે છેને? એમ કરી નાખ્યું છે. આહા..હા..! એમ અકર્તૃત્વનયે એમ અભોક્તૃત્વનયે. ઓલામાં અભોક્તા આવ્યો શક્તિમાં. કર્મના નિમિત્તથી થતાં વિકારીભાવનું ઉપરમસ્વરૂપ. એનાથી ઉપરમસ્વરૂપ આત્માનો અનુભવ તે પોતાનો ભોગવટો છે, રાગ-દ્વેષનો ભોગવટો એને છે નહિ. શક્તિ અને દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ.

અહીં કહે છે, **'ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે,...'** પર્યાય. એની પર્યાયમાં સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન થાય એનો ભોગવનાર છે. શરીરને અને પરને ભોગવનારની વાત નથી આ. પોતાની પર્યાયમાં જે રાગ-દ્વેષ થાય છે એનો એ ભોગવનાર છે એવો એક નય છે. આહા..હા..! ત્યાં કીધું કે ભોગવનાર નથી. એવો એનામાં અભોક્તા ગુણ છે. એ તો ગુણ છે એમ લેવું છે ગુણ અને દ્રવ્ય બે અભેદ ગણીને અને અહીં તો પર્યાયમાં વસ્તુ શું છે એ સિદ્ધ કરવું છે. આહા..હા..! આવો માર્ગ ભગવાનનો જુઓને સ્પષ્ટ છે કેટલો! પણ કર્મથી થાય.. કર્મથી થાય.. એવું લખીને... રતનચંદજી તો એ જ નાખે છે બિચારા. શું કરે? એને બેઠું હોય એ લખેને. બેઠું હોય.

**શ્રોતા** :- ધવલમાં કહેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધવલમાં ક્યાં હતું એ. ધવલમાં પણ કહ્યું છે, નહિ? છઠ્ઠા ભાગમાં અંતરંગ કારણ પ્રધાન છે, એમ છે. અંતરંગ. અંતરંગ કારણ પ્રધાન છે, નિમિત્ત નહિ. આહા..હા..!

ક્રોધ (થયો) એમ '**માન...**' કર્મનો ઉદય માન આવ્યો અને પોતામાં જરી માન થવાની ભાવ્યદશા હતી. હવે એને થવા ન દીધી. થયો અને થવા ન દીધી એમ નહિ. થવા દીધી જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ માન. એ માનના ભાવ્યને ભાવકને અનુસાર થતું એ સ્વભાવ તરફનો આશ્રય ઉગ્ર થયો .. પડી ગયું. નિમિત્તથી ભેદ પડીને ભાવ્ય થયો નહિ.

એમ '**માયા,...**' કપટ જરી હોય છેને થોડો ભાગ? માયાનો ભાગ હોય છે. કર્મનો ઉદય હો એને ઘરે જડમાં, એને અનુસરીને માયા થવાની લાયકાત સમકિતીમાં છે, મુનિને પણ છે. આહા..હા..! એને અંતરનું અનુસરવું છોડી દઈ અને આ બાજુમાં અનુસરવામાં આવ્યો એ માયાને જીતી. આહા..હા..! એમ '**લોભ,...**' કર્મનો ઉદય છે એના તરફ લોભની પરિણતિ થવાની, ભાવ્ય થવાની લાયકાત હતી એને છોડી દીધી. એ તરફનું લક્ષ છોડી સ્વભાવ તરફના લક્ષે ગયો એ લોભના ભાવ્યને જીત્યો એ લોભનો ભાવ્ય થવા દીધો નહિ.

એમ '**કર્મ,...**' જુઓ! આઠેય કર્મ કર્મના ઉદય તરીકે ભલે આવે ત્યાં, પણ તેને અનુસરીને જે કાંઈ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય.. જુઓ બધા. કોઈ એમ કહે છેને કે જ્ઞાનાવરણીયનો ઉદય આવે એટલે જ્ઞાન અવરાય. જુઓ કર્મની શક્તિ! કાર્તિકેયાનુપ્રેક્ષામાં છેને. એ યાદ આવ્યું હતુંને. કાર્તિકેયાનુપ્રેક્ષામાં છે એક. જુઓ, પુદ્ગલની શક્તિ કે કેવળજ્ઞાનને રોકે એવું કેવળજ્ઞાનાવરણીય થાય છે. કેવળજ્ઞાનાવરણીય. એ તો નિમિત્તમાં શક્તિ, પુદ્ગલમાં છેલ્લામાં છેલ્લી ઉત્કૃષ્ટ નિમિત્ત થવાની તાકાત કેટલી કોની છે એ બતાવ્યું છે ત્યાં. વાત તો ઈ છે. આહા..હા..! એ તો તે દી વાંચ્યું છે. વાંચ્યું છેને, આ તો બધું વંચાઈ ગયું છે. વ્યાખ્યાનમાં વંચાઈ ગયું છે સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા.

શું કીધું આ? આઠેય કર્મ. એટલે કે જ્ઞાનાવરણીયનો ઉદય છે એથી એને અનુસરીને જરી જ્ઞાનની હીનતાનો ભાગ થતો તે છોડી દીધો. આહા..હા..! જ્ઞાનાવરણીયને લઈને નહિ. જ્ઞાનાવરણીયને લઈને ભાવ્ય થયું છે એમ નહિ. ભાવ્ય થવાની લાયકાત જીવમાં હતી, મુનિને અને સમકિતીને પણ. એ એના તરફનું વલણ છોડીને અહીં અધિક આવ્યો એણે કર્મને જીત્યા. આહા..હા..! એમ જ્ઞાનાવરણીય, એમ દર્શનાવરણીય. એમ કે કેવળજ્ઞાનાવરણીયનો ઉદય આવે એટલે કેવળજ્ઞાન રોકાય એમ નહિ. ઉદય આવે એને ઘરે અને આ બાજુ કેવળજ્ઞાનની પરિણતિમાં વિષય પ્રતિબદ્ધ થઈ જાય, થોડો વિષય કરે અને ઘણો છોડી દે એ ભાવ્ય થયું એનું. આહા..હા..! પંચાસ્તિકાયમાં આવે છેને. પ્રતિબદ્ધ છે વિષયનો. બહુ શાસ્ત્રમાં બહુ ભર્યું છે. ઓહોહો..! કુંદકુંદચાર્યના શાસ્ત્રો અને અમૃતચંદ્રાચાર્યની ટીકા ઘણું (ભર્યું છે)!

કહે છે કે કેવળજ્ઞાનાવરણીયનો ઉદય આવ્યો માટે કેવળજ્ઞાન રોકાણું એમ નથી. એને ઉદયમાં પોતાની અનુસરવાની લાયકાત હતી માટે ત્યાં જ્ઞાન હીણાપણે પરિણમ્યું છે. સમજાય

છે કાંઈ? કેવળજ્ઞાનાવરણીયનો ઉદય એનામાં આવ્યો. હવે એને અનુસરીને ભાવ્ય, એટલે જ્ઞાનની હીણી દશા થવાની લાયકાત એનામાં હતી પોતાને કારણે. આહા..હા..! એને સ્વભાવનો આશ્રય કરતાં નિમિત્તનું અનુસરણ છૂટી ગયું તો એ ભાવ્યપણું એને ન રહ્યું. આહા..હા..! કેવળજ્ઞાનની હીણી દશારૂપ ભાવ્ય. આહા..હા..! કર્મના ઉદયનું ભાવકપણું જ્ઞાનાવરણીયનું ઉદયનું ભાવકપણું અને એને અનુસરીને હીણી દશાની ભાવ્યદશા એવી છે જીવમાં, છતાં તેના નિમિત્ત તરફના ભાવ્યને છોડી દઈને, આહા..હા..! જેણે સ્વનો આશ્રય કર્યો એને કેવળજ્ઞાન થઈ જાય છે. આહા..હા..! એય..! પોપટભાઈ! આવું છે આ.

**શ્રોતા** :- સાંભળ્યું નહોતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળ્યું નહોતું. વાત સાચી. આહા..હા..!

આઠેય કર્મ લેવા અહીં હોં! જ્ઞાનાવરણીય. મતિજ્ઞાનનો ક્ષયોપશમ થાય તો મતિજ્ઞાનમાં, મતિજ્ઞાનાવરણીયનો, તો અહીં મતિજ્ઞાનનો ક્ષયોપશમ થાય, એમ નથી. મતિજ્ઞાનાવરણીયનો જે ઉદય થાય એ ભાવક કહેવાય. એને અનુસરીને મતિજ્ઞાનની હીણી દશાપણે પરિણમતો એ એનું ભાવ્ય. એ છોડી દીધું. જ્ઞાયક તરફના વલણમાં ભાવ્યભાવકનો સંબંધ છૂટી ગયો. આહા..હા..! જુઓ તો એક આ કેટલું સંકેલ્યું છે! સમજાણું કાંઈ? એમ કે ભાઈ અમારે તો જ્ઞાનાવરણીયનું જોર છેને ઉદયનું એથી અમને જ્ઞાન થતું નથી, એમ નથી. એ.. નવરંગભાઈ! જ્ઞાનાવરણીય તો ભાવકપણે ઉદય આવે, હો એને ઘરે એની દશામાં, એની સત્તામાં અજીવની સત્તા, પણ એને અનુસરીને જ્ઞાનની હીણી અવસ્થા થવાની ભાવ્યદશા હતી એ પોતાને કારણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ગહન શાસ્ત્ર છે, બાપા! આહા..હા..! સંતોના હૃદય ખોલી નાખ્યા છે. આહા..હા..! આવી વાત બીજે ક્યાં છે, બાપુ! સમજાણું?

મતિ, શ્રુત, અવધિ એમ દરેકમાં લેવું. એમ કેવળદર્શનમાં લેવું. ચક્ષુદર્શનાવરણીયનો ક્ષયોપશમ થાય તો ચક્ષુદર્શનનો ઉઘાડ થાય અને એનો ઉદય હોય તો ચક્ષુદર્શનને આવરણ આવે એમ નથી. એનો ઉદય હો એને ઘરે. એને અનુસરીને દર્શનની પર્યાય હીણી કરવાની ભાવ્યતા પોતાની છે. આહા..હા..!

**શ્રોતા** :- પોતાની ના હોય તો પાછો ફરે શી રીતે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તો તો વળે શી રીતે? પોતે કરતો હતો તો વળ્યો. આહા..હા..! કર્મને લઈને થાય તો કર્મ ખસે તો આત્માને લાભ થાય. એ વાત તો હોઈ શકે નહિ.

**શ્રોતા** :- જીવો બળિયો, કમ્મો બળિયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તના કથન છે. આહા..હા..! 'કછવી કમ્મો બળિયો કછવી જીવો બળિયો' એવું આવે છે.

**શ્રોતા** :- પટણીએ નહોતું કીધું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, કહ્યું હતુંને. અહીં પટણી એક આવ્યા હતા. ભાવનગર દરબારના

દિવાન હતા. પ્રભાશંકર પટણી દિવાન હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. એ શ્રાવણ વદ અમાસની વાત છે. ભાદરવા સુદ એકમની. (સંવત) ૧૯૯૩ની સાલ. અમારે ખુશાલભાઈ ગુજરી ગયા હતા ૯૩માં અમાસ. પછી આવ્યા હતા એ. સાંભળ્યું, પણ પછી કહે આ તો કર્મ અને આત્માની લડાઈ લડી છે. શું કાંઈક ભાષા કીધી હતી? મલામલની લડાઈ છે. મલેમલની લડાઈ છે. કોઈ વખતે કર્મનો મલ વધારે જાય અને કોઈ વખતે આત્માનો. કીધું, એમ નથી. મલ્લામલની લડાઈ. મલ્લ પાકો હોય તો જીતે ઓલાને. એમ કર્મ અને આત્મા વચ્ચે મલ્લની લડાઈ છે એમ હશે? નથી એમ, બાપુ! તને ખબર નથી, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** અમારે કર્મનો ઉદય છે, આપને જ્ઞાનનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કાંઈક કહેતા હતા. એને ક્યાં બિચારાને... રાજના વહિવટ કરનારા. કંઈક અંદર માયાને સેવેને. છેવટે આપઘાત કરીને મરી ગયા. શિહોર. વાંધો આવ્યો હતો કાંઈક. રાતે સૂતા હતા તો ફીણ.. આહા..હા..! રાજની ખટપટું એવી હોય ને એમાં... આહા..હા..! આ તો આત્મરાજની વાત છે અહીં તો બાપા! આહાહા..! સત્તના રાજા. આહા..હા..!

ભગવાન આત્મા એ ચક્ષુદર્શન, અચક્ષુ, અવધિ, કેવળદર્શન એનો વિપાક હો એનામાં. એને અનુસરીને દર્શનની પર્યાય હીણીરૂપી ભાવ્ય થવાને લાયક જીવ હતો એ છોડી દીધો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઉપશમ છે આમાં. ક્ષયનું પછી આવશે. એમ આઠેય કર્મનું લેવું. અંતરાય કર્મ, વીર્યનો ઉદય આવ્યો વીર્યાંતરાયનો માટે વીર્ય હીણું પડ્યું એમ નથી. સમજાણું કાંઈ? વીર્યાંતરાયનો ઉદય એ અજીવમાં આવ્યો અને જીવ પોતે વીર્યની દશાને હીણી કરવાને પોતાના ઉપાદાનથી લાયકાત છે એ ભાવ્ય થયો. એ ભાવ્ય ન થવા દીધો, એને ન અનુસર્યો, એ તરફ, અહીં અનુસર્યો એણે ભાવ્યભાવકનો સંબંધ જીત્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ભર્યું છે આ તો. ઓહોહો..! આઠેય કર્મ લેવા એમાં હોં! એમ કે આ આયુષ્યનો ઉદય આવ્યો એટલે આત્માને અહીં રહેવું પડ્યું શરીરમાં, એમ નથી. ઉદયનો ભાવક એનામાં રહ્યો અને એને યોગ્ય પર્યાયમાં રહેવાની લાયકાત પોતાની હતી માટે અહીં રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો. આચાર્યોએ તો ગજબ કામ કર્યા છે! આહા..હા..! એ આયુષ્ય છે.

**શ્રોતા :-** મુખ્યતા ઘાતિકર્મોની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુખ્યતા, પણ એ ઘાતિ પણ પોતે તે તરફ વળે છે માટે. ઘાતિકર્મને લઈને આત્મામાં ઘાત છે એમ નહિ. આહા..હા..! ઘાતિકર્મનો ઉદય એને કાળે ત્યાં આવે. એને અહીં પર્યાયમાં એ જાતની હીણી પર્યાયરૂપે પરિણમવાની પોતાની લાયકાત હોય તે પરિણમે છે, કર્મને લઈને નહિ, ઘાતિને લઈને નહિ. આહા..હા..! આ તો બધું સમાડી દીધું ઘણું આમાં. આમાં વિશેષ આવશે લ્યોને હવે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# મહા સુદ-૧૨, ગુરુવાર, તા. ૧૨-૦૨-૧૯૭૬,
# ગાથા-૩૨, ૩૩,
# પ્રવચન નં. ૭૪

૩૨મી ગાથાનો ભાવાર્થ છેને! છે તો એનું ને એનું, પણ એ ભલામણ કરી છે કે પૂર્વે કીધું એનું આમાંથી લઈ લેવું. શું કહે છે? ૩૧મી ગાથામાં એમ આવ્યું કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાન છે એનો આશ્રય લઈને ઇન્દ્રિયો, ઇન્દ્રિયના વિષયો... ઇન્દ્રિયો બે પ્રકારની—જડ અને ભાવ. એ ત્રણે જ્ઞેય છે એ પોતાની ચીજ નથી. આહા..હા..! પોતાની ચીજ હોય એ દૂર ન થાય અને દૂર થાય એ પોતાની ચીજ નથી. એથી જેણે સર્વજ્ઞ પરમાત્મા કેવળીની સ્તુતિ જેને કરવી હોય એને આ ભગવાન આત્મા આનંદ અને કેવળજ્ઞાનથી ભરેલો આત્મા એની સ્તુતિ કરવી. એટલે? રાગથી અને નિમિત્તથી ભિન્ન પડી અને સ્વભાવમાં એકતાની ભાવના કરવી. આહાહા...! એ એક નિશ્ચયસ્તુતિ. કોની? પૂર્ણ થવાની. સ્તુતિ છેને આ? પૂર્ણ કેવળજ્ઞાન થવા માટે આ એની નિશ્ચય એક સ્તુતિ. આહા..હા..! સમજાણું કાંઈ?

૩૨માં એમ કહ્યું કે જેણે રાગ અને નિમિત્તથી ભિન્ન પડી અને ભગવાન શુદ્ધ ચૈતન્યઘન જે વસ્તુ છે એને જેણે સાધી છે, પ્રગટ થઈ છે પર્યાય શુદ્ધતા પણ જેને હજી આગળ વધવા માટે કર્મનું નિમિત્ત છે તેના તરફ વલણવાળી વિકારી ભાવ્યદશા જેને થાય છે. આહા..હા..! એ નિમિત્તના લક્ષને છોડી અને અંદરમાં સ્વભાવમાં શુદ્ધતાના અધિકપણાનો આશ્રય લઈ અને રાગ આદિ જે મોહને જીતે એટલે મોહને ઉપશમ કરે. આહા..હા..! એને ભાવ્યભાવક સંકર નામનો દોષ-અસ્તુતિ હતી, ભાવ્યભાવક નામની સંકર-અસ્તુતિ હતી, એને ભાવ્યભાવકના સંકરદોષની સ્તુતિ ટળી અને આત્માની સ્તુતિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એની અહીં ભલામણ કરી છે. મોહ શબ્દ તો પહેલો વાપર્યો છે પાઠમાં. એ પ્રમાણે '**રાગ, દ્વેષ,...**' એનો વિસ્તાર કર્યો છે. ખરેખર તો '**ક્રોધ, માન, માયા, લોભ,...**' એમાં માન અને ક્રોધ તે દ્વેષ છે અને માયા ને લોભ તે રાગ છે. આહાહા..! એને પણ ઉદય કર્મનો આવે, તેના તરફ આત્માની કર્મના ઉદયને અનુસરીને જે દશા હતી તેને, આત્માને અનુસરીને તે દશા ઉત્પન્ન થવા ન દેવી એનું નામ બીજી સ્તુતિ એટલે ગુણની વૃદ્ધિની સ્તુતિ છે. આહા..હા..! આવું ભારે. આ તો ભગવાનની સ્તુતિ સીધી હોય લ્યો! પણ આ ભગવાન અંદર રહી ગયો એ? સમજાણું કાંઈ?

એને કર્મ આવ્યું અહીંયાં '**કર્મ,...**' કર્મના આઠ પ્રકાર એમાં જ્ઞાનાવરણીય પ્રકૃતિ કર્મ

છે. એનો મતિજ્ઞાનાવરણીયનો એમાં ઉદય હોય તે તો ભાવક કહેવાય છે. આ બધું તો જાણવું હોય એને છે. અને તે ભાવકને અનુસારે મતિજ્ઞાનની હીણી દશારૂપે જે ભાવ્યપણે પરિણમતો તે ભાવ્યભાવકનો સંબંધ-સંયોગ એને થતો. એને એ સંયોગ લક્ષ મતિજ્ઞાનાવરણીયનો ઉદય નિમિત્ત છે, તેના તરફનું પોતાનુ ભાવઘાતિ જે છે... મતિજ્ઞાનાવરણીય એ દ્રવ્યઘાતિ કર્મ છે અને આત્માની મતિજ્ઞાનની હીણી દશારૂપે પરિણમવું એ ભાવઘાતિ. જીવે પોતાની પર્યાયને હણી નાખી. આહા..હા..! એને મતિજ્ઞાનની પર્યાયને વિશેષ નિર્મળ કરવા સ્વભાવનો આશ્રય લઈને નિમિત્તને અનુસારે જે મતિજ્ઞાનની હીણી દશા ભાવ્યરૂપે હતી એને છોડી દે છે. આહા..હા..! આવો માર્ગ છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા તદ્દન વીતરાગમૂર્તિ છે. અત્યારે હોં! અકષાયસ્વરૂપ છે. વીતરાગ સાક્ષાત્ વીતરાગભાવસ્વરૂપ જ છે એનો સ્વભાવ. એનો આશ્રય કરીને પરનો આશ્રય છોડે એને ભાવ્યભાવકની એકતાનો સંકરદોષ હતો એ ટળી જાય છે. કેટલી શરતું રાખી. માર્ગ બાપા ભગવાનનો બહુ ઝીણો છે. સમજાણું કાંઈ? એમ શ્રુતજ્ઞાનાવરણીય. એનો ઉદય એ જડમાં છે અને એને અનુસરીને શ્રુતજ્ઞાનની પર્યાયની હીણી અવસ્થારૂપે પોતાથી જે થતો એ એનું ભાવ્ય છે. જેટલે દરજ્જે તે નિમિત્તને અનુસરતો નથી અને સ્વભાવને અનુસરીને વીતરાગી પર્યાય, વીતરાગી સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ કરે છે એને ભાવ્યભાવકના સંકરનો સંબંધનો સંયોગનો દોષ ટળે છે. આવી વાતેય કોઈ દી સાંભળી ન હોય ભાવ્યભાવક શું છે એ. દેવરાજભાઈ! આહા..હા..! બાપુ! માર્ગ એવા છે પ્રભુના. આ તો જિનેશ્વર ત્રણ લોકનો નાથ. આહા..! ભગવાન બિરાજે છે. એમની પાસે ભગવાન કુંદકુંદાચાર્ય ગયા હતા. આહા..હા..! આઠ દિન રહી પોતાની દશાને વધારી શુદ્ધિ, અહીં આવીને આ શાસ્ત્ર રચ્યા. સમજાણું કાંઈ? આ સમયસાર ભરતક્ષેત્રનું અજોડ ચક્ષુ છે! અદ્વિતીય ચક્ષુ! એની સાથે કોઈનો મેળ ખાય એવું નથી. આહા..હા..!

એમ અવધિજ્ઞાનાવરણીય. એના ઉદયના નિમિત્તમાં આવરણમાં જોડાતાં અવધિજ્ઞાન નથી થતું એ ભાવ્ય એનો પોતાનો દોષ છે. એ સ્વભાવ તરફનો તે પ્રકારનો આશ્રય વિશેષ લઈને નિમિત્ત તરફના વલણનો ભાવ છૂટી જાય છે ત્યારે તેને અવધિજ્ઞાન નિર્મળ થાય છે. સમજાય છે કાંઈ? એમ મનઃપર્યવજ્ઞાન. એને આવરણ.

એક ફેરી પ્રશ્ન ઊઠ્યો હતો મોટો ૮૫ની સાલમાં. અમારે તો ઘણા વર્ષથી ચાલ્યું આવે છેને બધું. સંપ્રદાયમાં મોહનલાલજી હતા. મોહનલાલજી નહિ? લીંબડી સંઘાડાના. એણે ૮૦ની સાલમાં, ૫૨ વર્ષ થયા, એક મોહનમાળા પુસ્તક છાપી હતી. રાજકોટ ચોમાસુ હતું. તમને ખબર ન હોય ૫૦ વર્ષ પહેલાંની વાતું ખરીને. ત્યાં ચોમાસુ હતું. બહાર ઓલું છેને આપણે નાતની જગ્યા, બહારમાં નહિ? આપણે જ્યાં વ્યાખ્યાન વાંચતા ત્યાં ચોમાસુ હતું. એણે મોહનમાળા છાપી. પછી હું ત્યાં ૮૫માં વઢવાણ ગયેલો. આ દીક્ષા લીધી હતીને નારણભાઈની.

બધા હતા. પછી એણે એમાં લખ્યું હતું કે અભવિને પાંચ આવરણ ન હોય. જ્ઞાનાવરણીયના પાંચ આવરણ ન હોય. એને મતિ, શ્રુત અને અવધિ ત્રણ આવરણ હોય. મનઃપર્યય અને કેવળજ્ઞાન ન હોય. કેમકે એને પ્રગટ થતું નથી માટે એને આવરણ ન હોય. એમ એણે મોહનમાળામાં લખ્યું હતું. પછી ચર્ચા કરી. કીધું, આ શું લખ્યું તમે આવું? એમ કે અભવિ જીવો એને જ્ઞાનાવરણીયના પાંચ પ્રકાર છે. ત્યારે કહે, એને મનઃપર્યય અને કેવળ પ્રગટતું નથી. પણ પ્રગટતું નથી એ બીજી વાત છે. પાંચ આવરણ છે એને પણ. કેવળજ્ઞાનાવરણીય પણ અભવિને છે. આહા..હા..! મનઃપર્યયજ્ઞાનાવરણીય પણ છે. અવધિ તો કહેતા. વિભંગ થાય ખરું ને એને-અભવિને એટલે મતિ, શ્રુત અને વિભંગ ત્રણ આવરણ હોય છે. શું કર્યું તમે? પછી પોતે જરીક આચાર્ય નામ ધરાવતા હતા ને મોટા પદવી. મારાથી તો દબાય એ વખતે પણ. એ ૫૦-૫૦ વર્ષની દીક્ષાવાળા બોલે નહિ સામું. પણ આમ છે ને તેમ છે. એ રહેવા દ્યો, કીધું. પછી એના મણિલાલજી હતા એક. એ કહે, કાનજીમુનિ કહે ઈ સાંભળો. ૮૫ની સાલમાં. ઈ કહે એ સાંભળો. એમ ને એમ નકાર ન કરો. શું કહ્યું છે?

અભવિને પણ મનઃપર્યય અને કેવળજ્ઞાનની શક્તિ તો છે. પંડિતજી! આહા..હા..! શક્તિ છે. પ્રગટ થતી નથી. ત્યારે શક્તિ છે તેને આવરણ પાંચ પ્રકારના છે. મોટી ચર્ચા ચાલી હતી. અમારે તો પહેલીથી બધા ગોટા સંપ્રદાયમાં સાધુને ખબર નહિ, (સાધુપણું) લઈને બેઠા બિચારા. આહા..હા..! કેવળજ્ઞાનાવરણીય અભવિને છે, કીધું. કેમકે કેવળજ્ઞાનની શક્તિ અભવિને પણ છે. મનઃપર્યયની શક્તિ પણ એનામાં છે, માટે આવરણ છે એને. પછી મોહનમાળા છાપી દીધેલી કેટલી હજાર કે એટલી હતી કાંઈક. શું કરે પછી? ભાઈ! એમ તમે પાધરા પુસ્તકને છાપી દ્યો આડેઅવળે એમ ન ચાલે. જૈનદર્શન છે આ. કેવળી પરમાત્માના કથનમાં એક પણ અંશ વિરોધ થાય તો તત્ત્વ વિરોધ થઈ જશે. ૮૦ના ચોમાસાની વાત છે. તમને નહિ (ખબર હોય). કેટલા વર્ષ થયા તમને? ૧૦ વર્ષની ઉંમર હશે તેદી. ૮૦ છેને? ૩૨ અને ૨૦ = ૫૨ વર્ષ પહેલાંની વાત છે. અભવિનો આત્મા પણ..

'સર્વ જીવ છે સિદ્ધસમ' નથી આવતું આત્મસિદ્ધિમાં? સિદ્ધ સમાન અભવિ પણ છે. એનો સ્વભાવ તો શક્તિ તો વીતરાગસ્વરૂપ જ છે. આહા..હા..! એ પુરુષાર્થ કરીને પર્યાયમાં પ્રગટ કરવાની લાયકાત એની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એથી કહે છે કે કેવળજ્ઞાનાવરણીયની પ્રકૃતિનો ઉદય હોય ત્યારે જે કંઈ જ્ઞાનની પર્યાય તેને અનુસરીને હીણીરૂપે પર્યાય પરિણમતી એને-એના જ્ઞાનાવરણીયના ઉદયને અનુસરતી પર્યાય તેને છોડી દઈને પૂર્ણાનંદ પ્રભુ કેવળજ્ઞાનનો પિંડ આત્મા, તેને અનુસરીને જે પર્યાય પ્રગટ કરે એને ભાવ્યભાવક દોષ થતો નથી. આવી વાતું હવે. ઓલી તો એવી સીધી વાત હતી. એકેન્દ્રિય, બેઇન્દ્રિયની દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. સીધું હતું લ્યો! ઊંધું હતું બધું, સીધું ક્યાં હતું? આહા..હા..!

એ અહીં કહે છે. કર્મના પાંચ પ્રકાર લેવા એક-એકના. એમ દર્શનાવરણીયના નવ. એના ઉદયના ટાણે તેની અનુસરીને ભાવ્યદશા જે હીણી હતી એને જેટલે દરજ્જે સ્વભાવ તરફ ઢળીને જ્ઞાનની પર્યાયની ભાવ્યદશા વિકારી છે તે ટાળી તે સમયે તે પર્યાય તેને કારણે થવાની જ હતી. પાછું એમ નહિ કે કર્મને લઈને થઈ નથી. જે સમયે કેવળજ્ઞાનની પર્યાય નથી થતી એ પોતાને કારણે છે, કેવળજ્ઞાનાવરણીયને કારણે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? એ જ થવાની પર્યાયને લાયકાત નહોતી પોતામાં તેથી તે નિમિત્તને અનુસરીને એની દશા થતી, પણ તેને પ્રગટ કરવા ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ જ્ઞાનનો એને અનુસરીને જે આ થાય છે એને એટલે દરજ્જે રાગની મંદતા અથવા એના આવરણના અંશનો અભાવ થોડો એટલું અહીં જ્ઞાન પ્રગટ થાય.

ખરેખર તો મતિશ્રુતજ્ઞાન એ બધા કેવળજ્ઞાનનો અંશ છે. એમાં પણ વાંધા હતા તકરાર કે કેવળજ્ઞાનાવરણીય તો સર્વઘાતિ છે. એનો અંશ હોય નહિ. એનો એકદમ ઘાત પૂર્ણ જ હોય. એનો ઉઘડે તો પૂર્ણ ઉઘડે. એ વાંધા હતા. એમ નથી. એ ચિઠ્ઠીમાં આવે છે, ભાઈ! આપણે. નહિ? પરમાર્થ-વચનિકા. એમાં આવે છે. આ બનારસીદાસ. એમાં આવે છે. છે ને એમાં? બનારસીદાસની પરમાર્થ-વચનિકા.

જેટલો ઉઘાડ છે મતિ અને શ્રુતનો એ કેવળજ્ઞાનનો જ અંશ છે. સમજાણું? કેવળજ્ઞાનનો અંશ છે. અને આ જયધવલમાં પણ આવ્યું છેને? મતિશ્રુતજ્ઞાન છે એ અવયવ છે, અંશ છે. કોનો? કેવળજ્ઞાનરૂપી અવયવીનો. એ જયધવલમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એની તકરાર હતી. અહીંથી અમે કહીએ એનાથી વિરૂદ્ધ કરવું બસ બધાને. નહિ, કેવળજ્ઞાનનો અંશ ન જ હોય, કેવળજ્ઞાન તો ઘાતિ છે એને અંશ ન હોય. એ ક્યાં અત્યારે વાત છે? સાંભળને! સમજાણું કાંઈ?

જેટલે અંશે સમ્યક્ મતિશ્રુતનું સ્વને આશ્રયે જે પ્રગટ થયું એ અંશ તો કેવળજ્ઞાનનો જ અંશ છે, કેવળજ્ઞાનની અવયવી દશાનો એ અવયવ છે. આહા..હા..! જેમ શ્રુતજ્ઞાન છે પ્રમાણ છે, નય છે તે પ્રમાણનો અંશ છે. શ્રુતજ્ઞાન પ્રમાણ તે અવયવી છે. આહા..હા..! આ શરીર આખું અવયવી કહેવાય અને હાથ-પગ આ બધા એના અવયવ કહેવાય, એમ કેવળજ્ઞાનનો અંશ જે શ્રુતજ્ઞાન છે એ એનો અંશ છે, એ અવયવ છે. પ્રમાણ તરીકે ગણો તો શ્રુતજ્ઞાનની પર્યાય પોતે અવયવી છે અને નયભેદ પાડવા એ એનો અવયવ છે, પણ જે પ્રમાણ કે જેને અવયવી કીધો એ પણ કેવળજ્ઞાન અવયવીનો અવયવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એની રમતું એનામાં ને એનામાં છે બધી. બીજી ચીજ તો નિમિત્તમાત્ર છે. એનાથી કાંઈ થાય એમાં ઈ કાંઈ છે નહિ. આહા..હા..!

એ અહીં કહે છે. એ પાંચ જ્ઞાન, નવ આદિ મોહની પ્રકૃતિ બધી લીધી. આહા..હા..! એમ મોહ અને એમ અંતરાય. લાભાંતરાય, દાનાંતરાય, આવે છેને ભોગાંતરાય, ઉપભોગ

અંતરાય અને વીર્ય અંતરાય. એ પાંચેય પ્રકૃતિનું નિમિત્ત છે. જડપણું અહીં કાંઈ કરે એમ છે નહિ કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? વીર્યાંતરાયના ઉદયને લઈને દીક્ષા લઈ શકતો નથી એવું આવે છે. મોક્ષમાર્ગ પ્રકાશક. બધી મુદ્દાની રકમ તો મગજમાં રહી ગઈ હોય એ વખતે વાંચતા વખતે. ઈ આવે છે. એનો અર્થ એ પોતે જ વીર્યની શક્તિને નબળીરૂપે પરિણમાવે છે ત્યારે તેને વીર્યાંતરાયના પ્રકૃતિને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કર્મનો ગોટો મોટો છે અત્યારે. જૈનમાં તો કર્મ ને કર્મની વાતું કર્યા કરે અને ક્રિયાકાંડની. અહીંયાં કર્મ એટલે રાગની ક્રિયા તે જૈનધર્મ અને ઓલું કર્મ તે આત્માને નડે એ જૈનધર્મ. આહા..હા..! અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ! આહા..હા..!

વસ્તુ પોતે લાભ અને અંતરાયરૂપે પ્રકૃતિ છે એ લાભરૂપે જે આત્માની પર્યાયનો લાભ થવો જોઈએ તેટલું પરિણમન નથી એનું એ પોતાને કારણે છે, ત્યારે એને લાભાંતરાય પ્રકૃતિને નિમિત્ત અનુસરીને આ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! તેમ લાભ, દાન, ભોગ, ઉપભોગ અને પાંચ છે. પાંચેય પ્રકૃતિ લેવી.

એમ ખરેખર તો વેદનીય કર્મનો ઉદય છે એ જડમાં છે અને પ્રતિજીવી ગુણની પર્યાય ત્યાં પ્રગટ નથી એ જીવનું ભાવ્ય છે. સમજાણું કાંઈ? પરને લઈને આમાં કાંઈ છે એ પ્રશ્ન અહીં જૈનધર્મમાં ઊડી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અંદરથી આવે એટલું આવે કાંઈ પાછું બધું કાંઈ... વેદનીય કર્મ પણ છે જડ. શાતા-અશાતાનો ઉદય હોય એ જડમાં હોય છે અને એ ખરેખર તો એ બાહ્ય સંયોગની પ્રાપ્તિમાં નિમિત્ત છે; પણ અહીં ઉદય છે તો અહીં કાંઈ નુકસાન છેને અહીં પણ? એ પોતાને કારણે નુકસાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ નામકર્મનો ઉદય જીવને અરૂપીપણું એટલે કે જે તદ્દન નિર્લેપ છું એવી પર્યાય હોવી જોઈએ એ પોતાને કારણે છે ત્યારે નામકર્મનું નિમિત્ત કહેવાય છે. એના અનુસરીને થવાની દશા એ સ્વભાવને અનુસરીને થતી દશા થતાં એને અનુસરીને દશા થતીનો નાશ થાય છે. આહા..હા..! નીચે પણ અંશે-અંશે નાશ થાય છે. આવે છેને? સર્વવિશુદ્ધ ભાવાર્થમાં. ભાઈ! સર્વવિશુદ્ધના ભાવાર્થમાં આવે છે કે આઠેય કર્મ લઈ લેવા એમાં. એક ભાવાર્થમાં છે ક્યાંક. બધું કાંઈ યાદ હોય છે ક્યે ઠેકાણે. ભાવ યાદ હોય. જયચંદ્રજી પંડિતે ભર્યું છે કે આ પ્રમાણે નામ અને ગોત્ર બધું લઈ લેવું. ભાઈ! એકવાર કહેવાણું છે. કહેવાઈ ગયેલી વાત. હવે તો અત્યારે યાદ આવ્યું પાછું. સર્વવિશુદ્ધ અધિકારમાં ક્યાંક છે જુઓ. ભાવાર્થમાં છે. આ બાજુ પાને છે.

અહીં તો એમ કહેવું છે પ્રભુને કે તારી જે ગુણની-શક્તિની વ્યક્તિની પર્યાય જે હીણી થાય છે એ પ્રતિજીવી ગુણનો વિકાસ નથી, અવિકાસ થાય છે એમાં હેતુ તારો છે. બીજું કર્મ તો એને નિમિત્તરૂપે કહેવાય છે. ભાવાર્થમાં કે એમ છે. આમાં. ક્ષયોપશમ.. એની છ પ્રકૃતિ...

**શ્રોતા** :- યોગભાવનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, યોગભાવનું બસ એ. યોગભાવનો પણ ક્ષય થઈ ગયો છે જેટલે અંશે. જોયું! (ગાથા-૧૭૩થી ૧૭૬નો ભાવાર્થ).

'**ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે.**' આહા..હા..! જયચંદ્ર પંડિતે બહુ સરસ ભર્યું છે. આ શું છે ઈ? આસ્રવ અધિકાર. સાચી વાત. શું કીધું એ? કે ક્ષાયિક સમકિત થાય છે જીવમાં એ દર્શનમોહના અભાવને લઈને નહિ, એ પોતાના પુરુષાર્થથી-ઉગ્ર આશ્રયથી; અને ક્ષાયિક સમકિત થાય એ શ્રુતકેવળી અને કેવળીની સમીપમાં થાય, પણ સમીપમાં થાય તો એને લઈને નહિ. શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત હતા પણ નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું એટલે નરકમાં છે અત્યારે. શ્રેણિક રાજા એ આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના છે. આહા..હા..! ક્ષાયિક સમકિત. કહે છે કે પણ ક્ષાયિક સમકિત વખતે સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિનો એટલો અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે. આહા..હા..! તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી. આહા..હા..! કેટલું લખ્યું છે સ્પષ્ટ! આહા..હા..! જયચંદ્ર પંડિતે તો બરાબર તોળી તોળીને (લખ્યું છે). ક્ષાયિક સમકિત વખતે પણ તેટલા પ્રકારના યોગનો ક્ષય છે અંશે. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ છે. બસ આ જ.

**શ્રોતા** :- પ્રકૃતિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એટલા અંશે નાશ છે. વસ્તુસ્થિતિ એ છેને.

અને સમ્યગ્દર્શન એટલે? સર્વ ગુણાંશ તે સમકિત. હવે એનો અર્થ શું થયો? જેટલા ગુણો છે તેની એક અંશે પ્રગટ દશા થાય. આપણે આમાં બીજું છે આમાં. એ શબ્દ જ છે આમાં. આ રહ્યો. '**એ જ પ્રમાણે...**' ચિઠ્ઠીમાં છે જુઓ. '**ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે.**' અનંતા. જ્ઞાનાદિ જુઓ. આહા..હા..! '**ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિગુણ...**' જેટલા ગુણ છે '**એક દેશે...**' એક અંશે બધા પ્રગટ થયા છે. આહા..હા..! '**એ જ પ્રમાણે અને તેની તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિગુણો સર્વદેશ...**' ગુણ શબ્દે ઓલી પર્યાય લેવી છે. પૂર્ણ પર્યાય પ્રગટી છે એને. છે? '**તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિગુણો સર્વદેશ પ્રગટ થયા છે. તેની એક જાતિ છે.**' જોયું! આહા..હા..!

ત્યારે એણે પ્રશ્ન કર્યો. '**જો એક જાતિ છે તો જેમ કેવળી સર્વ જ્ઞેયને પ્રત્યક્ષ જાણે છે તેમ ચોથા ગુણસ્થાનવાળો જીવ પણ આત્માને પ્રત્યક્ષ જાણતો હશે?**' એનો અંશ છે તો. શિષ્યે પ્રશ્ન કર્યો. (તેનો ઉત્તર) '**ભાઈશ્રી! પ્રત્યક્ષતાની અપેક્ષાએ એક જાતિ નથી પણ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ એક જાતિ છે.**' આહા..હા..! જુઓને! આ

ટોડરમલ કહે છે. પ્રત્યક્ષની અપેક્ષાએ નથી. સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ એનો અંશ છે. કેવળજ્ઞાન પૂર્ણ સમ્યગ્જ્ઞાન છે અને આ ઓછું સમ્યગ્જ્ઞાન છે. પ્રત્યક્ષનો પ્રકાર નથી આમાં. બહુ સરસ ચિઠ્ઠી. પ્રત્યક્ષ જ્ઞાનની અપેક્ષાએ એક જાતિ નથી, સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ બંનેની એક જાતિ છે. જોયું! મતિ અને શ્રુતનો અંશ પ્રગટ્યો એ સમ્યગ્જ્ઞાનની જાતિનો એક અંશ છે. ઓલા કહે કે નહિ. કેવળજ્ઞાનનો અંશ હોય નહિ નીચે. અરે..! સાંભળ તો ખરો. આહા..!

'**ચોથા ગુણસ્થાનવાળાને મતિશ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન છે અને તેરમા ગુણસ્થાનવાળાને કેવળરૂપ સમ્યગ્જ્ઞાન છે. વળી એકદેશ સર્વદેશનું અંતર તો એટલું જ કે મતિશ્રુત જ્ઞાનવાળા અમૂર્તિક વસ્તુને અપ્રત્યક્ષ અને મૂર્તિક વસ્તુને પણ પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ, કિંચિત્ અનુક્રમે જાણે છે તથા કેવળજ્ઞાની સર્વ વસ્તુને સર્વથા યુગપદ્ જાણે છે.**' અહીં પરોક્ષ છે, ત્યાં પ્રત્યક્ષ છે એટલું. બાકી સમ્યગ્જ્ઞાનનો અંશ છે એ. આહા..હા..! કેવળજ્ઞાન સમ્યગ્જ્ઞાનનો એ અંશ છે. આહા..હા..! લખેલા કાયદા પડ્યા છે બધા ઘણા. આહા..હા..!

અહીં એમ લીધું બધું કર્મમાં આઠેય. પ્રતિજીવી ગુણ પણ પ્રગટ નથી થતા એ પોતાને કારણે છે, કર્મના નિમિત્તને કારણે નથી. આહા..હા..! એમ કર્મ આઠેય લઈ લેવા. એમ '**નોકર્મ,...**' બાહ્યની ચીજો જેટલી છે નોકર્મ એને અનુસરીને જે કાંઈ વિકારાદિ થતો એટલા ભાવ્યને તેને અનુસરવું છોડીને સ્વભાવને અનુસરે છે. એમ '**મન, વચન, કાય...**' આહા..હા..! મન જે છે કંપન્ન એને અનુસરીને જે યોગ્યતા જોગની અજોગપણે થતી નહોતી. આહા..હા..! એવો જે ભાવ-ભાવ્ય એને સ્વભાવને અનુસરીને તેટલો ભાવ એ ટાળી નાખે છે. કીધું ને જોગનું આમાં. ચોથે ગુણસ્થાને એટલો જોગનો ભાવ ટળી જાય છે. આહા..હા..! શું વસ્તુસ્થિતિ છે!

એમ '**વચન,...**' વચનને અનુસરીને જે પર્યાયમાં હીણી દશા હતી, ભાવ્ય થતું એ સ્વભાવને અનુસરીને તે ભાવ્યનો નાશ થાય છે. એમ '**કાય મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં...**' એમ કહ્યું. વિસ્તાર કરવો. આહા..હા..! સંસ્કૃત ટીકામાં છે. અને પાંચ ઈન્દ્રિય લેવી. આહા..હા..! '**શ્રોત,...**' ઈન્દ્રિય એને અનુસરીને જે હીણી દશા ભાવની થતી તેટલો અંતર અણીન્દ્રિયનો આશ્રય લઈને તેટલું ભાવ્ય ટળે એને ભાવ્યભાવકનો સંબંધ છૂટી જાય છે. આહા..હા..! આવું સ્વરૂપ છે, ભાઈ!

ભગવાનના માર્ગમાં તો સમય-સમયના જ્ઞાનના, દર્શનના ગુણના પર્યાયને સ્વતંત્ર ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? એ ઉગ્રપણે ન પરિણમે એ પણ પોતાને કારણે. ઉગ્રપણે પરિણમે નિર્મળપણે એ પોતાને કારણે. સમય સમયનો જે કાળે જ્યાં જેનો પર્યાય જે થવાનો તેને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આવે છેને? નિશ્ચય-વ્યવહાર અધિકારમાં. આત્મવલોકન. ચિદ્‌વિલાસ, આત્મઅવલોકન દીપચંદજીનું કરેલું છેને? આત્માવલોકન. આત્માવલોકન છે અહીં? ચિદ્‌વિલાસમાં છે ઈ, પણ આમાં આત્માવલોકનમાં છે. છે ખરું ક્યાંક. આમાં

સર્વથા શબ્દ બહુ આવે છે. નીચે છેને નીચે ક્યાંક છે. છે જુઓ. એ આ તમારું કરેલું. તમારાથી છપાણું છેને ત્યાં. ઓલા પંડિત. શ્રેયાંસપ્રસાદને? આ તમારી જ છે મોઢા આગળ ટીકા. 'અવરું જો જિસકાલ વિષે જૈસી જો હોતી હૈ ત્યોંહી .. જો હોય સો ભી નિશ્ચય કહીએ.' જે દ્રવ્યની પર્યાય જે સમયે જે પ્રકારે પોતાને કારણે થઈ, થવાની, થઈ છે તેને નિશ્ચય કહેવામાં આવે છે. છે? ચિહ્ન કર્યું છે ત્યાં. 'અવરુ...' એટલે હવે અનેરું 'જિસ કાલ વિષે જૈસી જો હોની હૈ ત્યોંહી જો હોય તો ભી નિશ્ચય કહીએ.' આ આત્માવલોકન. વાંચ્યું છે કે નહિ તમે? ક્યાં નવરાશ ક્યાં છે વેપાર આડે! આ આત્માવલોકન છે દીપચંદજીનું. બહુ સરસ છે. એ તો શેઠને કહ્યું. મંત્રી છેને ત્યાં. મંત્રી ને બધું એ જ છેને ત્યાં તો. રામજીભાઈ તો અહીં રહે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! તે સમયે, તે દ્રવ્યની તે સમયે જે પર્યાય જે પ્રકારે થવાની છે તે થશે. એની સ્વતંત્રતાને કોઈ નિમિત્ત દખલ કરે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં લેવું. મન, વચન અને કાયાની વખતે પણ જે પર્યાયની ભાવ્ય દશા હતી એને સ્વભાવને આશ્રયે ટાળી નાખી એ પણ એનો સમય એ કાળ હતો. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણું સંકેલ્યું છે આચાર્યે. પાઠમાં છેને જુઓને. '**कर्मनोकर्ममनोवचनकायसूत्राण्येकादश पञ्चानां श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणामिन्द्रियसूत्रेण पृथग्व्याख्यातत्वाद्व्याख्येयानि।**' પૃથક્ વ્યાખ્યાન કરવું. સંસ્કૃતમાં છે. આહા..હા..! એમ પાંચેય ઇન્દ્રિય તરફની જે ભાવ્ય, અણીન્દ્રિય એના તરફમાં જતાં જે અણીન્દ્રિયનો ભાવ અલ્પપણે વ્યક્ત થતો નહોતો એ ભાવ્ય અને આ બાજુ ઢળતાં તે ભાવ્યને ટાળે છે એથી એને ભાવ્યભાવકનો સંબંધ અને સંયોગ રહેતો નથી. આહા..હા..! પોપટભાઈ! આવો માર્ગ છે. પડિક્કમણા કરવા જતાને તો ભેગા હતા. નહિ? એમ ભેગા. અમે પણ કરતાં, બાપુ! તમે શું! અમે પણ ત્યાં પડિક્કમણા કરતાં, ત્યાં પાલેજમાં. કાંઈ ખબરું ન મળે કાંઈ. વેપાર-ધંધા છોડી સાંજના આઠ દી પડિક્કમણાના હોય ઓલા શું કહેવાય? પર્યુષણના. બધા ભેગા થઈને પડિક્કમણું હું કરવાતો. ભગત કહેવાતો ને. મેં મોઢે કરેલું. કાંઈ ખબર ન મળે. હાંકે જાય ગડિયા, પડિક્કમણું બોલી જાય બસ. આહા..હા..!

અહીં તો કહે છે પ્રતિ એટલે જે કાંઈ ચીજ નિમિત્ત છે તેના તરફ આ વલણવાળી પોતાની યોગ્યતાને કારણે હતી એને સ્વભાવને યોગ્યતાનો આશ્રય લઈને તે ભાવ થવા દેતો નથી. આહા..હા..! લ્યો, એ બીજા પણ વિચારવા. એ સિવાય જેટલા અસંખ્ય પ્રકારના વિભાવ છે. જોયું! '**એમ સોળ સૂત્રો જુદાં-જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' જેટલા પ્રકાર અસંખ્ય પ્રકારના શુભ-અશુભભાવ. અનંત પ્રકારના અંશોની હીનતા અને ઉગ્રતા. આહા..હા..! એને બીજા પણ વિચારવાં. લ્યો.! આહા..હા..!

'**ભાવાર્થ :- ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃત્તિથી પોતાનો આત્મા ભાવ્યરૂપ**

**થાય છે તેને ભેદજ્ઞાનના બળથી જુદો અનુભવે...**' આહા..હા..! તેને તે તરફના વલણથી જુદો જાણે. આહા..હા..! '**તે જિતમોહ જિન છે. અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે.**' ઉપશમની વ્યાખ્યા છે આ. છોટાભાઈ! ઉપશમની વ્યાખ્યા છે.

**શ્રોતા** :- આદિમાં શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ઉપશમ ને ક્ષયોપશમ થાયને બધો એ પ્રકારનો.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ બધા ઈ છે. ક્ષયોપશમ આદિ એમ લેવું. એટલે ઉપશમ શ્રેણીમાં ક્ષયોપશમ થતો જાય છેને એટલો એટલો? શ્રેણી ભલે ઉપશમ છે, પણ ઉપશમ ભાવ ત્યાં થયો નથી હજી પૂરો. દસમા-બારમા ગુણસ્થાન સુધી ક્ષયોપશમભાવ ગણવામાં આવ્યો છે જ્ઞાન-દર્શનનો. સમજાણું? ખરેખર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયને ઉપશમ હોતો નથી. ઉપશમ તો એક મોહનો જ હોય છે. સમજાણું? ક્ષયોપશમ ચારેયનો હોય છે, ઉપશમ એકલો મોહનો હોય છે, ક્ષય ચારેયનો હોય છે, ઉદય ચારેયનો હોય છે. આ બધી ચર્ચાઓ તો અમારે સંપ્રદાયમાં થઈ ગયેલી. સમજાણું કાંઈ? પહેલાં ગુણસ્થાનથી બારમા સુધી ક્ષયોપશમભાવ હોય. ઉપશમભાવ ચોથેથી સમકિત શરૂ થાય તો અગિયારમાં સુધી હોય અને ક્ષયોપશમ પહેલેથી બાર સુધી હોય અને ક્ષાયિક ચોથેથી ચૌદ સુધી હોય. આહા..હા..! એવી વાત છે. એ છોકરા શીખતાને ત્યારે આ બધું. ૬૮ની વાત છે ૬૮. સંવત્ ૧૯૬૮. ત્યારે તો જન્મ પણ નહિ હોય તમારો, કામાણી! કેટલા વર્ષ થયા? ૬૪ વર્ષ થયા લ્યો! આહા..હા..!

કર્મનો ઉદય પહેલેથી ચૌદ સુધી, સામાન્ય તરીકે. ઘાતિનો ઉદય પહેલેથી બાર સુધી. ક્ષયોપશમ ઘાતિનો પહેલેથી તે બાર સુધી. ક્ષાયિક ચોથેથી તે ચૌદમા સુધી ક્ષાયિકભાવ છે. સમકિતનો છેને ક્ષાયિક. પારિણામિકભાવ દરેક જીવને સદાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા વીતરાગમાર્ગ સિવાય ક્યાંય આ વાત છે નહિ. વસ્તુનું સ્વરૂપ છે, બાપુ! ગંભીર છે. આહા..હા..! અહીં આવશે.

'**અહીં મોહને જીત્યો છે; તેનો નાશ થયો નથી.**' ક્ષય નથી કર્યો. ઉપશમ થયો છે. જેમ પાણીમાં મેલ હોય એ પાણી ઠરે એટલે મેલ નીચે બેસી જાય અને ઉપર પાણી નીતરી જાય. એમ વિકાર છે તે દબાઈ જાય, ક્ષય ન થાય એને ઉપશમ કહે છે. ક્ષય થવાની વ્યાખ્યા હવે કહે છે.

'**હવે, ભાવ્યભાવક ભાવના...**' ઓલો સંકર હતો. બેમાં સંકર હતું. ૩૧માં ભાવક અને ભાવ્યની એકતા હતી એ સંકરદોષ હતો. ૩૨માં ભાવ્યભાવકની એકતાની એકતા નથી,

પણ ભાવ્યભાવકના સંબંધરૂપે એકતા હતી, સંબંધ હતો સમકિતીને પણ અને આમાં હવે ભાવ્યભાવકનો ક્ષય કરે છે, એનો અભાવ કરે છે, સંકર-ફંકરનો નહિ. '**ભાવ્યભાવક ભાવના અભાવથી...**' ભાષા દેખો! વિકારી પર્યાયની યોગ્યતાનો ભાવ્ય અને કર્મનો ભાવક એવો જે ભાવ '**ભાવ્યભાવક ભાવના અભાવથી નિશ્ચયસ્તુતિ કહે છે :-**' આહા..હા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છેને બાપુ! બહુ ઝીણો છે. એમ ને એમ ઉપરથી માની લે તો એને વસ્તુ હાથ નહિ આવે. આહા..હા..!

શું કીધું એ? આત્મામાં થતી વિકારી આદિ યોગ્યતાનું ભાવ્ય અને કર્મનું નિમિત્ત તે ભાવક, બે વચ્ચેનો જે ભાવ એનો અભાવ. ઓલામાં અભાવ નહોતો, ઉપશમ કર્યું હતું-દાબ્યું હતું. સમજાણું કાંઈ? આમાં હવે અભાવ-ક્ષય કરે છે. ૩૩. જુઓને! બેય ત્રગડા આવ્યા છેને.

**जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।**
**तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।**
**જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,**
**નિશ્ચય વિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

એટલે પહેલું જે કર્યું ૩૨માં એ જીવને, એમ.

સવારમાં વાત એવી હતી. પંડિતજી! સાંભળવા જેવી હતી, પણ તમે ન આવ્યા. સવારમાં સારી વાત હતી. અમારા રામજીભાઈ તો.. રામજીભાઈએ એમ કહ્યું, કાલે ફરીને લેવું, પંડિતજી આવે ત્યારે. એમ કહ્યું હતું. વાત એવી હતી થોડી. ૬૮ ગાથા. ૬૮ને ચાલે છે એ? ૫૩ ગાથા નિયમસારની અને પંચાસ્તિકાયની ૧૪૮ ગાથા—ત્રણનો મેળ કર્યો હતો એ વખતે. જરી ઝીણો છે આવશે પછી. આહા..હા..!

'**ટીકા :- આ નિશ્ચયસ્તુતિમાં,...**' નિશ્ચય નામ સ્વભાવના ગુણની શુદ્ધિની વિકાસ દશામાં '**પૂર્વોક્ત વિધાનથી...**' પૂર્વે ૩૨માં કહ્યું તે '**આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી,...**' નાશ નથી કર્યો. તિરસ્કાર કર્યો એટલે ઉપશમ કર્યો છે. આ ૩૨મી ગાથાની સંધિ કરે છે. '**આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી, જેવો (પૂર્વે) કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો,...**' હવે એની વાત કરે છે.

**શ્રોતા :-** આઠમા ગુણસ્થાનની વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આગળ ઉપશમશ્રેણી. ઉપશમશ્રેણી થઈ છેને. હવે ઉપશમ કર્યો છે એ જીવ પાછો ક્ષાયિક કરે છે નીચે ઉતરીને. આવે છે ઈ.

તેરમું ગુણસ્થાન કેવળજ્ઞાન તો સ્તુતિનું ફળ છે અને આ સ્તુતિ છે તે સાધકભાવની પર્યાય છે. સમજાય છે કાંઈ? તેરમે સ્તુતિ ન હોય, બારમા સુધી સ્તુતિ હોય. કારણ કે

સ્તુતિ ભગવાન ગુણની એકાગ્રતા છે અને કેવળજ્ઞાન તો પૂર્ણ દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું કાંઈ બહાર ન ચાલે. બહાર રહેવું હોય બે-ચાર દી, આઠ દી એમાં આવું માંડે તો ક્યાં... આહા..હા..! વસ્તુ એવી છેને ભાઈ!

જ્યારે જીવ '**પૂર્વોક્ત વિધાનથી...**' ઇન્દ્રિયને જીતીને અણીન્દ્રિયનું જ્ઞાન અને ભાન થયું, પછી પણ કર્મના નિમિત્તને અનુસરીને ભાવ્ય જે થતો એને પણ ઉપશમ કર્યો એટલે દાબ્યો. નાશ નહોતો કર્યો. જુઓ છે? '**અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો, તેને જ્યારે...**' આહા..હા..! '**પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી...**' જુઓ શું કીધું? ઉપશમ શ્રેણીમાં પુરુષાર્થ મંદ છે અને ક્ષપકમાં પુરુષાર્થ ઉગ્ર છે, કર્મને લઈને એમ વાત અહીં નથી. સમજાણું કાંઈ? શું કહ્યું જુઓ! જે જિતમોહ થયો, પોતે ઉપશમભાવ પ્રગટ કર્યો, તેમાં કર્મને દાબ્યું છે, નાશ નથી કર્યો. આહા..હા..! એવી શૈલી લીધી છે. એ જીવ જ્યારે થયો '**તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવના...**' સ્વભાવભાવ એ ત્રિકાળી વસ્તુ, એની '**ભાવનાનું સારી રીતે અવલંબન...**' આહા..હા..! '**સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી...**' એટલે ખરેખર તો ત્રિકાળી સ્વભાવની ભાવના ઉગ્ર થઈ ગઈ. આહા..! જે ભાવનામાંથી કર્મનું ઉપશમપણું થતું એ પુરુષાર્થ મંદ હતો અને એ ભાવના હવે વધારી. અંદર ઉગ્ર આત્માના આશ્રયમાં ઉગ્રપણાની ભાવના કરી, આહા..હા..! કે જેમાં કર્મનો ક્ષય થઈ જાય. આહા..હા..! ક્ષયની યોગ્યતા તો એનાથી છે, પણ ક્ષયની યોગ્યતા ક્યારે એનામાં હોય કે જ્યારે સ્વભાવ તરફનો ઉગ્ર પુરુષાર્થ છે. એ છે, જુઓ!

'**પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન...**' ખરેખર તો ત્રિકાળીનું ઉગ્ર રીતે અવલંબન પુરુષાર્થથી, ત્રિકાળી જ્ઞાયકભાવમાં ઉગ્ર પુરુષાર્થથી અવલંબન. આહા..હા..! '**મોહની સંતતિનો...**' મોહ હતોને પહેલો મોહ, એના પ્રવાહનો '**અત્યંત વિનાશ...**' ક્ષય થઈ જાય છે પછી. આહા..હા..! એ તો નિમિત્તથી કથન કર્યું છેને. ઓલામાં કહ્યુંને ભાઈ? ચાર કર્મનો ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન થાય. પછી આપણે પંડિતજીએ લખ્યું છે એમાં તત્ત્વજ્ઞાન મિમાંસામાં કે કર્મના ક્ષયથી થાય એ તો અકર્મરૂપ પરિણમન થાય. પંડિતજી! કર્મનો પર્યાય છે એનો અભાવ થાય તો તો કર્મની પર્યાયનો અભાવ થઈને અકર્મ પર્યાય થાય. એમાં આત્માને શું? પોતાના ઉગ્ર પુરુષાર્થથી જ્યારે ક્ષાયિકભાવ કરે છે... તત્ત્વાર્થસૂત્રમાં આવે છેને છેલ્લે કે ચાર ઘાતિના ક્ષયથી, ક્ષયથી થાય. ચાર ઘાતિ થયા. એ તો નિમિત્તના કથન છે. સમજાણું કાંઈ? એ વખતે પર્યાય કર્મરૂપે નહિ રહેવાની હતી, અકર્મરૂપે થવાની હતી તે થઈ છે. એથી અહીં કેવળજ્ઞાન થયું છે એમ નથી. આહા..હા..! કેવળજ્ઞાન તો આત્માના સ્વભાવ સન્મુખની ઉગ્ર ભાવના, ચારેય કર્મનો નાશ થવાની લાયકાતથી તે કર્મ નાશ થઈ જાય છે. બીજી રીતે કહીએ તો ઉગ્ર પુરુષાર્થથી જે પર્યાયમાં મંદ પુરુષાર્થ હતો ઉપશમ કરવાનો એને

ઉગ્ર પુરુષાર્થથી મંદ પુરુષાર્થને ટાળી નાખ્યો. ઉગ્ર પુરુષાર્થ કર્યો. આહા..હા..! છે?

**શ્રોતા :-** ચોથા ગુણસ્થાથી અગિયારમા ગુણસ્થાન સુધી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધે મોહનો ઉપશમ છે. ઉપશમ કર્યો છે એટલો. ચોથેથી છે ને, પણ અહીં ઉપશમ શ્રેણી લીધી છે. અહીં ઉપશમ શ્રેણી લેવી છે. ચોથા પછી ઉપશમ લેવી છે. ૩૨માામાં ઉપશમશ્રેણી લેવી છે. ઉપશમ સમકિત એકલું નહિ. એ ઉપશમશ્રેણી લેવી છે આઠમે.

**શ્રોતા :-** આઠથી બાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આઠમેથી પછી બાર. બસ. ક્ષપક પછી થાય છે, અને તે પણ ઉપશમથી પાછો આવે ત્યારે. શ્રેણીમાં અગિયારમે ગયો ત્યાં ક્ષપક શરૂ થતું જ નથી. આહા..હા..! એ ત્યાંથી પાછો આવે છે ત્યારે ઉગ્ર પુરુષાર્થથી જ્યારે ક્ષય કરે છે એની વાત અત્યારે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાતું બહુ પણ ભારે. આ તો અભ્યાસ જોઈએ થોડો અંદર. અંતર આત્માની શું સ્થિતિ છે અને શું થાય છે. આહા..હા..! એમાં નિમિત્ત શું છે બસ એટલું. નિમિત્તથી એમાં કાંઈ થાય એવું કાંઈ છે નહિ. નિમિત્ત નિમિત્તના કાર્યમાં છે અને આત્માના પર્યાયનું આત્માના કાર્યમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો...**' જુદો. અન્યદ્રવ્યથી જુદો પરિપૂર્ણ ભગવાનનો '**અનુભવ કરવાથી જે જિતમોહ થયો,...**' જેણે રાગને દબાવ્યો, રાગનો ઉપશમ કર્યો. એ શ્રેણીની વાત છે ત્યાં. '**તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન...**' ઉપશમમાં સારી રીતે અવલંબન નહોતું. જ્ઞાયકભાવ એના તરફનું ઉગ્ર અવલંબન થવાથી '**મોહની સંતતિનો...**' મોહનો પ્રવાહ '**અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય**' આહા..હા..! સમજાણું કાંઈ?

આવી સ્તુતિમાંથી પાછા બીજું એવું કાઢે કે જોયું! આમાં નિશ્ચયસ્તુતિ પછી ભગવાનની સ્તુતિનો આમાં નિષેધ કર્યો છે. એ તો નિશ્ચય નથી એ, પણ એને અંદરમાં ઠરે નહિ ત્યારે શુભભાવની સ્તુતિ વીતરાગ પરમાત્માની આવ્યા વિના રહે નહિ. એય.. ...ભાઈ! આવું છે. એ તમારા સંપ્રદાયમાંથી કહે છે. લીલાવતી છેને? ઊંધુ મારે છે. ૪૦-૪૦ આર્જિકા.. લીંબડી જવાના. ત્યાં કોક દીક્ષા દેવા આવવાના છે. અરે..! દીક્ષા કેવા? મિથ્યાત્વભાવ છે ત્યાં. આહા..હા..! શું થાય? રાગના કર્તા અને રાગ કરીએ છીએ, શરીરની ક્રિયા અમે કરીએ છીએ. આહા..હા..! આસ્રવનો કર્તા અને અજીવનો કર્તા. હવે એને સમકિત નથી ત્યાં દીક્ષા કેવી? સમજાણું કાંઈ? શું થાય? જગત લુંટાણું છે ધર્મને નામે.

'**વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય-એમ ભાવકરૂપ મોહ...**' જોયું! ભાવકરૂપ જે નિમિત્ત મોહ '**ક્ષીણ થાય,...**' છે. નાશ થઈ જાય છે. '**ત્યારે (ભાવક મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે...**' જોયું!

આત્માના વિભાવરૂપ જે ભાવ્યભાવ હતો એનો પણ અભાવ થાય છે. શું કીધું ઈ? '**ભાવકરૂપ મોહ ક્ષીણ થાય,...**' જે નિમિત્ત છે તેના તરફનું વલણ છૂટી ગયું છે અને આ બાજુ ઉગ્ર પુરુષાર્થનું અવલંબન લીધું છે તેથી મોહનો ક્ષય થાય ત્યારે '**આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે...**' આહા..હા..! '**અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી...**' સ્વભાવમાં એકાકારપણું થવાથી '**ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો...**' લ્યો! અહીં આવ્યો. આહા..હા..! પરમાત્મા પોતે તેને ક્ષીણ ગુણસ્થાને પ્રાપ્ત થયો. આ પરમાત્મા હોં! આહા..હા..! છે?

એક સ્વરૂપમાં એકાગ્રતા અંદરમાં થઈ એથી તે ક્ષીણમોહ ગુણસ્થાનમાં પરમાત્મપણાને પ્રાપ્ત થયો. તે તેની ત્રીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ વીતરાગ છે એટલે એના નામા ઉકેલવા કઠણ છે. આત્માવલોકનમાં લખ્યું છે, કહ્યું છે એમાં કે ભગવાનના આગમમાં વિધિનું પણ સ્થાપન છે અને અવિધિની પણ ઓળખાણ આપી છે. રાગાદિ અવિધિ છે અને નિર્મળ પર્યાય થાય તે એની વિધિ છે. પણ અવિધિનું પણ વર્ણન બાર અંગમાં આપ્યું છે. એમ કહ્યું છે આમાં. દીપચંદજીનું કરેલું છે. તમારા તરફથી છપાણું છેને? આહા..હા..! કહો, '**આ ત્રીજી નિશ્ચયસ્તુતિ છે.**' પરમાત્માને પ્રાપ્ત થયો. આહા..હા..! વીતરાગભાવ પ્રગટ થઈ ગયો. હજી કેવળજ્ઞાન નથી. કારણ કે આ તો સ્તુતિ છેને.

**શ્રોતા** :- એ જ પરમાત્મ ... છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બારમા ગુણસ્થાનની દશા પરમાત્મા. આહા..હા..! તેથી કહે ને '**ક્ષીણમોહજિન કહેવાય છે.**' એમ કહ્યું છે ને? જુઓને! ઓલો જિતેન્દ્રિયજિન હતો, પછી ઉપશમરૂપે જિન હતો, આ ક્ષયરૂપ જિન. આહા..હા..! આ સ્તુતિ છેને? એના ફળરૂપ કેવળજ્ઞાન પરમાત્મા પ્રાપ્ત થાય એમ નથી આ. અહીંયાં તો મોહના તરફના વલણને ઉગ્રપણાના પુરુષાર્થથી ટળ્યો એટલે પરમાત્મસ્વરૂપ વીતરાગસ્વરૂપ પ્રગટ થઈ ગયો. હજી કેવળજ્ઞાનની વાર. હજી પછી. એ તો એનું ફળ છે. આ પુરુષાર્થની ઉગ્રતા. એટલે? કે આત્માનું સ્વરૂપ જ વીરતાગી પિંડ છે. સમજાણું? કહ્યું હતુંને? મુનિ એવા હોય છે, મુનિ એને કહીએ, સાધુ એને કહીએ જૈનના કે જે જૈનના સાધુ વીતરાગી સ્વરૂપ ભગવાન આત્મા એની વીતરાગભાવની જ પ્રતિષ્ઠાનો ઉપદેશ આપે. છે આમાં, છે, ત્રીજો શ્લોક.

वियरायं वियरायं, जियस्य णिय ससरुओ वियरायं।
मुहु मुहु गणदि वियरायं, सो गुरुपयं भासादि सया।।३।।

ગુરુપદ એને કહીએ. જૈનના ગુરુ એને કહીએ કે '**જીવનું નિજસ્વરૂપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે.**' દીપચંદજીના કરેલા શ્લોક છે, આત્માવલોકન. ફરીને. ઠીક કર્યું છે. ઠીક કર્યું છે, ચીમનભાઈ! '**જીવનું નિજસ્વરૂપ**

જે છે તે વીતરાગ છે...' વસ્તુનું સ્વરૂપ જ વીતરાગ છે. **'એમ વારંવાર જે કહે...'** કે આ સ્વરૂપ વીતરાગ છે તે પ્રગટ કરો, વીતરાગસ્વરૂપ, વીતરાગભાવ પ્રગટ કરો. છે? **'તે જ ગુરુપદવીએ સદા શોભે છે.'** આહા..હા..! વખત થઈ ગયો છે. એનો ભાવાર્થ કહેશે...
(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**મહા સુદ-૧૩, શુક્રવાર, તા. ૧૩-૦૨-૧૯૭૬,**
**ગાથા-૩૩, શ્લોક-૨૭, ૨૮**
**પ્રવચન નં. ૭૫**

૩૩ ગાથાનો ભાવાર્થ. ૧૬ બોલ લીધા હતા એમાં ૧૬ બોલ ક્ષયના લઈ લેવા.

**'ભાવાર્થ :- સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમભાવ વડે મોહને જીતી,...'** આ તો બીજી સ્તુતિથી વાત લીધી છે. પહેલી ત્રણ સ્તુતિમાં પહેલી સ્તુતિ ઈ છે કે સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કોને કહે છે? એમ પ્રશ્ન (થયો હતો). જેમ ભગવાનના શરીરનું વર્ણન કરવાથી ભગવાનનું સ્તવન થતું નથી તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરની સ્તુતિ ક્યા પ્રકારે થાય છે? નિશ્ચયથી. તો કહે છે, આ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભગવાનસ્વરૂપ જ આત્મા છે. આહા..! તેની દૃષ્ટિ કરીને તેની એકતા કરવી તે કેવળીની સ્તુતિ, ધર્મનું પહેલું પગથિયું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને જિન કહે છે.

ચૈતન્યસ્વરૂપ આત્મા અખંડ જ્ઞાયકસ્વરૂપ... એ પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ કે ભગવાનની ભક્તિનો વિકલ્પ ઊઠે છે એ તો પુણ્ય છે, એ ધર્મ નહિ. ભગવાનની ભક્તિ, જાત્રા, દયા, દાન આદિના ભાવ, વ્રત, પૂજા, તપના ભાવ એ બધો શુભરાગ છે, એ પુણ્યબંધનું કારણ છે, એ વાસ્તવિક આત્માની ધર્મદશા નથી તેથી આત્માની વાસ્તવિક સ્તુતિ નથી. સમજાય છે કાંઈ? આવી વાત. વાસ્તવિક સ્તુતિ પહેલી, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પરમપવિત્ર આનંદધામ ભગવાન, આત્મા હોં આ, એની સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયથી વિમુખ થઈને... પર્યાયબુદ્ધિ છોડાવવી છેને. આહા..હા..! વસ્તુ જે અખંડ જ્ઞાન ચૈતન્યકંદ પ્રભુ છે તેની દૃષ્ટિ કરી અનુભવ કરવો, આહા..! તેનું નામ ધર્મનું પહેલું પગથિયું કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

પછી સમ્યગ્દર્શન થયું, રાગથી ભિન્ન પડી ચૈતન્યની અનુભવદશા થઈ. એમ થવા છતાં તેને હજી રાગ, કર્મનો ઉદય આવે છે તો તે તરફના ઝુકાવથી પોતામાં કર્મ નિમિત્ત ભાવક

અને પોતામાં થનારો વિકાર એ ભાવ્ય. આહા..! એ ભાવ્યભાવકમાં જે એકત્વ સંકર હતો, સંયોગ હતો, સંબંધ હતો એ બીજી સ્તુતિમાં તોડી નાખ્યો. એ તરફ કર્મના ઉદય તરફનું લક્ષ છોડી પોતાના સ્વભાવ સન્મુખ થઈને કર્મના ઉદયમાં જોડાણ ન કર્યું અને પોતાના સ્વભાવમાં જોડાણ કર્યું એ ધર્મની બીજી સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અને ત્રીજી સ્તુતિ ૩૩ ગાથામાં કહી. બીજી સ્તુતિમાં તો કર્મનો જે ઉદય આવે છે તેને જીત્યો, દબાવ્યો, ઉપશમભાવ કર્યો, પણ ઉદયનો નાશ ન કર્યો. એ ત્રીજી સ્તુતિમાં નાશ કર્યો. પ્રથમ સ્તુતિમાં તો આનંદનો અનુભવ થયો. પછી પર્યાયમાં કર્મના નિમિત્તના પ્રસંગમાં જતા વિકારી ભાવ્ય થતું, એ ભાવ્યને દબાવ્યો. ભાવ્યને દબાવીને ઉપશમભાવ પ્રગટ કર્યો. એ બીજી સ્તુતિ. ત્રીજીમાં પ્રબળ પુરુષાર્થથી.. જે બીજી સ્તુતિમાં સ્વભાવ સન્મુખ પુરુષાર્થ હતો, પણ મંદ હતો અને ત્રીજી સ્તુતિમાં પ્રબળ પુરુષાર્થ થયો. અંદર એકાગ્ર થવામાં ઉગ્ર પુરુષાર્થથી આત્માનો અનુભવ થયો તો ત્યાં રાગાદિનો તેણે નાશ કર્યો. અરે..! આવી વાતું. વીતરાગનો ધર્મ બહુ સૂક્ષ્મ! આહા..હા..!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપશમશ્રેણિ પછી ક્ષપક. પછી એ લીધી છે. પાછો પડીને, હોં! (ઉપશમ) શ્રેણિમાં ગયો તો ત્યાં રહીને ક્ષય નથી થતો, પણ પાછો પડીને સાતમા ગુણસ્થાને આવે છે પછી ક્ષપકશ્રેણિ માંડે છે. સમજાય છે કાંઈ? આ તો એટલું બધું સ્પષ્ટ કરવું નથી. વસ્તુ તો એમ છે. પોતાનું સ્વરૂપ અખંડ આનંદકંદ પ્રભુ ભગવાનસ્વરૂપ જ આત્મા છે. પરમાત્મસ્વરૂપ, વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા તો છે, અનાદિનો છે. પર્યાયમાં ન હોય એ બીજી વાત. વસ્તુ તો અનાદિની વીતરાગસ્વરૂપ જ છે. જિનસ્વરૂપ. જિન સો હી આત્મા. આહા..! વિકલ્પ આદિ ઊઠે છે એ અન્ય સો હી હૈ કર્મ. યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ. ત્યાં તો શ્રીમદ્ે એમ કહ્યું છે, 'કર્મ કટે જિન વચનસોં' એ શબ્દ લીધો છે. આહા..! જિનવચન નામ જિન વીતરાગી ભાવ. કર્મ કટે વીતરાગભાવસે. રાગભાવથી કર્મબંધ કપાય નહિ, એ તો પુણ્યબંધનું કારણ છે. કર્મ કપાય વીતરાગભાવથી તો વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા છે, એકલો અકષાય સ્વરૂપનો કંદ આત્મા તો છે. આહા..હા..! એમાં દૃષ્ટિ કરીને અનુભવ થાય એ પ્રથમ સમ્યગ્દર્શનની પ્રથમ સ્તુતિ કહેવામાં આવે છે, આત્માની સ્તુતિ.

પછી રાગના ઉદયમાં જ્યારે પોતાના પુરુષાર્થની નબળાઈથી ઉદયમાં જોડાણ હતું, એ જોડાણ નહિ કરીને પોતાના સ્વરૂપ તરફ પુરુષાર્થની... ક્ષય જેટલો પુરુષાર્થ નહિ, પણ પુરુષાર્થ કરીને રાગને દબાવ્યો-ઉપશમ કર્યો એ ઉપશમશ્રેણિ છે. આઠમે ગુણસ્થાનથી. ઉપશમશ્રેણિ થઈ તો એમાંથી અગિયારમે જાય તો ત્યાં ક્ષાયિક (દશા) નથી થતી. પાછો પડી સાતમે આવે છે અને પુરુષાર્થની ઉગ્રતાથી જે રાગને ઉપશમ કર્યો હતો તેને પોતાની ઉગ્રતાથી રાગનો

નાશ કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'સાધુ પહેલાં પોતાના બળથી..'** એ બીજી સ્તુતિની વાત લીધી છે. **'ઉપશમભાવ વડે મોહને જીતી,...'** જીત્યો છે, નાશ નથી કર્યો. **'પછી જ્યારે પોતાના મહા સામર્થ્યથી...'** જુઓ, આહા..! કામ તો ત્યાં પુરુષાર્થનું જ છે. **'પોતાના મહા સામર્થ્યથી...'** અપ્રતિહત વસ્તુ.. વસ્તુ જ અપ્રતિહતસ્વરૂપ છે. એનો અપ્રતિહત પુરુષાર્થ એવો કર્યો કે **'મોહનો સત્તામાંથી નાશ કરી...'** આહા..હા..! એ પણ ઉપદેશનું કથન છે. બાકી તો પોતે ઉગ્ર પુરુષાર્થમાં આવ્યો તો મોહનો નાશ તેને કારણે થઈ જાય છે. ભાષા એમ છે, મોહનો નાશ કરી. ભાષામાં તો એમ સમજાવેને.

**'જ્ઞાનસ્વરૂપ પરમાત્માને...'** આ પરમાત્મા આત્મા. એક સમયની પર્યાય વિનાનું એનું પરમસ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે, સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે, જ્ઞસ્વભાવ છે. એકલો પરિપૂર્ણ જ્ઞ સ્વભાવ, તેને અહીંયા પરમાત્મા કહે છે. પોતાનો આત્મા, હોં! અહીંયા. પર આત્મા ભગવાનની અહીં વાત નથી. આહા..હા..! **'જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય ત્યારે તે ક્ષીણમોહજિન કહેવાય છે.'** ત્યારે તેને બારમા ગુણસ્થાનવાળા રાગનો ક્ષય કર્યો તો ત્રીજા નંબરની સ્તુતિ (કહેવામાં આવે છે). ત્રીજા નંબરની એટલે છે તો ઊંચી, પણ પહેલી, બીજી અને ત્રીજાની અપેક્ષાએ ત્રીજી. છે તો ત્રીજી ઊંચી. સમજાય છે કાંઈ? પહેલી ઊંચી, બીજી નીચી અને ત્રીજી એનાથી નીચી એમ નથી અહીંયા. કથન શી રીતે કરવું? આહા..હા...!

અખંડ આનંદનું ધામ પ્રભુ, એનો અનુભવ કરીને સમ્યગ્દર્શન કર્યું ત્યારે ધર્મની શરૂઆત થઈ; પણ હજી ધર્મની પૂર્ણતા પ્રગટ નથી તેથી જ્યારે રાગને મંદ પુરુષાર્થથી ઉપમશ કરે છે, દ્વેષાદિ બધાને, તો ઉપશમશ્રેણિ થાય છે. પછી સ્વરૂપમાં સ્થિરતા એટલી ઉગ્ર (કરે છે).. જે સ્વરૂપ છે તે અપ્રતિહત છે. સ્વરૂપ જ અપ્રતિહત છે. એનો પુરુષાર્થ અપ્રતિહત કરીને રાગાદિનો ક્ષય થાય છે તો ક્ષીણ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે તો એ ત્રીજા નંબરની સ્તુતિ થઈ. એનું ફળ છે કેવળજ્ઞાન. સમજાય છે કાંઈ?

કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહે છે? એ પ્રશ્ન છે. તો કહે છે, કેવળજ્ઞાનીની સ્તુતિ એને કહે છે કે કેવળ જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાનું સ્વરૂપ, જ્ઞાતા-દૃષ્ટાનો ભંડાર ભગવાન આત્માનો, એ તરફનો ઝુકાવ અને સત્કાર, જે અનાદર હતો એનો કર્યો સત્કાર. એમાં આગળ આવશે. अत्यन्त उच्छादितायाम છેને ભાઈ? બીજી કડી નહિ. अत्यन्त उच्छादितायाम. ટીકાકાર રાજમલે કહ્યુંને કે આત્મા રાગ અને પુણ્ય-પાપના વિકલ્પની એકતામાં મરણતુલ્ય થઈ ગયો હતો. કહ્યું હતુંને એકવાર, उच्छादितायाम છેને. બીજી કડી, હજી તો આ કડી નહિ, એના પછીની કડી. (સમયસાર કળશ-કળશ-૨૮).

**'ઉચ્છેદવામાં આવે છે. જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે...'** નિધિ-

નિધિ, લક્ષ્મી. કરોડ-કરોડના હીરા હોય એવો આખો ચરુ ભર્યો હોય હજાર, બે હજાર, પાંચ હજારનો ઢાંકેલો. ઢાંકેલો હતો તેને ખોલી નાખ્યો. ઢાંકેલો તો નહોતો. ... એમ ભગવાન આત્મામાં રાગની એકતા હતી ત્યારે તો આત્મા નહોતો, ત્યારે તો રાગ જ હતો. આહા..હા..! રાગની આડમાં આત્મા છૂપાઈ ગયો હતો તો એમ કહ્યું કે '**પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' હિન્દીમાં 'મરણકો પ્રાપ્ત હો રહા થા.' આ શબ્દ છે રાજમલની ટીકાના. આહા..હા..! એનો અર્થ શું? આખી જ્યોત, ચૈતન્યજ્યોત આખી પડી છે, પૂર્ણાનંદ પ્રભુ, પણ એનો પ્રેમ છોડીને જેને શુભરાગ અને અશુભરાગનો પ્રેમ થયો તો આત્મા મરણતુલ્ય થઈ ગયો, જાણે આત્મા છે જ નહિ. નવરંગભાઈ! સમજાય છે કાંઈ? બસ! એને તો રાગનું જ અસ્તિત્વ ભાસે છે. રાગ મારો છે ને રાગ મારો છે ને રાગ હું છું ને રાગ મારું કર્તવ્ય છે. રાગ વિનાનો આખો આત્મા તેની જીવનજ્યોતનો અનાદર કરીને રાગને જ પોતાનો માનતો હતો તો એ આત્મા મરણતુલ્ય થઈ ગયો. આહા..હા..! અહીં એ વાક્ય છે.

'**તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...**' તીર્થંકર સર્વજ્ઞદેવ પરમેશ્વરનો ઉપદેશ એમ આવ્યો કે પ્રભુ! તું તો આનંદકંદ દ્રવ્યસ્વભાવ પરમાત્મા મારી ચીજ જે પર્યાયમાં પ્રગટ થઈ છે, એવો જ તારો આત્મા છે. આહા..હા..! એ તીર્થંકર સિવાય આવી કથનશૈલી બીજે ક્યાંય હોતી નથી. મારી ભક્તિ કરો તો કલ્યાણ થાશે, એમ નહિ. તારો આત્મા જ મારા જેવો છે. આહા..! ભગવાનનો ઉપદેશ મળ્યો. આહા..હા..! અલ્પ પર્યાયમાં તું તને માને છે અને રાગમાં માને છે એ તું નહિ. તું તો પૂર્ણાનંદ સ્વભાવ ભગવાન છો. ભગ નામ અનંતી લક્ષ્મીનો વાન તારું રૂપ છે, એ તારું સ્વરૂપ છે, એમ જાણીને જે મરણતુલ્ય થઈ ગયો હતો એ જીવતી જ્યોત થઈ ગઈ. ઓહો..! હું તો જ્ઞાયકસ્વરૂપ છું. રાગ મારામાં નથી અને રાગથી મને લાભ નથી. આહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ ભાઈ! બહુ (આકરો). વાણિયાને નવરાશ નહિ. કલાક સાંભળવા જાય. જે માથે કહે ઈ દીધે જાય. ભગવાનજીભાઈ! પૈસા રળવામાં ધ્યાન રાખે બરાબર ચોવીસ કલાક. આહા..હા..!

સચિત્ સચ્ચિદાનંદ પ્રભુ, સચેત સચ્ચિદાનંદ પ્રભુ. આત્મા સચેત જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા. એવો સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પૂર્ણ ભગવાન તુલ્ય, ભગવાન જ છે. ભગવાને એમ કહ્યું. અરે..! પ્રભુ! તું અલ્પજ્ઞ નહિ, રાગ નહિ, શરીર નહિ. તું એવી ચીજ છો જ નહિ. આહા..હા..! તો જે નહોતો, મરણતુલ્યનો અર્થ જાણે એનું જીવન જ નહોતું, એ રાગ જ હું છું એમ જે થયું હતું તો એ મરણતુલ્ય થઈ ગયો હતો. મિત્રસેનજી! આહા..હા..! તેને ભગવાનની વાણીએ, આહા..હા..! સજીવન કર્યો. સજીવન તો થયો ત્યારે સજીવન કર્યો એમ કહેવામાં આવે છે. આહા..!

હું તો જ્ઞાન અને આનંદની મૂર્તિ છું. ચિદ્રૂપો અહં. હું તો જ્ઞાનસ્વરૂપી તે હું આત્મા.

એનું જીવન-મારું જીવન જ આ છે. અથવા મારું ટકવું જ સ્વરૂપ ચિદાનંદથી છે. મારું ટકવું રાગથી અને નિમિત્તથી નથી. આહા..હા..! મરણને પ્રાપ્ત થઈ રહ્યો હતો. સમજ્યા? કોણ? આત્મા. '**તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...**' આહા..હા..! '**કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે.**' આમ દેવ-ગુરુ-શાસ્ત્ર માને, નવતત્ત્વ માને એમ નહિ. ચૈતન્યજ્યોત જ્ઞાયકમૂર્તિ પ્રભુ પૂર્ણાનંદ પૂર્ણજ્ઞાન, પૂર્ણશ્રદ્ધા, પૂર્ણશાંતિ એવી અનંત-અનંત ઈશ્વરશક્તિથી ઈશ્વરસ્વરૂપ પ્રભુનો અનુભવ થયો, રાગનો જે અનાદિથી અનુભવ હતો તેને છોડીને આત્માનો અનુભવ થયો ત્યારે એ સમકિત પામ્યો. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! અહીં તો હજી સમકિત કોને કહેવું એના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? અને સમકિત વિના વ્રત ને તપ ને કરવા મંડ્યા એટલે થઈ ગયા વ્રત, તપ. ધૂળેય નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એ મરણતુલ્યનું (કહ્યું).

અહીંયા કહ્યું, મોહનો સત્તામાંથી (નાશ કર્યો). પોતાની પૂર્ણ સત્તાની સંભાળ કરવાથી પર્યાયમાં સત્તામાં રાગ અને કર્મની સત્તા હતી, તેની પૂર્ણ સત્તાની સંભાળ કરવાથી એ કર્મની સત્તાનો નાશ થયો. આવો ધર્મ. સમજાય છે કાંઈ?

'**હવે અહીં નિશ્ચય-વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૨૭ને?

एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया-
न्नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-
न्नातस्तीर्थंकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।

આત્મઅંગ એટલે શરીર. શરીર અને આત્માનું એકત્વ તૂટી ગયું, એમ કહે છે. જુઓ અંદર શ્લોકાર્થ છેને.

'**શ્લોકાર્થ :- 'कायात्मनो'** કાયા એટલે શરીર અને '**આત્માને વ્યવહારનયથી એકપણું છે...**' એમ કહેવામાં આવતું હતું. શરીર, કર્મ, રાગ બધું શરીર છે. આત્મા અને શરીરને વ્યવહારનયથી એક ક્ષેત્રે રહેવાથી અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી એક છે એમ કહેવામાં આવતું હતું. '**પણ નિશ્ચયનયથી એકપણું નથી;...**' એક છે જ નહિ. ભગવાન ચૈતન્યજ્યોત તો રજકણ શરીરના પિંડથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? જેમ જળનો લોટો હોયને, તો લોટામાં જળ છે એ જળથી લોટો ભિન્ન છે અને લોટાથી જળ ભિન્ન છે. એમ આ કાશીઘાટનો લોટો છે. કાશીઘાટનો સમજો છો? લોટો હોયને? માથે આમ અને .. આ ચીજનો આકાર ભિન્ન છે અને અંદર જ્ઞાનરૂપી જળ એનો આકાર અને એનું સ્વરૂપ ભિન્ન છે. આહા..હા..!

એ શરીર અને આત્માને વ્યવહારનયથી એકત્વ કહ્યું હતું '**પણ નિશ્ચયનયથી એકપણું નથી;...**' '**वपुषः स्तुत्या नुः स्तोत्रं व्यवहारतः अस्ति**' '**માટે શરીરના સ્તવનથી**

**આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે,...**' બીજી રીતે કહીએ તો ભગવાન ત્રિલોકના નાથ એ પરવસ્તુ છે, એની સ્તુતિ એ શરીરની સ્તુતિ છે. વિકલ્પ આવે છે એને. આ આત્માની સ્તુતિ નહિ. આત્માથી પરચીજ અનાત્મા એ ભિન્ન છે. ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ રાગથી માંડી બધી ચીજ, ભગવાન તીર્થંકરો પણ આ આત્માથી ભિન્ન અનાત્મા કહેવાય છે. એ કળશ પહેલાં આવી ગયો આત્મા અને અનાત્માનો. એટલે કે આ આત્મા નથી એવા અનાત્માની સ્તુતિ કરે.. આહા..હા..! એ ચૈતન્યની સ્તુતિ નહિ પણ ચૈતન્યથી ભિન્ન શરીરની સ્તુતિ છે એટલે એ અનાત્માની સ્તુતિ છે. સમજાય છે કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજે છે પણ એની સ્તુતિ કરે છે તો એને રાગ થાય છે. કેમકે આ આત્મા એ નહિ, આ આત્માથી ભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીરની સ્તુતિ.. આ આત્મા નહિ. માટે એ અનાત્મા એટલે આ આત્મા નહિ એવી બીજી ચીજ. એના શરીરનું કે એના ગુણનું સ્તવન પણ પરલક્ષમાં જાય છે તો એ રાગનું જ સ્તવન થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** ભગવાનની સ્તુતિ એ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીરની સ્તુતિ છે એમ કહે છે. અમારી સ્તુતિ છે એ શરીરની છે, તારા આત્માની નહિ.

**શ્રોતા :-** શરીર તો છે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર છેને એને. અહીં આત્મા સિવાય બધાને અનાત્મા (કહે છે). આ જીવ નહિ એ અપેક્ષાએ બધાને અજીવ કહ્યા છે. આ બધી વાત ઘણી વાર આવી ગઈ છે, આ કંઈ નવી નથી. આ જીવસ્વરૂપ ભગવાન આત્મા .. છે. પોતાના દ્રવ્યથી આત્મા દ્રવ્યરૂપ છે, પણ પોતાના દ્રવ્યની અપેક્ષાથી બીજા દ્રવ્ય અદ્રવ્ય છે. બરાબર છે? આ દ્રવ્યની અપેક્ષાએ બીજા દ્રવ્ય અદ્રવ્ય છે. એની અપેક્ષાએ સ્વદ્રવ્ય છે, પણ આ દ્રવ્યની અપેક્ષાથી અદ્રવ્ય છે, આ ક્ષેત્રની અપેક્ષાએ તે અક્ષેત્ર છે. પોતાના કાળની અપેક્ષાથી પર અકાળસ્વરૂપ છે અને આ ભાવની અપેક્ષાએ અભાવસ્વરૂપ છે. એ વાત એવી છે, ભગવાન! ઝીણી વાત છે થોડી. થોડી આઘી વઈ ગઈ. આહા..હા..!

એ સ્વચતુષ્ટ આવે છેને ચૌદ બોલમાં? પાછળ ચૌદ બોલ આવે છે. સ્વચતુષ્ટયથી આત્મા છે, પરચતુષ્ટયથી નથી. પર પરચતુષ્ટયથી છે, પોતાના સ્વચતુષ્ટયથી એ નથી. ચૌદ બોલ આવે છે પાછળ. આહા..હા..! એમ આ ભગવાન આત્મા પોતાના સ્વભાવથી છે, પોતાના દ્રવ્યથી છે, પોતાના કાળથી છે, પોતાના ભાવથી છે. બીજી વાત છે થોડી. આહા..હા..! પોતાનું દ્રવ્ય... કળશટીકામાં આવી ગયું છે. કેટલામો છે? (૨૫૨). '**જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વકાળપણે અસ્તિ, સ્વભાવપણે અસ્તિ.**

**પરદ્રવ્યપણે નાસ્તિ, પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ, પરભાવપણે નાસ્તિ.**' હવે એનું લક્ષણ બતાવે છે. જરી સૂક્ષ્મ છે, સાંભળો!

'**સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...**' અવસ્થા એટલે મૂળ ત્રિકાળી તે સ્વકાળ. '**સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ.**' હવે '**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના...**' તે પરદ્રવ્ય છે. સૂક્ષ્મ લીધું છે. રાજમલની ટીકા. ૨૫૨ કળશ છે. સ્વદ્રવ્ય એટલે અખંડ નિર્વિકલ્પ પદાર્થ એ સ્વદ્રવ્ય અને એ સ્વદ્રવ્યમાં આ ગુણી અને ગુણ એવો ભેદ કરવો એ પરદ્રવ્ય. એ.. પાટનીજી! આ તો બધું ચાલી ગયું છે. ૨૫૨ જુઓ. '**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના...**' સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ. ભગવાન પૂર્ણાનંદ અભેદ એકાકાર તે સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એટલે.. આહા..હા..! છે? '**સવિકલ્પ ભેદકલ્પના...**' કલ્પના કરવી કે આ ગુણ અને ગુણી એવો ભેદ વિકલ્પ કરવો તે જ પરદ્રવ્ય. તો પછી આ આત્માની અપેક્ષાએ બીજા ભગવાન તો પરદ્રવ્ય છે જ.

'**પરક્ષેત્ર એટલે...**' જે પોતાનું ક્ષેત્ર કહ્યું હતું અસંખ્યપ્રદેશી એકરૂપ, હોં! અસંખ્ય ભેદ પણ નહિ. એ '**પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી પરપ્રદેશ...**' એ પરપ્રદેશ. અસંખ્ય પ્રદેશ એવો ભેદ કરવો એ પરપ્રદેશ. અંદરને અંદર. આહા..હા..! આ તો વસ્તુસ્થિતિ એવી છે. આ રાજમલે ટીકામાં નાખ્યું છે. '**પરક્ષેત્ર એટલે...**' છેને? '**તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી...**' વિકલ્પથી ભેદ કરવો કે આ અસંખ્ય છે એનું નામ પરપ્રદેશ છે-પરક્ષેત્ર છે. ઝીણું પડે. છે? અને '**પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...**' ત્રિકાળ વસ્તુ જે વસ્તુ એ સ્વકાળ. ત્રિકાળ વસ્તુ તે સ્વકાળ. '**તે જ અવસ્થાંતર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ...**' એક સમયની પર્યાય તે પરકાળ. અહીં તો ભઈ એકદમ જ્યારે નિશ્ચય હોય ત્યારે તો વસ્તુની આવી સ્થિતિ છે.

પહેલાં તો એમ લીધું કે પોતાની સ્વપર્યાય છે એ સ્વકાળ, સ્વદ્રવ્ય ગુણ-પર્યાયનો પિંડ એ સ્વદ્રવ્ય, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ એ સ્વક્ષેત્ર, એક સમયની પર્યાય સ્વકાળ અને ગુણ જે પોતાના છે એ સ્વભાવ. એ અપેક્ષાથી પરદ્રવ્ય, પરક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન છે. હવે પોતામાં ને પોતામાં ભેદ કરે છે. આહા..હા..! પોતાનું પૂર્ણસ્વરૂપ એકરૂપ નિર્વિકલ્પ વસ્તુ એ સ્વદ્રવ્ય અને કલ્પના ઊઠાવવી કે આ દ્રવ્ય હું, આ પર્યાય હું એવી કલ્પના કરવી તે પરદ્રવ્ય. અસંખ્ય પ્રદેશી એકરૂપ વસ્તુ એ સ્વક્ષેત્ર, એમાં કલ્પના કરવી કે આ અસંખ્ય ભેદ છે એ પરક્ષેત્ર, પરપ્રદેશ અને ત્રિકાળી વસ્તુ છે એ સ્વકાળ, એની એક પર્યાય છે એ પરકાળ. આહા..હા..! ભાઈ! આ તો જિનેન્દ્રનો માર્ગ, ભાઈ! એ સાધારણને સમજાય જાય એવો હોય તો અનંતકાળમાં સમજી ન લીધો હોત? સૂક્ષ્મ છે, પ્રભુ! આહા..હા..!

પર અરિહંતનો આત્મા, સિદ્ધનો આત્મા આ દ્રવ્યની અપેક્ષાથી અદ્રવ્ય છે. આ ક્ષેત્રની અપેક્ષાથી અક્ષેત્ર છે, આ કાળની અપેક્ષાથી અકાળ છે, આ ભાવની અપેક્ષાથી અભાવ છે. પણ પોતામાં ને પોતામાં ભેદ કરવો... આહા..હા..! પૂર્ણાનંદનો નાથ એનો સ્વકાળ છે, એકરૂપ ત્રિકાળ એ સ્વકાળ, એની એક સમયની પર્યાયનો ભેદ લક્ષમાં લેવો એ પરકાળ. છે? '**પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદકલ્પના,...**' શું કહે છે? સ્વભાવ જે છે ત્રિકાળી જ્ઞાયક એકરૂપ સ્વભાવભાવ. એમાં આ જ્ઞાન છે, આ દર્શન છે, એવો ભેદ કરવો તે પરભાવ છે. આત્મા સિવાય બધી પરવસ્તુ તો પરભાવ છે જ. પુણ્ય અને પાપના ભાવ એ પરભાવ, પણ ત્રિકાળી સ્વભાવ અભેદરૂપમાંથી ગુણના ભેદની કલ્પના કરવી એ પરભાવ છે. આહા..હા..! એવો માર્ગ છે, બાપુ! આહા..! એ દિગંબર સંતોની આ બધો પ્રવાહ-ધારા છે. એવી વાત ક્યાંય નથી. આહા..હા..! વસ્તુસ્થિતિ એમ છે, હોં! છે? જુઓ!

'**પરભાવ એટલે...**' એટલે શું કહે છે? અર્થાત્ '**દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ...**' ભેદરૂપ '**અનેક અંશ દ્વારા ભેદકલ્પના, તેને પરભાવ કહેવાય છે.**' આહા..હા..! ત્યાં પણ લીધા છે. નિયમસાર છેને? આ તો કળશટીકા છે. નિયમસાર છેને? ૫૦મી ગાથા. નિયમસારની ૫૦મી. ત્યાં તો એક સમયની નિર્મળ પર્યાય છે, કેવળજ્ઞાનની પર્યાય છે, સંવર, નિર્જરાની શુદ્ધ ચૈતન્યની પર્યાય છે તેને ત્યાં પરદ્રવ્ય કહ્યું છે. સમજાય છે કાંઈ? લેવું છે? ક્યાં છે? નિયમસાર ૫૦. નિયમસાર છેને?

'**શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.**' ભેદ. '**કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે.**' હેય છે. પોતાના ત્રિકાળી સ્વભાવરૂપ જે ભાવ તે અપેક્ષાથી તેને સ્વદ્રવ્ય કહ્યું અને એક સમયની પર્યાયને, તેનું ત્રિકાળ રૂપ નથી તેથી તેને પરદ્રવ્ય કહ્યું. પરદ્રવ્ય કહીને પરસ્વભાવ કહ્યો. પરસ્વભાવ કહીને હેય કહ્યું. આવો માર્ગ એટલે માણસને (કઠણ લાગે છે). છે? જુઓ! '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા, પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.**' એક સમયની પર્યાય છે તે પણ હેય છે સંવર, નિર્જરાની. નિશ્ચયમોક્ષમાર્ગ પણ હેય છે.

**શ્રોતા :-** .. માટે હેય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંશ છેને અંશ. જુઓ, '**શા કારણથી?**' હેય શા કારણથી? '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' નિર્મળ પર્યાય પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાથી એક સમયની પર્યાયને પરસ્વભાવ કહે છે. '**અને તેથી જ પરદ્રવ્ય છે.**' આહા..હા..! મૂળ પાઠ છે, હોં! 'पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं ' 'पुव्वुत्तसयलभावा' ક્ષયોપશમની સંવર, નિર્જરા, મોક્ષ આદિની પર્યાય એ 'परदव्वं परसहावमिदि हेयं'. કુંદકુંદાચાર્ય

પોતે પદમાં કહે છે. ટીકામાં એવો શબ્દ આવ્યો છે. ટીકામાં એમ લીધું કે પર્યાય જે નિર્મળ છે એ હેય છે. કેમ? કે પરસ્વભાવ હોવાથી. કારણ કે એ પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો પરમાત્મા ત્રણલોકના નાથની કથા છે, ભાઈ! આ કોઈ વાર્તા કથા નથી. આહા..હા..! એટલી ગંભીર વસ્તુ છે. આહા..!

ત્યારે સ્વદ્રવ્ય કોણ? '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' એ ચાર જ્ઞાનની પર્યાય પણ વિભાવગુણપર્યાય છે. '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ તે સ્વદ્રવ્ય તે જ એક ઉપાદેય છે. આહા..હા..! પર્યાયબુદ્ધિ કાઢી નાખવાની છેને. આહા..હા..! કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન નથી થતી. હવે પરદ્રવ્ય કેમ કહ્યું તેને સિદ્ધ કરે છે. પોતાની મોક્ષમાર્ગની પર્યાય પોતાના દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થઈ. હવે એ પર્યાયને પરદ્રવ્ય કેમ કહ્યું? પરભાવ, પરદ્રવ્ય અને હેયં. જેમ પોતા સિવાય બીજા આત્મા સર્વજ્ઞનો કે બીજા આત્મામાંથી પોતાની નિર્મળપર્યાય નથી આવતી અને નિર્મળપર્યાયમાંથી પણ નવી નિર્મળપર્યાય આવતી નથી. તેથી નિર્મળપર્યાયને પણ પરદ્રવ્યમાં નાખી દીધી છે. આહા..હા..! ઝીણું છે, ભાઈ! અહીંયા તો ઘણી વાર ચાલ્યું છે. અહીં કંઈ નવું નથી. નવા માણસને જરી (નવું લાગે). માર્ગ એવો છે, બાપુ!

ત્રિકાળ જ્ઞાયકભાવ એકલો આનંદકંદ જ્ઞાયકકંદ અખંડ જ્ઞાયકભાવ એ સ્વદ્રવ્ય અને એક સમયની નિર્મળ વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય એ પરદ્રવ્ય, પરભાવ. સ્વભાવની અપેક્ષાથી ત્રિકાળની અપેક્ષાએ પરભાવ, તેથી તે પરદ્રવ્ય, તેથી તેને હેય (કહ્યું છે). ત્રણ બોલ લીધા છે પાઠમાં. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો અંતરની વાતું. પર્યાયબુદ્ધિ છોડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવવાની વાત છે. આહા..! ચાહે તો મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ હો પણ એને જ દૃષ્ટિમાંથી છોડાવવી છે. આહા..હા..! એવો માર્ગ છે. વંચાઈ ગયું છે આ. ૨૫૨ કળશ છે, એમાં છે. કો'કને જોવું હોય તો પછી એમાં જોઈ લે. આંકડો લખી લેવો.

અહીં કહે છે, નિશ્ચયનયથી શરીર અને આત્મા એક નથી. '**માટે શરીરના સ્તવનથી આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે,...**' એનો અર્થ આ કહ્યો કે શરીરનું સ્તવન કહો કે ભગવાન સિવાય બીજા આત્મા કહો, કેવળી આ આત્મા સિવાય, એની સ્તુતિ પણ વ્યવહારસ્તુતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ છે. '**નિશ્ચયથી તો...**' '**निश्चयतः**' છે ને? '**तत्त्वतः तत् न**' નિશ્ચયનયથી તે સાચી સ્તુતિ નથી. આહા..હા..! '**નિશ્ચયથી તો ચૈતન્યના સ્તવનથી જ ચૈતન્યનું સ્તવન થાય છે.**' આહા..હા..! ચૈતન્ય જ્ઞાયકભાવ ધ્રુવ ત્રિકાળ ભાવ તેનો સત્કાર નામ તેના સ્વભાવ સન્મુખ થઈને જે દશા થાય તેનું નામ સાચી સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એક વાર અહીંયા પ્રશ્ન થયો હતો. મહાવીરકીર્તિ આવ્યા હતાને? મહાવીરકીર્તિ. પંડિતજી! મહાવીરકીર્તિ અહીંયા આવ્યા હતા. અહીંયા ઉતર્યા હતા. અમે સાંજે ભોજન કર્યા પછી ફરીએ

છીએને, તો ફરતા-ફરતા ત્યાં ગયા. બેઠા હતા. બીજા માણસો હતા. પછી એણે એમ કહ્યું. શ્વેતાંબરમાં એક 'શેત્રુંજય માહાત્મ્ય' નામનું પુસ્તક છે. આ શેત્રુંજય નહિ? 'શેત્રુંજય માહાત્મ્ય' પુસ્તક છે. એ કહે કે એમ આપણે દિગંબરમાં 'સમેદશિખર માહાત્મ્ય' એક પુસ્તક છે. એમ કહ્યું. ઠીક, કીધું શું છે એમાં? એમાં એમ લખ્યું છે કે સમેદશિખરના દર્શન કરવાથી ૪૯ ભવે એની મુક્તિ થઈ જાય છે, એમ કહ્યું. કીધું, એમ કોઈ કહે કે સમેદશિખરના દર્શનથી ૪૯ ભવે મુક્તિએ જાય, તો એ જૈનની વાણી નહિ, વીતરાગની વાણી નહિ. પછી જરીફરી ગયા. હા, હા. તમે કહ્યું પહેલું કે દર્શનથી થાય. સમેદશિખર શું ત્રણલોકના નાથના દર્શન કરે તો ભવનો અભાવ ન થાય. આ ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ એના દર્શન કરવાથી ભવનો અભાવ થાય છે, બીજું કોઈ ભવના અભાવનું કારણ નથી. સમજાય છે કાંઈ? એ બધા ગોટા. સાથે શું કહેવાય? પદ્મનંદિ.. શું કહેવાય? પદ્માવતીની મૂર્તિ સાથે રાખતા હતા. અરે..! ભગવાનની મૂર્તિ રાખે અને પદ્માવતીની, બેય સાથે રાખતા. અરે..! ભગવાન! શું કરે છે આ? ચાર દી રહ્યા હતા અહીં. ભાવનગરનું આમંત્રણ હોય તો જવાનો ભાવ હતો, પણ ભાવનગરમાં આમંત્રણ આપ્યું નહિ. અરે.. ભાઈ! અહીં તો સમેદશિખર નહિ પણ સાક્ષાત્ સમવસરણમાં પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે. ત્યાં ચૈતન્યજ્યોત કેવળી, એની સ્તુતિ કરવાથી પણ રાગ છે. કેમકે એ પરદ્રવ્ય છે. આ આત્માથી બીજા અનાત્મા છે. આહા..હા..! આવી વાત છે. આ તો શાંતિનું કામ છે, બાપા! આ કંઈ પંડિતાઈનું કામ નથી આમાં. આહા..હા..!

અહીં એ કહે છે, '**નિશ્ચયનયથી નહિ;...**' આત્મા સિવાય બીજા અનાત્માની સ્તુતિ, શરીરથી માંડી બધાની, એ નિશ્ચયસ્તુતિ નહિ. આહા..હા..! '**નિશ્ચયથી તો ચૈતન્યના સ્તવનથી...**' '**चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति**'. છેને સંસ્કૃત? '**श्चितो भवति चित्स्तुत्यैव सैवं**' છેને પાઠ? '**श्चितो भवति चित्स्तुत्यैव सैवं**' આહા..હા..! જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્યસ્વભાવ એની અંતર એકાગ્રતા થવાથી જે સ્તુતિ થાય છે તે સ્તુતિને ચૈતન્યની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..! ચિત્ સ્તુતિ છેને? '**चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति**'. ચૈતન્ય પોતાના પૂર્ણ સ્વભાવની એકાગ્રતાના સ્તવનથી જ ચૈતન્યનું સ્તવન થાય છે. આહા..હા..! પરદ્રવ્યની સ્તુતિ ભગવાનની પણ નહિ પણ પોતાની એક સમયની પર્યાયના-પરદ્રવ્યના પણ વખાણ કરવા એ પણ ચૈતન્યની સ્તુતિ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! આહા..!

'**सा एवं भवति**' છે? '**તે ચૈતન્યનું સ્તવન અહીંયા જિતેન્દ્રિય...**' એ ચૈતન્ય જ્ઞાયક પૂર્ણાનંદ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા એ ચૈતન્યપ્રતિમા. એની સ્તુતિથી ચૈતન્યની સ્તુતિ કેવળીના ગુણની સ્તુતિ ત્યારે કહેવામાં આવે છે. આહા..હા..! નેમિચંદજી. આવી વાત છે. નેમિચંદભાઈ આવ્યા છેને. દિલ્હીથી આવ્યા છે. સમજાણું કાંઈ? આ ભાષા ગુજરાતી છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**ચૈતન્યનું સ્તવન અહીંયા જિતેન્દ્રિય...**' જ્ઞાયકભાવ પૂર્ણ

ચૈતન્યસ્વભાવની એકતા, એકાકારતા તે **'જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ—એમ** (ઉપર) **કહ્યું તેમ છે...'** આહા..હા..! પૂર્ણ.. પૂર્ણ પ્રભુ. એક સમયની પર્યાય પણ નહિ. તત્ત્વ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? સત્તા છે કે નહિ? સત્તા છે તો પૂર્ણ છે કે નહિ? પૂર્ણ છે તો અનાદિઅનંત છે કે નહિ? આહા..હા..! તે તરફના ઝુકાવથી એમાં એકાગ્રતા થવી એ જિતેન્દ્રિય, એ જિતમોહ અને એ ક્ષીણમોહ. સમજાય છે કાંઈ? ભગવાનની લાખ સ્તુતિ કરે... એ પણ અર્થ આવ્યો હતો ત્યાંથી એ બાજુથી. આવ્યો હતોને? શું કીધું હતું? જ્ઞાયક. **'तद्गुणलब्धये'**

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।**
**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।१।।**

એવો અર્થ ન્યાંથી આવ્યો છે, એ બાજુથી. જુઓ! ભગવાનના ગુણસ્તવન કરવાથી તેના ગુણનો લાભ આત્માને થાય છે. પંડિતજી! એ શબ્દ છેને? **'तद्गुणलब्धये'** એ તો નિમિત્તનું કથન વ્યવહારનું. આવ્યુંને? શું કીધું પહેલું? **'मोक्षमार्गस्य नेतारं'** મોક્ષમાર્ગના નેતા ત્રણલોકના નાથ પરમાત્મા. **'भेत्तारं कर्मभूभृताम्'** કર્મરૂપી ભૂ કર્મનો ભેદ-નાશ કરનારા છે. **'ज्ञातारं स्वतत्त्वानां'** સ્વતત્ત્વના જ્ઞાતા છે. **'वन्दे तद्गुणलब्धये'** તેના ગુણની પ્રાપ્તિ માટે હું તમારી સ્તુતિ કરું છું. એનો અર્થ, એનું સ્તવન કરે એ તો વિકલ્પ છે. જેમ અહીંયાં ત્રીજા શ્લોકમાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું હતું કે હું શુદ્ધ ચૈતન્યઘન છું, પણ મારી પર્યાયમાં કલુષિતતા છે, હજી પણ કલુષિતતા છે તો ટીકા કરવાથી મારી વિશુદ્ધિ થાઓ. છેને ત્રીજા કળશમાં? ત્રીજા કળશમાં છે. એનો અર્થ શું? ટીકા કરવાનો ભાવ તો વિકલ્પ છે, તો વિકલ્પથી વિશુદ્ધ થઈ જાય? અશુદ્ધિનો નાશ થઈ જાય? પાઠ તો એવો છે. મારી વિશુદ્ધિ થાઓ. એનો અર્થ, હું જ્યારે ટીકા કરું ત્યારે વિકલ્પ તો છે, પણ મારું જોર અખંડાનંદ પ્રત્યે જોર છે અંદર. એ જોરથી એ ટીકાના કાળમાં અશુદ્ધિનો નાશ થઈ જાઓ. આવી વાતું છે. સમજાય છે કાંઈ? ત્યાં એ ટીકા કરે છે ઘણાં. જુઓ! ટીકા કરતાં-કરતાં શુદ્ધિ થઈ જશે. ટીકા કરવી એ તો વિકલ્પ છે, પણ ટીકા કરવાના કાળમાં મારી દૃષ્ટિનું જોર દ્રવ્ય પર પૂરું છે. એ જોરથી મારી શુદ્ધિ થઈ જાઓ, એમ કહ્યું છે. સમજાય છે કાંઈ?

અહીં એ કહ્યું કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાનસૂર્ય પૂર્ણ જ્ઞાનસૂર્ય, પર્યાય પણ નહિ, આહા..! એવો દ્રવ્યસ્વભાવ પૂર્ણ જ્ઞાનભાવની સ્તુતિને ચૈતન્યની સ્તુતિ કહેવામાં આવે છે. દ્રવ્યસ્વભાવની એકાગ્રતાથી દ્રવ્યની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? માર્ગ ભાઈ એવો છે. **'अतः तीर्थंकरस्तवोत्तरबलात्'** **'અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો;...'** એમ કહ્યું હતુંને, ભગવાનની સ્તુતિ છે. જુઓ, એ ભગવાનની છે ને એને લઈને આત્માને લાભ થાય છે. તો કહ્યું, નહિ, નહિ, નહિ. તીર્થંકરની સ્તુતિ એટલે પરના અને એના શરીર તરફના લક્ષથી એના ગુણની,

એ તરફના લક્ષથી એના ગુણની સ્તુતિ એ આત્માની (સ્તુતિ) નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? **'પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો; તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે...'** 'आत्म-अङ्गयोः एकत्वं न' અંગ નામ શરીર અને આત્મા એક નથી. આહા..હા..! એમ અનાત્મા બીજા અને આ આત્મા બેય એક નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એમ એક સમયની પર્યાય અને ત્રિકાળ ભાવ બે એક નથી. વસ્તુ એવી ગંભીર છે. આહા..હા..! **'આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી.'** એ ૨૭ શ્લોક થયો.

**'હવે વળી, આ અર્થને જાણવાથી ભેદજ્ઞાનની સિદ્ધિ થાય છે એવા અર્થવાળું કાવ્ય કહે છે :-'**

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

**'શ્લોકાર્થ :- 'परिचित-तत्त्वैः' 'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓને...'** કળશટીકામાં એમ લીધું છે **'परिचित-तत्त्वैः'** સર્વજ્ઞે જેણે પૂર્ણ જાણ્યું છે. **'परिचित-तत्त्वैः'**નો અર્થ એવો કર્યો છે. જેણે પૂર્ણતત્ત્વને જાણ્યું છે એવા સર્વજ્ઞ ભગવાન. આહા..! અહીં **'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે...'** ઈ આવે છેને? શ્રુત પરિચિત અનુભૂતા. ચોથી ગાથા, ચોથી ગાથા. **'सुदपरिचिताणुभूदा सव्वस्स हि कामभोगबंधकहा'**. ભગવાન! તેં તો રાગ કેમ કરવો અને રાગ કેમ ભોગવવો એ વાત તો તેં સાંભળી છે, તારા પરિચયમાં આવી ગઈ છે. શ્રુત, પરિચિત, અનુભૂતા. અનુભવમાં આવી ગઈ છે; પણ રાગથી ભિન્ન ભગવાન આત્મા એવી એકત્વની વાત તેં કદી સાંભળી નથી, તારા પરિચયમાં આવી નથી, તારા અનુભવમાં આવી નથી. આહા..હા..! ચોથી ગાથા. આ પરિચિત થઈ ગયું છે જ્ઞાનીને, એમ કહે છે. આહા..હા..!

**'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે...'** વારંવાર આનંદસ્વરૂપનો પરિચય કરીને અનુભવ કર્યો છે **'એવા મુનિઓએ જ્યારે આત્મા અને શરીરના એકત્વને...'** આત્મા અને શરીરના એકત્વને **'આમ નયના વિભાગની...'** **'युक्त्या'** **'નયના વિભાગની યુક્તિ વડે...'** **'अत्यन्तम् उच्छादितायाम्'** **'જડમૂળથી ઉખેડી નાખ્યું છે...'** આહા..હા..! રાગનો વિકલ્પ અને ભગવાન બેય એક ત્રણકાળમાં નથી. રાગ એ કાર્મણશરીરનું જ ફળ છે. સમજાય છે કાંઈ? એ આત્મા અને રાગ ત્રણકાળમાં બેય એક નથી. ત્યાં નીચે અર્થ કર્યો છે. અત્યંત જડમૂળથી ઉખેડી નાખ્યું. જેમ નિધાન હોય નિધાન, અને ઉપર ઢંકાઈ ગયું હોય તો એ નિધાન છે જ નહિ એમ થઈ ગયું. ખુલ્લુ કરી નાખ્યું, લ્યો આ નિધાન. એમ ભગવાને તારી પૂર્ણતા શું છે એ બતાવી દીધું છે. સમજાય છે કાંઈ? ઉપદેશમાં પણ કેવો

છે, કેમ છે એ બતાવે છે. એની ઋદ્ધિ કેવી છે અંદરમાં એ બતાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

નહિતર તો કહે છે કે રાગ અને શરીરનું લક્ષ હતું તો ભગવાનનું લક્ષ નથી, તો ભગવાન છે જ નહિ એમ મરણતુલ્ય થઈ ગયો હતો. આહા..હા..! એ દયા, દાન, વ્રતના વિકલ્પ મારા છે અને એનાથી લાભ થાય છે એવી માન્યતામાં ચૈતન્યનું મરણ થઈ ગયું. નવરંગભાઈ! આવો છે માર્ગ, ભાઈ! આહા..હા..! એ જડમૂળથી ભગવાને ઉખેડી નાખ્યું. એ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી ભગવાન અને રાગ ને શરીર બે તદ્દન ભિન્ન છે. સમજાય છે કાંઈ? ત્યાં આવે છેને? પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં. વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે. આવે છે. ત્યાંથી આ લોકો કાઢે છેને? એ તો સાધકનો આરોપ આપીને કહ્યું છે. સાધક તો અંતર સ્વરૂપ રાગથી ભિન્ન થઈને શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો એ જ સાધક છે. એ રાગ સાથે છે તો ઉપચારથી-આરોપથી એને સાધન કહ્યું, તેનાથી નિશ્ચય થાય છે એમ નથી. આહા..હા..! તેને **'અત્યંત નિષેધ્યું છે, ત્યારે...'** થોડા અક્ષર રહી ગયા છે. વખત થઈ ગયો છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૪, શનિવાર, તા. ૧૪-૦૨-૧૯૭૬, કળશ-૨૮, પ્રવચન નં. ૭૬

૩૪ પછી આવશે. શરીર અને આત્મા તો એક છે. કેમ? કે તમે જ્યારે ભગવાન તીર્થંકરની સ્તુતિ કરો છો ત્યારે તો 'એ આવા સુંદર રૂપ હતા, એ એની વાણી હતી' એવી તમે વાત કરો છો, તો તમે શરીરને જ આત્મા માનો છો માટે સ્તુતિ એમ કરો છો—એમ શિષ્યનો પ્રશ્ન હતો. સમજાણું કાંઈ? દિવ્યધ્વનિથી જેને અમૃત ઝરતું હોય જાણે. દિવ્યધ્વનિ તો જડ છે. વળી એના રૂપથી એમ કે ઈન્દ્રોના પણ મન હરિ લેતા એટલું તો એનું રૂપ સુંદર હતું. એ બધી શરીરની સ્તુતિ તમે કરી. અમે તો એમ માનીએ છીએ કે શરીર તે જ આત્મા એમ તમે માનો છો. એમ શિષ્યે પ્રશ્ન કર્યો. એના ઉત્તરમાં કીધું છે.

'परिचित–तत्त्वैः' **'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે...'** એક અર્થમાં એમ કહ્યું છે, 'परिचित–तत्त्वैः' સર્વજ્ઞ ભગવાને તત્ત્વનો પરિચય એટલે જ્ઞાન પ્રગટ થયું છે એમને. એવા સર્વજ્ઞ ભગવાને 'परिचित–तत्त्वैः' 'परि' શબ્દ પડ્યો છેને? સમસ્ત પ્રકારે જેણે જાણ્યું છે. એટલે એવો અર્થ કર્યો છે. અહીં મુનિની (વાત કરી છે). 'परिचित–

तत्त्वैः' નામ જેમણે વસ્તુ ભગવાન આત્મા અને જડ બે ભિન્ન છે એવું જેને સમ્યક્ કેવળજ્ઞાન છે અથવા મુનિઓને ભેદજ્ઞાન છે. એમણે તો **'જ્યારે આત્મા અને શરીરના એકપણાને આમ નયના વિભાગની યુક્તિ વડે...'** વ્યવહારથી કહેવામાં આવે, આત્મા અને શરીર. પણ એ તો અભૂતાર્થ જૂઠી નયથી કથન છે. આહા..હા..!

કળશટીકામાં બહુ લખ્યું છે. આ જૂઠું છે... આ જૂઠું છે... જૂઠું છે.. બહુ લખ્યું છે. એટલે કહે છે કે જેણે ભગવાને અને મુનિઓએ આત્માનો આનંદ અને રાગાદિ, શરીરાદિ ભિન્ન એનું જેણે ભેદજ્ઞાન જેને પ્રગટ થયું છે એ મુનિઓ તો **'જ્યારે આત્મા અને શરીરના એકપણાને આમ નયના વિભાગની યુક્તિ વડે જડમૂળથી ઉખેડી નાખ્યું છે'** કળશટીકામાં તો એમ લખ્યું છે ને કે આત્મા જ આનંદ, જ્ઞાનસ્વરૂપ છે. પૂર્ણ એકલો જ્ઞાનનો પિંડ-કંદ છે; પણ જેણે 'શરીર તે હું અને રાગ તે હું' એવું જેણે માન્યું છે એનો આત્મા તો મરણતુલ્ય થઈ ગયો છે. ચૈતન્યજ્યોત જ્ઞાયકભાવ અનંત આનંદ અને જ્ઞાનનું સ્વભાવનું સત્ત્વ આખો ચૈતન્યસૂર્ય છે, એને જેણે ન માન્યો એવાઓએ શરીર એ મારું, રાગ એ મારો, એમ માનીને આખા ચૈતન્યતત્ત્વને એણે મારી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તીર્થંકર ભગવાનની વાણી નીકળતા એમણે કહ્યું, ભગવાન! તું આનંદસ્વરૂપ પ્રભુ, આ રજકણ અને રાગથી તારી ચીજ ભિન્ન છે. આહા..હા..! શરીરાદિ તો રજકણ છે. અંદર દયા, દાનના, કામ-ક્રોધના વિકલ્પ થાય. આ વેપારના, રળવાના આદિ કે પૂજા-ભક્તિના એ ભાવ એ તો રાગ છે અને તેમાં ચૈતન્યની જાતનો અંશ નથી. એથી એનાથી ભિન્ન ભગવાન ચૈતન્યજ્યોત છે એમ નયવિભાગથી સંતોએ ભિન્ન બતાવ્યો. વ્યવહારથી ભલે કહ્યું હોય પણ પરમાર્થે તો આમ છે. આહા..હા..! જેની મહાસત્તા મહાન હોવાપણે આનંદ અને જ્ઞાનના સ્વભાવથી, જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ચૈતન્યજ્યોતની અસ્તિ, હયાતી, મોજૂદગી છે. સમજાણું કાંઈ? એને નિશ્ચયનયના જાણનારા સંતોએ ભિન્ન બતાવ્યો. આહા..હા..!

**મુમુક્ષુ :-** વ્યવહારને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારને જાણનારા એક માને છે. રાગથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને એ બધા વ્યવહારનયવાળા રાગને જ આત્મા માનનારા છે. શરીરની ક્રિયાથી ધર્મ માને. 'સ્વાહા' એમ કરે, દયા પાળે જીવની, એ જાણે ધર્મ છે. એ બધા જડને જ આત્મા માનનારા છે. ઝીણી વાત, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? પણ ભગવાન સર્વજ્ઞે તત્ત્વોનો પરિચય નામ પૂર્ણ જ્ઞાન જેને પ્રગટ થયું છે અથવા સંતો ભાવલિંગી મુનિઓ જેણે રાગ અને વિકલ્પથી ભગવાનને ભિન્ન જોયો-જાણ્યો છે, ભિન્ન અનુભવ્યો છે, જાણ્યો છે, માન્યો છે, વેદ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ મુનિઓ તો એમ કહે છે કે ભાઈ! નય વિભાગ. નિશ્ચયનયના ન્યાયથી તો બતાવ્યું કે જડમૂળથી ઉખેડી નાખ્યું છે. જેનામાં રાગનો અંશ નથી. આહા..હા..! શરીર તો ક્યાં છે

એમાં. ભગવાન ચૈતન્યસૂર્ય, શરીર અને વાણી તો એમાં ક્યાં છે? શિયાળાના પહેલાં સારા ઘી હતા. હવે તો બગાડ થઈ ગયો બધો. ભેળસેળ થઈ ગયું છેને? પણ પહેલાંના ઘી એવા ઊંચા હતા ઘન. અમે તો આ રહેતાને. આ જીવરાજજી નથી. એ ચેલા ને ચંગા ને એવા ઘી થતાં ત્યાં. એય.. તમારે મહાજનમાં. બહુ ઘી ઓલા. આમ તાવેથો વળી જાય. ચેલા ને ચંગા જોયા હતા અમે ત્યાં. બધા ઘણા ગામ જોયા તમારા ઢીચડા. બીજા ઘણા ગામ જોયા છે મહાજનના. એના ઘી.. ચેલે વધારે રહેતા. આ ધરમશીભાઈ તમારે. આંગળી તો ન પેસે એમાં પણ તાવેથાથી લેવા જાય તો વળી જાય. તાવેથો સમજ્યા? ખુરપા.

એમ આ ભગવાન જ્ઞાનઘન ધ્રુવ અચેતનથી રહિત એકલો આનંદઘન ભગવાન છે. એમાં તો શરીર, વાણી, મન અને કર્મ તો નથી પણ શુભ અને અશુભના વિકલ્પની જેમાં ગંધ નથી. આહા..હા..! કેમકે શુભ-અશુભ જે રાગ છે એ તો આસ્રવતત્ત્વ છે. શરીર એ અજીવતત્ત્વ છે અને અજીવ અને આસ્રવતત્ત્વથી ભિન્ન ભગવાન પૂર્ણાનંદનો નાથ છે. આહા..હા..! એને જેણે રાગ અને શરીરને પોતાનું માની અને જેને આવી ચૈતન્યજ્યોતની મોજૂદગીનો જેણે નકાર કર્યો હતો એણે જીવને મારી નાખ્યો હતો, મરણતુલ્ય થઈ ગયો હતો જીવ. આહા..હા..!

જીવતી જ્યોત અંદર આનંદનો નાથ. પહેલી શક્તિ લીધી છેને જીવતર, નહિ? જીવતરશક્તિ. જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા એવા પ્રાણથી જીવન એનું ત્રિકાળ છે. આહા..હા..! જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા એવા ભાવપ્રાણથી પ્રાણી-આત્મા ટકી રહ્યો છે ત્રિકાળ. આહા..હા..! સમજાણું કાંઈ? એને એ ટકતા આવા તત્ત્વને ન માનતા આ દેહની ક્રિયા મારી અને આ કરું ઈ મારું, દયા, દાનના, વ્રતના વિકલ્પ ઊઠે એ પણ મને લાભદાયક અને મારા એમ જીવની જ્યોતને તેણે ઓલવી નાખી. ઓલવી એટલે? માન્યતામાં નકાર કરી દીધો. આહા..હા..! ચૈતન્ય ઝળહળજ્યોતિ ભગવાન સૂર્ય ચૈતન્યસૂર્ય છે એ. એને વ્યવહારના વિકલ્પો દયા, દાનના અને શરીરની ક્રિયા એને પોતાની માની અથવા એનાથી મને લાભ થાય એમ માની.. જેનાથી લાભ થાય તેને પોતાના એ માને. સમજાણું કાંઈ? આહા..હા..! એણે જીવને-આત્માને મરણતુલ્ય કરી નાખ્યો હતો. મરી ગયો અંદર પણ મરણતુલ્ય.. એને આ સંતોએ, મુનિઓએ એને બતાવ્યું, ભાઈ! તને સમ્યગ્દર્શનની ચીજની ખબર નથી. સમ્યગ્દર્શનમાં જે ભગવાન જણાય એ ચૈતન્યસત્તા મહા મોટી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'उच्छादितायाम्'** **'જડમૂળથી ઉખેડી નાખ્યું...'** એમાં રાગનો કણ નથી અને શરીરની અવસ્થાનું થવું એ ચૈતન્યમાં નથી. આહા..હા..! જ્ઞાયક ચૈતન્યચંદ્ર શીતળ એકલો શીતળ... શીતળ... શીતળ... શાંત... શાંત... શાંત... શાંત... અકષાયસ્વભાવનું પૂર છે એ તો. આહા..હા..! આવી વાત! હજી તો આત્માની ખબર ન મળે ને ઓલાને ધર્મ થઈ જાય. ભાઈ! એ તો અકષાય એટલે કષાયરહિત એટલે કે શીતળ વીતરાગમૂર્તિ પ્રભુ તો છે. આ ઉપદેશ અથવા કેવળીઓએ કહ્યું એ તું આવડો છો એ એને બતાવે છે. તું આવડો છો.

એ બીજી રીતે માન્યું છે એને આવડો છો એમ માન, એ બતાવે છે. કહો, રતિભાઈ! આહા..હા..! શું તારી ઋદ્ધિની સંપત્તિની પ્રભુ તને ખબર નથી. જે સંપત્તિ તારી નહિ એને મારી માનીને બેઠો છો. આ પૈસા ને બાયડી ને છોકરા ને શરીર ને વાણી ને મન ને શરીર રૂપાળું ને એ ધૂળની સંપદા એને મારી માની તેં. આહા..હા..! સમજાણું કાંઈ? બે-પાંચ લાખનો બંગલો હોય ૧૦-૨૦ લાખનો અને એમાં લાખ-બે લાખનું શું કહેવાય ઓલું? ફર્નિચર. આહા...! એમાં બધા સગા-વ્હાલા આવ્યા હોય ને છોકરો પરણતો હોય, બે-પાંચ-દસ કરોડ હોય ને બે-પાંચ લાખ ખરચવા હોય એ પછી જુઓ બેઠા હોય. લાકડાની શું કહેવાય તમારી ખુરશીમાં ખાવા ઊંચા-ઊંચા બેસે છેને? આહા..હા..! ગાંડા જેવા લાગે છે. ..ભાઈ!

અરે..! પ્રભુ! ક્યાં તું રાજી થા છો? ક્યાં તું રાજી થા છો? બાપુ! રાજીનું સ્થાન તો તારો નાથ અંદર છે એમાંથી રાજી થા. આહા..હા..! આ બહારની ચીજે રાજી થા, પ્રભુ! તારા આનંદને તેં નાશ કરી નાખ્યો. આહા..હા..! એટલે? કે મારામાં આનંદ નથી પણ આમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, આવું જ્યાં ભગવાન સંતોએ વ્યવહાર અને નિશ્ચયનો વિભાગ અંદર બતાવ્યો કે વ્યવહારથી ભાઈ કહેવાય પણ એ વસ્તુ એમ છે નહિ. નિશ્ચય નામ સત્યની દૃષ્ટિએ, સત્યાર્થ દૃષ્ટિએ ભગવાન રાગથી અને શરીરથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આમ જ્યારે એને જાણવામાં, સાંભળવામાં આવ્યું **'ત્યારે ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થપણાને ન પામે?'** આહા..હા..! સમજાણું કાંઈ? એના બે અર્થ કર્યા છે. આવું જેને સાંભળવા મળ્યું કહે છે, અને બે ભેદ પાડીને વાત અંતર સમજાવી એને... આહા..હા..! તો કોના આત્મામાં એ સાચું જ્ઞાન ન થાય? અથવા કોને તે સમ્યગ્જ્ઞાન ન થાય? અહીં જ્ઞાન લીધું છે. શુભચંદ્રાચાર્યે આત્મા લીધો છે. ટીકામાં, શુભચંદ્રાચાર્યે. કોને આત્મજ્ઞાન ન થાય? એમ. આહા..હા..! જે પરનું જ્ઞાન છે આ શરીર ને વાણી, મન આદિનું, પ્રભુ કહે છે અમે ભેદ પાડીને તને આવા જુદાં બતાવ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? આવ્યું હશે ક્યાંક. આહા..હા..!

**'કયા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થપણાને...'** અનુભવમાં ન આવે? આહા..હા..! સમજાણું કાંઈ? પાણીનો કળશો હોય છે-લોટો એમાં પાણી તદ્દન જુદું (છે). લોટો અને પાણીને કાંઈ મેળ નથી, એમ ભગવાન આ કળશો છે જડનો. એમાં ભગવાન જ્ઞાનરસનું જ્ઞાનજળ ભિન્ન પડ્યું છે. આહા..હા..! આવું જેણે ભેદ કરીને નિશ્ચયનયના પ્રકારથી વ્યવહારનો નિષેધ કર્યો અને નિશ્ચયનું એને સ્વરૂપ જ્ઞાનાનંદ મહાસત્તા પ્રભુ તારી તદ્દન નિર્લેપ જુદી ચીજ છે. કોને આ જ્ઞાન ન થાય? આહા..હા..! એમ કહે છે જુઓ. અમૃતચંદ્રાચાર્ય કહે છે. આહા..હા..!

આવે છે, નહિ? પ્રવચનસારમાં. તત્કાળબોધક અને? નિત્યબોધક. શાસ્ત્ર છે એ નિત્ય-બોધક છે અને ગુરુની વાણી છે એ તત્કાળબોધક છે એમ લીધું છે. એય.. પ્રવચનસાર.

ચરણાનુયોગ અધિકાર. આહા..હા..! શું કહ્યું? કે શાસ્ત્ર છે એ નિત્યબોધક છે એટલે જ્યારે જ્યારે વાંચે ત્યારે તેને ખ્યાલમાં આવે અને ગુરુની વાણી અને ગુરુ તો તત્કાળબોધક છે. એવો પાઠ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કાનરૂપી અંજલીમાં સર્વજ્ઞની વાણી કહે છે રાગથી ભિન્ન બતાવી, તત્ત્વને ભિન્ન બતાવ્યું અને કાનરૂપી અંજલીએ જેને અંદર ગ્રહ્યું. આહા..હા..! આ તો રોકડિયો માર્ગ અહીં તો બતાવે છે. પછી થશે.. કાલે ન કીધું ભાઈએ? આવ્યા હતાને કાલે? કાંતિભાઈ. એય..! કહ્યું હતુંને? તે દી આવ્યા હતા મુંબઈ મારી પાસે. મોટાણીના ઘરે. આમ કરોડપતિ માણસ છે અને પૈસા બહુ ખરચે. મોટું શું કહેવાય એ? સર્વોદય હોસ્પિટલ. ત્યાં વ્યાખ્યાન દેવાનું છેને એટલે વિનંતી કરવા આવેલા. મેં કીધું, રહેવાનું તો સુમનભાઈને ત્યાં છે, ભાઈ. અમારે ત્યાં રહો એમ કીધું. મેં કીધું, નક્કી થઈ ગયું છે. સુમનભાઈને ત્યાં રહેવાનું છે. વ્યાખ્યાન તમારા હોલમાં દેવાનું છે. ઈ કહે, એના માટે હું આવ્યો છું. પછી વાત કરી. પણ તમે તો કહેતા હતાને ત્યાં કે ઘણા ભવ પછી હું ધર્મ પામીશ. મોટાણીને ત્યાં હતાને, ભાઈ! કાંતિભાઈ મોટાણી ત્યાં હતાને. ત્યારે શું બોલ્યા? ચાર હજાર ભવ પછી હું ધર્મ પામીશ, મોક્ષ જઈશ. અરેરે.. ભગવાન! આ શું કરે છે? પૈસા ઘણા અને ખરચે બહુ અને લોકો વખાણ કરે બહુ. વાણિયા હતા સ્થાનકવાસી દશાશ્રિમાળી, પણ આ ગાંધીની લાઈન આખી. મૂર્તિ ગાંધીની છે. મોટું સર્વોદય શું કીધું એ? હોસ્પિટલ છે મોટી. ઘણા માણસો અને પૈસા બહુ ખરચે. એના બાપ અને કાકા જમીન લઈ ગયેલા બહુ. એ જમીનના પૈસા બહુ ઉપજ્યા. કરોડો. એ લોકોએ નક્કી કર્યું કે આપણને જેટલી જમીનના પૈસા ઊપજ્યા બાપના એ બધા અહીં ખરચવા. એ તો માનેને ધર્મ એ. એમ કે આપણે ખાવા નહિ. એક બીજા ગૌતમ છે, અહીંનું કાંઈ નથી. બધા એ લોકો .. એટલે પૈસા ઘણા. આહા..હા..! એમાં શું? લોકો વખાણે બહુ. આટલા-આટલા ખરચે પૈસા, લાખો રૂપિયા દાન કરે, પણ એમાં થયું શું? ધૂળ? આહા..હા..! હોસ્પિટલમાં આટલા-આટલા એમ કે કેટલા હજાર કાંઈક છે માણસ. હોસ્પિટલ મોટી. બધાને મદદ કરે છે દવામાં. બહુ પૈસા.

ભાઈ! એ વસ્તુ બીજી છે. એનાથી કાંઈ આત્માને ધર્મ થાય એ ત્રણકાળમાં નથી. એ લાખ હોસ્પિટલ ને કરોડ માણસને પૈસા આપી અબજોને બચાવે એમાં ધર્મ ત્રણકાળમાં નથી. પણ એને એમ થઈ ગયું હતું કે અમે આમાં કરીએ છીએ અને લોકો વખાણે છેને. પછી બોલી ગયા એ. ત્યાં એમ બોલ્યા હતા, ઘણા ભવ પછી આપ કહો છો તે હું ધર્મ પામીશ. કાલે વળી એમ બોલ્યા. વિનંતી કરવા આવ્યા હતા. વાડીભાઈ આવ્યા હતા ગાંધી. વાડીભાઈ કરોડપતિ છેને? એ બેય સાંજે કાલે આવ્યા હતા. એ કહે, મહારાજ! પગલા કરશો. ત્યાં આવ્યા હતા જોવા, મુંબઈ. ચાર હજાર ભવ પછી હું મોક્ષ જવાનો છું. ચાર હજાર! પણ તે કેવો ભવ આવશે તને ખબર નથી, બાપા! આહા..હા..! અરેરે..! જો તને રુચ્યું હોય

તો ચાર હજાર ભવ પછી કરીશ એ આવ્યું ક્યાંથી? વાયદા, વાફળ હોય એ વાયદા કરે. આહા..હા..! પણ એના હોલમાં વાંચીએને દસ-દસ હજાર માણસ. હોલ ચિક્કાર ભરાઈ જાય, માણસ સમાય નહિ. પોપટભાઈ! આવ્યા હતાને ત્યાં? ઘણીવાર વ્યાખ્યાનો આપ્યા છે. ત્યાં એ શું કહેવાય? ઘાટકોપર. ઘાટકોપર સ્થાનવાસી, શ્વેતાંબર દેરાવાસી ઘણા છે અને આપણા પણ મુમુક્ષુઓ છે. એટલે બહુ માણસ આવે છે. જ્યાં વ્યાખ્યાન શરૂ થયુંને આખો હોલ ચિક્કાર દસ હજાર માણસ. એ ખુશી થાય કે મારા હોલમાં આટલું-આટલું માણસ. હવે એમાં તારે શું? સમજાણું કાંઈ? આહા..હા..! માણસને આ લોકોની પ્રશંસા અને પુણ્યના ફળ બહારમાં એવા દેખાય કે આહા..! હવે ધૂળેય નથી, સાંભળને! આહા..હા..!

અહીં તો કહે છે કે ત્રણલોકનો નાથ ચૈતન્યમૂર્તિ એને રાગથી ભગવાને ભિન્ન બતાવ્યો, શરીરથી ભિન્ન બતાવ્યો. એનો જે અનુભવ કરે તે ધર્મી અને એણે સફળ કર્યો અવતાર. આહા..હા..! બાકી બધી લાખ ક્રિયાઓ કરી હોય, કરોડ ક્રિયાઓ કરી હોય, વ્રત અને દાનની એ બધા મીંડા છે. આત્માને માટે નથી એ, લે. આહા..હા..! શાસ્ત્રના જ્ઞાન અગિયાર અંગના કાર્ય હોય, નવ પૂર્વની લબ્ધિ પ્રગટી હોય, એથી શું? એ તો પરસત્તાવલંબી જાણપણાના ક્ષયોપશમભાવ ભાઈ! અનંતવાર થયા. ભાઈ! એ આત્મા નહિ. આહા..હા..!

જે ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનો નાથ પૂર્ણ શક્તિનું સત્ત્વ આખું એને સ્પર્શીને જે જ્ઞાન થાય એ જ્ઞાન અને જેમાં ભવના અભાવના ભણકાર વાગે એને. આહા..હા..! કામાણી! આવી વાતું છે, બાપા! અહીં તો. અહીં ઓલા પૈસા.. પૈસા ઉપર ધોકા લાગે. આહા..હા..! ઓલા જુઓને ત્યાં ગરી ગયા એમના સાંઈબાબા. હવે સાંઈબાબો મહા અજ્ઞાની. જૈન પરમેશ્વર ત્રણલોકના નાથ જેણે તત્ત્વને કહ્યું એ સ્વરૂપ બીજે છે ક્યાં ક્યાંય? આહા..હા..! ક્યાંય નથીને. પણ અમને તો અહીં ૮૬ વર્ષ થયાને. હું જાણતો નથી? ખબર નથી? આહા..હા..! આ તો બીજી ચીજ, બાપુ! આ તો અંતરનો સ્પર્શ થાતાં જેને અતીન્દ્રિય આનંદ આવે એણે આત્મા અને રાગ અને દેહને ભિન્ન માન્યો ત્યારે તે ધર્મી થયો એમ કહેવામાં આવે. આહા..હા..! એટલે?

અનંત-અનંત ધર્મ નામ સ્વભાવનો ધરનાર ધર્મી આત્મા, એવા ધર્મીને જેણે દૃષ્ટિનો પ્રસાર કરીને ધ્રુવમાં દૃષ્ટિ કરી, આહા..હા..! એણે રાગ અને શરીરથી આત્મા જુદો જાણ્યો, એને ધર્મ થયો અને તેને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહા..હા..! ભલે પછી ગરીબ હોય બાહ્યમાં. સમજાણું કાંઈ? સાતમી નરકનો નારકી મહાગરીબ છે, જેને પાણીનો બિંદુ મળે નહિ, આહારનો કણ મળે નહિ, રહેવા ઓટલો-સ્થાન મળે નહિ, આહા..હા..! અને જન્મતા જેને સોળ રોગ, એ પણ જ્યારે અંદરમાં રાગથી ભિન્ન કરીને પૂર્વના સંસ્કાર યાદ આવી જાય, 'ઓહો..! અમને સંતોએ કહેલું કે તમે રાગથી અને શરીરથી ભિન્ન છો. એ મેં સાંભળેલું પણ મેં પ્રયોગ કર્યો નહિ.' આહા..હા..! કેટલા રોગ શરીરમાં! શ્વાસ, દમ, ખાંસી, ભગંદર વગેરે વગેરે સોળ

રોગ છે. આહા..હા..! એ તો બાહ્યથી સંયોગ છે. એ સંયોગ કાંઈ અંદર ગરી ગયા નથી. આહા..હા..!

અરે..! ક્યાં સુધી છે? ત્રીજી નરક સુધી? પરમાધામી છેને? પૂર્વના વેરી હોય. બાંધે. લોઢાના સરિયા કરી, પાતળા ધગધગતા કરી પોટલું બાંધે શરીરનું અને ઉપરથી ઘણ અગ્નિના મારે. એ..! પોપટભાઈ! આહા..હા..! જેમ આ રૂની ગાંસડી વળેને ગાંસડી રૂની, એમ આ લોઢાના સરિયા ઊના-ઊના કરી (શરીરનું પોટલું બાંધે). એક વાત એવી આવી છે, બે ભાઈઓ હતા. બે ભાઈઓ. નાનો ભાઈ હતો રોગિષ્ટ. એના મોટાભાઈએ દવા કરી બહુ. દવા કરતાં કરતાં કરતાં ઈંડા સુધી લઈ ગયો ઈંડા. ઈંડા આપ્યા, મરઘાના આ શું કહેવાય? કુકડાના માંસ આપ્યા. ઓલાને ખબર નહિ આમાં. એટલે એ જે છે એ મરીને પરમાધામી થયો ત્યાં નરકમાં અને ઓલો મરીને નારકી થયો. મોટો ભાઈ નારકી થયો અને નાનો ભાઈ જેને માટે કર્યું, એને ખબર નહિ કે આ મને માંસ આપે છે. પરિણામ કંઈક.. એટલે પરમાધામી થયો. અરે..! પણ ભાઈ! મેં તારા માટે આ પાપ કર્યા અને તું મને મારે છે? પણ એ તો એ વખતે તેં કર્યા હતા તારા માટે. અમારે શું છે અહીં! આહા..હા..!

મારે બીજું કહેવું છે. એવી સ્થિતિમાં પણ અંદરમાં રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન પામી શકે છે. આ સ્વતંત્ર ભગવાન અંદર બિરાજે છે ભિન્ન. આહા..હા..! પૂર્વે સાંભળ્યું હતું એ ખ્યાલમાં લઈ, જેમ આ વીજળી ઊતરે છેને? આ તાર ત્રાંબાના નહિ? ત્રાંબાના તાર. તરત નીચે ઉતરી જાય, એમ એકદમ જ્ઞાનાનંદ પ્રભુ પોતાની પર્યાયને દ્રવ્યમાં ઊંડી નાખી દીધી. બહારના સંયોગ દુઃખના પાર ન હોય, એની સાથે શું સંબંધ છે? આહા..હા..! એ એના જીવન કહેવાય, કહે છે. ભલે નરકમાં હોય. આહાહા..!

જુઓને! પહેલી નરકે છેને શ્રેણિકરાજા. શ્રેણિકરાજાનો જીવ પહેલી નરકે છે અત્યારે, ક્ષાયિક સમકિતી છે. જે સમ્યક્ પ્રગટ્યું છે એ એમ ને એમ સિદ્ધ સુધી રહેવાનું છે. આહા..હા..! નરકમાં છે. ક્ષાયિક સમકિત છે અને સમયે-સમયે તીર્થંકરગોત્રના પરમાણુ પણ બાંધે છે. બાંધે છેને ત્યાં? આહા..હા..! અને બહારની પીડાના સંયોગનો પાર નથી. નરકમાં એટલે આહા..હા..! અમે તો આનંદના નાથ સચ્ચિદાનંદ પ્રભુ છીએ. આહા..હા..! એવું એને ભાન વર્તે છે ત્યાં. સમજાણું કાંઈ? અને તીર્થંકરગોત્ર (બાંધે છે). આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર. રાણીને કૂંખે અવતરશે. જેના આવવા પહેલાં ઈન્દ્રો છ મહિના તો માતાની સેવા કરશે. આહા..! ઉદર સાફ કરશે. અહીં રાજા આવે ને જેમ વાળીને સાફ કરે એમ કરે છે કે નહિ? એમ આ તો તીર્થંકરનો જીવ પહેલી નરકથી નીકળશે. એને પીડાના સંયોગનો પાર નથી, પણ અંદરમાં આત્માનું વેદન શાંતિ છે. આહા..હા..! આવે છે ને ઓલામાં નથી આવતું? નરક વેદન. બાહ્ય દુઃખ વેદન. 'બાહ્ય નારક કૃત દુઃખ ભોગત, અંતર સુખની ગટાગટી.' આવે છે એ. સ્તવનમંજરીમાં છેને?

'દગધારી કી મોહી...' ગટાગટી. આહા..હા..! બહારનો સંયોગ જુઓ તો એક કણ મળતો નથી, પાણીનો બિંદુ નથી અને અગ્નિ છેને ત્યાં. શીતળ તો નીચે છે. ચોથી નરક પછી શીત વેદના છે, અહીં અગ્નિની વેદના છે. આહા..હા..! અગ્નિની પથારી જમીન એમાં શરીર છે, પણ એથી શું? સંયોગીભાવ જીવને અડતા નથી, સ્પર્શતા નથી. આહા..હા..! એવો અંદરમાં અનુભવ વર્તતા નરકમાં પણ સુખને વેદે છે. આહા..હા..! અંતર સુખની ગટાગટી.

એ વાત અહીં કહે છે. આવી વાત સાંભળી અને તત્કાળ યથાર્થપણાને કેમ ન અવતરે? એટલે આનંદની ઉત્પત્તિ કેમ ન થાય? એને આત્મા ભિન્ન છે એમ કેમ ન જણાય? આહા..હા..! **'અવશ્ય પામે જ.'** જુઓ, છે? બીજી દુનિયાની વાત દુનિયા પાસે રહી. આ બધા શરીર આવા, બાયડી આવી, છોકરા (આવા). હવે ધૂળેય નથી. મહાણ છે બધા. આહા..હા..! આનંદનો નાથ અંદર બાગ બિરાજે છે આતમરામ. એ બગીચામાં જાને જરી. એ અહીં કહે છે. આહા..હા..! મુનિઓએ, સંતોએ, આચાર્ય, કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિએ જ્યારે ભગવાન આત્માને શરીરથી.. શરીરથી કહેતા રાગથી અને બધાથી ભિન્ન એમ. એ રાગ એ પણ કાર્મણ શરીર જ છે. સમજાણું કાંઈ? જવમાંથી જવ, કારણ એવું કાર્ય, નથી આવતું? ૬૮ ગાથા. ૬૮ ગાથા. ગુણસ્થાન છે તે અચેતન છે. આહા..હા..! કેમ? કે જવમાંથી જવ થાય, એમ પુદ્ગલમાંથી કાર્ય થયા માટે પુદ્ગલના છે, એ પુદ્ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દાખલો આપ્યો છે ત્યાં અમૃતચંદ્રાચાર્યે. જવમાંથી જવ થાય, કારણમાંથી કાર્ય થાય; એમ પુદ્ગલ જડ કર્મ એ કારણ છે એનાથી ગુણસ્થાનના ભેદ પડ્યા એ એનું કાર્ય છે, માટે પુદ્ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવું સાંભળીને કોને આત્મજ્ઞાન ન થાય? કહે છે. કોને જ્ઞાન ન થાય એમ કહ્યું છે, પણ અધ્યાત્મતરંગિણી છે એમાં એ લીધું છે, કોને આત્મજ્ઞાન ન થાય? એમ. આહા..હા..! ભાઈ! તારા આત્મજ્ઞાનના કાળ છે, કહે છે. એમ કહે છે. ઓલું આવે છે નહિ? જુગલિયાના (જીવ). ઋષભદેવ ભગવાન ને છ જણા જાય છે, ત્યાં મુનિ જાય છે એને કહેવા.

**શ્રોતા :-** તું ગ્રહણ સમકિત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગ્રહણ કર સમકિત, તારી કાળલબ્ધિ પાકી ગઈ છે. કથામાં છે. છેને? આહા..હા..! એય..! આહા..હા..! એ જુગલિયા છ-છ છેને? ઋષભદેવ ને વાંદરો ને એ હતા છ જણા? મુનિને આહાર આપતા હતા બીજા એમાંથી અનુમોદન કર્યું એમાં જુગલિયાનું આયુષ્ય બંધાઈ ગયું. ત્યાં આગળ કોઈ જાય છે મુનિ કે કોઈ. સમ્યગ્દર્શન પામવાનો તારો કાળ છે, એમ કીધું. આહા..હા..! ભાઈ! તું આત્મા આનંદસ્વરૂપ છો. દૃષ્ટિને ફેરવી નાખ. હું રાગ છું, હું શરીર છું એવું લક્ષ કરીને જ્યાં પડ્યો છો તો એ લક્ષને ફેરવી નાખ પ્રભુ! આહા..હા..! હું તો જ્ઞાયક છું. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં તો બહુ પુરુષાર્થ બતાવ્યો છે. આહા..હા..! આહા..!

કેવું થઈને પ્રગટ થાય? કેવો થઈને ભગવાન જણાય શરીર અને રાગથી ભિન્ન? '**स्व-रस-रभस-कृष्टः प्रस्फुटन् एकः एव**' '**પોતાના નિજરસના વેગથી ખેંચાઈ...**' આહા..હા..! અંતર આનંદના સ્વાદમાંથી ખેંચાઈ પ્રગટ થઈ ગયો અંદર આત્મા. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આત્મા જણાઈ ગયો. આહા..હા..! આવો માર્ગ છે, બાપા! સંપ્રદાયમાં તો આખું જૈનપણું જ ઉડાવી દીધું. જૈનપણું આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તું આનંદનો રસકંદ છોને અંદર? આહા..હા..! એ જ્યાં રાગથી, શરીરથી ભિન્ન સાંભળ્યો, સાંભળ્યો અને કહે છે પ્રગટ થયો અંદર. આહા..હા..! '**स्व-रस-रभस**' '**स्व**' નામ પોતાનો, '**रस**' નામ નિજરસ '**रभस**' નામ વેગ. આહા..હા..! જેમ રાગનો વેગ હતો એમ આનંદનો વેગ આવ્યો અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! એ આવશે પછી શ્લોકમાં પાછળ.

કહે વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,
અપને રસસૌં ભર્યૌ આપની ટેક હૌં.
મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ
સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩.

હવે પછી આવશે. આ શ્લોક પછી. '**सर्वतः स्वरसनिर्भरभावं**' એ. એનું પદ છે બનારસીદાસનું. આનું. 'કહે વિચચ્છન પુરુષ...' ધર્માત્મા જ્ઞાની એમ કે એને વિચિક્ષણ કહેવાય. દુનિયાના ડાહ્યા એ બધા પાગલ. 'કહે વિચચ્છન પુરુષ...' સમ્યગ્દૃષ્ટિ વિચિક્ષણ કહેવાય.

'કહે વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં, અપને રસસૌં ભર્યૌ આપની ટેક હૌં.' હું તો મારા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનના રસથી અનાદિથી ભરેલો છું. 'મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,' ભ્રમનો કૂવો છે એ તો મોહ. આહા..હા..! 'સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.' સમજાણું કાંઈ? એ પદ છે હોં આમાં. છે? આમાં નાખ્યું છે? આમાં ૩૩ છે. આમાં ૩૩માં લખ્યું છે. 'નિજાત્માનું સત્યસ્વરૂપ' મથાળું છે.

'કહે વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં, અપને રસસૌં...' આનંદરસ અને જ્ઞાનરસથી ભર્યો. ' ભર્યૌ આપની ટેક હૌં, મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ' રાગાદિ ભ્રમણાનો કૂવો છે. 'સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.'

આહાહા...! 'સુદ્ધ ચેતના સિંધુ' શુદ્ધ ચેતનાનો દરિયો એ મારું રૂપ છે. આહા..હા..! અરે..! એણે કોઈ દી સાંભળ્યું નથી કે કોણ આત્મા અને કેવો? વાતું બધી બહારની. કડાકૂટમાં મરી ગયો એમ ને એમ. આહાહા..! જોયું! '**જ્ઞાની પુરુષ એવો વિચાર કરે છે કે હું સદૈવ એકલો છું, પોતાના જ્ઞાન-દર્શન રસથી ભરપૂર પોતાના જ આધારે છું,...**' '**આપની ટેક હૌં.**' એમ કીધું. '**ભ્રમજાળનો કૂપ મોહકર્મ મારું સ્વરૂપ નથી! નથી! મારું સ્વરૂપ તો શુદ્ધચૈતન્ય સિંધુ છે.**' એ આવશે.

સ્વરસ. પોતાનો નિજરસ, જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસ, કષાયરસ.

આહા..હા..! એનો વેગ. આહા..હા..! રાગથી ભિન્ન પડીને જ્યાં દૃષ્ટિ જ્ઞાયક ઉપર પડી તો નિજરસનો વેગ ઊછળ્યો ત્યાંથી. આહા..હા..! પર્યાયમાં આનંદનો ઊભરો આવ્યો. આહા..હા..! ઊભરો સમજો છો? ઉફાન-ઉફાન. એ દૂધમાં ઊભરો આવે એ પોલો ઊભરો છે. પાંચશેર દૂધ હોય અને ઊનું થાય તો કાંઈ દસશેર વધી જાય છે? પોલું વધી જાય. આ તો નક્કોર વધી જાય છે. આહા..હા..! આનંદની ભરતી. આનંદનો રસકંદ પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આનંદના નિજરસના વેગથી ખેંચાઈ એટલે અનુભવના આનંદમાં ખેંચાઈને એક સ્વરૂપ થઈ ગયું એને. આહા..હા..! રાગ ને પુણ્ય ને પાપથી અનેકપણે જે માન્યો હતો એ ભગવાન આનંદનો કંદ જ્યાં અંતર દૃષ્ટિ પડી ત્યાં એક સ્વરૂપ થઈ ગયું. આહા..હા..!

આત્મા શું છે એની માણસને વાતની ખબર નથી. આત્માની વાત મૂકીને બધી (વાતું). વરને મૂકીને જાન (જોડી દીધી). એ જાન ન કહેવાય, એ તો માણસના ટોળા કહેવાય. એમ ભગવાન આનંદનો નાથ જેની દૃષ્ટિમાં પ્રથમ નથી, એને બધી આ વાતું આ વ્રત ને નિયમ એ બધી માણસના ટોળા જેવી વાતું છે. આહા..હા..!

**શ્રોતા :-** રાગના ટોળા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગના ટોળા. આહા..હા..! ભાઈ! તને પ્રતીતમાં તો લે કે આવો હું છું. સમજાણું કાંઈ?

**'रभस-कृष्टः' 'ખેંચાઈ...' 'प्रस्फुटन्' 'પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.' 'एकः एव'** એમ છેને? આહા..હા..! ભાઈ! આ તો આત્માની વાત છે. જરી ઝીણી પડે. એના ભાવોને વાણીમાં મૂક્યા એ તો બહુ અલૌકિક વાતું છે. આહા..હા..! એ શું કીધું સમજાણું? પોતાના નિજરસ આટલા. સ્વ ભગવાન આત્મા એનો નિજરસ આનંદ એનો વેગ ઉગ્રપણે પર્યાયમાં ખેંચાઈને જોરથી આવ્યો પ્રગટ થયો. એ સ્વરૂપ છું. જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ થઈ ગયો. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મની શરૂઆત, બાકી બધા થોથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકસ્વરૂપ. ભાષા કેવી જુઓને! **'स्व-रस-रभस-कृष्टः' 'कृष्टः'**નો અર્થ ખેંચાઈને કર્યું. **'प्रस्फुटन्'** પ્રગટ થયું. **'एकः एव'** જ્ઞાતાપણાનો સ્વભાવ એકરૂપે છે. એને વિકાર અને ફલાણું સ્વરૂપ એ આત્મા છે જ નહિ. આહા..હા..! એવું અંતરમાં, અનુભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં આમ આત્મા આનંદમાં આવી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. કાંઈ કરવાનું કહે તો (સમજાયે ખરું). ત્યારે ઓલા બિચારા કાલે કહે, એમ કે તમારો ધર્મ તો ઠીક લાગે છે, પણ હમણાં નહિ, ઘણા ભવ પછી થાશે. ચાર હજાર ભવ પછી હું મોક્ષ જાઈશ. તમે ભલે વહેલા જાશો, એમ કહે. હું ચાર હજાર ભવ પછી. અરે.. ભગવાન! આહા..હા..! જેની જેને રુચિ એના વાયદા વાફળ કરે. આહા..હા..!

**'ભાવાર્થ :- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે...'** ભિન્ન વડે **'આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે;...'** બિલકુલ રાગમાં અને આત્માનો અત્યંત અભાવ

છે. રાગનો વિકલ્પ જે દયા, દાન અને વ્રતનો એ વિકલ્પ ને ભગવાન આત્મામાં અત્યંત અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા ચાર અભાવ છે એથી આ બીજી જાત હોં! ચાર અભાવ છેને? પ્રધ્વંસ અભાવ, પ્રાગ અભાવ, અન્યોન્ય અભાવ, અત્યંત અભાવ એ પરની સાથેની અપેક્ષાની વાત છે અને આ તો રાગ અને આત્મા વચ્ચે અભાવ એ બીજી જાતનો અભાવ છે. પૂર્વમાં રાગ હતો એનો અત્યારે નાશ છે અને વર્તમાનમાં છે ને ભવિષ્યમાં નિર્મળતા પ્રગટશે. એક પરમાણુની અવસ્થા અને બીજા પરમાણુ વચ્ચે અન્યોન્ય અભાવ, એક દ્રવ્ય અને બીજા દ્રવ્યની પર્યાયની વચ્ચે અત્યંત અભાવ છે. સમજાણું? એ જુદી વસ્તુ. આ તો અધ્યાત્મના અત્યંત અભાવની વાત છે. આહા..હા..! ઓલો અત્યંત અભાવ ન્યાય શાસ્ત્રનો. એક પરમાણુ એક દ્રવ્યની પર્યાય અને બીજા દ્રવ્યની વચ્ચે અત્યંત અભાવ. આ એ તો બીજી જાત છે. આહા..હા..!

શું કહ્યું એ? ચાર અભાવ નથી આવતા? પ્રાગ અભાવ, પ્રધ્વંસ અભાવ, અન્યોન્ય અભાવ, અત્યંત અભાવ. એ પરની પર્યાયમાં અથવા એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ અને વર્તમાનમાં પૂર્વની પર્યાયનો અભાવ છે. રાગ પૂર્વે નહોતો અને અહીં હતો એ નાશ થયો છે અને ભવિષ્યમાં નહિ થાય એ પ્રધ્વંસ અભાવ છે. પ્રાગ અભાવ, પ્રધ્વસં, અન્યોન્ય અભાવ. એક પુદ્‌ગલની પર્યાય અને બીજા વચ્ચે અન્યોન્ય અભાવ. કારણ કે કોઈ વખતે આ પુદ્‌ગલની પર્યાય એવી થશે. જેવી આ પુદ્‌ગલની પર્યાય કાગળરૂપે છેને અત્યારે અને આની આ છે, તો બે વચ્ચે અન્યોન્ય અભાવ છે, અત્યંત એમ નહિ. કેમકે કોઈ વખતે આના રજકણ કાગળરૂપે થાશે અને કાગળના રજકણ આંગળીરૂપે થાશે. સમજાણું કાંઈ? અને આ તો અધ્યાત્મનો અત્યંત અભાવ. આહા..હા..! રાગ, વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ અને ભગવાન બે વચ્ચે અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શી વીતરાગની ગંભીરતા! વીતરાગના માર્ગની શું ઊંડપ! આહા..હા..!

એવો '**નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે;...**' જોયુંને! શરીરને અને આત્માને અત્યંત ભેદ. અરે..! રાગને અને આત્માને અત્યંત ભેદ. આહા..હા..! '**તેને જાણીને, એવો કોણ પુરુષ છે...**' પુરુષ એટલે એવો કોણ આત્મા હોય? એમ. '**કે જેને ભેદજ્ઞાન ન થાય?**' આહા..હા..! પુરુષાર્થની ઉગ્રતાનું જોર છે. આહા..હા..! વીર્યના વેગે આત્મા અંદરમાં હતો એ બહાર આવ્યો, કહે છે. આહા..હા..!

વીર્યગુણ છેને એક આત્મામાં? વીર્ય નામનો એક ગુણ છે. એનું શું સ્વરૂપ? કે સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. રાગને રચે અને દેહની ક્રિયા કરે એ તો ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! ભગવાન આત્મામાં એક પૂર્ણ વીર્ય-પુરુષાર્થ ગુણ ઠસોઠસ ભર્યો છે. એ પુરુષાર્થ-વીર્યનું કાર્ય શું? આહા..હા..! આનંદ આદિ શુદ્ધ પવિત્રની પર્યાયને રચે તે વીર્યનું કાર્ય છે. રાગને રચે એ આત્માના વીર્યનું કાર્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગને રચે એ તો નપુંસકતા છે. આહા..હા..! નપુંસકને પ્રજા ન હોય, એમ રાગની દશા આત્માના સ્વભાવમાં ન હોય. આહા..હા..! એ તો સ્વભાવની રચના કરે, નિજપર્યાયની રચના કરે. રાગ એ નિજપર્યાય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? વીર્યગુણને ધરનાર ભગવાન આત્માને પકડતા એ વીર્ય સ્વરૂપની નિર્મળપર્યાયને રચે. વ્યવહારને રચે એ એના સ્વરૂપમાં નથી. આહા..હા..! અને નિમિત્તનું તો ક્યાંય રહી ગયું વળી. આ તો નિમિત્તની રાડું પાડે છે. નિમિત્તથી થાય ને આમથી થાય ને ઢીંકણું થાય. ભાઈ! હવે એવી વાતું તો અજ્ઞાનમાં અનંતવાર થઈ. આહા..હા..! એ આજે આવ્યું હતું, નહિ? ઈષ્ટોપદેશમાં. ઈષ્ટોપદેશમાં ને? ૩૫ ગાથા. બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. સજ્ઝાય આવી હતી સવારમાં. ધર્માસ્તિકાયવત્ બધા નિમિત્ત. ઉદાસ નિમિત્ત પડ્યું છે. ભાઈ! પ્રેરક હોય કે એ હોય પણ ધર્માસ્તિકાયવત્ નિમિત્ત છે, એમ કહ્યું છે. ૩૫મી ગાથા. સમજાણું કાંઈ? સજ્ઝાય હતી સવારમાં. ૩૫મી ગાથા ઈષ્ટોપદેશ. છે? સવારે વાત થઈ હતી. સજ્ઝાય આવી છે. આ તો ઘણા વર્ષથી વ્યાખ્યાન કર્યું છે આનું. જુઓ.

**મૂર્ખ ન જ્ઞાની થઈ શકે, જ્ઞાની મૂર્ખ ન થાય,**
**નિમિત્તમાત્ર સૌ અન્ય તો, ધર્મદ્રવ્યવત્ થાય. ૩૫.**

બધા દ્રવ્ય હોં! ઓલા કહે કે આ પ્રેરક છે અને આ ઉદાસીન છે, પણ એ બધા પ્રેરક અને ઉદાસીન બધા ધર્માસ્તિવત્ છે. એ તો નિમિત્તમાં ફેર છે. એક ગતિ કરનારું નિમિત્ત, એક સ્થિર નિમિત્ત, પણ પરને માટે તો એ ધર્માસ્તિકાયવત્ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધજા છે ધજા. આમ હલે છે અને પવન એનું નિમિત્ત છે, પ્રેરક કહેવાય. છતાં છે ધર્માસ્તિકાયવત્. એ ધજા પોતાથી જ આમ આમ થઈ રહી છે, ત્યારે ઓલા પવનને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. આહા..હા..! અરેરે..! સત્યને સમજવામાં હજી વાંધા. એમાં પક્ષપાત ને આગ્રહ. બાપુ! સત્ય ન સમજે તો એને જાવું ક્યાં હવે. આહા..!

અહીં કહે છે, **'એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય?'** આહા..હા..! **'થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી...'** સ્વરસથી. ભગવાન આનંદનો નાથ પ્રભુ, રાગ ને શરીરથી દૃષ્ટિ ભિન્ન કરી અને જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ પ્રસરી તો એ **'જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે.'** એમ લીધું. આહા..હા..! **'અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી.'** આહા..હા..! અવશ્ય. આહા..હા..!

**'આ પ્રમાણે અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે, તેનું નિરાકરણ કર્યું.'** આહા..હા..! મૂળ દેખે છે એ ચીજને જ પોતાની માને છે. એ ચીજ તો દેખાય છે જ્ઞાનમાં. રાગ, શરીર એ કાંઈ જ્ઞાનની ચીજ નથી. આ મકાન, આ બધું જ્ઞાન એને દેખે છે. દેખે છે તો એ જ્ઞેય છે. એ જ્ઞાનની ચીજ

નથી. આહા..હા..! જ્ઞાનની ચીજ તો જ્ઞાન છે તે જાણે તેને જ્ઞાનની ચીજ કહેવાય. આહા..હા..! આવો ઉપદેશ કઠણ પડે ને માણસને એટલે પછી... પણ વસ્તુનું સ્વરૂપ જ આવું છે, બાપુ! વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે દિવ્યધ્વનિ દ્વારા આ ઉપદેશ આવતો હતો. આહા..હા..! છે? એ સંતોએ આ વાત બહાર મૂકી. આહા..હા..! જુઓને! હમણાં આવ્યું છેને ઓલો નગીન છેને વિરાણી કરોડપતિ. હવે એને ત્યાં સ્થાનકવાસીનો લેખ હમણાં આવ્યો. છાપામાં લખ્યું છે, શરીરનું આત્મા કરી શકે. અરેરે..! અત્યારે હજી બેસાડ્યો ગાદીએ ત્યાં (આવું લખે). શરીરનું કરી શકે, શરીરનું ન કરી શકે એમ માનનારા જૂઠાં છે. એને એ.. ઓલાને એમ કહ્યુંને એમ માનેને ઈ તો.

એણે કહ્યું હતું કે આ શરીરને કાંઈક થાય, રોગ થાય તો વેદે છે આત્માને. તો એ શરીરનું વેદન થયું, આત્માનું થયુંને? પણ શરીરનું વેદન છે જ નહિ. તાવ શરીરમાં આવ્યો તાવ, એનું વેદન છે જીવને? એ તો જડ છે. એ વખતે એને ઠીક ન લાગ્યું એવો દ્વેષ ઉત્પન્ન થયો તેનું એને વેદન છે. એ તો .. આવ્યું જરી એવું કે જુઓ! શરીરનું વેદન થાય તો આત્માને વેદન થાય છે કે નહિ? માટે શરીર અને આત્મા ત્યાં એક છે. અરે..! પણ શરીરનું વેદન આત્માને છે જ નહિ. અજ્ઞાનીને પણ નથી. આહા..હા..! આત્મા જ પોતાના વિકારપણે પરિણમે ત્યાં વિષયો શું કરે? પ્રવચનસાર. ત્યાં આવે છે. શું કરે વિષય ત્યાં? પોતે જ જ્યાં કલ્પનાથી આ ઠીક છે, આ સુખ છે, આમાં મજા એમાં કલ્પના કરે એમાં વિષયો કરે શું? આહા..હા..! સમજાય છે કાંઈ? શરીર એ વિષય છે પરનો, એ આત્માને વેદન થાય શરીરનું? શરીર મારું છે એવી માન્યતા તેનું વેદન કરે. મિથ્યાત્વનું વેદન કરે કાં રાગનું વેદન કરે, પરનું વેદન ત્રણકાળમાં હોઈ શકે નહિ આત્માને. એ અહીં કહે છે એને નિરાકરણ કર્યું. હવે વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૫, રવિવાર, તા. ૧૫-૦૨-૧૯૭૬, શ્લોક-૨૮, ગાથા-૩૪, પ્રવચન નં. ૭૭

૨૮ કળશ થઈ ગયો. 'આ રીતે અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું...' ટીકા છે. સંસ્કૃત ટીકા છે. 'જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો...' અનાદિ મોહમાં મગ્ન તે શરીર ને આત્માને

અનાદિથી એક માનતો હતો. નવમી ગ્રૈવેયક ગયો જૈન સાધુ દિગંબર, અઠ્યાવીશ મૂળગુણ (પાળ્યા).

**શ્રોતા :-** ... આત્માની તો કાંઈ ખબર નહોતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો થઈ રહ્યું, આત્માની ખબર નહોતી તો શરીરને માનતો હતો પોતાનું. ક્યાં પોતે શું ચીજ છે એના અસ્તિત્વનું હોવાપણું, મોજૂદગી ખ્યાલમાં ન આવી તો ક્યાંક છું એમ તો માનશે જ. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયકે ગયો. પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ (પાળ્યા), આહા..હા..! પણ છતાં જ્ઞાયક રાગના વિકલ્પથી તદ્દન ભિન્ન ચીજ છે એવો અનુભવ કર્યો નહિ. એથી શરીર અને આત્મા એક જ માનતો હતો. ભાષા તો કહે. અગિયાર અંગ ભણ્યો છે તો ન બોલે? અગિયાર અંગ ભણ્યો એ બોલે તો બધું, પણ અંતરમાં રાગ ને આત્માની એકતા તોડી નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ? અગિયાર અંગમાં ભણતર કેટલું આવે? એક અંગમાં ૪૮ હજાર પદ અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવા-એવા સૂયગડાંગના ૩૬ હજાર પદ, ઠાણાંગના ૭૨ હજાર પદ, ૧,૪૪,૦૦૦ પદ. ડબલ કરતા જવું. આહા..હા..! અને એક-એક પદના ૫૧ કરોડ જાજેરા શ્લોક. એ બધું કંઠસ્થ કરે અને બોલે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પણ અંતરમાં વિકલ્પ ને આત્મા બે ભિન્ન છે, તદ્દન નિર્વિકલ્પ ચૈતન્ય આનંદકંદ છે એની દૃષ્ટિ ને અનુભવ ને વેદન ન કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? માન્યું એણે કે હું સાધુ થઈ ગયો ને ફલાણું, પણ અંતરમાં કાંઈ ન મળે. સમજાણું કાંઈ?

એ કહે છે, '**અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી...**' રાગ અને શરીરમાં સાવધાનીની દૃષ્ટિથી '**નિરૂપણ કરવામાં આવેલું જે આત્મા ને શરીરનું એકપણું...**' આત્મા અને શરીર એક જ માને છે. આહા..હા..! ચૈતન્યગોળો, આનંદસ્વરૂપ અને એકલું જ્ઞાનસ્વરૂપ. એવું ચૈતન્ય એને રાગની સાથે એક માન્યું એણે. આહા..હા..! '**એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો...**' જુઓ! કોઈ કહે છે કે... પંડિતજી નથી આવ્યા. કોઈ કહે કે ભાઈ! આ સમયસાર તો સાધુને માટે છે. અહીં કહે છે કે અત્યંત અપ્રતિબુદ્ધ હતો એને સમજાવ્યું. આહા..હા..!

'**અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે હવે તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી...**' આહા..! જ્ઞાન ચૈતન્યજ્યોત રાગથી ભિન્ન ભાનમાં ભાસમાં જ્યોતિ આવવાથી, ચૈતન્યજ્યોત જ એ છે જ્ઞાયકસ્વરૂપ જ છે એવો અનુભવ થવો. સમજાણું કાંઈ? રાગનું પ્રગટપણું હતું, શુભ ક્રિયાકાંડનું એમાં પોતે પોતાપણું માનતો. બહારથી તો એમ કહેતો હોય કે રાગથી ભિન્ન છે આત્મા. સમજાણું કાંઈ? એ અગિયાર અંગ ભણ્યો છે તો નથી ખબર એને એ બધી? આહા..હા..! સમજાણું કાંઈ? ક્ષયોપશમ એને આવે છે એટલો. અગિયાર અંગ કોને કહે! એક પદના ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવા-એવા ૧૮ હજાર પદ. એવા ૩૬, ૭૨, ૧,૪૪,૦૦,

૨,૮૮,૦૦૦ એમ ડબલ કરવું. અગિયાર અંગ. આહા..હા..! ભાઈ! અંતરની ચીજ જે છે એ અંતરના સ્પર્શ વિના એ મળે એવી નથી. આહા..હા..!

એ અપ્રતિબુદ્ધ હતો, કહે છે. આહા..હા..! અનાદિનો અપ્રતિબુદ્ધ હતો તો નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો છેને એ? નગ્ન દિગંબર સાધુ થઈ હજારો રાણી છોડી જંગલમાં-વનમાં વિહાર કરે. આહા..હા..! ચૈતન્ય આનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ જ્ઞાનની શ્રદ્ધા નહોતી એને. આમ માનતો કે હું આત્માને માનું છું, પણ એ રાગને માનતો હતો. કારણ કે રાગથી પૃથક્ ચીજ ત્યાં દૃષ્ટિ ગઈ નહોતી. આહા..હા..! આવી વાત છે.

**'અત્યંત અપ્રતિબુદ્ધ તેને તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી...'** આહા..હા..! 'ચૈતન્ય જ્ઞાનજ્યોતિ સ્વરૂપ હું છું' એવો વિકલ્પ નહિ, પ્રગટ ઉદય. આહા..હા..! **'તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી...'** આહા..હા..! **'અને નેત્રના વિકારીની માફક (જેમ કોઈ પુરુષનાં નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં...'** નેત્રમાં વિકારને લઈને બધી ચીજ બીજી રીતે ભાસતી. **'જ્યારે વિકાર મટ્યો ત્યારે જેવાં હતાં તેવા જ દેખવા લાગ્યો તેમ) પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઊઘડી જવાથી...'**

**શ્રોતા :-** કર્મની વાત આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મની વાત છે નહિ, નિમિત્તથી કથન છે.

સ્વભાવનું ભાન થતાં, સ્વભાવમાં જે ભાવઘાતિની દશા હતી એનો નાશ થયો. સમજાણું કાંઈ? એ મિથ્યાશ્રદ્ધા એને લઈને આત્મદશા ઘાત પામતી એનો એણે નાશ કર્યો. સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધા એ એને આવરણ હતું. આહા..હા..! **'સારી રીતે ઉઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો અને સાક્ષાત્ દ્રષ્ટા (દેખનાર) એવા પોતાને...'** શું કીધું ઈ? આત્મા તો સાક્ષાત્ દ્રષ્ટા જ છે. એમાં કોઈ દયા, દાનનો વિકલ્પ કે વ્યવહારરત્નત્રયનો રાગ એ સ્વરૂપમાં છે નહિ અને એને લઈને સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. જેનામાં જે નથી એનાથી એ પ્રાપ્ત કેમ થાય? આહા..હા..! **'સાક્ષાત્ દ્રષ્ટા (દેખનાર)...'** થયો. એટલે? દ્રષ્ટા હતો તો ખરો. વસ્તુ તો દ્રષ્ટા અને જ્ઞાતા જ છે, પણ મિથ્યાશ્રદ્ધાના નાશથી પર્યાયમાં સાક્ષાત્ દ્રષ્ટા-જ્ઞાતાનું ભાન થયું. આહા..હા..! માર્ગ ભારે, ભાઈ! ઓહોહો..!

**'પ્રતિબુદ્ધ થયો...'** છે? **'અને સાક્ષાત્ દ્રષ્ટા એવા પોતાને...'** એટલે શું કહ્યું? સાક્ષાત્ દ્રષ્ટા એવા પોતાને. એકલો દેખનાર ને જાણનાર એવા પોતાને **'પોતાથી જ જાણી,...'** સાક્ષાત્ દ્રષ્ટા ને જ્ઞાતા એવો પોતે એને પોતાથી જ જાણી, રાગથી નહિ, વિકલ્પથી નહિ. આવ્યું હતુંને સવારમાં? સ્વવપુને સ્વવપુથી પ્રવેશ કરી. આહા..હા..! સ્વ જ્ઞાનશરીર આત્મા વસ્તુ અસ્તિ, જ્ઞાન જાણકસ્વભાવનો પિંડ એવો ચિદ્રૂપ એવો હું એવો અનુભવ થવો. આહા..હા..! એ સાક્ષાત્ દ્રષ્ટા એવા પોતાને. આહા..હા..! **'પોતાથી જ જાણી,...'** આહા..!

સવારમાં કહ્યું હતું, સ્વચૈતન્ય વડે સ્વચૈતન્યમાં સ્વચૈતન્ય વડે પ્રવેશ કરીને. સ્વચૈતન્ય સ્વશરીર, સ્વચૈતન્ય સ્વશરીર એ સ્વચૈતન્યની પરિણતિ દ્વારા તેમાં પ્રવેશીને. આહા..હા..!

**'પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો ઈચ્છુક...'** હવે કહે છે લ્યો! આહા..હા..! એ તો મુનિપણાની ઈચ્છા છે કે ઓહોહો..! આવો! હવે એમાં મારે ઠરવું છે. ભાઈએ લખ્યું છેને ભવ્યસાગરે? આત્મજ્ઞાન વિના દીક્ષા દઈ દે છે એ બધો જૈનમાર્ગને ગંદો કરે છે. એય..! આહા..હા..! અહીં કહે છે કે **'પોતાને પોતાથી જ...'** જુઓ, આમાં તો એકાંત થઈ ગયું. સ્યાદ્વાદ નહિ? પોતાથી પણ જાણે, રાગથી પણ જાણે, પરથી પણ જાણે.

**શ્રોતા** :- પરથી નહીં, પણ ગુરુથી જાણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ પણ નહિ અહીં તો કહે છે.

**શ્રોતા** :- વાણી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાણી ક્યાં હતી એમાં? આહા..હા..! ના બીજું કહેવું છે મારે.

**'પોતાથી જ...'** એમ કીધું એટલે તો એકાંત થઈ ગયું, એમ. એ એકાંત જ અનેકાંતનું જ્ઞાન સાચું કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ ચૈતન્યસૂર્યના પ્રકાશનું પૂર પ્રભુ પોતાના નિર્મળ પ્રકાશ દ્વારા જ પોતે પોતાને પ્રકાશે છે. આહા..હા..! જુઓને! **'પોતાથી જ જાણી,...'** પહેલું જાણીને કહ્યું. **'શ્રદ્ધાન કરી,...'** એમ પછી કહ્યું. જ્ઞાનની નિર્મળ પર્યાય દ્વારા જ્ઞાયકભાવને અનુભવી, જાણી, શ્રદ્ધાન કરી. જાણ્યા વિના શ્રદ્ધાન કોનું? જે કાંઈ વસ્તુ દૃષ્ટિમાં જ આવી નથી એને માનો, પણ શું માને? આહા..હા..! એ ૧૭-૧૮માં આવ્યું હતું. **'પોતાને પોતાથી જ,...'** આહા..હા..! મારે તો બીજું કહેવું છે કે પોતાથી 'જ' કેમ લગાડી દીધો? અનેકાંત જોઈએ કે નહિ?

**શ્રોતા** :- ... અનેકાંત થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અનેકાંત પોતાથી જણાય અને પરથી ન જણાય એ અનેકાંત છે. સમ્યક્ એકાંત છે આ. આહા..હા..! ભાઈ! વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ છે. આમેય હોય એમ ફુદડીવાદ નથી આ સ્યાદ્વાદ. આહા..હા..! ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ જ્ઞાનની પર્યાય નિર્મળ દ્વારા પોતે પોતાથી જાણે છે જેને રાગ અને વ્યવહારની પણ અપેક્ષા નથી. એનો અર્થ શો થયો? કે વ્યવહારથી આ જણાય નિશ્ચય એમ તો ન આવ્યું. વ્યવહારનું લક્ષ છોડી દઈ સ્વભાવનું સીધું લક્ષ કરે તે પોતાથી પોતાને જાણે છે. આહા..હા..!

**'શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો...'** હવે એનું આચરણ કર. જોયું! એ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી એનું આચરણ હોય. આહા..હા..! **'કરવાનો ઈચ્છક થયો થકો પૂછે છે કે 'આ આત્મારામને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન (ત્યાગવું) તે શું છે?''** પ્રભુ! આ સ્વાત્મારામ, આતમરામ નિજપદમાં રમે એવો ભગવાન એને પચ્ચખાણનું શું સ્વરૂપ

છે? એને અન્ય દ્રવ્યોના ત્યાગનું શું સ્વરૂપ છે? અન્ય દ્રવ્યના ત્યાગનો એમાં શું ભાવ થાય છે? આહા..હા..! **'તે શું છે? તેને આચાર્ય આ પ્રમાણે કહે છે :-'** આહા..હા..! **'अनुचरितुकामः'** એમ છેને શબ્દ?

વસ્તુનું જ્ઞાન અને પ્રતીતમાં વસ્તુ આવી છે કે આ વસ્તુ જ્ઞાનનો પુંજ પ્રભુ છે એમાં કોઈ વિકલ્પમાત્ર નથી, સંસારની ગંધ નથી એમાં. એટલે કે સંસાર જે ઉદયભાવ એ સંસાર, એમાં એની ગંધ નથી એવી ચીજ છે એ. આહા..હા..! એવું જાણીને પ્રતીતમાં આવ્યું છે એ ગુરુને પૂછે છે. જ્ઞેયથી વાત લેવી છેને? એ ખબર તો હોય કે નથી? સમ્યક્ પછી એના.. પણ વિનયથી આચરણ આમાં કેમ મારે થાય અન્યના ત્યાગરૂપ? રાગના ત્યાગરૂપ, અન્ય દ્રવ્યના ત્યાગરૂપ સ્વભાવમાં પચ્ચખાણ શી રીતે થાય? એમ આચાર્યને પૂછતાં.. જુઓ! ભાષા કેવી છે! **'સ્વાત્મારામને...'** એમ. સમજાણું કાંઈ? એ ઉપરથી લીધું પછી. સ્વાત્મારામ છે અંદર. **'स्वात्मारामस्यास्यान्यद्रव्याणां प्रत्याख्यानं किं स्यादिति'** આહા..હા..! આત્મા આત્મારામમાં આત્મામાં રમે એવું આત્માનું ચારિત્ર અને પચ્ચખાણ અન્ય દ્રવ્યનો ત્યાગ એનું સ્વરૂપ શું છે? આહા..હા..! તેના ઉત્તરરૂપે કહે છે. ૩૪.

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।**

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

**'ટીકા :- આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...'** જુઓ, ત્યાંથી ઉપાડ્યું. આહા..હા..! ભગવાનસ્વરૂપ જ આત્મા છે.

**શ્રોતા :-** ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે, ત્રણે કાળે. આહા..હા..!

ભગવાનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં ભગવાનપણું આવશે ક્યાંથી? આહા..હા..! કાંઈ બહારથી આવે એવું છે? આહા..હા..! માર્ગ બાપા બહુ ઝીણો, ભાઈ! અને અનંત આનંદને આપનારો છે આ. શાંતિ... શાંતિ... શાંતિ... અનંતી-અનંતી શાંતિ, અનંતો-અનંતો આનંદ આહ્લાદ, અનંતું વીર્ય સ્વરૂપની રચનાવાળું એને પ્રગટ થાય એના ઉપાય તો અલૌકિક જ હોયને! આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...'** લ્યો, ત્યાંથી ઉપાડ્યું, જોયું! છેને અંદર? ભગવત્ એમ શબ્દ છે. **'भगवज्ज्ञातृद्रव्यं'** ભગવત્ એકાક્ષરી છે. ભગવત્-લક્ષ્મીવાળો. પૂર્ણજ્ઞાન અને આનંદની ભગ નામ લક્ષ્મીવત્-લક્ષ્મીવાળો. આહા..હા..! લક્ષ્મીસ્વરૂપ જ છે એ તો. ભગવાનસ્વરૂપ આત્મા. 'ભગવાન આ' એમ કરીને પ્રત્યક્ષ કીધું હોં! જ્ઞાનમાં પ્રત્યક્ષ વેદન થઈ ગયું છે અનુભવનું. આ ભગવાન આત્મા. આહા..હા..!

'**ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા) છે...**' ભગવાન જ્ઞાતાદ્રવ્ય છે. ભગવાન આત્મા છે. આહા..હા..! '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...**' આહા..હા..! '**અન્ય સમસ્ત પરભાવોને,...**' શું કહે છે? જ્ઞાતાદ્રવ્ય જે વસ્તુ છે એ અન્યદ્રવ્યના નિમિત્તથી થતાં વિકારીભાવપણે વ્યાપ્યપણે ન થાય તેવો એનો સ્વભાવ છે. '**અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' આહા..હા..! '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે...**' એટલે? કે જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ તો જાણવું-દેખવું આનંદ છે, એ સ્વભાવ વડે વિકારભાવમાં વ્યાપ્ય કેમ થાય? આહા..હા..! '**નહિ વ્યાપ્ત હોવાથી...**' પોતાનો સ્વભાવ જાણક-દેખન સ્વભાવ એ વડે વિભાવના વિકલ્પો ચાહે તો વ્યવહારરત્નત્રયનો રાગ હો, એ પણે પોતાના સ્વભાવ વડે વ્યાપવા સમર્થ નથી. વ્યાપી શકે એવું સ્વરૂપ જ નથી. આહા..હા..! અહીં તો હાથ જોડીને કર્યા પચ્ચખાણ. લ્યો થઈ ગયા પચ્ચખાણ લ્યો. જામનગરમાં મહિનામાં દસ પોષા કરે. આઠમ ને પૂનમ ને અમાસના. ઘણા પોષા કરે. ૨૫, ૩૦, ૪૦ માણસ. ઘણા વર્ષ સુધી હોં. એને રિવાજ હતો. હવે શું થયું. તે દી અમે (સંવત) ૧૯૮૨માં ગયા ત્યારે. સવારમાં આવે બધા દુકાને થોડું-થોડું સંભાળીને. કેટલાક વહેલા આવે. કેટલાક દુકાન બધું સંભાળીને પોષા કરવા આવી જાય વહેલા લ્યો. પચ્ચખાણ કર્યા આ પાપના. પણ શું પચ્ચખાણ? શું પાપ? શું આત્મા?

**શ્રોતા :-** છ કાય જીવનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છ કાયનું.. છકાયમાં પોતે કાય નથી? અનંત આનંદ અને અનંત ગુણનો સમાજનો સામ્રાજ્યનો નાથ આત્મા છે. આહા..હા..! એને એ રીતે એટલો, એવડો ન માનવો એ એનો કૂટો છે. આહા..હા..! સમજાણું કાંઈ? છ કાયમાં જીવ આવ્યો કે નહિ? અને એ તો પ્રવચન નથી કર્યું પંચાસ્તિ? કે છકાય તે જીવ નથી. એમાં જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. આહા..હા..! આહા..હા..!

ચૈતન્ય મૂળ વસ્તુ તો પ્રત્યક્ષ છે, પણ પર્યાયની બુદ્ધિએ, રાગની બુદ્ધિએ એ વસ્તુ આખી આવરણમાં મનાઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી અહીં ઉપાડ્યુંને '**આ ભગવાન...**' પ્રત્યક્ષ પ્રભુ છે. આહા..હા..! જ્ઞાનના પ્રત્યક્ષ નેત્રમાં પ્રભુ દેખાય એવો એ આત્મા છે. '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે...**' '**અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...**' કર્મના નિમિત્તના સંગે થતાં વિભાવભાવપણે એટલે પરભાવપણે વ્યાપ્ત નહિ હોવાથી. પરભાવપણે વ્યાપ્ત છે જ નહિ. આહા..હા..! '**પરપણે જાણીને,...**' શું કહે છે? જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ ભગવાન આત્મા એ રાગના વિકલ્પપણે વ્યાપવાને, રહેવાને, થવાને લાયક નથી. પોતાના સ્વભાવ વડે વિકારપણે થવું એ એનો સ્વભાવ નથી. આહા..હા..! એમ પરપણે જાણીને એટલે 'રાગપણે હું છું એ મારો સ્વભાવ જ નથી' એમ પરપણે જાણીને. આહા..હા..!

એક જણો કહેતો હતો બિચારો આવ્યો હતો તે. મહારાજ! અમારો ધર્મ બધો સહેલો

હતો બહુ, તમે મોંઘો કરી દીધો, એમ કહે. વિરમગામનો હતો. કસ્ટમ-કસ્ટમ. કસ્ટમ ખાતાનો ઓફિસર આવ્યો હતો. વ્યાખ્યાન સાંભળ્યું, ઓહો..! પણ અંદરમાં આવ્યો ત્યારે (કહે), આ અમે માનીએ છીએ એના ઉપર પ્રહાર કર્યો તમે. અમે તો ભગવાનની જાત્રા કરીને ધર્મ થાય, ભગવાનના દર્શન કરીને ધર્મ થાય. તમે કહો કે નહિ. મેં કીધું બાપુ! એમ નથી, ભાઈ! ભગવાન પોતે છે તેને દેખવાથી, જાણવાથી ધર્મ થાય. એ ભગવાનને દેખવાથી ન થાય. એ ભગવાનને દેખવાથી તો રાગ થાય. સમજાણું કાંઈ? એ વાત આખી ફેરફાર થઈ ગઈ. સંપ્રદાયમાં વાત જ બધી ક્રિયાકાંડની સ્થૂળની વાત રહી ગઈ. આખી વાત (ફરી ગઈ). આહા..હા..! એ કહ્યું.

આ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા, જાણનાર-દેખનાર એવો પ્રભુ, એ અન્ય દ્રવ્યના સ્વભાવથી ઉત્પન્ન થતાં વિભાવમાં પોતાના સ્વભાવ વડે વ્યાપ્ત નહિ થવાથી. આહા..હા..! રાગપણે.. આહા..હા..! '**અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' આહા..હા..! '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' તેઓ કોણ? ઓલા પરભાવ. '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' આહા..હા..! પોતાનો જે સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા એ વડે વ્યાપ્ત તેઓ થતા નથી. આહા..હા..!

'**અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' એ વિકારી દયા, દાન, વિકલ્પ આદિનો ભાવ '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' સ્વભાવમાં આવતા નથી. એને '**પરપણે જાણીને, ત્યાગે છે;...**' એટલે કે આ પર છે (એમ જાણીને) એટલે અંદર સ્થિર થઈ જાય છે એ ત્યાગે છે કહેવામાં આવે છે. '**પરપણે જાણીને, ત્યાગે છે;...**' વિકારીભાવ તેઓ આત્માના સ્વભાવ વડે વ્યાપ્ત નામ થવાને લાયક નથી તેમ તેને પરપણે જાણીને... આહા..હા..! હવે આવું પચ્ચખાણ ક્યારે થાય કહે છે લ્યો હવે. અહીં તો સહેલુંસટ પચ્ચખાણ હતું. આહા..હા..! ભાઈ!

લાકડીના ઘોડાને ઘોડો માન્યો હતો. ઓલા છોકરા નથી રમતા ઘોડે? લાકડીનો. આ મારો ઘોડો છે. ઘોડો ધૂળેય નથી. લાકડી આમ રાખીને ચાલે છેને? આહા..હા..! પછી એના બાપે કહેવું પડે એને કે હાલ-હાલ છોકરા ઘોડો રાખ આઘો. હાલ કેરી લાવ્યો છું. એને પણ ઘોડો કહેવું પડે. શું કરે? ઓલો ઘોડો-ઘોડો ઘૂંટી રહ્યો છે. એને કહે કે લાકડી છોડી દે તો જટ સાંભળે નહિ. આહા..હા..! હાલ અંદર. છોડી દે તારો ઘોડો, પણ તમે મોટા માણસ (થઈને) ઘોડો (કહો)? ભાઈ શું કરીએ? આ તું ઘૂંટી રહ્યો છો એ વાત જ કરીએ છીએ તને. આહા..હા..!

એમ ભગવાન સ્વભાવ ચૈતન્ય સ્વભાવ ભગવાન.. આવ્યું હતુંને? ભગવાન જ્ઞાનસ્વભાવ. આવ્યું હતું. ભગવાન જ્ઞાનસ્વભાવ. એ તો આમાં તો આવ્યું હતું, પણ પહેલું આવ્યું હતું

જ્ઞાનસ્વભાવ. ૩૧, ૩૨, ૩૩ બધામાં આવ્યું છે જુઓ. છેલ્લે જુઓને. એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. છેને? આહા..હા..! એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે, જુઓ! આહા..હા..!

૩૩માં પણ એ આવ્યું. '**પરમાત્માને પ્રાપ્ત થયેલો તે ક્ષીણમોહ...**' જુઓ! એ ભગવાન છે. ૩૧માં આવ્યું હતું છેલ્લે '**પરમાર્થસત્-એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' આહા..હા..! એક જણો અહીં સાંભળી ગયો પછી બીજે ત્યાં કહ્યું કે આત્મા તો ભગવાન છે. ભગવાન-ભગવાન શું કરો છો? ભગવાન આત્મા છે અત્યારે? શું શીખીને આવ્યા ત્યાં સોનગઢ જઈને? ભગવાન-ભગવાન આત્મા છે. આ શું કહે છે પણ સાંભળને. અત્યારે ભગવાન ન હોય. અત્યારે ન હોય તો ભગવાન નહિ થાય કોઈ દી, લે. આહા..હા..! ભગવાનનો સ્વભાવ છે એનું એન્લાર્જ થાય છે પર્યાયમાં. અંતર પૂર્ણાનંદનો નાથ ભગવાન પોતે સ્વરૂપે બિરાજે છે, પણ પામરને કેમ પ્રભુની પ્રતીતિ આવે? આહા..હા..! પામરને 'ઈશ્વરસ્વરૂપે હું છું' એમ કેમ પ્રતીતમાં આવે? સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયમાં ભલે પામર હો, પણ વસ્તુ તરીકે એ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ છે. આહા..હા..! એ પરપણે જાણી. શું કીધું?

હું એક જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવવાળો તે અન્ય દ્રવ્યના નિમિત્તથી થતાં વિભાવ પરિણામો એ, તેઓ એટલે તે વિભાવ મારા સ્વભાવપણે થાય તે લાયક નથી. આહા..હા..! એમ જાણીને, એમ જ્ઞાતાપણાથી રાગને ભિન્ન જાણીને ત્યાગે છે. આ રાગ છે એ હું નથી. એ ભિન્ન ભાવ (છે). એ પણે થવાને હું લાયક નથી. એ મારા સ્વભાવમાં આવે એ એને લાયક નથી. સમજાણું કાંઈ?

'**તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે,...**' જાણવામાં આવ્યું જ્ઞાનમાં કે આ રાગ છે એ મારા સ્વભાવપણે પર્યાયપણે થાય એવો એ સ્વભાવ નથી. એનો પણ નથી અને મારો પણ નથી. આહા..હા..! ભારે ભાઈ આવું? આ પચ્ચખાણ માટે આટલું બધું કરવું પડતું હશે એણે સમજવું? અહીં તો પચરંગી પાંચ-પાંચ સામાયિક કરે છોકરાઓ અને પછી શેઠિયા.. એય.. પોપટભાઈ! પછી શેઠિયા... શું કહેવાય એ? લ્હાણી? લ્હાણું કરે. લ્હાણું કરે એટલે ઓલો રૂપિયો-રૂપિયો આપે પછી સામાયિક કરે બીજા ઘણા. અત્યારે રૂપિયાની કિંમત ઘટી ગઈ, પણ આ તો પહેલાંની વાત છે. બે રૂપિયા, પાંચ રૂપિયા. સામાયિક પંચરંગી સામાયિક, પાંચ-પાંચ સામાયિક. ધૂળેય નથી હવે સાંભળને, સામાયિક કેવી તારી! આહા..હા..!

સામાયિકમાં તો સમતાનો લાભ થાય. સમતા એટલે વીતરાગ પરિણામનો. તો વીતરાગ પરિણામનો લાભ ક્યારે થાય? કે વીતરાગસ્વરૂપે ભગવાન હું છું એનો આશ્રય લઈને જે વીતરાગી પરિણતિ થાય તેને સામાયિક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? પૌષધ એ કહે છે. પૌષધ નથી પૌષધ? ચણાને પાણીમાં પોઢો કરે છેને પલાણે એટલે. પોઢો થાયને પોઢો? પણ એ તો કાચો પોઢો થાય, કસવાળો પોઢો ન થાય. તોલ તો એટલો ને એટલો રહે. પોઢો થાય તો એ પાણી ગળે એટલો પોઢો થાય એ જુદી વાત છે. આત્મા અંદર

આનંદનો નાથ એને પૌષધ કરવો એટલે પોષવો, આનંદના સાગરમાં એને ડુબાડવો એને એકાકાર (કરવો), આહા..હા..! એને પૌષધ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં શું કહ્યું? જે પહેલે જાણે છે તે જ છોડે છે, તે જ અંદરમાં ઠરે છે એમ કહે છે. જે જાણે છે કે આ રાગ છે તેઓ મારા સ્વભાવ વડે થવાને લાયક નથી એમ જે જાણ્યું તે જાણનાર જાણે છે તે જ એમાં ઠરે છે. ત્યાંથી ખસીને ઠરે છે એમ કહે છે. આહા..હા..!

**'બીજો તો કોઈ ત્યાગનાર નથી'** એટલે શું કહ્યું? જે જાણનારે જાણ્યું કે રાગ, વિભાવ, વિકલ્પ એ મારા સ્વભાવપણે વ્યાપ્ય થવાને લાયક નથી એમ જેણે જ્ઞાનસ્વભાવમાં જાણ્યું, જાણનારે જાણ્યું તે જ એને છોડે છે એટલે એ રૂપે પરિણમતો નથી. આહા..હા..! **'બીજો તો કોઈ ત્યાગનાર નથી'** જાણનાર જુદો અને ત્યાગનાર જુદો એમ કોઈ નથી એમ કહે છે. આહા..હા..! આવી ચીજો, બાપુ! બહુ મોંઘી છે. આહા..હા..!

**'તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી'** એ તો આત્મા જેણે જાણ્યો કે હું જ્ઞાનસ્વભાવ વડે તેઓ મારા સ્વભાવમાં આવે, વ્યાપ્ય થાય એવો એનો સ્વભાવ નથી અને મારો નથી—એવું જ્યાં જાણ્યું ભિન્નપણે એ એના તરફમાં રહ્યો નહિ ત્યાં. જ્યાં જાણ્યું એમાં રહ્યો એ જ પચ્ચખાણ છે. જાણનાર જાણ્યું તેણે રાગનો ત્યાગ કર્યો છે, કહે છે. જાણ્યું કે આ રાગ હું નહિ તે રાગમાં ન જતાં સ્વભાવમાં રહે છે તેનું નામ પચ્ચખાણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ પચ્ચખાણની આવી વ્યાખ્યા કોઈ દી સાંભળી ન હોય. પચ્ચખાણ કર્યા.. પચ્ચખાણ કર્યા.. શેના બાપા? ભાઈ! પચ્ચખાણના મોઢા મોટા છે. પચ્ચખાણ એ ચારિત્રધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાતા-દૃષ્ટા એવું દ્રવ્ય એ પોતે પોતાને પ્રત્યક્ષ થયું. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાતા-દૃષ્ટા પૂર્ણ તેમ ભાન થયું. તે જ્ઞાન રાગના ભાવપણે, તે રાગના ભાવપણે સ્વભાવપણે થાય એવો એનો ભાવ નથી. આહા..હા..! એમ જે જાણનારે જાણ્યું કે આ વિકલ્પ ચાહે તો દયા, દાનનો હોય કે ચાહે તો ભગવાનની શ્રદ્ધાનો હો, એ બધો વિકલ્પ રાગ છે. તેઓ મારા સ્વભાવપણે, સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એના પરિણામપણે પરિણમે તેવો એનો સ્વભાવ નથી. આહા..હા..! એમ જાણ્યું એ જ્ઞાને રાગને છોડ્યું. છોડ્યું એટલે તેનાથી લક્ષ છોડી દીધું અને પોતે ઠર્યો. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટામાં ઠર્યો એને પચ્ચખાણ કહેવામાં આવે છે. જ્ઞાન તે પચ્ચખાણ છે. એ જ્ઞાનમાં પચ્ચખાણ થઈ ગયું. હમણાં એ આવ્યું છેને ભાઈ! ઓલા નગીનભાઈનું? નગીન વિરાણી. આ લોકો જ્ઞાન-જ્ઞાન (કરે છે). જ્ઞાન શું? ત્યાગ હોય રાગનો. શરીરની ક્રિયાનો ત્યાગ થાય ત્યારે પચ્ચખાણ થાય. એમાં જૈનપ્રકાશમાં ઓલો નાખે છે કો'ક મીઠાલાલ. ... .. અનુભૂતિ થવી તે ધર્મ છે અને ફલાણું... એમાં વળી આ નાખ્યું આણે.

આહા..હા..! ભાઈ! જેવી જાત છે તેને અનુસરીને થવું અને વિકારપણે ન થવું એ જ્ઞાનના સ્વભાવને પચ્ચખાણ કહેવામાં આવે છે. કહો, જેઠાભાઈ! છે એમાં? છે કે નહિ?

'**બીજો તો કોઈ ત્યાગનાર નથી—એમ આત્મામાં નિશ્ચય કરીને,..**' આહા..હા..! '**પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે...**' એટલે કે પરના ત્યાગને કાળે '**પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ...**' રાગાદિનો વિકલ્પ જે પરભાવ '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' આહા..હા..! રાગનો ત્યાગ કરું છું એ પણ નામમાત્ર કથન છે. '**પ્રત્યાખ્યાનના સમયે...**' ભાષા જુઓ! જ્ઞાને જાણ્યું આત્માએ કે રાગ જે વિકલ્પ છે ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ (હો), એ ભાવ સ્વભાવભાવપણે થવાને લાયક નથી. આહા..હા..! એમ પરભાવ તરીકે જેણે જાણ્યું, જેણે પરભાવ તરીકે જાણ્યું તે તેને ત્યાગે છે એમ કહેવું એ પણ કથનમાત્ર છે. એ જ્ઞાન જ્ઞાનમાં ઠરી ગયું એ પચ્ચખાણ છે. સમજાણું કાંઈ? જ્ઞાન તે પચ્ચખાણ છે આવ્યુંને? જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ચોથી લીટી. આહા..હા..! આવી વાત, બાપુ! જન્મ-મરણનો આખો ફેરો મટાડવાની વાત તો જુદી જ હોયને! ચરિત્તં ખલુ ધમ્મો. ચારિત્ર તે ધર્મ છે અને સ્વરૂપમાં આચરણ કરવું તે ચારિત્ર છે. સ્વરૂપાચરણ તે ચારિત્ર છે. દેહની ક્રિયા ને રાગનું આચરણ તે ચારિત્ર નથી. આહા..હા..! અંદર પંચમહાવ્રતના વિકલ્પ છે એ પણ અચારિત્ર છે, એ ચારિત્ર નથી. આહા..હા..!

કહે છે, ભગવાન જ્ઞાતા-દ્રષ્ટા વસ્તુ પોતાની નિર્મળ પર્યાયથી પ્રત્યક્ષ અનુભવ થયો કે આ આત્મા. એ આત્માને હવે પ્રત્યાખ્યાન કેમ થાય? એનો આ ઉત્તર આપે છે કે જેણે અંદરમાં જાણ્યું રાગ ને સ્વભાવ બે ભિન્ન (છે) એમ જ્યાં રાગપણે થવું એ મારું સ્વરૂપ નથી અને રાગ મારાપણે-સ્વભાવપણે થાય એવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! એવા ભિન્નભાવને જાણતાં એ જાણનારો એને ત્યાગે છે, એ પણ કથનમાત્ર છે, કહે છે. આહા..હા..! રાગના ત્યાગનું કર્તાપણું એને હોતું નથી. આહા..હા..! અહીં તો હજી બાહ્ય ત્યાગ કરે મને રસ ખપતો નથી, મને ઢીંકણું ખપતું નથી. ધૂળેય ખપતી નથી, સાંભળને. મિથ્યાત્વ ખપે છે ત્યાં. આહા..હા..! અમારે આનો ત્યાગ છે, અમારે આનો ત્યાગ છે. કહે છે કે પરના ત્યાગ અને ગ્રહણ માનવો એ તો મિથ્યાભ્રાંતિ છે, પણ રાગનો ત્યાગ આત્મા કરે છે એમ કહેવું, એ રાગના ત્યાગનો કર્તા છે આત્મા એમ કહેવું એ તો કથનમાત્ર છે. ખરેખર રાગના ત્યાગનો કર્તા એ છે જ નહિ. એ તો સ્વરૂપમાં ઠરે છે ત્યારે રાગ થતો નથી એથી કથનમાત્ર કહેવામાં આવ્યું. આહા..! આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

આ તો પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવેલી આ વાત છે. એ સંતો આડતિયા તરીકે જગતને સમજાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો થઈ ગયા ત્યાગી અને થઈ ગયા સાધુ ને બાર વ્રતધારી ને પંચમહાવ્રતધારી. આહા..હા..! ચૈતન્યતત્ત્વની તો હજી ક્યાં છે? શું છે? કેમ પ્રાપ્ત થાય? એની વિધિ ને રીતની ખબરું

ન મળે, એને પચ્ચખાણ થઈને સાધુ થાય એ બધા એકડા વિનાના મીંડા છે. આણે લખ્યું છેને? ભવ્યસાગરે નહિ? આતમજ્ઞાન વિનાના અમે આ સાધુ થઈ ગયા અને તે આતમજ્ઞાન વિનાના સાધુએ જૈનને ગંદો કરી નાખ્યો છે, એમ લખ્યું છે. આહા..હા..! આ ભક્તિ કરી, આ પાંચ-પચાસ લાખ ખર્ચે અને હો.. હા.. રથયાત્રા (કાઢે એટલે) જાણે ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી સાંભળને! સમજાણું કાંઈ? શું કીધું? ધમાધમ. 'ધામધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' આહા..હા..! રથયાત્રા ને આ હજી પોપટભાઈને કરવાનું છે ત્યાં.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્યાં ભાવ એવો આવશે અને હિંમતભાઈ ત્યાં છેને તમારી સાથે બેય જણા. બીજા કોણ? વજુભાઈ. હા, સાચી વાત. આહા..હા..! અરે..! અહીં શું કહે છે? ભાઈ! હો, એવો વિકલ્પ હો, પણ એ કોઈ ચીજ નથી. ધર્મનો કોઈ અંક એમાં નથી ચિહ્ન.

**શ્રોતા** :- પાપથી તો સારું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાપથી સારું એ વ્યવહારથી સમ્યગ્દર્શનવાળાને કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો એ માને છે તો મિથ્યાત્વનું પાપ છે એ તો. આહા..હા..! ભાષા કેવી કરી જોઈ!

**'પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે...'** એટલે કે સ્વરૂપમાં સ્થિર થવાના કાળે. આહા..હા..! છેને? **'પ્રત્યાખ્યાન કરવાયોગ્ય...'** શું કહ્યું ઈ? **'પ્રત્યાખ્યાનના સમયે...'** એટલે કે સ્વરૂપમાં ઠરવાના કાળે. આહા..હા..! **'પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...'** ઉપાધિમાત્ર, રાગનો ત્યાગ તો ઉપાધિમાત્ર કથન છે કહે છે. આહા..હા..! શું કહ્યું? **'પ્રત્યાખ્યાનના સમયે...'** સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છું એવું ભાન થયું અને તે રાગાદિ મારા સ્વભાવપણે થાય એવો મારો સ્વભાવ જ નથી. એમ એને પરપણે સ્વમાં રહીને પરપણે જાણ્યું. સ્વમાં રહીને રાગને પરપણે જાણ્યું. એ વખતે સ્વમાં રહેવાના કાળે એટલે પ્રત્યાખ્યાનના સમયે. આહા..હા..! આ ટીકા તો જુઓ આવી! ભરતક્ષેત્રમાં અત્યારે બીજે ક્યાંય નથી. આહા..હા..! અમૃતના સાગર ઊછાળ્યા છે. મુનિઓએ જગતને અમૃતનો સાગર આમ પ્રત્યક્ષ બતાવ્યો છે. એ કીધુંને તત્ત્વજ્ઞાન .. આહા..હા..!

**'પ્રત્યાખ્યાનના સમયે...'** એ કહેતા શું સમજાણું કાંઈ? પચ્ચખાણને કાળે. એટલે? જ્ઞાતા-દૃષ્ટાએ રાગપણે ન થવું એવું જે જાણ્યું અને એમાં પ્રત્યાખ્યાનને કાળે એટલે કે રાગના અભાવસ્વભાવના પરિણમનને કાળે. પ્રત્યાખ્યાનને કાળે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ કાળ એ ઠર્યો ઈ. ઈ ઠર્યો એ પ્રત્યાખ્યાનનો કાળ અને એ કાળે રાગનો ત્યાગ કરવો કહેવું એ નિમિત્તમાત્ર છે. આહા..હા..! ત્રિલોકનાથ ભગવાનની તો આ વાણી છે, ભાઈ! સંતો કહે છે તો એ ભગવાનની વાણીથી જ કહે છે. અનુભવથી કહે છે એ

પ્રત્યક્ષ તો આત્મા થયો નથી ત્યાં. શ્રુતજ્ઞાનમાં તો પરોક્ષ છે. વેદનથી પ્રત્યક્ષ થયો છે. આ અસંખ્ય પ્રદેશમાં આવો એ તો થયું નથી. એ તો ભગવાનની વાણીમાંથી જાણ્યું કે આ તો આવો છે. અને એ આત્મા પ્રત્યાખ્યાન એટલે? રાગના ત્યાગને કાળે એટલે કે સ્વરૂપની સ્થિરતાને કાળે.. આહા..હા..! જ્ઞાને જાણ્યું કે રાગ પર છે એ પણે હું થવાને માટે લાયક નથી, મારો સ્વભાવ જ એવો છે. એવા સ્વભાવમાં ઠરવાને કાળે રાગનો ત્યાગ કર્યો એણે એ નામમાત્ર કથન છે. આહા..હા..! તો પછી આ આહાર છોડ્યા, પાણી છોડ્યા, ઢીકણા છોડી, ધૂળ છોડી. અરે.. બાપુ ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ટીકા તો જુઓ! આહા..હા..!

'નાવ તરે રે મોરી નાવ તરે.' એ આવે છેને અન્યમાં ઓલામાં. આ ..માં. એ કહ્યું હતુંને એક ફેરી? એક ફેરી કહ્યું હતું ત્યાં ૮૪ની સાલમાં. ઘણી સભા પર્યુષણમાં અને આ બધા બેઠા હતા. આવ્યા હતા. શેઠિયા નહિ ઓલા? અમૃતલાલ-અમૃતલાલ. જન્મભૂમિ. ત્યાં હતુંને પહેલું? ૮૪માં ત્યાં હતા એ. અમૃતલાલ શેઠ. હમણાં કો'ક આવ્યું હતું એના કુટુંબી. રતિલાલ. એમ કહે રતિલાલનો દિકરો. જન્મભૂમિ મારા બાપ છે. અમે કચ્છમાં ગયા છીએ. આવ્યો હતો. આવે છે બધા ઘણા હમણા. એ અમૃતલાલ શેઠ તે દી રાણપુર હતા. પર્યુષણમાં આ આવ્યું હતું. 'નાવ તરે રે મોરી નાવ તરે, એમ મુનિવર જળ શું ખેલ કરે, મોહકર્મના એ ચાળા...' મોહકર્મના એ ચાળા. 'મુનિવર દા નાનકીયા બાળા.' એ ગજસકુમાર અને.. બે. પણ અહીં તો આ છે.

**શ્રોતા :-** પાતરા હોય એમ સિદ્ધ કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું સિદ્ધ કર્યું. પાતરા સિદ્ધ કર્યા. એક ઘાએ બધું કર્યું સિદ્ધ. અરે.. ક્યાં હતા, બાપુ? બધી કલ્પનાઓના... શું થાય? પ્રભુ! માર્ગને (વીંખી નાખ્યો). પાતરા મુનિને કેવા? વસ્ત્રનો ધાગો કેવો? ભાઈ! જૈનના મુનિ તો અંતરમાં વિકલ્પની લાગણી વિનાના અને બહારમાં કપડા વિનાના મુનિ હોય છે. આહા..! કપડાવાળા મુનિ એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની નિગોદગામી છે. કહ્યુંને કુંદકુંદાચાર્યે? ભાઈ! એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ માને, મનાવે, માન્યતાને રૂડું જાણે (તે) નિગોદગામી છે. ભલે એક ભવ, બે ભવ પછી પણ જાશે નિગોદમાં એ. આવું આકરું ભારે પડે.

**શ્રોતા :-** બધાની મોટામાં મોટી ભૂલ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાપુ! મોટી ભૂલ છે. નવતત્ત્વની ભૂલ છે. વસ્ત્રનો ટૂકડો રાખવાનો જે વિકલ્પ છે એ આસ્રવ તીવ્ર છે અને એને ઠેકાણે માનવું કે ત્યાં પણ સંવર છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય છે, તો એ આસ્રવની ભૂલ, સંવરની ભૂલ, નિર્જરાની ભૂલ, અજીવનો સંયોગ છઠ્ઠે કેટલો હોય? એ અજીવની ભૂલ જીવમાં ઉગ્ર આશ્રય કેટલો હોય? એ ભૂલ નવેયની ભૂલ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ પરમાત્મા ત્રણલોકના નાથ ધોધ માર્ગે કહ્યો છે. આહા..હા..!

'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું...' એમ ન કહ્યું ભગવાને? પ્રવચનસારમાં. જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ત્રણલોકના નાથે. આહા..હા..! નેમિનાથમાં આવ્યું હતું આપણે, કળશમાં નહિ? વેશને મલિન ન કર્યું. નહિ? વિકૃતિ. રત ન થયા. વેશમાં અને વિકૃતિમાં રત ન થયા. આવ્યું હતું, કળશમાં આવ્યું હતું. આહા..હા..! મુનિ તો આવા હોય, લ્યો. જંગલમાં નગ્ન. માતાએ જન્મ્યા એવા. જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું. ભગવાને તો એમ કહ્યું છે, ભાઈ! જેમાં વસ્ત્ર સહિતનું કહ્યું એ શાસ્ત્ર પણ સાચા નથી, એ સાધુ પણ સાચા નથી. આહા..હા..! એય..! રતિભાઈ!

**શ્રોતા** :- રતિભાઈના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પહેલેથી હતું માથે, પણ એ બધું સમજ્યા વિનાનું.

અહીં કહે છે કે તેની ઉપાધિમાત્રથી. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વભાવમાં ઠરે છે પચ્ચખાણને કાળે, તે કાળે આ રાગનો ત્યાગ કરે છે એમ કહેવું નામમાત્ર છે. રાગ ઉત્પન્ન થતો જ નથીને. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' આહા..હા..! રાગ ક્યાં હતો તે રાગ છોડે? જ્ઞાનસ્વરૂપમાં ઠરે છે ત્યાં રાગ હતો ક્યાં? પણ એ વખતે કહેવું કે આ રાગનો આને ત્યાગ છે એ નામમાત્ર કથન છે. એવું '**નામ (આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' રાગના ત્યાગનું કર્તાપણું આત્માને લાગુ પડતું નથી. આહા..હા..! એથી વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧, સોમવાર, તા. ૧૬-૦૨-૧૯૭૬, ગાથા-૩૪, પ્રવચન નં. ૭૮

સમયસાર, ૩૪મી ગાથાની ટીકા. શિષ્યે પ્રશ્ન એમ કર્યો છે કે આ આત્મા જે છે એ પુણ્ય અને પાપના ભાવથી તદ્દન ભિન્ન (છે). આ શરીર, વાણી, મન, લક્ષ્મી એ તો ધૂળ, જડ છે, એને ને આત્માને કાંઈ સંબંધ છે નહિ. અંદર જે શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ થાય એ પણ તત્ત્વ જ્ઞાનસ્વરૂપના ભાનથી એ તો ભિન્ન ચીજ છે. આહા..હા..! એવું જેને અંતરમાં ભાન થાય એને સમ્યગ્દર્શન કહે છે. એ સુખને

પંથે દોરાણો. એમ ભાન ન હતું ત્યાં સુધી એ બધું દુઃખને પંથે દોરાયેલો દુઃખી હતો. સમજાય છે કાંઈ?

આનંદસ્વરૂપ આત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ એ પુણ્ય અને પાપના ભાવ એના ફળ જે આ ધૂળ મળે પૈસા આદિ એ કાંઈ છે નહિ. આ તો જે પુણ્ય અને પાપના ભાવ (થાય) એ પણ મલિન છે, દુઃખરૂપ છે, એનાથી ભગવાન આત્મા ભિન્ન છે એવું જેને ભાન થયું એને પચ્ચખાણ શી રીતે કરવા? હવે કહે છે. એને પચ્ચખાણ શી રીતે થતા હશે? સમજાણું કાંઈ? ધર્મનું ભાન થયું કે આત્મા આનંદ છે શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન અનંત-અનંત આનંદનું ગોદામ આત્મા છે. ભગવાનજીભાઈ! આ પૈસા-બૈસા ધૂળના ગોદામ એ તો બધા રખડવાના.

**શ્રોતા :-** મુકતા ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુકતા ગયા છે. હમણાં આવ્યા હતા તમારા. .. મામાના દીકરા. એ તો બધા ઘણા અત્યારે તો કરોડોપતિ દેખાય છે. ... એ તો સંસાર અનંતવાર.. આહા..હા..!

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો.
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો...

આહા..હા..! સંયોગી ચીજ એ ક્યાં એની છે? અને ક્યાં એમાં છે? ભગવાન આત્મામાં સંયોગી ચીજ છે અંદર? અને એ સંયોગી ચીજમાં આત્મા છે? એ તો તદ્દન ભિન્ન છે. આહા..હા..! અહીંયાં તો સંયોગી ચીજ તો દૂર રહી પણ સંયોગે ધર્મના લક્ષે સંયોગી સ્વભાવભાવ વિના સંયોગીભાવ થાય પુણ્ય અને પાપના ભાવ એ પણ દુઃખરૂપ છે અને એનાથી પ્રભુ આત્મા ભિન્ન જુદો છે. આહા..હા..!

અહીં તો શિષ્યનો એ પ્રશ્ન છે કે પ્રભુ! ભેદજ્ઞાન તો થયું કે હું એક આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ છું. હું જગતનો જ્ઞાતા-દૃષ્ટા છું, જગત મારું જ્ઞેયનું દૃશ્ય છે. જગત ચીજ મારી છે એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? હું એક અંતર જ્ઞાન અને આનંદના સાગરથી ભરેલો પ્રભુ છું. આહા..હા..! મારી ચીજમાં દયા, દાન, વ્રતના ભાવ, પાપના તો નથી પણ એ પૂર્ણ ચીજમાં વર્તમાન અલ્પજ્ઞતા છે એ એમાં નથી. આહા..હા..! એવું અંતરમાં આત્મજ્ઞાન (થયું છે), એ આત્મા આવડો એનું જ્ઞાન. આહા..હા..! અને એ આત્મજ્ઞાનમાં પ્રતીતિ (થઈ છે) કે હું આત્મા શુદ્ધ આનંદ છું, ત્યારે તો એને ધર્મની પહેલી શરૂઆત થાય છે. સમજાય છે કાંઈ? ત્યારે એ સુખના પંથે અંશે દોરાણો. આહા..હા..! ઈ હવે પ્રશ્ન કરે છે.

પ્રભુ! આ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવો અનુભવ થયો. આંખમાં પડળ હોય હોય કે ફૂલું હોય એ નીકળી જાય તો દેખાય નિધાન પડ્યું એ, એમ અમારા રાગના પડળ એકતાબુદ્ધિ હતી એ ગઈ. અમારું નિધાન અમને નજરે આવ્યું. આહા..હા..! હવે એને પચ્ચખાણ

શી રીતે કરવા? આ પચ્ચખાણ-પચ્ચખાણ બધા કહે છે, ઈ કહે છે. ત્યાગ શી રીતે કરવો રાગનો? રાગથી ભિન્ન છે એ ભાન થયું, પણ રાગની અસ્થિરતાનો ત્યાગ શી રીતે થાય હવે? આહા..હા..! આવી વાતું છે, ભાઈ! બાકી તો દુઃખી થઈને રખડ્યા કરે છે અનંતકાળથી. આહા..હા..! અબજોપતિ અનંતવાર થયો, સો વાર માગે ને એક કોળિયો મળે એવો ભિખારી અનંતવાર થયો. એ કોઈ ચીજ નવી નથી. આહા..હા..! નરકનો નારકી એની પીડા સહન કરનારને તો ત્રાસ થાય પણ જેને દેખનારને ત્રાસ થાય એવા તો દુઃખ અનંતકાળમાં નરકમાં અનંતવાર વેઠ્યા છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો એમ કહ્યું, પ્રભુ! તમે આત્માની વાત તો કરી, એ જ્ઞાનસ્વભાવનો પૂર્ણ સાગર એવું અમને ભાન પણ થયું. સમ્યગ્દર્શનની પછી વાત છે. હવે એને પચ્ચખાણ શી રીતે (કરવા)? એને પરદ્રવ્યનો ત્યાગ શી રીતે છે? એનો પ્રશ્નનો ઉત્તર દીધો છે આ. ફરીને લઈએ જુઓ થોડું. આ તો માર્ગ એવો વીતરાગનો છે. જિનેશ્વરદેવનો માર્ગ કોઈ અલૌકિક! સંપ્રદાયને તો સાંભળવા મળ્યો નથી. આહા..હા..!

'**આ ભગવાન...**' છે? આહા..હા..! '**આ ભગવાન...**' શિષ્ય પ્રશ્ન કરે છેને? આહા..હા..! એનો આ જવાબ આપે છે. '**આ...**' જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, જેને આ પ્રત્યક્ષ થયો છે અંદર. એટલે 'આ' (શબ્દ) લીધો છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! દુનિયાથી આખી બીજી જાત છે. સમજાણું કાંઈ? '**આ...**' માણસ ન કહે આ. સામે ઊભો છે ત્યારે કહે છેને? એમ 'આ' સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદનો નાથ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' 'આ'.

'**આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા)...**' આહા..હા..! ભગવાન. આ ભગવાન. ભગ-અનંતજ્ઞાન અને અનંત-આનંદની જેમાં લક્ષ્મી પડી છે.. એ ભગને લક્ષ્મી કહીએ. વાન-એ લક્ષ્મીવાળો છે. આ ધૂળની લક્ષ્મીવાળો નહિ હોં! ધૂળના પતિ માને એ તો જડ છે. ભેંસના પતિ પાડા હોય. એમ હોયને? કે માણસ હોય? એમ ધન મારા એનો પતિ તે જડ છે. આહા..હા..! ..ભાઈ! આવી વાતું છે. આહા..હા..! અહીં તો ચૈતન્યનો પતિ. આહા..હા..! બધા ધૂળ .. ઘણા હોય છે. કાંકરા ઘણા છે .. સમજાણું કાંઈ? વેળુ સમજાય? આ વેળુ વેળુ-કાંકરા જડ છે, એ રીતે આ જડ છે. આહા..હા..!

**શ્રોતા** :- નદીના..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નદીના ..માં કાંકરા ભર્યા એકલાને. એમ આ પથરા છે એકલા. આહા..હા..! શેઠના મામા નહિ ભાઈ?

**શ્રોતા** :- એની પાસે નથી એટલે એમ કહે. જેને હોય તો ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર પડે. આહા..હા..! એ કહેતા હતા ભાઈ. આપણા પૂનમચંદ. મુંબઈમાં છેને? પાંચ કરોડ રૂપિયા. એના બાપ પાસે નહોતા. એય.. ખીમચંદભાઈ! તમારી

પાસે ક્યાં હતા? એક ફેરી બોલતા હતા, પાંચ કરોડ રૂપિયા છે મુંબઈમાં. પૂનમચંદ જેને મોટા મકાન કરાવે છેને પચ્ચીસ-પચ્ચીસ માળના.

**શ્રોતા :-** 'પાલખી' સિનેમા બનાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પાલખી સિનેમા બનાવ્યું. આવે છેને. ઘણીવાર આવે છે. એ એકવાર કહેતો હતો જરી. પૈસા ઓલા થઈ ગયેલા ખરાને. એના બાપ પાસે નથી. હમણા ગયા છે. બાપાએ પૈસાનો રસ ક્યાં ચાખ્યો છે તે ખબર પડે, એમ કહે. પણ એના બાપ પાસે તો ૨૫, ૩૦, ૩૫ હજાર હતા કાંઈક. તમારા બાપ પાસે ૩૫ હજાર હતા. છોટાલાલ. એ તો ખબર છેને. અહીં તો ૬૩ વર્ષથી. આની પાસે પાંચ કરોડ. હવે એનાથી મોટો સ્વિટ્ઝરલેન્ડમાં છે, એની પાસે ચાર કરોડ. બે ભાઈ વચ્ચે નવ કરોડ. આંકડા ગણવા છે ને ધૂળના. એ બોલ્યો અમદાવાદમાં કે બાપાએ પૈસાનો રસ ક્યાં (ચાખ્યો) છે? એટલે ક્યાં પૈસા એને હતા તો એણે રસ ચાખ્યો છે, એમ. અમને તો પૈસા મળ્યા એટલે રસ ચાખ્યો છે. ધૂળમાંય નથી. આહા..હા..!

અહીં તો આનંદનો નાથ પરમાત્મા પોતે સ્વરૂપની અનંતી લક્ષ્મીનો ભરેલો ભગવાન આત્મા છે. આહા..હા..! એનું જેને અનંતકાળમાં થયું નથી તેવું શ્રદ્ધા અને જ્ઞાન થાય, સમ્યગ્દર્શન જેને થાય એને અંતરમાં આનંદના નાથનું સ્વામીપણું સમજાઈ જાય. આહા..હા..! હું તો અનંત જ્ઞાન અને આનંદનો સ્વામી છું. હું એ દયા, દાનના વિકલ્પ રાગ ઊઠે એનો પણ હું સ્વામી નથી. આહા..હા..!

છ ખંડનું રાજ હોય ચક્રવર્તીને, છન્નું હજાર સ્ત્રી હોય, એક-એક દિવસની અબજોની પેદાશ હોય, પણ એ સમ્યગ્દર્શન પામેલ પ્રાણી એનો સ્વામી ન માને. આ હું નહિ.. આ નહિ... આ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે આત્મા અંતરનું તત્ત્વ, જે સમ્યગ્જ્ઞાનમાં પ્રતીતિ શ્રદ્ધામાં આ ભાસ્યું એવો જે ભગવાન આત્મા જ્ઞાતા છે. જોયું! એ તો જાણનાર ચક્ષુ સૂર્ય છે. આ સૂર્ય જેમ પ્રકાશ કરે એમ જ્ઞાનનો પ્રકાશ એમાં એ આત્મા છે. એમાં શરીર, વાણી, મન, રાગ, પુણ્ય-પાપ, દયા-દાનના વિકલ્પ વસ્તુમાં નથી. આહા..હા..!

એવો આત્મા છે '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' એટલે શું કહે છે? કે એ આત્મામાં કર્મના નિમિત્તના સંગે સંબંધે થતાં શુભ અને અશુભ પુણ્ય-પાપના ભાવ નવા (થાય) એ '**પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' એ વિભાવ છે એ આત્માના સ્વભાવથી વ્યાપ્ય નામ અવસ્થા થઈને રહેનારા નથી. આ શું? શું કહ્યું ઈ? ભાઈ! આ તો વીતરાગ જિનેશ્વરનો ધર્મ માર્ગ અલૌકિક છે. લોકોએ કલ્પ્યું છે કે આ દયા પાળી, ભક્તિ કરી, દેરાસર બનાવો, પૂજા કરો એ ધર્મ, ધૂળમાંય ધર્મ નથી એમાં. સમજાણું કાંઈ? રાગની મંદતા કદાચિત હો (તો) પુણ્ય થાય. એના ફળમાં કદાચિત આ ધૂળના શેઠિયા થાય. પહેલા દેવ થાય અને મરીને પાછા નરકે નિગોદમાં

જાય. આહા..હા..!

**શ્રોતા :-** દેવ તો સીધો ન જાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ના પાડીને. દેવમાંથી તિર્યંચ થાય. તિર્યંચમાંથી નરકે જાય. બાપુ! એવું અનંતવાર કર્યું ભાઈ! ભૂલી ગયો છેને. અનંતકાળ, આહા..હા..! જેની આદિ નથી એવા અનંતકાળથી ચોર્યાસીના અવતારમાં રખડે છે, એ દુઃખી છે. સનેપાતિયો સનેપાતના જોરમાં એવા એટલા રોગ હોય તો દાંત કાઢે. એ સુખી છે? સનેપાત. વાત, પિત્ત અને કફ વકરી જાય જ્યારે ત્યારે સનેપાત ત્રણનો સંયોગ થાય છે. દાંત કાઢે ખડ ખડ. એ સુખી છે? એ દુઃખમાં દાંત કાઢે છે, પણ એને ભાન નથી. આહા..હા..! એમ અજ્ઞાની આ પૈસા, બાયડી, છોકરા, કુટુંબ કાંઈક સરખા થયા હોય (તો માને કે) અમે સુખી છીએ. એ સનેપાતિયાના સુખ જેવું સુખ છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! સુખ તો આત્મામાં છે. આહા..હા..! સત્ ચિદાનંદ સત્ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે આત્માને સત્ ત્રિકાળ જોયો અને એમાં આનંદ અને જ્ઞાન જોયું. એવા આત્માને જે અંતર જાણે એને આનંદ થાય એ સુખી થાય, બાકી બધા દુઃખી છે. આહા..હા..!

એ અહીં કહે છે. એ ભગવાન આત્મા '**અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ વિકલ્પ-વિકાર એ આત્માના સ્વભાવમાં વ્યાપે એવું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને,...**' આહા..હા..! હું એક જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવી પ્રભુ, એ મારો સ્વભાવ જાણવું-દેખવું એ મારું સ્વરૂપ છે. એને પુણ્ય ને પાપના ભાવપણે આત્માના સ્વભાવપણે નહિ થતાં હોવાથી એને પરપણે જાણે. આહા..હા..! છે? તેને '**પરપણે જાણીને, ત્યાગે છે;...**' એટલે? કે આ પર છે એટલે ત્યાંથી ખસીને ઠરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતું આવી ભારે.

'**તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે,...**' જે આત્માએ જ્ઞાનસ્વભાવ વડે જાણ્યું કે મારા સ્વભાવમાં શુભ-અશુભભાવ પર્યાયપણે વ્યાપીને રહે એ ભાવ નથી એનો. મારો એવો ભાવ નથી કે હું વિભાવપણે પરિણમું અને રહું એવું મારું સ્વરૂપ નથી. આહા..હા..! ભારે ભાઈ! '**તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે,...**' એ પછી ત્યાગે છે વ્યાખ્યા જરી ઝીણી છે. એ શું કહે છે? '**બીજો તો કોઈ ત્યાગનાર નથી**' જાણવામાં આવ્યું, જાણવામાં આવ્યું કે આ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શુભાશુભભાવ એ મારા સ્વભાવપણે થઈને રહે એ સ્વરૂપ નથી એનું, તેમ એ મારા સ્વભાવમાં આવીને રહે એવું એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એ જેણે જાણ્યું પહેલું જ્ઞાનમાં કે આ રાગ છે એ મારા સ્વભાવપણે થાય એવું એનું સ્વરૂપ નથી અને મારું સ્વરૂપ રાગપણે થાય એવું મારું

સ્વરૂપ નથી. આહા..હા..! એમ જ્યાં જ્ઞાનમાં જણાણું એ જાણનારે જાણ્યું. એ જાણનારો તેનું લક્ષ છોડી દે છે એ એને ત્યાગે છે એમ કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભગવાન! ચારિત્ર કોને કહેવું એની વાત છે આ. આ લૂગડા ફેરવ્યા, બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા (એટલે) થઈ ગયા ચારિત્ર. એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ શૈલી! આહા..હા..!

'**પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' તેઓ મારા સ્વભાવભાવપણે નહિ થતા હોવાથી પરપણે જાણ્યા. આહા..હા..! ભાઈ! સમ્યગ્દર્શન અને પછી સમ્યક્ચારિત્ર એ અલૌકિક ચીજ છે, એ મોક્ષનો માર્ગ છે, દુઃખથી છૂટવાના પંથ છે એ. કહે છે, '**પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી—એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' જ્ઞાનસ્વભાવ આનંદ તે હું એ મારામાં રાગનો વિકલ્પ તે સ્વભાવ વડે વ્યપાય કે મારો સ્વભાવ એ વડે થાય કે એ રાગ મારા સ્વભાવ વડે આવી જાય એમ નથી. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! આવું. ઓલું તો સહેલુંસટ હતું કે મંદિર કરવા, ભક્તિ કરવી, દસ લાખ, બાર લાખ ખર્ચ્યાને નહિ તમારે ... નહિ? સાંભળ્યું છેને, બધું ઘણું સાંભળ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પણ પાંચ કરોડનું કોઈ બનાવે અને પાંચ કરોડ આપે તો પણ ધર્મ નથી. આહા..હા..!

અહીંયાં તો પરમેશ્વર સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ એમ કહે છે કે એમાં કાંઈ જે રાગ મંદ કર્યો હોય, આબરૂ માટે કર્યો હોય તો તો પાપ બાંધે. જગતમાં જાહેર થાવું કે અમે પૈસાવાળા છીએ એ ખાતર પાંચ-પચાસ લાખ કાઢે એ તો પાપ બાંધે; પણ કદાચિત્ રાગની મંદતાથી એ વસ્તુ થઈ એને કારણે તો એ રાગની મંદતાનો ભાવ મારાપણે થાય એવું રાગનું સ્વરૂપ નથી અને હું રાગના પર્યાયપણે પરિણમું એ મારો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એમ સમ્યગ્દર્શનમાં આમ નિશ્ચય કરીને.

હવે '**પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે...**' સિદ્ધાંત અહીં છે આખો. આહા..હા..! જ્ઞાનસ્વભાવી આત્મા એને જાણ્યું કે આ રાગ મારાપણે થઈને રહે એવો સ્વભાવ એનો નથી અને હું આત્મા સ્વભાવી ચૈતન્ય એ રાગપણે થાઉં અને રાગપણે રહું એવો મારો સ્વભાવ નથી. આહા..હા..! એમ જ્યાં અંદર જાણ્યું એ હવે પચ્ચખાણ કરે છે કહે છે. છેને ઈ? '**પ્રત્યાખ્યાનના સમયે...**' જરી આ સિદ્ધાંત છે થોડો. પ્રત્યાખ્યાનને કાળે. એટલે? રાગનો અભાવ થઈ અને અહીં સ્વરૂપમાં સ્થિરતા થાય છે. જે સ્વરૂપમાં સ્થિરતા થવાના કાળે, પ્રત્યાખ્યાનના સમયે, સ્વરૂપમાં સ્થિરતા થવાને કાળે. આહા..હા..!

'**પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ...**' એ રાગનો ત્યાગ એવો જે પરભાવ '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' આહા..હા..! એ શુભ-અશુભરાગનો ત્યાગ થાય છે અને પ્રત્યાખ્યાનને સમયે જ્ઞાન, જ્ઞાનમાં સ્થિર થાય છે તે સમયે રાગનો ત્યાગ જીવે કર્યો એ

તો નામમાત્ર-કથનમાત્ર કહેવામાં આવે છે. આહા..હા..! પરવસ્તુ બાયડી, છોકરા છોડ્યા એ તો છે જ નહિ. આત્મામાં પરવસ્તુનું ગ્રહણ અને પરવસ્તુનો (ત્યાગ નથી).

ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. આહા..હા..! એવો ભગવાન આત્મામાં એક ગુણ છે અનાદિ કે પરવસ્તુને ગ્રહે અને છોડે એ એનામાં છે જ નહિ. એ તો સ્વતંત્ર જગતની ચીજ છે શરીર, વાણી, પૈસા, ધૂળ, બાયડી, છોકરા. એણે જીવે ગ્રહ્યા પણ નથી અને જીવે એને છોડવા પણ નથી. આહા..હા..! ફક્ત જે રાગરૂપે પરિણમન હતું એને જ્યારે રાગથી ભગવાન આત્માને ભિન્ન જાણ્યો અને જાણવાના કાળમાં જાણ્યો કે આ રાગ મારારૂપે થઈને રહે એવું સ્વરૂપ નથી. આહા..હા..! એમ એણે જાણ્યું જ્ઞાનમાં એ પ્રત્યાખ્યાનને સમયે એ રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ નામમાત્ર કથન છે. આહા..હા..!

**શ્રોતા :-** ત્યાગ તો થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ ગયું, પણ આણે કર્યો એ કહેવું એ નિમિત્તમાત્ર કથન છે. એ જ વાત છેને. શું કીધું જુઓ!

**'પ્રત્યાખ્યાનના સમયે...'** એટલે સ્થિરતાના કાળે રાગની ઉત્પત્તિ થઈ નહિ, એણે આત્માએ રાગનો ત્યાગ કર્યો એ નામમાત્ર કથન છે. આહા..હા..!

**શ્રોતા :-** રાગની ઉત્પત્તિ થઈ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પત્તિ થઈ નહિ એને. એ પણ આત્માએ રાગ છોડ્યો એમ કહેવું એ નામમાત્ર છે, પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા છે નહિ. આહા..હા..! ગજબ વાતું છેને! જિનેશ્વરદેવ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. જ્યાં ઇન્દ્રો અને ગણધરો સાંભળતા હતા ત્યાં ભગવાનની વાણીમાં આમ આવ્યું છે, એ વાણી સંતો કહે છે જગતને. આહા..હા..! શું કહ્યું? આહા..હા..!

પ્રથમ તો એને અનુભવ થયો આત્માનો ધર્મીને કે આ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પો એનાથી ભિન્ન ભગવાનની સંપદા (છે). ચૈતન્યની સંપદા એ લક્ષ્મી. આ ધૂળ સંપદા એ નહિ. અંદરની ચૈતન્ય સંપદા અનુભવમાં આવી, અરે..! હું તો આનંદ અને જ્ઞાયકસ્વરૂપ જ્ઞાતા છું, એવું ભાન થયું એને કહે છે એ પચ્ચખાણ શી રીતે એ કરે? કે એને એ રીતે કરે કે એ જ્ઞાનમાં, રાગ છે એ મારામાં વ્યાપતો નથી. ભિન્ન તો પડ્યો છે પણ હવે અસ્થિરતા છોડવી છે એથી આ રાગ મારા સ્વભાવપણે થઈને રહે એવું એનું સ્વરૂપ નથી. એ પરપણે રહીને મારા સ્વભાવથી ભિન્ન એમ જેણે જાણ્યું એ જાણનારો પછી તે રાગમાં જોડાતો નથી. એટલે કે જોડાતો નથી એ પણ એક નાસ્તિ છે. એ જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે એટલે એ કાળે આ રાગનો ત્યાગ જીવે કર્યો એવું નામ કથનમાત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજવા માટે એને વખત જોઈએ. એક મેટ્રિક જેવી ચીજ માટે માથા ફોડીને ભણે છે. પહેલાં તો નહિ માથે બાંધતા? આમ ચોટલી બાંધે. આમ થઈ જાય તો તણાય, ઊંઘ

ઊડી જાય. આ તો ધૂળ. આહા..હા..! ધૂળ માટે જુઓને દેશ મૂકીને પરદેશમાં આથડે છે કે નહિ? ભગવાનજીભાઈ!

આ તો ભગવાન આત્મા.. આહા..હા..! અનંતકાળમાં જેને નજરુંમાં નિધાન આવ્યા નથી. મારો નાથ અનંત આનંદનો ધણી છે એવું જેને અનંતકાળમાં સેકંડ પણ ભાન થયું નથી. આહા..હા..! એ ભાન થયું ત્યારે પચ્ચખાણ શી રીતે હવે કરે? કહે છે. રાગ છોડે શી રીતે હવે? તો કહે છે કે ભાઈ! જે પહેલો જાણનાર હતો કે રાગથી હું વ્યાપનાર નથી, એ જાણનારે ત્યાગ્યું. એટલે? જાણનારો જાણનારમાં ઠર્યો એટલે રાગરૂપે થયો નહિ એ રાગનો ત્યાગ કર્યો એમ નામમાત્ર કથન છે. રાગનો ત્યાગ કર્તા પરમાર્થે આત્મા નથી. આહા..હા..! માર્ગ આવો વીતરાગનો છે, ભાઈ! જૈન પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ ઈન્દ્ર અને ગણધર વચ્ચે આ વાત કરતાં હતા. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં સીમંધર પ્રભુ. સમજાણું કાંઈ? આહા..હા..! થોડું પણ (સત્ય હોવું જોઈએ).

**શ્રોતા :-** ... વ્યવહાર ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર એટલે એ કથન કહેવામાત્ર છે, વસ્તુ નહિ. કેમ નહિ? કહીએ છીએને વિસ્તાર કરીને.

જ્ઞાતા છું એ જ્ઞાન તે રાગમાં વ્યાપે અને રાગ જ્ઞાતાનો થઈ જાય એવું સ્વરૂપ છે નહિ. એમ જ્યાં જ્ઞાતામાં રાગને ભિન્નપણે જાણ્યો, જેણે જાણ્યું તેણે ત્યાગ્યું. એમ આવ્યુંને? બીજો તો કોઈ ત્યાગનાર નથી. એટલે? જેણે જાણ્યું અંદરમાં કે આ રાગ ચાહે તો દયા, દાન, વ્રતનો રાગ હોય પણ છે તો રાગ વિકલ્પ. એને જાણેલો ત્યાગે છે. જાણેલો ત્યાગે છે. એ જાણનાર જ્ઞાયક છે એ જાણ્યું કે આ રાગ મારામાં વ્યાપતો નથી. એ જાણેલો ત્યાગે એટલે કે તે જાણેલો જ્ઞાનમાં જ્ઞાન ઠરે છે. આહા..હા..! એ રાગમાં જે જઈને અટકતો હતો એ અવ્રત અને અસ્થિરતા હતી. હવે પ્રત્યાખ્યાન કહે છે.

આ રાગ મારા પર્યાયપણે થાય એવું સ્વરૂપ નથી. હું જ્ઞાનાનંદ સ્વભાવ જ્ઞાનની પર્યાયપણે થાય, આનંદની પર્યાયપણે થાય એ મારું સ્વરૂપ, પણ રાગની પર્યાયપણે થાય એ મારો સ્વભાવ નથી. એવું જેણે અંતરમાં જ્ઞાન અને પ્રતીતિ અનુભવ કર્યો એ જાણે છે તે પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી. આહા..હા..! જાણ્યું એણે જાણવામાં આમ ઠરે છે, આહા..હા..! ત્યારે રાગનો ત્યાગ કર્યો એણે એવું કથન નામમાત્રથી કહેવાય છે. ફક્ત ઠર્યો ત્યાં રાગની ઉત્પત્તિ થઈ નથી. આહા..હા..! ઝીણી વાતું બાપા બહુ, ભાઈ! વીતરાગનો માર્ગ લોકોએ બહારમાં ઘસેડીને એવો કરી નાખ્યો છેને. આહા..હા..!

આજે એક કાગળ આવ્યો છે. .. મોટું ગામ છે. ૬૦ યોજન તો એનું બજાર છે. એવો મોટો કાગળ છે. ત્યાં આટલા તો પ્રતિમાઓ છે, આટલી .. ૧૮૦૫માં ગયા હતા અને ૧૮૨૧માં આવ્યો ૧૬ વર્ષની જાત્રા થઈ. ૧૮૦૫ની સાલની વાત છે. કો'ક લાવ્યું છે.

સૂર્યકાંત લાવ્યો હતો કે નહિ? માણેકચંદભાઈ. આહા..હા..! મોટી-મોટી વાતું જાણે. હીરા-માણેકની પ્રતિમાઓ છે ને ઢીકણું છે. જેની બજાર .. ની બજાર ૬૦ યોજનમાં તો પહોળી છે. ૨૦૦ વર્ષ પહેલાંની વાત છે. ... આહા..હા..!

આ મોટો ભગવાન તારા .. તો આત્મા છે. જેમાં અનંતા-અનંતા સ્વભાવ ભરેલા છે અને એક-એક સ્વભાવનું અનંતુ સામર્થ્ય છે એવી ચૈતન્યપ્રતિમા તો ભગવાન આત્મા છે. આહા..હા..! એ જેણે જાણ્યું એ જાણનારો જેણે જાણ્યું તે તેણે ત્યાગ્યું. એટલે? જાણનારે જાણ્યું કે આ રાગ મારાપણે નથી એ જ્ઞાન ઠરે છે ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી અને એણે આત્માએ રાગનો ત્યાગ કર્યો એમ કથનમાત્ર, નામમાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. કેવળી પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ છે. એ કાંઈ.. આહા..હા..! જેની સભામાં પરમેશ્વરની સભામાં નાગ, વાઘ અને ચક્રવર્તીઓ જેને ઘરે ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ, ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગર, એ ત્યાં ગલુડિયાની જેમ બેસે સાંભળવા. ગલુડિયા સમજો છો? પિલ્લા. હિન્દીમાં પિલ્લા કહે છે. વીતરાગમાર્ગ છે. આ પરમેશ્વર જિનેશ્વર એનો માર્ગ જગતને સાંભળવા મળ્યો નથી. એમ ને એમ જિંદગી મજૂરી કરી (પૂરી કરી). તમારે ગઢડાવાળા આવ્યા છે કે ગયા? ગયા હશે. એ આવ્યા હતા, મેં એને કીધું હતું, આ પૈસાના મજૂર છે. એનો બાપ હતો. પૈસા કરોડપતિ ગઢડાના. પૈસાના મજૂર. મજૂરીયું કરે- આખો દી રાગ. આ ધૂળ આમ કરી, આના પૈસા આમ કર્યા, આના પૈસા આમ પેદા થાય. બરાબર હશે ભગવાનજીભાઈ? મોટા મજૂરો. આહા..હા..!

અહીં તો કહે છે કે જેણે ચૈતન્યઘન અનંત સ્વભાવનું સ્વરૂપ જેનું સાગર સ્વરૂપ ભગવાન અંદર ગુણથી ઊછળી રહ્યો છે, આહા..હા..! એવા ભગવાનને જેણે રાગથી ભિન્ન ભાળ્યો, જોયો, જાણ્યો, અનુભવ્યો, એ જીવ રાગને પર તરીકે જાણે છે તે જીવ પ્રત્યાખ્યાનને કાળે એટલે સ્વરૂપના ચારિત્રને કાળે એટલે સ્થિરતાને કાળે. આહા..હા..! શબ્દ પડ્યો છે પ્રત્યાખ્યાનને કાળે-સમયે એમ શબ્દ પડ્યો છે. આહા..હા..! ગજબ ટીકા છેને! છે? **'પ્રત્યાખ્યાનના સમયે...'** એટલે કે અંદરમાં સ્થિરતાને કાળે. રાગ છે, પર છે એ પણે હું થઈ શકતો નથી. એવું જ્ઞાન કર્યું, ભાન કર્યું એ રાગથી ખસીને અહીં ઠરે છે એ સમયે એનું નામ પ્રત્યાખ્યાન છે. આ બધા પ્રત્યાખ્યાન લઈને બેસે, ધૂળેય કાંઈ એકડા ન મળે, ભાન ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રત્યાખ્યાન એટલે ત્યાગના કાળે એટલે **'પ્રત્યાખ્યાનના સમયે...'** એટલે કે પ્રત્યાખ્યાન થવાના કાળે. આહા..હા..! **'પ્રત્યાખ્યાન કરવાયોગ્ય...'** પ્રત્યખ્યાનને સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય... આહા..હા..! **'જે પરભાવ...'** રાગ-રાગ. દયા, દાન, વિકલ્પાદિ ભાવ. એ **'પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...'** એ તો ઉપાધિમાત્ર. આને ત્યાગે છે એ તો ઉપાધિમાત્રની વ્યાખ્યા છે. આહા..હા..!

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિશ્ચયનયનું. શુદ્ધનિશ્ચયની સ્થિરતા થઈ તેનું. પણ વસ્તુસ્થિતિ આમ જુઓને દીવા જેવી તો દેખાય છે. આહા..હા..! એ ચૈતન્યસ્વભાવ જ્ઞાતા તરીકે જાણ્યો એ સ્વભાવ એમ જાણ્યો કે કોઈપણ રાગપણે એ રાગ મારા સ્વભાવપણે થાય એવું રાગનું સ્વરૂપ નથી, તેમ હું મારા સ્વભાવ વડે રાગપણે થાઉં એવું મારું સ્વરૂપ નથી. આહા..હા..! એવું જ્યારે જ્ઞાન જ્ઞાનમાં રમે છે... પ્રત્યાખ્યાનના સમયે કીધુંને? ચારિત્રને કાળે, પ્રત્યાખ્યાનને કાળે, રાગના ત્યાગના કાળે. રાગનો ત્યાગ કરે છે એમ જે કહેવું એ કહેવામાત્ર છે. આહા..હા..! શું વાત તે વાત! આ તો સમયસાર છે, બાપા! આ તો પરમાત્માની દિવ્યધ્વનિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રત્યાખ્યાનના સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય...**' શું કહે છે? પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર થવાને કાળે એટલે કે રાગના અભાવસ્વભાવને કાળે '**પ્રત્યાખ્યાન કરવાયોગ્ય...**' છોડવાયોગ્ય. ત્યારે પ્રત્યખ્યાનના સમયે. આહા..હા..! છેને? '**પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે...**' એટલે કે સ્વરૂપની સ્થિરતાને કાળે. સ્થિરતા તો પહેલી લીધી પ્રત્યાખ્યાનનો સમય થઈ ગયો એ. આહા..હા..! '**પ્રત્યાખ્યાન કરવાયોગ્ય...**' આહા..હા..! ભાઈ! આ તો ગણધરોની સંતોની વાણી છે, ભાઈ! એને સમજવા માટે બહુ પુરુષાર્થ જોઈએ. એમ ને એમ સમજાય એવું નથી. ધૂળ માટે એલ.એલ.બી અને એમ.એ.ના પૂંછડા માટે દસ-દસ વર્ષ ભણે છે કે નહિ? ડોક્ટર અને એલ.એલ.બી.ના પૂંછડા અને વકીલના એ પૂંછડા. આ એમ.એ.ના. આહા..હા..! બાપુ! આ માર્ગ છે. આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને. આહા..હા..! શું કહે છે? ત્યાગનાર બીજો કોઈ નથી. હુંનો હું જાણનાર છું અને હુંનો હું એ પણે નહિ થનાર છું. આહા..હા..! બીજો તો કોઈ રાગપણે રાગના અભાવપણે ન થાય એવો કોઈ બીજો નહિ, એ તો હું નો હું છું. આહા..હા..! ભાઈ! પ્રત્યાખ્યાનની દશા જુદી છે. આહા..હા..!

'**એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' જાણનાર છે તે પહેલો જાણનાર થાય છે પછી ત્યાગે છે એમ નિર્ણય કરીને. આહા..હા..! રાગના અભાવના કાળે અથવા '**પ્રત્યાખ્યાનના સમયે...**' બેય એક જ વાત છે. સમજાણું કાંઈ? પ્રત્યાખ્યાનના કાળે એટલે રાગના અભાવસ્વભાવરૂપ પરિણમવાને કાળે. આહા..હા..! સંતોએ જગતને આ ટીકાઓ કરીને ન્યાલ કરી નાખ્યા છે. આવી વાત છે. '**પ્રત્યાખ્યાનના સમયે...**' 'સમયે' શબ્દ લીધો છેને? પ્રત્યાખ્યાન સમયે. સંસ્કૃતમાં છે સંસ્કૃતમાં. '**प्रत्याख्यानसमये**' આહા..હા..! જાણનાર-જાણનાર તે રાગને અને પોતાને જાણે એવો હું જ્ઞાતા. એ જ્યારે રાગપણે રાગને પરપણે જ્ઞાનમાં રહીને રાગને પરપણે જાણ્યો તે રાગના ત્યાગકાળે એટલે કે પ્રત્યાખ્યાનને કાળે એટલે કે સ્થિરતા આનંદની વીતરાગપર્યાયપણે પરિણમવાને કાળે. આહા..હા..!

ત્યાગ કરવાયોગ્ય. હવે કાળ તો એ કીધો. એ પરભાવ જે ત્યાગ કરવાયોગ્ય પરભાવ.

આહા..હા..! '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' આમ તો કહી દીધું પ્રત્યાખ્યાનને સમયે. એ સ્થિર તો થઈ ગયો. જ્ઞાન જ્ઞાનમાં જામ્યું એનું નામ પચ્ચખાણ, એનું નામ ચારિત્ર અને એનું નામ ... છે. આહા..હા..! જે પહેલું જાણે છે એ જ પછી ત્યાગે છે. પછી ત્યાગે એટલે શું? એમ. જે પહેલું જાણે છે તે પછી ત્યાગે છે. એટલે શું? એટલે શું? હવે. આહા..હા..! કે બીજો તો કોઈ ત્યાગનાર નથી. એ જાણનાર જાણે છે તે જ રાગપણે થતો નથી. તે '**આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના સમયે...**' પ્રત્યાખ્યાન રાગપણે નહિ થવાને કાળે એટલે કે પ્રત્યાખ્યાનને કાળે '**જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ હોવા છતાં...**' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. આ તો વિસ્તારથી વધારે (લીધું). આ તો સમયસાર, બાપા! આહા..હા..!

જેને જ્ઞાયકભાવ જ્ઞાતા એ હું અને રાગપણે નહિ પરિણમનાર તે હું, રાગ મારાપણે નહિ થનાર તે હું—એવો નિર્ણય થઈને એ સ્વરૂપની સ્થિરતાના કાળે એટલે અરાગની પરિણતિને કાળે, અરાગી પરિણતિને કાળે રાગ આણે છોડ્યો. આહા..હા..! આ શાસ્ત્ર ગંભીર છે. એક જણો કહેતો હતો કે મહારાજ બહુ વખાણ કરે છે. હું પંદર દીમાં વાંચી ગયો. બહુ સારી વાત. ભાઈ! અક્ષરો વાંચી ગયો, બાપા! એના ભાવ સમજવા માટે એક-એક ગાથામાં દિવસના દિવસ જાય તો સમજાય એવી છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતાની મેળે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાની મેળે વાંચે એમાં ધૂળ શું? આહા..હા..!

એટલે કે સમ્યગ્દષ્ટિ સમ્યગ્જ્ઞાની થયો. હવે એને રાગપણે હું ન થાઉં એવું તો મારું સ્વરૂપ અને રાગ મારાપણે ન થાય એવું એનું સ્વરૂપ—એમ જ્યાં નિર્ણય કર્યો છે અને તે કાળે જ્યાં જ્ઞાન જ્ઞાનમાં (રહે છે), રાગમાંથી હટી અને જ્ઞાન ઠરે છે ત્યારે રાગનો ત્યાગ કર્યો જીવે એવું કથનમાત્ર છે. રાગ હતો ક્યાં? પ્રત્યાખ્યાન સમયે રાગ હતો ક્યાં કે એનો ત્યાગ કરે. આહા..હા..! આ તો હજી પરના ત્યાગ-ગ્રહણમાં રોકાઈ ગયો. અમે બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા. શું ધૂળ (છોડ્યા), સાંભળને હવે. એ તો છૂટા જ પડ્યા છે, કે દી ગરી ગયા છે તારામાં? આહા..હા..! ફક્ત પરિણમનમાં જે રાગ ને વિકાર ને વિભાવ હતો એનું ભેદજ્ઞાન તો કર્યું હતું. પછી વિભાવના ત્યાગના અભાવના કાળે પ્રત્યાખ્યાન સમય તો થઈ ગયો. આહા..હા..! જ્ઞાન જ્ઞાનમાં થંભી ગયું એનું નામ પ્રત્યાખ્યાનનો સમય, એનું નામ પચ્ચખાણ, એનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' આહા..હા..! જ્યાં સ્વરૂપમાં ઠર્યો ત્યાં પરભાવ છે જ નહિ. ત્યાં પરભાવનો ત્યાગ કર્યો એ તો નામમાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! વીતરાગમાર્ગે આવવું એ અલૌકિક છે. એ કાયરના ત્યાં કામ નથી.

'**પરમાર્થથી જોવામાં આવે તો...**' પહેલું તો કહ્યું '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ હોવા છતાં પણ,...**' ખરેખર જોઈએ તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ એને નથી. એટલે રાગ છોડ્યો એવું આત્માના સ્વરૂપમાં છે જ નહિ. જ્યાં ઠર્યો ત્યાં રાગ નથી થયો અને છૂટી ગયો ત્યાં રાગ છોડ્યો એમ કેમ કહે છે હવે? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ... સામાયિક કરી, પડિક્કમણા કર્યા, પચ્ચખાણ કર્યા, પંચરંગી સામાયિક કરી. શેઠિયા પૈસા આપે પંચરંગી કરી. પાંચ-પાંચ રૂપિયા, ખુશી થઈ જાય. કાલે નહોતું કર્યું? છોકરાઓને કર્યું હતુંને. આ પચ્ચખાણ જુદી ચીજ છે, ભાઈ! આહા..હા..! સમ્યગ્દર્શન એ અલૌકિક છે અને એમાં પછી ઠરવું જ્ઞાન.. ..લેશે હો અંદર ભાવાર્થમાં. સ્થિર થયેલું જ્ઞાન તે પ્રત્યાખ્યાન છે. આહા..હા..!

રાગનો ત્યાગ એનો અર્થ કે રાગની હયાતી છે પ્રત્યાખ્યાન સમયે? જ્ઞાન ઠરે છે ત્યારે રાગની હયાતી છે ત્યાં? આહા..હા..! એથી જ્ઞાન જ્ઞાનમાં જામે છે એ કાળે રાગનો તો અભાવ છે, પણ પૂર્વે હતો એ ન થયો એથી એને નામ-કથનમાત્રથી કહેવાય કે આત્માએ રાગનો ત્યાગ કર્યો. આહા..હા..! પરમાર્થે રાગના ત્યાગનું કર્તાપણું ભગવાન આત્માને નથી. આહા..હા..! અજબ વાતું, ભાઈ! અમે ચારિત્ર કર્યા. આ તો હજી ચારિત્ર કોને કહેવા.. હાલી નીકળ્યા લૂગડા પહેરીને. બાયડી છોડી, છોકરા છોડ્યા, થઈ ગયા ચારિત્ર. શેઠિયાઓને ભાન ન મળે. આ અમે નથી ત્યાગ કરતાં, ત્યાગી જ છેને. જય નારાયણ. ભગવાનજીભાઈ! આહા..હા..!

ખરેખર '**જોવામાં આવે તો...**' એમ. એમ કીધુંને? પરમાર્થે એટલે એ. વાસ્તવિક રીતે જોવામાં આવે તો, યથાર્થપણે જોવામાં આવે તો, '**પરમાર્થથી જોવામાં આવે તો...**' જેમ છે તેમ જોવામાં આવે તો. આહા..હા..! '**પરભાવના ત્યાગકર્તાપણાનું...**' રાગ મેં છોડ્યો એવું ત્યાગકર્તાપણું આત્માને નથી. આહા..હા..! આનું નામ પચ્ચખાણ કહેવાય, લીલાધરભાઈ! કેમ પચ્ચખાણ થાય એની ખબરું ન મળે અને પચ્ચખાણ થઈ ગયા. વ્યાખ્યાન પછી બધા ઊભા થાય, કરો પચ્ચખાણ કાંઈક. સ્થાનવાસીમાં જોયા છે. સૌની ધારણા પ્રમાણે.. ભાતું આપ્યું ભાતું. સાધુ વહોરવા જાયને? વિહાર જાય વિહાર? છેવટે ભાતું આપો કહે. કરો પચ્ચખાણ કહે. તને ખબર નથી પચ્ચખાણ કોને કહેવાને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' ભગવાન આત્માએ રાગનો ત્યાગ કર્યો એવું આત્મામાં નથી. આહા..હા..! '**પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી,...**' જ્ઞાનસ્વભાવ જ્ઞાનમાં રહ્યો, કાંઈ છૂટ્યો નથી. આહા..હા..! '**માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે**' એ જ્ઞાન જ્ઞાનમાં થંભ્યું એ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ અનુભવ કરવો.**' આહા..હા..!

'**ભાવાર્થ :- આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું...**' રાગનો ત્યાગ કરે છે એવું

કહેવું 'તે **નામમાત્ર છે.**' ભાવાર્થ ભાવાર્થ. '**પોતે તો જ્ઞાનસ્વભાવ છે.**' આહા..હા..! એ ચૈતન્યનો પ્રકાશનો પુંજ છે, એકલા જ્ઞાયકભાવના સ્વભાવવાળું એ તો તત્ત્વ છે. પરદ્રવ્યને પર જાણ્યું. જાણવાનો સ્વભાવ સ્વપરપ્રકાશનો છે. સ્વને જાણ્યું અને પરને પર તરીકે જાણ્યું. આહા..હા..!

'**પછી પરભાવનું ગ્રહણ નહિ...**' રાગને પકડે નહિ '**તે જ ત્યાગ છે.**' આહા..હા..! રાગમાં જે અસ્થિર થતો એ ન થયો એ જ ત્યાગ કહેવામાં આવે છે. આવી વાણી ન મળે બીજે. પરમસત્યને પ્રસિદ્ધ કરવા કેવી શૈલી! આહા..હા..! અને સત્યને સત્ય તરીકે રાખીને સત્યને પ્રસિદ્ધ કરવું. આહા..હા..! '**પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ...**' એટલે કે પક્કડ નહિ. '**તે જ ત્યાગ છે.**' આહા..હા..! '**સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે,...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એ જ્ઞાનમાં જે અસ્થિરતા જરી થતી રાગમાં જોડાણની, એ જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું એ પચ્ચખાણ છે. આહા..હા..! '**જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.**' જ્ઞાન એટલે આત્મા જાણનાર સ્વભાવ ચૈતન્યસૂર્ય એ જ્ઞાન જ્ઞાનમાં થંભી ગયું એ પ્રત્યાખ્યાન. આહા..હા..!

'**હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું...**' આત્મા જ્ઞાતાસ્વભાવ ભગવાન આત્મા એનું પ્રત્યાખ્યાન એટલે ચારિત્રસ્વરૂપ અથવા રાગનો ત્યાગ તે જ્ઞાન જ કહ્યું '**તેનું દૃષ્ટાંત શું છે? તેના ઉત્તરરૂપ દૃષ્ટાંત-દાષ્ટાંતની ગાથા કહે છે :-**' દૃષ્ટાંત અને એનો સિદ્ધાંત બેયની આ ગાથા કહેવામાં આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૨, મંગળવાર, તા. ૧૭-૦૨-૧૯૭૬, ગાથા-૩૫, પ્રવચન નં. ૭૯

૩૪ ગાથા પૂરી થઈ. '**હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દૃષ્ટાંત શું છે?**' શું પ્રશ્ન કર્યો છે? કે જાણનાર આ આત્મા એનું પ્રત્યાખ્યાન એટલે જ્ઞાન. જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું એ પ્રત્યાખ્યાન. જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું જ્ઞાન, પ્રતીતિ, અનુભવ કરી અને જ્ઞાનસ્વભાવમાં સ્થિર થવું એ પ્રત્યાખ્યાન છે. તો એનું દૃષ્ટાંત શું અમને સમજાય એવું? એમ કહે છે. '**તેના ઉત્તરરૂપ દૃષ્ટાંત-દાષ્ટાંત...**' દૃષ્ટાંત અને એનો સિદ્ધાંત. '**ગાથા કહે છે :-**' ૩૫. ઘણા આની ટીકા કરે છે આ લોકો. હમણાં એક આવ્યું છે, લ્યો આ લોકોને

જ્ઞાન તે ચારિત્ર, જ્ઞાન તે પચ્ચખાણ. કાંઈ કરવું-બરવું કાંઈ નહિ, એમ કહે. અરરર..! અરે..ભાઈ! આ જ્ઞાનસ્વરૂપ આત્મા એમ જ્યાં રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અનુભવ થયો એ જ્ઞાનસ્વભાવ આત્મામાં જ્ઞાન સ્થિર થાય એ વીતરાગતા છે, એ ચારિત્ર છે, એ પ્રત્યાખ્યાન છે. આ તો કાંઈ કરવું (એને ચારિત્ર કહે). આહા..હા..!

તમારે કહ્યું હતું આગ્રામાં, બાબુરામ પંડિત. વ્યાખ્યાન સાંભળ્યું. વ્યાખ્યાનમાં ઘણું માણસ હજારો. પછી ઊભા થઈ ગયા પહેલાં. ભારે આનંદ. કરવું ધરવું કાંઈ નહિ અને આનંદ ઘણો. આહા..હા..! એમ કરીને બોલ્યા હતા એ. ભાઈ! કરવું શું? જ્ઞાનસ્વરૂપ શક્તિ જેનો સ્વભાવ એકલો જ્ઞાન છે એ જ્ઞાન જ્ઞાનની પરિણતિ પ્રગટ કરીને એ જ્ઞાનમાં ઠરવું એ કરવું નથી? આહા..હા..!

**શ્રોતા :-** એ એક જ કરવા જેવું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કર્તવ્ય છે, બીજું કર્તવ્ય ક્યુ એનું છે?

આ સ્વભાવ ચૈતન્ય જ્ઞાન.. આહા..હા..! એનું જ્ઞાન થઈ અને પ્રતીત થઈ છે એ વસ્તુનું જ્ઞાન છે એ આત્મા જ્ઞાન છે એનું આત્મજ્ઞાન થયું છે-આત્મજ્ઞાન, અને એ જ્ઞાનમાં પ્રતીતિ થઈ કે આ આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનું નામ સમ્યગ્દર્શન. અનુભવ-પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ થવો, વિકલ્પથી રહિત થઈને શુદ્ધનું પરિણમન થવું એ અશુદ્ધતાના નાશ વિના થાય નહિ અને અશુદ્ધતાનો નાશ શુદ્ધતાના પરિણમન વિના થાય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

વસ્તુ જે છે ચૈતન્યસ્વભાવ વીતરાગમૂર્તિ એ તો છે. એ વીતરાગ... છ ઢાળામાં એમ કહ્યુંને? વીતરાગ-વિજ્ઞાન એમ આવ્યું છેને? છ ઢાળામાં નથી આવતું? વીતરાગ-વિજ્ઞાન. એ વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એટલે? વીતરાગ એટલે અકષાય ચારિત્ર. ચારિત્રસ્વરૂપ છે ત્રિકાળ અને વિજ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! એનો અનુભવ થવો પર્યાયમાં, એનું નામ પર્યાયમાં વીતરાગ-વિજ્ઞાનતા થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એમાં વિશેષપણે જે જ્ઞાન રાગમાં અસ્થિરતા થઈને જોડાતું હતું એ ખસી ગયું અને જ્ઞાનસ્વરૂપમાં ઠર્યું એ ચારિત્ર છે. આહા..હા..! વીતરાગ-વિજ્ઞાનતાની વૃદ્ધિ થઈ. વીતરાગ-વિજ્ઞાન ચૈતન્ય પિંડ એની દૃષ્ટિમાં વીતરાગ-વિજ્ઞાનનો અંશ આવ્યો અને એ વીતરાગ-વિજ્ઞાનની વધારે પુષ્ટિ ને વૃદ્ધિ થઈ એનું નામ પચ્ચખાણ છે. આહા..હા..! પણ એ અંતરના આચરણને..

પરમાર્થ વચનિકામાં આવ્યું છે. બનારસીદાસ કહે છે કે લોકોને આગમની બહાર પદ્ધતિ ખ્યાલમાં આવે છે, પણ અધ્યાત્મનો વ્યવહાર એ શું છે એની એને ખબર નથી. વચનિકા છેને? પરમાર્થ વચનિકા. એમાં એ લખ્યું છે હોં! 'જ્ઞાતા તો મોક્ષમાર્ગ સાધી જાણે, પણ મૂઢ મોક્ષમાર્ગ સાધી જાણે નહિ.' આહા..હા..! શા માટે? 'સાંભળો, મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે.' આ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને એવો ભાવ એને અજ્ઞાની વ્યવહાર કહે. આહા..હા..! 'અને અધ્યાત્મ પદ્ધતિને નિશ્ચય કહે.' જે આત્માનું ત્રિકાળી સ્વરૂપ છે

એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પરિણતિ એને નિશ્ચય કહે. 'તેથી તે આગમ અંગને એકાંતપણે સાધી...' વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ ને પૂજાનો વિકલ્પ 'એને સાધી મોક્ષમાર્ગ દર્શાવે.' મોક્ષમાર્ગ એને છે એમ બતાવે. 'અધ્યાત્મ અંગને વ્યવહારથી પણ જાણે નહિ.' ત્રિકાળી જ્ઞાયકભાવ એ નિશ્ચય અધ્યાત્મ અને એની શુદ્ધ પરિણતિ થવી, રાગ વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગપરિણતિ તે અધ્યાત્મનો એ વ્યવહાર છે. આહા..હા..! એ અધ્યાત્મનો વ્યવહાર છે, આહા..હા..! પણ એનો ખ્યાલ નથી. અનાદિથી આ બહારના કડાકૂટા કરવા. આ વ્રત કરી લીધા, તપ કર્યા, અપવાસ કર્યા. એટલે એ આગમ અંગને સાધી એકાંતપણે સાધી મોક્ષમાર્ગ માને. 'અધ્યાત્મ અંગને વ્યવહારથી પણ જાણે નહિ એ મૂઢ દૃષ્ટિ જીવનો સ્વભાવ છે.' આહા..હા..! 'એ પ્રમાણે સૂઝે ક્યાંથી? કારણ કે આગમઅંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ.' આમ દેખાય લ્યો આ વ્રત પાળે છે, આ બ્રહ્મચર્ય કરે છે, આ દુકાન છોડીને બેઠો.

'આગમ અંગ..' છેને? 'બાહ્ય ક્રિયારૂપ પ્રત્યક્ષ પણ તેનું સ્વરૂપ સાધવું તેને સુગમ લાગે છે.' આહા..હા..! એ બાહ્ય ક્રિયા કરતો જીવ મૂઢ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે, પણ અંતરગર્ભિત અધ્યાત્મક્રિયા... આહા..હા..! છે? ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એ જ્ઞાન અને આનંદમાં એકાકાર થવું, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિની પરિણતિ થવી એ મૂઢ જીવ (જાણતો નથી). એ બાહ્ય ક્રિયા મૂઢ જીવ મોક્ષમાર્ગ માને, અંતરગર્ભિત અધ્યાત્મક્રિયાને જાણતો નથી. આહા..હા..! દેહની ક્રિયા હાલવું-ચાલવું એ તો જડ છે, આ તો માટી-ધૂળ. આ હાલવું-ચાલવું આ બધું સ્વાહા, એ તો બધી જડની ક્રિયા છે. અંદરમાં રાગ આવે એને જાણે આગમ અંગને કે આ અમે કાંઈક ધર્મ કરીએ છીએ, પણ એ તો રાગ છે. આહા..હા..! ઝીણો માર્ગ, ભગવાન! એનામાં અતીન્દ્રિય આનંદનો કસ પડ્યો છે આત્મામાં. શુદ્ધ ચિદાનંદ મૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. સત્ નામ શાશ્વત આનંદ અને જ્ઞાનનો સાગર ભગવાન છે આત્મા. આહા..હા..! એમાં રમણતા જે થાય, વીતરાગી વિજ્ઞાનની રમણતા જે થાય તે અધ્યાત્મનો વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! કહો, નેમિચંદભાઈ! આવું તો બહારનું મંદિર કરવા ને પૂજા કરવી, સિદ્ધચક્ર કર્યા ને આ કર્યા, રથયાત્રા કાઢવી, પાંચ-દસ હાથી જોડવા. તે દી નહિ આપણે જયપુર, કેટલા હાથી? ૨૧ હાથી. અમે ત્યાં હતાને. ૪૦ હજાર માણસ રથયાત્રામાં અને ૨૧ તો હાથી. એટલે લોકોને એમ થાય કે આહા..હા..! એ તો બહારની વસ્તુ છે.

**શ્રોતા** :- પ્રત્યક્ષપ્રમાણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બાહ્ય કીધા ને પ્રત્યક્ષપ્રમાણ લખ્યું છે. એ પ્રત્યક્ષપ્રમાણ છે. આગમ અંગ બાહ્યક્રિયા પ્રત્યક્ષપ્રમાણ છે. અરેરે..! અજ્ઞાનીને એ ભાસે છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એનો અનુભવ કરીને અંદરમાં ઠરવું, એવી વીતરાગી

અધ્યાત્મ વ્યવહારી ક્રિયાની પણ એને ખબર નથી. આહા..હા..! બહુ આકરું. સમજાણું કાંઈ?

'તે ક્રિયાને મૂઢ જીવ જાણે નહિ. કારણ કે અંતર દૃષ્ટિના અભાવથી અંતર ક્રિયા દૃષ્ટિગોચર આવે નહિ.' આહા..હા..! કેટલું સરસ લખ્યું છે! અને છેવટે કહ્યું છે હોં પોતે. 'આ યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવળી વચનાનુસાર છે.' છેલ્લું. 'જે જીવ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્ય અનુસાર કલ્યાણ થશે.' બહુ સરસ લખ્યું છે. બનારસીદાસ. આહા..હા..! પહેલાં તો વ્યભિચારી હતા બનારસીદાસ. પછી જ્યારે એને ભાન થયું. વ્યભિચારના પુસ્તકો બનાવેલા. પછી તો ભાન થયું તો એ બધા ગંગા નદીમાં નાખી દીધા અને પછી અધ્યાત્મના શાસ્ત્ર બનાવ્યા. એમાં આવે છે, બનારસી વિલાસ. આહા..હા..!

જ્ઞાન અને આનંદ. જ્ઞાન એટલે આ શાસ્ત્ર એ નહિ. આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે. જેમ સાકર ગળપણસ્વરૂપ છે, અફીણ કડવાશસ્વરૂપ છે, મીઠું ખારાશસ્વરૂપ છે, એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. એવા જ્ઞાનને ભાન કરીને, શ્રદ્ધા-અનુભવ કરીને. આહા..હા..! આકરી વાત. નહિતર જન્મ-મરણ મટવાના નથી ત્રણકાળમાં. આહા..હા..! જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ એનો જેમાં અભાવ (છે) એવો ભગવાન આત્મસ્વભાવ. આહા..હા..! પદમચંદજી! આહા..હા..!

ભાઈ! તને એમ લાગે કે આ તે શું કહે છે? ભાઈ! તારા ઘરની વાત છે. તારા ઘરમાં તો અંદર જ્ઞાન અને આનંદ પડ્યો છે. સમજાણું કાંઈ? આ બધું હાડકાં, માંસ એ તો પરની જડની ચીજ છે આ તો અને હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ એ પાપ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ એ પુણ્ય છે—બેયથી આત્મા ભિન્ન છે. એવા આત્માનું ભાન કરીને અંદરમાં ઠરવું એનું નામ પ્રત્યાખ્યાન અને એનું નામ ચારિત્ર, એનું નામ વીતરાગ પરિણતિનો મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત. ..ભાઈ! આ બધા શેઠિયાઓએ સાંભળેલું ન હોય ત્યાં મોટા થઈને ફરે છે. આ અમારે ક્યાં ગયા ઝવેરચંદભાઈ? તાવ આવ્યો છે? એ ત્યાં શેઠિયા બધા, પણ આ વાત હતી નહિ એટલે શું કરે! આહા..હા..!

દેહના રજકણે રજકણથી પ્રભુ જુદો છે, આ આત્મા હોં. પ્રભુ એને કહીએ છીએ અહીં તો. અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ જે આવે એ રાગ છે. એ રાગથી ભગવાન અંદર ભિન્ન છે. આહા..હા..! સચ્ચિદાનંદસ્વરૂપ છે. એનો અનુભવ કરીને એમાં ઠરવું એ અધ્યાત્મની વ્યવહાર ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! એ એમાં લખ્યું .. કે નિશ્ચય તો ત્રિકાળી સ્વરૂપ અક્રિય અને મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. સમજાણું કાંઈ? ક્યો મોક્ષમાર્ગ? નિશ્ચય. છેને, એમાં છે. 'શુદ્ધદ્રવ્ય અક્રિયરૂપ...' આ ચિઠ્ઠીનું છે. ભગવાન ધ્રુવ વસ્તુ આત્મા એ અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ ધ્રુવ તો અક્રિય છે. એમાં પરિણમવું, બદલવું એમાં નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં-અવસ્થામાં બદલવું છે. એ ત્રિકાળી ધ્રુવ તો અક્રિય છે. આહા..હા..! એટલે? છે? 'તે નિશ્ચય છે.' શુદ્ધ દ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે અને 'મોક્ષમાર્ગ સાધવો

તે વ્યવહાર છે.' પૂર્ણ સ્વરૂપ જ્ઞાનનો, આનંદનો ગોળો પ્રભુ શુદ્ધ ધ્રુવ એ તો અક્રિય છે. તો બદલવું, પરિણમવું એમાં નથી; અને જે મોક્ષમાર્ગ છે, નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પર્યાયમાં છે, માટે વ્યવહાર છે. આહા..હા..! આવો માર્ગ છે!

બિચારા રખડતા, રઝળતા ચોર્યાસીના અવતારમાં. એને આ વાત મળતી નથી. ઘરમાં છે પણ કોણ છું એની એને ખબર નથી. આ બીજા બધા ડહાપણ કરે સંસારના. એલ.એલ.બી. ભણે, એમ.એ. ભણે પૂંછડા વળગાડે મોટા. પોપટભાઈ! તમારે લાદીના વેપારના ધંધા. આમ નાખું ને આમ નાખું, પણ આ આત્મા અંદર મોટો છે, આહા..હા..! એ ચીજ જે દ્રવ્ય છે, વસ્તુ છે, ધ્રુવ છે એ તો અક્રિય છે, એમાં પરિણમવાની ક્રિયા નથી. એવા ધ્રુવને અવલંબીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થવું તે મોક્ષમાર્ગ છે, તે વ્યવહાર છે. પર્યાય તે વ્યવહાર છે, દ્રવ્ય તે નિશ્ચય છે. આહા..હા..! ઓલો વ્યવહારમોક્ષમાર્ગ, નિશ્ચયમોક્ષમાર્ગ એનું અહીં કામ નથી. વ્યવહાર એ તો રાગ થઈ ગયો. આહા..હા..! એ અહીં કહે છે જુઓ.

'**જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું...**' પ્રભુ આપે તો. જે જાણવામાં આવ્યો ભગવાન જ્ઞાનનું સ્વરૂપ, એમાં જ્ઞાન ઠર્યું એ તો જ્ઞાનસ્વરૂપ થયું. જ્ઞાતાનું જ્ઞાન તે પ્રત્યાખ્યાન થયું, એ પચ્ચખાણ થયું. આમ હાથ જોડીને પચ્ચખાણ આપો એ તો જડ છે. અંદર વિકલ્પ ઊઠ્યો એ તો રાગ છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! ધર્મનો મોક્ષમાર્ગ.. આહા..હા..! એ શું છે? તેના ઉત્તરની ગાથા (કહે છે).

जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि।
तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी।।३५।।

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**
**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫**

આહા..હા..!

'**ટીકા :- જેમ-કોઈ પુરુષ...**' દૃષ્ટાંત આપે છે પહેલો. '**ધોબીને ઘરેથી...**' પોતાનું લૂગડું ધોબીને દીધેલું એ લૂગડું લેવા ગયો. '**ભ્રમથી બીજાનું વસ્ત્ર...**' પોતાનો કોટ હતો એ એને ન હાથ આવ્યો. કો'કનો હતો એ મારો છે એમ જાણીને કોટ ઉપાડ્યો. આ તો કોટ અત્યારે છે. ગમે તે ધોતિયું (હોય). '**કોઈ પુરુષ ધોબીને ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી, પોતાનું જાણી ઓઢીને સૂતો છે...**' એમાં ઓલો બીજો જેનું કપડું હતું એ માણસ આવ્યો કે ભાઈ! મારું કપડું આપોને. ભાઈ! આમાંથી કો'ક લઈ ગયું છે કો'ક તમારું. આમાં હતું ખરું પણ લઈ ગયું છે કો'ક.

'**તે પોતાની મેળે અજ્ઞાની (-આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો) થઈ રહ્યો છે; જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી,...**' એ ધોબીને ત્યાં બીજો માણસ આવ્યો કે ભાઈ મારું કપડું? કહે, આજ એક હમણાં લઈ ગયો લાગે છે તમારું. ગયો એને

ઘરે. સૂતો હતો. '**વસ્ત્રનો ખૂણો પકડી, ખેંચી તેને નગ્ન કરે છે...**' ઉઘાડો કરે છે. વસ્ત્ર ઓઢ્યું છેને? આ વસ્ત્ર મારું છે. તું ક્યાંથી લઈને આવ્યો? ધ્યાન રાખજો હોં! દૃષ્ટાંત પછી એનો સિદ્ધાંત (આવશે). '**ખેંચી તેને નગ્ન કરે છે...**' એટલે ખુલ્લો કરે છે. ઓલું વસ્ત્ર ઓઢ્યું છેને. '**અને કહે છે કે તું શીઘ્ર જાગ,...**' જાગ આ વસ્ત્ર મારું છે, તારું નથી. '**સાવધાન થા,...**' ધ્યાન રાખ. જુઓ, એમાં લક્ષણ તમારા અત્યારે તો કોટ-બોટને કરે છેને કાંઈક અહીં. પાછળ મૂકે બી.એ. ફલાણું-ઢીંકણું એવું. આપણે જોયું છે. અંગ્રેજીમાં શબ્દ મૂકે જો આ. આ છે તારું ચિહ્ન? આ તો મારા કપડાનું ચિહ્ન છે.

'**સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે...**' ભાઈ! મારું વસ્ત્ર તું લઈને આવ્યો, બદલામાં આવી ગયું છે, '**તે મારું મને દે, ત્યારે વારંવાર કહેલું એ વાક્ય...**' ખુબી શું છે કે એક વાક્યે તો ન ઓલો સાવધાન થયો, પણ '**વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો તે (એ વસ્ત્રનાં) સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,..**' હા, ભાઈ આ તો મારા ચિહ્ન નથી મારા વસ્ત્રના. આ તો કો'ક બીજાનું છે. તારું હશે. '**સારી રીતે પરીક્ષા કરીને,...**' એમ પાછું. બરાબર મારું નામ આમાં નથી. મારા કોરે મેં મારું નામ રાખ્યું હતું, દોરે સીવીને, એ અહીં નથી. આહા..હા..! '**જરૂર આ વસ્ત્ર પારકું જ છે એમ જાણીને, જ્ઞાની થયો થકો,...**' જ્ઞાની એટલે સંસારનો ડાહ્યો. '**તે (પરના) વસ્ત્રને જલદી ત્યાગે છે.**' છોડી દે છે વસ્ત્રને. આ નહિ મારું. ભલે છૂટ્યું નથી, પણ જ્યાં પર છે એમ થયું ત્યાં એ પડ્યું છે એ તો પર તરીકે રહ્યું છે હવે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેવી રીતે**' દૃષ્ટાંત થયો એ તો. '**જ્ઞાતા...**' ભગવાન આત્મા. ચૈતન્યની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહા..હા..! જ્ઞાનના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા. એને પણ આત્મામાં શરીરમાં એને મહિમા લાગતી નથી. સમજાણું કાંઈ? એ તો જ્ઞાનનો દરિયો, અનંત જ્ઞાનના સ્વભાવના સામર્થ્યથી ભરેલો ભગવાન આત્મા. જ્ઞાતા કીધુંને? આહા..હા..! જ્ઞાતા પણ જાણનાર... જાણનાર... જાણનાર. જાણનાર જેને જાણે તે પરચીજ છે. આ રાગ ને શરીર ને વાણી ને સ્ત્રી-કુટુંબ એ તો પરજ્ઞેય છે. એ જાણનારો પણ '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પ ઊઠે છે. શરીર, બાયડી, છોકરા તો પર છે, એ તો ક્યાંય ધૂળ છે, એ તો ક્યાંય પર રહ્યા; પણ અંદરમાં કર્મના સંગના વશે થતાં પુણ્ય અને પાપના વિકારી ભાવ એ '**પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' સ્વદ્રવ્યનો ભાવ જે આનંદ અને જ્ઞાન એને ગ્રહ્યો નહિ. એને આ વિકારી પરિણામ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના એ મારા છે એમ માન્યા. ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! આ તો ધર્મની અનંતકાળમાં એને જન્મ-મરણ મટ્યા નથી અને કેમ મટે એની વાત છે, ભાઈ! બાકી તો બધું જગતમાં ચાલે છે. આહા..હા..!

'**જ્ઞાતા પણ...**' જાણનારો પણ, શું? ઓલું દૃષ્ટાંત કહ્યું ને એટલે 'પણ' લીધું. '**જ્ઞાતા પણ ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને...**' આહા..હા..! જે જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર પ્રભુ છે. આહા..હા..! ચૈતન્યપ્રકાશના નૂરના તેજનું પૂર પ્રભુ આત્મા છે. આહા..હા..! એ '**પરદ્રવ્યોના ભાવોને...**' પોતાનો જ્ઞાયકભાવ તેને છોડી દઈ અને પુણ્ય અને પાપના વિકલ્પો રાગ જે છે એ '**પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' આહા..હા..! જેમ ઓલું કો'કનું વસ્ત્ર લઈને સૂતો હતો, એમ આ અજ્ઞાની અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પો એ પરદ્રવ્યના ભાવ છે. સ્વ ચીજની એ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હવે. કઈ જાતનો હશે આ તે માર્ગ? આ વીતરાગનો આવો હશે? આ વીતરાગમાં તો એમ સાંભળતા કે કંદમૂળ ન ખાવું, લીલોતરી ન ખાવી, ફલાણું ન કરવું, ચોવિહાર કરવો. એય.. ઝવેરભાઈ! અરે.. ભગવાન! બાપુ! એ તો બીજી ક્રિયા છે, ભાઈ! તારી ધર્મક્રિયા તો અંદર જુદી છે. આહા..હા..! એ તો રાગની ક્રિયાની બધી વાતું છે. એ રાગ છે એ મારું ભ્રમણાથી માન્યો છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેની વર્તમાન દશામાં કર્મના સંગથી ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપના ભાવ તે પરદ્રવ્યના ભાવ છે. કેમકે એ છૂટી જાય છે અને આત્મા જ્ઞાનાનંદ સહજાનંદની મૂર્તિ રહી જાય છે, પરમાત્મા થાય એટલે. માટે પરભાવ છે એ. આહા..હા..!

એ '**ભ્રમથી પરદ્રવ્યોના...**' જેમ ઓલો ભ્રમણાથી કો'કનું કપડું લઈ ગયો એમ આ ભ્રમણાથી રાગ ને પુણ્ય ને પાપના ભાવ વિકલ્પ વૃત્તિઓ એ પોતાનો સ્વભાવ અને પોતાની જાત નથી. આહા..હા..! એ વિકારની જાત, વિભાવની જાત, ચંડાળની જાત. આ હસમુખ ને પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા.

**શ્રોતા :-** એ બધી વાતનો ખ્યાલ રાખીને જ આ વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો હવે.. આહા..હા..! કાલે આવ્યા હતાને બે જણા નહિ તમારા ...? અહીં બેઠા હતાને બેય? એક પાસે પાંચ કરોડ અને એક પાસે એક કરોડ હતા. કાલે બેઠા નહોતા. ભગવાનજીભાઈ પાસે. એના મામાનો દીકરો હતો. પાંચ કરોડ. આફ્રિકામાં પાંચ કરોડનું કારખાનું છે મોટું. અહીંના મહાજન. ત્યાં ગયા પછી થોડું પુણ્યને કારણે ધૂળ મળી ભેગી. કાલે બેઠા હતા. એમ બોલ્યા સાંભળીને હોં! એટલું બોલ્યા કે મહારાજે પાંચ લીટીમાં તો આખો કલાક કાઢ્યો.

**શ્રોતા :-** એકલા જ્ઞાનની વાત કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનસ્વરૂપ જ તું છો પ્રભુ! તું ચૈતન્યનો બિંબ છો. ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા છે.

એ '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' રાગના વિકલ્પને પોતાના માની '**ગ્રહણ કરી, પોતાના જાણી,...**' આહા..હા..! '**પોતામાં એકરૂપ કરીને સૂતો છે...**'

આહા..હા..! અનાદિથી એ ચૈતન્ય ભગવાન પોતાની સંપદા જ્ઞાન ને આનંદની છે એને ભૂલીને પુણ્ય ને પાપના વિકલ્પોની લાગણીઓ-વૃત્તિનું ઉત્થાન થાય છે, વૃત્તિઓ-રાગ એ પરદ્રવ્યના ભાવ છે. આહા..હા..! બાયડી, છોકરા, મકાન, દેશ તો ક્યાંય રહી ગયા. અમારો દેશ અને અમારું.. ધૂળેય નથી તારો દેશ, સાંભળને! તારો દેશ તો અંદર અસંખ્ય પ્રદેશી છે. એમાં અનંતગુણ પ્રજા વસે છે અંદર. આહા..હા..!

ખુબી શું કીધી કે જેમ ઓલું ધોબીને ત્યાંથી કો'કનું કપડું લઈ આવ્યો અને સૂતો એમ આ ભગવાન આત્મા પોતાની જાતનો ભાવ નહિ એવા પુણ્ય ને પાપ, શુભ ને અશુભ લાગણી જે ઊઠે એ પરદ્રવ્યના ભાવ છે, એ ચૈતન્યની જાતના ચૈતન્યના નથી. આહા..હા..! એને '**ગ્રહણ કરી, પોતાના જાણી,...**' એ રાગની, વિકલ્પની દશા.. પ્રભુ તો નિર્વિકલ્પ ચૈતન્યઘન છે. આહા..હા..! એ આ વિકલ્પના રાગને ગ્રહણ કરી, પોતાના જાણી '**પોતામાં એકરૂપ કરીને સૂતો છે...**' અનાદિથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! મારગડા જુદાં પ્રભુ! ધર્મનો માર્ગ કોઈ જુદો છે. અત્યારે તો લોકો બહારથી આમ દયા પાળી, વ્રત કર્યા.. આ કાર્યકર્તા થાય છેને બધા તમારા? આ ભાઈ હતાને તમારા ક્યાંક છેને એ? ઢેબરભાઈ. ઢેબરભાઈ ને એ બધા ... છેને અહીં. આ કર્યું... આ કર્યું.. આમ કર્યું.. ધૂળેય નથી કર્યું, સાંભળોને કીધું. અહીં આવ્યા હતાને ઘણી વાર. આહા..હા..! એમ જાણે કંઈકને સગવડતા દઈએ ને અગવડતા ટાળીએ ને દેશની સેવા કરીએ એ બધા કાર્યકર્તાઓના અભિમાન છે. એય..!

એ તો ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતાને ત્યાં રાજકોટ. રાજકોટ ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતા. (સંવત) ૧૯૯૫-૯૫ની સાલ. ત્યારે પણ વાત તો આ હતી તેદી તે. ઘણા વર્ષ થઈ ગયા. ૩૭ વર્ષ થયા. અહીં તો કહ્યું ભાઈ! પરની દયા પાળવાનો ભાવ, પરની દયા પાળી શકતો તો નથી. કેમકે પરવસ્તુ સ્વતંત્ર છે, એની દશાઓનો કર્તા તે છે. એમાં બીજો કહે કે હું આને જીવાડી દઉં, મારી દઉં અને ઉગારી દઉં એવી જે માન્યતા છે તે મિથ્યાભ્રમ છે. આહા..હા..!

**શ્રોતા :-** .. એમ માને એ મૂઢ અને અજ્ઞાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી અજ્ઞાની અને મૂઢ છે એમ કીધું હતું. કીધું હતું, ખબર છેને. ૯૫ની વાત છે. એ જેઠ સુદ તેરશ. બધા વ્યાખ્યાનમાં આવ્યા હતા. ગાંધીજી આવ્યા હતા. ઓલો શું કહેવાય? મહાદેવ દેસાઈ, કસ્તુરબા. એ તો તેર વાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. તે દી ઘણા વ્યાખ્યાનમાં આવ્યા હતા. રાજકોટમાં તો.. માર્ગ તો આ છે બાપુ, કીધું. કોઈની અમે જાણે દયા પાળી દઈએ અને સગવડતા આપી દઈએ એ માન્યતા મિથ્યાત્વ અને મૂઢની છે. જેઠાભાઈ! આહા..હા..! ભાઈ! તું તો જ્ઞાન છોને. તું જાણનારની ભૂમિકામાં રહેલું તારું તત્ત્વ છેને. એ જાણનાર શું કરે? રાગ કરે? રાગ તો વિકાર છે, સ્વભાવમાં તો

છે નહિ. આહા..હા..! ઝીણી વાતું બહુ, ભાઈ!

એ પરદ્રવ્યોના ભાવને એકમેક કરીને સૂતો એ મિથ્યાત્વ છે. **'પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...'** ભાષા શું છે આ? કોઈ કર્મે એને અજ્ઞાની કર્યો છે એમ નથી કે દર્શનમોહનો ઉદય આવ્યો એટલે અજ્ઞાની થયો એમ નથી. આહા..હા..! એ રાગને પુણ્ય-પાપના વિકલ્પના મેલને... આહા..હા..! પોતાનો માનીને સૂતો છે એ પોતાની મેળે અજ્ઞાની થયો છે. આહા..હા..! આ વળી લાકડું ગરી ગયું એવું જૈનમાં કે કર્મને લઈને થાય... કર્મને લઈને થાય. ધૂળેય ન થાય, સાંભળને! સમજાણું કાંઈ? દોષ કરે પોતે અને નાખે કર્મને માથે. આહા..હા..!

કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ.

લોહનો સંગ કરે અગ્નિ તો ઘણ પડે, એકલી અગ્નિને ઘણ પડે નહિ; એમ આત્મા રાગનો સંગ કરે અને એકાકાર થાય તો ચાર ગતિના દુઃખ સહન કરે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા શું છે? ભગવાન જ્ઞાતા પણ ચૈતન્યસ્વભાવી સૂર્ય ભગવાન આત્મા એ રાગ ને પરદ્રવ્યની ભાવની ક્રિયાને પોતાના માની ગ્રહણ કરી, જાણીને સૂતો છે મિથ્યાત્વમાં. આહા..હા..! પછી ભલે મોટા દસ હજારના પગાર હોય મહિને, સમજાણું કાંઈ? પણ બધા મૂઢ છે એમ કહે છે. પાંચ-પાંચ લાખની પેદાશ હોય મહિને. અબજોપતિ. એમાં ધૂળમાં શું થયું પણ હવે, સાંભળને! આહા..હા..! પૈસા મારા, શરીર મારું, દેશ મારો એ તો ઘણી મૂઢતા.

પણ અહીં તો પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓ ઊઠે છે એ મેલ છે, એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! આવી ઝીણી વાત ત્યાં થોડી થઈ હતીને, ભાઈ! (સંવત) ૧૯૮૬માં થઈ હતી. અમરેલી. ..ભાઈ! એ રામજીભાઈએ જરી પૂછ્યું હતું એક ફેરી રામજીભાઈએ. ૮૬ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૬. તે દી એટલા બધા પૈસા નહોતા. દસ લાખ હતા ૮૬માં. પછી હવે આ કરોડ થઈ ગયા બે-ચાર-પાંચ કરોડ. રામજી હંસરાજ ગુજરી ગયા. એના ભત્રીજા થાય છે. એ પોતે જ્યારે આવી વાત આવતી તો કહે, મહારાજ! જઠર સહન નહિ કરી શકે. કારણ કે ઓલા પૈસા-બૈસા દઈએ તો જાણે ધર્મ થઈ જાય, દાન થઈ જાય. ધૂળેય નથી કીધું. લાખ-લાખ, બબ્બે લાખ કાંઈક આપે ત્યાં જાણે ધર્મ થઈ ગયો. પણ પૈસા જડ છે. જડ ક્યાં તારા હતા! અને આપવામાં કદાચ રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે, રાગ છે. એમ કહ્યું હતું એક ફેરી, ભાઈ દેવરાજભાઈ! આ તો ઘણા વર્ષ થઈ ગયા. મહારાજ! અમને પચવું કઠણ પડે છે. કીધું, આ રોટલા ખાતા હોય અને મૈસુબ આવ્યો હોય તો ના પાડો કે મારું જઠર નહિ સહન થાય? તેદી કહ્યું હતું હોં! આહા..હા..! એમ ન હોય, બાપુ! આત્માની જઠર એવી છે કે લોકાલોકને જાણી શકે એવી એની તાકાત છે. રાગાદિ કરવું એવી એની તાકાત એનો સ્વભાવ નથી. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! આહા..હા..!

'**પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' આ શબ્દ છે. છે? આહા..હા..! જ્ઞાની ... છેને? '**भ्रान्त्या परकीयान्भावानादायात्मीयप्रतिपत्त्यात्मन्यध्यास्य शयानः स्वयमज्ञानी सन्**' સંસ્કૃત છે. '**स्वयमज्ञानी सन्**' આહા..હા..! ભગવાન ચૈતન્યદળ જે છે.. આહા..હા..! શું વળી આ દળ? આવા દળના લાડવા થાય છે. નહિ? ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તું એક આત્મા છો અને છે એ વસ્તુના સ્વભાવવાળું તત્ત્વ છે. અંદર અનંત આનંદ, અનંત શાંતિનું દળ છે એ આત્મા. કોઈ દી સાંભળ્યું ન હોય, કોઈ દી જોવા નવરો થયો નથી. બહારમાં રખડપાટી કર્યા કરે છે. આહા..હા..!

કહે છે, એ સ્વરૂપને ભૂલીને જાણક જેનું શરીર છે. આવ્યું હતું? સ્વશવપુ સ્વશવપુ દ્વારા પ્રવેશ કરીને. ભગવાન આત્માનું તો જ્ઞાનશરીર છે, આ નહિ અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે તે એનું સ્વરૂપ નહિ. આહા..હા..! એવો જે ભગવાન.. આહા..હા..! એ પોતાની ચીજને ભૂલી અને કૃત્રિમ ક્ષણિક ઉપાધિરૂપ ભાવ, પુણ્ય-પાપના ભાવ એને પોતાના માની પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે. આહા..હા..!

'**જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી...**' હવે એ બતાવે છે. ભાઈ! તું જ્ઞાનસ્વરૂપ છોને અંદર. ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનો ભંડાર આ રાગના વિકલ્પોથી તારી ચીજ ભિન્ન છે. આહા..હા..! તું જો તારું લક્ષણ. તારું લક્ષણ જાણવું એ છે. તારું લક્ષણ રાગ એ નથી. આહા..હા..! '**શ્રી ગુરુ પરભાવનો વિવેક કરી...**' એનો અર્થ એ કહ્યો કે ગુરુઓ શું કહે? એને આ કર ને આ કર ને ફલાણું (કર) એ નહિ. ગુરુ એને કહે કે રાગથી તારી ચીજ ભિન્ન છે એ ભેદજ્ઞાન બતાવે. આહા..હા..! જે ગુરુ નામ ધરાવીને એમ કહે કે આ રાગ કરવા જેવો છે અને રાગથી તને લાભ થાય, એ ગુરુ નહિ, એ અજ્ઞાની છે, કહે છે.

જુઓને! '**જ્યારે શ્રી ગુરુ...**' જેને આત્મજ્ઞાન અને અનુભવની દશા થઈ છે તે '**પરભાવનો વિવેક કરી...**' ભાઈ! તું ચૈતન્ય સ્વરૂપ છોને. તારું અસ્તિત્વ, તારી મોજૂદગી જ્ઞાન ને આનંદસ્વભાવથી તારી મોજૂદગી છે. એ પુણ્ય અને પાપના વિકલ્પ કૃત્રિમ જે ઊઠે છે એ તારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**વિવેક કરી...**' આહાહા..! લ્યો! આવો ઉપદેશ આપતા બીજો આવો નહિ કે આવું કરવું, આ કરવું. આહા..હા..! ધર્માત્માનો ઉપદેશ તો આવો હોય કે જે રાગને એક કરીને બેઠો છે એને રાગને ભિન્ન કરીને વિવેક કરાવે. આહા..! સમજાણું કાંઈ?

ધર્માત્મા આત્માના મોક્ષના માર્ગને પામ્યા છે. એ વીતરાગી પરિણતિ જેને દશા થઈ છે એ ગુરુ અજ્ઞાનીને રાગ અને ત્રિકાળી સ્વભાવ બે ભિન્ન છે તેમ વિવેક કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ફોતરા-ફોતરા નથી આ? છિલકા-ફોતરા એ જુદી ચીજ છે અને કસ જુદી ચીજ છે. આ કૂટે છેને અનાજને? અડદને ઓલાને કૂટે સુપડામાં. કરતાં.. કરતાં... કરતાં... કસવાળી ચીજ છે એ આ બાજુ રહી જાય છે અને ફોતરા છે એ આમ નીકળી જાય

છે અને ઝટ ન નીકળે તો.. જોયું છે? જોયેલું છે, આપણે કર્યું છે ક્યાં? આમ ધબ્બો મારે ઓલા સૂપડાને. એટલે શું કઠણ ચીજ રહી જાય અને ફોતરા છે એ છૂટા પડી જાય.

એમ આ ભગવાન આનંદનો નાથ જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ પ્રભુ એમાં રાગના વિકલ્પ તે ફોતરા છે. એને અહીં ધબો મારી એકાકાર કરીને ભેદજ્ઞાન કરાવે છે. આવો ઉપદેશ કેવો? ભાઈ! બધી ખબર છે. આખી દુનિયાની ખબર છે. દુનિયા આખી જોઈ છે. નવ-નવ હજાર માઈલ આખા હિન્દુસ્તાનમાં ફર્યા છીએ ત્રણ વાર. આ વાત બીજી છે, ભાઈ! આ તો તત્ત્વ જ બીજી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્યારે શ્રી ગુરુ...**' એને ભેદજ્ઞાન કરી. એનો અર્થ? '**તેને એક આત્મભાવરૂપ કરે...**' એટલે એને કહે કે પ્રભુ! તું સાંભળને, ભાઈ! તારો સ્વભાવ તો જાણવું-દેખવું એવું તારું સ્વરૂપ (છે), પ્રજ્ઞાબ્રહ્મ તારી ચીજ, રાગ એ તારી ચીજ નહિ. આહા..હા..! એમ રાગ અને પ્રજ્ઞા સ્વભાવને બેને ભિન્ન કરીને વિવેક કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ હશે! ઓલા તો દયાની મંડળી કરે, મોઢા આગળ કાર્યવાહક થાય, પૈસાનો ખરડો કરે, લાખ, બે લાખ, પાંચ લાખ (ભેગા કરે). ડાહ્યો મંડળીવાળો હોય એ મોઢા આગળ ચાલે. એ તો સૌ સમજે. આ શું પણ? ધૂળેય નથી એમાં, સાંભળને! શરીર ચાલે એ કાંઈ તારાથી નથી ચાલતું. એ વાણી બોલે એ તારાથી નહિ, એ તો જડ છે. આહા..હા..! આ તો અંદરના પુણ્ય અને પાપભાવ પણ અચેતન તારી જાત નથી. જ્ઞાનસ્વરૂપી પ્રકાશની મૂર્તિ એમાં પુણ્ય અને પાપના ભાવ તે અચેતન નામ અંધકાર છે. ચૈતન્યનો પ્રકાશ અને અંધકાર બે ચીજ જુદી છે અંદર. આહા..હા..! આવું છે. માર્ગ આવો બાપુ, છે હોં! બીજાને બેસે ન બેસે એથી કાંઈ સત્ય ફરે એવું નથી. આહા..હા..!

'**તેને એક આત્મભાવરૂપ કરે...**' એટલે શું? ઓલો એકત્વ કરીને બેઠો છેને, એને જુદું પાડે છે. ભાઈ! તું જ્ઞાનસ્વરૂપ છોને. પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ તારું. બ્રહ્મ એટલે આનંદ. જ્ઞાન અને આનંદ તારું સ્વરૂપ છે. આહા..હા..! આ રાગ તે તારી ચીજ નહિ. આહા..! તારી હોય તે જુદી પડે નહિ, જુદી પડે તે તારી નહિ. આહા..હા..! રાગ છૂટો પડી જાય છે કે નહિ? આત્મા અંદર ધ્યાન કરીને પરમાત્મા થાય ત્યારે રાગ રહેતો નથી. રાગ પરચીજ છે. આહા..હા..!

'**તેને એક...**' ઓલામાં હતુંને? '**પોતામાં એકરૂપ કરીને સૂતો છે...**' છેને? '**તેને એક આત્મભાવરૂપ કરે છે...**' ભાઈ! તું આત્મા જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર તે આત્મા. રાગ તે તું નહિ. રાગમાં તું નહિ અને તારામાં રાગ નહિ. બે ચીજ તદ્દન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? નાળિયેર હોય છેને નાળિયેર? એમાં ઉપરના છાલા છે એ કાંઈ નાળિયેર નથી ખરું, તેમ ઓલી કાચલી છે એ કાંઈ નાળિયેર નથી. તેમ કાચલી કોરની લાલ છાલની રાતડ જે છે કે જે બાયું ટોપરાપાક કરે ત્યારે ઘસી નાખે છે, એ

નાળિયેર નથી. આહા..હા..! નાળિયેર તો ધોળો-સફેદ ગોળો તે નાળિયેર છે.

એમ આ ભગવાન આત્મા આ શરીર તે છાલા છે, અંદર કર્મ છે જડ બાંધેલા એ કાચલી છે અને કાચલી કોરના દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના ભાવ તે કાચલી કોરની રાતી છાલ છે. આહા..હા..! એનાથી તારો નાથ શુદ્ધ આનંદનો ગોળો. ધોળો એટલે શુદ્ધ અને મીઠો એટલે આનંદ. આહા..હા..! આ સંતોનો આ ઉપદેશ છે. એને ગુરુ કહ્યા છેને! ગુરુ આ ઉપદેશ કરે. આહા..હા..! અત્યારે તો કાંઈ ઠેકાણું રહ્યું નથી બધું. આહા..હા..! અરે..! બાપુ! જન્મ-મરણરહિત થવાની રીત તો કાંઈ જુદી છે. જન્મ-મરણ કરી-કરીને હોથા નીકળી ગયા છે એના. થાક લાગતો નથી એને, અનંતકાળથી આથડ્યો.

અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું ન્યાય મૂક્યો છે? કે એ જે આત્મા જ્ઞાનનો રસ ચૈતન્યરસનું સત્ત્વ જે છે, આત્મા સત્ છે અને એનું સત્ત્વ જ્ઞાન અને આનંદનું એનું સત્ત્વ છે-ભાવ, એમાં જે આ રાગાદિ ભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો કે હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના આદિનો એ બધા વિકારી ભાવ છે, એ આત્માની જાત નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષય એ તો ઠીક, પણ આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પણ? કે બેય એ. આહા..હા..!

એક લોઢાની બેડી એને એક સોનાની બેડી, બેય બેડી. આહા..હા..! નેમિચંદભાઈ! આહા..હા..! એને એમ કહે કે પ્રભુ! એક વાર તું તારી પ્રભુતા તો જાણવું, દેખવું અને આનંદ એ તારી પ્રભુતા છે, એ તારું તત્ત્વનું સત્ત્વ છે. આહા..હા..! અનાદિઅનંત તત્ત્વ છે વસ્તુ, ઉત્પન્ન થઈ નથી, નાશ થતો નથી, તે સ્વભાવથી ખાલી નથી. આહા..હા..! એ સ્વભાવ આનંદ અને જ્ઞાન એનો ત્રિકાળી સ્વભાવ છે. એને ગુરુ કહે છે, પ્રભુ! તું શું કરે છો આ? જે ચીજ તારી નથી એ તારામાં નથી, કૃત્રિમ પુણ્ય-પાપના ભાવ નવા થાય છે એને તું મારા માનીને સૂતો, પ્રભુ! તને ભૂલ થાય છે. આહા..હા..!

શ્રીમદ્ એકવાર કહેતા હતા, શ્રીમદ્ રાજચંદ્ર, કે આત્માના ગુણનો પાર નહિ, પણ એના અપલક્ષણનો પણ પાર નહિ. અપલક્ષણ એટલે આ હોં! પોતાની જાતને ન જાણે અને રાગ ને પુણ્યને પોતાના માને એ અપલક્ષણ છે. ઓલા નિંદા કરે, લે! પ્રભુમાં અપલક્ષણ કહે છે આ. એ તો જ્ઞાની હતા-ધર્માત્મા હતા, ભલે ગૃહસ્થાશ્રમમાં હતા. પ્રભુના ગુણનો પાર નહિ, પણ અપલક્ષણનો પણ પાર નહિ. આ રાગ ને પુણ્ય ને પાપના પોતાના માનવા એ એનું અપલક્ષણ છે. એનું જ્ઞાનલક્ષણ છે એને ઠેકાણે રાગ મારું સ્વરૂપ છે (એમ માને છે એ) અપલક્ષણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો કઈ જાતનો ઉપદેશ? આહા..હા..! ભાઈ! માર્ગ તો આ છે, બાપા! ભલે તને ન બેસે પણ ના પાડીશ નહિ, નાથ! તારી

ચીજ આવી છે. આહા..હા..! એને મળી નથી સાંભળવા. આહા..હા..! કેટલું ભર્યું છે, જુઓને!

એ '**પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' કર્મે નહિ. આહા...! એને ગુરુએ ભેદજ્ઞાન કરાવ્યું. '**તેને એક આત્મભાવરૂપ કરે...**' ઓલો રાગ જે પુણ્ય અને પાપના વિકલ્પ એ વિકાર છે, વિભાવ છે, એ તારી ચીજમાં નથી. ઘણા માણસો એમ કહે છેને? આપણે સંસાર સુધારો. સુધારો સંસાર. એવો ઉપદેશ આપવો. કોલસાને સુધારો. કોલસાને સુધારે તો કાળપ નીકળશે. ધોળપ કાઢવી હોય તો કોલસાને બાળો. એમ પુણ્ય ને પાપના ભાવને તારા નથી એમ બાળી નાખ એકવાર તો તારો સુધાર થાશે, નહિતર સુધાર થાશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમ રાખી સંસાર સુધારો-સુધારો. આ સુધારાના .. ઘણા અત્યારે ચાલે છેને બધા. ઘણા સાંભળ્યા છે લોકોમાં. આ સુધારક માણસ છેને અને આ સુધારામાં .. છે. અહીં જવાહરલાલ આવ્યા હતાને ભાવનગર, તો બે લાખ માણસ. વાતું કરે બધી આવી હો.. હા.. હો.. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! તારી ચીજમાં તો એકલો આનંદ અને જ્ઞાન ભર્યું છે, ભાઈ! વીતરાગ-વિજ્ઞાનનો ઘન તું છો. એમાં રાગનો વિકલ્પ તે તારી ચીજ નહિ. શરીર તો નહિ, દેશ તો નહિ, બાયડી-છોકરા તો નહિ. એ તો એની .. માં છે. આહા..હા..!

આ જયંતિભાઈને કહ્યું હતું. .. આવ્યા હતા તો ઠીક કર્યું. એ કહે .. વર્ષે. જયંતિભાઈ! આહા..હા..! બાપા! શું કહીએ પ્રભુ? એની ભૂલ શું અને ભૂલ કેમ ટળે, ભાઈ? અત્યારે બહુ ઊંધું થઈ ગયું છે. આહા..હા..! સાધુ એવા થઈ ગયા, પ્રરૂપણા કરનાર એવા થઈ ગયા, બધો ફેરફાર થઈ ગયો. જેનાથી જન્મ-મરણ મટે અને જેનાથી જન્મ-મરણ થાય એ શું ચીજ છે? આહાહા..! મોટા-મોટા પૂંછડા વળગાડે ને ભાષણ કરે, એમાં શું થયું? બાપા! ભાષણ આ તો જડ છે. હું ઉપદેશ કરું છું એ માન્યતા જ મિથ્યાભ્રમ છે. આ તો જડ છે, અવાજ ઊઠે છે, એ ક્યાં આત્મા છે? એની તો અહીં વાત પણ કરી નથી.

જેને પોતાના એકપણે માનીને સૂતો હતો એને ભિન્ન બતાવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નાળિયેર જે ધોળું અને મીઠું એ નાળિયેર. દોઢ શેર અંદર ગોળો હોય એ. લાલ છાલ એ નાળિયેર નહિ, શ્રીફળ નહિ, શ્રીફળ નહિ. એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના ભાવ એ તો છાલ છે લાલ, એ આત્મા નહિ. આહા..હા..! આવી વાતું બહુ ઝીણી, ભગવાન! મોક્ષનો માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ! લોકો માની બેઠા કે આ દયા પાળી, વ્રત કર્યા, ઢીકણા કર્યા, દેશ સેવા કરી ને ધર્મ થઈ ગયો, ધૂળેય નથી. સાંભળને! આત્માની સેવા તેં કોઈ દી કરી નથી. આહા..હા..!

ગુરુ '**તેને એક આત્મભાવરૂપ...**' ભાષા દેખો! પુણ્ય ને પાપના વિકલ્પની લાગણીઓ એ તારી નહિ, તારામાં નહિ, તું તેમાં નહિ. આહા..હા..! એવો ભેદજ્ઞાનરૂપી વિવેક કરાવી તેને એક આત્મભાવરૂપ કરે. તું જાણનાર-દેખનાર તે તું છો. આહા..હા..! બસ! કાંઈ કરે

નહિ? પાંગળો? મોટા-મોટા રેલ ચલાવે ત્યારે નથી કરતાં? કાણા પાડ્યા છે.. રેલ ચાલે છેને અંદર? ક્યાંક છે. ભોંયરામાં રેલ ચલાવે. ધૂળેય કરતો નથી. એ તો જડની ક્રિયા સ્વતંત્ર છે. આહા..હા..! અહીં તો ઉથલ-પાથલ કરવાની વાત છે. પુણ્ય અને પાપના પરિણામ તારા માને છે એને ઉથલ કરી નાખ, એ તારી ચીજ નહિ. આહા..હા..! ભાષાએ-વાતે વડા થાય એવું નથી. એમાં ભાવ જોઈએ છે. આહા..હા..!

કહે છે, એવા શિષ્યને ગુરુએ વિવેક બતાવી '**એક આત્મભાવરૂપ કરે અને કહે કે તું શીઘ્ર જાગ,...**' હવે જાગ રે જાગ, ભાઈ! બહુ સૂતો હવે રાગમાં. આહા..હા..! રાગની સોડ તાણીને સૂતો અનાદિથી. આહા..હા..! આવું તે... શીઘ્ર જાગ. પાછું એમ નહિ, હળવે હળવે આંખ ચોળીને ઊઠ એમ નહિ. ઓલા જગાડે ત્યારે હળવે-હળવે ઊભો થાય તો ઝોલા ખાય થોડા. આ છોકરાને જગાડે તો. અહીં તો કહે છે, '**શીઘ્ર જાગ,...**' ભગવાન આનંદનો નાથ તું આ સૂતો રાગમાં એક કરીને, આ તને શોભે છે? અને '**સાવધાન થા,...**' આહા..હા..! આ તારો આત્મા ખરેખર એક જ્ઞાનમાત્ર જ છે. જાણવું.. જાણવું... જાણવું... જાણક.. જાણક.. સ્વભાવના સત્ત્વનું સત્ત્વ તે તું છો. આહા..હા..! તારો સ્વભાવ તો એક જ્ઞાનમાત્ર છે. જ્ઞાનમાત્ર એટલે ઓલો રાગ નહિ, ઈ અપેક્ષાએ. બાકી જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓ માત્ર તું છો અને અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો પર છે. હવે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❊ ❊ ❊

## મહા વદ-૩, બુધવાર, તા. ૧૮-૦૨-૧૯૭૬,
## ગાથા-૩૫,
## પ્રવચન નં. ૮૦

૩૫ ગાથા, સમયસાર. ધોબીનો દૃષ્ટાંત આપ્યોને? ધોબીને ઘરે વસ્ત્ર કો'કનું હતું એ બીજો માણસ પોતાનું જાણીને લઈ ગયો. બીજો માણસ જ્યારે લેવા આવ્યો ત્યારે એને વસ્ત્ર મળ્યું નહિ ધોબીને ઘરે. એટલે ધોબી કહે, એક માણસ લઈ ગયો છે વસ્ત્ર ત્યાં તારું હોય તો. ત્યાં જાય તો કહે છે, આ વસ્ત્ર મારું છે. જો ચિહ્ન. તારું આ વસ્ત્ર નથી. એક વાર, બે વાર નહિ, વારંવાર કહ્યું ત્યારે ઓલો ઊઠ્યો. ત્યારે એણે જાણ્યું કે જો ભાઈ આ વસ્ત્ર (તારું નથી). હા, મારું નથી. છોડી દીધું. ભલે પડ્યું છે તો પણ એ છૂટી ગયું. પરનું છે એમ જાણીને પોતાનું માને નહિ.

એમ '**જ્ઞાતા પણ ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' જ્ઞાતા એટલે આત્મા તો જ્ઞાનસ્વરૂપ જાણનાર છે. એ પરદ્રવ્યોના નામ પુણ્ય અને પાપના.. ઝીણી વાત છે, ભાઈ! કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા શુભ અને અશુભભાવ એ પરભાવ છે. પહેલાં દૃષ્ટાંત આપ્યો હતો કે ધોબીના ઘરે કોઈનું વસ્ત્ર હતું એ ધોવા દીધું હતું. તો એ વસ્ત્ર લેવા ગયો તો એ વસ્ત્ર ન આવ્યું ને બીજું વસ્ત્ર આવ્યું. બીજું વસ્ત્ર લઈને ઘરે ચાલ્યો ગયો અને ઓઢીને સૂઈ ગયો. જેનું વસ્ત્ર હતું એ ધોબીના ઘરે આવ્યો અને કહ્યું, મારું વસ્ત્ર? તો ધોબી કહે, તારું વસ્ત્ર છે. અહીંયા નથી. હમણાં કોઈ લઈ ગયું છે. ત્યાં જાઓ. ત્યાં ગયો તો એ કપડું ઓઢીને સૂતો હતો. જોયું. ભાઈ! આ કપડું તો મારું છે. જુઓ, એમાં ચિહ્ન છે. તો એણે છોડી દીધું. એ દૃષ્ટાંત છે.

સિદ્ધાંત. આવ્યુંને? અહીં સુધી આવી ગયું છે. '**એમ જાણીને જ્ઞાની થયો થકો,...**' એ આવી ગયું. '**તેવી રીતે-જ્ઞાતા...**' સૂક્ષ્મ વાત છે. આ આત્મા તો જ્ઞાતાસ્વરૂપ છે. જાણન-દેખન એનો સ્વભાવ અને સ્વરૂપ છે. '**જ્ઞાતા પણ ભ્રમથી...**' પોતાની ચીજના જ્ઞાન વિના ભ્રમણાને વશ, કર્મને વશે એમ નહિ. ભ્રમ અને ભ્રમણા થઈ ગઈ એને. હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું એમ ભૂલીને '**પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી...**' પરદ્રવ્ય નામ પુણ્ય અને પાપના ભાવ. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ એ ભાવ પુણ્ય છે, એ પરભાવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એ પણ પાપરૂપ પરભાવ છે. એ શુભભાવરૂપ પરભાવ છે. બેયને પોતાના માનીને અનાદિથી અજ્ઞાની થઈ રહ્યો છે.

આજે લેખ છે ભાઈ થોડો, કૈલાસચંદ્રજીનો. રાત્રે વાત. પંડિતજી આવશેને. કૈલાસચંદ્રજીનો પત્ર છે. અધ્યાતમનો. એમ કે અધ્યાત્મ અને વ્યવહારની મોટી તકરાર ૨૫ વર્ષથી ચાલે છે. કૈલાસચંદ્રજીનો પત્ર છે, જૈન-સંદેશમાં છે એ રાત્રે લેશું. લેખ આવ્યો છે, રાત્રે જોવો. આમ તો કહ્યું છે કે વ્યવહાર હેય છે. અત્યારે એમ જ સંભળાય છે કે પુણ્યથી ધર્મ થાય છે, પુણ્યથી ધર્મ થાય છે. એ વાત સાચી નથી. એમ કરીને લખ્યું છે, પણ જરી નિશ્ચય-વ્યવહાર સ્થાપ્યું છે. બેય છે, નહિતર ધર્મ નહિ રહે.

વ્યવહાર છે ખરો. વ્યવહાર છે, પણ આદરણીય નથી. વ્યવહાર ન હોય તો તીર્થનો નાશ થઈ જાય એનો અર્થ કે વ્યવહાર ગુણસ્થાનના ભેદ એ વ્યવહાર છે. વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર આદરણીય નથી. વસ્તુ આ છે. જિનમતમાં બે નય છે. એ નિશ્ચયનયને ન માને તો તત્ત્વનો નાશ થાય છે. વ્યવહારને ન માને તો તીર્થ ભેદ જ નથી પડતો, ગુણસ્થાનના ભેદ જ ઉત્પન્ન નથી થતા. એટલી વાત છે, પણ વ્યવહાર આદરણીય છે અને તેનાથી નિશ્ચય થાય છે એમ ત્રણકાળમાં વાત નથી. લખ્યું છે થોડું. પંડિતો-વિદ્વાનો થઈ ગયા છે એના. બહાર ભાષણ કરે છે, લોકો ભેગા થાય છે. આમ તો જરી અનુકૂળ લખ્યું છે, પણ થોડો અંદર ગોટો છે.

અહીંયા તો વાત એ છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદમૂર્તિ છે. એમાં પુણ્યના ભાવ જે દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રાના જે ભાવ થાય છે એ રાગ છે. એ રાગને પોતાનો માને તો મિથ્યાદૃષ્ટિ છે. રાગ છે ખરો. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય તો એવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. છે ખરો વ્યવહાર, પણ એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ઈ કહે છે, જુઓ!

'**જાણીને, જ્ઞાની થયો થકો,...**' જ્ઞાતા ભ્રમથી. પોતાનું સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ જ છે. તેને '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને...**' દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિના ભાવ, જાત્રા આદિના ભાવ એ બધા પરભાવ, રાગ છે. અરે..! એને '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, પોતાના જાણી,...**' એ રાગની ક્રિયા છે, વિભાવ છે. સૂક્ષ્મ વિનયની ભાષાથી કહીએ તો એ અધર્મ છે. સમજાય છે કાંઈ? તો એ ધર્મ નથી અને એ પુણ્યભાવ છે, એને પોતાના માનીને અજ્ઞાની અનાદિથી ભ્રમમાં પડ્યો છે. છે? '**પોતામાં એકરૂપ કરીને સૂતો છે...**' એ રાગની ક્રિયા અને પોતાનો જ્ઞાનસ્વભાવ, બેને એક માનીને સૂતો છે અજ્ઞાનમાં. આહા..હા..!

એ તો પહેલાં કહ્યું હતુંને? (સંવત) ૧૯૮૫ની સાલમાં આ સવાલ ઊઠ્યો હતો, સંપ્રદાયમાં. બોટાદ, ૧૯૮૫નો પોષ મહિનો હતો. સભા તો મોટી હતીને. અમને તો બધા માનતા હતાને સંપ્રદાયમાં. બોટાદ સંપ્રદાય. ૮૫. કેટલા વર્ષ થયા? ૪૭, પચાસમાં ત્રણ ઓછા. સભા મોટી હતી. બોટાદ તો ૩૦૦-૩૫૦ ઘર. સ્થાનકવાસીનું જોર, બહુ પૈસાવાળા. એક વ્યાખ્યાનમાં ચાલ્યું. અમારી પ્રતિષ્ઠા તો ઘણી હતીને. કહ્યું, સાંભળો ભાઈ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. સંપ્રદાયમાં કહ્યું હતું. પચાસમાં ત્રણ ઓછા, ૪૭ વર્ષ પહેલાં.

**શ્રોતા :-** દિગંબર માને છે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિગંબરને ક્યાં.. દિગંબર નામ ધરાવે છે, પણ તત્ત્વને માને છે ક્યાં? એ દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં-કરતાં કલ્યાણ થશે એમ અજ્ઞાની માને છે, એ મિથ્યાત્વભાવ છે. એવી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

બે વાત કરી હતી. મોટી સભા હતી. ૩૦૦ ઘર. ૧૫૦૦ માણસ સભામાં આવ્યું હતું. અમે તો વાંચતા હતા ત્યારે માણસ ઘણા આવતા હતાને. પ્રતિષ્ઠા બહુ હતીને. ૫૦ વર્ષ પહેલાં. તો એવા બે બોલ કહ્યા. જુઓ ભાઈ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. ધર્મથી બંધ થાય નહિ અને બંધ એ ધર્મ નહિ. ધર્મથી બંધ થતો નથી અને જે ભાવે બંધ થાય એ ભાવ ધર્મ નહિ. પછી કહ્યું, મીઠાશથી જો કહીએ ધીમેથી તો જે ભાવે બંધન થાય તે ભાવ ધર્મ નહિ, અધર્મ છે, એમ કહ્યું. મોટી સભા હતી. અમારી તો પ્રતિષ્ઠા હતીને. કોઈ સામે બોલે નહિ, પણ એક વેશધારી બેઠા હતા. અમારા ગુરુભાઈ

બેઠા હતા. એને ઠીક ન પડ્યું. પછી કહે, વોસરે.. વોસરે. વોસરે એટલે આ શ્રદ્ધા છોડું છું, છોડું છું. પણ એને કોઈ માને નહિ. સભા મોટીને. કીધું, તમને ન બેસે તો તમારે બેઠા રહેવું હતુંને. ... અમને ખબર છે તમારી. આ શ્રદ્ધા અમારે જોઈતી નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ, એ અધર્મ છે.

**શ્રોતા :-** રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે. અને બીજી એક વાત કરી હતી. બે વાત કરી હતી ૫૦ વર્ષ પહેલાં. જે ભાવે મહાવ્રત થાય તે ભાવ આસ્રવ છે. સમજાય છે કાંઈ? પંચમહાવ્રતના ભાવ એ આસ્રવ છે, ધર્મ નહિ, સંવર નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ન્યાય શાસ્ત્ર.. એ વખતે તો પ્રતિષ્ઠા હતીને, કોઈ બોલે નહિ. શેઠિયા મોટા મોટા પાંચ-પાંચ, દસ લાખન આસામી. પચાસ-પચાસ હજારની પેદાશવળા રાયચંદ ગાંધી બેઠા હતા, પણ અમારી પ્રતિષ્ઠા મોટી હતીને એટલે કોઈ બોલે નહિ. એક સાધુ હતા સ્થાનકવાસી, ગુરુભાઈ. એણે કહ્યું, વોસરે.. વોસરે. આ શ્રદ્ધા ન જોઈએ. ઠીક ભાઈ! ઈ વાત અહીંયા છે.

આત્મા તો જ્ઞાનનો પિંડ પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ આત્મા છે. પોતાની એ ચીજને છોડી અનાદિથી અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવ જે ધર્મથી વિરુદ્ધ છે તેને પોતાના માને છે, તેનું નામ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! માર્ગ ભારે, ભાઈ! સમજાય છે કાંઈ? તો કહે છે કે પોતાના સ્વભાવને છોડીને પુણ્યના ભાવને પોતાના માનીને '**એકરૂપ કરીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' એ પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે, કર્મથી અજ્ઞાની થયો છે એમ નથી. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા'. પોતાની ચીજ જે સચ્ચિદાનંદ પ્રભુ આનંદકંદ જ્ઞાયક છે તેને છોડીને દેહાદિ તો પર છે જ, આ તો જડ માટી-ધૂળ છે. આ તો અજીવ છે, આ કંઈ આત્મા નથી. અંદર પુણ્ય અને પાપના ભાવ થાય છે એ ભાવબંધ છે અથવા આસ્રવ છે. આહા..હા..! ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. એવા અબંધસ્વભાવી આત્માને અજ્ઞાની અનાદિથી પુણ્ય અને પાપના ભાવ મારા છે એમ માનીને અજ્ઞાની થયો થકો સૂઈ રહ્યો છે. આહા..હા..! '**પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' કર્મે એને અજ્ઞાની કર્યો છે એમ નથી.

'**જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી...**' આહા..હા..! જૈનના ગુરુ એને કહીએ કે જે રાગથી ભગવાન ભિન્ન છે અને રાગથી આત્માને કિંચિત્ ધર્મનો લાભ થતો નથી એમ કહે તેને ગુરુ કહે છે. જે કોઈ એમ કહે કે રાગથી ધર્મ થાય છે, એ જૈનના ગુરુ નથી, એ મિથ્યાદૃષ્ટિ કુગુરુ છે.

**શ્રોતા :-** રાગથી ધર્મ થાય એમ તો ન કહે પણ પુણ્યથી ધર્મ થાય એમ કહે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ રાગ અને પુણ્ય બેય એક જ ચીજ છે.

**શ્રોતા** :- નક્કી કરી આપો કે પુણ્ય કહેવું કે ન કહેવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પુણ્ય કહો કે રાગ કહો. એ કૈલાસચંદ્રજીએ નાખ્યું છે આમાં. એ રાત્રે લેશું. છેવટે તો એમ કહ્યું કે પુણ્ય તો હેય છે, પણ અત્યારે તો જ્યાં-ત્યાં એમ સંભળાય છે કે પુણ્યથી ધર્મ થાય છે. થોડું નાખ્યું છે. કેટલુંક ઠીક લખ્યું છે. વસ્તુ તો આ છે અનાદિ-અનાદિ કાળથી.

ચૈતન્ય જ્ઞાનનો પિંડ પ્રભુ. જ્ઞાનસ્વરૂપ છે એમ અંતરની માન્યતા છોડીને રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભરાગ છે તેને પોતાના માની અજ્ઞાની થયો થકો સૂઈ રહ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? નેમચંદભાઈ! આવી વાત છે. તેને '**શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી...**' જુઓ ભાષા! જૈનના ગુરુ દિગંબર સંત નિર્ગ્રંથ આદિ એ એમ ઉપદેશ આપે છે કે પરભાવનો વિવેક. આહા..હા..! ભગવાન! તારામાં જે પુણ્યનો ભાવ ઉત્પન્ન થાય છે એ તારી ચીજ નથી, તને નુકસાન કરનારી ચીજ છે. આહા..હા..! આવી વાત છે, ભગવાન! આહા..! એણે લખ્યું છે, હોં! અત્યારે આ બાબુભાઈ, હુકમચંદજી, ખીમચંદભાઈ જ્યાં છે ત્યાં માણસોની ભીડ થાય છે. એના વિદ્વાનો પૈસા લેતા નથી. બીજા પૈસા લ્યે છે. લ્યે છે એ કંઈ ખોટું નથી, વળી એમ લખ્યું છે. ઠીક છે. એ વાત મૂળ ચીજ છે ક્યાં? પૈસા તો ઠીક હવે.

મૂળ ચીજ જે છે, નવતત્ત્વ છે એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ તો પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપતત્ત્વ છે. એ પુણ્ય-પાપતત્ત્વથી ભગવાન જ્ઞાયકભાવ તો ભિન્ન આત્મતત્ત્વ છે. આહા..હા..! પણ ક્યાં એ નવરાશ છે? નિવૃત્તિ ક્યાં છે? એ તો જે કહે એ જય નારાયણ. વ્રત પાળીએ છીએ, ભક્તિ કરીએ છીએ, જાત્રા કરી એટલે થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. લાખ વાર, ક્રોડ વાર સમેદશિખરની જાત્રા કરને, શુભભાવ છે.

**શ્રોતા** :- ૯૯ વાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ૯૯ શું, લાખ-ક્રોડ કરે નહિ. એ શુભભાવ છે, રાગ મંદ કરે તો. એને અજ્ઞાની પોતાનો માને છે તેને ગુરુ એ સમજાવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું (કહ્યું)?

'**શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી...**' ઉપદેશ પણ જ્ઞાનીઓનો કેવો હોય છે, એમ કહે છે. ભાઈ! રાગનો ભાવ છે એ કૃત્રિમ, ક્ષણિક, ઉપાધિ, મલિનભાવ છે. તારી ચીજ નહિ. શરીર, વાણી, મન તો નહિ, એ તો ધૂળ પર છે, આ તો પર છે માટી. આહા..હા..! પણ અંદરમાં જે શુભ વિકલ્પ ઊઠે છે એ પણ તારી ચીજ નહિ, તારામાં નહિ અને તું એને માનીને સૂતો છો તો અમે તને ભેદજ્ઞાન કરાવીએ છીએ. રાગ સાથે

એકત્વ માનીને, અભેદ માનીને સૂતો છે તો રાગથી તારી ચીજ ભિન્ન છે એમ અમે તને ભેદજ્ઞાન કરાવીએ છીએ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું બહુ આકરી. સંપ્રદાયમાં તો મોટો ગોટો ઊઠ્યો છે બધે. આહા..હા..!

**શ્રોતા :-** ગોટો હટાવી દો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે જરી ચાલ્યું છે. માણસો છેને.. વસ્તુ તો આ છે, ભાઈ! ચૈતન્ય રસકંદ પ્રભુ છેને. એ તો જ્ઞાતા-જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એમાં એ ક્રિયાકાંડનો રાગ એ સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! તેને '**શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી તેને એક આત્મભાવરૂપ કરે...**' જુઓ, ભાષા શું છે? કે અનાદિ અજ્ઞાની જ્ઞાયકભાવ ચૈતન્યસ્વરૂપ અને રાગભાવ વિકારસ્વરૂપ, તેને પોતાનો માની સૂઈ રહ્યો છે, એકરૂપ માનીને સૂઈ રહ્યો છે, તેને એકરૂપનું ભેદજ્ઞાન કરાવે છે, એક આત્મભાવરૂપ કરે છે. આત્મા અને રાગ બે અનેક છે તેને એકરૂપ કરીને માનતો હતો. શું કહ્યું? ચૈતન્યતત્ત્વ જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવતત્ત્વ અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ એ આસ્રવતત્ત્વ, રાગતત્ત્વ—એ બેને એક માનીને અજ્ઞાની ભ્રમમાં સૂએ છે તેને જ્ઞાની (કહે છે), રાગ તારી ચીજ નથી. તારો સ્વભાવ જ્ઞાન છે. એ જ્ઞાનભાવ એકરૂપ કરે છે. અરે..! આવી વાતું ભારે. સમજાય છે કાંઈ? છે?

'**તેને એક આત્મભાવરૂપ...**' ઓલામાં અનેક રાગને અને ભગવાન આત્માને એકરૂપ માનીને મિથ્યાત્વ સેવતો હતો. તેને કહે છે, ભાઈ! રાગનો વિકલ્પ ઊઠે છે એ તારી ચીજ નહિ, તારામાં નહિ, તું નહિ. આહા..હા..! રાગતત્ત્વ ભિન્ન છે અને જ્ઞાયકસ્વભાવ તારી ચીજ ભિન્ન છે. એમ રાગથી ભિન્નતા કરાવી એક આત્મભાવરૂપ કરે છે આ એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..!

અરે..! એણે અનંત કાળથી એમને એમ ગુમાવ્યું છે. મૂળ ચીજને સમજ્યા વિના 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. અનંત વાર વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરીને મરી ગયો છે. 'પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આત્મા જ્ઞાન, આત્મજ્ઞાન, આત્મજ્ઞાન. રાગનું નહિ, આત્મજ્ઞાન. ચૈતન્ય જ્ઞાનનું જ્ઞાન. આહા..હા..! સમજાય છે કાંઈ? એ આત્મજ્ઞાનના ભાન વિના અંશે પણ એને સુખની પ્રાપ્તિ થઈ નહિ, ચાર ગતિમાં રખડ્યો. આહા..! દુઃખી, દુઃખી. દિગંબર સાધુ થયો, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચમહાવ્રત પાળ્યા પણ એ તો રાગ છે અને દુઃખ છે. આવ્યું કે નહિ એમાં? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' તો મુનિવ્રત ધારણ કર્યા એ પણ સુખ નહિ. એ તો વિકલ્પ છે, રાગ છે, આસ્રવ છે, એ દુઃખ છે, આકુળતા છે. આહા..હા..! આ તે કોણ માને?

આત્મજ્ઞાન, આત્મજ્ઞાન. રાગ અને હું એક છું, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની ભ્રમ છે,

ભ્રમમાં માન્યું છે. ગુરુએ એને એકત્વ... એક આત્મભાવ, '**એક આત્મભાવરૂપ કરે...**' છે. એ આત્મભાવ એટલે તું તો જ્ઞાનસ્વરૂપી છો. તું જ્ઞાનસ્વભાવભાવ છો. રાગભાવ તને પર્યાયદૃષ્ટિમાં દેખાય છે એ તારી ચીજ નથી. આહા..હા..! બહુ ઝીણું. '**અને કહે કે 'તું શીઘ્ર જાગ,...**' ગુરુ કહે છે કે શીઘ્ર જાગ. અનાદિથી દયા, દાન, વ્રતાદિ શુભભાવ મારા છે એમ માનીને મિથ્યાત્વમાં સૂઈ રહ્યો છે, જાગ! આહા..હા..! જાગ એટલું જ નહિ, શીઘ્ર જાગ. જલ્દી જાગ. તારા ટાણા આવા આવ્યા છે. તું શું ચીજ છો? જ્ઞાનસ્વરૂપ તું છો. એ રાગ વિકલ્પ તારી ચીજ નહિ, શીઘ્ર જાગ. આહા..હા..! સાવધાન થા, સાવધાન થા. આહા..હા..! સ્વરૂપમાં સાવધાન થા. જે રાગમાં સાવધાન છે એ તારો ભ્રમ છે. આહા..હા..! વ્યવહારમાં સાવધાન છે એ નિશ્ચયમાં સૂતો છે અને નિશ્ચયમાં સાવધાન છે તે વ્યવહારમાં સૂતા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ એટલે માણસને બેસે નહિ. ધંધા આડે નવરાશ નહિ. એમાં કરવા જાય તો બીજું સાંભળવા મળે. આ સાંભળવું એને મુશ્કેલ પડે, શું કહે છે આ? આ તો બધું વ્યવહારને ધર્મ કહેતા નથી. ભાઈ! વસ્તુ તો એવી છે, ભાઈ!

**શ્રોતા :-** શુદ્ધિને જ આત્મવ્યવહાર કહ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને નિશ્ચયમોક્ષમાર્ગને વ્યવહાર કહ્યો છે, આત્મવ્યવહાર. શુદ્ધ ચૈતન્યઘનની અંતર રાગથી ભિન્ન દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તેને જ વ્યવહાર-આત્મવ્યવહાર કહ્યો છે. આ રાગને આત્મવ્યવહાર નથી કહ્યો, એ તો મનુષ્યવ્યવહાર છે. મનુષ્યવ્યવહાર નામ સંસારનો વ્યવહાર છે એ તો. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**શીઘ્ર જાગ,...**' આહા..હા..! '**સાવધન થા, આ તારો આત્મા ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે,...**' અર્થાત્ તુ જ્ઞાનસ્વરૂપ અને રાગ, બે મળીને એક માને છે, એમ છે નહિ. તું તો જ્ઞાનસ્વરૂપ એક જ છો. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનસ્વરૂપ એક જ છો. એમ ગુરુએ ઉપદેશ આપ્યો. જુઓ, ગુરુનો આ ઉપદેશ છે. જૈનગુરુનો આ ઉપદેશ હોય છે. બીજો ઉપદેશ આપે એ જૈનગુરુ નહિ. વ્યવહારથી ધર્મ થાય છે અને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે, એ જૈનના ધર્મી નહિ, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

તારું સ્વરૂપ તો ભગવાન એક જ્ઞાન એક જ છે. એક જ છે એનો અર્થ? જ્ઞાનસ્વરૂપ જે છે તું ઈ એક જ છો. રાગનો બીજો ભાવ એ તું નહિ. આહા..હા..! '**(અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે)...**' એ વિકલ્પ જે ઊઠે છે એ બધા પરદ્રવ્યના ભાવ છે. ખરેખર તો એ પુદ્ગલના ભાવ છે, આહા..હા..! ચૈતન્યના ભાવ નહિ. કેમકે રાગમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. ચૈતન્યના પ્રકાશનો ભાવ ચૈતન્યમાં છે અને દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ છે એ અંધારુ-આંધળો છે, એમાં ચૈતન્યના પ્રકાશનું કિરણ નથી, એ તો અંધકારનું કિરણ

છે. આહા..હા..! આકરું લાગે માણસને. એ '**(અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે)...**' એક જ્ઞાયકમાત્ર તદ્દન પરમાર્થ વાત છે. આહા..હા..! એક જ્ઞાયકસ્વભાવમાત્ર તું છો. એ રાગાદિ પરભાવ અન્યદ્રવ્યના ભાવ છે. જાગૃત થા. આહા..હા..!

'**ત્યારે વારંવાર કહેલું...**' એક વાર, બે વાર કહે તો એ સમજતો નથી. વારંવાર કહેલું એનો અર્થ વારંવાર સાંભળવા ગયો. એણે વારંવાર સાંભળ્યું. ઓહો..! રાગ અને આત્મા ભિન્ન. વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય તો રાગ કરતાં-કરતાં વીતરાગ થાય, એમ તો છે નહિ. આહા..! એમ વારંવાર સાંભળ્યું. કહ્યું એમ કે '**વારંવાર કહેલું...**' પણ વારંવાર સાંભળ્યુંને? એક વાર નહિ, વારંવાર સાંભળ્યું તો એને સાંભળવામાં એવી યોગ્યતા થઈ ગઈ, આહાહા..! શું કહે છે આ!

**શ્રોતા** :- થોડી જવાબદારી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો એની વારંવાર સમજવાની જિજ્ઞાસા થઈ.

'**વારંવાર કહેલું એ આગમનું વાક્ય...**' ભાષા જુઓ! આગમનું આ વાક્ય છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરની દિવ્યધ્વનિ જે આગમ, એ આગમનો આ સિદ્ધાંત છે, આ વાક્ય છે. આહા..હા..! આગમના વાક્યમાં એક જ છે. '**વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળતો...**' આહા..હા..! કેવી ટીકા મૂકી છે! આગમનું વાક્ય એને કહીએ અને ગુરુ આગમનું વાક્ય એવું કહે.. આહા..હા..! કે રાગનો ભાવ ચાહે તો દયા, દાન, વ્રતનો હો, ભક્તિનો હો, જાત્રાનો હો, એ રાગ તારી ચીજ નહિ—એ આગમનું વાક્ય છે. ગુરુએ કહ્યું અને ગુરુએ આગમનું વાક્ય કહ્યું. બે સિદ્ધ કર્યા.

**શ્રોતા** :- ગુરુ અને ગુરુની જવાબદારી બે વાત આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જવાબદારીની વાત ક્યાં છે?

જૈનના ગુરુઓનું-સમ્યગ્દૃષ્ટિનું આગમનું વાક્ય આ હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ અત્યારે ક્યાં પડી છે? હો..હા, હો.. હા. સમ્યગ્દર્શનનું ભાન ન મળે અને થઈ ગયા સાધુ. નગ્ન મોરપીંછી પકડીને થઈ ગયા સાધુ. પેલા કહે, જય નારાયણ! થઈ રહ્યું. અહીં તો માર્ગ બીજો છે, પ્રભુ! આહા..હા..! એક વાર તો એ કહ્યું કે ચૈતન્યમૂર્તિ ભગવાન એ રાગને એક માનીને ભ્રમથી સૂતો હતો એ પોતાના અજ્ઞાનને કારણે. કર્મને કારણે કે પરને કારણે નહિ. એને કુગુરુ મળ્યા એટલે એણે આમ માન્યું એમ નહિ; અને બીજી વાત એ કહી કે ગુરુએ વારંવાર આ કહ્યું, એનો અર્થ ગુરુ વારંવાર વીતરાગભાવને બતાવે છે. મૂહૂ મૂહુ. છેને. આત્માવલોકનને? બીજી ગાથા છે. '**वियरायं वियरायं, जियस्य णिय ससरुओ वियरायं।**' આત્માનું સ્વરૂપ વીતરાગ છે, વીતરાગ છે. રાગ-વિકલ્પ એ આત્માનું સ્વરૂપ નહિ. '**मुहु मुहु गणदि वियरायं,**' વારંવાર વીતરાગ.. વીતરાગભાવ ગુરુ કહે છે. આહા..હા..! આજે તો એ મૂક્યું લાગે છે બરાબર. નહોતું. કોણે મૂક્યું? ચીમનભાઈ? ચીમનભાઈએ? કોણે

મૂક્યું? હા, ચીમનલાલે મૂક્યું.

ગુરુ એને રાગથી ભિન્ન તારી ચીજ છે એમ ઉપદેશ આપે છે. એટલે આગમવાક્ય પણ એવું છે અને ગુરુ એમ કહે છે અને સાંભળનારા એમ સાંભળે છે. વારંવાર સાંભળવામાં... વારંવાર કહ્યું એમ કહ્યું, એનો અર્થ કે વારંવાર સાંભળે છે. એને રુચ્યું છે કે ઓહો..! આ કાંઈક બીજી વાત કરે છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ! આહા..હા..! '**જીવનું નિજસ્વરૂપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે.**' આ તો ગુરુ નામ ધરાવે ને દીધે રાખે. દેશસેવાથી પણ ધર્મ થાય છે, ગુરુસેવાથી ધર્મ થાય છે, ભગવાનની સેવાથી ધર્મ થાય છે. એ લૌકિક ધર્મની વાત. ઈ તો ઠાણાંગમાં આવે છે. એ બધું તો વાંચ્યું છેને. એ તો લૌકિકની વાતું છે. આહા..હા..!

અહીંયાં તો ત્રણ સિદ્ધાંત સિદ્ધ કર્યા. એક તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ હોવા છતાં પોતાના ભ્રમથી વિકલ્પ જે શુભરાગ છે તેને પોતાનો માને છે-માનીને સૂતો છે, એક વાત. એ પોતાના અજ્ઞાનને કારણે સૂવે છે, બે વાત. ત્રીજી, ગુરુ એને સંભળાવે છે, વારંવાર એ વાત કહે છે અને એ સાંભળવામાં રહે છે. આહા..! વારંવાર સાંભળે છે. (ન રુચે તો એમ કહે) ભાગો અહીંથી. આ તો ભાઈ! રાગમાં ધર્મ નથી, રાગથી ધર્મ નહિ, ભાગો અહીંથી. ભાઈ! રાગમાં ધર્મ નથી, રાગથી ધર્મ નથી. રાગથી તારી ચીજ ભિન્ન છે એવું ગુરુનું આગમવાક્ય એને કહીએ અને રાગથી આત્મામાં લાભ થાય છે એ આગમવાક્ય નહિ. એ કુઆગમનું વાક્ય અને કુગુરુનું વાક્ય છે. આહા..હા..! જેઠાભાઈ! આહા..હા..! કેટલું સિદ્ધ કર્યું છે! ઓહો..હો..!

રાગને પોતાનો માને છે એ કર્મનું જોર છે માટે માને છે એમ નહિ. આહા..! મિથ્યાત્વનું-દર્શનમોહનું જોર છે તેથી એમ માને છે એમ નહિ. આહા..! પોતાના સ્વભાવને ભૂલીને રાગને પોતાનો માને છે, બેને એકરૂપ માને છે તે પોતાના અજ્ઞાનને કારણે. આહા..! એક વાત. ગુરુએ એને વારંવાર ઉપદેશ આપ્યો. વારંવાર આપ્યો એનો અર્થ વારંવાર સાંભળ્યું, આહા..હા..! અને વારંવાર સાંભળીને એને એમ કહ્યું, ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યઘન છોને! રાગથી તારી ચીજ ભિન્ન છે. આહા..હા..! એવો ઉપદેશ ગુરુ આપે છે અને એ ઉપદેશ આગમનું વાક્ય છે. જે એવી પ્રરૂપણા કરે કે વ્યવહારથી, રાગ કરતાં-કરતાં ધર્મ થશે, દયા, દાન, વ્રતના પરિણામ એ ધર્મ છે, એ ગુરુ નહિ અને એ આગમવાક્ય નહિ. આહા..હા..! કેટલી આચાર્યે વાત સમાડી છે! હો, ભાન થયા પછી પણ વ્યવહાર થાય છે. ભક્તિનો ભાવ આદિ હોય છે, પણ એ આદરણીય નથી, હેયબુદ્ધિએ આવે છે. સમજાય છે કાંઈ? અર્થાત્ અશુભ-પાપથી બચવા માટે આવે છે, ધર્મરૂપ છે માટે આવે છે એમ નહિ. આહા..હા..! ઓહોહો..! કેટલું સમાડ્યું છેને!

આગમ એને કહીએ, જૈન પરમેશ્વરના આગમ એને કહીએ કે જેની દિવ્યધ્વનિમાં આ વાત આવી છે. આહા..હા..! એમાં શાસ્ત્રની રચના ગણધરોએ કરી તો ગણધરોએ આ રચ્યું.

આહા..હા..! ભગવાન! તારી લક્ષ્મી તો આનંદ અને જ્ઞાનથી ભરી છે. પરિપૂર્ણ આત્મા. એમાં એકરૂપમાં તારો રાગ જોડી દે છે એ તારો ભ્રમ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'વારંવાર કહેલું...'** અથવા વારંવાર સાંભળવામાં આવ્યું **'એ આગમનું વાક્ય...'** ભગવાન પરમેશ્વર જિનેશ્વર એની જે દિવ્યધ્વનિ એમાં ગણધર સંતોએ શાસ્ત્ર રચ્યા એમાં આ આગમવાક્ય આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગુરુ સિદ્ધ કર્યા અને આગમવાક્ય સિદ્ધ કર્યું અને રાગથી ભિન્ન એકરૂપ આત્મા એ ધર્મ સિદ્ધ કર્યો. આહા..હા..! શું (કહ્યું)? પહેલાં કહ્યું ને? **'એક આત્મભાવરૂપ કરે...'** છે, એ ધર્મ કહ્યો. રાગથી ભિન્ન થઈને હું જ્ઞાયક છું એવી એકતા થઈ એ ધર્મ અને ગુરુએ એ કહ્યું હતું. રાગ તારી ચીજ નથી, તું એકરૂપ છો. ગુરુએ એમ કહ્યું અને એ વાક્ય છે એ આગમનું વાક્ય છે. આહા..હા..! આગમ કેવા હોય એ સિદ્ધ કર્યું, ગુરુ કેવા હોય એ સિદ્ધ કર્યું અને ધર્મ કેવો હોય એ સિદ્ધ કર્યું. આહા..હા..! શું શૈલી સંતોની! ગજબ શૈલી છે!!

તારા ઉપાદાનથી તારી ભૂલ થઈ છે. કર્મના નિમિત્તે નહિ અને તને જે ગુરુ મળ્યા એ ગુરુએ એમ કહ્યું કે તેં જે રાગની એકતા માની છે એ તારી ભૂલ છે. આહા..! તું એકરૂપ આત્મા છો. રાગની સાથે એકતા કરી એવો તું નથી. એ તો બે થાય. એકડે એક ને બગડે બે. એક આત્મા હતો એની સાથે રાગની એકતા કરી તો આત્મા બગડી ગયો. સમજાય છે કાંઈ? આહા..હા..! શું શૈલી સંતોની! દિગંબર સંતોની બલિહારી જગતમાં છે. આહા..હા..! જેણે પરમસત્ય ધર્મ ટકાવી રાખ્યો છે. આહા..! એના વાડામાં પડ્યા છે એને પણ ક્યાં ખબર છે, શું છે આ દિગંબર ધર્મ અને જૈન ધર્મ! ઓહોહો..!

અને સાવધના થા, શીઘ્ર જાગ. એમાં રાગથી ભિન્ન પડીને જાગૃત થા અને સાવધાન થા. ચૈતન્યજ્યોત ઝળહળ બળે છે અંદર આત્મા, એમાં સાવધાન થા. રાગમાં તું સાવધાન છો. સમજાય છે કાંઈ? છોડી દે, પ્રભુ! વિકલ્પ જે ઊઠે છે એ પરદ્રવ્યનો ભાવ છે. પોતાની ચીજ નહિ. કેમકે પોતામાં એવી કોઈ શક્તિ-ગુણ-સામર્થ્ય નથી કે વિકારરૂપે પરિણમે. છે? એ તો પર્યાયમાં ભૂલથી પર્યાય થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓહો..હો..! આ ટીકા કહેવાય. આ સિદ્ધાંત.

**'એ આગમનું વાક્ય સાંભળતો,...'** **'વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળતો,...'** ત્યાં સાંભળનારા વારંવાર સાંભળે છે. આહા..હા..! છેને? **'એ આગમનું વાક્ય સાંભળતો તે...'** **'વારંવાર કહેલું તે આગમનું વાક્ય સાંભળતો,...'** આ તો એક વાર કહે રાગથી ધર્મ થતો નથી. આ તો વ્યવહારનો નાશ કરે છે, ચાલો. જાઓ જ્યાં છો ત્યાં રખડો. આહા..હા..! પ્રભુ! જ્યાં તું જા છો એ તું નહિ, જ્યાં તું છો ત્યાં રાગ નહિ. આહા..હા..! બહુ ટૂંકું અને થોડું અને સરળ અને મહાન. આહા..હા..!

**શ્રોતા :-** સ્પષ્ટીકરણ પણ કેટલું!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો એમાં ભર્યું છેને. આહા..હા..!

'**સાંભળતો તે, સમસ્ત (સ્વ-પરનાં) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,...**' જુઓ હવે. હવે એ સ્વ-પરના લક્ષણથી. મારું લક્ષણ જ્ઞાન છે અને રાગનું લક્ષણ આકુળતા છે. આહા..હા..! મારું લક્ષણ જ્ઞાન છે એ તો આનંદ છે. રાગનું લક્ષણ આકુળતા એ તો દુઃખ છે. આહા..હા..! જુઓ, આ સમયસાર! ભગવાનની વાણી આ છે. આહા..હા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો, નથી કહેતા? તમારે લગ્નમાં કહે. આવે છે. થોડું લખ્યું, આવે છે? ઝાઝું સમજવું. ઈ વાત છે અહીંયા. આહા..હા..!

'**વારંવાર કહેલું,...**' એ તો ૩૮ ગાથામાં એમ આવે છેને? '**જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**' ગુરુ નવરા હશે? એનો અર્થ કે ગુરુએ સમજાવ્યું એનું વારંવાર એણે ચિંતવન કર્યું. નિર્ગ્રંથ મુનિ દિગંબર ક્યાં નવરા છે તો વારંવાર સંભળાવે. પણ એનો અર્થ ઈ છે. '**વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**' મુનિને તો છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ હોય તો ઉપદેશ આપે છે અને તરત સાતમું આવે. અહીં તો નિરંતર સમજાવવામાં આવતા એમ કહ્યું. એનો અર્થ સાંભળનારે આ વાત સાંભળી એને વારંવાર વિચારમાં લીધી. આહા..હા..! સમજાય છે કાંઈ? પાઠ તો એવો છે, જુઓ!

'**ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી સમજી,...**' એને વારંવાર વિચારધારા ઉપાડી. ઓહો..! આ શું કહે છે? આ શું કહે છે? રાગનો વિકલ્પ તારી ચીજ નથી, તારામાં નથી, તું ત્યાં નથી. બેયના લક્ષણ ભિન્ન છે, ભગવાન! તારું લક્ષણ જ્ઞાનલક્ષણે લક્ષિત તારી ચીજ છે અને રાગ દુઃખના લક્ષણથી લક્ષિત છે. બંધ અધિકારમાં આવે છે. બંધલક્ષણ આવે છેને? ૨૯૪. બંધલક્ષણ અને આત્મલક્ષણ બન્ને ભિન્ન છે. આહા..હા..!

એમ સાંભળીને, સાંભળતા '**સમસ્ત (સ્વ-પરનાં) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,...**' પછી પરીક્ષા પોતે કરે છે, ન્યાં કંઈ ગુરુ કરાવતા નથી. ન્યાં અંદર જા. છે? '**સમસ્ત (સ્વ-પરનાં) ચિહ્નોથી...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, ..સ્વરૂપ. રાગ આકુળતાસ્વરૂપ, અચેતનસ્વરૂપ, દુઃખસ્વરૂપ. આહા..હા..! એમ '**સારી રીતે...**' પાછું સારી રીતે. સારી રીતે પરીક્ષા કરી, ઉપરટપકે એમ નહિ. સમજાય છે કાંઈ? કહો, ચંદુભાઈ! આહા..હા..! ન્યાલ કરી નાખ્યા છેને. દેવ કેવા, ગુરુ કેવા, શાસ્ત્ર કેવા, ધર્મ કેવો! આહા..હા..! અરે..! ક્યાં છે, ભાઈ? '**સમસ્ત...**' સમસ્ત કેમ લીધું? તો એનો ખુલાસો કર્યો. એકલું સ્વ નહિ, સ્વ અને પર બેય. એ સમસ્ત થયું. એક અને રાગ. એક આત્મા અને રાગ બીજો. બેયના સમસ્ત ચિહ્નોથી-લક્ષણથી-એંધાણથી '**સારી રીતે...**' આહા..હા..! '**સારી રીતે પરીક્ષા કરીને,...**' કે આ રાગ ઊઠે છે એ તો આકુળતા છે, ભગવાન આત્મા તો જ્ઞાન અનાકુળસ્વરૂપ છે. આહા..હા..! એમ બેના ભિન્ન ચિહ્નની સારી રીતે પરીક્ષા કરીને.

આ પરીક્ષા કરી. આહા..હા..!

'**જરૂર આ પરભાવો જ છે...**' જુઓ! શું પરીક્ષા કરી? કે ઓહો..! હું જ્ઞાનસ્વભાવ છું અને જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે રાગ જણાય છે એ પરભાવ જ છે. આહા..હા..! મારો સ્વભાવ નહિ. મારી ચીજ... પોતિકી એ ભાષામાં આવ્યું. પોતિકી એટલે પોતાની વસ્તુ. પોતિકી અમારી ગુજરાતીમાં છે. આ ચીજ પોતાની નહિ. આહા..હા..! કાયમ રહેવાવાળી ચીજ મારા જ્ઞાનલક્ષણે જણાય છે અને રાગ કૃત્રિમ આકુળતા અને દુઃખ લક્ષણથી જણાય છે. આહા..હા..! '**સારી રીતે પરીક્ષા કરીને, જરૂર આ પરભાવો જ છે...**' જુઓ! રાગ પરભાવ જ છે, કથંચિત્ પરભાવ અને કથંચિત્ સ્વભાવ એમ નહિ. આહા..હા..! રાગ છે એ કથંચિત્ આત્માનો પણ છે અને કથંચિત્ પરનો છે, એમ છે? આહા..હા..! હવે શરીર, વાણી, મન ને પૈસા-ધૂળ તો ક્યાંય રહી ગઈ ચીજ. આહા..હા..!

કહે છે, '**જરૂર આ પરભાવો જ છે...**' શું થયું? જ્ઞાનસ્વરૂપમાં આવ્યો તો જ્ઞાન જ્ઞાનમાં છે, એ જ્ઞાન રાગમાં નથી તો અવશ્ય એ પરભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**એમ જાણીને,...**' છે? '**પરભાવો જ છે (હું એક જ્ઞાનમાત્ર જ છું)...**' એ તો ખુલાસો કર્યો. એ પરભાવ છેને તો પર ઉપર લક્ષ ગયું, પણ એનો અર્થ કે હું જ્ઞાનમાત્ર છું, એ તરફ ઝુક્યો તો પરભાવ ભિન્ન પડી ગયો. આહા..હા..! '**જરૂર આ પરભાવો જ છે...**' ક્યારે જણાયું? કે જ્ઞાનમાત્ર આત્મા છે એમ જણાયું તો એનાથી આ રાગ પરભાવ છે એમ જણાયું. અસ્તિરૂપ જે મારી સત્તા છે, ચૈતન્યબિંબ જે ચિદ્રૂપ અહં એવું ભાન, દૃષ્ટિ થઈ તો એ પ્રસંગમાં રાગ એ પરભાવ જ છે, મારો નહિ એવું નાસ્તિનું જ્ઞાન થયું. અસ્તિનું જ્ઞાન થતાં રાગ મારામાં નથી એવું નાસ્તિનું જ્ઞાન થયું. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! જુઓ તો આ!

'**(હું એક જ્ઞાનમાત્ર જ છું)...**' ચૈતન્યસૂર્ય, ચૈતન્યના પ્રકાશનો પુંજ એ હું છું. એમ આ રાગ પરભાવ જ છે એમ ક્યારે જાણ્યું? કે હું જ્ઞાનમાત્ર છું એમ જણાયું તો રાગ પરભાવ છે એમ એમાં જણાઈ ગયું. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ આ વાત એવી છે કે જેને અંતર ગરજ હોય (તેને સમજાય). અરે..! હું ક્યાં રખડું છું? પરિભ્રમણમાં દુઃખી છું. એ દુઃખને મટાડવાની ચીજ તો આ છે. આહા..હા..! ખરેખર તો રાગ દુઃખ છે, ભગવાન આનંદ છે. આત્મા જ્ઞાન છે, રાગ અજ્ઞાન છે. આત્મા જીવ છે, રાગ અજીવ છે. ભગવાન આનંદકંદ છે તો રાગ પુદ્ગલ છે. આહા..હા..! એમ પોતાના જ્ઞાનસ્વભાવમાં એકતા થઈને હું જ્ઞાનમાત્ર છું, એવો બોધ-ભાન થયું તો જરૂર રાગાદિ પરભાવોનું જ્ઞાન થયું. આહા..હા..!

'**એમ જાણીને, જ્ઞાની થયો થકો,...**' આહા..હા..! '**સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.**' આ તત્કાળની વ્યાખ્યા ચાલે છેને. એમ જ્યાં જાણ્યું અને જાણતાં જ્યાં સ્વભાવમાં આવી ગયો તો પરભાવોને તત્કાળ છોડી દે છે. એનો આશ્રય નથી કરતો, એને અંગીકાર

કરતો નથી. છોડી દેવાનો અર્થ અહીંયા અંગીકાર કર્યું તો રાગ છૂટી ગયો, તેને છોડે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે..! વીતરાગ સર્વજ્ઞપરમેશ્વર એના આગમ અને એની વાણીનું શું કહેવું! આહા..હા..! સમજાણું કાંઈ? એકલું માખણ ભર્યું છે.

**'એમ જાણીને,...'** શું જાણીને? કે 'હું તો જ્ઞાનમાત્ર છું' એવી સ્વદૃષ્ટિ થઈ તો પરભાવ મારામાં આવ્યા નહિ તો પરભાવ પર જ છે એમ જાણીને **'જ્ઞાની થયો થકો,...'** ત્યારે જ્ઞાની સમકિતી થયો. આહા..હા..! અહીં તો વિશેષ વાત કરવી છેને. **'સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.'** સ્વરૂપમાં એકાગ્ર થઈને પરભાવનો આશ્રય કર્યો નહિ તો પરભાવ છૂટી ગયો એનું નામ પચ્ચખાણ અને ચારિત્ર છે. અહીં તો બે પચ્ચખાણ કરીને બેઠો. ધૂળેય પચ્ચખાણ નથી, ભાઈ! એક સેકંડના પચ્ચખાણ અનંતા જન્મ-મરણને મટાડે એવી ચીજ છે. આહા..હા..! વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રના માર્ગની આ રીત છે અને એ રીત દિગંબર ધર્મમાં જ છે, બીજે નથી, ભાઈ! જૈનધર્મ જ આ છે. બીજામાં ક્યાંય જૈનધર્મ નથી. એવી વાત છે. એને સમજાય નહિ ત્યાં સુધી પોતાની વાત ખોટી કેમ માને? આહા..હા..!

દેવે શું કહ્યું અને કહ્યું એમાં આગમ શું કહે છે અને ગુરુ જાણવાવાળા શું ઉપદેશ આપે છે અને સાંભળનારો કેટલી વાર સાંભળે છે ત્યારે ભેદજ્ઞાન થયું. બીજી રીતે કહીએ તો પરમાગમની વાણીના ઉપદેશનું નિમિત્ત છે, સમ્યક્. અજ્ઞાનીના આગમ સમકિતમાં નિમિત્ત થાય નહિ.

**શ્રોતા :–** અજ્ઞાનીને આગમ કેવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ માને છેને, આ અમારા આગમ છે. અરે.. ભવગાન! શું થાય? બહુ આકરું કામ, ભાઈ! આગમ કહે છેને. પણ જેને એ આગમ છે એને સમકિત થાય જ નહિ. કારણ કે એ આગમ ભગવાનના છે નહિ. એ આગમમાં રાગથી ભિન્ન ભગવાન અને રાગ તારી ચીજ નહિ, એવો ઉપદેશ એમાં નથી. આહા..હા..!

**'સર્વ પરભાવ...'** ભાષા એ. **'જ્ઞાની થયો થકો, સર્વ પરભાવો...'** સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ એ **'પરભાવોને તત્કાળ છોડે છે.'** આહા..હા..! શું પણ ટીકા! તત્કાળ છૂટી જાય છે. જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા એવા આત્માનો બોધ થયો.. રાગ અસ્થિરતા લેવી છેને. સમ્યગ્દર્શન તો થયું છે, પણ સાથે આમ સ્થિર થઈ ગયો તો રાગ છૂટી ગયો, એનું નામ ભગવાન પચ્ચખાણ કહે છે, એનું નામ ભગવાન રાગનો ત્યાગ કહે છે. સમજાણું કાંઈ? ભાવાર્થ છેને?

**'ભાવાર્થ :– જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી જ મમત્વ રહે અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે?'** આહા..હા..! સમજાય છે કાંઈ? આ લગ્ન કરે છેને, લગ્ન. વરઘોડો. વરઘોડો કહે છેને? શું કહે છે? આ લગ્ન કરે છોકરાઓના. બરાત નહિ. ફૂલેકુ નીકળે. રાત્રે

નીકળે. આહા..! બીજું કહેવું હતું. અમારે ત્યાં વરઘોડો કહે છે. કોઈ ગૃહસ્થને પાસેથી પાંચ હજારનો દાગીનો લઈ આવ્યા. પોતે સાધારણ હોય તો આપે છેને દાગીનો? પોપટભાઈને ત્યાં જઈને લઈ આવે, બે દી આપે. અમારે વરઘોડો છે. પાંચ હજારનો દાગીનો હીરા-માણેકનો, પોતાનો ન હોય તો. નાખે ડોકમાં. શું સમજે છે? એ મારી ચીજ નથી. બે દીએ પાછી દેવાની છે. એમ રાગાદિ પર જાણ્યા તો રાગ મારી ચીજ નથી, એને હું છોડી દઉં છું. એવી વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**મહા વદ-૪, ગુરુવાર, તા. ૧૯-૦૨-૧૯૭૬,**
**ગાથા-૩૬, કળશ-૨૯,**
**પ્રવચન નં. ૮૧**

૨૯મો કળશ છે.

अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

‘**શ્લોકાર્થ :- આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ,...**’ શું કહ્યું? જેમ કે વસ્ત્ર પર છે અને એને ઓઢીને સૂતો એને જ્યાં ખ્યાલમાં આવ્યું કે આ તો પર છે, જ્યાં એવી દૃષ્ટિ થઈ ત્યાં તો એ વસ્ત્ર છૂટી ગયું, જુદું પડી ગયું, પોતે રહી ગયો એકલો; એમ આ આત્મા અને રાગ જે અપરમભાવ, પરભાવ, બીજા ભાવ એ એના નથી, એના લક્ષણો જુદાં છે બેના એમ જ્યાં લક્ષમાં આવ્યું ત્યાં તો કહે છે કે દૃષ્ટાંત પ્રવૃત્તિ ન કરે ત્યાં તો અનુભૂતિ થઈ ગઈ. રાગમાં જોડાણો નહિ ત્યાં અનુભૂતિ થઈ. ઝીણી વાત છે. આહા..હા..!

ફરીને. ‘**આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ, જૂની ન થાય એ રીતે...**’ રાગ તે પરભાવ છે. શુભવિકલ્પ પણ એ અપરમભાવ એટલે પરભાવ છે. એવું જે દૃષ્ટાંત દીધું અથવા એને વાત કરી ત્યાં તો એને ખ્યાલમાં આવી ગઈ વાત કે આ અનુભૂતિ તે રાગરહિત છે. આત્મા રાગરહિત એની અનુભૂતિ થઈ ગઈ. આહા..હા..! આવી વાત. નિર્વિકલ્પ સ્વાદ આવવો એમ કહે છે. રાગ છે એ પર છે એ વસ્ત્રના દૃષ્ટાંતે એ વાત જૂની ન થાય ત્યાં

તો રાગ અને આત્મા બે ભિન્ન લક્ષણથી જાણ્યા ત્યાં અનુભૂતિ થઈ. અરે..! ભારે વાતું!

'**આ પરભાવના...**' શબ્દ અપરમભાવ છે. અપરમ એટલે બીજા, એમ. પર-પોતાના નહિ એવા. '**આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ,...**' '**अनवम्**' '**જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ,...**' રાગમાં એકતા ન પામે '**તે પહેલાં જ તત્કાળ સકલ અન્યભાવોથી રહિત પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.**' આહા..હા..! નિર્વિકલ્પ આત્માના અનુભવની વાત છે, ભાઈ! ઝીણી વાત છે.

આત્મા આનંદ જ્ઞાન લક્ષણે લક્ષિત, રાગ બંધ લક્ષણે લક્ષિત, એવો જે દૃષ્ટાંત આપ્યો ન્યાયનો, પણ કહે છે કે એ પર ઉપર જ્યાં લક્ષ ન જાય ત્યાં તો સ્વની અનુભૂતિ થઈ ગઈ. આહા..હા..! એમ કહેવું છે. આ પર છે એ પણ લક્ષનું ત્યાં કામ નથી પછી. આહા..હા..! રાગભાવ, વિકલ્પભાવ એ અપર-પરભાવ છે એવો જ્યાં અંદરમાં વિકલ્પ ઊઠ્યો અને વિચાર કર્યો, ત્યાં તો કહે છે કે રાગથી પર પોતે પડીને અનુભૂતિ થઈ ગઈ. ભારે વાત કરી, ભાઈ! આહા..હા..!

વિકલ્પથી વિચાર કર્યા કે રાગ અને આત્મસ્વભાવ બેના લક્ષણ જુદાં છે, એવો અંતર યુક્તિનો ભાવ આવ્યો મગજમાં; પણ કહે છે કે એ યુક્તિ જ્યાં જૂની ન પડે અને યુક્તિ ઉપર લક્ષ ન જાય, આહા..હા..! ત્યાં ભગવાન જ્ઞાનસ્વભાવી આત્માનો સાક્ષાત્કાર અનુભવ થઈ ગયો. ઝીણી વાત છે, ભાઈ! વિકલ્પથી નિર્ણય કરતો હતો કે આ રાગ પર તરફ જાય છે એ બંધસ્વભાવ છે અને આત્મા અબંધસ્વભાવી, જ્ઞાનસ્વભાવી છે, પણ એ કહે છે કે એવો જ્યાં વિકલ્પનું જ્યાં લાગુ ન પડે પરમાં, પરને છોડવાનું ન થાય ત્યાં તો સ્વની અનુભૂતિ થઈ ગઈ. ઝીણી વાત છે, ભાઈ! આ મુદ્દાની રકમની વાત છે. લાખ જાણપણા કરે અને લાખ ક્રિયાઓ દયા, દાન, વ્રતની કરે પણ એને એ વિકલ્પથી છૂટીને, વિકલ્પ એ બંધનું લક્ષણ છે, ભગવાન એ જ્ઞાનલક્ષણે લક્ષિત છે—એમ બેના અંદર યુક્તિમાં જાય છે જ્યાં ત્યાં તો કહે છે કે યુક્તિમાં નથી જાતો ત્યાં છૂટું પડી જાય છે. આહા..હા..! બહુ ઝીણું, ભાઈ! અસ્તિ ઉપર ઢળી જાય છે એમ કહે છે.

રાગનો વિકલ્પ એ બંધનું લક્ષણ છે અથવા એ આકુળતા છે, આત્મા નિરાકુળ જ્ઞાનસ્વરૂપનું એક સ્વરૂપનો એ ભાવ નથી એમ જ્યાં વિકલ્પ ઊઠે છે પહેલો, ત્યાં તો કહે છે કે વિકલ્પ તરફ જતું નથી લક્ષ ત્યાં નિર્વિકલ્પ અનુભૂતિ થઈ જાય છે. આ ઝીણી વાતું બહુ, બાપુ! આહા..હા..! આ તો સમ્યગ્દર્શન પ્રથમ નિર્વિકલ્પ અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન છે. બધું કરે ગમે તેટલું. શાસ્ત્રનું ભણતર કરે, વ્રત, દયાદિ ગમે તેટલા બાહ્યના ભાવ કરે પણ એ કોઈ ચીજ નથી. આહા..હા..!

કહે છે કે એ આત્મા આનંદ જ્ઞાનલક્ષણ છે અને આ રાગ છે તે પર છે એવો જે વસ્ત્રના દૃષ્ટાંતે વાત કરી એમાં આ પર છે અને સ્વ છે એવો જે દૃષ્ટાંત તો જ્યાં જૂનો

નથી થયો ત્યાં અંદરમાં ઢળી ગયો છે. ગુજરાતી ભાષા છે. ક્યાં ગયો ઓલો તમારો એક? ભાઈ એક ત્રીજા છેને? ભાનુ? નહિ? એ ભાનુભાઈ પૂછતા હતા અંદર કે આ સરળ ભાષા હવે બહાર થશે? એમ પૂછતા હતા. એમ કે ગુજરાતીની અહીં ચાલે એ ભાષા થશે? કીધું, એ બહાર તો વ્યાખ્યાન ચાલશે. એ પૂછતા હતા ભાઈ. આહા..હા..!

**'अनवम् अत्यन्त-वेगात्'** આહા..હા..! એ દૃષ્ટાંતનો ભાવ જ્યાં જૂનો ન થાય ત્યાં તો **'અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ,...'** રાગ આ છે અને સ્વભાવ આ છે એવી પ્રવૃત્તિ ન થાય **'તે પહેલાં જ તત્કાળ સકલ અન્યભાવોથી રહિત...'** અસ્તિના જોરમાં જ્યાં દૃષ્ટિ ગઈ, પરથી અભાવ થઈ, પરથી અભાવ થઈ સ્વભાવમાં અસ્તિત્વનો અનુભવ થયો. ભારે આચાર્યે પણ!

**શ્રોતા :-** નાસ્તિની જરૂરત જ ન પડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંથી આમ થઈ ગયો. આ પરભાવ છે વસ્ત્રની જેમ, પણ જ્યાં નિર્ણય થઈ ગયો વિકલ્પથી ભલે પણ એ નિર્ણય જૂનો ન થાય ત્યાં તો રાગથી ખસીને અનુભવ થઈ ગયો, કહે છે. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો સાગર ભગવાન એને વિકલ્પ તે આકુળતા છે અને ભગવાન તે નિરાકુળ છે. વસ્ત્રનો દૃષ્ટાંત જ્યાં જૂનો ન થાય અને આને જૂનું લાગુ ન પડે, આહા..હા..! ત્યાં તો સ્વભાવ તરફ ઢળી ગઈ દૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સકલ અન્યભાવોથી રહિત...'** **'स्वयम् इयम् अनुभूतिः'** **'પોતે જ...'** શું કહે છે? **'અન્યભાવોથી રહિત પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.'** સ્વભાવને આશ્રયે અનુભૂતિ પ્રગટ થઈ. આહા..હા..! સ્વસંવેદનના અનુભવમાં આત્માનો સાક્ષાત્કાર--પ્રત્યક્ષ અનુભવ થયો એમ કહે છે. એ દૃષ્ટાંત કહ્યો હતો એની પછી ત્યાં એને જરૂર ન પડી એમ કહે છે. આહા..હા..! ચિદ્દ્ઘન અનાકુળ આનંદરસસ્વરૂપ એવું જ્યાં દૃષ્ટિમાં જોર આવ્યું ત્યાં અનુભવ થઈ ગયો, કહે છે. આ એને સમ્યગ્દર્શન જીવની દશા કહે છે. જીવ-અજીવ અધિકાર છેને? રાગાદિ ભાવ તે અજીવ છે અને જ્ઞાનભાવ તે ભગવાન આત્મા છે.

વસ્ત્રને દૃષ્ટાંતે જ્યાં દૃષ્ટાંત જૂનું ન થાય, એમ ને એમ રહે નવું, આહા..હા..! ત્યાં સ્વભાવ અનાકુળ જ્ઞાયકભાવ એવો જે ભગવાન આત્મા એનો પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવ્યો એને અનુભૂતિ અને એને આત્મા કહે છે. આહા..હા..! જીવ-અજીવ અધિકાર છેને. રાગને અહીં તો નિશ્ચયથી અજીવમાં નાખ્યો છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ અજીવ છે. હવે એ શું કરવું? (અત્યારે કોઈક) એમ કહે છે કે વ્યવહારથી લાભ થાય એમ કહો. કારણ કે ભગવાનનો માર્ગ બે નયે સ્થાપેલો છે. નથી આવ્યું? પંચાસ્તિકાય, નિયમસાર. જિનેન્દ્રદેવે બે નયે પ્રરૂપણા કરી છે. પહેલા શ્લોક છે. છે કે નહિ? (નિયમસાર શ્લોક-

૨). સંયમીઓનું '**જિનદેવોનું મુખકમળ જેનું વાહન છે...**' વાણી. '**અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે.**' બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની પદ્ધતિ. બે નયનો વિષય છે અને બે નયથી કથન ચાલે છે, પણ એમાં એક નય છે તે હેય છે અને એક નય ઉપાદેય છે. આહા..હા..! પંચાસ્તિકાયમાં એવું છે. '**તે વાણીને (-જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદુ છું.**' કહે છે. બે નયે જેનું કથન છે, પણ બે નય પરસ્પર વિરોધ છે. દ્રવ્યથી પર્યાયનય વિરુદ્ધ છે, પર્યાયનયથી દ્રવ્ય વિરુદ્ધ છે, નિશ્ચયનયથી વ્યવહારનય વિરુદ્ધ છે, વ્યવહારનયથી નિશ્ચયનય (વિરુદ્ધ છે), પણ બેય છે ખરી. છે એટલો વિષય છે, પણ બે નયથી લાભ થાય છે એમાં વાંધા ઊઠ્યા છે અંદર. સમજાણું? એમાં પણ છે. (પંચાસ્તિકાય શ્લોક-૨).

'**સ્યાત્કાર જેનું જીવન છે એવી જૈની (-જિનભગવાનની) સિદ્ધાંતપદ્ધતિ કે જે દુર્નિવાર નયસમૂહના વિરોધનો નાશ કરનારી ઔષધિ છે તે જયવંત હો.**' પછી આવે છે. (શ્લોક-૩). '**જે સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની છે એવી દ્વિનયાશ્રિત (બે નયોનો આશ્રય કરનારી) સમયવ્યાખ્યા...**' છે. આહા..હા..! બે નય-આશ્રિત સમયની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? '**(શાસ્ત્રની સમયવ્યાખ્યા નામની ટીકા) સંક્ષેપથી કહેવામાં આવે છે.**' બે નયે હોય છે. બે નય હોય છે બરાબર છે. બે નયે કથન હોય છે એ બરાબર છે. દ્રવ્ય અને પર્યાય છે એ પણ બરાબર છે, પણ બે નયમાં એક આશ્રય કરવાલાયક છે અને એક હેય કરીને જાણવાલાયક છે. આ આમાં વાંધા ઊઠ્યા છેને? જુઓ, આમાં છે પંચાસ્તિકાયમાં હોં. આમાં અમૃતચંદ્રાચાર્ય. બે નય છે. વસ્તુ નથી? દ્રવ્યનયે અને પર્યાયનયે બે નય છે. વ્યવહારનય ન હોય તો પર્યાય જ નથી. બે નય છે, બે નયે કથન પણ છે, પણ બે નયના કથનમાં એક નયનું કથન હેયરૂપે છે અને એકનું ઉપાદેયરૂપે છે, પરસ્પર વિરોધ છે. એને ઠેકાણે કહે છે કે વ્યવહારથી પણ નિશ્ચયધર્મ થાય અને નિશ્ચયથી થાય તો તમે બે નય માની કહેવાય. એમ નથી. ઝીણી વાત પડે છે માણસને, શું થાય?

અહીં તો કહે છે, રાગાદિ પર છે-અપરમભાવ, અપરમ એટલે પરભાવ છે અને આ સ્વભાવ છે. હજી ત્યાં તો એ બેનું લક્ષ છે ત્યાં સુધી વિકલ્પ છે. સમજાણું કાંઈ? વ્યવહારનયનો વિષય છે, પર્યાય છે, વિકલ્પ છે, આ અભેદ છે એ નિર્વિકલ્પ વસ્તુ છે. એમ બે નયનો ખ્યાલ કરતાં પરમાં રાગની પ્રવૃત્તિમાં ન જોડાણો ત્યાં તો સ્વરૂપનો અનુભવ આ બાજુ થઈ ગયો. આગળનું તો એક થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? વાદવિવાદે ભાઈ, આ તો ચાલે એવું નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે એ કહે છે. આહા..હા..!

બીજી વાત કે જ્યાં અશુદ્ધતાનો ત્યાગ નથી ત્યાં શુદ્ધતાનો અનુભવ નથી અને જ્યાં શુદ્ધતાનો અનુભવ નથી ત્યાં અશુદ્ધતાનો ત્યાગ નથી. સમજાય છે કાંઈ? કળશટીકામાં લીધું છે. કળશટીકા છેને? એમાં લીધું છે. '**રાગ, દ્વેષ, મોહ, શરીર, સુખ, દુઃખ આદિ**

**વિભાવપર્યાયરૂપ પરિણમતા જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે તેને અનુભવ છે.'** છૂટી જાય છે. '**શુદ્ધચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવરૂપ પરિણામ છૂટતા નથી...**' આહા..હા..! શું કહ્યું ઈ? આ શ્લોકનો અર્થ છે. શુદ્ધચેતના આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધતાથી જુદો પડતો નથી, અશુદ્ધ પરિણામ છૂટતા નથી. આહા..હા..! '**અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી.**' છેવટે એ નાખ્યું છે. '**તેથી જે કાંઈ છે તે એક જ કાળ,...**' એટલે કે અશુદ્ધતા છૂટે અને પછી શુદ્ધતા થાય, શુદ્ધતા થાય અને અશુદ્ધતા પછી છૂટે એવું છે નહિ. આહા..હા..!

'**તેથી જે કાંઈ છે તે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે.**' આહા..હા..! એટલે કે અશુદ્ધપણું આ છે અને આ શુદ્ધ છે એવો અંદરમાં જે વિકલ્પ ઊઠે છે કહે છે કે એ વિકલ્પના કાળમાં પરમાં નથી જતો જ્યાં ત્યાં પછી આ બાજુ ઢળી જાય છે. આહા..હા..! એને શુદ્ધ આનંદનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધ પરિણામનો વ્યય થાય છે અને અશુદ્ધ પરિણામના વ્યયને સમયે શુદ્ધનો આનંદનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત! આ તો ઠેઠની મૂળ વાત છે. આહા..હા..! બહુ વિસ્તાર કર્યો છે. તેદી ચિહ્ન કર્યા હતા બધા. ચિહ્ન કરેલા પડ્યા છે. આહા..હા..! જોયું!

'**स्वयम् अनुभूतिः**' આત્મા આનંદના સ્વાદને તરત-તત્કાળ પામ્યો. આહા..હા..! એટલે કે આ રાગ પર છે અને આ સ્વ છે એવી પ્રવૃત્તિ થવા પહેલાં (આનંદને પામ્યો). આહા..હા..! આહા..હા..! પુરુષાર્થ છે આમાં અનંત. આ કાંઈ એકદમ નિર્વિકલ્પ થવાય એવી ચીજ નથી. આહા..હા..! આ બાજુથી આમ ઢળી જવું એ અનંત પુરુષાર્થ છે. પર્યાય તરફમાં વિકલ્પાદિ હો, છે અને બેના ભેદનો વિકલ્પ પણ ઊઠે છે. કહ્યું છેને ભાઈ પહેલું? કે ભેદજ્ઞાન છે એ વિકલ્પરૂપ છે એમ લીધું. આ ને આ જુદાં એમ ત્યાં વિકલ્પ છે. આહા..હા..! એમાં લીધું છે. નાટકમાં પણ લીધું છે-સમયસાર નાટકમાં. એ આમાંથી. ભેદજ્ઞાન... તોપણ પહેલો એ આવ્યા વિના રહેતું નથી. આહા..હા..! પણ એ વિકલ્પ જે છે આ નહિ ને આ, એ પહેલું લક્ષમાં ન લીધું ત્યાં તો આત્મા ઢળી ગયો અંદરમાં. આહા..હા..! ભારે વાતું! એક તો હજી વાત પકડાવી કઠણ. આવો માર્ગ છે, ભાઈ! ચૈતન્યસત્તા પ્રભુ બિરાજે છે મહા, ભગવત્સ્વરૂપ છે. ૩૮ ગાથામાં નથી કહ્યું? પરમેશ્વર-પોતાનો પરમેશ્વર. આ સમયસાર છેને!

'**જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે,...**' છે? ત્રીજી-ચોથી લીટી ટીકાની. '**જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો...**' આહા..હા..! છે? ટીકામાં છે હોં! '**परमेश्वरमात्मानं ज्ञात्वा**' આહા..હા..! પરમેશ્વર-પોતાનો પરમેશ્વર ભગવાનસ્વરૂપ-એને ભૂલી ગયો હતો. પરમેશ્વર કીધું.

એય.. લીલાધરભાઈ! છે? તે ક્યો? પોતાના પરમેશ્વર આત્માને. પોતાનું ક્યાંથી કાઢ્યું? ઉપરથી નાખ્યું? ત્યાં એણે એટલું કહ્યું. આમ તો '**परमेश्वरमात्मानं ज्ञात्वा**' એમ કહેવું છે. ટીકા તો એટલી છે. પોતાના ક્યાંથી (કાઢ્યું)? એમ મારું કહેવું.

ઠીક, '**परमेश्वरमात्मानं**' એમ. પોતાના આત્માને એમાંથી કાઢ્યું. ઠીક. પરમેશ્વર એવા પોતાને. '**परमेश्वरमात्मानं ज्ञात्वा**'. આહા..હા..! પોતાનો જે પરમેશ્વર તેને જાણીને. આહા..હા..! કેમ બેસવું ભગવાન છું એમ? આહા..હા..! આત્મા એટલે સ્વરૂપ એમ. એનું પોતાનું. પરમેશ્વર પૂર્ણપરમેશ્વર સ્વરૂપને '**ज्ञात्वा**' જાણીને વેદનમાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહ્યું છેને? '**आविर्बभूव**' '**अनुभूतिः आविर्बभूव**' આહા..હા..! રાગ તરફના વલણને છોડી દઈ અને દૃષ્ટાંતના લક્ષણનું લક્ષ પણ છોડી દઈ... આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ પરમેશ્વર પોતાનો, એની અનુભૂતિ '**आविर्बभूव**' '**પ્રગટ થઈ ગઈ.**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અનુભૂતિ પ્રગટ થઈ. વસ્તુ તો વસ્તુ છે, પણ વસ્તુનો આશ્રય લઈને અનુભૂતિ પ્રગટ થઈ. આહા..હા..! પર ભિન્ન છે એ પણ લક્ષ છોડી દીધું એમ કહે છે. આ વસ્ત્ર પરનું છે અને આ રાગ પરનો છે એ લક્ષ છૂટી ગયું. આહા..હા..! વસ્તુ એવી છે, ભાઈ! 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' બનારસીદાસનું છે, બનારસીદાસ. આહા..હા..!

ભગવાન જ્ઞાનલક્ષણે લક્ષિત, રાગ બંધલક્ષણે. છેને મોક્ષ અધિકારમાં. બે લક્ષણો ભિન્ન. ૨૯૪ ગાથા. બંધનું લક્ષણ તે રાગ છે, ભગવાનનું લક્ષણ જ્ઞાન છે. અબંધસ્વરૂપીનું લક્ષણ જ્ઞાન છે. બંધના ભાવનું લક્ષણ રાગ છે. આહા..હા..! એ બેના લક્ષણમાં બેપણાનો જ્યાં દૃષ્ટાંત જૂનો ન થાય એટલે બેપણું જ્યાં ન થાય ત્યાં એકપણામાં ગયો છે. આહા..હા..! ક્યાં ગયા પદમચંદજી? આવ્યા છે? ભાઈ ભાનુભાઈ. નથી આવ્યા? છે અહીંયાં. આવ્યા છે. એ ત્યાં પૂછતા હતા. અહીં આવવાનો ભાવ છે. આવી ગુજરાતી ભાષા ત્યાં થાશે? આહા..હા..!

પ્રભુ! તારી પરમેશ્વરતા એટલી મોટી છે કે એના અનુભવ માટે પરનું લક્ષ કરીને અનુભવ થાય એવો નથી, એમ કહે છે. આહા..હા..! રાગ જુદો છે એવું પણ લક્ષ કર તો ભિન્ન પડે એવું નથી, એમ કહે છે. ઓહોહો..! અરે..! આમાં તકરાર શી ભાઈ? વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. ઓલા કહે છેને? રજનીશ. રજનીશનું બહુ ચાલે છે. પૂનામાં પંદર લાખનું મકાન છે એને. ત્યાં રહે છે. પછી કંઈકને રોવરાવે અને હસાવે અને પછી બહુ હસો પછી નિર્વિકલ્પ થઈ જશો. બહુ રોવો પછી નિર્વિકલ્પ થઈ જશો. અરે.. ભગવાન! એ તો નાસ્તિથી વાતું કરે છે. વિકલ્પથી શૂન્ય થઈ જાવ, પણ શૂન્ય થાય ક્યારે? અસ્તિતત્ત્વ મહાપ્રભુ છે તેના ઉપર દૃષ્ટિ પડે ત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ચલવે છે અત્યારે. હતો તો એ પહેલા અહીંયાં આમાં-તારણપંથીમાં. પંડિતજી! એ રજનીશ તારણપંથીમાં હતા. આ શેઠનું

છેને ભગવાનદાસનો તારણસ્વામીનો ધર્મ. એમાં જન્મ હતો એનો-રજનીશનો. એનો ધર્મ હતો, પણ અત્યારે આખું ફેરવી નાખ્યું. હવે અત્યારે સરકાર પણ કેટલાક પકડે છે એના માણસને. એ ગાંડા રોવરાવે છે ને આ કરે છે અને વિકલ્પશૂન્ય થઈ જાવ, બસ; પણ વિકલ્પશૂન્ય ક્યારે થાય? ભાઈ! તને ખબર નથી. નિર્વિકલ્પ અસ્તિતત્ત્વની અંદર દૃષ્ટિ પડે, અસ્તિ ઉપર પડે દૃષ્ટિ તો વિકલ્પશૂન્ય થાય. એ વાત છે. અસ્તિતત્ત્વ કેટલું છે, કેવડું છે એની વાતું નહિ. વિકલ્પથી શૂન્ય થઈ જાવ. શું વિકલ્પશૂન્ય ધૂળ થાય? પગથિયા ઉપર પગ મૂકે તો નીચલો ઉપાડી શકાય. પગથિયા-આ દાદર. દાદર કહે? સીઢી-સીઢી. આમ ઉપર મૂકે તો અહીંથી ઉપડે, પણ ઉપર મૂક્યા વિના અહીંથી ઉપાડે તો પડશે હેઠે.

એમ ભગવાન આત્મા.. એ અહીં કહે છે. અસ્તિતત્ત્વ ઉપર જ્યાં દૃષ્ટિ પડી... આહા..હા..! આ રાગ નથી એવો નાસ્તિ પણ જેમાં નથી, એવા પણ વિકલ્પની ત્યાં જરૂર નથી કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ આ છે. શૂન્ય થઈ જાઓ શૂન્ય. જડ થઈ જશે. અહીંયાં તો કહે છે, ભગવાન આત્મા **'આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ, જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ,...'** (અર્થાત્) રાગમાં જોડાય નહિ **'તે પહેલાં જ...' 'झटिति' 'તત્કાળ સકલ અન્યભાવોથી રહિત...'** પૂર્ણ સત્તાના તરફનું જ્યાં જોર ગયું ત્યાં તરત જ અનુભવ થયો, કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો પ્રત્યાખ્યાનનું પણ એનું એ નાખવું છેને. મૂળ તો અનુભૂતિથી ઉપાડે છેને? પચ્ચખાણમાં પણ ઉપાડે છે તો અનુભૂતિથી કે ભાઈ! આ વસ્ત્ર પરનું હતું એ પચ્ચખાણમાં છોડ્યું; પણ એ પરનું હતું એવું જાણ્યું અને પછી છોડ્યું એ પણ આમાં નથી કહે છે. એ તો અંદરમાં લક્ષ આ બાજુ ઢળી ગયું એટલે આ બાજુ લક્ષ છૂટી ગયું. એટલે સ્થિર થઈ ગયો અંદર. એ સ્થિર થવાની અનુભૂતિની વાત છે અહીં. આહા..હા..!

**શ્રોતા :-** ચોથાની અનુભૂતિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથાની અનુભૂતિ બધી ભેગી જ છે આમાં. ચોથાની અને ..નું સાથે કામ લે છે અહીં. જ્યાં-જ્યાં આચાર્ય પચ્ચખાણની વાત કરે છે પણ એ પહેલેથી શરૂઆતથી કરીને વાત કરે છે બધી. એવી શૈલી છે આમાં બધી. એ તો વાત થઈ ગઈ છે ઘણી વાર. સમજાણું કાંઈ? પચ્ચખાણના અધિકાર નહિ છેલ્લા? ૪૯. પહેલેથી ઉપાડે છે અનુભવથી. આહા..હા..! આ તો ધીરાનું કામ છે, ભાઈ! 'નિભૃત' નથી આવતું? 'નિભૃત', ચિંતા વિનાના ભાવસ્વભાવવાળાનું કામ છે. આ નિભૃત પુરુષોનું કામ છે એમ કહે છે. કળશ છે પહેલો. આહા..હા..! ચિંતાના વિકલ્પ વિનાનો આત્મા એનું આ કામ છે. ભારે વાતું, ભાઈ! હજી તો આ લોકોને દયા પાળે, ભક્તિ, પૂજા કરે, વ્રત પાળતા અપવાસ કરે અને એને કલ્યાણ થાય. હજી ત્યાં અટકવું છે. અહીં તો ભિન્ન પાડવાના વિકલ્પનું પણ લક્ષ છોડી દઈને. આહા..હા..! સમજાણું કાંઈ?

'स्वयम् अनुभूतिः' 'પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.' એટલે? પરના ત્યાગની પણ જેમાં અપેક્ષા નથી. આ પરનો ત્યાગ. એ તો કહ્યું હતુંને પહેલું? રાગના નાશના કર્તાપણું પણ એને નામમાત્ર છે. રાગના નાશનું કર્તાપણું પણ નામમાત્ર છે. આહા..હા..! સમજાય એટલું સમજો ભાઈ, આ વાત તો... રાગના નાશનું. રાગના કરવાપણાની તો વાત નથી. આહા..હા..! રાગના નાશનો કર્તા એ પણ નામમાત્ર-વ્યવહારમાત્ર છે, વસ્તુમાં એ નથી. આહા..હા..! વસ્તુને રજુ કરવાની રીત તો જુઓ! આહા..હા..! એટલે આ રાગ છે એ પર છે અને આ છે એવા ભેદના વિકલ્પ થયા પહેલાં અંદરમાં ઉતરી ગયો છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ.

'सकल-भावैः अन्यदीयैः विमुक्ता' 'સકલ અન્યભાવોથી રહિત...' 'स्वयम् इयम् अनुभूतिः' 'स्वयम् इयम्' 'પોતે જ આ અનુભૂતિ તો...' સ્વયં રાગના ત્યાગની અપેક્ષા વિના, વિકલ્પના ત્યાગની અપેક્ષા વિના. આહા..હા..! 'પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.' આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત હજી પકડવી કઠણ પડે એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન (થાય કઈ રીતે)? અને એ વિના ધર્મની શરૂઆત થતી નથી. આહા..હા..! લાખ વ્રત કરે ને તપસ્યાઓ કરે ને અપવાસ કરે ને શેત્રુંજય ને સમેદશિખરની જાત્રા કરે એ બધો શુભભાવ છે. એ શુભભાવ છે એ મારામાં નથી એવો પણ જ્યાં વિકલ્પનો અવકાશ નથી, આહા..હા..! એ કહે છે. આહા..હા..! એવો નિર્વિકલ્પ ભગવાન આત્મા. દૃષ્ટિ અંદર જતાં જ અનુભૂતિ થઈ. આત્મા સાક્ષાત્કાર આનંદનો સાગર પર્યાયમાં ઉછળતી-ઉછળતી દશા પ્રગટી. આવો ધર્મ હવે. પછી સોનગઢને કહે. સોનગઢવાળા નિશ્ચયની વાતું કરે છે. ભાઈ! સોનગઢની મૂકી દેને. ભગવાન શું કહે છે લેને. આહા..હા..!

આ રાગ પર છે એવો જે દૃષ્ટાંત વસ્ત્રનો આપ્યો, એ અહીં તો કહે છે લાગુ જ્યાં ન પડે, આહાહા..! ત્યાં ભગવાન આત્મા એની પરિણતિમાં અનુભૂતિ પ્રગટ થઈ. આહા..હા..! સ્વભાવના અંતરના જોર દ્વારા અનુભૂતિ પ્રગટ થઈ તેને રાગ પર છે એવી અપેક્ષા પણ જ્યાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! આ તો આવું બધું ઝીણું પડે બહારમાં બહુ. અહીં તો અધિકાર આવ્યો છેને.

'ભાવાર્થ :- આ પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું તે પર દૃષ્ટિ પડે તે પહેલાં...' છેને? 'સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું;...' આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એના તરફનો જ્યાં ઝુકાવ થયો (ત્યાં) અનુભૂતિ થઈ ગઈ. આનું નામ સમ્યગ્દર્શન અને આનું નામ પચ્ચખાણ. હવે આ લોકો.. શું થાય? ભાઈ! જિનેન્દ્રનો માર્ગ અલૌકિક છે. સ્વભાવથી જણાય એવો છે. સમજાણું કાંઈ? ત્યારે કહે, એનું કોઈ સાધન હશે કે નહિ? એમ વળી કહે છે. આવું નિર્વિકલ્પ થવું એનું કંઈ સાધન હશે કે નહિ? એમ કહે છે. પણ એ નિર્વિકલ્પ થવું એ જ એનું સાધન છે.

રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞાછીણી અંદર મારવી એ સાધન છે. આહા..હા..!

આ શ્રીમદ્દમાં ગયા હતાને એકવાર, અગાસ. વ્યાખ્યાન થયું, સાંભળ્યું લોકોએ, પણ એને ત્યાં તો ભક્તિની પ્રધાનતા છેને. ભક્તિ કરે તો કલ્યાણ થાશે. બહુ વાંચન કરવું એની ભક્તિનું. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો...' 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન...' પણ આત્મા શું? એની ભાવના શું? એટલે રાતે એક મારવાડી આવ્યો કે આ વાત તમારી બરાબર, પણ એનું સાધન? પણ સાધન ક્યુ હતું બીજું? એ પ્રજ્ઞાછીણી રાગથી ભિન્ન પાડવું અને અંતરમાં જવું એ એનું સાધન છે. આ ભક્તિ ભગવાનની કરી અને શાસ્ત્રનું વાંચન કરવું એ સાધનથી આ થાય એ વસ્તુમાં નથી. આ સ્વયં સાધન છે, બસ! એ અહીં કહ્યુંને? **'स्वयम् इयम् अनुभूतिः'**. સાધન નામનો તો આત્મામાં ગુણ છે એક, કરણ નામનો. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. સાધન-કરણ નામનો ગુણ આત્મામાં છે. એ ગુણીનો આશ્રય કરતાં કરણનું સાધન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત સમજવી કઠણ પડે. લીલાધરભાઈ!

ઈચ્છામી પડિક્કમણું કર્યું. લ્યો, તમારા રામજીભાઈ તે દી કહેતા હતા, ૮૬માં. મહારાજ! આ વાત આવી ઝીણી પડે છે. ઝીણી નહોતું કહ્યું પણ પાચન ન થઈ શકે અમારે, એમ કહ્યું. ઓલા જઠરનો દાખલો આપ્યો હતો. ત્યારે તમારું મકાન થાતું હતું પાછળ. ત્યાં હતા ને. ખબર છે? ડોસા પણ આવતાને. હીરાચંદભાઈ. આહા..હા..! ૮૬ની વાત છે. ૧૪ ને ૩૨, ૪૬ વર્ષ થયા. ભાઈ! કીધું... એ કહે. રામજીભાઈ હતાને. આમ બહુ ઓલા હતા બિચારા. પૈસા તે દી ૧૦ લાખ હતા, પછી થઈ ગયા બે-ચાર-પાંચ કરોડ. પણ તે દી એમ કહે કે આ વાત બહુ ઓલી પડે. ભાઈ! બાપુ! આ વાત છે એ પચી ન શકે એમ નહિ. તમે રોટલા, દાળ, ભાત ખાવ છો ત્યારે કોઈ વખતે મેસુબ આવ્યો હોય ચાર શેર ઘીનો પાયેલો તો તમે એમ કહો કે મારી જઠર પાચન નહિ કરી શકે? રામજીભાઈને કહ્યું હતું. એ તમારા મકાનની સામે અપાસરામાં કહ્યું હતું. ૪૬ વર્ષ થયા. બાપુ! આ પાચન ન થાય એવું ન કહેવાય. ઊંચી ચીજ પાચન કરવા માટે આવે તો ના પાડે છે કે મારું જઠર કામ નહિ કરે? હું થોડું ખાઈશ. મને પાચન થશે.. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! આહા..હા..! એ પૈસે મળે એવો નથી, મંદિર કરાવે મળે એવો નથી, એ વ્રત પાળે મળે એવો નથી, અપવાસ કરે તો મળે એવો નથી. આહા..હા..!

અરે..! ભાઈ! આ સંસાર ચોર્યાસીના અવતાર એના અંત કરવાની આ તો વાતું છે. આહા..હા..! ભગવાન આત્મા.. આહા..હા..! '**પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું તે પર દૃષ્ટિ પડે તે પહેલાં...**' એ તો એક ખ્યાલ આપ્યો. નથી એમ કહેતા? ભાઈ! તમે આવ્યા પહેલાં તો કામ થઈ ગયું. કહે છેને અત્યારે? એય..! પોપટભાઈ! મોટું માણસ આવે ત્યારે કહે ભાઈ! તમે આવ્યા ત્યાં તરત કામ થઈ ગયું. એ થયું ત્યારે આવ્યા છે. એમ કહે છે

કે આ દૃષ્ટાંત ઉપર લક્ષ ન થયું ત્યાં તો અંદરમાં ઊતરી ગયો. આહા..હા..! જ્યાં જાવું હતું ત્યાં જોર વધી ગયું એમ કહે છે. એટલે પરની અપેક્ષા ન રહી. રાગના અભાવની કે આ રાગ પર છે અને વસ્ત્રનો દાખલો એ પછી ત્યાં કામ નથી કરતો. આહા..હા..!

'**પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું તે પર દૃષ્ટિ પડે તે પહેલાં સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું;...**' છેને? 'झटिति', 'झटिति' છે. આકરું કામ છે, ભાઈ! પણ સત્ય તો આ રીતે જ છે. સમજાય છે? એને કોઈ સોંઘુ કરવા જશે બીજી રીતે તો સમુકુ મોંઘુ પડશે. આહા..હા..! ઓલા શાકભાજીવાળા હોય છે ને? ગામડામાં શાક લાવેને મણ, બે મણ ઉપાડીને. પછી વેચે. વહેચતા-વહેંચતા છેલ્લું પાંચેક શેર રહી ગયું હોય. શું કહેવાય? ડંખવાળું. શું કીધું? ચૂવો. ટુવો-ટુવો. ભૂલી જવાય છે. આ દૂધીનું શાક નહિ? દૂધી. એમાં ટુવો હોય તો કાણું રહી જાય છેને. એટલે વાણિયા લેતા-લેતા લઈ ગયા હોય આવું અને આ પડ્યું હોય પાંચ શેર. તો એક વાણિયો હોય લોભી. એ આવ્યો લેવા. એટલે એને કહ્યું ભાઈસાહેબ જુઓ! આ ચાર આને શેર વેચ્યું છે પણ અમે તમને આપશું બે આને શેર. લાવો દસ આના. સોઘું લીધું. ઘરે જાય ત્યાં એકલા ટુવા. આખામાં ટુવો. કટકો પણ સારો નહિ. સોંઘા થયા મોંઘા.

એમ આ દુનિયા અપવાસ અને ક્રિયાકાંડથી ધર્મ મનાવે એ સોંઘામાં છેતરાઈ જઈશ, મરી જઈશ તું. સમજાણું? વાણિયા એવા હોય ઘણા કેટલાક. ઠીક આપણને મળે છેને ઘરે. ટુવો છે પાણી છે. પણ એ ટુવો ઠેઠ સુધી, સળંગ સુધી છે. સડેલું સળંગ આખું છે. રાંધવામાં કટકો પણ સારો નહિ નીકળે. એમ સોંઘુ લેવા જાય, પૈસા જાય અને મોંઘા થાય. એમ કે દયા ને દાન ને વ્રત ને ભક્તિથી મોક્ષ જશે. સોંઘો તને.. અરે..! મરી જઈશ, સાંભળને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા...!

'**તત્કાળ થઈ ગયું; કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી...**' ત્યાં આગળ લક્ષ જ રહેતું નથી એમ કહે છે. જે ચીજ પર જાણી ત્યાં આ લક્ષ જ આ મારું છે એ રહેતું નથી. આહા..હા..! '**પછી મમત્વ રહેતું નથી.**'

'**હવે આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું? એવી આશંકા કરીને,...**' આશંકા હોં! શંકા નહિ. તમારી વાત ખોટી છે એમ નહિ, પણ તમે કહો છો એ વિશેષ સમજાતું નથી એવા પ્રશ્નને આશંકા કહે છે. તમે કહો છો એ ખોટું છે એને શંકા કહે છે. તમે શું કહો છો આ? એમ સમજવા માટેનો પ્રશ્ન ઊઠે એનું નામ આશંકા છે. '**એવી આશંકા કરીને, પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :-**' ૩૬.

णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेको।
तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३६।।

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

આહા..હા..!

'**ટીકા :- નિશ્ચયથી,...**' નામ ખરેખર '**(આ મારા અનુભવમાં) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય...**' કર્મનો ઉદય. '**તેના વડે રચાયેલો જે મોહ...**' ભાવ્ય. '**તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...**' આહા..હા..! કર્મના નિમિત્તથી રચાતો મોહભાવ, એને ને મારે કાંઈ સંબંધ નથી, એની સાથે મારે લાગતું વળગતું નથી. છે? '**મારો કાંઈ પણ લાગતોવળગતો નથી, કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે પરના ભાવ વડે ભાવવું અશક્ય છે.**' આહા..હા..! હું એક જ્ઞાયકભાવ એ વડે હું રાગભાવ કરું એ અશક્ય છે. મારામાં રાગ-મોહ છે જ નહિ. આહા..હા..! નિર્મોહી ભગવાન આત્મા.. સવારે આવ્યું હતુંને? આહા..હા..! નિર્ગ્રંથની વ્યાખ્યા નહોતી આવી સવારમાં? દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારનો (અભ્યંતર). નિર્ગ્રંથ. વિમુક્ત હતું પહેલું. પછી નિર્ગ્રંથ. આહા..હા..!

દસ પ્રકારનો પરિગ્રહ બાહ્ય. મકાન, ખેતર, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડા અને વાસણ—આ દસ પ્રકાર એ મારામાં છે જ નહિ. એના પ્રત્યેનો રાગ પણ મારામાં નથી. આહા..હા..! જુઓ, ત્યાં બાહ્ય પરિગ્રહમાં કપડા અને વાસણ નાખ્યા છે. કપડા ને પાતરા. વાસણનો અર્થ. એ બાહ્ય પરિગ્રહ છે. મુનિને હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દસ પ્રકારના પરિગ્રહ છેને?

ચૌદ પ્રકારના અભ્યંતર—મિથ્યાત્વ ચાર કષાય—પાંચ અને નવ નોકષાય. ચૌદ અને દસ ચોવીસ. ચોવીસ પ્રકારનો પરિગ્રહ. ક્યાં થાય છે વસ્તુની? ભાઈ, આપણે શું કરીએ? આવો વીતરાગમાર્ગ છે. એમાંથી જુદાં પડ્યા. શ્રદ્ધા વિરુદ્ધ થઈ ગઈ. બાર વર્ષના દુકાળ પડ્યા એમાંથી આ જુદાં પડ્યા. એ કપડા અને વાસણને પરિગ્રહ માને નહિ અને મુનિને નિર્ગ્રંથ કહે. અરે..! ક્યાં જઈને કહેવા? ભગવાનના વિરહ પડ્યા. સમજાણું? આહા..હા..! ત્યાં તો દસ પ્રકારના પરિગ્રહમાં તો એ નાખ્યું છે. દાસી, દાસ, મકાન, ખેતર એટલે ઘરના ગામના મકાન અને બહારના ખેતર, ચાંદી-સોનું, દાસ-દાસી. નોકર રાખે કામ કરવા માટે. આહા..હા..! અત્યારે તો પૈસા ભેગા કરવા એક માણસ રાખે. પૈસા ભેગા કરવા જાવા. તીર્થયાત્રા માટે. આહા..હા..! અને કપડા ને વાસણ. ડબલ થઈ ગયાને બબ્બે? મકાન-ખેતર, ચાંદી-સોનું, ધન-ધાન્ય—ધન અને અનાજ, દાસી-દાસ, વાસણ ને કપડા. એ પ્રત્યેની વૃત્તિ ઊઠે છે એ વૃત્તિ જ સ્વરૂપમાં નથી કહે છે. એ વસ્તુ નથી મુનિને અને એના પ્રત્યેની વૃત્તિ છે એ વૃત્તિ જ મુનિને નથી. આહા..હા..! એ અભ્યંતર પરિગ્રહનો ત્યાગ છે ત્યાં, આહા..હા..! ત્યારે બાહ્ય પરિગ્રહનો ત્યાગ અસદ્‌ભુત વ્યવહારનયે કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં કહે છે, પુદ્‌ગલદ્રવ્ય જ્યારે ભાવકરૂપે થતું એમાંથી રચાયેલો મોહ. આ મોહ છે એ સમકિતીની વાત છે, મિથ્યાત્વની વાત નથી અહીં. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની પછીની વાત છેને આ ચારિત્રની-પચ્ચખાણની! એટલે આ મોહ મિથ્યાત્વ નહિ. પર તરફમાં જવાવાળો ભાવ રાગ-દ્વેષનો એને અહીંયાં મોહ કહે છે. સામાન્યપણે મોહ કહીને પછી ભેદ પાડશે. આહા..હા..!

**'મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...'** આહા..હા..! પર તરફની સાવધાનીનો ભાવ એ મારો કાંઈ નથી. મારા સ્વભાવ તરફનો સાવધાનભાવ એ મારી ચીજ છે. આહા..હા..! મોહનો અર્થ એ. વાક્ય એમ છેને? નિષ્ફળ. એટલે પરમાં સાવધાન થવું એ તો નિષ્ફળ (છે). આત્માને લાભનું કારણ જરીએ નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'કાંઈ પણ લાગતોવળગતો નથી,...'** જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ હું. એના પર તરફના સાવધાન ભાવને કાંઈ પણ આત્માની સાથે લાગતુંવળગતું નથી. આહાહા..!

**'કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું...'** ટાંકણા વડે ખોદીને જેમ કાઢે અદબદ નાથને. શેત્રુંજય છેને એક અદબદનાથના પ્રતિમા? પત્થરમાંથી કાઢી છે આખું. મંદિર છે એક શ્વેતાંબરનું. આ એક ચૈતન્યધાતુ ધ્રુવ જ્ઞાયકસ્વભાવભાવ એનું પરમાર્થે પરના ભાવ વડે થવું, બનાવવું, **'ભાવ્યરૂપ કરવું.'** છેને નીચે? ભાવકમોહ વસ્તુ અને એના તરફના વલણવાળો ભાવ્ય, એને ને મારે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! **'ભાવવું અશક્ય છે.'** ઓહોહો..!

**'વળી અહીં સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...'** આહા..હા..! લ્યો, ઓલું આવ્યુંને? પ્રભુતાનું. શક્તિ કાઢી છેને. અખંડ પ્રતાપથી શોભિત—સ્વતંત્રતાથી શોભિત એવી આત્મામાં પ્રભુતા નામની એક શક્તિ છે. આહા..હા..! છે? **'અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...'** લ્યો, આ મારી સંપદા છે. આ ધૂળ ને બાયડી-છોકરા એ આત્માની સંપદા નહિ. આહા..હા..! **'એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે,...'** મારું તો ચૈતન્યશક્તિનું સ્વભાવ સામર્થ્ય વડે **'ભગવાન આત્મા જ જાણે છે...'** જોયું! આહા..હા..! **'કે પરમાર્થે હું એક છું...'** રાગ ને બે હું નહિ. આહા..હા..! હું તો એકરૂપ સ્વરૂપે છું. વિશેષ કહે છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૫, શુક્રવાર, તા. ૨૦-૦૨-૧૯૭૬,**
**ગાથા-૩૬, કળશ-૩૦,**
**પ્રવચન નં. ૮૨**

૩૬મી ગાથા, જીવ-અજીવ અધિકાર. પંડિતજી નથી આવ્યા? ફરીથી.

ટીકા :- '**નિશ્ચયથી,** (**આ મારા અનુભવમાં**) **ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય...**' ઝીણી વાત છે. ધર્મીને.. આગળ વધે છેને? પચ્ચખાણથી પણ આગળ વધે છે. કર્મના નિમિત્તથી મોહકર્મ જડ છે એ ભાવક થઈને એ કર્મ છે જડ અને આત્મા તે તરફના વલણવાળો ઉપયોગ થઈને પરિણમે તો એ રાગ-દ્વેષભાવરૂપ એનું ભાવ્ય છે. તો કહે છે કે '**ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય...**' હજી તો આવ્યું. '**તેના વડે રચાયેલો જે મોહ...**' એટલે પર તરફનો જરી વિકારીભાવ '**તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...**' કેમકે હું તો જ્ઞાન-દર્શનની શક્તિની વ્યક્તતારૂપ દર્શન અને જ્ઞાન-ઉપયોગસ્વરૂપ છું.

આત્મા જ્ઞાન અને દર્શનસ્વભાવ એ શક્તિરૂપ છે. એની વ્યક્તતા જેમ કર્મના નિમિત્તમાં કર્મ ભાવકરૂપ થાય છે તેમ હું પણ એક જ્ઞાન-દર્શન-ઉપયોગવાળો તત્ત્વ છું. મારી પર્યાયમાં જ્ઞાન-દર્શનની શક્તિની વ્યક્તતા તે ઉપયોગ મારો છે. '**મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...**' એના નિમિત્તમાં રાગ અને દ્વેષના પરિણામ જરી ઝળકે જ્ઞાનોપયોગમાં પણ એ હું નહિ. '**કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું...**' જ્ઞાયકસ્વભાવભાવનું '**પરમાર્થે પરના ભાવ વડે ભાવવું અશક્ય છે.**' છે? જ્ઞાયકભાવ ચૈતન્ય-ઉપયોગ શુદ્ધસ્વભાવ એની પર્યાયમાં વિકારના ભાવપણે થવું એ અશક્ય છે. આહા..હા..!

'**વળી અહીં સ્વયમેવ,..**' કેમ? '**સ્વયમેવ, વિશ્વને પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...**' આહા..હા..! હું તો ચૈતન્યશક્તિ સ્વભાવવાળું તત્ત્વ છું અને એનો વિકાસ થાય એ પણ જાણવા-દેખવાના પરિણામ રૂપે વિકાસ થાય. કર્મના ભાવકથી વિકારભાવ થાય એ મારું સ્વરૂપ નથી. આહા..હા..! પર્યાયનું સ્વરૂપ એવું છે. શક્તિરૂપે તો આત્મા જણાય છે, એની વ્યક્તતા અને પ્રગટતા જ્ઞાન ને દર્શનના ઉપયોગરૂપી હોય છે, એની પ્રગટતા રાગ અને દ્વેષના વિકારપણે થવું એ એની શક્તિ નથી અને એ એની વ્યક્તતા નથી. આહા..હા..! છેલ્લી ગાથાઓ છે. જીવથી અજીવ તદ્દન જુદો પાડવો છે. એ તો ચૈતન્ય-ઉપયોગી ભગવાન આત્મા. ભગવાન જ્ઞાનસ્વભાવ આવ્યું હતુંને? આહા..હા..! એ જ્ઞાનસ્વભાવની શક્તિની વ્યક્તતા-પ્રગટતા તો જાણવા ને દેખવાના

પરિણામરૂપ હોય છે. આહા..હા..! એની શક્તિમાંથી પ્રગટતા વિકારના પરિણામરૂપે થવું એ અશક્ય છે. આહા..હા..! ભારે આવી વાતું!

'**નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે,...**' આહા..હા..! મારા જાણવા-દેખવાના સ્વભાવભાવ વડે '**ભગવાન આત્મા જ જાણે છે**' આહા..હા..! '**કે પરમાર્થે હું એક છું...**' જાણન-દેખન સ્વભાવે હું એક છું. '**પરમાર્થે હું એક છું તેથી, જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું...**' મારા ચૈતન્ય સ્વભાવનું દ્રવ્ય અને બીજા જગતના દ્રવ્યો એક જગ્યાએ રહેવા છતાં... છેને? '**પરસ્પર સાધારણ અવગાહનું નિવારણ કરવું અશક્ય...**' છે. એક ક્ષેત્રમાં ન રહે એવું નથી. એક ક્ષેત્ર હો. '**મારો આત્મા ને જડ, શિખંડની જેમ,...**' મારો આત્મા ને જડ શિખંડની જેમ. મારો આત્મા અને જડ. આહા..હા..! '**શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...**' આહા..હા..! શિખંડમાં જેમ ખટાશ અને મીઠાશ એક જગ્યાએ રહી હોવા છતાં ખટાશ અને મીઠાશનો સ્વાદ તે તદ્દન ભિન્ન છે, એમ મારો ભગવાન આત્મા, એનો સ્વાદ આનંદનો ભિન્ન છે અને કર્મના ફળનો રાગનો સ્વભાવ દુઃખરૂપ ભિન્ન છે. આહા..હા..! '**સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...**' અનાકુળ આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ એને અનાકુળ આનંદના વેદનની પર્યાય પ્રગટ થાય એનો સ્વાદ રાગના સ્વાદથી તદ્દન જુદો છે. આહા..હા..! વળી આ સ્વાદ શું હશે? લોકો તો આમ કહે, દૂધપાકનો સ્વાદ ને મેસુબનો સ્વાદ ને સાકરનો સ્વાદ ને અફીણનો સ્વાદ. એ કે દી સ્વાદ હતો એનો? એ તો જડ છે, અજીવ છે. એના તરફનું લક્ષ કરીને આ ઠીક-અઠીક કરે એવા રાગ-દ્વેષનું એને વેદન છે. રાગ-દ્વેષનો સ્વાદ છે એને. આહા..હા..!

અહીં તો ભિન્ન પાડે છે કે મારો ભગવાન તો જ્ઞાનસ્વભાવી અનાકુળ આનંદના સ્વભાવનો સાગર. આહા..હા..! એની વ્યક્તતાની સ્વાદ-દશા રાગના વ્યક્તની દશા કરતાં આ સ્વાદ દશા ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ઝીણો, ભાઈ! પહેલાં આવું સાંભળ્યું હતું કોઈ દી, લીલાધરભાઈ? સ્વાદભેદ છે. આહા..હા..!

'**આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક,...**' જેમ શિખંડનો મીઠો સ્વાદ અને ખાટો સ્વાદ જેમ ભિન્ન પડે છે એમ '**સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...**' આહા..હા..! વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી વસ્તુની શક્તિની વ્યકતતા આનંદના સ્વાદમાં જણાય છે. આવો ધર્મ અને આ વાતું, ભાઈ! વસ્તુ આવી છે, બાપુ! આહા..હા..! ... આહા..હા..! '**ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...**' પર તરફનો મોહ, રાગાદિ, સમ્મુચય લીધો બધો, તેનો સ્વાદ ભિન્ન છે, કલુષિત છે અને ભગવાન આત્માનો સ્વાદ આનંદનો સ્વાદ કલુષિતથી ભિન્ન છે. આહા..હા..! 'કારણ

**કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી...'** હું તો એકરૂપે જ્ઞાયક છું અને તેના સ્વાદપણાને એકપણાને પ્રાપ્ત થતો. આહા..હા..! **'(આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે.'** જ્ઞાયકભાવ તો જ્ઞાનપણાના પરિણમનસહિત એવો ને એવો રહે છે. એના રાગના સ્વાદની અંદર ઓલી છે નહિ. આહા..હા..! આવું શું?

**શ્રોતા :-** વધારે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધારે તો આ થાય. ઉપયોગમાં કર્મના નિમિત્તથી ભાવકપણામાંથી રાગાદિનો ભાવ્યભાવ થાય એનો સ્વાદ ભિન્ન છે અને જ્ઞાયકસ્વભાવની પરિણતિમાં આનંદનો સ્વાદ તે ભિન્ન છે—એમ ભેદજ્ઞાન થવાથી હું તો એકરૂપ છું જ્ઞાયકરૂપે, આનંદરૂપે. બીજો જે આ સ્વાદ છે તે બીજો, એ મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવાર્થમાં (સ્પષ્ટ) કરશે.

**'એવો ને એવો જ સ્થિત રહે છે. (દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે, તેમાં દહીં ને ખાંડ એક જેવાં માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં-જુદાં જણાય છે; તેવી રીતે દ્રવ્યોના...'** ઉદયનો સ્વાદ રાગાદિ છે. દેખો! દ્રવ્યકર્મ છે તો જડ અને એના તરફનો ભાવ્યભાવ-રાગ થાય એનો સ્વાદ ભિન્ન જાત છે અને ભગવાન જ્ઞાયકસ્વભાવમાંથી પરિણતિ પ્રગટ થાય એનો સ્વાદ રાગથી ભિન્ન છે. આહા..હા..!

**'તેવી રીતે દ્રવ્યનો લક્ષણભેદથી...'** રાગનો સ્વાદ તે કલુષિત અને આકુળ છે. ભગવાન આત્માનો સ્વાદ અકલુષિત અનાકુળ આનંદ છે. આહા..હા..! આવું અંદરમાં ભેદજ્ઞાન થવું એનું નામ ધર્મધારા અને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! પચ્ચખાણ પછી લીધું છે ને આ? પછી પણ જેટલી અસ્થિરતા થાય છે, કહે છે કે એ કર્મના સંબંધે થયેલી વ્યાકુળતા એ મારી ચીજ નહિ. આહા..હા..! હું તો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યસ્વભાવ. હેઠે અર્થ કર્યો છે ને? આ ગાથાનો અર્થ આમ પણ થાય છે. નીચે કર્યું છેને.

જરાય મોહ મારો નથી. હું, મોહનો રાગાદિ એ તો અનેકતા ને બે થઈ ગયા. હું એક છું. આનંદ અને જ્ઞાયકના ભાવરૂપે હું એક છું. એવું ઉપયોગ જ જાણે છે-આત્મા. ઉપયોગને સમયના જાણનારા—એવા આત્માને સમયના જાણનારા મોહ પ્રત્યે નિર્મમ કહે છે. આહા..હા..! અંતરના સ્વભાવની સાવધાનીના ઉપયોગમાં રાગનો સ્વાદ અંદર આવતો નથી, તેના પ્રત્યે નિર્મમત્વ થાય છે, એ આત્મા રાગમાં જોડાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું! ઓલી તો દયા પાળવી એકેન્દ્રિયની સહેલુંસટ હતું લ્યો! શું સહેલુંસટ હતું? એકેન્દ્રિયની એને ક્યાં ખબર છે? એકેન્દ્રિય જીવ ક્યાં છે? જીવ તો જ્ઞાનમય છે. એકેન્દ્રિય ને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, છ કાય એ જીવ નથી કાંઈ.

**શ્રોતા :-** ક્યાં સુધી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્થિરતા વીતરાગ થાય ત્યાં સુધી. તદ્દ્ન જુદો પડે ત્યાં સુધીની વાત લેવી છેને અહીં તો હવે. .. તો આવી ગયું છે, પણ છતાં પહેલાંથી ઉપાડ્યું પાછું. સ્પષ્ટીકરણ વધારે કર્યું છે. આહા..હા..!

ચૈતન્યદળ જે વસ્તુ આખી છે, જીવતર શક્તિના સામર્થ્યવાળું તત્ત્વ, ચૈતન્ય શક્તિના સામર્થ્યવાળું તત્ત્વ, સુખના સ્વભાવના સામર્થ્યવાળું તત્ત્વ, વીર્યના સ્વભાવવાળું સામર્થ્યવાળું એ તત્ત્વ, આહા..હા..! એનો જ્યાં અંતર સન્મુખ થઈને સ્વીકાર થયો ત્યારે તેને આનંદની ધારા પર્યાયમાં વ્યક્તપણે વર્તે છે. આહા..હા..! એ આનંદનો ઉપયોગ તે હું છું, પણ જે રાગાદિ જણાય ભાવકનો ભાવ્ય તે હું નહિ. આહા..હા..! બહુ ઝીણું, ભાઈ!

ધૂળધોયા હોય છેને? શું કહેવાય એ? સોની-સોનીનું હોયને એના મોઢા આગળ. જોયા છેને અમારે ત્યાં ઉમરાળામાં ઘણા પહેલાં. હવે તો બધું (બદલાઈ ગયું). સોનીની મોઢા આગળ.. એમાં ત્રણપણું રહે એને. એક સોનાની કણીનો ખ્યાલ હોય, એક પીત્તળનો ઝીણો કટકો હોય એનો ખ્યાલ હોય, એક આ બંગડીના આંટા હોય છેને બંગડી? એના પીળા આંટા હોય પીળા અને એના ભુક્કાનો કટકો હોય અને એક ધૂળ હોય. ચાર હોય. સમજાણું કાંઈ? અમારે ત્યાં એક હતા મિત્ર હતા રતિલાલ. એની દુકાન મોઢા આગળ. ધોતા હતા. પોણો સો વર્ષ પહેલાંની વાતું છે. ધોતા હતા. મેં કીધું, શું કરે છે આ? જે કણી સોનાની હોયને એનો તોલ હોય વધારે એ લક્ષમાં રહે છે એને, ભારે અને ધૂળની કણી હલકી, એનાથી પીત્તળની કણી કાંઈક વજનદાર અને એનાથી હલકી આ બંગડી. બંગડી હોય છેને પીળા, લીલા આંટા હોય છે અંદર. એનો ભુક્કો થયેલો ઝીણો કટકો હોય પીળો, પણ એ હળવો હોય છે. એ હળવા અને ભારેના લક્ષણથી સોનું ભિન્ન કરી નાખે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દાખલો આપ્યો હતો ધૂળધોયાનો. આહા..હા..! એ તો આવ્યો છેને દાખલો આપ્યો છેને. આહા..હા..!

એમ આ ભગવાન, રાગ અને સ્વભાવ ને ભિન્ન કરનારો ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવનો આશ્રય અને દૃષ્ટિ હોવાથી અને પૂર્ણ આનંદનું ધામ એવા સ્વભાવની સત્તાનો સ્વીકાર હોવાથી તેની વ્યક્તતામાં આનંદના સ્વાદને અને રાગના સ્વાદને તે ભિન્ન જાણે છે. આહા..હા..! આવું સાંભળ્યું ન હોય એણે. આહા..! ભાઈ! ધર્મની ચીજ બહુ સૂક્ષ્મ છે, અપૂર્વ છે. સૂક્ષ્મ છે, અપૂર્વ છે. પૂર્વે કોઈ દી કરી નથી. અનંતકાળમાં બધી ક્રિયાકાંડો ભક્તિ, પૂજા, વ્રત, તપ અનંતવાર કર્યા. એ ઉપદેશ વિરલ છે. આવ્યું છેને? આહા..! ૧૧મી ગાથામાં આવે છે.

રાગ તરફના વલણને છોડી અને ચૈતન્ય સ્વભાવના સામર્થ્ય-શક્તિ તરફના વલણને કરી જે શક્તિમાંથી આનંદની ધારા સ્વાદમાં આવે એ જુદી ચીજ છે, એ એકરૂપે હું છું. એમાં રાગનો બીજો ભાગ એ મારામાં છે નહિ. આહા..હા..!

**'દ્રવ્યોના લક્ષણભેદથી જડ-ચેતનના જુદાં-જુદાં સ્વાદને લીધે જણાય છે...'**

આહા..હા..! ખરેખર રાગ એ પણ જડ છે. કેમકે એમાં ચૈતન્યના જ્ઞાનના કિરણના અંશનો એમાં અભાવ છે. તેથી રાગનો સ્વાદ અચેતનનો કલુષિત છે અને ભગવાન ચૈતન્યનો સ્વાદ અકલુષિત આનંદ છે. એવા ભિન્ન લક્ષણને લઈને બેને જુદાં પાડે છે. આહા..! ગાથા છેલ્લી. તદ્દન જીવ અને અજીવને જુદાં પાડવા છેને? આહા..હા..!

'**મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે...**' આહા..હા..! '**તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે.) આ રીતે ભાવકભાવક જે મોહનો ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.**' એટલે શું કહ્યું? કર્મના નિમિત્તરૂપે જે ભાવક એનાથી થતો ભાવ એ મોહનો ઉદય, તેને આત્માના સ્વભાવના લક્ષણે ભેદજ્ઞાન કરીને તેને જુદું પાડ્યું. આહા..હા..! આવું ઝીણું બહુ છે. છેલ્લી ગાથા એવી છે. જુદું પાડ્યું. આહા..હા..! જુદો પાડ્યો. એ પહેલેથી લે છેને પછી આગળ જાય છે. આહા..હા..! ભાવાર્થ છે. જુઓ, એમાં આવે છે.

'**આ મોહકર્મ છે તે જડ પુદ્ગલદ્રવ્ય છે;...**' એક વાત. '**તેનો ઉદય કલુષ (મલિન) ભાવરૂપ છે;...**' કર્મ જડ છે એ તો અજીવ છે. હવે એના નિમિત્તથી થયેલો રાગાદિ એ ભાવ કલુષિત અને મલિન છે. આહા..હા..! '**મોહકર્મનો ભાવ હોવાથી,...**' '**તે ભાવ પણ, મોહકર્મનો ભાવ હોવાથી,...**' વિકારભાવ રાગાદિ. '**પુદ્ગલનો જ વિકાર છે.**' આહા..હા..! એ જ્ઞાયકભાવની અવસ્થા એ નથી. આહા..હા..! '**આ ભાવકનો ભાવ છે તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે...**' જોયું! રાગ ભાવક જે કર્મ છે તેનાથી થયેલો વિકાર એવો ઉપયોગમાં અનુભવમાં આવે છે '**ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે.**' આ તો ભેદજ્ઞાન કરવું છે એ પહેલાં બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે. જ્યારે તેનું ભેદજ્ઞાન થાય કે ચૈતન્યની શક્તિની વ્યક્તિ તો જ્ઞાન-દર્શનોપયોગમાત્ર છે...**' આહા..હા..! શું કહ્યું એ? ચૈતન્યની શક્તિ જે સામર્થ્ય છે એની વ્યક્તિ તો જ્ઞાન અને દર્શનના પરિણામ છે, આહા..હા..! એની વ્યક્તિ કાંઈ રાગ અને દ્વેષના પરિણામ છે એમ નથી. આહા..હા..! ધીરાનું કામ છે ભાઈ, આ તો. આહા..હા..! આખો દી સંસારમાં રહેવું અને એમાં પાછું આ.. વીતરાગમાર્ગ એવો ઝીણો છે અને અપૂર્વ છે. આહા..હા..!

'**જ્યારે તેનું ભેદજ્ઞાન થાય કે ચૈતન્યની શક્તિની...**' સામર્થ્ય. ચૈતન્ય શક્તિ એટલે ચૈતન્ય સામર્થ્ય. એમાં આવ્યુંને જીવતરશક્તિ, ચિતિશક્તિ. ભાઈ! શું કહેવું છે એમાં કે ચૈતન્યનમાં જીવતરનું સામર્થ્ય છે, જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાનું સામર્થ્ય છે. ચૈતન્યમાં ચિતીશક્તિ જ્ઞાન-દર્શનના સ્વભાવનું સામર્થ્ય છે. પછી જ્ઞાન-દર્શનને ભિન્ન પાડ્યાં, આ પહેલું સામાન્ય કહ્યું. જ્ઞાન-દર્શન એમાં સુખરૂપી શક્તિ છે. ભગવાનમાં સુખનું સામર્થ્ય છે. આત્મ ભગવાનમાં અતીન્દ્રિય આનંદનું સામર્થ્ય છે. આહા..હા..! એમાં અનંતી શક્તિ જે છે એનું સામર્થ્ય બધું.

શક્તિ કહેતા એનું સામર્થ્ય. આહા..હા..! એના સામર્થ્યમાંથી થતી દશા એ જ્ઞાન-દર્શન.. ઉપયોગની વ્યાખ્યા લીધી છેને? ઉપયોગમાં જણાય ખરુંને એટલે લીધું છે. એની વ્યક્તતા-વ્યક્તિ તો જાણવું-દેખવું એવી વ્યક્ત દશા છે. એના જ્ઞાન-દર્શનના શક્તિમાંથી રાગનું પરિણમન થાય એવો એનો સ્વભાવ નથી, એવી એની શક્તિ નથી, એવો એનામાં ગુણ નથી. આહા..હા..! એમાં તો ચૈતન્યશક્તિ એ દ્રવ્ય ને ગુણ બે થયા, એમાં વ્યક્તિ જાણવા-દેખવાની પર્યાય થઈ. આહા..હા..!

વીતરાગમાર્ગના મારગડા જુદાં બહુ. લોકોએ બાહ્ય ક્રિયાકાંડમાં ખુંચાવી દીધો માર્ગને. કેટલાક લોકો કહે છે.. વળી ઓલાએ લખ્યું છે ભાઈ આમાં. આમાં આવ્યું છે એ. નગીન. આ નગીન રામજી. કેટલાક લોકો કહે છે કે આ ચારિત્ર છે એ જડની ક્રિયા. ચારિત્ર એટલે આ વ્રત ને એ. ભાઈ! ચારિત્ર એ ક્યાં હતું? બહુ તો એ વ્રતાદિનો વિકલ્પ હોય તો એ પણ જડ છે, અચેતન છે. એ કાંઈ ચૈતન્યશક્તિની વ્યક્તતા-પ્રગટતા એ નથી. આહા..હા..! આકરું કામ. વસ્તુ ચૈતન્યદળ, ચેતન, ચેતનનું ચૈતન્યપણું એ ચેતન દ્રવ્ય અને ચૈતન્યપણું એની શક્તિ-ગુણ એની વ્યક્તતા તો ચૈતન્યની જ્ઞાન અને દર્શનના ઉપયોગની વ્યક્તતા છે, પ્રગટતા એ છે. એની પ્રગટતામાં રાગ-દ્વેષ આવે એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ભાવક-ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવક-ભાવ. આહા..હા..! જોયું?

'**અને આ કલુષતા રાગદ્વેષમોહરૂપ છે...**' મલિનતા હોં, ભાવ. '**તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલદ્રવ્યની છે,...**' આહા..હા..! નિર્જરામાં લીધું છેને, રાગ તે પુદ્‌ગલનો છે. નહિ? રાગ પુદ્‌ગલનો છે. નિશ્ચયથી વિકાર છે એ ચૈતન્યની કોઈ શક્તિમાંથી વ્યક્તતા નથી. તેથી પુદ્‌ગલકર્મની શક્તિમાંથી નિમિત્ત ભલે જોડાણું, પણ એમાં જે વ્યક્ત રાગ-દ્વેષ થાય એ ખરેખર તો જડ છે. આહા..હા..! આ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એ નિશ્ચયથી જ્ઞાનસ્વભાવના જાણકશક્તિના સામર્થ્યમાંથી આવેલો નથી. આહા..હા..! જાણકશક્તિના સામર્થ્યમાંથી જાણવા-દેખવાના પરિણામ થયા એ રાગને જાણે, પણ રાગ મારો છે એમ એ માને નહિ. આહા..હા..! ચારેય બેઠા છે. આવી ચીજ બાપા ક્યાં (છે)? આહા..હા..!

'**ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ...**' જોયું! ભાવક એટલે કર્મનો ઉદય જે છે એ ભાવક, એનાથી થયેલો રાગ-દ્વેષ તે ભાવકનો ભાવ છે, આહા..હા..! જ્ઞાયકનો ભાવ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી ધીરજ જોઈએ! કેટલો સમતાભાવ સ્વભાવને અવલંબે પ્રગટે ત્યારે એને રાગની કલુષિતતા ઉપયોગથી ભિન્ન ભાસે. આહા..હા..! '**તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલદ્રવ્યની છે,...**' આહા..હા..! '**ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે...**' ભાવકભાવ કર્મના નિમિત્તે જે રાગ થયો એ ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નહિ. આહા..હા..! ભારે આવું ઝીણું પડે. વાણિયાના

વેપારમાં કાંઈ બુદ્ધિની જરૂર ન પડે ત્યાં. વકિલાતને વળી કાંઈ બુદ્ધિની જરૂર પડે જુદી જુદી જાતની. એનો એ વેપાર. ચોખાનો આ ભાવ, ગોળનો આ ભાવ, સાકરનો આ ભાવ. હવે એને આ સમજવું. આહા..હા..! ભાઈ! એનામાં તાકાત છે. એનામાં અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન લેવાની તાકાત છે, પ્રભુ! આહા..હા..! તારી પ્રભુતાની વાતું શું કરવી? આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ ઉત્કૃષ્ટ ભગવત્ જ્ઞાનસ્વરૂપ શુદ્ધસ્વરૂપ અચળસ્વરૂપે બિરાજમાન છે. આહા..હા..! ભગવાન અનંત ઉત્કૃષ્ટ સુખસ્વરૂપ, શાંતિસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ.. આહા..હા..! સ્વભાવનો સાગર છે, એ ચૈતન્યના શાંતિનો સાગર છે. આહા..હા..! એ ઉછાળા મારે ત્યારે ચૈતન્યમાંથી તો આનંદ અને જ્ઞાનની પરિણતિ આવે, કહે છે. એટલે? કે એવું જે ચૈતન્ય સ્વરૂપ છે તેના ઉપર દૃષ્ટિનું જોર જતાં... આહા..હા..! જેમ ફૂવારામાંથી પાણી આવે દાબે સંચો ત્યારે, એમ ભગવાન અનંત શક્તિનું તત્ત્વ છે એમ બરાબર વિશ્વાસમાં બેઠું, રુચિમાં પેઠું, આહા..હા..! ત્યારે જેટલું અંદર દબાણ થયું અંદર સ્વભાવમાં એકાગ્રતા, એટલી આનંદની ધારા વહે, કહે છે. જોયું!

'**ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય...**' જ્ઞાયકભાવનો ભાવ જુદો થાય છે. આહા..હા..! '**અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.**' લ્યો! આહા..હા..! તે રાગ કર્મનો ભાવકનો ભાવ વિકાર. રાગદ્વેષના પરિણામ એ વિકાર કર્મનો ભાવ છે-ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નહિ. આહા..હા..! જેને જ્ઞાયકભાવનો સત્કાર સ્વભાવનો આદર થયો... આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ગુણનું ગોદામ, સ્વભાવનો સાગર, ગુણનું ગોદામ.. આહા..હા..! એ જેને દૃષ્ટિમાં, જોરમાં આવ્યો પ્રતીતમાં, એમાં અહીં સ્થિરતાની વાત છે વધારે, એને અંતરમાં સ્થિરતા થતાં શક્તિની વ્યક્તતાઓ જ્ઞાન અને આનંદની થાય છે. એને રાગના ભાવના ભાવકથી એ ભિન્ન પડે છે. આહા..હા..!

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः
शुद्धचिद्घनमहोनिधिरस्मि।।३०।।

એનું હરિગીત છે. હરિગીત શું દોહો. ભાઈનો બનારસીદાસનો. આનો. 'કહે વિચચ્છન પુરુષ' આ એનો દોહરો છે. છે આમાં. કેટલામો છે?

કહે વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,
અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં.
મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,
શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩.

આ તો ઘણીવાર સંપ્રદાયમાં કહ્યું હતું હોં! સંપ્રદાયમાં પણ ચાલતું હતુંને. સાંભળતા હતા લોકો. આહા..હા..! નિજાત્માના સત્ સ્વરૂપ.. અડિલ્લ છંદ છે. અડિલ્લ છંદ હશે.

'**કહે વિચ્છન...**' સમ્યગ્દૃષ્ટિને અહીંયાં વિચિક્ષણ કહેવામાં આવ્યો છે. 'કહે વિચ્છન પુરુષ સદા મૈં એક હૌં,...' રાગના સંબંધવાળો હું નહિ. આહા..હા..! હું તો જ્ઞાયકની પરિણતિ નિર્મળના સ્વભાવથી એકરૂપે છું. મારા એકમાં બગડો ભાવ રાગનો એ બગાડ મારામાં નથી. આહા..હા..! '**અપને રસસૌં...**' '**હું સદૈવ એકલો છું, પોતાના જ્ઞાન-દર્શન રસથી ભરપૂર પોતાના જ આધારે છું.**' પોતાના જ આધારે છું. આહા..હા..! પર્યાયનો દોર ચૈતન્યના ધ્રુવ ઉપર લાગ્યો છે. સમજાણું કાંઈ? પર્યાયનો દોર-ધારા ત્યાં દ્રવ્ય ઉપર જાય છે. એટલે કહે છે કે હું '**પોતાના જ્ઞાન-દર્શન રસથી ભરપૂર પોતાના જ આધારે છું.**' હું તો મારા જ આશ્રયે છું, રાગનો આશ્રય મારે છે નહિ. આહા..હા..! ભારે આવો માર્ગ, ભાઈ! બનારસીદાસ તો કહે છે એમાં કે એ વખતે તો ઘર-ઘર નાટક કથા વખાણી.. એવું આવે છે આમાં. તે દી એવો પ્રચાર હતો કહે છે. આમાં છે, પાછળ છે. આહા..હા..!

'**પોતાના જ્ઞાન-દર્શન રસથી...**' જ્ઞાન-દર્શનની રુચિ થઈને એ જ્ઞાન-દર્શનનો રસ થયો એને. આહા..હા..! જે રાગનો રસ ને રુચિ હતી એ રસ નીકળી ગયો. રસની વ્યાખ્યા? એક જ્ઞાયકમાં એકાકાર થવું અને બીજે ન જાય એનું નામ રસ. વ્યાખ્યા આવે છે અદ્ભુત રસમાં. આઠ રસની વ્યાખ્યા આવે છે આમાં. આહા..હા..! '**ભ્રમજાળનો કૂપ મોહકર્મ...**' આહા..હા..! '**મોહ કર્મ મમ નાંહિ...**' ભાવકના ભાવથી ઉત્પન્ન થયેલી વિકારદશા એ પર તરફના સાવધાનની દશા એ મારી નહિ. આહા..હા..! અહીં તો હજી પૈસા હું, બાયડી હું, છોકરા હું. ક્યાંય સલવાઈ ગયો. આહા..હા..!

'**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ.**' ભ્રમણાનો કૂવો છે. રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપના વિકાર ભ્રમણાનો કૂવો છે. આહા..હા..! '**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ, સુદ્ધ ચેતના સિંધુ...**' છેને છેલ્લું? '**शुद्धचिद्घनमहोनिधिरस्मि**' એનો અર્થ કર્યો છે. '**શુદ્ધ ચેતના સિંધુ...**' આહા..હા..! શુદ્ધ ચેતનાનો દરિયો છું હું તો એકલો. સમજાય છે કાંઈ? આહા..હા..! '**હમારો રૂપ હૈ.**' '**ભ્રમજાળનો કૂપ મોહકર્મ મારું સ્વરૂપ નથી! નથી! મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યસિંધુ છે.**' આહા..હા..! એ આ શ્લોકનો છે. એ કોકે કીધું હશે આ બધું ભરવાનું. ભાઈએ કીધું હશેને? મેનેજરે કીધું હશે? હમણાં અહીં બે દી માટે કેમ કીધું?

'**આ લોકમાં હું પોતાથી જ પોતાના એક આત્મસ્વરૂપને અનુભવું છું...**' આહા..હા..! જીવ(અધિકાર)ની આખરની ગાથાઓ છેને બધી. મારું સ્વરૂપ જીવ એટલે જ્ઞાયકસ્વરૂપ. તેને હું વેદનમાં જ્ઞાયકને વેદું અને અનુભવું છું. મારા વેદનમાં રાગનું વેદન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હજી પકડવામાં કઠણ પડે એ પ્રયોગ કરીને (અનુભવ

ક્યારે કરે?). આહા..હા..! એવો માર્ગ અપૂર્વ છે, ભાઈ! વીતરાગ જિનેશ્વરદેવ, જેણે આ કેવળજ્ઞાનમાં બધું જોયું, જાણ્યું, પ્રત્યક્ષ ત્રણકાળ, ત્રણલોક. આહા..હા..! એની દિવ્યધ્વનિમાં આવેલો આ માર્ગ છે. સંતો એની વાત સર્વજ્ઞને અનુસારે કરે છે. આહા..હા..! ચિઠ્ઠીમાં નથી લખ્યું? ચિઠ્ઠીમાં બતાવ્યું નહોતું? પરમાર્થ-વચનિકા. સુમતિ પ્રમાણ કેવળીના વચનાનુસાર આ.. પરમાર્થ-વચનિકા બનારસીદાસ કહે છે. લે! સુમતિ પ્રમાણ કેવળીના વચનાનુસાર આ ચિઠ્ઠી છે. ભાગ્ય હશે એ સમજશે. એમ છેને? બતાવ્યું હતું નહિ? આહા..હા..!

**'सर्वतः स्व-रस-निर्भर-भावं' 'જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...'** પરિણમન એટલે એના પરિણામ સ્વભાવવાળું ત્રિકાળ. એને હું અનુભવું છું. અનુભવવું એ વેદન છે. ચૈતન્યનું પરિણમન જે ચૈતન્યના સ્વભાવથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે. આહા..હા..! **'માટે આ મોહ મારો કાંઈ પણ લાગતોવળગતો નથી...'** આહા..! **'कश्चन नास्ति नास्ति'** આહા..હા..! **'એને અને મારે કાંઈ પણ નાતો નથી.' 'शुद्ध-चिद्-घन-महः-निधिः अस्मि' 'હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું.'** આહા..હા..! એમ પરિણમનમાં વેદે છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય આનંદનો સાગર. આહા..હા..! એક-એક શક્તિ જે કીધીને? જીવતરશક્તિ, ચિતિ, દશી, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ એ એક-એક શક્તિનું અનંત સામર્થ્ય છે. શક્તિ એનો અર્થ એ છે કે સામર્થ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા અનંત શક્તિના સામર્થ્યવાળું મારું તત્ત્વ તે હું આનંદના અનુભવમાં રહું છું. આહા..હા..!

**'હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું.'** એ વસ્તુ તો (ખરી) પણ પરિણતિ એમ કહે છે કે હું આ છું. સમજાણું કાંઈ? આહા..હા..! પાગલ જેવું કહે એવું છે બધું. ઘણા કહે, આવો ધર્મ કેવો કાઢ્યો? કેટલાક એમ કહે. સોનગઢે આવો નવો ધર્મ કાઢ્યો. આહા..હા..! કોણે પણ? શું છે આ? અહીંનું છે આ? અનાદિનું આ છે. આહા..હા..! શુદ્ધ ચિદ્ઘન. જ્ઞાનનો સમૂહ શુદ્ધ. આહા..હા..! એનું નિધાન. એમ શુદ્ધ આનંદઘનનો નિધાન, શુદ્ધ વીર્યઘનનો નિધાન, શુદ્ધ કર્તાશક્તિનો ભંડાર પૂર્ણ. આહા..હા..! કર્મ નામની શક્તિનો પણ પૂર્ણ ભંડાર. લ્યો, વળી કર્મશક્તિ ત્યાં આવી. આહા..હા..!

કર્મના પ્રકાર છે. એક જડની અવસ્થા થાય એ પણ કર્મ કહેવાય, કોઈપણ જડની અને એક કર્મની અવસ્થા છે એ પણ કર્મ કહેવાય, એક રાગ-દ્વેષના પરિણામને પણ કર્મ કહેવાય, એક નિર્મળ પરિણતિને પણ કર્મ કહેવાય અને એક ત્રિકાળી શક્તિને પણ કર્મ કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીરાદિની અવસ્થા છેને? એ એના કર્તાનું કર્મ છે. કર્તા જડ એનું એ કર્મ છે આ પર્યાય. એક વાત. હવે કર્મ જેને કહીએ એ પણ કર્તાનું પરિણામ એ કર્મ જડની પર્યાય એ કર્મ છે. ત્રીજો, પુણ્ય-પાપના વિકાર મિથ્યાત્વના ભાવ એ પણ એક કર્મ છે. ભાવકર્મ વિકારી કર્મ. ત્રીજું આત્માના આનંદના વેદનની ક્રિયા જે શુદ્ધ થાય એ શુદ્ધનો

અનુભવ એ પણ નિર્મળ પરિણામરૂપી કર્મ છે. આ જે છે એ તો ત્રિકાળી કર્મરૂપી શક્તિ મારી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મરૂપી શક્તિ છે, કાર્ય થવાનું એનામાં સામર્થ્ય છે. આહા..હા..! લ્યો, અહીં તો એમ આવ્યું હતું વિચારમાં પહેલું કે કાર્ય થવાનું એનામાં સામર્થ્ય છે એટલે? એના કાર્યને નિમિત્તની અને પરની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મશક્તિ-કાર્ય થવાની એનામાં શક્તિ ત્રિકાળ પડી છે. આહા..હા..! એવો ચૈતન્યઘન સિદ્ધ તે હું છું. આહા..હા..! એવું જેને અનુભવમાં આવે એ અનુભવ પણ એક નિર્વિકારી કર્મ છે એટલે કાર્ય છે. આહા..! સમજાણું કાંઈ? એને મોક્ષમાર્ગ કહે છે. આહા..! મોક્ષમાર્ગ પણ કર્મ છે. પર્યાય છેને.

કર્મ નામનો ગુણ છે એમાંથી પર્યાયનું કાર્ય કર્મથી આવે છે. સમજાણું? અને તેથી તે કર્મનો ગુણ અનંતા ગુણના રૂપમાં પણ લાગુ પડે છે. ગુણમાં ગુણ નહિ પણ ગુણમાં બીજાનું રૂપ છે. ચિદ્‌વિલાસમાં આવે છે. ચિદ્‌વિલાસમાં આવે છે. એક ગુણમાં બીજો ગુણ નહિ પણ એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે. તો એ કર્તાનું, કર્મનું રૂપ અનંતા ગુણમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચિદ્‌વિલાસમાં છે. એક ગુણમાં ગુણ ન હોય, ગુણ આશ્રિત ગુણ ન હોય, ગુણ દ્રવ્ય આશ્રયે હોય, પણ એક ગુણમાં બીજા ગુણના રૂપનું સામર્થ્ય છે. આહા..હા..! જેમ જ્ઞાન છે એમાં પણ એક કર્તા નામનું સામર્થ્ય છે. એ કર્તાગુણ છે એ ભિન્ન, પણ જ્ઞાનમાં એ કર્તા નામનું સામર્થ્ય છે. આહા..હા..! એમાં કર્મ નામનું સામર્થ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો શુદ્ધ ચૈતન્યઘનનો નિધિ તે હું છું એમ કહે છે. આહા..હા..! અરે..! એના સ્વભાવના સામર્થ્યની શું શક્તિ છે! એ રાગરૂપે થવું એ મારી શક્તિ-કોઈ ગુણ નથી એમ કહે છે. આહા..હા..!

'**शुद्ध-चिद्-घन**' શુદ્ધ આનંદઘન, શુદ્ધ જ્ઞાનઘન, શુદ્ધ દર્શનઘન, શુદ્ધ વીર્યઘન એવા અનંતા ગુણનો ઘન સમૂહ. '**महः**' આહા..હા..! તેજ એનો નિધિ, એનો '**अस्मि**'. એ હું છું. આહા..હા..! ભાઈ! એમાં કેટલો પુરુષાર્થ જોઈએ! સમજાણું કાંઈ? વીર્યનો વેગ જ્યાં અંતરમાં વળે છે, તો કહે છે કે હું તો પૂર્ણસ્વરૂપ નિધિ છું. રાગ નથી, પુણ્ય નથી, શરીર નથી, પણ હું અલ્પજ્ઞ પણ નથી અને એક ગુણરૂપ નહિ પણ એવા અનંતગુણનો નિધાન ખાણ છું આખી. આહા..હા..! એમ ધર્મી અનુભવે છે. '**કહે વિચ્છન...**' છેને ત્યાં. આહા..હા..!

'**એવી જ રીતે, ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી, રાગ,...**' લેવો. રાગના ભાવકપણે હું નથી. એ રાગ પણ કર્મનું ભાવક છે તે ભાવ્ય. હું એનો જ્ઞાયકપણામાં-જ્ઞાનમાં જાણવાલાયક એ ખરું, પણ એ મારા જ્ઞાનની પર્યાયમાં રાગ આવે એવો હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ '**દ્વેષ,...**' દ્વેષ પણ એક કર્મ ભાવક છે તેનું ભાવ્ય છે. જ્ઞાયકભાવ છે તેનો એ ભાવ નહિ. આહા..હા..! જ્ઞાયકનો ભાવ તો દ્વેષને લક્ષમાં લીધા વિના જાણવાના ભાવરૂપ એનો ભાવ છે. આહા..હા..!

એમ '**ક્રોધ,...**' ક્રોધનો ભાવકનો ભાવ છે, એ મારા જ્ઞાયકનો ભાવ નથી. જ્ઞાયકના ભાવરૂપે જે જ્ઞાન થાય એ જ્ઞાનમાં ક્રોધ જણાય એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! એ જ્ઞાનનો પર્યાય જ સ્વપરપ્રકાશરૂપ વ્યક્ત થાય છે તે હું છું. ક્રોધ છે તે હું નહિ. આહા..હા..! એય..! આ પ્રવિણની વાત આવે છે-વિચિક્ષણ. આહા..હા..! ભગવાનના મુખે દિવ્યધ્વનિ આવતી હશે અને ઇન્દ્રો અને ગણધરો સાંભળતા હશે. લોકના આખા સ્વામી. અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર દક્ષિણના. ઉત્તરના સ્વામી ઈશાન ઇન્દ્ર. એવા ઇન્દ્રો સભામાં હશે. આહા..હા..! અને ભગવાનના શ્રીમુખે વાણી-અમૃતનો ધોધ વહેતો હશે! એમાં કેટલું સ્પષ્ટીકરણ હશે!! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આચાર્યો આટલી વાત કરે છે જુઓ. છદ્મસ્થ પાંચમા આરાના મુનિઓ એમ કહે છે, અમે તો પૂર્ણ નિધિ છીએ. એમાંથી અનંત આનંદ અને અનંત જ્ઞાન વહ્યા કરે તો એ ખૂટે નહિ એવો હું નિધિ છું. આહા..હા..! મારી પર્યાયમાં જ્ઞાન ને આનંદના હિલોળા ઊઠે પૂર્ણના. તોપણ ખૂટે નહિ એવો હું આત્માનિધિ છું. આહા..હા..! આવડો આત્મા છે એ એને પ્રતીતમાં આવતો નથી. પામર તરીકે માન્યો છે એને. આહા..હા..! હું રાગવાળો છું, પુણ્યવાળો છું, પૈસાવાળો છું, બાયડીવાળો છું, છોકરાવાળો છું, ધૂળવાળો છું. આહા..હા..! પણ આવો નિધિ છું હું એક. જગતમાં મહાનિધાન અનંતગુણનો નિધાન ભગવાન એવી પરિણતિનો પોકાર છે. સમજાણું કાંઈ? પરિણતિ કહે છેને આ. વસ્તુ તો છે એ. હું આવો છું એ તો કોણ જાણે છે? પરિણતિ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ક્રોધને લેવો.

'**માન,...**' છે? માન. '**માયા,...**' કાયા એમ કેમ થયું? માન. હા, માયા. ઓલું તો સંસ્કૃતમાં ગયું. '**લોભ,...**' એ કર્મ છે એ ભાવકનું ભાવ્ય એનું છે, મારું નહિ. આહા..હા..! શરીર, વાણી, મન એ મારા નહિ. મન મારું નહિ, વચન મારા નહિ, કાયા મારી નહિ. આહા..હા..! એમ પાંચેય ઇન્દ્રિયો મારી નહિ. આહા..હા..! '**શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન—એ સોળ પદનાં જુદાં-જુદાં સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' અસંખ્ય પ્રકારના વિભાવભાવ શુભ-અશુભ એ બધા લેવા. એ રૂપે હું નહિ. આહા..હા..! એ કર્મના ભાવકનો ભાવ. જ્ઞાયકના ભાવકનો એ ભાવ નહિ. આહા..હા..! એ ૩૬ ગાથા થઈ. એ મોહ અને વિકાર એની સાથે લીધું.

'**હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :-**' આ ૩૭માં જ્ઞેય (લ્યે છે). આત્મા સિવાય સર્વજ્ઞ પરમેશ્વર, સિદ્ધ, અનંત નિગોદ, છ દ્રવ્ય, બધા બીજા આત્માઓ એ બધા જ્ઞેય છે. એનાથી ભેદજ્ઞાનની વ્યાખ્યા કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❈ ❈ ❈

## મહા સુદ-૬, શનિવાર, તા. ૨૧-૦૨-૧૯૭૬, ગાથા-૩૭, પ્રવચન નં. ૮૩

૩૭ ગાથા. ભાઈ ગયા? ભાવનગર ગયા. ઠીક.

'**હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :-**' ૩૭ ગાથા.

**णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३७।।**

નીચે હરિગીત.

**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.**

ટીકા. શું કહે છે? આ જીવ-અજીવ અધિકાર છેને? એટલે જ્ઞાયક એવો જીવનો પોતાનો સ્વભાવ છે એમાં જ્ઞેય જાણે, જ્ઞેય જાણવામાં આવે. એ જાણવામાં આવે છે એ પણ જ્ઞાનની પરિણતિ છે, એ કંઈ જ્ઞેયની પરિણતિ નથી. અને તે જ્ઞેય છે એ મારા માને—ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ છ દ્રવ્ય, સમજાણું? કે દેવ-ગુરુ ને શાસ્ત્રનો આત્મા એ પર બધા જ્ઞેય છે. જ્ઞેયથી મને લાભ થાય એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. એ જીવના સ્વરૂપને જાણતા નથી. એમ કહે છે અહીંયાં. જુઓ!

ટીકા :- '**પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે,...**' કોણ? જ્ઞાનની પરિણતિની દશા, જ્ઞાનના પ્રકાશની પરિણતિની દશા એ '**પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે,...**' એ જ્ઞેયોને જાણે છે માટે જ્ઞેયને કારણે જ્ઞાનની પરિણતિ થઈ છે એમ નથી. આહા..હા..! નિજજ્ઞાનના રસથી જે પ્રગટ થયેલ છે. '**નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે...**' ચૈતન્યની પરિણતિ પ્રકાશમય એવી છે કે તે ફેલાવ જેનું નિવારણ ન કરી શકે. એ રસની જ્ઞાનની પરિણતિ જ પોતાના પ્રકાશથી પરિણમી રહી છે.

'**સમસ્ત પદાર્થોને ગ્રસવાનો જેનો સ્વભાવ છે...**' આહા..હા..! બધા જ્ઞેયો. ચાહે તો શરીર હો, ચાહે તો મૂર્તિ હો, ચાહે તો ભગવાન હો, ચાહે તો દેવ હો, ગુરુ હો, શાસ્ત્ર હો એ બધા જ્ઞેયને, જ્ઞેયને કારણે નહિ પણ પોતાના સ્વભાવમાં તે બધાને જાણવાનો સ્વભાવ છે. આહા..હા..! છે? '**સમસ્ત પદાર્થોને ગ્રસવાનો...**' એટલે ગળી જવાનો એટલે જ્ઞાનમાં પરિણમન થઈ જવાનો. એ જ્ઞેયને લઈને નહિ, જ્ઞાનનું પરિણમન નહિ. અરીસામાં જે પરચીજ જણાય છે એ પરચીજ નથી એમાં અને તે પરચીજને લઈને અરીસામાં પરિણતિ નથી.

અરીસાની સ્વચ્છતાને લઈને પરચીજનો એમાં ભાસ થાય છે કે આ જાણે આમાં હોય. એ અરીસાની સ્વચ્છતાની દશા છે. એ જ્ઞેય જે સામી ચીજ છે એને લઈને એ પરિણતિ અરીસાની થઈ છે એમ નથી. સમજાણું કાંઈ?

એમ આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાની જ્ઞાનની દશામાં પરચીજને જાણવાનો– ગ્રસવાનો, ગ્રસવાનો એટલે કોળિયો કરી જવાનો, આહા..હા..! સ્વભાવ છે. છે? '**સમસ્ત પ્રદાર્થોને ગ્રસવાનો** (ગળી જવાનો)...' જાણવાનો '**જેનો સ્વભાવ છે એવી પ્રચંડ ચિન્માત્રશક્તિ** વડે...' પ્રચંડ જ્ઞાનમાત્રના સામર્થ્ય વડે '**ગ્રાસીભૂત કરવામાં આવ્યાં હોવાથી,...**' જ્ઞાનમાં બધા જણાવામાં-જાણવામાં આવ્યા હોવાથી '**જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય–**' જાણે જ્ઞાનમાં જ્ઞેયો આવી ગયા હોય. '**જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યાં હોય એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે...**' ચાહે તો સર્વજ્ઞ પરમેશ્વર હો કે સમવસરણ હો, મંદિર અને મૂર્તિ એ બધાને જાણવાના ચૈતન્યના પ્રકાશના સામર્થ્યથી એને જાણવાનો સ્વભાવ છે. તે બધી ચીજને જાણે ગળી જાય એવો એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવાં આ ધર્મ,...**' ધર્માસ્તિ પદાર્થ છે એ ભગવાને જોયેલો છે. સર્વજ્ઞ સિવાય એ ધર્માસ્તિ, અધર્માસ્તિ કોઈએ જોયું નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જિનેશ્વરે પરમાત્માએ ધર્માસ્તિ અને અધર્માસ્તિ બે દ્રવ્યો કહ્યાં એ જગતની ચીજ છે. એ સર્વજ્ઞ સિવાય બીજે છે નહિ. કહે છે, પણ એ ધર્માસ્તિકાય લોકપ્રમાણે છે. '**અધર્મ,...**' એ પણ લોકપ્રમાણે. ગતિ કરવાના, ગતિ કરનાર પોતાથી ગતિ કરે ત્યારે ધર્માસ્તિ નામનો પદાર્થ તેમાં નિમિત્ત થાય એવું એક તત્ત્વ છે. ગતિ કરીને સ્થિર થાય ત્યારે એ બીજી એક ચીજ છે એ સ્થિરમાં નિમિત્ત કહેવાય, પણ પોતે થાય પોતાને કારણે સ્થિર. ગતિ પણ પોતાને કારણે કરે. ધર્માસ્તિ ગતિ કરાવે કે અધર્માસ્તિ એને સ્થિર કરાવે એમ નથી. આહા..હા..!

'**આકાશ,...**' લોક અને અલોકમાં આકાશ વ્યાપક છે. એ જ્ઞાનનું જ્ઞેય છે એટલે જ્ઞાન તેને જાણી લે, તેને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. એના સંબંધીની પોતાની જે જ્ઞાનદશા તે રૂપે પરિણમતો પોતાને જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આકાશ, કાળ,...**' અસંખ્ય કાળ છે એક લોકમાં. શ્વેતાંબરે એ માન્યો નથી. સમજાણું? અહીં તો વસ્તુ છે. કાળ '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' દ્રવ્ય છે. એવા અસંખ્ય કાળાણું છે, એને પણ જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે. એ જ્ઞેય છે માટે જાણવાનો સ્વભાવ છે એમ પણ નથી. આહા..હા..! પોતે જ તે કાળે ચૈતન્યની શક્તિના વિકાસના સામર્થ્યથી જે જ્ઞેયો અનંત છે તેને તે જાણી– જાણવાભાવે એને ગળી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્ગલ,..**' અનંત રજકણ, કર્મ, શરીર, વાણી એ બધા પુદ્ગલો પરજ્ઞેય તરીકે જગતમાં અસ્તિ ધરાવે છે, તેને જ્ઞાન જાણવાના સામર્થ્યથી જાણે છે. આહાહા..! '**અન્ય જીવ...**'

નિગોદના જીવો, સિદ્ધના જીવો, દેવનો જીવ, ગુરુનો જીવ, સ્ત્રી, કુટુંબ આદિના જીવો એ બધા અન્ય જીવ છે. એ જ્ઞાનમાં તેને પોતામાં રહીને તે જ્ઞેયના આશ્રય ને અવલંબન વિના પોતાનો સ્વભાવ સ્વપર પ્રકાશવાના સામર્થ્યથી પ્રકાશે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...**' આહા..હા..! કહો, પોપટભાઈ! આ બધા હસમુખ ને ક્યાં જાતા હશે બધા? કહે છે કે એ તો પરજ્ઞેય છે, એ જીવનું જ્ઞેય નથી. જીવનો દીકરો નથી, જીવના પૈસા નથી. આહા..હા..! એ જ્ઞેય છે તેને પોતાના સ્વભાવના સ્વપરપ્રકાશના સામર્થ્યથી જાણવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? તો ધર્મીજીવ એમ જાણે છે કે એ મારાં સંબંધી નથી. આહા..હા..! અરિહંતદેવ પણ મારા સંબંધી નથી. આહા..હા..! હવે ભાઈ દેવ-ગુરુ તો રાખો એને. ઓલા કહેતા હતા તે દી. વીરચંદભાઈ હતાને? વીરચંદ ભુરા. એ ત્યાં અગાસે જતાને બહુ એટલે એને... (સંવત) ૨૦૧૦ની સાલની વાત છે. વ્યાખ્યાન ચાલતું હતું એમાં. દેવ-ગુરુ એ પણ પર છે. એ તો શુદ્ધ છે એ પર? એમ પ્રશ્ન કર્યો. એના એક ભાઈ આવે છે આપણે શિવલાલભાઈ એના દીકરા. એ શુદ્ધ છેને? પણ શુદ્ધ છે એટલે શું પણ? કીધું. એમ કે શુદ્ધ છે એ તો પોતાના હોયને. અરે..! એ શુદ્ધ પરમપવિત્ર પરમાત્મા અને અનંત સિદ્ધો એ શુદ્ધ હોવા છતાં પોતાથી તો પર છે અને તેને માનવા એ પણ એક વિકલ્પ છે. આ સિદ્ધ છે, પંચપરમેષ્ઠી છે એમ માનવા એ વિકલ્પ છે. એને જ પોતામાં પોતાના સામર્થ્યથી એ જ્ઞેયને ગળી જવાનો એટલે કે જ્ઞાનમાં રમણતાના પરિણમનમાં થવાનું જ્ઞાન એવો એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...**' આહા..હા..! શરીર, કર્મ એ મારા સંબંધી નથી એમ કહે છે. આઠ કર્મ છેને જડ? એ પુદ્ગલ છે, એ મારાં સંબંધી નથી. આહા..હા..! કર્મ તો જીવને હોયને? અહીં કહે છે, ભગવાન! એક વાર જો તો ખરો. તારું ચૈતન્યનું સામર્થ્ય કેટલું છે! તું ચૈતન્ય જ્ઞાનપ્રકાશની મૂર્તિ છો. આહા..હા..! એવો જે જ્ઞાનનો સ્વભાવ તે પર અને પરના આશ્રય વિના પરની હયાતી છે માટે પરને પોતામાં જાણે છે એમ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે.

**શ્રોતા :-** ધર્મ કેમ થાય? એ તો કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શેની વાત ચાલે છે આ? એ પરપદાર્થનું જ્ઞાન કરવાનો મારો સ્વભાવ છે એનું નામ ધર્મ. ધર્મ એટલે શું? પરપદાર્થ અને મારે કાંઈ સંબંધ નથી, પણ પરપદાર્થ સંબંધીનું જ્ઞાન કરવામાં મારામાં સ્વપરપ્રકાશનું સામર્થ્ય છે. એ સ્વપરપ્રકાશના સામર્થ્યને પરિણમન કરવું સ્વનું આ એનું નામ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. છે?

'**એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...**' જ્ઞેય જ્ઞાયક સંબંધ કહેવો એ વ્યવહાર છે. આહા..હા..! ભગવાન આ લોકાલોક છે માટે કેવળજ્ઞાનીની પરિણતિ, લોકાલોકની હયાતી

છે માટે થાય છે એમ નથી. એ અહીં કહે છે. જ્ઞાનનું પરિણમન પોતાના સ્વભાવનું સામર્થ્ય એટલું છે કે સ્વને જાણે, પરને પરની હયાતી હોવા છતાં, પરની હયાતીને લઈને નહિ, પણ પોતાના જ્ઞાનના સત્તાના સામર્થ્યને લઈને સ્વ-પરને જાણે છે. આહા..હા..! બહુ ... અત્યારે ગડબડ એટલી થઈ ગઈ બધી. આહા..હા..! ભગવાનથી લાભ ન થાય કાંઈ? ભગવાનની વાણીથી (લાભ ન થાય?). વાણી પણ જ્ઞેય છે. વાણી ભગવાનની અને ભગવાન પોતે પરજ્ઞેય છે. એ વાણીને સાંભળતા વાણીથી લાભ થાય એમ નથી, એ તો પરપદાર્થ છે. આહા..હા..! પરપદાર્થને પરપદાર્થની હયાતીમાં હયાતીને, એની હયાતીને કારણે નહિ પણ પોતાનો સ્વપરપ્રકાશક જ્ઞાનના સામર્થ્યની પરિણતિ છે એમાં એ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

૩૨૦ ગાથામાં ત્યાં સુધી કહ્યું નહિ? ૩૨૦, સમયસાર. એ તો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એ બંધને જાણે, જાણે હોં! મોક્ષને જાણે, ઉદયને જાણે, નિર્જરાને જાણે. હવે શું બાકી રહ્યું? આહા..હા..! ઉદય પણ જ્ઞેય પર તરીકે છે, બંધ પણ પર તરીકે જ્ઞેય છે, આહા..હા..! અને કર્મનું છૂટવું એવું એ પણ પર તરીકેનું જ્ઞેય છે. આહા..હા..! ઉદયને જાણે, નિર્જરાને જાણે. આહા..હા..! એ તો જ્ઞાનસ્વભાવી પ્રભુ છેને. એ ઉદયને જાણે, બંધને જાણે, નિર્જરાને જાણે ને મોક્ષને જાણે, બસ! આમ લીધું છે. '**दिट्ठी जहेव णाणं**' જેમ દૃષ્ટિ પરને જાણવાનું કામ કરે, પણ દૃષ્ટિ પરને ટકાવાનું, પરને બદલવાનું, પરનું પરિણમન કરવાનું, પરનું પરિણમન ફેરવવાનું એ દૃષ્ટિ કામ ન કરે. આહા..હા..!

એમ ભગવાન આત્મા લોકની આંખ-દૃષ્ટિ ચૈતન્યની એનું પરિણમન એ જ્ઞાનનો ભાવ એ બધા દ્રવ્યોને જ્ઞેય તરીકે પોતાના સામર્થ્યથી પોતામાં રહીને પરના સ્પર્શ વિના જાણવાનો સ્વભાવ છે. તો હવે આમાં પરની દયા પાળી શકું એ આમાં નથી આવતું એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** બીજા શાસ્ત્રોમાં આવે છે. સ્થાનકવાસીમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાંય આવતું નથી, એ તો માને છે. પણ ખરેખર તો એમાં નથી બિચારાને. આ આવે છેને હમણાં લખાણ જુઓને, કાયાની ક્રિયા કરી શકાય છે. કેટલાક લોકો કહે છે કે કાયાનું કાંઈ કરી શકે નહિ. નગીનમાં આવ્યું છે. આજે પણ આવ્યું છે પાછું. અરે..! એને બિચારાને મળ્યું નથી તત્ત્વ. આહા..હા..! શ્વેતાંબર સંપ્રદાયમાં એ ચીજ આટલી સ્પષ્ટ છે એવું એમાં છે નહિ અને પાછળથી નીકળ્યા એટલે બધું કલ્પિત બનાવ્યું. અરે..! પ્રભુ શું કરે? અરર..! આવો ધર્મ! આ તો સનાતન માર્ગ છે. અનાદિનો વસ્તુનો સ્વભાવ. સ્વપરપ્રકાશના સામર્થ્યવાળું સ્વતત્ત્વ એ પરને પ્રકાશે છે એ પરની હયાતી (છે) માટે પ્રકાશે છે એમ નથી. એ અહીં કહેવું છે. આહા..હા..!

**શ્રોતા :-** પરને પ્રકાશે છે એમ પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર સંબંધીનું પોતાનું જ્ઞાન છે તેને પ્રકાશે છે. આહા..હા..! ભારે ઝીણી વાત, ભાઈ! એમાં આ પૈસા મારા, બાયડી મારી, મારો દેશ. દેશને માટે મરવું. નથી કહેતા લોકો? શહીદ થાવું શહીદ. અરે..! ભગવાન! બાપા! કોના દેશ ને કોના પરદેશ! તારો દેશ તો પ્રભુ અસંખ્ય પ્રદેશી છે. એમાં તો અનંતગુણની પ્રજા વસે છે. આહા..હા..!

એમ અહીં તો પ્રધાન જ્ઞેય અને જ્ઞાયકની વાત કરવી છેને? જેનું સામાન્ય, જેનું બીજા ગુણો કરતાં એ જ્ઞાનસ્વભાવ અસાધારણ શક્તિ ધરાવે છે. બીજી શક્તિઓ નિર્વિકલ્પપણે સત્તા ધરાવે છે, પણ જ્ઞાનશક્તિ તો સવિકલ્પ નામ સ્વને, પરને જાણવાના સામર્થ્યવાળી એક જ શક્તિ એ છે. આહા..હા..! એટલે કે પરની દયા પાળી શકું કે પરને મારી શકું કે પર પાસેથી કાંઈ લઈ શકું, આ શાસ્ત્રને જાણતા શાસ્ત્રમાંથી આ જાણવાની પર્યાય આવે છે એમ નથી, એ તો પરજ્ઞેય છે. પુદ્‌ગલમાં જાય છે આ. આહા..હા..!

જ્ઞાયક ભગવાન આત્મા સ્વપરપ્રકાશના સ્વભાવથી જાણવાના ચૈતન્યના સામર્થ્યવાળો છે. આહા..હા..! એ ચૈતન્ય હીરલો, ચૈતન્યસૂર્ય એ એમ માને છે ધર્મી, મારે ને પરને કાંઈ સંબંધ નથી. છે? **'મારાં સંબંધી નથી;...'** એ દેવ મારા સંબંધી નથી, ગુરુ મારાં સંબંધી નથી, એ મંદિર ને દેરા મારા નથી, મારા સંબંધી નથી એમ કહે છે. આહા..હા..! હું ચૈતન્ય સ્વરૂપી ભગવાન આત્મા પરને પરમાં રહ્યા વિના, પરમાં ગયા વિના અને પરવસ્તુ આમાં આવ્યા વિના હું એ જાણવાના સ્વભાવવાળો છું એમ સમકિતી માને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મારાં સંબંધી નથી; કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું...'** જોયું! હું તો જ્ઞાયકસ્વભાવનું રસ તત્ત્વ, જાણકસ્વભાવના સત્‌નું સત્ત્વ, આત્મા સત્ એનું જ્ઞાયકસત્ત્વ. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ, ચૈતન્યસૂર્ય એવા **'એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું...'** જોયું! અંતરંગ. અંતરંગતત્ત્વ તો જ્ઞાયક તે હું છું. આહા..હા..! આ છોકરાઓને એનો બાપ ભણાવે, મોટા કરે, પાળી પોષીને નથી થાતું? માતા એને પોષે. દીકરાઓ-દીકરીને જાળવે ને મોટા કરે. એ ફરજ છે કે નહિ એની? ત્યારે અભણ રાખવા? કોના છોરું ને કોના વાછરું? કોના માય ને બાપ? આહા..હા..! સ્વભાવમાં રહીને એકલું જાણવું એ જ એનો સ્વભાવ છે. આહા..હા..!

**'એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું...'** આહા..હા..! **'અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં...'** એ સિદ્ધ ભગવાન અને પરમેશ્વર પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા. આહા..હા..! સમજાણું કાંઈ? **'પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં હોવાથી... '** ભિન્ન સ્વભાવવાળા હોવાથી **'પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા અસમર્થ છે...'** ખરેખર બાહ્ય મારા સ્વભાવથી ભિન્ન છે, પણ એ પોતાના સ્વભાવને છોડવાને અસમર્થ છે. પોતાનું સત્ત્વ રાખે છે ત્રિકાળ. આહા..હા..!

'**બાહ્યતત્ત્વપણાને છોડવા અસમર્થ છે (કેમકે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી).**' જ્ઞાન સ્વને-પરને પોતાની અસ્તિમાં રહીને જાણતું છતાં એ જ્ઞેય જ્ઞાનમાં પેસતું નથી અને જ્ઞાન જ્ઞેયમાં જાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**બાહ્યતત્ત્વપણાને...**' બે ભાષા લીધીને? અંતરંગતત્ત્વ તે હું છું. એક જ્ઞાયકસ્વભાવ, સ્વ-ભાવ. હું આત્મા એનો જ્ઞાયકસ્વભાવભાવ. આહા..હા..! એનાથી ખરેખર અંતરતત્ત્વ તે હું છું. સમજાણું કાંઈ? એ જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર છે આ. જ્ઞેય જે ભાવ છે તેનાથી જુદું તારું તત્ત્વ છે એમ તું અનુભવ. આહા..હા..! તારી દૃષ્ટિને ત્રિકાળી તત્ત્વ ઉપર જોડી દે કે જે તું છો. જે તું નથી ત્યાંથી દૃષ્ટિ ઊઠાવી લે. આહા..હા..! ભારે વાત ભાઈ, આ તો.

'**વળી અહીં સ્વયમેવ, નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક,...**' સ્વયમેવ પોતાની મેળાએ નિત્ય ઉપયુક્ત... નિત્ય ઉપયુક્ત... નિત્ય જાણવા-દેખવાના ઉપયોગનો પરમાર્થે સ્વભાવનો અભાવ કરીને જ્ઞાનમાં પેસતા નથી. '**(ચૈતન્યમાં) નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક,...**' આહા..હા..! નિત્ય જાણવા-દેખવાના ઉપયોગવાળો અને પરમાર્થે એક. આહા..હા..! '**અનાકુળ આત્માને અનુભવતો...**' ઓહોહો..! આનંદસ્વરૂપને અનુભવતો આત્મા. આહા..હા..! જ્ઞાન અને આનંદ બે લેવા છે, બસ. આહા..હા..! '**નિત્ય ઉપયુક્ત એવો...**' કાયમ જ્ઞાનના ઉપયોગના વેપારવાળો. આહા..હા..! '**અને પરમાર્થે એક,...**' જ્ઞાનમાં એકરૂપ છું. ભેદ નહિ. '**અનાકુળ આત્માને...**' એવો એક અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું ઢીમ પ્રભુ. આહા..હા..! હું તો અતીન્દ્રિય આનંદનો નાથ છું. મારા આનંદને માટે નિમિત્તની અપેક્ષા મને નથી. કેમકે નિમિત્તમાં મારો આ આનંદ ત્યાં નથી. મારા જ્ઞાનપ્રકાશમાં નિમિત્તની જરૂર નથી. કેમકે મારો જ્ઞાનપ્રકાશ તે એમાં નથી. એમ કહ્યુંને? આહા..હા..! ભગવાનની વાણી અને ભગવાન સાક્ષાત્ સમવસરણમાં બિરાજે એનું મને મારા વડે, મારાથી જ્ઞાન થઈને હું અનાકુળ આનંદને વેદું, પણ એને લઈને મને જ્ઞાન થાય અને એને લઈને મને આનંદ થાય (એમ નથી). કારણ કે મારો આનંદ ત્યાં નથી, મારું જ્ઞાન ત્યાં નથી. આહા..હા..! આહા..હા..!

'**અનાકુળ આત્માને અનુભવતો...**' ભાષા આનંદની છે જુદી આખી. આહા..હા..! પરના જ્ઞેયોની હયાતી અનંતી બાહ્યતત્ત્વને છોડવાને અસમર્થ છે, આહા..હા..! અને મારું અંતરંગતત્ત્વ જ્ઞાયક ને આનંદ એવા પોતાના સ્વતત્ત્વને છોડવાને અસમર્થ છે. સમજાણું કાંઈ? આવો ધર્મ. ઓલું પાધરું એકેન્દ્રિય, બે ઈન્દ્રિય એવું લાગે. એ સ્થાનકવાસીમાં એ જ આવે એના સંપ્રદાયમાં. આણે આમ કર્યું ને આણે આમ કર્યું ને આણે દયા પાળી, આણે આટલા અપવાસ કર્યા. ધૂળેય નથી, બધી લાંઘણું છે. આહા..હા..! અરે.. ભાઈ! ચૈતન્યની સ્વપરપ્રકાશક જ્ઞાનની સત્તાના સામર્થ્યને જેણે જાણ્યું નથી, જેને તેની સત્તાનો અનુભવમાં સ્વીકાર નથી, એને ધર્મ ક્યાંથી થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**અહીં સ્વયમેવ,...**' પોતાથી જ '**નિત્ય ઉપયુક્ત એવો...**' આહા..હા..! '**અને પરમાર્થે એક, અનાકુળ આત્માને...**' નિત્ય ઉપયુક્ત એવો આત્મા અને પરમાર્થે એક, અનાકુળ આત્મા, એમ. એને અનુભવતો. પોતાના જ્ઞાનની પરિણતિમાં અનાકુળ આનંદને વેદતો. આહા..હા..! '**એવો ભગવાન આત્મા જ જાણે છે...**' છે? આહા..હા..! હજી તો એકે ભગવાન અહીં સાંભળ્યું ને ત્યાં ગયા તો (કહે), ત્યાં તો આત્માને ભગવાન કહે છે. અરે..! ભગવાન હોય અત્યારે? પેલા રાડ નાખી ગયા. અરે..! અહીં તો શું કહે છે જુઓને. આહા..હા..! ઠેકઠેકાણે ભગવાન કહ્યા છે. આહા..હા..!

'**એવો ભગવાન આત્મા જ જાણે છે કે હું પ્રગટ નિશ્ચયથી એક જ છું...**' હું તો પ્રગટ ખરેખર એક જ્ઞાયકભાવ સ્વરૂપે અનાકુળ આનંદને વેદતો હું એક છું. આહા..હા..! આત્માને જાણવું અને પરનું જાણવું, પરની હયાતી વિના થવું એવું જ્ઞાન થાય ત્યારે એને અનાકુળ આનંદ સાથે હોય છે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! એકલું જ્ઞાન-જ્ઞાન કરે ને શાસ્ત્રનું જ્ઞાન કરે એ જ્ઞાન નહિ. આહા..હા..! હું એક આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ એકરૂપ રહેનારો અને અનાકુળ આનંદને અનુભવનારો હું. આહા..હા..! '**એવો ભગવાન આત્મા જ જાણે છે કે હું પ્રગટ નિશ્ચયથી એક જ છું...**' પર્યાયના ભેદો પણ અહીં નથી. અહીં તો હું એક છું. આહા..હા..! સમજાણું કાંઈ? જિનેશ્વરનો માર્ગ અપૂર્વ છે અને સૂક્ષ્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સર્પને પકડવાના સાણસા હોય. સાણસા હોય છેને? મોતીને પકડવામાં સાણસા કામ આવે? એમ ભગવાનને પકડવામાં વિકલ્પ પણ કામ ન આવે એમ કહે છે. આહા..હા..! એ તો નિર્વિકલ્પ જ્ઞાન ને નિર્વિકલ્પ આનંદ એને વેદતો ભગવાન આત્મા એમ જાણે કે હું તો એક છું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એમ આત્માને અનુભવે છે ત્યારે એણે આત્માને જાણ્યો, માન્યો, અનુભવ્યો ત્યારે કહેવાય છે. આહા..હા..! આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ મૂળ વાત મૂકીને પછી બહારની (માંડી), આ લોચ કર્યા, ત્યાગી થયા, મહાવ્રત લીધા, આણે બ્રહ્મચર્ય પાળ્યા આટલા. ભાઈ! એ બધા થોથા છે. એ ત્યાં ક્યાં હતું? આહા..હા..! બાળબ્રહ્મચારી છે ભાઈ આ. પણ ભાઈ! એ ચીજ શું છે? એ તો એક શુભવિકલ્પ હોય છે કે આને સેવન નહિ કરું, પણ ભગવાન નિર્વિકલ્પ છે ત્યાં એ છે ક્યાં? આહા..હા..! બાળબ્રહ્મચારી છે એ કરતાં ચૈતન્ય બ્રહ્મસ્વરૂપ છો અનાદિનો એમ કહેને.

**શ્રોતા :-** એ તો અનાદિનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહે છેને. એ જ કહે છે. હું તો અનાદિ અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન છું. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ એવી ઝીણી, ભાઈ! આહા..હા..!

'**માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું...**' હું એક

જ્ઞાયક છું ચૈતન્યસ્વરૂપ અને શરીર, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધા પરજ્ઞેય છે, મારી ચીજ નહિ, મારામાં નહિ, મારેથી નહિ, હું એનેથી નહિ, આહા..હા..! ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય છે. આહા..હા..! '**જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી...**' ફક્ત એ જ્ઞેય અને જ્ઞાયક એવું ભાવમાત્ર. જોયું! '**ઉપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન) હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે...**' આહા..હા..! શીખંડમાં જેમ મીઠો અને ખાટો સ્વાદ બે ભેગાં (છે), છતાં મીઠો સ્વાદ જેમ જુદો દેખાય, આહા..હા..! એમ ભગવાન આત્મા ધર્મીને-સમ્યગ્દષ્ટિને પરના સ્વાદથી આત્માનો સ્વાદ જુદો જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વળી સ્વાદ કેવો હશે? સ્વાદ તો દૂધપાકનો કહે દુનિયા, કેરીનો સ્વાદ. ધૂળ. દૂધપાક તો જડ છે એનો સ્વાદ ક્યાંથી આવે આત્માને? કેરી તો જડ છે એનો સ્વાદ આત્માને ક્યાંથી હોય? આહા..હા..! ફક્ત એના ઉપર લક્ષ કરીને ઠીક છે એવો રાગનો સ્વાદ એને આવે છે અજ્ઞાનીને. આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મીને કહે છે કે રાગનો ભાવ પણ પર છે. આહા..હા..! એ મારા જ્ઞાનમાં પર તરીકે હયાતી રાખનારા તત્ત્વ છે, પુણ્ય-પાપ આદિ, એને લઈને હું જાણું છું એમ નથી, એનામાં જઈને જાણું છું એને એમ નથી. આહા..હા..! એ પ્રશ્ન ઊઠ્યો હતો એકવાર (સંવત) ૧૯૮૪ની સાલમાં. ૮૪. એક ખત્રી આવતા હતા. રાણપુરવાળા નથી કોઈ. એક ખત્રી નહિ ખત્રી? ઓલા નારણભાઈને જોડે ઘર હતુ. રૂગનાથ ખત્રી સાંભળવા આવતા. વેદાંતી હતા વેદાંતી. પછી અહીંયાં એણે એક પ્રશ્ન કર્યો... કે મહારાજ કહે છે કે પરને આત્મા જાણે તો પરમાં પ્રવેશ કર્યા વિના કેમ જાણે? એવો પ્રશ્ન હતો એનો. વેદાંતી હતા. આ પરમાણુ છે કે આ કાગળ છે કે આ જીવ બીજો છે એમાં પ્રવેશ કર્યા વિના, એમાં ગયા વિના એને જાણે શી રીતે? કારણ કે એને એક ઠરાવવું હતુંને બધું? આહા..હા..! ભાઈ! એમ નથી કીધું. આ તો ૮૪ની વાત છે. રાણપુર ચોમાસું હતુંને. માણસો તો આવેને. સાંભળવા આવતા બધા. અન્ય આવે, બધા આવે. આહા..હા..!

એ આત્મા પરના પ્રવેશ વિના, અગ્નિમાં પ્રવેશ વિના અગ્નિનું જ્ઞાન અહીં નથી કરતો? અગ્નિ ઊની છે એવું અહીં જ્ઞાન થાય છે કે નહિ? એ અગ્નિમાં પ્રવેશ કરીને થાય છે? દૂર રહીને થાય છે. આહા..હા..! એમ લોકાલોક જે જગત છે એના જ્ઞેયમાં પ્રવેશ કર્યા વિના જ્ઞાન જાણે છે. આહા..હા..! ભાઈ! તને તારા સ્વભાવના સામર્થ્યની તને શ્રદ્ધા નથી. તારો સ્વભાવ કેવડો છે? લોકાલોકને એક સમયમાં (જાણી લે). ભલે શ્રુતજ્ઞાન હો, સમજાણું કાંઈ? પરોક્ષ અને પ્રત્યક્ષ ફેર છે. બાકી વસ્તુ તો શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોક પોતાની હયાતીમાં, પોતે પોતાને જાણતા એ જણાઈ જાય છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! વીતરાગમાર્ગ જિનેશ્વરનો માર્ગ બહુ ઝીણો, ભાઈ! લોકોએ બહારમાં કલ્પી નાખ્યો છે. આ દયા પાળી ને આ વ્રત પાળ્યા અને અપવાસ કર્યા. ધૂળેય નથી ત્યાં ધર્મ, સાંભળને!

એ તો બધો રાગ અને અધર્મ છે. આહા..હા..!

**શ્રોતા :-** શ્રુતજ્ઞાનની એક પર્યાયનું એટલું સામર્થ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલું સામર્થ્ય છે. ઈ કહે છે. જુઓને.

**'ભગવાન આત્મા જ જાણે છે કે હું પ્રગટ નિશ્ચયથી એક જ છું...'** પરના અનેક જ્ઞેયોને જાણતા હું અનેક થતો નથી. પરજ્ઞેયોને અનેક જાણતા છતાં અનેકમાં જતો નથી અને અનેકપણું મારા જ્ઞાનમાં એ આવતું નથી. આહા..હા..! હું તો જ્ઞાયકમાત્ર અનાકુળ આનંદને અનુભવતો હું આત્મા છું એમ કહે છે. આહા..હા..! એકલું જાણવામાત્ર નહિ. કારણ કે જ્ઞાનમાં આનંદ છે અંદર. જ્યાં આત્મામાં જ્ઞાન છે ત્યાં અતીન્દ્રિય આનંદ છે. હવે જો એનું અને પરનું જ્ઞાન કરવાનું સામર્થ્ય છે એવું જેણે જ્ઞાન કર્યું એમાં ભેગો આનંદ આવે. આનંદ આવ્યા વિના એકલું જ્ઞાન તે જ્ઞાન કહેવાતું નથી. આહા..હા..! આવી વાતું હવે. કહો, મનસુખભાઈ! આ બધા જૂના તમારા બાપ ને બધા ગુણુભાઈ ને પ્રાગજીભાઈ. પાછળથી બિચારા સમજતા, સાંભળતા પણ હવે આ વાત મળી નહોતી પહેલી. આહા..હા..!

આ વસ્તુ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિ એ આવેલી આ વાત છે. આહા..હા..! ભાઈ! તું આત્મા છોને પ્રભુ! અને તું પ્રભુ છો. આહા..હા..! તું પામર નહિ. આહા..હા..! પામર માનવું પ્રભુને એ મિથ્યાત્વ છે. આહા..હા..! એટલે? કે અનંતા જ્ઞેયોને જ્ઞેયમાં પ્રવેશ કર્યા વિના અને જ્ઞેય અહીંયાં આવ્યા વિના સ્વપરપ્રકાશના પરિણમનની તાકાતવાળો તું આત્મા છો. એવી તારી પ્રભુતા અને તે જ તારી ઈશ્વરતા છે. આહા..હા..! એ તો આવી ગયું છે. ઓલામાં નહોતું? પ્રતાપ. આવ્યું છે એમાં. પ્રતાપ સંપદા આવેલું. નિરંતર શાશ્વતી પ્રતાપ સંપદા મારી છે. આહા..હા..!

પ્રભુતા નામનો એક ગુણ છે આત્મામાં. જેમ જ્ઞાનસ્વભાવ છે એમ પ્રભુતા નામનો એક સ્વભાવ છે, અને જેણે પ્રભુતા અને જ્ઞાનસ્વભાવનું ભાન કર્યું એની પર્યાયમાં પ્રભુતાના પોતાના સામર્થ્યથી અખંડ પ્રતાપથી શોભિત પોતાની પર્યાય સ્વતંત્રપણે શોભે એવી એની પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! આવું ભારે ઝીણું, ભાઈ! આમાં કરવું શું પણ અમારે? ભાઈ! કરવું એ કે તું અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ અનંત-અનંત ગુણનું ગોદામ અને અનંત સ્વભાવનો સાગર અને અનંતી શક્તિનો સંગ્રહાલય ધામ છો તું સંગ્રહાલય, નથી આ સંગ્રહાલય શું કહે છે? મ્યુઝિયમ. ભગવાન! તું અનંતગુણનો સંગ્રહ-આલય છે. અનંતગુણના સંગ્રહનું સ્થાન તું છો. અરે..! એને ક્યાં ખબર છે? આહા..હા..! એક બીડી સારી મળે ત્યાં રાજી થઈ જાય અને બાયડી જરી રૂપાળી મળે એમાં અર્પાઈ જાય આખો. આહા..હા..! શું છે પણ આ તને? તારી રાંકાઈ તો જો. આહા..હા..! દેવરાજભાઈ! આહા..હા..! એક છોકરો રૂપાળો જરી જાગે ત્યાં તો.. આહા..હા..! આમ કરે. શું છે પણ આ? ગાંડાઈ શું છે આ તારી? તારી પાગલપણાની આ શું સ્થિતિ છે એ બહાર આવે છે. એય..! આહા..હા..! ત્રણલોકનો

નાથ એટલા ચીજમાં આમ રાજી-રાજી થઈ જાય? આહા..હા..!

આ પરણે છે ત્યારે નહિ? મોટાને પગે લાગે પરણે ત્યારે. સારું કર્યું. તમે પડ્યા, ભેગો મને નાખ્યો હવે. જય મહારાજ! આહા..હા..! અરેરે..! હું પણ હવે ખાડમાં પડ્યો. ભગવાન! તું આનંદનો નાથ પ્રભુ, શું આ તને આ ચાળા થયા? આહા..હા..! પરચીજ તારી નહિ, તું તેનો નહિ, પરચીજથી જ્ઞાન તારામાં નહિ. પરચીજ તો નહિ પણ પરચીજની હયાતીથી તારું જ્ઞાન એને જાણે એમ નહિ. આહા..હા..! તારી સત્તાથી સ્વપરને જાણવાના સામર્થ્યવાળો ભગવાન આત્મા હું છું. આહા..હા..! અને તે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં હું પરને જાણવાવાળો છું. આહા..હા..!

'**જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી...**' એ શું કીધું? કે જ્ઞેય છે પર અને હું જ્ઞાયક એ તો જ્ઞાયકમાત્રનું એટલું કહેવામાત્ર. પરદ્રવ્ય સાથે જાણે મેળ હોય જ્ઞેયજ્ઞાયકસંબંધનો, એમ. '**પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે...**' મારો સ્વાદ આત્માનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ મારો છે એવો હું આત્મા છું. આહા..હા..! દયા, દાન અને વ્રતના પરિણામ પણ આકુળતા અને દુઃખરૂપ છે. ...ભાઈ! આહા..હા..! આવું છે, બાપા! શું થાય? અરે..! એની જાતનું સામર્થ્ય કેટલું એની ખબર ન મળે. આહા..હા..!

કહે છે, '**પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ,...**' દ્રવ્ય છે ભગવાને જોયેલા. '**આકાશ, કાળ, પુદ્‌ગલ...**' પરમાણુ-કર્મ. એ બધા કર્મ તે જ્ઞેય છે. કર્મ જ્ઞેય છે તેને હું જ્ઞાનમાં રહીને જાણનારો છું. કર્મ મને નડે છે અને કર્મ મારા છે એ વસ્તુમાં છે નહિ. આહા..હા..! એમાં આવ્યું કે નહિ એ? પુદ્‌ગલમાં કર્મ. અહીં તો કર્મે માર્યા, કર્મે રાજા, રંક. ભાઈ! એવું આવે છેને બોલ એમાં. કર્મે વાળ્યો આડો અંક. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' કાંઈ ભાન ન મળે કહેનારને. જય મહારાજ... જય મહારાજ.. કરે. એ તો બધી નિમિત્તની વાતું. આહા..હા..!

પોતાની નિર્મળ પરિણતિને ઘટાડે પોતે ત્યારે ઘાતિને નિમિત્ત કહેવાય. અઘાતિ સંયોગમાં નિમિત્ત છે. આ વિકારી પરિણામ કરે તો નિમિત્ત છે. બે ચીજ આ રીતે ભિન્ન છે. સમજાણું કાંઈ? એ તો અહીં જ્ઞાનમાં જ્ઞેય કીધા. અરે.. સાંભળ! આહા..હા..! એ આઠ કર્મ ને પ્રકૃતિ ને પ્રદેશ ને સ્થિતિ ને રસ ને... આહા..હા..! અરે..! તીર્થંકર પ્રકૃતિ બંધાણી એ પણ જ્ઞાનમાં પરજ્ઞેય છે. આહા..હા..!

એવો '**પ્રગટ સ્વાદમાં આવતા...**' ભિન્ન. જેમ શિખંડમાં મીઠો સ્વાદ આવતો ખાટાથી ભિન્ન, એમ મારો આત્મા પરના તરફના વલણવાળો જે રાગનો સ્વાદ એનાથી મારા વલણવાળો આનંદનો સ્વાદ એ હું ભિન્ન છું. આહા..હા..! આવી વાત છે, ભાઈ! જિનેશ્વરનો માર્ગ કોઈ અપૂર્વ છે. લોકોએ સાધારણ આમ કરી નાખ્યો છે. એ જાણે દયા પાળવી એ ધર્મ, વ્રત કરવા એ ધર્મ. હવે ધૂળ. એવું તો અનંતવાર કર્યું. સાંભળને! એ તો રાગની ક્રિયા.

ત્યાં ક્યાં આત્મા હતો? આહા..હા..! આત્મા તો જાણનાર છે. પરની દયા પાળવાના રાગમાં આત્મા આવી ગયો? આહા..હા..! સમજાણું કાંઈ? એવું સ્વરૂપ છે, ભગવાન! આહા..હા..! તારી મોટપ તને સૂઝે નહિ અને તારી મોટપ તું બીજાને દે કે તારે લઈને મને ઠીક પડે છે, તારે લઈને મને જ્ઞાન થાય છે, તારે લઈને મને મજા પડે. શું કરે છે તું આ? સમજાણું કાંઈ? આહા..હા..! આ નોકરી કરે છેને એને પણ ૩૫ વર્ષે શું કહેવાય એને? રિટાયર્ડ થઈ જાય. પોપટભાઈ! અને વેપારી? ઓલો ૩૫ વર્ષ થયા, ૨૦ વર્ષથી કરું છું. કાલે આવ્યો હતો ભાઈ, ઓલો માળી આવે છેને આપણે નહિ? પાલિતાણાવાળો માળી આવે છે. અમારા ઉપરી અમારા ઉપર મીઠી નજર રાખે છે. આ તો એકલો આવ્યો હતો. નજર રાખે છે. મારી નોકરી ૪૦ વર્ષની થઈ ગઈ તો પણ હજી ત્રણ વર્ષ કરો, વાંધો નહિ. ૪૦૦નો પગાર છે. માળી આવે છે. આવે છે દર્શન કરવા. ૪૦૦નો પગાર છે. ૪૦ વર્ષ થઈ ગયા તો પણ શેઠિયાઓ અમારા ઉપર મીઠી નજર છે. એમ કે બંધ નથી કરતા. આહા..હા..! આ પણ વેપારી મજૂરી ક્યાં સુધી કર્યા કરે? ૬૦, ૭૦, ૮૦ થાય. અરે..! ભગવાન! શું છે પ્રભુ તને આ? આહાહા..!

ભાઈ! તું તો બાળકમાંથી બ્રહ્મ છોને. બાળ એટલે? અનાદિનો આનંદબ્રહ્મ છો તું. સમજાણું કાંઈ? એ જ્ઞાનાનંદ સ્વરૂપી ભગવાન બ્રહ્માનંદનો નાથ આત્મા.. આહા..હા..! કહે છે કે '**પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું;...**' એ ત્રણલોકના નાથ તીર્થંકર પ્રત્યે પણ હું નિર્મમ છું. એ તીર્થંકર મારા નહિ, એ દેવ મારા નહિ, ગુરુ મારા નહિ, શાસ્ત્ર મારા નહિ. આહા..હા..! સીમંધર ભગવાન મારા નહિ. આહા..હા..! એ તો શુભભાવ હોય છે ત્યારે લક્ષ ત્યાં જાય છે, પણ વસ્તુ કાંઈ એને લઈને શુભભાવ થાય છે અને શુભભાવ થયો માટે ધર્મ છે એમ પણ નથી. આહા..હા..! ભાવ અને પર બધું પરવસ્તુ, બધું પરજ્ઞેયમાં જાય છે. એ પરજ્ઞેયને મારા જ્ઞાનમાં રહેલો હું, મારા સ્વાદને વેદતો હું મારાથી પરને જુદો જાણું છું. આહા..હા..! આનું નામ સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાન કહેવામાં આવે છે.

જેવું સ્વરૂપ છે તેવી તેની પ્રતીતિ અને વિશ્વાસ થયો. આહા..હા..! ભગવાન આત્માનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય એ પોતા સિવાયના પર જ્ઞેયો બહિર્તત્ત્વને છોડવાને અસમર્થ છે અને હું અંતરંગતત્ત્વ છું તે મારા અનુભવથી મારા આનંદને જાણતો પરને ભિન્ન જાણું છું. આહા..હા..! '**હું નિર્મમ છું;...**' મારી પત્ની, મારા દીકરા, મારી દીકરી, મારા મકાન.. આહા..હા..! અમારા ગામમાં એક બ્રાહ્મણ હતા. પહેલાં સાધારણ થઈ ગયા તો મકાન વેચાઈ ગયા. પછી થયા પૈસાવાળા. એક તો કરોડપતિ છે. ઉમરાળાના બ્રાહ્મણ છેને ત્યાં. હવે તો મુંબઈ છે. પણ આ તો બીજા પણ છે. એની પાસે પૈસા થયા. એટલે એની મા કહે કે ભાઈ! આ મકાન આપણે વેચ્યા એમાં તું જન્મ્યો એ આપણા મકાન. એ કહે એટલા પૈસા દે પણ

એ મકાન લઈ લે હવે. આહા..હા..! જેમાં જન્મ્યા એનું.. આહા..હા..! પછી મકાનવાળાને કહ્યું કે તારે ઠીક પડે એમ કાગળે લખ પૈસા પણ મને આપ. પછી ઘણું કાંઈક આપ્યું. ઘણા પૈસા આપ્યા એણે. હશે હજાર, પંદર સો. દસ હજાર. દસ હજાર (આપ્યા). અમારું મકાન અહીં ગામમાં. આહા..હા..! કોના મકાન, ભાઈ? આ દેહ તારા નહિ ને વળી મકાન ક્યાંથી આવ્યા? અરે..! અંદરમાં રાગ ઊઠે એ તારો નહિ તો વળી પરચીજ ક્યાંથી આવી તને?

અહીં તો હું જ્ઞાન અને આનંદને અનુભવનાર એવો છું. રાગનો અનુભવનાર એ હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું ટીકા! અમૃત રેડ્યા છે સંતોએ. આહા..હા..! પ્રભુ કહે છે, ભાઈ! ધર્મી એને કહીએ કે જે પોતાનો જ્ઞાન ને આનંદ ધર્મ એ પોતાથી સ્વયમેવ પરિણમે છે એમાં પરના સંબંધીનું જ્ઞાન આવે, પણ એ સંબંધીનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ તો પોતાનું જ્ઞાન છે. ઓલામાં કહ્યું નહિ? સર્વજ્ઞ. સર્વજ્ઞ આત્મજ્ઞ છે એમ કહ્યું છે. ગાથા. સર્વજ્ઞશક્તિમાં. સર્વજ્ઞ એ આત્મજ્ઞ છે, સર્વ એમ નહિ. સર્વનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન છે. શક્તિમાં લીધું. આહા..હા..! સર્વ એટલે વળી આ, એમ નહિ. એ સર્વ જ્ઞાનનો સ્વભાવ મારો પોતાનો એ આત્મજ્ઞપણું છે. આહા..હા..! એ અહીં કહે છે. હું જે અત્યારે જાણું છું એ જાણવું મારાથી, મારામાં મારાથી થયેલું છે, પરજ્ઞેયને લઈને છે નહિ અને તેથી અતીન્દ્રિય આનંદને વેદતો હું એકલો પરથી ભિન્ન છું. આહા..હા..!

**'ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે;...'** જાણવાના સ્વભાવમાં સ્થિત રહે છે. **'(પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી). આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.'** લ્યો. પરથી તેને જુદું પાડ્યું. એનો કળશ કહેશે હવે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૭, રવિવાર, તા. ૨૨-૦૨-૧૯૭૬, ગાથા-૩૮, શ્લોક-૩૧, પ્રવચન નં. ૮૪

૩૧મો કળશ છે, સમયસાર, જીવ-અજીવ અધિકાર.

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दशनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

કહે છે કે **'આમ પૂર્વોક્ત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં...'** એટલે શું કહ્યું? આ આત્મા જે છે એ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ આત્મા પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ વિકારીભાવ એનાથી ભિન્ન છે અને જ્ઞેયથી પણ ભિન્ન છે. શરીર, વાણી, કર્મ એ બધા પરજ્ઞેય છે, એનાથી પણ આ ભગવાન આત્મા ભિન્ન છે. આહા..હા..! જેને ધર્મ કરવો છે એણે શું કરવું? એમ કહે છે. રખડવાનું તો કરી રહ્યો છે અનાદિથી. સમજાણું કાંઈ? પુણ્ય ને પાપના ભાવ ને આ રળવું ને કમાવું એ બધું રખડવાના પાપ છે. રખડવાના દુઃખી પ્રાણી છે એ. આહા..હા..! જેને જન્મ-મરણ મટાડવા હોય, જેને આત્મામાં ધર્મ પ્રગટ કરવો હોય એણે શું કરવું? આહા..હા..! કે એણે પ્રથમ તો આ ભગવાન આત્મા ભાવકભાવ—પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એવા વિકારીભાવ, એનાથી આત્માને જુદો અનુભવવો-જાણવો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને જ્ઞેયભાવો...'** શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા પરજ્ઞેય છે, સ્વચીજ નથી. એ પરજ્ઞેય-ભાવોથી પણ ભિન્ન કર્યો. આહા..હા..! આત્મા રાગથી ભિન્ન કર્યો અને જ્ઞેયો કર્મ, શરીર, સ્ત્રી, કુટુંબ કે દેવ-ગુરુ-શાસ્ત્ર એનાથી પણ ભગવાન ભિન્ન (છે એમ) અંદરમાં વિવેક કર્યો-ભેદજ્ઞાન કર્યું. આહા..હા..! એ અનાદિથી વિકાર ને જ્ઞેયને પોતાના માનતો એ મિથ્યાભ્રમ-અજ્ઞાન હતું. આહા..હા..! એ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એને રાગથી ભિન્ન પાડી અને જ્ઞેયોથી જુદો કરી અને આત્મારામ કર્યો એણે. આહા..હા..!

**'सर्वेः अन्यभावैः विवेके सति'** છે? **'સર્વ અન્યભાવોથી...'** અન્ય ભાવમાં રાગ દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ, હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન એ પરભાવ-અન્યભાવ અને શરીર, વાણી, મન, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરજ્ઞેય, એનાથી જ્યારે ભિન્નતા થઈ. આહા..હા..! ભિન્ન છે એમ ભિન્નતા કરી. આહા..હા..! વસ્તુધર્મ અલૌકિક વાત છે, ભાઈ!

સાધારણ લોકોને સાંભળવા મળ્યું નથી. બિચારા એમ ને એમ દુઃખી થઈ ચાર ગતિમાં રખડે છે. એ બિચારા બધા છે, હોં! અબજોપતિ અને કરોડપતિ ભિખારા બિચારા છે એ. આહા..હા..! જેને આત્માની લક્ષ્મી શું છે એની જેને ખબરું નથી અને જે એમાં નથી એને પોતાનું માનીને પડ્યો છે એ મૂર્ખાઈમાં મિથ્યાત્વના ભ્રમમાં પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** આપે સિદ્ધાંત કહ્યો એની ચોખવટ ન થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કહ્યુંને. ચોખવટ કરી છેને. ભાવકભાવ ને જ્ઞેયભાવ.

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ, એમાં જે રાગ ને પુણ્ય-પાપના ભાવ (થાય) એ ભાવક કર્મના નિમિત્તે થયેલા ઉપાધિભાવ છે એ આત્માનો સ્વભાવ નથી એમ ભિન્ન પાડ્યું અને પરજ્ઞેયથી સ્વજ્ઞેયને ભિન્ન પાડ્યું. આહા..હા..! ચાહે તો દેવ-ગુરુ અને શાસ્ત્ર હો કે ચાહે તો સમ્મેદશિખર ને શેત્રુંજય હો, એ બધા પરજ્ઞેય છે. એનાથી સ્વને ભિન્ન પાડીને. આહા..હા..! આ ઉપયોગ છે તે પોતે જ પોતાના આત્માને તારતો. એને એવી રીતે લીધું છે કે જે જાણવાનો ઉપયોગ છેને એ અનાદિથી રાગને અને પરજ્ઞેયને પોતાના માનતો હતો એ ઉપયોગ રાગ અને જ્ઞેયથી ભિન્ન કરી એ ઉપયોગ આત્મારૂપ થઈ ગયો. તે પરરૂપે માનતો હતો, આહા..હા..! એ ઉપયોગ એટલે જાણવા-દેખવાનો ભાવ એ સ્વભાવરૂપ થઈ ગયો. આહા..હા..! જરી અહીં ભેદ પાડીને વાત કરી છે.

'**ઉપયોગ છે તે પોતે જ પોતાના એક આત્માને ધારતો,...**' એ વ્યવહારથી વાત કરી છે. ખરેખર તો ઉપયોગ જે છે એ સ્વરૂપમાં એકાકાર થઈ ગયો. આહા..હા..! ઝીણી વાતું બહુ, ભાઈ! એ દુઃખી છે અનાદિથી. રાજા દુઃખી, શેઠિયા દુઃખી. નેમિદાસભાઈ! કેમ હશે? ત્યાં તમે તો સુખી કહેવાઓ છો દુનિયામાં, લ્યો. બાયડી, છોકરા ન મળે, ત્રણ બંગલા મોટા દસ લાખની મૂડી. એ સુખી છે એમ લોકો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય.. પોપટભાઈ! આ પોપટભાઈ રહ્યા મોટા. બે કરોડ. સુખી કહે છે એને દુનિયા. ગાંડી દુનિયા, પાગલ દુનિયા છે. સમજાણું કાંઈ? મોટો પાગલ છે.

ભગવાન આનંદની લક્ષ્મીથી ભરેલો આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર.. આહા..હા..! અનંતગુણનો ગોદામ ભગવાન આત્મા છે. અનંત શક્તિનો સંગ્રહાલય છે. સંગ્રહનો આલય સ્થાન છે એ. અનંત સ્વભાવનો પ્રભુ સાગર છે. શું કહીએ એને? આહા..હા..! એવા ભગવાન આત્માને, એવા ઉપયોગને એના, જે પર રાગાદિ વિકલ્પને પોતાના માનતો અને પરજ્ઞેય જે પોતાના અસ્તિત્વમાં નથી એને પોતાના માનતો એને ઉપયોગે ભેદ કરી નાખ્યો. આહા..હા..! એ રાગ પણ હું નહિ અને પરજ્ઞેય હું નહિ. હું તો જ્ઞાયકભાવ (છું), એમ ઉપયોગ જ્ઞાયકભાવમાં એકાકાર કરી. જે આમ રાગમાં ને પરમાં માનતો હતો એ વિકારીભાવમાં અને પરજ્ઞેયમાં, એ જ્ઞાનોપયોગ સ્વજ્ઞેયમાં અને અવિકારી ભાવમાં એકાકાર થઈ ગયો. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એણે આત્મા જાણ્યો અને એ આત્મા આત્મારૂપે થયો એના જન્મ-મરણ

મટી જવાના. આહા..હા..! સમજાણું કાંઈ? છે જ ક્યાં એમાં? જુઓને.

**'આ ઉપયોગ છે તે પોતે જ પોતાના એક આત્માને જ ધારતો,...'** એનો અર્થ ઉપયોગ આત્મારૂપ થઈ ગયો, અભેદ થઈ ગયો. જાણવા-દેખવાનો વેપારભાવ તેમાં એકરૂપ થઈ ગયો. આવી ઝીણી વાતું, ભાઈ! ઓલું તો સહેલુંસટ હતું. દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો અને ધર્મ થઈ જાય, લ્યો. ધૂળેય નથી ધર્મ તારો સાંભળને. સમજાણું કાંઈ? એ જાત્રા ને ભક્તિનો ભાવ રાગમાં વિકારમાં જાય છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ પરજ્ઞેય પરમાં જાય છે. આહા..હા..! એમાંથી રાગ-દ્વેષના ભાવથી ભિન્ન કરીને નિર્વિકાર ઉપયોગ થાય અંદર અને પરજ્ઞેયને ભિન્ન કરીને સ્વજ્ઞેયમાં ઉપયોગ જામી જાય એણે આત્મા જાણ્યો અને એણે આત્માએ આત્માનો ધર્મ કર્યો. સમજાણું કાંઈ?

**'ધારતો, જેમનો પરમાર્થ પ્રગટ થયો છે...'** એ શું કહે છે? ભગવાન આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે. એ જે પોતાના ઉપયોગને અંતરમાં લીન કર્યો તે તે શક્તિમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થઈ ગયા. સમજાણું કાંઈ? જે શક્તિ સ્વભાવ સામર્થ્યરૂપ હતું, વસ્તુના સામર્થ્યરૂપ હતું જ્ઞાન-દર્શન-આનંદ આદિ એને ઉપયોગ પર તરફના વલણને છોડી અને ઉપયોગ જ્ઞાયકમાં જ્યાં જામ્યો એટલે શક્તિમાંથી દર્શન-જ્ઞાન અને ચારિત્ર પર્યાયમાં પરિણમન થઈ ગયું. આહા..હા..! આવો માર્ગ સાંભળ્યો ન હોય બિચારાએ કેટલાકે. નહિ? આ પૈસાની મજૂરી આખો દી બિચારા. પાંચ લાખ ને દસ લાખ ને ધૂળ લાખ. મોટા મજૂર. લીલાધરભાઈ!

આ તો ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ જિનેશ્વરદેવ કેવળજ્ઞાની પરમેશ્વરે જેને આત્મા તરીકે આત્મા જોયો. આહા..હા..! એ આત્મા તો રાગથી ભિન્ન અને પરજ્ઞેયથી ભિન્ન એટલે કે રાગથી ભિન્ન, એટલે નિર્વિકારી પરજ્ઞેયથી ભિન્ન સ્વજ્ઞેયરૂપ. આહા..હા..! આખરની ગાથા છેને? સમજાણું કાંઈ?

**'એવાં દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે...'** પહેલી પરિણતિ નામ પર્યાયમાં રાગ મારો અને પરજ્ઞેય મારા એવા જે મિથ્યાજ્ઞાનની પરિણતિ-અવસ્થા હતી તે ગુલાંટ ખાય છે આમ. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા હું અને તે નિર્વિકારી પરમાનંદનો નાથ પ્રભુ હું એવી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પરિણતિ-પર્યાય પ્રગટી એ શક્તિમાંથી પ્રગટી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવો, પોતાના આત્મારૂપી બાગમાં જ પ્રવૃત્તિ કરે છે,...'** એ ભેદથી વાત કરી છે. ખરેખર તો એ ઉપયોગ આત્મારૂપ થઈ ગયો. એ આમ જે રાગ ને દયા, દાનના વિકલ્પ હિંસાના પરિણામ મારા એમ માનતો હતો, પરજ્ઞેયમાં હું અથવા એને લઈને મારું કાંઈક છે એમ માનતો હતો, એ ઉપયોગ રાગથી એટલે વિકારથી, જ્ઞેયથી એટલે પરપદાર્થથી ભિન્ન પડીને ઉપયોગ આત્મામાં ગયો, આત્મારૂપ ઉપયોગ થઈ ગયો. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..! આ તો જિનેશ્વરદેવ પરમેશ્વરનો માર્ગ છે. જિનેશ્વર વીતરાગપરમાત્મા અરિહંતદેવ

જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન (પ્રગટ થયું છે) એ ભગવાનની આ વાણી છે. ભાઈ! તું આત્મા છો, પ્રભુ તું છો. આહા..હા..! ભગવાન પરમાનંદની મૂર્તિ આત્મા છે. એ એનો ઉપયોગનો વેપાર રાગ ને પરમાં જાય એ વ્યભિચાર છે. એ ઉપયોગ પરમાંથી ખસીને સ્વમાં જામે એનું નામ અવ્યભિચારી પરિણામ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત ઝીણી બહુ, બાપા! આહા..હા..!

અહીં તો હજી ભક્તિ કરો, જાત્રા કરી, પૂજા કરી, દાન કર્યા, થઈ ગયા ધર્મ. ધૂળમાંય ધર્મ નથી તારા. સાંભળને! ઝેરનું પગથિયું છે એ. અમૃતનું પગથિયું તો એનાથી ભિન્ન પાડીને એમાં એકાકાર થાવું એ પગથિયું છે. આહા..હા..! આવો માર્ગ છે. એણે કોઈ દી સાંભળ્યો નથી, કે એની દરકાર પણ કરી નથી. એમ ને એમ ભેંસુ-આ ઢોર જેમ કામ કરે એમ અહીં ઢોરની જેમ કામ કરીને મરીને ચાલ્યા જાય છે. અરે..! મોટરમાં બેસે કે મોટર એના ઉપર બેઠી છે? મોટર એના ઉપર બેઠી છે. કારણ કે મોટરને કેમ નભાવવી એવો બોજો એના હૃદયમાં છે. મોટરના પ્રમાણમાં આબરૂ, દીકરાને વરાવવા, એ પ્રમાણે દીકરી લેવી, ફલાણું કરવું, મકાન એ બધી મોટર માથે ચડી ગયો હોય છે મનમાં. મોટરમાં બેઠો નથી, મોટર એના મગજ ઉપર ચડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્માનો જે ઉપયોગ નામ જાણવા-દેખવાના ભાવ એ જાણવા-દેખવાના ભાવ, જે વિકારીભાવ એમાં નથી એને પોતાના માનતો—પરજ્ઞેયથી ભિન્ન છે, પરજ્ઞેય આમાં નથી એને પોતાનો માનતો—એ ઉપયોગ હવે ગુલાંટ ખાય છે, કહે છે. ભેદજ્ઞાન કરે છે, વિવેક કરે છે કે વિકાર હું નહિ અને પરજ્ઞેય હું નહિ એટલે કે નિર્વિકારી હું અને સ્વજ્ઞેય તે હું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાના આત્મારૂપી બાગ (ક્રીડાવન)માં જ પ્રવૃત્તિ કરે છે,...'** એ વ્યવહારથી વાત કરી. આત્મા ઉપયોગ આત્મારૂપી બાગમાં પ્રવૃત્તિ (કરે છે), પણ ઉપયોગ આત્મારૂપ જ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! પરરૂપ જે માનતો હતો રાગ ને જ્ઞેયરૂપે, આ મારી બાયડી, મારા છોકરા, મારા પૈસા, મારા મકાન, આમ હજીરા બે-પાંચ-દસ લાખના હોયને હજીરા-મોટા બંગલા? ધૂળના છે એ તો. આહા..હા..! ૪૦ લાખનો બંગલો છે ત્યાં. કીધું નહિ? ગોવા. ગોવામાં ૪૦ લાખનો બંગલો. બાયડી પડી અસાધ્ય. ૪૦ લાખનો બંગલો છે. એવા ૧૦-૧૦ લાખના બીજા બે છે. બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા છે. વાણિયા છે. સવા વર્ષથી હેમરેજ થયું છે હેમરેજ, પડી છે. ધણી મરી ગયો. પછી આ મરવાની તૈયારીએ સવા વર્ષ કાઢ્યું. મરે ત્યારે ખરી. આહા..હા..! આમ તો મરી ગયેલા જ છે અંદરમાં. જેણે વિકાર ને પરને પોતાનું માન્યું એનું આખું જીવન મરી ગયું છે. આહા..હા..! હું જીવતી ચૈતન્યજ્યોત આનંદનો નાથ એવા જીવનને જીવતો ન રાખતા, રાગ અને પર મારા છે એમ માનનારો પોતાના જીવનની હિંસા કરી છે એણે. સમજાણું કાંઈ? લીલાધરભાઈ! હવે

લીલાધરભાઈ કહે, હું કહીશ ઓલાને. કોણ માને એનું? ઓલા રામજીભાઈના દીકરા ગરી ગયા છેને સાંઈબાબામાં પાખંડમાં. આવો જિનેશ્વરનો માર્ગ, આહા..હા..! એને મૂકીને પાખંડમાં ચડી જાય માણસ. આહા..હા..! એય.. લીલાધરભાઈ! પણ એના કાકા છેને કદાચિત્ કાંઈક સમજાવે. આવો જિનેશ્વરનો માર્ગ પરમેશ્વરનો, જેને સાંભળવો મહા મુશ્કેલ, એને મૂકીને જ્યાં-ત્યાં આથડે. ઓલા સાંઈબાબા અને ઓલો કેવો? રજનીશ. રજનીશ છેને. હેરાનગતિના પાખંડ માર્ગ છે બધા. આ તો ત્રિલોકનાથ જિનેશ્વર અરિહંત પરમેશ્વર જેને સો ઈન્દ્ર પૂજે એવા ભગવાનની વાણી, એનો માર્ગ, બાપા! એ મળવો મુશ્કેલ છે. આહા..હા..! અને એ સાંભળવો મુશ્કેલ છે, પછી અંદરમાં સ્વરૂપમાં રમણતા-શ્રદ્ધા-જ્ઞાન કરવી એ મહામુશ્કેલ છે. આહા..હા..! આવો માર્ગ છે. જન્મ-મરણને મટાડવાનો માર્ગ છે ભાઈ, અહીં તો. લ્યો, એ કળશ પૂરો થયો. ભાવાર્થ બાકી છેને?

શું કીધું જુઓ! '(ક્રીડાવન)**માં જ પ્રવૃત્તિ કરે છે, અન્ય જગ્યાએ જતો નથી.**' જોયું! જાણવા-દેખવાના ભાવ સ્વરૂપમાં એકાકાર થયા. હવે રાગ ને પરને માનવામાં જતો નથી ઉપયોગ એનું નામ એણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી...**' એટલે ભાવકભાવ. ઓલા પહેલાં જ્ઞેય. પરદ્રવ્ય એટલે પરવસ્તુથી અને '**તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી જ્યારે ભેદ જાણ્યો...**' એનાથી હું ચૈતન્ય હીરલો, ચૈતન્યસૂર્ય, ચૈતન્યના નૂરના તેજનું પૂર મારું સ્વરૂપ તદ્દન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**પરદ્રવ્યોથી...**' એટલે જ્ઞેયોથી '**તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી...**' એટલે વિકારીથી. '**જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો,...**' આમ જે હતો એ આમ થયો એટલું જ બતાવે છે. '**અન્ય ઠેકાણું ન રહ્યું.**' શું ગાથા! આહા..હા..! ટૂંકામાં પણ કેટલું ભર્યું છે અંદર! '**દર્શનજ્ઞાનચારિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે...**' લ્યો! આહા..હા..!

હવે ૩૮ શરૂ કરીએ. અમારે નવીન કહેતો હતો કે ૩૮ લ્યો ૩૮. એય..! ક્યાં ગયો નવીન? એ કહે ૩૮ (લેવી). કીધું હવે ૩૮ આવી ગઈ એના હયાતીમાં. એ કહે ૩૬-૩૭ મૂકીને ૩૮ લ્યો એમ કહેતો હતો. આ ૩૮મી ગાથા જીવનો ઉત્કૃષ્ટ સ્વભાવ પ્રગટ થાય ત્યારે કેવો હોય એની આ વાત છે. જીવનો જ છે. છેલ્લી ગાથા છેને? આહા..હા..!

'**હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા...**' શું કહે છે? કે આ ભગવાન આત્મા વિકારના ભાવોથી અને જ્ઞેયભાવોથી જુદો પડેલો અને જુદો પડતાં પોતાના સ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન અને રમણતારૂપે પરિણમ્યો એ આત્મા કેવો હોય એનું વર્ણન છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન...**' વેદન. સ્વરૂપનું વેદન-અનુભવ '**કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને**

**સંકોચે છે,...**' એ જીવનો અધિકાર પૂરો કરે છે, એમ.

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।

નીચે હરિગીત.

**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.**

આહા..હા..!

'**ટીકા :- જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી...**' મૂળ તો અનાદિ મોહ એમ શબ્દ છે. એનો પછી અર્થ કર્યો. અનાદિ ભ્રાંતિના અજ્ઞાનથી '**અનાદિ મોહરૂપ અજ્ઞાનથી...**' એમ નથી કહ્યું કે અનાદિ કર્મને લઈને રખડે છે. આહા..હા..! 'અનાદિ' પાઠમાં છે. '**अनादिमोहोन्मत्त**' આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ એને ભૂલીને અનાદિ અજ્ઞાની '**અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...**' ઘેલછાઈ થઈ ગઈ, કહે છે. ગાંડો-પાગલ થઈ ગયો છે. આહા..હા..! આ રાગ ને પુણ્યના પરિણામને અને એના ફળને પોતાના માને એને અહીંયાં ગાંડા-પાગલ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**અનાદિ મોહરૂપ અજ્ઞાનથી...**' ટીકા જ છે જુઓને. '**यो हि नामानादिमोहो**' ભ્રમણા. પોતાના સ્વરૂપનું સાવધાનીપણું છોડી અને વિકાર ને સંયોગી ચીજમાં સાવધાન થયો એનું નામ મિથ્યાત્વ અને મોહ છે. શું કહ્યું? અનાદિથી ભગવાન આનંદનો નાથ પ્રભુ, એના સ્વભાવનો આશ્રય છોડી અનાદિથી રાગ, વિકાર અને પરજ્ઞેય એ મારા છે એવો જે મિથ્યાત્વ, ભ્રમ એને લઈને ઉન્મત્ત છે-ગાંડો છે-પાગલ છે. આહા..હા..! આ બધા મોટા શેઠિયા કહેવાયને અબજોપતિ ને એ? પોપટભાઈ! આવી ગયા એમાં? આહા..હા..!

'**અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...**' આ પહેલો શબ્દ છે. જીવ અધિકાર પૂર્ણ કરવો છેને ૩૮માં એટલે જીવનું પૂર્ણસ્વરૂપ પ્રાપ્ત થાય ત્યારે કેવો હોય? એ પહેલાં એની ભૂલી કેવી હોય એ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભગવાન પરમાત્મા જિનેશ્વરદેવનો માર્ગ છે, ભાઈ! આ કાંઈ આલીદુઆલીનો માર્ગ નથી. આહા..હા..! જેને સો ઈન્દ્ર ભગવાન બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન તીર્થંકરપદે બિરાજે છે. સો-સો ઈન્દ્રો જેની સભામાં જાય છે. આહા..હા..! ગલુડિયાની પેઠે ઈન્દ્રો બેસે ત્યાં. આહા..હા..! એ માર્ગ, બાપા! એ કાંઈ (સાધારણ) લ્યો દયા પાળો, આ વ્રત પાળો, આ જાત્રા કરો એ ધર્મ. એવો માર્ગ ભગવાન કહેતા હશે? એ પછી .. કહે છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! વીતરાગ પરમાત્મા એમ કહે છે કે અનાદિનો અજ્ઞાનથી ઉન્મત્તપણાને લઈને. કર્મને લઈને ઉન્મત્તપણાને લઈને એમ ન કહ્યું. એક તો આ વાત. આહા..હા..! જ્યાં ત્યાં વાત જૈનના નામે. કર્મને લઈને આમ થાય... કર્મને લઈને (આમ થાય), પણ કર્મ જડ છે એને

લઈને તારામાં શું થાય? સમજાણું કાંઈ? આહા..હા..!

**'અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** એટલે કે ભાન વિનાનો અજ્ઞાની હતો. આહા..હા..! એક વાત. એ વાત સિદ્ધ કરી પહેલી. અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે. આહા..હા..! એ વિષયમાં સુખ છે, પૈસામાં મજા છે, આબરૂમાં મજા છે એ અજ્ઞાનથી ગાંડો-પાગલ થઈ ગયો છે. આહા..હા..! ઓલામાં ખુરશી પહેલી પડે, પૈસાવાળા કહે લ્યો. આહા..હા..! **'અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** એમ કહે છે. મિથ્યા ભ્રમણાને લઈને અજ્ઞાની હતો એ. આહા..હા..! પોતાની ચીજ શું છે એની એને ખબર નથી. એક વાત.

હવે એને સમજાવનાર કોણ છે, એ બીજી વાત. **'વિરક્ત ગુરુથી...'** એને સમજાવનાર સંત સાચા હોય, જે મિથ્યાત્વથી છૂટ્યા હોય, સમકિતદષ્ટિ હોય. અહીં તો ચારિત્રસહિત લેવા છે. વિરક્ત ગુરુ છે. રાગથી વિરક્ત-છૂટા પડી ગયા છે. આહા..હા..! નિર્ગ્રંથ ગુરુ છે. જેને અંતરમાંથી રાગથી છૂટો પડી ગયો છે અને બાહ્ય વસ્ત્ર-પાત્રથી પણ છૂટો પડી ગયો છે. આહા..હા..! એવા વિરક્ત ગુરુ. એક વાત.

**'નિરંતર સમજાવવામાં આવતાં...'** એ ગુરુએ એને સમજાવ્યું. પણ **'નિરંતર સમજાવવામાં આવતાં...'** એનો અર્થ કાંઈ ગુરુ નવરા એવા ન હોય કે ગુરુ એને નિરંતર સમજાવે, પણ એને જે કહ્યું એ વાતને સાંભળનારો વારંવાર ચિંતવનમાં ગોઠવે છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એની ધૂન ચડી જાય છે એને. ગુરુએ એને કહ્યું કે પ્રભુ! તું તો વિકાર અને કર્મ પરથી ભિન્ન ચીજ છે તારી. તારામાં તો અનંત આનંદનો સાગર ઉછળે છે. આહા..હા..! તારી ધૂળમાં આનંદ માન્યો એ ભ્રમણા તારી પાગલપણાની છે. આહા..હા..! બાયડીમાં સુખ છે, પૈસામાં સુખ છે. આહા..હા..! અમલદાર દસ હજારનો પગાર વીસ હજારનો થાય તો સુખી છે. બધા અમલ ક્યાં છે એ તો સમળિયા છે (એટલે કે) મેલવાળા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, વિરક્ત ગુરુ. આહા..હા..! શું પણ શૈલી! એને સમજાવનાર દેશના દેનાર ધર્મી હોય છે. અજ્ઞાનીની દેશના એને નિમિત્ત હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વિરક્ત ગુરુ.

**શ્રોતા :-** ગુરુના સમજાવવાથી સમજાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બિલકુલ વાતું સમજવા જેવી.

**'વિરક્ત ગુરુથી...'** આહા..હા..! જેને રાગથી અને નિમિત્તથી દષ્ટિ ખસી ગઈ છે અને નિર્વિકાર એને શુદ્ધ ઉપાદાનમાં દષ્ટિનો અનુભવ થઈ ગયો છે. આહા..હા..! એને અહીંયાં ગુરુ કહેવામાં આવે છે. કેમકે એ વિરક્ત છે, રાગથી વિરક્ત છે, સ્વરૂપમાં વિશેષે રક્ત છે, રાગથી વિરક્ત-ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'નિરંતર સમજાવવામાં આવતાં...'**

ભાવલિંગી સંત જે મુનિ સાચા હોય છે એ તો નગ્ન હોય, દિગંબર હોય છે અને એ તો જંગલમાં વસતા હોય છે. સમજાણું કાંઈ? જૈનદર્શનના સાધુ દિગંબર હોય છે અને તે જંગલમાં વસનારા હોય છે, વનવાસમાં રહેનારા. આ બધી ગડબડ પછી થઈ ગઈ હવે હમણાં. સમજાણું કાંઈ? એ વિરક્ત ગુરુ છે. બાહ્યથી વિરક્ત છે, અંદરમાં પણ વિરક્ત છે, નિવૃત્તિ છે. આહા..હા..! રાગથી પણ નિવૃત્ત પામ્યા છે અને પરપદાર્થથી પણ નિવૃત્ત પામ્યા છે. આહા..હા..! એ નિરંતર સમજાવવામાં આવતાં ગુરુએ એને કહ્યું. તો એ કાંઈ ગુરુ તો નવરા નથી એને નિરંતર સમજાવવા, પણ એ સમજનારાએ જે સાંભળ્યું એ વાતને વારંવાર ઓગાળે છે, એથી નિરંતર સમજાવવામાં આવતાં એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

**શ્રોતા** :- અર્થ ફેરવી નાખ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફેરવી નાખ્યો. આહા..હા..!

એને '**સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી)...**' આહા..હા..! મહાપુરુષાર્થથી. '**સમજી,...**' જોયું! ત્યાં એકદમ સમજે છે. આહા..હા..! ભગવાન! તું ચૈતન્યસ્વરૂપ છો પ્રભુ. તારી જાતમાં અનંતા ગુણો અને શાંતિ પડી છે. ભગવાન! તું અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતશાંતરસ, અનંતી શાંતિ, અનંતી સ્વચ્છતા, અનંતી પ્રભુતા એવા સ્વભાવની શક્તિનો સંગ્રહાલય તું એનું સ્થાન છો. આહા..હા..! તું વિકાર અને પરજ્ઞેયનું સ્થાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને કહે છે કે ચોંટ લાગી. સમજનારને હોં! આહા..હા..! ધૂન ચડી ધૂન. એમ કહે છે એ.

જે અંદરના પુરુષાર્થની જાગૃતિથી સમજ્યો. આહા..હા..! આ આત્મા તો આનંદ અતીન્દ્રિય શાંતિ અને અનંત ઈશ્વર શક્તિનો સમુદાય છે એવું સમ્યગ્દર્શનમાં ભાન થયું. આહા..હા..! છે? '**સમજી, સાવધાન થઈ,...**' જોયું! સાવધાન થયો. આહા..હા..! જે ઓલામાં મોહમાં પરમાં સાવધાન હતોને? મોહનો અર્થ સાવધાન થાય છે. રાગ અને સંયોગમાં સાવધાન હતો એ અરાગી ને અસંયોગી પોતાની ચીજમાં સાવધાન થયો. આહા..હા..! આવો ઉપદેશ લ્યો. આ તે જૈનનો ઉપદેશ હશે આવો? આપણે તો લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો એવી વાત સાંભળી છે, લ્યો. શેત્રુંજય જાવું અને સમેદશિખર. પાંચ-પચ્ચીસ લાખ ખરચવા કરોડપતિ હોય તો. આ તો કાંઈ આવી નહિ વાત. ભાઈ! એ ચીજ તારી ક્યાં હતી તે તું ખરચી શકે. આહા..હા..! એ ચીજ મારી છે એ માન્યતા ભ્રમ છે, પરમાં સાવધાન છે. આહા..હા..! એ અંદરમાં સમજ્યો કહે છે. આનંદનો નાથ પ્રભુ સ્વસંવેદન થયું અંદર. જે રાગ ને પરને માનવામાં ભ્રમણા હતી, મોહ-આમ સાવધાન હતો એ અહીં સાવધાન થતાં એને સ્વસંવેદનદશા પ્રગટ થઈ, આહા..હા..! એનું નામ ધર્મ અને એનું નામ આત્માનું જ્ઞાન. આવી વાત.

'**સાવધાન થઈ,...**' 'निर्वेण्णेन गुरुणानवरतं प्रतिबोध्यमानः कथञ्चनापि प्रतिबुद्ध्य'

એ પ્રતિબુદ્ધનો અર્થ કર્યો છે. સમજીને સાવધાન થયો. આહા..હા..! હું તો એક જ્ઞાયકસ્વરૂપ, ચૈતન્યના સ્વભાવના ભાવથી ભરેલો, ચૈતન્યના નૂરના તેજનું પૂર હું છું, આહા..હા..! એવું જેણે આત્માનું સ્વરૂપ પરથી ભિન્ન સમજ્યો અને સાવધાન થયો. આહા..હા..! **'જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...'** આ સવારમાં દાંતણ-બાંતણ કરતાં કાંઈ સોનું હોયને? ક્યાંક આમ રાખ્યું પછી દાંતણ કરેને સવારમાં? ભૂલી જાય પછી કહે ક્યાં સોનું છે? ક્યાં છે? છે તો અહીં. **'જેમ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...'** મુઠીમાં હો અહીં હાથમાં હો આમ. **'તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે,...'** આહા..હા..! એ રાગના વિકલ્પની આડમાં સોનું અંદર આત્મા પડ્યો છે અંદર. ભૂલી ગયો મૂઠીમાં સોનું હતું. એ રાગની, વિકલ્પની દશાની પાછળ આખો ભગવાન છે. સમજાણું કાંઈ? આ તો જિનેશ્વરદેવના ધર્મની વાતું છે, ભાઈ! આહા..હા..! એ વાતું ક્યાય છે નહિ. વીતરાગ સિવાય પરમેશ્વર સિવાય ક્યાંય નહિ. બધા ગપ મારે છે. આ તો પરમેશ્વર મૂળ વસ્તુને સમજાવીને એને જાગૃત કરે છે.

**'મૂઠીમાં રાખેલું સુવર્ણ...'** દાખલો તો જુઓ! પટારામાં રાખ્યું છે. ઓલા દાંતણ કરેને તો મૂકી દે. કાં ઓલું બારણું હોયને? શું કહેવાય માથે? ઓટલો, ટોડલો. ત્યાં મૂકે. દાંતણ પછી લઈ લઈશ; પણ કોક તો હાથમાં રાખીને એમ કહ્યું અહીં તો. આહા..! આ નાકમાં સાફ કરવું હોય અને અહીં પહેર્યું હોયને બાયુએ કાંઈક સોનું કે હીરાનું હોય. હાથમાં રાખી દે. એ મૂઠીમા રાખેલું સોનું યાદ કરે. બસ, એટલી વાત. આહા..હા..!

**શ્રોતા :-** છે એ ક્યાં જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે એ ક્યાં જાય? છે તો છે. પ્રભુ પડ્યો છેને. આહા..હા..!

અહીં ઓલા ૨૦ બોલ યાદ આવ્યા. નહિ આ? ૧૪૩ના. અબદ્ધ છે, એક નિશ્ચયના બોલ નિશ્ચયના બધા. બદ્ધ છે એ વ્યવહાર છે, આ અબદ્ધ છે. કર્તા વ્યવહાર છે, અકર્તા એ બધા. આહા..હા..! વિકલ્પવાળા લીધા હતા. વિકલ્પ વિનાની ચીજ છે એ લેવી. આહા..હા..! કહે છે, એ તો અંદર પડ્યો જ છે ભગવાન તો. આહા..હા..! એ લાપસી રંધાતી હોય ને લાપસી? લાપસી સમજો છો? કાચા લાકડા હોય કાચા લીલા તો ધુમાડો થાય. તપેલું હોય એમાં લાપસી હોય, પણ ધુમાડા આડે તપેલું દેખાય નહિ, લાપસી તો ક્યાંથી દેખાય? આહા..હા..! એમ કાચો અજ્ઞાની એના પુણ્ય-પાપના ધુમાડા આડે ભગવાન દેખાતો નથી એને. એ ધુમાડા છે બધા. આહા..હા..! શુભ અને અશુભના વિકલ્પના ધુમાડા-મેલ આડે એને ભગવાન અંદર કોણ છે એ એને દેખાતો નથી. એ મૂઠીમાં રાખ્યો અંદર, કહે છે. આહા..હા..! એને યાદ કરે છે એમ અંદરમાં છે એને યાદ કર્યો પાધરો. ઓહોહો..! અરે..! હું તો અતીન્દ્રિય આનંદ અને શાંતના સાગરથી ભરેલો છું. ઓહોહો..! છલોછલ ભરેલો છું આનંદથી, છલોછલ ભર્યો છું જ્ઞાનથી, વીતરાગભાવથી ભરેલો છલોછલ છું, એમ યાદ

કરે છે. યાદ કરે છે એમ લખ્યું. **'ભૂલી ગયો હતો તે ફરી યાદ કરીને...'** આહા..હા..!

**'મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો...'** ઓલા સોનાનો દાખલો. પોતાનો પરમેશ્વર રાગ ને વિકલ્પ ને પરજ્ઞેયથી ભિન્ન અંદર પ્રભુ પડ્યો જ છે. એના ઉપર નજર કરવી એ બાકી છે ફક્ત. નજર કરી ત્યાં યાદ થઈ ગયો, કહે છે. યાદ આવી ગયો. ઓહોહો..! **'પોતાના પરમેશ્વર...'** ભાષા દેખો! છે? સંસ્કૃતમાં છે હોં! **'परमेश्वरमात्मानं ज्ञात्वा'** કેમ બેસે? પરમેશ્વર ભગવાન આત્મા. બધા શરીર અને રાગની પાછળ ભગવાન પરમેશ્વરસ્વરૂપ છે એ.

**શ્રોતા :-** .. ભગવાન ન હોય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં અત્યારે ભગવાન છે. એ આવી હતી એ બાજુથી તકરાર. અહીંથી કોઈ સાંભળીને ગયું. ત્યાં તો ભગવાન-ભગવાન આત્માને કહે છે. ભગવાન અત્યારે ક્યાં છે? હવે અત્યારે અહીં નહિ હોય તો ભગવાન થાશે ક્યાંથી? એ ભગવાનસ્વરૂપ જ છે એમાંથી પર્યાયમાં ભગવાન એન્લાર્જ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ મૂર્તિ છે. વીતરાગ અકષાયસ્વરૂપનો કંદ છે. એથી તેની પર્યાયમાં વીતરાગતા પ્રવહે છે, વહે છે. આહા..હા..! એની ધારા. વીતરાગસ્વભાવથી ભરેલો ભગવાન છે એને પોતાને નજરે જતાં એની પરિણતિ વીતરાગની પરિણતિ વહે છે. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! આવી રીત, ભાઈ! આહા..હા..!

ભાઈ! તું તને ભૂલી ગયો છો, એમ કહે છે. આહા..હા..! તું તને ભૂલી ગયો છો. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' કર્મે ભૂલાવ્યો છે એ વાત નહિ. આહા..હા..! ભગવાન આત્મા જેની સત્તા-હોવાપણું પરમેશ્વરપણાના સ્વભાવથી ભરેલું જેનું હોવાપણું છે. એક-એક શક્તિ પરમ ઈશ્વરવાળી, એવી અનંતી શક્તિ. એક-એક શક્તિ અનંત સામર્થ્યવાળી. એવી અનંત શક્તિ-ગુણ-સ્વભાવભાવનો ભરેલો પરમેશ્વર પોતે છે. પોતાના પરમેશ્વરને-આત્માને ભૂલી ગયો તું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'(સર્વ સામર્થ્યના ધરનાર)...'** આહા..હા..! જેનું અનંતબળ અનંતસામર્થ્યથી ભરેલો ભગવાન છે, જેની નજરું કરતાં નારાયણ એક ક્ષણમાં થાય એવી તાકાતવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પોતાના પરમેશ્વરને. જુઓ! એ પર્યાય પણ નહિ, એ આખો પરમેશ્વર ભગવાન. આહા..હા..! એવા **'આત્માને ભૂલી ગયો હતો...'** હવે એ પરમેશ્વર છે એ કેમ બેસે એને? આહા..હા..! પણ પરમેશ્વર જો ન હોય તો પર્યાયમાં પરમેશ્વર આવે ક્યાંથી? કૂવામાં હોય એ અવેડામાં આવે. અવેડો સમજો છો? હોજ. કૂવામાં પાણી હોય એ હોજમાં આવેને. એમ અંદરમાં પરમેશ્વરપણું ન હોય તો પર્યાયમાં પરમેશ્વરપણું આવે ક્યાંથી? આહા..હા..! બહુ ફેર, ભાઈ! જગતના માર્ગને અને વીતરાગના માર્ગને! જુદાં માર્ગ,

ભાઈ! આહા..હા..!

'**પોતાના પરમેશ્વર (સર્વ સામર્થના ધરનાર)...**' જ્ઞાનનું સામર્થ્ય પૂર્ણ, દર્શનનું પૂર્ણ એવા અનંતા ગુણોનો સામર્થ્યવાળો. પ્રભુત્વ એક શક્તિ છે એમાં. પ્રભુત્વ નામનો એક ગુણ છે એમાં કે એને લઈને અનંતા ગુણોને પ્રભુત્વ કર્યા છે-રૂપ. જ્ઞાનમાં પણ પ્રભુતા રૂપ છે. પ્રભુ ગુણ નથી પણ એનું રૂપ છે એમાં. કાલે કહ્યું નહોતું? કહ્યું હતુંને? જ્ઞાન જ્ઞાનપણે છે અને જ્ઞાનમાં અસ્તિ ગુણ ભિન્ન છે. છતાં જ્ઞાનમાં અસ્તિનું રૂપ છે. જુઓ! જ્ઞાન છે એ છે પણ અહીં પોતાથી ન હોય તો તો પરથી હોય એવું સ્વરૂપ છે નહિ. એટલે જ્ઞાન જ્ઞાનપણે છે એ જ્ઞાનનું અસ્તિપણું પોતાથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક ગુણમાં અનંતગુણનું રૂપ છે. રૂપ એટલે આ હોં.

એવો પરમેશ્વર ભગવાન પોતાનો આત્મા. '**તેને જાણીને,...**' ભૂલી ગયો હતો એને જાણીને. આ વાત છે. જેમ મૂઠીમાં સોનું હતું એ ભૂલી ગયો. એ આ રહ્યું. કેડે છોકરો અને ગોતવા નીકળે (ગામમાં). નથી કહેતા આપણે? બાઈ હોય એ ભૂલી ગઈ. છોકરો કેડમાં હોય. ક્યાં ગયો? ક્યાં ગયો? પણ અહીં છે. અહીં છે. કેડે કોણ છે? ધૂનમાં ભૂલી ગઈ બાઈ. આહા..હા..! એમ અહીંયાં પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવી પરમેશ્વર શક્તિને ભૂલી ગયો હતો. આહા..હા..! રાગ પુણ્ય-પાપના પરિણામ ભિખારા-રાંકા એને પોતાના માન્યા હતા એને એ ભૂલી ગયો. એ ભૂલી ગયો હવે. પહેલો આત્મા ભૂલ્યો હતો, હવે વિકાર અને પરને ભૂલી ગયો. હું તો આ છું. આહા..હા..! મને મારી શાંતિ ને આનંદનો લાભ જ્ઞેયમાંથી નથી અને રાગમાંથી નથી. એનાથી તો મારું સ્વરૂપ ભિન્ન છે. એમાંથી મને આનંદ અને શાંતિનો લાભ ત્યાંથી મળે છે. આહા..હા..! લ્યો, આ આવ્યું કે નહિ? નવીન! આવ્યું તારું ૩૮. એ કહેતો હતો. હજી છેને બપોરનું એક ફેરી.

'**પોતાના પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને,...**' આહા..હા..! સ્વને જ્ઞેય બનાવીને. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પૂર્ણાનંદના નાથને જ્ઞેય બનાવીને એને જાણ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અમૃત રેડ્યાં છે. અમૃતચંદ્રાચાર્ય, ઓહોહો..! હજાર વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં બિરાજમાન હતા. એ વખતે આ પંથ નીકળી ચૂકેલા શ્વેતાંબર ને એ. સ્થાનકવાસી તો હમણાં નીકળ્યો. તે દી એ નહોતો. આહાહા..! આહાહા..! પણ એને ઓળખ્યા નહિ લોકોએ. વાડા ન છોડ્યા. આહા..હા..!

'**તેને જાણીને,...**' એક વાત. '**તેનું શ્રદ્ધાન કરીને...**' પછી શ્રદ્ધાનની વાત લીધી. પહેલો જાણવાનો.. જ્ઞાયકભાવ અસ્તિપણે પર્યાયમાં પ્રતીતમાં આવ્યો, જાણ્યો, જાણ્યે પ્રતીત કરી. આહા..હા..! જાણ્યા વિના પ્રતીત કોની? ખ્યાલમાં ચીજ ન આવી અને શ્રદ્ધા કર. શું શ્રદ્ધા? કોની કરે? '**આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને...**' હું પૂર્ણ બ્રહ્મ આનંદનો નાથ પ્રભુ છું એવી શ્રદ્ધા કરીને, તેનું આચરણ કરીને અને તેમાં

ચારિત્રની રમણતા કરીને, તેનું આચરણ, આત્માનું આચરણ. વિકલ્પ મહાવ્રત-બહાવ્રત એ આત્માનું આચરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પહેલાં તો મહાવ્રત આવેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહાવ્રત આવે, એને ઘરે રહ્યાં. એ રાગ છે, આત્માના ઘરમાં નથી એ. એ પરઘરની રમતું છે બધી. આહા..હા..!

**'આત્માને ભૂલી ગયો હતો...'** કેવો? કે પોતાના સામર્થ્યવાળો પરમેશ્વર, એને જાણીને. આહા..હા..! **'તેનું શ્રદ્ધાન કરીને...' 'તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને...'** આનંદનો નાથ જાણ્યો એમાં ઠર્યો. અંદરમાં રમણતા થઈ એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ નગ્નપણું અને પંચમહાવ્રતના ભાવ એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આહા..! **'તેનું આચરણ કરીને (-તેમાં તન્મય થઈને)...'** જ્ઞાતા-દૃષ્ટાના આનંદ સ્વભાવમાં તન્મય થઈને તે રૂપે થવું તે ચારિત્ર છે. આનંદરૂપે થવું તે ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ચારિત્રની વ્યાખ્યા પણ જુદી. લૂગડા ફેરવ્યા કાંઈક નગ્ન થયો. આ તો લૂગડાવાળા વળી સાધુ કહે છે. એ તો બધી ખોટી ભ્રમણા છે. એય..! કપડાવાળા સાધુ હોઈ શકે નહિ ત્રણકાળમાં. જૈનદર્શનનો એ માર્ગ નથી. જૈન વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ ... કે વસ્ત્રવાળા એ સાધુ સાધુ નહિ, એ મિથ્યાદૃષ્ટિ; પણ વસ્ત્ર વિનાના નગ્ન ફરે એકલા અને જેને આત્માની જ્ઞાન અને શ્રદ્ધા નથી એ પણ મિથ્યાદૃષ્ટિ. ભલે પંચમહાવ્રત પાળતા હોય, તેને ધર્મ માનીને રહેતા હોય એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અહીં આત્મામાં રમે એ (ચારિત્ર) કહેવાય. રાગમાં રમે એ ચારિત્ર કહેવાય? પંચ મહાવ્રતનો વિકલ્પ છે, રાગ છે.

**'જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...'** આહા..હા..! રાગરૂપે અને જ્ઞેય મારા એમ છે તો અનેકરૂપે. એ હવે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો. 'નિજપદ રમે સો રામ કહીએ.' ભગવાન આનંદમાં રમે તે આત્મરામ કહીએ. આહા..હા..! રાગમાં રમે તે હરામ કહીએ. આવી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જે સમ્યક્ પ્રકારે...'** સાચી રીતે, સત્ય પરિણમનથી **'એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કેઃ'** હવે ધર્માત્મા કહે છે કે હું આવો ઠર્યો. એ કેવો થયો અને શું અનુભવ કરું છું? છે?

**'તે હું એવો અનુભવ કરું છું કે હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ...'** હું તો ચૈતન્ય જાણકસ્વભાવ, ચૈતન્યની ઝળહળ જ્યોતિ નૂરના તેજ ચૈતન્યના, એવો ચૈતન્યજ્યોતિ તે હું છું. આહા..હા..! છે? **'કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...'** આહા..હા..! હું ચૈતન્યમાત્ર જ્યોતિ (છું). જેમ અગ્નિ જ્યોતિ, દીવાની જ્યોતિ, આ તો ચૈતન્યમાત્ર જ્યોતિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવા ચૈતન્યમાત્ર જાણવા-દેખવાના સ્વભાવરૂપ જ્યોતિરૂપ આત્મા છું. આહા..હા..! **'કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...'** વજન અહીં છે. મારા અનુભવથી, આનંદના વેદનથી હું મારા આત્માને જાણું છું. પરથી નહિ, વિકલ્પથી

નહિ, નિમિત્તથી નહિ. આહા..હા..! મારા જ અનુભવથી 'વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પામે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ.' આહા..હા..! આવો વીતરાગમાર્ગ હશે? ભાઈ! વીતરાગમાર્ગ. આહા..હા..! એવું સત્ય સાંભળવા મળવું પણ ભાગ્ય હોય એને મળે છે. આવો વીતરાગમાર્ગ! આહા..હા..!

કહે છે કે હું સમ્યગ્દૃષ્ટિ થયો, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન થયું એ '**હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' આહા..હા..! પરોક્ષ નહિ. મારા જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે. આહા..હા..! આ જ્ઞાયકભાવ જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે, એ આ છદ્મસ્થ હજી કહે છે. આહા..હા..! એટલે કે મને જાણવામાં રાગ અને નિમિત્તની અપેક્ષા નથી. મારું સીધું જ્ઞાન મને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! 'પ્રત્યક્ષ જણાય છે;...' વિશેષ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૭, રવિવાર, તા. ૨૨-૦૨-૧૯૭૬, ગાથા-૩૮, પ્રવચન નં. ૮૫

અનાદિથી અજ્ઞાનથી ઉન્મત્ત થયેલો અત્યંત અપ્રતિબુદ્ધ હતો. વાત એ છે કે આત્મા એક સમયમાં અનંત-અનંત શક્તિનો-સ્વભાવનો પિંડ છે. એ ઉપર એની અનંતકાળમાં નજર ગઈ નથી. કેમ? કે વર્તમાન પર્યાય જે વ્યક્ત પ્રગટ છે એનું એને જ્ઞાન, એની એને શ્રદ્ધા અને એનું એને આચરણ એમાં છે. સમજાણું કાંઈ? પરનું એણે કર્યું નથી, તેમ સ્વનું કર્યું નથી. ત્રિકાળી જ્ઞાયકભાવ એને જે.. સાંભળવામાં ધ્યાન હોય કે એ કરવામાં? હવે એ વિખાઈ ગયું. આ તો ધર્મની વાત છે, આ કાંઈ વાર્તા નથી, બાપા! આહા..હા..! આ તો અંતરની વસ્તુ સમજવા માટે ઘણી એને સાવધાની જોઈએ.

વસ્તુ એક સમયમાં નિત્યાનંદ સ્વભાવ સામાન્ય ધ્રુવ અભેદ અખંડ શુદ્ધ એ તત્ત્વ આખું છે, વસ્તુ એ છે આત્મતત્ત્વ, પણ તે ઉપર અનાદિકાળની (નજર નથી કરી). જૈનનો સાધુ થયો, દિગંબર થયો, મુનિ થયો, જંગલમાં રહ્યો, પણ દૃષ્ટિ જે પ્રગટ પર્યાય છે, તેના ઉપર એનું બધું જોર છે. કેમકે પર્યાયનો જે અંશ છે એ પ્રગટ છે એ ખ્યાલમાં આવે છે, તેથી ત્યાં રોકાઈ ગયેલો છે. ચંદુભાઈ! આહા..હા..! આવી વાત છે. એને અહીંયાં એમ કહ્યું કે અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે. એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવનું જ્ઞાન નથી એને. આહા..હા..!

એક વર્તમાન પ્રગટ પર્યાય અને વર્તમાન પર્યાયનું લક્ષ જાય તો રાગ ઉપર જાય કાં પર ઉપર જાય એટલાનો એને સ્વીકાર છે અને એ સ્વીકાર તે ભ્રમણા અને અજ્ઞાન છે. કેમ કે ભગવાન આખો અખંડ આનંદકંદ પ્રભુ, જે વાસ્તવિક તત્ત્વ કહીએ, પદાર્થ કહીએ, વસ્તુ કહીએ, જેમાં અનંત-અનંત ગુણો વસેલા-રહેલા (છે) એવું જે તત્ત્વ છે એમાં નજર ન કરી એણે. સમજાણું કાંઈ? આહા..હા..! ક્રિયાઓ કરી, પંચમહાવ્રત પાળ્યા, શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, અહિંસા, દત્ત, બ્રહ્મચર્ય આદિ પંચમહાવ્રત પાળ્યા; પણ એ બધી વર્તમાન પર્યાયની આડમાં ભગવાન આખો ત્રિકાળી છે તે ઢંકાઈ ગયો. આહા..હા..!

એને અહીંયાં કહે છે કે અજ્ઞાનથી ઉન્મત્ત હતો એટલે કે વસ્તુનું સ્વરૂપ જે શુદ્ધ અખંડ આનંદકંદ છે તેના ભાવથી તે અજ્ઞાની હતો. આહા..હા..! અને વર્તમાન પર્યાય અને રાગાદિના વિકલ્પની એના અસ્તિત્વને સ્વીકારીને હું છું એમ માન્યું હતું એણે. એ અજ્ઞાની અત્યંત અપ્રતિબુદ્ધ હતો. વિરક્ત ગુરુએ, જેને રાગથી ભિન્ન આત્માનો અનુભવ થયો છે એવા **'વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...'** એટલે કે નિરંતર એણે સમજેલી વાતનું ઘોલન રહેતા. સમજાણું કાંઈ? આહા..હા..! **'કોઈ પ્રકારે સમજી, સાવધાન થઈ,...'** સાવધાન જે આમ હતો મોહ ને અજ્ઞાનમાં, એ પોતે પરથી ભિન્ન મારી ચીજ જ અખંડ આનંદકંદ છે એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપ તરફ સાવધાન થયો. આહા..હા..! આ એને કરવાનું હતું એ કર્યું. ગુરુએ એને કહ્યું હતું એ એણે કર્યું. સમજાણું કાંઈ?

**'જેમ કોઈ મૂઠીમાં રાખેલું સૂવર્ણ ભૂલી ગયો હોય...'** નિદ્રામાં. હાથમાં સોનું (રાખેલું અને) નિંદર આવી ગઈ. જાગે ત્યાં સોનું (ક્યાં)? સોનું આ રહ્યું, આ તમારી મૂઠીમાં રહ્યું. એમ ભગવાન હું રાગની પેટીની આડમાં સૂતેલો એને ભગવાન ભાળતો નહોતો એ. આહા..હા..! એને બતાવ્યું ગુરુએ પ્રભુ! તું તો આ ચીજ, આ છો. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ અખંડ પરમેશ્વરસ્વરૂપ તું છો. આહા..હા..! ત્યારે એને યાદ આવ્યું. પોતાના પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો. છેને? આહા..હા..!

**'તેને જાણીને,...'** તેને જાણીને. આ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય વસ્તુ અખંડ શુદ્ધ ધ્રુવ અભેદ એવું જ્ઞાન થયું અંદરમાં ત્યારે એ જાણીને પછી એની શ્રદ્ધા થઈ કે ઓહો..! હું અખંડ ચૈતન્યમૂર્તિ પ્રભુ છું. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તથા તેનું આચરણ કરીને...'** આચરણ કર્યું છેને? વસ્તુ, વસ્તુ તેને કહીએ કે જેમાં અનંત શક્તિઓ વસેલી છે-ગોમ્મટસારમાં એ પાઠ છે કે વસ્તુ જેમાં અનંત સ્વભાવ-ગુણ-શક્તિઓ વસેલી છે, રહેલી છે એ શાશ્વત રહેલી છે. આહા..હા..! એનું અંતરમાં જ્ઞાન થયું એણે વર્તમાન જ્ઞાનની પર્યાયે ત્રિકાળીને પકડ્યો. આહા..હા..! એનું જ્ઞાન થઈને શ્રદ્ધા થઈ ત્યારે એ આત્માને જાણ્યો અને માન્યો એણે. આહા..હા..! ત્યારે તેનું આચરણ કર્યું એણે. ભગવાન આનંદસ્વરૂપ, એની રમણતા કરતાં અતીન્દ્રિય આનંદનું આચરણ કર્યું.

ચારિત્ર એટલે અતીન્દ્રિય આનંદનો અનુભવ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આચરણ કરીને જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...**' આહા..હા..! જે રાગમાં રમત જેની હતી, જેની એક સમયની પર્યાયમાં અનાદિની રમતું માંડીને બેઠો હતો, આહા..હા..! એ ગુલાંટ ખાઈને આત્મારામ થયો. મારું નિધાન ચિદાનંદસ્વરૂપ છે. આહા..હા..! આવી બહુ ઝીણી વાત તત્ત્વની. લોકો ક્યાંય-ક્યાંય ચાલ્યા અને વસ્તુ રહી ગઈ અંદર. આહા..હા..! જે કરવાનું એ કર્યું નહિ અને નહિ કરવાના માંડીને વખત ગાળ્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...**' જેવું એનું આનંદસ્વરૂપ છે, જેવું એનું જ્ઞાન અખંડ અભેદ સ્વરૂપ છે એવું જ જ્ઞાન કરીને, શ્રદ્ધા કરીને ઠર્યો અંદર, આત્મારામ. આહા..હા..! પોતાના સ્વભાવમાં રમણતા જેણે કરી એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**તે હું એવો અનુભવ કરું છું કે**' આહા..હા..! તે હું અનુભવ કરું છું એમ જ્ઞાની જાણે છે. આહા..હા..! '**ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...**' હું તો ચૈતન્યમાત્ર ત્રિકાળી જ્ઞાનસત્ત્વ, જ્ઞાનભાવ, સર્વજ્ઞસ્વભાવ, જ્ઞ-ભાવ એ ચૈતન્યજ્યોતિ તે હું છું. એ રાગ પણ નહિ, પર નહિ અને એક સમયની પ્રગટ પર્યાય જેટલો પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! જન્મ-મરણના ચોર્યાસીના આંટા ખાઈને મરી ગયો છે એ. જીવતી જ્યોતને એણે મારી નાખી છે. એટલે? કે આવું તત્ત્વ છે એ નહિ અને એક સમયની પર્યાય ને રાગાદિ વિકાર તે હું. આહા..હા..! એ જીવતા સત્‌ના સત્ત્વનો જેણે નકાર કર્યો છે એ જીવને મારી નાખ્યો એણે. મારી (નાખી) પર્યાયમાં હોં! વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! એ વસ્તુને જ્યાં જીવતી જોઈ, શક્તિ જોઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? બદલતી નજરે નહિ બદલતો જોયો. આહા..હા..! આવો માર્ગ બાપુ, આ. સમજાણું કાંઈ? એ ચિન્માત્ર જ્યોતિ હું આત્મા છું. એનો સ્વભાવ કહ્યો જ્ઞાનમાત્ર. જ્ઞાનમાત્ર શબ્દે કાંઈ બીજા ગુણો નથી એમ નહિ, પણ જ્ઞાનમાત્ર (એટલે) એ રાગ નહિ, પુણ્ય નહિ એ નહિ. આહા..હા..! એવો સમ્યગ્દર્શનમાં અનુભવ થયો. આહા..હા..!

'**હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' આ ચીજ મને મારા સ્વસંવેદનથી પ્રત્યક્ષ જણાય છે. જેને જાણવાને બીજાની મદદની જરૂર નથી, જેને અનુભવવાને બીજાની સહાયની જરૂર નથી એવો હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? ૩૮ ગાથા છેને? એટલે સાંભળીને પછી જાણ્યું, શ્રદ્ધયું અને આત્મારામ થયો એટલે ત્યારે આત્મા થયો, એમ. આહા..હા..! '**મારા જ...**' 'મારા જ' ભાષા છે. એકાંત છે એ તો. '**મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' જ્ઞાનની પર્યાયમાં અંતર્મુખ બીજાની સહાય-સહારા વિના, જ્ઞાનને મનનો સહારો પણ નથી, આહા..હા..! એવા જ્ઞાન દ્વારા આત્મા આ પ્રત્યક્ષ છે તે હું છું. આવી વાત છે, ભાઈ! આહા..હા..!

**'ચિન્માત્ર આકારને લીધે...'** અહીં સુધી તો આવ્યું હતું સવારે. હવે કહે છે, ચિન્માત્ર-જ્ઞાનમાત્ર મારું સ્વરૂપ છે. તેથી **'હું સમસ્ત ક્રમરૂપ...'** નરકગતિ, મનુષ્યગતિ આદિ એ રૂપે હું નહિ. ક્રમ છે એ, ગતિનો ક્રમ એક પછી એક. **'તથા અક્રમ...'** લેશ્યા, કષાય એ એક સાથે હોય છે એથી એને અક્રમ કહે છે. અહીં ગુણનું અક્રમનું કામ નથી. પર્યાયમાં એક પછી એક ગતિ થાય એ ક્રમ છે અને પર્યાયમાં લેશ્યા, કષાય જ્ઞાનની પર્યાયનો અંશ એ એક સાથે બધું હોય છે. એ **'ક્રમ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી...'** આહા..હા..! **'ભેદરૂપ થતો નથી...'** સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં અક્રમ એટલે ગુણ અને ક્રમ એટલે પર્યાય એમ અહીં નથી લેવું. અહીં તો તત્ત્વાર્થ રાજવાર્તિકમાં લીધું છે એ. દાખલો આપ્યો છે તે દી તત્ત્વાર્થ રાજવાર્તિકમાં. આમાં તો નવું છેને એટલે નથી. ઓલામાં મૂક્યું છે, લખ્યું છે. ગતિ આદિ અને.. ઉદયનો રાગાદિ ભાવ, લેશ્યાનો ભાવ, જ્ઞાનની એક સમયની પર્યાયનો ભાવ એ એક સાથે હોય છે. એક સાથે હોય છે તેને અક્રમ કહે છે અને ગતિ એક પછી એક હોય છે તેને ક્રમ કહે છે. આહા..હા..! એ **'ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી...'** એ બધા વ્યવહારિક ભાવ છે. આહા..હા..! **'એનાથી ભેદરૂપ થતો નથી...'** આહા..હા..! હું જ્ઞાનની એક સમયની પર્યાયવાળો પણ ભેદરૂપ થતો નથી. એ વ્યવહારિક ભાવોથી ભિન્ન મારી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનમાત્ર આકાર. આકાર એટલે સ્વરૂપ. આહા..હા..! એને લીધે હું સમસ્ત ક્રમરૂપ ગતિ આદિ લેશ્યા ક્રોધાદિ અક્રમરૂપ એવા પ્રવર્તતા... અસ્તિ છે એ. એ અસ્તિ છે.

**'વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી...'** હું તો અભેદ અખંડ આનંદકંદ છું. આહા..હા..! એમ કરીને કોઈ પર્યાય નથી જ. વ્યવહાર વિકલ્પ આદિનો કે અંશ આદિ પર્યાય નથી જ એમ નહિ. અસ્તિત્વ છે, પણ એ અસ્તિથી અખંડાનંદ ભેદરૂપ થતો નથી હું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ હવે આમાં .. લીલાધરભાઈ! ઓલું તો અપવાસ કરવો. ચાલો કરી નાખીએ. અઠમ કરે ને પારણું અઠમ એક .. ચડાવે તો પચ્ચીસ અપવાસનું પુણ્ય મળે. પચ્ચીસ અપવાસનો ધર્મ કહે. બાયડ્યું બિચારી ખેંચી નાખે જરી, ચાલો ભાઈ! અઠમ કરી છે. આહા..હા..!

એ જ્યારે આત્માનું સમ્યગ્દર્શન થયું એટલે કે આત્માનો અનુભવ થયો ત્યારે કેવો આત્મા જાણ્યો એ વાત કરે છે. સમજાણું કાંઈ? કે ચિન્માત્ર જ્ઞાનસ્વભાવ સ્વરૂપમાત્ર. એને લઈને એકલો જ્ઞાનસ્વભાવ, જ્ઞાયકભાવ. એને લઈને એ ક્રમે થતી દશાઓ ગતિની અને અક્રમે થતી જ્ઞાનપર્યાય રાગ, કષાય, લેશ્યા સાથે—એ બધા ભેદભાવથી હું ભેદ પામતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! આહા..હા..! જૈનદર્શન એવું સૂક્ષ્મ અને અપૂર્વ છે કે ક્યાંય છે નહિ આ વાત. લીલાધરભાઈને તો કહ્યું છે કે મેં ભાઈ! આ તમારા છોકરાઓ.

તમારા છોકરાઓ છેને બધા ખરેખર તો. જ્યાં ત્યાં રખડે છે. સાંઈબાબા. આહા..હા..! અરે.. પ્રભુ! જૈનદર્શન બાપા! શું છે, ભાઈ! તને ખબર નથી. ત્રણલોકના નાથ પરમેશ્વર એણે માર્ગ જે કહ્યો એ જગતમાં ક્યાંય છે નહિ. બધા એકાંત ને પાખંડ માનીને બેઠા છે. આ તો પરમેશ્વર, જિનેશ્વરદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાની પર્યાયમાં જણાણા એ પર્યાયને જાણતા જણાણાં. સમજાણું કાંઈ? એ ભગવાનના શ્રીમુખે દિવ્યધ્વનિ આવી– ૐ ધ્વનિ એમાં આ વાત આવી. એ સંતોએ આગમમાં રચ્યું છે. આહા..હા..!

ભગવાન! આત્માનું સ્વરૂપ એને અનુભવાય ત્યારે એ ભગવાન આત્મા શું જાણે? આહા..હા..! '**હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા...**' જેટલા ભેદો એમાં '**પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી...**' છે ખરા. આહા..હા..! પ્રવર્તતા હયાતી ધરાવે છે એ. રાગ, લેશ્યા, ગતિ એનાથી ભેદરૂપ થતો નથી. 'હું એક છું;...' આહા..હા..! આ શબ્દ આમાં છેને પહેલો? '**अहमेक्को**' આ એની વ્યાખ્યા થઈ. '**अहमेक्को**' આહા..હા..! જેની દૃષ્ટિ પર્યાય અને રાગથી ખસીને ભગવાનને ભાળવા દૃષ્ટિ ગઈ. આહા..હા..! જેના જ્ઞાનનેત્ર ચૈતન્યને જોવા ગયા એ ચૈતન્ય એવો જોયો... આહા..હા..! કે ક્રમ અને અક્રમે પ્રવર્તતા ભેદથી હું ભેદાતો નથી. હું તો એકરૂપ ત્રિકાળ છું. પોપટભાઈ! નથી સાંભળ્યું વાત સાચી, ભાઈ! અરેરે..! ભગવાનના વિરહ પડ્યા. કેવળી રહ્યા નહિ, અવધિ, મનઃપર્યય રહ્યા નહિ. વસ્તુસ્થિતિ ઘણી ગંભીર રહી ગઈ. આહા..હા..! છતાં આચાર્યોએ આ શાસ્ત્રો રચીને કેવળજ્ઞાનને ભૂલાવી નાખ્યા છે. આહા..હા..!

ભાઈ! તું કોણ છો? કેવડો તે જાણ્યો ત્યારે તેને જાણ્યો કહેવાય? આહા..હા..! કેવડો ક્યા પ્રકારે તને જાણ્યો હોય ત્યારે તે જાણ્યો કહેવાય? પર્યાયના ભેદથી ભેદાયો નહિ એવો એકરૂપ છું એવો જાણ્યો એને જાણ્યો કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મોંઘુ પડે પ્રભુ! પણ માર્ગ તો આ છે. એને ધીમે-ધીમે સમજવું જોઈએ. પણ માર્ગ આ વિના તારા નિસ્તાર નથી, ભાઈ! આ ચોર્યાસીના અવતાર. આહા..હા..! દુઃખી.. દુઃખી.. દુઃખી છે એ. આહા..હા..!

જુઓને આ. આહા..હા..! સદામીલાલનું. આહા..હા..! કરોડોપતિ. ૪૦ લાખ રૂપિયા તો લગભગ દાનમાં ખર્ચ્યા હશે. એટલા પૈસા, બહુ પૈસા. ત્યાં અમે રહ્યા હતાને બે દિવસ એના મકાનમાં. કેટલી જમીન કાંઈ નજર ન પડે એટલી જમીન તો લીધી છે. આ બધું નાખે. માનસ્તંભ ને મંદિર ને .. ઓહોહો..! એને પણ મારી નાખનારો મળ્યોને. એ તો થવા કાળ હોય ત્યારે નિમિત્ત એવું થાય. બિચારો એક. બહારમાં ઘણા કરોડોપતિ હોં. આખા ફિરોઝાબાદ. શું કહેવાય? ફિરોઝાબાદ? હા. ફિરોઝાબાદ નગરી. એમ લખ્યું છે કે ફિરોઝાબાદ નગરી વિધવા થઈ ગઈ એવું લખ્યું છે. આહા..હા..! આવા અનંત સંસારમાં અનંતવાર થયું છે, ભાઈ! આહા..હા..! કેવો મોટો ધનાઢ્ય! જેના મકાન રાજા જેવા. સમજ્યાને? આહા..હા..!

એમાં જેનું મૃત્યુ થયું. લોઢાના હશે કાંઈક ઘણ કે.. આહા..હા..! આ દશા તો જુઓ! એવી રીતે મૃત્યુ અનંતવાર થયા છે. આહા..હા..! એક જીવતી જ્યોતિ ચૈતન્ય ભગવાન એની સંભાળમાં કોઈ દી આવ્યો નથી. બાકી બધું સંભાળ્યું ઘણું. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ! હું કોણ છું? કેવડો છું? સમ્યગ્જ્ઞાનમાં કેવો જણાણો? કે ક્રમે-અક્રમે પ્રવર્તતા વ્યવહારિકભાવો, એનાથી અખંડાનંદ હું અભેદ તે ભેદરૂપે થતો નથી એવો હું અભેદ છું, એવો એક છું. આહા..હા..! લ્યો, આવ્યુંને. આ ક્યાં ગયા? એય.. નવીન! આવ્યો છે કે નહિ? એણે માગણી કરી હતી. સારી કરી હતી. ભાઈએ માગણી તો કરી. એવી ભાવના તો કરી એણે. આહા..હા..! એક વાત થઈ. '**अहमेक्को**' થયું.

હવે '**सुद्धो**' બીજો શબ્દ છેને. '**अहमेक्को**' '**अहम**' હું આત્મા જ્ઞાયકભાવે અભેદસ્વરૂપ તે પર્યાયના ભેદભાવે હું થતો નથી. હું તો અખંડાનંદ એકરૂપ સ્વરૂપ છું એવું સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાનમાં જણાણું. આહા..હા..! આવા ધર્મીને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માન્યતામાં હોય નહિ. એને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર એ માન્યતામાં હોય. એ પણ વિકલ્પ છે. એવા ભેદભાવમાં પોતે આવતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહ્યું નહોતું એક વાર? વડોદરા. વડોદરા અમારે પાલેજની નજીક છેને? તે માલ લેવા ગયેલ. માલ ત્યાં લેવા હું જાતો ઘણીવાર. વડોદરા, સુરત, મુંબઈ. નાની ઉંમરની વાતું બધી ૧૭, ૧૮, ૧૯ વર્ષની. વેપાર દુકાન ઘરની. એમાં વડોદરા ગયેલા. એમાં એક નાટક હતું. સમજાણું? અનુસુયાનું. આ નર્મદા નથી ભરૂચને કાંઠે? નર્મદા નદી. એને બહેન હતી. એ બધી બાયું હતી સતિ. તો એ વગર પરણે દેવલોકમાં જાતી હતી એમ ને એમ. તો દેવલોકે ના પાડી કે નહિ, '**अपुत्रस्य गति नास्ति**'. એ વેદાંતમાં છેને વેદની એવી માન્યતા? જેને પુત્ર ન હોય એની ગતિ નહિ. ઠીક ત્યારે શું કરવું? મોટું નાટક હોં જબ્બર! ૬૪ની વાત છે. ૧૮ વર્ષની ઉંમર હતી. સંવત્ ૧૯૬૪. ઉપરથી પડી નીચે. કોને પરણું? કે નીચે જે હોય એને. એમાં આંધળો બ્રાહ્મણ હતો. પરણી, એને થયું છોકરું. પછી હિંડોળામાં હિંચકે છે. આહા..હા..! એ નાટકો એવા પાડતા. બુદ્ધોસિ શુદ્ધોસિ ઉદાસિનોસિ નિર્વિકલ્પોસિ પ્રભુ તું, એમ કહેતી હતી. પંડિતજી! નાટકમાં એવું કહેતી. ૬૪ની સાલ. કેટલા વર્ષ થયા? ૬૮? ૬૮ ને? ૬ ને ૮. ૬૮ વર્ષ થયા. ૮૬ થયાને અત્યારે. તે દી ૧૮ વર્ષની ઉંમર. એ બાઈ આમ કરતી. બાળક ક્યાંકથી લઈ આવી હશે બૈરા બૈરાનું. .. સૂતું. 'શુદ્ધોસિ...' બેટા! તું શુદ્ધ છો, બુદ્ધ છો, જ્ઞાનનો પિંડ છો. 'નિર્વિકલ્પો ઉદાસિનોસિ.' આખી દુનિયાથી તારી ચીજ પ્રભુ ઉદાસ છે. આહા..હા..! આવું નાટકમાં પાડતા. એય..! વડોદરામાં થિયેટર છે મોટું. આહા..હા..! અત્યારે તો ફિલ્મ-બિલ્મે કાળા કેર કરી નાખ્યા.

**શ્રોતા :-** અત્યારે તો દુનિયા ઘણી આગળ વધી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે આગળ વધી ગઈ, હેઠે ગઈ છે. અરેરે..! એક બાઈ આમ

ઊભી હોય, આદમી આમ મોઢું આમ કરે, આમ કરે અરે..! આ તે કાંઈ દેખાવ સારા નીતિના ઠેકાણા છે? આમ બહારમાં છાપામાં નથી કરતાં મોટા મુંબઈમાં. જુવાન બાઈ હોય ને હાથ નાખીને આમ કરે. અરર..! અસજ્જનતાના આવા લક્ષણ બહારમાં પાડવા આ તે કાંઈ તમારે શું છે? ઓલું તો આહા..હા..! એ વખતે સાંભળતા ધૂન ચડી જતી. પોપટભાઈ! આહા..હા..!

અને મીરાંબાઈનું નાટક ભરૂચ જોવા ગયા હતા તે દી. એ વખતે સાધુ (આવે)ને, સ્થાનકવાસી સાધુ અને અમારું ઘર મોટું કહેવાય. સ્થાનકવાસી સાધુ આવે એ અમારે ધ્યાન રાખવું પડે આસપાસમાં. ત્યાં ગયા તો સાધુ આવ્યા હતા. મોહનલાલજી હતા આ બરવાળાના. પછી વખત હતો તો જોવા ગયા. એમાં મીરાંબાઈનું નાટક (જોયું). ભાઈ! આહા..હા..! પરણીને ઓલો રાજા કહે છે કે હે મીરાં! મારા ઘરે આવ. એ કહે છે 'પરણી મારા પીયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' આ મીંઢોળ નથી કહેતા? હું તો મારા આત્માના પરમેશ્વર. એ તો પરમેશ્વર કહેતી પણ આપણે તો અહીં.. હું મારો પરમેશ્વર અહીં આવ્યો નહિ? મારો પરમેશ્વર એની સાથે હું તો પરણી છું. હવે બીજાના મીંઢોળ મારે ન હોય. બીજો પતિ મારે ન હોય. આહા..હા..! એવું કહેતા ભાઈ, પંડિતજી! હોં. આહા..હા..! એ તો ધૂન ચડી ગઈને. વૈરાગ્ય સંસ્કાર હતાને કે નાટક જોઈને આવીએ તો ઊંઘ ન આવે. મગજ ઉપર વિચાર આવ્યા કરે. અમારે ફાવાભાઈ સાથે હતા. આ મનહરના બાપ ધીરૂભાઈ સાથે હતા. તે દી પાલેજ રહેતાને. પછી ગયા.

'પરણી મારા પીયુજીને...' મારો આત્મા આહા..હા..! એણે પરમેશ્વરની વાત કરી. આ મારો આનંદનો નાથ એની સાથે મારા લગન થઈ ગયા છે હવે. મારું જોડાણ દશા ત્યાં થઈ છે. હવે મને બીજે ક્યાંય રુચિ લાગતી નથી. આહા..હા..! એ પરમેશ્વરને કહેતા પણ આપણે અહીં (આત્મા લઈએ છીએ). ડાહ્યાભાઈ ધોળશાનું નાટક હતું. ડાહ્યાભાઈ ધોળશા, વાંકાનેરમાં. મોટું નાટક. ઘણા એવા નાટક તો જોયેલા હોં! વૈરાગી ઘણા. નિવૃત્તિ ને ઘરની દુકાન હતી. આવે ત્યારે જોતા. વૈરાગી હોય તો હોં! ઓલા નહિ. તે દી પણ એવા નહોતા.

અહીં કહે છે કે અરેરે..! હું પર્યાયમાં ક્રમે વર્તતી ગતિ અને અક્રમે વર્તતા વિકારી ને જ્ઞાનની પર્યાય આદિના સાથે ભાવ (હોય) એવા ભેદભાવે હું ભેદાતો નથી. હું તો અખંડાનંદ પ્રભુ એક છું. આહા..હા..! આનું નામ આત્મા જાણ્યો અને એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ? ત્યાં તો એવું આવ્યું હતું ભાઈ. ઓલો રાણો કહે છે ને પછી કહે છે, હે રાણા!

સાધુડાની સંગે હું તો ઘેલી થઈ, ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ;
હું સાધુડાની સંગે રાણા ઘેલી થઈ.

હું તો ગાંડી થઈ છું હવે. મને હવે સંસાર-બંસાર, ધણી-બણી કાંઈ રુચતું નથી. આહા..હા..! પોપટભાઈ! આહા..હા..!

અહીં કહે છે કે '**હું એક છું;...**' બીજી ચીજનો તો સંબંધ નથી પણ પર્યાયમાં ભેદ પડે એવો હું ભેદાતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? બીજા સ્ત્રી, કુટુંબ, પરિવાર ને શરીર મારા એ તો ક્યાંય ગયું. જ્ઞેય પરમાં કાઢી નાખ્યુંને જ્ઞેય જ્ઞાનને. આહા..હા..! પણ મારી પર્યાયમાં ભેદ જે પડે છે ક્રમ અને અક્રમ, આહા..હા..! એનાથી પણ હું ભેદાતો નથી એવો મારો અખંડ જ્ઞાયકભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક બોલ થયો. બીજો થયો. એક થયો એક. છેને? હવે બીજો શુદ્ધ.

'**નારક આદિ જીવના વિશેષો,...**' મનુષ્ય ને દેવ ને નારકી એવી જીવની વિશેષ દશાઓ '**અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવતત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું;...**' આહા..હા..! એક વાત એ છે કે અનાદિનો પુણ્યભાવ, પાપભાવ, આસ્રવભાવ અને બંધભાવ એમાં એ રોકાયેલો છે. હવે જ્યારે ભાન થયું ત્યારે પછી સંવર ને નિર્જરા જે મોક્ષની પર્યાય પ્રગટે, આહા..હા..! એટલો પણ હું નહિ. આહા..હા..! અનાદિમાં સંવર, નિર્જરા, મોક્ષ ક્યાં છે! અનાદિ તો આસ્રવ, બંધ, પુણ્ય-પાપ વિકલ્પ ઊઠે આમ ત્યાં રોકાયેલો હતો.

અહીં તો કહે છે, ભાન થયું જ્યાં અંદરમાં. આહા..હા..! જીવના વિશેષો એવા નવ તત્ત્વો તેમનાથી. એ વ્યવહારિક નવતત્ત્વ છે. આહા..હા..! પુણ્ય ને પાપ, આસ્રવ ને બંધ, સંવર ને નિર્જરા ને મોક્ષ પર્યાયભેદ એ બધા વ્યવહારિકતત્ત્વ છે. આહા..હા..! ૩૮ ગાથામાં કહ્યું છેને નિયમસારમાં? કે આઠ તત્ત્વો છે એ નાશવાન છે. સંવર ને નિર્જરા ને મોક્ષની પર્યાય પણ એક સમયની નાશવાન છે. હું એનાથી દૂર જુદો છું. આહા..હા..! મારું હોવાપણું અસ્તિપણું આવડું છે કે જેમાં પર્યાયના ભેદો છે તેમાં હું આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છે?

'**નારક આદિ...**' ગતિ. જીવની હોં જીવની લેવી. આ મનુષ્ય શરીર નહિ. '**જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવતત્ત્વો...**' આહા..હા..! પર્યાયના ભેદ એ વ્યવહારિક નવતત્ત્વો. '**તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ...**' એક જ્ઞાયકસ્વભાવરૂપ તે ભેદમાં હું આવતો નથી. એવા વ્યાવહારિક નવતત્ત્વોથી જુદો '**અત્યંત જુદો છું...**' આહા..હા..! એ સંવર, નિર્જરાની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાયથી પણ અત્યંત હું જુદો છું. આહા..હા..! કેમકે વસ્તુ છે એ તો ચૈતન્યદળ છે, જ્ઞાનનો પિંડ છે, આનંદનો કંદ છે, પુરુષાર્થનો પિંડ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવો જે આત્મા હું, આવા વ્યવહારી નવતત્ત્વોમાં હું નથી. એનાથી હું જુદો, અત્યંત જુદો. આહા..હા..! '**હું શુદ્ધ છું;...**' આ શુદ્ધની વ્યાખ્યા. સમજાણું કાંઈ? '**अहमेक्को सुद्धो**' આ બેના અર્થ થયા. આહા..હા..!

અત્યંત જુદો. એક સમયની પર્યાયમાં દ્રવ્ય ક્યાં આવે છે? આહા..હા..! પર્યાય પર્યાયના અસ્તિત્વ તરીકે, વસ્તુના અસ્તિત્વ તરીકે વસ્તુ. એ વસ્તુમાં પર્યાય આવતી નથી અને પર્યાયમાં વસ્તુ આવતી નથી. આહા..હા..! વ્યક્તને અવ્યક્ત તે સ્પર્શતો નથી. ઓલા (અવ્યક્તના) છ બોલમાં. છ બોલ છેને ૪૯ ગાથા. વ્યક્ત અને અવ્યક્તનું મિશ્ર-સાથે જ્ઞાન હોવા છતાં હું વ્યક્ત નામ પર્યાયને સ્પર્શતો નથી એવું હું દ્રવ્ય છું. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં કહ્યું, **'એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે,...'** એમ. એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે **'અત્યંત જુદો છું, માટે હું શુદ્ધ છું;...'** આહા..હા..! પર્યાયથી પણ હું અત્યંત જુદો છું. તેથી તે હું શુદ્ધ છું. ૪૭ નય છેને પ્રવચનસાર. એમાં અશુદ્ધ ને શુદ્ધનય લીધી છેલ્લી. એ શુદ્ધની એટલે લીધી કે માટી એકલી તે શુદ્ધનયનો વિષય અને માટીમાંથી તે વાસણ થાય એને જોવું એ અશુદ્ધનયનો વિષય છે. આહા..હા..! એમ ભગવાન આત્મા એકલો વસ્તુ જે અભેદ વસ્તુ તે શુદ્ધ છે, એ શુદ્ધનયનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય અને એ આત્માને પર્યાયથી જોવો એ અશુદ્ધનયનો વિષય છે. આહા..હા..! તેથી હું ભિન્ન છું, શુદ્ધ છું. આહા..હા..! આ તો ૩૮મી ગાથા છેને. આખા જીવતત્ત્વનો સાર આખો. આહા..હા..!

**'હું શુદ્ધ છું;...'** આવું અનુભવમાં હોય છે હોં! હું શુદ્ધ છું એવો વિકલ્પ નહિ. આહા..હા..! તત્ત્વ છેને. સત્‌નું સત્ત્વ છેને! અને તે ધ્રુવ સત્ત્વ છેને! તે નિત્ય છેને! અભેદ છેને! એકરૂપ છેને! આહા..હા..! એવા નવતત્ત્વના વ્યવહારિક ભાવોથી અત્યંત જુદો છું. આહા..હા..! તેથી તે હું શુદ્ધ છું. આહા..હા..! લે! એક તો પરદ્રવ્યથી સ્વદ્રવ્યની પર્યાય અત્યંત ભિન્ન. પછી વિકારીભાવ એ સ્વભાવથી અત્યંત ભિન્ન. પછી પર્યાયથી દ્રવ્ય અત્યંત ભિન્ન. શું કહ્યું? અત્યંત ભિન્નના ત્રણ પ્રકાર. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી અત્યંત ભિન્ન. એક વાત. હવે એક દ્રવ્યમાં જે વિકારીભાવ છે પુણ્ય-પાપના એનાથી પણ ભગવાન આત્માનો સ્વભાવ અત્યંત ભિન્ન. ત્રીજી રીતે એની પર્યાય જેટલી નિર્મળાદિ છે, આહા..હા..! એનાથી પણ અત્યંત જુદો છું. આહા..હા..! એક સમયની પર્યાયમાં એ વસ્તુ આખી ચીજ ક્યાં આવે છે? અને પર્યાય એને અડે છે ક્યાં? પર્યાય છે એ દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય સ્વભાવ તે પર્યાયને સ્પર્શતો નથી. આહા..હા..! ૧૮-૧૯. ૧૮-૧૯ છેને અલિંગગ્રહણ. અલિંગગ્રહણ. અરે..! ત્યાં આપણે મુસલમાન છેને જીવરાજજીભાઈ વોરા. રાજકોટમાં મુસલમાન મુલ્લા-મુલ્લા. એવું વાંચન અહીંનું અને એવું જ્યાં અમે ગયા પોર. પોર રાજકોટ. આવ્યા. આવીને. વાંચન ત્યાં કરે. અલિંગગ્રહણ અને બધું વાંચન ઘરે. એય..! લીલાધરભાઈ! જુઓ તો ખરા. એ એવું બોલ્યા, મહારાજ! એ અલિંગગ્રહણનો ૧૮, ૧૯ અને ૨૦મો બોલ અલૌકિક વાતું છે. એવું વાંચીને... ઓહોહો..!

અરે..! બહુ પ્રસન્ન... પ્રસન્ન.. પ્રસન્ન.. આહા..હા..! શરીર જીર્ણ થઈ ગયું એટલે વ્યાખ્યાનમાં ન આવી શકે. છોકરા ઝાલીને લાવે. આવ્યા એક વાર બપોરે. ખુશી (બતાવી). આહા..હા..! અલિંગગ્રહણ મેં વાંચ્યું. એમાં ૧૮, ૧૯, ૨૦મો બોલ.. આહા..હા..! દ્રવ્ય છે તે પર્યાયને

સ્પર્શતું નથી અને પર્યાય તે દ્રવ્યને સ્પર્શતી નથી. આહા..હા..! ભારે વાત! આત્મા છેને. વોરો-ફોરો ક્યાં આત્મા હતો? આહા..હા..! અને આત્માનો ધર્મ છે, આત્મધર્મ છે, આ ક્યાં જડનો ધર્મ છે! આહા..હા..! એટલી પ્રસન્નતા બતાવે. અમે તો ન્યાલ થઈ ગયા, મહારાજ! એમ કહે. અમારે તો મોક્ષ થવાને હવે થોડી વાર છે. મુલ્લા મુસલમાન હોં! આત્મા છેને, બાપા! આહા..હા..! ૧૮માં એ આવે છેને? ગુણભેદને સ્પર્શતો નથી. આત્મા અભેદ છે એ ગુણભેદને સ્પર્શતો નથી. અહીં કીધુંને વ્યવહારિરિક નવતત્ત્વો (તેનાથી ભેદાતો નથી એવો) એ અભેદ છે. આહા..હા..!

૧૯માં એમ કહ્યું છે કે પર્યાયને સ્પર્શતો નથી. ૧૮માં એમ કહ્યું છે, અર્થાવબોધ ગુણવિશેષ તેને આલિંગન કરતો નથી એવો હું અભેદ છું. આહા..હા..! ૧૯માં એમ છે કે અર્થાવબોધ વિશેષપર્યાય તેને હું સ્પર્શતો નથી એવો હું અભેદ છું, એવું હું દ્રવ્ય છું. એ આ વાત કરી છે અહીં. ૨૦મો બોલ બીજો છે. હું આત્મા મારી પર્યાયને સ્પર્શુ છું, વેદું છું. હું દ્રવ્યને વેદતો નથી, દ્રવ્યને સ્પર્શતો નથી. કેમકે દ્રવ્યનું વેદન નથી, વેદન પર્યાયનું છે. એ ૨૦મો બોલ છે. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે આત્મા સામાન્ય તેને સ્પર્શ્યા વિના આત્મા શુદ્ધપર્યાયમાત્ર છે. એવો પાઠ છે. એટલે કે શુદ્ધ પર્યાયનું વેદન છે એટલો હું છું. ધ્રુવનું વેદન નથી મને, ધ્રુવ તો ત્રિકાળ પડ્યું છે. આહા..હા..! દૃષ્ટિ ધ્રુવ ઉપર છે, પણ વેદનમાં મારી પર્યાયમાં વેદન આવે તેટલો હું છું. આહા..હા..! હવે ઓલો વ્હોરાજી ખુશી-ખુશી બતાવે, લીલાધરભાઈ! અને આ વાણિયાને ખબર ન મળે. બહુ વાંચન ઘણું. ૮૯ની સાલથી હોં. ૮૯ની સાલથી. વ્યાખ્યાનમાં કાયમ આવે. કેટલા વર્ષ થયા? ૪૩ વર્ષ થયા. ૪૦ ને ૩. આહા..હા..! અહીં માંદા પછી દરરોજ વ્યાખ્યાન સાંભળવા આવે હોસ્પિટલથી. વ્યાખ્યાન સાંભળવા, પણ આ કહ્યું ત્યારે એની પ્રસન્નતા જોતા હતા. ૧૮, ૧૯, ૨૦ની ખબર પણ નથી હજી, પોપટભાઈ! એવું ઘરે બેઠા વાંચન કરે બધું અહીંનું. આહા..હા..! અલિંગગ્રહણમાં ૧૮, ૧૯, ૨૦ની વાત. આહા..હા..! અલૌકિક વાત છે. એ અહીં કહે છે. જુઓ, '**વ્યવહારિક નવતત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ...**' એકલો અખંડાનંદ પ્રભુ, '**એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું, માટે હું શુદ્ધ છું;...**' હવે દર્શન-જ્ઞાન આવ્યું. '**ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી, માટે હું દર્શનજ્ઞાનમય છું;...**' દર્શન જ્ઞાનવાળો છું એ નહિ. ચિન્માત્ર, જ્ઞાયકમાત્ર, ચેતનસ્વભાવમાત્ર હોવાથી '**સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી...**' સામાન્ય એટલે દર્શન, વિશેષ એટલે જ્ઞાન. એ વાત છે હોં અહીંયાં. '**સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી, માટે હું દર્શનજ્ઞાનમય છું;...**' ત્રિકાળી આવો છું હોં! એ ત્રિકાળી દર્શનજ્ઞાનમય છું. આહા..હા..! ત્રીજો બોલ થયો. '**अहमेक्को सुद्धो दंसणणाणमइओ**'.

સદા અરૂપી છું. કઈ રીતે? '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે**

**પરિણમ્યો હોવા છતાં...'** મારા આત્મામાં પરિણમન મને થયું છે. એવા પરિણમનમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નિમિત્ત અને એનું જ્ઞાન થયું એ મારાથી. એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું જ્ઞાન મારાથી (થયું) એવું સંવેદન હું પણ એનું જાણવું હોવા છતાં એ વસ્તુ મારામાં આવતી નથી. આહા..હા..! **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે...'** અંદર આત્માના જ્ઞાનમાં સ્વસંવેદનરૂપ **'પરિણમ્યો હોવા છતાં...'** તે સંબંધીના જ્ઞાનના પોતાના ભાવપણે પરિણમ્યો હોવા છતાં **'સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી...'** વર્ણ, ગંધ, રસપણે હું થયો નથી. આહા..હા..! વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એની હયાતી છે તો મારામાં પણ મારા જ્ઞાનને અને એના સંબંધી જ્ઞાનને પરિણમવાનો મારો મારાથી સ્વભાવ છે એવો સ્વસંવેદન હું છું. આહા..હા..! આવો આત્મા છે એ જ્યાં સુધી ન જાણે અને અનુભવમાં ન આવે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ નથી અને સમ્યગ્દૃષ્ટિ નથી એટલે એની ક્રિયાકાંડ બધા વ્રત ને તપ એ બધા જાત્રા બધા બાળવ્રત અને બાળતપ છે, મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ છે. આહા..હા..! આકરું લાગે. શેત્રુંજયની જાત્રા. તમારા બાપ યાદ આવ્યા. અહીં કરીને આવ્યા હતા. કરીને આવ્યા છે એના બાપ અને અહીં વાત થઈ એવી કે જાત્રા-બાત્રા બધો શુભરાગ છે, ધર્મ નહિ. રાડ નાખી ગયા. આહા..હા..! તે દી. ઘણા વર્ષ થઈ ગયા નહિ? ઘણા વર્ષ થઈ ગયા. ભાઈ! ત્રણલોકનો નાથ અખંડ પ્રભુ એના ચૈતન્યના ડુંગરે ચડ તો જાત્રા છે. આ ડુંગરે ચડ એમાં શુભભાવ છે. પાપથી બચે, પુણ્ય છે.

અહીં તો કહે છે કે એ શુભભાવથી પણ હું ભિન્ન. આહા..હા..! અને અહીં તો કહે છે **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે...'** એટલે કે સંવેદન પરિણમ્યો છો એ તો મારાથી સ્વસંવેદન થયું છે. એ નિમિત્ત છે અને એની હયાતી (છે) માટે તેનું અહીં સંવેદન છે એમ નહિ. એ તો નિમિત્ત છે એમ ન આવ્યું. એ તો નિમિત્તમાત્ર, સંવેદન તો મારું મારાથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, નિમિત્તથી આવ્યું, પણ શું કીધું ત્યાં? **'સ્પર્શ રસ, ગંધ, વર્ણ જેનું...'** કોનું? એવો સંવેદનરૂપ પરિણમ્યો છું. હું મારા વેદનરૂપે થયો છું એ મારું શુદ્ધ ઉપાદાન છે, એમાં નિમિત્ત હો. હો એટલે એનાથી હું પરિણમ્યો છું એમ નથી. આહા..હા..! નિમિત્ત અને ઉપાદાનના ઝઘડા.

**'હું સદાય અરૂપી છું.' 'માટે પરમાર્થે હું સદાય અરૂપી છું.'** આહા..હા..! આ નાખે છેને ભાઈ, કર્મ જડ છે અને આત્માને એનો સંબંધ શું? એ તો જડ છે, રૂપી પદાર્થ, ભગવાન અરૂપી. એને બંધ શું? ત્યારે ઉત્તર કીધો કે ભાઈ, જ્ઞાન અરૂપી છે એ રૂપીને જાણે ખરો કે નહિ? એટલો સંબંધ છે કે નહિ? એવો સંબંધ છે એની સાથે. આહા..હા..! તેથી પછી તેના ત્યાં સુધી ઠરાવે છે કે રૂપીનો સંબંધ છે એ પોતાને રૂપી છે એને રૂપીનો સંબંધ છે, અરૂપીને નહિ. એવું ઠરાવે છે. એમ નથી. છાપામાં એમ આવ્યું હતું.

અહીંયાં તો ત્રિકાળ કર્મના સંબંધ વિનાનો અબદ્ધસ્પૃષ્ટ પ્રભુ.. આહા..હા..! રાગના સંબંધ

વિનાનો અબદ્ધસ્પૃષ્ટ પ્રભુ અને સ્પર્શ, વર્ણ, ગંધ મારા પરિણમનમાં, મારા સ્વપરના વેદનનું સ્વતઃ હોવામાં સ્પર્શ, રસ નિમિત્ત છે, નિમિત્ત છે. નિમિત્ત છે એટલે છે એટલું, પણ એને લઈને સ્વસંવેદન થયું છે મને (એમ નથી). આહા..હા..! આવો માર્ગ ઝીણો! હવે ઓલા બિચારા દયા પાળે ને.. કોણ પાળતો હતો પરની? આહા..હા..! વ્હાલામાં વ્હાલી બાયડી હોય ને મરે છે ત્યારે દયાનો ભાવ નથી હોતો? કેમ મરી જાય છે ત્યાં? કોણ પાળે પરની (દયા)? આમ કહે અર્ધાંગના. અડધું અંગ એ અને અડધું અંગ હું. મરે ત્યારે રાડ નાખે હાય.. હાય.. એક જણી મરતી હતી તો એના ધણીને (કહે છે), અરે..! હું જાઉં છું. તમે એકલા રહેશો. શું કરશો? ફરીને પરણજો, એમ કહે. ૫૦ વર્ષ, ૫૩ વર્ષની ઉંમરે. આવા ને આવા. કોણ કોના ધણી? કોની ચીજ, બાપુ! આહા..હા..! અહીં તો પર્યાયનો ભેદ પણ જીવમાં નથી એમાં વળી બાયડી-છોકરા આવ્યા ક્યાં? એ તો એને ઘરે રહી ગયા. સમજાણું કાંઈ?

'**હું સદાય અરૂપી છું.**' અહીં એમ કહીને ત્યાં રૂપી ઠરાવવા છે બધાને. કર્મ રૂપી છેને? એનો સંબંધ રૂપી છે. ભાઈ! રૂપી નથી, બાપુ! એ તો અરૂપી છે સદાય. એ તો નિમિત્તથી એને રૂપી કહેવામાં આવે છે. આહા..હા..! '**આમ સર્વથી જુદાં એવા સ્વરૂપને અનુભવતો...**' આમ સર્વથી.. બધા ભેદ પાડ્યાને બધા? '**જુદાં એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.**' આહા..હા..! મારી સત્તા પ્રતાપવંત છે. મારા પ્રતાપમાં કોઈ ખંડ કરે અને સ્વતંત્રતાની શોભાને કોઈ લૂંટે એવી કોઈ જગતમાં ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અનુભવતો આ...**' એમ બતાવે છે આ તે હું. આ હું '**પ્રતાપવંત રહ્યો.**' મારા પ્રતાપથી હું રહેલો છું. મારા પ્રતાપથી હું સ્વસંવેદનમાં આવ્યો છું. નિમિત્તના પ્રતાપથી સ્વસંવેદનમાં આવ્યો નથી એમ કહે છે. આવી ધર્મની કથા. માર્ગ એવો ભાઈ! ચોર્યાસીના અવતાર જન્મ-મરણ મટાડવાના માર્ગ તો આવા છે. આહા..હા..! '**સર્વથી જુદાં એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને,...**' આહા..હા..! '**જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો...**' બહારની અનેક પ્રકારની સ્વરૂપની પરમાણુની જડની, બીજા ચૈતન્યની એના સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો '**સ્ફુરાયમાન છે...**' બીજા દ્રવ્યો છે, આહા..હા..! નથી એમ નહિ. આહા..હા..! અનેક પ્રકારની બહારની સ્વરૂપની સંપદા વડે એક પરમાણુ અને બીજા આત્માઓ એના સ્વરૂપની સંપદાથી રહેલા છે એ અને '**પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી...**' સમ્યગ્દષ્ટિ ધર્મી થયો એ એમ જાણે છે કે આ બધી અનંત ચીજો સ્ફુરાયમાન છે, પણ એ મારી છે એવી મને ભાસતી નથી. આહા..હા..! છે? પરદ્રવ્યો, અનંત રજકણો, અનંત આત્માઓ '**તોપણ કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર**

પણ...' એક રજકણ અને રાગનો રજકણ, એક રજકણ અને રાગનો અંશ એ મારાપણે ભાસતો નથી મને. આહા..હા..! આનું નામ આત્મા જાણ્યો કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કે જે મને ભાવકપણે...**' હજી ખુબી આવી હવે. ઓલામાં આવ્યું હતુંને ૯૨મી ગાથામાં? હવે ફરીને મોહ નહિ થાય. એ વાત અહીં આવી. મુનિઓ પણ ક્ષાયિકભાવની વાત અપ્રતિહત કરે છે. જુઓ, '**જે મને ભાવકપણે...**' એટલે રાગ થઈને '**તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે;...**' એવું રહ્યું નથી. આહા..હા..! '**પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે;...**' મને મોહ-પર મારા એવો (મોહ) ઉત્પન્ન થાય એવું હવે છે નહિ. આહા..હા..! છદ્મસ્થ મુનિ! આટલું જોર. ફરીને હવે મોહ મને ઉત્પન્ન થશે જ નહિ, મિથ્યાત્વ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ૯૨માં એ આવે છે. ૯૨મી ગાથા.

'**કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને...**' મારા આનંદના રસથી મૂળથી મોહને રાગને ઉખાડીને '**ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને,...**' આહા..હા..! જુઓ આ પંચમઆરાના સંત દિગંબર મુનિ ભગવાનના વિરહે, કેવળજ્ઞાનના વિરહે પોતાની વાત આમ ફરમાવે છે. આહા..હા..! '**મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.**' હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છું એ પ્રગટ થયો છે. ફરીને મને રાગ અને પર મારા થાય, રહે, મનાય એવો મોહ મને હવે નથી. એ મોહનો મેં નાશ કરી નાખ્યો છે. લ્યો, આનું નામ આત્મા જાણ્યો અને આત્માનું સ્વરૂપ કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૮, શનિવાર, તા. ૦૫-૦૬-૧૯૭૬, કળશ-૩૩, પ્રવચન નં. ૮૬

૩૮ ગાથા પૂરી થઈ છે પૂર્વે. ૩૯ની શરૂઆત છે. '**હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય**' ઉપરથી મથાળું છે કળશ. છેને? '**એ બન્ને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે.**' જેમ નાટકમાં આવે છેને પહેલું? નાટક. એના જે પાત્રો હોય એમ આમાં જીવ અને અજીવ.

જીવ એટલે આનંદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તે જીવ અને અજીવ એટલે પુણ્ય અને પાપના ભાવ, કર્મ અને શરીર એ બધા અજીવ. છે? એ અજીવ છે અહીં. જીવ અને અજીવ બે દ્રવ્ય એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે. નાટકમાં આવે છેને પહેલું?

'**ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી** (કાવ્ય દ્વારા) **આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન...**' ભગવાન આત્માનું જ્ઞાન સર્વને જાણનારું. '**આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને...**' જીવ ચૈતન્યમૂર્તિ આનંદ અને જ્ઞાયકસ્વરૂપ છે અને પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ, કર્મ અને શરીર એ બધા અજીવ છે. એ બે સ્વાંગને જુદાં જાણે છે. છે?

'**સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે.**' ઝીણી વાત છે શરૂઆતથી. અહીં તો જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પણ રાગ છે અને તેથી એને અજીવમાં ગણ્યો છે અહીં તો. સમજાણું કાંઈ? એ જીવ અને અજીવ બંનેનો સ્વાંગ એક થઈને (પ્રવેશ કરે છે) પણ સમ્યગ્દષ્ટિ જીવ એટલે જ્ઞાનસ્વરૂપ આત્મા એને બરાબર પિછાણે છે. '**એવું** (**સર્વ સ્વાંગોને પિછાણનારું**) **સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે**' આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી ચૈતન્યસ્વભાવ એને જ્ઞાન જાણે અને જ્ઞાન પુણ્ય-પાપના વિકલ્પો રાગ એને અજીવ તરીકે જાણે, કર્મ ને શરીરાદિને પણ અજીવ તરીકે જાણે અને બીજા જીવો પણ આ જીવની અપેક્ષાએ અજીવ છે એમ જાણે. આ જીવ નહિ. આહા..હા..! આત્મા.. આવે છેને. ઝીણી વાત છે. આ જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાને જ્ઞાનસ્વભાવી જાણે અને બીજા જીવોને આ જ્ઞાનસ્વભાવી એ નહિ, એનો જ્ઞાનસ્વભાવી ભલે હો. આ જ્ઞાનસ્વભાવ તે અને બીજા જીવો નહિ અને પુણ્ય અને પાપના ભાવ-દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રા એ બધો શુભરાગ પણ અજીવ છે એમ સમ્યગ્જ્ઞાન જાણે છે. આહા..હા..! '**સર્વ સ્વાંગો...**' એમ કીધુંને? એને '**સારી રીતે પિછાણે છે. એવું સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે—એ અર્થરૂપ** કાવ્ય કહે છે :-' ૩૩. ૩૩ કળશ.

> जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदान्
> आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
> आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
> धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।

'**શ્લોકાર્થ :- જ્ઞાન છે તે મનને આનંદરૂપ** કરતું પ્રગટ થાય છે.' આહા..હા..! એટલે? જ્ઞાનસ્વરૂપ આત્મા એનું જ્ઞાન થતાં અને એ જ્ઞાનમાં પરપ્રકાશક પુણ્ય-પાપ આદિ ભાવ એનું જાણતાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. એ '**મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે.**' એકલું જાણવું-જાણવું એમ નહિ. જાણનારને જાણતા અંતર આનંદનો જેટલા અંતર ગુણો છે, આત્મામાં જેટલી શક્તિઓ અનંતગુણો (છે) એની બધી વ્યક્તતા

પ્રગટતા, અનંતગુણની એક અંશે પ્રગટ સમ્યગ્જ્ઞાન થતાં, સમ્યગ્દર્શન થતાં બધા ગુણોની એક અંશે વ્યક્તતા પ્રગટ થાય છે. એમાં અહીં આનંદની મુખ્યતા લીધી છે.

જ્ઞાન એને કહીએ, સમ્યગ્જ્ઞાન એને કહીએ કે જે સ્વરૂપને જાણતા પરવસ્તુ એમાં નથી એવું જ્ઞાન થતાં એને અંદર જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ આવે. સમજાય છે કાંઈ? આવી વાતું છે આ. કેમકે આત્મા આનંદસ્વરૂપ છે. શક્કરિયાનો દાખલો આપીએ છીએ બધે ઘણે ઠેકાણે નહિ? આ શક્કરિયું હોય છેને શક્કરિયા? એની લાલ છાલ છે એટલું લક્ષ છોડી દ્યો તો એ સાકરનો પિંડ એટલે મીઠાશનો પિંડ છે, તેથી એને શક્કરકંદ-સાકરકંદ કહે છે. સમજાણું કાંઈ? આ મંગળિકમાં આનંદનું મંગળિક થાય છે અહીં તો. આહા..હા..! જેમ એ શક્કરકંદ એટલે છાલ સિવાયનો સાકરની મીઠાશનો પિંડ એને શક્કરકંદ-સાકરકંદ કહેવામાં આવે છે.

એમ આ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પની લાલ છાલ એ લક્ષમાં ન લ્યો. કેમકે એ અજીવ છે, કેમકે એમાં આત્માના જ્ઞાનનો અંશ અને કિરણ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રય જે છે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ રાગ છે, પંચમહાવ્રતાદિના ભાવ રાગ છે અને પઠન-પાઠન સ્મરણ, ચિંતવન, ભક્તિ, વંદન આદિ ભાવ રાગ છે. એ રાગ છે તે અજીવ છે, ભગવાન આત્માના સ્વભાવમાં એ છે નહિ. એવું અંતરમાં જ્ઞાન થતાં એ જ્ઞાન **'મનને આનંદરૂપ...'** મન શબ્દે આત્માની જ્ઞાનની દશા છે. જ્ઞાનની દશાને આનંદ ઉત્પન્ન કરતું જ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! ધર્મની પહેલી દશા, ધર્મની પહેલી સીઢી કે જ્યાં જ્ઞાન થયું... અહીં મોટી વાત કરશે.

મહાપુરુષો છેને **'पार्षदान'** છેને **'पार्षदान'**? એટલે ઓલામાં ગણધરને લીધા છે કળશટીકામાં ભાઈ. **'पार्षदान'** એટલે ધર્મસભાના મહાપુરુષ ઉપરી એવા ગણધર, પણ અહીં સામાન્ય શબ્દ વાપર્યો છે કે **'જીવ-અજીવના સ્વાંગે જોનારા મહાપુરુષોને...'** મહાપુરુષ એટલે ગણધર આદિ. સભાના નાયક જે સંત-ગણધર એની મુખ્યતા લીધી છે. આહા..હા..! જે જ્ઞાન સમ્યક્ થાય તે મનો નામ જ્ઞાનની દશામાં આનંદને ઉત્પન્ન કરતું. આહા..હા..! સમજાણું કાંઈ? આ વકીલાતનું જ્ઞાન, ડોક્ટરનું જ્ઞાન એ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે, અને શાસ્ત્રનું જ્ઞાન એ પણ વિકલ્પવાળું છે. આત્મા આનંદનો નાથ પ્રભુ ઇચ્છા, પુણ્ય-પાપની વૃત્તિ ન જુઓ તો એ અતીન્દ્રિય આનંદનો પિંડ છે એ. સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં જે અતીન્દ્રિય આનંદનો પિંડ જેના ધ્યેયમાં-ધ્યાનમાં આવે છે. ધ્યેયના ધ્યાનમાં ધ્યેયનું ધ્યાન છે એમાં એ આવે છે. ઝીણો માર્ગ છે, ભાઈ!

અહીંયાં તો અજીવનો અધિકાર ઉપાડતા પહેલાં જ્ઞાન સમ્યક્ છે તે આત્માને જાણે, રાગને જાણે અને જાણતા આનંદની દશા પ્રગટ કરીને જાણે એનું નામ જ્ઞાન (કહે છે). આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞમાં જે ત્રણકાળ, ત્રણલોક જણાણા એમાં સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા ભગવાને આવી કરી. આહા..હા..! એમાં સમ્યગ્દર્શન-પ્રતીતિ આવી

જાય છે. કારણ કે અહીં તો પહેલું લીધું છેને ૧૭-૧૮માં કે વસ્તુ જે છે.. ત્યાં તો આબાળ-ગોપાળ લીધું છેને? ઝીણી વાત છે. આ જ્ઞાનની વર્તમાન જે દશા છે એ દશાનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તેથી જ્ઞાનની વર્તમાન દશામાં જ્ઞાયકસ્વરૂપ તે જણાય છે. આવી વાતું.

બૌદ્ધની વાત કરીને ભાઈ, નહિ? ૨૦૮ કળશમાં. બોદ્ધ એ ક્ષણિકને માને છેને, પર્યાયને જ માને છે. પર્યાયમાં જણાય છે એના ઉપર એની દૃષ્ટિ નથી. શું કહ્યું? શરીર, વાણી, મન એકકોર રાખો. જે અહીં જ્ઞાનની વર્તમાન (પ્રગટ પર્યાય) જેને ક્ષયોપશમ અંશ કહે છે, જ્ઞાનનો પ્રગટ અંશ જેમાં શરીર, વાણી, આ છે, આ છે, આ છે. એમ જણાય છેને? એવો જે જ્ઞાનનો અંશ, ખરેખર તો એ અંશ જ્ઞાયક ત્રિકાળને જ જાણે છે. આહા..હા..! કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે સ્વપરપ્રકાશક, તો એ જ્ઞાનની પર્યાયમાં સ્વ જ જણાય છે. આહા..હા..! આવો ઝીણો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે એ સંતો કહે છે. એ સંતો સર્વજ્ઞના માર્ગના આડતિયા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાન એને કહીએ કે જીવ ને અજીવના બધા સ્વાંગોને પોતામાં રહીને જાણે છે. આહા..હા..! એ રાગને જાણે પણ રાગમાં જઈને જાણે એમ નથી. પુણ્ય-પાપના ભાવને જાણે જ્ઞાન, પણ એમાં જઈને જાણે એમ નથી. એનાથી ભિન્ન રહીને પોતે તેનું જ્ઞાન કરે છે. આહા..હા..! તેમ જ્ઞાનની દશા ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યવસ્તુ ચૈતન્યસ્વભાવી નિત્યાનંદ પ્રભુ એને વર્તમાન જ્ઞાનની દશા જાણે છે. એને જાણે છે અને રાગાદિ અજીવને જાણે. એ બે ભેગું અહીં તો લીધું છે. સમજાણું કાંઈ? છે?

**'જ્ઞાન છે તે મનને આનંદરૂપ કરતું પ્રગટ...' 'विलसति' 'પ્રગટ થાય છે. કેવું છે તે? જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને...'** કળશકારે ગણધર લીધા છે. સમયસાર નાટકમાં એને.. કળશની ટીકાનું છેને સમયસાર નાટક? એટલે એણે ગણધર લીધા છે બનારસીદાસે. એટલે જીવ અને અજીવ. ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ તે જીવ અને પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને વૃત્તિથી માંડીને કર્મ ને શરીર એ બધા અજીવ. એ જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષો એટલે સમ્યગ્દૃષ્ટિ ગણધર આદિ. નાટકમાં એવું આવે. નારદનો વેશ આવે નારદનો. નારદ એમ બોલે, 'બ્રહ્માસૂત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું' એવું આવે ત્યાં. આ નાટકમાં આ આવે. જ્યાં આ નાટક સમયસારનું જેણે જોયું એને જ્યાં હોય ત્યાં હું આનંદને પ્રગટ કરું. ઓલો ક્લેશને (કરાવે). સમજાણું કાંઈ?

ધર્મની પ્રથમ દશા જેને સમ્યગ્જ્ઞાન કહીએ તે જ્ઞાન જીવના સ્વરૂપને પૂર્ણને જાણતું વર્તમાન પર્યાયને જાણતું, રાગાદિ-પુણ્યાદિને મારામાં નથી એમ જાણતું (પ્રગટ થાય છે). આહા..હા..! વીતરાગમાર્ગ બહુ ઝીણો, ભાઈ! દુનિયાને બહારથી એકલી જાત્રા કરો તો ધર્મ થઈ જશે, પૂજા કરો ધર્મ થઈ જશે. ધૂળેય ધર્મ નથી, એ તો વિકલ્પ છે. તેને સ્વભાવ તરફના સન્મુખના જુકાવથી જે જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાન બધા સ્વાંગને, આનંદ સાથે પ્રગટ થતું બધા સ્વાંગને

જાણે. આહા..હા..! એમ કહીને એમ પણ કહ્યું, જે સમ્યગ્જ્ઞાન સ્વભાવ સન્મુખ થઈને થયું એ વ્યવહાર દયા-દાન, વ્રતના વિકલ્પને કરતું નથી, એને જાણે. એ જાણે એ પણ એ છે માટે એને જાણે એમ પણ નહિ. એ જ્ઞાનનો જ સ્વભાવ એવો છે સ્વનો કે પોતામાં રહીને પોતે અને પર કેવું છે તેનું જ્ઞાન, પોતાના જ્ઞાનના પ્રકાશના સામર્થ્યથી પ્રગટે છે. આહા..હા..! શરતું ભારે આકરી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર આ રીતે સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા કરે છે. મનને આનંદ ઊપજાવતું અને જીવ-અજીવના ભેદ. અજીવ શબ્દે બધું આ. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો શુભભાવ એ અજીવમાં જાય છે. કેમકે એ રાગ છે અને રાગ છે તેમાં જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું કિરણ રાગમાં નથી, એનો અંશ રાગમાં નથી. કાંતિભાઈ! આવી કાંતિની વાત છે અંદરની. આહા..હા..! જ્ઞાનીને રાગ આવે, અશુભ પણ હોય પણ એને પોતામાં રહીને રાગને અડ્યા વિના સ્વના સામર્થ્યથી, સ્વના સ્વાંગને જાણે અને પરના સ્વાંગને પોતામાં રહીને જાણે. આહા..હા..! કેટલા આવ્યા છે તમારે? આવ્યા છે દસ? ઠીક. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા આકરી. પ્રથમ જ મંગળિક કરતાં આ વાત ઉપાડી છે. આહા..હા..! મંગ નામ પવિત્રતા અને લ નામ પ્રાપ્તિ, એને મંગળિક કહીએ. આહા..હા..! છેને એ? પહેલાં કહી ગયા છેને.

**'શરૂઆતમાં મંગળના આશયથી...'** છેને? પહેલું આવી ગયું છે. મંગળના અભિપ્રાયથી આ કાવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! થોડું પણ એને સત્ય હોવું જોઈએ. કહે છે કે ભગવાન આત્માનું જ્ઞાન જે સ્વસન્મુખ થઈને ત્રિકાળી જ્ઞાયકભાવમાંથી ત્રિકાળી જ્ઞાયકને સ્પર્શીને જે જ્ઞાન થયું, તે જ્ઞાન આનંદને પ્રગટ કરતું (આવે છે). જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભેગો હોય છે આવી વાત છે. એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે, અને એ જ્ઞાન પોતાને જાણે, પર્યાયને જાણે અને સ્વાંગ જે પુણ્ય-પાપનો અજીવનો સ્વાંગ એને જાણે. ખરેખર તો એ વ્યવહાર છે એને એ જાણે. આહા..હા..! અને કર્મ ને શરીર નોકર્મ એને પણ જાણે. એ જીવ-અજીવની વ્યાખ્યા થઈ.

**'જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને...'** એને જોનારા ગણધર આદિ સંતો અથવા સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'जीव-अजीव-विवेक-पुष्कल-दृशा'** પહેલું કહ્યું હતુંને? **'पार्षदान्'** સભાના નાયક એટલું કહ્યું હતું. પણ જીવ-અજીવના સ્વાંગને જોનારા. હવે જીવ-અજીવ અહીં નાખ્યું. **'જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષદૃષ્ટિ વડે...'** **'जीव-अजीव-विवेक-पुष्कल-दृशा'**. ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદ પ્રભુ એનું જ્ઞાન અને પુણ્ય-પાપના વિકલ્પનું ભેદજ્ઞાન. વિવેક છેને? આહા..હા..!

**'ભિન્ન દ્રવ્યની પ્રતીતિ...'** જીવ અજીવનો ભેદ દેખનારી. આહા..હા..! જે જ્ઞાને જીવ જ્ઞાનસ્વરૂપ છે (એમ જાણ્યું)... સમજાણું કાંઈ? શું કહ્યું? **'जीव-अजीव-विवेक'** અને

**'पुष्कल'** એટલે **'અતિ ઉજ્જ્વળ નિર્દોષદૃષ્ટિ...'** આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું જ્ઞાન અને પુણ્ય-પાપનું ભેદજ્ઞાન, વિવેક એટલે ભેદ, એનો ભેદ કરીને.. આહા..હા..! **'દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષદૃષ્ટિ...'** પહેલું જ્ઞાન હતું, હવે દૃષ્ટિ ભેગી નાખી. સમજાણું કાંઈ? **'જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ, દૃષ્ટિ નિર્દોષ. એ નિર્દોષદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ શું દેખે છે? **'જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષદૃષ્ટિ...'** પુણ્ય-પાપના વિકલ્પો, કર્મ અને શરીર અને ભગવાન આત્મા બેયને પરથી ભિન્ન દેખનારી ઉજ્જ્વળદૃષ્ટિ. આહા..હા..! એને દેખનારી નિર્દોષદૃષ્ટિ વડે જોવે છે. આહા..હા..! આવી વાતું. એ કરતાં તો દયા પાળવી, ઈચ્છામી પડિક્કમણું, તસ્સ મિચ્છામી દુક્કડમ જાવ. તસ્સ ઉતરી કરણે.. એમાં ધર્મ હતો. ધૂળેય નથી સાંભળને. એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. આહા..હા..! અહીં તો એ રાગને પણ જાણનારું જ્ઞાન. જ્ઞાન જ્ઞાનમાં રહીને જ્ઞાનને જાણતું, રાગને જાણતું જ્ઞાન. આહા..હા..! ભાઈ! સર્વજ્ઞ પરમાત્માની આ વાત છે. આ કાંઈ કલ્પિત વાત છે નહિ. આ તો શાસ્ત્ર ભગવાનના કહેલા છે. એ શાસ્ત્ર ગંભીર છે. એના એક-એક શબ્દ અને એક-એક કડીમાં ઊંડાણ, ગંભીરતા ઘણી છે. આહા..હા..!

કહે છે **'જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષદૃષ્ટિ વડે...'** અંતરમાં નિર્મળદૃષ્ટિ વડે જીવ ને અજીવ ને ભેદ દેખે છે. જીવને આનંદ અને જ્ઞાનસ્વરૂપ દેખે છે અને પુણ્ય-પાપને અજીવ તરીકે ભિન્ન આત્માથી એમ દેખે છે. આવી વાતું! સમજાણું કાંઈ? છે એમાં? જુઓ, છે કે નહિ? આ ત્યાં આમાં નહોતું આવ્યું ક્યાંય અત્યાર સુધીમાં તો એવું. સ્વાધ્યાય પુસ્તક છેને એમાં ક્યાંય નહોતું. લાલચંદભાઈએ ત્યાં બનાવ્યું હતુંને. ૩૧, ૩૮, ૧૪૪ એ બધી હતી.

**'प्रत्याययत्' 'ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...'** આહા..હા..! જ્ઞાન નિર્દોષ દૃષ્ટિ વડે પુણ્ય અને પાપના ભાવથી ભગવાન આત્મા ભિન્ન છે એમ પ્રતીતિ કરાવે છે. જ્ઞાન એમ કહેવું છેને. એ જ્ઞાન કરાવે એ પ્રતીતિ કરે. જ્ઞાન છે એમ પ્રતીતિ કરે. પ્રતીતિને ક્યાં ખબર છે હું કોણ છું? જ્ઞાન પ્રતીતિ કરે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૭-૧૮માં ન આવ્યું? જે જ્ઞાને આત્માને જાણ્યો એક સમયની પર્યાયમાં એને 'આ આત્મા છે' એમ પ્રતીતિ ત્યારે થાય છે. રતિભાઈ! અનંતકાળ રઝળતા સાધુ પણ અનંતવાર થયો, મિથ્યાદૃષ્ટિ દિગંબર મુનિ, પણ વસ્તુની દૃષ્ટિની ખબર ન મળે. પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ સાધુના ગુણ દિગંબર પ્રમાણે હોં! આહા..હા..! પણ આ ચીજ અંદર વિકલ્પથી નિર્વિકલ્પ ચીજ ભિન્ન છે એવું જ્ઞાન કરીને નિર્દોષ દૃષ્ટિ વડે પ્રતીતિ કરી નથી. આહા..હા..! ઓહોહો..! કેટલા શબ્દ ગંભીર છે!

**'प्रत्याययत्' 'ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...'** જ્ઞાન. જે જ્ઞાન ચૈતન્યના

સન્મુખ થઈને જાણ્યું તે જ્ઞાન જડથી ચૈતન્યની ભિન્નતાની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે. આહા..હા..! ગીરધરભાઈ! આ બધા દેરાસર કરેને .. કરે એમાં એ બધો શુભભાવ છે હોં! ધર્મ નથી. થઈ ગયા. એ ત્યાં પણ કહ્યું હતું થતા વખતે. હોય છે શુભભાવ, અશુભથી બચવા માટે, પણ એ પોતે ધર્મ છે, એ ધર્મનું કારણ છે એમ નથી જરી.

**શ્રોતા :–** વ્યવહાર ધર્મ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર ધર્મ એટલે કે ધર્મ નહિ, નિશ્ચયથી અધર્મ. એને આત્મધર્મ જેને પ્રગટ્યો હોય તેને રાગમાં ઉપચાર તરીકે વ્યવહાર ધર્મ એટલે કે ધર્મ નહિ, પણ વ્યવહારથી, ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મીંદડાને સિંહ કહેવું એવું છે એ. એ શુભભાવને ધર્મ વ્યવહારે (કહેવાય છે), પણ કોને? જેને આત્માનું જ્ઞાન રાગથી ભિન્ન પડીને સમ્યક્ થયું છે એને જે શુભભાવ આવે એને જ્ઞાન અજીવ તરીકે જાણે છે, પણ વ્યવહાર તરીકે એને ધર્મ-પુણ્ય છે એને ધર્મ કહેવામાં આવે છે, છે તો અજીવ. આહા..હા..! કેમકે રાગ જાણતો નથી કે હું કોણ છું. રાગ બીજા દ્વારા જણાય માટે રાગ અચેતન છે. આહા..હા..!

અરે..! એને જૈનધર્મ એટલે શું? એની ખબર ન મળે. વાડામાં જન્મીને જિંદગી કાઢે. અને તે પણ એક કલાક, બે કલાક પઠન-પાઠનનો મળ્યો હોય વખત. બાકી બધું તો ધંધા-પાણીના પાપમાં વખત જાય બધો. અહીં તો બીજું કહેવું છે કે ધંધા-પાણીમાં તો પાપ છે. હવે એને પઠન-પાઠનનો વખત પણ શુભનો ન મળે. પઠન-પાઠન, છેને બંધ અધિકારમાં. સમજાણું? એ શુભભાવ છે બધો. પઠન-પાઠન, સ્મરણ, ચિંતવન, સ્તુતિ, વંદન, ભક્તિ એ બધા રાગ છે શુભ. આહા..હા..! હવે જેને શુભના પણ ઠેકાણા નથી એને ધર્મ ક્યાં છે? અને શુભ હોય તોપણ ધર્મ ક્યાં છે? આહા..હા..!

અહીં કહે છે, '**ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...**' કોણ? ઓલું જ્ઞાન. આહા..હા..! જીવ અને અજીવનું ભિન્નની પ્રતીતિ ઉપજાવતું. આહા..હા..! '**પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...**' અને '**आसंसार-निबद्ध-बन्धन-विधि-ध्वंसात्**' '**आसंसार**' આ સંસાર એટલે અનાદિ સંસાર. આહા..હા..! જેમ સોનું ને પત્થર ખાણમાં અનાદિ ભેગા છે, એમ અશુદ્ધતા સંસારની અને સ્વભાવ શુદ્ધ બે અનાદિથી છે. આહા..હા..! કર્મના સંબંધનો અર્થ અહીં અશુદ્ધતા. સમજાણું કાંઈ?

એ '**અનાદિ સંસારથી જેમનું બંધન દઢ બંધાયું છે...**' અનાદિ સંસારથી પુણ્ય અને પાપના રાગનું બંધન, સ્વરૂપ પોતે અબંધ છે, એને પુણ્ય-પાપનું બંધન અનાદિથી બંધાયેલું છે. '**અનાદિ સંસારથી જેમનું બંધન દઢ બંધાયું છે...**' આહા..હા..! ૧૭-૧૮માં આવ્યું હતુંને પર્યાયમાં, જ્ઞાનની વર્તમાન દશામાં સ્વસ્વરૂપ જ જણાય છે, છતાં અજ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી. એથી રાગની એકતાબુદ્ધિમાં એ ઢંકાઈ ગયું છે. આહા..હા..! એ ત્યાં સુધી કહ્યું કળશટીકા ૨૮માં, નહિ? કર્મના સંગના નિમિત્તે થતાં શુભ અને અશુભભાવ, એના

અસ્તિત્વના સ્વીકારમાં ત્રિકાળના અસ્તિત્વનું મરણ થઈ ગયું એને—મરણપ્રાય થઈ ગયું. સમજાણું કાંઈ? એય..! આવી વાતું છે.

ચૈતન્ય ભાવપ્રાણ વસ્તુ અસ્તિત્વ જે મહાપ્રભુ ચૈતન્યસ્વભાવથી ભરેલો ભગવાન, એનું અસ્તિત્વ ન સ્વીકારતા એટલે કે એનું હોવાપણું, નિજ સત્તાનું હોવાપણું ન સ્વીકારતા, જેની સત્તામાં નથી એવી પુણ્ય અને પાપની વૃત્તિઓનો સ્વીકાર કરવા જાય છે ત્યારે નિજ સત્તાનો અનાદર થાય છે, મરણતુલ્ય જીવને કરી નાખ્યો એણે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. શરીરમાં જે ઘા વાગે છરાના અને ઘાયલ થાય.. એ કહ્યું હતું ત્યાં પુણ્ય-પાપના અધિકાર આવે છેને. ભાઈ! પુણ્ય-પાપમાં ઓલા તિરોધાય અને તિરોધાન. એ ઘાયલ લીધું છે. આહા..હા..! એ શુભ અને અશુભભાવ એની પ્રીતિમાં આત્માને ઘાયલ કરી નાખે છે, કહે છે. જેમ છરા પડે શરીરમાં અને લોહી.. ઘા વાગે. એવી વાત છે, પ્રભુ!

ચૈતન્ય શુદ્ધ આનંદનો નાથ પ્રભુ પવિત્ર સ્વરૂપ એમાં અપવિત્રતાના પુણ્ય-પાપના ભાવની પ્રીતિ અને અસ્તિની કબુલાત, આ છે એવી માન્યતા, એમાં આ છે એની માન્યતાનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. અરેરે..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર. અહીં તો કહ્યુંને જીવ-અજીવના સ્વાંગને જાણનારું. પણ અજીવનો સ્વાંગ મારો છે એમ માનનાર તો જીવને ઘાત કરે છે. જીવસ્વરૂપી ચૈતન્યઘન અનાદિઅનંત પ્રભુ, મહાસ્વભાવ છે ચૈતન્યનો, એના અસ્તિત્વનો અનાદર કરી અને એ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રતાદિને છે એમ માની એના ઉપર દૃષ્ટિ હોવાથી ત્રિકાળી અસ્તિત્વનો એ અનાદર કરે, મરણતુલ્ય ઘા પડે છે એની અંદર. આવી વાતું છે. આહા..હા..!

**'અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે એવાં...'** કર્મ આઠ અને પુણ્ય-પાપ. કર્મ તો નિમિત્ત તરીકે લીધા છે. ખરેખર તો પુણ્ય અને પાપના ભાવનું બંધન છે એને. ઓલું જડ છે એ તો નિમિત્ત તરીકે અજીવ છે. સમજાણું કાંઈ? ભાવકર્મનું બંધન છે. શુભ-અશુભભાવ એ અબંધ સ્વરૂપમાં ત્યાં રોકાણો છે એ બંધ છે, દ્વૈત થઈ ગયું. ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય એને પુણ્ય-પાપના બંધનની સાથે જોડવો દ્વૈત થઈ ગયું. એ દૃઢ બંધાઈ ગયો છે અનાદિથી, કહે છે. આહા..હા..! પર્યાયમાં રાગના પુણ્યના ભાવ જોઈને એ મારું એ સ્વરૂપ છે અને મને લાભદાયક છે એમ માનીને ચૈતન્યનો ઘાત કરે છે. આહા..હા..! બીજાનો ઘાત કરી શકતો નથી જીવ. બીજાની હિંસા કે બીજાની દયા કરી શકતો નથી. પરને શું કરે? પરની દયા શું પાળે? એનું આયુષ્ય હોય ત્યાં સુધી જીવે અને મરે. પરની ક્રિયા કરે આત્મા? પરની દયા પાળી શકતો નથી, પરની હિંસા મારવાની ક્રિયા કરી શકતો નથી.

પોતાની હિંસા કરી શકે છે આ રીતે અને પોતાની દયા પાળી શકે છે એ રીતે. કઈ રીતે? શુભ-અશુભભાવ એટલું અસ્તિત્વ સ્વીકારવામાં ત્રિકાળી ભગવાનના અસ્તિત્વનો નકાર

થાય એ હિંસા. આત્માહનો ભવન્તિ. આવે છેને કળશમાં? આત્માને હણનારા છે એ. એટલે? પરને હું જીવાડી શકું, પરને મારી શકું, પરને સુખની સગવડતા દઈ શકું, પરના પ્રાણને હરિ શકું, પરના પ્રાણની રક્ષા કરી શકું એવો જે ભાવ એ આત્માના ભાવને હણી નાખે છે. આહા..હા..! આવી વાતું. છે એમાં, પુણ્ય-પાપ આત્મા હનો ભવન્તિ. બંધ અધિકારમાં.

અહીં કહે છે, '**અનાદિ સંસારથી જેમનું...**' પુણ્ય અને પાપના વિકારનાં વિકલ્પો એનું એને દઢ બંધન છે. કેમકે ત્યાં ઉપર એની દૃષ્ટિ છે. આહા..હા..! એવા બંધનને. છે? '**સ્ફુટ થયું છે**' '**વિશુદ્ધ થયું છે,...**' બંધનને તોડીને. આહા..હા..! '**विधि-ध्वंसात्**' એમ છે ને? '**विधि**' એટલે વિકારભાવ, કર્મ જડ નિમિત્ત. '**ध्वंसात्**' અનાદિ '**निबद्ध-बन्धन**' '**आसंसार**' એટલે અનાદિ. '**निबद्ध**' એટલે દઢ બંધન. '**बन्धन**' એની વિધિ એટલે કર્મ-વિકાર આદિ. તેનો '**ध्वंसात्**' એ જ્ઞાન એનો નાશ કરે છે. આહા..હા..! એટલે? આત્મા જ્ઞાયક ચૈતન્ય અબદ્ધસ્વરૂપ છે એવું અંતર જ્ઞાન થતાં તે જ્ઞાન બંધની રીતને તોડી નાખે છે, ધ્વંસ કરી નાખે છે. આહા..હા..!

એ હણે છે. હણે છે એમ કહેવું એ ઉપચાર (છે). અહીં સમજાવવું છેને? નમો અરિહંતાણં. નમસ્કાર હો કર્મ રૂપી વેરીને હણનારા. એ કર્મરૂપી વેરીને હણનારા એ નિમિત્તનું કથન છે. જડને હણે નહિ ને જડને બાંધે નહિ અને જડને રાખે નહિ, પણ એને પુણ્ય-પાપના વિકલ્પો રાગ છે એ સ્વભાવથી અરિ છે, એણે એને હણ્યા એમ કહેવું એ પણ ઉપચાર કથન છે. અરેરે..! આત્મા રાગનો નાશકર્તા કહેવો એ ઉપચાર કથન છે. એ ૩૪ ગાથામાં આવે છે. સમજાવવું હોય એટલે એમ સમજાવેને. ભગવાને વિકારને હણ્યા. કર્મને હણ્યા એ તો વાત છે જ નહિ, એ તો જડ છે. કર્મની દશા કર્મરૂપે થાય ત્યારે કર્મને હણ્યા એમ નિમિત્તથી કથન આવે. પણ ભગવાને પોતાનો વિકાર જે હતો અજ્ઞાન એને હણ્યા એટલે કે પૂર્ણાનંદના નાથમાં ઠર્યા એટલે વિકાર ઉત્પન્ન થયો નહિ એને હણ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? રાગનો નાશ કર્તા એ પણ એમ કે નામમાત્ર છે. એમ આવે છેને? ખરેખર રાગનો નાશ કરવું એમ ક્યાં છે? ફક્ત સ્વરૂપ ચિદાનંદ પ્રભુ આત્મારામ.. કહેશે હમણાં. આત્મા આમ ચૈતન્યસ્વરૂપ આરામ નામ પોતામાં રમે છે આનંદમાં ત્યારે તે વિકાર ઉત્પન્ન થતો નથી તે વિકારને હણ્યા એમ નિમિત્તથી કહેવામાં આવે છે વ્યવહારથી. સમજાણું કાંઈ?

'**विधि-ध्वंसात्**' '**વિશુદ્ધ થયું છે,...**' એ પુણ્ય-પાપના વિકલ્પના બંધનને જેણે જ્ઞાનસ્વભાવને જાણતા જ્ઞાને એનો નાશ કરી નાખ્યો છે. આહા..હા..!

**શ્રોતા :-** તેરમા ગુણસ્થાન સુધી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેરમે અને ચોથે બધું એક જ છે. ચોથે જેટલો રાગ અને મિથ્યાત્વનો નાશ કર્યો એટલો નિર્મળ થયો. કેવળીને પૂર્ણ નાશ થયા એટલે પૂર્ણ કેવળજ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ! આવો ઉપદેશ છે. ઓલું તો સહેલુંસટ હતું, લ્યો! .. થઈ ગઈ

સામાયિક અને આ ભગવાનની જાત્રા કરે પાલિતાણાની, શેત્રુંજયની, સમેદશિખરની. ધૂળેય ધર્મ નથી, સાંભળને! એ તો બધી શુભરાગની ક્રિયા છે. એ તો અહીંયાં અજીવમાં ખપે છે અહીંયાં તો. ભાઈ! માર્ગ જુદા, બાપા! સર્વજ્ઞ વીતરાગ થયા અને ઈચ્છા વિના વાણી આવી. કેમકે પૂર્વે તીર્થંકર સાધક થયા હતા, અનુભવ આનંદમાં પૂર્ણ આનંદ નહોતો, વિકલ્પ આવ્યો કે આ પૂર્ણ થાય, પૂર્ણ થાવ એ પ્રકૃતિ બંધાણી. સર્વજ્ઞ થયા ત્યારે પ્રકૃતિનો ઉદય આવ્યો. પૂર્ણતત્ત્વના ઉપદેશની શૈલી ત્યાં વાણીમાં આવે એને. એને કાંઈ ઈચ્છા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

'**વિશુદ્ધ થયું છે,...**' સમ્યગ્દર્શનમાં પણ તેના પ્રમાણમાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી એનો નાશ કરીને વિશુદ્ધ થયું. પૂર્ણ તો આઠેય કર્મના વિકલ્પભાવ જે છે એનો નાશ કરીને નિર્મળ થયું છે. કેવળીને ચાર કર્મના અશુદ્ધભાવનો નાશ કરીને કેવળ થયું. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું. '**વિશુદ્ધ થયું છે, સ્ફુટ થયું છે**' પ્રગટ થયું. એટલે કે જે શક્તિરૂપે કેવળજ્ઞાન અને આનંદ હતું; જેમ ફૂલની કળી સંકોચરૂપે હતી એ વિકાસ થઈ છે, ખીલી ગઈ છે કળી, એમ ભગવાન આત્માનું જ્ઞાન શક્તિરૂપે જ્ઞાન, આનંદ આદિ હતું. શક્તિ એટલે સામર્થ્ય. શક્તિ એટલે સામર્થ્યરૂપે હતું. આહા..હા..! એને કળી જેમ ખીલે એમ પર્યાયમાં જ્ઞાનાદિ બધું ખીલી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગુલાબની કળી હોય છેને. સંકોચાય છે. સામર્થ્ય તો પૂર્ણ ખીલવાની શક્તિવાળું સામર્થ્ય છે. એમ ભગવાન આત્મા કેવળજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, સ્વચ્છતા એ એની શક્તિ છે, શક્તિ એટલે સામર્થ્ય છે, શક્તિ એટલે એનું એ બળ છે, શક્તિ એટલે કે જેનો એ સ્વભાવ છે, એને પર્યાયમાં જે નહોતું, સંકોચ હતું શક્તિમાં એને અંતરના જ્ઞાનના ધ્યાન દ્વારા શક્તિમાંથી વ્યક્ત કર્યું. જેમ કળી ખીલી જાય એમ ભગવાન આત્મા એની પર્યાયમાં કેવળજ્ઞાનાદિ ખીલી નીકળ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્ફુટ થયું છે**'એની વ્યાખ્યા કરી. પ્રગટ થયું છે. '**જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે.**' કળી જેમ ખીલે. લાખ પાંખડીનું જે કમળ હોય-ગુલાબનું ફૂલ ખીલી નીકળે આમ લાખ પાંખડીથી. આહા..હા..! એમ અનંતગુણ શક્તિરૂપે હતા એટલે કે આત્માના ભાવરૂપે હતા એ પર્યાયમાં ખીલી ગયા બધા. આવી વાત. કળી ખીલે એમ ખીલે. સમજાણું કાંઈ? આ તો વીતરાગનો માર્ગ બાપા આવો. લોકોએ તો અજૈનને જૈનપણું મનાવ્યું છે. રાગની ક્રિયા, એમાં ધર્મ મનાવ્યો એ બધી વાતું અજૈનને જૈન માન્યા છે એણે. જૈનપણું વીતરાગપણું તો આ છે કે જેણે ભગવાન આત્માની અનંત શક્તિઓ છે સામર્થ્ય.. આહા..હા..! નિગોદના જીવમાં પણ ભલે પર્યાય અલ્પ છે પણ એની શક્તિ છેને? જ્ઞાનશક્તિ છેને? દર્શનસ્વરૂપ છે? શ્રદ્ધાસ્વરૂપ છેને? શાંતિ એ સ્વભાવ છેને? એવા એવા સ્વભાવો-શક્તિ, શક્તિવાનમાં શક્તિઓ છે બધી. આહા..હા..! એ શક્તિઓ કળી જેમ ખીલે એમ જેણે આત્માના સ્વભાવનો

આશ્રય લઈ અને શક્તિની ખીલવટ કરી. આહા..હા..! કેવળજ્ઞાનાદિ ખીલી ગયું કહે છે. સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શન ને જ્ઞાન, અંશે સ્વરૂપ ચારિત્ર એ ખીલી ગયું. મુનિને વિશેષ ખીલી ગયું, કેવળીને પૂર્ણ ખીલી ગયું, આહા..હા..! એક કળશમાં કેટલું મૂક્યું જુઓને!

**'વળી તે કેવું છે?' 'आत्म-आरामम्'** 'आत्म-आरामम्' એટલે? 'आत्म' એટલે ચૈતન્યસ્વરૂપ. એમાં '**आरामम्**' છે, એમાં ઠર્યો છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યસ્વરૂપ પરને જાણવા છતાં પરરૂપે થયો નથી. છે? '**आत्म**' '**જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે...**' એ જ્ઞાનને. આહા..હા..! '**અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે...**' નિમિત્તથી કથન છે. લોકાલોકને.. જે શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ લોકાલોક જણાય છે. આહા..હા..! કેવળીને પ્રત્યક્ષ છે, શ્રુતજ્ઞાનમાં પરોક્ષ છે. આહા..હા..! સમકિતીના જ્ઞાનમાં, શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોકને એક સમયની પર્યાયમાં જાણે એવી તાકાત છે તો એને એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે એ રીતે ખીલી ગયું છે. આહા..હા..! અને જે આત્મા જ્ઞાયકમૂર્તિ એમાં આરામ છે. એટલે શું કહ્યું? કે જ્ઞેયોને જાણતા છતાં જ્ઞેયમાં એ નથી. જ્ઞેયોને જાણતા છતાં એ જ્ઞાનમાં છે. સમજાણું કાંઈ? આવું છે.

**'અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં રમે છે;...'** એટલે? જ્ઞાનમાં પરવસ્તુ અનંત છે તે ભલે જણાય, પણ એ જણાતા કાંઈ જ્ઞેય અહીં આવી ગયા છે અથવા એ જણાતામાં જ્ઞાન પરમાં રમે છે-પરજ્ઞેયોમાં એમ નથી. આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ ભગવાન આત્માનો જ્યાં અંતર્મુખ થઈને પ્રગટ થયો એ જ્ઞાન અનંત જ્ઞેયોને જાણવા છતાં તે જ્ઞાન જ્ઞાનમાં રમે છે, એ જ્ઞાન જ્ઞેયમાં જાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મારગડા એવી જાતના છે. લોકોની શ્રદ્ધાથી ભગવાનનો માર્ગ. ઓલા 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર.' એમ ભગવાન કહે તારી માન્યતા અને અમારી માન્યતામાં મોટો ફેર એક-એકમાં છે. આહા..હા..!

**શ્રોતા :-** ફેર થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છેને, જે કરે છે એને થાય છે. કરાવી કોઈ દે છે? આહા..હા..!

શું કહ્યું? જે જ્ઞાન આત્માનું પ્રગટ્યું તે જ્ઞાનમાં બીજા અનંત જ્ઞેયો જણાય ખરા, છતાં તે જ્ઞાન જ્ઞાનમાં રહે છે. એ જ્ઞાન જ્ઞાનમાં આરામપણું છે. એને જ્ઞેયમાં ગયું છે અને જ્ઞેયનું જ્ઞાન છે માટે જ્ઞેયમાં રમ્યું છે, જ્ઞેયોનું જ્ઞાન છે માટે જ્ઞેયમાં રમે છે એમ નથી. આહા..હા..!

**'अनन्तधाम' 'જેનો પ્રકાશ અનંત છે;...' 'धाम'** એટલે પ્રકાશ. '**अनन्त**' એટલે જેનો અંત નથી. આહા..હા..! એ જ્ઞાન એવું પ્રગટે છે કે દશા.. આહા..હા..! અષ્ટપાહુડમાં તો ત્યાં કહ્યું નહિ, ચારિત્રપાહુડ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ અનંત છે. શું બે

શબ્દ છેને? અક્ષય-અમેય. આહા..હા..! એક તો ક્ષય ન થાય અને મર્યાદા વિનાનું. આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો અંશ પ્રગટ્યો એ નાશ ન થાય અને અમેય- જેની મર્યાદા નથી એવું એની પર્યાયમાં પ્રગટ થાય છે. પર્યાયમાં હોં! અને તેને અમેય કહે છે. મર્યાદા જેની નથી એવી જ્ઞાનની દશા. ચૈતન્યજ્યોતિ ઝળહળ પ્રભુ ભગવાન એનું જ્ઞાન થયું એ જ્ઞાન નાશ થાય એવું નથી. જેમ વસ્તુનો નાશ નથી, ત્યાં એ નાશ થાય એવો નથી. જેમ વસ્તુમાં અમેય છે એમ પર્યાયમાં અમેય એટલે મર્યાદા વિનાની દશા થાય છે. આહા..હા..! આવું સાંભળવું મુશ્કેલ પડે લોકોને. સાંભળવા મળતું નથી. આ કરો ને આ કરો, એમ ને એમ જિંદગી ચાલી જાય બિચારાની. આહા..હા..! સાચી વાત સાંભળ્યા વિના એનું વલણ જ્ઞાનમાં ક્યાંથી જાય? વલણ આમ રહ્યા કરે બહારમાં.

એ કહે છે અહીં કે જ્ઞાન પ્રગટ્યું પોતાના સ્વરૂપનું એ જ્ઞાન ભલે પોતાને જાણે અને બીજા અનંત જ્ઞેયોને જાણે પણ એ જાણનારું જ્ઞાન જ્ઞાનમાં રહે છે, એ જાણનારું જ્ઞાન જ્ઞેયોમાં જાય છે એમ નથી અને જ્ઞેય સંબંધીનું જ્ઞાન જ્ઞેયનું છે એમ નથી. આહા..હા..! જે જ્ઞેયનું જ્ઞાન, અનંતા જ્ઞેયોનું જ્ઞાન એ જ્ઞેયનું જ્ઞાન છે એમ એ જ્ઞાનનું જ્ઞાન છે. આહા..હા..! આવી વાતું છે.

**'अनन्तधाम'** અંત વિનાનું જેનું તેજ છે. પર્યાય નહિ હોં! અનંતપ્રકાશ અનંત છે. આહા..હા..! **'अध्यक्षेण महसा नित्य-उदितं'** **'अध्यक्षेण'** પ્રત્યક્ષ **'महसा'** તેજથી **'નિત્ય ઉદયરૂપ છે.'** આહા..હા..! વસ્તુ તો નિત્ય છે, ગુણ નિત્ય છે અને જે નિત્યને આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થયું એ નિત્ય છે. આહા..હા..! છે તો પલટતી દશા પણ એ કાયમ રહેનારું છે એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'अनन्तधाम'** **'જેનો પ્રકાશ...'** **'धाम'** એટલે પ્રકાશ **'અનંત છે;...'** એમ. **'अनन्तधाम'** એનું વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જે અનંત છે. આહા..હા..! એવું સમ્યગ્જ્ઞાન તેને સાચું નમન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'નિત્ય ઉદય છે.'** કાયમ. જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું તે કાયમ રહેવાનું છે, કહે છે. આહા..હા..! **'વળી કેવું છે?'** એ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૯, રવિવાર, તા. ૦૬-૦૬-૧૯૭૬, કળશ-૩૩, ગાથા-૩૯ થી ૪૩, પ્રવચન નં. ૮૭

કળશ-૩૩મો ચાલે છે, અજીવ અધિકાર. ત્યાં એમ કહે છે કે જે જ્ઞાન છે-આત્મા છે એ જ્ઞાનસ્વરૂપ છે, પણ જેને જ્ઞાન પ્રગટ થાય છે પર્યાયમાં એટલે જ્ઞાન ત્રિકાળી સ્વભાવ છે એની સાથે અનંત આનંદ પણ તેનો ત્રિકાળી સ્વભાવ છે. એથી જેને જ્ઞાન પ્રગટ થાય તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતા અહીં જ્ઞાન પ્રગટ થાય. આહા..હા..! એ કહ્યુંને? મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. અને જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષો ભેદ દેખનારી નિર્દોષદૃષ્ટિ વડે ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવે છે. આહા..!

**'અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે એવા જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી વિશુદ્ધ થયું છે,...'** પર્યાયમાં પ્રગટ થયું. **'સ્ફુટ થયું છે—જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે.'** જેને રમવાનું સ્થાન જ્ઞાનનું જ્યારે પર ઉપર લક્ષ હતું ત્યારે તે જ્ઞાન રાગમાં રમતું. એ જ્ઞાન જ્યારે સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાન પ્રગટ થયું એ જ્ઞાનને રમવાનું સ્થાન તો આત્મા રહ્યો. આહા..હા..! **'પોતાના સ્વરૂપમાં રમે છે; જેનો પ્રકાશ અનંત છે;...'** પ્રગટ થયેલાની વાત છે હોં! **'પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.'** **'नित्य-उदितं'** કહ્યું હતુંને? છે તો પર્યાય પણ એને અહીંયાં નિત્ય ઉદયરૂપ પ્રગટ જ્ઞાન છે. પરમાત્મદશા પ્રગટ થઈ એ જ્ઞાનદશા નિત્ય ઉદય પ્રગટ રૂપ છે. કીધુંને? સવારમાં આવ્યું છે એમાં પણ નિત્ય આવ્યું છે, નિત્ય ઉદયરૂપ. સિદ્ધમાં નિત્ય નિરંજન. અર્થ ત્યારે કહ્યું. ક્ષણિક માને એની સામે નિત્ય દ્રવ્યાર્થિકનયે નિત્ય કહ્યું એમ કહે ભાઈ. એ જ અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વભાવ એના ભાન દ્વારા જે જ્ઞાન આનંદમાં અનુભવસહિત પ્રગટ્યું એ જ્ઞાન નિત્ય પ્રત્યક્ષરૂપ રહે છે એમ કહ્યું. એ પૂર્ણ સિદ્ધની વાત છેને.

**'વળી કેવું છે? ધીર છે,...'** ધીરું છે. એટલે કાયમ રહેનારું છે. આહા..હા..! જે આત્મજ્ઞાન પ્રગટ્યું સ્વરૂપના આશ્રયથી તે જ્ઞાન ધીરું છે એટલે કાયમ રહેનારું છે. આહા..હા..! **'ઉદાત્ત (ઉચ્ચ) છે...'** નવી-નવી દશા પ્રગટ જ થયા કરે એવું એ ઉદાર છે. આહાહા..! **'અનાકુળ છે—સર્વ ઈચ્છાઓથી રહિત નિરાકુળ છે.'** જેમાં ઈચ્છા હોતી નથી. આહા..હા..! **'(અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ—એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.)'** આહા..હા..! નાટકની અપેક્ષાએ કહ્યુંને શાંતરૂપી દશા, વીતરાગી દશાનું નાચ એનું જે પરિણમન એના ત્રણ આભૂષણ છે આ. આહાહા..! જેમ નાટકમાં જે તેનો વેશ પહેરીને

આવે એ એનું આભૂષણ છેને? રાજાનો વેશ હોય, રાણીનો હોય. એમ આ આત્મા અંતરના સ્વભાવમાંથી પ્રગટેલું જ્ઞાન શાંત અને અનાકુળ આનંદ એમાં, કહે છે કે આ ત્રણ વિશેષણો એ પરિણતિની શુદ્ધ નાચના એ આભૂષણ-દાગીના છે. આહા..હા..!

ધીરું છે, શાશ્વત છે એટલે કાયમ રહેનારું છે. ઉદાર છે, નવી-નવી પર્યાય થયા જ કરે છે એમ ઉદાત્ત છે અને ઉચ્ચ છે અને ત્યાં નિરાકુળ છે. આહા..હા..! એ '**સર્વ ઇચ્છાઓથી રહિત નિરાકુળ છે. (અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ—એ ત્રણ વિશેષણો શાંતરૂપ...**' વીતરાગની પરિણતિરૂપી શાંતરૂપ દશા એ એના ત્રણ આભૂષણ છે. આહા..હા..! એ ત્રણથી તે જ્ઞાન શોભે છે. ધીરું, ઉચ્ચ-ઉદાત્ત અને અનાકુળ. આવી વાતું છે.

'**ભાવાર્થ :- આ જ્ઞાનનો મહિમા કહ્યો.**' વર્તમાન પ્રગટ જ્ઞાનની વિવેકની વાત કરી. '**જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે...**' નાટકનો દાખલો આપ્યો છેને? '**તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે.**' રાગને અને સ્વભાવને તે જ્ઞાન ભિન્ન જાણે છે, પ્રગટેલું જ્ઞાન. આહા..હા..! એ રાગ અને જીવ. રાગ એટલે અજીવ, બેને ભિન્ન જાણે છે. '**જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે...**' રાગને રાગ જાણે, જ્ઞાનને જ્ઞાન જાણે. એ જે જે સ્વરૂપ જેનું છે તે રૂપે રહે છે એ. આહા..હા..! રાગ અને આ જ્ઞાન એક જે માન્યું હતું એ પોતે જ્ઞાન જ્ઞાનરૂપ રહે છે, રાગ રાગરૂપ રહે છે. એના સ્વરૂપમાં તે બે ભિન્નપણે રહે છે. આહા..હા..! આવો ઉપદેશ હવે.

'**તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે;...**' લ્યો! આહા..હા..! સત્યદૃષ્ટિ. જેવું પૂર્ણ સત્ય છે તેવી દૃષ્ટિ. જેવો સત્ય પ્રભુ પૂર્ણ સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન, આનંદ જેનું પૂર્ણ રૂપ છે એવી તેની સત્યની દૃષ્ટિ એવા સમ્યગ્દૃષ્ટિને આ વિશેષણો લાગુ પડે છે. આ સમ્યગ્દૃષ્ટિને જ આવું જ્ઞાન હોય છે, એમ. આહા..હા..! '**મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી.**' દયા, દાન, વ્રતાદિનો રાગ આવે એને અજ્ઞાની પોતાનો જાણીને કર્તા થાય છે. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ જીવ સાધુ થાય છે. ક્ષુલ્લક થયો અનંતવાર, બાર વ્રત અનંતવાર ધાર્યા, પણ એ બધો વિકલ્પ છે એનો એ અજ્ઞાની કર્તા થાય છે એટલે કે રાગ અને સ્વભાવ બે એક માને છે. આહા..હા..! રાગ અને સ્વભાવ બે ભિન્ન જાણતા એ સમ્યગ્દૃષ્ટિને યથાર્થ જ્ઞાન થાય છે.

'**હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :-**' ગાથાઓ છે.

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झवसाणं कम्मं च तहा परूवेंति।।३९।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।

कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो।।४१।।
जीवो कम्मं उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।
एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।
ते ण परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।

એનું હરિગીત.

**કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,**
**‘છે કર્મ, અધ્યવસાન તે જીવ’ એમ એ નિરૂપણ કરે! ૩૯.**
**વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,**
**એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.**
**કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,**
**કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.**
**કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,**
**કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.**
**દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,**
**તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.**

નિરૂપણ કરે એનો અર્થ માને.

‘**ટીકા :- આ જગતમાં આત્માનું અસાધારણ** લક્ષણ...’ એ જ્ઞાન તેનું લક્ષણ અને જ્ઞાનથી તે જણાય એવો છે. એવું ‘**આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે**...’ આહા..હા..! જુઓ, ‘**નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,**...’ ‘**क्लीव**’ શબ્દ છે. આહાહા..! એ પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ શુભ છે એ આત્માને લાભ કરે છે એમ માનનારા નપુંસક છે. સમજાણું કાંઈ? ભારે વાત! ‘**क्लीव**’ છે પાઠમાં. ‘**क्लीव**’ એટલે નપુંસક છે. એટલે? એ શુભરાગને પોતાનો માનનારા—એ શુભને ભાવે રહેનારા એ બધા નપુંસક-નામર્દ છે. એટલે? જેમ નપુંસકને પ્રજા નથી, એને પ્રજા ન થાય, વીર્ય નથી ને. આહા..હા..! આ હીજડા કહેવાય છેને પાવૈયા, એને વીર્ય ન હોય એટલે પ્રજા ન થાય એને.

એમ અહીંયાં પરમાત્મા કહે છે.. આહા..હા..! જે શુભભાવને પોતાના માનનારા અને શુભભાવથી આચરણ કરનારા, એમાં મારું સ્વભાવનું આચરણ છે એમ માનનારાઓ એ પાવૈયા-હીજડા છે કહે છે. નપુંસક કહો, પાવૈયા કહો, હીજડા કહો. પાવૈયા તમારી શેરી હતી. આહા..હા..!

પહેલાં ઘણા પાવૈયા હતા. અમારી દુકાન ઉપર પાવૈયા આવતા, ભાઈ! બહુ આવતા. અરે..! દુકાન ઉપર આવે તો પૈસો, બે પૈસા ન હોય એને. ચાર પૈસા, બે આના. એ વખતે ચાર પૈસા, બે આના માગે. નહિતર નાગા થઈને ઊભા રહે. નપુંસક-પાવૈયા ઢોલકા વગાડતા. મુસલમાનના હોય હોં! નપુંસક એટલે .. માગવા આવેને એવા કરે. પછી એને ઝટ દઈને...

**શ્રોતા** :- આર્ય શેરી નામ રાખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આર્ય શેરી. અનાર્ય શેરી છે. આહા..હા..! એ પછી શું કરે! આહા..હા..!

અહીં પ્રભુ એમ ટીકાકાર કહે છે કે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી લક્ષણવાળો છે અને જ્ઞાન દ્વારા એ જણાય એવો છે. જ્ઞાન દ્વારા અનુભવ થઈ શકે છે. જ્ઞાન દ્વારા આત્માની પ્રાપ્તિ થઈ શકે છે. જ્ઞાન એટલે અંતર સમ્યગ્જ્ઞાન હોં! એ સમ્યગ્જ્ઞાન દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. એને ઠેકાણે રાગથી મને લાભ થાય, આ વ્રતના ભાવ, ભક્તિના ભાવ, તપના ભાવ એ બધા શુભભાવ એનાથી મને ધર્મ થાય, આત્માનો લાભ થાય એમ માનનારાને અહીં નપુંસક કહ્યા છે. હીજડાને જેમ પ્રજા ન હોય એમ શુભભાવના માનનારાને ધર્મની પ્રજા ન હોય. શું કીધું એ?

શુભની ક્રિયાના માનનારાઓને પ્રભુ પોતે એનાથી ભિન્ન છે એવું ભાન નથી, નામર્દ છે. એનાથી ખસીને શુદ્ધમાં આવતો નથી, નામર્દ છે, પુરુષાર્થહીન છે, નપુંસક છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે પ્રકાર ઘણા આપશે, પણ બધામાં રાગની વિશેષતા છે. વિકારભાવ શુભ કે અશુભ એમાં જેની રુચિ છે અને એમાં જે આશ્રય કરીને પડ્યો છે એ જીવોને અહીંયાં નપુંસક ને હીજડા ને નામર્દ કહ્યા છે. મર્દ અને પુરુષ એને કહ્યા છે કે જે કાંઈ એ શુભ-અશુભભાવથી ભિન્ન પડી પોતાના જ્ઞાનસ્વભાવથી જે આત્માને જાણે, અનુભવે એને મર્દ અને એને પુરુષ કહ્યા છે, પછી ભલે સ્ત્રીનો આત્મા હો. સ્ત્રી તો દેહ છે, આત્મામાં ક્યાં સ્ત્રીપણું છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ બાહ્ય ત્યાગ થોડો ઘણો કરીને માને છેને અમે કાંઈક ચોથે ગુણસ્થાને છીએ ને પાંચમે છીએ. સમજાણું કાંઈ? લૂગડા થોડા ફેરવે...

**શ્રોતા** :- એમ કીધું વ્યવહારે થાય, નિશ્ચયે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય નથી વ્યવહારે. વ્યવહાર હોય કોને? નિશ્ચય હોય એને રાગની મંદતાનો વ્યવહાર હોય. વ્યવહાર એ તો વ્યવહારે તો એકલો નિશ્ચય છે એને તો. આહા..હા..! થોડો ઘણો બાહ્ય ત્યાગ થયો (એટલે જાણે) થઈ ગયા પાંચમા ગુણસ્થાનવાળા. એ બધાઓને કદાચિત્ શુભભાવનો ભાવ થતો હોય તેથી તેને નપુંસક ને હીજડા-પાવૈયા કહ્યા છે. મોક્ષના માર્ગમાં એ પાવૈયાઓ-હીજડા કામ નહિ કરે શકે એમ કહે છે. આહા..હા..! એ તો દાખલો નથી આપતા વિભા જામનો?

જામનગરમાં વિભો જામ રાજા હતા. પછી લશ્કરના માણસો ત્યાં હતા. તે દી તો પગાર સો, પોણો સો તો ઘણા કહેવાતા. હજી તો પહેલાં, પચાસ વર્ષ પહેલાં પચ્ચીસનો પગાર તો ઘણો કહેવાતો, પચાસ. હવે પછી અત્યારે સો ને દોઢસો, બસ્સોની કાંઈ ગણતરી નથી. અત્યારે ભાવ વધી ગયા માલના, અહીં પૈસાની કિંમત ઘટી ગઈ. એથી ઓલા હીજડાઓ રાજાને કહે છે, મહારાજ! આ તમારે પૈસા બહુ ભરવા પડે છે હજારો લશ્કરી માણસના. અમે થોડે પગારે રહેશું અને અમે લશ્કરમાં ભળશું. રાજા કહે, પણ તમારું કામ નહિ, ભાઈ! ઈ કહે, પણ અમને રાખો તો ખરા. રાખ્યા. પહેલાં એવી હતી રીતી-વિધિ કે સાંજે ધણ હોયને ધણ ગાયનું એ બહાર ગયું હોય સવારમાં સાંજે આવે ગામમાં. સાંજે આવે ત્યારે જે રાજાને લડવું હોય એ ધણને પાછું વાળે. ગામમાં ન આવવા દે એટલે સમજવું પડે ઓલા રાજાને કે આ રાજા લડવા આવ્યો છે. જામનગરનું ધણ આવતું હતું. રાજા આવ્યો પાછું વાળ્યું. રાજાને ખબર પડી. ઓલા પાવૈયાને લશ્કરમાં રાખેલા (એને કહે) જાવ, રાજા આવ્યો છે લડવા. ધણને પાછું વાળ્યું છે. ગયા ભાઈ. મોટા ઘોડા, શરીર મોટું, વીર્ય ઝરે નહિ. શરીર મોટું લઠ જેવા દેખાય ઘોડે. ઓલા તો રાજા કહે ઓહોહો..! જબરા બહુ છે. માણસ લશ્કરના બહુ જબરા માણસ છે. બિચારા ભાગ્યા. એમાં કોઈ એને ઉતરવાનું (થયું). નદીનો ભેળો આવ્યોને ભેળો? એમાં કાંઈક એ ભાષા એની નપુંસકની બોલ્યા. એય.. અદા એમ કાંઈક બોલ્યા એની ભાષામાં. ઓલા સમજ્યા કે આ તો હીજડા છે. આહા..હા..! પાવૈયાઓ સામા. રાજા એકદમ પાછો વળીને ઓલાને હાંક્યા. .. વિભાને કહે વિભા તારા ખીચડા ખાઈને ગીતડા ગાઈએ. તમને કહ્યું નહોતું હીજડાઓ? લશ્કરમાં તમારું કામ નહિ ... સમજાણું કાંઈ? આહા..હા..!

એમ અહીંયાં શુભભાવમાં ધર્મ માનનારા અને મનાવનારા હીજડાઓ કહે કે અમે મોક્ષના માર્ગમાં છીએ.

**શ્રોતા :-** એ લડાઈમાં કામ ન આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ન કામ આવે બાપા તારા. આહાહા..! સમજાણું કાંઈ? આત્મરાજાને જેને વશ કરવો છે એ શુભભાવે વશ નહિ થાય. આહા..હા..! એ શુભભાવ ચાહે તો ભગવાનની ભક્તિ હો, ચાહે બાર વ્રત અને પંચમહાવ્રતનો રાગ હો, એ રાગ વડે આત્મા નહિ જણાય. રાગ તો આત્માના સ્વભાવને ઘાયલ કરે છે. ઘાયલ કરે એનાથી આત્માને લાભ થાય નહિ. આહા..હા..!

એથી અહીં કહે છે. એ શબ્દ અહીં વાપર્યો છે અને ૧૫૪માં વાપર્યો છે. ૧૫૪ પુણ્ય-પાપ અધિકારમાં. મહારાજ! સામાયિકની પ્રતિજ્ઞા કરી અને અશુભભાવ કદાચિત્ ટાળે છે સ્થૂળ સંક્લેશ પરિણામ, પણ સ્થૂળ જે વિશુદ્ધ પરિણામ છે તેને નપુંસકપણે છોડતા નથી અને તે છોડતા નથી તેથી તેને સમ્યગ્દર્શન થતું નથી, સમ્યગ્દર્શન થતું નથી તેથી તેને સામાયિક

હોતી નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. એ શુભ ને '**क्लीव**' (કહ્યા છે). ત્યાં પણ '**क्लीव**' શબ્દ વાપર્યો છે. ૧૫૪. સામાયિક અને પ્રતિક્રમણ કરે છે. વીતરાગભાવમાં આવ્યો અને અશુભભાવને છોડે અને શુભભાવમાં રહે. શુદ્ધતાની તો ખબર નથી અને શુભભાવમાં રહીને એમ માને કે મારે સામાયિક થઈ આ. આ બધું અત્યારે સંપ્રદાયમાં એ જ ચાલે છેને? સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે, થઈ ગયો ધર્મ એને. ધૂળેય નથી, સાંભળને! અંદર રાગની મંદતા હોય તો પુણ્ય છે, પવિત્રતાને રોકનાર છે, પવિત્રતામાં ઘાયલ થાય છે અને એ પવિત્રતા પ્રગટે છે એમ માને છે... સમજાણું કાંઈ? એ હીજડાઓ છે. આહા..હા..! ગજબ છે. મુનિ થાય, પંચમહાવ્રત ધારણ કરે, નગ્ન થઈને જંગલમાં વસે, બાળ બ્રહ્મચારી હોય, જિંદગીમાં સ્ત્રીનું સેવન કરે નહિ એવો જીવ પણ પંચમહાવ્રતના વિકલ્પમાં રોકાઈને આ મને ધર્મ છે અને આ મને ધર્મનું સાધન છે એમ માનીને એ હીજડાઓ શુદ્ધભાવમાં આવી શકતા નથી. આવી વાત છે. ભારે વાતું આકરી. આહા..હા..! પ્રવિણભાઈ! સમજાણું કાંઈ?

ધર્મની પ્રજા જે છે એ તો શુદ્ધ છે. કેમકે ભગવાન પોતે આત્મા શુદ્ધ પવિત્રસ્વરૂપ છે અને પવિત્રના અવલંબે આશ્રયે પવિત્રતા જ એને પ્રગટે અને પવિત્રતા પ્રગટે તે ધર્મ છે. એને વીર્યની.. છેને ૪૭ શક્તિ? ૪૭ શક્તિમાં વીર્યશક્તિ લીધી છેને વીર્ય? એ વીર્યનું સ્વરૂપ શું? કે જે સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. આવી વાણી છે. જે સ્વરૂપની રચના ન કરતાં એ દયા, દાન, વ્રત, ભક્તિના કરુણાભાવના શુભને રચે એને અહીં નપુંસક કહ્યા, એ વીર્ય નહિ, એ આત્મબળ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. શુભભાવ હો, પણ તેની રુચિમાં પડ્યો ત્યાંથી ખસતો નથી. કેમકે વીર્યનું–આત્મબળનું કાર્ય તો શુદ્ધસ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાયને રચે એ આત્મબળનું કાર્ય છે. એ વીતરાગી પર્યાયને ન રચે અને એકલા રાગને અને શુભને રચે એને વીર્ય કહ્યા નથી. એને અહીં નપુંસક કહ્યા છે, વીર્યહીન છે એ. આત્મબળના સ્વભાવથી હીન છે એ. આહા..હા..!

એથી અહીં કહ્યું કે ભગવાન આત્મા તો જ્ઞાન અને સમ્યગ્દર્શન દ્વારા જણાય એવી ચીજ છે. શુદ્ધતાના પવિત્રના પરિણામથી પવિત્ર છે તે જણાય એવો છે. સમજાણું કાંઈ? એટલે? શુદ્ધ જ્ઞાન-પરિણામ જે નિર્મળ એનાથી એ જણાય એવો આત્મા છે. કેમકે જ્ઞાન અને શુદ્ધતા એનો સ્વભાવ છે તો પરિણમનમાં પણ જ્ઞાનની શુદ્ધતાના પરિણમનથી તે જણાય એવો છે. આહા..હા..! એવું ન જાણતાં નપુંસકપણે-વીર્યહીનપણે હીજડાઓ-પાવૈયાઓ.. આહા..હા..! એ અમારા લશ્કર મોક્ષના માર્ગમાં નહિ આવી શકે આ હીજડાઓ, કહે છે. સમજાણું કાંઈ? સેવા કરો એમાં આત્માને લાભ થાય એમ માનનારા અને કહેનારાઓ બધા વીર્યગુણને જાણતા નથી એટલે આત્માને જાણતા નથી. એય..! ગિરધરભાઈ!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એનો અર્થ થયોને એ. વીર્યગુણને અને ગુણના ધરનારને બેયને એ જાણતો નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્માનું જે વીર્યગુણ-બળ છે તેને અને તેના ગુણના ધરનારને શુભભાવમાં આત્મલાભ માનનારાઓ એ આત્માને જાણતા નથી, એના ગુણને જાણતા નથી એટલે એના વીર્યની શક્તિ કેવડી છે એને પણ જાણતા નથી. આહા..હા..! આત્મામાં જેમ જ્ઞાનશક્તિ છે. શક્તિ એટલે સામર્થ્ય. એવું એક બળ સામર્થ્ય છે. જ્ઞાનમાં પણ બળ છે. જ્ઞાનમાં બળ છે, જ્ઞાનમાં અસ્તિત્વ છે, જ્ઞાનમાં વસ્તુત્વ છે, જ્ઞાનમાં કર્તાપણું છે, જ્ઞાનમાં કર્મપણું છે. એવું જ્ઞાનના પર્યાયસ્વભાવમાં છે. આહા..હા..! પણ એવું ન જાણતા એકલા શુભભાવ આદિ... કહેશે ઘણા બોલો. બધાની સામાન્યપણે અહીં વાત કરી છે. આહા..હા..!

જેમાં ભગવાન આત્માનું બળ પડ્યું છે એ બળનો ધરનાર ભગવાન બળવાન છે. આહા..! 'તું હી આધાર..' નથી આવતું? ભક્તિમાં ગાય છે. આધાર. 'તુંહી આધાર, તુમ્હી બળવાન, તુમ ભગવાન...' ભજનમાં આવે છે. કાલે ગાયું હતું. 'તું હી હો આધાર એક તું હી...' ભજન આવે છેને આપણે આમાં? સ્તવન મંજરી. એમાં છે એ. આહા..હા..! 'તું હી પ્રભુ એક બળવાન છે.' એટલે? ભગવાન આત્મા એના બળગુણને ફોરવીને પોતે જેને નિર્મળતા પ્રગટ થઈ છે એને બળવાન કહેવામાં આવે છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવના બળના પુરુષાર્થે પ્રગટ થયું છે. આહા..હા..! એ વ્યવહારરત્નત્રય હોય માટે થાય છે એમ પણ નથી. એ આવે છે ઘણું. આમાં પણ આવશે આગળ. પરમાત્મપ્રકાશમાં. વ્યવહાર સાધન છે. ટીકામાં નથી. નીચે નાખે છે. દ્રવ્યસંગ્રહમાં તો ટીકામાં પણ છે બધું. વ્યવહાર સાધન છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

નિશ્ચય સ્વરૂપનું સાધન જેણે કર્યું છે. કેમકે સાધન નામનો આત્મામાં એક ગુણ છે. કરણ નામનો એક પ્રભુ આત્મામાં શક્તિ છે. જેમ વીર્યશક્તિ એમ જ્ઞાનશક્તિ. શક્તિ એટલે સામર્થ્ય. એવો એક કરણ નામનો ગુણ એનું સામર્થ્ય છે. એ સાધન નામનો ગુણ છે તેનો આશ્રય કરીને જે સાધન પર્યાયમાં પ્રગટ થાય તે તો નિર્મળ પર્યાય પ્રગટે એ સાધન ગુણનું કાર્ય છે. સમજાણું કાંઈ? આ તો આવો ઉપદેશ એવો .. છે. અલક-મલકની વાત નથી, આ તો અગમ્યગમ્યની વાત છે, આગમગમ્યની. સમજાણું કાંઈ?

કહે છે, એવા '**નપુંસકપણે અત્યંત વિમૂઢ...**' અત્યંત વિમૂઢ '**થયા થકા...**' આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ તે મારું કર્તવ્ય છે અને તેનાથી મને લાભ છે એવા નપુંસકો અત્યંત વિમૂઢ થયા થકા.. આહા..હા..! કરુણાની ભાષા છે હોં એ. '**અત્યંત વિમૂઢ થયા થકા, તાત્ત્વિક આત્માને નહિ જાણતા...**' ખરેખર પરમાર્થભૂત ભગવાન એ શુભભાવથી પાર છે, જેમાં શુભભાવ નથી, જેમાં શુદ્ધતા ભરી છે એવો જે પરમાર્થતત્ત્વ શુદ્ધતા એને એવો શુદ્ધ આત્માને નહિ જાણતા. '**એવા ઘણા અજ્ઞાની જનો...**' ઘણા

અજ્ઞાની જનો. આહા..હા..! ગૃહસ્થ હોય, સાધુ હોય, દિગંબર મુનિ હોય એ બધા અજ્ઞાનીઓ.. આહા..હા..! '**બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે,...**' એ રાગને, અધ્યવસાનને, વિભાવને, આત્માને લાભ થાય એમ કહે છે એ બધા અત્યંત વિમૂઢ–નપુંસક છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ નિસરણી છે. અશુભથી છૂટે અને શુભમાં આવે અને પછી શુદ્ધમાં જવાય, એમ કહે છે. નિસરણી કેવી? રાગથી વીતરાગપણામાં જવાય? રાગની દશા પર તરફ છે. રાગની દશાની દિશા પર તરફ છે અને વીતરાગ પરિણામની દશા એની દિશા સ્વ તરફ છે. સમજાણું કાંઈ? એ હવે આમ જોવે તો એને આમ જવાનું થાય. એનો અર્થ શું? છતાં એવું આવે ખરું. દ્રવ્યસંગ્રહમાં આવે, તત્ત્વજ્ઞાન તરંગણીમાં આવે, પરમાત્મપ્રકાશમાં આવે. અર્થમાં આવશે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આહા..હા..!

તેથી આ શ્રીમદ્નું નાખે છેને? 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા' ક્યા સાધન? રાગની મંદતાના—ગુરુનો વિનય, બહુમાન, શાસ્ત્ર ભણતર આદિ. એને ત્યાં... પછી એનો દાખલો લઈને કીધુંને હમણા ભાઈએ? ચીમન ચકુ. ધર્મને ઊંધે રસ્તે દોરે છે એમના માનનારા કેટલાક મને મોટા તરીકે માને છે અને મને ખેદ થાય છે કે એને દુઃખ લાગશે, પણ સત્ય કહ્યા વિના ચાલે એવું નથી. એમ કહીને લખ્યું છે. કાલે આવ્યું હતું. જૈનપ્રકાશમાં આવ્યું છે. એનું પાછું ફરીને આવ્યું છે. ઓહો..! ચીમનભાઈ! તમે હિંમતથી કામ લીધું. અભિનંદન છે તમને. ભાઈ! જગત લુંટાઈ ગયું છે. હવે જે બુદ્ધને અને મહાવીરને બેયને મોક્ષ માને, એ દાખલો આપે આ. સ્થાનકવાસી સંપ્રદાયમાં નિરનાયકતા. એમ લખ્યું છે બિચારાએ હોં મોઢા આગળ. કોઈ નાયક રહ્યો નહિ. જેને જેમ ઠકી પડે એમ કરે છે સૌ અત્યારે. બહુ આવ્યું છે લખાણ. ઓલા ભાઈ ખીમચંદ વોરા છેને? ..વાળા. કોઈ ધણી ધોરી રહ્યું નથી. જેને ઠીક પડે એમ કરે છે. ઓલો સુશીલકુમાર પ્લેનમાં બેસીને અમેરિકા ગયો. આ અમરચંદજી એના ગુરુ કહે કે મારા શિષ્યની મરવાની તૈયારી થઈ છે. ગુરુનું જ્યાં નામ સાંભળ્યું અમરચંદજીએ ઊભો થયો. કોઈપણ સ્થાનમાં અત્યારે જાવ. એટલે રેલમાં બેઠા. આ તે કાંઈ.. નિશ્ચય તો છે નહિ અને વ્યવહારના પણ ઠેકાણા નહિ. પણ એને વ્યવહાર હોય છે. આહા..હા..! ઝીણી વાતું ભારે ભાઈ! એવા એવા બોલ નાખ્યા છે નિરનાયક અને સાધુ થઈને સંસ્થાના અધિપતિ થાય છે, પાઠશાળાના ઓલા થાય છે, એને માટે પૈસા ખાનગી ઉઘરાવવાનું કહે. આ બધું સાધુના ... શોભે છે? એમ ખુબ લખ્યું ખુબ. પડે છે અત્યારે.. આ જુઓ અમરચંદજી બધામાં પડે છે જુઓને ત્યાં. ચિકિત્સાલય કરો, ફલાણું કરો, અત્યારે વીરાયતન બનાવો. આહા..હા..! આવા ને આવા. સાધુ તો છે નહિ, પણ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. આહા..હા..!

**શ્રોતા :–** ગૃહીતમિથ્યાદષ્ટિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગૃહીતમિથ્યાદષ્ટિ છે. આકરું છે. એ આજ વાત આવી હતી એ આકરી છે. ભાઈ લાલંચદભાઈ. વાંકાનેર નહિ? લાલચંદ વકીલ. વિશાશ્રિમાળીમાં અગ્રેસર હતા.

વાંકાનેર. લાલચંદભાઈ. આના વેવાઈ થાયને? ફૂલચંદભાઈને નહિ? ફૂલચંદભાઈના વેવાઈ થાયને? એના દીકરા વેરે એની દીકરી. ઓલો મરી ગયો એ. બહુ વિશાશ્રિમાળીમાં અગ્રેસર હતા. પછી અહીં આવીને અહીંની બધી વાત સાંભળી ને બેઠી. એમાં ગામમાં દેરાવાસી સાધુ આવ્યા. એટલે એ લોકો તો ભક્તિ બહુ કરે સાધુની. મૂર્તિની ભક્તિ ખરીને એટલે ગુરુની પણ ભક્તિ કરે. ગમે તેવા હોય બહુ ભક્તિ કરે. લાલચંદભાઈ પાસે આવ્યા. ભાઈ! આવોને કોઈક મહારાજ આવ્યા છે. કાંઈક પ્રશ્ન... ભાઈ! લાલચંદભાઈ કહે છે, હું તો મુસલમાનને અને શ્વેતાંબરને એકસરખા માનું છું. છેને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે બધાય. આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. ..ભાઈ! વાંચ્યું છે કે નહિ? અન્યમતિમાં નાખ્યા છે બધાને. એ સ્થાનકવાસી હો કે શ્વેતાંબર બધા, જેવા મુસલમાન છે એવા એ. ભલે ફેર હોય પણ ગૃહીતમિથ્યાત્વ બધા એક જાતના છે. આકરી વાત લાગે ભાઈ, પણ શું થાય? ટોડરમલે તો ચોખ્ખું કરી નાખ્યું છે અને કુંદકુંદાચાર્યે બોધપાહુડમાં, દર્શનપાહુડમાં ચોખ્ખું કર્યું છે. 'નાગે મોકખો ભણિયો..' ઉન્માર્ગ છે બધા. નગ્ન મુનિઓ છે અંદરમાં ને બાહ્યમાં એને મોક્ષમાર્ગ હોય. બાકી બધા ઉન્માર્ગ છે, જૈનમાર્ગ નથી, એમ કુંદકુંદાચાર્યે પોકાર કર્યો છે. આહા..હા..! છેને? મોક્ષમાર્ગપ્રકાશક નહિ? પાંચમા અધ્યાયમાં. અન્યમતિમાં નાખ્યા છે. ભલે ફેર હોય અંદર પણ મિથ્યાત્વ છે ગૃહીત એ બધાને સરખું. આહા..હા..! ઓલો તો કહેવા આવ્યો હતો. ભાઈ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ છે એ આ શ્વેતાંબર અને સ્થાનકવાસીથી ભિન્ન જાત છે. સમજાણું કાંઈ? એય..! તારા બાપ પણ ત્યાં હતાને દાદા નહિ? અગ્રેસર હતા. આ તો એક વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..!

જેણે મલ્લિનાથ ત્રણલોકના નાથ તીર્થંકરને સ્ત્રી ઠરાવ્યા. અરે..! ગજબ કર્યો છેને! કરનારો કેવો પણ! અરે..! મહામિથ્યાદૃષ્ટિ. ભગવાન ત્રણલોકના નાથને... એ ત્રણલોકના નાથ મહાવીરને બે બાપ. સાંભળ્યા જાય નહિ એવી વાતું એ શાસ્ત્રમાં ભગવાનને નામે ચડાવી દીધી. આહા..હા..! અને દ્રુપદી જેવી સતિ પતિવ્રતા એને પાંચ પતિ ઠરાવ્યા. ગજબ કર્યો છેને! એય.. જયંતિભાઈ! અરે..! સતિ મહા, જેને ધર્મરાજા અને ભીમ તો પિતા તુલ્ય છે, સહદેવ અને નકુલ તો તેને પુત્ર તુલ્ય છે, એક અર્જૂન પતિ છે એવી તો મહાસતિ, એને ભગવાનને નામે પાંચ પતિ ઠરાવ્યા. આ ગજબ કર્યો છેને કામ! એ શાસ્ત્ર કહેવાય? આહા..હા..! સમજાણું કાંઈ? એ શાસ્ત્ર રચનારો નપુંસક છે એમ કહે છે. આહા..હા..! એય..! જેણે આવા ઊંધા માર્યા ઊંધા ભાવે અને શુભભાવમાં ધર્મ મનાવ્યો. આહા..હા..!

સાધુને આહાર આપે મિથ્યાદૃષ્ટિ તો સંસાર ઘટી જાય. પરિત થઈ જાય. કાળા કેર કર્યા છેને. સમજાણું? એવા દસ અધિકાર છે વિપાકસૂત્રમાં. આહા..હા..! અરે..! ઓલા હાથીના ભવમાં મેઘકુમાર. દયા પાળવામાં સસલાની દયા પાળી (તો) પરિત સંસાર (કર્યો). કાળાકેર કરી નાખ્યા છેને. જૈનમાર્ગને આખો ઉથલાવી નાખ્યો છે. એય..! જયંતિભાઈ! અહીં તો

ઓલા નપુંસક (કહ્યા). આવી વાત છે, ભાઈ! એય.. શાંતિભાઈ! આહા..હા..!

અરે..! '**તાત્ત્વિક આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે,...**' આહા..હા..! '**બકે છે.**' એ મૂળ પાઠ તો 'प्रलपन्ति' છેને? 'प्रलपन्ति' વિશેષે બોલે છે, બકે છે. આહા..હા..! '**કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન (અર્થાત્ મિથ્યા-અભિપ્રાયસહિત વિભાવપરિણામ) તે જ જીવ છે...**' પુણ્યનો ભાવ તે ધર્મ છે એવો જે મિથ્યા-અભિપ્રાય, આહા..હા..! એ વડે જે અધ્યવસાય મેલો છે. '**તે જ જીવ છે...**' અથવા એ જીવને લાભદાયક છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ નપુંસક છે. આવી વાતું છે, ભાઈ! જાધવજીભાઈ! એ તો વળી એટલા ભાગ્યશાળી કે આમ ફરીને વયા આવ્યા. પહેલાં તો ઓઘે-ઓઘે બધા આવ્યા હતા. આહા..હા..! માર્ગ તો આ છે. પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવની આ કહેલી વાત એ સંતો જગતને જાહેર કરે છે.

મિથ્યા અભિપ્રાય. આહા..હા..! સ્ત્રીને મોક્ષ થાય, પંચમહાવ્રત પરિણામથી નિર્જરા થાય, એવું છે ઠાણાંગમાં. ઠાણાંગમાં એવું છે, પંચમહાવ્રતને નિર્જરા (કહે છે). ત્યારે ઓલી લીલાવતી કહે છેને કે અમારા શાસ્ત્રમાં નિર્જરા કહ્યું છે. દિગંબરના શાસ્ત્રમાં ભલે એમ કહ્યું. અરે..! ભગવાન! મારી નાખશે, બાપા! ત્યાં સિફારશ નહિ કામ આવે ત્યાં. આહાહા..! સત્ય વસ્તુ જે ભગવાન આત્મા એકલો આનંદ અને જ્ઞાનનો દરિયો પ્રભુ, એની પરિણતિ શુદ્ધ હોય એ શુદ્ધથી આત્મા જણાય અને શુદ્ધની પરિણતિથી આત્માને મોક્ષના માર્ગનો લાભ થાય. એને ઠેકાણે વિપરીત અભિપ્રાય. આહા..હા..! સ્ત્રીદેહ હોય ને તીર્થંકર કહેવું એને. ઘણો વિપરીત અભિપ્રાય. અહીં તો સ્ત્રીનો દેહ હોય એને પાંચમું ગુણસ્થાન આવે એવા ભગવાનના વાક્યો છે. સ્ત્રીનો દેહ હોય એને પાંચમું ગુણસ્થાન આવે, છઠ્ઠું ન આવે. પાંચમા સુધી આવે. ત્યારે ઓલો કહે કે સ્ત્રી તીર્થંકર હોય એને કેવળ થાય. એય..! ઉદાર એવા. આહા..હા..! મા જાય નાતરે અને એની સાથે લાડવા ખાવા જાય નાતરામાં. આ એવી ઉદારતા છે એની. સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! મારગડા જુદાં છે, ભાઈ!

આ અજીવ અધિકાર છે. એટલે ખરેખર વિભાવ પરિણામ છે એ અજીવ છે. સમજાણું કાંઈ? વિકાર પરિણામ છે તે જીવ નહિ, એ અજીવ છે. જીવનું જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ એ કાંઈ વિભાવમાં આવતું નથી. આહા..હા..! એય..! શાંતિભાઈ! આ શું અત્યાર સુધી તમે વાંચ્યું હતું બધું? એ વાંચતા હતા શાસ્ત્ર. આહા..હા..!

'**કારણ...**' હવે કારણ આપે છે. અજ્ઞાની કારણ આપે છે. '**જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી...**' કોલસો કાળાપણાથી જુદો હોય? એમ મિથ્યા-અભિપ્રાયથી આત્મા જુદો ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? '**એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.**' જેમ કાળપથી કોલસો જુદો જોવામાં

આવતો નથી, એમ મિથ્યાશ્રદ્ધા—રાગથી લાભ થાય, ભગવાનને બે પિતા... આહા..હા..! એવો જે મિથ્યા-અભિપ્રાય એનાથી આત્મા જુદો નથી અમારે તો, એ મિથ્યા-અભિપ્રાય એ જ આત્મા છે, જેમ કોલસાની કાળપ તે કોલસો છે. દૃષ્ટાંત આપે છે આ. આહા..હા..!

'**એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.**' એક વાત એ. અભિપ્રાય મિથ્યા. આહા..હા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ તીર્થંકરદેવને સ્ત્રી ઠરાવવા, ભગવાનને બે પિતા ઠરાવવા.. ઓહો..! તીવ્ર મિથ્યાત્વનો ભાવ. સમજાણું કાંઈ? એ મિથ્યા અભિપ્રાય છે એ સત્ય છે એમ બતાવીને આત્માને લાભ થાય એમ બતાવે છે. આહા..હા..!

'**કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ...**' એટલે? અનાદિથી રાગની ક્રિયા-કર્મરૂપ રાગ અનાદિની છે અને ભવિષ્યમાં પણ એ રાગની ક્રિયા રહેવાની. આહા..હા..! એ રાગ છે એ વિકારીનો અવયવ છે. એ કર્મનો જ અવયવ છે. એ કર્મ તે '**અનાદિ જેનો પૂર્વ અવયવ છે...**' એ કર્મ હોં. રાગ ને કર્મ જડ. '**અનંત જેનો ભવિષ્યનો અવયવ...**' ભવિષ્યમાં પણ કર્મ... કર્મ... કર્મ... રાગની ક્રિયા.. રાગની ક્રિયા.. રાગની ક્રિયા.. અનંતકાળ રહેશે. '**એવી જે એક સંસરણરૂપ ક્રિયા...**' આહા..હા..! એટલે? શુદ્ધ સ્વરૂપથી ખસીને કર્મરૂપી ક્રિયા-રાગની ક્રિયામાં જે રહ્યો છે, છે અને રહેશે, તે આત્મા છે એમ માને છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ! આવી ઝીણી વાત છે. આહા..હા..! આવું ચોખ્ખું તો આ વખતે વ્યાખ્યાનમાં અપાય છે હોં. આવું આપ્યું નથી. માણસ બહુ પણ ઝઘડા ઊઠાવેને. આહા..હા..! તે ક્રિયા રાગની ક્રિયા એ કર્મ જડનું. જડને નિમિત્તે ક્રિયા થાય છેને રાગની, એના સંગે. એ ક્રિયા છે અને ભવિષ્યમાં અનંતકાળ રહેશે, અનાદિની છેને અનંતકાળ રહેશે. એનાથી જીવ જુદો છે એવું કાંઈ છે નહિ. આહા..હા..! '**તે જ જીવ છે કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' આહા..હા..! એ રાગને અને કર્મને દેખનારા કર્મને રાગથી ભિન્ન જુદો દેખતા નથી. એટલે એ કહે કે જુદો દેખવામાં આવતો નથી માટે કર્મ એ જ આત્મા છે. આહા..હા..!

આમ નથી કહેતા? કે 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' પહેલી સ્તુતિ બોલે એમાં બોલે છે સ્થાનકવાસીમાં, નહિ? 'કર્મે રાજા કર્મે રંક...' એ અઘાતિની વાત થઈ. પછી 'કર્મે વાળ્યો આડો અંક...' એ ઘાતિની વાત છે. આહા..હા..! એ બધું અજ્ઞાન છે. કર્મ તો જડ છે અને એના સંગે થતી ક્રિયા પણ વિકારી જડ છે. આહા..હા..! એ જડની ક્રિયાનું ત્રિકાળી સ્વરૂપમાંથી સંસરણ નામ ખસી જઈને.. પ્રવચનસારમાં છેને સંસરણ ઈતિ સંસાર. એ ખસી ગયો છે. સ્વરૂપ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ એમાંથી ખસીને એ રાગની એટલે કર્મની ક્રિયા છે એને જ આત્મા માને છે એ મૂઢ નપુંસક છે. આહા..હા..! આવું સાંભળવું મળવું મુશ્કેલ પડે. જૈનમાં કર્મ, અન્યમાં ઈશ્વર. જૈનમાં કર્મ એટલે જડ. આહા..હા..! એ

અહીં જૂઠી વાત કરે છે. કર્મને લઈને રખડે છે અને કર્મની ક્રિયા તે આત્માની ક્રિયા છે એ માનનારાઓ મૂઢ અત્યંત વિમૂઢ નપુંસક છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે થયા.

'કોઈ કહે છે કે **તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની જે સંતતિ તે જ જીવ છે...**' એટલે શું કહે છે? રાગ મંદ ને તીવ્ર, મંદ ને તીવ્ર થાય એ આત્મા. બહુ તો તીવ્રમાંથી મંદ થાય અને મંદમાંથી તીવ્ર, પણ મંદનો અભાવ થાય એવું સ્વરૂપ છે નહિ. આહા..હા..! તીવ્ર એટલે તીવ્ર અશુભ, મંદ શુભ. અનુભવ એનું વેદન ભેદરૂપ. શુભ અને અશુભનું તીવ્ર-મંદ ભેદરૂપ. દુરંત જેનો અંત. પુણ્ય-પાપના તીવ્ર-મંદથી અંત લાવવો એ છે નહિ. એ જ પોતે વસ્તુ છે એટલી. આહા..હા..! '**દુરંત (જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં...**' આહા..હા..! '**અધ્યવસાનોની જે સંતતિ (પરિપાટી)...**' રાગની એકતાબુદ્ધિની પરિપાટી અનાદિની છે, આહા..હા..! તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી. માટે એ તો રાગની સંતતિ જે છે અનાદિ પરંપરા એ આત્મા. રાગથી રહિત થઈ શકે એવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! ઘણા એમ કહે છેને કે ભાઈ મોક્ષ થાય પણ પાછળ જ્યારે અહીં જીવ બધા ખૂટી જાય ત્યારે મોક્ષમાંથી પાછા લાવે.

**શ્રોતા :-** ભગવાનને ફિકર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફિકર-ચિંતા થાય. ઓલામાં નાખ્યું છે. સમજાણું? આહાહા..! આવા ગપે ગપ. ચણ્યા શેકેલા એ ફરીને ઉગતા હશે? એમ જેણે રાગ-દ્વેષ અને અજ્ઞાન નાશ કર્યો અને પરમાનંદદશા પ્રગટ થઈ એને ફરીને ભવ હોય? ભવમાં નાખે કોણ એને? આહા..હા..! જેને શુભભાવનો નિષેધ થયો અંદરમાંથી એ શુભભાવ પણ જ્યાં કર્તાપણે ન કરે એને વળી મુક્ત થયા પછી પાછા રાગ કરે અને સંસારમાં આવે, એ અજ્ઞાનીઓની દૃષ્ટિ તદ્દન વિપરીત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**રાગરૂપ રસથી ભરેલાં...**' રાગના પ્રેમરસ. છે રાગનો રસ કલુષિત. એ રાગના રસથી ભરેલી તીવ્ર મંદદશા એ આત્મા. વળી રાગ વિનાનો આત્મા કોઈ દી અનાદિ છે? એમ. જેવો અનાદિ નથી એમ અનંતકાળ રહેશે. એમ અજ્ઞાનીઓ રાગના રસને આત્મા માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ થયા ત્રણ.

હવે શરીરને આત્મા માને છે એ. 'કોઈ કહે કે **નવી ને પુરાણી અવસ્થા...**' આ શરીર યુવાન-નવીન, વૃદ્ધ-જૂનું. પુરાણી એવી અવસ્થા (વિનાનો) કોઈ જીવ દેખવામાં આવતો નથી. '**નવી ને પુરાણી અવસ્થા ઈત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ...**' એટલે શરીર '**તે જ જીવ છે.**' શરીર વિનાનો જીવ બીજો દેખવામાં આવતો નથી. કહે છેને કે ભાઈ! આ આત્મા છે એ દેખવામાં તો આવતો નથી. ભાઈ! દેખવામાં આવતો નથી એ કઈ ભૂમિકામાં નિર્ણય થયો? દેખવામાં આવતો નથી એવો નિર્ણય કોણે કર્યો? એ તો જ્ઞાનને દેખવામાં

આવ્યું. સમજાણું કાંઈ? હું દેખવામાં આવતો નથી એવું જ્ઞાનની ભૂમિકામાં એમ નિર્ણય (કર્યો) તો એ જ અસ્તિત્વ થઈ ગયું, એ જ્ઞાનનું અસ્તિત્વ થયું. આહા..હા..! અરે..! પણ ક્યાં એવા વિચાર કોણ કરે? જે વાડામાં જન્મ્યા એ પ્રમાણે કર્યા કરે. જિંદગી પૂરી થાય ને જાય રખડવા.

શરીર એ આત્મા. એમ કહે છેને કે દારૂની ઉત્પત્તિ કેમ થાય? કે ઘણા દ્રાક્ષાદિ ભેગું થાય ત્યારે દારૂની ઉત્પત્તિ થાય, એમ ઘણા પરમાણુ ભેગા થાય અને શરીર થાય. એમ શરીરમાં આત્મા છે. એ શરીર પોતે આત્મા છે. શરીરના નાશે નાશ આત્માનો, શરીરની ઉત્પત્તિએ ઉત્પન્ન. આત્મા વળી શરીરથી જુદો એવું તો અમને દેખાતું નથી. જોયું નથી તો દેખાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને આપણે ધારીએ એ પ્રમાણે શરીરમાં ક્રિયા થાય. લ્યો, શરીરની ક્રિયા આત્માની ન હોય તો આત્મા એની ક્રિયા કેમ એ રીતે કરે? બરાબર રોટલો.. રોટલી કાચી હોય તો એક ટૂકડો કાપે, વળી મગની દાળમાં બોળીને.. એ બધી ક્રિયા શરીરની જીવને અનુસારે થાય છે કે નહિ? ખોટી વાત છે એમ કહે છે. એ એમ કહે છે, શરીરને અનુસારે થાય એ જીવ. શરીરને અનુસારે જે ધારે છે એ પ્રમાણે થાય છે તો શરીર અને જીવ એક છે. આહા..હા..! નહિ?

મસાલો હોય, દાળ હોય, ભીંડાનું શાક હોય, રોટલી હોય ઘી ચોપડેલી. બટકું કરીને બરાબર તે રીતે બટકું થાય અને આમ લેવાય. એ પ્રમાણે થાય છે. એ થાતો નથી, ભાઈ! તને ખબર નથી. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો છે કે મુંઝાઈ ગયો છે એ. સમજાણું? અરે..! રહી ગયો.. દેહ છૂટી જાય. ખાતા-ખાતા દેહ છૂટી જાય. એટલે 'કોઈ કહે છે કે...' શરીરની 'નવી ને પુરાણી અવસ્થા...' એ આત્મા. વળી બીજો આત્મા કોઈ છે નહિ. એનો વિશેષ દાખલો આપશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## જેઠ સુદ-૧૦, સોમવાર, તા. ૦૭-૦૬-૧૯૭૬, ગાથા-૩૯ થી ૪૪, પ્રવચન નં. ૮૮

જીવ-અજીવ અધિકાર, ૩૯ થી ૪૩ ગાથા છે. અહીં જીવને જ્ઞાયકસ્વભાવ તરફનું જેને લક્ષ નથી તેને પર્યાયબુદ્ધિમાં જે જણાય એટલો એ જીવને માને છે. એ ચાર બોલ ચાલ્યા છે. શરીરને જ જીવ માને છે. કેમકે શરીરનો સંગ હોય ત્યાં સુધી જીવ છે. શરીર છૂટ્યું એટલે...

'**કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો...**' એટલે કે આખા લોકમાં પુણ્ય-પાપનું કરવું એવું દેખાય છે. '**જે કર્મનો વિપાક તે જ જીવ છે...**' પુણ્ય-પાપનો કર્મનો વિપાક... એ કર્તાપણાની વાત છે. એ જીવ. '**કારણ કે શુભાશુભભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' શુભ અને અશુભભાવ એનાથી ભિન્ન-જુદો જોવામાં આવતો નથી. એ જુદો જોવામાં આવતો નથી એ જ જ્ઞાનનો નિર્ણય છે, પણ એને જ્ઞાન ઉપર દૃષ્ટિ નથી. આહા..હા..! પુણ્ય-પાપ કર્તાની વ્યાખ્યા છે. શુભાશુભભાવ કર્તા થઈને કરીએ છીએ એનાથી ભિન્ન આત્મા એ કાંઈ દેખાતો નથી. માટે શુભ-અશુભભાવ કર્મનો વિપાક એ જ જીવ છે, એવો બીજો જીવ દેખાતો નથી. એમ માને છેને ઘણા. પાંચ બોલ થયા.

છઠ્ઠો ભોક્તાનો છે. '**કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર-મંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો...**' શાતા અને અશાતા, તીવ્ર અને મંદ. શાતામાં મંદ છે, અશાતામાં તીવ્ર છે, એ-રૂપ ભેદરૂપ કર્મનો અનુભવ તે જીવ છે. શાતાના અનુભવમાં સુખનું વેદન દેખાય છે, અશાતામાં દુઃખ (વેદન દેખાય છે), પણ એ સુખ-દુઃખનું વેદન એ જ જીવ છે. સમજાણું કાંઈ? છેને ઈ? '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર-મંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે જ જીવ છે કારણ કે સુખ-દુઃખથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.**' સુખ-દુઃખની કલ્પના જે થાય છે, શાતાના ઉદયમાં સુખ અને અશાતાના ઉદયમાં દુઃખ, એ સિવાય બીજી ચીજ છે એમ અજ્ઞાની માનતો નથી. કેમકે પર્યાય ઉપર બુદ્ધિ છે અને પર્યાયથી ભિન્ન ચૈતન્યમૂર્તિ છે એવી વસ્તુના સ્વભાવની દૃષ્ટિ ગઈ નથી, તેથી તેનું અસ્તિત્વ એ માનતો નથી. પહેલો પાંચમો કર્તાનો હતો. શુભાશુભનું કરવું એ જ ચીજ દેખાય છે. બીજી કોઈ શુદ્ધ ચીજ છે ભિન્ન એમ જણાતી નથી. આમાં સુખ-દુઃખની કલ્પના, શાતા-અશાતાનું વેદવું એ સિવાય વળી કોઈ શુદ્ધ વેદન એવું કાંઈ જણાતું નથી. એમ અજ્ઞાની પર્યાયબુદ્ધિવાળા દ્રવ્યની જેની શક્તિવંત-તત્ત્વ છે એની દૃષ્ટિનો જ્યાં અભાવ છે એ રીતે, આ રીતે માને છે.

સાતમો. '**કોઈ કહે છે કે શિખંડની જેમ ઊભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' આ કર્મરહિત થાય આત્મા એવું તો કાંઈ દેખાતું નથી. આહા..હા..! વસ્તુ કર્મરહિત જ છે, પણ એ વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો ને. ખરેખર જ્યાં પર્યાયમાં ના પાડે છે કે આ જીવ નથી, નથી, એ જ પર્યાયમાં જીવ જણાય છે ખરેખર. આહા...! જ્ઞાનની એક સમયની જે પ્રગટ-વ્યક્ત અવસ્થા.. વસ્તુને અવ્યક્ત કીધી છેને? એ અવ્યક્ત એટલે પર્યાય પ્રગટ છે તેમાં એ વસ્તુ નથી, એમ. એમાં એ વસ્તુ નથી એટલે? ચીજ એ પર્યાયમાં આવતી નથી, પણ પર્યાયમાં એનું જ્ઞાન આવે છે, આહા..હા..!

પર્યાય જ્ઞાનની છે એમાં જ્ઞાયક ચૈતન્ય એ જ્ઞાનમાં આવે છે, એ સ્વપરપ્રકાશનો સ્વભાવ હોવાથી એ જ આવે છે, પણ એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર નથી. પર્યાય ઉપર બુદ્ધિને લઈને એ પુણ્ય-પાપનું કરવું એ જીવ અને એનું શાતા-અશાતા, સુખ-દુઃખ (નું વેદન થાય) એ જીવ. વળી આનંદનો ભોકતા બીજો છે અને શુદ્ધનો કર્તા ચીજ બીજી છે એ અજ્ઞાનીને બેસતું નથી. આહા..હા..! એ હજી નિર્ણય કરવાનો વખત ક્યાં છે? કે આ નથી... નથી.. આત્મા આવો, પણ એ નિર્ણય કરે તો એને ખબર પડે કે આ નથી કરનારો અસ્તિ છે. એ જ્ઞાનમાં નિર્ણય કરે છે કે પુણ્ય-પાપના ભાવમાં? એ સુખ-દુઃખની કલ્પના છે એમાં નિર્ણય કરે છે આ? સુખ-દુઃખની કલ્પના તો અચેતન છે અને શુભ-અશુભભાવ અચેતન છે. એનાથી જુદો નથી એવો નિર્ણય કોણ કરે છે? અચેતન કરે? આહા..હા..!

સાતમું કહે છે કે બે ભેગા થઈને. આત્મા અને કર્મ બે ભેગા થઈને છે. વળી જુદાં પડે અને આત્મા એકલો રહે એવું તો આમાં કાંઈ દેખાતું નથી. આહા..હા..! શિખંડની પેઠે કીધુંને? '**આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' આહા..હા..! એ સાતમો બોલ થયો. આમ તો નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે શાસ્ત્રની વાતો ધારણામાં હતી કે શુભાશુભભાવથી જુદો છે, સુખ-દુઃખની કલ્પનાથી પણ જુદો છે. શાસ્ત્ર વાંચ્યા હતા કે નહિ? પણ એ વાંચ્યા હતા એમાં ધારણામાં એ વાત હતી. વસ્તુની દૃષ્ટિ કર્યા વિના ધારણામાં એ હતું. આહા..હા..! અગિયાર અંગ ભણ્યો તો એમાં આ વાત નહિ આવી હોય? એ એમ કહે કે શુભાશુભભાવથી ભિન્ન છે, પણ શુભાશુભભાવથી ભિન્ન કરતો નથી. સમજાણું કાંઈ? આહા...!

સુખ-દુઃખનું વેદન જે છે એ વિકારી વેદન છે, એનાથી આત્મા ભિન્ન છે, એમ એણે ધારણા તો કરી હતી. સમજાણું કાંઈ? પણ અંદર ભગવાન આત્મા આનંદસ્વરૂપ ત્યાં એની દૃષ્ટિ ગઈ નહોતી. ધારણામાં-જ્ઞાનની પર્યાયમાં ધાર્યું કે આ આ શુભાશુભભાવનો કર્તા નથી. નવમી ગ્રૈવેયક ગયો, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો એમાં આ વાત નહોતી આવી? પણ અહીં તો સ્થૂળરૂપે આવી માન્યતા છે એની અંદર ખરેખર તો આ માન્યતા છે. ભલે ધારણામાં એમ કર્યું હોય એણે કે શુભ-અશુભભાવ એનું કરવાપણું વસ્તુમાં નથી, વસ્તુ તો જ્ઞાયક છે, એમ ધારણા તો હતી, પણ ધારણા એક સમયની પર્યાયમાં હતી. એ ધારણામાં પુણ્ય-પાપથી રહિત, સુખ-દુઃખની કલ્પનાથી રહિત એવી એ ધારણામાં હતી, પણ એ બુદ્ધિ પર્યાયબુદ્ધિ હતી. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મ અને આત્મા બે જુદાં છે એમ નવ તત્ત્વ નથી એણે જાણ્યા? નવમી ગ્રૈવેયકે ગયો અનંતવાર, પણ એ જુદાં છે એવા જુદાં કરી શક્યો નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચૈતન્યશક્તિ એવું જે સ્વ-તત્ત્વ એ પુણ્ય-પાપ અને સુખ-દુઃખનું કર્તા (નથી) અને વેદનથી ભિન્ન છે એમ ધાર્યું, ભિન્ન છે એમ કર્યું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દિશાને

ફેરવી નહિ. પર ઉપર જે લક્ષ છે ત્યાં રાખ્યું. રાખીને આ વાત એણે ધારી હતી. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ વસ્તુ ભગવાન આત્મા શક્તિવાન દ્રવ્ય જે છે, જે મૂળ ચીજ છે એનો સ્પર્શ કર્યો નહિ. એટલે? કે તેના સન્મુખ થયો નહિ અને વિમુખ થઈને ધારણા કરી. આહા..હા..! આવી વાતું છે. એટલે કે શાસ્ત્રજ્ઞાનથી પણ એ જણાય નહિ એમ કહે છે. સમજાણું? શાસ્ત્રજ્ઞાનથી આ વાતું એણે નહોતી સાંભળી? પણ એ શાસ્ત્રજ્ઞાન છે એ પરલક્ષી છે. એણે માન્યું હતું કે આ શુભ-અશુભભાવથી રહિત આત્મા (છે) એવી એની ધારણામાં વ્યવહારશ્રદ્ધામાં હતું, પણ વ્યવહારશ્રદ્ધા એટલે અચેતન-શ્રદ્ધામાં હતું.

નવ ગ્રૈવેયક (ગયો) અને નવ પૂર્વ ભણ્યો એમાં બધું ન આવ્યું? પણ જે વસ્તુ ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ એકલો જ્ઞાયકશક્તિ, સત્ત્વ તેનું અંતર માહાત્મ્ય કર્યું નહિ. માહાત્મ્ય કર્યું નહિ, માહાત્મ્ય એને પુણ્ય અને પાપમાં રહી ગયું. ધારણામાં આ કર્યું કે પુણ્ય-પાપરહિત છે. અગિયાર અંગ ભણ્યો એમાં નથી આવ્યું? આહા..હા..! આ તો અલૌકિક વાતું છે, બાપુ! એણે એમ નથી સાંભળ્યું કે આત્માનું વેદન તો શુદ્ધ હોય તે આત્મા છે? પણ એ ધારણામાં કર્યું હતું. સમજાણું કાંઈ? ધારણા પુણ્ય અને પાપના ભાવસહિતની ધારણા. પુણ્ય-પાપના વેદનસહિતની આ ધારણા છે. આહા..હા..! એવી વાત છે.

જ્ઞાયક ચૈતન્યશક્તિ ખરેખર તો એ જ આત્મા છે અને પર્યાય એને ધ્રુવને કબુલે છે કે આ હું છું. એવું વેદન થયા વિના 'આ હું છું' એણે ધાર્યું હતું, આહા..હા..! પણ એ સ્વભાવ ચૈતન્ય નિત્ય આનંદ ધ્રુવ ત્રિકાળી પ્રવાહ. પર્યાયનો પ્રવાહ તો ક્રમસર પ્રવાહ છે એનો ક્રમ, પણ આ છે તે ધ્રુવ પ્રવાહ છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.. પ્રવાહ આવે છે નિયમસારમાં. છેને. પ્રવાહ એટલે? ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એવું પર્યાયે અંતરમાં જઈને, અંતર એટલે સન્મુખ થઈને એમ, અંતરમાં જઈને એટલે કાંઈ ધ્રુવમાં પર્યાય એક થતી નથી. આવી વાતું. વર્તમાન પર્યાય ધ્રુવમાં એક થતી નથી, પણ ધ્રુવ સન્મુખ થાય છે ત્યારે પર્યાયમાં આખું તત્ત્વ પરિપૂર્ણ છે તેનો પ્રતિભાસ થાય છે. ૧૪૪માં આવ્યું હતું. ત્યાં નહોતા આવ્યા. ત્યાં મુંબઈમાં કહ્યું હતું. ૧૪૪ છેને ગાથા?

૧૪૪માં ૨૩૨ પાને છે આમાં. બીજો પેરેગ્રાફ છે. '**આદિ-મધ્ય-અંતરહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય,...**' એ શું કહે છે? પર્યાયમાં અખંડ પ્રતિભાસ પ્રતિભાસતો. અખંડ વસ્તુ આવતી નથી, પણ પર્યાયમાં અખંડ પ્રતિભાસનું જ્ઞાન આવ્યું. છે? ત્યાં વ્યાખ્યા કરી હતી વધારે. ત્યાં સાંભળતા હતા લોકો. સાંભળે. સાંભળે તો ખરા, બાપા! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! શું કહ્યું જોયું? '**નિજ રસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંતરહિત,...**' વસ્તુને આદિ ક્યાં મધ્ય, અંત ક્યાં? છે... છે... છે... ધ્રુવ પ્રવાહ. '**અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય,...**' આહા..હા..! અખંડ

વસ્તુ પર્યાયમાં આવી નથી. સમજાય છે કાંઈ? પણ અખંડ પ્રતિભાસ, પર્યાયમાં અખંડ પ્રતિભાસ થાય છે કે જે **'અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ...'** છે. જોયું! અખંડ પ્રતિભાસ છે એ પરમાત્મારૂપ છે. આહા..હા..! આ તો પરમાત્મપ્રકાશ આવ્યુંને? એ પરમાત્મપ્રકાશ પર્યાયમાં પરમાત્મરૂપ જણાય છે. આહા..હા..! એ પર્યાયમાં પરમાત્મરૂપ જણાય છે આખું, ત્યારે એ પર્યાયમાં પરમાત્મપણું કાર્યપણે પરિણમે છે. આહા..હા..! આવી ચીજ છે, ભાઈ! ૧૪૪ ત્યાં વાંચ્યું હતું. નહિ? મલાડ, મલાડ હતો તું? ઠીક. ભાઈ પણ હતા. મલાડ તો હતા ત્યાં. આહા..હા..! પર્યાય છે એ ખંડ છે, ખરેખર તો એક અંશ છે; પણ એ અંશમાં અંશ એ બાજુ ઢળે છે ત્યારે આખો અખંડ પ્રતિભાસમય પર્યાયમાં વસ્તુ આખી જણાય છે. આહા..હા..!

પર્યાયને જાણે એ તો .. આ તો પર્યાયમાં આ જણાય છે. પર્યાય પર્યાયને જાણે એ તો વળી થયું. એ તો પ્રશ્ન કર્યો હતોને કો'કે? રસિકે કર્યો હતો. આ વીંછીયાના નથી રસિક ધોળકિયા? એ કાંઈ સમજ્યા વિના.. ઓલામાં પ્રવચનસારમાં આવે છે કે ઉત્પન્ન થતી ક્રિયા જ્ઞાનની એને જાણે છે. આવે છેને? એમ કે નટ નાચતો હતો. અહીં નાચીને કેમ .. નાચે છે નાચનારો ભિન્ન છે પણ એવું એમ કે એને ભાન કેમ થાય? ત્યારે કહે છે, એ વખતે પર્યાય ઉત્પન્ન થાય, એ ઉત્પન્ન થાય તે વખતે જ તેને જાણે છે. પર્યાયને હોં! એ છેને પ્રવચનસાર? એ સમજ્યા વિનાનો પ્રશ્ન કર્યો હતો. એ કાંઈ બરાબર ધારણા નહિ. ભાષણ કરે મોટા હો.. હા.. એનો અર્થ શું આમાં છે? કીધું, તમે એ પૂછ્યું એ ભાવ-એ વસ્તુ આમાં નથી. એમ કે આ પર્યાયની ક્રિયા... પર્યાયની ક્રિયા... એમ પૂછ્યું હતું. એ બીજી વાત છે, બાપુ! જ્ઞાનની પર્યાય સમ્યક્ સ્વને જાણતી અને રાગ છે જેટલો રાગ છે તેટલું જાણતી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય-ઉત્પન્ન થતી પોતાને જાણે છે. જ્ઞાનનો સ્વભાવ છે તે ક્યાં જાય? આહા..હા..! અને ખરેખર તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રમેયત્વગુણ વ્યાપેલો છે. પ્રમેયત્વ નામનો ગુણ છે એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલો છે. એટલે દ્રવ્ય પ્રમેય, ગુણ પ્રમેય અને પર્યાય પ્રમેય પર્યાયમાં થાય છે. આવી વ્યાખ્યા. સમજાણું કાંઈ? છતાં એ જ્ઞાન ત્રિકાળ આમાં જણાય છે એવી એની દૃષ્ટિ નથી. આહા..હા..! એણે અંતર્મુખ દૃષ્ટિ કરી નથી. અંતર્મુખની વાત એણે જ્ઞાનમાં પર્યાયમાં ધારી હતી. આહા..હા..! વર્તમાન જ્ઞાનની પ્રગટ અવસ્થા તેને સ્વજ્ઞેયમાં ઢાળી નહોતી, આહા..હા..! એથી અજ્ઞાની રહ્યો. ધારણામાં આવ્યું છતાં રહ્યો અજ્ઞાની. આહા..હા..! આવો માર્ગ, ભાઈ! કહેશે.

**શ્રોતા :-** ... જ્ઞાન જ્ઞાનને જાણતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને પણ જાણતું નથી. એની ખબર છે? જાણે તો છે, પણ આને જાણું છું એવી ખબર નથી એને. જો એને જાણું છું એમ નક્કી કરે તો આખું જ્ઞેય એમાં જણાય છે એ નક્કી થઈ જાય. આહા..હા..! શું કહ્યું એ? જ્ઞાનની પર્યાય જે પ્રગટ

છે એ ત્રિકાળી વસ્તુને જાણે છે અને પોતાને પણ જાણે છે. એણે ધારણામાં એમ લીધું હતું, પણ વસ્તુનો સ્વભાવ છે તેને અડ્યો નહોતો. આહા..હા..! આવી વાત છે. આ ..નો પક્ષ. આહા..હા..!

ધ્રુવ પ્રવાહ છે અસ્તિ. ખરેખર તો એ જ આત્મા છે એમ કહ્યુંને? ૩૮ ગાથા નિયમસાર. આહા..હા..! પર્યાય આત્મા એ તો વ્યવહાર-આત્મા છે. મોક્ષમાર્ગની પર્યાય એ પણ વ્યવહાર છે. નિશ્ચય-આત્મા તો ત્રિકાળી વસ્તુ છે, ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પર્યાયની સક્રિયતા વિનાની, પર્યાયની પરિણતિ ક્રિયા-સક્રિય વિનાની નિષ્ક્રિય. ૩૨૦માં કહ્યુંને? ભાઈ! ૩૨૦. નિષ્ક્રિય છે. આહા..હા..! પણ એ નિષ્ક્રિય જાણ્યું સક્રિયમાં. એવો માર્ગ છે, ભાઈ! આ જિનદર્શન કહેશે હમણાં ૪૪માં, સર્વજ્ઞ ભગવાનનો આ માર્ગ એણે કહ્યો છે આ. જેના પંથમાં સર્વજ્ઞ નથી એના પંથમાં આ સત્ય વાત હોતી નથી. આહા..હા..!

એ તો કહે સૌ. શ્વેતાંબર એમ કહે કે અમે સર્વજ્ઞ (માનીએ છીએ), પણ સર્વજ્ઞ છે એ જાણ્યું છે ક્યાં એણે? કહેનારે-શાસ્ત્રમાં લખનારે જાણ્યું છે ક્યાં? સમજાણું કાંઈ? આહા..હા..! સર્વજ્ઞ છે એમ જો જાણે તો તો સર્વજ્ઞ એક સમયની પર્યાયમાં પહેલો દર્શનોપયોગ અને પછી જ્ઞાનોપયોગ પછી દર્શનોપયોગ એવો ક્રમ એમાં ક્યાં છે? સર્વજ્ઞ છે એવું એણે જાણ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પૂર્ણજ્ઞાન એને આહાર ન હોય, ક્ષુધા ન હોય. પૂર્ણજ્ઞાન દશા એટલે? આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદની ભરતી આવી છે, પાણી આવે છે એમ. આહા..હા..! એવું જે સ્વરૂપ છે એવું જાણ્યું નથી તો સર્વજ્ઞને એણે જાણ્યા નથી અને સર્વજ્ઞને જાણ્યા વિના કલ્પિત (શાસ્ત્ર) બનાવ્યા પછી. એવી વાત છે, ભાઈ! બહુ આકરી વાત. આકરી લાગે. દુઃખ લાગે બિચારાને. ભાઈ! માર્ગ તો આવો છે. આહા...!

અહીં તો કહ્યું, અનંત વિજ્ઞાનઘન પરમાત્મ સમયસાર જ્યારે આત્મા અનુભવે છે, એમ કીધુંને? પર્યાયમાં પ્રતિભાસ થઈને અનુભવે છે. અનુભવે છે તો પર્યાય, પણ એ દ્રવ્ય તરફના સન્મુખને અનુભવે છે એટલે પરમાત્મરૂપને અનુભવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે, ભાઈ! આ હવે ટાઢી મોસમમાં તો બધું સ્પષ્ટ થાય ને. ઓલામાં તો કો'ક દી જાય ત્યારે અમુક વાત ચાલે. આહા..હા..! એક સમયમાં જેનું પૂર્ણરૂપ. એ તો અન્યમાં પણ એમ કહે છે, પૂર્ણમિદં, પણ એ પૂર્ણમિદં શું? બધું થઈને.. બધું થઈને પૂર્ણ. એમ નહિ. આ તો એક સમયની પર્યાય સિવાય પોતે. કેમકે જ્યારે ધ્યાન કરે છે ત્યારે આમ વ્યાપક (અનુભવે છે). બધે (બહારમાં) વ્યાપક હોય તો આમ લક્ષ જાવું જોઈએ. ઓલા છેને રજનીશ? એનો ફોટો આવ્યો હતો. આમ જાણે.. વ્યાપક છેને જાણે એટલે આમ.. ફોટો આવ્યો હતો. જોયો હતો? ભ્રમ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્યા. ધૂળ કરી છે. અજ્ઞાન છે. મિથ્યાત્વ.. એ તો અજ્ઞાની માનના

માર્યા મરી જશે બિચારા. બિચારા શું થાય એને? એને રખડવું પડે દુઃખી થઈને. આહા..હા..!

આમ સર્વજ્ઞપણું પ્રગટ કરવું હોય તો આમ જવું પડે એણે? કે આમ જવું પડે? જેટલામાં છે એને... આહા..હા..! જ્યાં સર્વજ્ઞશક્તિ પડી છે, ધ્રુવશક્તિ સર્વજ્ઞ.. ધ્રુવ.. ધ્રુવ પ્રવાહ એના સન્મુખ થાય તો સર્વજ્ઞપણું પ્રગટે. આમ કરે તો ધ્યાન તો આમ ગયું. શક્તિ તો એટલામાં અહીં છે. તેથી ધ્યાન કરનારો અંતર જોવે છે. ત્યાં બહાર જોવે છે?

એટલે અહીં કહે છે, અહીં તો અમારે કર્મ અને આત્મા બેય એક છે એમ માન્યું, જાઓ. કારણ કે કર્મની ક્રિયાનો અનુભવ એનાથી આત્મા જુદો એવું તો અમને દેખાતું નથી. આહા..હા..! ક્યાંથી દેખાય, પ્રભુ! જ્યાં પ્રભુત્વ પડ્યું છે એની સામું જોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ખરેખર તો એ બે થઈને જીવ છે અને જુદો જીવ નથી એમ માનનારા પૂર્ણ શુદ્ધ આત્મઘન જે છે એની હિંસા કરે છે. એટલે છે જીવતું જીવન એનો એ નકાર કરે છે એ જ હિંસા છે. આહા..હા..!

**શ્રોતા :-** એટલે હિંસા કરનારો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ એ જ છે, આખી દુનિયા મોટો ભાગ જ એ છે. આહા..હા..! શું થાય? અરે..! અનાદિનો (રખડે છે).

પરમાત્મરૂપ સમયસારરૂપ, એમ આવ્યું હતુંને ૧૪૪માં? એને અનુભવે છે. પર્યાયમાં એનું જ્ઞાન આવે છે, એ એને અનુભવે છે. આહા..હા..! એથી કહ્યુંને ૨૦માં બોલમાં નહિ? અલિંગગ્રહણ. આહા..હા..! ભલે દૃષ્ટિ દ્રવ્યનો સ્વીકાર કરે, છતાં દૃષ્ટિની પર્યાય અને આનંદની પર્યાય એનું વેદન છે, વેદન કાંઈ ધ્રુવનું નથી. આહા..હા..! આવો માર્ગ ઝીણો સૂક્ષ્મ એટલે બિચારા પોગી શક્યા નહિ. બહારથી મથ્યા પછી આ વ્રત કરો ને આ કરો ને આ કરો. સમજાણું કાંઈ? આહા..હા..! બધું એકનું એક છે. શુભ કરે અને અશુભ કરે, બે જાત એક જ છે. એ તો અહીં કહે છે. શુભમાં મોહ વિશેષ છે તો ચીકાશ બહુ થઈ ગઈ એમાં તો. અશુભમાં તો એમ રહે કે અરે..! આ નહિ. પણ આ... આ... આ.. એના અસ્તિત્વને સ્વીકારતા પૂર્ણાનંદના નાથનો અસ્વીકાર થાય છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! એ સાતમો બોલ કહ્યો.

આઠમો. 'કોઈ કહે છે કે **અર્થક્રિયામાં સમર્થ એવો** જે **કર્મનો સંયોગ** તે જ **જીવ છે...**' આઠ કર્મનું ભેગું થવું એ જીવ છે. દાખલો આપે છે. 'કારણ કે **જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી...**' ખાટલો છેને આ એ ચાર પાયા અને ચાર ઓલા. એમ આઠ કર્મનો સંયોગ તે જીવ છે. વળી અંદર સૂનારો બીજો છે એ અમને દેખાતું નથી. આહા..હા..! આ તો એટલા નામ આપ્યા હોં! બાકી એ પ્રકારે અનેક અસંખ્ય પ્રકારની વેદના અને કરવાપણું વિકારનું છે એવા એને માને છે. આહા..હા..! એટલે જેમ દ્રાક્ષ સડી જાય ને પછી દારૂ થાય છેને? ત્યારે દારૂ

થાયને? એમ બધું આઠ કર્મ ભેગા થાય ત્યારે જીવ થાય. ત્યારે એ જીવની ક્રિયા કહેવાય. એને જીવ અમે માનીએ, એમ કહે છે. આહા..હા..! હા, એ ચાર .. તો ઓલા શરીરમાં ગયું. ચોથામાં. આ સમ્મુચય..

'(**આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો;...**' અર્થક્રિયા એટલે? આખું સૂવાની ક્રિયા માટે એ લાયક થયું. '**તે રીતે અહીં પણ જાણવું.**)' એ ખાટલાનો સુનારો જુદો એમ નહિ, એ ખાટલો સૂવાને લાયક થયો. આઠ, ચાર પાયા ને બે ઉપલા ને બે શું કીધું? ઈસ. ઈસ ને ઉપળા. બે ઈસ ને બે ઉપળા. પણ ખાટલામાં સૂનારો બીજો છે કે નહિ? આહા..હા..! આ નવો ખાટલો કરેને જ્યારે, કાથીનો નવો. પહેલો ન સૂવે માણસ. પહેલાં રોટલો નાખીને કૂતરાને બેસાડે અંદર. છે કે નહિ? આ નવો ખાટલો કર્યો સૂવાડે છે કોઈ? શું કહેવાય? ઠાઠડીમાં બેઠો કહેવાય એ. આહા..હા..! જગતની ભ્રમણાઓ.

એ કૂતરો બેસે એટલે પછી ઓલું થઈ ગયું. હવે પછી વાંધો નહિ. એમ કે કૂતરો મરેને કદાચ. અમે તો .. ઠાઠડી કાથીમાં સૂવે એમ થઈ ગયું અમારે. મરી જઈએ. આહા..હા..! ભ્રમણા તે ભ્રમણા ક્યાં સુધી ગઈ. ખાટલો જ્યાં હાથમાં હજી.. પોતે સૂવે તો મરી જશે. કૂતરાને રાખો પહેલો પછી આપણે વાંધો નહિ. આહા..હા..!

'**આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા-એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ...**' પાઠ છેને એ? '**दुर्मेधसः**' '**दुर्मेधसः**' મેધા જેની ભૂંડી છે. મેધા નામ બુદ્ધિ જેની દૂર છે ઊંધી. આહા..હા..! એવા '**દુર્બુદ્ધિઓ (અનેક પ્રકારે) પરને આત્મા કહે છે; પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.**' એ સાચું બોલનારા, સાચું માનનારા કહેતા નથી. સાચું જાણનારા તેને સાચા કહેતા નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જીવ-અજીવ બન્ને અનાદિથી એકક્ષેત્રાવગાહસંયોગરૂપ મળી રહ્યાં છે...**' એક જગ્યા છેને? કર્મ, ભાગ, દેશ આદિ એક જગ્યાએ છે. અનાદિથી જીવની પુદ્ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે. પર્યાયોમાં વિકારસહિત અનેક દશાઓ થાય છે. અને પુદ્ગલ પોતાના.. '**પરમાર્થદૃષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી...**' જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, સ્વચ્છતાસ્વરૂપ એ તો ત્રિકાળ છે, એ કાંઈ છોડતો નથી. આહા..હા..! પર્યાયમાં અનેક પ્રકારના વિકારીભાવ થવા છતાં વસ્તુ વસ્તુપણે જે શક્તિનો સ્વભાવ છે એ છોડે? દ્રવ્ય તો મુક્તસ્વરૂપ જ છે. આહા..હા..!

'**પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...**' સ્વભાવિક વસ્તુ છે એની ખબર નથી. સંયોગથી ઉત્પન્ન થયેલા ભાવને જીવ કહે છે. આજે આવ્યું લખાણમાં એમ કે અશુભથી છોડીને શુભમાં આવવું એ પણ મહાજબરી

વાત છે. એમ આવ્યું છે, જૈનપ્રકાશ. જૈન શું કહેવાય? જૈનસંદેશ. જૈનસંદેશમાં આવ્યું છે. શુભમાં આવવું એ મહા જબ્બર વાત છે. અહીં કહે છે, શુભમાં અભવિ પણ અનંતવાર આવ્યો છે અને તું પણ આવ્યો છો. જબ્બર વાત ક્યાંથી આવી ગઈ? આહા..હા..! એ નાખ્યું છે જૈનસંદેશમાં. લેખ નાખ્યો છે.

**'પરંતુ જે પરમાર્થને...' 'પુદ્ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી.'** આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એને છોડતો નથી, અચેતન છે રાગાદિ કે પુદ્ગલ એ અચેતનને છોડતું નથી. આહા..હા..! **'પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે; કારણ કે પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે તેમ જ સર્વજ્ઞની પરંપરાનાં આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે.'** આઠના નામ આપ્યા. અહીં સમ્મુચય વાત કરી છે. 'વેદાંતી...' એમ કહે છે, **'મીમાંસક...'** એમ કહે છે. એમ મત આપ્યા આઠ. **'યોગ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, ચાર્વાક આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે ક્યાં સુધી કહેવા?'**

**'એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છે :-'** લ્યો! હવે એનો ઉત્તર આપે છે. ૪૪.

**एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।**
**केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति।।४४।।**
**પુદ્ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.**

આહા..હા..!

**'ટીકા :- આ અધ્યવસાનાદિ ભાવો...'** આ કરીને એ અસ્તિત્વ કહે છે. અધ્યવસાન આદિ આઠ બોલ આવ્યાને? એ ભાવો છે. ઓલા વેદાંતની પેઠે નથી કે અશુદ્ધતા છે જ નહિ. અશુદ્ધતા નથી તો પછી દુઃખથી મુક્ત થવાનો ઉપદેશ શેનો? દુઃખ ન હોય તો દુઃખથી મુક્ત થવાનો ઉપદેશ શેનો? વેદાંત તો એમ કહે છે, આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ; પણ દુઃખ જ નથી, બીજી ચીજ જ નથી, એકલી ચીજ છે ને દુઃખ નથી, તો દુઃખથી મુક્ત થવું ક્યાં રહ્યું એને? આહા..હા..! .. હમણાં કો'ક નહિ આ પ્રશ્ન હતોને ત્યાં? કુંડલા નહિ? માસ્તર. માસ્તર રાતે પ્રશ્ન નહોતો કરતો? કાનાતળાવ. એનો બાપ છે એ શાશ્વત માને અને છોકરો છે એ અનિત્ય માને. માસ્તર બધા આવ્યા હતા ત્યારે. બધા માસ્તર હોં! બધા સાંભળવા આવતા વ્યાખ્યાનમાં બપોરે. વ્યાખ્યાનમાં પાછા બપોરે એમ તો નિવૃત્તિ વખતમાં આવે, પાછા રાતે બધા આવતા બધા નિશાળના માસ્તરો. એમાં એક પ્રશ્ન બહુ કરતો. શું કહ્યું હતું

નહિ એણે? ગુણ નથી, એમ કહે. આત્મામાં ગુણ નથી, ગુણ નથી એ ક્યા? પ્રકૃતિના રજો-તમો આદિ ગુણ નથી, પણ વસ્તુ છે એની શક્તિ ન હોય? શક્તિ કહો, ગુણ કહો. ઓલામાં આવ્યું છેને ૧૮મી ગાથામાં, ગુણવિશેષ જેમાં નથી. ૧૮મો બોલ છે. એટલે શું? એ ગુણવિશેષ (એટલે) સામાન્ય જે વસ્તુ છે, ધ્રુવ જે એકરૂપ છે એ ગુણના વિશેષરૂપે થતી નથી, એ બતાવવા ગુણવિશેષ નથી એમ કીધું છે. સામાન્ય એકરૂપ ચીજ છે ધ્રુવ એમાં ગુણ છે, પણ એ ગુણ અને ગુણીનો ભેદ લક્ષમાં લેવા જાય તો એને વિકલ્પ ઊઠે છે. એથી સામાન્ય જે છે ગુણવિશેષને નહિ આલિંગન કરતું શુદ્ધદ્રવ્ય છે. ૧૮મો બોલ છે અલિંગગ્રહણનો. ત્યાં પણ કહ્યું છેને. ઓલો મુલ્લા વોરાજી મુલ્લા. રાજકોટ. પોર આવ્યા. આહા..હા..! મહારાજ! આ ૧૮, ૧૯, ૨૦ બોલે ગજબ કામ કર્યું છે! ગજબ કરી છે! ઓહોહો..! અદ્‌ભુત કામ! અહીં વાણિયા ૫૦ વર્ષથી જન્મ્યા હોય એને ખબર ન મળે. ૧૮, ૧૯, ૨૦ (બોલ) અલિંગગ્રહણના. મુલ્લા છે એ.. મગનભાઈ! બાબુભાઈ! એક મુલ્લા જીવાજી છે. ક્યાં? રાજકોટમાં મુસલમાન. આ એટલો બધો અભ્યાસ છે. ઘણો. ૧૮, ૧૯, ૨૦ બોલ વાંચીને આવ્યા હતા. ઘરે વાંચે. ઉંમર મોટી થઈ ગઈ ૯૪-૯૫. શરીર ધ્રુજે, ચાલી શકે નહિ. છેક ૮૯ની સાલમાં. આહા..હા..! ગુણને વિશેષને અડતો નથી વાહ! પ્રભુ કહે. ૧૮મો બોલ છે અલિંગગ્રહણનો. જીવાજીભાઈ છેને, રામજીભાઈ! રામજીભાઈ જાણે છેને? ઓલા જીવાજી મુલ્લા. રામજીભાઈ! જીવાજી મુલ્લા નહિ? રાજકોટ. એ રામજીભાઈને ખબર છે. જીવાજી મુલ્લા છેને આપણે? ૧૮મો બોલ, ૧૯, ૨૦ આહા..હા..!

વસ્તુ છે એ ગુણવિશેષને અડતી નથી. ત્યારે ઓલા જાણે કીધું નથી. એમ કીધું ઓલાએ. ચીમન છેને ઓલો? ચુનીલાલ છેને લાઠીના? કીધું, એમ નથી. સાંભળને. ગુણવિશેષ નથી એમ કીધુંને? એ કઈ અપેક્ષાએ કીધું છે? કે ગુણ અને ગુણીનો ભેદ લક્ષ કરવા જાય તો વિકલ્પ ઊઠે છે. એથી ગુણી એ ગુણમાં ભેદમાં આવતો નથી. અભેદ છે એ સમ્યગ્દર્શનનો વિષય છે. એમાં ગુણ-ગુણીનો ભેદ એનો વિષય નથી. આહા..હા..! કેમકે એ પૂર્ણ સત્યને સ્વીકારે ત્યારે એ સમ્યગ્દર્શન કહેવાય છે, ભેદને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કોને પણ આ બધી દરકાર કરી? રળવું, છોકરાને પરણાવવા, છોડીયુંને ઠેકાણે નાખવી. થઈ રહ્યા એટલે જીત્યા. ગયા, આંખ મીચાઈને જાય વંટોળિયાનું તરણુ ઊડીને ક્યાં પડે! એમ મિથ્યાભ્રમમાં જીવ પડ્યો, ચોર્યાસીના અવતારમાં ક્યાં જઈને પડે? આહા..હા..! ગુણવિશેષ એટલે સામાન્ય છે એમાં ગુણ છે ખરા, પણ સામાન્ય ને વિશેષમાં જો આવે તો ભેદ થઈ જાય છે અને દૃષ્ટિનો વિષય ભેદ છે નહિ અને વસ્તુ છે એ સામાન્ય છે એ વિશેષપણે થતી જ નથી, અભેદ છે તે ભેદપણે થતી નથી. અંદર ભેદ હોવા છતાં ભેદપણે થતી નથી. વસ્તુ સામાન્ય (ભેદરૂપ) થતી નથી, એમ. આહા..હા..! આવું ઝીણું તત્ત્વ.

એ અહીં કહે છે. આહા..હા..! '**અધ્યવસાન આદિ ભાવો છે...**' પર્યાયમાં છે. 'તે

**બધાય...**' વિશ્વને પદાર્થોને સાક્ષાત્ દેખનારા ભગવાન. આહા..હા..! ત્યાંથી ઉપાડ્યું છે. કીધુંને? '**केवलिजिणेहिं भणिया**' છેને? એ ત્યાંથી ઉપાડ્યું છે. આહા..હા..! '**બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને)...**' વિશ્વ એટલે સમસ્ત પદાર્થ. '**સાક્ષાત્ દેખનારા...**' ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય પ્રગટ્યું છે તેથી એમ કહેવાય છે કે વિશ્વને જાણનારા. સમજાણું કાંઈ? ખરેખર તો એ સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. એ સ્વભાવ જ જેની પર્યાયનો એટલો એવડો છે કે સ્વપરને પ્રકાશે. એ લોક છે માટે સર્વજ્ઞ અને પર્યાયમાં સર્વજ્ઞનું જ્ઞાન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એ પર્યાયનો જ એટલો સ્વભાવ છે એનો. સ્વપરપ્રકાશક સામર્થ્ય પોતાથી પ્રગટ્યું છે. લોક છે માટે પ્રગટ્યું એ પણ વ્યવહારથી ઓલાને સમજાવવા એમ કહે છે કે '**વિશ્વને સાક્ષાત્ દેખનારા...**' એટલે ખરેખર તો એની પર્યાયમાં પૂર્ણતાને દેખનારા. આહા..હા..! આવી છે વાત.

'**ભગવાન (વીતરાગ સર્વજ્ઞ)...**' આહા..હા..! '**અર્હંતદેવો વડે,...**' ભગવાન અર્હંતદેવો વડે. કથન છેને એટલે લીધા. સિદ્ધને અહીં લેવા નથી, કારણ કે એને વાણી નથી. આહા..હા..! '**વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' કથન લેવું છેને અહીંયાં? એટલે સિદ્ધને ન લેવા અહીંયાં. આહા..હા..! અર્હંતદેવ જેને વાણી છે, શરીર છે છતાં સર્વજ્ઞસ્વભાવ પર્યાયમાં પ્રગટ્યો છે. એથી એમ કહ્યું કે સર્વ વિશ્વને જાણનારા-દેખનારા. પાણી રાત્રિનું... પરમાત્મપ્રકાશમાં કહ્યું છેને? કે રાત્રિનો વખત હોય, નદીનું આમ જળ હોય એમાં ઉપરના નક્ષત્ર, ચંદ્ર (દેખાય). એક ચંદ્ર, અઠ્યાવીશ નક્ષત્રો, અઠ્યાશી ગ્રહો, તારાઓ ૬૬ હજાર ૭૫ ક્રોડાક્રોડી એ પાણીમાં જણાય છે. એ પાણીની અવસ્થા છે, એ વસ્તુ નથી. એ પાણીની પર્યાય. એ પાણીની પર્યાય જોતાં એ બધું જણાય છે. એમ જ્ઞાનની પર્યાય પૂર્ણ જોતાં એમાં એનું જે જ્ઞાન છે, એમાં જ્ઞાન એનું હોં! જ્ઞાન એના સંબંધીનું, છે પોતાનું. આહા..હા..! એ જણાય જાય છે.

તેથી એમ કહ્યું વિશ્વને દેખનારા અર્હંતદેવો વડે.. આહા..હા..! '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' ભાષા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ નહિ. પરિણામમય કહેવામાં આવ્યા (હોવાથી). ભાષા દેખો. આહા..હા..! એ દયા, દાનના શુભભાવ એને પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ.. આહા..હા..! '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય...** ' પરિણામ અને પરિણામમય. અભેદ. આહા..હા..! એ પુદ્‌ગલના પરિણામમય ચીજ છે એ બધી. વ્રતના ભાવ, તપનો વિકલ્પ ભાવ. વ્યવહારતપનો. નિશ્ચયતપ તો આનંદનો નાથ આનંદમાં ઉગ્રપણે રમે એનું નામ તપ છે, પણ વ્યવહારતપ નિમિત્તરૂપે વિકલ્પ ઊઠે છે. એ પણ પુદ્‌ગલમય પરિણામ ભગવાને કહ્યા છે. પુદ્‌ગલદ્રવ્ય છે એના પરિણામમય. આહા..હા..! ભાઈએ પૂછ્યું હતું. ઓલા મનોહરલાલ

હતાને? જયપુરમાં. પહેલો પ્રશ્ન આ કર્યો કે આ શું કીધું? જીવના પરિણામને પુદ્ગલના પરિણામ (કહ્યા)? પુદ્ગલના જ છે. કેમકે નિમિત્તના સંગે થયેલા એના જ છે. ૬૮મી ગાથામાં આવ્યું છેને? જવથી ઉત્પન્ન જવ થાય, એમ પુદ્ગલના નિમિત્તથી પુદ્ગલ જ થાય. એ પુદ્ગલમય પરિણામ છે, ચૈતન્ય એમાં કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા છે. લે! સમજાણું કાંઈ? ૬૮ ગાથામાં કહ્યું છે જવનું જવ. ૬૮ ૬૮. લખી લે છે. ઠીક છે. જવમાંથી જવ થાય. એમ પુદ્ગલમાંથી પુદ્ગલ પરિણામ થાય. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એમાંથી જ્ઞાન ને આનંદની દશા થાય. એમાંથી આ જડ-અચેતન શુભાશુભભાવ આવે ક્યાંથી? આહા..હા..!

'**અર્હંતદેવો વડે,...**' સાક્ષાત્ વિશ્વને દેખનારા ભગવાન અર્હંતદેવો વડે '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' ઓહોહો..! એ ચૈતન્યમય એ પુદ્ગલ પરિણામ નથી. આહા..હા..! પંચમહાવ્રતના ભાવ, બાર વ્રતના ભાવ એ પુદ્ગલદ્રવ્ય પરિણામ છે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે. આહાહા..! અહીં તો ઓલા થોડા મહાવ્રત અને વ્રત અંગીકાર કરે (એટલે) થઈ ગયા પાંચમે ગુણસ્થાને આવી ગયા. પાંચમું ગુણસ્થાન. ગુઠાણું. ગુણસ્થાન નહિ ગુઠાણું છે એ તો. આહા..હા..! હજી વસ્તુની જ ખબર ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં એ સિદ્ધ કરવું છે કે '**વિશ્વને...**' એક તો સમસ્ત દેખનારા ભગવાન સિદ્ધ કર્યા. એ વડે એની વાણી સિદ્ધ કરી. વાણી હોય છેને? કહેવામાં આવ્યા છે એમ કીધુંને? બે. એ વાણીમાં શું કહ્યું? કે '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા...**' આહા..હા..! એ જીવના પરિણામ અશુદ્ધ નિશ્ચયનયે કહેવાય. અશુદ્ધ નિશ્ચયને વ્યવહાર કહેવાય અને વ્યવહાર એ પરના આશ્રયે થયું માટે પરના કહેવાય. આહા..હા..! એ તો આવ્યું નહોતું સવારમાં? અશુદ્ધનો નાશ એ અશુદ્ધ નિશ્ચયનયે. સવારમાં આવ્યું હતું નહિ? પરમાત્મપ્રકાશ.

ભગવાને અશુદ્ધતાનો કર્મકલંકનો નાશ કર્યો તો કર્મકલંકના બે પ્રકાર એક અશુદ્ધભાવ અને એક જડ કર્મ નિમિત્તરૂપે. એ અશુદ્ધભાવનો નાશ કર્યો એ અશુદ્ધનિશ્ચયનયથી કહેવામાં આવે છે, ખરેખર એ વ્યવહાર થયો. વ્યવહાર થયો એ ખરેખર પુદ્ગલના પરિણામને સિદ્ધિ કરી એણે, એનો અભાવ થયો. આહા..હા..! અને કર્મને અસદ્ભુત અણુપચાર વ્યવહારનય કીધી ને? એ તો અસદ્ભુતથી એનામાં પર્યાયમાં એ નથી. એ તો એ ચીજ પર છે એ એને કારણે કર્મપર્યાય છૂટીને અકર્મ થાય છે અને અહીંયાં અશુદ્ધ પરિણામનો નાશ (થાય છે), એનું એ નિમિત્ત દેખીને વ્યવહાર પર છે અને અસત્ભૂત અનુપચાર નજીક છે માટે અસત્ભુત અનુપચાર વ્યવહારનયે કર્મનો-જડનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અસત્ભુતદૃષ્ટિથી કહેવામાં આવે છે, એમ કહે છે. આહા..હા..! જ્ઞાન કરાવવું છેને? આહા..હા..! એવો માર્ગ બાપુ,

છે આ.

'તેઓ...' તેઓ એટલે? અર્હંતદેવોએ શુભ-અશુભભાવ આદિ જે આઠ બોલ કહ્યા, પુણ્ય-પાપના ભાવ, સુખ-દુઃખનું વેદવું એ ભાવ. આહા..હા..! એ બધા અર્હંતદેવોએ સર્વજ્ઞ પરમેશ્વરે એને પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા છે. પુદ્‌ગલની સાથે એકમેક છે એમ કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો જિનેશ્વરનો માર્ગ, બાપા! આહા..હા..! **'તેઓ ચૈતન્યસ્વભાવમય...'** ભાષા પાછી છેને. પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી. આહા..હા..! **'તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...'** આહા..હા..! એ શુભ-અશુભભાવ, વ્રત અને અવ્રતનો ભાવ, દયા, દાનનો વિકલ્પ, ભગવાનની ભક્તિ અને સ્મરણનો રાગ એ પુદ્‌ગલમય પરિણામ કહ્યા **'તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...'** આહા..હા..! સમજાણું કાંઈ?

આ ઓલો કાગળ આવ્યો છે કાલે ભાઈનો ઓલા ભવ્યસાગરનો. આવ્યો છે કાલે. એ કહ્યું હતું કાલે. એમ કે 'મૂળમાં ભૂલ' વાંચીને... લખે તો બીજા કોક .. એમ કે મહારાજ! એ 'મૂળમાં ભૂલ' વાંચીને પ્રમોદ એટલો આવ્યો છે કે એકદમ ઈંતજાર ત્યાં આવવાની છે. ક્યારે હું એ સભામાં બેસીને આ વાત સાંભળું! એવું લખ્યું છે. વાંચ્યું હતું? કાલે કહ્યું હતુંને? આહા..હા..! અરે..! આ વાત ક્યાં બાપા! દિગંબર સાધુ. ૧૭ વર્ષની દીક્ષા. કવિ. એ કહે છે કે આહા..હા..! 'મૂળમાં ભૂલ' એ વાંચીને એટલો પ્રમોદ આવ્યો છે અમને. એકદમ (એમ થાય છે) ક્યારે હું સોનગઢ જઈને સભામાં આ વાત સાંભળું, લ્યો! હવે અહીં નજીક હોય એને આવવાની નવરાશ નથી. એય..! બાબુભાઈ! આહા..હા..! ઓલા જ્યાં હોય ત્યાં દિવસો પૂરા થાય એટલે આભાર માને. આભાર માને કે મહારાજ ફરીને પધારજો. આભારમાં આ. ફરીવાર તમે આવજો. અમે તો અહીં બેઠા. મોહનભાઈ! આહા..હા..!

એ **'જીવદ્રવ્ય થવા સમર્થ નથી** કે જે **જીવદ્રવ્ય...'** એ એની વ્યાખ્યા વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## જેઠ સુદ-૧૧, મંગળવાર, તા. ૦૮-૦૬-૧૯૭૬, ગાથા-૪૪, પ્રવચન નં. ૮૯

૪૪ ગાથા, ૪૪. કાલે તો સાંભળ્યું નહોતુંને? સાંજે આવ્યાને? પહેલાં ૩૯ થી ૪૩ ગાથામાં એમ કહ્યું કે આ જે અધ્યવસાય છે વિભાવરૂપ એ આત્મા છે, એનાથી કોઈ જુદો

આત્મા નથી. એમ શિષ્યે શંકાકારે.. માનનારા આમ માને છે. એવા આઠ બોલ કહ્યા. એક કહે કે કર્મનો અવયવ ભૂતકાળમાં હતો એ કર્મનો ભવિષ્યમાં રહે, કર્મ જ આત્મા છે, એ સિવાય જુદો આત્મા નથી. બીજો કહે કે ક્રિયા જે થાય છે એ ક્રિયા જે કર્મની છે એ જ આત્મા છે અથવા તીવ્ર-મંદ રાગમાં જે થાય છે, રાગમાં તીવ્ર-મંદતાનો અધ્યવસાય એ આત્મા છે. બીજો કહે કે પુણ્ય અને પાપનું વ્યાપવું જે શુભ-અશુભભાવનું થાય છે એનું કર્તાપણું છે માટે એ જ આત્મા છે. એ જૂઠું. એક કહે કે ભાઈ પુણ્ય અને પાપનું ફળ ભોગવવું, સુખ-દુઃખ ભોગવવું એ જીવ છે. એનાથી કોઈ જીવ જુદો દેખાતો નથી. એક કહે શિખંડની જેમ આત્મા અને કર્મ બે ભેગા થઈને આત્મા છે, જુદો આત્મા દેખાતો નથી. એક કહે કે ચાર પાયાના ખાટલા હોય છે ને. ચાર પાયા અને બે હિંસ એમ આઠ કર્મ ભેગા થઈને આત્મા છે, આત્મા કોઈ જુદો દેખાતો નથી. એમ મિથ્યાદષ્ટિએ આવી દલીલ માન્યતાઓ કરી એનો ઉત્તર આપે છે.

'**આ અધ્યવસાનાદિ ભાવો છે...**' ૪૪. છે ખરા. વેદાંતની જેમ એ નથી જ અને એકલો આત્મા જ શુદ્ધ છે એમ નથી. એ અધ્યવસાનાદિ ભાવો છે '**તે બધાય,...**' બધાય એટલે આઠેય પ્રકાર અને બીજા જેટલા પ્રકાર ઊંધા માનતા હોય એ. '**વિશ્વને સાક્ષાત્ દેખનારા ભગવાન...**' આ શબ્દ છે પહેલો. '**વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન...**' બધું દેખે એમ કહેવું છેને અહીં તો? ખરેખર તો ભગવાન સર્વજ્ઞ પોતાની પર્યાય પૂર્ણને દેખે છે, એમાં એ લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાનું તે દેખાય છે. એને જાણવું એ તો વ્યવહાર છે. સમજાય છે કાંઈ? પણ અહીં એને સમજાવવું છેને? એટલે કહે છે, '**વિશ્વને સાક્ષાત્ દેખનારા...**' એટલે સમસ્ત પદાર્થને પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાયમાં... આહા..હા..! જેની જ્ઞાનની દશા એટલી સ્વચ્છ અને નિર્મળ થઈ છે કે જેને દેખતા લોકાલોક જેમાં જણાઈ જાય છે. આહા..હા..! એવા '**(વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો...**' અહીં સિદ્ધને નથી લેવા. સિદ્ધને વાણી નથી. '**અર્હંતદેવો વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' આહા..હા..! અત્યારે તો આ બધા.. આજે આવ્યું છે ઓલામાં, 'સમ્યગ્જ્ઞાન' છપાય છેને ઓલી બાઈ કહે છેને? જ્ઞાનમતિ નથી કલકતામાં? જંબુદ્વીપ ૨૫ લાખનું કરાવ્યું છે. 'સમ્યગ્જ્ઞાન'માંથી નીકળે છે. ચારેય અનુયોગની વાત (નાખે). એમાં આ નાખ્યું છે બધું. અત્યારના સાધુઓ પણ સાધુઓ છે. જેવા કુંદકુંદાચાર્ય એવા આ સાધુ છે. સિદ્ધાંતમાં પંચમ આરાના અંત સુધી સાધુ કહ્યા છે અને અત્યારના સાધુને સાધુ ન માને એ મિથ્યાદષ્ટિ છે, એમ લખ્યું છે. આમાં છે. આ આવ્યું છેને. એ ત્યાંથી નીકળે છે. 'સમ્યગ્જ્ઞાન'. મહિનાના પંદર રૂપિયા. અર્જિકા છે જ્ઞાનમતિ. મળી હતી ત્યાં દિલ્હી. દિલ્હીને? કલકતા. દિલ્હી. બેઠી હતી. બે સાધુ હતા અને હું. પહેલું કહ્યું કે એ મંદિરે દર્શન કરવા આવવાના છે. એટલે બેઠા હતા પાંચેય આમ. કોઈ માણસ નહોતું અને અમે પાંચેય જણા આમ વાતું. ત્રિલોકસાર

ને એવી વાતું કરે. પછી બધા ભેગા થયા. શાહૂજી હતા. ઓલો નહિ ઓલો કોણ? કૈલાસચંદજી. કૈલાસચંદજી નથી એનો ઓલો મોટો વેપાર? રાજા. હા એ હતા. બધા હતા. અને .. બેઠા હતા. પછી વાત કરી. કીધું, સમ્યગ્દર્શન કોઈ જુદી ચીજ છે. બધી વાતું ત્રિલોકની ને ઢીકણાની કરે. આહા..હા..! બહારમાં માન ને... આ પુસ્તિકા છપાય છે એમાં ચારે અનુયોગનું ઘણું નાખ્યું છે. પછી સમયસારનું નાખ્યું છે.

અષ્ટસહસ્ત્રી. એ કહે છે, એક અષ્ટસહસ્ત્રી જાણતા બધું. .. આવે છેને એક શ્લોક? અષ્ટસહસ્ત્રી એક જાણતાં બધું જાણી જાય છે. એ નાખ્યું છે. એ આવે છે. પણ એ તો કઈ અપેક્ષા છે? આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, શીલ, સંયમ એવો જે વિકલ્પ છે એ બધું બંધનું કારણ છે, એ જીવ નથી. એ જીવ જ નથી, એને અજીવ કીધો છે. આહા..હા..! એનાથી સંયમ અને એનાથી મુનિપણું થાય એમ માને છે. પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી માને. આહા..હા..!

અહીં તો '**અર્હંતદેવો વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય...**' એમ શબ્દ છે. પરિણામ એમ પણ નથી કીધું. શું? પુદ્ગલદ્રવ્યના પરિણામ એમ નથી કહ્યું, પુદ્ગલદ્રવ્યના પરિણામમય. પુદ્ગલની સાથે અભેદ એ પરિણામ છે. આહા..હા..! ચાહે તો વ્રતનો, તપનો, પૂજાનો, ભક્તિનો, દયાનો, દાનનો, શીલનો, અરે..! અંદર ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ અને વિચાર એ બધો રાગ છે. આહા..હા..! એ રાગને પુદ્ગલદ્રવ્યના પરિણામમય એમ વાપર્યું છે ટીકાકારે. આહા..હા..!

એથી જયપુરમાં આવ્યા હતાને ઓલા મનોહરલાલજી. ગણેશપ્રસાદ વર્ણીના શિષ્ય છેને મનોહરલાલજી નહિ? તમારે ત્યાં આવે છે. આવ્યા હતા ત્યાં રેલમાં બેસીને. આમ તો ક્ષુલ્લક છે પણ રેલમાં બેસે છે. આવ્યા હતા. બે પ્રશ્ન કર્યા હતા. એમ કે શુભભાવને અચેતન કેમ કહ્યા? પુદ્ગલના પરિણામ કેમ કહ્યા? કીધું, એનો સ્વભાવ નથી, એ નીકળી જાય છે. જો એના હોય તો નીકળે નહિ અને એના નથી માટે નીકળે છે. હવે બીજું. ૬૮ ગાથામાં આવે છે ને? જવના કારણે જવ થાય. જવનું કારણ હોય એ જવ જ થાય. એમ પુદ્ગલને કારણે પુદ્ગલના જ પરિણામ થાય. એમ ૬૮માં છે. ૬૮. છેલ્લી ગાથા છેને ૬૮. એ જવપૂર્વક. એ.

'**જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્ગલ જ છે, જીવ નથી.**' ૬૮. ત્રીજી લીટી. આહા..હા..! છે? વસ્તુ છે એ તો ચૈતન્યઘન છે. એના આ પરિણામ તો બધા પુદ્ગલના છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! અશુદ્ધનિશ્ચયનયથી એના કહેવાય, પણ અશુદ્ધનિશ્ચયનય એ જ વ્યવહાર છે અને વ્યવહાર એ જ પરના આશ્રયે ઉત્પન્ન થયેલા ભાવને એના કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન**

**હોવાથી,...**' ચૌદે ગુણસ્થાન અચેતન. આહા..હા..! '**કારણના જેવાં જ કાર્યો હોય છે એમ કરીને (સમજીને નિશ્ચય કરીને),** જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ **ન્યાયે, પુદ્‌ગલ જ છે, જીવ નથી; અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...**' આહા..હા..! આવી વાતું છે. ચાહે તો વ્રતનો વિકલ્પ હો, ભક્તિનો, પૂજાનો, દાનનો, દયાનો, વ્રતનો, સંયમનો, ઈન્દ્રિયદમનનો એ બધો રાગ છે, અચેતન છે. ભગવાને એને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહેવામાં આવ્યા છે. આહા..હા..! એને મોક્ષના માર્ગમાં કહેવું તદ્દન વિપરીત છે.

**શ્રોતા :-** .. મુનિઓને વાંચવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુનિઓની ક્યાં આ તો સમ્યગ્દર્શન થવાની વાત છે. અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહા..હા..! પહેલું આવી ગયું નથી? અપ્રતિબુદ્ધને સમજાવે છે આ. આહા..હા..!

તેઓ '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' ભલે એ પરિણામમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, પણ એ પરિણામમાં ચૈતન્યપણાનો અભાવ છે, એથી એને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત. '**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય...**' ભાસ્યા. તેઓ એટલે પુણ્ય—દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ '**તેઓ ચૈતન્યસ્વભાવમય...**' છેને? ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય. '**ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય...**' જીવદ્રવ્ય કેવું છે? એ તો ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય છે. આહા..હા..! જેમ એ પુદ્‌ગલપરિણામમય છે અચેતન, એમ જીવ ચૈતન્યસ્વભાવમય છે. આહા..હા..! એ ચૈતન્યસ્વભાવમય. ચૈતન્યના સ્વભાવવાળો એમ નથી કહ્યું. ચૈતન્યસ્વભાવવાળો એ ભેદ થઈ ગયો. આ તો ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય. આહા..હા..! આખો દી કાંઈ નથી... આજે આખો દી.. થયું. સાડી ત્રેવીસ ઇંચ તો થઈ ગયો છે. આખી સીઝનમાં વીસ જોઈએ. આવું તો ૫૦-૬૦ વર્ષમાં થયું ને.

અહીં કહે છે.. આહા..હા..! એ શુભભાવ પુદ્‌ગલપરિણામમય હોવાથી અર્હંતદેવોએ એને જીવ કહ્યા નથી. કેમકે ચૈતન્યસ્વભાવમય જીવ. ભગવાન આત્મા એ ચૈતન્યસ્વભાવ જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય છે. આહા..હા..! એ '**થવા સમર્થ નથી...**' '**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવ દયા, દાન, વ્રતાદિ ચૈતન્યસ્વભાવમય થવાને સમર્થ નથી. આહા..હા..!

**શ્રોતા :-** બધા શુભભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાય શુભભાવ. ચાહે તો ભગવાનનું સ્મરણ હો, ભક્તિ હો, વ્રત હો, તપ હો, ઈન્દ્રિયદમન સંયમ હો, છકાયની હિંસાનો ત્યાગ કરીને દયાનો ભાવ હોય બધો પુદ્‌ગલપરિણામ છે. આહા..હા..! ગજબ વાત છે!

**શ્રોતા :-** ધર્મ તો થાયને એનાથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અધર્મ છે એ. અધર્મ પુદ્‌ગલમય પરિણામ છે, ધર્મના પરિણામ (નથી). એ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવાને સમર્થ નથી. આહા..હા..! અરે..! બે.

ઓલા કળશમાં કીધું છેને જુઓને. ૧૦૮ કળશમાં કીધું છે કે આ ભાવ છે એ કરવાલાયક નથી, પણ વર્જવાલાયક પણ નથી? વર્જવાલાયક જ છે. કળશમાં છે, ભાઈ! કરવાલાયક નથી પણ વર્જવાલાયક છે. આ પુણ્ય-પાપનો અધિકાર છેને. '**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે...**' શુભ-અશુભ ક્રિયારૂપ રાગ. આચરણ ચારિત્ર '**તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે. '**ઉત્તર આમ છે કે વર્જવાયોગ્ય છે,...**' કળશટીકા છેને? '**કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ '**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...**' ત્રણ શબ્દ વાપર્યા છે. અરે..! જગતને ચૈતન્યમય વસ્તુ ભગવાન, એમાં આ પરિણામ ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ? અને એને આ પ્રતિજ્ઞા લે અને આ લે વ્રત થઈ ગયા, સંયમ થઈ ગયો એને પાંચમુ ગુણસ્થાન. એય..! અજ્ઞાનને પોષે છે. આહા..હા..!

'**અનિષ્ટ છે, ઘાતક છે;...**' કોની પેઠે? '**વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' જેમ વિષય-કષાયનો નિષેધ છે, એમ પુણ્યપરિણામરૂપ ક્રિયા તેનો નિષેધ છે. આહા..હા..! લોકોને કઠણ બહુ. એમ કે પાંચમા આરાના સાધુ આ બધા થઈ ગયા. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, એમ આ પાંચમા આરાના સાધુઓ છેક સુધી ભગવાને કીધા છે. અત્યારના સાધુ બધા સાધુ છે, એને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. શું કહેવાય આ? સમ્યગ્જ્ઞાન (પત્રિકા). સમ્યગ્જ્ઞાન (શેનું), મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! દુનિયા પણ મળી રહે સૌને જુકાવનાર જોઈએ, જુકનાર તો મળી રહે. આહા..હા..! પ્રભુ! તું ચૈતન્ય છોને. તારો સ્વ-ભાવ. સ્વ નામ પોતાનો ભાવ, પોતિકો ભાવ, નિજ સ્વરૂપભાવ, સત્‌નું સત્ત્વ, ભાવવાનનો ભાવ એ તો ચૈતન્યમાત્ર છે. આહા..હા..! એવા ચૈતન્યમાત્ર થવાને, વ્રતના, દયાના, પૂજાના ભાવ ચૈતન્યમાત્ર સ્વભાવને થવાને સમર્થ નથી. આહા..હા..!

'**જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય...**' શું કીધું? પહેલાં બે વાત કરી કે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અને ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવાને સમર્થ નથી. '**જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય...**' આહા..હા..! અજીવઅધિકાર છેને? એટલે દયા, દાન, વ્રતના ભાવને અજીવ કહ્યો છે. આહા..હા..! એ અજીવ મોક્ષનો માર્ગ થાય જીવનો? આહા..હા..! જે બંધસ્વરૂપ છે એ મોક્ષનો માર્ગ કેમ થાય? એ આવે છેને એમાં પુણ્ય-પાપમાં આવે છે, જે જીવસ્વભાવ-મોક્ષસ્વભાવ છે તે સ્વભાવના આશ્રયથી મોક્ષમાર્ગનો ભાવ આવે, પણ બંધભાવ છે એમાંથી મોક્ષનો ભાવ કેમ થાય? આહા..હા..! લોકો અત્યારે બિચારા ભ્રમમાં પડ્યા.

'**જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી...**' જીવદ્રવ્યનો જે ચૈતન્યભાવ એ પુણ્યના, દયા-દાનના ભાવથી એ શૂન્ય છે. આહા..હા..! '**એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત (ભિન્ન) કહેવામાં...**'

એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત ભિન્ન કહેવામાં 'આવ્યું છે;...' '**જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય...**' છેને? '**એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત** (ભિન્ન) **કહેવામાં આવ્યું છે;...**' જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય. દ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય છે, પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત છે. ભગવાન તો પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ચૈતન્યભાવથી ભિન્ન છે. '**જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી...**' કેમકે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય છે અને જે જીવદ્રવ્ય છે એ ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત જીવદ્રવ્ય છે. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે ટૂંકા શબ્દોમાં. જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યસ્વભાવ એવું જે જીવદ્રવ્ય એનાથી શૂન્ય જે પુદ્‌ગલદ્રવ્ય, એનાથી તો અતિરિક્ત ભિન્ન છે જીવ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે...**' માટે જેઓ શુભભાવને જીવ કહે છે '**તેઓ ખરેખર પરમાર્થવાદી નથી...**' એ સાચું માનનારા અને સાચું કહેનારા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માટે.. આ કારણ આપ્યાને? '**જેઓ આ અધ્યવસાનાદિક...**' આઠ બોલ. '**જીવ કહે છે તેઓ ખરેખર...**' આ ઓલો વળી હમણાં નીકળ્યો છેને તમારે? નગીન. રાજકોટ. રામજીભાઈનો દીકરો. રામજી વિરાણી. એને સ્થાપ્યો છેને હવે? રામજીભાઈ ગુજરી ગયા તો એને સ્થાપ્યો સંઘનો નાયક. એ લેખ લખે છે કે શરીરની ક્રિયા આત્મા વિના હોય નહિ અને શરીરને જે થાય એ સુખ-દુઃખ ભોગવે છે આત્મા. શરીરનું સુખ-દુઃખ ભોગવે માટે શરીરનું કાંઈ કરી શકે નહિ એ વાત જૂઠી છે, એવું લખ્યું છે. કાંઈ અભ્યાસ નહિ ને સંઘનો નાયક ઠરાવ્યો. આહા..હા..!

ચીમન ચકુ. આ જે વાત કહે છે નિશ્ચયની એ નિશ્ચયાભાસ છે. વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ન માને તો શ્રીમદ્ તો એમ કહ્યું છે કે જે વ્યવહારને લોપે છે એ નિશ્ચયાભાસી છે. માત્ર શબ્દની માંય. શ્રીમદ્‌માં આવે છેને માત્ર શબ્દની માંય.. એમ કહેવું છે. એ ત્રણ ગાથામાં કહ્યું. આહા..હા..! 'અથવા નિશ્ચયનય ગ્રહે માત્ર શબ્દની માંય...' એ. 'અથવા નિશ્ચયનય ગ્રહે માત્ર શબ્દની માંય, લોપે સદ્‌વ્યવહારને સાધન રહિત થાય.' આહા..હા..! એ વાત મૂકી એણે. આહા..હા..! સાધન ક્યા, ભાઈ? આ સાધન? અજીવભાવ એ સાધન? આહા..હા..!

પ્રવચનસારમાં કહ્યું છે, નહિ? જીવનો વ્યવહારભાવ. એ મોક્ષનો માર્ગ છે એ જીવનો વ્યવહારભાવ છે, એ આત્મવ્યવહાર છે. નિશ્ચયસમકિત, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયચારિત્ર નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એ આત્માનો વ્યવહાર છે. પ્રવચનસાર. સમજાણું કાંઈ? આહા..હા..! વિકલ્પ છે એ તો અસદ્‌ભુત છે, એ તો વ્યવહાર, આત્માનો ક્યાં છે? આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ ચૈતન્યભાવ સ્વભાવસ્વરૂપ પૂર્ણ એનો આશ્રય લઈને જે પર્યાય વીતરાગી સમ્યક્, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર (પ્રગટ થાય) એ આત્માનો વ્યવહાર છે, એ આત્માનો વ્યવહાર છે. સમજાય છે કાંઈ? આહા..હા..! રાગાદિ તો મનુષ્યનો વ્યવહાર છે એમ કહ્યું છે ત્યાં,

પ્રવચનસાર. મનુષ્યનો વ્યવહાર છે, રખડનારાનો વ્યવહાર છે એમ કહ્યું. આહા..હા..! માર્ગ એને અંદર બેસવો ભારે!

'**જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે તેઓ ખરેખર પરમાર્થવાદી નથી કેમકે...**' હવે ત્રણ બોલ કહેશે. '**આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે.**' આગમ, યુક્તિ અને સ્વ-અનુભવ એનાથી શુભભાવને ધર્મ કહેનારા, જીવ કહેનારા, શુભભાવથી આત્માને લાભ કહેનારા અને શુભભાવ જીવ છે એમ કહેનારા એ ત્રણે—આગમ, યુક્તિ અને સ્વાનુભવથી એનો પક્ષ વિરોધ છે. '**તેમાં 'તેઓ જીવ નથી'...**' હવે આગમ કહે છે, એ જીવ નથી. આહા..હા..! પૂજા, ભક્તિ, વ્રત, તપ, દાન, દયા એ ભાવ જીવ નથી. આહા..હા..! '**એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...**' એ આગમ. આહા..હા..! સમજાણું કાંઈ? અને આ સ્થાનકવાસીમાં તો એ વાત છે જ નહિ. અમારે હીરાજી મહારાજ બિચારા એવા હતા. આમ ઓહોહો..! .. એ સૂયગડાંગની ગાથા છે. ... એમ નિશ્ચય જ્ઞાનીનો સાર એ છે કે ... કોઈ પર પ્રાણીને ન હણવો એ જ્ઞાનીનો સાર છે. અરે..! અહિંસા .. કોઈપણ પ્રાણીને ન મારવો એવી જે અહિંસા તે સમય નામ સિદ્ધાંતનો સાર છે. ... એ જાણ્યું એણે બધું જાણ્યું. એય..! બહુ ગંભીર હતા, પણ આ વસ્તુ નહોતી. સંપ્રદાયના સાધુની શૈલી કરતાં એની શૈલી બહુ કષાયની મંદતા, વ્રત, ભાવ આદિ ક્રિયા બિચારા, પણ આ વસ્તુ આ. આહા..હા..!

અહીં કહે છે કે પરને કોઈ મારી શકતું નથી અને પરને મારી શકું અને પરને જીવાડી શકું એ મિથ્યાદષ્ટિનો મત છે. આહા..હા..! પરને જીવાડું કે પ્રાણ રક્ષા કરું, પરના પ્રાણની રક્ષા કરું એ જીવાડું, તો એના પ્રાણની રક્ષા બીજો કરી શકતો નથી; અને એના પ્રાણને મારું, હણું એ મારું. તો બીજાના પ્રાણને હરી શકે એ આત્માની તાકાત નથી. આહા..હા..! હું બીજા પ્રાણીને અનુકૂળ સંયોગો આપુ શાતાના ઉદયના, એ કાંઈ તાકાત એની નથી. એ તો એને શાતાનો ઉદય છે એને લઈને એને મળે છે. પ્રતિકૂળનો સંયોગ આપી શકે એ પણ નથી. આહા..હા..! બીજાને બંધ કરાવું અને બીજાને મોક્ષ કરાવું, એ બધી દૃષ્ટિ મિથ્યાત્વ છે એમ કહે છે. આહા..હા..! એય.. મોક્ષ કરાવું એ પણ નહિ. એના વીતરાગભાવ વિના મોક્ષ થશે? તું મોક્ષ કરાવી દઈશ એને? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આગમ એમ કહે છે. સર્વજ્ઞની વાણીમાં આમ છે. એ લોકોના આગમમાં આ વાત નથી. સમજાણું કાંઈ? ત્યાં તો આ ગાથા છે સૂયગડાંગની. મોક્ષનું અધ્યયન છે ૧૧મું. છેલ્લું સોળ અધ્યયનું છેને .. આખો પહેલો? એમાં ૧૧મું છે. બધું મોઢે કરેલું તે દી તો કંઠસ્થ હતુંને બધું. એમાં આ ગાથા છે. હવે એ આ ગાથા આગમ ભગવાનને માને એ ગાથા. આ ભગવાનના આગમમાં તો આ કહ્યું છે. આહા..હા..! એ આગમ જ નથી. જે આગમમાં પરની દયાથી ધર્મ માને અને સિદ્ધાંતનો સાર (કહે) એ આગમ જ નથી.

એય..! ઝીણી વાત. આકરું પડે બિચારાને. શું થાય? શ્વેતાંબરના આગમ એ આગમ જ નથી. સોળ આગમ છે, કુશાસ્ત્ર છે. આહા..હા..!

આ તો આગમ એ કે '**તેઓ જીવ નથી એવું સર્વજ્ઞનું વચન છે...**' સર્વજ્ઞના આગમમાં તો એને જીવ કહ્યો નથી અને જીવના લાભ માટે એ છે જ નહિ. આહા..હા..! જેના આગમમાં.. એમ કહે છે કેટલાક. ઠાણંગ.. નિર્જરા ઠાણા. ઓલી છેને આર્જિકા લીલાવતી, અમારા આગમમાં પંચમહાવ્રતને નિર્જરાના સ્થાન કહ્યા છે. તમારા આગમ દિગંબરના આગમ અમારે માન્ય નથી. આહા..હા..! કેટલાક ભેગા કર્યા છે ૫૦-૬૦ આર્જિકાઓ. નિલમબાગના પુષ્પો એને નામ આપ્યું છે. નિલમબાગના પુષ્પો આ બધા. મરી જશે બાપા. તારો બાગ સૂકાઈ જશે. આહા..હા..!

વીતરાગના આગમ એમ કહે છે કે '**તેઓ જીવ નથી.**' આહા..હા..! કહો, ગિરધરભાઈ! એ શુભભાવ જે વડે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ જીવ નથી, જીવનો નથી, આહા..હા..! એમ અરિહંતનું વચન છે. છે? '**આ સર્વજ્ઞનું વચન છે...**' સર્વજ્ઞ પરમેશ્વરની વાણી તો આ ને આગમ એને કહીએ. આહા..હા..! ધોધમાર છે. આ પણ ધોધમાર છે. વીતરાગમાર્ગનો ધોધમાર્ગ આ છે. આહા..હા..! કહ્યુંને? '**તેઓ જીવ નથી.**' આહા..હા..! '**એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...**' જે આગમમાં શુભભાવ જીવને લાભ કરે (એમ કહે) એ આગમ નહિ. એ આગમ સર્વજ્ઞની વાણી જ નહિ. આહા..હા..!

પ્રશ્ન વ્યાકરણમાં એક શબ્દ આવે છે. જીવ .. .. પ્રશ્ન વ્યાકરણ છેને? અગિયાર અંગ એમાં એક શબ્દ આવે છે. ભગવાને જીવની રક્ષા માટે પ્રવચન ઘણા કહ્યા. એની ચર્ચા તેરાપંથી અને સ્થાનકવાસીને એક મહિનો ચાલી. તેરાપંથી છેને? તુલસી. આ સ્થાનકવાસી કહે, જીવની રક્ષા માટે ભગવાને પ્રવચન કહ્યા. ઓલો કહે કે જીવની રક્ષા નહિ, પણ જીવને નહિ મારવા માટે પ્રવચન કહ્યા. કેમકે રક્ષા કરવા જાય તો, તેરાપંથીનો મત જૂઠો છે, એની રક્ષા કરવી એ તો પાપ છે એમ માને છે. આહા..હા..! એવો શબ્દ છે. એક મહિનો ચર્ચા (ચાલી). એ લીલાધરજી હતા બિચારા અમારી સાથે રહેતા. એવી ચર્ચા ચાલે. એનો જ્યાં પક્ષ સિદ્ધ થાય અમને રોટલા ભાવે નહિ અને અમારો પક્ષ સિદ્ધ થાય તો અમે રાજી-રાજી થઈ જઈએ. કીધું, બેયની વાત જૂઠી છે. ભગવાને જીવની રક્ષા માટે પ્રવચન કહ્યા નથી, પ્રવચનમાં એ શબ્દ પ્રવચનનો નથી. એય..! રક્ષા માટે કહ્યા નથી, નહિ મારવા માટે કહ્યા નથી. એણે તો આત્માના આનંદની દશા પ્રગટ કરવા માટે પ્રવચન કહ્યા છે. આહાહા..! એઈ..! આ બધા જૂના છે સ્થાનકવાસી. એમ કહે છે. ધૂળેય નથી. સાંભળને! આહા..હા..!

અહીં તો પરદયાનો ભાવ છે તેને ભગવાન હિંસા કહે છે. રાગ છેને? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. ધન્નાલાલજી! પુરુષાર્થસિદ્ધિ ઉપાય. રાગાદિ નામ પ્રાદુર્ભાવ... પરની દયા પાળુ, પરને ન મારું નહિ પણ રાખું, પ્રાણ રક્ષા (કરું) એવો જે વિકલ્પ ઊઠે છે એ રાગ છે-હિંસા છે, સ્વરૂપની હિંસા છે. આહા..હા..! આવો માર્ગ. આ વીતરાગની વાણી કહેવાય. સમજાણું

કાંઈ? આહા..હા..! અમારે સંપ્રદાયના ગુરુ બિચારા ૪૬ વર્ષની દીક્ષા હોં! ૧૨ વર્ષની ઉંમરે લીધેલી. લીધી હતી રોટલા ખાવા માટે પણ આમ પછી .. પાક્યું એવું. એની અપેક્ષાએ ભાઈ! એવો વૈરાગ્ય. આહા...! આમ દિવસે અપાસરામાં ચાલે તો રજોળું હોયને લાંબુ રજોળું રાખે અપાસરામાં પણ. પત્થર નીચે કોઈ કીડી હોય તો? ... એવી જગ્યા. દુનિયાને બતાવવા માટે નહિ. એને પોતાને એવું માનેલું. આમ ચાલવું.. આમ ચાલવું.. આહા..હા..! હવે અહીં કહે છે કે એ ચાલવાની ક્રિયા જડની અને પરને નહિ મારવાનો ભાવ એ રાગ એ જડનો. આહા..હા..! ચૈતન્યના સ્વભાવથી.. એય.. ગિરધરભાઈ! જોયા હતા કે નહિ હીરાજી મહારાજને? હીરાજી મહારાજને નથી જોયા. ૭૪માં ગુજરી ગયાને ત્યાં? ત્યાં કાંપમાં નીચે બાળ્યા હતા પુલ નીચે. ૭૪. ચૈત્ર વદ ૮ ગુજરી ગયા હતા અને ચૈત્ર વદ ૯ બાળ્યા હતા. ૭૪ના ચૈત્ર વદ. કેટલા વર્ષ થયા? ૨૬ ને ૩૨, ૫૮. ૫૮ વર્ષ. તે દી ૫૮ વર્ષ પહેલાં રસ્તામાં ગુજરી ગયા અને અમે બીજે દી ત્યાં આવ્યા. મડદું રાખ્યું હતું રાત આખી. અમે આવ્યા પછી મડદાને ઉપાડ્યું. પણ લોકોને પ્રેમ એટલો હોં! દસ-દસ લાખના આસામી રોવે.. રોવે... રોવે... રોવે... આર્જિકા રોવે, સાધુ રોવે, સાધ્વી રોવે, શ્રાવકો રોવે એટલો પ્રેમ ઉપજાવેલો. અમારા ગુરુ એવા બિચારા હતા. પ્રકૃતિ એવી હતી લોકોની. સંપ્રદાયના એવા હતા. જેવું ઉપાડ્યું... કાંપનો અપાસરો છેને? બહાર રાખી હતી તૈયાર. અમે ત્યાં આવ્યા. બધા ગૃહસ્થ સામે આવ્યા હતા. સુખડના લાકડા ને બધું. સુખડના લાકડા બાળે ને. ઓલા લાકડાએ નહિ. રાયચંદ ગાંધી ને એ બધા આવ્યા હતા. જ્યાં અમે અપાસરામાં ગર્યા ઉપાડ્યું મડદું. બહાર મૂક્યું ને ઉપાડ્યું જ્યાં.. લોકો રોવે... રોવે... રોવે... અમારો હીરો આ લૂંટાઈ ગયો. એવો પ્રેમ. એવી એની શૈલી હતી, પણ દૃષ્ટિ મિથ્યાત્વ. આહા..હા..! પર જીવને ન મારવો. એને આવેલું એટલું બીજું શું કરે? આવ્યું નહોતું ત્યાં. એ સંપ્રદાયમાં વાત નથી. આહા..હા..!

અહીં કહે છે કે સર્વજ્ઞનું વચન તો એ છે કે તે જીવ નથી, એમ સર્વજ્ઞનું વચન છે. આહા..હા..! તેનો અર્થ એ જીવને લાભ કરે એ અજીવ છે, (પણ એમ નથી). અજીવને લાભ કરે એ અજીવ છે. એ અજીવ લાભ કરતું નથી. જીવને લાભ તો જીવનો સ્વભાવ લાભ કરે. સમજાણું કાંઈ? આહા..હા..! આગમ. '**અને આ (નીચે પ્રમાણે)...**' યુક્તિ હવે કહે છે. '**(નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુક્તિ છેઃ-**' છેને યુક્તિ ને આગમ બે અનુભવ ભેગા નાખે છે. '**(નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત...**' અનુભવમાં ગર્ભિત એવી યુક્તિ '**સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે...**' જુદો. ઓલાએ કીધું હતું ને? કોલસો કાળપથી જુદો હોય નહિ. કોલસો કાળપથી જુદો ન હોય, એમ વિભાવ અધ્યવસાનથી આત્મા જુદો નહિ. એમ દૃષ્ટાંત આપીને કહ્યું હતું અજ્ઞાનીએ. આહા..હા..!

ત્યારે કહે છે, સાંભળ! '**સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન**

**અધ્યવસાન છે તે જીવ નથી...**' આહા..હા..! સ્વયમેવ ઉત્પન્ન થયેલા એમ કહે છે. સ્વભાવથી ઉત્પન્ન થયેલા નથી. આહા..હા..! પર્યાયમાં સ્વયમેવ એ કાળે ઉત્પન્ન થયેલો અધ્યવસાય રાગ-દ્વેષથી મલિન. આહા..હા..! એ '**કાલિમા(કાળપ)થી જુદાં સુવર્ણની જેમ,...**' આહા..હા..! '**તે જીવ નથી કારણ કે, કાલિમા(કાળપ)થી જુદાં સુવર્ણની જેમ,...**' સોનામાં જે કાળપ છે એનાથી સોનું જુદું છે. કોલસાનો તેં દાખલો આપ્યો એ નહિ. સુવર્ણમાં જે કાળપ દેખાય છે એનાથી સોનું જુદું છે. આહા..હા..! સોળવલું સોનું છે, મેલ છે તે સોનું નથી; એમ પુણ્ય અને પાપનો ભાવ એ આત્મા નથી, એ તો મેલ છે. આહા..હા..!

'**કાલિમા(કાળપ)થી જુદાં સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ...**' યુક્તિમાં એ આપ્યું સુવર્ણનું. હવે અનુભવ. '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' આહા..હા..! રાગથી ભિન્ન પડેલો ભગવાન એનું ભેદજ્ઞાન કરનારાઓને એનાથી જુદો પ્રાપ્ત થાય છે. આગમ, યુક્તિ અને અનુભવ. એમાં આગમ એટલે વીતરાગનું વચન છે કે જીવ નથી, એ આગમ; અને યુક્તિ-સ્વાનુભવગર્ભિત. યુક્તિમાં જેમ કોલસાની કાળપ તે જુદી નથી તેં કીધી. અમે કહીએ સુવર્ણથી સુવર્ણની કાળપ તે જુદી છે. એ જુદી થાય તો જુદું સોનું રહી જાય છે. આહા..હા..! એ યુક્તિ કીધી.

હવે અનુભવ. '**અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ...**' શું કીધું? જ્ઞાનસ્વભાવરૂપ જીવ, જ્ઞાનસ્વભાવરૂપ જીવ.. આહા..હા..! '**ભેદજ્ઞાનીઓ વડે...**' એ અધ્યવસાનથી જુદાં ભેદ કરનારા એવા સમકિતી વડે. આહા..હા..! '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન...**' આહા..હા..! એટલે? એ રાગ-દ્વેષનો અધ્યવસાય જે મેલો એનાથી ભિન્ન, એના આશ્રયે કે એના અવલંબે નહિ, એનાથી ભિન્ન સ્વયં ઉપલભ્યમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ટીકા તે પણ ટીકા છેને! આહા..હા..! આ સિદ્ધાંત કહેવાય અને આ આગમ કહેવાય. જે ન્યાયથી ભરેલો એકલો. આગમ, યુક્તિ અને અનુભવથી એ શુભભાવ તે જીવ નથી એમ સિદ્ધ કર્યું છે. આગમ એ સર્વજ્ઞનું એ વચન છે કે જીવ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ જીવ નથી. યુક્તિ—તે કાળપથી જેમ સોનું જુદું છે એ યુક્તિ. અનુભવ—રાગથી ભિન્ન પાડનારાઓ ભેદજ્ઞાનીઓને રાગથી ભિન્ન આત્મા પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકલ્પ છે રાગ એનાથી સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં ભેદજ્ઞાનીઓને રાગથી ભિન્ન અનુભવમાં આવે છે. રાગસહિત અનુભવમાં આવે છે એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હવે ટાઢા પહોરની એક-એક વાત છે. ઓલું મુંબઈમાં તો દસ-દસ હજાર માણસ આવે એમાં કેટલા દાખલા દેવા પડે. અહીં તો આ સિદ્ધાંત ચાલે એકલો. તો પણ યુક્તિ તો આવી થોડી. જેમ સોનામાં કાળપ છે એ કાળપથી જુદું સોનું છે. આહા..હા..! એમ ભગવાન ચૈતન્યસ્વરૂપ છે એનાથી દયા, દાન, પૂજા, વ્રત, ભક્તિના ભાવ ભિન્ન પાડનારા ભેદજ્ઞાનીઓને એનાથી ભિન્ન ઉપલભ્યમાન છે. આહા..હા..!

અરે..! આ વાણી ક્યાં છે, ભાઈ? આ વસ્તુને સિદ્ધ કરવા કેટલો ન્યાય આપ્યો છે! આહા..હા..!

**શ્રોતા :-** સ્વયં ઉપલભ્યમાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને મેળાએ, રાગના આશ્રય વિના. .. વ્યવહારના આશ્રય વિના ભેદજ્ઞાનીને સ્વયં આત્મા અનુભવમાં આવે છે. પોતે પોતાથી અનુભવમાં આવે છે. ઓલા કહે છેને વ્યવહારથી થાય. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. ઘણું આમાં લખ્યું છે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. ખૂબ આજે લખ્યું છે. એને ખબર છેને અહીંની વાત આ છે. આહા..હા..! એ તો વ્યવહારના કથન છે, ભાઈ! તને ખબર નથી. અહીં તો વ્યવહાર રાગ છે એનાથી તો ભિન્ન, ભગવાને ભિન્ન કહ્યો, યુક્તિથી ભિન્ન છે સોનાના દૃષ્ટાંતે, અનુભવથી ભિન્ન છે, રાગથી ભિન્ન આત્મા અનુભવમાં આવે છે. આહા..હા..! આમ ચૈતન્યસ્વભાવ સન્મુખ થતાં રાગથી ભિન્ન આત્મા અનુભવમાં આવે છે. ભેદ પાડનારને. આહા..હા..! એ અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કઠણ છે. વસ્તુ એવી છેને. એને અભ્યાસ (ન મળે). આમ પર તરફનું વલણ છે એને અંતર્મુખ પર્યાયને વાળવી એ પુરુષાર્થ છે. કર્તવ્ય તો આ છે. જે જ્ઞાનની પર્યાય રાગ ને એ તરફ ઢળેલી છે એ તો ભલે ત્યાં રહી. એ કાંઈ વાળી ન શકાય. આહા..હા..! પછીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય ત્યારે પર્યાય થાય એ પર્યાય અંતરમાં વળેલી છે. આહા..હા..!

સ્વયમેવ ઉત્પન્ન થયેલા. જોયું! રાગ-દ્વેષ આત્માથી નથી થયેલા. એની મેળાએ વિકારમાં ઉત્પન્ન થયા છે એમ કીધું અને ઉપલભ્યમાન સ્વયં ઉપલભ્યમાન. આહા..હા..! '**સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી કારણ કે, કાલિમા(કાળપ)થી જુદાં સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' ત્યાં પણ પાછું એમ આવ્યું. ઓલું એની મેળાએ ઉત્પન્ન થયું. આ સ્વયં અનુભવ થાય છે. આહા..હા..! ઓહો..! એનો નિર્ણય તો કરે. વિકલ્પમાં એનો નિર્ણય તો કરે કે વસ્તુ આ છે. સમજાણું કાંઈ? ૭૩ ગાથામાં એ આવ્યું છેને? ૭૩માં, ૧૪૪માં. પહેલો આવો નિર્ણય કરે. ૧૪૪માં આવ્યું કે આગમથી નિર્ણય કરે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને પછી મતિ ને શ્રુતને મર્યાદામાં લાવે. આમ ઢળેલી છે એને આમ લાવે. ૧૪૪ કર્તા-કર્મ. આહા..હા..! અને તેને નિર્વિકલ્પ કરી અને '**તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંતરહિત,...**' અખંડ પ્રતિભાસમય અનંત જ્ઞાનઘન.. આહા..હા..! પરમાત્મસ્વરૂપ સમયસાર તેને અનુભવે. આહા..હા..! ૧૪૪ છેલ્લી (ગાથા) કર્તાકર્મની.

ત્રણ બોલ થઈ ગયા. સર્વજ્ઞનું વચન છે કે અધ્યવસાન જીવ નહિ અને સોનાની મેલપ તે મેલપથી સોનું જુદું છે એ યુક્તિ અને રાગથી ભેદજ્ઞાનીઓ એને જુદો અનુભવે છે એ અનુભવ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! રાગથી જુદો અનુભવે નહિ અને રાગથી લાભ માને અને અમે સાધુ છીએ. આહા..હા..!

**શ્રોતા :-** પંચમકાળના છેડા સુધી રહેવાના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવા સાધુ રહેશે? એ સાધુ કેવા? એ તો મિથ્યાદૃષ્ટિ છે, ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. આવી વાત છે, બાપુ! એના અનાદરને માટે વાત નથી. વસ્તુની સ્થિતિ એવી છે. કોઈ વ્યક્તિના પરિણામની જવાબદારી તો એને છે. એના જવાબદારમાં નુકસાન તો એને છે. એ નુકસાન સહન કરવું પડશે, બાપુ! આહા..હા..! ત્યાં કાંઈ સિફારશ કામ નહિ આવે કે મેં ઘણાને સમજાવ્યા હતા, ઘણી સભા ભેગી થાતી હતી, શાસ્ત્ર અમે બહાર બહુ પાડ્યા છે માટે અમને આત્મજ્ઞાન છે—એમ ત્યાં નહિ કામ આવે. આહા..હા..! એ તો વિકલ્પની વાતું છે.

**શ્રોતા :-** .. પ્રભાવના તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની પ્રભાવના? અહીં પ્રભાવના હોય કે બહાર હોય? એ તો વિકલ્પ આવે તો એને શુભ કહેવાય, વ્યવહાર કરવામાં. વિકલ્પને હોં! આહા..હા..! નિશ્ચય તો સ્વભાવની દૃષ્ટિમાં એકાગ્રતા, પ્ર-વિશેષે ભાવના ભાવની ભાવના, ત્રિકાળ ભાવની એકાગ્રતા એ પ્રભાવના છે.

**શ્રોતા :-** સાચી પ્રભાવના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ છે.

**શ્રોતા :-** આત્મસ્વભાવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ છે.

એક બોલ થયો. અધ્યવસાયને જીવ માનનારાઓને, વિભાવને સ્વભાવ માનનારને, વિભાવને જીવ માનનારને આ દૃષ્ટાંત આગમ, યુક્તિ અને અનુભવથી અમે જૂઠો ઠરાવ્યો. સમજાણું કાંઈ? હવે '**અનાદિ જેનો પૂર્વ અવયવ...**' હવે કર્મ લે છે. '**અનાદિ જેનો પૂર્વ અવયવ...**' એટલે અંશ '**અને અનંત જેનો ભવિષ્યનો...**' કર્મનો અંશ '**એવી જે એક સંસરણરૂપ ક્રિયા...**' એ તો રાગની ક્રિયા. '**તે-રૂપે ક્રીડા કરતું કર્મ...**' એ રાગમાં ક્રીડા કરતું કર્મ છે. રાગમાં ક્રીડા કરતો આત્મા નથી. આહા..હા..! '**તે પણ જીવ નથી...**' એ આવી ગયું. જીવ નથી એમ ભગવાને કહ્યું, યુક્તિથી સિદ્ધ કર્યું કે સોનાની મેલપ, મેલપથી સોનું જુદું છે.

હવે '**કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' એ વાત લીધી ભેગી. આહા..હા..! '**સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' આહા..હા..! છે? '**પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.**' આહા..હા..! એને સમ્યગ્દર્શન કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! હવે અહીં તો સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ, બારના વ્રત થઈ ગયા તો સંયમી થઈ ગયા. શું થાય? એને ખબર ન મળે. એને પોતાને બગાડવાનો ભાવ હોય નહિ, પણ ખબર નથી એટલે શું થાય? આહા..હા..!

**શ્રોતા :-** ખબર નથી એ કંઈ બચાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર નથી એટલે નુકસાન કરે છે. અજ્ઞાનનું નુકસાન છેને. આહા..હા..! આ પોસ્ટમાં એવું હોય છે. પોસ્ટ હોય છેને પોસ્ટ. કાયદા. એમાં બાંધેને જ્યારે? મની ઓર્ડર. મની ઓર્ડર આદિ હોય ૨૫-૫૦, ૫૦૦-૫૦૦, હજાર, પાંચ-પાંચ, દસ-દસ હજારને એ ઓલામાં નાખે. પોસ્ટ માસ્તરને .. કરે. એને સીલ કરે ત્યારે. પોસ્ટ માસ્તર .. કે મને .. મને ખબર નહોતી. અજ્ઞાન બચાવ નથી એમ નારણભાઈ કહેતા. અજ્ઞાન એ બચાવ નથી. અમે ત્યાં નહોતા એ બચાવ નથી. નાખો કેદમાં. દસ-દસ હજાર, પચ્ચીસ-પચ્ચીસ હજારની નોટુ પડી છે અંદર અને સિલ મારવા વખતે તમે હાજર નહિ. નોટુ ગઈ ક્યાં? પચ્ચીસ-પચ્ચીસ હજારની નોટ હોય છેને. દસ-દસ હજારની. હું મારા કામમાં હતો. એમ કહ્યું. શું કહેવાય એને પોસ્ટને? પોસ્ટ માસ્તર નહિ. પોસ્ટ માસ્તર કહે હું નહોતો. પટ્ટાવાળો. સીલ મારનારો હોયને. એણે માર્યું સીલ અને એમાંથી પચાસ હજાર અને લાખ નીકળી ગયા તો વયા ગયા રૂપિયા. હાજર નહોતા તમે? નહોતા. જાવ કેદમાં. એમ કાયદામાં એવું છે.

**શ્રોતા** :- બચાવ નહિ ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, બચાવ નહિ ચાલે. મને ખબર નહોતી કે આમ છે એ ખબર નહિ ચાલે. ઝેર પીતા મને ખબર નહોતી કે આ ઝેર છે. મારી નાખશે. ખબર નથી એટલે ઝેર પીતા જીવતો રહીશ? એમ મને ખબર નહોતી કે આ શુભભાવ તે ધર્મ નથી. એટલે શું છે? સમજાય છે કાંઈ?

એ અનાદિ કર્મની ક્રિયા એનાથી ચૈતન્યસ્વભાવરૂપ જીવ.. દરેક ઠેકાણે આ નાખ્યું જોયું! '**અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' ભગવાન તો ચૈતન્યસ્વભાવરૂપ ભાવ જીવ છે. ચૈતન્ય સ્વભાવભાવ ચૈતન્યસ્વભાવભાવ, ધ્રુવ પ્રવાહ એમ ને એમ રહેનારો ચૈતન્યસ્વભાવભાવ એ જીવ છે. એનાથી એ જુદી ચીજ છે. આહા..હા..! '**સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિઓ રાગથી આત્માને ભિન્ન પ્રત્યક્ષ અનુભવે છે. આહા..હા..! એને જ્ઞાન અને આનંદનું વેદન હોય છે. સમજાણું કાંઈ? તેથી પ્રત્યક્ષ કીધો ને? એને રાગ ને મનના સંબંધથી જાણે અને અનુભવે છે એમ નહિ. મતિ-શ્રુતજ્ઞાન, એને પરનો આશ્રય છે જ નહિ એવું મતિ-શ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બે બોલ થયા.

'**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' એટલે રાગની મંદતા અને રાગની તીવ્રતા એનું વેદન-અનુભવ એના ભેદરૂપ. ભેદ પડ્યોને? મંદ અને તીવ્ર એમ. '**દુરંત રાગરસથી...**' રાગના રસને અંત લાવવો મહાદુરંત છે. એવા '**ભરેલાં અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી...**' આહા..હા..! તીવ્ર-મંદ... તીવ્ર-મંદ... તીવ્ર-મંદ... એવા અધ્યવસાય એકતાબુદ્ધિની સંતતિ. આહા..હા..! તે પણ જીવ નથી '**કારણ કે તે સંતતિથી અન્ય જુદો...**' ભગવાને કહ્યો, યુક્તિથી સિદ્ધ છે અને '**ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન**

છે...' આહા..હા..! તીવ્ર-મંદ.. તીવ્ર-મંદ.. જે રાગ. એમ કે મંદ રાગ છેને? એથી એ કાંઈક લાભ છેને? ના, ના, એમ કહે છે. મંદ રસ તો અભવિને પણ થાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રસ મંદ તો એને પણ હોય છે. શુભભાવમાં જ્યારે ઘણો હોય છેને, ત્યારે રસ મંદ હોય છે મિથ્યાત્વનો પણ, પણ મંદ એ કાંઈ વસ્તુ નથી. મંદ અને તીવ્ર તો એની જાત રાગની-કર્મની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' મંદ અને તીવ્ર એવા વેદનમાં '**ભેદરૂપ થતાં, દુરંત...**' જેનો અંત લાવવો. '**રાગરસથી ભરેલાં અધ્યવસાનોની...**' એને એ દુષ્કર છે. '**એવી સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' આહા..હા..! ત્રણ થયા ત્રણ. ચોથો બોલ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૧૨, બુધવાર, તા. ૦૯-૦૬-૧૯૭૬, ગાથા-૪૪, પ્રવચન નં. ૯૦

આઠ બોલમાં ત્રણ બોલ ચાલ્યા છે. ચોથો બોલ. '**નવી-પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નોકર્મ...**' એટલે શરીર એ પણ જીવ નથી. નવી-પુરાણી અવસ્થા, રોગ-નિરોગની અવસ્થા, યુવાન-વૃદ્ધની અવસ્થા એવા '**ભેદથી પ્રવર્તતું જે નોકર્મ...**' એમ કહે છે. શરીર એ રીતે પ્રવર્તે છે. યુવાન, વૃદ્ધ, બાળક, રોગ, નિરોગ... '**નવી-પુરાણી...**' જૂની ને નવી એ '**પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું...**' ભાષા દેખો! જોયું! શરીર પ્રવર્તે છે રોગપણે, નિરોગપણે, બાળપણે, યુવાનપણે શરીર પ્રવર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જૂની એટલે આ વૃદ્ધાવસ્થા થાય, પુરાણી-જૂની અવસ્થા થાય. નવી આ બાળ અવસ્થા આદિ. એ અવસ્થા રોગ, નિરોગ, જીર્ણ-સ્થૂળ, પુષ્ટ-જીર્ણ એ અવસ્થાના ભેદથી પ્રવર્તતું નોકર્મ. શરીર એ રીતે પ્રવર્તે છે. આહા..હા..!

**શ્રોતા** :- અંદરમાં જીવ ન હોય તો ક્યાં પ્રવર્તે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ જ કહે છે. આહા..હા..! એઈ..! દેવચંદજી! આહા..હા..!

બાળ-યુવાન-વૃદ્ધપણે શરીર પ્રવર્તે છે. રોગ, નિરોગપણે શરીર પ્રવર્તે છે. આહા..હા..! નવીન અને જીર્ણપણે શરીર પ્રવર્તે છે. આહા..હા..! યુવાનની-શરીરની પુષ્ટ અવસ્થા એ પણે

શરીર પ્રવર્તે છે. વૃદ્ધાવસ્થાની જીર્ણ અવસ્થા એ પણે શરીર પ્રવર્તે છે. આહા..હા..!

**શ્રોતા :-** શરીર નામનું કોઈ દ્રવ્ય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જડ છેને. પરમાણુ દ્રવ્ય છે કે નહિ? પરમાણુ પદાર્થ છેને? અને પરમાણુનો સ્કંધ થયો તે શરીર છે. પિંડ થયો છે. આહા..હા..! એ સ્વતંત્ર તે-તે શરીરની અવસ્થાનો જન્મક્ષણ હોય છે તે ઉત્પત્તિનો કાળ. શરીરની યુવાન-વૃદ્ધ, રોગ-નિરોગ એ અવસ્થાપણે એ શરીર પ્રવર્તે છે. આહા..હા..! આ ઈર્યાસમિતિમાં જોઈને ચાલવું એમ કહ્યું છેને? પણ શરીર ચાલે છે એ રીતે, કહે છે. આમ જોવું, પગ જોઈને મૂકવો એ બધી શરીરની અવસ્થા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નવી-પુરાણી અવસ્થાદિકના ભેદથી...**' એ નવી-પુરાણી અવસ્થા, રોગ-નિરોગ અવસ્થા વગેરે-વગેરે '**ભેદથી પ્રવર્તતું જે નોકર્મ તે પણ જીવ નથી...**' આહા..હા..! '**કારણ કે શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' ચૈતન્યસ્વભાવ જેનો એવો જીવ એ શરીરને પ્રવર્તાવવું એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્યસ્વભાવથી.. આહા..! '**ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' ભાષા છેને? ચૈતન્યસ્વભાવરૂપ જીવ. આહા..હા..! '**ભેદજ્ઞાનીઓ વડે...**' એટલે શરીરથી ભેદદૃષ્ટિવાળા વડે, સમકિતી વડે. આહા..હા..! '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' એનો અર્થ કર્યો. સ્વયં એટલે પ્રત્યક્ષ. ઉપલભ્યમાન (એટલે) અનુભવ. પ્રત્યક્ષ અનુભવ થાય છે, કહે છે. આહા..હા..!

શરીરની અવસ્થા નવી-જૂની, મંદ-તીવ્ર, રોગ-નિરોગ, આહા..હા..! ઘા વાગે ને દેહની અવસ્થા લોહીઘાણ થઈ જાય અને પુષ્ટ થઈ જાય એ બધી શરીરની અવસ્થાઓમાં ભેદરૂપે પ્રવર્તતું એ શરીર છે. આહા..હા..! એનાથી ચૈતન્યસ્વભાવરૂપ જીવ.. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય સ્વ-ભાવ એવું જેનું સ્વભાવરૂપ છે. ચૈતન્યસ્વભાવરૂપ. આહા..હા..! શરીરરૂપ નહિ. '**ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' આહા..હા..! આ તો શરીર લીધું છે. પહેલાં તો અધ્યવસાન લીધું છેને. વિભાવ. વિભાવભાવથી પણ ભેદજ્ઞાનીઓ વડે ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યસ્વભાવરૂપ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં-પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં સમજાય છે કે નહિ? બાબુભાઈ!

**શ્રોતા :-** આમ સમજાવો ત્યારે સમજાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ ત્યાં એણે ઓલા સોનામાં ગૂંચી ગયા છે ધંધા. એમાંથી નવરાશ ક્યાં આવે છે એને? આજે એની મોટી બા ગુજરી ગયા તો બધા ભેગા થઈને આવ્યા છે આઠ દીએ સાંભળવા. આહા..હા..! આ તો બહુ નિવૃત્તિથી એનો અભ્યાસ જોઈએ. અરે..! અનંતકાળ.. શ્રીમદ્‌માં આવે છે, દેહની ચિંતા જેટલી કરે છો એટલી (નહિ પણ) એથી અનંતગુણી આત્માની ચિંતા રાખજે. કેમકે અનંત ભવ એક ભવમાં ટાળવા છે. પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? આટલી વાત છે. એ ક્યાંક હતું નહિ આપણે હમણાં? બોટાદ-

બોટાદ હતું. બોટાદ માથે મેડી ઉપર.. આહા..હા..! બોટાદ. એ પણ ક્યાં આવ્યા હતા બોટાદ. એને અહીં આવવું હતું તો બોટાદ આવ્યા નહિ. બીજા ઘણા આવ્યા હતા મુંબઈવાળા. આહા..હા..! એની મોટી બા તો માંદા હતાને. આહા..હા..!

દેહની ચિંતા જે તું રાખે છો એથી અનંતગુણી ચિંતા પ્રભુ તારી રાખ. આહા..હા..! કેમકે આ ભવ અનંત ભવને ટાળવા માટેનો આ ભવ છે. અનંત ભવને એક ભવમાં ટાળવા છે, પ્રભુ! અને જો ન ટળ્યા તો અનંત ભવ માથે છે. આહા..હા..! આંખ મીંચાણી. જાય વંટોળિયાનું તરણું. વંટોળીયો સમજો છો? બબુલા. બબુલા હોતા હૈને? ઉસમેં તિનકા હોતા હૈ તિનકા. ક્યાં જઈને પડે. આહા..હા..! મિથ્યાત્વસહિત જીવ, અરે..! દેહ છૂટીને ક્યાં જઈને પડે? એનો કંઈ મેળ છે? આહા..હા..! ક્યાંય નિગોદ, નરક, ઢોર-પશુ.. આહા..હા..! અને જેની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી હોય... આહા..હા..! એણે આ ભવમાં જો કામ ન કર્યું... ત્રસની સ્થિતિ છે બે હજાર સાગર. ત્રસના બે હજાર સાગર રહે છે. શું કીધું ઈ? ઈયળું, કીડી, મકોડા, પંચેન્દ્રિય, નારકી, મનુષ્ય, દેવ અને ઢોર. એમાં દેહાદિ રહે ત્રસમાં બે હજાર સાગર રહે. એની મુદ્દત એટલી. એ સ્થિતિ પૂરી થયે નિગોદ એકેન્દ્રિયમાં વાસ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પંચેન્દ્રિયમાં રહે તો હજાર સાગર. આ તો ત્રસ. એટલે બે ઈન્દ્રિયથી માંડીને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, અને સંજ્ઞી. આહા..હા..! અને પંચેન્દ્રિયમાં રહે કદાચ તો એક હજાર સાગર (રહે). આહા..હા..! પ્રભુ! કહે છે, તારી મુદત જો પૂરી થઈ અહીંયા અને આ ભવમાં અનંત ભવ ટાળ્યા નહિ તો અનંત ભવ ઊભા છે માથે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**સ્વયં ઉપલભ્યમાન છે...**' ભગવાન ચૈતન્યસ્વભાવરૂપ જીવ પોતાના સમ્યગ્જ્ઞાન પ્રત્યક્ષ દ્વારા જ જણાય છે. આહા..હા..! યુવાની હોય કે વૃદ્ધ હોય એ બધા રજકણ જડની અવસ્થા છે. એ કીધુંને. આહા..હા..! રૂપાળી અવસ્થા હોય, જરદ અવસ્થા હોય, આમ ૨૦ વર્ષનો યુવાન લોઢા જેવું મોટું શરીર હોય આમ અલમસ્ત, બધા પરમાણુ ધૂળની, શરીરની અવસ્થા છે, કહે છે. આહા..હા..! શરીર એ અવસ્થામાં પ્રવર્તે છે. એ કાંઈ તું પ્રવર્તે છો અને આત્માનો અધિકાર એમાં છે એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** આત્માનો અધિકાર નહિ પણ આત્મા નિમિત્ત તો ખરોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તનો અર્થ જ એ નહિ. નિમિત્તનો અર્થ કે થાય છે ત્યાં હોય એનું નામ નિમિત્ત. થાય છે તેને કરે તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો ઉપાદાન થઈ ગયું. આહા..હા..!

'**સ્વયં ઉપલભ્યમાન...**' આ તો સ્વયં ઓલો પ્રત્યક્ષ છેને એટલે સ્વયં છે એનો અર્થ. આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, એને જ્ઞાનમાં જ્ઞાનની દશાથી પ્રત્યક્ષ ઉપલભ્યમાન અનુભવમાં આવે છે. આહા..હા..! એ મતિ અને શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષ ભાવથી એ આત્મા

અનુભવમાં આવે છે. માટે શરીર ને ભગવાન જુદો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શરીર તો અહીં પડ્યું રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર પડ્યું (છે). અમથું અહીં પડ્યું છે. મૃતક કલેવર કહ્યું છે ને ૯૬માં. ૯૬ ગાથા સમયસાર. મૃતક કલેવરમાં અમૃતનો સાગર મૂર્છાઈ ગયો. મૃતક અમૃત મૂર્છાણો. એક સાથે 'મ' મૂક્યા. આહા..હા..! ૯૬ ગાથા. સંસ્કૃત અર્થ છે. મૃતક કલેવર. વર્તમાન મૃતક કલેવર હોં! દેહ છૂટે એની વાત નહિ. મડદું છે આ તો. આહા..હા..! ચૈતન્યના સ્વભાવના અભાવરૂપ મડદું છે આ. મૃતક કલેવરમાં અમૃતસાગર ભગવાન અમૃતનો સાગર છે. આ મૃતક છે તો આ અમૃત સાગર છે. એમાં મૂર્છાણો છે. આ હું છું, આ મારું શરીર છે. પ્રભુ! તું ક્યાં ગયો? કહે છે. અમૃતનો સાગર મૃતક કલેવરમાં મૂર્છાણો મોટું કલંક લાગ્યું તને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મનનો વિષય લીધો છેને? ૯૬માં નહિ? મનનો વિષય આ છ દ્રવ્ય આદિ લીધા છે. પછી આ લીધું છે. છ દ્રવ્ય, સ્પર્શ એ બધો મનનો વિષય છે, ઇન્દ્રિયનો વિષય છે. આહા..હા..! મન પણ ઇન્દ્રિય છે. આહા..હા..! એ છ દ્રવ્ય, ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પણ મનનો વિષય છે. ૯૬માં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજી રીતે કહીએ તો સર્વજ્ઞ પરમાત્મા આદિ ઇન્દ્રિયમાં ગણાય છે. જેવું આ શરીર ઇન્દ્રિય છે જડ, એવું ભાવઇન્દ્રિય છે કે જે એક-એક ઇન્દ્રિય એક-એક વિષયને જાણે, ભાવઇન્દ્રિય. એટલે? ખરેખર તો ભાવઇન્દ્રિય એટલે ખંડ-ખંડ જ્ઞાનને જણાવે. ભગવાન અખંડ પ્રભુ.. આહા..હા..! ભાવઇન્દ્રિય ખંડ-ખંડ જ્ઞાનને જણાવે. એટલે ખરેખર તો એ પણ જ્ઞાયકથી પરવસ્તુ જ્ઞેય છે.

**શ્રોતા :-** એ પુદ્ગલના પરિણામ કહેવાય કે નહીં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવઇન્દ્રિય. એ પુદ્ગલિક પરિણામ એક ન્યાયે એને કહેવાય. આહા..હા..! અથવા ક્ષયોપશમભાવ એનો સ્વભાવ નથીને. એમ કહ્યું છેને છ બોલમાં નહિ? રસ-ગંધ નથી, ૪૯માં. ભાવઇન્દ્રિય. જેમ ક્ષયોપશમ એનો સ્વભાવ નથી, માટે સ્વભાવથી જાણે તે અલિંગગ્રહણ છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ!

કહે છે, આ ચોથો બોલ. '**સ્વયં ઉપલભ્યમાન છે...**' પોતાથી સમીપમાં અનુભવ થાય. આહા..હા..! વસ્તુ છે આ તો. મોટી ગંભીર વસ્તુ છે. લોકોને બાહ્યની પ્રવૃત્તિ આડે અંતર વસ્તુ શું છે એને શોધવાની દરકાર નથી. સાધુ થઈને આ કરું.. આ કરું ને આ કરું.. આહા..હા..!

**શ્રોતા :-** વિલાયત જઈને ભાષણો કરવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં ભાષણ-બાષણ કોણ કરે? એ તો જડની ક્રિયા છે. આહા..હા..! એ કાંઈ એને તો અંગ્રેજી આવડતું નહોતું. એક સ્થાનકવાસી સાધુ ગયો, મુહપત્તિવાળા વિલાયત (ગયા).. રેલમાં બેસી. રેલ શું ઓલામાં. પ્લેનમાં. અંગ્રેજી આવડે

નહિ, હિન્દી બોલવું એટલે માણસ કેટલા ભેગા થાય? સો-દોઢસો હોય. અહીંના હોયને જાણીતા, દેશના ભેગા થાય. આહા..હા..! ધર્મ પ્રભાવના. અરે..! ધર્મનું તને ભાન નથી ને. આહા..હા..!

**શ્રોતા :-** એ દેશ જોવા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દેશ જોવાનો.. એ બધી ભ્રમણાઓ... ભ્રમણાઓ. આહા..હા..! ભાષા કોણ કરે, ભાઈ? ભાષાવર્ગણા એને જે સમયે શબ્દરૂપ થવાનું હોય ત્યારે એ શબ્દરૂપે ભાષા પરિણમે છે. આત્મા એને પરિણમાવે છે અને આત્મા ભાષા કરે છે એમ છે નહિ. આહા..હા..! એ આવશે આગળ. ૫૦ થી ૫૫ (ગાથા). નોકર્મ. શરીર, ઈન્દ્રિય આદિ નોકર્મ આદિથી ભિન્ન છે ભગવાન. આહા..હા..! શબ્દ, વાણી, શરીર, મન એ બધા નોકર્મ છે. આહા..હા..! શરીર, વાણી ભલે નોકર્મ છે, પેલું કર્મ છે. એનાથી અનુભૂતિસ્વરૂપ ભગવાન ભિન્ન છે. હવેની ગાથામાં આવશે. આહા..હા..! એ ધાર્યું હોય પણ એને અંદર તૈયાર કરી લે. સમજાણું કાંઈ? આહા..હા..! શરીરથી ભગવાન જુદો અનુભવમાં આવે છે. આહા..હા..!

**'સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક...'** આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પુણ્ય છે; હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપ છે; એ પુણ્ય અને પાપ કર્મનો વિપાક છે, એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! પઠન-પાઠન હજી એ (કરવાની) નવરાશ જેને નથી. પઠન-પાઠન, ભગવાનનું સ્મરણ.. છે? ઓલામાં છે. બંધ અધિકાર છેને? કેટલામી છે એ? પડિક્કમણામાં છે, નહિ? ૧૮૯. ૧૮૯ કળશ? પાનું નહિ. પાનું તો ૧૮૯. પાનું ૧૮૯માં નથી. કળશ. પ્રતિક્રમણ છેને. બસ એ. પઠન-શાસ્ત્રનું પઠન, પાઠન-સાંભળવું, સ્મરણ કરવું, ચિંતન, સ્તુતિ, વંદના એ બધો ક્રિયાનો વિકલ્પ રાગ છે. હવે જેને પઠન-પાઠનની પણ નવરાશ ન મળે. આહા..હા..! આવે છેને? અહીં તો કહેવું છે કે પાપના પરિણામ (અને) પઠન, પાઠન, સ્મરણ આદિ પુણ્યના પરિણામ, બેયથી ભિન્ન ભગવાન છે. આહા..હા..! હવે જેને હજી એકલા પાપના પરિણામ સિવાય પઠન-પાઠન, સ્મરણમાં પણ જે આવ્યો નથી, હવે એને શુભભાવથી રહિત શી રીતે બેસે એને? આહા..હા..!

પઠન. જુઓને ભાષા કેવી લીધી છે. 'પઠન-પાઠન-સ્મરણ...' સર્વજ્ઞ પરમાત્માનું સ્મરણ કરવું એ પણ એક શુભવિકલ્પ, રાગ છે, એ કોઈ વસ્તુ ધર્મ નથી. આહા..હા..! ચિંતવન કરવું. આહા..હા..! શાસ્ત્રોને વાંચીને એનું ચિંતવન (કરવું) એ પણ એક શુભભાવ છે, આત્મા નહિ, એ ધર્મ નહિ. આહા..હા..! જગતને.. સ્તુતિ-ભગવાનની સ્તુતિ કરવી સર્વજ્ઞ પરમેશ્વરની. એ શુભભાવ વિકલ્પ છે, રાગ છે. વંદના ઈત્યાદિ અનેક ક્રિયારૂપ વિકલ્પ વિષ સમાન કહ્યા છે, ઝેર કહ્યા છે. આહા..હા..! પ્રતિક્રમણનો અધિકાર છેને. આહા..હા..! અશુભભાવ—હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ તો પાપરૂપી ઝેર છે અને આ પઠન-પાઠન, સ્મરણ, ચિંતન, સ્તુતિ, વંદના આદિ શુભભાવરૂપી ઝેરનો ઘડો છે. અરે..! કેમ બેસે જગતને?

આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારે અમૃત કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમૃત તો ઓલો અમૃતનો અનુભવ હોય એને અમૃત કહેવાય છે. એય..! જેને આત્માના આનંદનો અનુભવ—પુણ્ય-પાપરહિતનો અનુભવ હોય એના શુભભાવને અમૃતનો આરોપ આપીને અમૃત કહેવામાં આવે છે, છે તો ઝેર. આહા..હા..! એને કહેવાય. આરોપ છેને. નિશ્ચયનો એને આરોપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પાંચમો બોલ ઈ. **'જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો...'** શુભાશુભભાવમાં પ્રસરતો જીવ એ તો **'કર્મનો વિપાક છે, તે પણ જીવ નથી...'** આહા..હા..! આવું કામ. અરે..! જગતને સત્ય સાંભળવા મળે નહિ એ બિચારા ક્યાં જાશે? સમજાણું કાંઈ? ઓલા ધર્મને નામે પૈસા આપેને બહુ તો એને એમ થઈ જાય કે આહા..હા..! તમારે નહિ કાંપમાં? ઓલા સી.યુ. શાહ. સાત લાખ રૂપિયા આપ્યા. ક્ષયનું છે. ના, સાત લાખ કીધા. સાત લાખ કહેતા હતા. એના સાત અને ઓલામાં સવા લાખ. અંગ્રેજી. એ તો ત્યાં જ કહ્યુંને? ત્યાં કહ્યું હતું. વ્યાખ્યાનમાં આવતા સવાર, બપોર, રાતે ત્રણે વાર. બાયડી-ભાયડો બે છે અને પૈસા પેદાશ બહુ થાય છે. એટલે એક ઠેકાણે નવ લાખ આપ્યા છે. પૈસા. એટલે જાણે આમાંથી ધર્મ થઈ ગયા જાણે. ધૂળેય નથી સાંભળને કીધું. આવતા બિચારા સવાર, બપોર, રાત ત્રણે વાર. ત્રણે વાર. ચર્ચામાં બરાબર આવે. હવે તમારા પૈસા ધૂળમાં આપ્યા માટે થઈ ગયો ધર્મ અને આમાં જન્મ-મરણ મટશે. ધૂળેય નથી કીધું. એય..!

પૈસા ક્યાં એના બાપના હતા? એના હતા? પૈસા જડના છે. પૈસા તો અજીવ છે. જીવ એનો જડનો સ્વામી છે? એ પરમાણુ આત્માના છે? આહા..હા..! એય..! એ પૈસા મારા એ તો અજીવ મારા એમ થયું. આહા..હા..!

**શ્રોતા :-** ...સાંચવતા તો આવડવા જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાચવે ધૂળ. જડ સચવાતા હશે? જડને રહેવું, જડને જાવું એ તો જડની સ્વતંત્ર ક્રિયા છે. આહા..હા..! પૈસા પેદા કરી શકે, એને સાચવી શકે, એને વાપરી શકે એ આત્માની ક્રિયા છે જ નહિ. આહા..હા..! એટલે એમ કે રાખી શકે. રાખી શકતો નથી ને વાપરી શકતો નથી, વિકલ્પ કરે. આહા..હા..! એને બધાને બહુ ઓલું. એના સાળા હતાને જે રમણીકભાઈ. એના મકાનમાં ઉતરેલા. પાંચ કરોડ રૂપિયા, છ કરોડ. એ મકાન સીત્તેર લાખનું. એક મકાન સીત્તેર લાખનું છે. એમાં ઉતર્યા હતા. એ પોતે ત્યાં રહેતા બિચારા. બહુ નરમ માણસ આમ. પછી કહે, મહારાજ! આ મારા બનેવીને જરી જાદુ કરો. એ પૈસા બહુ ખરચે છેને એને એમ થઈ ગયું જાણે આહા..હા..! રમણીકભાઈ નહિ? એ કહે, આમાં જાદુ (કરો). મેં કહ્યું, જાદુ અહીં અમારી પાસે નથી, પણ અમારી પાસે સાંભળે તો જાદુ થઈ જાય એને. અહીં સાંભળે થોડા દી. સાંભળતા બિચારા. નરમ પડી ગયા. એક ફેરી

નામ ન બોલ્યો હું. વ્યાખ્યાન પૂરું થયું. કેમ ભાઈ સમજાય છે? એમ કીધું મેં. હેઠેથી કૂદીને ઉપર આવ્યો. આહા..હા..! નરમ. નીચે બેસી શકતા નથી. ખુરશીએ બેસે. ભાઈ સમજાય છે? વ્યાખ્યાન પૂરું થયું. અને એને આમ હોંશ આવી કે મહારાજ મને બોલાવે છે. હોયને ઉપર શું? મોટું કૂદીને આવેલા. આહા..હા..! બાપુ! આ સમજવા જેવી આ વાત છે, બાકી ધૂળ છે બધી. તમારા પૈસા દીધા ને લીધા. આ નવ-નવ લાખ રૂપિયા હોસ્પિટલમાં. સવા લાખ અહીં. પછી એણે ફોન કર્યો હતો ત્યાં, મહારાજ આવે તો પગલા કરાવજો. પાછું ત્યાં કહ્યું, મહારાજ! મારા ઘરે પગલાં કરજો. ગયા હતા ત્યાં. અરે..! પણ તારા કીધું રૂપિયા ને ધૂળમાં ધર્મ ક્યાં હતો? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** .. મળવા તો આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાંભળ્યું એટલે ઓલું થઈ ગયું એને. આ તો બધું ઉડાવી દે છે મારું તો. દસ-દસ લાખ આપે તો પણ ધર્મ નહિ, એના જન્મ-મરણ મટે નહિ. આહા..હા..! એ આપવાનો ભાવ રાગ છે એ સંસાર છે. શુભભાવ સંસારમાં પ્રવેશ કરે એને ભલો કેમ કહેવો? આહા..હા..! જે શુભભાવથી સંસાર થાય એને ભલો કેમ કહેવો? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, પુણ્ય અને પાપના ભાવથી.. છે? '**જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે...**' એ તો કર્મનો વિપાક છે. ભગવાનનો વિપાક-ફળ નથી એ કાંઈ. આહા..હા..! શુભ અને અશુભભાવ. ભગવાનની ભક્તિ, સ્મરણ, જાપ આદિ, પઠન-પાઠન આદિ બધો શુભભાવ. આહા..હા..! એ અને અશુભભાવ કર્મનો વિપાક (છે), એ જીવ નહિ. આહા..હા..! એ કર્તાપણાની વ્યાખ્યા. શુભભાવનો કર્તા થાય એ જીવ નહિ. પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય (એ જીવ નહિ). એ જીવ તો નિર્મળ જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ વિકારનો કર્તા થાય તો આખો વિકારી છું એમ માન્યુ એણે. આહા..હા..! બહુ બાપા! જન્મ-મરણના દુઃખો, એનાથી મુક્ત થવાનો ઉપાય આકરો-ઝીણો છે. આહા..હા..!

'**સમસ્ત જગતને...**' ભાષા જોઈ! આખા જગતમાં. '**પુણ્યપાપરૂપે વ્યાપતો...**' આહા..હા..! એવા શુભ-અશુભભાવ તો એકેન્દ્રિય જીવને પણ હોય છે. લસણ અને ડુંગળીના જીવ એને પણ પુણ્ય-પાપના ભાવ હોય છે, શુભ-અશુભભાવ. ક્ષણે શુભ, ક્ષણે અશુભ, ક્ષણે શુભ.. ધારા ચાલી આવે એની. કર્મધારા એની છે. આહા..હા..! એ તો કર્મનો વિપાક છે. જડનું ફળ છે, એ ચૈતન્યનું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સમસ્ત જગતને...**' આખું જગત પુણ્ય-પાપમાં વ્યાપી ગયું છે, કહે છે. આહા..હા..! અરે..! જગતના જીવો! સમસ્ત પુણ્યપાપરૂપે પ્રસરેલો કર્મનો પાક છે એ તો. આહા..હા..! '**તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો...**' એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ ઝેરસ્વરૂપે ભગવાન એને કહે છે. આહા..હા..! એનાથી '**અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ**

જીવ...' એ તો કર્મનો વિપાક કીધો જડ. શુભ-અશુભભાવ એ તો કર્મ જડનો વિપાક, એ તો અજીવ કીધો એને. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુભાશુભ ભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' જેને રાગથી ભિન્ન પાડીને ભગવાન ભેદજ્ઞાનથી જણાય છે આત્મા એવા સમ્યગ્દૃષ્ટિ અથવા ભેદજ્ઞાનીઓ વડે એ શુભાશુભભાવથી અન્ય જુદો સ્વયં પ્રત્યક્ષ ઉપલભ્યમાન-અનુભવમાં આવે છે. આહા..હા..! સમયસાર.. સમયસાર...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. જુદું પાડ્યું છે.

શુભ-અશુભભાવ—પંચમહાવ્રતનો, પાંચ અવ્રતના—બેય શુભાશુભભાવ કર્મનો વિપાક છે. આહા..હા..! અહીં તો વ્રત ને સંયમ ને કાંઈક કર્યા તો ધર્મ થઈ ગયો લ્યો એને.

**શ્રોતા :-** ચારિત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી ચારિત્ર. અજ્ઞાન છે, સાંભળને! આહા..હા..! એ તો વ્રતના પરિણામ પણ ઝેરના છે. પુણ્યનો વિપાક થયો છે, આત્માનું ફળ નથી એ કાંઈ. આહા..હા..! ભારે આકરું કામ. અરેરે..! ચોર્યાસીના અવતારમાં રખડતા. આ વળી રેલ હેઠે એક સેકન્ડમાં કચરાઈ જાય છે. આ મુંબઈમાં ઓલા શું કહેવાય? બસમાં. આમ નીકળ્યા હતા તો માથુ તૂટી ગયું. બસમાં. માણસ ભેગા થયા. એક સેકન્ડમાં. બિચારો ક્યાંક જાતો હતો. આહા..હા..! સ્થિતિ પૂરી થાય ત્યાં દેહ તો એની સ્થિતિએ વર્તશે. કાંઈ આત્માને લઈને વર્તશે એમ છે નહિ. આહા..હા..! મડદું થઈને.. લોહીજાણ બસમાં હેઠે. પેલો નહોતો આપણે? ફોટોગ્રાફી. પૂનમચંદ, પૂનમચંદ. થાણા-થાણા. અહીં આવતાને ફોટો.. એ ઓલા શું કહેવાય તમારે? સ્કુટર. સ્કુટર? એમાં જાતો હતો સ્કુટરમાં. એમાં અથડાણો. પડ્યો એમાં ઓલાનું માથે પૈડું આવી ગયું ખટારાનું. ભૂક્કો, માથાનો ભૂક્કો. પૂનમચંદ અહીં આવતા. ફોટોગ્રાફી. આ પૂનમચંદ નહિ હોં મલૂપચંદના. એ તો ફોટોગ્રાફર હતા. ભૂક્કો આમ આખો. દેહની સ્થિતિ એ પ્રમાણે થવાની એમાં રોકે કોણ એને? આહાહા..! ધ્યાન રાખ્યું હોત તો આમ ન થાત, એ વાત જૂઠી છે. એવી વાત છે આ. એ નવી-જૂની અવસ્થાએ પ્રવર્તવું એ તો જડ શરીર છે. આહા..હા..!

ભગવાન આત્મા એ પુણ્ય-પાપના ભાવના વિપાકથી ભગવાન અંદર ભિન્ન છે. એ રાગથી ભિન્ન પાડનાર સમકિતીને ભેદજ્ઞાનીઓને સ્વયં પ્રત્યક્ષ ભગવાન આત્મા આનંદનો નાથ છે એમ અનુભવમાં આવે છે. માટે એ પુણ્ય-પાપના વિપાકથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાંચમો બોલ થયો. પાંચમો થયોને?

હવે '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ...**' હવે વેદનમાં આવે. શાતાનું વેદન કલ્પનામાં સુખરૂપ, અશાતાનું શરીરમાં રોગ.. રોગ.. રોગ. આહા..હા..! એક તસુમાં ૯૬ રોગ શરીરમાં છે, એવા આખા

શરીરમાં રોગનું ઘર છે આ. એ જ્યારે બધા રોગ ફાટે ત્યારે એને અંદરમાં અશાતાનું વેદન (થાય) એ પુદ્‌ગલનું ફળ છે, આહા..હા..! એ આત્માનું નહિ. આહા..હા..! એમ શાતાનું વેદન. પાંચ-પચાસ લાખ પૈસા મળ્યા હોય, છોકરા સારા હોય, બાયડી ઠીક હોય. એ.. અમે સુખી છીએ. મૂઢ છો સાંભળને. એ સુખની કલ્પનાનું વેદન એ તો દુઃખ છે. એ દુઃખ એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! આવું છે સ્વરૂપ.

આ જુઓને! ..ભાઈ દામોદરભાઈનો. જુવાન માણસ છે. નરમ માણસ છે. .. છેને ભાઈ છે કે નહિ? નથી આવ્યા? અત્યારે નહિ આવ્યા હોય. જુવાન માણસ. ઈન્દોરમાં ભણાવવા ગયો હતો. નહિ? ઈન્દોરને? શિક્ષણ શિબિરમાં. એના ભાઈનો દીકરો જુવાન. બેઠા પછી માંડ-માંડ જાલીને લાવે. જુવાન અવસ્થા પણ શરીરની દશા. કેટલા વર્ષ થયા હશે? ૨૫? ૨૫. બે-ત્રણ વર્ષથી છે. આહા..હા..! એ જડની દશા, બાપા! આહા..હા..! જુવાન અવસ્થા છે અને નરમ છે હોં! પાછો .. જાણ.. છે ઈન્દોરમાં શિક્ષણ શિબિર ચાલી હતી ને? છોકરાને ભણાવવા ગયો હતો ત્યારે સારું હતું. પછી કોણ જાણે શું થઈ ગયું? આહા..હા..! આપણે મકનભાઈ નહિ? .. હતા. એવું જ ત્યાં હમણા વીંછીયામાં થયું. મણિભાઈનો દીકરો છે. તમારે પ્રવિણનો સાળો. એને આમ-આમ થાય. મેં કીધું, આ કરે છે શું આ? વજુભાઈ છેને એનો દીકરો પ્રવિણ એનો સાળો છે. પછી આમ જાલી રાખે ત્યારે રહે. આમ હાથ રાખે. આમ હાથ રહે. એ જડની અવસ્થા છે, બાપા! તું શું કરે? આહા..હા..!

એનું જે વેદન છે કે મને દુઃખ છે, એ વેદન છે એ કર્મનો વિપાક છે, એ આત્માનો નહિ. આહા..હા..! એ આત્માનું વેદન નહિ. આહા..હા..! એ અજીવનું વેદન છે. અરે.. પ્રભુ! એમ શાતા કાળે નિરોગ શરીર જુવાન અવસ્થા. આહા..હા..! ફાટ-ફાટ ફૂટતું શરીર હોય આમ સુંદર અને એ મેસુબ ને પતરવેલિયા ખાતો હોય. પતરવેલિયા સમજો છો? એ અળવીના પાન નથી આવતા? અળવી. અળવીના પાન. પછી ચણાનો લોટ કરીને કટકા કરીને તેલમાં તળે. પતરવેલિયા કહેવાય એને. ભજીયા જેવું. મેસુબ ને પાછા પતરવેલિયા ને નિર્દોષ શરીર પચ્ચીસ વર્ષનો જુવાન. આહા..હા..! કહે છે કે એ વેદન તને જડનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત...**' સમસ્ત જગત આખું. '**તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ...**' આહા..હા..! સુખદુઃખની કલ્પના એ કર્મનો અનુભવ છે, આત્માનો એ અનુભવ નહિ, આત્મા નહિ એ. આહા..હા..! આ બાઈ છેને અત્યારે લ્યોને નવલબેન. છેને ત્યાં તમારે જોરાવરમાં એના મકાન છે. શાંતિલાલ ખુશાલ ગોવામાં. પણ અહીં એનું મકાન છે. નવલબેનનું મકાન છે. જોરાવર. એ કહેતા હતા લોકો. આપણને ... નામ છે. હવે પડી છે સવા વર્ષથી. જેની પાસે બે અબજ અને ચાલીસ કરોડ. ધૂળના ઢગલા. આ પડી અસાધ્ય. મડદું. આહા..હા..! એમાં વેદન જડનું છે, શરીરનું

નહિ, રાગનું વેદન. તે રાગ ખરેખર અચેતન જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને છોકરાના લગન હોય, એકનો એક છોકરો હોય, ૬૦ વર્ષે થયો હોય અને ૮૦ વર્ષે લગન હોય અને પાંચ-દસ લાખ ખરચવા હોય અને નાતમાં પીરસણું-બીરસણું કરીને સોનાની એક મહોર અને સાથે સાકર સવા શેર એમ કરીને હજાર ઘરમાં (વહેંચવાનું હોય) અને એ વખતે જુઓ! એમાં એની વહુ એ વખતે તો સાદ બેસી ગયો હોય તોપણ બોલ્યાબોલ કરે, લવલવ કરે. પણ તમારો સાદ (બેસી ગયો છે). હવે કેદી આવો અવસર આવશે?

વારંવાર ન આવે મૂર્ખાઈના ... આવા. સાદ બેસી ગયો હોય તોપણ ભજીયા ને ઓલું ખાય એટલે અવાજ બેસી જાય. આહા..હા..! એ બધું વેદન પાપનું દુઃખ છે. આહા..હા..! દુનિયા એને માને કે અત્યારે આ સુખી છે. પાગલો એને માને સુખી. એય..! અહીં કહે છે પરમાત્મા...

**શ્રોતા** :- પાગલની નાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાગલની નાત છે મોટી કીધુંને. સમસ્ત જગત કીધુંને. ધર્મી સિવાયના બધા જગત પાગલ છે. આહા..હા..! બેય શબ્દ આવ્યા હતાને? બેયમાં. સમસ્ત જગત સુખ-દુઃખની કલ્પનામાં વ્યાપી ગયેલું છે. આહા..હા..! એ ઝેરના સ્વાદ લે છે. આખી દુનિયા. આહા..હા..! રંકથી માંડી રાજા, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય. આહા..હા..! બધું છેને આમાં એનું? આહા..હા..!

એ **'શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે...'** ગુણ એટલે રાગનું વેદન **'ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ...'** એ તો છે. આહા..હા..! શાતાનું વેદન કે અશાતાનું વેદન એ તો કર્મનો અનુભવ છે, એ જીવ નથી. આહા..હા..! **'કારણ કે સુખ-દુઃખથી જુદો...'** આ હું સુખી છું અને દુઃખી (છું), એવી જે કલ્પના છે વિકાર જડની... આહા..હા..! એનાથી **'જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...'** એ સુખદુઃખની કલ્પનાથી ભેદ પાડતાં સ્વયં પ્રત્યક્ષ આનંદનો અનુભવ થાય એ સુખદુઃખથી ભિન્ન છે. આહા..હા..! પહેલું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોવું એના ઠેકાણા ન મળે અને આ વ્રત ને સંયમ ને ક્રિયા એકડા વિનાના મીંડા મોટા લઈને બેસે. અભિમાની પછી થઈ જાય. આહા..હા..!

**શ્રોતા** :- શુભ તો સારું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એટલે શું? શુભ સારું એ તો અપેક્ષા વ્યવહારથી કહેવાય, નિશ્ચયથી એ ઝેર છે. સંસારમાં દાખલ કરે એને સારો કેમ કહેવાય? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, ભજન-ભજન-ભજન ભગવાનનું ભજન એ બધો શુભભાવ સંસારમાં ભવભ્રમણ કરાવે. આહા..હા..! આવી વાતું છે.

એ પ્રત્યક્ષ અનુભવે છે. સ્વયં ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યસ્વભાવરૂપે પ્રભુ એને

મતિ ને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. આહા..હા..! કેવળીને જ પ્રત્યક્ષ થાય એમ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! સમ્યગ્દર્શનમાં મતિજ્ઞાનથી આત્મા પ્રત્યક્ષ જણાય છે. આહા..હા..! એ છઠ્ઠો બોલ થયો.

સાતમો. **'શિખંડની જેમ ઊભયાત્મકપણે મળેલાં...'** આત્મા અને કર્મ બંને મળેલા જીવ નથી. શિખંડમાં જેમ ખટાશ અને મીઠાશ. દહીંની ખટાશ અને સાકરની મીઠાશ બે થઈને શિખંડ (થાય), એમ આત્મા અને કર્મ બે થઈને આત્મા (છે) એમ નથી. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ અને આ રાગાદિ, કર્માદિ તે જડસ્વરૂપે છે. **'બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો...'** ઓહોહો..! એ શુભ-અશુભકર્મ જે છે અથવા એનો ભાવ આદિ એનાથી જુદો **'અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...'** આહા..હા..! હાથીને ચુરમુ અને ઘાસ નાખે. ઘાસ પુળા-પુળા. પુળા હોય એના પડસા. પડસા સમજ્યાને? પહોળા. એ ચુરમું એમાં ભેગું કરીને ખાય. પડસા પહોળા હોયને? પડસા સમજો છો? ઘાસ હોયને એના પુળા હોય એને પડસા કહે છે. એ નાખેને અધ મણ અને પાંચ શેર-દસ શેર ચુરમું. એ પડસામાં ભેગું કરીને ખાય. ઢોર છેને.

એમ અહીંયાં આત્માને કહે છે, પુણ્ય-પાપના ભાવને ભોગવે, આહા..હા..! એ જડને ભોગવે અને આત્માને ભોગવું છું એમ એ માને છે. આહા..હા..! સ્ત્રીના રમતમાં ભોગ કાળે સ્ત્રીના શરીરને એ અનુભવતો નથી. એ તો જડ છે, એ તો અજીવ છે. એ માંસ અને હાડકા છે, ચામડા છે. ભગવાન આત્મા તો રંગ, ગંધ, રસ વિનાની ચીજ છે. એ વખતે એને રાગ થાય છે કે આ ઠીક છે એવા રાગને અનુભવે છે. સમજાણું કાંઈ? એ આત્મા અને રાગ બે ભેગા છે એમ નહિ. આહા..હા..! માને છે કે હું આને ભોગવું છું. કૂતરો હાડકા ચાવતા એની હાડકાની કણી દાઢમાં વાગે, લોહી નીકળે. લોહી તો પોતાથી નીકળેલું ચાટે છે, એ હાડકામાંથી નથી (આવ્યું). આહા..હા..! એમ શરીર માંસ ને હાડકા, ચામડા, લોહી ને પેશાબ ને વિષ્ટાથી ભરેલું છે એ તો. આહા..હા..! એને જીવ ભોગવવા કાળે એને ભોગવતો નથી. આહા..હા..! એનું લક્ષ જતાં આ ઠીક છે એમ એને મજા લાગે છે એવો જે રાગ, રાગને અનુભવે છે. આહા..હા..! અને સર્પ અને વીંછી કરડ્યો અને ઝેર આમ ચડી ગયું હોય એ વખતે અણગમો-દ્વેષને અનુભવે છે, વીંછીના કરડને નહિ. સર્પ કરડે એ તો જડ રજકણો છે. આહા..હા..!

અહીં તો એમ કહે છે, બે થઈને આત્મા છે એમ નહિ. વિકારી પરિણામ અને આત્મા બે છે એમ નહિ. બે ભોગવે એમ નહિ. વિકારી પરિણામને અજ્ઞાની ભોગવે છે. આત્મા એનાથી જુદો છે. આહા..હા..! **'શિખંડની જેમ ઊભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી...'**

અનેરો **'અન્ય ચૈતન્યસ્વભાવરૂપ...'** ભગવાન આત્મા એ તો જાણક ચૈતન્યસ્વભાવરૂપ જીવ **'ભેદજ્ઞાનીઓ વડે...'** એ પુણ્ય-પાપના ભાવથી, સુખ-દુઃખના ભાવથી ભેદ પાડનાર ધર્માત્મા વડે.. આહા..હા..! પ્રત્યક્ષ ઉપલભ્યમાન છે. આત્મા પ્રત્યક્ષ આનંદના વેદનવાળો પ્રત્યક્ષ છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! એ સાતમો બોલ થયો.

**'અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ...'** આઠેય કર્મ ભેગા થઈને આત્મા થયો એમ નથી. જેમ ચાર પાયા, બે ઈસ અને ઉપળા. આઠ થઈને ખાટલો થાય. એ ખાટલો તે સૂનારો જીવ નથી. એ ખાટલો... ખાટલો સમજો છો? ચાર પાય હોય છેને? બે ઈસ, બે ઉપળા. આઠ થઈને ખાટલો. એમ અહીં કહે છે આઠ કર્મ ભેગા થઈને આત્મા. પણ ખાટલામાં સુનારો જેમ જુદો છે, એ આઠેય કર્મના ખાટલાથી ભગવાન આત્મા જુદો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## જેઠ સુદ-૧૩, ગુરુવાર, તા. ૧૦-૦૬-૧૯૭૬,
## ગાથા-૪૪, કળશ-૩૪
## પ્રવચન નં. ૯૧

સમયસાર, ૪૪-ગાથા. ટીકા પૂરી થઈ. ભાવાર્થ. બહુ ટૂંકું છે પાછળનું.

**'ભાવાર્થ :- ચૈતન્યસ્વભાવરૂપ જીવ,...'** જેનો સ્વભાવ જાણવું-દેખવું છે. સ્વભાવવાન એ આત્મા અને ચૈતન્યસ્વભાવરૂપ જીવ એ સ્વભાવવાન. ચૈતન્યસ્વભાવ એ સ્વભાવ. **'પરભાવોથી જુદો,...'** છે ઈ. જેટલા અધ્યવસાન આદિ ભાવો કહ્યા એનાથી તો જુદો છે ચૈતન્યવસ્તુ. **'ભેદજ્ઞાનીઓને...'** એ રાગથી ભિન્ન પાડનાર ધર્માત્માને અનુભવગમ્ય છે એ. જ્ઞાયકપ્રભુ ચૈતન્યસ્વભાવ એ અનુભવગમ્ય છે. એનું અસ્તિત્વ સ્વભાવિક ચૈતન્યસ્વભાવરૂપ છે એવો અનુભવ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી.'** રાગ તે પુણ્ય અને સુખ-દુઃખની કલ્પના કે પુણ્ય-પાપનું થવું એ આત્મા છે એમ છે નહિ.

**'અહીં પુદ્ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર (-પુદ્ગલને જ આત્મા જાણનાર)...'** એ પુદ્ગલના જ પરિણામ પુણ્ય-પાપના આદિ. **'(તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી) મીઠાશથી (અને સમભાવથી) જ આ પ્રમાણે ઉપદેશ કરવો...'** સમભાવથી કહેવું એમ કહે છે. **'એમ કાવ્યમાં કહે છે :-'** ૩૪.

विरम किमपरेणाकार्यकोलाहेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः।।३४।।

'**શ્લોકાર્થ :- હે ભવ્ય!**' કહે છેને કે આમ કર, ત્યારે કો'કને ઉદ્દેશીને કહે છેને? એટલે (કહે છે), '**હે ભવ્ય!**' આહા..હા..! ધર્મને પામવાને લાયક જીવ હે ભવ્ય! એમ કહીને સંબોધે છે. '**તને...**' '**अपरेण**' વસ્તુના સ્વભાવથી વિરૂદ્ધ એવા કામથી '**નકામો કોલાહલ કરવાથી શો લાભ છે?**' વસ્તુનો જે સ્વભાવ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનાથી અપર નામ વિરુદ્ધ ભાવ પુણ્ય-પાપ, રાગાદિ વ્યવહારથી થાય એમ કહે છેને લોકો? વ્યવહારથી થાય. એનો મોટો ઝઘડો છે અત્યારે. વ્યવહારથી થાય, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે—એ તો જ્ઞાન કરાવવા વાત કરી છે. એ કોલાહલ નકામો છે, કહે છે. વ્યવહાર એ રાગ છે, વિકલ્પ છે. આહા..હા..!

**શ્રોતા :-** રાજવાર્તિકમાં વ્યવહારનો નિષેધ કર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી જ. નિષેધ, ના જ પાડી છે. એની વાત જ કરી નથી. એ તો સીધો ભગવાન આત્મા જણાય એવી વાત કરી છે.

બીજો '**अपरेण**' કીધુંને? '**अपरेण**'. '**अपर**' એટલે સ્વભાવ સિવાય '**अपर**' એટલે બીજો. એ એટલે વ્યવહાર વિકલ્પાદિ બીજો. સ્વ ચૈતન્યસ્વભાવરૂપ ભગવાન આત્મા એના સિવાય બીજો. એટલે પુણ્ય-પાપ વિકલ્પ વગેરે વ્યવહાર એવું અકાર્ય. એ તો નકામું છે, એ કાંઈ કાર્ય નથી તારું. '**નકામું કોલાહલ કરવાથી શો લાભ છે?**' આહા..હા..!

'**विरम**' '**એ કોલાહલથી તું વિરક્ત થા...**' આહા..હા..! વ્યવહારથી થશે ને રાગથી થશે ને... એનો અર્થ જ એ રાગ છે એને આત્મા માન્યો. જેનાથી થશે એ એનો સ્વભાવ માન્યો. આહા..હા..! '**विरम**' એ વિકલ્પની જંજાળ-જાળથી વિરક્ત થા. જુઓ આ વિરક્ત. બહારનો વિરક્ત થાય છે પણ અંદરમાં વિરક્ત નથી. આહા..હા..! '**એ કોલાહલથી તું વિરક્ત થા...**' આહા..હા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા મોજૂદ બિરાજે છે પરમાત્મરૂપ, સમયસાર સ્વરૂપ. એનાથી અનેરા આઠ કહ્યા એ બધા.

અહીં એ આવ્યુંને? પુણ્યમાં વ્યાપેલો છે કર્મનો ભાગ એ આત્મા છે. એનો અર્થ થયોને? કે રાગમાં વ્યાપ્યો છે એ રાગથી આત્માને લાભ થાય. એ બધા પરને આત્મા માને છે. એમ કે રાગની મંદતા એ છેલ્લો હોય છેને? અને એને છોડીને થાય, પણ એનો અર્થ શું થયો? એનાથી ન થાય. એ વિભાવસ્વભાવ છે, એ ચૈતન્યસ્વભાવ નથી. આહા..હા..! આવી વાત! શો તને અકાર્ય કોલાહલ? જે મિથ્યાત્વનો ભાવ એ તો અકાર્ય છે, એ કાંઈ તારું કાર્ય નથી વસ્તુનું. નકામો એટલે અકાર્ય નામ કાર્ય વિનાનો નકામો કોલાહલ. આહા..હા..!

'**એક ચૈતન્યમાત્ર વસ્તુને...**' '**एकम्**' એકરૂપ ચૈતન્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, સામાન્ય સ્વભાવ, અભેદસ્વભાવ એ બધો એક ચૈતન્યમાત્ર વસ્તુને કહેવામાં આવે છે. આહા..હા..! '**એક ચૈતન્યમાત્ર વસ્તુને...**' '**स्वयम्**' પોતે પ્રત્યક્ષ કરીને '**નિશ્ચળ લીન થઈ...**' '**निभृतः**' બીજા ચિંતાઓના વિકલ્પથી છૂટીને. આહા..હા..! '**निभृतः**' નામ બીજી ચિંતાથી છૂટીને. આહા..હા..! '**નિશ્ચળ લીન થઈ...**' આહા..હા..! '**पश्य**' અનુભવ કર. '**पश्य**' અનુભવ કર એને. એને '**દેખ;...**' ચૈતન્યસ્વરૂપ આખો છે. અને એમાં પ્રમેય નામનો ગુણ છે જેથી તને જ્ઞાનમાં તે અનુભવમાં આવશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ક્રિયા કરવાથી અને ફલાણાથી (અનુભવમાં આવશે) એમ નથી. શ્રીમદ્‌માં પણ એમ આવ્યુંને? 'સર્વ જીવ છે સિદ્ધસમ જે સમજે તે થાય.' પણ એને એ વ્યવહારમાં પાછા... 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરે...' એ નાખ્યું છેને? એ જ નાખે છે અત્યારે બધા ઘણાં. આજે પણ નાખ્યું જૈનપ્રકાશમાં. આહા..હા..!

ભાઈ! કહે છે એ '**पश्य**' એ ચૈતન્યસ્વરૂપ છે તેને અનુભવ. એને અનુભવવામાં પરની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? એ વિકલ્પનો કોલાહલ અટકાવનાર છે, મદદગાર નથી. આહા..હા..! રાગની મંદતા આદિના વિકલ્પો, વિચારો એ અનુભવમાં વિઘ્નકારી છે. આવું છે. '**निभृतः**' નામ ચિંતા બધી વિકલ્પની છોડી દઈ સ્વયં પ્રત્યક્ષ અનુભવ કર. આહા..હા..! એ સ્વયં આવ્યું હતું આપણે સવારમાં. સ્વયં ઉપલભ્યમાન. એ આમાં આવ્યું છેને. આમાં જ છે આ. એનું જ નાખ્યું. સ્વયં ઉપલભ્યમાન. આનંદનો નાથ જ્ઞાયકસ્વરૂપ પોતે જ તને અનુભવમાં આવશે. આહા..હા..! એના અનુભવ માટે પરની કોઈ અપેક્ષા નથી. આવી વાત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પરમ નિરપેક્ષ કહ્યું છે. નિયમસાર, ત્રીજી ગાથા છેને. પરમ નિરપેક્ષ. વસ્તુનો સ્વભાવ છે એને પરની અપેક્ષા શી?

છ માસ.. પછી જરી કહે છે. '**એવો છ મહિના અભ્યાસ કર...**' સુમનભાઈને છે ને આઠ હજારનો પગાર. એમના દીકરાને. પણ છ વાગે. સવારથી સાંજ સુધી સલવાણા રામજીભાઈ કહે. આમ નરમ માણસ હોં! પણ સવારે છથી સાંજે છ. એવો એનો માણસ.. એક ખાવા આવે બસ. બાકી સાંજે બાર વાગ્યા સુધી. આહા..હા..! રામજીભાઈ કહે, સાંગો સલવાણો. નિવૃત્તિ મળે નહિ. આહા..હા..! અહીં આ ધંધામાં સલવાણોને સાંગો? છોકરાનું કરવું, બાયડીનું કરવું, ધંધો કરવો, આ કરવું. ક્યાં ગયા બાબુભાઈ? રળવું, દુકાનમાં આમ કરું ને આમ કરવું ને આમ કરવું. આહા..હા..! ચોવીસે કલાકમાં કલાક સાંભળવા વખત લે તો, ૨૩ કલાક એકલા પાપમાં. હવે એના ફળ તરીકે તો.. આહા..હા..! એય..! સાધારણમાંથી પશુ થવાના હોં! માંસ-દારૂ ન હોય એટલે મૂળ તો. આકરું કામ ભારે. હિંમતભાઈ! આહા..હા..! આ રળવું, આ આમ કરવું, આ આમ કરવું, આ આમ કરવું. પાપના ભાવ અશુભ. હવે એના ફળ તરીકે—પાપના ભાવના ફળ તરીકે ઢોરની ગતિ મળે, પશુ થાય પશુ. અરર..!

મનુષ્યપણું ચાલ્યું જાય. ક્યારે એને પાછો આવો ભવ થાય?

અહીં તો કહે છે, ઓલા શુભ વિકલ્પ ઊઠે. આવો આત્મા.. આવો આત્મા... કોલાહલ છે. આહા..હા..! વ્યવહાર સુધારશું તો નિશ્ચય થાશે. આહા..હા..! આ અંકમાં કૈલાસચંદજી અને ફૂલચંદજી બેનું નથી આવ્યું. ઈ જોયું, ભાઈ? આ અંક જોયો? આગમપંથમાં. આ અંક જોયો તમે? આવ્યો છે? આવી ગયો છે તમારે? મેં તો આજ જોયો. ત્યાં આવ્યો હશે. એમાં ફૂલચંદજી અને કૈલાસચંદજી બે નામ નથી. ફૂલચંદજીનું તો અહીંના પક્ષના લખેલું એટલે વિરોધ થઈ ગયો લોકોને, એ કારણે. પક્ષ છેને અહીંનો પાકો એને. એટલે ન નાખ્યું. ... કૈલાસચંદજીને વિરોધ છે એનો. આહા..હા..! વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. અહીં એ ધૂળેય નથી, સાંભળને! સ્વને આશ્રયે થાય, પરને આશ્રયે ન થાય. આહા..હા..! લ્યો એ જ કહે છે.

'**છ મહિના અભ્યાસ કર...**' આહા..હા..! જો તો ખરો, એકવાર અંદર જો કહે છે. જેવી સંસારના ધંધાની લગનીના વિકલ્પોમાં જોડાઈ ગયો છે. એ છ મહિના નહિ એ તો વર્ષોના વર્ષ એમાં કાઢ્યા છે. ૨૦, ૨૫, ૫૦ વર્ષ એમાં ને એમાં. આહા..હા..! પણ એક છ મહિના તો આ બાજુ લાવ, કહે છે. એ ખુલાસો કરશે. પ્રાપ્તિ થવી તો એક અંતર્મુહૂર્ત જ છે, પણ બહુ આકરું લાગે તો એને છ માસ (લાગે). મધ્યમ વાત કરી છે.

લગની લગાવ ચિદાનંદ પ્રભુ પ્રત્યે. આહા..હા..! ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવ ધ્રુવભાવ એકરૂપ સ્વભાવ એની ધૂન લગાવ અંદર. આહા..હા..! તને પ્રાપ્ત થશે જ. શ્રીમદ્‌માં આવે છેને?

જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.

અમારી ભવસ્થિતિ હશે, આમ થાશે. રહેવા દેને, મૂકી દેને, પુરુષાર્થ કરને. ત્યાં એમ કહ્યું છે. કળશટીકામાં (કહ્યું) પ્રયત્નથી ન થાય, સહજસાધ્ય છે. એમ પણ કહ્યું પાંચનો નિર્ણય કર્યા પછી. પાંચનો નિર્ણય કર્યોને. આત્મા છે, કર્તા છે...

પાંચેય ઉત્તરની થઈ આત્મા વિશે પ્રતીત
થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીત એ રીત.

આહા..હા..! એનો પાછો અહીં ખુલાસો કર્યો, નહિ? 'જો ઈચ્છો પરમાર્થ તો...' પરમાનંદના નાથની જો તને ભાવના હોય, પૂર્ણાનંદન પ્રભુ પરમાર્થ પદાર્થ એ છે. 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ...' આહા..હા..! સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કર. ભવસ્થિતિ આદિ નામ લઈ (અર્થાત્) કાળલબ્ધિ હશે ત્યારે થાશે, ભવસ્થિતિ પાકશે (ત્યારે થશે), એવો અટકાવ છોડી દે. આહા..હા..! કાળલબ્ધિ હશે ત્યારે થાશે એ વાત કરવી છે એને કે ધારણા કરવી છે કે એનું જ્ઞાન કરવું છે? શું કહ્યું એ? કાળલબ્ધિ હશે તો થાશે એનું જ્ઞાન કરવું છે કે પકડી રાખવી છે વાત? કાળલબ્ધિ હશે ત્યારે થાશે એનું જો જ્ઞાન કરવું હોય તો તે જ્ઞાયક

ઉપર પુરુષાર્થ કર ત્યારે પાંચેય સમવાય સાથે છે. આહા..હા..! સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કર, એ પાંચેય કારણો ભેગા છે અને સ્વભાવ તરફનો પુરુષાર્થ કરતાં એ સમ્યક્ થયું ત્યારે ખ્યાલ આવ્યો કે આ કાળલબ્ધિ પાકી ગઈ, એ કાળલબ્ધિનું જ્ઞાન થયું. આહા..હા..! કાળલબ્ધિ, કાળલબ્ધિ રાખી વાત કરવી છે તારે કે એનું જ્ઞાન કરવું છે? એને જ્ઞાનમાં આવે તો કાળલબ્ધિ કહેવાયને યથાર્થ?

**શ્રોતા** :- દ્રવ્યસંગ્રહમાં છેને કે કાળલબ્ધિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનો અર્થ એ થયો. એ તો દ્રવ્યસંગ્રહમાં છેને. એમ કે કાળ છે પણ એ હેય છે. દ્રવ્યસંગ્રહમાં છે. એ મોટી ચર્ચા થઈ ત્યાં અમારે પહેલી. (સંવત) ૧૯૮૪ની સાલ. રાણપુર ચોમાસુ જાવું હતું ને જેઠ મહિનો હતો. દામનગર હતા. એ જ મારે તો દ્રવ્યસંગ્રહની વાત હતી કે કાળ નિમિત્ત છે પણ એ હેય છે. દ્રવ્યસંગ્રહમાં આવે છે. ગાથા ભૂલી ગયા.

**શ્રોતા** :- ... કાળ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એમાં. હેય છે. એ વખતે તાકડે આ જીવરાજજી સાથે દામોદર શેઠ વાત કરતાં હતા સામે. ઓલે બારણે, હું આ બારણે બેઠેલો. એ કહે પુરુષાર્થ... થવાનું હશે તે થાશે, પુરુષાર્થ કર્યે નહિ થાય. ત્યાં આ વાત કરતાં હતા. હું અહીં (બેઠો હતો). મારે દ્રવ્ય સંગ્રહનું આવ્યું. આમ છે, નિમિત્ત છે અને પોતાની પર્યાયનો નિજકાળ છે એ પણ છે, પણ એ નિજકાળનું જ્ઞાન કોને થાય? પોતાના સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કર્યો ત્યારે કાળ પાક્યો એનું જ્ઞાન થયું, ભવિતવ્યતાનો ભાવ એનું જ્ઞાન થયું, સ્વભાવસન્મુખનો પુરુષાર્થ થયો, સ્વભાવનું જ્ઞાન થયું અને નિમિત્તનો એટલો અભાવ છે તેનું જ્ઞાન—પાંચેય સમવાય એક સાથે છે. ન્યાય સમજાય છે? આહા..હા..!

એથી અહીં કહ્યું '**षण्मासम**' છ માસ અભ્યાસ કર, લગની લગાડ એના ઉપર. આહા..હા..! '**पश्य**' અનુભવ કર. છ મહિના અભ્યાસ (કર) અને તપાસ. '**हृदय-सरसि**' આહા..હા..! જ્ઞાનરૂપી સરોવર ભગવાન આત્મા અને તારી પર્યાયનો પુરુષાર્થ તે ભમરો, એની સુગંધ લે. સરોવરમાં જો. ભમરો થઈને સરોવરને જો. આહા..હા..! છે? '**हृदय-सरसि**'. ભાઈએ એમ કર્યું છે સમયસાર નાટક છેને? સમયસાર નાટકમાં આમાંથી સાર લીધો. હૃદયરૂપી સરોવરમાં ભમરો થઈને તું ત્યાં પી પાણી. આહા..હા..! નિર્મળ પર્યાયરૂપી ભમરો થઈ ત્રિકાળી જ્ઞાયકમાં જા, તને આનંદનો સ્વાદ આવશે. અણુપલબ્ધિ-ઉપલબ્ધિ ન થાય એમ છે જ નહિ. આહા..હા..! અને અભ્યાસ કર ને પ્રાપ્ત ન થાય એ શોભે? એ કહે છે, જુઓ! આહા..હા..!

'**હૃદયસરોવરમાં જેનું...**' '**पुद्गलात्-भिन्नधाम्नः**' રાગથી ભિન્ન જેનું તેજ છે અંદરમાં. આહા..હા..! વિકલ્પથી ભિન્ન. પુદ્‌ગલ એટલે વિકલ્પ... જેનું ધામનું તેજ, ચૈતન્યના તેજથી ભરેલો ભગવાન, ચૈતન્યના નૂરનું પૂર છે. આહા..હા..! એ તને પ્રાપ્ત થશે. પ્રાપ્ત ન થાય

એ શોભે? પુરુષાર્થ કરે ને પ્રાપ્ત ન થાય એ શોભે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'पुद्गलात्-भिन्नधाम्नः'** **'धाम्नः'**નો અર્થ પહેલો કર્યો. **'તેનું તેજ-પ્રતાપ-પ્રકાશ...'** તેજ કહો, પ્રતાપ કહો, પ્રકાશ કહો. **'धाम्नः'**નો અર્થ કર્યો. **'पुद्गलात्-भिन्न'** રાગથી ભિન્ન ભગવાન છે અંદર. આહા..હા..!

જે કાંઈ વિકલ્પો વ્યવહારના છે એનાથી ભિન્ન ભગવાનનું તેજ છે ચૈતન્યનું. આહા..હા..! જેને એ વિકલ્પની અપેક્ષા નથી તેજના અનુભવ માટે. આહા..હા..! આ વાત છે. તેથી ત્યાં કહ્યું 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ,' સત્ય પુરુષાર્થ. સત્યનો અર્થ? સ્વભાવ સન્મુખ પુરુષાર્થ તે સત્ય પુરુષાર્થ છે. આહા..હા..! ભવસ્થિતિ, કાળલબ્ધિ, ભગવાને દીઠું હશે તે દી થાશે—એ વાત રહેવા દે. આહા..હા..! ભવસ્થિતિ નામ લઈને હોં. આહા..હા..! 'છેદો નહિ આત્માર્થ.' પુરુષાર્થને છેદ નહિ, આત્માના પ્રયોજનને છેદ નહિ. આહા..હા..! જેનું પ્રયોજન છે એને સિદ્ધ કર. આહા..હા..! આ બધા ઝઘડા એ છેને અત્યારે. કૈલાસચંદજીનું એ છેને કે વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર.. વ્યવહાર પણ છે. ... એનો અર્થ? વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર આશ્રય કરવાલાયક છે અને એનાથી સમ્યક્ (થાય છે) એમ નથી. આહા..હા..! અરેરે..! એવું છે. .. જ્યાં ત્યાં બધે નાખે. ... જૈનમાર્ગ પ્રવર્તાવ્યો. ... નિશ્ચય અને વ્યવહાર છોડીશ નહિ. એનો અર્થ શું?

**શ્રોતા :-** વ્યવહારને ન છોડો અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે? બેય છે. વ્યવહાર છે, એને નથી એમ ન કર; પણ વ્યવહારને આશ્રયે ધર્મ થાય એમ નથી. વ્યવહાર નથી? ચૌદ ગુણસ્થાન નથી? સાધકપણાના ભાગ નથી? એ બધો વ્યવહાર છે. છે ખરો, પણ એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..!

**શ્રોતા :-** કોઈ-કોઈ ઠેકાણે હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ ઠેકાણે (નહિ), બધે ઠેકાણે આ જ હોય. કોઈ ઠેકાણે નહિ. ૧૧મી ગાથામાં ન કહ્યું? **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થને આશ્રયે કહો કે નિશ્ચયને આશ્રયે. ત્રિકાળી ભગવાન છતો પદાર્થ છે અસ્તિ મહાપ્રભુ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય. તો સ્વ-આશ્રય કીધું ત્યાં. પછી બાકી રહ્યો પર્યાયમાં અપૂર્ણતા અને અશુદ્ધતા બાકી (રહી) એ તો ૧૨મી ગાથામાં કહ્યું કે તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. તે તે કાળે 'જાણેલો' પ્રયોજનવાન છે. વ્યવહાર છે ખરો. જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહિ.

**શ્રોતા :-** કરેલો છે એમ લખ્યું છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરેલું ક્યાં લખ્યું છે? છે? **'तदात्वे'** સંસ્કૃતમાં. **'तदात्वे'** એટલે તે તે કાળે તે પ્રકારની અશુદ્ધતા છે અને તે તે પ્રકારે શુદ્ધતાનો અંશ જે વધ્યો છે એ બધો ભેદ છે, તે તે કાળે તેને તે તું જાણ, બસ. જાણેલો પ્રયોજનવાન છે. આ પણ મોટી તકરાર છેને બધાની? શાંતિપ્રસાદ શાહુજીએ એ લીધું હતું.. જુઓ વ્યવહારનો ઉપદેશ

(કરવો કહ્યું છે). ઉપદેશનો અર્થ શું? ઉપદેશ કરવાની વ્યાખ્યા નથી ત્યાં. ત્યાં તો વાચ્ય જે છે જે પર્યાયની અપૂર્ણતા ને શુદ્ધતા આદિ છે એને જાણવું એનું નામ વાચ્ય છે ઉપદેશનું છે. ઉપદેશ કરવો એની વ્યાખ્યા છે જ નહિ ત્યાં. એય..! ૧૨મી ગાથા છે. '**तदात्वे**' પ્રયોજનવાન છે, એનો અર્થ એ કર્યો છે.

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।

'**ववहारदेसिदा**'. '**देसिदा**'નો અર્થ? કહ્યો એટલે કે એનું જાણવું એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? આવી વાત છે. અર્થ તો એવો ટીકામાં કર્યો છે અમૃતચંદ્રાચાર્યે. ૧૨મી ગાથા.

**શ્રોતા** :- વ્યવહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ વ્યવહાર છે નહિ? વ્યવહાર છે એટલું બસ. વ્યવહાર નથી તો સિદ્ધ અને સંસાર બે ભેદ પડે છે એ વ્યવહાર છે. જીવદ્રવ્ય તો એ કાળે ત્રિકાળ છે, એની પર્યાય છે એ વ્યવહાર છે. ત્રિકાળી નિશ્ચય છે અને પર્યાય વ્યવહાર છે. વ્યવહાર છે ખરો, પણ જાણેલો પ્રયોજનવાન છે. નિશ્ચય આદરેલો પ્રયોજનવાન છે. દેવચંદજી! આવી વાત છે, ભાઈ! તકરાર કરે એમ ન ચાલે, બાપુ! માર્ગ તો આ છે. એને કચડી-મચરડીને અર્થ કરે એમ ન ચાલે, ભાઈ! બાપુ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! ભગવાને કહ્યું છે, શાસ્ત્રમાં છે, વસ્તુની સ્થિતિમાં એમ છે. આહા..હા..!

એટલે અહીં કહે છે, પુદ્‌ગલથી ભિન્ન તને જો તો ખરો. '**पुंसः**' નામ '**આત્માની પ્રાપ્તિ નથી થતી...**' એ શું શોભે છે? આહા..હા..! '**अनुपलब्धिः भाति**' ન પ્રાપ્ત થાય એ શોભે છે? પ્રાપ્ત થાય એ શોભે છે. આહા..હા..! હજી એને આવી સત્ય (વાત) બેસતી નથી અને ગોટા વાળ્યા કરે હવે એને રખડ્યા રખડ. એનું વીર્ય-પુરુષાર્થ સ્વભાવ તરફ વળશે ક્યાંથી? સમજાણું કાંઈ? પછી આવું કાઢે. કીધુંને? સવારમાં કહ્યું હતું, ટીકા કરતાં મારી શુદ્ધિ થજો. અમારા ગુણની વંદન કરતાં અમને તમારા ગુણની પ્રાપ્તિ થશે. '**ज्ञातारं विश्वतत्त्वानां वंदे तद्‌गुण लब्धये।**' બાપુ! આહા..હા..! એ તો વસ્તુની સ્થિતિ છે એમ છે.

એક કોર કહે કે ટીકાકર્તાનો વિકલ્પ છે એ અમારો નથી, અમે તો એના જાણનાર ગુપ્ત છીએ. ટીકા કરી તે અમે નહિ, પુદ્‌ગલની ટીકા છે. આહા..હા..! અમે તો શબ્દો અને વિકલ્પથી ભિન્ન ગુપ્ત આત્મામાં છીએ. અમે વિકલ્પમાં પણ નથી અને શબ્દમાં પણ નથી. આહા..હા..! કહ્યુંને? છેલ્લે શ્લોક. સ્વશક્તિ. શબ્દે સ્વશક્તિએ આ ટીકા કરી છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે, હું તો વિકલ્પ અને શબ્દની પર્યાયથી ભિન્ન મારા સ્વરૂપમાં છું. હું વિકલ્પમાં પણ નથી અને શબ્દ ને અક્ષરમાં પણ હું નથી. આહા..હા..! કેવો સત્યનો ઢંઢેરો છેને! સમજાણું?

'**જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા આત્માની પ્રાપ્તિ નથી થતી**

કે **થાય છે.'** જો તો ખરો. એમ કહે છે. ઓલામાં એવું કહ્યું છે કે **'अनुपलब्धिः भाति'** અપ્રાપ્તિ શોભે એને? આહા..હા..! આજ તો થોડે-થોડે પણ ઘણું છે એમાં. વસ્તુસ્વભાવ જ્યાં પૂર્ણ છે એના તરફ ઢળતા એની પ્રાપ્તિ ન થાય એ કંઈ હોય? આહા..હા..! એની સન્મુખ થતાં એ વસ્તુ જણાય નહિ એમ હોય? એના આત્માનો અનુભવ ન થાય એમ હોય? એમ કહે છે. આહા..હા..! **'पुंसः'** નામ **'આત્માની પ્રાપ્તિ...'** ભાષા છેને? **'पुंसः'** નામ ભગવાન આત્માનું પ્રત્યક્ષ થવું એ ન થાય? થાય જ. આહા..હા..! જુઓને વાણી!

**'ભાવાર્થ :- જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે...'** શું કીધું એ? સ્વરૂપ જે ચૈતન્યસ્વરૂપ એવો ભગવાન આત્મા એ ચૈતન્યસ્વરૂપનો અભ્યાસ કરે.. આહા..હા..! **'તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય;...'** અવશ્ય થાય. આહા..હા..! શું કહ્યું એ? એ સ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન એનો પુરુષાર્થ કરે તો જરૂર પ્રાપ્તિ થાય. આહા..હા..! અંતર્મુખ વળવાનો પુરુષાર્થ કરે અને પ્રાપ્તિ ન થાય એ ત્રણકાળમાં બને નહિ. આહા..હા..!

**શ્રોતા :-** અભ્યાસનો અર્થ અંદર જાવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંતર જવું, અંતર એકાગ્ર થવું. અનુભવ કરવો.

**શ્રોતા :-** જ્ઞાનની પર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનની પર્યાય છે.

**શ્રોતા :-** ભેગું છે એ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું ભેગું છે. એ તરફનું વલણ, એ તરફની એકાગ્રતા. શુદ્ધ ધ્રુવ તરફની એકાગ્રતા.

**શ્રોતા :-** અભ્યાસ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અભ્યાસનો અર્થ આ. કલયન્તિ કહો, અભ્યાસ કહો, અનુભવ કહો. આવે છેને કલયન્તિ? ભાઈ! કળશમાં આવે છે બધા શબ્દો. ઘણે ઠેકાણે આવે છે. ખબર છે. એ એનો અર્થ છે. અભ્યાસનો અર્થ આ અનુભવ કરવાનો અભ્યાસ કરવો. અંતરમાં અનુભવ કરવાનો અભ્યાસ કરવો એ. અભ્યાસ (એટલે) આ વાંચવું ને સાંભળવું એ નહિ. આહા..હા..! આ તો વાતું એવી છે, ભાઈ! એને શ્રદ્ધામાં તો લે કે આ વસ્તુ આવી જ છે. એની શ્રદ્ધામાં બીજું લેશે તો હાથ નહિ આવે ક્યાંય, એનો પુરુષાર્થ અંતર નહિ વળે. આહા..હા..! ભારે કળશ છે! ગજબ વાત! એમાં અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! મારફાડ. કરવત પડે ને કટકા બે ન થાય? છીણી પડે ને કટકા બે ન થાય બને? એમ જેણે રાગ તરફથી રુચિ છોડી સ્વભાવ તરફ રુચિ કરી અને પ્રાપ્ત ન થાય એમ બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એને પ્રાપ્ત થતો નથી તો એનો અર્થ એ કે સ્વભાવ તરફના પુરુષાર્થની ખામી છે. સમજાણું કાંઈ? એક ઠેકાણે આવે છે કળશમાં. કાળલબ્ધિ કાળલબ્ધિ આવે છે. કળશમાં એ આવે છે, સ્વામી કાર્તિકેયમાં પણ આવે છે કે કાળાદિ લબ્ધિ પ્રાપ્ત થઈને, પણ એ બધું

સાથે હોય છે. આહા..હા..! જ્યાં ભગવાન ચૈતન્યસ્વભાવ ધ્રુવ, એના તરફનું ઢલણ-વલણ જ્યાં થયું એ પાંચેય સમવાય એ વખતે સાથે હોય છે. આહા..હા..! જરૂર પ્રાપ્ત થાય, કહે છે. સમજાણું કાંઈ?

'**જો પોતાના સ્વરૂપનો અનુભવ કરે...**' એટલે તે તરફ વલણ કરે એમ. '**તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય; જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય.**' એટલે કે પર એમાં નથી. એમાં નથી એની પ્રાપ્તિ ન થાય. સમજાણું કાંઈ? પુરુષાર્થ ગમે તેટલો કરે તો રાગ પોતાનો ન થઈ જાય, શરીર પોતાનું નહિ થઈ જાય. કેમકે પરવસ્તુ પોતાની કેમ (થાય)? આ તો સ્વ છે. આહા..હા..! શું કીધું જુઓને બે શબ્દમાં. '**જો પોતાના સ્વરૂપનો...**' સ્વરૂપ તો કીધું. ચૈતન્યસ્વરૂપ આત્મા એમ કીધું. ચૈતન્યસ્વભાવરૂપ આત્મા, ચૈતન્યસ્વભાવરૂપ જીવ. એવા ચૈતન્યસ્વભાવરૂપ જીવ એના તરફનો અનુભવ કરે, અભ્યાસ કરે, એના તરફ વલણ કરે તો જરૂર પ્રાપ્તિ થાય. આહા..હા..! પુરુષાર્થને ફાડ-ફાડ કરીને ... આહા..હા..! અને વીર્યનું કાર્ય એ છેને? ૪૭ શક્તિમાં (કહ્યું), સ્વરૂપની રચના કરવી એ વીર્યનું કાર્ય છે. એનો અર્થ એ થયો કે બળ નામનો જે ગુણ છે એ જેમાં છે એવા આત્મામાં પુરુષાર્થ કરતાં સ્વરૂપની રચના નિર્મળ થાય, થાય ને થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

તેથી તો કહ્યું, '**પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય.**' આ તો સ્વ છે. આહા..હા..! આવો ઉપદેશ પછી માણસને કઠણ પડે ને એટલે પછી દયા પાળો ને ભક્તિ કરો, એનાથી હળવે-હળવે થાશે. એ એક નિસરણી છે. અશુભથી છૂટીને શુભમાં આવવું અને શુભથી પછી આમ નિશ્ચયમાં આવવું. એ ખોટી વાત છે. એને છોડીને જાવું એ નિસરણી છે. આહા..હા..!

**શ્રોતા :-** નાની વાત ધીરે-ધીરે તો કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધીર-ધીરે કહીએ છીએને, હળવે-હળવે કહીએ છીએને. પ્રવચનસારમાં તો કહ્યું છે મોટે અવાજે કીધું છે અમે આ બધું જે છે ઈ. છેલ્લા કળશમાં. ગર્જનાથી કીધું છે કે સ્વરૂપ પોતાથી પ્રાપ્ત થાય. એ બધું સ્વાહા હોમ થઈ ગયું. છેલ્લે આવે છેને? આવું કથન પણ સ્વાહા હોમ થઈ ગયું. અંદર પુરુષાર્થ ગયો પછી વિકલ્પ પણ રહ્યો નહિ, કાંઈ રહ્યું નહિ. આહા..હા..! એ કથન સાંભળવાનું રહ્યું નહિ. આહા..હા..! એવી વાત છે, બાપુ! કહો, કાંતિભાઈ! આહા..હા..!

ભગવાન! તું છો કે નહિ? છે એની પ્રાપ્તિ ન થાય એટલે શું? તેં છે એમ કબુલ્યું નથી. એક સમયની પર્યાય અને રાગની કબુલાતમાં તારો અનંતકાળ ગયો, પણ અંદર વસ્તુ છે મહાપ્રભુ જે એક સમયની પર્યાયમાં આવતો નથી અને પર્યાયમાં જણાયા વિના રહેતો નથી. આહા..હા..! તેથી ૧૭-૧૮નો અર્થ કર્યો હતોને મુંબઈ. ૧૭-૧૮ ગાથા છેને? આબાળગોપાળ સદા સૌને અનુભવનારો (અનુભવમાં) આવે છે. ૧૭-૧૮ ગાથા.

આબાળગોપાળ સદા સૌને. વૃદ્ધથી માંડીને બાળક, બાળકથી માંડીને વૃદ્ધ સૌને સદા એની જ્ઞાનની પર્યાયમાં એ વસ્તુ જ જ્ઞાનમાં જણાય છે. કારણ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે, તો સ્વપ્રકાશક દ્રવ્ય જ એના જ્ઞાનમાં આવે છે. આહા..હા..! પણ એનું વલણ દ્રવ્ય ઉપર નથી, એથી એ જ્ઞાનમાં દ્રવ્ય જણાય છે એવી એને પ્રતીત થતી નથી. આહા..હા..! ૧૭-૧૮. ૧૭-૧૮ છેને. આહા..હા..! 'પરંતુ' એમ કહ્યું છે. આહા..હા..! આબાળગોપાળ સૌને સદા અનુભવમાં આવતો હોવા છતાં... છે?

'**અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' છે? ત્રીજો પેરેગ્રાફ છે, ત્રીજો પેરેગ્રાફ. ત્રીજો પેરેગ્રાફ છે. એમાં પણ પેરેગ્રાફ તો ત્રણ જ છે. પહેલો '**નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી...**' બીજો '**આત્માને, અનુભવમાં આવતા...**' અને ત્રીજો આ. '**આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને...**' બાળકથી માંડીને.. આબાળ એટલે બાળકથી માંડીને વૃદ્ધોને '**સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' આહા..હા..! પર્યાયમાં આત્મા જ જણાય છે. આહા..હા..! જાણનારો અનુભવમાં આવે છે. ભાવાર્થમાં છે બીજી લીટી. '**જાણનારો અનુભવમાં આવે છે...**' છે દેવચંદજી? આહા..હા..!

**શ્રોતા** :- આત્માને જ્ઞાનમાં જાણનારો જ અનુભવમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ. આહા..હા..!

પર્યાયનો સ્વભાવ જ એવો છે કે સ્વને પ્રકાશે. ખાલી પરને પ્રકાશે એક કોર રાખો પછી. જ્ઞાનની પર્યાયમાં-પ્રગટ અવસ્થામાં જાણનારો જણાય છે. કેમકે પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે, તો સ્વપરપ્રકાશક સ્વ એને ખ્યાલમાં આવે જ છે, પણ દૃષ્ટિ એના ઉપર નથી એટલે એને ખ્યાલ આવતો નથી. આહા..હા..! ત્યાં મુંબઈ ચાલ્યું હતું આખું. ત્યાં તો ઘણા હજારો માણસો. છ-સાત હજારથી તો કોઈ દી ઓછું નહિ. છ હજાર, બાર હજાર, તેર હજાર, પંદર હજાર. મુંબઈ બહુ માણસ, ઘણું માણસ હતું. આવ્યા હતા તમે? આવ્યા હતા. આહા..હા..!

ભગવાન! તારું અસ્તિત્વ જે છે પૂર્ણ એ એક સમયની પર્યાયમાં અસ્તિત્વ જણાય એવું તો સદાય હોય છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું? એ જ્ઞાનની પર્યાયમાં જે પૂર્ણ અસ્તિત્વ છે એ પર્યાયનો સ્વભાવ છે કે એને જાણે. સ્વપ્રકાશક પર્યાય છે. પરપ્રકાશક પછી વળી. આહા..હા..! એ '**આબાળગોપાળ સૌને...**' અનુભૂતિ ભગવાન આત્મા. '**અનુભૂતિસ્વરૂપ ભગવાન...**' એટલે ત્રિકાળ હોં! આહા..હા..! આ તો પ્રભુ સર્વજ્ઞની વાણી છે, બાપા! આ કાંઈ... એ વાણી ક્યાં છે? આહા..હા..! પરમાગમ છે આ તો. આ પરમાગમ અહીં કોતરાઈ ગયા જુઓને! શ્વેતાંબરો કહે છે કે અમારા આગમ. પાલિતાણા છે. અરે.. બાપુ! એ વસ્તુ નથી. એ આગમ જ નથી. કલ્પિત બનાવેલી વાત છે. આ તો.. આહા..હા..! જેનો એક એક ન્યાય કાળજે અંદર ચોંટી જાય એવી વાત છે! સત્ જ આ છે. સમજાણું

કાંઈ? આહા..હા..!

એવું 'હોવા છતાં પણ...' છે? '**પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે...**' પણ પર્યાયબુદ્ધિમાં, રાગબુદ્ધિમાં અટક્યો છે એ. આહા..હા..! આમ અટક્યો છેને એટલે આમ જણાય છે એ એને ખ્યાલ નથી આવતો. સમજાય છે? આહા..હા..! આવી વાત છે. માણસો એવું કહે છે કે સંયમ તો મનુષ્યપણામાં જ હોય છે. ચાર બીજી ગતિમાં હોતું નથી. માટે સંયમ લઈ લ્યો. ચાર ગતિમાં સંયમ નથી એટલે મનુષ્યપણું મળ્યું એમાં સંયમ લઈ લ્યો. કોને પણ સંયમ? સમ-યમ છેને? સમ તો સમ્યગ્દર્શનસહિત યમ હોય તો સંયમ કહેવાય. આ છેને. સમ-સમ્યગ્દર્શનપૂર્વક. હજી સમ્યગ્દર્શનના જ ઠેકાણા નથી તો સંયમ ક્યાંથી આવ્યું? આહા..હા..! લોકોને બિચારાને ભરમાવ્યા અને લોકો (ભરમાયા). એવી શક્તિ ક્યાં છે? નવરાશ ક્યાં છે? આ દુનિયાની સરખાય રાખો.. છૂટકારો રહે છે ક્યાં? કલાક મળે. શ્રીમદ્ કહે છેને? સૂવામાં જાય, ભોગમાં જાય, ખાવામાં જાય, પીવામાં જાય, સાચવવામાં જાય, થોડો વખત મળે ઈ કુગુર લૂંટી લે. સાંભળવા જાય તો લૂંટી લે બિચારાનો કલાક. તને આનું આમ થાશે ને તને આમ થાશે, આનાથી આમ થાશે. આહા..હા..! અમારા સાધુને આહાર દેવાથી તારો સંસાર નાશ થશે. ધૂળેય નહિ થાય, સાંભળને! પરદ્રવ્યનું કરવું એ તો રાગ છે, પુણ્ય છે. આહા..હા..! એ લોકોના આગમમાં પાઠ છે એવો શ્વેતાંબરમાં. આખો એ વિપાક અધ્યાય છે. મિથ્યાદૃષ્ટિએ સાધુને આહાર આપ્યો અને સંસાર ઘટાડ્યો, એવો પાઠ છે. પરિત સંસાર. વિપાકસૂત્ર છે આખું. સુબાહુ કુમાર એક ગૃહસ્થ માણસ હતા, મિથ્યાદૃષ્ટિ હતા. સિંહાસન ઉપર બેઠા હતા અને એમાં મુનિ આવ્યા. પોતે મિથ્યાદૃષ્ટિ. મુનિ આવ્યા. એ કલ્પેલી વાત છે બધી. આવ્યા નીચે ઉતરીને જય મહારાજ. આહાર આપ્યો. સંસાર ઘટાડી દીધો.

**શ્રોતા :-** મોક્ષમાર્ગ દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બીજી રીતની વાત છે, મોક્ષમાર્ગ દીધો એ તો. એ નિમિત્તના કથન છે. પદ્મનંદીમાં આવે છે. આ કહે, સંસાર પરિત કર્યો. દસ જણા છે એવા અને વિપાકમાં ઓલા હાથીના ભવમાં.. એક હાથીના ભવમાં દયા પાળી છે. સસલું ગરી ગયું છે. એક યોજનમાં સાફ કરેલું. ચોમાસુ હોયને એટલે એક હાથીએ એક યોજન સાફ કર્યું. ત્યાં રહેતો હાથી. અને એટલો બધો વરસાદ આવ્યો કે બધા ઢોર એમાં ગરી ગયા. એને સાફ કરવા. એમાં એક સસલું. પગ ઊભો હતો ખરો એમાં પગ જરી ખંજળાવવા ઊભો કર્યો. ખંજવાળવા માટે. ત્યાં ગરી ગયું સસલું અંદર. એ અદ્ધર પગ રાખ્યો અને દયા પાળી ... સંસાર પરિત કર્યો. તદ્દન ગપ છે. આ શાસ્ત્ર કહેવાય?

ઓલામાં છે નહિ? ઓલા મોક્ષમાર્ગમાં કહ્યું. શાસ્ત્ર એ તો શસ્ત્ર છે. પહેલાં ભાગમાં કહ્યું છે. શરૂઆતમાં છે. જેના રાગથી ભિન્ન છે. છે? કેવા શાસ્ત્ર વાંચવા-સાંભળવા? એમાં લખ્યું

છે. બહુ એક-એક વાતને... જે વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે શાસ્ત્ર વાંચવા-સાંભળવા યોગ્ય છે. પણ જે શાસ્ત્રમાં શ્રૃંગાર, ભોગ, કુતૂહલ આદિ પોષી રાગભાવનું, હિંસાયુક્ત આદિ દ્વેષભાવનું અતત્ત્વશ્રદ્ધાન પોષી મોહભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય, તે શાસ્ત્ર નથી પણ શસ્ત્ર છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશમાં કેવા શાસ્ત્ર વાંચવા-સાંભળવા. બહુ સરસ! એકે એકને ટાંક્યા છે શબ્દ. એ શાસ્ત્ર નથી, જેમાં રાગ પોષ્યો અને એનાથી લાભ (મનાવ્યો હોય) એ શાસ્ત્ર નથી. દેવચંદજી! આકરું લાગે પણ શું થાય? ભાઈ! દુઃખ લાગે માણસને. પોતાના વાડાનો આગ્રહ હોયને. આહા..હા..!

**'અતત્ત્વ-શ્રદ્ધાન પોષી મોહભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે શાસ્ત્ર નથી પણ શસ્ત્ર છે. કારણ કે રાગ-દ્વેષ-મોહ ભાવ વડે જીવ અનાદિથી દુઃખી થયો તેની વાસના તો જીવને વગર શિખવાડે પણ હતી જ અને વળી આ શાસ્ત્રો વડે તેનું જ પોષણ કર્યું હોય તથા ભલું થવાની તેમણે શું શિક્ષા આપી?'** આહા..હા..! ૧૫ પાને છે. ચારે કોરનું જુઓને. વાત જુઓ તો શાસ્ત્રની મેળ ખાતી બધી વાત અને ત્યાં પણ એમ કહ્યુંને? પંચાસ્તિકાય ૧૭૨ ગાથા, સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગ છે. સર્વ શાસ્ત્રનું (તાત્પર્ય). વીતરાગનું જ પોષણ કર્યું છે બધા શાસ્ત્રોએ. આહા..હા..! અને આજે સવારમાં ન આવ્યું? અરિહંતોએ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરી છે. આહા..હા..! એવા અરિહંતોને તેમના જ્ઞાન-દર્શનના ભાન કરીને નમસ્કાર કરીએ છીએ. આહા..હા..! સંતોની વાણી તો જુઓ! આ શાસ્ત્ર કહેવાય. એય.. ચેતનજી! આવી વાત છે. આહા..હા..!

અહીં કહે છે... સમયસાર આપણે ૧૭-૧૮નું છે. જુઓ, **'પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય;...'** રાગના અભ્યાસથી થાય એમ નથી કહ્યું અહીંયાં.

**શ્રોતા** :- અભ્યાસ કરે એમાં રાગ આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્યાં ક્યાં આવ્યો? સ્વરૂપની પ્રાપ્તિનો અભ્યાસ. આનંદસ્વરૂપ ભગવાન એનો અભ્યાસ અંદર. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવસ્વરૂપ એને પામવાનો અભ્યાસ એ એનો સન્મુખનો થયો એ તો, વીતરાગી પર્યાય થઈ. જરૂર પ્રાપ્તિ થાય. છેને જરૂર?

**'જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય.'** કેમકે પરવસ્તુ એમાં નથી અને પ્રાપ્ત કરવા જાય તો થાય નહિ કોઈ દી. લાખ પ્રયત્ન કરે પણ રાગ એનો થાય નહિ. વિકલ્પ એનો થાય નહિ એ તો પરવસ્તુ છે. આહા..હા..! **'પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે,...'** આહા..હા..! અસ્તિ ધરાવે છે. અસ્તિ મોજૂદ ચીજ છે. **'પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે, પણ ભૂલી રહ્યો છે;...'** આટલી વાત. **'જો ચેતીને દેખે તો પાસે જ છે.'** આહા..હા..! ચેતીને-જાણીને દેખે તો પોતે જ છે ઈ. આહા..હા..! હિન્દી ટીકાકાર કરનારા પણ કેવા થયા, જુઓને! દૌલતરામ. દૌલતરામની છેને? દોલતરામની છેને? આની. જયચંદ્ર પંડિત. જયચંદ્ર પંડિતની છે. બહુ સરસ! ઓહોહો..!

'**પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે, પણ ભૂલી રહ્યો છે;...**' બસ! એટલી વાત છે. '**જો ચેતીને દેખે તો પાસે જ છે.**' આહા..હા..! અંતરમાં જાગૃત થઈને જોવે તો તે પોતે જ છે. આહા..હા..! '**અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે,...**' આહા..હા..! '**પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે.**' એટલું. '**જો સમજવામાં બહુ કાળ લાગે...**' એમ. સમજવામાં બહુ કાળ લાગે '**તો છ મહિનાથી અધિક નહિ લાગે;....**' બાપુ! આહા..હા..! એમ કહે છે. આહા..હા..! '**તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી આમાં લાગવાથી...**' સ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપમાં લાગવાથી '**જલ્દી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે.**' આહા..હા..! લ્યો એ ૪૪ થઈ. ૪૪ ગાથા અને ૩૪ કળશ. આહા..હા..!

'**હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા, અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો; તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે,...**' રાગ-દ્વેષાદિ જડ સાથે સંબંધ રાખતા નથી લાગતા, આત્મા સાથે સંબંધ રાખનારા છે. છેને? '**ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, (ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,)...**' આ શરીરમાં ક્યાંય રાગ, જડમાં ક્યાંય દેખાતો નથી. આહા..હા..! '**છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા?**' આહા..હા..! શું કહ્યું? કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એ તો ચૈતન્યની પર્યાયમાં થાય છે, એ કાંઈ જડમાં થતા નથી, જડના નથી. એ ચૈતન્યની પર્યાય છે. સંસાર એ ચૈતન્યની પર્યાય છે. વિકાર, પુણ્ય-પાપ, મિથ્યાત્વ એ ચૈતન્યની પર્યાયમાં ચૈતન્યની ઊંધાઈથી થાય છે. એ ચૈતન્યના ભાસે છે. આહા..હા..! તો '**ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે,...**' એ જડને તો દેખાતા નથી. આહા..હા..! '**છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૧૪, શુક્રવાર, તા. ૧૧-૦૬-૧૯૭૬, ગાથા-૪૫, પ્રવચન નં. ૯૨

સમયસાર, ૪૪ ગાથા પૂરી થઈ. ૪૫. '**હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ...**' રાગ અને આત્મા એક એવો અધ્યવસાન કે પુણ્ય-પાપનો ભાવ, શુભ-અશુભભાવ કે વેદનમાં વિકલ્પ સુખ ને દુઃખની કલ્પના એ બધા '**ભાવો જીવ ન કહ્યા,...**' આપે. '**અન્ય ચૈતન્ય**

**સ્વભાવ જીવ કહ્યો;...'** તમે તો ચૈતન્યસ્વભાવ, જાણકસ્વભાવ એને આપે જીવ કહ્યો. **'તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે,...'** એ પુણ્ય અને પાપના ભાવ અને સુખ-દુઃખની કલ્પના એ જીવની સાથે સંબંધ રાખતા ભાસે છે, કાંઈ જડની સાથે સંબંધ રાખતા ભાસતા નથી. એમ શિષ્યનો પ્રશ્ન છે.

એમ **'સંબંધ રાખનારા પ્રતિભાસે છે, (ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,)...'** એ શરીરમાં, જડ કર્મમાં, વાણીમાં કાંઈ એ રાગ-દ્વેષ દેખાતા નથી. શિષ્યનો આ પ્રશ્ન છે. **'છતાં તેમને પુદ્ગલના સ્વભાવ કેમ કહ્યા?'** પ્રશ્નનું રૂપ સમજાણું? કે ભગવાન આત્મા એના સંબંધમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ કે એનું ભોગવવું હરખ-શોકનું એ આત્માની સાથે પર્યાયમાં સંબંધ દેખાય છે અને તેને તમે પુદ્ગલના કહ્યા એનું કારણ શું? એવો જેને પ્રશ્ન અંતરથી સમજવાની જિજ્ઞાસા છે એને ઉત્તર દેવામાં આવે છે.

ગાથા-૪૫.

**अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।**
**जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।**

૪૬માં પણ એમ લેશે. વ્યવહારથી જિનવર એના કહે છે. અહીં કહે છે, **'पोग्गलमयं जिणा बेंति'**.

**શ્રોતા :-** બેય ઠેકાણે કીધું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય ઠેકાણે. જે અધિકાર છે તે જાણવો જોઈએને.

નીચે હરિગીત.

**રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.**

**'पोग्गलमयं'** છેને?

**'ટીકા :- અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને...'** પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ... આહા..હા..! વ્યવહારરત્નત્રયનો ભાવ એ પણ શુભરાગ છે.

**શ્રોતા :-** ... શુભભાવ મારો છે એમ માને એને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુભભાવ છે એ મારો છે એમ માને એ મિથ્યાત્વ છે એમ કહે છે. એનાથી લાભ માને એ ક્યાં રહ્યું? એમ અહીં તો સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? કેમકે શુભભાવ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ **'સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્ગલમય છે...'** રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ એને ઉત્પન્ન કરનારું જે આઠેય પ્રકારનું કર્મ એ બધું પુદ્ગલમય છે. આહા..હા..!

**'એવું સર્વજ્ઞનું વચન છે.'** જોયું! અહીં **'जिणा बेंति'** (કહ્યું). ૪૬માં પણ એમ કહેશે.

૪૬. 'वण्णिदो जिणवरेहिं' 'ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।' એ વ્યવહાર તરીકે એની પર્યાયમાં છે એમ જણાવ્યા, પરમાર્થ તરીકે એનું સ્વરૂપ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૪૬માં લેશે. આહા..હા..! જુઓને ન્યાય આપે છે કે એ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ, અનુકૂળ ચીજ દેખીને હરખ આવવો, વીર્યનું ઉલ્લસિત થવું કે આહા..! એ બધા ભાવોને ઉત્પન્ન કરનારું તો આઠ કર્મ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ એનો દ્રવ્ય સ્વભાવ ક્યાં છે? પર્યાયમાં છે એ તો વ્યવહાર છે. એ તો કહેશે. સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવ નથી. વસ્તુનો સ્વભાવ એ નથી. આહા..હા..! બહુ સરસ વાત છે, જુઓ!

'**વિપાકની હદે પહોંચેલા...**' શું કહે છે હવે? એ સર્વજ્ઞનું વચન છે કે દયા, દાન, ભક્તિ... આ લોકો રાડ નાખી જાય છે બિચારા. આ વિરોધવાળા એમાં લખે છે. જુઓ આમાં આમ કહે છે. પરની દયા પાળવાનો ભાવ એ હિંસા કહે છે. આ શું કહે છે? પરની દયા પાળી શકતો નથી, પણ પરની દયા પાળવાની વૃત્તિ ઊઠવી એ તો પુદ્ગલ એને ઉત્પન્ન કરનારું છે એમ કહે છે અહીં તો. આત્માનો સ્વભાવ એવો નથી. આહા..હા..! બહુ ઝીણી વાતું. આ લોકોને... વીતરાગ જૈનદર્શન એવું સૂક્ષ્મ છે કે લોકોને હાથ ન આવે, પછી વિરોધ કરે. શું થાય? આહા..હા..!

કહે છે કે એ પુણ્ય-પાપનો ભાવ પંચમહાવ્રતનો કે અવ્રતનો એ બધા ભાવો, આહા..હા..! એને ઉત્પન્ન કરનારું આઠે પ્રકારનું કર્મ છે એમ સર્વજ્ઞનું વચન છે. નિશ્ચયનું સર્વજ્ઞનું આ વચન પરમાત્માનું છે. આહા..હા..! હવે કહે છે એ કર્મનો પાક આવે જ્યારે.. એ વિપાકની હદે, કર્મના પાકની મર્યાદામાં આવતા '**તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...**' એ પુણ્ય અને પાપનો ભાવ એ કર્મનો પાક થઈને આવે તો એ કર્મના ફળપણે કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું આ. લોકોને નિશ્ચયમાર્ગ છે એ બેસતો નથી અને અંદર વ્યવહાર-વ્યવહાર આવેને. આવશેને અહીં પરંપરા કારણ છે. પણ અહીં કહે છે કે એ વ્યવહાર પરંપરા કારણ શી રીતે કહ્યું? કારણ કે રાગ છે એ રાગને ઉત્પન્ન કરનારું તો પુદ્ગલ છે, એમ તો સર્વજ્ઞનું વચન છે. આહા..હા..! અને બીજો ન્યાય હવે આપશે.

'**તે (એટલે કે કર્મફળ),...**' હવે કહે છે કે '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...**' આહા..હા..! ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વભાવી પ્રભુ આત્મા છે. આહા..હા..! આત્માનો સ્વભાવ તો આનંદ-અનાકુળ આનંદસ્વરૂપ છે. એવો '**જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી,...**' આહા..હા..! ભગવાન આત્મા એનો જે અણીન્દ્રિય અનાકુળ આનંદસ્વભાવ, એનાથી પુણ્ય અને પાપના ભાવ વિલક્ષણ છે, વિપરીત લક્ષણવાળા છે એમ કહે છે. આહાહા..!

'**દુઃખ છે.**' જોયું! ભગવાન આત્મા અનાકુળ આનંદનું (ધામ છે). જેમ શક્કરિયાનું નહોતું

કહ્યું આજે સવારે? એ શક્કરકંદ જેમ સાકરની મીઠાશનો પિંડ છે. કેમ બેસે? કોઈ દી જોયું નહિ, સાંભળ્યું નથી. આહા..હા..! એમ ભગવાન આત્મા જ્ઞાનથી જોઈએ તો જ્ઞાનમય છે, સુખથી જોઈએ તો સુખમય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અનાકુળ આનંદનું સુખ એનું સ્વરૂપ છે, એનાથી આ પુણ્ય-પાપનો ભાવ (વિલક્ષણ છે). ત્યારે વ્યવહારરત્નત્રયનો ભાવ આવી ગયો એમાં. સવારે તો આરાધન કહ્યું હતું. અભેદ ભેદનું આરાધક.

**શ્રોતા :-** પરંપરા કારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો હજી પરંપરા હવે આવશે. આ તો ભેદાભેદનું આરાધન. એ તો અભેદનું આરાધન કરે છે એમાં આ ભાવ છે એને ઉપચારથી આરાધન કરે એમ કહેવામાં આવે છે. એવી વાત છે.

**શ્રોતા :-** સવારે સવાર જેવું હોય, બપોરે બપોર જેવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સવારથી વિપરીત હોય? એમ કે સવારે ટાઢાપહોરનું હોય, એમ. આહા..હા..! ભાઈ! વસ્તુ છે. ચૈતન્યવસ્તુ છે એમાં તો અનાકુળ આનંદ વસેલો છે. એમાં કાંઈ પુણ્ય-પાપના વિકલ્પો વસ્યા નથી. આહા..હા..!

તેથી તે કર્મના પાક કાળે ઉત્પન્ન કરનાર એ કર્મ છે અને તેથી તે ફળમાં જ્યારે પુણ્ય-પાપ આવ્યા એ અનાકુળ આનંદના સુખસ્વભાવથી વિલક્ષણ છે. તેથી તે દુઃખમાં સમાવેશ પામે છે. છે? '**દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..હા..! કહે છે, ધ્રુવ નિત્ય પ્રભુ એનો તો અનાકુળ આનંદસ્વભાવ છે પ્રભુનો. આહા..હા..! એનો આનંદ તો એમાં છે. હવે જ્યારે એ અનાકુળ આનંદસ્વભાવ સુખ જે આત્માનો સ્વભાવ એનાથી વિલક્ષણ એ દુઃખ છે અને એ દુઃખ તે '**આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..હા..! કહો, ગિરધરભાઈ! ઝીણી વાત છે. આ બધા કાર્ય કરીને ગુંચાઈ ગયા તો ઝીણી જ લાગેને અંદર? કાર્ય આના કર્યા ને આના કર્યા. વળી કુદરતે છોડ્યા આ ફેરી હમણાં. આહા..હા..!

ચૈતન્ય એટલે શું? આત્મા એટલે શું? આત્મા એટલે જ્ઞાનમય, અતીન્દ્રિય આનંદમય, શ્રદ્ધામય, શાંતિમય, વીતરાગમય.. આહા..હા..! એવો જે અનાકુળ આનંદનો જેનો પ્રભુનો સ્વભાવ છે એનાથી આ પુણ્ય-પાપના ભાવ તો વિલક્ષણ છે. તેથી તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**અને તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..હા..! એ દુઃખ, જે આત્માનો આનંદસ્વભાવ એનાથી વિલક્ષણ જે દુઃખ એ દુઃખમાં રાગ-દ્વેષાદિના ભાવ સમાવેશ પામે છે. આત્માના આનંદમાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે અહીં એને દુઃખ સ્વભાવ કહે, આકુળતામાં સમાવેશ પામે છે ઈ, એને અહીંયાં બીજે ઠેકાણે સાધન કહે, સાધક કહે. એ તો જ્ઞાન કરાવે છે કે એ વખતે રાગની મંદતા

કેટલા પ્રકારની કેવી હતી એનું જ્ઞાન કરાવે છે, સાધક-ફાધક છે નહિ. સાધક બે પ્રકારે નથી. જેમ મોક્ષમાર્ગ બે પ્રકારે નથી, પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે-કથન. એક નિશ્ચય અને એની સાથે રાગ હોય એને વ્યવહારસમકિત (કહેવામાં આવે છે). રાગ છે એ તો ચારિત્રનો દોષ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા આદિ તે વિકલ્પ છે, રાગ છે એ તો. આહા..હા..! હવે એ રાગને વ્યવહારસમકિત કહ્યું તો એ સમકિતની પર્યાય છે વ્યવહાર એ? આહા..હા..! એ પર્યાય તો રાગની છે. આહા..હા..! પણ સમ્યગ્દર્શનની સાથે સહચર, સહચર શબ્દ છે સાતમા અધ્યાયમાં, સહચર દેખીને—સાથે રહેલું દેખીને, એને સમકિતનો આરોપ આપ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પંડિતજી! વાત તો આમ છે હવે શું થાય પણ?

અહીં તો સર્વજ્ઞ ભગવાન એમ કહે છે એમ કહીને આકુળતા એવું જે લક્ષણ દુઃખ, તેમાં તે રાગનો સમાવેશ થાય છે. અનાકુળ લક્ષણ એવું સુખ એવો જે આત્માનો સુખસ્વભાવ એનાથી વિપરીત જે દુઃખ તેમાં રાગનો સમાવેશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ તકરાર. વ્યવહારથી થાય નિશ્ચય, વ્યવહારથી નિશ્ચય થાય. વ્યવહાર દુઃખરૂપ છે એનાથી સુખરૂપ થાય? પંડિતજી! આવી વાતું છે. આહા..હા..! લલિતપુરથી આવ્યા છે બે જણા. ત્યાં ક્લાસ ચાલતા હશેને. ભાઈ આવ્યા છે બે લલિતપુરથી. એમના ભાઈઓ છે પુનમચંદ. ત્યાં પહેલાં વિરોધ પાના લખ્યા હશે, ચાલ્યું ખરું. .. એનું ચાલશે. પ્રભુ! શું કરે છે આ? આહા..હા..!

અહીં તો પરમાત્મા સર્વજ્ઞ જિનેન્દ્રદેવ સર્વજ્ઞમાં જાણેલું ત્રણકાળ, ત્રણલોક એનું તો એ વચન છે કે એ તો પુદ્‌ગલથી ઉત્પન્ન થયેલા છે, જીવથી નહિ, એવું વચન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે જીવ જે આત્મા એનો તો જ્ઞાન અને આનંદસ્વભાવ (છે). એ સ્વભાવમાંથી વિકાર કેમ ઉત્પન્ન થાય? આહા..હા..! એથી એની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ઉત્પન્ન થાય એ અનાકુળ લક્ષણ એવું જે આત્માનું સુખ એનાથી તે વિલક્ષણ છે-દુઃખ છે. અને તેથી '**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..હા..! એ રાગાદિ તો આકુળતામય છે. આહા..હા..! જેને ઝેર કહ્યું છે, મોક્ષ અધ્યાય, વિષકુંભ (કહ્યું).

**શ્રોતા :-** એ તો મુનિઓ માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ત્રિકાળ વસ્તુનું સ્વરૂપ છે એમાં...

**શ્રોતા :-** અમૃત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમૃત આનો અમૃતનો આરોપ આપ્યો. જેમ અહીં અભેદનો આરાધનનો આપ્યો એમ નિશ્ચયનો રાગમાં આરોપ આપ્યો, એવું અહીં અમૃતસ્વરૂપ ભગવાન આત્મા જ્યાં પ્રગટ થયો દશા એટલે એને રાગમાં વ્યવહારથી આરોપ અમૃતનો આપ્યો, છે

તો ઝેર. આહા..હા..! પણ અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એની અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થઈ, જોડે રાગ એ જાતનો છે, સહચર દેખીને અનાકુળ આનંદના સ્વભાવની પર્યાય પ્રગટી એને સહચર દેખીને એ અમૃત છે એમ કહ્યું. આહા..હા..! અમૃતસ્વરૂપ પ્રગટ થયું ત્યારે એને સહચર દેખીને અમૃત કહ્યું, છે તો નિશ્ચય ઝેર. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ ન બેસે તો શું થાય, ભાઈ? વસ્તુસ્થિતિ આવી છે. અને અહીં તો અજીવ અધિકારમાં નાખ્યો એને. રાગાદિ ભાવ આકુળતામાં સમાવેશ પામે છે તેથી તે દુઃખ છે અને ખરેખર તો એ અજીવ છે. જીવનો જ્ઞાન અને આનંદસ્વભાવ એનાથી તો ઊલટો ભાવ છે. આહા..હા..! અરે..! શું થાય? હવે આની કરો ચર્ચા ને વાર્તા. શું કરે ચર્ચા, ભાઈ! પક્ષમાં બંધાયેલી વૃત્તિવાળા પોતાનો પક્ષ છોડે નહિ. વસ્તુ તો આ છે. આહા..હા..!

આજે ઓલા જૈન-પ્રકાશમાં આવ્યું છે ચીમનનું પાછું. ઓલું ..માં આવ્યું હતુંને? આજે જૈન-પ્રકાશમાં આવ્યું છે. નિશ્ચય સાધન સોય, 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.' સાધન એટલે આ રાગની મંદતાના.. ભાઈ! એ સાધન છે જ નહિ. એ રાગાદિના સાધન તો દુઃખરૂપ છે. અનાકુળતા આનંદસ્વભાવના લક્ષણથી વિપરીત છે અને આકુળતા લક્ષણ દુઃખમાં એ રાગનો સમાવેશ પામે છે. આહા..હા..! ગજબ વાત કરી છેને!

ભગવાન એમ કહે છે કે મારી સામું જોતા તને રાગ થશે, ભાઈ! એ દુઃખ છે. એમ કહે છે. આહા..હા..! પ્રભુ! અનાકુળ આનંદ એમાં એ દુઃખ થતાં લુંટાય છે. આવી વાત આકરી પડે માણસને. જ્યાં હોય ત્યાં એ નાખે, જુઓ! સ્ત્રીનો વિષય અને ભગવાનની વાણી બેય સરખા છે. ભાઈ! કઈ અપેક્ષાએ કહ્યું, બાપા? એ સ્ત્રીના વિષય ઉપર લક્ષ જાય છે તો અશુભભાવ થાય છે. ભગવાનની વાણી અને ભગવાન ઉપર લક્ષ જાય તો ઇન્દ્રિય એને કીધા છે. ઇન્દ્રિયને જીતવાનું કહ્યું છે. એમાંથી ખસી જવાનું કહ્યું છે. એમાં રહેવું એને આશ્રયે રહેવું એમ કહ્યું નથી. આહા..હા..! માર્ગ ભારે, બાપા! અને આવી રીતની વાત એ દિગંબર વસ્તુ જૈનદર્શનમાં જ છે, બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! આ તો પરમશાસ્ત્ર ભગવાન ત્રિલોકનાથ એમના કહેલાં, સંતોએ કહેલી વાત જગતને જાહેર કરે છે. એ તો વચ્ચે આડતિયા છે. આહા..હા..! ભોગીભાઈ! ભોગીભાઈ આવતી જયંતિની વાત કરે છે. ભાઈ! અત્યારથી ન હોય, કીધું. ઘાટકોપર આપણા પ્રમુખ છે ભોગીભાઈ. ઘાટકોપર પ્રમુખ છે. બહુ સારુ કામ લે છે. એ જયંતિ.. મેં કીધું અત્યારથી હોય? હજી તો વૈશાખ સુદ ક્યારે. એ તો સવારે (કહેતા હતા). એક કોર જામનગર વિનંતી કરે છે. ઓલા મહાજન લોકો છેને નાઈરોબી પૈસાવાળા બધા. જેઠાલાલ છે કરોડપતિ. બીજા પંદર-વીસ-વીસ લાખના આસામી. ૩૫ ઘર છે આપણા ત્યાં નાઈરોબી. અહીંનું મંડળ છે. મહાજન.. હૂંફ આની છે એને. કોને? આ જામનગરવાળાને. એમ કે.. આ તો એક વાત ચાલે છે. આ તો રામજીભાઈ.. આહા..હા..!

અહીં તો પ્રભુ કહે છે, સાંભળ ભાઈ! તારો સ્વભાવ તો અનાકુળ આનંદ પ્રભુ છે ને અને રાગનો વિકલ્પ ઊઠે શુભનો, શુભ-અશુભ બેય છે વાત, પણ આપણે અત્યારે એક વાંધો શુભ ઉપરનો છેને. એ દેવ-ગુરુ-શાસ્ત્રની પરસન્મુખનો શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રને ભણવા તરફની બુદ્ધિ એને પદ્મનંદી પંચવિંશતિમાં તો વ્યભિચારિણી બુદ્ધિ કીધી છે. આહા..હા..! ગજબ વાત કરે છેને! આહા..હા..! ભાઈ! જે રીતે છે તેને સમજવું જોઈએ.

અહીં પરમાત્મા કુંદકુંદાચાર્યદેવ પોતે સાક્ષાત્ ભગવાન (પાસે) આઠ દી રહીને સાંભળ્યું છે અને ભગવાન પાસે હતા. ભરતમાંથી ત્યાં ગયા હતા. સમજાણું? આ એક પુસ્તક છે ને અષ્ટપાહુડ. આજે વળી એ જોયું હતું. જુઓ, આ ભગવાન છેને આ કુંદકુંદાચાર્ય. છ પાહુડ આવે ત્યાંથી આવે છે. આ દીકરીઓએ કર્યું લાગે છે. આ એક, બે, આ બે, ત્રણ, આ ચાર, પાંચ ને છ. છ પાહુડ છેને આમાં? છની ટીકા છે, બેની ટીકા નથી. ભગવાન પાસેથી આવ્યા છે. આજે બપોરે જોયું હતું. દીકરીઓએ કર્યું હશે કોકે. આહા..હા..! ભગવાનના શ્રીમુખે વાણી છે પરમાત્માની. એ આવેલી આ વાણી છે અને પોતે કહે છે સર્વજ્ઞનું આ વચન છેને, બાપા! આહા..હા..! પ્રભુ! તારે શું કહેવું છે? આહા..હા..!

એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધાદિ ભાવ સર્વજ્ઞનું વચન છે કે એ પુદ્ગલથી ઉત્પન્ન થયેલા છે, જીવદ્રવ્યથી ઉત્પન્ન થયેલાં નથી. આહા..હા..! જવથી ઉત્પન્ન થાય તે જવ. ૬૮માં કહ્યું હતુંને. આહા..હા..! પુદ્ગલના નિમિત્તથી ઉત્પન્ન થયા માટે એને પુદ્ગલ કહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? અને પાછો ન્યાય આપ્યો છેને કે ભગવાન આત્મા તો અનાકુળ આનંદસ્વરૂપ છે અને અનાકુળ આનંદથી પુણ્યભાવ છે એ તો વિપરીત લક્ષણવાળું છે, એ તો દુઃખમાં જાય છે અને દુઃખ તો આકુળતા લક્ષણ દુઃખ એમાં સમાવેશ થાય છે, એ આત્માના સ્વભાવમાં સમાવેશ થતો નથી, આનંદમાં એનો સમાવેશ થતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વર્તમાન પર્યાય હોં આનંદની! આહા..હા..!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે પર્યાય એમાં આનંદની દશા આવી છે. સમજાણું કાંઈ? અને રાગ છે એ પુદ્ગલના નિમિત્તથી ઉત્પન્ન થયેલો આકુળતાલક્ષણ દુઃખ છે, એ આનંદની અવસ્થાથી વિપરીત છે. આહા..હા..! શું થાય? ન બેઠું હોય એને રાડેરાડ પાડે. એમાં બહેનના જાતિસ્મરણ થોડી વાત બહાર આવી ત્યાં તો રાડ પાડે લોકો. શું કહેવાય? અભિનંદનમાં આવ્યું ને. બહુ (લખે છે) ચીમન ચકુ. આ બધી માયાજાળ છે. આમાં છે. જુઓ, શબ્દોની માયાજાળ. એમાં બધું લખ્યું છે. અરે.. પ્રભુ! બાપુ! આહા..હા..! તોડી નાખીને તેથી. અરે પ્રભુ!

અહીં કહે છે કે શુભ ને અશુભભાવ અને સુખ-દુઃખ. પરમાં ઠીક છે એવી સુખની કલ્પના અને અઠીક છે એવી દુઃખની કલ્પના. એ બેય ભાવો દુઃખમાં સમાવેશ પામે છે.

એ કંઈ આત્માના સુખમાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ભાઈ નથી આવ્યા? નબળાઈ છે? ન આવી શક્યા. ઠીક. આજે સવારે ખુશી થતો બહુ. આહા..હા..! ભારે આજે આવી વાત કહે. મેં કીધું તું નસીબદાર છે. તું આવ્યો તો આવ્યું બધું. આ અધિકાર સવારનો હતોને નયનો. આહા..હા..!

**શ્રોતા :-** ચૈતન્યની સાથે સંબંધ રાખવાવાળાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પર્યાયથી સંબંધ છે એ તો વ્યવહાર કીધો. વ્યવહાર કહેશે. નિશ્ચય ક્રિયાની સાથે સંબંધ છે નહિ, દુઃખ છે. આહા..હા..! એ પર્યાયમાં છે એમ સિદ્ધ કરશે વ્યવહારે. વસ્તુના સ્વભાવની સાથે કાંઈ સંબંધ નથી અને વસ્તુના સ્વભાવનો અનુભવ થયો એની પર્યાય સાથે પણ આને સંબંધ નથી, એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! હવે એને પરંપરા કારણ કહ્યું એના વાંધા બધાને. એ કઈ રીતે બાપુ તને ખબર નથી, ભાઈ!

વસ્તુનો સ્વભાવ અનાકુળ આનંદને જેણે સાધ્યો છે. દૃષ્ટિ-જ્ઞાન-રમણતામાં એ આનંદ આવ્યો છે, એને રાગાદિના ભાવને પરંપરા કહ્યું. કેમકે અત્યારે અશુભ ટળ્યું છે એ તો અહીં દૃષ્ટિનું જોર (છે) માટે અશુભ ટળ્યું છે. સમજાય છે કાંઈ? સ્વભાવ તરફનું જોર છે તેથી અશુભ ટળ્યું છે. તેથી શુભમાં ટળ્યું એવો આરોપ દીધો છે. આહા..હા..! શું કહ્યું એ? ખરેખર તો ભગવાન અનાકુળ આનંદસ્વરૂપની દૃષ્ટિને લઈને શુભમાં અશુભપણું ટળ્યું છે. અજ્ઞાનીને શુભમાં અશુભ ટળ્યું જ નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં રાગ મારો છે એ મિથ્યાત્વભાવમાં છે એને શુભભાવમાં અશુભ ટળ્યો જ નથી. કારણ કે મિથ્યાત્વ પોતે અશુભ તીવ્ર છે. આહા..હા..! અને તેથી મિથ્યાદૃષ્ટિના બધા ભાવોને અશુભ કહ્યા છે. સમકિત કઈ અપેક્ષાએ કહ્યું એ જાણવું જોઈએને. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ!

કહે છે, **'તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...'** છે? ચૈતન્ય ભગવાન આત્મા અનાકુળ આનંદનો નાથ પ્રભુ એની સાથે આ આકુળતા લક્ષણવાળા, દુઃખવાળા રાગ ચૈતન્ય સાથેનો ભ્રમ ઉપજાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી...'** આહા..હા..! ભલે ભ્રમ ઊપજે અજ્ઞાનીને. **'તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્ગલસ્વભાવો છે.'** આહા..હા..! એક કોર રામ અને એક કોર ગામ. ચિદાનંદ ભગવાન રામમાં નિજપદ રમે સો રામ. એની રમતુંમાં જે આનંદ આવ્યો, એની સાથે જે રાગ છે એનો સંબંધ આની સાથે છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તે ભ્રમ ઉપજાવે છે. આનંદની સાથે રાગ એકમેક છે એ ભ્રમ ઉપજાવે છે. આહા..હા..! જ્ઞાનધારા ને કર્મધારા નથી લીધી? જ્યાં સુધી પૂર્ણ રાગ ન ટળે ત્યાં સુધી બે ધારા (હોય છે). આવે છેને? કળશ આવે છે. એ રાગ છે એ કર્મધારા છે એટલે કર્મધારા નામ પુદ્ગલના સંબંધે ઉત્પન્ન થયેલો, સ્વભાવના સંબંધે ઉત્પન્ન થયેલો નહિ. આહા..હા..!

**'તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી...'** એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે

એ રાગ છે એ અનાકુળ આત્માનો સુખસ્વભાવ એનાથી વિલક્ષણ દુઃખમાં સમાવેશ પામે છે, તેથી તે આત્માના સ્વભાવ નથી. આહા..હા..! આવું તો સ્પષ્ટ કર્યું. હવે કેટલું કરે? આહા..હા..! ભાઈ! તારી ચીજ છે એની તને મોટપ ન આવે અને રાગની મોટપથી તને લાભ થાય એ આવે. બાપુ! એ વસ્તુ નથી. આહા..હા..! તારો ચૈતન્યનાથ અંદર ભગવાન એટલે? નાથ એટલે પોતાના સ્વભાવનો આશ્રય લઈને જે દશા શાંતિ અને આનંદની પ્રગટી એનો રક્ષક છે અને વૃદ્ધિનો પૂર્ણ કરવાને પ્રાપ્ત માટે તૈયાર આત્મા છે. આહા..હા..! મળેલાને રાખે અને નહિ મળેલાને મેળવે તેને નાથ કહેવામાં આવે છે. રાગને મેળવે અને રાગને રાખે એ વાત નથી ત્યાં. આહા..! સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય ભગવાન એને આશ્રયે થયેલી આનંદદશા આત્મા એને રાખે, એને પડવા ન દે, ખસવા ન દે અને નહિ મળેલું કેવળજ્ઞાનાદિ આપે. એવો આત્માનાથ આનો છે, રાગનો એ આત્મા નાથ છે નહિ. આહા..હા..! આવી વાતું માણસને પછી વાદવિવાદને તકરાર કરીને, બાપા! સત્યને સત્યરૂપે રાખ, ભાઈ!

શ્રીમદ્ કહે છે, વસ્તુને વસ્તુ તરીકે રાખજે. છેને એક ઠેકાણે છે. એ આ. એમ કેટલી વાર ટૂકડા ઘણા ઓલા આવ્યા છે. વસ્તુને વસ્તુ તરીકે રાખજે, ભાઈ! ફેરફાર કરીશ નહિ. ભગવાન આત્મા જ્ઞાન અને અનાકુળ આનંદસ્વભાવ છે તેને તેમાં રાખજે, તેમાં રાગમાં આત્મા આવી ગયો એમ ન માન. રાગમાં આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચેતનજી! આવી વાતું છે, ભાઈ! પ્રભુ! આહા..હા..! 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' બનારસીદાસ, બનારસીદાસ, સમયસાર નાટક. સહજનો ધંધો છે. આહા..હા..!

શુદ્ધ આનંદઘન પ્રભુ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એ સહજ સ્વભાવ છે. પરને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ ત્રણકાળમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને તેથી અધ્યવસાય નથી કીધું? **'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं'**. (૧૭૩) કળશ આવેને બંધ અધિકારમાં? **'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं'** પરને જીવાડી-મારી શકું, સુખી-દુઃખી, પ્રાણ રક્ષા કરું, પ્રાણને હરી લઉં એને સુખના સાધન આપુ, દુઃખના આપું એવી માન્યતા તે મિથ્યાત્વ અજ્ઞાન છે. ભગવાને એવી માન્યતાનો નિષેધ કર્યો તો અમૃતચંદ્રાચાર્ય કહે છે અમે એમ માનીએ છીએ કે પરના આશ્રયે જે ભાવ (થાય) તેનો બધાનો નિષેધ કર્યો છે. છે એમાં? આહા..હા..! પરના આશ્રયનો ભાવ છે એ બધાનો નિષેધ છે. એ આ દુઃખરૂપ છે માટે. આહા..હા..! આવી વ્યાખ્યા સાંભળતા માણસને કેટલાક અજાણ્યા હોય બિચારા. શું કહે છે આ? કાંઈ આ કરવું એ તો નથી કહેતા, પણ કરવું આ નથી? આત્માનું જ્ઞાન કરવું, આત્માની શ્રદ્ધા કરવી, આત્મામાં રમણતા એ કરવાનું નથી? આહા..હા..! કહો, ગિરધરભાઈ! આહા..હા..!

જ્યાં ચીજ પડી છે ત્યાં જ્ઞાન એનું કરવું. જ્યાં જેવડી ચીજ છે તેવડીનું ત્યાં પ્રતીત કરવું અને જેવડી ચીજ જ્યાં છે તેમાં રમવું તે જ્ઞાન-દર્શન-ચારિત્ર. આહા..હા..! સમજાણું

કાંઈ? આહા..હા..! વ્યવહારના વિકલ્પે જગતને મારી નાખ્યા. પ્રશસ્ત છેને? પ્રશસ્ત છે એમ. ખરેખર એ પ્રશસ્ત છે એ જ નુકસાન કરતો ભાવ છે, ઘાયલ કરે છે. નથી આવ્યું પુણ્ય-પાપમાં? અને ત્યાં તો ગાથામાં એવું આવ્યું છે કે વ્યવહાર... સમજ્યાને? છેને કયુ? ૧૦૮ ૫૬. ૧૦૮ છેને? જુઓ ૧૦૮.

**'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી, તેમ વર્જવાયોગ્ય પણ નથી.'** એમ કોઈ કહે. એમાં નથી. કળશટીકા. ૧૦૮ કળશ છે. '**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च**' એ બંધસ્વરૂપ જ છે. આહા..હા..! છે? '**ઉત્તર આમ છે કે વર્જવાયોગ્ય છે,...**' વ્યવહારક્રિયા છે રાગની એ વર્જવાયોગ્ય છે. '**કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' આહા..હા..! રાગનો ભાવ એ વ્યવહારચારિત્ર દુષ્ટ છે. '**અનિષ્ટ છે, ઘાતક છે;...**' ત્રણ શબ્દ વાપર્યા છે. આહા..હા..! અરે...! રુચિમાં આત્મા બેસતો નથી, એને રાગ બેસે છે. જે પુદ્ગલના પરિણામ છે, દુઃખમાં સમાવેશ પામે જે પરિણામ એનું એને પોષાણ થાય છે, રુચિ. કારણ કે ઓલી ચીજ છે એ જોઈ નથી. આહા..હા..! પરમ આનંદ અને સ્વચ્છતાના સ્વભાવથી ભરેલો ભગવાન જે વસ્તુ જે છે એને જાણી નથી, માની નથી અને માણી નથી—અનુભવ કર્યો નથી. આહા..હા..! ભારે ગાથા. આ વધારે વિરોધ આવે તો આ બધું સ્પષ્ટીકરણ વધારે થાય છે. આહા..હા..!

'**તેથી, જોકે તેઓ...**' તેથી એટલે? કે આત્મા અનાકુળ સ્વભાવની પરિણતિમાં રાગાદિ આકુળતા લક્ષણવાળું દુઃખ છે, તેથી રાગ તે દુઃખમાં જાય છે, દુઃખમાં સમાવેશ પામે છે, આત્માની આનંદદશામાં નહિ. અને તેથી આહા..હા..! '**ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...**' અજ્ઞાનીને. '**તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્ગલસ્વભાવો છે.**' આહા..હા..! આ તો અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. કુંદકુંદાચાર્યનો શ્લોક છે. ભગવાનની સાક્ષીથી આવેલો છે. કીધુંને સર્વજ્ઞનું વચન છે એમ કીધુંને. આહા..હા..! ૪૪માં પણ એમ કહ્યું કે રાગાદિ આત્મા નથી એવું તો આગમનું-સર્વજ્ઞનું વચન છે એ આગમ છે, યુક્તિ અને સ્વાનુભવગર્ભિત પણ એ છે. કાંઈ કોલસાની કાળપ છે એમાં સોનાની કાળપ-મેલ સોનાનો સ્વભાવ નથી, એનાથી જુદો છે. આહા..હા..! અને યુક્તિ એ છે અને અનુભવ એ છે કે રાગથી ભગવાન જુદો અનુભવમાં ભેદજ્ઞાનીઓને આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

'**ભાવાર્થ :- કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે...**' જોયું! દુઃખરૂપે એટલે રાગરૂપે, પુણ્યરૂપે, શુભભાવરૂપે. આહા..હા..! અને અહીં પાછા કેટલાક કહે, આ ભોળા લોકોને ભરમાવે છે. રામજીભાઈ ને હિંમતભાઈ ને એ બધા ભોળા હશે આ બધા. અરે.. પ્રભુ! એમ હોય? બાપા! એવું કહે છે લ્યો ચીમન ચકુ. ભોળો લોકોને ધર્મમાં ભરમાવે છે. એય..! તમારો ચીમન ચકુ. તમારે એમાં હિંમતભાઈ પણ આવી ગયા.

અરે..! ભગવાન! અને બહેન જેવા પણ એમાં આવી ગયા. અરે.. પ્રભુ! શું થાય, ભાઈ? ભાઈ! એના પરિણામ આકરા છે, ભાઈ! આહા..હા..! સત્યનો નકાર કરવાનો ભાવ, એનું ફળ બહુ આકરું પ્રભુ! લોકોને બિચારા.. સાધારણ માણસ બિચારાને પરિચય નહિ, અભ્યાસ નહિ.

**'કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે...'** આહા..હા..! એટલે કે ઉદય તરફનું જોડાણ થાય છેને ત્યારે રાગ થાય છે. રાગ છે તે દુઃખ છે. આહા..હા..!

**શ્રોતા :-** ઉદય ત્યારે જ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે જ કહેવાયને. જોડાણ વિના એની મેળાએ...

**'અને દુઃખરૂપ ભાવ છે તે અધ્યવસાન છે...'** આહા..હા..! **'તેથી દુઃખરૂપ ભાવમાં ચેતનતાનો ભ્રમ ઊપજે છે.'** ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ છે. આ દુઃખમાં આત્મા છે એ તો ભ્રમ ઊપજે છે. આહા..હા..! **'પરમાર્થે દુઃખરૂપભાવ ચેતન નથી,...'** આહા..હા..! પરમ-અર્થની વ્યાખ્યા કરી, ભાઈ! પરા-મા એવો અર્થ કર્યો છે. પરમાર્થનો. પરમાર્થ છેને? એમાં પરા-મા. પરા-લક્ષ્મી. પરા-ઉત્કૃષ્ટ એ મા-લક્ષ્મી, એવો અર્થ કર્યો છે સંસ્કૃતમાં. આ એવો અર્થ થાય? પંડિતજી! ઓલો કર્યો છે. અહીં છે. ૪૫માં છે. શું છે શ્લોક? ક્યાંક છે ખરું. અહીં લખ્યું આમાં. એવું આવે છે કળશમાં. પરા-મા. પરમાર્થ, પરમાર્થમાંથી પરા-મા બે કાઢ્યું. અહીં તો ઓલો પરમાર્થ શબ્દ આવ્યો છેને. એ ત્યાં સંસ્કૃતમાં છે પરમાર્થ. પરા-ઉત્કૃષ્ટ, મા-લક્ષ્મી. એ પરમાર્થ. પરા-ઉત્કૃષ્ટ, મા-લક્ષ્મી. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની લક્ષ્મી પ્રગટી એ પરમાર્થ છે. આહા..હા..! આમાં છે ક્યાંક હવે. કોણ જાણે બધું કાંઈ હાથમાં.. ટીકામાં છે. જુઓને! એ છે? દ્યોને એને. ટીકામાં છે. આની કોરને પાને, સામે પાને છે. બધું કાંઈ યાદ રહે છે? ભાવ યાદ રહે. પાનું ને એ બધું... સામે પાને છે. હેઠે નહિ. પરમાર્થની વ્યાખ્યા છે. આહા..હા..!

કહે છે, **'પરમાર્થે...'** આવ્યોને શબ્દ અહીંયાં? **'પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી,...'** આહા..હા..! પરમાર્થ તો એને કહીએ કે જે પરા-ઉત્કૃષ્ટ, મા-લક્ષ્મી. અતીન્દ્રિય આનંદની, જ્ઞાનની લક્ષ્મી પ્રગટે તેને પરમાર્થ કહીએ. આ લોકો પરમાર્થ કહે છે. નથી કહેતા? પરમાર્થ કરવા નીકળ્યા છે બીજાનો. કોણ? ધૂળેય કરે નહિ, સાંભળને. કાંતિભાઈ! કેમ આ નથી હુશિયાર માણસ કરતાં? પરમાર્થ બીજા જીવોને સુખી કરવાનો, બસ. બૌદ્ધે એ માર્ગ વાપર્યો હતો, માટે ઘણા માણસ થઈ ગયા એના પક્ષમાં. અરે.. ભગવાન! એ માર્ગ ક્યાં હતો? પરને હું સુખી કરું. એટલે શું? કે પરને હું અનુકૂળ સાધન આપું એટલે સાધન જડના સાધન તું આપી શકે એને? આહા..હા..! પરને જીવાડું એટલે પ્રાણરક્ષા કરું. એવો અર્થ છેને? આ ગાથામાં હશે પરમાર્થ કે ૪૧૩માં હશે? છેલ્લું નથી આવતું ઓલું વ્યવહારમૂઢ અનાદિ રૂઢ. એમાં પરમાર્થ ક્યાંક છે ખરું. ૪૧૩માં આવે છે કે અનાદિ વ્યવહારમાં મૂઢ છે એને વ્યવહાર

કહીએ જ નહિ. રાગની ક્રિયા જે છે એમાં અનાદિરૂઢ મૂઢ છે. અનાદિરૂઢ છે અને એમાં એ મૂઢ છે. વ્યવહારનો જાણનાર જાગ્યો નથી. ૪૧૩ છે કે એમાં ક્યાંક કળશ છે એમાં છે. છેલ્લા કળશમાં છે. છેલ્લા નથી બે કળશ? છેલ્લા ઓલા ૪૧૪-૧૫માં છે. છેલ્લા. **'अलमलमति'** એવું કાંઈક આવે છે. છેને? શું છે એ? હા, એ છેલ્લો છેને? જુઓ એ.

**'अलमल'**માં આવ્યું લ્યો. **'अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पे.. परमार्थश्चेत्यतां'** પરમાર્થને અનુભવો. આહા..હા..! પરમાર્થ. **'परा-उत्कृष्टा, मा-ज्ञानादिलक्ष्मीर्यस्यसाअसावर्थं'** અર્થમાં છેને પરમ-અર્થ. પરા-મા-અર્થ ત્રણ કાઢ્યું. એ છે. સંસ્કૃતમાં છે. એ (પરમઅધ્યાત્મ તરંગિણી) ૫૧ શ્લોક છે. શેનો? સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. છેલ્લો. આનો છેને ૪૧૫નો? આહા..હા..! પરમાર્થ. પરા-ઉત્કૃષ્ટા, મા-જ્ઞાનાદિ આનંદ આદિ લક્ષ્મી, **'यस्य अर्थं'** એને પરમાર્થ કહીએ. આહા..હા..! એય..! આ તો યાદ આવી ગયું. સમજાણું કાંઈ? વ્યવહાર એ પરમાર્થ નથી એમ કહે છે. પરનો પરમાર્થ તો કરી શકતો નથી, પણ વ્યવહાર આવે એ પરમાર્થ નથી. આહા..હા..!

ભગવાન આત્માને ચેતવું-અનુભવવું એ પરમાર્થ છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્માનું સેવન કરવું. આહા..હા..! એમાં મા-પરા-ઉત્કૃષ્ટ લક્ષ્મી જ્ઞાન-દર્શનની પ્રગટે છે આનંદની એ એનો અર્થ છે, એ એનો ભાવ છે અને એ એનું પ્રયોજન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ છોકરાઓને સમજાય છે કે નહિ આ? આ આવ્યા છેને કલકત્તેથી આવ્યા છેને કેટલાક. છોકરા-બોકરાને કઠણ નથી. આ ઝીણી વાત છે સાદી. ઝીણી પણ સાદી ભાષામાં આવે છે. આહા..હા..! બાળક કે વૃદ્ધ, યુવાન ઈ આત્મા ક્યાં છે?

**શ્રોતા :-** અજ્ઞાની પણ ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાનીને તો અજ્ઞાન છે ત્યાં સુધી નિશ્ચયથી બાળક કહેવાય છે અને આત્માનું ભાન કરે તેને યુવાન કહેવાય છે અને કેવળજ્ઞાન કરે ત્યારે વૃદ્ધ કહેવાય છે. આવો છે અર્થ હોં અંદર. આહા..હા..! આ જડની અવસ્થા આ તો માટી છે. જુવાન અવસ્થા લાગે મોટું લઠ જેવું શરીર. રૂપાળું હોયને આમ લાગે. ધૂળેય નથી, રાગ છે. વેદનાની મૂર્તિ છે પ્રભુ આ. આહા..હા..! એક-એક તસુમાં છન્નું રોગ. આ જુઓને બે આંખમાં આવી ગયું ઓલું ભાઈને. છોટાભાઈને. શરીરની સ્થિતિ જ એવી બાપુ એ ક્યાં.. આહા..હા..!

**શ્રોતા :-** મોતીયો આવી ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય આંખ ગઈ. ભાઈ કાંઈ દેખતા નથી. કેટલા વર્ષથી નિવૃત્તિ. ઘણા વર્ષથી વાંચન ઘણું. આંખે કાંઈ નહિ. ઘરે બૈરા આવે છે. આંખ.. આ શરીરની સ્થિતિ બાપા એવી છે. ઓલી બહેન છે .. કેટલી અબજોપતિ સવા વર્ષથી અસાધ્ય. બાપા! કોના જુવાન? કોને શરીર? આહા..હા..! એ હાડકાના માળા છે આ તો બધા. માંસ ને હાડકાના માળા, ઉપર ચામડાની ગાર છે આ. ગાર સમજો છો? ગારને શું કહે છે? લીપણ-લીપણ.

લીપણ કરે છેને? ચામડીનું ઉપર લીપણ છે. અંદર તો હાડકા-ચામડા છે. આહા..હા..!

ભગવાન આત્મા અંદર આનંદનો નાથ બિરાજે છે ભિન્ન. એનું ભાન કરે તે યુવાન કહેવામાં આવે છે અને એનું અજ્ઞાન કરે તે બાળક કહેવામાં આવે છે. ભલે એ વૃદ્ધ હોય કરોડ પૂર્વવાળો. અરે..! તે ૩૧ સાગરવાળો દેવ હોય લ્યોને અજ્ઞાની. આહા..હા..! તોપણ એ બાળક છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જેનો અનાદર કરીને રાગને પોતાનો માન્યો છે એને અહીં અજ્ઞાનીને બાળક કહે છે. જેને એ આત્મા આનંદનો નાથ જેની દૃષ્ટિમાં આવ્યો છે અને રાગથી ભિન્ન પડ્યો છે એ યુવાન (છે). આહા..હા..! આત્માની પુષ્ટિ થઈ ત્યાં એમ કહે છે. ઓલી બાળકપણે આત્માની હીનતા થતી હતી અહીં પુષ્ટિ થઈ અને પૂર્ણવત્ થઈ ત્યારે પૂર્ણ પુષ્ટિ કેવળજ્ઞાન આવ્યું. આહા..હા..! આ એની અવસ્થાઓ છે.

અહીં કહે છે, '**ચેતનાનો ભ્રમ ઊપજે છે. પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી,...**' આહા..હા..! આ તો ઓલો પરમાર્થ શબ્દ આવ્યો તો યાદ આવી ગયું ઓલું. આહા..હા..! '**કર્મજન્ય છે...**' એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ કર્મજન્ય છે સ્વભાવની દૃષ્ટિએ. આહા..હા..!

**શ્રોતા :-** અશુદ્ધનિશ્ચયનય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, છેને. અશુદ્ધનિશ્ચય સવારમાં આવ્યું હતું, નહિ? જડ કર્મનો સંબંધ અનુપચાર અસદ્ભુતવ્યવહારનય. રાગનો સંબંધ અશુદ્ધનિશ્ચયથી. એમ મતિજ્ઞાનનો વિભાવનો ત્રિકાળી ભગવાન સાથે સંબંધ એ અશુદ્ધનિશ્ચયથી. આહા..હા..! અને ચાર ગતિની યોગ્યતા જે છે એ પણ અશુદ્ધનિશ્ચયથી છે. એની પર્યાયમાં છેને આ. એને નિશ્ચયથી અશુદ્ધ કીધો પણ ખરેખર એ વ્યવહાર છે. પર્યાયને વ્યવહાર અને દ્રવ્યને નિશ્ચય (કહે છે). સમજાણું કાંઈ? આવું સ્વરૂપ ભારે, ભાઈ! કહે છે, '**કર્મજન્ય છે તેથી જડ જ છે.**'

હવે જ્યારે શિષ્યનો પ્રશ્ન આવ્યો હવે. મહારાજ! તમે તો આ એકદમ કરી નાખ્યું પણ શાસ્ત્રમાં તો છેને. '**હવે પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?**' કહો, કષાય આત્મા, જોગ આત્મા. એમ નથી આવ્યું? આહા..! પર્યાયનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે વ્યવહારથી. સર્વજ્ઞના આગમમાં તો ઓલું પણ સર્વજ્ઞનું આગમ અને આ પણ સર્વજ્ઞનું આગમ. '**તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?**' આહા..હા..! '**તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-**' તેના ઉત્તરરૂપે કહેશે ૪૬.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૧૫, શનિવાર, તા. ૧૨-૦૬-૧૯૭૬, ગાથા-૪૬, પ્રવચન નં. ૯૩

સમયસાર. ૪૫ ગાથા પૂરી થઈ. પૂછે છે શિષ્ય પ્રશ્ન કે **'અધ્યવસાનાદિ ભાવો છે...'** છે. રાગની એકતા એવો વિભાવ મિથ્યાત્વભાવ છે, તેમ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ છે, તેમ સુખ-દુઃખની કલ્પનાનું વેદન પણ છે. આહા..હા..! **'તે પુદ્ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?'** સર્વજ્ઞનું વચન છે કે રાગ નથી એમ પણ કહ્યું. પાછા સર્વજ્ઞના આગમમાં છે કે રાગ એ આત્માની પર્યાયમાં છે. વ્યવહારે જીવમાં છે એમ કહ્યું છે. એમાં તો આ ને આ બે આવ્યું. **'તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-'**

> ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।
> जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा।।४६।।
> વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,
> આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.

**'ટીકા :- આ બધાય અધ્યવસાનાદિ ભાવો...'** આઠ બોલ આવ્યા હતાને આઠ? **'છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે...'** ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ પર્યાયમાં ભાવ છે એ અભૂતાર્થ છે. વ્યવહારનય જૂઠો છે. આહા..હા..! **'તોપણ, વ્યવહારનયને પણ દર્શાવ્યો છે; કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે...'** મ્લેચ્છ ભાષા મ્લેચ્છની હોયને? મ્લેચ્છને વસ્તુ જણાવે. **'તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે...'** પરમાર્થરૂપ પોતે નથી, પણ પરમાર્થનો કહેનાર છે. અટપટી વાત છે.

**'તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ,...'** પર્યાયમાં રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપ છે એ અભૂતાર્થ હોવા છતાં પર્યાયમાં પણ **'ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...'** પર્યાય છે, ચૌદ ગુણસ્થાન છે. જો એમ ન હોય તો ભેદની પર્યાયનો નિષેધ થઈ જાય છે, તો તીર્થનો ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે ગુણસ્થાનાદિ એનો નિષેધ થઈ જાય છે. વ્યવહાર છે ખરો. સમજાણું? **'અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...'** એટલે? વ્યવહારથી ધર્મની પ્રવૃત્તિ થાય છે એમ નહિ. ધર્મની પ્રવૃત્તિ જે ચોથે, પાંચમે, છઠ્ઠે ભેદ છે એ વ્યવહારથી છે. નિશ્ચયથી તો આત્મામાં ચૌદ ગુણસ્થાન છે જ નહિ, પણ વ્યવહારથી

જો પર્યાયભેદ ન હોય તો તીર્થપણું રહેતું નથી. એટલે? ગુણસ્થાન રહેતું નથી એટલે તીર્થપણું રહેતું નથી. ચોથું, પાંચમું, છઠ્ઠું એ તો રહેતું નથી. એનો અર્થ એવો નથી કે વ્યવહારનય તીર્થને પ્રગટ કરે છે. મોક્ષનો માર્ગ વ્યવહારનય પ્રગટ કરે છે એમ અહીં નથી. આહા..હા..! એ શું કહ્યું? પણ શું કહ્યું છે?

**'અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ...'** એટલે? વ્યવહારની પર્યાયમાં વ્યવહાર છે એવું જણાવવા વ્યવહારનો ઉપદેશ કહ્યો છે.

**શ્રોતા :-** વ્યવહારનું જ્ઞાન કરવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન કરાવવા. ધર્મતીર્થની પ્રવૃત્તિનો અર્થ? મોક્ષમાર્ગ છે એ વ્યવહારથી થાય છે એમ પ્રશ્ન અહીં નથી. મોક્ષમાર્ગ જે છે એ તો સ્વદ્રવ્યને આશ્રયે થાય છે, પણ છે પર્યાય, એના ભેદ છે કે નહિ? ચોથું, પાંચમું, છઠ્ઠું ભેદ છે કે નહિ? ભેદ છે. જો ભેદ ન હોય તો તીર્થનો નાશ થાય છે. ચોથા, પાંચમા ગુણસ્થાનનો નાશ થાય એમ કહે છે. એનો અર્થ એ નથી કે વ્યવહારથી ધર્મની દશા પ્રગટે છે, એમ અહીં નથી કહેવું. એ છે એટલું સિદ્ધ થાય છે. પર્યાયમાં છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભેદ પાંચમું, છઠ્ઠું છે. છે એટલું સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? આમાં ગોટા વાળે છે આ ગાથામાં બહુ. આહા..હા..! વ્યવહાર છે ખરો. વ્યવહાર ન હોય તો ચૌદ ગુણસ્થાન સિદ્ધ નહિ થાય તો સંસાર અને સિદ્ધની પર્યાયો ભેદ છે એ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આમાં ગોટો છે મોટો.

અહીંયાં **'અપરમાર્થભૂત હોવા છતાં પણ,..'** ચૌદ ગુણસ્થાન વાસ્તવિકપણે તો અપરમાર્થ છે, જીવનું સ્વરૂપ નથી. **'પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...'** ચોથું, પાંચમું, છઠ્ઠું, એવી ગુણસ્થાનની દશા જણાવવા માટે વ્યવહાર જણાવ્યો છે. આહા..હા..! બહુ આમાં આખા જદમાંથી ગોટો ઊઠાવે છે. જુઓ, વ્યવહારથી તીર્થ થાય છે, ધર્મની પ્રવૃત્તિ વ્યવહારથી થાય છે, એમ નથી. થાય છે, એ છે ધર્મની પ્રવૃત્તિ. જો વ્યવહાર ન હોય તો પ્રવૃત્તિ હોય જ નહિ એટલું. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં ફેર છેને આખો. નિશ્ચયથી પર્યાય દ્રવ્યમાં નથી, પણ પર્યાય પર્યાયમાં છે એટલો વ્યવહાર સિદ્ધ કરે છે. એથી પર્યાયને આશ્રયે ધર્મ થાય એ અહીં વાત નથી. છે એટલી વાત, બસ. આહા..હા..!

**શ્રોતા :-** જે ગોટા ઊભા થાય છે એમાં આ ગાથા નિમિત્ત થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગોટા કરનારને ઊંધું પડે છે.

**શ્રોતા :-** ગાથા નથી પડતી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાથા નહિ, એની દૃષ્ટિ.

૧૨મી ગાથામાં એમ કહ્યું છેને, **'जइ जिणमयं पवज्जह' 'જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય—એ બન્ને નયોને ન છોડો;...'** એટલે? નિશ્ચય જો

છોડશો તો તત્ત્વનો નાશ થશે. વ્યવહાર જો છોડશો તો પર્યાય સિદ્ધ નહિ થાય, ચોથું, પાંચમું, છઠ્ઠું એ સિદ્ધ નહિ થાય. એ પર્યાય વ્યવહાર છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે ખરો, આશ્રય કરવાલાયક છે એ અહીં વાત નથી. છે ખરો, વ્યવહાર ન હોય તો ત્રસ, સ્થાવર જીવ જ સિદ્ધ નહિ થાય. સિદ્ધ ને સંસાર એવા ભેદ જ વ્યવહાર વિના સિદ્ધ નહિ થાય. નિશ્ચયથી તો જીવ એકરૂપ ત્રિકાળ છે. એમાં પર્યાયના ભેદ કરવા એ તો વ્યવહાર છે. આહા..હા..! છે ખરો પણ. અભૂતાર્થ હોવા છતાં છે ખરો. કોઈ એમ પણ કહે કે મોક્ષમાર્ગ એ વ્યવહાર છતાં છે ખરો. કોણે ના પાડી? રાગને મોક્ષમાર્ગ કહેવો એવો વ્યવહાર છે. છે, પણ એથી એ મોક્ષમાર્ગ છે એમ નહિ. આહા..હા..! ગોટા મોટા આમાં. જુઓ!

'વ્યવહારી જીવોને...' એમ ભાષા છેને? **'વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે દર્શાવવો ન્યાયસંગત જ છે.'** પર્યાય છે, ગુણસ્થાનભેદ છે, પર્યાયમાં રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપના ભાવ પર્યાયમાં છે. પર્યાયમાં છે, જીવમાં નથી, ત્રિકાળમાં નથી. ત્રિકાળનો આશ્રય કરવા જાય છે તો પર્યાયનો આશ્રય રહેતો નથી, પણ પર્યાય છે ખરી. આહા..હા..! કહેશે. દાખલો આપશે ૪૭-૪૮માં.

**'પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો,..'** જુઓ, વ્યવહાર નથી જ એમ જો કહેવામાં આવે **'તો, પરમાર્થે શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી,...'** શરીર અને જીવ બે ભિન્ન છે. **'જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે...'** ભસ્મ-રાખ, રાખને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે **'તેથી બંધનો જ અભાવ ઠરશે;...'** છેને? **'હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન કરવામાં પણ...'** ભાષા અહીં છે. **'ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે...'** એકેન્દ્રિય જીવ નથી, બે ઇન્દ્રિય નથી, ત્રણ ઇન્દ્રિય નથી તો તો એને ભસ્મને જે મસળવામાં પાપ નથી, બંધન નથી એમ એકેન્દ્રિયને મારવાનો ભાવ એ બંધન નહિ થાય એને. બંધન છે, એકેન્દ્રિયના જીવને મારી શકે છે. મારી શકે છે એટલે? એનો ભાવ થાય. મારી શકે છે એમ પ્રશ્ન અહીં નથી, પણ ભાવ છે એને. આ એકેન્દ્રિય છે, બે ઇન્દ્રિય છે, એ બધો વ્યવહાર છે. આહા..હા..!

કહે છે, **'શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન...'** વ્યવહાર જીવ જ નથી, પર્યાયમાં જીવ જ નથી, શરીર અને જીવ તદ્દન એક જ છે. સમજાણું કાંઈ? એમ અહીં મનાવવું નથી, પણ શરીરને અને જીવને સંબંધ છે એમ મનાવવું છે. નિશ્ચયમાં તો શરીર ને જીવ ભિન્ન જ છે તદ્દન, પણ વ્યવહારમાં શરીર ને જીવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આહા..હા..! ઝીણી વાત છે.

**'શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી,...'** નિશ્ચયથી. **'જેમ ભસ્મને**

**મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન...'** જીવ નથી એમ કરીને મારી નાખવાનો ભાવ એ ભાવ જ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? પંડિતજી! આવી વાત છે. **'અને તેથી બંધનો જ અભાવ ઠરશે;...'** હિંસાનો ભાવ છે મારું આને, એ જીવને મારું એમ છે કે એકેન્દ્રિય, બે ઇન્દ્રિયને મારું એમ છે? જીવ છે એ તો ત્રિકાળ છે, પણ શરીરના સંબંધે 'આને મારું છું' એવો નિઃશંકભાવ છે. મારી શકે છે એ પ્રશ્ન અહીં નથી. સમજાણું કાંઈ? આવા અર્થો.

એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય જીવ વ્યવહાર છે. છ-કાયના જીવ, છ-કાય કીધા એ તો વ્યવહાર કીધા. છ-કાયને જીવ કહ્યો નથી. પ્રવચનસારમાં આવે છે. છ-કાયમાં જ્ઞાન તે જીવ છે. પંચાસ્તિકાય. પંડિતજી! છ-કાયની વાત આવી છે. પણ છ-કાય વ્યવહારે છે કે નહિ? એ તો નિશ્ચયથી કહ્યું કે છ-કાયથી જીવ છે તે જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! પંચાસ્તિકાયમાં આવે છે. છ-કાય એ જીવ નથી. નિશ્ચયથી એ જ્ઞાનસ્વરૂપ તે જીવ છે, પણ એકેન્દ્રિય, બે ઇન્દ્રિયની પર્યાય છે એ વ્યવહારે છે કે નહિ? એ વ્યવહારે છે એ અહીં સિદ્ધ કરવું છે. છે હેય, પણ હેય છે કે નહિ? છે એનું હેય હોય કે ન હોય એનું હેય હોય? આહા..હા..!

**'બંધનો જ અભાવ ઠરશે;...'** એક વાત. જો ત્રસ અને સ્થાવર જીવ એ તો વ્યવહારથી છે. ખરેખર તો નિશ્ચયથી તો જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. ભેદ પાડ્યો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયનો એ તો વ્યવહાર છે. જો વ્યવહાર ન જ હોય તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય જીવ જ નહિ સિદ્ધ થાય પર્યાય અને એને મારી નાખવાનો નિઃશંકભાવ થશે તો એને પાપ નહિ લાગે. બંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર છે માટે વ્યવહારથી પણ નિશ્ચય થાય છે એમ અહીં કહેવું નથી. સમજાણું કાંઈ? વ્યવહાર છે ખરો. પર્યાય પોતે વ્યવહાર છે. જો વ્યવહાર નથી એમ કહો તો પર્યાય સિદ્ધ નહિ થાય. દ્રવ્ય પોતે નિશ્ચય છે, પર્યાય વ્યવહાર છે. સમજાણું કાંઈ?

નિશ્ચયથી તો વસ્તુ જે છે નિષ્ક્રિય તે નિશ્ચય છે અને મોક્ષનો માર્ગ જે છે નિશ્ચય મોક્ષમાર્ગ એ વ્યવહાર છે. પર્યાય છેને. શું કહ્યું એ? મોક્ષનો માર્ગ જે નિશ્ચયમોક્ષનો માર્ગ એ પર્યાય છે એ તો. પર્યાય છે તો દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર થઈ ગયો. જો પર્યાય જ નથી તો નિશ્ચયમોક્ષમાર્ગ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? પરમાર્થ-વચનિકામાં છે. પરમાર્થ-વચનિકા છેને. બનારસીદાસની. કહ્યું છે એમાં. મોક્ષમાર્ગમાં છેને? મોક્ષમાર્ગ-પ્રકાશક. જુઓ. શું કીધું? જુઓ આવ્યું. **'શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ છે તે નિશ્ચય છે.'** છે? અને સાચો **'મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે.** સાચો **'મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે.'** પર્યાય છેને. આહા..હા..! **'મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર અને શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે;...'** અજ્ઞાનીને ખબર

નથી. વ્યવહાર કહે ત્યાં આદરવાલાયક છે (એમ કહે). છે ખરો. પર્યાયમાં મોક્ષમાર્ગ જે થાય નિશ્ચય એ પર્યાય છે. જો વ્યવહાર નથી તો એ પર્યાય ભેદ જ સિદ્ધ નહિ થાય. એથી કરીને નિશ્ચયમોક્ષમાર્ગ, વ્યવહારથી નિશ્ચય થાય છે એ અહીં પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? નિશ્ચયમોક્ષમાર્ગ તો દ્રવ્યને આશ્રયે જ થાય, પણ દ્રવ્ય છે એ નિષ્ક્રિય છે અને પરિણતિ છે તે સક્રિય છે, વ્યવહાર છે. જો વ્યવહાર ન હોય તો એ પર્યાય સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? વ્યવહાર ન હોય તો રાગ છે એનામાં એ સિદ્ધ નહિ થાય, વ્યવહાર નહિ હોય તો શરીર ને જીવનો વ્યવહારે સંબંધ છે એ સિદ્ધ નહિ થાય. આહા..હા..! આવી વાત છે. જુઓ, છેને આ? સમ્યગ્દૃષ્ટિનો વિચાર. એમાં છે આ. '**અંતરદૃષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગ સાધે છે. સમ્યગ્જ્ઞાન (સ્વસંવેદન) અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર અને શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે.**' બનારસીદાસની પરમાર્થવચનિકા છેને. આમાં. શું કહ્યું?

પરમાર્થથી જોઈએ તો શરીર ને જીવ ભિન્ન છે. તો શરીર ને જીવ ભિન્ન (છે) તો શરીરને મસળવાથી હિંસા નહિ થાય એને; પણ શરીર ને જીવનો સંબંધ છે, વ્યવહારે એનો સંબંધ છે. માટે જીવ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય શરીરવાળો કહેવામાં આવે છે. એ નથી એમ નહિ. છે એટલું. એથી આશ્રય કરવાલાયક છે અને એ ધર્મ છે (એમ નથી). ધર્મની તીર્થપ્રવૃત્તિનો અર્થ પર્યાયની પ્રવૃત્તિ જે થાય છે એ જ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું! આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુ... દાખલો આપશે આગળ કે રાજા એક યોજનમાં જાય છે. એક યોજનમાં રાજા હોય છે? સેના હોય છે, પણ સેના અને રાજાને સંબંધ છે નિમિત્ત-નૈમિત્તિક એથી રાજા ચાર યોજનમાં છે એમ કહેવામાં આવે છે. એમ ભગવાન આત્મા તો એકરૂપ છે, પણ એની રાગાદિ પર્યાયોમાં વ્યાપે છે તેથી એમ કહેવામાં આવે છે કે આત્માની આ રાગની પર્યાય છે, આ રાગ એનો છે, વિકાર એનામાં થાય છે. પર્યાયમાં હોં! એ પર્યાયમાં ખરેખર દ્રવ્ય વ્યાપતું નથી. ચાર યોજનમાં રાજા વ્યાપતો નથી, પણ સેનાને અને એને એટલો સંબંધ છે એટલે કહેવામાં આવે છે. એમ આત્મા કાંઈ રાગની પર્યાયમાં દ્રવ્ય છે એ વ્યાપતું નથી, પર્યાય વ્યાપે છે-પ્રજા. આહા..હા..! આવું બધું શીખવું. એક વાત.

'**પરમાર્થે શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે;...**' બંધ છે એ જ વ્યવહાર છે. મોક્ષ એ વ્યવહાર છે. મોક્ષનો ઉપાય એ પણ વ્યવહાર છે. આહા..હા..! એથી વ્યવહારથી ધર્મ થાય એ પ્રશ્ન અહીં નથી. ધર્મનું પ્રવર્તન છે એ જ વ્યવહાર છે. ધર્મ થાય કેમ? એ દ્રવ્યને આશ્રયે. સમજાય છે કાંઈ? કાંતિભાઈ! આ બધા ઝઘડા અર્થ કરવામાં

છે મોટા. એવી વાત છે. શું થાય?

જુઓ, **'અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...'** એટલે? પર્યાયપણું દર્શાવવા માટે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ચોથે, પાંચમે, છઠ્ઠે એ બધો ભેદ બતાવવો છે એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો ચૌદ ગુણસ્થાન છે જ નહિ, ચૌદ ગુણસ્થાનથી રહિત છે, પણ પર્યાયમાં ગુણસ્થાન નથી તો તો ધર્મની તીર્થની પ્રવૃત્તિના પરિણામ સિદ્ધ નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે વ્યવહારથી ધર્મતીર્થ-સમ્યગ્દર્શન-જ્ઞાન ચાલે છે એમ નથી. પર્યાયમાં એ વ્યવહાર છે એટલું સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચેતનજી! આવી વાત છે. આહા..હા..!

અરે..! ભગવાન સર્વજ્ઞ નિશ્ચયથી કહ્યું સર્વજ્ઞનું વચન છે કે રાગ-પુણ્ય આત્માના નથી એમ કહી ગયા ૪૪. અહીં વળી કહ્યું કે વ્યવહારે છે એ પણ સર્વજ્ઞે કીધું છે. એ પર્યાય જણાવી છે. પર્યાયમાં ભેદ છે, રાગ છે એ છે એવું જણાવ્યું છે. આહા..હા..! પર્યાય છે એ સદ્‌ભુતવ્યવહાર છે. નિશ્ચયમોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે, એ સદ્‌ભુતવ્યવહાર છે અને રાગાદિ છે તે અસદ્‌ભુતવ્યવહાર છે, પણ એ બે છેને? નથી તો તો પછી મોક્ષમાર્ગ સિદ્ધ નહિ થાય, બંધમાર્ગ સિદ્ધ નહિ થાય કોઈને. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ન થાય તો કાંઈ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય સાધ્ય ન થાય તો મોક્ષનો માર્ગ પર્યાય છે. મોક્ષ પર્યાય છે, સંસાર પર્યાય છે, મોક્ષનો માર્ગ પર્યાય છે, સંસાર પર્યાય છે, મોક્ષ પર્યાય છે. ત્રણે પર્યાય વ્યવહાર છે. સમજાણું કાંઈ? ગિરધરભાઈ! આવું અટપટું છે. ઓલા બધા તમારા કાર્યમાં કર્યા હોય ગોળા. ત્યાં કાંઈ બુદ્ધિ વાપરવી ન પડે. આહા..હા..!

**'અપરમાર્થભૂત હોવા છતાં,...'** આમ શબ્દ વાપર્યો છેને? **'ધર્મતીર્થની પ્રવૃત્તિ...'** અપરમાર્થભૂત હોવા છતાં. પર્યાય છેને. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં ફરીને આ લીધા. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ હોં અને વ્યવહાર વિકલ્પ એ છે ખરેખર ત્રિકાળની અપેક્ષાએ અભૂતાર્થ, અપરમાર્થ. ત્રિકાળ જે સત્ય છે તે ભૂતાર્થ છે. સત્ય છે એ આવ્યું હતું પરમાત્મ પ્રકાશમાં. ત્રિકાળ સત્ય છે અને પર્યાય છે તે અસત્ય છે, અભૂતાર્થ છે. કઈ અપેક્ષાએ? ત્રિકાળના આશ્રયમાં એ આશ્રય કામ કરતી નથી, પણ છે ખરી. એ છે એમ વ્યવહારે સિદ્ધ કરવું છે, પણ છે એ પર્યાય આશ્રય કરવાલાયક છે એમ સિદ્ધ થતું નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીને. **'વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે...'** આવ્યુંને? **'તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...'** એટલે પર્યાયનું ઓછા-વત્તાપણું સિદ્ધ કરવા માટે... બરાબર છે? પંડિતજી! પર્યાયમાં ઓછા-વત્તું છે એ

બધો વ્યવહાર છે. ચોથું, પાંચમું, છઠ્ઠું. એથી ૧૧મી ગાથામાં કહ્યુંને કે ભૂતાર્થ જે ત્રિકાળ છે તે સત્ય છે અને તે એનો આશ્રય કર્યે સમ્યક્ થાય. પછી ૧૨મામાં કહ્યું કે શુદ્ધતા ઓછી છે, અશુદ્ધતાનો અંશ છે એને જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, પણ વ્યવહાર છે કે નહિ? જાણ્યો છે ત્યારે પ્રયોજનવાન કહે છે. છે કે નહિ? અશુદ્ધતા અંશ છે, શુદ્ધતાનો અંશ છે, શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ઘટે છે એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આવું છે. આવો માર્ગ. આહા..હા..! એય..! શાંતિભાઈ! આમાં કાંઈ મહેનત કરી નથી ઘડિયાળમાં. બાબુભાઈ ત્યાં રોકાઈ ગયા, પણ હવે આ કરવું છે કેદી? આહા..હા..! આ જ કરવાનું છે, પ્રભુ! આહા..હા..! અરેરે..!

અહીં તો એક વાત છે કે જેમાંથી ભવનો અભાવ સિદ્ધ ન થાય તે કાંઈ નથી. એક વાત છે, પ્રભુ! ભવનો અભાવ તો દ્રવ્યને આશ્રયે થાય. છતાં ભવ ગયો ને મોક્ષ થયો કે મોક્ષમાર્ગ થયો એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં એમ કહ્યું. '**ववहारोऽभूदत्थो**' એ પર્યાયમાત્ર અભૂતાર્થ. સદ્ભુત બધોય વ્યવહાર અભૂતાર્થ. એમ કહ્યું છેને? ૧૧મી ગાથાનો પહેલો શબ્દ. પહેલો શબ્દ. વ્યવહાર બધો અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે. એટલે? વ્યવહારના ચાર પ્રકાર. એક સદ્ભુતવ્યવહાર અનુપચાર, એક સદ્ભુતવ્યવહાર ઉપચાર, એક અસદ્ભુતવ્યવહાર અનુપચાર, એક અસદ્ભુતવ્યવહાર ઉપચાર. એ ચાર છે ખરા, પણ એ જાણેલો પ્રયોજનવાન. છે ખરા, પણ જાણેલો પ્રયોજવાન છે, આદરેલો નહિ.

ચારની વ્યાખ્યા. એ જ્ઞાન તે આત્મા એ સદ્ભુત અનુપચાર. વ્યવહાર સદ્ભુત તે વ્યવહાર છે માટે અભૂતાર્થ છે. આહા..હા..! પણ છે ખરુંને. જ્ઞાન તે આત્મા એવું લક્ષ જાય છે ને એટલો ભેદ છે કે નહિ? એ ભેદ છે કે નહિ? એટલી વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? સદ્ભુત અનુપચાર વ્યવહાર એ; અને જ્ઞાન રાગને જાણે છે એને સદ્ભુત ઉપચાર વ્યવહાર કહે છે. કારણ કે રાગ પોતાના સ્વરૂપમાં નથી છતાં જાણે છે એટલે ઉપચાર એને કહ્યો. સદ્ભુત છે પોતામાં પણ ઉપચાર છે, વ્યવહાર છે. એટલે સદ્ભુત ઉપચાર વ્યવહાર જ્ઞાન રાગને જાણે છે. એ એ છે. એ અભૂતાર્થ કીધું. હવે અસદ્ભુત અનુપચાર. જે રાગ ખ્યાલમાં ન આવે એવા રાગને અસદ્ભુત અનુપચાર વ્યવહાર કહેવામાં આવે છે.

**શ્રોતા :-** અનુભવના સમયે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખ્યાલ નથી આવતો એ. ખ્યાલમાં નથી આવતોને. બુદ્ધિમાં ખ્યાલમાં નથી આવતો. છે ખરો. એ ખ્યાલમાં નથી આવતો એ અસદ્ભુત અનુપચાર વ્યવહાર અને ખ્યાલમાં આવે એ અસદ્ભુત ઉપચાર વ્યવહાર. એ બધોય અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે. આહા..હા..! શુદ્ધનય એક ભૂતાર્થ હોવાથી એ ભુત અર્થને પ્રગટ કરે છે. છે? ભગવાન ત્રિલોકનાથ પરમ આનંદનો કંદ પ્રભુ ધ્રુવ એ શુદ્ધનય એક જ છે. એ શુદ્ધનય

એક જ હોવાથી એ છતા પદાર્થને ત્રિકાળને જણાવે છે અને તે અર્થને પ્રગટ કરે છે. આહા..હા..! એ અહીં કહે છે, વ્યવહાર નથી તો સદ્ભુત વ્યવહારાદિનો ભેદ જ નહિ સિદ્ધ થાય. વ્યવહાર છે ખરો, પણ હેય છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા હવે.

**'અપરમાર્થભૂત હોવા છતાં...'** એમ તો શબ્દ વાપર્યો છે, છતાં અપરમાર્થભૂત છે, ત્રિકાળ વસ્તુ નથી. આહા..હા..! પણ છે પર્યાયમાં ભેદ. પર્યાયનો ભેદ પોતે વ્યવહાર છે. પંચાધ્યાયીમાં તો પર્યાયને વ્યવહાર કહ્યો, દ્રવ્યને નિશ્ચય કહ્યો છે. પંચાધ્યાયી. પર્યાયને વ્યવહાર કીધો છે. ભલે મોક્ષની પર્યાય.. કેવળજ્ઞાન એ સદ્ભુતવ્યવહાર પર્યાય છે, કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? આ તો આવ્યું હતું પરમાત્મ-પ્રકાશમાં. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય વિભાવગુણ છે, અશુદ્ધ નિશ્ચયથી છે. ત્યાં કેવળજ્ઞાન નથી લીધું. એવું નિયમસારમાં આવ્યું હતું આપણે આજે સજ્ઝાયમાં કે કેવળજ્ઞાન એ શુદ્ધસ્વભાવભાવ છે અને ચાર છે તે વિભાવજ્ઞાન છે. મતિ, શ્રુત, અવધિ એ વિભાવ છે, કેવળજ્ઞાન સ્વભાવ છે. અસહાય ઈન્દ્રિયથી ન થાય એ સ્વભાવજ્ઞાન છે અને ચાર જ્ઞાનને વિભાવ કીધા. કેવળદર્શનને સ્વભાવદર્શન કીધું. ચક્ષુ, અચક્ષુ, અવધિને વિભાવદર્શન કીધું.

**શ્રોતા :-** મતિ ને શ્રુતને સ્વભાવ કહ્યો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જુદી વસ્તુ. એ તો ઉઘાડનો અંશ એ અપેક્ષાએ; પણ એ ભેદ છે એ ત્રિકાળમાં રહેતો નથી, કાયમ રહેતો નથી એટલે અભૂતાર્થ છે. આહા...! આવી વાત છે.

કેવળજ્ઞાન થયેલું તો કાયમ રહે છે અને ચાર જ્ઞાન કાયમ રહેતા નથી. એ તો ક્ષણિક છે, નાશ થઈ જાય છે. આહા..હા..! આવી વાતું છે. સમયસારની શૈલી એવી છે કે પરમાર્થને જણાવે છે, પણ અપરમાર્થ એવું જ્ઞાન એને કરાવે છે. આહા..હા..! નથી જ એવું (એમ નહિ). એ ૧૪મી ગાથામાં આવ્યું છે. નહિ? ૧૪મી ગાથામાં નથી? અર્થમાં આવ્યું છે. ૧૪. જુઓ, પાનું આમાં ૪૧ છે. ભાવાર્થ છેને? **'મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો. આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એક દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે, પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે.'** છેને? આહા..હા..! અને માથે છે એના ઉપર. **'એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે. માટે, સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.'** સર્વ નયો. એટલે વ્યવહારનયનું તો જ્ઞાન કરવું જોઈશે એને. છે? છે એમાં? **'સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું...'** એટલે કે વ્યવહારનય પણ છે. નીકળ્યું નહિ? આમાં ૪૧ પાનું છે.

વ્યવહાર છેને. છે કે નહિ? આશ્રય કરવાલાયક નથી. પર્યાયનું જ્ઞાન ન જ કરે અને

એકલું દ્રવ્યનું જ કરે તો એ જ્ઞાન ખોટું છે એનું. પર્યાય છે એનું જ્ઞાન રાખીને દ્રવ્યનો આશ્રય કરે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ... પછી જાણવાનું શું રહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવાની વસ્તુ છે એને જાણવી નહિ? જાણવું નથી એટલે એમાં રહેવું નથી, પણ છે કે નહિ? આહા..હા..! રાગ છે કે નહિ? પર્યાય છે કે નહિ? છે એને જો જ્ઞાનમાં ન માને તો એકાંત થઈ જશે.

**શ્રોતા :-** વ્યવહારને જાણવાનું શું પ્રયોજન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રયોજન અહીં છે એને જાણવું પ્રમાણજ્ઞાનમાં. આહા..હા..! પ્રયોજન છે.

**શ્રોતા :-** એકલા નિશ્ચયથી ન ચાલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એકલા નિશ્ચયનયથી કામ નહિ ચાલે. નિશ્ચયને વ્યવહારનયની અપેક્ષા છે. છે એટલું હોં. આહા..હા..! એ વસ્તુ છે. આ ફૂલચંદજીએ નથી કહ્યું? ઓલામાં કહ્યું છે કે વ્યવહારની ઉપેક્ષા તે જ એની અપેક્ષા છે. ફૂલચંદજીએ કહ્યું છે. પર્યાયમાં રાગ છે એની ઉપેક્ષા કરીને દ્રવ્યની અપેક્ષા કરવી. એમાં ઉપેક્ષા કરી ત્યાં જ એની અસ્તિ સિદ્ધ થઈ ગઈ. ઉપેક્ષા કરી ત્યાં જ એની અપેક્ષા સિદ્ધ થઈ ગઈ. એટલી અપેક્ષા. આહા..હા..! આવું છે. આહા..હા..! ભાઈ! આમાં તો જરી મધ્યસ્થ થવું જોઈએ.

**શ્રોતા :-** કાંઈક સહેલો રસ્તો બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ સહેલો છે. રસ્તો હોય એ સહેલો હોય કે ન હોય એ સહેલો હોય?

**શ્રોતા :-** નિશ્ચયની વાત કરો તો .. વ્યવહારની વાત કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયને જાણનારી પર્યાય એ વ્યવહાર છે કે શું છે? નિશ્ચયને જાણનારી પર્યાય એ શું છે? નિત્યનો નિર્ણય કરનાર કોણ છે? અનિત્ય છે. સમજાણું કાંઈ? બધું પછી સ્યાદ્વાદમાં જ અપેક્ષા પકડાય છે. એકાંતમાં નહિ પકડાય ક્યાંય એને. આહા..હા..! અને સ્યાદ્વાદનો અર્થ એવો નથી અહીંયાં કે નિશ્ચયથી પણ મોક્ષમાર્ગ થાય અને વ્યવહારથી પણ મોક્ષ થાય એમ નથી અહીં કહેવું, એમ નથી. છે કે નહિ વ્યવહાર? બસ એટલી વાત છે. આવું છે. ૪૬ ગાથામાં મોટો ગોટો ઊઠાવે છે. એ કહે છે એમાં ગોટો ઊઠે. સત્ય છે એ સત્ય જ છે. આહા..હા..!

એથી કહ્યુંને જુઓ, જેમ મ્લેચ્છ ભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે. ભાષા દેખો. મ્લેચ્છ ભાષાના સ્થાનમાં વ્યવહાર કીધો. ૮મી ગાથામાં એમ છે. ત્યાં એ શબ્દ છે. સ્વસ્તિ, એમ કહ્યું. મ્લેચ્છભાષાથી સમજાવે છે, પણ સમજાવનારે કે સમજનારે વ્યવહારને અનુસરવું નહિ, વ્યવહારને અનુસરવો નહિ. ૮મી ગાથામાં. 'अणज्जभासं विणा दु गाहेदुं' આવે છેને?

વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર અનુસરવો નહિ. આહા..હા..! આવી વાતું. આ તો પરમસત્ય સિદ્ધ કર્યું છે, ભાઈ! આહા..હા..!

એ તો પુરુષાર્થસિદ્ધિમાં આવ્યું છેને? કે વલોણું વલોવે તો એક આમ ઢીલું મૂકે તો એક કડક (પકડી રાખે). આ ઢીલું મૂકે તો આ. દોરી તો એક જ છેને? દોરીના છેડા બે છે. આ ઢીલું મૂકે તો આ ખેંચે. એ તો જ્ઞાન કરવા માટે. જ્ઞાન કરવા માટે વ્યવહાર અને નિશ્ચય બેનું જ્ઞાન કરવા માટે, પણ એનો અર્થ એવો નથી ત્યાં કે નિશ્ચયના જોરમાં વ્યવહારને ઢીલો ન કરવો, વ્યવહારને ઢીલો કરીને નિશ્ચયનું જોર કરવું. આહા..હા..! એ તો ઢીલો કરવાનું તો જ્ઞાન કરવા માટે છે. નિશ્ચયનું જ્ઞાન કરવું હોય ત્યારે વ્યવહારને ગૌણ કરીને બતાવે. વ્યવહારનું જ્ઞાન કરવું હોય તો નિશ્ચયને લક્ષમાં નથી એથી એને ગૌણ કરે. એ જ્ઞાન કરવા માટે. શ્રદ્ધા કરવા માટે એક જ ત્રિકાળ ભૂતાર્થ આશ્રયે સમ્યગ્દર્શન થાય, એક જ સિદ્ધાંત છે. એમાં વ્યવહારને જરી ઢીલો મૂકવો નહિ અને વ્યવહારને કઠણ રાખીને નિશ્ચયને ઢીલો મૂકવો એવો અર્થ કરે છે એ. ગોવાલણનું આવે છેને? ગોવાલણી. આકર્ષણથી. હા એ. આમ કરે તો આ બાજુ ઢીલું મૂકે તો આમ ચાલે અને આ બાજુ ઢીલું મૂકે તો આ ચાલે. એમ વ્યવહારનું જ્ઞાન કરવું હોય તો નિશ્ચયનું લક્ષ એ વખતે છોડી દેવું જોઈએ અને નિશ્ચયનું જ્ઞાન કરવું હોય તો વ્યવહારનું લક્ષ છોડી દેવું. જ્ઞાન કરવા માટેની વાત છે. ધર્મનો આશ્રય કરવા માટેનો એ પ્રશ્ન નથી. આહા..હા..! નિશ્ચયથી આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થાય ત્યાં વ્યવહારથી પણ થાય એમ સ્યાદ્વાદ નથી. સમજાણું કાંઈ? આવું છે.

**શ્રોતા** :- અનિશ્ચિત વાત કહેવામાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનિશ્ચિત છે જ નહિ, નિશ્ચિત જ છે આ. નિશ્ચયથી જે છે એ જ નિશ્ચય છે, પણ નિશ્ચય કરનારી પર્યાય છે કે નહિ? એ પર્યાય પોતે વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ?

એ તો આ હમણાં ત્યાં પ્રશ્ન ચાલ્યો હતો લાઠીમાં. ધ્રુવ-ધ્રુવ. લાઠી ને કુંડલા નહિ? કુંડલા ને ઓલા બે નહિ માસ્તર? કાનાતળાવ. કાનાતળાવમાં એ માસ્તર વૃદ્ધ છે. એ વસ્તુ શાશ્વત માને છે અને એનો દીકરો છે એ અનિત્ય માને છે. પછી પ્રશ્ન કરતો હતો એમ કે વસ્તુ તો શાશ્વત છે, પણ શાશ્વત છે એ નિર્ણય કોણે કર્યો? શાશ્વત નિર્ણય કરે? આ ધ્રુવ શાશ્વત છે એ નિર્ણય શાશ્વતમાં થાય? કે પર્યાયમાં થાય? શાશ્વત તો ધ્રુવ છે, સદશ્ય એકરૂપ કૂટસ્થ છે. 'આ શાશ્વત છે' એ નિર્ણય પર્યાયે કર્યો. નિત્યનો નિર્ણય અનિત્યે કર્યો. એ ચિદ્‌વિલાસમાં છે. ચિદ્‌વિલાસમાં. દિપચંદજી. ચિદ્‌વિલાસમાં આ બાજુ પાને છે. નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. શાશ્વતનો નિર્ણય અશાશ્વત પર્યાય કરે છે. સ્યાદ્વાદ છે, પણ સ્યાદ્વાદનું પાછું આમ નાખી દે કે વ્યવહાર-પુણ્ય કરવાથી પણ ધર્મ થાય અને નિશ્ચયથી ધર્મ થાય એ સ્યાદ્વાદ નથી, એ તો એકાંત થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને...'** જુઓ, મ્લેચ્છભાષાને સ્થાને વ્યવહાર છે. **'વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે....'** પરમાર્થનો કહેનાર છે, પરમાર્થનો પ્રગટ કરનાર છે એમ નહિ. શું કીધું એ સમજાણું? વ્યવહાર છે એ ભેદ છે એ અભેદને પ્રગટ કરે છે, પણ ભેદ છે એ પોતે ભેદને પ્રગટ કરે છે માટે વસ્તુ એમ નહિ. ભેદ અભેદને પ્રગટ કરે છે. ભેદ વસ્તુ છે એ પણ આદરણીય છે એમ નથી. આહા..હા..! આવી વાત છે. મૂળ શ્રદ્ધામાં ગોટાળો આખો છે. બીજનું જે મુખ્ય છે ત્યાં મોટો ગોટો ઊઠ્યો છે. તે વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર હોવાથી હોં! પરમાર્થને પ્રગટ કરનાર હોવાથી એમ નહિ. **'તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ ધર્મતીર્થની પ્રવૃત્તિ માટે...'** જે પર્યાયોની નિર્મળતા અને અનિર્મળતાના ભેદો જણાવવા માટે વ્યવહારનય દર્શાવવો ન્યાયસંગત જ છે. **'(વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે.'** વ્યવહારનય આદરણીય છે એમ નહિ. આહા..હા..! આવી વાતું છે.

**'પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થે...'** ખરેખર **'શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે;...'** આ એક વાત સિદ્ધ કરી. હવે બીજી. ધીમેથી ધ્યાન રાખીને સમજવા જેવી વાત છે ભાઈ, આ તો. અત્યારે મોટો અટપટો ગોટો ઊઠ્યો છેને. શુભભાવ પણ.. ઓલાએ નહોતું કાલમાં લખ્યું શ્યામસુંદરજીએ? પુણ્ય તો છેક પહોંચાડે છે. કૈલાસચંદ્રજી કહે, પુણ્ય નહિ. પછી એમ આપ્યું. પહેલાં એમ લખ્યું હતું શુભભાવ એ આમ છે, તેમ છે એમ કરીને નાખ્યું હતું. આહા..હા..! પછી ના પાડી. પુણ્યથી એ નહિ. પુણ્યભાવ છે પર્યાયમાં, પણ દ્રવ્યમાં નથી એવી દૃષ્ટિ કરાવવા પુણ્ય આત્મામાં નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા...!

**શ્રોતા :-** મોક્ષમાર્ગ સુધી તો લઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય લઈ જતો નથી. એ તો શ્વેતાંબરની શૈલી.. આ તો દિગંબર સંતોની વાણી છે. શ્વેતાંબરમાં એ વસ્તુ છે જ નહિ. ઝીણી વાત છે. કારણ કે એમાં તો દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી વાત નથી. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલી વાત સંતો કહે છે. દિગંબર સંતો.. આહા..હા..! આ શાસ્ત્રનો આધાર જોઈએ. શ્વેતાંબરનો આધાર-બાધાર નહિ. એવી વાત છે. દુઃખ લાગે બીજાને શું થાય? મોક્ષમાર્ગ-પ્રકાશકમાં તો અન્યમતમાં નાખ્યા છે, પાંચમા અધ્યાયમાં શ્વેતાંબર, સ્થાનકવાસી, મુસલમાન, વૈશેષિક, વેદાંત, સાંખ્ય બધા ગૃહીતમિથ્યાત્વમાં નાખ્યા છે-અન્યમતમાં.

**શ્રોતા :-** દિગંબર તો એમ જ કહે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિગંબર કંઈ ઘરનું કહે છે? આહા..હા..! આ તો વસ્તુસ્થિતિ

છે. દિગંબર કોઈ પક્ષ નથી. વસ્તુ છે આ તો. રાગ વિનાના, લૂગડા વિનાની ચીજ છે એ દિગંબર આત્મા અને મુનિ વસ્ત્ર વિનાના જે દશા છે તે દિગંબર નગ્ન દશા બહાર. આહા..હા..! એ તો વસ્તુની સ્થિતિ છે આવી, બાપુ! આહા..હા..! ઝીણી પડે. પક્ષ બંધાઈ ગયા એથી લોકોને... એક વાત.

બીજી વાત. '**વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી,...**' ખરેખર તો ભગવાન આત્માને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંસારનો ઉદયભાવ એનાથી ભિન્ન બતાવ્યો છે. ઉદયભાવ સ્વભાવમાં છે જ નહિ. આહા..હા..! '**પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તે છોડાવવો**' એ ક્યાંથી બનશે? જો વ્યવહાર ન હોય તો, રાગ-દ્વેષ-મોહથી બંધાય છે અને રાગ-દ્વેષ-મોહના અભાવથી બંધન છૂટે છે, એ બધો પર્યાય વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે...**' મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ-—પાંચ બંધના કારણ છે. એને બંધના કારણ સ્વભાવમાં નથી એમ બતાવતા બંધના કારણો પર્યાયમાં નથી (એમ નથી). સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ઝીણી. '**રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો**' બંધન છે તેને છોડાવવું '**એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે...**' મોક્ષનો ઉપાય છે એ વ્યવહાર છે. બંધનને તોડવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૩૪ ગાથામાં ત્યાં સુધી કહ્યું કે વિકારનો નાશ કર્તા આત્માને કહેવો એ નામમાત્ર છે. પણ વિકાર છે અને નાશ થાય છે એવો વ્યવહાર છે કે નહિ? સમજાણું કાંઈ? ત્યાં તો એમ કહ્યું, વિકારનો-સંસારનો જીવ નાશ કરે એ નામમાત્ર કથન છે. પરમાર્થે સંસારનો નાશ કરે એ આત્મામાં છે જ નહિ. એટલે? એ તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે છે જ્યાં એટલે વિકાર છૂટી જાય છે, છોડવો પડતો નથી. આહા..હા..! આવો માર્ગ અટપટો. સમજે નહિ એટલે પછી આ બધા ગોટા ઊઠે આમાં. વાંધા.

ખરેખર તો જેમ શરીરથી જીવ ભિન્ન કહ્યો તો પછી શરીરસહિત જીવને મારવો, નિઃશંકપણે મારવો એમાં થશે નહિ, તો હિંસા સિદ્ધ થશે નહિ અને હિંસા સિદ્ધ થયા વિના બંધ સિદ્ધ થશે નહિ. માટે એ વ્યવહાર છે. શરીરસહિત જીવને મારવાનો ભાવ નિમિત્ત-નૈમિત્તિક સંબંધને દેખીને ભાવ થાય છે એ હિંસાનો ભાવ છે અને એ બંધનું કારણ છે. અને પરમાર્થે રાગ અને દ્વેષ-મોહથી જીવ જુદો કહ્યો, તો પછી રાગ-દ્વેષ-મોહથી બંધ થાય છે એ વાત પર્યાય દૃષ્ટિએ રહી નહિ? તો પર્યાયમાં છે. રાગ-દ્વેષ-મિથ્યાત્વથી બંધ થાય છે અને એનો અભાવ કરીને તે બંધને છોડે છે. એ તો બેય સિદ્ધ થયું. બંધનભાવ સિદ્ધ થયો અને બંધનો અભાવ

સિદ્ધ થયો. એ બધો વ્યવહાર છે. આહા..હા..! પરમાત્મ-પ્રકાશમાં એ આવશે. નિર્વિકલ્પ મોક્ષમાર્ગ એ વ્યવહાર છે, એ પણ વસ્તુમાં નથી. છેને? પરમાત્મ-પ્રકાશ. આ પાને છે આ બાજુ. કાલે વાત થઈ ગઈ છે.

ભાવલિંગ નિર્વિકલ્પ મોક્ષમાર્ગ એ પણ જીવનું સ્વરૂપ નથી, પર્યાય છે. આમાં ક્યાંક છે. એ વાત થઈ ગઈ છે ઘણી વાર. 'દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ ભગવાન આત્મામેં ઔર વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગ યદ્યપિ શુદ્ધાત્મસ્વરૂપ કા સાધક હૈ ઈસલિયે ઉપચારનયસે જીવકા સ્વરૂપ કહા જાતા હૈ, તો ભી પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગભી જીવકા નહિ.' એ મોક્ષનો માર્ગ પર્યાય નિર્મળ એ જીવનો નહિ. આહા..હા..! પરમાત્મ-પ્રકાશ છે? ૮૮. ભાવલિંગ સાધનરૂપે, એ કહ્યું, ત્રિકાળી વસ્તુ નથી. આહા..હા..! ભાવલિંગ એ વ્યવહાર છે. આવે છેને. આહા..હા..!

અહીં કહે છે, જો તદ્દન પરમાર્થે રાગ-દ્વેષ-મોહરહિત જીવ છે એમ કહીએ તો રાગ-દ્વેષ-મોહ જીવને છે અને બંધનથી છોડાવવું એ વાત રહેતી નથી. આહા..હા..! **'એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે...'** બંધનને છોડવા માટે મોક્ષનો ઉપાય કરવો એનો અભાવ થશે. **'અને તેથી મોક્ષનો જ અભાવ થશે.'** બંધ અને મોક્ષ બેયનો અભાવ થશે જો વ્યવહાર નહિ માનો તો. આહા..હા..! પર્યાય છે રાગ-દ્વેષ-મોહ અને એનો અભાવ થાય છે. એ પરમાત્મ પ્રકાશમાં બીજે છે. નિશ્ચયથી તો બંધ અને મોક્ષમાર્ગની પર્યાય આત્મામાં છે જ નહિ, એ તો વ્યવહાર છે. ૩૨૦માં એમ કહ્યું છે. ભગવાન તો મોક્ષસ્વરૂપ જ છે આત્મા નિશ્ચયથી તો. વસ્તુ તો મોક્ષસ્વરૂપ જ છે. વ્યક્ત મોક્ષપર્યાયની વાત ચાલે છે એમ કીધું છે ૩૨૦માં. આહા..હા..! એ પ્રગટ મોક્ષ છે એ તો પર્યાય છે અને એનો ઉપાય છે એ પણ પર્યાય છે. આહા..હા..!

**શ્રોતા :-** પ્રાપ્ત પર્યાય થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (પ્રાપ્ત થાય એ પણ) પર્યાય જ છેને બીજું શું છે? આહા..હા..! **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** તો ધ્રુવ છે એ ત્રિકાળી છે અને ઉત્પાદ પર્યાય થાય છે એ તો વ્યવહાર થઈ ગયો અને પૂર્વની પર્યાયનો વ્યય થઈ ગયો એ વ્યવહાર થઈ ગયો. ઉત્પાદ-વ્યય પોતે વ્યવહાર છે. કારણ કે પર્યાય છે માટે. મોક્ષની ઉત્પત્તિ અને સંસારનો નાશ એ બે વ્યવહાર છે. આહા..હા..! આવી વાતું છે.

**'મોક્ષનો જ અભાવ થશે. (આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધ-મોક્ષનો અભાવ ઠરે છે.)'** પર્યાય નથી જ, બંધ નથી જ, નિર્મળ મોક્ષમાર્ગ પર્યાયનો ઉપાય નથી જ તો ઉપાય છે એ તો વ્યવહાર છે. આહા..હા..! નવું કરવું છેને? નિશ્ચય તો ત્રિકાળ છે. નવી પર્યાય પ્રગટ કરવી છે અને જૂની વિકારનો નાશ કરવો એ બધો પર્યાય છે, વ્યવહાર છે. આહા..હા..! પણ એનો અર્થ એવો નથી કે વ્યવહાર મોક્ષનું કારણ છે

એમ અહીં લેવું નથી. ક્યો વ્યવહાર? ઓલો રાગ. આમ તો જે મોક્ષ છે એનું કારણ વ્યવહાર, મોક્ષનો ઉપાય એ વ્યવહાર છે, પણ એ તો નિશ્ચયમોક્ષનો ઉપાય તે વ્યવહાર. સમજાણું કાંઈ? મોક્ષ પોતે પર્યાય-વ્યવહાર છે અને એનો ઉપાય પોતે વ્યવહાર છે. ઉપાય જે નિશ્ચય પર્યાય એ ઉપાય, એ વ્યવહાર છે; પણ વ્યવહાર રાગ છે અને એ વ્યવહારથી મોક્ષમાર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ? આવો મોટો નયના.. હે નાથ! તારી ઈન્દ્રજાળ નયની. એમ લખ્યું છે. આહા..હા..! ઘડીકમાં હા પાડે અને ઘડીકમાં ના પાડે. પણ કઈ અપેક્ષા છે? આહા..હા..! એની એ અપેક્ષાએ જે અપેક્ષાએ નિત્ય છે તે જ અપેક્ષાએ અનિત્ય છે એમ જો કહે તો એ વિરૂદ્ધ થયો. દ્રવ્ય નિશ્ચયથી દ્રવ્ય તે નિત્ય જ છે, નિત્ય જ છે. કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય દ્રવ્ય એમ નહિ. પર્યાય અનિત્ય જ છે. પર્યાય કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :- પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે.**' નિશ્ચય તો. '**જો તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્ગલમય ઠરે અને તો પછી પુદ્ગલને ઘાતવાથી હિંસા થતી નથી અને રાગદ્વેષમોહથી બંધ થતો નથી. આમ,...**' એકાંતરૂપ વસ્તુનુ સ્વરૂપ નથી. એમ એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી. '**પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે તે જ એકાંતે ઠરશે.**' આહા..હા..! છે, પર્યાયમાં વ્યવહાર છે. પર્યાય પોતે વ્યવહાર છે. મોક્ષનો ઉપાય પોતે વ્યવહાર છે.

'**પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે.**' તેમ વ્યવહારનો વિષય છે તે બરાબર છે. '**આ રીતે સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે.**' એ વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## જેઠ વદ-૧, મંગળવાર, તા. ૧૩-૦૬-૧૯૭૬,
## ગાથા-૪૬ થી ૪૯,
## પ્રવચન નં. ૯૪

છેલ્લો થોડો .. લેવાઈ ગયો જુઓ. ભાવાર્થ, ભાવાર્થ. ભાવાર્થ ફરીને લઈએ. '**પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે.**' નિશ્ચયનય સત્યદૃષ્ટિનો વિષય એ તો રાગ ને શરીર ને પુણ્ય-પાપના ભાવ એનાથી પણ આત્મા ભિન્ન કહે છે. હવે 'જો

**તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્ગલમય ઠરે અને તો પછી પુદ્ગલને ઘાતવાથી હિંસા થતી નથી...'** એમ થાય. શરીરને અને આત્માને પર્યાયદૃષ્ટિએ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પર્યાયદૃષ્ટિએ, દ્રવ્યદૃષ્ટિએ એનાથી ભિન્ન છે. આહા..હા..!

'**પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી;...**' પર્યાય નથી જ અને એનામાં રાગ-દ્વેષાદિ ભાવ વ્યવહારે હોં! પર્યાયમાં નથી એમ માને તો તો રાગ-દ્વેષને ટાળવાનું રહેતું નથી. રાગ-દ્વેષથી બંધ થાય એ વાત સિદ્ધ રહેતી નથી. '**પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન,...**' એટલે કે પર્યાયને અને શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેમ રાગ-દ્વેષ-મોહને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આહા..હા..! આવું '**અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે.**' પર્યાયમાં શરીરને અને એને સંબંધ છે. દ્રવ્યના સ્વભાવને અને એને સંબંધ છે નહિ. પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ છે, સંબંધ છે, અશુદ્ધનિશ્ચયથી સંબંધ છે, વસ્તુની દૃષ્ટિથી સંબંધ છે નહિ. એ રીતે એનું જ્ઞાન કરીને, '**આ રીતે સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું...**' એટલે '**उभयनयविरोधध्वंसिनि**' આવે છેને? ચોથો શ્લોક.

પર્યાયનયથી પર્યાય છે, રાગ-દ્વેષ છે એવું એનું જ્ઞાન કરે છે, પણ દ્રવ્યદૃષ્ટિએ જિનવચનમાં ત્રિકાળી આનંદનો નાથ શુદ્ધ છે તેને ઉપાદેય કહ્યો છે, એ નિશ્ચયથી. છેને એમાં? '**जिनवचसि रमन्ते**'. કાંઈ જિનવચનમાં રમવું નથી, પણ જિનવચનમાં ત્રિકાળી પરમાત્મ શુદ્ધ ચૈતન્યઘન એ ભગવાને નિશ્ચયનયમાં આ કહ્યું છે, એ ઉપાદેય છે. પર્યાય છે, રાગ-દ્વેષ છે, બંધ છે, મોક્ષ છે, પર્યાયનયનો વિષય વ્યવહારનો એ છે ખરો, પણ એ આશ્રય કરવાલાયક નથી. તેમ નથી એમ કરવાલાયક નથી. સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ, બાપા! આહા..હા..!

'**સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ...**' પર્યાયે અવસ્થા છે, દ્રવ્યદૃષ્ટિએ પર્યાય નથી એમાં. પર્યાયમાં રાગ-દ્વેષ છે, વસ્તુની દૃષ્ટિથી એનામાં રાગ-દ્વેષ છે નહિ. એ બે નયોનો વિરોધ મટાડી. તેથી પર્યાયથી છે અને વસ્તુમાં નથી; અને તેથી છે એનું જ્ઞાન કરીને ત્રિકાળી આનંદ શુદ્ધ ચૈતન્યને ઉપાદેય કરવો એ સ્યાદ્વાદના નયનો વિરોધ મટાડે છે. આહા..હા..! પંડિતજી! સ્યાદ્વાદ અપેક્ષાથી. આત્મા ત્રિકાળી દ્રવ્ય જ છે એ તો નિશ્ચયનયની અપેક્ષાથી કહ્યું છે અને પર્યાયમાં રાગ-દ્વેષ છે એ પર્યાયનયના વ્યવહારનયથી કીધું છે—એ બેય રીતે છે એમ એને જાણી અને ત્રિકાળી જ્ઞાયકભાવ છે તે આદરણીય છે. સમજાણું કાંઈ? એમ શ્રદ્ધાન કરવું.

'**હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય ક્યા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે?**' એનો કોઈ દૃષ્ટાંત છે અમને સમજાય એ રીતે? '**તેનો ઉત્તર કહે છે :-**' જેને આવું જાણવાની જિજ્ઞાસા છે એને ઉત્તર કહેવામાં આવે છે.

राया हु णिग्गदो त्ति य एसो बलसमुदयस्स आदेसो।
ववहारेण दु वच्चदि तत्थेक्को णिग्गदो राया।।४७।।
નિર્ગમન આ નૃપનું થયું'-નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.
एमेव य ववहारो अज्झवसाणादिअण्णभावाणं।
जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो।।४८।।
ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
–સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

શું કહે છે?

'**ટીકા :- જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે...**' રાજા તો રાજા છે, પાંચ યોજનમાં તો એનું લશ્કર છે, પણ લશ્કરને રાજા નિમિત્ત છે એથી રાજા પાંચ યોજનમાં નીકળ્યો છે એમ કહેવામાં આવે. શું કહ્યું સમજાણું? '**રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે...**' પાંચ યોજનના વિસ્તારથી રાજા આવે છે. '**એમ કહેવું તે, એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી,...**' પાંચ યોજનમાં રાજા નથી રહેતો. '**વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે;...**' વાત જરી એવી છે. '**પરમાર્થથી તો રાજા એક જ છે, (સેના રાજા નથી); તેવી રીતે આ જીવ સમગ્ર રાગગ્રામમાં (–રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તી રહ્યો છે...**' આહા..હા..! શબ્દ એક રાગ જ રાખ્યો છે. બધું વિકાર—જેટલો મિથ્યાત્વ રાગ-દ્વેષ વિકારમાત્રને રાગમાં નાખી દીધો.

હવે આમાં ખુબી શું છે? કે જેમ રાજા તો રાજા જ છે, સેનામાં રાજા આવ્યો નથી, પણ સેનાને રાજા નિમિત્ત છે એથી રાજા પાંચ યોજનમાં વ્યાપીને રહ્યો એમ કહેવામાં આવે છે; એમ આત્મા જે વસ્તુ છે એ વિકારના અનેક પ્રકારમાં એ પોતે આત્મા નથી આવ્યો, પણ વિકારના અનેક પ્રકારમાં એ અશુદ્ધ ઉપાદાન જે છે એમાં આત્મા નિમિત્ત છે. શું કહ્યું ઈ? અશુદ્ધ ઉપાદાન પર્યાયનું સ્વતંત્ર છે, પણ દ્રવ્યને નિમિત્ત કહેવામાં આવે છે. છે ક્યાંય? યોગસાર. એ અહીં કહે છે. યોગસાર૭. વિકારનું મૂળ ઉપાદાન આત્મા નથી. અશુદ્ધ ઉપાદાન સ્વતંત્ર વ્યવહાર છે. આહા..હા..! ઝીણી વાત છેને. અને આત્મા વસ્તુ છે એ તો વિકારમાં ઉપાદાન નથી, નિમિત્ત છે, જેમ સેનામાં રાજા નિમિત્ત છે. રાજા સેનામાં આવ્યો નથી, પણ નિમિત્ત છે માટે રાજા સેનામાં પહોળો થઈને નીકળે છે ફેલાવ થઈને એમ કહેવામાં આવે છે; એમ ભગવાન આત્મા વિકારના જેટલા પ્રકાર છે એમાં એ દ્રવ્ય વસ્તુ પોતે આવી નથી, પણ વિકારમાં એ નિમિત્ત છે એથી એમ કહેવામાં આવે છે કે આત્મા રાગની વિસ્તાર દશામાં વ્યાપ્યો છે. જેમ રાજા સેનામાં આવ્યો એમ આત્મા વિકારમાં આવ્યો એ વિકારી

છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આવી વાતું! વીતરાગનું તત્ત્વ સમજવું ઝીણી વાત છે.

વસ્તુ છે એ સંસારનું ઉપાદાન છે જ નહિ. શું કીધું ઈ? ઉદયભાવ છે—રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન એનું મૂળ શુદ્ધ ઉપાદાન એનું મૂળ કારણ છે જ નહિ, દ્રવ્ય કારણ છે જ નહિ; પણ પર્યાયમાં જેટલા વિકારો થાય તેને દ્રવ્યને નિમિત્ત કહીને એ દ્રવ્ય રાગમાં વ્યાપ્યું છે, રાજા સેનામાં આવ્યો છે, ફેલાણો છે એમ કહેવામાં આવે છે. એમ આત્મા વિકારમાં આવ્યો છે એમ વ્યવહારનયથી નિમિત્ત છે માટે કહેવામાં આવે છે. ભગવાનભાઈ! આવું ઝીણું છે. કહેવાનો આશય આ છે.

જેમ સેના છે પાંચ યોજનમાં. રાજા તો રાજામાં છે, પણ રાજાની સેના એમ કહેવાય છેને? નિમિત્ત છેને એમાં? ઉપાદાન તો ત્યાં છે એનું. સેનાનું ઉપાદાન સેનામાં છે, રાજા તો એનું નિમિત્ત છે. એમ વિકારનું વ્યાપવું એ તો અશુદ્ધ ઉપાદાન સ્વતંત્ર છે, એમાં આત્મા નિમિત્ત છે. સમજાણું કાંઈ? એથી આત્મા બધા વિકારમાં વ્યાપ્યો, રાજા સેનામાં ફેલાણો છે એમ આત્મા રાગમાં વ્યાપ્યો છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું! સમજાણું કાંઈ?

વસ્તુ પોતે છે એ તો શુદ્ધ ચૈતન્યઘન છે. અશુદ્ધ ઉપાદાનનું કારણ શુદ્ધ ઉપાદાન નથી. આહા..હા..! પણ એ અશુદ્ધ ઉપાદાન—વિકાર દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ એ સ્વતંત્ર ઉપાદાનથી થાય છે, એને આ આત્મા વસ્તુ છે તે એને નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? એ રાજા પાંચ યોજનમાં ફલાણો એમ કહેવું એ સેનાનું નિમિત્ત છે માટે કહેવામાં આવે છે. ખરેખર તો એ રાજા રાજામાં છે એ ઓલામાં (સેનામાં) આવ્યો નથી. આહા..હા..! શશીભાઈ! આવું ઝીણું છે.

અંદર ચૈતન્યઘન પ્રભુ છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ પ્રભુ! એ અશુદ્ધતાના વિકારમાં શી રીતે આવે? વિકાર થવો એવો કોઈ ગુણ નથી એનામાં. શું કહ્યું સમજાણું કાંઈ? આહા..હા..! એ તો પર્યાયમાં વિકાર થાય છે એમ કહે છે અને તેથી વિકારમાં દ્રવ્યને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એટલે ખરેખર એ કંઈ નથી. વિકારમાં એ આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો વીતરાગી માર્ગ, બાપા! બહુ ઝીણો છે અને એ સિવાય ક્યાંય બીજે વીતરાગ સિવાય ક્યાંય આ વાત છે નહિ. આહા..હા..! એવી શૈલીથી વાત કરી છે.

**'રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે એમ કહેવું તે, એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી,...'** શું કીધું? એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય છે. સમજાય છે? **'વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે;...'** વ્યવહારી લોકોનો સેનામાં રાજા ફેલાયેલો છે એવું કથન વ્યવહારી લોકોનું છે.

આહા..હા..! '**પરમાર્થથી તો રાજા એક જ છે,...**' આહા..હા..! '**(સેના રાજા નથી); તેવી રીતે આ જીવ સમગ્ર રાગગ્રામમાં...**' વિકારના અસંખ્ય પ્રકાર, મિથ્યાત્વના અસંખ્ય પ્રકાર, શુભભાવના અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર એ '**સમગ્ર રાગગ્રામમાં વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે, એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી,...**' ભગવાન શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એ અસંખ્ય પ્રકારના વિકારમાં આવવું અશક્ય છે. આવું છે. આવો ઉપદેશ માણસોને કાંઈ અંદર વિચાર માગે, બાપુ! આ કેળવવું જોઈએ. એમ ને એમ ઓઘે ઓઘે મનાવે એ વસ્તુ નથી. એની સ્થિતિ શું છે? આહા..હા..!

સેનાનું ફેલાવું તો પોતાને કારણે છે. ફક્ત રાજા એમાં નિમિત્ત છે એથી, નિમિત્ત છે એટલે વ્યવહારથી રાજા પાંચ યોજનમાં ફેલાણો એમ કહેવામાં આવે છે. કાંતિભાઈ! આવું છે. એમ આત્મા તો વસ્તુ છે, ધ્રુવ ચિદ્‌ઘન આનંદનો નાથ એમાં અશુદ્ધ થવાનો કોઈ ગુણ નથી, અશુદ્ધ થવાની કોઈ શક્તિ નથી—સ્વભાવ નથી. ફક્ત અશુદ્ધ જે પર્યાયમાં થાય છે એ સ્વતંત્ર અશુદ્ધ ઉપાદાન છે. અશુદ્ધ ઉપાદાન કહો કે વ્યવહાર કહો. એ વ્યવહારમાં જીવ આવ્યો છે એમ કહેવું એ રાજા સેનામાં આવ્યો એમ કહેવા જેવું છે. આહા..હા..! આવી વાતું છે.

**શ્રોતા :-** રાજાની સેના માટે રાજાને નિમિત્ત કીધો, એમ પર્યાય દ્રવ્યની છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિકારને દ્રવ્ય નિમિત્ત કીધું, દ્રવ્ય નિમિત્ત છે, ઉપાદાન નહિ.

**શ્રોતા :-** પર્યાય દ્રવ્યની છે માટે દ્રવ્યને નિમિત્ત કીધુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ, એ વિકારી પર્યાય દ્રવ્યની છે જ નહિ.

પાંચ યોજનમાં ફેલાયેલી સેના છે કે રાજા? પણ પાંચ યોજનમાં રાજા ફેલાણો એમ કહેવું એ સેનામાં નિમિત્ત હોવાથી વ્યવહારી લોકોનું કથન એ છે. આવી વાતું. એમ આ ભગવાન આત્મા આનંદઘન, ચિદ્‌ઘન ધ્રુવ એ નિત્યાનંદ પ્રભુ, એમાં વિકારની દશા એ તો પર્યાય છે, એમાં એ આવવું, આત્મા એમાં ફેલાણો કહેવું એ અશક્ય છે. એકનું પરમાં આવવું એ અશક્ય છે. એય..! આહા..હા..! સમજાય એટલું સમજો ભાઈ, આ તો વીતરાગમાર્ગ એવો છે કે.. આહા..હા..!

**શ્રોતા :-** સમજાય એટલું સમજવું કે બધું સમજવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાય એટલું સમજો એટલે જે કાંઈ ... થાય એ રીતે પકડો, એમ. કહો, નેમિદાસભાઈ! સંભળાય છે બરાબર? આહા..હા..!

રાજા છે એનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય છે. આ સિદ્ધાંત બરાબર છે? એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય છે, પણ સેનામાં મૂળ કારણને રાજા નિમિત્ત (છે). કારણ કે રાજાની સેના એમ કહેવાય છેને? એટલે એનું નિમિત્ત હોવાથી રાજા ફેલાણો એ વ્યવહારીજનનું વ્યવહારી કથન છે. આહા..હા..! છેને?

**'રાગગ્રામમાં વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે, એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી,...'** રાજા પાંચ યોજનના ફેલાવમાં આવ્યો જ નથી, એમ ભગવાન આત્મા... આહા..હા..! કથન તો શૈલી જુઓ. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત આનંદનો નાથ પ્રભુ. એમાં એ વિકાર અનેક પ્રકારની દશામાં એ વ્યાપ્યો છે એમ કહેવું એ વ્યવહારીજનનો વ્યવહાર છે. વસ્તુ રાગમાં આવી જ નથી. ગિરધરભાઈ! આવું છે. મનસુખભાઈ! સમજાય છે કે નહિ? વાણિયાની બુદ્ધિ બધી રોકાઈ ગઈ છે બહારમાં. એટલે આમાં કેળવવું એને કઠણ પડે છે. આ તો ન્યાયનો માર્ગ છે. ભગવાનનો માર્ગ નયાવોયમ (છે). એ ન્યાયથી વાત કરે છે. આહા..હા..!

એક રાજાનું પાંચ યોજનની સેનામાં ફેલાવું અશક્ય છે, છતાં તે પાંચ યોજનમાં ફેલાણી એને રાજા ફક્ત નિમિત્ત છે એ કારણથી વ્યવહારી જનનું કથન એમ છે કે રાજા પાંચ યોજનમાં આવ્યો. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ નિત્ય ધ્રુવસ્વરૂપ એ પોતે આત્મા વિકારની દશાના અસંખ્ય પ્રકારમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? એક ચૈતન્ય અસંખ્ય પ્રકારના વિકારમાં શી રીતે વ્યાપે? એક રાજા પાંચ યોજનની સેનામાં કેમ આવી શકે? આહા..હા..!

એમ ભગવાન આત્મા એ તો શુદ્ધ ચિદ્દ્ઘન આનંદકંદ પ્રભુ શુદ્ધ (છે). એ અશુદ્ધ વિકારની દશામાં એ શુદ્ધ આનંદઘન પ્રભુ કેમ વ્યાપે? આહા..હા..! પણ એ વિકારની ઉપાદાનની સ્વતંત્રતામાં આત્મદ્રવ્યનું નિમિત્ત દેખીને વ્યવહારીજનનું એમ કહેવું છે કે રાગની સમગ્ર સેનામાં આત્મા વ્યાપ્યો છે. આહા..હા..! આવી વાતું હવે. ઓલું તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિયા, ત્રણ ઇન્દ્રિયા કરતાં હતા, જયંતિભાઈ! તસ્સ મિચ્છામી દુક્કડમ લ્યો. અને ... કાંઈ સમજવું છે! આ નેમિદાસભાઈ કલકત્તામાં હતા પહેલાં. ખબર છે જાધવજીભાઈ? તમારે પહેલાં હતા ત્યાં. અગ્રેસર હતા ત્યાં, પણ શું ચીજ છે એની ખબર જ ન મળે. શાસ્ત્રમાં આવે કે વ્યવહારે છે. વ્યવહારે તો છે કે નહિ? પણ એનો અર્થ શું?—પરમાર્થે નથી, પણ વિકારમાં વસ્તુનું અસ્તિત્વ છે ત્રિકાળી એનું નિમિત્ત દેખીને એમ વ્યવહારી લોકો કહે છે. આહા..હા..! ઓલામાં આવ્યું છેને? .. અબુદ્ધસ્ય બોધનાર્થં. અજ્ઞાનીઓને સમજાવવા વ્યવહારનો ઉપદેશ કહેવામાં આવ્યો છે, પણ વ્યવહારને વળગીને માને એને ઉપદેશ દેવાલાયક નથી, અયોગ્ય છે. કહ્યું છે કે નહિ એમ? પણ કહ્યું શું કરવા ઈ સાંભળને. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ એક રાજા પાંચ યોજનના વિસ્તારમાં આવવું તે અશક્ય છે, પણ તે સેનાની સ્વતંત્રતામાં રાજાનું નિમિત્ત દેખીને, સ્વતંત્ર એ વસ્તુ છે ત્યાં, નિમિત્ત દેખીને આ રાજા આ ફેલાઈને આવ્યો એમ કહેવાય છે, પણ એ પાંચમાં આવે એ અશક્ય છે. એમ ભગવાન આત્મા.. આહા..હા..! અરે..! આત્મા શું છે વસ્તુ? ભગવત્સ્વરૂપ છે એ. પરમાત્મરૂપ સમયસાર. નહોતું કહ્યું? એમ આવ્યું હતુંને? પરમાર્થ સમયસારરૂપ છે. નહિ? પરમાત્મ-પ્રકાશ. એનો પહેલો શબ્દ શું હતો? સમયસારરૂપની પહેલાં શબ્દ હતોને કાંઈક? ભૂતાર્થ સત્ય. ત્રિકાળ વસ્તુ છે

ઈ ભૂતાર્થ સત્ય છે, તે આત્મા અને તે સમયસાર છે એમ કહ્યું હતુંને? ભાઈ! આહા..હા..!

જે ૧૧મી ગાથામાં ત્રિકાળી ચીજ તે જ ભૂતાર્થ છે એટલે તે જ સત્ય છે. વિકારની દશા અને પર્યાયના ભેદો એની અપેક્ષાએ તે અસત્યાર્થ છે. એની અપેક્ષાએ, પર્યાયની અપેક્ષાએ પર્યાય છે પણ દ્રવ્યની અપેક્ષાએ તે અસત્યાર્થ છે. એમ આત્મા વિકારના અસંખ્ય પ્રકારના દ્વિવિધ તરીકે ભગવાન આત્મા છે, એ રાજાનું સેનામાં નિમિત્તપણું છે, ઉપાદાનપણું નથી. આહા..હા..! વાત તે કરી છેને! એમ ભગવાન આત્મા!

**શ્રોતા :-** પહેલી વાર આવો અર્થ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલોવહેલો અર્થ છે, સાચી વાત છે. આવો અર્થ પહેલોવહેલો થાય છે. ભાઈ કહે છે એ સાચી વાત છે. આ તો અંદર એનું સ્પષ્ટીકરણ...

**શ્રોતા :-** અમિતગતી આચાર્યના કહેવા પ્રમાણે અર્થ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુની સ્થિતિ આ છે. ટીકામાં છે ઈ આ જ કહેવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક સમયમાં પ્રભુ આત્મા શુદ્ધ ઘન પવિત્રનો પિંડ છે. હવે એને અપવિત્રતામાં અસંખ્ય પ્રકારમાં વ્યાપ્યો કહેવો... આહા..હા..! રાજા છે એ સેનામાં નિમિત્ત છેને. રાજાની સેના કહેવાયને? એ તો વ્યવહારથી થયું. સેના સેનાની છે, સેના રાજાની છે નહિ. આહા..હા..! એમ સિદ્ધાંત.

એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન સત્ય પરમાનંદરૂપ સમયસાર ધ્રુવ એવો જે ભગવાન આત્મા એ શુદ્ધતાના સ્વભાવનો પિંડ પ્રભુ એ અશુદ્ધતામાં વ્યાપ્યો એમ કહેવું એ નિમિત્ત દેખીને, ઉપાદાન નહિ. ઉપાદાન તો એનું છે. આહા..હા..! એવી વાત કરી છેને! એય..! પંડિતજી! પાછી ભાષા શું છે? '**રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી,...**' છેને? એ અશુદ્ધતાના પ્રકારમાં ભગવાન દ્રવ્ય છે એ વ્યાપ્યું નથી. આહા..હા..! પણ એ વિકારી દશાની અશુદ્ધ ઉપાદાનની સ્વતંત્રતામાં દ્રવ્યનું નિમિત્તપણું છે ફક્ત હાજરી એથી એને એમ કહેવામાં આવે કે આ દ્રવ્ય રાગના અસંખ્ય પ્રકારમાં વ્યાપ્યો છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે, અભૂતાર્થનયથી કહેવામાં આવે છે. આહા..હા..! એવો માર્ગ છે. કહો, ચેતનજી! વાંચતા તો આ નીકળ્યું છે અંદરથી. કે આ શું કહે છે પણ આ!

યોગસાર છેને અમિતગતિનું? એમાં એ કહ્યું છે. ભગવાન આત્મા સંસારના વિકારીભાવને નિમિત્ત છે, ઉપાદાન નહિ. આહા..હા..! કેમકે વસ્તુ તો શુદ્ધ ઉપાદાન છે. આહા..હા..! એ શુદ્ધ સ્વભાવ એ અશુદ્ધતાની વર્તમાન દશાના ફેલાવમાં પ્રભુ કેમ આવે? આહા..હા..! સુમનભાઈ! આહા..હા..! '**(–રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે, એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે;...**' આહા..હા..! વ્યવહારી

જીવોનો. જેમ સેના રાજાની છે અને રાજા પાંચ યોજનમાં ફેલાયો છે, એ વ્યવહારી જીવોનું કથન છે; એમ આ આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ.. આહા..હા..! જેમાં અશુદ્ધતાની ગંધ નથી, વસ્તુ, પણ પર્યાય અશુદ્ધતામાં જે ઉત્પન્ન થયું એમાં દ્રવ્ય વ્યાપ્યું છે એમ કહેવું અશક્ય છે. આહા..હા..! શશીભાઈ! આ સમજાય એવું છે, બાપુ! એમ નથી કે ઝીણું છે માટે (ન સમજાય). ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરના આ વચનો છે. સંતો એને ભગવાનને નામે વાત કરી રહ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એક જીવનું...'** પેલામાં એમ આવ્યું હતુંને? એક જ રાજા છે એમ કહ્યું હતુંને? પરમાર્થથી તો રાજા એક જ છે. એવા રાજાનું પાંચ યોજનમાં ફેલાવું કહેવું એ અશક્ય છે. આહા..હા..! પણ વ્યવહારથી અશુદ્ધતા છે એમાં જીવની વસ્તુ સ્વતંત્ર અસ્તિતા છે. જીવનું નિમિત્તપણું જાણીને જીવ અનેક પ્રકારના વિકારમાં (આવ્યો છે એમ કહેવામાં આવે છે). અરે... પ્રભુ! પણ વિકાર ક્યાં છે એનામાં? એના સ્વભાવમાં નથી, દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એ અસંખ્ય પ્રકારના વિકારી ભાવો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધાદિ, અરે..! મિથ્યાત્વના પ્રકારો. આહા..હા..! સત્ય વસ્તુ તે મિથ્યાત્વના પ્રકારમાં વ્યાપી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે, પ્રવિણભાઈ! તાકડે રવિવારે આવે છે એવું. એઈ..! આહા..હા..! આ અર્થ પહેલો-વહેલો થાય છે હોં આ. ભાઈએ કહ્યુંને. આહા..હા..! એને સૂઝ પડે ઝટ, ખ્યાલમાં આવે. પ્રભુ તો છે એ શુદ્ધ જ છે. એ શુદ્ધ અશુદ્ધતામાં આવતો નથી. આહા..હા..! રાજા તો રાજા જ છે. રાજા સેનામાં આવતો નથી. આહા..હા..!

**'વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો જીવ એક જ છે,...'** ઓલામાં કહ્યું હતુંને **'પરમાર્થથી તો રાજા એક જ છે,...'** કહ્યું હતુંને ત્રીજી લીટી, રાજા તો એક જ છે. એમ ભગવાન આત્મા તો એક સ્વરૂપે જ છે. આનંદકંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ અનાદિઅનંત ધ્રુવ એ એક જ સ્વરૂપે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! સર્વજ્ઞ સિવાય આ વાતની કથનની પદ્ધતિ તો જુઓ! એનું વાચ્ય પ્રભુ પોતે.. આહા..હા..! એ પૂર્ણાનંદનો નાથ દ્રવ્યસ્વભાવ એ તે વિકારના વિસ્તારમાં કેમ આવે? આહા..હા..!

**'પરમાર્થથી તો જીવ એક જ છે, (અધ્યવસાનાદિક ભાવો જીવ નથી).'** આહા..હા..! સેનામાં રાજા આવ્યો નથી, એમ ભગવાન આનંદનો નાથ પ્રભુ વિકારમાં આવ્યો જ નથી. એય..! આહા..હા..! એની અશુદ્ધ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી એમ કહે છે. આહા..હા..! એમાં અશુદ્ધતા થવાની કોઈ શક્તિ ક્યાં છે? પર્યાયમાં જે થયું છે એ વ્યવહારનયથી એમાં જીવના આ છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે, ખરેખર એ જીવના છે નહિ. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ, દેવ-ગુરુ અને શાસ્ત્રની માન્યતાનો વિકલ્પ, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાનો

વિકલ્પ અને શાસ્ત્રને ભણવા તરફની વૃત્તિનો વિકલ્પ એમાં આત્મા આવ્યો જ નથી, કહે છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા તો એને કહીએ કે જે શુદ્ધ ચિદ્‌ઘન છે તેને આત્મા કહીએ. રાજા એને કહીએ કે એકલો છે તેને રાજા કહીએ. આહા..હા..! વાણિયાને હાથ આ જૈનધર્મ આવ્યો. તીર્થંકરો બધા ક્ષત્રિય હતા. વાણિયા કેવળ પામી શકે, તીર્થંકર ન થઈ શકે.

**શ્રોતા :-** સિદ્ધ થઈ શકે એ તીર્થંકર ન હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ કે આવી કથનીનું કરવું.. આહા..હા..!

**શ્રોતા :-** તીર્થંકરને તો ભવ વધારે હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની અહીંયાં વાત કરી જ નથી. અહીં તો તીર્થંકરની પ્રકૃતિ એવી છે કે..

**શ્રોતા :-** સીધું બતાવવું હતુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ એટલે બતાવે છે. આહા..હા..! રાજા જ હોય તીર્થંકર. ક્ષત્રિય વીર્ય હોય એ રાજા. આહા..હા..! અનંત તીર્થંકર થયા. કેવળજ્ઞાન પામી શકે બ્રાહ્મણ, વાણિયા અને ક્ષત્રિય. સમજાણું કાંઈ? આહા..હા..! આવો જે દિવ્યધ્વનિનો ઉપદેશ પુણ્યનો.. પુણ્યનો ધ્વનિ ઊઠ્યો અંદરથી. એ એમ કહે છે કે પ્રભુ! તું તો એક સ્વરૂપે ભગવાન છોને. એ રાજા એક છેને એ પાંચ યોજનમાં ફેલાયેલો રાજા છે એ તો શેમાં છે?

**શ્રોતા :-** રાજાની સેના છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાજાની કહેવી એટલું નિમિત્ત છે. એ દ્રવ્યનો એને એટલું નિમિત્ત છે. એની પર્યાય. આહા..હા..!

એમ કરીને શું કહેવા માગે છે? કે વસ્તુ પર્યાયમાં આટલી ... એમાં વસ્તુ ચૈતન્યમૂર્તિ ક્યાંય વ્યાપ્યો નથી. એ પર્યાયનો એટલો વિસ્તાર થયો અશુદ્ધ ઉપાદાનનો. આહા..હા..! એ દૃષ્ટિ છોડાવીને ભગવાન તો એકરૂપે છે ત્યાં, ત્યાં દૃષ્ટિ કર. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ચીજ છે. આવો ઉપદેશ છે. ઓલું તો કેટલું સહેલુંસટ હતું. લોગસ્સ ઉજ્જોઅગરે... સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. એ સામાયિક થઈ ગઈ. ધૂળેય નથી. વાત હતી સહેલી. .. કહે છે. આહા..હા..!

... એટલું નિમિત્તપણું છે. એની શક્તિ તો .. એની પોતાની છે. લાંબો કાળ... એમ આ ભગવાન આત્મા એની શક્તિ તો શુદ્ધ ચૈતન્યઘન છે, પણ અશુદ્ધ ઉપાદાનની દશા, અશુદ્ધ ઉપાદાન કહો, અશુદ્ધનિશ્ચય કહો કે વ્યવહાર કહો. વ્યવહારની દશામાં વ્યાપવું એ નિશ્ચયસ્વરૂપ એમાં આવતું નથી. આહા..હા..! ગજબ વાતું છેને. પણ તેમાં જોડે નિમિત્ત છે એટલે શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા એની પર્યાયમાં નિમિત્ત છે. આહા..હા..! એમ કહીને વ્યવહારથી એમ કહેવાય છે કે રાજા એક છે એ સેનામાં આવ્યો, પાંચ યોજનના વિસ્તારથી

રાજા ચાલ્યો આવે છે; એમ ભગવાન અશુદ્ધ પર્યાયમાં આવ્યો એ તો વ્યવહારથી અભૂતાર્થનયથી છે. આહા..હા..! સત્યદષ્ટિમાં તો એક ચૈતન્યમૂર્તિ ભગવાન તે વિકારમાં આવ્યો જ નથી. આવો વ્યવહાર અને નિશ્ચય. આહા..હા..! એ વિકાર છે એ બધી ભૂતાવળ છે. ભગવાન ભૂતાર્થ છે, સત્યાર્થ છે. એ ભૂતાવળમાં ભગવાન આવે એમ કોઈ દી બનતું નથી. આહા..હા..! થયું? '**(અધ્યવસાનાદિક ભાવો જીવ નથી)**.' સેના તે રાજા નથી, એમ પુણ્ય અને પાપના ભાવ વિકારી અસંખ્ય પ્રકાર એ જીવ નથી. તે વિકારમાં જીવનું નિમિત્ત દેખીને એમાં છે એમ વ્યવહારે લોકો કહે છે. સમજાણું કાંઈ?

'**હવે શિષ્ય પૂછે છે...**' આવો જ્યારે અધિકાર કહ્યો ત્યારે શિષ્યનો પ્રશ્ન છે. ૪૯ ગાથા. ત્યાં વંચાણી હતીને હમણાં? ક્યાં? વિંછીયામાં. આપણા વિંછીયામાં વંચાણી હતી. આ ૪૯. ... આવ્યા હતાને. આપણે ૪૯ વાંચેલી વિંછીયામાં. ચાર દી. આ ભાઈ આવતા હતા. સભામાં બહુ માણસ ઘણું આવતું હતું. સાત વ્યાખ્યાન થયા. એ સાત વ્યાખ્યાન... આહા..હા..! પ્રભુ! જ્યારે આપ એમ કહો છો કે પુણ્ય અને પાપના, દયા, દાનના, વ્રત, ભક્તિના ભાવ એ આત્મા નથી તો જીવ છે કેવો? આહા..હા..! '**તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ,...**' ત્યાં કહ્યું હતુંને? જીવ એક છે. જીવ એક છે. ત્યારે એ એક છે, છે કેવો એ? છેને? અધ્યવસાનાદિ ભાવો.. આઠ પ્રકાર કહ્યા હતાને? પુણ્ય-પાપના ભાવ, સુખ-દુઃખની કલ્પનાના વેદનના ભાવ, કર્મ અને આત્મા બે એક છે એવો ભાવ, એ બધા ભાવો જીવના નથી. આહા..હા..! તો જીવ તે એક ટંકોત્કીર્ણ એવો ને એવો પ્રભુ અંદર. એ છે કેવો? '**પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે?**' જોયું! પરમાર્થ.. કહ્યું હતુંને? આહા..હા..!

**શ્રોતા** :- પરમાર્થથી તો રાજા એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એમ પરમાર્થથી તો જીવ એક જ છે. પરમાર્થથી તો જીવ એક જ છે. પરમાર્થથી જીવ એક છે કેવો? આહા..હા..! સમજાણું કાંઈ? ૪૯.

આ ગાથા સમયસારમાં છે, પ્રવચનસારમાં છે, નિયમસારમાં છે, અષ્ટપાહુડમાં છે, ધવલમાં છે. આ ગાથા બહુ જૂની. ધવલમાં પણ આ ગાથા છે. બધે આ છે. આહા..હા..! આ તો મૂળ ગાથા છે. પ્રવચનસાર-૧૭૨, પંચાસ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ બધામાં આ ગાથા છે.

अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४९।।

'जाण' શબ્દ પડ્યો છે. શિષ્યને કહે છે જાણ.. જાણ... તું ભાઈ! આહા..હા..! કુંદકુંદાચાર્ય ભગવાન એમ કહે છે, પ્રભુ! તું આમ જાણ તને. આહા..હા..! નીચે...

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

'**ટીકા :- જે જીવ...**' રસનું જ્ઞાન એને થાય છે એ કોને થાય છે? કે જેને જ્ઞાયકભાવ

ચિદાનંદ પ્રભુનું ભાન થયું છે એને ક્ષયોપશમમાં એનું જ્ઞાન થાય છે, પણ એ પર્યાયમાં એનું જ્ઞાન થાય. સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો ક્ષયોપશમભાવ પણ એનો નથી. આહા..હા..! ઓલા ચાર જ્ઞાનને વિભાવ ન કીધા? મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય વિભાવ છે. અશુદ્ધનિશ્ચયથી તેનો સંબંધ છે. સમ્યગ્જ્ઞાન ચાર હોં! આહા..હા..! શુદ્ધનિશ્ચયથી એનો સંબંધ છે જ નહિ. એનાથી ભિન્ન છે ભગવાન. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. થોડો અભ્યાસ જોઈએ. આ તો કોલેજ છે. કેટલોક અભ્યાસ હોય પછી આ (સમજાય). વીતરાગની કોલેજ છે આ તો. આહા..હા..! પહેલું કેટલુંક વાંચન જોઈએને. તો એને .. સમજાય એને. આહા..હા..! પણ એ ક્ષયોપશમ શું? રસ શું? રસની જડની દશા શું? સમજાણું કાંઈ?

પોતાના સ્વભાવની દૃષ્ટિથી ત્રિકાળી ભગવાન એકલો જ્ઞાયકભાવ એ દૃષ્ટિથી જોઈએ તો ક્ષયોપશમભાવનો પણ તેને અભાવ છે. ભાવેન્દ્રિય દ્વારા જે જણાય તે ઇન્દ્રિયનો એમાં અભાવ છે. આહા..હા..! એ ૩૧ ગાથામાં આવ્યું હતુંને? ભાવેન્દ્રિય છે એ ખંડ-ખંડ જ્ઞાનને જણાવે છે. વિષયને જાણે છે એનો અર્થ એક-એક ખંડ-ખંડને જાણે છે, માટે ભાવેન્દ્રિય આત્માનું સ્વરૂપ નહિ. અખંડ જ્ઞાનને જાણવામાં ભાવેન્દ્રિય કામ ન કરે. આહા..હા..! ઇન્દ્રિયને જીતવું આવે છેને ૩૧માં. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો. જીતવું એટલે કે ભાવેન્દ્રિયને જ્ઞાયકનું જ્ઞેય કહ્યું પર. શું કહ્યું ઈ? જ્ઞાયક અને જ્ઞેયની એકતા એ સંકર અને ખીચડો. એ ખીચડાને જુદો પાડ્યો છે ૩૧માં. એટલે? જેમ આ જડ ઇન્દ્રિયો છે એ જ્ઞાયક છે એનું પરજ્ઞેય છે, એમ ભાવેન્દ્રિય છે એ જ્ઞાયકનું પરજ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્ઞાયકનું ભગવાનનું દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરજ્ઞેય છે. સમજાણું કાંઈ? એટલે કે પરજ્ઞેયનું જ્ઞાન થાય પોતાથી, પણ કોને યથાર્થ થાય? આહા..હા..! કે જેને જ્ઞાયકસ્વરૂપ ભગવાનનું સ્વરૂપગ્રાહીજ્ઞાન થયું એને એ પરનું જ્ઞાન પર્યાયમાં થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..! માટે અરસ છે. આહા..હા..! ચાર બોલ થયા.

'**સકલ વિષયોના વિશેષોમાં...**' જેટલા વિષયના ભેદો છે એમાં '**સાધારણ એવા એક જ સંવેદનપરિણામ...**' આત્માનું એક જ સંવેદનપરિણામ '**તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી...**' રસના જ્ઞાનને પામીને એકલા રસને ચાખતો નથી. એ તો પાંચેય ઇન્દ્રિયના અખંડનું જ્ઞાન કરનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સકલ વિષયોના વિશેષોમાં...**' વિષયના ભેદો એમાં '**સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ...**' એક જ વિષયનું વેદન એમ નથી. પાંચેય ઇન્દ્રિયનું જ્ઞાનનું વેદન એકરૂપે છે. '**તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને...**' એક રસના વેદનના જ્ઞાનને પામીને રસને જાણતો નથી. આહા..હા..! માટે પણ તેને અરસ કહેવામાં આવે છે. છઠ્ઠો બોલ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૨, સોમવાર, તા. ૧૪-૦૬-૧૯૭૬, ગાથા-૪૯, પ્રવચન નં. ૯૫

૪૯ ગાથા. અરસની વ્યાખ્યા ચાલી. પાંચ બોલ ચાલ્યા હતા. આત્મા, રસની શક્તિ જે જડની છે એના વિનાનો આત્મા છે. પાંચ બોલ તો ચાલ્યાને? છઠ્ઠો બોલ. '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી...**' એટલે? રસ છે તે જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક એનો જાણનાર છે. એ '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં...**' રસના જ્ઞેયપણે આત્માનું જ્ઞાન થતું નથી. આત્માનું જ્ઞાન જ્ઞેયપણે થતું નથી. સમજાણું? જ્ઞેયજ્ઞાયકનો સંબંધ હોવા છતાં.. છે? તાદાત્મ્યનો નિષેધ છે. રસને જાણતા જ્ઞાન રસરૂપ થતું નથી, તેમ રસને જાણતા રસ જ્ઞાનરૂપ થતો નથી. આહા..હા..! આવી વાતું હવે. એવો આત્માને અરસ જાણ. '**जाण**' છેને છેલ્લો શબ્દ? '**जानीहि**' છે છેલ્લો શબ્દ છે. હે શિષ્ય! '**जानीहि**' એમ શબ્દ છે. સંસ્કૃત ટીકામાં, જયસેનાચાર્યની ટીકામાં છે. હે શિષ્ય જાણ. પ્રભુ આત્મા રસના જ્ઞાનપણે પરિણમતા છતાં નિશ્ચયમાં તો સ્વનું જ્ઞાન થાય છે, ત્યારે તેને રસનું જ્ઞાન પરાવલંબી થાય છે, છતાં એ જ્ઞાનનું પરિણમન રસને લઈને નથી. સમજાણું કાંઈ? તેમ રસ તે જ્ઞેય છે તે જ્ઞાનની પર્યાયમાં આવતો નથી. આહા..હા..! '**માટે અરસ છે. આમ છ પ્રકારે રસના નિષેધથી તે અરસ છે.**'

હવે રૂપ. '**પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રૂપગુણ વિદ્યમાન નથી...**' અને પુદ્‌ગલદ્રવ્યનો ગુણ જે રૂપ એ આત્મામાં નથી માટે અરૂપ. આહા..હા..! આંખ વડે કરીને રૂપને જાણે છે એમ નથી. કારણ કે આંખ પરદ્રવ્ય છે, એનો આત્મા સ્વામી નથી. એથી એના સ્વામીપણે પરદ્રવ્યના આલંબનથી જાણે એવો આત્મા નથી. આ આંખ અંદર છે એ દ્રવ્ય છે, પરમાણુની પર્યાય છે, એ પરદ્રવ્યના આલંબને રૂપને દેખતો નથી. કેમકે પરદ્રવ્યનો એ જીવ સ્વામી નથી. આહા..હા..! આવી વાતું આ. એમ.. ત્રણ થયાને એ? સ્વામી. ભાવેન્દ્રિય. ભાવેન્દ્રિયથી પણ એ જાણતો નથી. કેમ? આત્માના સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો ભાવેન્દ્રિયના ક્ષયોપશમનો પણ તેમાં અભાવ છે. માટે ભાવેન્દ્રિયથી પણ એ રૂપને જાણતો નથી. આહા..હા..! એ તો પોતાના સત્‌નું જ્ઞાન છે, તેમાં પરનું જ્ઞાન સ્વપરપ્રકાશક હોવાથી થાય છે. એટલે રૂપને એ આંખ વડે દેખે એ આત્મા નહિ. આહા..હા..! ચાર થયાને?

પાંચેય ઇન્દ્રિયના વિષયોનો વિશેષભાવ એકરૂપ વેદન છે. એને રૂપનું જ જ્ઞાન છે એમ નથી. જ્ઞાન તો એને રૂપ, રસ બધાને એક સાથે જાણવાનો સ્વભાવ છે. એટલે એકને જ

જાણીને જ્ઞાન છે એવું નથી. પાંચેય ઇન્દ્રિયોના વિષયોને વિશેષરૂપ જાણવાનું વેદન એક છે. એ પાંચ થયા. છઠ્ઠો રૂપ. રૂપને જાણતા. શરીરાદિનું રૂપ દેખાય એને જાણતા એ જ્ઞેય છે અને આત્મા જાણનાર છે, છતાં રૂપને જાણતા જ્ઞાન રૂપ સાથે એકમેક થતું નથી, તેમ રૂપ જ્ઞાનની પર્યાયમાં આવતું નથી. આહા..હા..! આવું છે. એ છ બોલ રૂપના.

એમ ગંધના. એમ ગંધના છ લઈ લેવા. એમ સ્પર્શના. પુદ્ગલદ્રવ્યથી ભગવાન અનેરો છે માટે તે પુદ્ગલદ્રવ્યનો સ્પર્શગુણ આત્મામાં નથી. પુદ્ગલદ્રવ્યનો ગુણ સ્પર્શ છે તે ગુણ આત્મામાં નથી, માટે સ્પર્શ નથી. દ્રવ્યેન્દ્રિયના અવલંબને સ્પર્શને જાણે છે.. આહા..હા..! આ સ્પર્શને અડે છેને આમ? એ દ્રવ્યેન્દ્રિયના અવલંબને સ્પર્શને જાણે છે એમ નથી. કેમ? કે દ્રવ્યેન્દ્રિયનું સ્વામીપણું આત્મામાં નથી. એ તો પર છે સ્પર્શ. સમજાણું કાંઈ? તેમ ભાવેન્દ્રિયના અવલંબને પણ સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે ક્ષયોપશમનો પણ તેમાં અભાવ હોવાથી ભાવેન્દ્રિયના અવલંબને પણ સ્પર્શને જાણતો નથી. આહા..હા..! અને સ્પર્શનું એકનું જ વેદન એને નથી. સર્વ વિષયોમાં વિશેષપણે એવું સંવેદન એકપણે હોવાથી તે સ્પર્શને જ જાણે છે એમ છે નહિ. આહા..હા..! અને સ્પર્શ છે તે જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. એ સ્પર્શને જાણતા છતાં સ્પર્શની સાથે જ્ઞાયકનું તાદાત્મ્યરૂપ નથી. આહા..હા..! હવે આવી વાતું. માણસ નવરા ન મળે. માંડ બિચારા કલાક આવે એમાં આ સમજવું. ક્યાં નવરાશ છે આ! હિંમતભાઈ! આહા..હા..! ભવનો અભાવ કરવાની રીત આ છે. બાકી તો બધી વાતું ક્રિયાકાંડની, રાગ ને દયા પાળવી એ બધા શુભરાગ છે. આહા..હા..! એ સ્પર્શની વાત થઈ.

હવે આ લઈએ. '**એ રીતે, જીવ ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી...**' શબ્દ-શબ્દ એ પર્યાય છે. ઓલા ચાર ગુણ હતા. સમજ્યા? રસ, રૂપ, ગંધ અને સ્પર્શ એ તો ગુણ કીધા અને શબ્દની પર્યાય છે. ખરેખર તો એ પર્યાય છે રસાદિની એ પર્યાય છે એની, પણ એને ગુણ ગણીને એ આત્મામાં નથી. અને શબ્દ છે એ પર્યાય છે—અવાજ. એ '**ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય...**' આત્મામાં નથી. એ શબ્દની પર્યાય આત્માથી થતી નથી. આહા..હા..!

**શ્રોતા :-** આખો દી બોલ્યા કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બોલે? બોલે એ બીજો, આત્મા નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પુદ્ગલની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જુદી વાત છે. ત્યાં રાગ નથી માટે. પરિણામપૂર્વક નથી, આવે છેને નિયમસારમાં. શબ્દની પર્યાય આત્મામાં વિદ્યમાન છે જ નહિ. આહા..હા..! ધ્વનિ ઊઠે છે એ તો જડની પર્યાય છે. આત્માથી શબ્દનો અવાજ થતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** મહારાજ સાહેબ બોલ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બોલે? ભાષા એમ કહેવાય ભગવાનની દિવ્યધ્વનિ. એમ

કહેવાય, પણ દિવ્યધ્વનિ તો નિમિત્ત છે માટે કહ્યું. દિવ્યધ્વનિ ભગવાન કરતા નથી. દિવ્યધ્વનિનો આત્મા કેવળી કર્તા નથી એનો. આહા..હા..!

**શ્રોતા :-** કર્તા નહિ પણ ભગવાન હોય તો દિવ્યધ્વનિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિવ્યધ્વનિ એને કારણે એ જ સમયે એ શબ્દવર્ગણામાં ભાષારૂપ થવાની પર્યાયનો ક્ષણ-કાળ છે. એનો કાળ એ છે, એને લઈને ભાષા થાય છે. આહા..હા..! એ પ્રશ્ન થયો હતો..

**શ્રોતા :-** આ બધાનું શું કામ? ધર્મ કેમ થાય એ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ ધર્મ થાય એ વાત કહે છે. તું 'શબ્દ મારાથી થાય' એમ માન તે અધર્મ છે. શબ્દ થાય એ મારાથી નહિ, થાય તેને હું જાણું. એ પણ સ્વના જ્ઞાનપૂર્વક તેને જાણું એનું નામ ધર્મ છે. આહા..હા..!

**શ્રોતા :-** હિંમતભાઈ ઘણી સારી ભક્તિ કરાવે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અવાજ છે એ અવાજ જડનો છે, આત્માથી નહિ. આહા..હા..! એ ધવલમાં આવે છે. એ લોકોએ ચર્ચામાં નાખ્યું છેને. જયપુરની શું કહેવાય? ખાણિયાની ચર્ચા. ખાડિયા? શું કહેવાય? ખાણિયા-ખાણિયા. ચર્ચામાં નાખ્યું છે એક ઠેકાણે આવે છે કે જ્ઞાન છે તે શબ્દનો કર્તા છે. ધવલમાં છે. નાખ્યું છે, ખબર છે. એ તો નિમિત્તપણું બતાવે છે ત્યાં. સમજાણું કાંઈ? શબ્દનો જ્ઞાન કર્તા છે એવો એક શબ્દ છે. સામાવાળાએ નાખ્યું હતું એને. ખાણિયા-ચર્ચામાં આવે છે. આહા..હા..! શું કહ્યું પણ? આ ના પાડે છે. એ તો નિમિત્તપણું છે એટલે કર્તા કહેવાનો ... છે. કર્તા છે જ નહિ એનો. આહા..હા..! પણ શબ્દની પર્યાયકાળે તેને જ્ઞાન એને નિમિત્ત હતું. છે તો જોગ નિમિત્ત કેવળીને ખરેખર, પણ જ્ઞાન પણ.. લોકાલોક છે તે આ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. એમાં શબ્દ આવી ગયા કે નહિ? લોકાલોક છે તે કેવળજ્ઞાનમાં નિમિત્ત છે અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે. શું કીધું? સર્વવિશુદ્ધ. થઈ રહ્યું એનો અર્થ શું થયો? લોકાલોક લોકાલોકથી છે અને અહીં કેવળજ્ઞાન કેવળજ્ઞાનથી છે. આહા..હા..! અરેરે.. એવી વાત છે.

કીધું હતુંને એ. (સંવત) ૧૯૮૩માં ચર્ચા મોટી થઈ હતી. દામનગર. લોકાલોક છે માટે કેવળજ્ઞાનની પર્યાય થાય છે. એ ચર્ચામાં ઉતરતા વીરજીભાઈ કહે, નહિ, એ પર્યાય પોતાથી થાય છે, લોકાલોક છે માટે થાય એમ નહિ. એ નીચે આવી વાત. ૮૩ની વાત છે. દામનગર ચોમાસુ હતું. ૧૭ ને ૩૨ ૪૯ થયા. ૫૦માં એક વર્ષ ઓછું. નીચે કીધું કેમ છે આ શું છે? કેવળજ્ઞાનની પર્યાયનું પરિણમન પોતાનું સ્વતંત્ર છે. લોકાલોક છે માટે પર્યાય થાય છે એમ છે જ નહિ. દ્રવ્યની પર્યાય પર્યાયથી થાય છે. લોકાલોકને લઈને કેવળજ્ઞાનની પર્યાય થાય છે એમ છે જ નહિ. આહા..હા..! લોકાલોકને જાણીને કહેવું એ તો અસદ્ભૂતવ્યવહારનયનો વિષય છે, કેવળજ્ઞાની લોકાલોકને જાણે એ તો વ્યવહારનો વિષય છે, ખરેખર તો પોતાની

પર્યાયને જ જાણે છે. એ કળશ આવે છે (૨૭૧) જ્ઞાતા પોતે, જ્ઞેય પોતે અને જ્ઞાન પણ પોતે. પરજ્ઞેય અને આત્મા જ્ઞાતા એમ નહિ. એ પરનું જે જ્ઞાન પોતાનું તે જ્ઞેય પોતાનું, તેનું જ્ઞાન કરે પોતે અને તેનો જ્ઞાતા પોતે. એ જ્ઞાતા પોતે, જ્ઞાન પોતે અને તેનું જ્ઞેય પોતે. આહા..હા..! એમાં છે પાછળ. એમ કે છ દ્રવ્ય જ્ઞેય અને આત્મા જ્ઞાતા એમ નથી. આહા..હા..!

અહીં શું કહેવું છે કે શબ્દનું જ્ઞાન એ શબ્દને લઈને છે એમ નથી. તેમ શબ્દની પર્યાય આત્માથી થઈ છે એમ નથી. શબ્દની પર્યાયનું જ્ઞાન આત્મામાં પોતાને કારણે સ્વપરપ્રકાશને લઈને થાય છે. આહા..હા..! જ્ઞાન હોં! આવી વાતું. ભેદજ્ઞાન કરાવે છે. .. છે નહિ? **'જીવ ખરેખર પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી...'** છે ઓલા ચાર બોલ પછી છેલ્લો. **'તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી...'** ભગવાનમાં. એ આત્મા જ્ઞાનસ્વરૂપમાં શબ્દની પર્યાયની હયાતી છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ભલે ન હોય તોપણ બોલે તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોલે જડ. બોલે કોણ? આહા..હા..!

**'પુદ્ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન...'** ઓલામાં ગુણ લીધો હતો. રસગુણ આદિ. **'પુદ્ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ શબ્દપર્યાય નથી...'** આત્મા **'માટે અશબ્દ છે. ૨. પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...'** એ કાનના અવલંબે આત્મા શબ્દને સાંભળતો નથી. આ તો પરમાણુ પિંડ જડ છે આ તો. એનું આલંબન જીવને જડનું કેમ હોય? આનો ક્યાં સ્વામી છે એ કાન આમ છે. આહહા..! કેમ ભાઈ નથી આવ્યા? દેવશીભાઈ. ઓછું સંભળાય પછી આમ કરે.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા આ કાન જે છે એનો એ સ્વામી નથી કે આ પરમાણુના અવલંબન વડે શબ્દને જાણે. આહા..હા..! ભગવાનની વાણી છે એ કાન દ્વારા પોતે કાનના અવલંબે જાણે એમ નથી, એમ કહે છે. કારણ કે આ કાનનું કેમ થવું એ તો એના જડની દશા છે—આ તો માટીની.

**શ્રોતા :-** ભગવાનની વાણી જ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાણી નથી, પણ નિમિત્તથી કહેવાય છે. એવું છે. ભગવાનને વાણી કેવી? વાણી તો જડ છે. આહા..હા..! ઘણી ભાઈ વાત (જુદી). જુદો નિરાળો ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને શબ્દને સાંભળવા માટે કાનના અવલંબનથી સાંભળે તો તો જડનો સ્વામી થાય છે અને જડનો સ્વામી છે નહિ. આહા..હા..! આંખને પણ જોવા માટે આમ થાયને. એ એનો સ્વામી નથી કે એ આંખ આમ-આમ કરે. આહા..હા..! એમ કહે છે. આંખ દ્વારા.. એ તો જડની દશા છે. એ જડના અવલંબને આત્મા રૂપને જાણે એ ત્રણકાળમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** .. બધા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાન, આ આંખ આદિ જડની દશા છે.

'**શબ્દ સાંભળતો નથી...**' લ્યો ઠીક! '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિકભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...**' આહા..હા..! ભાવેન્દ્રિય જે એનાથી શબ્દ સાંભળતો નથી. કેમકે ખરેખર તો સ્વભાવની દૃષ્ટિએ જોતા એ ક્ષયોપશમનો એમાં અભાવ છે. આહા..હા..! ભારે વાત! આવું સ્વરૂપ છે એને એ રીતે એણે નક્કી કરીને જાણવું જોઈએ. જાણ એમ કહ્યું છેને? જાણ. ભગવાનને જાણ આવો એ આત્મા છે. આહા..!

'**સકલ વિષયોના વિશેષોમાં સાધારણ...**' એટલે શબ્દને જ જાણવા માટેનું જ્ઞાન એમ નથી. એ તો બધા વિષયોમાં એકરૂપ જ્ઞાન છે. માટે પણ '**શબ્દવેદનાપરિણામને પામીને શબ્દ સાંભળતો નથી.**' છેલ્લો. '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી શબ્દના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં...**' એ શબ્દનું જ્ઞાન તો નિમિત્તથી કહ્યું. ખરેખર તો એ જ્ઞાન જ્ઞાનનું છે. શબ્દ સંબંધીનું જ્ઞાન તો જ્ઞાનનું છે. પણ એ શબ્દના સંબંધીનું જે જ્ઞાન એ બતાવવા... આહા..હા..! શબ્દના જ્ઞાનરૂપે થતાં '**પોતે શબ્દરૂપે પરિણમતો નથી માટે અશબ્દ છે.**' આહા..હા..! એમ છ પ્રકારે જાણ્યું. લ્યો!

'**(હવે અનિર્દિષ્ટસંસ્થાન વિશેષણ સમજાવે છે :-) પુદ્ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર...**' આ શરીરનો જે આકાર આ થયો એ પુદ્ગલદ્રવ્યથી રચાયેલો છે આ. '**જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી...**' '**શરીર તેના સંસ્થાન (આકાર)થી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી...**' એ તો જડનો આકાર છે આ તો. એ આત્માનો આકાર નથી. આત્મામાં એ જડનો આકાર નથી. આહા..હા..! ભિન્ન-ભિન્ન આકાર એ તો જડની દશા છે. નાક.. આ બધે આત્માના પ્રદેશ છે. એ આકાર તો જડનો છે. જડના આકારથી આત્મા આકારવાળો છે એમ કહી શકાતો નથી. આહા..હા..! '**માટે જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે.**' આ અપેક્ષાથી સંસ્થાન કહી શકાતું નથી.

'**પોતાના નિયત સ્વભાવથી અનિયતસંસ્થાનવાળા અનંત શરીરોમાં રહે છે...**' પોતાનો જે અસંખ્ય પ્રદેશી જે સ્વભાવ છે... ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી જે સ્વરૂપ છે એ નિયત સ્વભાવ છે. એ અનિયતસંસ્થાન. શરીરમાં અનિયતસંસ્થાન. ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... એકેન્દ્રિય ને બે ઇન્દ્રિય ને ત્રણ ઇન્દ્રિય ને ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય અને હજાર યોજનનું માછલું, અંગલુના અસંખ્ય ભાગમાં મચ્છ ને.. એ ભિન્ન-ભિન્ન સંસ્થાનમાં અનિયતસંસ્થાન છે. એક જાતનું સંસ્થાન નથી રહેતું, ભિન્ન-ભિન્ન સંસ્થાન છે. એમાં '**અનંત શરીરોમાં રહે છે...**' છતાં તેને શરીરના સંસ્થાનવાળો કહી શકાતો નથી. આહા..હા..! બે થયાને? બે બોલ થયા.

'**સંસ્થાનનામકર્મનો વિપાક** (ફળ)...' જડમાં છે. આહા..હા..! એ નામકર્મ છે એ સંસ્થાનનામકર્મ એનું ફળ તો પુદ્‌ગલમાં-જડમાં છે, આત્મામાં છે? '(**તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી) માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.**' આ જડના સંસ્થાનની વાત છે, હોં! એનું પોતાનું સંસ્થાન છે-આકાર. પ્રદેશત્વગુણને કારણે (એનો પોતાનો આકાર છે). આહા..હા..! ગજબ વાત છેને. લોકાલોક આકાશ. હવે આકાશનો ક્યાંય અંત નથી, છતાં પ્રદેશગુણને લઈને એને આકાર છે. જેવો એક પ્રદેશનો આકાર છે એવો જ આખા આકાશનો... હવે જેનો અંત નથી. આકાશનો અંત છે ક્યાંય? પણ એ અંત વિનાની ચીજને પણ પ્રદેશના ગુણને લઈને આકાર છે. આહા..હા..! આવી વાતું. છતાં પરના આકારવાળો એને કોઈ રીતે કહી શકાતો નથી. આહા..હા..!

'**જુદાં-જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓ**...' આ શરીર, દાળ, ભાત, લાડવા અને આ બધું જુદે-જુદે આકારે પરિણમેલી બધી વસ્તુઓ '**સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત (અર્થાત્ તદાકાર) છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી રહિત**...' છે. એ સંસ્થાનના મિલાપથી જ્ઞાયક પોતે રહિત છે. ભિન્ન-ભિન્ન સંસ્થાનોને-આકારોને જાણવા છતાં ભિન્ન-ભિન્ન આકારરૂપે જ્ઞાન થતું નથી. આહા..હા..! હવે આવી વાત છે.

એ તે દી ૨૦૦૫ની સાલને? ત્યાં પાલિતાણા નહિ પ્રશ્ન ઊઠ્યો હતોને કાંઈક? ભગવાન પહેલે સમયે વચન ગ્રહે અને બીજે સમયે બોલે. એ ચર્ચા ચાલી હતી. રામવિજય હતા ત્યાં. અહીં ચાલી હતી કે આત્મા વચનને ગ્રહે નહિ અને છોડે પણ નહિ. પરમાણુને ગ્રહે અને છોડે એ આત્મામાં છે જ નહિ. તો કહે નહિ. એમ કહીને વિરોધ કર્યો હતો. રામવિજય છેને એનામાં. શ્વેતાંબરમાં વક્તા કરીને. કહે નહિ પહેલે સમયે ભગવાન વચનવર્ગણા ગ્રહે, બીજે સમયે છોડે ભાષા.

હવે અહીં કહે છે કે પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગથી આત્મા શૂન્ય છે, ત્રણે કાળે શૂન્ય છે. કોઈપણ પરમાણુને ગ્રહવું-છોડવું એ વસ્તુમાં છે નહિ. ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. એ ૪૭ શક્તિ. ત્યાગોપાદાનશૂન્યત્વ. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એનાથી શૂન્ય છે. એ કેવળીને લગાવી દીધું એ લોકોએ. કેવળજ્ઞાની વચનવર્ગણાને ગ્રહે, બીજે સમયે છોડે. કહો, હવે આમાં ક્યાં મેળ ખાવો? આ શ્વેતાંબરના આચાર્યો લ્યો. પણ એ એમાં આવું સ્પષ્ટ છે જ નહિ એટલે એને બિચારાને બેસી જાયને. બેઠું હોય. બીજું શું થાય? આહા..હા..!

**શ્રોતા :-** એણે પુદ્‌ગલની વાત કરી હતી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુદ્‌ગલને બધું સરખું જ છે. કેવળજ્ઞાની સમુદ્‌ઘાત કરે કેવળજ્ઞાન ત્યારે પછી પાંચ પાટલાને સોંપે એવો પાઠ છે એમાં. જેમ એક માણસને જાવું હોય અને કો'કની વસ્તુ લીધી હોય, ભાઈ તમારી આપું છું. એમ ભગવાનને મોક્ષ જાવું છેને હવે?

અને કેવળજ્ઞાન સમુદ્ઘાત થઈ ગઈ, સમુદ્ઘાત, અને પછી આવ્યા પછી જે પાંચ પાટલા સોંપે. એવો પાઠ છે. ૩૬ પદમાં. તદ્દન તત્ત્વથી વિરૂદ્ધ વાતું. કેવળજ્ઞાનને પાંચ પાટલા કેવા ને સોંપે.. આહા..હા..! એ તો કેવળજ્ઞાન સમુદ્ઘાત થયા પછી. આહા..હા..! કેવળજ્ઞાન થયું ત્યારથી જ જાણે છે કે આ સમયે મુક્તિ થશે. એ તો તે વખતે જ જાણે છે. આહા..હા..! બહુ ફેર, ઘણો ફેર છે. તત્ત્વની વાતનું મિલાન કરવા જાય તો કાંઈ મેળ ખાય એવું નથી.

આ તો સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું તે સંતો દિગંબરો કહે છે, એના ઘરનું કાંઈ નથી. અને એ બધી ઘરની વાતું છે એની, પણ એનો નિર્ણય કરવાનો અવસર પણ ક્યાં છે? રળવું કે બાયડી-છોકરાને નભાવવા? એના માટે કરવું કે આ કરવું અમારે? એ ધૂળેય નથી, સાંભળને. બાયડી, છોકરાનું શું કરી શકે છે તું? રાગ આવે રાગ. એ કાંઈ કરી શકે છે એનું?

અહીં કહે છે, જગતની ચીજો અનેક આકારે રહેલી હોવા છતાં અને તેનું જ્ઞાન આત્મામાં થવા છતાં અનેક આકારપણે જ્ઞાન થતું નથી. આહા..હા..! '**નિર્મળ અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે...**' આહા..હા..! ભગવાન આત્મા સ્વનું જ્ઞાન અને સંસ્થાનપણે-આકારપણે પરિણમેલી અનેક ચીજો તેનું જ્ઞાન-નિર્મળપણે અનુભૂતિ આત્મામાં થઈ રહી છે. આહા..હા..! બહુ ઝીણું, ભાઈ! એ ચાર બોલ છે એમાં. ઓલામાં છ હતા.

હવે અવ્યક્તનું આવ્યું ઝીણું, બહુ ઝીણું. આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, પ્રભુ! તું અવ્યક્ત છો એને જાણ. આહા..હા..! એટલે શું? હવે એનો અર્થ. '**છ દ્રવ્યસ્વરૂપ લોક...**' છે. ભગવાને જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. અન્યમતમાં એ વાત ક્યાંય છે જ નહિ. ધર્માસ્તિ અને અધર્માસ્તિ એ તો બે ક્યાંય નથી. હજી તો કાળ અને આકાશ તો બીજે પણ ક્યાંક હોય. ભગવાનના જ્ઞાનમાં કેવળજ્ઞાન પરમાત્માને થતાં છ દ્રવ્ય જગતમાં છે લોક એમ જોયું છે, એમ છે. પણ એ '**જ્ઞેય છે...**' છ દ્રવ્યમાં કેવળી, દેવ-ગુરુ-શાસ્ત્ર આવી ગયા કે નહિ? બધા આવી ગયા. મૂર્તિ, મંદિર, શેત્રુંજય, સમેદશિખર. આહા..હા..!

એ '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...**' એટલે જાણવાલાયક છે અને એ અપેક્ષાએ, આત્માની અપેક્ષાએ તેને વ્યક્ત કહ્યું, બાહ્ય છે. આહા..હા..! '**તેનાથી જીવ અન્ય છે...**' આહા..હા..! છ દ્રવ્યથી ભગવાન અનેરો સાતમો થઈ જાય છે. શું કહ્યું? સમ્યગ્જ્ઞાન-દીપિકામાં એમ લીધું છે-આ શબ્દનો અર્થ. આત્મા સાતમો થઈ જાય છે. એક કોર છ દ્રવ્ય અને એક કોર આત્મદ્રવ્ય. એટલે શું? જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે એવું એનું પર્યાયનું સામર્થ્ય છે. પણ અહીં કહે છે કે એ છ દ્રવ્યનો જે જ્ઞાનનો પર્યાય, છ દ્રવ્યથી તો ભિન્ન છે, પણ છ દ્રવ્યની પર્યાય એક સમયની એનાથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય બતાવવું છેને? ઝીણી વાત છે, ભાઈ! છ વસ્તુ છે ભગવાન કેવળીએ જોયેલી. અનંત આત્માઓ, અનંત પુદ્ગલો, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને

એક આકાશ. આ છ વસ્તુ અનાદિઅનંત ભગવાને જોઈ છે. એના પણ નામની ખબર ન મળે છ દ્રવ્ય એટલે. ઘાંચીના બળદની જેમ મજૂરી કરીને મરી ગયો. આખો દી આ રળવું, ખાવું, પીવું મજૂર મોટો છે. આહા..હા..!

**શ્રોતા :-** પણ ખાવું કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ખાય? એ તો જડની ક્રિયા છે. ખાવું, પીવું, હાલવું, ચાલવું એ તો બધી જડની ક્રિયા છે, એ આત્મા કરી શકતો જ નથી. આહા..હા..! આ તો ત્યાં રોકાઈ જાય છે એટલું કહેવું છે. સમજાણું? એને આત્મા શું ચીજ છે અને ભગવાન શું કહે છે? એ નિર્ણય કરવાનો વખત પણ ક્યાં બિચારાને. આહા..હા..!

આ શબ્દનો અર્થ સમ્યગ્જ્ઞાન-દીપિકામાં ધર્મદાસ ક્ષુલ્લકે એવો અર્થ કર્યો છે કે આત્મા છ દ્રવ્યને જાણનારો પણ છ દ્રવ્યથી ભિન્ન સપ્તમું-સપ્તમ થઈ જાય છે. શું કહ્યું? સાતમો થઈ જાય છે ભિન્ન. છે તો છ દ્રવ્યની અંદર, પણ છ દ્રવ્યને જાણવાની પર્યાય પોતાની છે એ છ દ્રવ્યને લઈને નહિ. સમજાણું કાંઈ? તો છ દ્રવ્યથી અનેરો ભગવાન, છ દ્રવ્ય વ્યક્ત અને જ્ઞેય છે તો એનાથી અનેરો ભગવાન આત્મા ભિન્ન છે એમ પર્યાય જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય એમ જાણ છે કે છ દ્રવ્યથી મારી ચીજ તદ્દન ભિન્ન છે. છ દ્રવ્યને જ્યારે જ્ઞેય અને વ્યક્ત કીધું ત્યારે આને જ્ઞાયક અને અવ્યક્ત કીધો. સમજાણું કાંઈ? આવી ધર્મની રીત. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા.. ત્રણ ઇન્દ્રિયા.. ચોઈન્દ્રિયા.. પંચેન્દ્રિયા.. બિચારા કરતાં આવે. હવે એને આ ક્યાં? આહા..હા..! વીતરાગનો માર્ગ શું છે?

સવારમાં નહોતું આવ્યું? પ્રભાકર ભટ્ટ કહેતા હતા, મહારાજ! એક તો પંચેન્દ્રિયપણું પામવું, નિરોગીપણું, આર્યકુળ .. સત્યનું શ્રવણ મળવું અને પછી કહ્યું સત્‌નું શ્રવણ મળ્યું પણ શું કહે છે તે ગ્રહણ થવું. શ્રવણ, ગ્રહણ અને ધારણ ત્રણ બોલ હતા. આહા..હા..! સત્યનું શ્રવણ મળવું, સાચી ચીજનું શ્રવણ મળવું અને શ્રવણ મળવા પછી પણ તે શું કહે છે એમ ગ્રહણ થવું. હજી સમકિત નહિ. આહા..હા..! અને ગ્રહણ થયા પછી પણ ટકી રહેવું ધારણામાં. એ ધારણા ટકી રહે. એમ કહે છેને કે અમને અહીં સમજ્યા અને બહાર નીકળ્યા તો અમને કાંઈ છે નહિ. એ ધારણ કરવું એ દુર્લભ છે કહે છે. ત્યાં સુધી તો અનંતવાર આવ્યો. આહા..હા..! પણ શ્રદ્ધા એના પછી દુર્લભ છે. એ છએ દ્રવ્યને જાણનાર હોવા છતાં છ દ્રવ્યથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો એક સમયની પર્યાયની તાકાત-સામર્થ્ય છ દ્રવ્યને જાણવાની છે. સમજાણું કાંઈ? છોટુભાઈ નથી આવ્યા. છોટાભાઈ નથી આવ્યા. એને આંખ બિચારાને બે ગઈ. આહા..હા..!

અહીંયાં કુંદકુંદાચાર્ય મહારાજે અવ્યક્ત જે શબ્દ મૂક્યો છે એનો અર્થ અમૃતચંદ્રાચાર્ય સ્પષ્ટ કરે છે. એ શબ્દમાં એ ભાવ છે. એ ભાવની ટીકા કરીને સ્પષ્ટ કરે છે. સમજાય છે? ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, હે શિષ્ય! તું આત્માને અવ્યક્ત જાણ. આટલો શબ્દ છે. ભગવાન કુંદકુંદાચાર્ય

એમ કહે છે, હે શિષ્ય! આત્માને અવ્યક્ત જાણ તો એ સમ્યગ્જ્ઞાન છે. એ અવ્યક્ત જાણ એટલે શું? એની વ્યાખ્યા કરી કે છ દ્રવ્ય જે જગતમાં છે એ બધા જ્ઞેય છે, આત્મા જ્ઞાયક છે. એ વ્યક્ત છે, આત્મા અવ્યક્ત છે એનાથી ભિન્ન છે. આહા..હા..! પોતાનું હોવાપણું છ દ્રવ્યને લઈને છે? અને છ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થાય એ પોતાથી થયું છે એ છ દ્રવ્યને લઈને નહિ પણ એ જાણપણાની પર્યાય થઈ એને લઈને પોતે દ્રવ્ય છે? જ્ઞાયક ત્રિકાળ છે. અવ્યક્ત લેવું છેને? પર્યાયને તો વ્યક્તમાં નાખી દેવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયની પર્યાયમાં છ દ્રવ્યસ્વરૂપ લોકથી, લોક તે જ્ઞેય અને વ્યક્ત છે, તેથી તારી પર્યાયમાં એનાથી અનેરો આત્મા ભિન્ન છે, અવ્યક્ત છે એને તું જાણ. આહા..હા..! આવી ભાષા પણ સાંભળી ન હોય. બાબુભાઈ! ત્યાં ક્યાં નવરા છે સોનું ને આ ધૂળધાણી ને વા પાણી. આહા..હા..! ધૂળધાણી વા પાણી સમજાણું?

એક હતો વોરો. તે વોરાને નાત જમાડવી હતી. પૈસા નહોતા. પછી નાતનો માલ લઈ આવ્યો. ઠામ-ઠીકરા હોયને નાતના? શું કહેવાય? વાસણ. બે-પાંચ હજારના, પાંચ-દસ હજારના લઈ આવ્યો. વેચીને નાતને જમાડી. પોતાનું નામ મુસાભાઈ હતું. નાતનો માલ નાત ખાય મુસાભાઈના વા-પાણી. સમજાણું? એમ કહે. ઓલા કહે આ શું કહે છે? એમ કહે, મુસાભાઈનું... મુસાભાઈ એનું નામ હતું. લઠિયો વોરો. નાતનો માલ નાત ખાય. પછી પૈસા માગ્યા. કહે કીધું નહોતું તમને? કે નાતનો માલ નાત ખાય, મારું તો મુસાભાઈના વા-પાણી છે. આહા..હા..!

એમ ભગવાન આત્મા અહીં કહે છે.. આહા..હા..! છ દ્રવ્યથી ભિન્ન છે. એમ ભગવાન અવ્યક્તપણે આત્માને જાણ એમ કહેવા માગે છે. આહા..હા..! આ ગજબ કામ કર્યું છે! એ જયસેનાચાર્યે તો એક સાધારણ જ કીધો છે, અવ્યક્તમાં કીધુંને. મનથી ઊઠે વિકલ્પ એનાથી ભિન્ન છે, એટલો અર્થ કર્યો છે જયસેનાચાર્યમાં અને અમૃતચંદ્રાચાર્યે આને બહુ સ્પષ્ટ કર્યા. ઓહોહો..!

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ એ છ દ્રવ્ય જ્ઞેય છે, બાહ્ય છે, વ્યક્ત છે એનાથી ભગવાન જ્ઞાયક છે, અવ્યક્ત છે એ વ્યક્તથી અનેરો છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આચાર્ય શિષ્યને કહે છે, હે શિષ્ય! તારી પર્યાયમાં ભગવાન અવ્યક્ત છે ભિન્ન એને જાણ. આહા..હા..! કહો, કાંતિભાઈ! ઝીણો બોલ છે, ભાઈ! આહા..હા..!

જયસેનાચાર્યે એમ કહ્યું મનના વિકલ્પથી અનેરો છે એમ કહ્યું, ત્યારે સમ્યગ્જ્ઞાન દીપિકાએ કહ્યું કે છ દ્રવ્યથી અનેરો એટલે સાતમો છે એ. છે તો છ દ્રવ્યની અંદર, પણ એક કોર રામ અને એક કોર ગામ. એક કોર એકલો આત્મા. આહા..હા..! જેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય તે પણ જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે અને તે પણ પર્યાય જેટલો એ નથી. પર્યાય તે વ્યક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી ભગવાન અનેરો જ્ઞાયકમૂર્તિ ધ્રુવ, આહા..હા..! એમ તું તારી પર્યાયમાં જાણ. કહો, કલકત્તામાં તો આવું કાંઈ મળે એવું

નથી ત્યાં. આહા..હા..! રૂપિયા મળે ત્યાં-મમતા. એ .. દિલીપને નથી ઓળખતા? આ એના બાપનો બાપ છે. બહુ પૈસા છે. ઘણા લાખો રૂપિયા. એના પિતાજી ત્યાં ધારધીરનો ધંધો કરે છે. એનો દીકરો કહે છે, મારે લગન કરવા નથી અને હું જાવજીવ ધંધો કરવા નહિ આવું. સાંભળ્યું નથી તમે? આ એના પિતાજીના પિતાજી છે. એના પિતાજી કલકત્તા છે. ઘણા લાખોપતિ છે. હુંડીનો ધંધો છે. ધારધીર પૈસા આપે. આ ના પાડે છે. કહે હું ધંધો કરવા નહિ આવું અને લગન નથી કરવા. ૧૮ વર્ષની ઉંમર છે. સાચી હુંડી આ છે. આહા..હા..! એ ત્રણ વર્ષથી આવે છે, ચાર વર્ષથી. નહિ? લગભગ ચાર વર્ષથી. છ વર્ષથી. લ્યો ઠીક! ૧૮માં છ વર્ષથી આવે છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા ત્રણલોકનો નાથ પ્રભુ વસ્તુને કહેવી છે અહીં, પર્યાયને નહિ. પર્યાયમાં જાણ, પણ કોને જાણ? કે અવ્યક્તને. આહા..હા..! કઈ શૈલીએ વાત કરી છે આહા..હા..! આ સિદ્ધાંત તો જુઓ! આહા..હા..! દૃષ્ટિનો વિષય એ ત્રિકાળી અવ્યક્ત દ્રવ્ય છે. દ્રવ્ય તરીકે તો પ્રગટ છે, પણ પર્યાય પ્રગટ છે એ અપેક્ષાએ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી એ અપેક્ષાએ એને અવ્યક્ત કહ્યું છે. આહા..હા..! પણ વસ્તુ તો પ્રગટ છે. છે આખી વસ્તુ. આહા..હા..! અનંત-અનંતગુણનો પિંડ પ્રભુ અસ્તિ-મોજૂદ છે, પ્રગટ છે, વ્યક્ત છે. અહીં બીજી અપેક્ષા કહેવી છે. બીજે ઠેકાણે આવે કે પ્રગટ છે. દ્રવ્ય પ્રગટ છે. વસ્તુ છેને, અસ્તિ છેને, હયાતીવાળો પ્રભુ પદાર્થ છે કે નહિ? આહા..હા..! એ રીતે તે પ્રગટ છે. ઘણે ઠેકાણે આવે છે ટીકામાં, આત્મા પ્રગટ છે.

અહીં બીજી અપેક્ષા કહેવી છે. જ્યારે પરદ્રવ્યને-જ્ઞેયને વ્યક્ત કહેવું છે અને પર્યાયમાત્રને વ્યક્ત કહેવી છે, એ પછી આવશે, એ અપેક્ષાએ આત્માને અવ્યક્ત કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન ન મળે અને ધર્મ થઈ જાય એને. આત્મા કેવો અને ક્યાં એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય. ધૂળમાંય નથી. આહા..હા..! એ સામાયિક ને પોષા ને પડિક્કમણા. આહા..હા..! ચીમન ચકુનો લેખ છે. મારી મા સમાધિમરણે મરી. એની મા. સમાધિમરણે (મરી). સામાયિક-પોષા કરતાં, મુહપતિ, મરતા વખતે. બા મારે જાવું છે દિલ્હી. સાંજે વયો આવીશ. નહિ, ભાઈ! એમ કે શરીર નબળું પડી ગયું. છેવટે બસ આત્મસિદ્ધિ સંભળાવતા, આમ કરતાં દેહ છૂટી ગયો. સમાધિમરણ થઈ ગયું. એય..! આવા ને આવા ગપ્પ મારનારા અને નેતા, સ્થાનકવાસીના નેતા કહેવાય. હમણા ગયો છે ને ત્યાં લંડન. કોઈ બે કરોડનું ટ્રસ્ટ કરવું છે કો'કને. બે કરોડ ખરચવા છે ટ્રસ્ટ કરીને. એને બોલાવ્યા છે. આહા..હા..!

એક કોર એમ લખે કે બૌદ્ધ અને મહાવીર બેય મોક્ષ પધાર્યા, બેય મોક્ષ ગયા. અહીં બૌદ્ધને ગૃહીતમિથ્યાત્વમાં નાખ્યા છે. ક્યાં? પાંચમા અધ્યાયમાં. શું કહેવાય? મોક્ષમાર્ગ-પ્રકાશક. પાંચમા અધ્યાયમાં બૌદ્ધ ગૃહીતમિથ્યાત્વ (કહ્યા છે). હવે એ મોક્ષ ગયા અને મહાવીર મોક્ષ

ગયા, ગજબ વાતું કરીને. હવે એણે અહીંની ટીકા કરી છે. એ લોકો ભોળાઓને આ રામજીભાઈ, હિંમતભાઈ બધા ભોળાઓ છે, લાલભાઈ જેવા. બહેનની વાત જુદી રાખો. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે ભોળા લોકોને ધર્મ ભરમાવે છે. આ ધર્મ નથી, આવો નથી ને વ્રત ને નિયમ. આહા..હા..!

**શ્રોતા :-** નવો ધર્મ ચલાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાની છે. આહા..હા..! વ્રત ને અપવાસ-બપવાસ એ બધો રાગ છે. એ કાંઈ ધર્મ ક્યાં હતો? વ્રત તો ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ એને અનુભવમાં લઈ અને પછી અંદર વીંટાઈ જવું, સ્થિર થવું એનું નામ વ્રત છે. આ વ્રત તો આસ્રવ-વિકલ્પ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપ એક જ વાત કરો છો. બીજી તો કહો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજી તો કહીએ છીએને, આ દુનિયાથી ભિન્ન. એય..! આહા..હા..!

**શ્રોતા :-** બીજી કહેતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજી કહીએ છીએને. ચાલે છે એનાથી બીજી.

**શ્રોતા :-** બીજી છે પણ ખોટી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓલી ખોટી છે. આહા..હા..!

અહીંયાં તો પ્રભુ એમ કહે છે, **'अव्वत्तं जाण'** શબ્દ છેને **'जाण'**? જુઓને! **'जाण अलिंगग्गहणं' 'जाण अव्वत्तं' 'जाण अरसमरूवमगंधं अव्वत्तं असंठाणं जाण'** આહા..હા..! સમજાય છે કાંઈ? તું કોણ છો? ક્યાં છો? કેવડો છો? એ છ દ્રવ્યમાં તું નથી, તેમ છ દ્રવ્યનું જે એક સમયની પર્યાયનું જ્ઞાન થાય એટલામાં પણ તું નથી આખો. આહા..હા..! એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉતાર્યા એમાં નાખ્યું છે. ચૌદ બોલ ઉતાર્યા છેને. છેલ્લે સમયસારમાં ચૌદ બોલ નહિ? નિત્ય, અનિત્ય, એક, અનેક... ચૌદ બોલ છેને. આહા..હા..! એક સમયની પર્યાયરૂપે માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે અને પર્યાયને નહિ માનનારા છ દ્રવ્યને માનતા નથી એમ લીધું છે ત્યાં. કેમકે છ દ્રવ્યનું જ્ઞાન એક પર્યાયમાં થાય છે. એ પર્યાયનું એ સામર્થ્ય છે તો જે પર્યાયને માનતા નથી એ છ દ્રવ્યને માનતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'છ દ્રવ્યસ્વરૂપ લોક...'** આહા..હા..! છ દ્રવ્ય કીધા છતાં લોક કીધો. એમાં અલોક આવી જાય છે ભેગો. આહા..હા..! છ દ્રવ્યમાં આકાશ આવી ગયું કે નહિ? લોકનું જ આકાશ આવ્યું કે બધું આકાશ આવ્યું? આહા..હા..! લોકાલોક વ્યાપક એવું આકાશ એ છ દ્રવ્યમાં આવી જાય છે, એને લોક કીધો એટલું. એવો **'જે જ્ઞેય છે...'** આહા..હા..! **'અને વ્યક્ત છે...'** એટલે કે આત્માના સ્વભાવથી બાહ્ય ચીજ છે. આહા..હા..! તેનાથી ભગવાન અન્ય છે. જીવ શબ્દ વાપર્યો છે એટલે કોઈ જીવ અંતઃકરણ વિશિષ્ટ જીવ અને નિર્લેપ તે

આત્મા, એમ નથી. સમજાણું કાંઈ? પાઠમાં જીવ શબ્દ વાપર્યો છે. પાઠમાં જીવ છેને. **'जीवमणिद्दिट्ठसंठाणं'** જીવ વાપર્યો છે. આહા..હા..! પાઠમાં જીવ શબ્દ વાપર્યો છે. છે? **'जाण अलिंगग्गहणं जीवम'** ચોથું પદ. એ આવી ગયો છે શબ્દ. જીવ એટલે કે આત્મા અને આત્મા એટલે જીવ. વળી આ જીવ જુદો અને આત્મા જુદો એમ છે નહિ. એ માટે શબ્દ વાપર્યો છે. વેદાંતવાળા એમ કહે છેને અંતઃકરણ વિશિષ્ટ તે જીવ અને તદ્દન નિર્મળાનંદ સર્વવ્યાપક તે આત્મા, એમ નથી. આહા..હા..! સર્વવ્યાપકને તો પાખંડી કહ્યા છે ૧૭૨માં. આહા..હા..! અલિંગગ્રહણ, પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ એવો લોકવ્યાપક આત્મા તે છે નહિ, તેથી તેને અલિંગગ્રહણ કીધું. આહા..હા..! લોકવ્યાપક એ નથી એ માટે તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં કહે છે, એક તો છ દ્રવ્ય અને તે એક સમયની પર્યાયનું અસ્તિત્વ માને જીવનું ત્યારે તો એ છ દ્રવ્યને એણે માન્યા. હવે એ પર્યાયની દૃષ્ટિ છોડી અને અવ્યક્ત ત્રિકાળની દૃષ્ટિ કરે ત્યારે એણે દ્રવ્યને માન્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મ બતાવે છે કે ધર્મ કેમ થાય? કે તારી પર્યાયમાં છ દ્રવ્ય જણાય છતાં છ દ્રવ્યને લઈને તારી પર્યાય નથી અને એક સમયની પર્યાય છે તેમાં આખો આત્મા આવતો નથી. આહા..હા..! એ પર્યાયમાં તું ત્રિકાળને જાણ. અવ્યક્ત વસ્તુ છે તેને તું જાણ ત્યારે તને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. હવે માંડ-માંડ સમજવામાં કઠણ પડે એ કરે કે દી બિચારા? સાંભળવા પણ મળે નહિ. એ તો સવારમાં કહ્યું નહિ? શ્રવણ, સત્યનું શ્રવણ મળવું દુર્લભ છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! જિનવર વીતરાગ કહે છે એવું તત્ત્વનું સત્યનું શ્રવણ જ દુર્લભ છે. આહા..હા..! અને એ શ્રવણ થઈને પાછું એને પકડાવું મગજમાં કે આ આમ કહે છે. હજી સમ્યગ્દર્શન નહિ, આ આમ કહેવા માગે છે.

પૂર્ણ શુદ્ધ ભિન્ન છે. પર્યાયથી પણ ભિન્ન છે. પર્યાયથી ભિન્ન પછી વિશેષ કહેશે, પણ અહીં તો અત્યારે છ દ્રવ્યથી ભિન્ન એટલું કહેવું છે. સમજાણું કાંઈ? પર્યાયથી ભિન્ન પછી કહેશે. પણ અહીં તો એને એક સમયમાં છ દ્રવ્ય જણાય છેને એ પર્યાયને જ્યારે માને તો એણે છ દ્રવ્યને માન્યા અને પર્યાયને ન માને તો છ દ્રવ્યને ન માન્યા તો એ પર્યાયને માની નહિ. અને એક સમયની પર્યાય માને તોપણ તે અવ્યક્ત દ્રવ્યને માનતો નથી. આહા..હા..! એય.. ગિરધરભાઈ! આ બધા સાંભળ્યા વિનાના બધા વયા ગયા એમ ને એમ તમારા. આહા..હા..! વીતરાગનો માર્ગ શું છે એ સાંભળવા મળે નહિ. આહા..હા..! કેટલી વાત કરી છે!

ભગવાન આત્મા મનના સંબંધનો જે વિકલ્પ છે એથી રહિત પ્રભુ છે, એ સામાન્ય વ્યાખ્યા કરી, પણ આ વિશેષ વ્યાખ્યા આ છે કે **'છ દ્રવ્યસ્વરૂપ લોક...'** તો સમ્યગ્જ્ઞાન દીપિકાવાળાએ તો એમ કીધું કે ભગવાન આત્મા સપ્તમ હો જાતા હૈ. આહા..હા..! આમાંથી કાઢ્યું. છ દ્રવ્ય જ્ઞેય વ્યક્ત, બાહ્ય, ત્યારે ભગવાન આત્મા અભ્યંતર, અવ્યક્ત દ્રવ્ય ત્રિકાળી

વસ્તુ.. આહા..હા..! તેને અહીંયાં અમે દ્રવ્ય કહીએ છીએ. એને તું પર્યાયમાં જાણ. આહા..હા..! આવું આકરું છે. એય..! દિલીપ! ત્યારે તેને સમ્યગ્જ્ઞાન થાય. આહા..હા..! થાય પર્યાયમાં જ્ઞાન પણ એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જ્ઞાયક ત્રિકાળીને જાણ્યો ત્યારે પર્યાયમાં યથાર્થ જ્ઞાન થાય. આહા..હા..! પર્યાયને જાણતું જ્ઞાન એ પર્યાયનું યથાર્થ જ્ઞાન નહિ. પર્યાયને જાણતું જ્ઞાન પર્યાયનું એ યથાર્થ જ્ઞાન નહિ, એ પર્યાયનું યથાર્થ નહિ. દ્રવ્યને જાણતું પર્યાયનું જ્ઞાન થાય કે દ્રવ્યને જાણ્યું તે અવ્યક્તનું જ્ઞાન થયું, પછી પર્યાયને જાણી પરપ્રકાશક તરીકે. સ્વમાં આખો આવ્યો અને પર્યાય બીજી ભિન્ન આવી. આહા..હા..! પર્યાયને પરદ્રવ્ય કીધું છે. ૫૦માં, નિયમસાર. આહા..હા..! એ સ્વવસ્તુ અખંડ અભેદ એનું જ્ઞાન થયું, એને પર્યાયનું વાસ્તવિક જ્ઞાન સાચું હોય છે. પંડિતજી! આવી વાતું છે. આ વિના થોથા છે બધા. એકડા વિનાના મીંડા. એ સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે, મહિના-મહિનાના અપવાસ કરે એ રણમાં પોક છે, એમાં ધર્મ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** રણમાં પોક છે એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રણમાં પોક કોઈ સાંભળે નહિ અને પોક એની બંધ થાય નહિ. આહા..હા..! એક બોલ થયો એ. અવ્યક્તનો એક. આહા..હા..!

છ દ્રવ્યસ્વરૂપ લોક છે ખરો, પણ એ છે એનાથી, જ્ઞેય છે એનાથી અનેરું આ છે. આહા..હા..! એનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. એમ જ્ઞાનની પર્યાયમાં... આહા..હા..! આ વસ્તુ છે અખંડ જ્ઞાયક તેને જાણ. ત્યારે તેને સમ્યગ્જ્ઞાન અને એની પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહીએ. સમજાણું કાંઈ? અહીં તો સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે અને વ્રત ને તપ લઈને બેઠા. કોરે કાગળે મીંડા લખ્યા છે લાખ, એકડો ન મળે એ સંખ્યામાં ગણાય નહિ. મીંડુ કરે પછી એકડો આવે એ કંઈ સંખ્યામાં ન ગણાય. મીંડુ પછી એકડો આવે એ સંખ્યામાં ગણાય? એકડો આવે પછી મીંડું સંખ્યામાં ગણાય. પહેલું મીંડું અને પછી એકડો હોય તો દસ ગણાય? પણ એકડો હોય અને પછી મીંડુ હોય તો દસ ગણાય. એમ સમ્યગ્દર્શનમાં ચૈતન્યમૂર્તિનું ભાન થયું, પછી સ્વરૂપની સ્થિરતા થાય એને ચારિત્ર કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! વિશેષ કહેશે બીજામાં...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ-૪, મંગળવાર, તા. ૧૫-૦૬-૧૯૭૬,**
**ગાથા-૪૯,**
**પ્રવચન નં. ૯૬**

સમયસાર, જીવ-અજીવ અધિકાર. અવ્યક્ત વિશેષણ. આત્મા વસ્તુ છે વસ્તુ, એને અવ્યક્ત વિશેષણથી એને જણાવ્યું. **'છ દ્રવ્યસ્વરૂપ લોક...'** વિકલ્પથી માંડીને છ દ્રવ્ય જે છે એમાં તો અનંત સિદ્ધો પણ આવી ગયા, તીર્થંકરો પણ જે ૨૦ આદિ છે એ આવ્યા અને લાખો કેવળીઓ છે એ બધા છ દ્રવ્યમાં આવ્યા. અનંતા નિગોદના જીવ છે અને એથી અનંતગુણા પરમાણુઓ જે છે એ બધા છ દ્રવ્યમાં આવ્યા. એ **'છ દ્રવ્યસ્વરૂપ લોક...'** આ સાતમો થઈ જાય એ સમ્યગ્જ્ઞાન દિપીકામાં નથી. એ કાલે કહેવાઈ ગયું. આ સપ્તમ થઈ જાય એ સ્વાત્માનુભવ-મનનમાં છે. ક્ષુલ્લક, ધર્મદાસ ક્ષુલ્લકનું પ્રયોજન સ્વાત્માનુભવ-મનન છે, એમાં આ છે, સમ્યગ્જ્ઞાન-દિપીકામાં નથી. કાલે બપોરે જોયું.

**'છ દ્રવ્યસ્વરૂપ લોક...'** ધ્યાન રાખજો ઝીણી વાત છે તદ્દન. આહા..હા..! એ **'જ્ઞેય છે...'** આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં પરજ્ઞેય તરીકે છે અને વ્યક્ત છે. એ વસ્તુ છ દ્રવ્ય વિકલ્પથી માંડીને બધા બાહ્ય છે, ત્યારે પર્યાયમાં એમ જાણે છે કે હું જીવ એનાથી અન્ય છું. એવો પણ જે ભેદજ્ઞાનનો જ્યાં સુધી વિચાર વર્તતો હોય ત્યારે 'આ છ દ્રવ્યથી હું ભિન્ન છું' એવી જ્ઞાનની પર્યાયમાં વિકલ્પના સહારે જે આ વિચાર ચાલે એનાથી પણ હું ભિન્ન છું. સમજાય છે કાંઈ? આ જ આવે છેને ઓલું નથી? મૂળ. ૪૭-૪૮ છાપેલું છેને એમાં છે. 'છ દ્રવ્યમેં સે નીકલકર કે અગર કોઈ સપ્તમ હો જાવે.' સ્વાત્માનુભવ-મનન. છાપેલાનું પાનું છે ૪૬. પેલામાં ૪૫. આહા..હા..!

જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ છ દ્રવ્ય. **'.. સાતમે નહિ હુઆ, નહિ હોગી, ન હશે. છ દ્રવ્યકા પાંચ દ્રવ્યભી નહીં હુઆ. છ દ્રવ્ય તો છઃ હી હૈ. ઈસ છહોં દ્રવ્યમેં સે નીકલકરકે...'** આહા..હા..! હું એક જ્ઞાયક ત્રિકાળી વસ્તુ છું. આમાં તો હજી પર્યાયથી ભિન્ન નથી, પછી કહેશે, પણ એમાં આવી જાય છે ન્યાય. જ્ઞાનની પર્યાયમાં 'આ છ દ્રવ્ય છે એનાથી ભિન્ન છું' એવો પર્યાય વિચાર કરે છે. ત્યાં સુધી હજી સૂક્ષ્મ વિકલ્પની વૃત્તિ ઊભી છે. એક કોર ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકભાવ એ છ દ્રવ્યથી હું ભિન્ન છું. છેને આમાં? આહા..હા..! **'છઃ દ્રવ્યમેં સે નીકલકરકે અલગ સપ્તમ હો જાતા હૈ. સપ્તમ હોને પીછે છહ દ્રવ્યમેં આતા નહીં.'** એ વિકલ્પમાં વસ્તુ નથી આવતી પછી. આહા..હા..! વિકલ્પ છે એમ 'નિશ્ચય આવો છું અને વ્યવહારે આવો છું' એવો જે વિકલ્પ છે એની પણ પાર છે જીવ.

આહા..હા..! એ પર્યાયમાં આ વસ્તુ જે હું છું એ છ દ્રવ્યથી ભિન્ન છું. તેટલો પણ હજી 'છ દ્રવ્યથી ભિન્ન છું' એ ત્યાં સુધી હજી એને વિકલ્પની સૂક્ષ્મ દશા છે. સમજાય છે કાંઈ? પંડિતજી!

'આ છ દ્રવ્યથી ભિન્ન છું હું' એવો પણ સૂક્ષ્મ વિકલ્પ હોય છે. એને તો એવું કહ્યું છે બળી સિંદરીવત હોય છે. જેમ કેવળીને ચાર કર્મ બળી સિંદરીવત છે, એવું આણે નાખ્યું છે. બહુ છે. વસ્તુ જે છે પૂર્ણ જ્ઞાનઘન ચિદ્દ્ઘન એકલો જ્ઞાનનો ગોળો. આ છ દ્રવ્યનો જે લોક અને અલોક એને પણ એક સમયની પર્યાયમાં જાણતા એ પર્યાયથી પણ છ દ્રવ્ય ભિન્ન અને એ પર્યાયમાં વિચાર આવતા કે આ છ દ્રવ્યથી આ ભિન્ન જ્ઞાયકવસ્તુ છે એને અવ્યક્ત કહે છે. આહા..હા..! આવી વાત ક્યાંય છે? શ્વેતાંબરમાં આ વાત જ નથી. આ શબ્દ જ નથી. આહા..હા..! કેમકે એક બાજુ લોકાલોક વસ્તુ, એક બાજુ એક સમયની પર્યાયમાં તે પોતાના સામર્થ્યથી જાણે એવી એક સમયની પર્યાય, આહા..હા..! અને એનાથી પણ ભિન્ન છું. એ પછી વ્યક્ત પર્યાયથી પણ ભિન્ન છું એ પછી આવશે. આમાં સમુચ્ચય નાખ્યું છે. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ જ્ઞાયકભાવ જે વસ્તુ એને આ અવ્યક્ત વિશેષણથી સમજાવે છે. હું એક... સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આ પર્યાય એમ જાણે છે કે હું છ દ્રવ્યથી ભિન્ન છું, સપ્તમો હું છું એટલે કે છ દ્રવ્યમાં છું છતાં છ દ્રવ્યમાં હું નથી. આહા..હા..! છે તો છ દ્રવ્યમાં, પણ છ દ્રવ્યસ્વરૂપે હું નથી. છ દ્રવ્યના સ્વરૂપથી મારું સ્વરૂપ ભિન્ન છે. દેવચંદજી! આવી વાત છે. આહા..હા..! ઘણું એણે વર્ણવ્યું છે. કાલે બપોરે જોયું હતું. મેં કીધું આ શેમાં છે? સમ્યગ્જ્ઞાન-દિપીકામાં એમ કાંઈક કહેવાણું હતુંને. જોયું આખું સમ્યગ્જ્ઞાન પાના (ફેરવીને). નજર પડશે આવી જશે. એમાં ન નીકળ્યું. પછી કીધું સ્વાત્માનુભવ-મનનમાં હશે. એમાં નીકળ્યું.

**શ્રોતા** :- એ પણ ક્ષુલ્લક ધર્મદાસનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનું જ છે. સમ્યગ્જ્ઞાન-દિપીકા (સંવત) ૧૯૭૮માં વાંચ્યું હતું અને આ સ્વાત્માનુભવ-મનન ૮૭માં વાંચ્યું. .. ત્યાંનું કાંઈક ભાઈ આવેલા. કાંપમાં કો'ક હતા ભાઈ.. ૮૭ કહ્યું. વિંછીયા ૮૭માં હતાને. નારણભાઈને ઠીક નહોતું. ૮૭. એ આખું જોયું. આહા..હા..!

વસ્તુ દ્રવ્યસ્વભાવથી છ દ્રવ્યથી ભિન્ન છું, હું સપ્તમ છું, ત્યાં સુધી એને હજી વિકલ્પની વૃત્તિ જ્ઞાનની પર્યાયમાં છે. અહીં તો એમ કહ્યું કે તારી જ્ઞાનની પર્યાયમાં જાણ. એમ કહ્યું ને? હે શિષ્ય જાણ કે આ વસ્તુ જે અખંડ અભેદ છે એ છ દ્રવ્યથી ભિન્ન છે એમ જાણ. આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ અને પરમેશ્વરથી પણ આ આત્મા ભિન્ન છે. એ પ્રશ્ન થયો હતો તે દી (સંવત) ૨૦૧૦ની સાલ. ત્યાં વીરચંદ વોરા. બોટાદ. મ્યુનિસિપાલીટીમાં વ્યાખ્યાન

ચાલ્યું. આ મંદિર નહોતું. .. મ્યુનિસિપાલિટીના મકાનમાં મેડી ઉપર વ્યાખ્યાન ચાલેલું. ૧૦ની સાલ. ૨૨ વર્ષ થયા. મહારાજ! આ દેવ, ગુરુ અને શાસ્ત્ર તો શુદ્ધ છે. એ અન્ય દ્રવ્ય કહેવાય? આવો પ્રશ્ન (કર્યો). અગાસ કાયમ જાનારા!

અહીં તો કહે છે કે અનંત પરદ્રવ્ય પણ અન્ય દ્રવ્ય છે. સર્વજ્ઞ, ગુરુ નિર્ગ્રંથ મુનિ, કેવળીઓ અનંત, આહા..હા..! લાખો કેવળીઓ એ બધા છ દ્રવ્ય છે, એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણું એમાં લખ્યું છે. બે પાના. ભગવાન આત્મા એક કોર જ્ઞાન ગોળો અને એક કોર લોકાલોક અને એ લોકાલોકનું પણ એક સમયની પર્યાયમાં જ્ઞાન થવું એ પર્યાયનું સામર્થ્ય છે; અને એ પર્યાયમાં એમ વિચારે છે, આહા..હા..! કે હું છ દ્રવ્યથી ભિન્ન છું. એટલે પર્યાય છ દ્રવ્યથી ભિન્ન છે તે દ્રવ્ય તરફ ઢળે છે. સમજાણું કાંઈ? આવી વાત છે. પર્યાય દ્રવ્ય તરફ ઢળે છે. આનાથી આમ ભિન્ન છુંને, એમ. ત્યાં સુધી સૂક્ષ્મ ભેદ, પર્યાય આમ ઢળે ત્યાં સુધી સૂક્ષ્મ ભેદનો અંશ અંદર વિકલ્પ રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો, બાપુ! આહા..હા..! અને તે એમ કહ્યું કે અવ્યક્ત તું જાણ. એમ કહ્યુંને? એની પર્યાયમાં અવ્યક્ત આખી ચીજ છે એમ તું જાણ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આમાં સમજાય એવું નથી પૂરું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાય એવું આ તો છે. ભાષા તો સાદી છે. ભાવ ભલે ગૂઢ છે, પણ ભાષા કાંઈ એવી કડક નથી કઠણ. આહા..હા..!

એક કોર ભગવાન રામ અને એક કોર લોકાલોક ગામ, પણ એ ગામથી રામ ભિન્ન છે. આહા..હા..! અનંતા સિદ્ધો, અનંતા નિગોદના જીવો, અરે..! વિકલ્પ ઊઠ્યો છે એ પણ ખરેખર છ દ્રવ્યમાં જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને પર્યાય આમ ઢળે છે ત્યારે પર્યાય પણ આ બાજુ વળી એટલે છ દ્રવ્યનું ભલે જ્ઞાન હોય પર્યાયમાં, તેથી હું ભિન્ન છું. એટલે એક સમયમાં છ દ્રવ્યનું જ્ઞાન હોવા છતાં એ પર્યાય આનાથી આ ભિન્ન છે એમ પર્યાય આમ જાય છે. આહા..હા..! કાંતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! હવે આ વ્યવહારથી થાય અને ફલાણાથી થાય એ બધું કાંઈ રહેતું નથી. વ્યવહાર અને નિશ્ચયનું જોડલું જો ગણીએ તો એ વિકલ્પવાળું છે. જોડલા તરીકે. આ નિશ્ચય, આ વ્યવહાર. એકલો આમ ઢળ્યો છે સ્વભાવ તરફ ત્યારે પર્યાયમાં પ્રગટે છે એને નિશ્ચય કહીએ તો એનાથી પણ ત્રિકાળી વસ્તુ ભિન્ન છે. એઈ..! શું કહ્યું સમજાય છે કાંઈ?

નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એ પર્યાય છેને? હવે જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે તે જાણી. હવે એ પર્યાય એમ જાણે છે કે છ દ્રવ્યથી ભિન્ન ચીજ છે આ. વચ્ચે પર્યાય છે. એ પર્યાય એમ જાણે છે કે છ દ્રવ્યથી આ હું ભિન્ન છું. આ હું ભિન્ન છું, એમ. આહા..હા..!

**શ્રોતા :-** આ હું એટલે દ્રવ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્ય ત્રિકાળ. પર્યાય એમ કહે છે. પર્યાય એમ કહે છે કે હું ધ્રુવ છું, પર્યાય એમ જાણે છે કે હું અવ્યક્ત છું. અવ્યક્તને અવ્યક્ત ક્યાં જાણે છે? સમજાણું? આહા..હા..! એ તો આવ્યું છેને આપણે ૩૨૦. છે આમાં? પાનું નહિ હોય. ૩૨૦માં નથી?

...પણ તે જ્ઞાનની પર્યાયને એમ કહે છે કે, ભાઈ! હે શિષ્ય! તું જાણ. જાણ કીધું છેને? ભગવાન આત્મા છ દ્રવ્યના ભાવના દ્રવ્ય-ગુણ-પર્યાયથી એ ભિન્ન ભગવાન છે એમ તારી પર્યાયમાં આમ જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? એ એક બોલ થયો. આ થોડું ઓલું વાંચ્યું હતુંને એટલે. એમાં ઘણું છે. બે પાના ભર્યા છે. આહા..હા..! બાપુ! આ જૈનદર્શન એટલે વિશ્વદર્શન છે. વિશ્વ એટલે છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેવું જાણનારું અને તે જાણીને પરથી ભિન્ન પાડનારું એ દર્શન છે. આહા..હા..! એ એક બોલ થયો. અવ્યક્તનો એક બોલ થયો. આહા..હા..!

બીજી રીતે કહીએ તો શાસ્ત્રનું જે જ્ઞાન છે એ પણ છ દ્રવ્યમાં જાય છે. સમજાય છે કાંઈ? કારણ કે એના લક્ષે દ્રવ્યનું લક્ષ થતું નથી. એનું લક્ષ છોડી અને જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળને દૃષ્ટિમાં લે છે ત્યારે તે જ્ઞાનની પર્યાય સમ્યક્ થાય છે. આવી વાતું, ભાઈ! બિચારા સાધારણ માણસને ધર્મ કરવો છે, પણ ધર્મ કેમ થાય અને ક્યાંથી થાય એની ખબર વિના શું થાય? આહા..હા..! આ તો જુદી જાત જ એની છે. ધર્મની જાત જ જુદી છે. આહા..હા..! ભાઈએ ન કહ્યું? પ્રભાકર ભટ્ટે. પ્રભુ! અમે અહીં સુધી તો આવ્યા અનંતવાર, પણ અમે આ આત્મા કોણ છે? વિકલ્પરહિત નિર્વિકલ્પ વીતરાગી અમૃતઘન એનો સ્વાદ અમને આવ્યો નહિ, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રને જાણ્યા, આ બધું આમ છે, પણ અમે પ્રભુ..! શ્રદ્ધા પણ વ્યવહારે થઈ એ જાતની હોં! વ્યવહારશ્રદ્ધા. પણ આ ભગવાન આત્માનો વીતરાગી આનંદ સુખામૃત સ્વનો સ્વાદ ન આવ્યો, પ્રભુ! આહા..હા..! અને એના સ્વાદ વિના એ વસ્તુ જણાય નહિ. કારણ કે વસ્તુ એકલી અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એનો નમૂનો પર્યાયમાં ન આવે ત્યાં સુધી આખી ચીજ આવી છે એવી પ્રતીત ન થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

આ વ્યવહારવાળા તો એ બિચારા ક્યાંય પડ્યા છે. અરે.. ભાઈ! એ વ્યવહાર છે એ છ દ્રવ્યમાં જાય છે. એનાથી ભિન્ન પાડવામાં વ્યવહારની મદદ ક્યાં આવી? આહા..હા..! માર્ગ તો આવો છે, ભાઈ! એનાથી ભિન્ન છ દ્રવ્ય એટલે વિકલ્પ તો છ દ્રવ્યમાં ગયો. આહા..હા..! ઓલામાં અર્થ લીધો અવ્યક્તમાં, જયસેનાચાર્યે. મનથી થતો વિકલ્પ એનો આ વિષય નથી. ટીકામાં એમ છે. આ અવ્યક્તનો અર્થ એટલો કર્યો છે એણે. વિકલ્પનો એ વિષય નથી વસ્તુ. વિકલ્પ ઊઠે છે વ્યવહારનો કે હું આવો છું, તેવો એનો એ વિષય નથી.

**શ્રોતા :-** માટે અવ્યક્ત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માટે અવ્યક્ત છે એમ કીધું છે. છે એમાં. ૪૯ છેને? અને ત્યાં

તો વધારે લીધું છે. ગિરી ગુફા ને એ બધું. આહા..હા..! છેલ્લે. અહીં કીધું છે. આ તો ઘણીવાર આવી ગયું છે. અહીં કહ્યું જુઓ. એ ૫૫માં આવ્યું હતું. જુઓ. '**निश्चयनयेन रसरूपगंधस्पर्शशब्दरहितं मनोगतकामक्रोधादिविकल्पविषयरहितत्वेनाव्यक्तं सूक्ष्मम्** ' એમ શબ્દ વાપર્યો છે. આ વાંચ્યું હતું. આહા..હા..! ભગવાન અવ્યક્ત સૂક્ષ્મ એવો છે કે જે વિકલ્પનો પણ વિષય નથી. એ નિર્વિકલ્પ જ્ઞાનનો એ વિષય છે. નિર્વિકલ્પ છે એ ધ્યાન છે પર્યાય અને એનો વિષય વસ્તુ તે ધ્યેય છે, ધ્યાનનું ધ્યેય એ છે. ધ્યાનમાં ધ્યાનનું પણ ધ્યેય નહિ. સમજાય છે? ધ્યાનમાં ધ્યાનનું પણ ધ્યેય નહિ. ધ્યાનમાં અખંડ વસ્તુ જે છે એ એનું ધ્યેય છે. આહા..હા..! હવે આવું ક્યાંય નવરા સમજે... એ તમારા જૂના માણસ. એકેન્દ્રિય, બે ઇન્દ્રિયા કરતાં એમાં બધા ભાગ્યશાળી કે આ બાજુ આવી ગયા. જાધવજીભાઈ! ત્યાં તો સાંભળવાની પણ સાચી વસ્તુ નથી. આહા..હા..! કીધુંને? '**मनोगतकामक्रोधादिविकल्पविषयरहितत्वेनाव्यक्तं सूक्ष्मम्** ' આહા..હા..!

**શ્રોતા :–** બાકી બધું ઇન્દ્રિયમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું પરમાં જાય છે. આહા..હા..! છ દ્રવ્યમાં. આવું. આહા..હા..! એ એક બોલ થયો.

બીજો. '**કષાયોનો સમૂહ જે ભાવકભાવ...**' ભાવક નામ કર્મ જે નિમિત્ત છે એ ભાવકભાવ છે, ભગવાન આત્માનો ભાવ નહિ. અજ્ઞાનભાવે ભાવકનો ભાવ કહે તો એ જીવ ભાવક અને વિકાર એનો ભાવ, અજ્ઞાનભાવમાં. સમજ્યા? જ્ઞાનભાવમાં ભાવક એવું જે કર્મ તેનો વિકારીભાવ, શુભાદિ ભાવ આહા..હા..! સમૂહ લીધો છેને? અનેક પ્રકારના વિકલ્પનો સમૂહ. ભાવકભાવ એ વ્યક્ત છે, બાહ્ય છે, આહા..હા..! પ્રગટ છે, જ્ઞેય છે. આહા..હા..! એનાથી ભગવાન જીવ અન્ય છે. આહા..હા..!

'**કષાયોનો સમૂહ...**' આહા..હા..! એ વિકલ્પની જાળ ચાહે તો શુભની હો કે અબદ્ધ ને શુદ્ધ છું એવો જે નિશ્ચયનો વિકલ્પ હો. કર્તાકર્મમાં આવે છેને? હું શુદ્ધ છું, અબદ્ધ છું, નિર્મળ છું, એકરૂપ છું, નિત્ય છું—એવો જે વિકલ્પ છે એ પણ વિષયવસ્તુ નથી. આહા..હા..! ફક્ત એની નિર્મળ જ્ઞાનની પર્યાય એનો એ વિષય ધ્યેય છે. સમજાણું કાંઈ? શિષ્યને કહે છે, પ્રભુ! '**કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? કષાયના ભાવને વ્યક્ત કીધો, ત્યારે વસ્તુ છે તે એનાથી અન્ય એ અવ્યક્ત, એમ. એની અપેક્ષાએ એને અવ્યક્ત (કહ્યું). વસ્તુ તો પ્રગટ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કષાયોનો સમૂહ જે ભાવકભાવ...**' અહીં ભાવકભાવ આ લીધો છે હોં! વિકાર. નહિતર તો ભાવકભાવ અજ્ઞાનીનો રાગદ્વેષ એ ભાવકભાવ અજ્ઞાનીનો છે. ભાવક એ ભાવનો કરનારો આત્મા છે. એથી વિકારીભાવ ભાવકભાવ એનો છે. એ આવે છે પહેલાં. અહીંયાં

તો જેમ ૩૨માં ભાવકભાવ કીધોને? ૩૨માં. એ આ. ૩૨ ગાથામાં. ૩૧ પછી ઈન્દ્રિય પછી. એ ભાવકભાવ કર્મ ભાવક છે નિમિત્ત તેનાથી ઉત્પન્ન થયેલો જે વિકલ્પ દયા, દાન, વ્રતાદિ, અરે..! વ્યવહારનો વિકલ્પ.. આહા..હા..! એનાથી જીવ અન્ય છે, વ્યક્ત છે, બાહ્ય છે, જ્ઞેય છે. બાહ્ય છે તેથી અભ્યંતર ભિન્ન છે. વ્યક્ત છે માટે અવ્યક્ત છે. પરજ્ઞેય છે માટે તે પરજ્ઞેયથી સ્વજ્ઞેય ભિન્ન છે. આહા..હા..! આવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો જે વ્યવહારનો શુભવિકલ્પ છે એનાથી ભગવાન ભિન્ન છે એમ કીધું. ભિન્ન છે એ વિકલ્પથી પ્રાપ્ત થાય? ભિન્ન જેને છે એ ચીજથી આ પ્રાપ્ત થાય તો તો પોતાને અભિન્ન થઈ ગયું. સમજાણું કાંઈ? વિકલ્પથી ભિન્ન છે અને એ વિકલ્પથી નિશ્ચય પ્રાપ્ત થાય તો તો એ વિકલ્પ સ્વભાવ થઈ ગયો. આહા..હા..! પોતાના સ્વભાવની પરિણતિથી પ્રાપ્ત થાય. સમજાય છે કાંઈ? સ્વદ્રવ્યની પરિણતિથી પ્રાપ્ત થાય, પણ રાગ તે પરદ્રવ્યની પરણતિ છે દ્રવ્યાંતર. પુણ્ય-પાપમાં આવે છેને? પુણ્યભાવ દ્રવ્યાંતર-અનેરા દ્રવ્યનો ભાવ છે. આહા..હા..! એ સ્વદ્રવ્યનો ભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કષાયોનો સમૂહ...'** ઓહોહો..! અનેક પ્રકારના વિકલ્પ જે ઊઠે 'હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું' એવો પણ જે વિકલ્પ છે એ કષાયમાં જાય છે. આહા..હા..! એટલે આકુળતામાં ભાવ જાય છે. એ આકુળતાનો ભાવકનો ભાવ એ બાહ્ય છે, વ્યક્ત છે, પરજ્ઞેય છે. આહા..હા..! એનાથી ભગવાન ભિન્ન છે, અવ્યક્ત છે. ભિન્ન છે માટે અવ્યક્ત છે. પરજ્ઞેય છે માટે જ્ઞાયક અવ્યક્ત છે અને બાહ્ય છે માટે અવ્યક્ત અભ્યંતર ભિન્ન છે. આહા..હા..! આવી વાતું હવે. ભાઈ! એ વસ્તુસ્થિતિનું જ્ઞાન જોશેને? બીજું ભલે ન હોય. કોઈ વ્યાકરણ કે એવા બધા જ્ઞાન ન હોય, પણ મુદ્દાની વસ્તુનું તો જ્ઞાન જોઈશેને એને. એમાં નથી? એ લખ્યું છે ઓલા સાતમા અધ્યયનમાં. વ્યાકરણ આદિનું જ્ઞાન ન હોય, એમાં વખત ગુમાવીશ નહિ બધો. છે એમાં. આહા..હા..! આ વસ્તુ શું છે? આહા..હા..! એના તરફ ઢળજે અને વળજે. એનું જ્ઞાન કર. કારણ કે અધ્યાત્મની વાત મૂળ દ્રવ્યાનુયોગમાં છે. મુખ્ય ઉપદેશ તો એમાં છે. એમાં લખ્યું છે. આહા..હા..!

**'જે ભાવકભાવ...'** પરજ્ઞેય છે એટલે કે **'વ્યક્ત છે...'** એટલે કે બાહ્ય છે. ભગવાન એનાથી અન્ય અવ્યક્ત છે. આહા..હા..! આ સમ્યગ્દર્શનનો વિષય. આહા..હા..! કષાયના વિકલ્પથી અન્ય વસ્તુ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! ૧૪૩માં તો કહ્યુંને ત્યાં કે વ્યવહારના વિકલ્પનો તો અમે નિષેધ કરતાં આવ્યા છીએ. એમ છેને ભાઈ! ૧૪૪. વ્યવહારનો તો નિષેધ કરતાં આવ્યા છીએ. પણ હવે નિશ્ચયનો જે વિકલ્પ છે કે અબદ્ધ છું, શુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પનો પણ અહીં નિષેધ કરવામાં આવે છે. એ વિકલ્પમાં રહેશે ત્યાં સુધી એનું કર્તાકર્મપણું ટળશે નહિ. વિકલ્પનો કર્તા અને વિકલ્પ એનું કાર્ય એ અજ્ઞાનદશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું. આ તમારા છોકરાઓ આવ્યા

છેને કલકત્તાથી. આવી ઝીણી વાત હતી નહિ. માર્ગ તો એવો છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે પર્યાયમાં જેટલા શુભભાવો થાય એનો તો અમે નિષેધ કરતાં આવ્યા જ છીએ કર્તાકર્મમાં, પણ અહીંયાં તો પર્યાયમાં અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું, એવો જે વિકલ્પ ઊઠે છે એનો અમે અહીં નિષેધ કરીએ છીએ. કારણ કે એવો વિકલ્પ જ્યાં સુધી છે... કળશ આવે છેને? કળશ નહિ એમાં પાછળ? વિકલ્પ કર્તા અને વિકલ્પ કર્મ. કળશમાં આવે છે. એ બહુ સરસ છે. એ રાગ કર્તા અને રાગ એનું કર્મ, આત્મા કર્તા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો માર્ગ એવો છે. આવતા-આવતા ક્યાં જાય. એવું સ્વરૂપ એણે સાંભળ્યું નથી. અરે..! વ્યવહારથી પરંપરા પ્રાપ્ત થાય એ તો આમાં નિષેધ આવ્યો.

**શ્રોતા :-** આપ અર્થમાંથી કાઢો છો. શબ્દો નથી એવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કષાયનો સમૂહ શું આવ્યું? કષાયનો સમૂહ એ શું છે? વ્યવહાર છે એ તો રાગ છે. શુભભાવ એ રાગ છે. વ્યવહારરત્નત્રય તે વિકલ્પ અને રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને તેથી તો પુણ્ય-પાપના છેલ્લા અધિકારમાં ટીકામાં તો એમ કહ્યું છે સંસ્કૃતમાં. સમજાણું? કેટલામું છે એ? કર્તાકર્મ? પુણ્ય-પાપમાં. '**जीवादीसद्दहणं**' એ ગાથા કેટલી છે? નિર્જરા છે કે આસ્રવ? ક્યો અધિકાર કહ્યો? પુણ્ય-પાપ. આવી ગયું. આવી ગયું. આસ્રવ પહેલાં.

શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! આપે વ્યવહારરત્નત્રયનું વ્યાખ્યાન કર્યું પણ આ તો પાપ અધિકાર ચાલે છે. ૨૩૪ પાનું. આસ્રવ અધિકારની પહેલાં. પુણ્ય-પાપનું છેલ્લું. ૧૬૩ ગાથાનું છેલ્લું. જયસેનાચાર્ય. આમાં નથી. નહિ, નહિ. શું કહ્યું જુઓ! પ્રભુ! આ અધિકાર તો પાપનો અધિકાર છે. એમાં '**व्यवहाररत्नत्रयव्याख्यानं कृतं, तिष्ठति कथं पापाधिकार इति?**' વ્યવહારરત્નત્રય તો પુણ્ય છે અને તમે આ પાપ અધિકારમાં એને કેમ નાખ્યું? સમજ્યા? '**अत्राह शिष्य :- जीवादीसद्दहणं इत्यादि व्यवहाररत्नत्रयव्याख्यानं कृतं, तिष्ठति कथं पापाधिकार इति?**' તો આ અધિકારને પાપ કેમ કહ્યું? '**तत्र परिहार :- यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रस्योपदेयभूतस्य कारणभूत्वादुपादेयः**' નિમિત્ત છે માટે ઉપાદેય કહ્યું. '**परंपरया जीवस्य पवित्रताकारणत्वात्**' આ પરંપરા આવ્યું. '**पवित्रस्तथापि**' એ વ્યવહારથી કહ્યું. '**बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्पतति**' વ્યવહારમાં બહિરદ્રવ્યનું આલંબન હોવાથી સ્વાધીનથી પરાધીન '**पतति**'. રાગમાં આવે છે તો પરાધીન થઈ જાય છે. છે? '**द्वितीयं कारणम्।**' છેને? એક તો '**पराधीनत्वात्पतति**' એ કહ્યું. '**निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पावलंबनेन स्वरूपात्पतितं भवतीति द्वितीयं कारणम्। इति निश्चयनयापेक्षया पापम्।**' વ્યવહારરત્નત્રયનો વિકલ્પ નિશ્ચયની અપેક્ષાએ પાપ. આહા..હા..! હવે આ લોકોને ખટકે બિચારાને શું કરે? સાંભળ્યું નથી અને વિચાર્યું નથી. સાંભળવા મળ્યું નથીને એટલે પંડિતાઈ મોટી કરી ગયા. એય..! અહીં તો પંડિતાઈનું

પાણી ફેરવ્યું. આમાં આવે છેને? આમાં ન આવ્યું? કેટલામી છે? ૪૭. નહિ? જુઓ!

'એક અલગ કરકે અલગ સપ્તમ હો જાતા હૈ. સપ્તમ હુએ પીછે છ દ્રવ્યમેં આતા નહિ. ઈસ કથનીકો પંડિત લોગ આપકો જ્ઞાની માનતે વાદવિવાદ નય, ન્યાયમેં ડૂબો દેગા. આપ જૈસે કે તૈસે રહેગા. મૂર્ખજન તો છ દ્રવ્ય નહીં જાને તો છ દ્રવ્યસે ભિન્ન કહાં સે જાને?' છેને? ડૂબા દેંગે. 'ઔર હજારો લાખોં કરોડોંમેં કોઈ એક ભદ્રજીવ કથની કો પઢકર અકસ્માત ચમકેગા ઔર મુખસે બોલેગા, ઓહોહો...! ક્યા હૈ યહ?' આહા..હા..! 'અલગ સપ્તમ હો જાતા હૈ.' ઓલા શબ્દ આવ્યા નહિ હાથમાં. સપ્તમ હો જાયે તો પાની ફેર જાયે એની પંડિતાઈ ઉપર. એ છે જુઓ શબ્દ છે. એટલામાં છે ક્યાંક. પંડિતાઈ ઉપર પાણી ફરી જાશે એમ છે અંદર. આહા..હા..! બહુ ભણ્યો હોય અને બહુ વાંચ્યું હોય એનું આમ છે ને એનું આમ છે. આહા..હા..! પંડિતાઈ ઉપર પાણી ફરી જશે. એમ છે અંદર. સપ્તમ થઈ જાય ત્યાં છે એટલામાં છે. બે પાનામાં છે. આહા..હા..!

અહીં કહે છે, કષાયના વિકલ્પનો સમૂહ. છે? આહા..હા..! પંડિતાઈ પહેલું. સપ્તમું થઈ જાય અને પછી પંડિતાઈ ઉપર પાણી એમ છે. આ તો ૭૮માં વાંચ્યું હતું પહેલું. કેટલા વર્ષ થયા? ૫૪. ૨૨ ને ૩૨. જંગલમાં. બહાર જતા રહેતા હતાને. ત્રીજીને? ત્રીજી. 'વિચાર છ દ્રવ્યમેં રહ જાતા હૈ.' ના ઉપર ત્રીજી. જુઓ. 'ષટ્દ્રવ્ય કો છોડકર કે સપ્તમી વસ્તુકા સાચા વિચાર હોતે હુએ સર્વ પંડિતાઈ પર ઔર વિદ્યાબુદ્ધિ પર પાની ફીર જાતા હૈ.' વ્યવહારથી આમ થાય ને ઢીંકણાથી આમ થાય. હવે સાંભળને. ધર્મદાસ ક્ષુલ્લકે. 'સુનતે હી પંડિતાઈ પર ઔર વિદ્યાબુદ્ધિ..' બહુ ક્ષયોપશમજ્ઞાન.. પાણી ફરી જશે સાંભળને હવે. આહા..હા..! 'વિચાર ભી પર...મેં રહ જાતા હૈ.' વિકલ્પ છેને વૃત્તિ છે એ છ દ્રવ્યમાં રહી જાય. ઓલામાં તો વિચારને વિકલ્પ કહ્યો છેને. કળશટીકા. વિચાર પણ વિકલ્પ છે. ત્યાં અપેક્ષાએ કહ્યું છે અને મોક્ષમાર્ગમાં કહ્યું છે ત્યાં વિચાર જ્ઞાનીને પણ રહે છે. વિચાર ન રહે તો જડ થઈ જાય એવું છે એક ઠેકાણે. એ વિચાર જ્ઞાનની પર્યાય લીધી. ઓલો જે વિચાર છે એ રાગ સાથેની પર્યાયનો વિચાર એમ લીધું છે. શબ્દ તો વિચાર બેયમાં છે. કળશટીકામાં વિચાર છે એ વિકલ્પ સહિતનો લીધો છે અને મોક્ષમાર્ગમાં કહ્યું છે કે નિર્વિકલ્પ થાય એટલે વિચાર રહિત થઈ જાય આત્મા તો જડ થઈ જાય. એમાં છે. આહા..હા..! એ વિચારની પર્યાય તો રહી જાય છે, પણ એ જ્ઞાનની પર્યાય નિર્મળ છે. એનાથી આત્મા જણાણો માટે એને જ્ઞાનની પર્યાયને વિચાર કહેવામાં આવે છે. અવગ્રહ, ઈહા, અવાય, વિચાર એ મતિનો પર્યાય છેને? આહા..હા..! અને આમાં જે કહ્યું છે કળશટીકામાં કે વિચાર પણ વિકલ્પ છે, રાગ છે એ વિકલ્પની વૃત્તિવાળો વિચાર એને ત્યાં લીધો. એમ ને એમ એક ઠેકાણે કીધું તો બીજે ઠેકાણે શું કહ્યું એનો મેળ ન ખાય તો ગોટો વળે. આહા..હા..!

અહીં તો કષાયનો નાનામાં નાનો કણ. હું છ દ્રવ્યથી ભિન્ન છું એવી વૃત્તિનો વિકલ્પ

પણ... આહા..હા..! '**ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે...**' આહા..હા..! બે બોલ થયા. ત્રીજો. '**ચિત્સામાન્યમાં...**' સામાન્ય જે ચૈતન્યસ્વરૂપ છે ધ્રુવ, એમાં '**ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે...**' જેટલી પર્યાય વ્યક્ત થઈ અને થશે એ બધી એમાં અંતર્મુખ છે. સમજાણું કાંઈ? શબ્દ ઈ છે. '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' એ વર્તમાનની પર્યાય અંતર્ભૂત હોય તો જાણનાર રહેતો નથી. વર્તમાન પર્યાય જાણે છે એ સિવાયની પર્યાયો ચિત્સામાન્યમાં અંતર્ભૂત છે. પણ એનો અર્થ થયો એ. જાણ કીધુંને? જ્ઞાનમાં જાણ કે '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' તો જાણવાની પર્યાય તો બહાર રહી. એ સિવાયની બધી. નહિતર ઊંધું પડે. સમજાણું કાંઈ? વર્તમાન પર્યાય જો અંતરમગ્ન હોય તો જાણનાર કોણ એને? કે આ સામાન્ય છે અને એમાં અંતર્ભૂત છે એ જાણનાર કોણ?

**શ્રોતા :-** વર્તમાન પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર્તમાન પર્યાય, વ્યક્ત પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? '**ચિત્સામાન્યમાં...**' અહીં તો અપેક્ષા વર્ણવવી છેને? પછી કહેશે ખુલાસો. '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ...**' બધી પ્રગટ પર્યાયો. વ્યક્તિઓ એટલે પ્રગટ પર્યાયો જેટલી થઈ ને થશે એ બધી અંતરમાં અંતર્ભૂત છે. આહા..હા..! એ માટે તું આત્માને અવ્યક્ત જાણ. એ જાણ એ જ્ઞાનની પર્યાય વ્યક્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! જાણવાની પર્યાયમાં આ વસ્તુ અવ્યક્ત છે એમ તું જાણ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આ કથન પ્રમાણનું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; પ્રમાણ નહિ, નિશ્ચયનું જ્ઞાન કર્યું છે. જ્ઞાનની પર્યાયે આ ત્રિકાળ છે (એમ જ્ઞાન કર્યું). આ બધી પર્યાયનું જ્ઞાન આ પર્યાયનું જ્ઞાન કરે તો પ્રમાણજ્ઞાન થાય. ભૂત-ભવિષ્યની પર્યાય તો ચિત્સામાન્યમાં ગઈ. એ તો નિશ્ચયનું જ્ઞાન થયું. સમજાણું કાંઈ?

ફરીને. ભૂત પર્યાય અને ભવિષ્ય પર્યાય બધી સામાન્યમાં પરિણામિકભાવમાં ગઈ. એટલે એનું જે જ્ઞાન એ તો નિશ્ચયનું જ્ઞાન થયું અને પર્યાયનું જ્ઞાન કરે ભેગું તો પ્રમાણનું જ્ઞાન થયું. પર્યાયે અવ્યક્તનું જ્ઞાન કર્યું એ તો નિશ્ચયનું થયું અને પર્યાય પોતે પોતાનું જ્ઞાન કરે ત્યારે વ્યવહારનું જ્ઞાન થયું. એટલે તે બે થઈને પ્રમાણનું જ્ઞાન થયું. આવી વાતું. એ પ્રમાણ પણ પર્યાય છે. આહા..હા..! પ્રમાણજ્ઞાન શ્રુતજ્ઞાન પ્રમાણ છેને એ પર્યાય છે અને એનો ભેદ નય છે એ પણ પર્યાય છે. સમજાણું કાંઈ? આવી વાતું છે.

અરે..! એને ક્યાં પડી છે મારું શું થશે? હું ક્યાં જઈશ? ક્યાં જઈશ? આ ત્રિકાળી છું એ ક્યાં જઈશ અને ક્યાં રહીશ? (એમ જો) સંસારથી ભયભીત થાય તો એને આ આત્મા સમજવા તરફ એનું વલણ થાય. આહા..હા..! ચોર્યાસીના અવતારમાં કોઈ શરણ ક્યાંય નથી. એવા અનાથ અશરણમાં જઈશ ક્યાંય પ્રભુ! તો હવે શરણને ગોતને અંદર.

આહા..હા..! પ્રભુ પોતે રાગના ભાવ વિનાનો. આહા..હા..! અરે..! ચૈતન્ય સામાન્ય જે ધ્રુવ છે તે નિશ્ચયનો વિષય છે, એ શરણ છે. આહા..હા..! પર્યાયને ધ્રુવનું શરણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! વર્તમાન જ્ઞાનની પર્યાયને ત્રિકાળ ધ્રુવનું શરણ છે.

પર્યાય એમ જાણે છે કે હું અવ્યક્ત છું. આહા..હા..! એમ પર્યાયમાં જાણ. હે શિષ્ય! એમ જાણ. શેમાં? વર્તમાન પર્યાય પ્રગટમાં. આહા..હા..! સમજાણું કાંઈ? વર્તમાન પર્યાય પણ જો અંદર લીન થઈ ગઈ હોય તો પછી થઈ રહ્યું. જાણનાર રહે કોણ? સમજાણું કાંઈ? એને જાણવાનું રહ્યું નહિ, જાણનારની પર્યાય ભિન્ન, અવ્યક્તથી ભિન્ન તો રહી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જાણ તો શબ્દ છેને પાઠમાં? **'अव्वत्तं जाण'** એમ છેને પાઠમાં? **'अव्वत्तं जाण'** જયસેનાચાર્યની ટીકામાં તો હે શિષ્ય! **'जानेही'**. અવ્યક્ત ભગવાન આત્મા તેમ જાણ. શેમાં? ધ્રુવમાં? આહા..હા..! મોટી ચીજનો આખો ગોટો છે એમાં. કેવળજ્ઞાનીનો વિનય કોઈ કરે એ તો એક અપેક્ષિત વાત શ્વેતાંબરની શૈલીની હતી તે રહી ગયેલી. આ તો મૂળ રકમની વાત છે આખી. સમજાય છે? શ્રીમદ્‌માં એ રહી ગયું એ. એ તો એને એ જાતનો બહુ વિચાર નહિ ને શ્વેતાંબરનું વાંચન હતું એટલે એ જાતની વાત રહી ગઈ અમુક.

આ વસ્તુ તો એક સમયની પર્યાય જે છે પ્રગટ એને જો અંદરમાં નાખી દે તો જાણનાર રહેતી નથી અને મૂળમાં ભૂલ છે આખી. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રતીત કરનાર પર્યાય અંદર ગરી હોય તો પ્રતીત કરનાર પર્યાય વ્યક્ત બહાર રહેતી નથી. આહા..હા..! આવું અત્યાર સુધી સાંભળ્યું હતું શેઠ? આ સ્થાનકવાસીમાં સાંભળ્યું હતું કોઈ દી? નહિ. આહા..હા..! ક્યાંય હતું નહિ. આ તો ભગવાનના દરબારની વાતું છે, બાપા! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ. આહા..હા..! દિવ્યધ્વનિમાં આવ્યું અને એમાં શાસ્ત્ર રચાણા. એ શાસ્ત્રની રચના માયલું આ શાસ્ત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? બુદ્ધિરૂપી લક્ષ્મીએ આખો પહાડ ઉપાડ્યો. આવે છેને છેલ્લે? આહા..હા..!

એક કંદોઈ છેને? ત્યાં નહિ વઢવાણ કાંપમાં ઓલો કંદોઈ નથી? ચીમનભાઈ કંદોઈ. જોરાવર અમારે. એને બહુ પ્રેમ બિચારાને. મગજવાળો હોં! સમજી શકે છે. એવું સમજે છે. છે કંદોઈ. કાંઈક કહેવું હતું. એ પોતે કહે, આહા..હા..! વસ્તુ તો આવી છે. આ બીજું કહેવું છે. એને કાંઈક આપીએને પાનું.. એ કહેવું છે. જેમ ભાઈને નહોતું આપ્યું ઓલું? ખબર છે કે નહિ? એ આને કોઈપણ પાનું કોઈપણ પુસ્તક આપો, એનો છોકરો પણ એવો થયો છે. એ ચીમનભાઈનો છોકરો. નામ છે કાંઈક એનું. શેઠ કહેવાય શેઠ. કંદોઈ શેઠ કહેવાય. હા, એ લાવ્યા હતા. પેંડા લાવ્યા હતા. ૮૭ પેંડા લાવ્યા હતા. ૮૭.. ૮૭ પેંડા ઓલા છોકરાવને આપજો. કંદોઈ ખરો ને. એનું નામ છે કાંઈક. છોકરા બે છે. એ કોઈપણ ચીજ એની ૐ કરાવવા લાવ્યા હોય તો ૐ કરે.

આ તો માથે એટલે કે જ્ઞાનના દરિયામાં આખો સમયસાર ઉપાડ્યો છે. બુદ્ધિથી જ્ઞાનરૂપી

લક્ષ્મીમાં. આહા..હા..! સર્વ જીવને અર્પણ કર્યો છે. લાયક જીવને કહે છે કે તારે માટે જો આ સમયસાર તને આપું છું. આહા..હા..! ભેટણું લાવ્યો છું. આહા..! ભગવાનને ભેટવું હોય તો આ સમયસાર વાંચ, તું સમજ. આહા..હા..!

'**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' એમ આત્મા અવ્યક્ત છે એમ તું જાણ. આહા..હા..! જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાયમાં ભગવાન આત્મા કષાયના સમૂહથી અન્ય નામ અનેરો છે એમ તું તારી જ્ઞાનની પર્યાયમાં વ્યક્તમાં જાણ. વ્યક્તમાં આ અવ્યક્ત છે એમ જાણ. એમ થયું કે નહિ? આહા..હા..! આવી વાતું બહુ પણ, બાપુ! આહા..હા..! દિગંબર સંતોએ તો જગતને આત્મા આપ્યો આત્મા. લેવાની તાકાત હોય તો લે. આહા..હા..! એ ત્રીજો બોલ થયો.

ખરેખર તો અંતરમાં નિમગ્ન છે એ પર્યાયરૂપ રહી નથી હવે, એ તો પરિણામિકભાવ થઈ ગયો છે. વ્યક્ત પર્યાય જે છે એ તો ક્ષયોપશમની કે ક્ષાયિકની હોય. ઉદયની આપણે કાઢી નાખો અત્યારે. નિર્મળ પર્યાય ક્ષયોપશમની કે ક્ષાયિકની છે એ વર્તમાન. અંદર ગઈ એટલે એ પરિણામિકભાવ થઈ ગઈ. આહા..હા..! એય..! પાણીનું તરંગ ઊઠીને પાણીમાં ડૂબત હૈ. સમયસાર નાટકમાં આવે છે. બનારસીદાસ. પાણીનું સમજ્યાને? બનારસીદાસનું છે. પાણીનું તરંગ પાણીમાં ડૂબત હૈ. ત્યાં ડૂબત શબ્દ છે? શું છે? ગુડુપ. પાણીનો તરંગ પાણીમાં ગુડુપ હૈ. આહા..હા..! એમ આત્માની પર્યાય આત્મામાં ગુડુપ હૈ. થઈ અને થશે તે. આહા..હા..! એ ત્રીજો બોલ થયો. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૫, બુધવાર, તા. ૧૬-૦૬-૧૯૭૬, ગાથા-૪૯, પ્રવચન નં. ૯૭

૪૯ ગાથા, જીવ-અજીવ અધિકાર. અવ્યક્તના વિશેષણ છ-છ. ત્રણ ચાલ્યા. પહેલાં તો એ કીધું કે '**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...**' એ બધા વ્યક્ત છે, બાહ્ય છે. એનાથી આત્મ ભગવાન ભિન્ન છે માટે અવ્યક્ત છે એમ પર્યાયમાં નિર્ણય કર. અહીં તો જાણ કીધું. પર્યાયમાં જાણ. છ દ્રવ્યસ્વરૂપ લોક આખો છે એ પરજ્ઞેય છે અને આત્મા તેનો--જ્ઞેયથી ભિન્ન તેનો જ્ઞાયક એમ અહીં નથી કહ્યું. અહીં તો એનાથી ભિન્ન અવ્યક્ત છે. સમજાણું કાંઈ? દૃષ્ટિનો વિષય અહીં વર્ણવે છે. આહા..હા..! '**भूदत्थो**' કીધુંને? ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન હોય છે. ૧૧માં. એ અહીં અવ્યક્તમાં ભૂતાર્થને વર્ણવે છે. આહા..હા..!

બીજો બોલ. '**કષાયોનો સમૂહ...**' જે કંઈ પુણ્યના વિકલ્પો ઊઠે છે એ બધા કર્મના નિમિત્તના સંગે કર્મના ભાવકનો એ ભાવ છે એનાથી ભગવાન ભિન્ન છે. એવો એને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! બે બોલ. ત્રીજો. '**ચિત્સામાન્યમાં...**' જ્ઞાયકભાવ સામાન્ય જે ત્રિકાળ, એમાં એની પ્રગટ પર્યાયો બધી અંતર્ગત છે, ભૂત અને ભવિષ્યની. વર્તમાન પર્યાયમાં તેને તું જાણ. એ અંતર્ભૂત વ્યક્તિઓ એવું જે સામાન્ય એકરૂપ, ધ્રુવ એકરૂપ એને તું પર્યાયમાં જાણ. આહા..હા..! એક સમયની પર્યાયમાં આખો આત્મા પ્રતિભાસ થાય છે. એક સમયની (પર્યાયમાં). ઝીણી વાત તો ઘણી, ભાઈ! જ્ઞાનની એક સમયની પર્યાય છે એમાં આખો અવ્યક્ત તે પ્રતિભાસ થાય છે.

**શ્રોતા :-** આ તો વ્યક્ત કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યક્ત નહિ પ્રતિભાસ થાય છે. વ્યક્તમાં અવ્યક્ત જણાય છે. અવ્યક્ત પર્યાયમાં આવતો નથી. આહા..હા..! એક સમયની પર્યાયમાં જાણ એમ કહ્યુંને? ત્રિકાળી અવ્યક્ત તેને તું જાણ. આહા..હા..! એ ત્રણ બોલ તો ચાલ્યા છે.

ચોથો. '**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...**' વર્તમાન પર્યાય છે ક્ષણિક પણ એટલો એ નથી. આહા..હા..! વર્તમાન પ્રગટ પર્યાય જે છે વ્યક્ત એ ક્ષણિક વ્યક્તિમાત્ર નથી. ક્ષણિક સમયની પર્યાય એટલો એ આત્મા નથી. આહા..! આવું છે. મૂળ તો વસ્તુ જે છે એક સમયમાં ત્રિકાળ ધ્રુવ સામાન્ય અભેદ એને અહીંયાં અવ્યક્ત કહીને એનું જ્ઞાન કરાવ્યું વ્યક્તમાં. જ્ઞાન તો વ્યક્તમાં થાય કે અવ્યક્તમાં? આહા..હા..! એથી ક્ષણિક વ્યક્તિમાત્ર એ નથી. એક સમયની પર્યાય વ્યક્ત પ્રગટ છે એટલો નથી. આહા..હા..!

**શ્રોતા :-** એથી વધારે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એથી બીજો છે, એથી અનેરો છે. એમ કહેવું છેને જુઓ!

'**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.**' વ્યક્ત જે ક્ષણિક છે એટલો એ નથી, માટે તે અવ્યક્ત છે. આહા..હા..! આવી વાતું છે. આજે થોડું અષ્ટસહસ્રી જોયું, ભાઈ! અષ્ટસહસ્રી આવે છેને અષ્ટસહસ્રી? ભેટ આવ્યું છેને અહીં? કાલે તો લાવ્યા હતાને આપણે હિંમતભાઈ. એ ઉપરથી જરી જોયું. હાથમાં આવ્યું તો હશે. મુંબઈ આવ્યું? અહીં? એ કાંઈક જાણપણાના વિષયની વાતું છે. એમાં અભિમાન થઈ જાય. ન્યાયનો એમાં .. આવી જાય. આ ચીજ બીજી છે. આહા..હા..!

**શ્રોતા :-** એનાથી અભિમાન થાય કે પોતે કરે તો થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કરે તો થાય. એ પણ એને થઈ જાય એવું લખ્યું છેને. મોક્ષમાર્ગમાં આવે છે. પોતાને આવડે છે એમ ગર્વમાં વયો જાય અંદર. કારણ કે ઝીણી વસ્તુ છે. અષ્ટસહસ્રી બીજી ભાષાએ એને કષ્ટસહસ્રી કીધી છે. ઘણા ન્યાયો મગજમાં એણે બેસાડવા જોઈએ. ખંડ-ખંડ જ્ઞાન છે. આ વસ્તુ તો અંદર... આહા..હા..! પ્રગટ જે વ્યક્ત

જે પર્યાય છે એટલો માત્ર નથી. માટે તેને અવ્યક્ત કહીએ છીએ. આહા..હા..! આ ન્યાય લે છે.

'**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...**' માટે ભગવાન આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ નથી આવ્યા નહિ અત્યારે? છોટાભાઈ. ઠીક નહિ હોય. એને બિચારાને બેય આંખો ગઈ. આ સંસાર. આહા..હા..! બ્લડ પ્રેશર વધી ગયું છે. માટે કહે છેને, વૃદ્ધાવસ્થા ન આવે, રોગ ઘેરો ન ઘાલે એ પહેલાં કરી લેજે. આહા..હા..! ઈન્દ્રિયો હિણી ન પડે. આહા..હા..! પુરુષાર્થ નબળાવાળાને કહે છે. નહિતર એ વખતે પણ થઈ તો શકે. આહા..હા..! સાતમી નરકનો નારકી (કરે છે), બાપુ! એ શું છે, ભાઈ? આહા..હા..! એની પીડા.. એની પીડા.. એક શીતની પીડાનો એક અંગુલ એટલે .. અહીં લાવે. આહા..હા..! દસ-દસ યોજનમાં માણસો (મરી જાય). એનું શીત તો અહીં લાવે તો એની શીતળતામાં દસ યોજનના માણસ મરી જાય. આહા..હા..! એવી શીતવેદનામાં પણ.. આહા..હા..! અને સોળ રોગ જન્મથી એમાં પણ નવું સમ્યગ્દર્શન પામે છે. ત્યાં જાય ત્યારે મિથ્યાદૃષ્ટિ લઈ જાય છે. એટલે અગવડતાના પ્રસંગ હોય ને ન પામી શકે એમ નથી. ત્યાં તો પુરુષાર્થ ઉપાડવા વાત કરી કે ભાઈ, ઈન્દ્રિયો હિણી ન પડે, શરીરમાં વૃદ્ધાવસ્થા ન આવે, રોગ ઘેરો ન ઘાલે ત્યાં કરી લેજે. આહા..હા..! બાકી ત્રણે વાત ત્યાં સાતમી નરકે છે. વૃદ્ધાવસ્થા શું જીર્ણ શરીર તદ્દન. આહા..હા..! જન્મતા જીર્ણ. રોગ. જન્મતા સોળ રોગ.

**શ્રોતા :-** એ બેમાં સાચું ક્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાચું કીધુંને આ. નબળો પુરુષાર્થ હોય એને એ વાત કરી છે, પણ પુરુષાર્થ તો ગમે તે પ્રસંગમાં આત્મા ઉપાડી શકે છે. આહા..હા..! કારણ કે પરદ્રવ્ય અને પરદ્રવ્યની પર્યાયને તો ભગવાન સ્પર્શતો પણ નથી. આહા..હા..! ગમે તેટલી શરીરની વેદના હોય એ વેદનાને આત્મા સ્પર્શે છે? જડની અવસ્થાને? ઈન્દ્રિય હિણી થાય તો એને સ્પર્શે છે? અરે..! ઈન્દ્રિય પુષ્ટ હોય તોપણ એને ક્યાં સ્પર્શે છે આત્મા. આહા..હા..! તેથી તો '**इंदिये जिणित्ता**' કહ્યું. ગમે તેવી ઈન્દ્રિય હો તેનું લક્ષ છોડી દે. આહા..હા..! અલખને લક્ષમાં લે. એ અહીં કહે છે.

'**ક્ષણિક વ્યક્તિમાત્ર...**' એક સમયની પર્યાય પૂરતો નથી એટલે એને એની દૃષ્ટિ કરવાની છે અવ્યક્તની એમ કહે છે. શરીરાદિની અવસ્થા તો ગમે તે હો એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! '**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...**' એટલે કે ક્ષણિક વ્યક્તિને તું અવ્યક્ત તરફ લઈ જા. આહા..હા..! સમજાણું કાંઈ? તને આત્મા મળશે, તને આત્માનો ભેટો થશે, તને આનંદ આવશે. આહા..હા..! ચાર થયા.

પાંચમો. '**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં...**' ભાષા જુઓને! પર્યાય અને દ્રવ્ય. વ્યક્ત એટલે પર્યાય અને અવ્યક્ત એટલે ત્રિકાળી દ્રવ્ય

બન્ને એક સાથે મિશ્રિત પ્રતિભાસવા છતાં. આહા..હા..! એક સમયની પર્યાયમાં પર્યાયનું અને દ્રવ્યનું મિશ્રિતરૂપે, પર્યાયમાં પર્યાયનો પ્રતિભાસ અને પર્યાયમાં દ્રવ્યનો પ્રતિભાસ. આહા..હા..! એક સમયની પર્યાયમાં દ્રવ્યનો પ્રતિભાસ-જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન એવું હોવા છતાં વ્યક્તપણાને સ્પર્શતો નથી. આહા..હા..! ભગવાન દ્રવ્યસ્વભાવ એ પર્યાયને અડતો નથી, સ્પર્શતો નથી. આહા..હા..! એક સમયની વ્યક્ત પર્યાયની અંદર જે પર્યાયનું અને દ્રવ્યનું એક સાથે એક સમયમાં મિશ્રિત જ્ઞાન હોવા છતાં તે વ્યક્ત પર્યાયને દ્રવ્ય છે તે સ્પર્શતું નથી. આહા..હા..! વ્યક્ત પર્યાય-વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહેવું છે. એ સમકિતને સ્પર્શતું નથી, એ પર્યાયને સ્પર્શતું નથી. એક સમયની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આહા..હા..! .. લેવાનું છે. સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યને સ્પર્શતું નથી એમ અત્યારે નથી લેવું. એ તો વળી ૧૮, ૧૯, ૨૦માં. અલિંગગ્રહણ. આહા..હા..!

અહીં તો ભગવાન એક સમયમાં તેની સમયની પર્યાયનું જ્ઞાન અને એક સમયમાં દ્રવ્યનું જ્ઞાન. એમ કહ્યુંને? વ્યક્ત એટલે પર્યાય અને અવ્યક્ત એટલે દ્રવ્ય. એના ભેળાં મિશ્રિત-પર્યાયમાં ભેળાં એક સાથે જાણવું હોવા છતા.. આહા..હા..! '**તેને પ્રતિભાસવા છતાં...**' પર્યાયમાં પર્યાયનું જ્ઞાન અને પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન એક સમયમાં પર્યાયમાં બેયનું મિશ્રિત જ્ઞાન છે ભેગું, છતાં દ્રવ્ય તે પર્યાયને છૂતું નથી. આહા..હા..! પર્યાયમાં પર્યાયનું જ્ઞાન અને પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન એવું એક સમયમાં મિશ્રિત જ્ઞાન હોવા છતાં એ પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. હવે આવી વ્યાખ્યા કોઈ દી (સાંભળી નથી). આહા..હા..! એટલે કે દ્રવ્ય પર્યાયમાં કદી આવતું નથી. એનું જ્ઞાન આવે. એ શું ચીજ છે એનું જ્ઞાન થાય પર્યાયમાં અને પોતે પર્યાયનું પર્યાયને જ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં એ વ્યક્તને સ્પર્શતું નથી. આહા..હા..! વસ્તુ જે છે એ પર્યાયને અડતી નથી. પર્યાય પર્યાયરૂપે રહે છે, દ્રવ્ય દ્રવ્યરૂપે રહે છે. આહા..હા..! ઝીણો ભાઈ માર્ગ. આહા..હા..! આ તો બહુ સાદી ભાષા છે.

વસ્તુ છેને? તો એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય એ પર્યાયનું જ્ઞાન અને એક સમયની પર્યાયમાં જે દ્રવ્ય અખંડ અભેદ અવ્યક્ત છે એનું જ્ઞાન થાય. પર્યાયની વાત છેને આમાં? પર્યાયમાં અવ્યક્તનું અને વ્યક્તનું બેયનું જ્ઞાન થાય. આહા..હા..! એય..! દિલીપ! આવું ઝીણું છે. ત્યાં તારા રૂપિયામાં કાંઈ નથી થોથામાં. આહા..હા..! વસ્તુ પર્યાયની અપેક્ષાએ તેને અવ્યક્ત કહીએ, પર્યાયને વ્યક્ત કહીએ. અહીં તો પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત કીધું છે. બાકી વસ્તુ તો પ્રગટ જ છે. છે એ તો પ્રગટ જ છે. ફક્ત વ્યક્ત પર્યાયમાં એની અપેક્ષાએ આને વ્યક્ત કીધી ત્યારે આને અવ્યક્ત (કીધું). એમ. એક સમયમાં આખું દ્રવ્ય કાંઈ આવતું નથી. દ્રવ્યનું જ્ઞાન એક સમયમાં આવે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો વિષય. એ તે દી દિલ્હીમાં આ વાત થઈ હતી થોડી. કીધુંને એ બધા બેઠા હતા. બે સાધુ હતા. બિચારા બે સાધુનું બહુ ધ્યાન રાખતા હતા. અને આ તો એને ત્રિલોકસારમાં આમ કહ્યું, ફલાણામાં

આમ કહ્યું હતું. બોલતી હતી. કોઈ હતું નહિ એકેય માણસ. ... ખબર છે, કીધું. બેઠા, કહ્યું, માતા! સમ્યગ્દર્શનનો વિષય કોઈ જુદી ચીજ છે. એ બધા જાણપણા અગિયાર અંગના અનંતવાર કર્યા. એવું તો ન્યાયના શાસ્ત્રમાં આવતું નથી. ઓલું તો એક આચારાંગના ૧૮ હજાર પદ. એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવું આચારાંગ, એવું સૂયગડાંગ ડબલ. ઠાણાંગ ડબલ. ડબલ-ડબલ કરતાં છેક. એવું કંઠસ્થ અગિયાર અંગનું જ્ઞાન કર્યું.

**શ્રોતા** :- એવું જ્ઞાન તો કર્યું અગિયાર અંગ અને નવ પૂર્વનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નવ પૂર્વનું.

પણ અહીંયાં ભગવાન એક સમયમાં પર્યાયનું જ્ઞાન કરે અને દ્રવ્યનું જ્ઞાન કરે. આહા..હા..! નવ પૂર્વની લબ્ધિ પ્રગટી હોયને મિથ્યાત્વમાં. આહા..હા..! કહે છે કે એ જ્ઞાનનું જ્ઞાન કરે પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરે. આહા...! છતાં તેને '**તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...**' આહા..હા..! એ પર્યાય દ્રવ્યમાં આવતી નથી. પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતું નથી એમ નથી અત્યારે કહેવું.

**શ્રોતા** :- દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કહેવું છે. પર્યાય પર્યાયપણે રહે છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા..! આવી વસ્તુ છે. ઓહોહો..! આ ન્યાય કાંઈ ઓછા છે! તત્ત્વની વસ્તુ આ છે.

'**વ્યક્તપણાને સ્પર્શતો નથી...**' આહા..હા..! પર્યાયને તે દ્રવ્ય અવ્યક્ત તે અડતું નથી. આહા..હા..! દ્રવ્ય દ્રવ્યપણાનું જ્ઞાન કરે પર્યાયમાં દ્રવ્યનું, પણ દ્રવ્ય પર્યાયને સ્પર્શે નહિ. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે કે આવું દ્રવ્ય છે, એ પ્રતિભાસ (થાય) ઈ પોતાનું જ્ઞાન. પ્રમેયગુણ છેને? તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું પર્યાયમાં જ્ઞાન આવે. સમજાણું? એવું દ્રવ્ય અને પર્યાયનું મિશ્રિતપણે ભેગું જ્ઞાન હોવા છતાં ભગવાન આત્મા વ્યક્તપણાને સ્પર્શતો નથી. આહા..હા..! એ સ્વના અને પરના જ્ઞાનને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! અરે..! જરી દીર્ઘ વિચારે અંદર. આહા..હા..! કરવાનું આ છે. બાકી બધું ઠીક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેવી ચીજ છે ત્રિકાળી જે આત્મા નિશ્ચયથી તેને જ આત્મા કહ્યો છે. અવ્યક્ત છે તે. એવા આત્માનું એક સમયમાં.. આહા..હા..! કહે છે કે છ દ્રવ્યનું તો જ્ઞાન પર્યાયમાં આવે, પણ અહીં તો પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવ્યું એમ કીધું. સમજાય છે કાંઈ? દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવે, જ્ઞાન આવે, દ્રવ્ય ન આવે. આવી વ્યાખ્યા. કોઈ દી સાંભળી હતી આવી? ઈચ્છામી પડિક્કમણા ઈરિયા... જાવ. થઈ ગઈ સામાયિક. અરે..! ભગવાન! બાપા! સામાયિકના અક્ષરો છે. ભાવની ક્યાં (ખબર છે). આહા..હા..!

જે પ્રભુ આ એક સમય.. ખૂબી તો શું કહી છે? કે એક સમયમાં '**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં...**' એટલે એક સમયની જ્ઞાનની

પર્યાયમાં વ્યક્ત પર્યાયમાં—પ્રગટ પર્યાયમાં પર્યાયનું જ્ઞાન અને ત્રિકાળીનું જ્ઞાન... આહા..હા..! એ મિશ્રિત જ્ઞાન હોવા છતાં તે ભગવાન અવ્યક્ત છે, તે પર્યાયને અડતો નથી. આહા..હા..! વ્યક્ત પર્યાયમાં અવ્યક્તનું જ્ઞાન આવ્યું, છતાં એ અવ્યક્ત છે એ વ્યક્તમાં જ્ઞાન આવ્યું એને અડતો નથી. આહા..હા..! કાંતિભાઈ! કાંતિભાઈને ઓળખો છો તમે? પંદરસોનો પગાર માસિક હતો. છોડી દીધું. કીધું હતું. આહા..હા..! પરના ગ્રહણ-ત્યાગ વિનાનો ભગવાન છે. ફક્ત પર્યાયમાં પરનું જ્ઞાન થાય. પર એટલે દ્રવ્ય હોં. આહા..હા..! અને પોતે પણ પર્યાયમાં જે સામર્થ્ય છે, છ દ્રવ્યને જાણવાની પર્યાય એ પર્યાય પર્યાયને જાણે અને પર્યાય દ્રવ્યને જાણે. આહા..હા..!

જેમાં અનંત કેવળજ્ઞાનની પર્યાયો જે જ્ઞાનગુણમાં પડી છે, એવી શ્રદ્ધાની પર્યાયો અનંતી એ શ્રદ્ધાગુણમાં પડી છે, એમ ચારિત્રની નિર્મળ પર્યાયો અનંત ચારિત્રગુણમાં પડી છે. આનંદની અનંત પર્યાયો, આહા..હા..! અતીન્દ્રિય આનંદની અનંતી પર્યાય છે એ આનંદગુણમાં પડી છે. એવા-એવા દરેક ગુણની જે અનંતી પર્યાય એના ગુણમાં શક્તિરૂપે પડી છે. આહા..હા..! એવો જે ગુણ અને ગુણનો ધરનાર દ્રવ્ય એને અહીં અવ્યક્ત કહીને પર્યાયમાં તેનું અવ્યક્તનું જ્ઞાન થાય. આહા..હા..! અનંતી કેવળ-પર્યાયો સાદિઅનંત એક ગુણમાં પડી છે એનું પર્યાયમાં જ્ઞાન થાય છે. આહા..હા..! ભિન્ન રહીને જ્ઞાન થાય. આહા..હા..! એની તાકાત એટલી છે. પર્યાયની આટલી તાકાત! આહા..હા..! છતાં દ્રવ્ય જે અવ્યક્ત છે તે પર્યાયને છૂતું નથી. આહા..હા..! એનુ અહીં જ્ઞાન કર્યું એને પણ સ્પર્શતું નથી. આહા..હા..! જુઓ તો ખરા. એય.. ગીરધરભાઈ! આમાં ક્યાંય સાચું નહોતું તમારે વઢવાણમાં ક્યાંય. નાગરભાઈ એમ ને એમ વયા ગયા બિચારા. ઓલી વળી તમારી છોડી બિચારી કાંઈક હતી તો એ પણ વઈ ગઈ દીક્ષામાં. આહા..હા..! ભાઈની નહિ? અમીચંદભાઈની. તેદી હતી નાગરભાઈને ત્યાં. તેદી આવી હતી ત્યાં. આપણે ભુદરભાઈનું હતુંને? ભુદરભાઈ. એમાં આવી હતી ત્યાં. તેદી દીક્ષા નહોતી લીધી. ૯૯માં.

**શ્રોતા :-** દીક્ષા તો લેવી હતી પણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ હતું. નહોતી. અરે..! ક્યાં દીક્ષા, બાપા! આહા..હા..!

જેને હજી એક સમયની પર્યાયમાં નવ પૂર્વનું જ્ઞાન થાય અને એ પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય. અરે..! છ દ્રવ્યમાં અનંત કેવળીઓ આવ્યા કે નહિ? સિદ્ધ. એક સમયની પર્યાયમાં અનંતા દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન થાય એટલી તાકાત ત્યાં. હવે એ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય. આહા..હા..! શરાફનો આ વેપાર છે. આહા..હા..!

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા.. આહા..હા..! એની દિવ્યધ્વનિમાં આ આવ્યું. એમાં આ શાસ્ત્ર રચાણા. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' આહા..હા..! છેને એમાં એ? 'રચી આગમ...' એવું આવે છે. આગમ રચી. આહા..હા..! છે?

ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,
રચી આગમ ઉપદેશે ભવિકજીવ સંશય નિવારે.

આહા..હા..! બનારસીદાસનું છે. 'રચી આગમ ઉપદેશ...' આહા..હા..! ગણધરોએ આગમને રચ્યા. 'ભવિકજીવ સંશય નિવારે.' 'સો સત્યાર્થ શારદા ... ભક્તિ ઉર આણ...' ..મી ગાથા છે આ ૧૦. અને એ વાણીને એવું કીધું છે. 'ચિદાનંદ ભુપાલ કી રાજધાની...' 'ચિદાનંદ ભુપાલ કી રાજધાની...' વાણી. આહા..હા..! 'જૈનવાણી જૈનવાણી સુનહિં જે જીવ, જે આગમ રુચિ ધરેં...' આગમની રુચિ ધરે.

જે પ્રતીતિ મનમાંહિ આનહી,
અવધારહિ જે પુરુષ સમર્થ પદ અર્થ જાનહિ,
જે હિતહેતુ બનારસી, દેહિં ધર્મ ઉપદેશ;
તે સબ પાવહિં પરમ સુખ તજ સંસાર ક્લેશ.

છેલ્લો બોલ છે. ઉપદેશની વ્યાખ્યા કરી છે. 'જે હિતહેતુ બનારસી...' હિતહેતુ ઉપદેશ આપે. પ્રસિદ્ધિ થવા કે મને આવડે છે એમ નહિ. આહા..હા..!

ઓહોહો..! કેટલું ગંભીર! છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે તેનું પર્યાયમાં જ્ઞાન તો થાય. છ દ્રવ્યમાં તો અનંતા સિદ્ધ આવ્યા. અનંતા સિદ્ધમાં એક-એક સિદ્ધને કેવળજ્ઞાન. આહા..હા..! એ અનંતા સિદ્ધનું જ્ઞાન એક સમયમાં જણાય પર્યાયમાં અને આ ભગવાન આત્મા એમાં જણાય, દ્રવ્ય જણાય. આહા..હા..! એવું મિશ્રિતજ્ઞાન એક સમયમાં પર્યાયનું અને દ્રવ્યનું ભેગું જ્ઞાન હોવા છતાં જેનું જ્ઞાન પર્યાયમાં થાય છે તોપણ તે પર્યાયને તે દ્રવ્ય અડતું નથી. આહા..હા..! આહા..હા..! આ વસ્તુસ્થિતિ છે.

**'વ્યક્તપણું...'** પર્યાયનું **'તથા અવ્યક્તપણું...'** એટલે દ્રવ્યનું **'ભેળાં મિશ્રિતરૂપે...'** ભેળું એટલે? એક સમયમાં બેયનું જ્ઞાન હોય. આહા..હા..! એક સમયમાં. **'તેને પ્રતિભાસવા છતાં...'** આહા..હા..! વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન એક સાથે જાણવા છતાં... આહા..હા..! દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થતાં તે દ્રવ્ય તે પર્યાયને અડતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** દ્રવ્ય પર્યાયને અડતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કીધુંને. દ્રવ્ય પર્યાયને અડતું નથી. દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં છે છતાં એ દ્રવ્ય પર્યાયને અડતું નથી એમ કહેવું છેને. આહા..હા..! આવી વાત (કરીને) દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે. આહા..હા..! આ વસ્તુ.

**શ્રોતા :-** સાંભળવું પણ દુર્લભ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સાંભળવું દુર્લભ છે. સાચી વાત છે, ભાઈ! એ તો ભાગ્ય હોય એને.. છેને? આવે છેને? નિયમસારમાં આવે છે. આહા..હા..! નિયમસારમાં આવે છે. કેટલામાં આવે છે? કેટલામાં? ૧૦૮ને? ૧૦૮ ગાથા છે. નિયમસાર. **'ભગવાન અર્હંતના**

**મુખારવિંદથી નીકળેલો,** (શ્રવણ માટે આવેલ) **સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો,...'** દિવ્યધ્વનિ. આહા..હા..! એ કોઈ સાહિત્ય વનમાળા નામ છે એમાં બહુ લખ્યું છે. એમાં લાવે છે. કોકનું કાર્ડ આવ્યું છે, કંઈ સમજાતું નથી. ૨૩ વર્ષ પહેલાં એમ કે ભગવાન સીમંધર ભગવાનના દર્શન કર્યા.. એ વાત એમ કાંઈક આવે છે. પણ શું છે એનો મેળ ખાતો નથી. એ સાહિત્ય છે. કાર્ડ આવ્યું છે મોટું.

અહીં કહે છે, '**ભગવાન અર્હંતના મુખારવિંદથી....**' મુખરૂપી કમળ એમાંથી '**નીકળેલો, સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો,...**' શું? દિવ્યધ્વનિ. અને '**સુંદર આનંદસ્યંદી** (સુંદર આનંદ ઝરતો),...' વાણીમાં સુંદર આનંદ ઝરતો. 'વચનામૃત વીતરાગના...' કહ્યુંને? આહા..હા..! '**(સુંદર આનંદ ઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...**' આહા..હા..! સૌભાગ્ય જેને શ્રવણનું મળે આવો દિવ્યધ્વનિ. આહા..હા..! એ દિવ્યધ્વનિની વ્યાખ્યા કરી. ૧૦૮ ગાથા.

અહીં તો એટલું ગંભીરપણું આવ્યું કે એક સમયના જ્ઞાનની પર્યાયમાં વ્યક્તમાં અનંતા સિદ્ધોનું જ્ઞાન પણ થાય અને દ્રવ્યનું જ્ઞાન થાય એમાં. આહા..હા..! એવું દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થવા છતાં, એનું જ્ઞાન પર્યાયમાં થવા છતાં દ્રવ્ય જ્ઞાનની પર્યાયને અડતું નથી. આહા..હા..! એટલો સ્વભાવ ગંભીર! આહા..! આવું તત્ત્વ સર્વજ્ઞે જોયું, જાણીને આ આવી છે વાત. એ જેને અંતર બેસે (એનો) ઊડી ગયો સંસાર. આહા..હા..! ઓહોહો..!

'**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે...**' એ તો એક સમયે બેય છે એમ કહેવું છે. પર્યાયનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞાન એક સમયમાં છે. પહેલું પર્યાયનું અને પછી દ્રવ્યનું, પહેલું દ્રવ્યનું અને પછી પર્યાયનું, એમ નથી. આહા..હા..! એવું '**મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં...**' તેની પર્યાયમાં—વ્યક્ત પર્યાયમાં, આહા..હા..! આવો પ્રતિભાસ (થવા છતાં). પર્યાયમાં પર્યાયનો પ્રતિભાસ અને પર્યાયમાં દ્રવ્યનો પ્રતિભાસ. શું કહ્યું, ભાઈ! સમજાણું? પર્યાયનો પર્યાયમાં પ્રતિભાસવું અને પર્યાયમાં દ્રવ્યનો પ્રતિભાસ. એ વસ્તુ ન આવે પણ પર્યાયમાં પર્યાયનો પ્રતિભાસ આવે અને પર્યાયમાં દ્રવ્યનો પ્રતિભાસ (થાય). જેવું દ્રવ્ય, જેવું અખંડ અભેદ એવો જ પ્રતિભાસ. બિંબનું પ્રતિબિંબ જેમ થાય, એવી એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યનો પ્રતિભાસ થાય. આહા..હા..!

એવું '**મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે...**' તેનું જે જ્ઞાન થયું પર્યાયમાં તે પર્યાયના ભાવને સ્પર્શતો નથી. આહા..હા..! વસ્તુનું પર્યાયમાં જ્ઞાન થયું, પણ એ વસ્તુ એનું જ્ઞાન થયું એને અડતું નથી. આહા..હા..! આ તત્ત્વ વસ્તુ એવી છે.

**શ્રોતા :-** જીવ જુદો અને અજીવ જુદો છે, થઈ ગયો ભેદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી. અહીં તો પર્યાય અને દ્રવ્ય જુદાં એમ સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યક્ત પર્યાય અને ત્રિકાળી અવ્યક્ત બે ભિન્ન ચીજ છે.

પરથી તો ભિન્ન છે, આ તો જ્ઞાયક પર્યાયથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ જ છે. આ રીતે જ વસ્તુની મર્યાદા છે, સ્થિતિ છે. આહા..હા..! '**વ્યક્તપણાને સ્પર્શતો નથી...**' ગજબ વાત છેને. ત્યાં આવે છેને એ. ૧૯મો બોલ ત્યાં આવે છે, અલિંગગ્રહણમાં ૧૯મો બોલ. પર્યાયવિશેષ.. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ એ આ શબ્દ છે. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ. સમજાણું? એ દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. ૧૮મો બોલ એમ આવ્યો.

કહ્યું હતુંને? એક મુલ્લા છે જીવાજી. મુસલમાન. મુલ્લા. જીવાજી. એ આ વાંચે છે. એવી વાત બેસે એને. આહા..હા..! જીવાજી મુલ્લા છે. નામ જીવાજીને. એ પોર આવ્યા હતા ત્યાં. પહેલાં વ્યાખ્યાનમાં કાયમ આવતા ૮૯ની સાલથી. પણ હવે અવસ્થા થઈ ગઈ. ૯૩, ૯૪, ૯૫ વર્ષ. લગભગ એમ કહે છે વધારે. રામજીભાઈ જેટલી હોય કે એકાદ વધારે હોય. મહારાજ! ૧૮, ૧૯, ૨૦ અલિંગગ્રહણના. ઘરે વાંચે બધું. મુસલમાન. આત્મા ક્યાં મુસલમાન છે! આહા..હા..! ઓહો..! ગજબ કામ કર્યું છે! એય.. ગિરધરભાઈ! વાંચીને એને એવો પ્રમોદ આવ્યો કે આહા..હા..! અર્થાવબોધરૂપ ગુણવિશેષને દ્રવ્ય સ્પર્શતું નથી. એ ૧૮મો. એ ઓલો મુસલમાન મુલ્લા જીવાજી મુલ્લા છે. હશે ઘણા વર્ષનું. પહેલાં ઠીક હતું ત્યારે સાંભળીને જંગલમાં વયા જાતા, ધ્યાન કરવા. હવે તો શરીર જીર્ણ થઈ ગયું. આ સાંભળે પછી જંગલમાં જાય. બહુ રુચિવાળો માણસ. અહીં વાણિયાને ખબર ન હોય ૧૮, ૧૯, ૨૦ની. એય.. જાધવજીભાઈ! આહા..હા..!

૧૮મા બોલમાં એમ કહ્યું છે કે અર્થાવબોધરૂપ ગુણવિશેષ એવું જે ગુણવિશેષ એને દ્રવ્ય જે છે-અભેદ છે એ ભેદને સ્પર્શતું નથી. આહા..હા..! સામાન્ય જે છે દ્રવ્ય જે આ અવ્યક્ત કહે છે તે, આહા..હા..! એ ગુણના અર્થાવબોધરૂપ ગુણ વિશેષ. ત્યાં અર્થાવબોધ એટલે જ્ઞાન લીધું છે. અર્થનું અવબોધ એટલે જ્ઞાન. પણ એ જ્ઞાનને મુખ્યપણે વર્ણવ્યું છે. બાકી બધા ગુણો. બધા ગુણો છે. શબ્દ છે અર્થાવબોધ. અર્થનું અવબોધ એવું જ્ઞાન, એમ છે. એવા ભેદને દ્રવ્ય સ્પર્શતું નથી. એટલે કે ગુણી જે ચીજ છે એના ગુણના ભેદને અડતી નથી. આહા..હા..! જુઓ આ. ક્યાંય છે આ વાત, બાપા? વીતરાગમાર્ગમાં સનાતન જૈનદર્શન. આહા..હા..! અરે..! અનાદિ વસ્તુ. અર્થાવબોધરૂપ ગુણવિશેષ પાઠ આ છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષ. પદાર્થનું જ્ઞાન અવબોધ એટલે જ્ઞાન એવું જે વિશેષ. પણ એનો અર્થ જ્ઞાન તો શબ્દ લીધો છે. પણ અર્થના જેટલા ગુણો છે એ બધા ગુણવિશેષ. અર્થાવબોધરૂપ ગુણવિશેષને સ્પર્શતું નથી. આહા..હા..! એ દ્રવ્ય.

પછી ૧૯માં એમ છે અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ. એ બધા ગુણોની પર્યાય લેવી. એક જ અહીં પાઠ શબ્દ કેવો અર્થાવબોધ ગુણ, જ્ઞાનની વિશેષ પર્યાય, પણ છે બધા ગુણોની જેટલી અનંતી પર્યાયો એક સમયમાં એ અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ તેને આલિંગન કરતું નથી

એમ શબ્દ છે ત્યાં. ગુણભેદને આલિંગન કરતું નથી દ્રવ્ય એમ પર્યાયને આલિંગન કરતું નથી દ્રવ્ય. આહા..હા..! આલિંગન શબ્દ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને ૨૦મો બોલ એમ છે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય દ્રવ્ય. પ્રત્યભિજ્ઞાન છે... છે... છે... છે... પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય સામાન્ય તેને તે આત્મા સ્પર્શતો નથી. એવી શુદ્ધ પર્યાયરૂપ આત્મા છે. એ શુદ્ધ પર્યાયને વેદે છે. ધ્રુવ ધ્રુવને કાંઈ વેદે છે? વેદવામાં ધ્રુવ-દ્રવ્ય આવતું નથી. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય તે પોતાના સામાન્યને સ્પર્શતું નથી. આહા..હા..! એ પર્યાયને સ્પર્શે છે. વેદન છેને એમાં. એ વેદન તેટલો આત્મા એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! મને તો આનંદનો જેટલો અનુભવ પર્યાયમાં આવ્યો એ હું. આહા..હા..! આવી વાત છે. એ અહીં કહ્યું, જુઓ! અહીં આ બોલ લીધો.

પ્રગટ પર્યાય અને અપ્રગટ વસ્તુ બેયનું એક સમયમાં જ્ઞાન હોવા છતાં તે પર્યાયને સ્પર્શતો નથી. લ્યો! એમ આવ્યુંને ૧૯માં બોલમાં? પર્યાયને આલિંગન કરતું નથી એમ શબ્દ છે ત્યાં. દ્રવ્ય છે એ પર્યાયને આલિંગન-ચુંબતું નથી. આહા..હા..! અહીં કહે છે કે દ્રવ્ય તે પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા..! આ તો ભાષા સમજાય એવી છે. સાદી ભાષા છે. ક્યાં ગયા તમારા નથી આવ્યા? ... તમારા પૂનમચંદ. પાછળ? ઠીક. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

પાંચમો બોલ. એને જાણનારની પર્યાયને પણ એ અડતો નથી કહે છે. આહા..હા..! વસ્તુને જાણનારી જે પર્યાય તેને વસ્તુ આલિંગન-સ્પર્શતી નથી. આહા..હા..! આવી શૈલી ક્યાં છે? એ હવે થોડુંક ઓલું કરવા માંડ્યું કો'ક ઓલું. શક્તિનું વર્ણન છે આપણે ૪૭? ૭-૮-૧૦નું વર્ણન કર્યું છે કો'કે નહિ? શ્વેતાંબર. પૂર્વે થઈ ગયો એ. અત્યારે નહિ. પૂર્વે થઈ ગયો કોક. એણે શરૂ કર્યું. કારણ કે એનામાં નહોતું. થોડી શક્તિ. એ આ ભાઈ કહેતા હતા નહિ? આગમસારના કરનાર. દેવચંદ-દેવચંદજી. છેને. એ તો આગમસાર એનું કરેલું છેને. એ તો તેદી વાંચેલું ૭૨માં. આગમસાર. છેને. વાંચ્યું છે. ૭૨માં વાંચેલું. દીક્ષા પછી બે વર્ષે વાંચ્યું હતું. ખબર છે. આ તો દેવચંદજીએ બધું.. વાંચન ઘણું એને. એણે આ નાખ્યું છે. થોડી શક્તિનું વર્ણન નાખ્યું છે થોડું. ૭-૮-૧૦ શક્તિ વર્ણવી છે, પણ પહેલેથી જીવતરશક્તિ ભિન્ન ન લીધું. વચમાંથી નાખ્યું. ક્યાં હતું એના ૩૨-૪૫માં. આહા..હા..! આ વાત ક્યાં છે બીજે? સર્વજ્ઞ પરમાત્માએ જે દિવ્યધ્વનિ દ્વારા ધોધ વહાવ્યો એમાંથી સંતોએ આ રચના કરી. આહા..હા..! એ સંતોની પ્રતીતિ, દિવ્યધ્વનિ કહેનારની પ્રતીતિ અને દિવ્યધ્વનિમાં આવું આવ્યું એની પ્રતીતિ. આહા..હા..! એ પાંચમો બોલ થયો.

છઠ્ઠો. '**પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...**' પ્રત્યક્ષ દ્રવ્ય અને પર્યાય બેને અનુભવે છે. અનુભવે છે એનો અર્થ કાંઈ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી, એ જાણે છે. એ જાણવાનો (અર્થ) અનુભવે છે એમ. બાહ્ય અને અભ્યંતર પર્યાય અને

દ્રવ્ય **'સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...'** પર્યામાં વેદન આવવા છતાં. **'પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે...'** પર્યાયના વેદન પ્રત્યે ઉદાસીન છે એટલે ત્યાં રહેતો નથી. ગુલાંટ ખાઈ જાય છે. એક સમયનું વેદન પણ દ્રવ્ય ઉપર જાય છે. સમજાય છે કાંઈ? એક સમયના વેદનમાં દ્રવ્ય અટકતું નથી. દ્રવ્ય તરફ જ વળ્યા કરે છે. એ જરી ઝીણો બોલ છે.

**'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...'** રાગને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. આહા..હા..! સ્પષ્ટ નામ પ્રત્યક્ષ અનુભવાઈ રહ્યો હોવા છતાં, એમ કહે છે અહીં. સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનનું પ્રત્યક્ષપણું અને જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યનું પ્રત્યક્ષપણું. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ એની દિવ્યધ્વનીની શાળા છે આ તો. આ અભ્યાસ જુદી જાતનો છેને. આહા..હા..! આવું આકરું લાગે માણસને. પછી (કહે), એય.. નિશ્ચયની વાતું.. વ્યવહારને લોપ કરે છે, એમ કહે. બાપુ! વ્યવહાર છે, ભાઈ! પણ એ વ્યવહારને જાણવાલાયક છે. વ્યવહારથી નિશ્ચય થાય એવું સ્વરૂપ નથી. આહા..હા..!

આત્મા.. આહા..હા..! એક સમયમાં સ્પષ્ટ વેદન છે. દ્રવ્યનું જે પર્યાયમાં આવ્યું વેદન, પર્યાયનું પર્યાયનું વેદન. આહા..હા..! સ્પષ્ટ-પ્રત્યક્ષ વેદન હોવા છતાં એક સમયની પર્યાય પ્રત્યે એટલે વ્યક્ત પ્રત્યે.. આહા..હા..! **'ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે...'** ત્યાં ટકતું નથી. ઉદાસીન પ્રદ્યોતમાન છે. આહા..હા..! લ્યો, આ છઠ્ઠો બોલ થયો. આહાહા..! વેદન છે એ સ્પષ્ટ પર્યાયમાં છે. વેદન છે એ સ્પષ્ટ પ્રત્યક્ષ પર્યાયમાં છે. સમજાણું? આનંદનું વેદન છે એ પર્યાયમાં છે. એ આ ૨૦મો બોલ કહ્યો એ શૈલી લીધી. પણ એ પર્યાયમાં અટકતો નથી. ઉદાસ.. ઉદાસ.. ત્યાંથી ઢળીને આમ જાય છે. આહા..હા..! એક સમયના આનંદના વેદનમાં પણ દ્રવ્ય ઊભું નથી રહેતું. આહા..હા..! સમજાણું કાંઈ?

આ ફેરી જુદી જાત જેવું છે. ઘણી વખત તો આવે છે, પણ આ ફેરી આ (જુદી જાતનું આવે છે). એ ગણધરો ને તીર્થંકરો... આહા..હા..! કેવી વાત કરતાં હશે. કુંદકુંદાચાર્ય ગયા ત્યાં. એક કાગળ ત્યાં પડ્યો છે. એ કાંઈક આવ્યું છે. વનમાળા કોક બાઈ છે એમ લાગે છે. એના નામનું સાહિત્ય કાઢે છે. એ બાઈનું કાંઈક છે. મેં કીધું, આપણું બહેનનું છે? એમાં છે. એમ કે ભગવાનના સમવસરણમાં સીમંધર ભગવાનના સાક્ષાત્ દર્શન થયા. એમ છે કાંઈક. પણ એના સ્વપ્નમાં આવ્યું હશે. એમ કહ્યું. એ બાઈ કોક હશે વનમાળા. એનું સાહિત્ય કાઢે છે. એનો કાગળ આવ્યો. હું તો 'મહાવિદેહમાં દર્શન કર્યા' કહ્યું તો એમ થયું કે બહેનની વાત આવી કે નહિ એમ.. અને પાછું એમાં છેલ્લે શબ્દ એવો છે હોં! પ્રમાણસિદ્ધ થઈ છે વાત. એ વાત બરાબર છે એમ લખ્યું માથે. પણ એને કો'ક બાઈને સ્વપ્ન આવ્યું હશે. છે કાગળ ત્યાં વાંચ્યો છે. કાગળ ત્યાં પડ્યો છે.

**'આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.'** આહા..હા..! **'આ પ્રમાણે...'** હવે સરવાળો

બધો લે છે. 'રસ,...'નો અભાવ ભગવાન આત્મામાં, 'રૂપ,...'નો અભાવ, 'ગંધ,...'નો અભાવ, **'સ્પર્શ,...'**નો અભાવ, **'શબ્દ,...'**નો અભાવ, **'સંસ્થાન...'**નો અભાવ **'અને વ્યક્તપણાનો અભાવ...'** આહા..હા..! વ્યક્ત પર્યાયનો એમાં અભાવ છે. આવો **'અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી...'** આહા..હા..! વર્તમાન પર્યાયના બળથી, વર્તમાન પર્યાય જે પ્રગટ વ્યક્ત છે. આહા..હા..! **'સ્વસંવેદનના બળથી...'** સ્વ નામ પોતાના પ્રત્યક્ષ વેદનના બળથી. એ પ્રત્યક્ષ એમાં આવી જાય છે પણ વિશેષ કરશે. **'પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...'** આહા..હા..! ભાવ વર્ણવ્યો. આનો અભાવ છે **'છતાં પણ સ્વસંવેદનના બળથી...'** આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાયનું સ્વ-વેદનથી. આહા..હા..! **'સદા પ્રત્યક્ષ...'** છે. ભગવાન સદાય પ્રત્યક્ષ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ છે. સ્વભાવથી જાણવામાં આવે એવો છતાં પ્રત્યક્ષજ્ઞાતા છે. સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવો પ્રત્યક્ષજ્ઞાતા છે. અલિંગગ્રહણનો છઠ્ઠો બોલ છે. ૨૦ બોલ છેને? આહા..હા..! જેને રાગની અપેક્ષા નથી, વ્યવહારની અપેક્ષા નથી એવું સ્વસંવેદનનું બળ છે, કહે છે. આહા..!

**'સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ...'** છે. આહા..હા..! એનો સ્વભાવ જ પ્રત્યક્ષ થવાનો છે. પરોક્ષ રહેવાનો એનો સ્વભાવ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'સદા પ્રત્યક્ષ હોવાથી...'** લે. એ વર્તમાન પ્રત્યક્ષ થઈ ગયો તો સદાય પ્રત્યક્ષ જ છે. આહા..હા..! **'અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...'** એને અનુમાનપણું પણ જેનો અભાવ છે. આહા..હા..! આ બધાનો અભાવ કીધો પણ અનુમાનનો પણ જેમાં અભાવ છે. અનુમાન વ્યવહાર થઈ ગયોને? આહા..હા..!

એવો **'વ્યક્તપણાનો અભાવ હોવા છતાં સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...'** આહા..હા..! **'અનુમાનગોચરમાત્રપણાના અભાવ...'** અનુમાનગોચરગમ્ય છે એવો નહિ. અનુમાન ભલે વ્યવહારે આવે પણ પ્રત્યક્ષ થાય એને જે અનુમાન આવે એને વ્યવહાર કહેવાય. પણ એ પ્રત્યક્ષમાં તો અનુમાનપણાનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! અનુમાનમાં આવે છેને, જ્યાં-જ્યાં જ્ઞાન ત્યાં-ત્યાં આત્મા. જ્યાં-જ્યાં જ્ઞાન નહિ તે આત્મા નહિ, એ અનુમાન. પણ એ અનુમાનમાં પણ ભેદ પડ્યોને એટલો વ્યવહારે. એવા અનુમાનપણાનો પણ જેમાં અભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? શું શૈલી છે! આહા..હા..! રસનો અભાવ.. ભગવાન આત્મા.. રૂપનો, ગંધનો, શબ્દનો અને વ્યક્તપણાનો પર્યાયનો. આહા..હા..! હવે તો કહે છે કે પ્રત્યક્ષ હોવાથી તે અનુમાનપણાનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! શું શૈલી! સમજાણું કાંઈ?

ઓલામાં તો એમ નાખ્યું છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ટોડરમલે. અનુમાનથી જણાય છે એમ આવે છે. આવે છેને? આગમથી, અનુમાનથી. જેવું આગમથી જાણ્યું એવું આવે છે. આહા..હા..! પ્રત્યક્ષપણું પછી સિદ્ધ કર્યું. પહેલું આ રીતે જણાય છે, ત્યાં પરોક્ષ કહે છે. એમ કે પ્રત્યક્ષ

નથી એટલી વાત કરી છે ત્યાં. પછી વેદન છે પ્રત્યક્ષ એ વાત પછી લેશે. અહીં વેદનની અપેક્ષાની વાત છે. આહા..હા..! વિશેષ આવશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ-૬, ગુરુવાર, તા. ૧૭-૦૬-૧૯૭૬,**
**ગાથા-૪૯,**
**પ્રવચન નં. ૯૮**

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૪૯મું છે. '**આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ...**' ત્રિકાળીમાં તો વ્યક્તપણાની પર્યાયનો પણ અભાવ (છે). જેવો રસ, રૂપ, ગંધનો અભાવ (છે) એવો વ્યક્તપણાનો અભાવ (છે). પર્યાય છેને. એમ '**હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી...**' આહા..હા..! વ્યક્ત પર્યાય છે તેના સ્વસંવેદનના બળથી. આહા..હા..! એ વસ્તુ છે એમાં વ્યક્તનો અભાવ છે, પણ છતાં વ્યક્ત પર્યાયના અનુભવના બળથી તે જણાય છે. આહા..હા..! ઝીણો વિષય લીધો. સમજાણું? '**સ્વસંવેદનના બળથી...**' આત્માના અંતર આનંદના બળથી, આહા..હા..! પોતાના જ્ઞાનનો અનુભવ એના બળથી '**પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' અનુમાનગમ્ય છે એનો પણ જેમાં અભાવ છે. અનુમાન અપેક્ષાએ લીધું.. અહીં પ્રત્યક્ષ સીધું જ્ઞાન લેવું છે.

એક ન્યાયે તો એમ છે કે આત્મામાં પ્રકાશ નામનો ગુણ છેને ૧૨મો ૪૭માં, એનાથી પ્રત્યક્ષ થાય એ વાત લીધી છે. બીજી રીતે શ્રુતજ્ઞાનથી જણાય અને પરોક્ષ જ જણાય એમ લીધું છે. આહા..હા..! કેવળજ્ઞાન એ પ્રત્યક્ષ એ અત્યારે અહીં નથી લેવું. ઝીણી વાત છે થોડી. શ્રુતજ્ઞાનથી તો પરોક્ષ જ જાણે એ વાત કળશમાં ઘણે ઠેકાણે આવે છે અને પ્રત્યક્ષ તો છે નહિ એમ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ફક્ત આગમથી, અનુમાનથી, સ્મૃતિથી તે અનુભવમાં આવે છે એમ કીધું. એ કઈ અપેક્ષા છે? આગમમાં એમ કહ્યું. આગમનું જ્ઞાન થયું અંદર. એ જ્ઞાનથી પ્રત્યક્ષ એ અનુમાનથી જણાય છે અથવા આગમથી જણાય છે અથવા જ્યાં-જ્યાં આ જ્ઞાન છે ત્યાં-ત્યાં તે આત્મા, જ્યાં-જ્યાં જ્ઞાન નથી ત્યાં આત્મા નથી. એ અનુમાન થયું.

રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં પંડિતજીએ એમ નાખ્યું છે કે અનુમાનથી જણાય, આગમથી જણાય,

સ્મૃતિથી જણાય પણ છે પરોક્ષ, એમ કહ્યું છે. એનો કહેવાનો આશય કે અસંખ્ય પ્રદેશ અને અનંતગુણ છે એનો આકાર ને એ કાંઈ પ્રત્યક્ષ જણાતો નથી. એ અપેક્ષાએ તેને પ્રત્યક્ષ નથી કહ્યું. સમજાણું કાંઈ? અને હમણાં કીધુંને ૮મો કળશ? ત્યાં એમ કીધું .. ચેતના લક્ષણથી એ લક્ષ થાય એ પણ અનુમાન છે એ પણ નહિ. એવો વિકલ્પ પણ નહિ જેમાં. આહા..હા..! સીધો વિકલ્પ વિના આ સ્વસંવેદનના બળથી (જણાય). અહીં વાત છે. જ્ઞાનની વર્તમાન દશામાં સ્વરૂપ તરફના '**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' અહીં તો પ્રત્યક્ષ લીધો છે. આનંદનું વેદન છે એમાં પ્રત્યક્ષ છે કે નહિ? આનંદ છે એ કાંઈ બીજો વેદે છે એમ છે કાંઈ? શ્રુતજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ કહેવાય. આવી વાતું! અને વેદનની અપેક્ષાએ (પ્રત્યક્ષ છે).

દાખલો આપ્યો છેને આંધળાનો? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. આંધળો સાકર ખાય અને દેખતો ખાય બેમાં ફેર છે કાંઈ સ્વાદમાં? આંધળો સાકર જોતો નથી, જોઈ શકતો નથી એટલી વાત. સમજાણું કાંઈ? પણ સાકરના સ્વાદમાં કાંઈ આંધળો અને દેખતો બેયમાં ફેર છે? સ્વાદ તો બરાબર બેયને છે. આહા..હા..! એમ આત્માના આનંદના સ્વાદમાં શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાનીને કાંઈ ફેર નથી. જોવામાં ફેર છે. કેવળજ્ઞાની અસંખ્ય પ્રદેશી અનંતગુણનો ધણી એનો આકારાદિ પણ પ્રત્યક્ષ જણાય છે, એમ શ્રુતજ્ઞાનમાં એ રીતે ન જણાય, પણ વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષનું અહીં જોર આપ્યું છે. એક વાત. અને બીજી વાત એમાં પ્રકાશ નામનો ગુણ છે એ અપેક્ષાએ પ્રત્યક્ષ છે એમ કીધું છે અહીં. આહા..હા..! સમજાય છે કાંઈ? ગુણ છે બારમો. એ પ્રકાશ ગુણમાં એવું છે પોતે પોતાથી સીધો જણાય એવો એનો ગુણ છે, એનો ગુણ એવો છે. સમજાણું કાંઈ? છેને એમાં? પાછળ.

૧૨મો '**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી...**' જુઓ! અહીં સ્વસંવેદનમય આવ્યું. ૧૨મી શક્તિ. ૬૨૮ પાનું છે આમાં. ૪૭ શક્તિનું વર્ણન છેને. પાનું ફેર છે આ. આમાં ૬૨૮ છે. છે? ૪૭ શક્તિ નથી? ૪૭ શક્તિ પાછળ છેને. પાના ફેર લાગે છે. હિન્દી. હા, પણ બધું થઈ રહ્યા પછી હોયને? પાછળ હોયને ૧૨મી શક્તિ. ૧૨મી છે? ક્યાં છે?

'**સ્વયં પ્રકાશમાન વિશદ...**' વિશદ નામ '**(સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી...**' આપણે અહીં સ્વસંવેદન આવ્યું છેને? એટલે પ્રકાશશક્તિની અપેક્ષાએ સ્વસંવેદન કહ્યું છે. આહા..હા..! અને પ્રત્યક્ષ અસંખ્ય પ્રદેશી થયો નથી એ અપેક્ષાએ શ્રુતજ્ઞાનથી પરોક્ષ જણાય એમ કહ્યું. સમજાણું? અને આનંદના વેદનની અપેક્ષાએ આનંદ વેદે છે એ પોતે સીધો વેદે છેને? એને ક્યાં કોઈ વેદે છે એમ છે? એટલે આનંદના અનુભવની અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવાય છે. આ સ્વસંવેદનમયી પ્રકાશશક્તિની અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવાય છે. એ પ્રકાશનો અહીં અર્થ લીધો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં આપણે અહીં લેવું છેને. બે બોલની વચમાં અર્થ છે આવો કે '**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...** ' આહા..હા..! ચાલતો અધિકાર. ઝીણી વાત છે આ. આત્મા વસ્તુ છે એની વર્તમાન વ્યક્ત પર્યાયનો એમાં અભાવ છે. છતાં વ્યક્ત પર્યાયમાં સ્વસંવેદનના બળથી તે અનુભવાય છે. આહા..! આવી વાતું ઝીણી બહુ! ત્યાં ભાઈએ એમ કહ્યું કે શ્રુતજ્ઞાનથી તો પરોક્ષ જ છે. અનુમાનથી જણાય, આગમથી જણાય, સ્મૃતિથી જણાય વગેરે પરોક્ષ છે, એમ કહ્યું છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. ૮માં શ્લોકમાં એમ કહ્યું છે કે ચેતનાલક્ષણ વડે લક્ષ થાય છે એ પણ અનુમાન છે, તેટલો વિકલ્પ પણ વેદનમાં છે નહિ. ભેદ નથી ત્યાં એમ લીધું. કઈ અપેક્ષા એ જાણવું જોઈએને? અહીંયાં અનુમાનપણાને કાઢી નાખ્યું. પ્રત્યક્ષપણું એ નિશ્ચય છે. અનુમાન છે એ તો વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પ્રત્યક્ષ હોય ત્યારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે અનુમાન ભલે હોય, એમ કહે છે. આરે..! આવી વાતું! ત્યાં પરોક્ષ કહે. કળશમાં આવે છેને બીજે ઠેકાણે? નયથી જણાય છે એટલે શ્રુતજ્ઞાનથી જણાય છે એ પરોક્ષ છે. કળશમાં આવે છે બે-ત્રણ ઠેકાણે. સ્વરૂપજ્ઞાન પ્રત્યક્ષ છે. કળશમાં આવે છે. ૧૯માં કળશમાં, ૯૩માં કળશમાં. ૧૨૪માં પાને એ કળશ છે. ત્રણ.

ભગવાન આત્મા સીધો જ્ઞાનની પર્યાયના બળથી પ્રત્યક્ષ એટલે કે જેમાં રાગ અને નિમિત્તની અપેક્ષા નથી એ અપેક્ષાએ પ્રત્યક્ષ સદા હોવાથી. એ તો સદા પ્રત્યક્ષ જ છે એમ કહે છે. આહા..હા..! નીચે આવશે '**स्फुटतरम्**'. નીચે કળશમાં આવે છેને '**स्फुटतरम्**'. વસ્તુ તો વસ્તુ તરીકે પ્રગટ જ છે. એ તો પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહ્યો છ બોલે, પણ વસ્તુ તો વસ્તુ છે. અનંતગુણસ્વરૂપ ભગવાન આત્મા છે, પ્રગટ છે, પ્રગટ છે, વ્યક્ત છે. '**स्फुटतरम्**' છે. આહા..! પ્રત્યક્ષ જણાય એવી એ ચીજ છે એમ કહે છે. સમજાણું કાંઈ? વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. શશીભાઈ! આખો દી આ લઢણ પાપનું. હવે એમાં આવી વાતું આવે. એય.. બાબુભાઈ! આહા..હા..!

અહીં તો '**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ...**' અને અનુમાનનો અભાવ કર્યો એમાં જરી સ્પષ્ટ કર્યું. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં તો અનુમાનથી જણાય આત્મા એમ કહ્યું છે. એ અનુમાનથી જણાય એનો અર્થ પ્રત્યક્ષ નથી સીધો એ અપેક્ષાએ અનુમાનથી જણાય, આગમથી જણાય, સ્મૃતિથી જણાય. ખ્યાલમાં આવ્યો છે કે આ ચીજ આવી છે એવું ધારણામાં છે એમાંથી સ્મૃતિ કરીને અંદર જાણે. આહા..હા..! હવે ત્યાં અનુમાનથી જાણે એને ભેદ કહ્યો ૮માં કળશમાં. અહીં અનુમાનનો અભાવ કહ્યો. ઈ બેય એક છે. અને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં અનુમાનથી જણાય એ સત્ય છે એમ કહ્યું છે. આહા..હા..! એનો અર્થ કે પરોક્ષ છેને માટે અનુમાનથી જણાય એમ કીધું છે. વેદનની અપેક્ષાએ ત્યાં લીધી રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં.

વેદનની અપેક્ષાએ અનુભવ ... આવે છેને શ્લોકમાં? વેદનની અપેક્ષાએ જે સાકરનો સ્વાદ જેમ આંધળો ખાય, દેખાય નહિ પણ ખાય ને સ્વાદ આવે એવો દેખતાને સ્વાદ આવે. કાંઈ સ્વાદમાં ફેર છે? એ અપેક્ષાએ એને સ્વાદની અપેક્ષાએ આત્મા પ્રત્યક્ષ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઘડીકમાં પરોક્ષ ને ઘડીકમાં પ્રત્યક્ષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ કઈ અપેક્ષાએ? એ માટે તો આ વાત મૂકી છે. એ માટે તો આ મૂકી કે અહીં પ્રત્યક્ષ કહ્યું છે અને ત્યાં ના પાડી છે ભાઈએ, રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, અને ૮માં કળશમાં પણ ના પાડી છે કે અનુમાન છે એ ભેદ છે. ૮માં કળશમાં છેને. **'उन्नीयमानं'** એમાં નથી. કળશમાં ટીકા છે. આહા..હા..! **'ઉત્પાદવ્યયધ્રુવ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે તો સમસ્ત ભેદ જૂઠાં છે.'** જોયું! આહા..હા..! **'આવો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે આત્મજ્યોતિ? ચેતનાલક્ષણથી જણાય છે.' 'उन्नीयमानं'** શબ્દ તો છે ૮માં કળશમાં. અર્થ એમાં નથી. ૮મો કળશ. ૮મો કળશ. **'उन्नीयमानं' 'ચેતનાલક્ષણથી જણાય છે. તેથી અનુમાનગોચર પણ છે. હવે બીજો પક્ષ—'उद्योतमानम्' પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતા એટલો વિકલ્પ પણ જૂઠો છે...'** આહા..હા..! અનુમાનથી 'આ જ્ઞાન તે આત્મા' એવો જે વિકલ્પ ઊઠાવવો એ પણ જૂઠો છે. આહા..હા..! કઈ અપેક્ષા કહે છે એ જાણવું જોઈએને. સમજાણું કાંઈ? **'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** આમાં છે બહુ સરસ વિસ્તારથી.

બીજું શું કહ્યું? ૧૯-૧૯. ૧૯ છેને કળશ. ૧૯ કળશ છે જુઓ. ૧૯ કળશમાં છે. **'શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે—આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી.'** શ્રુતજ્ઞાનથી વિચારતાં એમ લીધું છે. એ કળશમાં છે. ૧૯મા કળશમાં છે. **'આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતા થકાં અનુભવ છે.'** ૧૯ કળશ છેને એમાં લીધું છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ. આહા..હા..! શ્લોક. ત્રીજો ૬૩ શ્લોક છે હોં. ૬૩ શ્લોક છેને? ૯૩ શ્લોક છે. નહિ? ૯૩ શ્લોક હશે હોં. ૯૩ છે જુઓ. **'आक्रामन्नविकल्पभावमचलं'** છેને? ૯૩ શ્લોક છે. કર્તાકર્મમાં. **'જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે...'** શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ છે. છેને? **'તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા તે જ જ્ઞાનપુંજ વસ્તુ એમ કહેવાય છે,...'** લ્યો! આવી બે-ત્રણ ઠેકાણે અપેક્ષિત વાત આવે છે.

અહીંયાં તો એકદમ જ્ઞાનની પર્યાય સીધું નિમિત્ત અને રાગની અપેક્ષા નથી અને વ્યવહારના વિકલ્પની પણ જેને અનુભવમાં અપેક્ષા નથી. આહા..હા..! આવી વસ્તુ હવે. એવો આત્મા '**સ્વસંવેદનના બળથી**...' આહા..હા..! વર્તમાન પર્યાયમાં એમાં પ્રત્યક્ષ નામનો ગુણ હોવાથી અને તેના વેદનમાં પ્રત્યક્ષ સદા હોવાથી. આહા..હા..! જુઓ, આમાં શ્રુતજ્ઞાન પરોક્ષ કીધું. ખરેખર તો શ્રુતજ્ઞાનનો અનુભવ એ પ્રત્યક્ષ છે. ૧૪૪. મતિ અને શ્રુત પર તરફ ઢળેલું છે એને આ બાજું મર્યાદામાં લાવવું. છે? ૧૪૪. એનો અર્થ એ પ્રત્યક્ષ થઈ ગયું એ વિકલ્પ વિનાનું. મતિમાં પર તરફનું વલણ હતું એને આમ ઢાળી મર્યાદામાં લાવવું. શ્રુતજ્ઞાનમાં વિકલ્પો જે હતા, પર તરફના વલણવાળુ જ્ઞાન, એમાં જે વિકલ્પ-આકુળતા હતી એ શ્રુતજ્ઞાનને મર્યાદામાં લાવવું. ત્યાં તો શ્રુતજ્ઞાન વડે અનુભવ થયો એમ કીધું. આહા..હા..!

**શ્રોતા :-** અમારે આ બધામાં કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ અપેક્ષા... એ માટે તો આ મૂક્યું છે. કઈ અપેક્ષા છે ત્યાં અને આ કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને? આહા..હા..! સમજાણું કાંઈ?

વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ નામનો ગુણ એનામાં છે માટે પ્રત્યક્ષ છે, પણ જ્યારે ભેદથી એનો વિચાર કરતાં અનુમાનથી જણાય એવો નથી કેમકે ભેદ પડે ને વિકલ્પ ઊઠે છે અને ત્યાં અનુમાનથી જ અનુભવ થાય જ્યાં કીધું ત્યાં વિકલ્પની અપેક્ષા નથી. શેમાં? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. આહા..હા..! આ તો મગજને-જ્ઞાનને કેળવવું પડે એવું છે. આહા..હા..! બે વાત લીધી. એક આ કે રસ નથી ત્યાં વ્યક્તપણાનો પણ અભાવ. વસ્તુ છે ત્રિકાળ એમાં તો વ્યક્તપણાની પ્રગટ પર્યાયનો પણ અભાવ. થયું? છતાં પ્રગટ પર્યાય જે છે એના વેદનના બળથી. આહા..હા..! અનુભવ તો પર્યાયમાં થાય છેને? અને પર્યાયનો અનુભવ છેને? દ્રવ્યનો અનુભવ નથી. દ્રવ્ય તો ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વસંવેદનના બળથી પોતે સદા**...' પોતે આત્મા સદા પ્રત્યક્ષ છે. આહા..હા..! '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે**...' પ્રત્યક્ષસહિત અનુમાન હો એ વ્યવહાર થઈ ગયો. નિશ્ચયસહિત વ્યવહાર. સમજાય છે કાંઈ? પણ પ્રત્યક્ષ વિનાનું અનુમાન એને વ્યવહાર પણ નથી કહેતા. પ્રત્યક્ષ થાય ત્યારે અનુમાનથી થયું, ઓહો! આ આત્મા તે જ્ઞાન. ગિરધરભાઈ! આ બધું સમજવા જેવું જરી છે. આહા..હા..!

**શ્રોતા :-** પ્રવચનસારમાં તો એમ લીધું છે કે કેવળી અને શ્રુતજ્ઞાનને આત્માનો અનુભવ સરખો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બેય પરોક્ષની અપેક્ષાએ વાત છે. વિકલ્પ. સરખો છે એનો અર્થ? એવો જ છે એમ. સિદ્ધનો જે અંશ છે તે જ અંશ અનુભવમાં છે એટલી વાત. આહા..હા..! પણ કાંઈ પ્રત્યક્ષ દેખાય છે?

**શ્રોતા :-** અનુભવપ્રત્યક્ષ કહેવાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થઈ રહ્યું. અનુભવ-પ્રત્યક્ષ છે એ પણ કહેવાય અને એક અનુમાન કરવા જતાં ભેદ ઊઠે છે એને પણ નિષેધ કરીને (અનુભવ કરે).

અને અહીં તો પ્રત્યક્ષસહિત અનુમાન છે એને નિશ્ચયસહિતનો વ્યવહાર કહ્યો. એકલો અનુમાનગોચરમાત્ર આત્મા છે એનો અભાવ છે એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ફક્ત આ બે બોલની વચ્ચે પ્રત્યક્ષ અને અનુમાનગોચરનો અભાવ. આહા..હા..! ટોડરમલજીએ કહ્યું એ તો પ્રત્યક્ષ શ્રુતજ્ઞાનથી નથી એ અપેક્ષાએ એને અનુમાનથી જણાય છે એમ કહ્યું. એ પ્રત્યક્ષ નથી એટલે શું? કે જે અસંખ્ય પ્રદેશી છે. વસ્તુ તો એ છે. સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય છે નહિ. સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશી આત્મા છે એ વાત ક્યાંય નથી. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન...' શુદ્ધ પવિત્ર છે, બુદ્ધ જ્ઞાનનો પિંડ છે, જ્ઞાનમય છે. આવ્યું. અને ચૈતન્યપિંડ છે અસંખ્ય પ્રદેશી. આહા..હા..! કહો, સમજાણું?

'**સ્વસંવેદનના બળથી...**' આહા..હા..! અહીં એમ કહેવું છે કે જેને ભેદની અપેક્ષા નથી, રાગની અપેક્ષા નથી એવી ત્રિકાળી જે વસ્તુ છે એને વર્તમાનમાં સ્વ-પોતાથી સં-પ્રત્યક્ષ વેદનથી સદા પ્રત્યક્ષ છે, સદા પ્રત્યક્ષ છે. વસ્તુ તો સદા પ્રત્યક્ષ છે. કેમકે પ્રકાશ નામનો ગુણ છે એ પ્રત્યક્ષ ગુણ છે એનામાં. આહા..હા..! અને અલિંગગ્રહણમાં આવ્યોને છઠ્ઠો બોલ? પોતાના.. છઠ્ઠો બોલ છેને અલિંગગ્રહણ. ઈન્દ્રિયથી જણાય નહિ એવો આત્મા છે. ઈન્દ્રિયથી જાણે એવો આત્મા નથી. ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. છે? આહા..હા..! બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો એ નથી. પછી પાંચમો બોલ, અનુમાનમાત્ર આત્મા કરે એવો આત્મા નથી. પાંચમો બોલ છે. લ્યો આ ઠીક બોલ, આવ્યા. ત્યાં આમ કહ્યું. પોતે એકલો અનુમાન કરે એવો આત્મા નથી. એ પાંચમો બોલ છે.

**શ્રોતા** :- પ્રત્યક્ષ જ્ઞાતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પછી છઠ્ઠો કીધોને. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ વાત અહીં લીધી. સમજાણું કાંઈ? ભઈ એને અભ્યાસ જોઈએ થોડો. આ તો અંતર ઘરની વાતું. આહા..હા..!

'**અલિંગગ્રહણ કહેવામાં આવે છે.**' પ્રવચનસારમાં અલિંગગ્રહણના ૨૦ બોલ લીધા. અહીંયાં અનુમાન આદિ લિંગથી જણાય નહિ માટે અલિંગગ્રહણ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? ત્યાં પણ એમ કહ્યું. ૨૦ બોલ. બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો આત્મા નથી. બીજાઓ (દ્વારા) અનુમાનથી જણાય એવો આત્મા નથી, તેમ એકલો આત્મા અનુમાનથી જાણે એ આત્મા નહિ. એ આ નાખ્યું છે-પ્રત્યક્ષ. સમજાય છે? આહા..હા..! માર્ગ અનેકાંત સ્યાદ્વાદ છેને સ્વરૂપ, એવું સ્વરૂપ જણાવ્યું છે ભિન્ન-ભિન્ન. '**અલિંગગ્રહણ કહેવામાં આવે છે.**' લ્યો.

હવે.. આહા..હા..! '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય**

**અંતરંગમાં...**' આહા..હા..! દેખો! ચેતનાગુણ એટલે વર્તમાન પર્યાય. '**પોતાના અનુભવમાં આવતા...**' એ તો પર્યાય થઈ. '**ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...**' આહા..હા..! '**તેથી (જીવ) ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ?**' હા. .. સમજાવ્યું છે.

'**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે...**' આ ચેતનાગુણ વડે આત્મા અનુભવમાં આવે પર્યાયમાં એમ કહે છે. '**સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.**' આ નથી.. આ નથી.. એમ કહ્યું હતુંને? છે શું ત્યારે એ? એમ કહે છે. ચેતનાગુણ. એકલું જાણવું-દેખવું એવો ચેતના એવા ગુણવાળો છે.

**શ્રોતા :-** અનુભવમાં આવતા ચેતનાગુણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ચેતનાગુણ. ચેતનાગુણ વડે અનુભવાય છેને? એમ કહે છે. કોઈ રાગ વડે નથી અનુભવાતો એટલી વાત કરી છે. ચેતના વડે અનુભવાય છે એટલે ભેદ છે એ અહીં પ્રશ્ન નથી. આ ચેતના આ છે એમ એમાં અનુભવાય છે, એમ. આત્મા ચેતનાગુણવાળો છે. રસ-ગંધ આદિ નથી, વ્યક્તપણું નથી, પણ એ ચેતનાગુણસંપન્ન છે ભગવાન. આહા..હા..! આવી વાતું હવે.

'**કેવો છે ચેતનાગુણ?**' હવે કહે છે જુઓ. '**જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે.**' આ બાકી છે. ચેતનાગુણવાળો છે. એ રાગવાળો ને પુણ્યવાળો ને વ્યવહારવાળો એનો નિષેધ કરનાર છે. એ ઝઘડાનો નિષેધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...**' આહા..હા..! '**તેથી ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો...**' આ રાગવાળો છે ને પુણ્યવાળો છે ને ભેદવાળો છે એવા બધાનો અંતરમાં ઝઘડાઓનો નાશ કરનાર છે. ચેતનાગુણવાળો છે માટે બીજા બધા એનો ગુણ છે ને એનો છે એ ઝઘડાનો નાશ કરી નાખ્યો. આહા..હા..!

'**જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...**' આહા..હા..! રાગથી ભિન્ન પડી ચેતનાગુણ વડે અનુભવમાં આવે એ ભેદજ્ઞાનીઓને બધું સોપાઈ ગયું છે. એકલો આત્મા આનંદના સ્વભાવનું ભેદજ્ઞાનથી જ્ઞાનગુણથી અનુભવમાં આવે, બીજી કોઈ વિકારની વ્યવહારની પર્યાયથી અનુભવમાં ન આવે એ ભેદજ્ઞાનીઓને સોંપી દીધું. ભેદજ્ઞાનીઓને અંદર ભાન છે. આહા..હા..! એટલે શું કહ્યું? કે રાગથી ભિન્ન પાડીને જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થતાં ભેદજ્ઞાનીઓને સર્વસ્વ અંદર આવી ગઈ વાત કે આ પરવસ્તુથી તો નિરાળો અને ચેતનાગુણ સંપન્ન (છે) એમ જ્યાં નિર્ણય થયો એને બીજા ઝઘડાઓનો નાશ થઈ ગયો. આ વ્યવહારથી પમાય ને ઢીકણાથી પમાય, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** ચેતનાગુણવાળો કહેવો એ જ વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આમ લઈ ત્યાં ગયો છેને. ચેતનાગુણવાળો જીવ છે એમ

લઈ ત્યાં જાવું છે. સમજાણું કાંઈ? ચેતનાગુણવાળો જીવ છે એમ કહેવું છેને? ગુણવાળો જીવ છે ત્યાં લઈ જાય છે. ભેદ પાડીને બતાવ્યો જીવ અભેદ. અનુભવમાં આવતા ચેતનાગુણ વડે અનુભવમાં આવવું એ તો પર્યાય છે. પર્યાયમાં શું અનુભવ આવ્યો? આ ચેતનાગુણવાળો જીવ છે એમ. ચેતનાગુણ તે જીવ છે એમ, વાળો નહિ.

**શ્રોતા** :- ચેતનાગુણમય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ચેતનાગુણવાળો છે.

'**કેવો છે ચેતનાગુણ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓ...**' વિરુદ્ધના ઝઘડા. છેલ્લે કષાયની મંદતા હોય તો જણાય, છેલ્લે તો શુભભાવ હોય છે. આહા..હા..! '**જેણે પોતાનું સર્વસ્વ...**' ચેતનાગુણ વડે જ્યાં ભેદજ્ઞાનીએ આત્માને જાણ્યો ત્યાં બધું સોંપાઈ ગયું એને કે પરથી જણાય નહિ અને સ્વથી જણાય. પોતાના સ્વસંવેદનની શક્તિથી જણાય છે. આહા..હા..! ટીકા તે ટીકા છેને! આહા..હા..! એનો જ્ઞાનમાં એ નિર્ણય તો કરે. વસ્તુ આવી છે.

ભેદજ્ઞાનીને સર્વસ્વ સોંપી દીધું એટલે? પરથી જુદો પાડ્યો છે જેને અને સ્વમાં ગયો છે એને બધું આવી ગયું. આહા..હા..! વ્યવહાર ને રાગથી થાય ને નિમિત્તથી થાય. પહેલો વિકલ્પ આવેને આવો છે.. આવો છે... આવો છે.. આવો છે.. માટે વિકલ્પ આવે માટે એનાથી થાય એમ નથી. એ તો એનાથી ભેદજ્ઞાન કર્યું ત્યાં ભેદજ્ઞાનીને બધો ખ્યાલ આવી ગયો કે આ તો સીધો આત્મા મારા જ્ઞાનથી જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, બાપુ આ તો. ઠેઠની વાતું છે. દેવ-ગુરુ-શાસ્ત્રથી જણાય ને દિવ્યધ્વનિથી જણાય એવું છે નહિ, કહે છે. ભેદજ્ઞાની વડે પરથી ભિન્ન પાડ્યો ભગવાન આત્મા. અખંડાનંદ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ. આહા..હા..! પર્યાયમાં અનુભવાણોને ગુણ? આ ગુણવાળો આ આત્મા એ પર્યાયમાં અનુભવમાં આવ્યો. સમજાણું કાંઈ?

બે પ્રકાર છે. ઉપયોગ એનું લક્ષણ છે. જીવનું ઉપયોગ લક્ષણ છે એ ત્રિકાળી એક લક્ષણ છે અને વર્તમાને આ ઉપયોગ લક્ષણ ત્રિકાળ છે એવું વર્તમાન જાણનાર એ પણ લક્ષણ છે. એ પર્યાયનું લક્ષણ છે.

**શ્રોતા** :- એ તો નિયમસારમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નિયમસારમાં આવે છેને. કીધું છેને. અને બીજે એ ઉપયોગ જેનું લક્ષણ છે એ તો ત્રિકાળ. હવે ઉપયોગ જાણવું-દેખવું જેનું લક્ષણ છે ત્રિકાળ એવો નિર્ણય કોણે કર્યો? એ કાંઈ ધ્રુવમાં નિર્ણય થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? ગુલાબચંદભાઈ! આવી ઝીણી વાતું છે આ. વાડામાં તો છે નહિ ક્યાંય આ વાત. નથી? આહા..હા..! ગજબ વાતું કરી હોં! અને એમાં પણ અત્યારે ક્યાં બિચારા.. 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને...' એવું છે.

આ તો અંદર વસ્તુ છે. અહીં તો બે કહેવું છે. ઓલામાં આવ્યું છેને પાછળ કે આત્માને

જ્ઞાન દ્વારા જણાવો છો એનું કારણ કે જ્ઞાનલક્ષણ છે એ પ્રસિદ્ધ છે અને વસ્તુ છે તે પ્રસાધ્યમાન છે, એનાથી સાધી શકાય છે. વસ્તુ પ્રસિદ્ધ નથી, પણ એનું લક્ષણ પ્રસિદ્ધ છે. કેમકે દરેકને વેદનમાં આવે છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ લક્ષણ પ્રસિદ્ધ છે એનાથી પ્રસાધ્યમાન આત્માને સાધી શકાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અહીં કહ્યું, '**उन्नीयमानं**'. એવો વિકલ્પ તે ભેદ છે માટે અનુમાનથી પણ જણાય નહિ. કઈ અપેક્ષા છે? આહા..હા..! ઓલો તો સીધો આમ જ્ઞાનને જાણે છે એથી એને અનુમાન ન થયું એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ઊંચી-ઊંચી વાત પણ સાદી ભાષામાં સમજાય એવી વાત છે. આ તો અષ્ટસહસ્રી જોયુને, બહુ ઝીણું, ભાઈ! એમાં રોકાવું. એક નિયોગની વ્યાખ્યા કરી છે તો કાંઈ પકડાય નહિ એવી. નિયોગ ને વિધિવાદ. એમ નાખ્યું છે. એ લોકોને તો હોય એ વખતે. આહા..હા..!

**શ્રોતા :-** વિદ્વાનો માટે તો એવું જ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય એવી વાત.

પણ અહીં તો કંઈ એવી જરૂર નથી જેને એમાં.. આહા..હા..! એવો આત્મા ભગવાન. જેમાં ન્યાયોને જાણવામાં ખેદ થાય એવો પણ આત્મા નથી, કહે છે. એ તો જ્ઞાનસ્વભાવ વસ્તુ એના ગુણ વડે અનુભવમાં આવે છે એ વસ્તુ. વસ્તુ. ચેતનાગુણ વડે જાણવામાં આવે છે વસ્તુ, પણ એ પર્યાયમાં. પર્યાયમાં જણાય છેને? ગુણમાં ક્યાં? એવો જેણે અંતરમાં વિકલ્પથી ભેદ પાડીને ચેતનાગુણ વડે જણાય છે એવો અનુભવ થયો એ ભેદજ્ઞાનીને બધું સોંપાઈ ગયું. કેમ પમાય છે એ ભેદજ્ઞાની જાણે છે એમ કહે છે. આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિને જ ખબર છે કે આ રાગ વિનાનો આત્મા પોતાના ભાવથી જણાય છે, રાગથી જણાતો નથી. આહા..હા..! ત્યારે ઓલા બીજા એમ કહે છે, નવમી ગ્રૈવેયકે અનંતવાર જીવ ગયો. એટલું પાળ્યું એટલું છતાં એને નિશ્ચયસમકિતની ખબર નથી એટલે નિશ્ચયસમકિતની ખબર હોઈ શકે નહિ. એઈ..! એમ કહે છે. અરે.. ભગવાન! નિશ્ચયસમકિત આનંદનો અનુભવ આવે એની ખબર નથી? સમજાણું કાંઈ? વસ્તુ છે એનો આનંદનો અનુભવ આવે એ નિશ્ચય છે એ ખબર નથી? આનંદના અનુભની ખબર નથી? તેથી તો એમાં કહ્યું, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ત્યાં આત્મજ્ઞાનનો સ્વાદ નથી એને. એ એને ખબર નથી, પણ મૂઢમાં પડ્યો છે ક્રિયામાં. સમજાણું કાંઈ? આહા..હા..! આવા પડખાં બધા જાણવાના. આ જણાય, આ જ રસ્તે જણાય એવો છે. આહા..હા..!

વર્તમાન જ્ઞાનની દશાને અંતરમાં વાળતા જણાય એવો ટૂંકામાં ટૂંકુંટચ છે. આ તો બધો વિસ્તાર સમજાવું હોય ત્યારે ઘણા પડખેથી સમજાવેને. પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકુંટચ. આહા..હા..! પણ એનો વિસ્તારથી સમજાવે છેને. પર શું? ત્યાંથી ખસ્યો શું? સ્વમાં વશ

એટલે એ દશા શું? વસ્તુ શું? આહા..હા..! એટલું ટૂંકુંટચ, એટલું બસ. પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકુંટચ, એટલું બસ. કહો, આ સમજાય છે કે નહિ? આ તો શબ્દ સહેલા છે આ. બે થઈ ગઈ વસ્તુ. પરથી ખસ એટલે પર વસ્તુ છે. સ્વમાં વસ ત્યારે આત્મા વસ્તુ છે. આહા..હા..! આ ભેદ ને અનુમાન એ તો પછી સમજવાની રીત છે. જ્યાં પ્રત્યક્ષ કહેવું છે ત્યાં અનુમાનનો નકાર કર્યો અને સીધો પરોક્ષ જાણે છે ત્યારે અનુમાનથી જણાય છે એમ ત્યાં કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. ભાઈ! પરિભ્રમણ કરીને ચોર્યાસીના અવતાર ગાળ્યા. એક રોગ આવે શરીરમાં આકરો અને પાંચ-દસ વર્ષ જાય તો રાડ નાખી જાય છે. આહા..હા..!

એક બાઈ હતી પોરબંદરમાં, દેરાવાસી. ચોમાસુ હતું તો દર્શન કરવા હશે. સાડા ત્રણ વર્ષથી આમ ઊંધે માથે પડે. આમ અવળું સુવાઈ નહિ. એટલી પીડા.. પીડા... પીડા.. દેરાવાસી બાઈ હતી. ૮૭ની વાત છે. પોરબંદર ચોમાસું હતું. આમ ઊંધે (માથે). સાડા ત્રણ વર્ષથી એમ ને એમ. પીડા... પીડા... પીડા... હવે એ પીડા તો હજી નરકને હિસાબે તો અનંતમે ભાગે છે. આ પણ ભોગવીને મરી નથી ગયો ત્યાં. ભોગવે છે. આહા..હા..! શરીરના જેમ.. શું કહેવાય ઓલું? પારો. પારો-પારો. પારો હોય છેને પારો? આમ આમ થાય તો જુદાં જુદાં થઈ જાય, પાછા ભેગા થઈ જાય. પારો આમ કરે તો જુદાં-જુદાં રવા-રવા જેવા થઈને જુદાં પડી જાય. આમ તો ભેગું થાય તરત. એમ શરીરના કટકા થઈ ગયા અનંતવાર. પરમાધામીએ કટકા કર્યા. આહા..હા..! અને તે કટકા કર્યા એવા પારાની જેમ ભળી જાય પાછા તરત. એવા અનંતવાર ગયો, બાપુ! તને ખબર નથી. તારી ચીજના ભાન વિના એ સમ્યગ્દર્શન વિના આ બધા લખ્ખણ કર્યા એણે. આહા..હા..! માટે વસ્તુની સ્થિતિ છે તેનો અનુભવ કર. જન્મ-મરણના અંતને લાવવાનો એ ઉપાય છે. આહા..હા..! દુનિયા ગમે તે માને, ગમે તે કહે. આહા..હા..!

કહ્યું છેને નિયમસારમાં નહિ? દુનિયા નિંદે (તો) અભક્તિ કરીશ નહિ. વસ્તુ આવી છે, સત્ય છે, એવું અનુભવાય છે અને એ જ સત્ય છે. દુનિયા કહે કે એવો માર્ગ નથી એમ નથી નિંદશે તો અભક્તિ કરીશ નહિ. વસ્તુ છે એ પ્રમાણે રાખજે. આહા..હા..! સમજાણું કાંઈ? (નિંદા) કરશે. નહિ બેસે એ એમ કહેશે. નિશ્ચયાભાસી છે, એકાંતી છે, વ્યવહારને માનતા નથી. બાપા! ભાઈ! વ્યવહારથી કંઈક થાય. શુભભાવવાળો પણ આગળ વધે છે. ઓલામાં નથી કહ્યું? શુભ ઊર્ધ્વગમન છે. ઉપાદાન-નિમિત્ત. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. વાંચ્યું છે કે નહિ? ... ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી. 'અશુભપદ્ધતિ અધોગતિનું પરિણમન છે, શુભપદ્ધતિ ઊર્ધ્વગતિનું પરિણમન છે.'

**શ્રોતા :-** ...લાભનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાભનું નથી પણ.. આ તો નાખવું તો જોઈએને જે આવે એ.

**'તેથી અધોરૂપ સંસાર અને ઊર્ધ્વરૂપ મોક્ષસ્થાન છે એમ સ્વીકાર તેમાં શુદ્ધતા આવી...'** શુભમાં શુદ્ધતા છે એમ સિદ્ધ કર્યું, પણ એ શુદ્ધતા ઊર્ધ્વરૂપ મોક્ષસ્થાન.. **'શુદ્ધતા આવી એમ માન, માન એમાં નુકસાન નથી વિશુદ્ધતા સદાકાળ મોક્ષનો માર્ગ છે, પરંતુ ગ્રંથિભેદ વિના શુદ્ધતાનું જોર ચાલતું નથીને?'** રાગથી એકતા તોડ્યા વિના એ શુદ્ધતાનું જોર નહિ ચાલે તારું, કહે છે. સમજાણું કાંઈ? કેટલી અપેક્ષાએ વાત! બધી અપેક્ષા જ્ઞાનની વિશાળતા છે. આહા..હા..! એ પોતે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એની શક્તિનો ક્યાં પાર છે? એવી અનંતી અપેક્ષાઓને જાણી લે એવો એ તો છે. આહા..હા..! એને મૂંઝાય એવું નથી ક્યાંય. આહા..હા..!

**'સમસ્ત વિપ્રતિપત્તિઓનો નાશ કરનાર છે, જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...'** ઝઘડો નાશ કરનાર છે. આહા..હા..! **'જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે...'** આહા..હા..! દેખો! એ જ્ઞાનની પર્યાયનું એટલું સામર્થ્ય છે કે લોકાલોકને કોળિયો કરી જાય. એથી અનંતગણું હોય તો જાણે. કોળિયો. મોઢુ મોટું કોળિયો નાનો. આ જુઓ. છે? **'સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત...'** કોળિયો કરી જાય એટલી જ્ઞાનની વિશાળતા છે. એ શ્રુતજ્ઞાનની પર્યાયની એટલી તાકાત છે. આહા..હા..! ફક્ત પરોક્ષ પ્રત્યક્ષનો ભેદ છે. આહા..હા..! જેની જ્ઞાનની વર્તમાન દશા લોક ને અલોકને જાણે કવળ કરી ગયો જાણે. આહા..હા..!

કહ્યું નહિ? નહોતું કહ્યું કાલે? કે વ્યક્ત પર્યાયમાં વ્યક્ત પર્યાયનું જ્ઞાન છે અને દ્રવ્યનું જ્ઞાન છે. પર્યાયમાં પરનું જ્ઞાન તો આવી ગયું. પર્યાયનું જ્ઞાન છે એમાં છ દ્રવ્યનું આવી ગયું ભેગું. પર્યાયનું જ્ઞાન જ એને કહે છે ઓલામાં ૧૪ બોલમાં. ૧૪ બોલ છે નિત્ય-અનિત્યના છેલ્લા. પર્યાયનું જ્ઞાન એને કહે છે કે છ દ્રવ્યનું જ્ઞાન તે પર્યાયનું જ્ઞાન. એમાં આવે છે. આહા..હા..! કળશટીકામાં બહુ સરસ છે. લોકો જે દિગંબરના સંતો અને વિદ્વાનો થયા એ પણ સત્યની ધારાને-પ્રવાહને જાળવી રાખ્યો છે. આહા..હા..! ત્યાં એમ કહ્યું લ્યો ઠીક. સમજાણું? એક સમયની પર્યાય એને જાણ્યું એટલે એમાં છ દ્રવ્યનું જ્ઞાન એક પર્યાયને જાણ્યું એમાં આવી ગયું. એ પર્યાય પાછી સ્વને જાણે. વ્યક્ત પર્યાય બાહ્યની ચીજને જાણે એ તો એનું સ્વરૂપ જ એટલું પર્યાયનું છે પરપ્રકાશનું. હવે એ પર્યાયમાં સ્વપ્રકાશક દ્રવ્ય પણ જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો સમસ્ત લોકાલોકને ગળી જાય અને **'અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ...'** આહા..હા..! પહેલો કાંઈક દાખલો નહોતો આપતા? ઓલા બ્રાહ્મણનો આપતા હતાને? આ બ્રાહ્મણ ઓલા લાડવા ખાયને. લાડવા કરતાં એને એક શું કહે છે? આ પતરાવાળા હોયને પતરાવાળા? પતરાવળી. એમાં ચૂરમું છૂટું હોય છે. પછી ઘી ઉપર નાખે. એનું નામ ભૂલી ગયા. શું કીધું? થેપલી-થેપલી. થેપલી કહેતા હતા. અમારે હતાને જોડે ભાગીદાર દુકાનમાં

ત્યાં ઉમરાળે. મિત્ર એક હતો એ થેપલી ખાતો હતો બહુ. આજે .. થેપલી છે. તો જાય દોડે. થેપલી એટલે? ચૂરમું હોયને-ચુરમું એ છૂટું ચૂરમું. લાડવો વાળીને નહિ અને એમાં ઘીનો બોઘડો. ઘીને પીરસે ઉપર. ત્યાં લસપસ-લસપસ થઈ જાય બધું. એ બ્રાહ્મણ બહુ ઘીના ગૃદ્ધિ ખાવાના હોય છે. એને શું કીધું? થેપલી કીધી. અધશેર ભૂકો લે અને છૂટે ઓલે નાખે બોઘડેથી.

એમ આનંદનો નાથ અંદર જામી જાય છે કહે છે. છૂટે ઓલે ઘી છે. અનંત આનંદનો નાથ જાગ્યો અંદરથી. આહા..હા..! થેપલી-આનંદનો અનુભવ કરે છે એ. આહા..હા..! જેમાં આનંદ રેળાય છે સમયે-સમયે. આહા..હા..! બ્રહ્મભોજી. એ આનંદનો ભોગવનાર એ ભગવાન આત્મા છે. આહા..હા..! રાગનો ભોક્તા એ નહિ. આહા..હા..! જ્ઞાનમાં એમ આવે. ત્યાં આવે છેને પાછું રાગને ભોગવે. દૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ આત્મા પોતાના આનંદનો જ ભોક્તા છે. રાગનો ભોક્તા દૃષ્ટિ અને એના સ્વભાવમાં એવો કોઈ ગુણ નથી, પણ જ્યારે જ્ઞાનથી વાત ચાલે ત્યારે આનંદનો પણ અનુભવ છે અને રાગનો પણ ભોકતા છે જ્ઞાની. કારણ કે એટલો રાગ થાય છેને? ગણધર પણ રાગનો ભોકતા છે. કર્તા કરવાલાયક છે, ભોગવવાલાયક છે એમ નહિ, પણ વેદનમાં છે માટે ભોકતા પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઘણા પડખા એવા ભર્યા છે. આ બે વેદન અને અનુમાન છેને એમાંથી બધું આવ્યું. આહા..હા..! અરે..! આવા વખતમાં નહિ સમજે તો, ભાઈ! કેદી સમજશે? આહા..હા..!

**'લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો...'** જ્ઞાનમાં જ્યાં આનંદ અને સ્વરૂપમાં ઠર્યો.. ઠરી ગયો ઠરી. જેમ બ્રાહ્મણ લાડવા ખાઈને, ..ખાઈને જેમ મલપતો ચાલે, એમ આ આત્મા આનંદમાં મલપતો ચાલે એમ કહે છે અંદર. આહા..હા..! **'તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત-તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ)...'** આનંદના અનુભવમાંથી બહાર નીકળવાને (અનુદ્યમી થયો). આહા..હા..! અત્યંત... **'સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી...'** આહા..હા..! **'એ રીતે સદાય જરા પણ નહિ ચળતું...'** આહા..હા..! અંદર ઠરી ગયું આખું. ઓલામાં આવે છેને. ભવિષ્યની આવલી આ પ્રમાણે જાવ. છેલ્લામાં આવે છેને. છેલ્લા કળશમાં. છેલ્લા કળશમાં આવે છે. આવી દશા થઈ પૂર્ણ એનો આવલી એટલે ભવિષ્યનો કાળ એ રીતે જાવ હવે, બસ! આહા..હા..! એ કળશ છે છેલ્લો. ઓહો..! સમયસાર તો બ્રહ્માંડના ભાવ ભર્યા છે બધા! એવી શૈલીએ એવે કાળે લખાઈ ગયેલું છે... આહા..હા..! કે જેમાં કોઈ અધુરાશ રહી નથી.

**'સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી...'** પૂર્ણ દશા થઈને એમ. **'એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી...'** આનંદનો

અનુભવ અને જ્ઞાનનો અનુભવ એ બીજા દ્રવ્યમાં નથી એથી સ્વભાવભૂત છે એ તો. આહા..હા..! જોયું! છેલ્લું લીધું. જ્ઞાન અને આનંદનો અનુભવ એ તો સ્વભાવભૂત છે. એમાંથી એ ખસતો નથી, ચળતો નથી એવી દશાને પ્રાપ્ત થાય એને અહીંયાં અનુભવ અને પૂર્ણ અનુભવનું ફળ કહેવામાં આવે છે.

**'આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે.'** લ્યો! આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ. ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ. આહા..હા..! એ વ્યાખ્યા કરી હતીને આપણે પરમાર્થની? પરા-મા-અર્થ. ટીકામાં છે. અલમ અસ્તિમાં. અલમ-અલમ અસ્તિ છેને શ્લોક? પરા-ઉત્કૃષ્ટ, મા-લક્ષ્મી, અર્થ. ઉત્કૃષ્ટ લક્ષ્મીવાળું તત્ત્વ એને પરમાર્થ કહેવામાં આવે છે. આ તમારે પરમાર્થ કરે કો'કનો એ નહિ. પરા-ઉત્કૃષ્ટ, મા-લક્ષ્મી, અર્થ. પરમાર્થ-પરમાર્થ એવો જે અર્થ પદાર્થ એને પરમાર્થ કહેવામાં આવે છે. આહા..હા..!

**'આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. જેનો પ્રકાશ નિર્મળ છે...'** આહા..હા..! **'એવો આ ભગવાન આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે.'** આહા..હા..! એકરૂપે ને જેવું ઘડતર કરીને કાઢ્યું હોય બહાર અંદરથી. એવો ભિન્ન જ્યોતિરૂપ બિરાજમાન ભગવાન છે આ એને આત્મા કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## જેઠ વદ-૭, શુક્રવાર, તા. ૧૮-૦૬-૧૯૭૬, શ્લોક-૩૫, ગાથા-૫૦ થી ૫૫, પ્રવચન નં. ૯૯

કળશ છે ૩૫. એમાં લખ્યું છે નિમિત્તથી થતું નથી. ત્રણ વાર તમે ઉપાદાન સમજાવવા માગો છો, એ તો નિમિત્તથી સમજાવો છો. સવાર, બપોર ને રાત ત્રણ. આહા..હા..! સમજાણું? એમ કે નિમિત્તથી થતું નથી એમ કહેવામાં ત્રણ વાર તમારે નિમિત્તથી કહેવું પડે છે— સવાર, બપોર અને સાંજ. કહેવું છે નિમિત્તથી અને નિમિત્તથી થાતું નથી. ઠીક હવે. એવું છે, ભાઈ! ૩૫ કળશ.

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं  
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।  
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्  
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।

'**શ્લોકાર્થ :- ચિત્શક્તિથી રહિત...**' એ આત્મા ચિત્શક્તિ, જ્ઞાનશક્તિરૂપસ્વરૂપ છે. જ્ઞાનસ્વભાવ, જ્ઞાનશક્તિ, જ્ઞાનસામર્થ્યરૂપસ્વરૂપ છે. એનાથી જેટલા રહિત '**सकलमपि**' '**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' આહા..હા..! એ શુભ-અશુભભાવો એ ચિત્શક્તિથી ખાલી છે, ભિન્ન છે. આહા..હા..! એ સમજાવું ભાષા એ પણ નિમિત્ત છે પર. ઓલામાં કહ્યું છે ને અબુદ્ધને સમજાવવા માટે જ્ઞાની ઉપદેશ કરે છે, એ વ્યવહારનો ઉપદેશ કરે છે, પણ વ્યવહારને જ માનનારા તો ઉપદેશને લાયક નથી. કારણ કે એ કહે તમે તો અમને સમજાવો છો ખરા અને તમે કહો પરથી સમજાય નહિ, .. સમજાય. અરે..! ભગવાન શું થાય? એવી અટપટી વસ્તુ છે.

અહીં કહે છે કે ચિત્શક્તિ જ્ઞાનસ્વભાવ. શક્તિ એટલે સામર્થ્ય, જ્ઞાનરૂપી સામર્થ્ય એવું આત્માનું સ્વરૂપ. એનાથી '**રહિત અન્ય સકળ ભાવોને...**' ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હો કે પંચમહાવ્રતનો વિકલ્પ હો, ગુણગુણી ભેદનો વિકલ્પ હો એ બધા ચૈતન્યશક્તિથી અનેરા ખાલી ભાવ છે એને છોડ, કહે છે. આહા..હા..! વ્યવહારને છોડ એમ કહે છે.

**શ્રોતા :-** ચોખ્ખું ન થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ચોખ્ખું ન આવ્યું? '**चित्-शक्ति-रिक्तं**' જ્ઞાનસ્વભાવથી ખાલી જે ચીજ છે. કોણ? સકળ ભાવ. પુણ્ય ને પાપના વિકલ્પો જે બધા ચિત્શક્તિથી રિક્ત નામ ખાલી છે. આહા..હા..! આવી વાત છે.

ચૈતન્યસ્વભાવ જેનો ચૈતન્યશક્તિ ચૈતન્યસામર્થ્ય એવા સ્વભાવથી રિક્ત નામ પુણ્ય ને પાપના ભાવ એ ચૈતન્યશક્તિથી રિક્ત નામ ખાલી છે. વ્યવહારરત્નત્રયનો ભાવ ચૈતન્યશક્તિથી રિક્ત ખાલી છે. આહા..હા..! આત્મા તો જ્ઞાનસ્વરૂપ એટલે ચિત્શક્તિસ્વરૂપ એ તો એનું સ્વરૂપ છે. એનાથી ખાલી-રિક્ત, જેમાં ચિત્શક્તિ નથી એવો પુણ્ય અને પાપનો ભાવ વ્યવહારરત્નત્રયનો શુભ રાગાદિ એ ચિત્શક્તિથી રહિત છે.

'**અન્ય સકળ ભાવોને...**' એનાથી સકળ ભાવ છે એ ચિત્શક્તિથી ખાલી પણ ભાવ છે, પુણ્ય-પાપના વિકલ્પો છે ખરા. એને '**મૂળથી છોડીને...**' આહા..હા..! આવી વાત છે. '**અને...**' '**स्फुटतरम**' '**પ્રગટપણે...**' છે? લ્યો! હવે અવ્યક્ત કીધું છ બોલે. અહીં કહે છે, '**स्फुटतरम**' પ્રગટ છે. વસ્તુ છેને વસ્તુ? આહા..હા..! '**स्फुटतरम**' પ્રગટ છે. આહા..હા..! '**स्फुटतरम**' પ્રગટપણે. ભગવાન પ્રગટપણે જ્ઞાનસ્વરૂપી પ્રભુ. આહા..હા..! '**स्वं चित्-शक्तिमात्रम्।**' '**પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું...**' જ્ઞાનના સ્વભાવમાત્રભાવ એવો જે આત્મા. આહા..હા..! '**अवगाह्य**' એનું અવગાહન કર. આહા..હા..! જેમ સમુદ્રમાં અવગાહન કરે છેને—પેસે છેને, એમ ચિત્શક્તિ જ્ઞાનસ્વભાવ એમાં અવગાહન કર. આહા..હા..! એમાં પ્રવેશ કર. વર્તમાન જ્ઞાનની પર્યાય દ્વારા જ્ઞાન ત્રિકાળી સ્વભાવ તેમાં પ્રવેશ કર. આહા..હા..! પ્રવેશ એટલે? એ બાજુ ઢળ્યો એનું નામ પ્રવેશ કર્યો. અવગાહી છેને. અવગાહન કર્યું. ત્રિકાળી

જ્ઞાયકભાવનું પર્યાયે અવગાહન કર્યું, વ્યાપ્યું એમાં. આવી વાત છે.

સમુદ્રમાં જેમ અવગાહન કરે છેને પ્રવેશ? શુદ્ધ ચેતના સિંધુ. શુદ્ધ ચૈતન્યસિંધુ ભગવાન એમાં અવગાહન કર. આહા..હા..! પુણ્ય ને પાપના ભાવનું અવગાહન તો અનાદિનું છે. આહા..હા..! એ તો મિથ્યાત્વભાવ છે. હવે કહે છે કે એ બધા ભાવને ચિત્શક્તિથી ખાલી જે ભાવ એ બધા અચેતન છે. ચાહે તો વ્રતનો વિકલ્પ હો, દેવ-ગુરુ-શાસ્ત્રનો હો, શાસ્ત્રના ભણતરનો હો, એ બધા વિકલ્પો છે એ ચૈતન્યના સ્વભાવથી ખાલી છે. બરાબર છે, પંડિતજી? આવી વાત છે. કહો, ગિરધરભાઈ! આવી વાત છે.

ભગવાન ચિત્શક્તિસ્વરૂપ એનાથી ખાલી જે ચિત્શક્તિથી રહિત. બહુ ટૂંકી અને ઘણી (ગંભીર). ઓહોહો..! ચૈતન્યશક્તિવાળું તત્ત્વ પ્રભુ અને એ ચૈતન્યશક્તિનો જેમાં અભાવ છે એવા શુભભાવ આદિના અનેક પ્રકારો એને છોડી દે, એનું લક્ષ છોડી દે. આહા..હા..! અને આ ચૈતન્યશક્તિ એનું અવગાહન કર. '**स्वं चित्-शक्तिमात्रम्**।' એમ બે વાત લીધીને? પહેલું એમ લીધું ચિત્શક્તિથી ખાલી છે એ ભાવ. છેને? ચિત્શક્તિથી ખાલી છે એ ભાવ. પુણ્ય અને પાપના ભાવ વિકલ્પો જે છે, આહા..હા..! એ ચિત્શક્તિથી ખાલી છે. એને મૂળથી છોડીને અને પ્રગટપણે '**स्वं चित्-शक्तिमात्रम्**।' ચિત્શક્તિથી ખાલી એને છોડી દઈને અને '**स्वं चित्-शक्तिमात्रम्**।' અવગાહ્ય. ઓલાને છોડીને અહીં જા. એમ કહે છે. આ તો સાદી ભાષા છે. આહા..હા..!

ભગવાન આત્મા ચિત્ જ્ઞાનશક્તિમાત્ર છે એનાથી ખાલી ભાગ જે શુભભાવ છે એ રિક્ત છે. ચિત્શક્તિથી રિક્ત નામ ખાલી છે, અભાવ છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ચિત્શક્તિથી ખાલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને '**પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું...**' આ ભાવને છોડીને આ ભાવમાં ગ્રહણ કર-અવગાહ, એમ ટૂંકી ભાષા છે. આહા..હા..! જેમાંથી ચિત્શક્તિથી એટલે જ્ઞાનશક્તિથી ખાલી ભાવ. એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ જે છે એ ચિત્શક્તિ-જ્ઞાનશક્તિથી રહીત છે. માટે તેને છોડીને આ સ્વચિત્શક્તિમાત્ર જે આત્મા એમાં અવગાહ્ય '**અવગાહન કરીને, ભવ્ય આત્મા...**' '**विश्वस्य उपरी' સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર...**' એટલે વિકલ્પથી માંડીને આખા જગતથી ભિન્ન પડેલું. આહા..હા..! આવી વાતું છે.

સમસ્ત '**विश्वस्य उपरी**' સમસ્ત વિશ્વ એટલે અનેકપણું. આખો પદાર્થ તે ચૈતન્ય સિવાયનું જેટલું સ્વરૂપ બીજા પદાર્થમાં '**લોકના ઉપર...**' '**चारु चरन्तं**' '**સુંદર રીતે પ્રવર્તતા...**' આહા..હા..! એટલે કે અતીન્દ્રિય આનંદમાં પ્રવર્તતો. આહા..હા..! જે પુણ્ય-પાપમાં પ્રવર્તતો હતો એ દુઃખમાં પ્રવર્તતો હતો અને એ ચિત્શક્તિથી ખાલી ભાવો હતા. આહા..હા..! એથી જેમાં ચિત્શક્તિ ચૈતન્યસ્વભાવ નથી એવા ભાવને છોડીને સ્વ-ચિત્શક્તિમાત્ર ભાવમાં અવગાહન કર. આહા..હા..! બહુ ટૂંકું. પરથી ખસ અને સ્વમાં વસ, ટૂંકું ટચ, એટલું બસ. આહા..હા..!

એમાં વિસ્તારથી. ઓલામાં નથી આવતું? સામ્યભાવની એ ટીકા છે એમાં નથી આવતું? શેમાં? પ્રવચનસાર. એ બધી સામ્યભાવની ટીકા છે. સમતા.. સમતા.. સમતા...

ભગવાન આત્મા ચિત્શક્તિ એટલે વીતરાગસ્વરૂપે પ્રભુ છે એ ચારિત્રની અપેક્ષાએ. ઓલું જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનનું સ્વરૂપ છે, ચારિત્રની અપેક્ષાએ વીતરાગસ્વરૂપ છે, આનંદની અપેક્ષાએ આનંદસ્વરૂપ છે. આહા..હા..! એવા આનંદ ને ચિત્શક્તિ જ્ઞાનને વીતરાગસ્વરૂપથી જે ભાવ ખાલી છે એને છોડીને જે ભાવમાં ચિત્શક્તિ છે, વીતરાગપણું છે, આનંદ છે એમાં અવગાહન કર. અને આખી દુનિયાથી ભિન્ન પ્રભુ વિશ્વ ઉપર તરતો. આહા..હા..! વિશ્વ ઉપર તરંતો પણ એકલો તરંતો નહિ, **'चारु चरन्तं'** આનંદથી પ્રવર્તતો એમ કહે છે. શું કહ્યું સમજાણું?

રાગાદિ ભાવ બધા એક ચૈતન્યશક્તિથી ખાલી છે, તેને છોડીને સ્વ-ચિત્શક્તિમાત્રમાં અવગાહન કરીને જગતના વિકલ્પ આદિથી માંડીને (બધાથી) ઉપર આનંદથી પ્રવર્તતો. **'चारु'** છેને? સુંદર રીતે પ્રવર્તતો એટલે આનંદમાં પ્રવર્તતો. આહા..હા..! કેમકે જે જ્ઞાનસ્વભાવથી ખાલી ભાવ છે એ બધા દુઃખરૂપ છે, એને છોડીને સ્વશક્તિમાત્ર જે આત્મા એનું અવગાહન પ્રવેશ કરીને—એ બાજુ ઢળીને વિશ્વથી વિકલ્પથી માંડીને બધી ચીજથી ભિન્ન આનંદમાં પ્રવર્તતો. આવી વાત છે. આહા..હા..! કહો, આ અનુભવ થવાની આ પદ્ધતિ અને આ રીત છે. આહા..હા..! આકરી લાગે કે ન લાગે પણ માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! આ કરવાનું નથી? એમ કે કરવાનું શું ક્યાં છે એ સૂજ પડતી નથી, એક જણો એમ કહેતો હતો. અરે..! ભગવાન! આહા..હા..! જે જ્ઞાનશક્તિ સ્વભાવસ્વરૂપ છે પ્રભુ એવો જ્ઞાનભાવ જેમાં નથી એવા વિકલ્પો, જે ભાવથી બંધન થાય એ બધા વિકલ્પો અચેતન છે. આહા..હા..! એને છોડી અને સ્વચૈતન્યશક્તિ માત્રમાં અવગાહન કરી વિશ્વથી જુદો આનંદમાં પ્રવર્ત. આહા..હા..!

**શ્રોતા :-** બધા ભાવથી જુદો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદો. **'विश्वस्य उपरी'** **'લોકના ઉપર સુંદર રીતે પ્રવર્તતા...'** **'चरन्तं'** છેને? **'चरन्तं'**. આહા..હા..! અહીંયાં પ્રવર્તન હતું એ છોડીને આનંદમાં પ્રવર્તન કર્યું એમ કહે છે. આવી વાત છે. **'चारु'** **'સુંદર રીતે પ્રવર્તતા એવા આ એક કેવળ અવિનાશી...'** આ એક. એકરૂપ ભગવાન આત્મા.. આહા..હા..! કેવળ. એક એટલે એક કેવળ, એમ. પરમ છેને? **'એક કેવળ અવિનાશી આત્માનો આત્મામાં જ...'** આવા આત્માનો, એવા આત્મામાં જ. 'જ' છે જુઓ! એકાંત છે. સાક્ષાત્ **'कलयतु'** **'સાક્ષાત્ અનુભવ કરો.'** આહા..હા..! બહુ મૂક્યું. એક કળશમાં તો એકલો સાર મૂક્યો છે. માખણ છે. એની પદ્ધતિ આ છે અનુભવની. આત્માના અનુભવની આ રીત અને આ જ એક પદ્ધતિ છે, બીજી કોઈ રીત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિલોકના નાથ સર્વજ્ઞદેવ કહે તોપણ આ રીતે કહે. બીજું શું કહે એ? આહા..હા..! ઓલું નથી આવતું વ્યવહારનું કથન એ કથનમાત્ર છે. બુદ્ધિનો સાધિક બુદ્ધિવાળો હોય. આવે છેને કળશમાં? બહુ બુદ્ધિવાળો

હોય તો એટલું તો એને કહેવું પડે કે આ આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ ભેદ થઈ ગયો, વ્યવહાર થઈ ગયો. બહુ બુદ્ધિવાળો. ટૂંકું કહે તોપણ આ કહે.

અહીં એમ કહે કે ટૂંકું કહે તો એ જ્ઞાન તે આત્મા, ચિત્શક્તિ તે આત્મા એટલો ભેદ પાડીને કથન કરે. આહા..હા..! સમજાય છે કાંઈ? ગમે તેવો બુદ્ધિવાળો હોય એને ભેદ પાડ્યા વિના સમજાવે શી રીતે? સમજાણું કાંઈ? છેને આમાં? કળશમાં છે. ચોથો છેને. '**व्यवहारणनयः यद्यपि हस्तावलम्बः स्यात्**' શ્લોક છે. જેટલું કથન. વ્યવહારનો અર્થ કથન. તેનું વેદન જીવ વસ્તુ નિર્વિકલ્પ છે તે તો જ્ઞાનગમ્ય છે. એટલી અંતર જ્ઞાનથી જણાય એવી છે. તે જીવવસ્તુને કહેવા માગે ત્યારે એમ જ કહેવામાં આવે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવ. કોઈ બહુ સાધિક બુદ્ધિવાળો હોય તોપણ આમ જ કહેવું પડે. આ સિવાય કોઈ ઉપાય નથી. બહુ ટૂંકું કહે તો જ્ઞાનસ્વરૂપ તે આત્મા. લ્યો! આવો વ્યવહાર. બહુ બુદ્ધિવાળો હોય તો આટલો તો ભેદ પાડીને કહેવું પડે. આહા..હા..! આટલું કહેવાનું નામ વ્યવહાર છે. ત્યારે જુઓ વ્યવહારથી લાભ થયો કે નહિ? વ્યવહારથી જણાવ્યું છે, પણ વ્યવહારને અનુસરવાલાયક કહેનારને નથી અને સાંભળનારને વ્યવહાર અનુસરવાલાયક નથી. છે છેલ્લું. સમજાણું? પાંચમો શ્લોક છે. છે એમાં. મૂળ પાઠમાં છેને. વ્યવહારનય અનુસાર. ૮મી ગાથા. વ્યવહારથી કહીએ છીએ ટૂંકામાં દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય આત્મા. 'અતતિ ગચ્છતિ ઈતિ આત્મા'. 'આત્મા પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા' એવો વ્યવહાર કહીએ છીએ, પણ સાંભળનારને વ્યવહાર તરફનું અનુસરણ ન કરવું. વસ્તુ ત્રિકાળ છે ત્યાં અનુસરણ કરવું. આહહા..! આવી વાતું હવે. ત્યારે કહે, વ્યવહાર કહો છો શું કરવા જો અનુસરણ કરવાલાયક નથી તો? અરે.. ભાઈ! આહા..હા..! શું થાય? અરે..! આમ ને આમ અનાદિથી જકડાઈને એકાંતમાં (ચાલ્યો જાય છે).

ભગવાનસ્વરૂપ આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ એનાથી ખાલી ભાવને છોડને! લક્ષ છોડી દેને ત્યાંથી એમ કહે છે અને અહીં જાને! અહીં લક્ષ છોડીને અહીં જાને. જેમાં ખાલી ભાગ છે, ચૈતન્યના સ્વભાવથી અભાવ છે જેનો જેમાં એને છોડી દેને! આહા..હા..! અને જેમાં સ્વશક્તિ પ્રભુ આત્મા છે એમાં પ્રવેશને! એટલે એની સામું જાને! આહા..હા..! અને તેમાં તને અવગાહન કરતાં બધા વિકલ્પથી માંડીને પર જગતથી ભિન્ન '**चारु चरन्तं**' આનંદમાં પ્રવર્તન તારું થશે. આહા..હા..! આવી વાત હવે. આવો ઉપદેશ.

દયા પાળવી હોય, વ્રત પાળવા, અપવાસ કરવા એ મૂકે તો ઠીક લ્યો. એ તો બધો વિકલ્પ છે. એ તો ચૈતન્યના સ્વભાવથી ખાલી છે. આવું છે, બાપુ! શું થાય? ચોર કોટવાલને દંડે એવું છે આ તો. કેમ તમે ત્યારે વ્યવહાર કહ્યો? વ્યવહારથી કાંઈક લાભ હોય તો તમે વ્યવહાર કહ્યો કે નહિ! વળી તમે કહો કે વ્યવહાર અનુસરવાલાયક નથી અને વ્યવહાર તો તમે પોતે કહો છો. એય..! એવી વાતું છે, બાપા! ભાઈ! શાંત થા, નાથ! આહા..હા..!

તમે કેમ એ વાતથી કહો છો? તમે વળી વ્યવહારની ના પાડો અને વળી વ્યવહારથી કહો છો! ભાઈ! ગમે તેવો માણસ હોય. ત્યાં તો બે.. નિશ્ચય અને વ્યવહાર.. ૮મી ગાથામાં છે. એ વિકલ્પમાં આવ્યો છે સમજાવવા માટે એ બીજાને સમજાવે છે. અનુભવમાં હોય છે આનંદમાં ત્યારે તો એને કાંઈ સમજાવાનું છે નહિ. આહા..હા..! પણ વિકલ્પમાં વ્યવહારમાં આવ્યો છે અંદર. ત્યારે નિશ્ચય અને વ્યવહારનું ચક્કર બેય છે એની ... એમાં સમજાવે છે. આહા..હા..!

ભાઈ! તું દર્શન ને જ્ઞાન-આનંદસ્વરૂપ છો. એ વસ્તુમાં ભેદ નથી, પણ ભેદ પાડ્યા વિના તે સમજાવાય નહિ, તેથી ભેદનો આશ્રય કરવાલાયક છે એમ નથી. આહા..હા..! હવે આ વાત શી રીતે બેસે? એમ ઉપાદાનમાં પણ એમ છે. જે દ્રવ્યની પર્યાય (છે) તે ઉત્પન્નક્ષણ છે, એનો એ ઉત્પન્નક્ષણે જ થાય. ત્યારે સામે એ ચીજ છે બીજી એને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો પણ તે કાળનો ઉત્પન્ન-જન્મક્ષણ એનો છે. ઉપાદાનનો જન્મક્ષણ આનો છે. આનાથી થાય બેથી એ તો એક પ્રમાણનું જ્ઞાન કરાવવા માટે છે. આહા..હા..! થયું છે તો પોતાની સ્વકાળનો પર્યાય ઉત્પન્નનો છે એનાથી થયું છે. એ અંતરમાં ગયો છે એ પણ સ્વકાળની પર્યાયની ઉત્પત્તિથી ગયો છે. આહા..હા..! એટલે શું કહ્યું એ?

વસ્તુ જે જ્ઞાનદરિયો જ્ઞાનસ્વભાવ જ્ઞાનસિંધુ. કહ્યુંને ઓલા 'ચેતનાસિંધુ હમારો રૂપ હૈ. કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું.' આ એક આવ્યુંને? એક કેવળ. 'અપને રસસૈં ભર્યો અનાદિ ટેક.' અનાદિ મારા સ્વભાવથી ભરેલી એ વસ્તુ છે. 'મોહ કર્મ રાગાદિ મમ નાહિ.' 'મોહકર્મ મમ નાહિ નાહિ ભવકૂપ હૈ.' રાગ ભવનો કૂવો છે. આહા..હા..! ચાહે તો શુભરાગ હો, ભવનો કૂવો છે એ. આહા..હા..! 'મોહકર્મ મમ નાહિ નાહિ ભવકૂંપ હૈ, શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ.' આહા..હા..! આવી વાત. જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવો શુદ્ધ ચૈતન્યસમુદ્ર દરિયો પ્રભુ. આહા..હા..! સિંધુ કીધો હતોને? ચૈતન્યસિંધુ. આહા..હા..! જેના જ્ઞાનના સ્વભાવની શક્તિ બેહદ છે, અપરિમિત છે. જેની ચિત્શક્તિનું માપ થઈ શકે નહિ એવી શક્તિ છે આ. સમજાણું કાંઈ? એવો ચિત્સ્વભાવરૂપ ભગવાન આત્મા એ ભાવ શુદ્ધ ચેતનાસિંધુ છે. એની તરફ જા, અવગાહન કર અને તારા વિકલ્પના ભાવથી વિશ્વથી જુદો, આનંદમાં પ્રવર્તન તને થશે એનું નામ ધર્મ છે. આહા..હા..! આવી વાતું એટલે આકરી પડે માણસને. શું થાય? એનો કોઈ ઉપાય? સાધન ખરું કે નહિ? આ સાધન છે, ભાઈ! એ ઝઘડા વ્યવહારના. પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય આવે છે, ૧૭૨ ગાથામાં. એ તો સાધન તો એક જ પોતાનું છે, પણ જોડે રાગ છે ઈ કઈ જાતનો એનું જ્ઞાન કરાવવા સાધનનો ઉપચાર આરોપ કરીને કહ્યું છે. પણ કેમ બેસે, યથાર્થ સાધન આ, તો ઉપચાર સાધન આ. આહા..હા..! અરેરે..!

ઓહોહો..! **'એવા આ એક કેવળ અવિનાશી આત્માનો આત્મામાં જ...'** એમ.

નિર્વિકારી સ્વભાવ ચૈતન્યશક્તિ એનું પરિણમન જે છે એ નિર્મળ એ આત્મામાં. આત્મા અને આત્મામાં. સાક્ષાત્ એટલે **'પ્રત્યક્ષ અનુભવ કરો.'** આહા..હા..! **'कलयतु'** છેને? અનુભવો. **'સાક્ષાત્ અનુભવ કરો.'** આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવથી ભરેલી સ્વશક્તિમાત્ર પ્રભુ એનો અનુભવ કરવો, ઓહોહો..! એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ છે. હવે આમાં તો વ્યવહારને તો ઉડાવી દીધો છે. વ્યવહારમાં રાગ છે એ ચિત્શક્તિથી ખાલી છે, એથી એને છોડ. આહા..હા..! જેમાં ચિત્શક્તિ ભરેલી છે એટલે ચૈતન્યનું સ્વભાવનું સામર્થ્ય દરિયો છે એ. આહા..હા..! તેમાં પ્રવેશ-અવગાહન કરી વિશ્વ એટલે વિકલ્પથી માંડીને અનેરા પદાર્થથી ભિન્ન **'चारु चरन्तं'** આ બાજુ આનંદમાં પ્રવર્તન કર. આહા..હા..! અને એ આત્માનો અનુભવ કર. આહા..હા..! આત્મામાં આત્માથી આત્માનો અનુભવ કર. આત્માથી નામ નિર્મળ પર્યાય દ્વારા એનો અનુભવ કર. આહા..હા..! બહુ આવી વાતું, ભાઈ! માર્ગ તો આવો છે પ્રભુનો. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! પછી એને એકાંત ઠરાવી દે. એ વાત સાચી સમ્યક્ એકાંત છે આ. મિથ્યા અનેકાંત, વ્યવહારથી પણ થાય નિશ્ચય તો મિથ્યા અનેકાંત છે. આહા..હા..! બહુ શ્લોક. અવ્યક્તના બોલ કરીને બધો આખો કરીને આ એક શ્લોક મૂક્યો. અરસ, ગંધ આદિથી રહિત થઈને. આહા..હા..!

**શ્રોતા :-** ત્યાં અવ્યક્ત કહ્યું, અહીં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રગટ કર્યા. એ તો પ્રગટ તત્ત્વની પર્યાયને વ્યક્ત કીધી એટલે વસ્તુને અવ્યક્ત કીધી, પણ અહીં તો વસ્તુ પોતે પ્રગટસ્વરૂપ છે. આહા..હા..!

**'ભાવાર્થ :- આ આત્મા પરમાર્થે...'** પરમાર્થે **'સમસ્ત અન્યભાવોથી રહિત...'** આહા..હા..! પોતાનું ઉત્કૃષ્ટ લક્ષ્મીસ્વરૂપથી અર્થ પોતાનો ભાવ. આહા..હા..! એ સમસ્ત અન્યભાવોથી રહિત છે. ૧૪૮ પ્રકૃતિ છે આઠ કર્મની એ બધી બંધાવાના ભાવ છે એ બધા અચેતન છે. ચેતનના ભાવથી બંધન પડે? ચૈતન્ય જે નિર્મળ સ્વભાવ એ ચૈતન્યનું પરિણમન જે ચેતનનું એનાથી કાંઈ બંધન પડે? બંધન તો ચૈતન્યસ્વભાવથી ખાલી એવા અચેતનભાવ એમાંથી પ્રકૃતિનું બંધન અચેતનથી થાય. આહા..હા..! અને એ પુણ્યને તમે અધર્મ ન કહો, એમ કહે છે. અરે.. ભગવાન! એ પુણ્યભાવ આત્માના આનંદના પ્રવર્તનથી ભિન્ન ભાવ છે. તો આનંદનું પ્રવર્તન જે ધર્મ છે અને પુણ્યભાવ છે તે અધર્મ જ છે. સમજાણું કાંઈ? આવું છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ વાત છેને. હમણાં પહેલો પ્રશ્ન ઊઠ્યો હતો, થાતું ન હોય તો પણ સાંભળવા તમે શું કરવા આવ્યા નિમિત્તથી થાતું નથી તો? એક જણાને પ્રશ્ન થયો હતો હમણાં. વઢવાણ, કેશુભાઈ. ઓલા છેને દશાશ્રીમાળી કેશુભાઈ. હુશિયાર માણસ છે. એને પૂછયું બીજાએ કે જ્યારે તમે નિમિત્તથી માનતા નથી તો ત્યાં જાવ છો શું કરવા સાંભળવા? કે નિમિત્તથી થતું નથી એને દઢ કરવા જઈએ છીએ ત્યાં. સમજાણું કાંઈ? એવો

જવાબ દીધો હતો. કેશવભાઈ નહિ? કેશવભાઈ. નવી પરણ્યા છે. જૂનીના છોકરા ત્યાં છે. એને લોકોએ પ્રશ્ન કર્યો કે તમે નિમિત્તથી ન થાય, નિમિત્તથી ન થાય (એમ કહો છો તો પછી) સોનગઢ જાવ... સોનગઢ જાવ... સાંભળવા જાવ એ તો બધું નિમિત્ત છે. આહા..હા..! ભાઈ! અમે નિમિત્તથી ન થાય એને દૃઢ કરવા માટે ત્યાં જઈએ છીએ. અરે.. ભગવાન! આમ ન હોય, બાપુ!

'**આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશક્તિમાત્ર છે;...**' એ ચૈતન્યસ્વભાવમાત્ર સ્વરૂપ છે. નિત્યાનંદ ધ્રુવ, આહા..હા..! '**તેના અનુભવનો અભ્યાસ કરો...**' એ આનંદના નાથને અનુભવવાનો અભ્યાસ કરો. આહા..હા..! એ કર્તવ્ય છે '**એમ ઉપદેશ છે.**' સમજાણું કાંઈ? હવે એ એમ જ કહે કોઈ, જ્યારે તમે કહો છો કે આનંદનો અનુભવ કરો અને અમને ઉપદેશ આપો છો ત્યાં આનંદનો અનુભવ કરો ત્યારે તો આનંદનો અનુભવ નથી તમારે એ વખતે. અરે.. ભગવાન! એ પ્રશ્ન થયેલો સંપ્રદાયમાં, ભાઈ! ઓલું ૨૯મું અધ્યયન છેને ..નું. એમ કે વચનને ત્યાગવાથી—મૌનપણાથી શું લાભ થાય? નિવૃત્તિ મળે, સ્વરૂપ તરફ જાય. ત્યારે કહે, એમ જો લાભ હોય તો તમે કેમ અમને ઉપદેશ (આપો છો)? મૌનપણે નથી રહેતા અને ઉપદેશ આપો છો? શું થાય પણ હવે? અરે.. ભગવાન! બાપુ! શું થાય? આહા..હા..! તેથી કહ્યુંને કે વ્યવહારથી અબુદ્ધ જીવોને સમજાવવા માટે વ્યવહાર હોય, પણ એ વ્યવહારને જ પકડે કે 'તમે કેમ ત્યારે કીધું?' એવા વ્યવહારના પકડનાર સાંભળવાલાયક નથી, દેશનાને લાયક નથી, આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાય. દેશનાને લાયક નથી. આહા..હા..!

'**તેના અનુભવનો અભ્યાસ કરો એમ ઉપદેશ છે.**' આવ્યુંને ઉપદેશ છે. તો તમે ઉપદેશ કરો છો ત્યારે અનુભવમાં તો નથી તમે. અરે..! પણ સાંભળને. આહા..હા..! વસ્તુની સ્થિતિ વર્ણવાય ત્યારે તો ભાષા એવી જ આવે. વિકલ્પ પણ હોય એ વખતે. એ તો કીધું. આહા..હા..!

'**હવે ચિત્શક્તિથી અન્ય જે ભાવો છે તે બધા પુદ્ગલદ્રવ્યસંબંધી છે...**' ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો, પંચમહાવ્રતનો હો, એ બધા પુદ્ગલસંબંધી છે. છે? મનોહરલાલજી આ પ્રશ્ન કર્યો હતો. મનોહરલાલ છેને? જયપુરમાં પ્રશ્ન કર્યો હતો. રેલમાં બેસે છેને? ક્ષુલ્લક છે એ આવ્યા હતા કે આ બધા પુદ્ગલ કેમ કીધા? એની જાતમાં નથી અને વિકાર ઉત્પન્ન કરે એવો કોઈ ગુણ જ નથી. એથી પર્યાયમાં નિમિત્તને આશ્રયે થાય છે તો એના ગણીને કહે ત્યારે આત્મા નથી, પુદ્ગલના છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માના હોય તો આત્માથી જુદાં પડે નહિ અને જુદાં પડે તો એ આત્માના હોય નહિ. આહા..હા..!

'**એવી આગળની (છ) ગાથાની સૂચનિકારૂપે શ્લોક કહે છે :-**' લ્યો! ૩૬.

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३६।।

અહીં તો પુદ્‌ગલ જ બધાને કીધા છે, જાવ. આહા..હા..!

'શ્લોકાર્થ :-' '**चित्-शक्ति-व्याप्त-सर्वस्व-सारः**' આહા..હા..! '**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે...**' ભગવાન આખું ચૈતન્યશક્તિથી વ્યાપ્ત એ આત્માનો સાર છે, એ આત્મા છે. આહા..હા..! એ ભક્તિ પછી વાંચવાનું છે હોં! આવજો. આપણે વાંચવામાં શું વાંધો છે? ગમે તે ભલે કહે. એને બેઠું હોય એ કહે, એને બિચારાને. આહા..હા..! તમે કહો છો કે ઉપદેશ છે એ વાણીનો છે અને વાણીનો સહારો લઈને અમને ઉપાદાનથી થાય એમ બતાવો છો અને તમે તો વાણીનો સહારો લઈને કહો છો. અરે.. ભગવાન! ભાઈ! એમ ન પકડાય. આહા..હા..! આમ મૌન રહીને જો અમને બતાવો તો તો અમે માનીએ કે નિમિત્તથી ન થાય, પણ વાણી દ્વારા તમે કહો છો અને વળી કહો કે નિમિત્તથી ન થાય. આહા..હા..! બાપા! શું થાય? ભાઈ!

'**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર...**' આહા..હા..! સર્વસ્વ સાર. એકલો આનંદ અને જ્ઞાન, આનંદમય પ્રભુ જ્ઞાનનું દળ, આનંદનું દળ, શાંતિનું દળ એવી ચિત્શક્તિનું સર્વસ્વ સાર છે. ચિત્શક્તિનું સર્વસ્વ સાર પોતાનો સાર છે. આહા..હા..! '**अयम् जीव**' '**આ જીવ...**' આહા..હા..! ચૈતન્યશક્તિનું સ્વરૂપ જે સ્વસાર છે તે જીવ. ચૈતન્યશક્તિ સર્વસ્વ સાર તે જીવ. આહા..હા..! '**इयान**' '**એટલો જ માત્ર છે;...**' આ જીવ એટલો જ માત્ર છે. કેટલો? ચૈતન્યશક્તિથી પ્રસરેલો જેનો સર્વસ્વ સાર છે. આહા..હા..! જ્ઞાનશક્તિ, જ્ઞાનસામર્થ્યથી પ્રસરેલું સ્વસાર છે એટલો જીવ છે. આહા..હા..!

'**આ ચિત્શક્તિથી શૂન્ય...**' આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહા..હા..! આ તો સાદી ભાષામાં (કહેવાય છે). સરળ છે પણ હવે... આહા..હા..! ભાઈ! તારા હિતની વાત છે આમાં અને એમાં તું અવળાઈ કર, એમ નહિ. 'તો વ્યવહારથી કહો છો શું કરવા? તમે ઉપદેશ...' અરે.. પ્રભુ! સાંભળને ભાઈ! બાપુ! બીજું શું હોય? આહા..હા..! જો ઉપદેશથી બીજાને લાભ ન થાય તો ઉપદેશ કરો છો શું કરવા? અરે.. પ્રભુ! ભાઈ! વાણીને કાળે વાણી હોય, સાંભળનારને પણ એવું નિમિત્ત હોય, પણ તેથી સાંભળે છે માટે તેને જ્ઞાન ત્યાં થાય છે એમ નથી. ત્યાં તો જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થવાનો નિજક્ષણ છે. ૧૦૨ ગાથા, પ્રવચનસાર. આમાં પ્રવચનસાર નથી. નથી મૂકાણું? એમાં જોઉં છું, નથી. પ્રવચનસાર નથી. પંચાસ્તિકાય છે, આ નિયમસાર છે. જન્મક્ષણ કીધી છે. આહા..હા..!

આત્માને સ્વસન્મુખ થઈને જે નિર્મળ પર્યાય થાય એ એનો સ્વકાળ હતો. એ રાગ હતો માટે થઈ, નિમિત્ત રાગનું હો માટે આ જન્મક્ષણ થઈ એમ નથી, છતાં એને સાંભળવાનું

નિમિત્ત હોય છે અને સાંભળવામાં એનો વિકલ્પ પણ હોય છે, પણ એ વિકલ્પ છે તેથી એને અંદર જ્ઞાન થાય છે (એમ નથી). આહા..હા..! આવો માર્ગ બહુ અટપટો ભારે, ભાઈ! છેને? જન્મક્ષણ છે. જુઓ! **'વસ્તુની જે જન્મક્ષણ હોય તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી,...'** ઉત્પન્ન પર્યાય પર્યાયથી વ્યાપ્ત છે. વ્યયનો વ્યયથી વ્યાપ્ત છે, ધ્રુવનો ધ્રુવથી વ્યાપ્ત છે. આહા..હા..! જન્મક્ષણ છે એમાં.

પ્રવચનસાર છે, દિવ્યધ્વનિનો સાર છે. પંડિતજી! બાપા! સર્વસ્વસાર ન કીધું? એમ ભગવાનની દિવ્યધ્વનિનો સાર આ છે. કહે છે કે અમારી દિવ્યધ્વનિ તમે સાંભળો છો માટે તને જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. એ જ્ઞાનની પર્યાયની જન્મક્ષણ છે તે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે ન કહ્યું છેલ્લું? હે જીવો! હું સમજાવનાર છું અને તમે સમજનાર છો એવો ભેદ વિચારીશ નહિ, બાપા! એ વાણી અમે કરી એમ ન માનીશ, ભાઈ! અમે તો જ્ઞાનમાં છીએ એ વાણી ક્યાંથી કરીએ? આહા..હા..! હવે બોલે અને કહે કે હું જ્ઞાનમાં છું. આહા..હા..! જ્ઞાનમાં હું છું. હું વાણીમાં આવ્યો નથી અને વાણીએ તમને સમજાવ્યું છે એમ નથી. વાણી સમજાવનાર અને તમે સમજનાર એમ મોહથી ન નાચો એમ કહ્યું છે. પ્રવચનસાર. આહા..હા..! દુનિયાથી જુદી જાત છે, બાપા! એક ફેરી બેન કહેતા, ચોર કોતવાલને દંડે. એ શબ્દ મને ઘા લાગતા હતા. વાત સાચી. બહેને એકવાર કહ્યું હતું, ખબર છે? એવી ચીજ છે. આહા..હા..!

**'ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે એ બધાય પુદ્‌ગલજન્ય છે'** જોયું! **'पौद्गलिका'** એટલે. **'પુદ્‌ગલજન્ય...'** ખુલાસો કરી નાખ્યો. આહા..હા..! એ એનો પર્યાયનો ભાવ જ એને આશ્રયે થયેલો તે પુદ્‌ગલનો કહ્યો. પર્યાય આ તરફ ઢળી નથી અને પર્યાય નિમિત્ત તરફ ઢળી ગઈ આમ એટલે એનાથી જે ઉત્પન્ન થયેલા ભાવ એ બધા પુદ્‌ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'सर्वे अपि'** પુદ્‌ગલજન્ય ભાષા પાછું. જોયું! **'पौद्गलिका'** પુદ્‌ગલજન્ય--પુદ્‌ગલથી ઉત્પન્ન થતાં. જુઓ! ત્યારે વળી તમે કહો કે અશુદ્ધ ઉપાદાન પોતાથી થાય, કર્મથી ન થાય. કર્મના ઉદય છે તે નિમિત્ત છે અને વિકાર થાય તે અશુદ્ધ ઉપાદાન પોતાથી છે, એ નિમિત્તથી ન થાય. કઈ અપેક્ષાએ? એની પર્યાયમાં તે ઉત્પન્ન થવાનો ક્ષણ છે એને નિમિત્તથી થયું નથી, પણ અહીં નિમિત્તથી થયેલા ભાવને પરમાં નાખી દેવો છે. આહા..હા..! શુદ્ધ ઉપાદાનમાં એ નથી અને અશુદ્ધ ઉપાદાનનો પર્યાય તો એનો છે, પણ અશુદ્ધ ઉપાદાન કહો કો વ્યવહાર કહો, વ્યવહાર કહો કે પર કહો, પરની સાથે સંબંધથી ઉત્પન્ન થયેલો પરમાં છે. આહા..હા..! કાંતિભાઈ! આવું અટપટું છે. તમારે ત્યાં એટલું બધું અટપટું નહોતું ત્યાં પ્લેનમાં. પ્લેનમાં નોકર હતાને. પ્લેન સમજ્યા? પંદરસોનો પગાર. બ્રહ્મચારી છે. બાળ બ્રહ્મચારી છે. લાખોપતિ છે. પંદરસોનો પગાર છોડી દીધો બે-ત્રણ વર્ષથી. પ્લેનમાં હતા. અમે ગયા ત્યારે આવતા ત્યાં ટોપી પહેરીને. પ્લેનમાં બેસતા હતાને. છોડી દીધો. નોકરી છોડી દીધી. માસિક પંદરસોનો પગાર.

'એવા એ ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છે :-' લ્યો!

जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो।
ण वि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।।५०।।
जीवस्स णत्थि रागो ण वि दोसो णेव विज्जदे मोहो।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णित्थि।।५१।।
जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्डया केई।
णो अज्झप्पट्ठाणा णेव य अणुभागठाणाणि।।५२।।
जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा।
णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई।।५३।।

આ બધા પુદ્‌ગલજન્ય ગુણસ્થાન ને જીવસ્થાન. આહા..હા..! ભેદ પડ્યો છે.

णो ठिदिबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा।
णेव विसोहिट्ठाणा णो संजमलद्धिठाणा वा।।५४।।

સંયમ લબ્ધિના સ્થાન એ પુદ્‌ગલજન્ય કીધા. ભેદ પડ્યો. આહા..હા..!

णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स।
जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।।५५।।

હરિગીત.

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.
નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.
નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ છે નહીં; ૫૨.
જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.
સ્થિતિબંધસ્થાન ન જીવને, સંક્લેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.
નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,
પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.

એ જીવને જીવસ્થાન નથી. પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ કીધાને? પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ. આહા..હા..! ભગવાન આનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ એમાં બધા ભાવો દેખાય છે એ બધા પુદ્‌ગલના પરિણામ છે, ચૈતન્યના નહિ. આહા..હા..!

'ટીકા :-' રંગ નથી એમ કીધું હતુંને? રંગ છે એ ગુણ છે, આ એની પર્યાયો છે. **'કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય...'** ભાષા દેખો! આહા..હા..! પુદ્‌ગલના પરિણામ એ તો નહિ પણ પુદ્‌ગલપરિણામમય, આહા..હા..! **'હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.'** જીવદ્રવ્યથી ભિન્ન અહીં ન કહ્યું. આ બાજુ અનુભવ થતાં, આ બાજુ અનુભૂતિથી તે બધા ભિન્ન છે. અનુભૂતિ છે એ પર્યાય છે. આહા..હા..! પણ વળી પર્યાય છે દ્રવ્ય તરફ તે કાળમાં અનુભૂતિથી તેવી ચીજ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર તો અનુભવ એ ત્રિકાળને લીધો ૭૩માં, પણ એ બીજી વાત છે. ૭૩ ગાથામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન છે એ ત્રિકાળ. અહીંયાં તો એ લેવું છે કે આ બાજુ આમ ઢળ્યો છેને, અહીંથી ખસીને અહીં આવ્યો છે એવી જે અનુભૂતિ એનાથી આ રંગની પર્યાય આદિ ભિન્ન છે. આહા..હા..! અનુભૂતિનો વિષય ત્રિકાળ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? પણ એ રંગાદિના જે પાંચ પ્રકાર અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..!

**'જે સુરભિ અથવા દુરભિ ગંધ છે તે બધીયે જીવને નથી...'** આહા..હા..! મુનિ થાય છેને એને સુગંધ આવે શ્વાસમાં, એવું આવે છે. સાંભળ્યું છે? સમયસાર નાટક. મુનિને અંદર શ્વાસ જ સુગંધમય થઈ જાય છે. પરમાણુની પર્યાય. નિર્મળતા પ્રગટી છેને ઘણી ત્રણ કષાયના અભાવની. અતીન્દ્રિય આનંદની મોજમાં પડ્યો છેને એને શ્વાસ સુગંધમય હોય છે કહે છે. આહા..હા..! ન કરે દાંતણ. દાંત પીળા ન થાય અને ન કરે દાંતણ, ન કરે કોગળો. આહા..હા..! એવી નિર્મળતાની દશામાં... આહા..હા..! જેને શ્વાસમાં પણ સુગંધ આવે. આહા..હા..! ભગવાન ગંધમાં જાગ્યો છેને આનંદથી. આહા..હા..! સમજાણું કાંઈ? અમારે વિરજીભાઈ કહેતા એ કો'ક કસ્તુરી મૂકી ગયું હતું એને ઘરે. વિરજીભાઈ વકીલ હતા. એના છોકરા આવ્યા છેને. એના બાપનો બાપ. કો'ક મૂકી ગયેલું શેર, દોઢ શેર કસ્તુરી. માણસ બહુ ખાનદાન માણસ. આવીને મૂકી ગયું. પણ પેટીમાં રાખ્યું હતું કસ્તુરી. પણ પેટીમાં આમ બધા માથે દાબીને બધું આમ પણ એ બધા લૂગડાંની આસપાસ ઓલામાં ગંધમય થઈ ગયેલા. ઓલી કસ્તુરીની ગંધ. એ કહેતા હતા. કસ્તુરી ઊંચી હતી. કો'ક મૂકી ગયું હતું. ખાનદાન માણસ ને જાળવી રાખે પેટી પટારામાં. પણ એ જ્યાં કસ્તુરી હતી એના લૂગડા અને એની ઉપર કાગળ આડા એ બધામાં ગંધ આવી ગયેલી. આહા..હા..! એ વીરજીભાઈ કહેતા.

એમ અહીંયાં ભગવાન જ્યાં આનંદનો નાથ જાગીને જોવે છેને અંદર, પટારો ખોલે છે આનંદનો જ્યાં, ત્યાં શ્વાસમાં સુગંધ આવી ગઈ. સમજાણું કાંઈ? હવે આવું મુનિપણું આને કહે, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? એ પણ લખ્યું છે કે ત્યાંના માનનારાઓને ત્યાગ નથી અને ત્યાગીને એક આહારદાન જોવે છે ત્યાં આશ્રય થઈ જાય છે. વાહ ત્યાગ વાહ! એવું લખ્યું છે. અરે.. ભગવાન! અરેરે..! શું પ્રભુ તારે કહેવું છે, ભાઈ? આહા..હા..!

એવા વર્ણના પર્યાયથી ભિન્ન છે. સુગંધથી ભિન્ન છે. **'કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.'** કારણ કે આ બાજુ અનુભવમાં ગયો ત્યાં એનાથી ભિન્ન છે. આહા..હા..! ત્યારે ભિન્ન કહેવાય. આ ભિન્ન પડ્યો છેને? ભિન્ન થયો છે. ભિન્ન છે-ભિન્ન છે એમ ક્યારે કહેવાય? ભાષામાં કર્યો એમ નથી એમ કહે છે. આહા..હા..! એના તરફથી ખસીને આત્માની અનુભૂતિમાં આવ્યો છે, ત્યારે એનાથી ભિન્ન છે એમ કહેવાય છે. **'જે કડવો, કષાયલો,..'** આ રસ-રસ. **'કડવો, કષાયેલો, તીખો, ખાટો અથવા મીઠો રસ છે તે બધોય જીવને નથી...'** આહા..હા..! **'કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.'** એમ **'જે ચીકણો,...'** સ્પર્શ. **'લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અને કઠોર સ્પર્શ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.'** આહા..હા..! પછી ચારેય ભેગા નાખ્યા હવે.

**'સ્પર્શાદિસામાન્યપરિણામમાત્ર રૂપ...'** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બધાને સામાન્ય કરીને રૂપ કીધું એને. **'સ્પર્શાદિસામાન્યપરિણામમાત્ર રૂપ છે તે જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.'** વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૮, શનિવાર, તા. ૧૯-૦૬-૧૯૭૬,
## ગાથા-૫૦ થી ૫૫,
## પ્રવચન નં. ૧૦૦

આ આત્મા... ઔદારિકશરીર, વૈક્રિયકશરીર, આહારકશરીર, તૈજસશરીર, કાર્માણશરીર એ બધું જીવને નથી. એ કાર્મણશરીર જીવમાં નથી, જીવને નથી. કેમકે એ જડના પરિણામ સ્વતંત્ર પરિણમે છે. એમાં આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ અહીં કહેવામાં આવતું નથી. કેમકે અનુભૂતિથી કહ્યું છેને? આ કેવી શૈલી લીધી છે? આત્મદ્રવ્યથી ભિન્ન એમ નહિ, પણ જેણે પરથી ભિન્ન કરીને અનુભૂતિથી આત્માને જાણ્યો. આહા..હા..! આ શૈલી ત્યાં છે. પોતાની અનુભૂતિ એવો શબ્દ છેને? ભાઈનો છે જયચંદ્ર પંડિતનો. અપની અનુભૂતિ. નહિતર એ શબ્દ સંસ્કૃતમાં નથી.

વાત કહેવી છે કે પોતે આત્મા જે વસ્તુ અખંડ આનંદસ્વરૂપ એની દશાથી, એની દશા એટલે અનુભૂતિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા પરથી ભિન્ન પડી અને અનુભૂતિથી આત્માને જાણ્યો. આહા..હા..! એવી જે અનુભૂતિ એ પર્યાય છે. અનુભૂતિ આત્મા સન્મુખની

પર્યાય છે, એનાથી કાર્મણશરીર ભિન્ન છે. ઔદારિક તો ઠીક બધા, પણ હવે કર્મશરીર પણ ભિન્ન છે. આહા..હા..!

પંચાધ્યાયીમાં લીધું છેને કે શરીરને અને આત્માને કર્તાકર્મ નથી ભલે, આત્માને અને એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છેને? ત્રણ બોલ કાઢ્યા છે પંચાધ્યાયીમાં. .. છે ભલે હો, પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે નહિ? પણ નિમિત્ત સંબંધનું શું અહીં કામ છે? શરીર એને કારણે પરિણમે, આત્મા પોતાને કારણે પરિણમે એમાં નિમિત્તનું શું કામ છે? એમ લીધું. આ મોટી તકરાર છે. કાલે વાંચ્યુંને બધું? સ્યાદ્વાદ કરવો. કોઈ વખતે નિમિત્તથી થાય, કોઈ વખતે ઉપાદાનથી થાય, એમ કહેવા માગે છે.

અહીં કહે છે કે કોઈ વખતે પણ નિમિત્તથી થાય નહિ કેમકે નિમિત્ત પરવસ્તુ છે. પરનું પરિણમન પરને લઈને, સ્વનું પરિણમન સ્વને લઈને છે. એ ૫૭૧ ગાથા છેને પંચાધ્યાયીની. એ તે દી કહ્યું હતું, મખનલાલજીનું. એમ કે આ રીતે શરીરને અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છેને? આ શરીર આમ ચાલે છે જુઓ આ, તેમાં આત્માનું નિમિત્ત તો છેને? પણ નિમિત્ત છે એનો અર્થ શું? નિમિત્ત છે માટે શરીરનું એ પરિણમન થાય છે? આહાહા..! અને આત્માની અનુભૂતિનું પરિણમન એ શરીર છે તો થાય છે? કાર્મણ શરીરનો જરી અંદર ઉદયનો અભાવ (થયો) તેથી અહીં અનુભૂતિ થઈ એમ છે? આહા..હા..! ૫૭૧ ગાથાનો મખનલાલજીએ એવો અર્થ કર્યો છે. તે દી પહેલાં. સમજાણું? તે દી. તકરાર નહોતી એટલે સોનગઢથી તકરાર.. એ તે દીથી આવ્યું. આ એનું છે કે નહિ? તે દીનું આ તો ઘણાં.. (સંવત) ૧૯૮૨ની સાલ. ૮૨-૮૨. કેટલા વર્ષ થયા? ૫૪. ૧૮ ને ૩૨ ૫૦. **'अथोदवश्यमेततिमित्तनैमित्तिकत्वमस्ति मिथः' 'કદાચ મનુષ્યાદિ શરીરમાં જીવત્વ બુદ્ધિનું કારણ શરીર અને જીવનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય...'** એટલું તો કહો. **'એમ પણ કહી શકાતું નથી. કારણ કે જે પોતાની જાતે પરિણમનશીલ છે...' 'स्वतो वा परिणममानस्य'** એમ પાઠ છે. પંડિતજી! **'स्वतो वा परिणममानस्य किं निमित्ततया'** ત્યાં નિમિત્તનું શું કામ છે? આ લોકોને ઝઘડો પહેલેથી છે વર્ણીજીની સાથે.

**શ્રોતા :-** આ ટીકા કોણે કરી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. કરી છે રાજમલે. ટીકા મખનલાલજીએ કરી છે. ૫૭૧ ગાથા પહેલા ભાગની હોં! બે ભાગ છેને? પંચાધ્યાયીના બે ભાગ છે. પહેલા ભાગમાં નયનો અધિકાર છેને. ત્યાં તો તે દીની વાત છે આ તો. **'પોતાની જાતે પરિણમનશીલ છે.'** પરિણમનશીલ શબ્દ વાપર્યો છે ત્યાં. પાઠ છે **'परिणममानस्य'**. ... એણે પોતે કર્યું. જે શરીરાદિની પર્યાય એને કારણે આમ પરિણમે એમાં નિમિત્તનું કામ શું છે? કે આત્મા છે માટે આ શરીર ચાલે છે, ભાષા થાય છે, એમ છે જ નહિ. આહા..હા..!

**'જીવ અને શરીરમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શરીરમાં નિમિત્તતા અને જીવમાં**

**નૈમિત્તિકતાનો જ સૂચક હશે, તે સંબંધ બન્નેમાં એકત્વબુદ્ધિનો જનક કહી શકાતો નથી.'** નિમિત્ત કારણની એમાં પરરૂપતા આવતી નથી, તો પછી નિમિત્તે કર્યું શું? સમજાય છે કાંઈ? અને એમાં પણ આવે છેને? બનારસીદાસમાં. 'ઉપાદાન બલ જહાં તહાં નહીં નિમિત્તકો દાવ...' ત્યાં એમ આવે છે. બનારસીદાસ છેને. પાંચ શ્લોક છે, પાંચ. ઉપાદાન નિમિત્ત બળ જહાં તહાં. પોતાનું જ બળ છે ત્યાં નિમિત્તનું કામ શું છે? હો. આ કહેતા હતા ભાઈ ધન્નાલાલજી કે નિમિત્ત છે તો બહાર કરો.

**શ્રોતા :-** સમન્વય કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોનો સમન્વય કરે? સુતરની દોરી અને શું કહેવાય આ? નેતર. નેતરની સોટી નથી હોતી નેતર? નેતરને શું કહે છે? એની એક છાલ કાઢે અને સુતરની (કાઢે), બેથી રસ્સી થાય? એ દાખલો છે શાસ્ત્રમાં હોં. એમ પર અને સ્વમાં બેનું એકપણે પરિણમન છે એવું ત્રણકાળમાં નથી. નિમિત્ત છે માટે પરિણમે છે અહીં, શરીરનું પરિણમન જીવનું નિમિત્ત છે માટે છે એમ નથી અને જીવનું પરિણમન અનુભૂતિનું નિમિત્ત છે માટે શરીરનું પરિણમન છે એમ નથી. નિમિત્ત છે માટે ત્યાં પરિણમન છે એમ નથી. આહા..હા..!

**'નિમિત્ત કારણના નિમિત્તે તેમાં પરરૂપતા આવતી નથી. તેથી મનુષ્યાદિ શરીરમાં જીવ વ્યવહાર કરવો તે નયાભાસ છે.'** નયાભાસ, નય નહિ. આ નયાભાસના ચાર બોલ છે. એમાં જ આ બોલ છે. આહા..હા..! બહુ સરસ વાત છે. ૫૭૧. આપણે આમાં ભાઈએ કર્યો છે, ફૂલચંદજી. ફૂલચંદજીએ અર્થ કર્યા છેને પંચાધ્યાયીના. આહા..હા..!

શરીરની પરિણતિ શરીરમાં આત્મા છે નિમિત્ત માટે ત્યાં પરિણતિ છે, એમ નથી. આહા..હા..! અને કર્મનો ઉદયનો જરી મંદ અભાવ છે માટે અહીં અનુભૂતિનું પરિણમન થાય છે, એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ છે. હવે એ બધાને એમ કે કોઈ વખતે નિમિત્તથી થાય અને કોઈ વખતે (ઉપાદાનથી થાય) એવું કરે તો સ્યાદ્વાદ કહેવાય. એમ કહે છે લ્યો. એ સ્યાદ્વાદ થયો કે ફુદડીવાદ થયો એ તો? એકાંતવાદ છે મિથ્યા. ત્રણે કાળ ત્રણલોકમાં ક્રમબદ્ધ પરિણામ થતા જડ અને ચૈતન્યનું એ ઉપાદાનનું પરિણમન થતાં પરની એને અપેક્ષા છે નહિ. આહા..હા..! નિરપેક્ષ જ એનું પરિણમન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો વધારે ઓલું કાર્મણ શરીર લીધું છેને. કાર્મણ શરીરનું છે નિમિત્ત માટે અહીં પરિણમન થાય છે અને અહીં અનુભૂતિ થાય માટે કાર્મણ શરીરમાં કાંઈ અભાવ થોડો છે માટે (થાય છે), એની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..!

અને બીજી રીતે. આત્માથી ભિન્ન ન કહેતા એટલે કે રાગ, એ કર્મના શરીરની પરિણતિથી લક્ષ છોડીને જેણે આત્માના લક્ષે અનુભૂતિ કરી.. આહા..હા..! આત્માથી ભિન્ન કહેવું છે, પણ એને ઠેકાણે આત્માની અનુભૂતિથી ભિન્ન કહેવામાં.. તારી જે થઈ છે અનુભૂતિ એને માટે વાત કરી છે. આમ દેહથી ભિન્ન ચૈતન્યસ્વભાવ મારો ભિન્ન છે એવો અનુભવ થયો

એટલે અનુભૂતિની પર્યાયથી એને ભિન્ન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? નહિતર તો આત્માથી ભિન્ન કહેવું છે અહીં તો. પણ આત્મા તે દ્રવ્ય છે એનાથી ભિન્ન પરિણતિ કરે ત્યારે એને ફળ આવેને? આહા..હા..! ઝીણી વાત બહુ! આ નિમિત્તનો મોટો ગોટો ઊઠાવ્યો છે અને એકાંતવાદ છે એમ ઠરાવી દીધું છે. શું કરે છે? ભાઈ!

બાપુ! એમ નથી ભાઈ! સ્વતંત્ર પરમાણુની અને આત્માનો પરિણમન સ્વભાવ એ પરિણમન ક્રમ પ્રવાહરૂપે પરિણમ્યા કરે, એમાં બીજો હોય તો પરિણમે એમ ક્યાં છે? આહા..હા..! ઓલામાં નાખ્યું છે, નહિ? કાળદ્રવ્ય પરિણમે ક્યાંથી? એમ આવે છે. એવું આવે છે. કાળદ્રવ્યને સિદ્ધ કરવું છેને જ્યાં. કાળદ્રવ્ય ન હોય તો પરિણમન ન થાય, એ તો કાળદ્રવ્યનું સિદ્ધ કરવા માટે છે. પરિણમન તો સ્વતંત્ર બધાનું છે અને અહીં એ કહે છે. શબ્દ એવો છે. કાળદ્રવ્યને સિદ્ધ કર્યો છેને જ્યાં. આહા..હા..! કાળદ્રવ્યનું પરિણમનમાં નિમિત્ત છે એથી વાત કરી છે, પણ એથી પરિણમન કાંઈ કાળને લઈને છે? પરિણમન તો દરેક પદાર્થનું પોતાને કારણે તે તે સમયમાં છે, ક્રમસર છે, ક્રમબદ્ધ છે, પ્રવાહરૂપ છે, એકધારા પ્રવાહરૂપ છે. આહા..હા..!

આયતસમુદાય. કહ્યું છેને ત્યાં? પ્રવચનસાર. વિસ્તારસમુદાય. ગુણો આમ છે. એક સાથે અનંતગુણો પહોળા વિસ્તાર સાથે આમ છે. ત્યારે પર્યાય જે છે તે એક સાથે આમ ક્રમપ્રવાહરૂપે આમ છે, આયતસમુદાય. આહા..હા..! દોડતી. એમાં લખ્યું છે, દોડતી. પ્રવાહ દોડતો છે. એક સમય પણ જ્યાં (અટક્યા વિના) ધારાવાહી આમ ચાલ્યા જ કરે છે. આહા..હા..! ૯૪ ગાથા પ્રવચનસાર, જ્ઞેય અધિકાર છેને. આહા..હા..! અને પ્રવચનસારમાં ૧૦૨માં (એમ કહ્યું), દરેક પદાર્થની જન્મક્ષણ છે. તે તે પદાર્થનો તે પર્યાય જન્મ-ઉત્પન્નનો કાળ છે એટલે થાય છે, માટે નિમિત્ત છે તો થાય છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિમિત્ત ઉપર બહુ ધોકા માર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો આવ્યું છે આમાં બહુ એટલે.

નિમિત્ત નિમિત્તમાં છે. આ વસ્તુ વસ્તુમાં છે. કોઈ સમયમાં પણ નિમિત્તને લઈને અહીં પરિણમન છે તો તો પરિણમન એનો ક્રમ-પ્રવાહ ક્યાં ગયો એનો? સમજાણું કાંઈ? આહા..હા..!

આયતસમુદાય. પ્રત્યેક પદાર્થમાં ક્રમસર લંબાઈથી ક્રમ-પ્રવાહ થઈ રહ્યો છે. એને વચ્ચે દોડતો છે એટલે કંઈ પણ એક સમયનો જ્યાં આંતરો નથી. હવે એ પ્રવાહ છે, નિમિત્ત ભલે હો સામે. પણ નિમિત્તે કર્યું શું ત્યાં? આહા..હા..! નિમિત્ત તો નિમિત્તનો તત્કાળનો પર્યાય છે, આ કાળલબ્ધિ. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે કે દરેક દ્રવ્યને કાળલબ્ધિ હોય છે, એવો પાઠ છે. છએ દ્રવ્યમાં. એટલે છએ દ્રવ્યની જે સમયે જે પર્યાય પ્રાપ્ત થવાની તે તેનો કાળલબ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને સમયે થાય તે કાળની પ્રાપ્તિ. તે કાળે તે પર્યાયની પ્રાપ્તિ છે બસ. નિમિત્ત હો, પણ એથી અહીં કાંઈ થયું છે એમ છે

નહિ. સમજાણું કાંઈ? મોટો ભાઈ ઝઘડો છે અત્યારે આ. અરે..! પ્રભુ! ક્યાં તું? ક્યાં એને... વાત કાંઈક સ્યાદ્વાદ.. ઓલો અષ્ટસહસ્ત્રીમાં આવે ખરુંને બહુ, એ ગરી ગયું અહીં પાછું.

અહીંયાં તો સ્યાદ્વાદનો અર્થ એ છે કે પર્યાય તો ક્રમસર પોતાથી થાય, ત્યારે તે નિમિત્તથી નથી થતી એમ કહેવું એ અનેકાંત છે; પણ જ્યારે એમ કહેવામાં આવ્યું છે કે બે કારણે કાર્ય થાય ત્યાં એ તો બીજું નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? એ દાખલો આપે છેને અકલંકદેવનો? શું કહેવાય? અષ્ટસહસ્ત્રી નહિ, તત્વાર્થ-રાજવાર્તિક. રાજવાર્તિક. બે કારણ કાર્ય આવે છે. એ તો નિશ્ચયથી તો જે સમયનું કાર્ય છે એ પોતાથી છે. એવો નિશ્ચય રાખીને બીજું નિમિત્તનું જ્ઞાન વ્યવહારે કરાવે છે, ત્યારે પ્રમાણનું જ્ઞાન થયું. પ્રમાણજ્ઞાનમાં નિશ્ચયથી પોતાથી થાય એ વાતને રાખીને નિમિત્તનું જ્ઞાન કરાવવા પ્રમાણ કહ્યું છે. પ્રમાણ એ ઓલો નિશ્ચયથી થાય એનો નિષેધ કરીને નિમિત્તથી થાય એમ કહ્યું નથી. શું કહ્યું ભાઈ, સમજ્યા? આહા..હા..!

તેથી નય અધિકારમાં કહ્યું છે, પ્રમાણ કેમ પૂજ્ય નહિ? કે એમાં પર્યાયનો નિષેધ થતો નથી. નિશ્ચયમાં પર્યાયનો નિષેધ થાય. નિમિત્તનો નિષેધ તો ખરો. આહા..હા..! સમજાણું કાંઈ? નયચક્રમાં એમ લીધું છે. નિશ્ચયમાં તો એક જ વસ્તુ આવી અને પ્રમાણમાં તો બે આવ્યું—પર્યાય અને દ્રવ્ય. એમાં પર્યાય અને .. અહીંયાં તો પર્યાય અને દ્રવ્ય લીધું છે. સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો એક જ દ્રવ્ય આવ્યું-વસ્તુ અને પ્રમાણમાં તો દ્રવ્ય અને પર્યાય બે આવ્યા છે, તો પૂજ્ય થઈ જાય કે નહિ બે? કે ના. નયચક્રમાં કહ્યું છે. કેમકે તેમાં પર્યાયનો નિષેધ નથી માટે એ પ્રમાણ પૂજ્ય નથી. નિશ્ચયમાં પર્યાયનો નિષેધ છે અને સ્વનો આશ્રય છે માટે નિશ્ચયનય એ પૂજ્ય છે. આહા..હા..! આવી વાત ખુલ્લી ચોખ્ખી. એય.. પંડિતજી! અરે..! ભગવાન! કાંઈ છે.. બીજા.. કાંઈ વસ્તુ બીજી ફરી જાય છે? એની માન્યતા ગમે એમ કરે. આહા..હા..!

**શ્રોતા :-** એનું જ્ઞાન વર્તે છે કે તે પૂજ્ય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી. પૂજ્ય તો નિશ્ચય છે જે પર્યાયનો નિષેધ કરીને સ્વનો આશ્રય કરે છે. એ પ્રમાણ બે થઈને પ્રમાણ, પણ બીજી પર્યાયને ભેળવી, પણ ઓલી વાત તો રાખી અંદર કે જે સમયનું નિશ્ચય પરિણમન છે અથવા સ્વ-આશ્રય છે એ તો બરાબર છે. એ ઉપરાંત પર્યાયનું જ્ઞાન કરાવવા પ્રમાણમાં પર્યાયને ભેળવી, પણ ઓલું રાખીને. .. પ્રમાણજ્ઞાન સાચું ન થાય. એમ નિશ્ચય છે એ યથાર્થ રાખીને પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. એમ ઉપાદાનનું યથાર્થ જ્ઞાન કરીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી છે વસ્તુ.

અહીં તો ઓલું કાર્મણ શરીર આવ્યુંને. ભિન્ન ભગવાન આત્મા. આહા..! કર્મનો ઉદય છે એ તો જડની પર્યાય જડમાં, પુદ્‌ગલપરિણામ છે, એમ કહે છે. છેને? ઔદારિક. આ

ઔદારિક શરીર. ચાલે છે આ. એનું પરિણમન એને કારણે એ પુદ્‌ગલમય પરિણામ છે માટે થાય. આત્મા અંદર છે માટે આ ચાલે છે, એમ છે નહિ. આહા..હા..! એમ કાર્મણ શરીરનું પરિણમન રાગ અને નિમિત્ત છે માટે કાર્મણનું પરિણમન ત્યાં થાય છે, એમ નથી. રાગ છેને? રાગ છે માટે એ વખતે કાર્મણના પરિણમનને ચારિત્રમોહનીયપણે પરિણમવું પડે છે, એમ નથી. તે વખતે પરમાણુમાં તે રીતે પરિણમનનો સ્વકાળ છે તે રીતે પરિણમે છે, રાગની અપેક્ષા એને છે નહિ. આહા..હા..! આવી વાત, સમજાય છે, કાંતિભાઈ? મોટા ઝઘડા. આમાં વિદ્વતાનું કામ નથી. આ તો યથાર્થ વસ્તુનું કામ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**જે ઔદારિક, વૈક્રિયક શરીર છે...**' એમ. પણ છે ખરું. '**તે બધુંય જીવને નથી.**'

**શ્રોતા :-** શરીર વગરનો થઈ ગયો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર વિનાનો જ છે ત્રિકાળ. સમજાણું કાંઈ? અરે..! વસ્તુ અનંત છે એ અનંત અનંતપણે ક્યારે રહે? કે એકબીજાના કાર્યને ભેળવે નહિ તો અનંતપણે રહે. શું કહ્યું સમજાય છે? આનાથી અહીં થાય.. આનાથી અહીં થાય... આનાથી અહીં થાય.. એ પ્રત્યક્ષ અનંત તો રહેતું નથી. અનંતનું અનંતપણું ત્યારે રહે કે દરેકની પરિણતિ પોતાથી થાય અને બીજાથી ન થાય ત્યારે તેનું અનંતનું અનંતપણાની હયાતી સિદ્ધ થાય. આહા..હા..! ન્યાય સમજાય છે? શું થાય? પણ એ વસ્તુ નહોતીને એટલે લોકોને એકદમ.. એકાંત છે રે એકાંત છે. આહા..હા..!

એમ કે ઉપાદાનને સિદ્ધ કરવા માટે આવા નિમિત્તો તૈયાર કરે છે. ઉપાદાનવાદીઓ નિમિત્ત.. ... નિમિત્ત પ્રત્યક્ષ છે, છતાં કહે છે કે નિમિત્તથી થાય નહિ. એય..! આ બધા પુસ્તકો લખાય છે, આ બધા આમ થાય છે, બાબુભાઈ ધર્મચક્ર લઈને ફરે, હુકમચંદજી જ્યાં હોય ત્યાં શિક્ષણ-શિબિરમાં જાય, આવા નિમિત્તો દ્વારા તમારે ઉપાદાનને સિદ્ધ કરવો તો ઉપાદાનવાદીઓને નિમિત્તની .. એય..! અરે.. ભગવાન! શું થાય? આહા..હા..! તો તો એમ પણ કહ્યું કે ઉપાદાનથી થાતું હોય તો તમને દેખીને જ એને કાંઈક થાય, તો તમારે બોલવાની કાંઈ જરૂર નથી. એય..! આમાં નાખ્યું છેને. આવ્યું છે કાલે. ખબર છેને. પણ તમે બોલો છો, નિમિત્તનો આશ્રય જ્યારે લો છો ત્યારે બીજાને સમજાવી શકો છો. અરે.. ભગવાન!

**શ્રોતા :-** નિમિત્ત સિદ્ધ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત સિદ્ધ થયું, પણ નિમિત્તથી થયું એ ક્યાં સિદ્ધ થયું? આહા..હા..! કહો, મલૂકચંદભાઈ! આવી વાતું છે ઝીણી, બાપા! કાલે તાકડે આવ્યું અને આજે શરીરનું આવ્યું. આહા..હા..!

શરીરનો એક એક રજકણને તે તે કાળે પરિણમનનો એનો સ્વભાવ છે તે કાળે પોતાને કાળે પરિણમે છે, તેમાં નિમિત્તના ભાવનું શું કામ, બાપુ? ત્યાં એમ કહ્યું છે, 'ઉપાદાન

બળ જહાં તહાં નહિ નિમિત્તકો દાવ.' દાવ સમજ્યાને? આ નથી નાખતા મોટું? શું કહેવાય તમારે? પાસા નાખે છેને. દાવ-દાવ. મારો દાવ આમ આવ્યો. નિમિત્તનો દાવ એમાં આવતો જ નથી. આ કહ્યું છે. આહા..હા..! 'ઉપાદાન બળ જહાં તહાં નહિ નિમિત્તકો દાવ, એક ચક્રસે રથ ચલે રવિકો યહી સ્વભાવ.' બનારસીદાસમાં. સૂર્યનો. સૂર્યનો રથ એક પૈડે ચાલે છે. ... સમજાવ્યું છે. 'એક ચક્ર સે રથ ચલે રવિકો યહી સ્વભાવ.' આહા..હા..! અહીં નહોતું કીધું હિમાલય? મુંબઈ બનવ્યો હતો. .. નો. ૬૮ની છે સાલ. હિમાલય બનાવ્યો હતો મોટો. એડવર્ડનું હતુંને કાંઈક?

**શ્રોતા** :- વિક્ટોરિયા ગાર્ડન છેને એમાં બનાવ્યો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘણું બનાવ્યું હતું. અમે ગયા હતાને જોવા. પૈસા દઈને ગયા હતા. પૈસા દઈને. મારે તો બીજું કહેવું છે, એમાં એક એવું બનાવેલું. ડુંગરમાં રેલ એક પૈડાની એક પૈડાની, હોં! આ તો ત્યાં મોટું બનાવ્યું હતું. પછી વિંખાઈ ગયું. એ તો એ વખતે જે કાંઈ હતું. ... ઘણું હતું. ઘણી જાતના વાહન ને આ ને તે. ઘણા લાખો રૂપિયા ખર્ચેલા. એ વખતે તાકડે માલ લેવા ગયેલા પાલેજથી. નવરા હતા તો કહ્યું, ચાલો જઈએ. પણ ત્યાં નહોતા ગયા. છેટે જોયું હતું. એક પૈડાનું ચાલે છે. એક જ પૈડાનું એ જાતનું છે ત્યાં. મોટું કે એવું કાંઈક.

અહીં કહે છે કે રવિનું એક પૈડે ચાલવું, એમ દરેક પદાર્થનું એકલા પરિણમનનો સ્વભાવ છે માટે પરિણમી રહ્યો છે, બીજાની એને અપેક્ષા છે નહિ. આહાહા..! જેમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિશ્ચય એના નિશ્ચય પરિણમનમાં પરની અપેક્ષા નથી, નિરપેક્ષ છે. નિયમસાર બીજી ગાથામાં. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમ નિરપેક્ષ (છે). આહા..હા..! જેને વ્યવહારની કોઈ અપેક્ષા છે જ નહિ. વ્યવહાર કહો કે નિમિત્ત કહો. આહા..હા..! નિયમસાર. છે? બીજી ગાથા. '**નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે.**' બીજી ગાથા. કારણ આપ્યું. આહા..હા..! અંદરના વ્યવહારની અપેક્ષા .. નિમિત્ત છે એ. ઓલી બહારની ચીજ નિમિત્ત છે, આ અંદરનું નિમિત્ત છે. એની એને અપેક્ષા નથી એમ કહે છે. આહા..હા..! ચેતનજી! શું કહ્યું?

'**પૂર્વાચાર્યોએ પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં કથન કર્યું છે. નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે.**' નીચે. '**શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યક્ જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત હોવાથી...**' પરની નહિ અને ભેદની પણ નહિ. આહા..હા..! '**તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધરત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.**' બીજી ગાથા. સંસ્કૃત છે આ તો. 'परमनिरपेक्षतया निजपरमात्मतत्त्वसम्यक्श्रद्धानपरिज्ञाना-

**नुष्ठानशुद्धरत्नत्रयात्मक-मार्गो मोक्षोपायः**' આવું છે, પણ પોતાનો પક્ષ રાખવો છેને. બાપુ! આમાં પક્ષ નહિ, આ તો વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા..!

અહીંયાં આ સિદ્ધ કર્યું. '**ઔદારિક,...**' શરીર. એને ક્ષણે-ક્ષણે જે પરિણમન છે એ પુદ્‌ગલમયના પરિણામ છે, જીવ છે માટે એનું પરિણમન થાય એમ નથી. એમ વૈક્રયિક, આહારકશરીર બધા છેને. એને વિકલ્પ આવ્યો મુનિને કે મારે.. માટે આહારકશરીર બને છે એમ નથી. તે વખતે આહારકશરીરના પરમાણુનો પરિણમવાનો કાળ છે માટે આહારક શરીર પરિણમ્યું છે. આહા..હા..!

**શ્રોતા :-** ભરત મહારાજા વૈક્રયિકશરીર બનાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બનાવે? એ તો વાતું છે બધી. વૈક્રિયકશરીર છેને? છન્નું હજાર સ્ત્રી હતી. શરીરના રૂપ. એ વૈક્રયિકશરીરની પરમાણુની પર્યાય પુદ્‌ગલમય તે ક્ષણે તે જ રીતે પરિણમવાને કારણે પરિણમી છે. જીવની ઇચ્છા થાય કે આ શરીરથી આમ કરું માટે આવું થયું છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ?

એમ '**વૈક્રિયક,...**' એમ '**આહારક,...**' મુનિને. એમ '**તૈજસ અથવા કાર્મણ શરીર છે તે બધુંય જીવને નથી...**' પહેલું લીધું કે જીવને નથી. પછી એનું કારણ મૂક્યું. '**કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી...**' એવું સંસ્કૃતમાં વાક્ય છે. હિન્દીમાં મૂક્યું છે જયચંદ્ર પંડિતે. જયચંદ્ર પંડિતે. પાઠમાં નથી. અપની એટલે આપણે નાખ્યું. '**(પોતાની) અનુભૂતિથી...**' શબ્દ એવો લીધો કે જીવને નથી. ત્યારે નથી તો કારણ શું? આહા..હા..! ત્યાં પર્યાય લીધી. આહા..હા..! પોતાનો ભગવાન આત્મા પરથી ભિન્ન પડીને અનુભૂતિ કરી એ અનુભૂતિથી તે શરીરના પરિણામો તદ્દન ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ભાઈ! આવું કામ. આહા..હા..! એ છઠ્ઠો બોલ થયો.

સાતમો. '**સમતચતુરસ્ત્ર...**' સંસ્થાન. છેને આ શરીરનો, આકાર શરીરનો એ પણ એક પુદ્‌ગલમયના પરિણામ એને કારણે સમચતુરસ્ત્રસંસ્થાન પામ્યા છે. આહા..હા..! કર્મનું નિમિત્ત છે માટે કર્મને લઈને સમચતુરસ્ત્રસંસ્થાન થયું એમ પણ નથી. આહા..હા..! નામકર્મનો ઉદય છે સમચતુરસ્ત્રસંસ્થાનનો માટે સમચતુરસ્ત્રસંસ્થાન થયું (એમ નથી). આહા..હા..! ગજબ વાત છે! પુણ્યનો ઉદય છે અંદર માટે એને આ પૈસા આવ્યા એમ નથી, કહે છે. આહા..હા..! એમ ઉદયના પરિણામ ભિન્ન છે અને પૈસા આવ્યા એની પરિણતિ ભિન્ન છે. એટલે કર્મને લઈને એ પૈસા આવે છે એ વાત જૂઠી છે, કહે છે. એઈ..! આહા..હા..! શાતાના ઉદયને લઈને અનુકૂળ સંયોગો આવે છે એ પણ કથનમાત્ર છે, વસ્તુ એમ નથી. આહા..હા..! અશાતાના ઉદયને લઈને શરીરમાં રોગ આવે છે એ નિમિત્તના કથન છે. બાકી શરીરના પરમાણુઓ રોગરૂપે પરિણમવાનો કાળ તે રીતે પરિણમે છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ સમચતુરસ્ત્રસંસ્થાન.

**'ન્યગ્રોધપરિમંડળ,...'** એ છ સંસ્થાનના ભેદ છે. **'સ્વાતિક, કુબ્જક, વામન અથવા હુંડકસંસ્થાન છે તે બધુંય જીવને નથી...'** આહા..હા..! આ વામન અને કુબ્જા નથી થતાં? અહીં ખુંઢ હોય પાછળ એ બધો આકાર જડનો છે, એ પુદ્‌ગલના પરિણામ છે. આત્માને લઈને એમાં કાંઈ થાય છે (એમ નથી). પણ એણે પૂર્વે એવો ભાવ કરેલો અને પછી કર્મ બાંધ્યું એને લઈને થાય એમ પણ નથી અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચાર, પાંચ, છએમાં .. ભિન્ન છે. સંહનન લીધું. હાડકાની મજબૂતાઈ. એ વજ્રનારાચસંહનન વિના કેવળ ન થાય. નથી આવતું? કેવળજ્ઞાનની પર્યાય તો તેને પોતાને કારણે (થાય છે), દ્રવ્યને લઈને નહિ અને ગુણને લઈને નહિ. એમ નિશ્ચયથી તો એવી વાત છે. એ પર્યાયનું પરિણમન ષટ્‌કારકરૂપે તે પરિણમવાનો કાળ છે તેથી તે પર્યાય થઈ છે. વજ્રનારાચ છે નિમિત્ત માટે થઈ છે (એમ નથી). સમજાણું કાંઈ? સ્ત્રીને ત્રણ સંહનન હોય એને બીજું ન હોય એટલે કેવળ ન થાય. ... એવી યોગ્યતા છે. શરીર છે માટે એને સાધુપણું આવું સ્ત્રીમાં આવ્યું માટે આવતું નથી એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. સ્ત્રીનો દેહ જેને હોય એને આત્માની પરિણતિનું છઠ્ઠું ગુણસ્થાન આવે એ એની યોગ્યતા ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** મલ્લિનાથ તીર્થંકર થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગપ્પ માર્યો છે. કોણ તીર્થંકર થયા?

અરે..! ભગવાન ત્રિલોકના નાથ એને સ્ત્રી શરીર અને પ્રતિમા સ્થાપી પુરુષની પાછી. શું કહ્યું સમજાણું? શ્વેતાંબર લોકો મલ્લિનાથને સ્ત્રી કહે છે અને સ્થાપે એમાં પુરુષનો આકાર. દેરાસરમાં સ્ત્રી ન સ્થાપે એ. અરેરે.. બહુ બાપુ! ભાઈ! બહુ ફેરવી નાખ્યું ભાઈ સત્યને. આહા..હા..! બે વાર આવ્યું નહોતું? સૂત્રપાહુડમાં. ૧૦મી ને ૨૩ .. ઉન્માર્ગ છે. આહા..હા..! કુંદકુંદાચાર્યનો પોકાર છે. એ દશાનું સ્વરૂપ જ એવું છે. જેને કેવળજ્ઞાન થવાનું છે એની દશા શરીરની નગ્ન જ હોય. વસ્ત્રસહિત હોય એને મુનિપણું આવે અને વસ્ત્રસહિતમાં કેવળ થાય એ વસ્તુનું સ્વરૂપ નથી. વસ્ત્ર નથી માટે કેવળ (થાય છે) એમ પણ નથી.

**શ્રોતા :-** ... આડી આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે કીધું આડી આવે? એની પર્યાયમાં એવી યોગ્યતા છે માટે એ.. આહા..હા..! એ કહ્યું હતુંને એક ફેરી? કુમુદવિજય. કુમુદવિજય .. હતાને સાધુ અહીં ચાર મહિના અહીં રહ્યા. .. અંદર કહે વાત તો સાચી, બહુ સાચી. પણ શું કરવું? અમે કાંઈ કોઈને કહેતા નથી કે શું કરવું. અમે કોઈને કહેતા નથી કે તમે છોડો. અહીં કોણ કહે? મરજી આવે એમ કરોને, અમારે શું છે? એટલે બે વાર અંદર આવીને કહ્યું, શું કરવું? એમ કે કાંઈક કહો. એનો અર્થ એમ. અહીં રહો તો આ છોડો. અમે કોઈને કહેતા નથી. અહીં પાંજરાપોળ નથી બધાને ભેગા કરવા. અહીં કહ્યું .. એ લોકો વસ્ત્રથી વસ્ત્રને લઈને મુનિપણું આવતું નથી. એક કોર પરદ્રવ્ય નુકસાન કરે નહિ એમ માને અને એક કોર વસ્ત્રસહિતને મુનિપણું

આવે નહિ એમ માને. અરે..! ભગવાન! ભાઈ! વસ્ત્રની .. નથી. જેને એ લેવાનો વિકલ્પ છે એ ભૂમિકામાં મુનિપણું હોઈ શકે જ નહિ. સમજાય છે કાંઈ?

જે મુનિપણાની દશા છે એ સંવર-નિર્જરાની મધ્ય દશા. ઉત્કૃષ્ટ દશા તો કેવળ થઈ જાય. પણ મધ્યમ દશાનો સંવર અને નિર્જરાનો જે સમય છે એનો એનામાં આસ્રવનો વિકલ્પ એ હદનો ન હોય કે વસ્ત્ર લેવું કે એને માટે આહાર-પાણી કાંઈ લેવા, એવો વિકલ્પ એ ભૂમિકામાં હોય જ નહિ. એટલે એવો આસ્રવ એને હોય નહિ, એટલે આસ્રવમાં ભૂલ; અને એટલો આસ્રવ છે ત્યાં સંવર, નિર્જરા મુનિપણું ન રહે તો સંવર, નિર્જરાની ભૂલ; સંવર-નિર્જરાની ભૂલમાં આત્માનો આશ્રય કરે ત્યારે સંવર-નિર્જરા થાય તો આસ્રવની ભૂલ અને મુનિપણું જેને અંતરમાં આવે એને અજીવનો સંયોગ વસ્ત્રાદિનો ન હોય તો અજીવની ભૂલ. બાપુ! એમ છે. કુંદકુંદાચાર્યે એમ નથી કહ્યું. વસ્ત્રનો ધાગો રાખે તો મુનિપણું નિગોદમાં જાય. શું કરવા કહ્યું? ભાઈ! એમાં તત્ત્વની વાત એકેએક ફરી જાય છે. સત્ય તત્ત્વની કોઈ ગંધ રહેતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ એ અહીં કહે છે જુઓ!

સંહનનમાત્ર નથી. પુદ્‌ગલદ્રવ્યના પરિણામ આ સંહનન. '**અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન છે તે બધુંય જીવને નથી...**' આહા..હા..! '**કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' પુદ્‌ગલદ્રવ્યના પરિણામ એકલા નહિ, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય. આહા..હા..! '**અનભૂતિથી ભિન્ન છે.**' એ તો ઠીક. હવે આવ્યું આપણું. ત્યાં સુધી તો અજીવ લીધા. ચોખ્ખા અજીવ. હવે જરી..

'**જે પ્રીતિરૂપ રાગ છે...**' જોયું! એ શુભરાગ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ રાગ '**તે બધોય જીવને નથી...**' એ પંડિતજી! સમજાણું કાંઈ? પ્રીતિરૂપ રાગ એટલે રાગનો શુભભાવ. આહા..હા..! '**તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય...**' આહા..હા..! આકરી વાત બહુ પડે. મહાવ્રતના પરિણામ રાગ પુદ્‌ગલના પરિણામ એમ કહે છે. સ્વભાવમાં કોઈ એવો ગુણ નથી કે વિકારપણે પરિણમવું. પર્યાયમાં છે તો નિમિત્તને આધિન થાય છે એટલે થાય છે એટલે એને પુદ્‌ગલના પરિણામ કહી દીધા છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયના ભાવને પણ અહીં પુદ્‌ગલના પરિણામ કીધા છે. હવે એ પુદ્‌ગલના પરિણામ વ્યવહારરત્નત્રયથી જો થાય તો પુદ્‌ગલથી ચૈતન્યને આનંદ થાય એવું થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો '**પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી...**' ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનો પુંજ, આનંદનો કંદ પ્રભુ.. આહા..હા..! એને આ રાગના પરિણામ, પુદ્‌ગલમય પરિણામ જીવને-વસ્તુને નથી. આહા..હા..! '**કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' પર્યાય અંતરમાં વળી છે એવી અનુભૂતિથી તે રાગ ભિન્ન રહી ગયો. આહા..હા..! શાસ્ત્રોના અર્થ કરવામાં ગોટા છે મોટા. પોતાની દૃષ્ટિએ કરે

જેમ મન ચાહે તે પ્રમાણે. હવે શું અહીં તો કહે છે? ચોખ્ખું અહીં તો કહે છે. કર્મના નિમિત્તે અહીં રાગ થાય છે. જુઓ, આમાં આવ્યું. શું કરવા કહ્યું છે અહીં? શુદ્ધ ઉપાદાનના સ્વભાવની દૃષ્ટિથી જીવને જોઈએ તો શુદ્ધ ઉપાદાન તરફ ઢળેલી અનુભૂતિ એનાથી રાગ ભિન્ન રહી જાય છે. માટે તે પુદ્‌ગલપરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો પ્રીતિરૂપ જે રાગનો પ્રેમી છે, પ્રીતિરૂપ રાગ એનો જેને પ્રેમ છે એને પુદ્‌ગલનો પ્રેમ છે, એને આનંદનો નાથ ભગવાન એના પ્રત્યેનો પ્રેમ નથી, એના તરફ એ વળેલો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને શુભરાગનો પ્રેમ છે તે ભગવાન આત્માના પડખે ચડ્યો નથી, એના પ્રત્યેનો એને અનાદર છે. આહા..હા..! આ નવમો બોલ છે. **'પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી...'** શુભ અને અશુભ બેય હોં! આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ છે એનાથી પ્રીતિરૂપ રાગ જીવને નથી. કેમકે પુદ્‌ગલના પરિણામમય હોવાથી તેના આશ્રયે અનુભૂતિ થઈ નથી. અનુભૂતિ તો સ્વદ્રવ્યને આશ્રયે થઈ છે. તેથી તે પ્રીતિરૂપ પરિણામ પર રહી જાય છે. પુદ્‌ગલના પરિણામથી રહી જાય છે એ તો. આહા..હા..!

આ ૧૨મી ગાથાનો બધાને વાંધો છે લ્યો. આજે જોયું ઓલું. ... નું જોયું હતુંને અલ્પનું? એવા ઘણા જોયા .. ને એમાં ઓલા જીવરાજભાઈનું છેને એ. જીવરાજ ગૌતમનું. પુસ્તક છે અહીં. ત્યાં પાછળ અમારું નામ લખ્યું છે કે કાનજીસ્વામી પણ વ્યવહારનયને પ્રયોજનવાન કહે છે. શી રીતે પ્રયોજનવાન કહે છે? રાગ છે તેને જાણવું એ પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન. એ પુસ્તકમાં આ લખ્યું. તે દી વાંચ્યું હતું ખરું. કાલે વાચ્યું. જીવરાજ ગૌતમ તરફથી છેને એક પુસ્તક છપાણું. મહારાષ્ટ્ર. બ્રહ્મચારી. બે વાર નામ નાખ્યા છે પછી. આ પ્રમાણે વ્યવહાર પણ પ્રયોજનવાન છે. પણ કઈ રીતે? નિશ્ચયના સ્વભાવનો આશ્રય થઈ અનુભૂતિ થઈ છે, સમ્યગ્દર્શન થયું પણ પર્યાયમાં હજી અપૂર્ણતા છે, રાગનો ભાગ છે, તેનો .. છે. **'तदात्वे'** જાણેલો પ્રયોજનવાન છે. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એમ બીજે સમયે પાછો રાગ મંદ .. હોય, શુદ્ધતા વધી હોય એટલે તે તે કાળે જાણેલો પ્રયોજનવાન એમ કહેવામાં આવ્યું છે. શું કીધું સમજાણું?

**'विचित्रवर्णमालिकास्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्'** એ ૧૨મી ગાથા. ૨૬ પાનું છે આમાં. ૧૨મી ગાથા. એનો શબ્દાર્થ પૂરો થાય અને પછી ટીકાનો છેલ્લો શબ્દ, છેલ્લી લીટી. છે? શું કહ્યું? **'व्यवहारनयो'** જુઓ! વ્યવહારનય છે? **'विचित्रवर्णमालिकास्थानीयत्वात्प'** સોનામાં જેમ અગ્નિ લગાવે ભિન્ન-ભિન્ન-ભિન્ન ... થાય સોનામાં. એમ **'परिज्ञायमानस्तदात्वे प्रयोजवान्;'** તે કાળે તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. આની મોટી તકરાર. શાહુજી ત્યાં કલકત્તા. આમાં આવે છેને? **'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं। ववहारदेसिदा पुण'** વ્યવહારનો ઉપદેશ કરવો, નીચલાવાળાને વ્યવહારનો (ઉપદેશ કરવો). એ ઉપદેશની વાત છે જ નહિ. એણે જીવરાજજીએ એમ નાખ્યું છે, વ્યવહારનો

ઉપદેશ છે આ. કાનજીસ્વામી પણ કહે છે પ્રયોજનવાન છે. અરે..! ભાઈ!

અહીં કહે છે કે વસ્તુ છે ત્રિકાળી ચૈતન્ય વસ્તુ એનો આશ્રય થતાં સમ્યક્ થયું, પણ પર્યાયમાં જે અપૂર્ણતા રહી છે, શુદ્ધતા પૂરી નથી અને અશુદ્ધતાનો ભાગ છે એને ક્યાં નાખવો? નિશ્ચય તો થયું. તો અહીં .. વ્યવહારમાં. વ્યવહારે તે કાળે જાણેલો વ્યવહાર છે. વ્યવહારનો વિષય છે, વ્યવહારનય છે. નય છે એ વિષયી છે, એનો વિષય છે. આહા..હા..! સમજાય છે? આહા..હા..! જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન છે એમ નથી. શબ્દ છે? '**परिज्ञायमानस्तदात्वे**' તે તે સમયનો તે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! વાણિયાને ધંધા આડે નવરા ન હોય એમાંથી આવી ઝીણી વાતું હવે. એય..! ગિરધરભાઈ! ભાગ્યશાળી કે આવી ગયા. આહા..હા..! એ તમારો કહેતો હતો નટુ, કપુરભાઈનો. એ કહેતો હતો. (સંવત) ૧૯૯૪માં આવ્યો હતો. જુઓ! ૧૨મી ગાથામાં (કહ્યું છે). અરે.. પણ શું કહ્યું છે? ૧૨મી ગાથામાં તો જે નિશ્ચયદ્રવ્યનો આશ્રય થઈને સમ્યક્ થયું છે. હવે પર્યાયમાં અપૂર્ણતા છે એને શેમાં નાખવી? પર્યાયમાં અપૂર્ણતા છે એ વિષય કઈ નયનો? ત્રિકાળ છે એ તો નિશ્ચયનયનો વિષય. સમજાણું? સાધકપણું છે. અપૂર્ણતા એ અશુદ્ધ છે, અશુદ્ધતા પણ છે એને કઈ નયમાં નાખવું? કે વ્યવહારનયનો વિષય છે એટલે તે કાળે વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! ૧૨મી ગાથા. છે? એ ત્યાં પાછું આ નાખે. '**जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह**'. એનો અર્થ વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર આશ્રય કરવાલાયક છે માટે વ્યવહારને કહ્યો એમ નથી. વ્યવહાર ન હોય તો ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન વ્યવહાર છે. સમજાણું? એ તીર્થનો નાશ થશે. તીર્થની પર્યાયના ભેદ છે એ નહિ રહે. વ્યવહારનો વિષય છે ખરો અને નિશ્ચયનો વિષય તત્ત્વ છે આખું. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. અરે..! વાદવિવાદ ને ઝઘડા.

'**જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી...**' પછી શુભ હો કે અશુભ બેય હોં. '**તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' આહા..હા..! ભાઈએ એ પ્રશ્ન કર્યો હતો ને. વર્ણી મનોહરલાલ. બે વર્ષ પહેલાં આવ્યા હતાને, જયપુર ગયા ત્યારે આવ્યા હતા. પુદ્ગલ કેમ કીધા એને? ભાઈ! એના સ્વભાવમાં નથી અને એની કોઈ એક શક્તિ નથી કે વિકારરૂપે થાય. એ પર્યાયમાં થાય છે તો પર્યાય એનો ધર્મ છે. પર્યાયનો ધર્મ છે કે વ્યવહાર .. થઈ ગયો. વ્યવહારનો અર્થ કે પુદ્ગલ તરફથી નિમિત્તને આધિન થયેલું છે એટલે એના પરિણામ કીધા, આત્માના નહિ, એમ.

અશુદ્ધનિશ્ચયથી તો એના પર્યાય છે. અશુદ્ધનિશ્ચયથી તો રાગની પર્યાય એનામાં છે, પણ અશુદ્ધનિશ્ચયને વ્યવહાર કહીએ. એ તો અશુદ્ધનિશ્ચય તો એના પર્યાય માટે ખરેખર વ્યવહાર. વ્યવહાર કહીએ તો એ પરમાં જાય છે. આહા..હા..! અસદ્ભૂત વ્યવહારનય. આવે છેને? રાગને અસદ્ભુત વ્યવહારનયે પોતાનો કહ્યો. જણાય છે તેટલો અસદ્ભૂત ઉપચારનય.

જણાય નહિ એટલો અસદ્ભુત અનુપચારનય. આહા..હા..!

'**જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી...**' રાગના અસંખ્ય પ્રકાર. દયા, દાન, ભક્તિ, વગેરે અસંખ્યાત. એમ અશુભરાગના પણ અસંખ્ય પ્રકાર. એટલે કીધું, રાગ છે તે બધોય. બધોય એટલે રાગના જેટલા પ્રકાર છે, એમ. '**બધોય જીવને નથી...**' આહા..હા..! આમ કહે દસમા ગુણસ્થાન સુધી રાગ છે, લોભ. લોભનો ઉદય છેને દસમે. એ છે એ તો એની પર્યાયનું જ્ઞાન કરાવ્યું, પણ અહીં વસ્તુની દૃષ્ટિએ તે રાગના પરિણામ પુદ્ગલમય છે. એમાં અનુભૂતિથી ભિન્ન પડી ગયા. આહા..હા..! આવી વાત. ઓલી તો સીધી દયા પાળવી, દાન કરવું, અપવાસ કરવા એવી વાત સહેલી હતીને. રખડવાની. આહા..હા..! પુદ્ગલદ્રવ્યના પરિણામ અસંખ્ય પ્રકારનો રાગ. આહા..હા..! એમ અશુભરાગ પણ અસંખ્ય પ્રકારનો એ બધો જીવને નથી. જડને છે? હા, જડમાં છે, પુદ્ગલના પરિણામ છે. અહીં અજીવ અધિકાર ચાલે છેને? એને અજીવમાં નાખ્યા. જીવ-અજીવનો અધિકાર છેને? રાગના પરિણામ તે અજીવ છે કેમકે તે અચેતન છે કેમકે તેમાં ચૈતન્યના જ્ઞાનનો અંશ નથી. માટે તેને પુદ્ગલમય કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ, આવી.

'**(પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' પહેલું એમ કહ્યું કે રાગ છે તે જીવને નથી. એમ કહીને પછી અનુભૂતિથી કારણ આપ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ... શબ્દ વાપર્યો છેને? એને એ રાગના પરિણામ પુદ્ગલમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે માટે જીવમાં નથી. આહા..હા..! જીવમાં જો હોય તો જુદો અનુભવ પડે નહિ. શું કહ્યું સમજાણું? રાગ જો જીવનો હોય તો જીવને આશ્રયે અનુભૂતિ થાય છે એ અનુભૂતિ થાય નહિ. આહા..હા..! ચેતનજી! આવી વાત છે. કારણ કે જો જીવનો હોય તો રાગથી ભિન્ન પડીને અનુભૂતિ થાય નહિ. જીવને આશ્રયે અનુભૂતિ થાય છે. આહા..હા..! આ તો સર્વજ્ઞનો માર્ગ, બાપુ! એવો છે વીતરાગનો. આહા..હા..! એ નવ બોલ થયા.

'**જે અપ્રીતિરૂપ દ્વેષ છે...**' દ્વેષના બે પ્રકાર છે. એક શુભદ્વેષ અને અશુભદ્વેષ. આમ પંચાસ્તિકાય.. દ્વેષ લીધો નથી. પણ આત્માનું.. છેને? શું કહેવાય એ? સિંહને મારે છે ને. સાધુ છે એ આમ બેઠા સાધુ. એમાં સિંહ આવે છે અને એક માણસ ઊભો છે. તો સિંહ આમ છાપો મારવાને તો ઓલો બચાવ કરે છે તલવાર લઈને. આત્માવલોકનમાં છે. સાધુને બચાવવા માટે છે, મારવા માટે નથી. શું કહ્યું સમજાય છે? મુનિ તો ધ્યાનમાં બેઠા છે ને સિંહ આવ્યો. ઓલો રાજા સાથે ગયો છે. અને એકદમ તલવાર (મારી). આને ઉગારવા માટે, મારવા માટે નથી. હેતુ કાંઈ મારવાનો નથી, હેતુ આને ન મારવાનો છે, આને બચાવવાનો છે એટલે એને શુભભાવ કીધો છે. છે દ્વેષ પણ શુભ છે. એ શુભભાવ કીધો છે. આહા..હા..! ત્યાં મરીને સ્વર્ગમાં જાય અને સિંહ મરીને નરકમાં જાય. કારણ કે એને આને મારવાનો ભાવ હતો, આને આને બચાવવાનો ભાવ હતો. એથી ઓલાને અશુભભાવ હતો સિંહને,

આને શુભભાવ છે. આહા..હા..! એમાં લીધું છે. સમજાણું? શુભદ્વેષ. પંચાસ્તિકાયની .. એ દ્વેષને શુભ માને છે. એને અશુભમાં નાખ્યું છે પંચાસ્તિકાયમાં. પણ અહીં બેય લઈએ.

'**જે અપ્રીતિરૂપ દ્વેષ છે...**' અણગમો છે. આહા..હા..! કોઈપણ ચીજને દેખીને પ્રતિકૂળ ન લાગીને અણગમો થયો એવા અણગમાના ભેદ પણ અસંખ્ય છે. એ '**દ્વેષ તે બધોય જીવને નથી** કારણ કે...' જીવને નથી એનું કારણ? કે જીવ જ્યારે અનુભૂતિ કરે છે ત્યારે રાગ ભિન્ન રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે બધોય...**' બધોય એટલે ઘણા પ્રકાર થયા દ્વેષના. '**તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી** (પોતાની) **અનુભૂતિથી ભિન્ન** છે.' લ્યો ૧૦મો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## જેઠ વદ-૯, રવિવાર, તા. ૨૦-૦૬-૧૯૭૬, ગાથા-૫૦ થી ૫૫, શ્લોક-૧૧ થી ૧૮, પ્રવચન નં. ૧૦૧

આ જીવ-અજીવ અધિકાર, સમયસાર. જીવથી રાગાદિ અન્ય છે તેથી તેને અજીવમાં નાખ્યું છે. અજીવ અધિકાર છેને. અજીવ છે એમાં ચૈતન્યના જ્ઞાનનો સ્વભાવ નથી, એથી તે અજીવ છે. જીવ તો ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્યશક્તિ-ચૈતન્યસ્વભાવ એ રાગમાં નથી. માટે તેને વ્યવહારરત્નત્રયના વિકલ્પને પણ અચેતન અને અજીવ કહ્યો છે. સમજાણું કાંઈ? દસ બોલ ચાલ્યા છે. ૧૧મો. ૨૯ બોલનો ઉકરડો અમારે નારણભાઈ કહેતા. આ ૨૯ બોલનો ઉકરડો છેને. ભેદ. જીવમાં નથી, જીવમાં નથી. આહા..હા..! '**જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ...**' એટલે? વાસ્તવિક ચિદ્ઘન આત્મા એની પ્રાપ્તિનો અભાવ એવો જે '**મોહ છે તે બધોય જીવને નથી...**' આહા..હા..! પુદ્ગલ-પુદ્ગલ.

ચૈતન્યની શક્તિનો એમાં અભાવ છે. અને જીવને નથી કેમ? એ પાછું કહ્યુંને? 'કારણ કે **પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' આહા..હા..! જેણે સ્વદ્રવ્યનો આશ્રય લીધો છે એ મિથ્યાત્વના પરિણામથી ભિન્ન પડી ગયો છે, તેને મિથ્યાત્વ પરિણામ હોતા નથી. આહા..હા..! એમ કહે છે. જીવમાં પર તરફની તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ એ બધોય નથી. કેમ? બધોય જીવને નથી એમ કહ્યું છેને? આહા..હા..! 'કારણ કે **પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' ભગવાન આત્મા તેનાથી ભિન્ન પડીને અનુભૂતિમાં આવે ત્યારે તેમાં એ ભાવ

આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્યસ્વભાવ એવું જે ચૈતન્યસત્ત્વ આખું, એની અનુભૂતિ એટલે પરથી ભિન્ન પડીને અનુભવ કરતાં એ મિથ્યાત્વના પરિણામ આત્માના અનુભવમાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બધોય પોતાની અનુભૂતિથી ભિન્ન છે. પોતાની એટલે અપની. પોતે એમ છેને? આહા..હા..!

હવે '**મિથ્યાત્વ,...**' આસ્રવ કહે છે આસ્રવ. '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો...**' પ્રત્યય એટલે આસ્રવ જેમાના લક્ષણ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ જેમના લક્ષણ છે એવા જે પ્રત્યયો એટલે આસ્રવો. '**તે બધાય જીવને નથી...**' આહા..હા..! પ્રમાદ એમાં સમાઈ ગયો. પાંચ આવે છેને? મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. એમાં કષાયમાં પ્રમાદ આવી ગયો. આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય અને યોગ એ દ્રવ્યકર્મની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય, પર્યાય, મલિન ભાવથી. એ પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..!

**શ્રોતા :-** જીવની પર્યાય પુદ્‌ગલના પરિણામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય જીવની ખરેખર નથી. જીવ ચૈતન્યમૂર્તિ, એનો જ્યાં આશ્રય કરે ત્યાં એ પરિણામ ભિન્ન રહી જાય છે. મિથ્યાત્વ તો ન જ હોય પણ આ ભાવ ભિન્ન રહી જાય છે. આહા..હા..! આ વાત. આ તો બાપુ જેને સત્ય શોધવું હોય.. આહા..હા..! ઓલામાં નથી? સૂત્રપાહુડમાં. પહેલો શ્લોક છે. શું? સૂત્રને શોધવું, શોધન. આહા..હા..! શું છે એ?

अरहंतभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।
सुत्तत्थमग्गणत्थं सवणा साहंति परमत्थं।।१।।

પહેલી ગાથા છે, સૂત્રપાહુડ. '**સૂત્રાર્થના શોધન વડે...**' આહા..હા..! '**સૂત્રનો જે કંઈ અર્થ છે તેને માર્ગણ અર્થાત્ શોધવા-જાણવાનું...**' એમાં સૂત્રના ભાવને શોધવા જાય છે. આહા..હા..! '**અને એવા જ સૂત્ર દ્વારા શ્રમણ (મુનિ) પરમાર્થ અર્થાત્ ઉત્કૃષ્ટ અર્થ-પ્રયોજન જે અવિનાશી મોક્ષ છે તેને સાધે છે.**' સૂત્રનું શોધવું એટલે આત્મા પરમાનંદનો નાથ છે એમ શોધવું સૂત્રના શબ્દોમાંથી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, '**सुत्तत्थमग्गणत्थं**' સૂત્રના અર્થને શોધવા માટે. સમજાણું? આહા..હા..! '**સૂત્રનો જે કંઈ અર્થ છે તેને માર્ગણ અર્થાત્ શોધવા-જાણવાનું જેમાં પ્રયોજન છે અને એવા જ સૂત્ર દ્વારા શ્રમણ પરમાર્થ અર્થાત્ ઉત્કૃષ્ટ અર્થ-પ્રયોજન જે અવિનાશી મોક્ષ છે તેને સાધે છે.**' આહા..હા..! એ એમાં આ કહ્યું છે એ શોધે છે અંદર. સ્વભાવ આત્મા આનંદનો નાથ પ્રભુ એને શોધવા જાય છે ત્યારે સૂત્રનો અર્થ વાસ્તવિક એને સધાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! હરિગીત કર્યું છેને આપણે એ આમાં નથી. નહિ? હરિગીત

આમાં નહિ હોય. નહિ? આમાં ન હોયને. '**સૂત્રનો જે કંઈ અર્થ છે તેને માર્ગણ અર્થાત્ શોધવા-જાણવાનું જેમાં પ્રયોજન છે...**' એનું પ્રયોજન વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન, એના તરફ શોધનમાં જાવું એ સૂત્રનું તાત્પર્ય છે અને સૂત્રમાં કહ્યું છે એ. આહા..હા..! આમાં તો હરિગીત નથી. બીજામાં હરિગીત છે? હરિગીત નાખ્યું આમાં ભેગું. આમાં નથી.

'**મિથ્યાત્વ,...**' જડની વાત નથી આ. પરિણામ છે એની વાત છે આ. આસ્રવ કીધા છેને. જડ તો જડમાં રહ્યા એ ક્યાં..? વિપરીત મિથ્યાત્વભાવ, અવિરતભાવ, કષાયભાવ એ શુભ-અશુભ આવી ગયું એમાં. '**યોગ જેમનાં લક્ષણ છે...**' જેમના એટલે પ્રત્યયના. પ્રત્યયના એટલે આસ્રવના. આહા..હા..!

**શ્રોતા :-** જીવના પરિણામ કહ્યા, પછી જીવના નથી એમ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવના પરિણામ નથી નિશ્ચયથી, પુદ્ગલના પરિણામ છે. આ તો તમે પૂછયું ઓલા જડના રજકણની વાત છે કે? જડના રજકણની વાત નથી આ. ચૈતન્ય શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એની અનુભૂતિમાં જ્યાં આવે છે ત્યારે એ આસ્રવ પરિણામ એનાથી ભિન્ન રહી જાય છે. કેમકે એ ચૈતન્યના હોય તો ચૈતન્યની સાથે ભેળસેળ થાય. પુદ્ગલના પરિણામ છે કહે છે. આહા..હા..!

'**મિથ્યાત્વ, અવિરતિ,...**' છઠ્ઠે ગુણસ્થાને જે પ્રમાદ, પંચમહાવ્રતના ભાવ એ બધો પ્રમાદભાવ એ બધા પુદ્ગલના પરિણામ છે. આહા..હા..!

**શ્રોતા :-** જીવના પરિણામ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવના પરિણામ છે તો જીવ તો ચૈતન્યસ્વરૂપ છે. એના પરિણામ તો ચૈતન્યમય હોય. જ્ઞાન-આનંદમય એના પરિણામ હોય. આહા..હા..! ચૈતન્યવસ્તુ છે. કહેશે છેલ્લે. ચૈતન્યશક્તિ, ચૈતન્ય સામર્થ્ય સ્વભાવ જેનો છે એના પરિણામ તો ચૈતન્યની જાતના હોય. જાગૃત ચૈતન્યના. આ પરિણામ તો પુદ્ગલના છે, એ એમાં છે નહિ. આહા..હા..!

અહીંયાં તો સ્વભાવનો અનુભવ કરાવવા આ વાત કરી છે. નહિતર તો ભાઈએ તો એમ કહ્યું મોક્ષમાર્ગ-પ્રકાશકમાં સાતમા-આઠમા અધ્યયનમાં, ટોડરમલે. નિશ્ચયથી જીવના છે એ, કર્મના વ્યવહારથી છે. ત્યાં એમ કહ્યું છે. આઠમાં, નવમા અધ્યયનમાં મોક્ષમાર્ગમાં. એ તો કોઈ માની લે કે આ પરિણામ જડથી, જડના છે એને સમજાવવા માટે. એમ નહિ, અહીં તો કઈ અપેક્ષાએ કહ્યું છે? આહા..હા..! ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ એ આખું દળ, ચૈતન્યદળ એનો અનુભવ કરતાં, એ પહેલું એમ કહી ગયા કે ચૈતન્યના એ નથી. હવે નથી કેમ? કારણ આપે છે. એ ચૈતન્યસ્વરૂપની જ્યાં અનુભૂતિ જાય છે અંદર ત્યારે એ એમાં આવતા નથી અનુભવમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર બાપુ! આહા..હા..!

એક કોર એમ કહે કે મિથ્યાત્વના બે પ્રકાર. એક જીવનું મિથ્યાત્વ અને એક અજીવનું

મિથ્યાત્વ. આવે છેને સમયસારમાં ૮૫ ગાથા. કઈ અપેક્ષાએ? એ તો એના પરિણામ આના અને આ જડના એટલું બતાવવા. પણ અહીં તો ચૈતન્યસ્વરૂપ જે ભગવાન, એના નથી. કેમકે આ બાજુ અનુભૂતિ ઢળતાં એ પરિણામ જુદાં રહી જાય છે, અનુભવમાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ, બાપુ! ભાઈ! આ પંડિતાઈની વસ્તુ નથી. આ તો અંતરના અનુભવની વસ્તુ છે. આહા..હા..!

વસ્તુ જે ચૈતન્યસ્વરૂપ ચૈતન્યશક્તિ એટલે એનું સત્ત્વ એવો જે જીવ એના આ પરિણામ નથી—મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય. કેમ? પહેલું તો એમ કહ્યુંને, જીવને આ નથી એમ કહ્યુંને? પછી કેમ? એમ કહ્યું છેને? આહા..હા..! અંતર્મુખ થતાં અનુભૂતિથી એ ભિન્ન છે. આહા..હા..! અંતર્મુખ થતાં ચૈતન્યની અનુભૂતિ એ પર્યાય છે. પહેલી વાત તો એમ કરી કે એ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ જેમનાં લક્ષણ તે બધાય જીવને નથી, એટલી વાત કરી. બહુ ગંભીર વાત. જીવને નથી. '**કારણ કે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.**' અંતરમાં અનુભવ કરવા જાય તો એ વાત આવતી નથી એમાં, જુદાં છે, માટે અજીવ છે. ઉત્પન્ન થતાં નથી અને ઉત્પન્ન છે એથી અનુભૂતિ આમ ભિન્ન પડી ગઈ છેને? સમજાણું કાંઈ? એથી આમાં ન આવ્યા એ, પરમાં રહી ગયા. આહા..હા..! આવી ક્યાં વાત, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પંથની આ રીત છે. આહા..! બીજે તો દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. અન્યમત છે એ બધો. આહા..હા..!

અહીં તો વસ્તુ જે જીવ છે એના એ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એ એના નથી. કેમ એના નથી? કે એ જીવદ્રવ્ય છે ચૈતન્યમય તેના તરફની અનુભૂતિ કરતાં એ વસ્તુ ભિન્ન રહી જાય છે. ભલે હો, સમજાણું કાંઈ? પણ એ અજીવ તરીકે રહી જાય, જીવની અનુભૂતિમાં નથી આવતા. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- જીવમાંથી નીકળી જાય એ જીવનાં નહીં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એના નહિ. તદ્દન ઉત્પન્ન થતાં નથી એ તો પછી આગળ જાય ત્યાં, પણ નીચે અનુભૂતિમાં, ઉત્પન્ન તો થાય છે આમ, આમાં નથી ઉત્પન્ન થતાં. સમજાણું કાંઈ આમાં? મિથ્યાત્વના પરિણામ તો અંદર ઉત્પન્ન થતા નથી અનુભૂતિમાં, પણ બીજા પરિણામ તો છે, પણ આ બાજુ ઢળતાં એમાં આવતા નથી. માટે તે જીવના નથી, પોતાની અનુભૂતિથી ભિન્ન છે માટે. એમ કરીને કીધું. આહા..હા..! આવો માર્ગ, ભાઈ! ઝીણો બહુ, બાપુ! આહા..હા..!

પ્રત્યયો એટલે આસ્રવો તે બધાય જીવને નથી. આહા..હા..! '**કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' પરિણામ હોવાથી એમ પણ ન કહ્યું. '**પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' હિન્દીમાં અપની કર્યું છે ભાઈએ જયચંદ્ર પંડિતે. ભાઈએ આપણે પંડિતજીએ કૌંસમાં નાખ્યું. કારણ કે આ ટીકામાં નથી. એનું કારણ છે કે

આમ તો અનુભૂતિસ્વરૂપ તો ત્રિકાળ છે એ વાત અહીં નથી લેવી. ૭૩ ગાથામાં કહ્યું છે ને? ૭૩માં કે જે પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે, ચાહે તો નિર્મળનું (હોય) એનાથી અનુભૂતિસ્વરૂપ ભિન્ન છે. એ તો દ્રવ્યને લીધું ત્યાં. ૭૩. એ અહીં જુદું પાડવું છે એટલે પહેલું જીવને નથી એમ કહીને આ બાજુ ઢળ્યો છે અનુભવમાં, ત્યારે તેમાં એ અનુભવ આવતો નથી, માટે એમાં ભિન્ન છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! સમયસાર! એ સમયસાર જ વાંચે છે (એમ લોકો) કહે છે. હવે પણ... આહા..હા..!

ત્યાં તો કીધું નહિ? સમયસાર નાટકમાં. સમયસાર નાટક. ઘરે ઘરે.. આવે છેને? બોલ આવે છે પાછળ. વખાણ એ બધું. શ્લોક આવે છે પાછળ સમયસાર નાટકમાં. સમયસાર નાટક ઘરે ઘરે થઈ ગયું.

નાટક સમૈસાર હિત જીકા, સુગમરૂપ રાજમલી ટીકા.

આહા..હા..!

જહાં તહાં જિનવાની ફૈલી, લખૈ ન સો જાકી મતિ મૈલી.
જાકૈ સહજ બોધ ઉતપાતા, સો તતકાલ લખૈ યહ બાતા.

આ જુઓ!

પાંડે રાજમલ્લ જિનધર્મી, સમૈસાર નાટકકે મર્મી.
તિન ગરંથકી ટીકા કીની, બાલબોધ સુગમ કર દીની.
ઈહિ વિધિ બોધ-વચનિકા ફૈલી, સમૈ પાય અધ્યાતમ સૈલી.
પ્રગટી જગમાંહી જિનવાની, ઘર ઘર નાટક કથા બખાની.

એ આ કહેવું છે. આહા..હા..! જુઓને કેટલું કહ્યું છે!

પ્રગટી જગમાંહી જિનવાની, ઘર ઘર નાટક કથા બખાની.

સમયસારની તમે એકલી માંડી પણ આ એ જ માંડ્યું છે અહીં. પંડિતજી! આહા..હા..! ૨૪મો બોલ છે. છેલ્લો છેને? '**જગતમાં જિનવાણીનો પ્રચાર થયો અને ઘરે-ઘરે નાટકની ચર્ચા થવા લાગી.**' બાપુ! માર્ગ આ છે, ભાઈ! હવે આ ચર્ચા હોય તો બીજા શાસ્ત્ર ખોટા છે એમ ઠરાવ્યું છે એમાં કાંઈ? અને બીજા નથી ફેલાવો માટે બીજા ખોટા એમ અહીં ઠરાવવું છે? આહા..હા..! અરે.. બાપુ! એમ ન અર્થ કરાય. બસ આ કહેવું હતું. આહા..હા..! ૨૪મો બોલ છે. જુઓ એ પાછું લખ્યું.

રૂપચંદ પંડિત પ્રથમ, દુતિય ચતુર્ભુજ નામ,
તૃતીય ભગોતીદાસ નર, કૌંરપાલ ગુન ધામ.
ધર્મદાસ યે પંચજન, મિલિ બૈઠેં ઈક ઠોર,
પરમારથ-ચરચા કરૈં, ઈનકે કથા ન ઓર.

એથી એકાંત થઈ ગયું ત્યાં? પરમાર્થની ચર્ચા કરે. બીજી કથા નહિ, ભાઈ! આહા..હા..!

સમયસાર નાટક. આહા..હા..!

કહે છે, એ ૧૧મો બોલ થયોને? ૧૨મો થયો. એ ૧૨મો થયો. ૧૩મો. '**જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય,...**' એ પુદ્ગલ છે. '**મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયરૂપ કર્મ છે...**' એ જડ. '**તે બધુંય જીવને નથી...**' આહા..હા..! '**કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી...**' એના સંગે જે ભાવ થતો એ આમ અનુભૂતિમાં ગયો તો એ ભાવ થતો નથી. આહા..હા..! શું કહ્યું ઈ? આઠ કર્મમાં જીવ નથી એટલું પહેલું કહ્યું. જીવમાં આઠ કર્મ નથી. એ તો પરદ્રવ્ય છે. કેમ એ હવે કહે છે કે જે પરદ્રવ્ય તરફના વલણનો ભાવ હતો એ સ્વદ્રવ્યની અનુભૂતિથી ભિન્ન પડી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કર્મ રોકે છે એમ માણસ કહે છેને? પણ રોકે એ પોતે ત્યાં રોકાય છે એટલે રોકે છે એમ કહેવામાં આવે છે. કર્મ શું જડ રોકે આત્માને? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે? આહા..હા..!

**શ્રોતા :-** પૂરેપૂરી મારી ભૂલ નહીં. મારી ભૂલ અધિક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અધિક એટલે ભૂલ મારી જ છે. અધિક એટલે એ ભૂલ મારી જ છે એમ કહે છે. અધિકાઈનો અર્થ ઓછું અને અધિક એમ નહિ. આહા..હા..!

'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' મારી ભૂલ જ પોતાને કારણે વિકાર થાય છે, પણ અહીં તો અનુભૂતિ થતાં એ વિકારના પરિણામ થાતાં નથી અને થયા હોય એ આત્માની અનુભૂતિમાં રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! લોકોએ કંઈ-કંઈ રીતે કલ્પીને જૈનમાર્ગને અન્યમાર્ગ જેવો કરી નાખ્યો છે. આહા..હા..! કો'ક કહે છેને કે... એ પ્રશ્ન થયો હતો કે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં ઉઘડે. પોતાની યોગ્યતાથી ક્ષયોપશમ થાય એમ નહિ. એ પ્રશ્ન આવ્યો હતો ત્યાંનો. ખાણિયા નહિ. વર્ણીજીની સાથે ચર્ચામાં. છેને? છે પુસ્તક ક્યાંય? અહીં નહિ હોય. એમ કે આત્માની યોગ્યતાથી આત્મામાં વિકાર થાય છે એમ કાનજીસ્વામી કહે છે. આમાં ક્યાંક હશે ખરું.

જ્ઞાનમેં જો કમી હુઈ.. જીવકા સ્વભાવ તો કેવળજ્ઞાન હૈ ઔર વર્તમાનમેં જો હમારી સંસારી અવસ્થા હૈ, જિતને ભી જીવ હૈ ઉનકે જ્ઞાનમેં જો કમી હુઈ વ ક્યા કર્મકે ઉદયકી વજહ સે કમી હુઈ? કે વિના કર્મકે ઉદયકી વજહસે કમી હુઈ? કર્મકા ઉદય કારણ હૈ, ઉપાદાન કારણ આત્મા હૈ. આ તો આ બીજું પુસ્તક છે, ઓલું નથી. 'કાનજીસ્વામી યહ કહતે હૈં, મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહીં કરતાં. અપની યોગ્યતાસે જ્ઞાનમેં કમી હોતી હૈ.' સમજ્યા?

**શ્રોતા :-** સાચી ન લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પકડી છે. સાચી ન લાગે. જ્ઞાનમાં કમી છે એ કર્મને કારણે નહિ. કર્મ તો જડ પરવસ્તુ છે. પોતાની યોગ્યતાને કારણે ત્યાં કમી-બેસી થાય છે. આ પ્રશ્ન ચર્ચાઈ ગયો છે અને આ જ હોં. 'મહારાજ! જ્ઞાનમેં કમી હોતી હૈ વહ અપની વજહ સે હોતી

હૈ યા અપની યોગ્યતા સે હોતી હૈ? કાનજીસ્વામી યહ કહતે હૈં કિ જ્ઞાનાવરણીય કર્મ કુછ નહિ કરતાં. મહારાજ! ક્યા યહ ઠીક હૈ? વર્ણીજી મહારાજ! 'યહ ઠીક હૈ યહ આપ હી સમજો. કૈસે ઠીક હૈ? યહ ઠીક નહીં. કોઈ ભી કહે. હમ તો કહતે હૈં કિ અંગધારી ભી કહે તો ભી ઠીક નહીં.' એય..! ચેતનજી! અરે.. ભગવાન! એ તો.. અહીંયાં જે કહ્યું એ બીજી વાત છે. એ વાત બીજી.

જ્ઞાનમાં કમી છે એ પોતાને કારણે છે, કર્મને કારણે નહિ. કર્મ તો નિમિત્ત છે, ઉપાદાન પોતાનું અશુદ્ધ ઉપાદાન એ જાતનું છે. સમજ્યા? આહા..હા..! એમ કે કર્મમાં કાંઈક માર્ગ આપે તો અહીં ક્ષયોપશમ થાય યોગ્યતાથી એમ કહે છે. અહીં તો પોતે ક્ષયોપશમની યોગ્યતા કરે, કર્મમાં ક્ષયોપશમ એને લઈને થાય, એને કારણે થાય. આ ઉપાદાનના વાંધા મોટા. આ નીકળી હો, ભાઈ! ઓલાએ ખુલાસો કર્યો છેને. આહા..હા..! બાબુલાલ જમાદાર. આહા..હા..! એમ કે જ્ઞાનમાં ઓછું-કમ દેખાય છે એ કર્મને કારણે છે. કેમકે જ્ઞાનાવરણીય કર્મ છે, તો જ્ઞાનને કર્મ જડે આવર્યું છે. એમ નથી. એ પોતે જ્યારે હીણીપણે જ્ઞાનની પર્યાયપણે પરિણમે છે ત્યારે કર્મ જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. આમ છે. આહા..હા..! શું થાય? આખો માર્ગ ફેરવી નાખ્યો છે લોકોએ.

અહીંયાં જે કહેવું છે એ બીજી જાત છે. અહીંયાં પુદ્ગલના પરિણામ... પુદ્ગલના પરિણામ... એટલે એનાથી થયા એમ નહિ; પણ સ્વભાવ તરફ ઢળતાં એ પરિણામ આમાં આવતા નથી માટે પુદ્ગલના પરિણામ કહ્યા. એમ કહેવું છે. આહા..હા..! ભાઈએ લખ્યું છે એમાં. આમાં ક્યાંક છે. નવમા અધ્યયનમાંને? કર્મના એ છે નહિ, પોતાના છે. એમ છે હોં ક્યાંક નવમામાં નહિ? હેં? નવમામાં? સાતમામાં? નહિ, એ નહિ. આ તો કર્મના છે એ વ્યવહારથી કહ્યું છે, પોતાના છે. એ છે આ બાજુ ક્યાંક છે. હવે બધું કાંઈ યાદશક્તિ રહે એવું છે કાંઈ? આહા..હા..! ક્યાંક છે ખરું. આ બાજુ છે. ઓલું છે અબુદ્ધ? એના પછી છે.

દ્રવ્યકર્મ, નોકર્મ તો પુદ્ગલથી નીપજે છે, તેથી નિશ્ચયથી સંસારીને પણ તેનું ભિન્નપણું છે, પણ સિદ્ધની માફક તેનો કાર્યકારણ સંબંધ પણ ન માને તો તે ભ્રમ છે. ભાવકર્મ એ આત્માનો ભાવ છે. છે? વ્યવહારથી તેને કર્મનો કહીએ છીએ. આહા..હા..! નિશ્ચયથી આત્માનો જ છે. છે? અબુદ્ધ-બુદ્ધના અર્થ પછી છે. શ્લોક છેને? વ્યવહારને ... આહા..હા..! ભાવકર્મ એ આત્માનો ભાવ છે, તે નિશ્ચયથી આત્માનો જ છે. કર્મના નિમિત્તથી થાય તેથી વ્યવહારથી તેને કર્મનો કહીએ.

અહીં બીજી વાત છે. અહીંયાં તો બીજી વાત છે. પહેલું આ સિદ્ધ થયું છે, પછી જીવના નથી એનો અનુભવ કરે ત્યારે એ ભિન્ન રહી જાય છે. આહા..હા..! આવી વાત છે. આ તો થાય છે ત્યારે પોતાના છે અને પોતાથી થાય છે. સમજાણું કાંઈ? આહા..! આવું છે. કર્મના કહેવા એ તો નિમિત્તથી, એ તો વ્યવહાર થઈ ગયો. નિશ્ચયથી વિકારના

પરિણામ જીવમાં જીવ કરે છે. એઈ..! આવી વાત. અહીં બીજી રીતે અપેક્ષા છે કે એ પરિણામ જે છે એ જીવમાં નથી અને જીવથી ઉત્પન્ન થતાં નથી. વસ્તુનો સ્વભાવ છે એમાંથી આ પરિણામ આવા કેમ ઉત્પન્ન થાય? એથી સ્વભાવમાં વસ્તુમાં નથી, કેમકે વસ્તુનો અનુભવ કરતાં તે ભિન્ન રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા પ્રકાર કેટલા!

આઠેય કર્મ જીવને નથી. આહા..હા..! આયુષ્યકર્મ જીવને નથી. ઠીક! વેદનીય જીવને નથી. આહા..હા..! અને ૬૮મી ગાથામાં તો એમ કહ્યું કર્તાકર્મમાં, જવથી જવ થાય એમ પુદ્‌ગલથી પુદ્‌ગલ થાય એ બીજી અપેક્ષા કહી. સમજાણું? એ તો એના સ્વભાવમાં નથી અને સ્વભાવની કોઈ શક્તિ નથી કે વિકાર કરે, પર્યાયમાં થાય છે એટલે પર્યાયબુદ્ધિને છોડાવીને એ ચૌદ ગુણસ્થાન જીવમાં નથી ત્યાં તો એમ કીધું લ્યો! એય..! આહા..હા..! એ અપેક્ષાએ, બાપુ! સ્વભાવનું આવું વર્ણન છે. આહા..! એમાં આવે છેને કર્મથી થાય એવી અનીતિ તું કરે છો. એ એમાં છે મોક્ષમાર્ગમાં. 'ઐસી અનીતિ સંભવે નાહી.' એ કહ્યું હતું તે દી ત્યાં. (સંવત) ૨૦૧૩ની સાલ. ૧૯ વર્ષ. વિકાર કર્મથી થાય એવું માનનારા એવી અનીતિ જૈનદર્શનમાં સંભવે નહિ, એમ છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આહા..હા..! હવે એ વાત બીજી છે, આ વાત બીજી છે. વિકાર થાય છે એ તો પોતાના અપરાધથી જ થાય છે, પરથી-નિમિત્તથી બિલકુલ નહિ. આહા..હા..!

અહીંયાં તો જીવમાં નથી એમ કેમ કહ્યું? કે જીવની કોઈ શક્તિ નથી કે વિકાર કરે અને તેથી જીવ તરફ ઢળતાં અનુભૂતિ થતાં એ પરિણામ એના અનુભવમાં આવતા નથી. આહા..હા..! એ વાત છે પણ શું થાય? 'વાદવિવાદ કરે સો અંધા' એવું છે. સમજાણું? અહીં તો કહ્યું કર્મ નથી. કેમ? કે પોતાની અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! જડપણેથી ભિન્ન છે એ જુદી વસ્તુ. સમજાય છે? અને એના તરફના વલણવાળી જે દશા એ અહીં અનુભવમાં-અનુભૂતિમાં એ ભાવ આવતો નથી. તેથી એને કર્મના પરિણામ બધા આત્માની અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૩ થયો.

'**જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ (-પુદ્‌ગલસ્કંધ)રૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી...**' આહાર, શરીર, ભાષા, મન પર્યાપ્તિ થાય છેને? રજકણો બંધાય છેને? આહાર, શરીર, ઈન્દ્રિય, ભાષા, મન, શ્વાસ—છ એ પર્યાપ્તિયોગ્ય જે પુદ્‌ગલ અને ત્રણ શરીરયોગ્ય જે પુદ્‌ગલસ્કંધ... નોકર્મ એને કહ્યા. જોયું! એ બધાને નોકર્મ કહ્યા. '**છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય...**' એ જીવને નથી. '**કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! એ ૧૪ બોલ થયો.

'**જે કર્મના રસની શક્તિઓના (અર્થાત્ અવિભાગ પરિચ્છેદોના) સમૂહરૂપ વર્ગ...**' કર્મની શક્તિ છેને? વર્ગ-વર્ગ નથી કહેતા? એકડીયો વર્ગ, બે વર્ગ, ત્રણ વર્ગ. એમ જે કર્મની શક્તિનો સમૂહ હોય એને વર્ગ કહે છે. '**તે બધોય જીવને નથી** કારણ કે તે **પુદ્‌ગલદ્રવ્યના**

**પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી તે ભિન્ન છે.**' આહા..હા..! '**જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે...**' હવે ઝાઝી. '**તે બધીયે જીવને નથી કારણ કે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..!

'**જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસ(-જમાવ)રૂપ (અર્થાત્ વર્ગણાઓના સમૂહરૂપ) સ્પર્ધકો છે તે બધાય જીવને નથી...**' આહા..હા..! જીવનું સ્વરૂપ ચૈતન્યશક્તિ, આનંદશક્તિ એના તરફ ઝુકાવ થતાં તેના પરિણામમાં તો અનુભવ અને આનંદ આવે. આહા..હા..! એમાં કર્મની વર્ગણાનો કોઈ ભાગ આવે નહિ. એ તો ભિન્ન રહ્યું. જડ તો ભિન્ન છે, પણ એના તરફના વલણનો જે ભાવ છે એ એમાં ન આવે. શું કહ્યું સમજાણું? વર્ગ અને વર્ગણા તો પરમાણુની શક્તિ છે, પણ એના તરફના વલણવાળી જે દશા છે એ આ અનુભૂતિથી ભિન્ન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જડથી તો ભિન્ન છે, પણ જડના તરફના વલણવાળો જે ભાવ છે એ દ્રવ્ય તરફના વલણમાં જુદો પડી જાય છે. આહા..હા..! આવી વાતું ભારે, ભાઈ! એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે તેથી, જીવના નથી. અનુભૂતિથી તે ભિન્ન છે. આહા..હા..! આવી વાત બહુ, આહા..હા..! ૧૭ થયોને?

'**સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે (વર્તતાં), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી...**' શું કહ્યું એ? સ્વ-પરના એકપણાનો અધ્યાસ એવો જે અધ્યવસાય '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ...**' આહા..હા..! '**સ્વ-પરના એકપણાનો અધ્યાસ...**' એવા થતાં જે પરિણામ.. આહા..હા..! એ '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો...**' અધ્યાત્મ એટલે અધ્વસાયના સ્થાન. અધ્યાત્મ એટલે અધ્યવસાયના સ્થાન. સ્વ-પરની એકતાબુદ્ધિનો જે ભાવ એને અહીંયાં અધ્યવસાયના સ્થાન કહ્યા છે. સ્વ-પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય, એવા જે અધ્યવસાયભાવ એ જીવને નથી. આહા..હા..!

'**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે...**' આહા..હા..! ભાષા જુઓ! '**સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે, વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે...**' આહા..હા..! '**એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી...**' આહા..હા..! સ્વના અનુભવની દૃષ્ટિ થતાં જીવના એ નથી અને જીવની અનુભૂતિ થતાં એ એના નથી. આહા..હા..! સ્વપરની એકતાબુદ્ધિનો જે અધ્યવસાય એવા અધ્યવસાયના જે અસંખ્ય સ્થાન તે બધા વિશુદ્ધ ચૈતન્યપરિણામથી.. ભાષા દેખો! આમાં જુદું કર્યું, જોયું! '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે...**' આહા..હા..! પર્યાયની વાત લીધી હોં વર્તમાન. '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે...**' આહા..હા..! સ્વ-પરની એકતાના ભાવ એ અધ્યવસાયો તે વિશુદ્ધ '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું**

**જેમનું લક્ષણ છે...'** સ્વની એકતાના પરિણામ વિશુદ્ધ ચૈતન્યપરિણામ છે, એ સ્વપરની એકતાના પરિણામથી ભિન્ન છે. આહા..હા..! હવે આવું જાણવું એને. અધ્યાત્મસ્થાનનો અર્થ અહીં અધ્યવસાય છે. અધ્યાત્મસ્થાન એટલે આત્માના સ્થાન એમ નથી. આહા..હા..! આવે છેને નિયમસારમાં આવે છે.

સ્વપરની એકતાબુદ્ધિના જે અધ્યવસાય,.. જે કહ્યુંને બંધ અધિકારમાં? કે જીવને હું પ્રાણરક્ષા કરું, પ્રાણનો નાશ કરું, બીજાને સગવડતા સુખની આપું, એવો જે અધ્યવસાય સ્વ-પરની એકતાબુદ્ધિનો એ મિથ્યાત્વ છે. એને ભગવાને નિષેધ કર્યો કે એ અધ્યવસાય છોડ. પરનું કરી શકું એવો ભાવ છોડ. એ અધ્યવસાયની વાત છે આ. પછી તો ત્યાં કહ્યું, અધ્યવસાયમાત્રનો ત્યાગ જ્યારે ભગવાને કહ્યો, પરનું કરી શકું છું, જીવાડી (શકું) આદિનો નિષેધ કર્યો તો હું તો એમ સમજું છું, પ્રભુ કહે છે અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્ય, પ્રભુએ જેટલો નિમિત્તને આશ્રયે વ્યવહાર થાય, બધાનો નિષેધ કર્યો છે. બંધ અધિકારમાં છે. આહા..હા..! છેને આમાં જુઓને, ૧૭૩ કળશ.

'सर्वत्राध्यवसानमेवमखिलं' **'આચાર્ય કહે છે કે :- સર્વ વસ્તુમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...'** પરને જીવાડી શકું, મારી શકું એવી જે અધ્યવસાનબુદ્ધિ એને છોડવા કહ્યું. એ પરને મારી શકતો નથી, જીવાડી શકતો નથી. આહા..હા..! છે? ૧૭૩ કળશ. **'વસ્તુમાં જે અધ્યવસાન થાય છે...'** સર્વ હોં! **'તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે. તેથી અમે એમ માનીએ છીએ કે...'** પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય અમને છોડાવ્યો, પણ **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः' 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.'** પર જેનો આશ્રય છે. આહા..હા..! મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ વિકલ્પ જે વ્યવહાર છે એ પરના આશ્રયવાળા છે. એ **'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?'** છે? આહા..હા..!

પરનું કરી શકું છું એવી જે એકત્વબુદ્ધિનો અધ્યવસાય તો ભગવાને છોડાવ્યો, પણ હવે તો અમે કહીએ છીએ કે એકત્વબુદ્ધિ ભલે ન હો પણ પરને આશ્રયે ભાવ થાય— -વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો ભાવ, પંચમહાવ્રતનો ભાવ એને પણ ભગવાને ત્યાજ્ય કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો અરે..! આ નિષ્કંપ નિશ્ચય જેમાં આ કંપ ઊઠે છે શુભનો તો. આહા..હા..! એવા **'નિશ્ચયને જ નિષ્કંપપણે...'** કેમ અંગીકાર કરતાં નથી? એમ કહે છે. સમજાણું કાંઈ? આવું છે.

**'સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે...'** આહા..હા..! પરને જીવાડી શકું, પરને જીવાડુંનો અર્થ એ પ્રાણ રક્ષા કરું, બીજાના પ્રાણની રક્ષા કરી શકું, બીજાના પ્રાણને હણી શકું, બીજાને અનુકૂળ સગવડતા આપી શકું, બીજાને પ્રતિકુળ સંયોગ દઈ શકું—એ બધી એકત્વબુદ્ધિના અધ્યવસાય મિથ્યાત્વ છે. આહા..હા..! દેશ સેવા કરી શકું. ગિરધરભાઈ! આ બધા કાર્યકર્તાઓ. ભૂખ્યા હોય એને અનાજ પહોંચાડી દઉં, તૃષાવાળાને પાણી પહોંચાડું, નાગાઓને કપડા આપું, સ્થળ વિનાનાને ઓટલા-બોટલા, મકાન-બકાન આપું થોડા.

**શ્રોતા :-** હજી એવું કાંઈ આપ્યું નથી ઓટલા કે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગામડામાં જાતા એ લોકો. કાર્યકર્તાઓ જાયને. ગરીબ માણસો હોય એને મોટરમાં કાંઈક કપડા કે એવું લઈને જાય. આહા..હા..!

**શ્રોતા :-** દામોદરભાઈ કપડા ને ઓઢવાનું લઈને મોટરમાં જતાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાતા-જાતા. છેને. બીજા પણ જાતા. ઘણા જાય. પાણીમાં કોક તણાઈ ગયું હોય ને ઝૂંપડા તણાઈ ગયા હોય અને રહેવાના સ્થાન ન હોય.. પાણીમાં અનાજ આવે શી રીતે? તો હોડીમાં જઈને એને અનાજ આપે. એટલું પાણી હોય ઘરમાં-ગામમાં. એવું થયું. ઈ કહે છે કે બાપુ! ઈ આપી શકે છે એ વાત જ જૂઠી છે. પરદ્રવ્ય બીજાને આપે અને પરદ્રવ્યની રક્ષા કરે. આહા..હા..! એય..! કરી શકાતું નથી માટે કરતો નથી, એમ છે. આહા..હા..! એ અધ્યવસાયોને તો છોડાવ્યા પણ જેટલો નિમિત્તનો આશ્રય થઈને પરિણામ થાય પરને આશ્રયે.. આહા..હા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રતના ભાવ, શાસ્ત્રનું જ્ઞાન.. આહા..હા..! એ બધો પરાશ્રયભાવ છે. એને ભગવાને છોડાવ્યો છે, બાપુ! એ વ્યવહારથી નિશ્ચય થાય એમ ત્યાં નથી. આહા..હા..! આકરી વાતું બહુ, બાપા! આખો ફેરફાર-ફેરફાર.

**'વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું...'** ભાષા એમ કરી જોઈ! એકતાબુદ્ધિના ભાવ અધ્યવસાય એ વિશુદ્ધપરિણામ દ્રવ્ય તરફના ઢળેલાં વિશુદ્ધપરિણામથી (પરની) એકતાબુદ્ધિના પરિણામ તદ્દન પુદ્ગલમય ભિન્ન છે.

**શ્રોતા :-** વિશુદ્ધ ચૈતન્યપરિણામવાળું દ્રવ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચૈતન્યના પરિણામ નિર્મળ. જીવના પરિણામ. **'વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું...'** પર્યાય લીધી છે. તે બધાય જીવને નથી. કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામ હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! એ વિશુદ્ધ પરિણામ પહેલાં લીધા. કારણ કે એકત્વબુદ્ધિ વિશુદ્ધના પરિણામમાં એ આવતા નથી. આહા..હા..! પરિણામ હોં! પર્યાય.

ચૈતન્યસ્વભાવ એના તરફ ઢળેલો એકત્વ સ્વભાવમાં વિશુદ્ધ પરિણામ એ પર અને સ્વની એકતાબુદ્ધિના પરિણામ એ અનુભૂતિથી ભિન્ન છે. આહા..હા..! એમ કેમ કહ્યું? કે ચૈતન્યસ્વરૂપ

જે છે એનો આશ્રય લઈને જે પરિણામ થાય એ તો વિશુદ્ધ પરિણામ સ્વને આશ્રયે થયા. એવા સ્વને આશ્રયે થયેલા પરિણામથી સ્વ-પરની એકત્વબુદ્ધિના પરિણામ ભિન્ન છે. આહા..હા..! બીજામાં આમ નથી લીધું. અહીં આમ લીધું. બીજામાં સમુચ્ચય લીધું. જીવમાં નથી એટલું આવતું. જોયું? આ વિશેષ લીધું આટલું. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ છે એનો એકનો આશ્રય લઈને જે પરિણામ થયા—વિશુદ્ધ પરિણામ, એ સ્વ-પરની એકતાબુદ્ધિના પરિણામ આ વિશુદ્ધ પરિણામથી જુદાં છે. સમજાણું કાંઈ? આવી વાત લ્યો હવે. સમજવું, સમજવું ને સમજવું. આમાં કાંઈ કરવું (તો આવતું નથી). આહા..હા..! શ્રીમદ્દે એમ કહ્યું 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' એમ કહ્યું છે.

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય,
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા નિમિત્ત કારણ માંય.

એ તો નિમિત્ત કારણ. એટલું. આહા..હા..!

બીજા બધામાં સમુચ્ચય લીધું હતું. સમજાણું? જુઓ, ઓલા રાગમાં કહ્યું હતુંને કે '**જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી...**' ત્યાં આ પરિણામની વાત નહોતી કરી. ભાઈ! પ્રીતિરૂપ રાગ છે એ જીવમાં નથી. કેમ? કે જીવ તરફની અનુભૂતિથી એ ભાવ (જુદાં રહી જાય છે), એટલી જ વાત કરી હતી. અહીં અધ્યવસાય સ્વ-પરની એકત્વબુદ્ધિના ભાવમાં સ્વને આશ્રયે થયેલા વિશુદ્ધ પરિણામ એ સ્વ-પરની એકત્વબુદ્ધિના પરિણામ ત્યાં આવતા નથી—રહેતા નથી. આહા..હા..! શું કહ્યું સમજાણું? બીજા બોલમાં આમ નથી ક્યાંય આવ્યું. આ તો સ્વ-પરની એકત્વબુદ્ધિમાં સ્વથી થયેલા વિશુદ્ધ પરિણામ એથી સ્વ-પરની એકત્વબુદ્ધિના પરિણામ ભિન્ન પડી જાય છે. આહા..હા..! આવું સમજવું હવે. નવરાશ હવે ક્યાં વેપારીને? વેપાર કરવો કે અમારે રોટલા રળવા, બાયડી-છોકરાને પોષવા માટે અમારો મભો હોય એને સાચવવા જેટલું રહેવું કે આમાં આવવું અમારે?

**શ્રોતા :-** હિત કરવું હોય તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિત કરવું હોય તો આ વાત છે, બાપા! કોનો મભો સાચવે? ભાઈ! અમારા ઘરની જેટલી આબરૂ છે એના પ્રમાણમાં એમ કે દીકરા-દીકરી વરવા જોઈએ, અમારા દીકરા એવા હોય દીકરીયુંને એવે ઠેકાણે દેવી. અમારો મભો જેટલી આબરૂની સ્થિતિ એ પ્રમાણે થવું જોઈએ. એમાં ઓછું થાય તો નાક કપાય. આહા..હા..! ચડતી ડગરી તોડે છે ભાઈ, એમ કહે છે. એમ કે બહારમાં આબરૂ વધતી જાય છે. એમ કહે કે લ્યો મારે આમ નથી. આ ચડતી ડગરી ઊડી જાય છે, ભાઈ! ચડતો ડગરો ક્યા હતો બહારમાં? આહા..હા..!

સ્વ-પરના એકત્વ પરિણામનો જે અધ્યવસાય એ '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ...**' આહા..હા..! '**એવા જે અધ્યાત્મસ્થાનો તે બધાંય જીવને નથી...**' એમ નાખ્યું. જોયું! સ્વ-પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય એ સ્વ જીવના વિશુદ્ધ પરિણામથી

જીવને નથી. પરિણામથી જુદાંપણું હોવાથી જીવને નથી, એમ. આહા..હા..! છે? '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે...**' આહા..હા..! ચૈતન્યના સ્વસ્વભાવના એકત્વબુદ્ધિથી જે થયેલાં વિશુદ્ધ પરિણામ, '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' એ નાખ્યું. સ્વની એકત્વબુદ્ધિથી થયેલાં જે પરિણામ એ સ્વ-પરની એકત્વબુદ્ધિથી તદ્દન જુદાં છે માટે જીવના નથી અને પછી કહ્યું કે અનુભૂતિથી ભિન્ન છે.

**શ્રોતા** :- પર્યાય પર્યાયથી ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, વિશુદ્ધ પરિણામ લીધાને. સ્વના. સ્વ આશ્રયે એકલા જે થયાં પરિણામ, શુદ્ધ ચૈતન્યપરિણામ એનાથી સ્વ-પરની એકત્વબુદ્ધિના પરિણામ ભિન્ન છે. એમ કહીને એની અનુભૂતિથી ભિન્ન છે એમ પછી કહ્યું. આહા..હા..!

સ્વ-પરની એકત્વબુદ્ધિના પરિણામ સ્વની એકત્વબુદ્ધિના પરિણામથી તે જુદાં છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ, ભાઈ! આહા..હા..! અહીં અધ્યવસાય લીધા છેને? અધ્યાત્મસ્થાન એટલે કે આત્માના નિર્મળના સ્થાનની અહીં વાત નથી. અધ્યાત્મસ્થાનનો અર્થ એકત્વબુદ્ધિનો અધ્યવસાય. આહા..હા..! એ અધ્યવસાય સ્વ-પરનો, સ્વ તે પરનું કરી શકે છે, દયા પાળી શકે છે, પરને મારી શકે છે, પૈસા દઈ શકે છે, પૈસા રાખી શકે છે, પૈસા વાપરી શકે છે એવી જે સ્વ-પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય એને વિશુદ્ધ જે ચૈતન્યપરિણામ એનાથી જુદું એનું લક્ષણ છે. એમ કહ્યુંને પહેલું? જુદું એનું લક્ષણ છે એમ કીધું પહેલું. આહા..હા..! સમજાય એમ સમજે, બાપુ! આ તો મારગડા એવા ઝીણા. આ શબ્દ બીજે ક્યાંય નહોતો લીધો. બીજે જીવના નથી એમ લીધું.

આ જીવના કેમ નથી? કે '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાંપણું જેમનું લક્ષણ છે...**' આહા..હા..! ભગવાન આત્મા પોતાના ચૈતન્યસ્વભાવની એકતાબુદ્ધિથી ઉત્પન્ન થયેલા વિશુદ્ધ ચૈતન્યપરિણામ એને સ્વ-પરની એકતાબુદ્ધિના અધ્યવસાય આ લક્ષણથી એનું ભિન્ન લક્ષણ છે. છે? '**જુદાંપણું જેમનું લક્ષણ છે...**' શું કહ્યું સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એના એકત્વના પરિણામ છે વિશુદ્ધ ચૈતન્યપરિણામ એ જેનું લક્ષણ છે. સમજાણું? એ કોનું? એનાથી જુદાંપણું એનું લક્ષણ છે. સ્વના આશ્રયથી જે પરિણામ થયા એનાથી જુદું જેનું લક્ષણ છે. કારણ કે જેને સ્વ-પરની એકતાબુદ્ધિનો અભાવ છે. આહા..હા..! એ બધાય જીવને નથી. આહા..હા..! 'કારણ કે **પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' પહેલેથી વિશુદ્ધ પરિણમનથી જુદું એનું લક્ષણ કહીને પછી એકત્વબુદ્ધિના પરિણામ અનુભૂતિથી ભિન્ન છે એમ કહ્યું. સમજાણું કાંઈ? મનસુખભાઈ! આવી વાતું બહુ ઝીણી. આહા..હા..! એ ૧૮ બોલ થયા લ્યો. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૧૦, સોમવાર, તા. ૨૧-૦૬-૧૯૭૬, ગાથા-૫૦ થી ૫૫, પ્રવચન નં. ૧૦૨

જીવ-અજીવ અધિકાર, સમયસાર. ૧૯મો બોલ. '**જુદી-જુદી પ્રકૃતિઓના રસના પરિણામ જેમનું લક્ષણ એવાં છે જે અનુભાગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.**' એ અનુભાગ જડના તો છે પણ આત્મામાં એના જે પ્રકાર થાય એ પણ ખરેખર જીવના નથી, પુદ્‌ગલના છે.

૨૦મો. '**કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી...**' હવે અહીં ત્રણ પ્રકારે વાત કહીએ. જુઓ સાંભળો. આત્મામાં જે યોગનું કંપન્ન છે એ જીવસ્વભાવની અપેક્ષાએ કંપન્ન પુદ્‌ગલના પરિણામમાં નાખ્યા. અહીં જીવસ્વભાવનું વર્ણન છેને? કંપન્ન તો એની પર્યાયમાં છે, પણ જીવનો કાયમી અસલી સ્વભાવ જોતાં એ કંપન્ન પુદ્‌ગલના પરિણામમાં નાખ્યા. એક વાત. ૩૭૨મી ગાથા સર્વવિશુદ્ધની, એ દરેક દ્રવ્યના પરિણામ પોતાથી થાય છે. ૩૭૨. '**अण्णदविएण**' ઘડો માટીથી થાય છે, કુંભારથી નહિ, નિમિત્તથી નહિ, એમ કહ્યું છે. એની સ્વતંત્રતા તે સમયની દ્રવ્યની પર્યાય, આ કંપન્નની કે રાગની એ પોતાને કારણે થાય છે, નિમિત્તને કારણે નહિ. એ ત્યાં એના અશુદ્ધ ઉપાદાનથી ઉત્પન્ન થયેલી દશા પણ પોતાની છે એમ સિદ્ધ કર્યું.

અહીં શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિએ એ પરિણામ પુદ્‌ગલના છે એમ કહ્યું. બે. અને આ સમંતભદ્રમાં આવી વાત. બાહ્ય-અભ્યંતર આવ્યુંને? સમંતભદ્રમાં. બાહ્ય-અભ્યંતર બે. ત્યાં આગળ અભ્યંતરથી તો પોતાના જ પરિણામ છે, પણ તે કાળે નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા જેમ નિશ્ચયનું સ્વભાવનું ભાન થતાં એ તો નિશ્ચય થયો. સમ્યગ્દર્શન ભૂતાર્થને આશ્રયે થયું. હવે એને પર્યાયમાં જે અશુદ્ધતા અને અપૂર્ણતા (છે) એને જાણ્યો એ વ્યવહારનય કીધો એમાં ને એમાં. હવે અહીંયાં રાગની ઉત્પત્તિમાં પણ સ્વતઃ ઉત્પત્તિ છે એમ પોતાના પર્યાયની ઉત્પત્તિ એમ સિદ્ધ કરી. ૩૭૨.

અહીં કહે છે કે રાગના પરિણામ પુદ્‌ગલના છે. એકલી સ્વભાવદૃષ્ટિની વાત છે આ. જીવનો સ્વભાવ રાગપણે થવું એ સ્વભાવ નથી. અને જ્યાં અભ્યંતર અને બાહ્ય બે કારણ લીધા સમંતભદ્ર, ત્યાં આગળ અભ્યંતર કારણથી જ કાર્ય તો થાય છે, પણ જોડે નિમિત્ત કોણ છે? જેમ ઓલા નિશ્ચયનું જ્ઞાન કરાવીને વ્યવહારનું કરાવ્યું ૧૧-૧૨માં પોતાનું, એમ

અહીં નિશ્ચયથી પર્યાય થાય છે પોતાથી પણ સાથે નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. નિમિત્ત જાણેલું પ્રયોજનવાન છે. જેમ ઓલો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એમ આ નિમિત્ત જાણેલો, સ્વપરપ્રકાશક સ્વભાવ છે એટલે નિમિત્તને જાણવું. જાણવું, આદરવું એ વાત નથી. સમજાણું કાંઈ? આવી વાત હવે.

**શ્રોતા :-** વ્યવહારની જેમ નિમિત્ત પણ જાણવાયોગ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવાયોગ્ય છે, જાણવા જેવું છે. એવો જ એનો સ્વભાવ છે કે નિમિત્ત હોય છે એને એ જાણે. ઉત્પત્તિ એનાથી થાય છે એમ કહેવું એ પણ વ્યવહારનું વચન છે. નિમિત્તથી ઉત્પત્તિ થાય રાગની અથવા વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રયની ઉત્પત્તિ થાય એ પણ વ્યવહારના કથન છે, ફક્ત વ્યવહાર કોણ હતો એ જણાવવા. બાકી નિશ્ચયરત્નત્રય છે એ તો સ્વદ્રવ્યને જ આશ્રયે થાય છે. આહા..હા..! આવી વસ્તુ.

અને અહીંયાં કહ્યું કે જે વિકાર આદિ છે એ પુદ્‌ગલના પરિણામ. એ ત્રિકાળી સ્વભાવની શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ કરાવવા એ વિકારના પરિણામ પુદ્‌ગલના કહ્યા. ૩૭૨માં (કહ્યું કે) વિકારના પરિણામ પણ તારામાં તારાથી થયા છે, તારાથી થયા છે. એ સમયનો એને જન્મક્ષણ છે. આહા..હા..! એને સમંતભદ્રાચાર્યે ભક્તિનો વિષય છે ત્યાં તો. ભક્તિના વિષયમાં નિમિત્તપણું સાબિત કરવું છે. સમજાણું કાંઈ? એથી ત્યાં એમ કહ્યું કે અભ્યંતરકારણ અને બાહ્યકારણની સામગ્રી એ કાર્યને ઉત્પત્તિનું કારણ છે. ઉત્પત્તિનું કારણ તો જે સ્વ છે એ જ છે, પણ જોડે નિમિત્ત છે એનું જ્ઞાન કરાવવા બેને સાથે લઈને એનાથી કાર્ય થયું એમ કહ્યું. ખરેખર તો પોતાના કારણથી જ કાર્ય થયું છે, પણ નિમિત્તનો ઉપચાર કરીને, આરોપ કરીને, સહચર દેખીને, જેમ ઓલો રાગને સાથે દેખીને વ્યવહારસમકિત કહ્યું, એમ આ પરિણતિને નિમિત્ત સાથે છે એ સહચર દેખીને એનાથી થયું એમ વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. ખરેખર તો એ જ્ઞાન કરવા માટે છે. આહા...! ભારે વાતું આકરી એટલી. મોટા પંડિતો કંઈકની કંઈક તકરાર (કરે). સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ?

રાગની ઉત્પત્તિના પ્રકાર ત્રણ કીધા. એક તો સ્વભાવની દૃષ્ટિએ રાગના પરિણામ પુદ્‌ગલના કહ્યા એ શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ કરાવવા. રાગ પોતાથી થાય છે એ અશુદ્ધ ઉપાદાન સ્વતંત્ર પર્યાય છે એ સિદ્ધ કરવા ત્યાં કહ્યું માટીથી ઘડો થયો છે, કુંભારથી થયો એમ અમે જોતા નથી ત્યાં. આહા..હા..! એમ રાગ અને દ્વેષ પોતાથી થયા છે, નિમિત્તથી થયા એમ અમે જોતા નથી. ૩૭૨. અહીં બીજી વાત, ત્યાં બીજી વાત. અહીંયાં તો સ્વભાવની દૃષ્ટિ કરાવવા જે વિભાવ છે તે પુદ્‌ગલનો છે, નીકળી જાય છે માટે એને પુદ્‌ગલના કહ્યા. છે તો એની પરિણતિ, પણ શુદ્ધદ્રવ્યના સ્વભાવની પરિણતિ અશુદ્ધ ન હોય. સમજાણું કાંઈ? અરે..! આટલા બધા પડખાં હવે યાદ કેમ રહે?

શુદ્ધ વસ્તુ ચૈતન્યમૂર્તિ પ્રભુ એ શુદ્ધનું પરિણમન અશુદ્ધ કેમ હોય? એમ કહે છે અહીંયાં.

એથી એને અશુદ્ધ પરિણમનને પુદ્ગલમાં નાખ્યા અને ૩૭૨માં (કહ્યું કે) અશુદ્ધ પરિણમન પણ તારું જ છે, તારાથી જ થયું છે, પુદ્ગલના નિમિત્તથી પણ નહિ. આહા..હા..! અને બે કારણનું જ્યાં વર્ણન આવે છે ત્યાં કારણ તો એક જ છે ઉપાદાન પોતાનું, પણ જોડે નિમિત્તનું જ્ઞાન કરાવવા નિમિત્ત કોણ હતું? એથી નિમિત્ત આવ્યું માટે થયું એ પ્રશ્ન ક્યાંય છે નહિ. જે થવા કાળમાં પોતાની સ્વતંત્રતાથી તે પર્યાય થઈ, વિકારી કે નિર્વિકારી. એ વખતે નિમિત્ત જોડે બીજી ચીજ છે એનું જ્ઞાન કરાવવા બે કારણથી એક કાર્ય છે એમ કહેવામાં આવ્યું છે. આમ છે, ભાઈ! વસ્તુસ્થિતિ તો આવી છે.

**શ્રોતા :-** બે એક કારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક કારણ. બીજું કારણ ઉપચારથી નાખ્યું. જ્ઞાન કરાવવા નિમિત્તથી બસ. આહા..હા..! હવે આવું ક્યાં! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ધર્મ કેમ કરવો એ સમજાવોને. ભલે આપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ પહેલું જેમ છે એમ જાણ્યા પછી સ્વભાવની દૃષ્ટિ કરેને? પર્યાયમાં વિકાર થાય છે એ શું છે? એ છે તો મારો જ અપરાધ, કર્મથી નહિ, નિમિત્તથી નહિ. એટલો નિર્ણય પર્યાયનો કરાવીને પછી ત્રિકાળ સ્વભાવના વસ્તુના પરિણમનમાં એ ભાવ નથી એવી દૃષ્ટિ કરાવવા વિકારના પરિણામ પુદ્ગલના ત્યાં કીધા. એય..!

**શ્રોતા :-** બે કારણ થયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે કારણ, પણ આ રીતે બે કારણ. પોતાનું કારણ એ જ નિશ્ચય કારણ છે અને આમાં તો એ કારણ નથી એમ અહીં સિદ્ધ કરવું છે અહીં તો. અહીંયાં તો પુણ્ય-પાપનું કારણ આત્મા છે જ નહિ. કેમકે વસ્તુ જે શુદ્ધ ચૈતન્યદૃષ્ટિ કરાવવી છે ને, એકલો આત્મા નિર્મળ એ પુણ્ય-પાપને ઉત્પન્ન કરે એ વસ્તુમાં ક્યાં છે? એથી એને વસ્તુના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વિકારના પરિણામ પુદ્ગલના કહીને કઢાવી નાખ્યા. પણ કોઈ એમ જ પકડીને બેસે કે એ પર્યાય કર્મની જ હતી અને કર્મને લઈને થયા છે એવું કોઈ માને તો એને કહ્યું કે વિકાર તારાથી, તારે લઈને થયા છે. તારામાં તારાથી થયા છે.

**શ્રોતા :-** કોઈ એમ પકડીને બેસી જાય કે પર્યાય જ નથી મારી તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય નથી તો મૂઢ થઈ ગયો. પર્યાય નથી તો કામ તો પર્યાયમાં ચાલે છે. આહા..હા..! મારામાં રાગ નથી એ કાર્ય શેમાં ચાલે છે? એ તો પર્યાયમાં ચાલે છે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! આ તો બહુ સીધો માર્ગ (છે). આ તો જરી ઓલું આવ્યુંને? સમગ્ર. ત્યાં દ્રવ્યનો ભાવ લીધો છે. દ્રવ્યનો સ્વભાવ એવો છે કે બે હોય. હોય એ બરાબર છે પણ કઈ અપેક્ષાએ ત્યાં? ત્યાં તો પ્રમાણનું બેનું જ્ઞાન કરાવવા. કારણ એક જ છે. કારણના બે પ્રકાર હોઈ શકે જ નહિ, પણ બીજું નિમિત્તને આરોપિત કારણ કહીને બે કારણનું કાર્ય છે એમ પ્રમાણજ્ઞાનમાં બતાવ્યું. તે પણ નિશ્ચયથી પોતાથી થયું છે

એ વાતને લક્ષમાં-દૃષ્ટિમાં રાખીને એ નિશ્ચયનયનો ભાવ લક્ષમાં રાખીને પ્રમાણ બીજી ચીજને ભેળવે છે, એને ઊડાવીને ભેળવે છે એમ નહિ. આહા..હા..! તો પ્રમાણ ન થાય. તો બે કેમ થયા? ઓલાને રાખે અને બીજું થાય તો બે થયા. ભાઈ! આહા..હા..! અરેરે..! આવી વાતું! માણસે એવું ડોળી નાખ્યું. માણસ.. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ... માણસ જેવું બનાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બનાવ્યું. પ્રભુ! આહા..હા..!

અહીંયાં આગળ જીવસ્વભાવનું વર્ણન છે અહીંયાં. એટલે યોગનું કંપન્ન છે એ પુદ્‌ગલના પરિણામ તરીકે કહ્યું. કેમકે સ્વરૂપનો સ્વભાવ છે તેમાં કંપન્નનું થવું કોઈ સ્વભાવ નથી. બીજે ઠેકાણે ત્યાં કહ્યું ૩૭૨માં કે કંપન્ન છે એ આત્માની પર્યાયમાં થાય છે, કાયવર્ગણા અને મનવર્ગણાથી નહિ. આવ્યું? '**કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો...**' પ્રદેશનું કંપન્ન થાય એ. વર્ગણા પ્રદેશમાં કંપન્ન. આત્માના પ્રદેશમાં કંપન થાય એ. આ એની વાત છે. એ તો કીધું.

એ બીજી વાત કીધી. એ કીધાને પહેલાં. એ પણ પર્યાયમાં જે કર્મનો અનુભાગ છે એના નિમિત્તે જે આત્મામાં થાય એ અનુભાગસ્થાન, એકલા જડના નહિ. આહા..હા..! એવી વાત છે. નિમિત્તનૈમિત્તિક સંબંધે જે અનુભાગના પરિણામ જીવમાં થાય એમાં કર્મનું નિમિત્ત છે અનુભાગનું, પણ એ નિમિત્ત તરફના વલણવાળો ભાવ ત્રિકાળી સ્વભાવથી થતો નથી એમ બતાવવા એ કંપન્ન પુદ્‌ગલના પરિણામ છે એમ કીધા. અરેરે..! આવી વાત હવે એને.. કાંતિભાઈ!

૩૭૨માં તો કહ્યું કે કંપન્નના પરિણામ પણ સ્વદ્રવ્યની પોતાની પર્યાય છે, એ પોતાથી થયા છે. કર્મને યોગ્ય પરના નિમિત્તે વર્ગણાથી થયા નથી. કુંભારથી ઘડો થયો નથી, એમ વિકાર પરથી થયો નથી. વિકાર પોતાથી થયો છે. અહીં કહે વિકાર સ્વભાવ પુદ્‌ગલનો છે. એ સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ આ પર્યાયની સ્વતંત્રતા બતાવવાની અપેક્ષાએ તારા તારાથી છે. અને બે કારણ જ્યાં કહ્યા તે એક કારણનું જે છે એ તો એમ ને એમ રાખ્યું. એને ખોટું પાડીને વ્યવહાર ભેળવ્યું છે એમ નહિ. તો ભેળવ્યું છે એમ આવ્યું નહિ. હું કહું છું સમજાય છે એમાં? નિશ્ચયથી વિકાર જીવનો જ છે અને જીવથી જ થયો છે એ વાત રાખીને પ્રમાણે નિમિત્તને ભેળવ્યું. આને ઉડાવીને નિમિત્ત ભેળવે તો બેનું જ્ઞાન થતું નથી. ન્યાય સમજાય છે? અરે..! આવી વાતું હવે! આહા..હા..!

જ્યાં પર્યાયની ક્રમબદ્ધ સ્વતંત્રતા પોતાથી જ છે ત્યાં પર શું ઉત્પન્ન કરે? એ તો ત્યાં આવ્યુંને સર્વવિશુદ્ધિમાં એ? સર્વવિશુદ્ધ. આહા..હા..! એ ઉત્પાદ-પર છે જ નહિ પોતાના પરિણામમાં. આહા..હા..! ત્યાં આગળ તો સ્વતંત્રતા પરિણામની-પર્યાયની તે કાળે તેનાથી થાય એમ સ્વતંત્ર સિદ્ધ કર્યું. હવે અહીંયાં છે તે ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં ત્રિકાળી સ્વભાવનું

પરિણમન વિકારી હોઈ શકે નહિ. એટલે ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરાવવા અને દૃષ્ટિ થતાં એ વિકારના પરિણામ પુદ્‌ગલના છે એમ અહીં કહ્યું; અને જ્યાં બે કારણ કહ્યા ત્યાં નિશ્ચય કારણે તો વિકાર છે તારો એ તો એમાં રાખ્યું, પણ જોડે નિમિત્તનું જ્ઞાન કરાવવા બીજી ચીજ (છે), વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એમ આ પણ નિમિત્ત જાણેલો પ્રયોજનવાન છે, નિમિત્તથી થાય માટે પ્રયોજનવાન છે એમ નહિ. આવી વાત છે પણ હવે શું થાય? પંડિતાઈમાં... દેવચંદજી! અને તે બેસી જાય એવી વાત છે આ. એમ નહિ કે આ (ન બેસે). આહા..હા..! સમજાય છે?

અહીં કહે છે, એ અનુભાગસ્થાનો એ પર્યાયમાં જેટલા રસના નિમિત્તે થતાં એ ભાવ પણ પુદ્‌ગલના ગણ્યા. છે તો પર્યાયના પોતાના, પણ સ્વભાવની દૃષ્ટિએ જોતાં સ્વભાવ વિકારના અનુભાગપણે પરિણમે એવો એનો સ્વભાવ નથી-શક્તિ નથી-ગુણ નથી, એ દ્રવ્ય નથી એવું. આહા..હા..! સમજાય છે કાંઈ? જરીક ફેરફાર થાય તો આખો માર્ગ ફરી જાય, ભાઈ! આ તો વાત એવી છે. સમજાણું? અને જ્યાં બે કારણ કહ્યાં તો એક કારણને તો રાખ્યું જે છે નિશ્ચયથી પોતાથી એ તો રાખ્યું જ છે ત્યાં, પણ બીજું નિમિત્તનું જ્ઞાન કરાવવા જોડે નિમિત્ત છે કોણ? એનું જ્ઞાન કરાવવા, એનો આદર કરવા કે એ ઉત્પત્તિનું કારણ ખરું છે એમ નહિ. ખરું કારણ તો એક જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ મોક્ષનો માર્ગ જે છે એ ખરું કારણ માર્ગ એક જ છે, પણ જોડે રાગને સહચર (દેખી), દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ જોઈ, સહચર દેખી, મોક્ષમાર્ગનું એ નિમિત્ત જાણી... નિમિત્તનો અર્થ અહીં કાંઈ કર્યું નથી એનું નામ નિમિત્ત. નિમિત્ત પણ કોને કહેવું ત્યારે? આહા..હા..!

**શ્રોતા :-** બે-ચાર ટકા રાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોએ સો ટકા રાખે નહિ નિમિત્તના નિમિત્તમાં. દેવચંદજી! માર્ગ આવો છે હોં. અરે..! પ્રભુ! આ તો સત્યને લૂંટી નાખે છે. બાપુ! સત્યની વસ્તુ આવી છે, ભાઈ! આહા..હા..!

એ નિશ્ચયથી દરેક દ્રવ્યની પર્યાય તે તે જ કાળે જન્મક્ષણ-ઉત્પત્તિનો કાળ એ થાય તે તો યથાર્થ નિશ્ચય, પણ હવે એ નિશ્ચયને નિશ્ચયપણે રાખીને બીજી ચીજનું જ્ઞાન કરાવવા, નિમિત્તનું જ્ઞાન કરાવવા બે કારણથી કાર્ય થયું એમ ઉપચારથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો પ્રમાણ છે એ પોતે વ્યવહારનો વિષય છે. બે ભેગા થઈ ગયાને? નિશ્ચયથી સ્વ અને નિમિત્ત પર બે ભેગા થયા તો એ વ્યવહારનો વિષય થઈ ગયો. એમ પ્રમાણજ્ઞાન પોતે વ્યવહારનો વિષય છે. આહા..હા..! અરેરે..! આવું બાપા! વસ્તુસ્થિતિ આવી છે, ભાઈ! આહા..!

એક ચીજના જ્ઞાનમાં બીજી ચીજનું જ્ઞાન કરાવ્યું એનો અર્થ કે બે ભેગા થઈને એને પ્રમાણ કહ્યું. તો પ્રમાણ પોતે સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. પંચાધ્યાયીમાં (એમ કહ્યું).

રાગને આત્મા જાણે છે, રાગને આત્મા જાણે છે એને એ પ્રમાણને સદ્‌ભૂત વ્યવહાર કહ્યો છે. તે ઉપચાર. ઉપચરિત ઉપચાર. જ્ઞાન તે આત્મા એ સદ્‌ભુત અનુપચાર વ્યવહાર, જુઓ! ઓહોહો..! કેટલી સ્પષ્ટતા કરી છે આચાર્યે! આહા..હા..! પણ એ જ્ઞાન રાગને જાણે, પરવસ્તુને જાણે એનું નામ જ વ્યવહાર થઈ ગયો અને એનું નામ પ્રમાણ જ્ઞાન થયું, દ્રવ્યને જાણે અને આને જાણે, પ્રમાણ થયું. પ્રમાણ પોતે સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનયનો વિષય છે. અરેરે..! ન્યાય સમજાય છે? આવું છે, બાપુ! બીજું શું થાય પણ?

**શ્રોતા :-** જ્ઞાન તે આત્મા તે ઉપચરિત સદ્‌ભુતવ્યવહાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન તે આત્મા એવો ભેદ પડી ગયોને? એ અનુપચરિત સદ્‌ભુત વ્યવહાર. અનુપચાર સદ્‌ભુત વ્યવહાર. અનુપચાર સદ્‌ભુત વ્યવહાર. અને જ્ઞાન રાગને જાણે છે તે ઉપચરિત સદ્‌ભુત વ્યવહાર. કારણ કે ખરેખર તો પોતાને જાણે છે. પણ રાગને જાણે છે એ ઉપચાર થયો, પોતામાં છે એટલે સદ્‌ભુત થયો, વ્યવહાર છે પર છે એટલે વ્યવહાર થયો. આહા..હા..! આવું હવે ક્યાં શીખવા જાય માણસ? આવી વાત છે. વસ્તુસ્થિતિ આવી છે, બાપુ! આ કાંઈ કોઈના ઘરની નથી, વસ્તુના ઘરની જ આવી ચીજ છે. આહા..હા..!

એ અહીં કહ્યું, '**કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન...**' એનાથી આત્મામાં થતું કંપન. એ વર્ગણાનું કંપન કહ્યું છે પણ એ વર્ગણા એટલે જડનું નહિ. ભાષા તો એવી છે, વર્ગણાનું કંપન. એટલે કે વર્ગણા એ તો જડ છે. કાયના પરમાણુઓ, વચનના પરમાણુઓ જડ છે, પણ એના નિમિત્તે અહીં કંપન થાય એને પુદ્‌ગલના પરિણામમાં નાખી દીધા. કારણ કે વસ્તુના સ્વભાવમાં નથી એ અપેક્ષાએ. આહા..હા..! બાકી કંપન્ન છે યોગનું એ તો જીવની પર્યાય છે. પોતાથી તે કાળે થયેલી સ્વયં નિજ-જન્મક્ષણ છે. કંપન્નને ઉત્પન્ન થવાનો તે સમયનો તેનો કાળ છે તે પોતાથી છે, વર્ગણાથી નહિ. વર્ગણા તો જડ છે અને કંપન્ન આત્મામાં જોગ-કંપન્ન એ જીવની પર્યાય છે. એ તો નિમિત્ત છે વર્ગણા, પણ નિમિત્તથી થતું કંપન્ન પુદ્‌ગલમાં નાખી દીધું, જીવનો સ્વભાવ નથી એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? અને યોગનું કંપન્ન છે એ તો પોતાની વિકારી પર્યાય પોતામાં પોતાને કારણે થયેલી છે. આહા..હા..! હવે આ જૂના માણસ આ બધું ક્યાં શીખવા જાય? જાધવજીભાઈ! આ તકરાર ઊઠાવી માણસોએ. આહા..હા..!

દયાનો ભાવ થાય જીવમાં એ નિશ્ચયથી પોતાની જ પર્યાય છે. એક વાત. અને દયાના ભાવમાં રાગમાં નિમિત્ત કર્મનું છે એવું ભેળવીને જ્ઞાન કરવું એ પ્રમાણજ્ઞાન થયું, પણ પરિણામ મારા છે એવા નિશ્ચયને રાખીને નિમિત્તને ભેળવ્યું ત્યારે પ્રમાણજ્ઞાન થયું. તે પણ સદ્‌ભુત વ્યવહાર થઈ ગયો એ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એનાથી અહીં તો નિશ્ચયની વાત કરવી છે હવે. આહા..હા..! વસ્તુ ભગવાન ચૈતન્યદળ જે વસ્તુ છે અનંત-અનંતગુણનું દળ સત્ત્વ આખું, ચૈતન્યરસનું સત્ત્વ જે છે એ પોતે વિકારપણે કેમ થાય? એથી તે વિકારના

નિમિત્તે થયેલાં વિકારને નિમિત્તમાં નાખીને પુદ્ગલપરિણામ કહી દીધા. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ! એમ બેસવું જોઈએ, ભાઈ! આ તો અંતરની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રણ બોલ ઉતાર્યા ત્રણ. વિકારી પર્યાય પોતાથી જ થાય છે એ નિશ્ચયથી પોતાની છે. એક વાત. સ્વભાવની દૃષ્ટિએ એ આત્માના નથી એ પુદ્ગલના છે એ બીજી વાત. અને થયેલા વિકારને નિમિત્તથી થયાં એમ કહેવું જોડે એ પ્રમાણજ્ઞાન કરાવવા, નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે, નિમિત્તથી થયું છે એમ નથી. આહા..હા..! એમ એ બે કારણના કાર્ય છેને? એમ બે કારણના કાર્ય એમ ભાષા છેને. અકલંકદેવમાં પણ છે અને અહીં પણ છે સંમતભદ્રમાં. જીવનો સ્વભાવ છે એમ કહ્યું. વાસુપૂજ્ય. વાસુપૂજ્ય છેને? વાસુપૂજ્ય જ આવ્યું. લ્યો ૬૦માં આવ્યું, જુઓ! બાહ્ય-અંતર.. આ હમણાં નાખ્યું છેને, કૈલાસચંદજીએ આ નાખ્યું છે. .... કાર્યોમાં બાહ્ય અને અભ્યંતર સહકારી અને ઉપાદાન દોનોં કારણોં કો યહ .. હૈ. યહ આપકે મતમેં દ્રવ્યગત સ્વભાવ હૈ. આહા..હા..! એ તો બે સિદ્ધ કરવા છે ત્યાં. પ્રમાણજ્ઞાન કરાવવું છે. આહા..હા..! એમાં એ કહે કે નિમિત્તથી ભેગું થાય છે એ તો પ્રમાણજ્ઞાન કરાવવા કહ્યું છે, થયું છે તો પોતાથી પોતાને કારણે. નિમિત્તની અપેક્ષા જેને નથી. એ કારણ ન કહ્યું ૬૨ ગાથામાં? પંચાસ્તિકાય ૬૨ ગાથા.

એ ચર્ચા ચાલી હતી વર્ણીજી સાથે. પંચાસ્તિકાયની ૬૨ ગાથા. પર્યાયના ષટ્કારકે વિકાર પોતાથી થયો છે, દ્રવ્ય-ગુણથી નહિ, પરકારકથી નહિ, નિમિત્તના કારકથી નહિ. ત્યાં આગળ અસ્તિકાય સિદ્ધ કરવી છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એનું અસ્તિત્વ છે એટલું સિદ્ધ કરવું છે. એટલે જે વિકાર છે એ પર્યાયનું ષટ્કારક પરિણમન. એ વિકારનો કર્તા વિકાર, વિકારનું કર્મ વિકાર, વિકારનું કરણ વિકાર, વિકારનું અપાદાન વિકાર, વિકારનું સંપ્રદાન અને અધિકરણ. એ એક સમયની પર્યાયના ષટ્કારકનું પરિણમન દ્રવ્ય-ગુણની અપેક્ષાએ નહિ અને નિમિત્તની અપેક્ષાએ નહિ. પંચાસ્તિકાય ૬૨ ગાથા. વાત કરી હતી તે દી પણ. ભાઈને કહ્યું હતું. કેવળચંદજીએ કહ્યું હતું. આ બધી ગડબડ ઊઠે. અરે.. પ્રભુ! શું થાય પણ, ભાઈ! આ કાંઈ પંડિતાઈનો વિષય નથી, આ તો વસ્તુનો ભાવ છે એમ બેસવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્યારે વિકારના પરિણામમાં પરકારકની અપેક્ષા નથી એ નિશ્ચયથી વાત કરી અને અહીં કહ્યું કે વિકારના પરિણામ પુદ્ગલના છે એ સ્વભાવની દૃષ્ટિ બતાવવા આ વાત કરી છે; અને બે કારણ જ્યાં કહ્યા તે નિશ્ચય તો પર્યાય ષટ્કારકથી પોતાથી જ થઈ છે, પણ જોડે નિમિત્તને ભેળવીને પ્રમાણજ્ઞાન કરાવવા (બે કારણ કહ્યા). કારણ તો એક જ છે ખરેખર, મોક્ષમાર્ગ એક જ છે. માર્ગ કહો કે કારણ કહો. મોક્ષનું કારણ એક જ છે. એમ પર્યાયમાં કારણ છે એ નિશ્ચયથી એક જ છે. આહા..હા..! આવી વાતું. માથાફોડ. ભગવાન! સત્ તો આવું છે હોં! ક્યાંય આડુઅવળું કરવા જાશે તો સત્ નહિ રહે. સમજાણું કાંઈ?

ત્યાં દોષ થયો છે એ તારો તારાથી છે, સ્વતંત્ર છે. દોષમાં દ્રવ્ય-ગુણ પણ કારણ નથી અને દોષમાં નિમિત્ત પણ કારણ નથી. ૬૨માં એમ કહ્યું. પંચાસ્તિકાય છેને? જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના છે એમ સિદ્ધ કરવું છે અને અહીં સ્વભાવની દૃષ્ટિ કરાવવી છે દ્રવ્યદૃષ્ટિ. એટલે સ્વભાવની દૃષ્ટિની સિદ્ધિમાં વિકારી પરિણામ સ્વભાવથી ઉત્પન્ન થતાં નથી. સ્વભાવમાં એવી શક્તિ નથી. એટલે પર્યાયમાં જે પરલક્ષી થયા તેને પરમાં નાખી દીધા કે એ પરના છે, પુદ્ગલના પરિણામ, આત્માના નથી. આહા..હા..! આ વસ્તુસ્થિતિ આવી છે, બાપુ! બીજું શું થાય આમાં? આહા..હા..!

યોગસ્થાન કંપન્ન તો પોતાના ગુણની વિકારી (અવસ્થા છે). અયોગ નામનો ગુણ છે એ કંપનપણે પરિણમ્યો છે. આહા..હા..! કંપન્ન છે તે વિકાર છે, કર્મગ્રહણમાં એ નિમિત્ત છે. નિમિત્ત છે. એટલે? પરમાણુનું આવવું તો એને કારણે, ઉપાદાનને કારણે છે. આહા..હા..! એટલે કર્મનું પરિણમન ગ્રહવામાં તો ઉપાદાન સ્વતંત્ર એ પોતે છે અને એ કર્મનું આવવું તે કાળે, તે પરમાણુને તે રીતે પરિણમવાનો કાળ હતો તો કર્મ પરિણમ્યા છે. આહા..હા..! એને યોગનું નિમિત્ત કહેવું એ વ્યવહાર બતાવવા માટે. આહા..હા..! અને 'યોગના પરિણામ આત્માના નથી, પુદ્ગલના છે' એ સ્વભાવની દૃષ્ટિ કરાવવા માટે વાત છે. દેવચંદજી! વાત તો આમ છે. ફેરફાર કાંઈ કરે, બાપા! આ પંડિતાઈનો વિષય નથી. આહા..હા..! વસ્તુની સ્થિતિનો વિષય છે આ તો. સમજાણું કાંઈ? માટે બે કારણથી જ થાય અને એક કારણથી તમે માનો માટે એકાંત છે. ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે? સમજાણું કાંઈ? ૭૨માં તો એમ કહ્યું માટીથી ઘડો થયો છે, કુંભારથી થયો એમ અમે જોતા નથી. ત્યાં તો એમ કહ્યું છે. છે? નિમિત્તથી થયું એમ અમે જોતા નથી એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા** :- કુંભાર ઘડો બનાવવાના અહંકારથી ભરેલો હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહંકારથી ભરેલો હોય છે, પણ એનો સ્વભાવ ત્યાં આવતો નથી. નહિતર તો કુંભારના સ્વભાવે ઘડો થવો જોઈએ. છેને એમાં? આહા..હા..! ભાઈ! બહુ વાતું, બાપા! આહા..હા..! ઘડો તો એના માટીના સ્વભાવે થયો છે. એ કુંભારને સ્વભાવે થયો નથી. માટે ઘડાનો કર્તા તો માટી છે, કુંભાર નહિ. આહા..હા..! પણ અહીં બે કારણ જ્યાં કહ્યા તો બીજું કારણ ભેળવવા, જે વાસ્તવિક કારણ નથી, ઉપચારી કારણ છે, સહકારી દેખીને, તે વખતે હોય છે એમ જાણીને બે કારણથી કાર્ય થાય એમ વ્યવહાર કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું વસ્તુનું સ્પષ્ટીકરણ છે. નહિતર કોઈ રીતે મેળ નહિ ખાય. સમજાણું કાંઈ? હિંમતભાઈ! આવી વાત છે, બાપુ! આહા..હા..! એ ૨૦ બોલ થયા.

૨૧. '**જુદી-જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું** લક્ષણ છે **એવાં જે બંધસ્થાનો તે બધાંય જીવને નથી...**' એ બંધના પરિણામ પ્રકાર જેટલા ઉત્પન્ન થાય એ બધા પુદ્ગલના છે એમ કહે છે. આહા..હા..! છે? '**જુદી-જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ**

**છે એવા જે બંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.'** આહા..હા..!

**'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા જેમનું લક્ષણ છે એવાં જે ઉદયસ્થાનો...'** આહા..હા..! જીવની પર્યાયમાં ઉદયના પ્રકારો જેટલાં અસંખ્ય અનંત થાય તે બધા જીવને નથી. એની પર્યાયમાં થાય એની વાત છે હોં! એ જીવને નથી. જીવ જેને કહીએ દ્રવ્યસ્વભાવ. આહા..હા..! શાંતિભાઈ! આવું છે બાપુ આ. આહા..હા..! ઉદયસ્થાનો. ઉદયના જેટલાં પ્રકાર છે ગતિ આદિ બધાં. ક્રોધ, માન, માયા, લોભ, ગતિ આદિ એ ઉદયના સ્થાનો પરમસ્વભાવભાવ ભગવાન આત્મા, એમાં નથી માટે તેને પુદ્‌ગલના પરિણામ કહ્યાં. બાકી છે ઉદયના સ્થાનમાં ભાવ જીવની પર્યાય પોતાની. એના પોતાના જ ઉદયના પ્રકારો થયા છે, એ કર્મના નિમિત્તની અપેક્ષા વિના. આહા..હા..! સમજાણું કાંઈ? ઉદયભાવ નથી આવતો? ગતિ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ આદિ. આહા..હા..!

ભગવાન પરમસ્વભાવભાવ એવી દૃષ્ટિ જ્યાં થઈ છે તેથી તે જ જીવને જીવ ગણીને... આહા..હા..! એવા જે ઉદયના સ્થાનો છે તો એની પર્યાયમાં, પણ એ પર્યાયબુદ્ધિમાં જે થયાં તે દ્રવ્યબુદ્ધિએ નથી એમ ગણીને એને પુદ્‌ગલના પરિણામ, નીકળી જાય માટે, કહ્યા છે. આહા..હા..! એમાં પણ ત્રણ બોલ લેવા. ઉદયના વિકારના જેટલાં પ્રકાર છે એ નિશ્ચયથી પોતાથી થયા છે, કર્મથી નહિ. કર્મ પરદ્રવ્ય છે એને અહીં અડતું પણ નથી એમાં ક્યાંથી થાય? પણ એને પુદ્‌ગલના પરિણામ કહ્યાં. કેમકે ત્રિકાળી સ્વભાવમાં વિકાર થવાનો કોઈ ગુણ નથી. એથી ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો નિમિત્તને આધિન થયેલાં ભાવ એના છે એમ કીધા છે. ધન્નાલાલજી! આમ છે. વધારે રાતે પૂછવું. આ તો વીતરાગમાર્ગ, બાપા! બહુ ગહન છે. આહા..હા..!

એ ઉદયસ્થાનો જીવના છે નિશ્ચયથી ઉદયભાવ ગણ્યા નથી જીવના ભાવમાં? ઉદયભાવ, ઉપશમભાવ, કેટલા બોલ છે? ૨૧. બસ ૨૧ એ. એ બધા છે જીવના, જીવના ઉદયસ્થાન ભાવ છે. ત્યાં જીવના કહ્યાં છે તત્ત્વાર્થસૂત્રમાં. આહા..હા..! કેમકે એની પોતાની પર્યાયમાં તે કાળે પોતાથી ઉત્પન્ન થયાં છે, નિમિત્તથી નહિ. આહા..હા..! પણ જ્યારે એને એનાથી થયાં છે એની જોડે નિમિત્તનું જ્ઞાન કરાવવા બીજી ચીજની હાજરીનું જ્ઞાન કરાવવા બે કારણથી કાર્ય થાય એમ કહે છે. એથી કરીને એ કારણથી અહીં થયું છે (એમ નથી), એ તો ઔપચારિક કારણ કહ્યું, યથાર્થ કારણ તો પોતાનું થયું છે. આહા..હા..! ન્યાય સમજાય છે? અરે..! આવા ઝઘડા ઊભા થયા છે. ભગવાનના વિરહ પડ્યા. કેવળજ્ઞાન રહ્યા નહિ. આહા..હા..! એવું કોઈ ચમત્કારિક જ્ઞાન રહ્યું નહિ કે બીજાને છાપ પાડે. સમજાણું કાંઈ? એટલે આ બધા ઝઘડા ઊભા થયા. આહા..હા..!

**'બધાંય જીવને નથી કારણ કે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...'** આહા..હા..!

પર્યાયમાં એમ જોઈએ કે એ તો જીવના પરિણામ છે, જીવમય છે પર્યાયમાં. આહા..હા..! એ અશુદ્ધનયનો પરિણામમાં પોતાથી થયા છે એ સિદ્ધ કરવા; અને અહીંયાં સ્વભાવમાં નથી એવી દૃષ્ટિનો વિષય જ્યાં થયો તો દૃષ્ટિનો વિષય તો ધ્રુવ ચૈતન્યસ્વભાવ છે. એની અપેક્ષાએ વિકારના પરિણામ ત્યાં થતા નથી. એટલે એ વિકારના પરિણામ પુદ્‌ગલના પરિણામમાં નાખી દીધા; અને નિશ્ચયથી પોતાના છે અને જોડે નિમિત્તનું જ્ઞાન કરાવવા બે કારણથી કાર્ય થયું, કારણ તો એક જ યથાર્થ છે. બીજું કારણ ઉપચારિક-આરોપિત-યથાર્થ નથી તેને કારણ કહેવું. આહા..હા..! બહુ ઝીણું છે બધું આજે. લખ્યું છે બધું? એમ! આહા..હા..! એ બધાય નથી લ્યો. ૨૨ થયા.

હવે ગતિ. લ્યો છે? ગતિના પરિણામ તો જીવના છે. મનુષ્યગતિ, દેવગતિ. આ શરીર નહિ હોં! અંદર ગતિની યોગ્યતા જે ઉદયભાવની. મનુષ્યગતિ, દેવગતિ, નરકગતિ, તિર્યંચગતિ, એકેન્દ્રિય, નિગોદગતિ એ પર્યાયની ગતિના પરિણામ તો જીવના છે; પણ એ ગતિના પરિણામ વિકારી છે. તેથી ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ થતાં વિકારના પરિણામ છૂટી જાય છે, એના હોય તો છૂટે નહિ, માટે પુદ્‌ગલના ગણીને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે. અરેરે..! આવી વાતું! સમજાણું કાંઈ?

'**ગતિ,...**' નહિ. આહા..હા..! એ ગતિ પુદ્‌ગલના પરિણામ છે એમ કહે છે. લ્યો! ચૌદ માર્ગણા બધા પુદ્‌ગલના પરિણામ. આહા..હા..! ભાઈ! વસ્તુ જે છે વસ્તુ એ તો પરમાત્મસ્વરૂપ ચિદ્‌ઘન છે. અનાદિઅનંત, અનાદિઅનંત એક સમયમાં પૂર્ણસ્વરૂપ પૂર્ણ છે. કાળથી ભલે અનાદિઅનંત કહીએ, પણ વસ્તુ વર્તમાન જ આખી પૂર્ણ છે. એકલો સ્વભાવનો પિંડ છે, સ્વભાવનો સાગર છે. એવા સ્વભાવની દૃષ્ટિમાં એ વિકારના ગતિને પરિણામને નીકળી જાય છે માટે અને પર્યાયમાં ઊભા થયા છે, કોઈ દ્રવ્ય-ગુણથી ઊભા થયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઓલું કાલે, પરમ દી આવ્યું હતુંને એ ઉપર બહુ (વિચાર ચાલ્યા). અરે.. ભગવાન! શું કરે છે? ભાઈ! બાપુ! એ એમ નહિ ચાલે. આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ ભગવાન માથે બિરાજે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચાર જ્ઞાનની રચના કરનાર, અંગ-પૂર્વની રચના કરનાર ગણધરો બિરાજે છે, ભાઈ! મહાવિદેહ ક્ષેત્રમાં હાજરાહજૂર છે એ. સમજાણું કાંઈ? એનો માર્ગ છે, બાપા! આહા..હા..! આ કોઈ આલીદુઆલી કહે છે એમ નથી. આહા..હા..! એમ વાત છે, ભાઈ!

'**ગતિ, ઈન્દ્રિય,...**' લ્યો! એ ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય એ બધા પુદ્‌ગલના પરિણામ છે. ભગવાન અણીન્દ્રિયસ્વરૂપ છેને પ્રભુ. આહા..હા..! એવા અણીન્દ્રિય ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ ભાવેન્દ્રિયને પણ પુદ્‌ગલના પરિણામ કહી દીધા છે. બીજી રીતે કહીએ તો ભાવેન્દ્રિયના પરિણામ પોતાના જ છે. દ્રવ્યેન્દ્રિય જડ ભલે નહિ. એ પર્યાયની દૃષ્ટિથી જોઈએ તો ભાવેન્દ્રિય પોતાની છે, પણ દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો ભાવેન્દ્રિયનું સ્વરૂપ એના ત્રિકાળમાં નથી અને

નીકળી જાય છે તે પુદ્ગલના પરિણામ કહ્યાં. બીજી રીતે કહીએ તો ભાવેન્દ્રિયના પરિણામ પોતાથી છે અને કર્મના ઉદયનું નિમિત્ત છે ત્યાં, તો બેથી થયાં એમ કહેવું એ પ્રમાણનો વિષય બતાવવા માટે છે, નિમિત્તનું બતાવવા. આહા..હા..!

ભારે ગજબ એવી વાત એવી શાસ્ત્રની શૈલી કોઈ કે ચારે બાજુથી આમ એકધારા વહે છે. આહા..હા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કીધું હતું ત્યાં, એમાં નિમિત્તની વાત ત્યાં નથી, ત્યાં તો એના ભેદવાળી પર્યાય છે, અશુદ્ધ ને શુદ્ધનો અંશ જે છે એ પર્યાયને જાણવી એ વ્યવહારનય કીધો. એના ને એના ત્રિકાળીને અનુભવવો, આશ્રય લેવો એનું સમ્યક્ અને પર્યાયનું જ્ઞાન કરવું એ વ્યવહાર. આહા..હા..! બેનું જ્ઞાન થઈને ત્યાં પ્રમાણજ્ઞાન થાય છે. પરના નિમિત્તની ત્યાં અપેક્ષા છે જ નહિ. પણ જ્યાં પોતે અને પર એવા બે ભેગી વાત લેવી હોય ત્યારે પર નિમિત્ત કહેવામાં આવે છે. આ વ્યવહાર છે ઓલો ૧૧-૧૨માંનો એ અંદરના વ્યવહારનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ ઈન્દ્રિય. આહા..હા..! ભાવેન્દ્રિયના ખંડ-ખંડ પરિણામ.. એ ૩૧માં આવ્યું હતુંને કે ભાવેન્દ્રિય ખંડ-ખંડ જ્ઞાનને જણાવે છે, એ આત્માનું નહિ. આહા..હા..! તેથી તેને પરજ્ઞેયમાં નાખ્યું ત્યાં. ભાવેન્દ્રિયનો જે ખંડવિષય ખંડજ્ઞાન એ જ્ઞાયકના પરજ્ઞેય તરીકે નાખ્યું છે. શું કહ્યું સમજાણું? ૩૧-૩૧. '**इंदिये जिणित्ता**' આહા..હા..! '**इंदिये जिणित्ता**'નો અર્થ કે ભાવેન્દ્રિયનો ખંડ છે એ પરજ્ઞેય છે, જડ ઈન્દ્રિય એ પણ પરજ્ઞેય છે અને એનો વિષય ગુરુ, દેવ, સ્ત્રી, કુટુંબ, દેશ એ બધા પરદ્રવ્ય છે એ ઈન્દ્રિય છે. આહા..હા..! ત્રણેને જીત એટલે કે તેનાથી અધિક ભિન્ન જે છે ચૈતન્ય એને જાણ. આહા..હા..! એણે ઈન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આહા..હા..!

એમ 'કાય,...' આ કાયા એટલે શરીરને ન લેવું. કાયાનું કંપન્ન આદિ ભાવ છેને, અંદર આત્મા અને કાયાનો યોગ. એમ 'યોગ,...'નું વેદન. યોગની ક્રિયા. એ કંપન્નની હમણાં આવી ગઈ આપણે. એમ 'વેદ,...'ના પરિણામ. આહા..હા..! સ્ત્રીવેદના, પુરુષવેદના આદિના પરિણામ છે તે પુદ્ગલના પરિણામ છે કહે છે. આહા..હા..! એમાં પણ ત્રણ પ્રકાર. વેદના પરિણામ ત્યાં છે તે તે તેનો જન્મક્ષણ છે. પોતાથી જ તે થયું છે. એને પરની અપેક્ષા નથી, દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહા..હા..! દ્રવ્ય-ગુણની અપેક્ષા કેમ હોય? એ તો શુદ્ધ છે. પરની અપેક્ષા કેમ હોય? એ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! છતાં બે કહેવું એ.. શું છે આ? વેદ.

એ વાસના ઉત્પન્ન થાય છે એ છે તો જીવની પર્યાય, પણ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે પરિણામ જીવમાંથી નીકળી જાય છે, જીવના હોય તો નીકળે નહિ. માટે પુદ્ગલના પરિણામ આ અપેક્ષાએ કહ્યાં. બીજી રીતે વેદનો ભાવ વિકાર જે થયો એનું અશુદ્ધ ઉપાદાન કારણ તો પોતે જ છે. વેદનો ઉદય જે જડનો છે એ નિમિત્ત છે. એથી એને

આ કારણે ઉપાદાનને કારણે, નિમિત્તને કારણે જે વાસના થઈ એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા ઔપચારિક કારણને ભેળવીને પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. એથી કરીને પરથી થયું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો આવી ગઈ ને ૬૨મી ગાથા. આહા..હા..! એ મોટો વાંધ્યો આવ્યો હતો ત્યાં. વર્ણીજીને કહ્યું, વિકાર છે એ પર કારકની અપેક્ષા રાખતું નથી. ટીકા જુઓ, ૬૨ ગાથા, પંચાસ્તિકાય. પર કારકની અપેક્ષા જેને નથી. એટલે ભડક્યા બધા. તો સ્વભાવ થઈ જશે. એ તો અભિન્નની વાતું છે. પણ અભિન્નનો અર્થ શું? પરની અપેક્ષા વિના પોતાની પર્યાયમાં વિકાર પોતાથી થાય છે, એને કોઈ પરની અપેક્ષા નથી. એ અભિન્નની વાત છે. આહા..હા..! ભાઈએ કહ્યું ફૂલચંદજીએ. એણે પકડ્યું. સ્વામીજી નિશ્ચયથી વિકાર પોતાથી થાય છે, પરથી નહિ એમ કહેવા માગે છે. બંસીધરજી અને વર્ણીજી બે ભડક્યા. એને એમ કે જુઓ આમ છે. અરે..! ભાઈ! સાંભળને, બાપા! પછી આવ્યું ત્યાં કલકત્તે પ્રશ્ન. કેવું? ગજરાજજીને ત્યાં. શાહુજી લાવ્યા કે આમ પૂછે છે કે વિકાર પોતાથી થાય કે કોનાથી થાય? પરથી ન થાય તો સ્વભાવ થઈ જાય છે. કીધું, સ્વભાવ જ છે. પર્યાયનો એ સ્વભાવ જ છે. સ્વસ્ય ભવનં સ્વભાવ. પોતાથી થયો એ સ્વભાવ. શુદ્ધ-અશુદ્ધનો અહીં પ્રશ્ન નથી. જવાબ દીધો છે, ઊઠો. શેઠ આવ્યા તો શું છે અમારે? શાહૂજી આવ્યા હતા. એના ઉપર પત્ર આવ્યો હતો. આ લોકો મૂળ ભૂલ્યા છે એમ કહે. વિકાર પોતાથી જ થાય એ મૂળમાં ભૂલ છે એમ કહે. આહા..હા..! ભાઈ! એમ રહેવા દે, બાપુ! એ સત્‌ને સત્ રહેવા દે. આહા..હા..! કેમકે વિકાર પણ તે સમયનું સત્ છે કે નહિ? તો સત્-અહેતુને હેતુ હોઈ શકે નહિ નિશ્ચયથી. સમજાણું? ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સત્ છે. ભલે ઉત્પાદ વિકારનો હો, વ્યય હો. એ સત્ છે તો સત્ અહેતુ હોય છે, હેતુ હોઈ શકે જ નહિ. આહા..હા..! એ સ્વતંત્ર સત્ તે કાળનું સત્ તેને અસત્‌ની અપેક્ષા કેમ લગાડાય, બાપુ? આહા..હા..! અને તે સત્‌ને ઉડાવવું છે ત્રિકાળી સત્‌ની અપેક્ષાએ. સમજાણું? ત્રિકાળી સત્‌ની અપેક્ષાએ પર્યાયનું સત્‌પણું વિકાર હોવા છતાં એને પુદ્‌ગલ પરિણામમાં નાખી દીધા. આહા..હા..! પણ વર્તમાન પરિણામનું સત્ તો સત્ છે. વિકાર વેદ પોતાથી થયો છે. વેદ કર્મના ઉદયે આત્માને વિકાર થાય એમ બિલકુલ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** કોઈ નવો પંથ કાઢ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો વીતરાગનો પંથ છે, બાપા! ભગવાન એમ કહે છે આ તો. આહા..હા..!

એ તો બિચારા કહેતા હતા, દેવકીનંદન. તમે જે આ વાત કરો છો પણ અમારા બધા પંડિતોનું નિમિત્ત-પ્રધાનથી જ ભણતર છે. એમ કહેતા બિચારા. ભાઈ! આમાં તો સત્‌ને કબુલવું છે એમાં પક્ષનું શું કામ છે? કે અમે આમ માનતા માટે એ સિદ્ધ થવું જોઈએ.

ઓલામાં ન કહ્યું ભાઈએ? બનારસીદાસે. 'ઉપાદાન બલ જહાં તહાં નહિ નિમિત્તકો દાવ'. નિમિત્તનો દાવ ત્યાં આવશે જ નહિ—નિમિત્ત ફાવશે નહિ ત્યાં. પાંચ ગાથા છેને? બનારસીદાસની. ઉપાદાન-નિમિત્તના દોહરા. ' ઉપાદાન બળ જહાં તહાં, નહિ નિમિત્તકો દાવ, ઉપાદાન નિશ્ચય જહાં ત્યાં પર નિમિત્ત વ્યવહાર.' આહા..હા..! કેવી પાંચ ગાથા! 'ભેદજ્ઞાન વિરલા..' શું કીધું? પછી કીધું. 'ઉપાદાન.. તહાં નિમિત્ત પર હોય, ભેદજ્ઞાન પરમાણ વિધિ વિરલા બુજે કોઈ.' એ શબ્દ છે. ભેદજ્ઞાન એટલે બેની ભિન્નતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'ભેદજ્ઞાન પ્રમાણ વિધિ...' બનારસીદાસે પાંચ શ્લોકમાં તો.. ૪૭ શ્લોક છેને બનારસીદાસના. હા એ. પર હો. હોય તો શું છે? 'ભેદજ્ઞાન પ્રમાણ વિધિ વિરલા બુજે કોઈ.' આહા..હા..! એ તો વ્યાખ્યાન થઈ ગયા છે બધા તે દી. આ 'મૂળમા ભૂલ'માં. 'મૂળમાં ભૂલ' પુસ્તકમાં. આહા..હા..!

**'વેદ, કષાય,...'** લ્યો! એ શુભ-અશુભ કષાયભાવ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્‌ગલના પરિણામ. કેમકે ભગવાન આત્મા તો અકષાયસ્વરૂપ છેને, પ્રભુ! આહા..હા..! વસ્તુ તો વીતરાગમૂર્તિ પ્રભુ છે, આત્મા તો વીતરાગમૂર્તિ પ્રભુ!

**શ્રોતા :-** માર્ગણા કહો ભલે પણ પુદ્‌ગલના પરિણામ ન કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલું સ્પષ્ટીકરણ બહુ ન કરો એમ કહે છે. માર્ગણાનો અર્થ ભિન્ન-ભિન્ન પ્રકારના પ્રકારો તે આત્મામાં નથી. આહા..હા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, પ્રભુ! આ વીતરાગની ગાદીએ બેસીને કાંઈ કરવું આડુઅવળું, બાપુ! વીતરાગના ભાવની અશાતના થાય છે. સમજાણું કાંઈ? પોતાનો પક્ષ સિદ્ધ કરવા આડુઅવળું કરવું એ વીતરાગના માર્ગની પેઢીને લજવાય છે. આહા..હા..! અત્યારે કોઈ નહિ દંડ આપે, પણ એમાં દંડનીય છે, બાપા! આહા..હા..!

શું કીધું? **'કષાય,...'** ક્રોધ, માન, માયા, લોભ, શુભ-અશુભ એ સ્વભાવમાં નથી માટે તે કષાયના પરિણામ પર્યાયમાં છે. પર્યાયમાં છે એ નિશ્ચયથી પોતાના છે અને પોતાથી થયા છે, પરકારકથી નહિ. સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ કષાય પર્યાયના પુદ્‌ગલ પરિણામમાં નાખી દીધા. કષાયની ઉત્પત્તિ બે કારણે કહો તો નિમિત્તનું કારણ ભેગું ઉપચારિક કારણ ભેળવીને વાત કરી, ખરું કારણ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે ગિરધરભાઈ, આ બધું. આહા..હા..! વધારે શંકા પડે તો રાતે પૂછવું. ધન્નાલાલજી બેઠા છેને. આહા..હા..! આ તો સ્પષ્ટીકરણને માટે છે. આમાં ક્યાં..? ખોટું ઠરાવવાની વાત નથી. વધારે સમજવા માટે તો પ્રશ્ન થાય. આહા..હા..! લ્યો, ત્યારે પ્રશ્નથી સમજાય કે નહિ? નિમિત્તથી સમજાય એમ થઈ ગયું. અરે.. પ્રભુ! સાંભળને આવું ન બોલાય. સિદ્ધાંત શું છે એ વાતનો નિર્ણય કરવો છે અહીં તો. પછી એમાં તો ભાષાથી ન સમજાય, સમજાય માટે જો નિમિત્તથી સમજાણું એ ક્યાં આવ્યું? આહા..હા..! સિદ્ધાંત શું છે? જેને જે પર્યાય જે કાળે ઉત્પન્ન

થવાની તેનામાં તેને કારણે થાય છે. સાંભળવાથી નહિ. સિદ્ધાંત... આહા..હા..!

'**જ્ઞાન,...**'ના ભેદ. આહા..હા..! જ્ઞાનના ભેદો પણ આત્મામાં નથી કહે છે. એકરૂપ જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ એમાં ભેદ પાડવા પુદ્‌ગલના પરિણામ. ગજબ વાત છે, બાપા! આહા..હા..! એ વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ-૧૧, મંગળવાર, તા. ૨૨-૦૬-૧૯૭૬,**
**ગાથા-૫૦ થી ૫૫,**
**પ્રવચન નં. ૧૦૩**

સમયસાર, જીવ-અજીવ અધિકાર. બોલ અહીં આવ્યો છે-૨૩. જેને જીવ અભેદ કહીએ એમાં માર્ગણાસ્થાનના ભેદો નથી. એ વાત ઝીણી છે. આહા..હા..! છેને અહીં સુધી આવ્યું છે આપણે. '**જ્ઞાન,...**' જ્ઞાનના ભેદો છે એ જીવના અખંડ અભેદ સ્વભાવમાં એ ભેદનો અભાવ છે. સમજાય છે કાંઈ? જ્ઞાન કીધુંને? જ્ઞાનના શું છે, જુઓ! '**માર્ગણાસ્થાનો છે તે બધાંય જીવને નથી...**' એ શુદ્ધભાવમાં લીધું છે, નિયમસારમાં. આ માર્ગણાસ્થાન છે ને. ત્યાં શુદ્ધભાવમાં એ નથી. અહીં જીવમાં એ નથી. એ તો બધું એક જ છે. શુદ્ધભાવમાં માર્ગણા એટલે... ત્યાં શબ્દ છે વિકલ્પ લક્ષણા, વિકલ્પ લક્ષણ. ભેદના સ્થાનો, ભેદસ્વરૂપ.. આહા..હા..! એ જીવમાં એટલે ત્રિકાળી વસ્તુમાં એટલે કે શુદ્ધભાવ જે ત્રિકાળ.. એને ત્યાં શુદ્ધભાવ કહ્યો નિયમસારમાં. અહીં જીવ કહ્યો જીવ અભેદ. જે દૃષ્ટિનો વિષય અભેદ છે એમાં જ્ઞાનના ભેદોનો વિકલ્પ લક્ષણ એટલે ભેદનું સ્વરૂપ છે નહિ. આહા..હા..! આવી વાત ઝીણી. સમજાણું કાંઈ?

જ્ઞાનમાર્ગણા. માર્ગણા એટલે ભેદવાળા જે ભાવ. એ પાંચ ભેદ કરવા જ્ઞાનના કે ત્રણ અજ્ઞાન અને પાંચ જ્ઞાન ને એવા ભેદ વસ્તુસ્વરૂપ છે જીવનું એમાં એ ભેદ નથી. આવી વ્યાખ્યા છે. ખરેખર એ ભેદ છે એ વ્યવહાર છે. એ વસ્તુમાં ત્રિકાળમાં નિશ્ચયમાં નથી એમ કહેવું છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ઘડીક કહો જીવના છે અને ઘડીકમાં જીવમાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ અપેક્ષાએ? એ જીવના છે એ પર્યાયમાં અશુદ્ધનિશ્ચયનયે એના છે, પણ ત્રિકાળી સ્વદૃષ્ટિની દૃષ્ટિએ જોઈએ તો એ ભાવ ભેદસ્થાન વસ્તુમાં નથી. આહા..હા..! આવું છે. આ નિમિત્તની તકરાર છે મોટી. એમાં આ કાઢ્યું હતું. છઠ્ઠો પાઠ છેને. ધવલનો છે. તે દી કહ્યું હતું.

એક તો એ કે પ્રકૃતિ ભિન્ન-ભિન્ન છે એની સ્થિતિ એને ભિન્ન-ભિન્ન પડે છે. શું કીધું એ? પ્રકૃતિઓ ભિન્ન-ભિન્ન છે એની સ્થિતિ ભિન્ન-ભિન્ન પડે છે. કારણ એક હોવા છતાં.. એટલે શું? બંધનનું કારણ નિમિત્ત, રાગાદિ એક જાત હોવા છતાં પ્રકૃતિમાં સ્થિતિનો ફેર પડે છે એ પોતાના ઉપાદાનને કારણે છે. શું કીધું સમજાણું? જેમ કે દસમે ગુણસ્થાને રાગ છે-લોભ અને કર્મ છ બંધાય છે. એમાં જ્ઞાનાવરણીય અંતર્મુહૂર્તની સ્થિતિ પડે છે, દર્શનાવરણીયની અંતર્મુહૂર્તની, વેદનીયની બાર મુહૂર્તની શાતાની, નામ, ગોત્રની આઠ મુહૂર્તની, અંતરાયની અંતર્મુહૂર્તની. રાગ તો એક જ કારણ છે, છતાં અહીં ફેર કેમ છે? એ સ્વતંત્ર ઉપાદાન છે એમ કહે છે. આહા..હા..! એ વાત પહેલી થઈ ગઈ છે. .. વિશેષો. પહેલાં ઘણીવાર થઈ ગઈ છે. આહા..હા...! પ્રકૃતિ વિશેષની પોતાની યોગ્યતાના કારણે નિમિત્ત તો રાગ એક જ છે, છતાં નામ અને ગોત્રનું આઠ મુહૂર્તનું બંધન, જ્ઞાન, દર્શન, અંતરાયનું અંતર્મુહૂર્તનું, મોહનીય અને આયુષ્ય તો બે છે નહિ. સમજાય છે કાંઈ? આ તો દાખલો છેલ્લો એ પહેલાં આપ્યો હોત તે દી. પણ અહીં તો પહેલેથી છે. એક પ્રકારના વિપરીત ભાવ છે, છતાં જ્ઞાનાવરણીયની સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડીની અને મોહનીયની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડીની, નામકર્મની ૨૦ ક્રોડાક્રોડીની. આમ ફેર કેમ? ન્યાય સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** કારણ એક છે બેયનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ તો એક જ છે નિમિત્ત. પણ આ ફેર કેમ? એ ઉપાદાનની તે સમયની પરમાણુની પર્યાયની યોગ્યતા જ એવી છે. એને કોઈ નિમિત્ત કારણથી આ થાય છે એમ છે નહિ. આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ? શું કીધું? એ પરમાણુની એ વખતની ઉપાદાનની પર્યાયની પોતાની સ્વતંત્રતા છે. કારણ તો એક હોવા છતાં કાર્યના ભેદો પડ્યા એ સ્વતંત્ર પોતાને કારણે છે. ન્યાય સમજાય છે આમાં? આહા..હા..! અને બીજું એ (સંવત) ૧૯૬૪માં કહ્યું. તેદી વાત થઈ હતી ભાઈ સાથે. ઈંદોરના બંસીધરજી પંડિત. ૧૩ની સાલની વાત છે. વીસપંથીની ઉપર ઉતર્યા હતાને મેડીએ. વીસપંથી છેને ત્યાં સમેદશિખર. એ બહારથી ગયા હતા ત્યાંથી સાથે હતા. નિસરણી ચડતાં વાત કરી હતી. એને કીધું જુઓ, છઠ્ઠા ભાગમાં એવું કહ્યું છે... મારું પુસ્તક નથી હોં! પહેલી વાત એ કરી છે કે 'પ્રકૃતિ વિશેષ હોને સે ઉન સૂત્રોકી .. સ્થિતિબંધ હોતા હૈ.' ભિન્ન-ભિન્ન સ્થિતિ છે એ પરમાણુની સ્વતંત્રતા છે. કારણ-નિમિત્ત એક હોવા છતાં ઉપાદાનની યોગ્યતાથી પોતાની સ્થિતિમાં ફેર પડે છે. સમજાણું એમાં કાંઈ? 'સભી કાર્ય...'

**શ્રોતા :-** કારણ એક હોવા છતાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોવા છતાં.

'સભી કાર્ય એકાંતસે બાહ્ય અર્થ કી અપેક્ષા કરકે નહીં ઉત્પન્ન હોતે.' બધાં કાર્યો બહારની એકાંત અપેક્ષાથી ઉત્પન્ન (થતા નથી). 'અન્યથા સાલિ ધાન કે બીજ સે જવ કે અંકુરકી

ભી ઉત્પત્તિ કા પ્રસંગ પ્રાપ્ત હોગા' સાલિના ધાનથી જવનો અંકુર ઉત્પન્ન થશે. જો બાહ્યના કારણે જ ઉત્પન્ન થતું હોય તો આમ થશે. સમજાય છે આમાં કાંઈ? 'અન્યથા સાલિ ધાનકે બીજસે...' સાલિ ધાન બીજ છે ચોખો. જવની ઉત્પત્તિ થશે. કારણ કે બાહ્ય કારણથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! આ તો ધવલ વ્યવહારનયનો ગ્રંથ છે. એમાં પણ આ વસ્તુસ્થિતિ સિદ્ધ કરી છે, પણ લોકોને આકરું લાગે. આહા..હા..! 'કિંતુ ઈસપ્રકારકે દ્રવ્ય તીનોંહી કાલોમેં કિસી ભી ક્ષેત્રમેં નહીં હૈ કે જિનકે બલસે સાલિ ધાનસે જવ કા અંકુર ઉત્પન્ન કરનેકી શક્તિ હો સકે.' સાલિ ધાન ઉપાદાન અને એમાંથી બીજ ઉગે ઉપાદાનને કારણે એમાંથી જવ. 'યદી ઐસા હોને લગેગા તો અનાવસ્થા દોષ પ્રાપ્ત હોગા.' મેળ નહિ રહે ક્યાંય પછી. પરને લઈને આ થાય. તો જડમાંથી ચૈતન્ય થાય અને ચૈતન્યમાંથી જડ થાય. સમજાણું કાંઈ? 'ઈસલિયે કહીંપર ભી અંતરંગ કારણસે હી કાર્યકી ઉત્પત્તિ હોતી હૈ ઐસા નિશ્ચય કરના ચાહિયે.' ૧૬૪ પાનું છે. ધવલનો છઠ્ઠો ભાગ. આહા..હા..!

એ માટે કંઈ પણ અંતરંગ કારણસે હી.. આહા..હા..! કાર્યકી ઉત્પત્તિ હોતી હૈ. ઓલું બહાર મૂક્યું ઓલું એણે સમંતભદ્રનું. એ તો બે કારણ ત્યાં સિદ્ધ કરવા છે. ભક્તિનો વિષય છેને. નિમિત્ત છે ઉપાદાનના કાર્યકાળે, કાર્યકાળે હોં! એના કાર્યકાળે નિમિત્તથી અહીં કાર્ય થયું છે એમ નથી. આહા..હા..! તે તે સમયનો કાર્યકાળ છે. તેને નિમિત્ત બીજું હોય છે એટલું, પણ નિમિત્તથી એ કાર્ય ત્યાં થયું છે (એમ નથી). છે તો એક સાથે, અહીં નિમિત્ત છે અને અહીં કાર્યકાળ છે. હવે એમાં નિમિત્તથી થયું એ ક્યાં આવ્યું એમાં? સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'કહીં પર ભી અંતરંગ કારણસે હી...' પાઠ (છે) હોં. ... .. ... એ નિશ્ચય કરો. આહા..હા..! કોઈપણ સ્થાનમાં પોતાના ઉપાદાનને કારણે જ કાર્ય થાય છે તે નિર્ણય કરવો. ધવલ તો જુઓ! એ વાત કરી હતી તે દી. જેટલી પ્રકૃતિઓ છે કર્મની એ દરેકમાં કારણ એક વિકાર બંધનું અને સ્થિતિમાં ફેર એનું કારણ શું? કે તે વખતે તે જ ઉપાદાનની પરમાણુની પર્યાયની સ્થિતિ ઓછી-અધિક થવાનો પોતાનો જ સ્વકાળ છે. આહા..હા..! આવી વાત, ભાઈ! તકરાર... તકરાર... સમજાણું કાંઈ? સમજ્યા? આહા..હા..!

**શ્રોતા :-** ઝીણી-ઝીણી વાત કરીને પછી કહો સમજાણું કાંઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણી આ વાત તો સાવ સાદી ભાષાથી આવે છે.

જો બાહ્ય કારણથી જો થાય, ચોખામાંથી જવ થાય. કહો હવે એ તો સમજાય? માટે ચોખામાંથી જવ થાય તો દરેક પદાર્થમાં અનાવસ્થા દોષ આવશે. કોઈ નિમિત્તનો મેળ નહિ રહે કે આવું નિમિત્ત હોય તો આમ થાય એવો કાંઈ મેળ નહિ રહે. સમજાય છે કાંઈ? આહા..હા..! માટે એમ નિર્ણય કરવો—એમ નિશ્ચય કરવો એમ પાઠ છે કે અભ્યંતરકારણ... અભ્યંતકારણથી જ—અભ્યંતકારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે. આહા..હા..! સમજાણું

કાંઈ? મોટા ઝઘડા આમાં માંડીને બેઠા. અરે.. ભગવાન! શું કરે? એ પણ ભગવાન છેને પ્રભુ!

ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ છે. આત્મા ભગવાનસ્વરૂપ જ છે. આહા..હા..! સવારમાં ન આવ્યું એ? પરમાત્મસ્વરૂપ છોને પ્રભુ તું. આહા..હા..! સિદ્ધસ્વરૂપ અને તારા સ્વરૂપમાં ફેર શું છે? આહા..હા..! જિન સો હી હૈ આત્મા. એ જિનનું સ્વરૂપ તે જ આત્માનું સ્વરૂપ છે. વર્તમાન એવો પરમાત્મસ્વભાવ જ એનો છે. આહા..હા..! એમાં દૃષ્ટિ દે તો તને કલ્યાણ થશે. આહા..હા..! તને આત્મા મળશે. તેમાં આત્માની પ્રાપ્તિ થશે. આત્મા ઉપર દૃષ્ટિ દે તો પરમાત્માની તને દૃષ્ટિમાં પ્રાપ્તિ થશે. આહા..હા..! દૃષ્ટિની પર્યાય ક્ષણિક છે, પણ એ પર્યાયને ત્રિકાળ ભગવાનનો સ્વીકાર થતાં તને પરમાત્મા પર્યાયમાં જણાઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ૧૧માં તો એમ લીધું, ભૂતાર્થનો આશ્રય કરે તો સમકિત થાય એમ કહ્યું. અહીંયાં એમ કહ્યું કે નિર્વિકલ્પ સમાધિથી ભગવાન પ્રાપ્ત થાય. ઈની ઈ છે.

અહીંયાં તો વસ્તુ છે તે તરફ ઢળતાં દૃષ્ટિ એને સમ્યક્ થાય છે એમ કહ્યું એ પણ એ જ વાત છે. અને અહીંયાં કે જે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પર્યાય છે એ પર્યાયથી તે આત્મા પ્રાપ્ત થાય છે. આહા..હા..! વ્યવહારના વિકલ્પથી તે પ્રાપ્ત થતો નથી. આહા..હા..! આવી વાત છે. વ્યવહાર હો, વ્યવહાર હો એનો અર્થ શું છે? એ અહીં કાંઈ મદદ કરે છે? એમ નિમિત્ત હો તો દરેક પરમાણુ અને જીવની પર્યાયને તે કાળે ઉત્પન્ન થવામાં કાંઈ સહાયક છે એ? આહા..હા..!

**શ્રોતા :-** આપ તો કહો છો કે સહાયક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સાથે છે એટલું. સાથે છે એટલે એને સહાયક કહ્યું, પણ મદદ કરે છે માટે સહાયક છે એમ નથી. ધર્માસ્તિ તત્ત્વ તો પડ્યું છે અનાદિઅનંત. હવે ગતિ કરવાને કાળે એને નિમિત્ત કહેવાય એનો અર્થ શું થયો? જ્યારે ગતિ જીવ કરે ત્યારે આને નિમિત્ત કહેવાય, નહિતર એમ ને એમ છે; અને ગતિ કાળે એને નિમિત્ત કહેવાય અને સ્થિરતા કાળે આને નિમિત્ત ન કહેવાય ધર્માસ્તિને. એનો અર્થ શું થયો? અધર્માસ્તિ પણ પડ્યું છે. વસ્તુ તો પડી છે. આહા..હા..!

જ્યારે એનું પરિણમન અસ્થિરતાનું થાય આમ ગતિનું ત્યારે એ તો સ્વતંત્ર તે કાળે પરિણમનનો સ્વકાળ છે તે પરિણમન કરે છે, તેથી ત્યારે ઓલા ધર્માસ્તિને નિમિત્ત કહેવાય. પ્રશ્ન જ જુઓને. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ ગતિ કરતો રોકાઈ જાય પોતે સ્થિર, ત્યારે અધર્માસ્તિ તો છે જ તે ત્યારે એને નિમિત્ત કહેવાય. એનો અર્થ શું થયો? આહા..હા..! આવી વાત છે. અરે..! ઝઘડા ચડાવીને..

અહીંયાં કહે છે, એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ. જ્ઞાનના ભેદ પાડવા એ પુદ્‌ગલના પરિણામ. ભાષા તો જુઓ! આહા..હા..! ભગવાન આત્મા એકરૂપ જીવદ્રવ્ય છે શુદ્ધભાવ ધ્રુવ એની અપેક્ષાએ જ્ઞાનમાં જે ભેદ પાડવા એ ભેદને લક્ષે તો રાગ જ થાશે અને રાગ થાશે એટલે

એ પુદ્‌ગલના પરિણામ એને કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ!

'**જ્ઞાન,...**'ના ભેદો. માર્ગણાસ્થાન કીધુંને? ત્યાં એમ કહ્યું છે શુદ્ધભાવમાં, નિયમસારમાં. કે '**विकल्पलक्षणानि**', '**विकल्पलक्षणानि**'. ભેદનું એ સ્વરૂપ છે એમ. ભેદસ્વરૂપ. સમજાણું? છે અહીં નિયમસાર? જુઓ! 'ગતિ, **ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યકૃત્વ, સંજ્ઞા...** ' (ગાથા-૪૨). એવા ભેદસ્વરૂપ ચૌદ માર્ગણાસ્થાનો જીવમાં નથી. ટીકામાં શું લીધું જુઓ! '**भव्यसम्यक्त्वसंज्ञ्याहारविकल्पलक्षणानि मार्गणास्थानानि**'. '**विकल्पलक्षणानि**' જેનું ભેદસ્વરૂપ લક્ષણ છે. આહા..હા..! વાત તે પણ ગજબ કરી છે ને! સમજાણું કાંઈ? વિકલ્પલક્ષણ છે જેનું, ભેદ જેનું લક્ષણ છે. આહા..હા..! એ શુદ્ધભાવમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ભાઈ સાવધાની કરીને સમજે તો ખ્યાલ વાત આવે એવી છે. આ તો વીતરાગનો માર્ગ એવો છે ઝીણો.

**શ્રોતા** :- નિયમસારમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બધું એકનું એક છે. જીવ કહો કે શુદ્ધભાવ કહો. શુદ્ધભાવ ત્રિકાળને જીવ કહ્યો, અહીં જીવને ત્રિકાળ શુદ્ધભાવ કહ્યો. એકનું એક છે. આહા..હા..!

અહીં તો કહેવું છે કે આ માર્ગણા છે એ '**विकल्पलक्षणानि**'. ભેદસ્વરૂપ, ભેદસ્થાન, એ ભેદસ્વરૂપ તે જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગાદિ જીવનું સ્વરૂપ નહિ, ભેદસ્વરૂપ એ જીવનું નહિ. આહા..હા..! અને ૪૯ ગાથામાં તો કીધું પર્યાય છે એ પરદ્રવ્ય એ જીવનું સ્વરૂપ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ એવો છેને. અભેદદૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ? એને નિમિત્ત ને વ્યવહાર કાંઈ મદદ ન કરે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં આપણે જ્ઞાનના ભેદ છેને? જ્ઞાન વસ્તુ છે એ તો ત્રિકાળ વસ્તુ છે, પણ એમાં જે ભેદ પડે છે સ્થાન એ વિકલ્પ.. એ મતિ, શ્રુત આદિ ભેદો પડે તે વસ્તુમાં નથી. ભેદ કેવો? વસ્તુ તો અભેદ છે. આહા..હા..! રાગ કેવો? ભેદ કેવો? ઓહોહો..! અને એ વસ્તુ ત્રિકાળમાં એક સમયની પર્યાય કેવી? આહા..હા..! સમજાણું કાંઈ? એને અહીંયાં.. સુજાનમલજી! ગંભીર વાત છે. આહા..હા..! રાત થોડી ને રમતું ઝાઝી. કાળ થોડો અને ઘણું કરવાનું છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે.. અહીં તો આપણે જ્ઞાનનું આવ્યુંને એમાં વળી આ આવ્યો. નિમિત્ત-નૈમિત્તિકના હમણાં ઝઘડા બહુ ચાલે છે. હમણાં બાબુભાઈ કહેતા હતા. બધે એ જ ચાલે છે અત્યારે તો. અરે.. પ્રભુ! અને સાધુ આ બહારમાં ક્રિયા ..., વ્યવહાર હોયને બસ લોકો રાજી રાજી થઈ જાય. જગનમોહનલાલજી નાખે છે લખાણ. સાધુ છે ગામમાં ... એના વખાણ. આહા..હા..! બહારનો માણસને મોહ. બાહ્ય ત્યાગ થાય કાંઈક આમ ઉઘાડે શરીર હોય, નગ્ન હોય, આહાર આમ દે ને આહા..હા..! એ ક્યાં વસ્તુમાં છે? અહીં તો ભેદસ્થાન વસ્તુમાં નથી તો એ

ક્રિયાકાંડ ક્યાં વસ્તુમાં હતી કે એનાથી આત્માની પરીક્ષા થાય? સમજાણું? આહા..હા..! આકરી વાત, ભાઈ!

પ્રથમ મિથ્યાત્વના ત્યાગ સિવાય બીજો ત્યાગ થઈ શકે જ નહિ. તો મિથ્યાત્વના ત્યાગમાં તો ભેદસ્થાનને પણ છોડી દેવા પડે. નિમિત્તને તો છોડવું, રાગને છોડવો, ભેદને છોડવો. આહા..હા..! એવો ભગવાન અંદર અભેદ બિરાજે છેને નાથ! આહા..હા..! જેમાં પર્યાયનો પણ અભાવ છે. આહા..હા..! જે પર્યાય એનો નિર્ણય કરે છે એ નિર્ણય કરનારી પર્યાય પણ એમાં નથી. આહા..હા..! આવું સ્વરૂપ વીતરાગનું છે, ભાઈ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આમ કહ્યું છે, એવું છે. આહા..હા..!

'**સંયમ,...**' એ ચારિત્ર સંયમના ભેદો. આહા..હા..! વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન, એમાં ભેદ કેવા, કહે છે. આહા..હા..! ચારિત્રના ભેદો પણ એને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહ્યાં. કેમકે ભેદને લક્ષે તો રાગ થશે, એથી એને પુદ્‌ગલના પરિણામ કીધા. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્ર જે પર્યાય છે અને ત્રિકાળી ચારિત્ર ગુણ છે, પણ એ ત્રિકાળી ચારિત્રગુણના ભેદ પર્યાયમાં ભાસતા કહે છે ભેદ છે એ વિકલ્પનું કારણ છે. એથી ભેદને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા. આહા..હા..! આવું સ્વરૂપ છે. સંયમના સ્થાનો '**विकल्पलक्षणानि**' ભેદનું જે સ્વરૂપ... આહા..હા..! ભગવાન જે આત્મા ધ્રુવ જીવદ્રવ્ય જેને કહીએ એ જીવદ્રવ્યમાં આવા ભેદસ્થાન છે નહિ. આહા..હા..! ભાઈ! માર્ગ બહુ અલૌકિક છે. લોકોએ બહારથી બાહ્યના પ્રમાણથી કલ્પી લીધો છે કે આ ત્યાગ કર્યો ને આ રાગ ઘટાડ્યો અને આ ઓછો કર્યો. ઘટે ક્યાંથી? વસ્તુ દૃષ્ટિમાં આવ્યા વિના રાગનો જેમાં અભાવ છે ને ભેદનો અભાવ છે એવી દૃષ્ટિના વિષયને દૃષ્ટિમાં લીધા વિના રાગ ઘટ્યો ક્યાંથી? જેમાં રાગ નથી, જેમાં ભેદ નથી... આહા..હા..! એને દૃષ્ટિમાં લીધા વિના રાગ ઘટ્યો અને ભેદ થયો એ ક્યાંથી આવ્યું? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલામાં કહ્યું છેને ત્યાં? મોક્ષમાર્ગ પ્રકાશકમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે, પ્રભુ! આ અશુભરાગ ઘટે છે શુભભાવવાળાને, તો ઘટે એટલું ચારિત્ર કહો. ના, ત્યાં ના પાડી છે. એમાં સમ્યગ્દર્શન અભેદનું ભાન હોય એને શુભમાં અશુભ ઘટે એ બરાબર છે; પણ તું એકલો અશુભરાગ છે, વસ્તુની દૃષ્ટિ આવી નથી... આહા..હા..! નિધાન છે એને પકડ્યું નથી અને અશુભ ઘટાડ્યું એ ઘટ્યું જ નથી, કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જેમાં નથી તેને જાણ્યો નથી. જાણ્યા વિના અશુભ ઘટ્યું શુભમાં, એ ત્રણકાળમાં હોય નહિ. છે એમાં ઓલામાં, ભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં.

**શ્રોતા** :- સમ્યગ્દર્શન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એ તો બીજી વાત કરી. એ તો અભેદને પકડ્યો છે આખો કે જેમાં રાગ નથી ને જેમાં ભેદ નથી, એવાને પકડ્યો એટલે એને શુભભાવ વખતે અશુભ

ઘટ્યો છે એ બરાબર છે. એ તો વાત આવી ગઈ છે. નહિ? મોક્ષમાર્ગ ક્રમે ઘટાડે. આવ્યું હતુંને ક્યાંક આમાં? ક્રમે ઘટે એ તો ત્રિકાળીનો પૂર્ણ આનંદના નાથને જેણે અનુભવમાં લીધો છે, એને જે શુભ છે એમાં રાગ ઘટ્યો છે અને ક્રમે-ક્રમે ઘટાડશે એમ પણ છે એમાં. પણ કોને? જેણે ભગવાનના નિધાનને જોયું છે. જેમાં રાગ નથી, ભવ નથી, ભવનો ભાવ નથી. અરે..! અપૂર્ણતા જેમાં નથી. આહા..હા..! એવી જેને પૂર્ણસ્વભાવની દૃષ્ટિમાં પૂર્ણ સ્વભાવનો સ્વીકાર થયો છે એને શુભભાવ વખતે અશુભ ઘટ્યો છે અને પછી શુભને ઘટાડીને સ્વનો આશ્રય પૂર્ણ કરશે ત્યારે મુક્તિ થાશે. આહા..હા..! સમજાણું? પણ જેની દૃષ્ટિમાં આખો ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપ, પર્યાય ભલે એક સમયની હોય પણ પૂર્ણસ્વરૂપ જેને દૃષ્ટિમાં આવ્યું નથી.. આહા..હા..! એને રાગ ઘટે એ (છે જ નહિ), એને મિથ્યાત્વ આખું પડ્યું છે. આહા..હા..!

**શ્રોતા :-** એ પણ મંદ તો થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મંદ થાય એ વસ્તુ નથી. એ તો કીધુંને, અભવિને અનંતાનુબંધી અને મિથ્યાત્વનો રસ મંદ પડે. મંદ ને તીવ્ર કોઈ ચીજ નથી. અભાવ તે ચીજ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અભવિને પાઠ છે શાસ્ત્રમાં કે શુભભાવ ઘણો ઉગ્ર કરે છે ત્યારે એને મિથ્યાત્વના અને અનંતાનુબંધીના અનુભાગનો રસ થોડો છે, થોડો થાય છે, મંદ થાય મંદ; પણ એ કાંઈ મંદ એ કાંઈ વસ્તુ નથી, અભાવ થાય એ વસ્તુ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જયસેનાચાર્યમાં છે, સમયસારની ટીકામાં. આહા..હા..!

અહીં કહે છે કે સંયમના ભેદો એ વિકલ્પના લક્ષણો, સ્થાનો ભગવાન જીવમાં નથી. આ જીવતત્ત્વનો અધિકાર છેને? આ અજીવનો છે એટલે એ જીવમાં નથી. પણ પહેલું જીવ આવો છે.. આવો છે... આવો એ અસ્તિની વાત કરી. હવે જીવમાં આ નથી એ પ્રતિષેધથી વાત કરે છે. આહા..હા..! આવી વાત છે.

'**દર્શન,...**' એ ચક્ષુ, અચક્ષુ આદિ. હોં! ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન એવા દર્શનના ભેદસ્થાન ભાસતા નથી. આહા..હા..! એકરૂપ ત્રિકાળી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. આવ્યું હતુંને સવારમાં, નહિ? એક રહી ગયો. શુદ્ધ એકલો પવિત્ર. એ હમણાં ટીકા આવી છે આ જૈન ગેજેટમાં. કર્મથી કાંઈ થાય નહિ, કર્મથી કાંઈ થાય નહિ, આત્મા શુદ્ધ છે.. શુદ્ધ છે.. શુદ્ધ છે... છે ટીકા અહીંની. અરે.. ભગવાન! ભાઈ! એમ ન હોય. શુદ્ધ વસ્તુ તો શુદ્ધ જ છે અને અશુદ્ધ થાય છે એ પોતાની મલિનતાના પુરુષાર્થથી થાય છે, કર્મને લઈને નહિ. એ એમ કહે છે કે તો કેમ રોકાણો છે? એ રોકાણો છે ઊંધી અવસ્થાને કારણે. કર્મને કારણે રોકાણો છે એ? ઓલામાં નથી આવ્યું નિયમસારમાં. વિષયની પ્રતિબદ્ધતા ઓછી એથી રોકાણો છે. નિયમસારમાં એ આવે છે પાછળ. પંચાસ્તિકાય. વિષયનો પ્રતિબદ્ધ છે. થોડો વિષય છે એ રોકાણો છે એમાં. સમજાણું કાંઈ? એટલે રોકાણો છે, કર્મને લઈને નહિ.

આહા..હા..! પરદ્રવ્યને શું સંબંધ છે? બાપુ! એ તો વસ્તુ.. લોકોને એ સિદ્ધ કરવું છે. કર્મને લઈને દુઃખી છે, કર્મને લઈને રખડે છે. એ આજે આવ્યું જૈન ગેજેટમાં. અહીંની ટીકા છે. લાલબહાદુરનું હશે. અરે..! પ્રભુ! એ ટીકા અહીંની નથી. એ ટીકા છે તારી. તારો નાથ પૂર્ણાનંદ બિરાજે છે એનો આશ્રય લીધો નથી એટલે પરના આશ્રયમાં અપરાધ તારો છે એ તો. પરનો આશ્રય લીધો છે એ અપરાધ તો તારો છે. એ અપરાધ પરે કરાવ્યો છે? આહા..હા..!

**શ્રોતા :-** થોડો એનો, થોડો પોતાનો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોએ સો ટકા પોતાનો. એક ટકો પરનો નહિ.

એ કહેતા હતા તે દી. (સંવત) ૨૦૦૫ની સાલમાં આવ્યાને પહેલાં? હુકમચંદજી. પછી હતાને જીવંધર સાથે? જીવંધર. ઉપાદાન અને નિમિત્ત. પચાસ ટકા ઉપાદનના અને નિમિત્તના પચાસ ટકા એમ થઈને કાર્ય થાય. ૨૦૦૫ની સાલની વાત છે. પહેલાં આવ્યા હતાને? ૨૭ વર્ષ થયા. જરીએ નહિ. એક ટકો પણ નહિ, કીધું. સોએ સો ટકા આત્માની ભૂલ પોતાથી અને સોએ સો ટકા નિમિત્ત નિમિત્તમાં રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? હજી વસ્તુ સત્ય કેમ છે એની ખબરું ન મળે. આહા..હા..! અરે..! આ સંસારમાંથી નીકળી જવું છે, બાપુ! તો એ સંસારનો ભાવ અને ભેદભાવ પણ જે વસ્તુમાં નથી અને ભેદ કરે છે એ પોતાને કારણે પડ્યો છે. સમજાણું કાંઈ? એ કર્મને કારણે જ્ઞાન રોકાણું છે એમ નથી. જ્ઞાન પોતે જ ઊંધી પરિણતિએ ઓછું પરિણમે છે એથી તે અલ્પજ્ઞમાં છે. જ્ઞાનાવરણીય તો નિમિત્ત છે, ઉપાદાન તો પોતાનું છે. આહા..! અરે..! આવી વાતું.

**શ્રોતા :-** કોઈ માનતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કરે? સ્વતંત્ર છેને એ જીવ. એને એના વિચારકાળનો કાળ હોય છેને એ જાતનો એમાં એ પણ સ્વતંત્ર છે એ પર્યાયનો. એ ભગવાન છે. આહા..હા..! ભૂલેલો ભગવાન છે. પર્યાયમાં એ વાત છેને. વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..!

'**દર્શન,...**'ના ભેદો નથી. '**લેશ્યા,...**'ના ભેદો નથી. આહા..હા..! કૃષ્ણ ને નીલ ને કાપોત ને ... આહા..! '**ભવ્ય,...**' અભવ્યના ભેદ નથી. લ્યો! વસ્તુમાં ભવ્યપણું છે નહિ. આહા..હા..! ભવ્ય અને અભવ્યના ભેદો વસ્તુમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં? પર્યાયમાં એ તો કહ્યું. પર્યાયમાં હોય તો ભવ્યત્વ પર્યાયમાં હોય તો પૂર્ણ થઈ શકે, જો એનો ગુણ જ હોય ત્રિકાળી તો તો કોઈ દી મોક્ષ થઈ શકે જ નહિ. અભવિ પણ છે. એ તો એની પર્યાયમાં અભવિપણું (છે), વસ્તુમાં નથી. વસ્તુ તો સિદ્ધ સમાન અભવિનો જીવ છે. આહા..હા..! ભવ્ય-અભવ્ય નથી.

'**સમ્યક્ત્વ,...**' ક્ષાયિકસમકિત ને ઉપશમસમકિત ને એવા ભેદો.. આહા..હા..! એમાં

ભેદો નથી એવા. સમ્યગ્દર્શનનો વિષય અખંડ છે એમાં સમ્યગ્દર્શનના ભેદો નથી. આહા..હા..! આવું ઝીણું છે આ. આહા..હા..! પ્રભુ તને પરમાત્મા બનાવવો છેને બાપા! પર્યાયમાં હોં! પરમાત્મા તો છે. આહા..હા..! ભાઈ! પરમાત્મા બનાવવો તને. એ 'પરમાત્મસ્વરૂપ છું એમાં ભેદ નથી' એવી દૃષ્ટિ થશે તો પરમાત્મા થઈ શકીશ. આહા..હા..! 'જામે જિતની બુદ્ધિ હૈતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાયે.' એના અંદરમાં બેસેલી વાત હોય એ કેમ ખસે? આ તો પરમાત્મા એના સ્વભાવમાં ભેદો નથી. એ ભેદનું લક્ષ છોડાવવા (આ વાત છે). આહા..હા..! (લક્ષ) છોડાવવા, બસ. આહા..હા..!

સમકિતના ભેદ છેને? એ ભેદો નથી એમ કહે છે. ઉપશમ ને ક્ષયોપશમ ને ક્ષાયિક ને.. આહા..હા..! સાસાદન ને એમાં મિથ્યાત્વ .. ભેગું બધું આવે. ભેદ.. એ ભેદો નથી જેમાં. આહા..હા..! એક સમયમાં પૂર્ણ જ્ઞાનરસકંદ ચૈતન્યઘન. ચૈતન્યઘનનો પ્રવાહ અનાદિનો છે. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ધ્રુવનો પ્રવાહ એમ ને એમ છે. એમાં ભેદ કેવા, કહે છે. આહા..હા..! ત્રિકાળી ધ્રુવ છે ત્યાં દૃષ્ટિ દે, ભેદનું લક્ષ છોડી દે. આહા..હા..! નિમિત્તનું લક્ષ છોડી દે, વિકલ્પનું લક્ષ છોડી દે. આહા..હા..! ભેદનું લક્ષ છોડી દે. આ વાત છે. એકાંત લાગે માણસને હોં આ. ઓલું વ્યવહાર કરતાં થાય, બિચારા આવી ક્રિયા કરે, પંચ મહાવ્રતની કે એની. એ પણ ક્યાં ઠેકાણા છે. બબ્બે દીએ ખાય, ત્રણ-ત્રણ દીએ ખાય, રસનો ત્યાગ કરે, જીર્ણ શરીર થઈ જાય. હવે એનું કાંઈ નહિ?

**શ્રોતા :-** મંદ કષાય હોય તો નવમી ગ્રૈવેયકે જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એનો અર્થ શું છે? સંસારને સંસાર છે એ તો. આહા..હા..! ચાહે તો નવમી ગ્રૈવેયકે જાય કે નરકમાં જાય સાતમીએ. ઉદયભાવમાં છે એ તો. આહા..હા..! સ્વરૂપમાં ભેદ નથી ત્યાં વળી ઉદયભાવ ક્યાં રહ્યો? આહા..હા..! અરે..! ક્ષાયિકના સ્થાનો પણ જીવમાં નથી. આવ્યુંને નિયમસારમાં? નહિ ક્ષાયિકસ્થાન, નહિ ઉદયસ્થાન, નહિ ઉપશમસ્થાન, ક્ષયોપશમના સ્થાનો નથી પ્રભુમાં. આહા..હા..! એવો આનંદનો નાથ પ્રભુ પૂર્ણ સ્વરૂપે બિરાજમાન છે ત્યાં દૃષ્ટિ દે તો તને પરમાત્માના ભેટા થશે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આમાં સમજાય છે કે નહિ? આહા..હા..!

'**સંજ્ઞા,...**' સંજ્ઞી-અસંજ્ઞીપણું નથી. વસ્તુમાં સંજ્ઞી-અસંજ્ઞી કેવું? '**આહાર...**' અનાહાર નથી. આહાર લેવાનો વિકલ્પ કે અનાહારી સ્વરૂપ એ બે પર્યાય છે એ એનામાં નથી. આહા..હા..! '**એવાં જે માર્ગણાસ્થાનો...**' એટલે વિકલ્પના ભેદ પ્રકાર '**તે બધાંય જીવને નથી...**' આહા..હા..! '**કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' ઓહોહો..! ભેદભાવને પણ પુદ્ગલના પરિણામ કહી દીધા. આહા..હા..! ભગવાન અભેદ સ્વરૂપમાં ભેદ કેવા? '**અનુભૂતિથી ભિન્ન છે.**' પહેલું તો એ કહ્યુંને કે એવા એ બધા જીવને નથી એમ કહ્યું. સમ્મુચય વાત. હવે જીવને નથી કેમ? કે '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી**

**ભિન્ન છે.**' એ બાજુ ઢળેલી દશાથી આ વસ્તુ આમાં આવતી નથી ભેગી ભેદ. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલાં તો એમ કહ્યુંને કે '**માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી...**' વસ્તુમાં નથી આવા ભેદો. '**કારણ કે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' અંતરમાં અભેદની અનુભૂતિ થવાથી એ અનુભૂતિમાં ભેદ આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભૂતિથી ભેદ ભિન્ન રહી જાય છે. આહા..હા..! આવી વાતું. કહો, દેવજીભાઈ! આવી વાતું છે આ. એ ૨૩ થયો. ૨૯ બોલ છેને?

'**જુદી-જુદી પ્રકૃતિઓનું અમુક મુદ્દત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો...**' આહા..હા..! કર્મની સ્થિતિબંધના પ્રકારો એ પણ આત્મામાં એવી યોગ્યતા છેને એ પ્રમાણે? સમજાણું કાંઈ? એ પ્રમાણે '**તે બધાંય સ્થાનો જીવને નથી...**' આહા..હા..! જે કર્મ છેને એમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એ તો એના ઉપાદાનમાં છે, પણ પર્યાયમાં એટલી યોગ્યતા એની પોતામાં છે. શું કીધું સમજાણું? પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ એ તો જડમાં છે, એ તો નિમિત્ત છે માત્ર, પણ જ્યાં નિમિત્ત છે ત્યાં ઉપાદાનમાં પણ એટલી યોગ્યતા એવી જ છેને? અશુદ્ધ ઉપાદાનમાં પણ એ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગનું ઉપાદાનપણું પોતામાં તે જાતનું છે, ઓલી ચીજ તો નિમિત્ત છે. શું કીધું સમજાણું?

એ પ્રશ્ન થયો હતો (સંવત) ૧૯૮૪ની સાલમાં. વિરજીભાઈ આવ્યા હતા રાણપુરમાં. એમ કે જડના પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ તો એના પર્યાય એનામાં રહ્યા. હવે આમાં કંઈક છે કે નહિ એને આમાં? આમાં એની યોગ્યતા જેટલી પ્રકૃતિ છે તેટલી જ અહીં યોગ્યતા છે. સ્થિતિ તેટલી જ યોગ્યતા, રસ તેટલી યોગ્યતા. સ્થિતિ, અનુભાગ, પ્રદેશ. એવી ઉપાદાનની પર્યાયમાં અશુદ્ધતાની યોગ્યતા છે. સમજાણું કાંઈ? એ બધા સ્વભાવમાં નથી. આહા..હા..! એવા જે સ્થિતિબંધસ્થાનો બધા જીવને નથી. આહા..હા..! સ્થિતિ ભિન્ન-ભિન્ન પડે છેને? હમણાં કીધુંને. કર્મમાં પણ ભિન્ન-ભિન્ન સ્થિતિ. વિકાર એક જાતનો. સમજાણું? અને કર્મની પ્રકૃતિમાં ભિન્ન-ભિન્ન સ્થિતિ. એ પ્રકૃતિ વિશેષ એવો શબ્દ છે ધવલમાં. એ પ્રકૃતિની વિશેષતાને કારણે પોતાને કારણે ત્યાં સ્થિતિ પડી છે. નિમિત્ત તો એક પ્રકારનું છે અહીં રાગ, છતાં સ્થિતિમાં ફેર એ તે કાળના પરમાણુની સ્વતંત્રતાના ઉપાદાનની સ્થિતિને લઈને એવી છે. આહા..હા..! ગજબ વાત કરે છેને! આહા..હા..! '**તે બધાંય જીવને નથી...**' આહા..હા..!

હવે ૨૫. '**કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંક્લેશસ્થાનો...**' એ અશુભભાવના અસંખ્ય પ્રકાર. આહા..હા..! પહેલાં પ્રીતિરૂપ રાગ અને અપ્રીતિરૂ દ્વેષ એટલું આવ્યું હતું. પહેલાં. પછી આ. '**કષાયના વિપાકનું અતિશયપણું...**' જીવની પર્યાયમાં જે સંક્લેશસ્થાન તે બધા જીવની પર્યાયમાં જીવના નથી. સમજાણું કાંઈ?

આહા..હા..! કષાયનો વિપાક એટલે એ તો જડનો વિપાક જડમાં રહ્યો, પણ આત્મામાં પણ એ જાતના વિપાક કર્મો રાગ થાય છે કષાય એ પોતાનો વિપાક છે પોતામાં. આહા..હા..! પર્યાયનું સ્વતંત્રપણું કષાયના સંકલેશ પરિણામમાં છે. એ કર્મ તીવ્ર છે માટે સંક્લેશ ત્યાં છે એમ નથી. તે સમયના પોતાના સંકલેશ પરિણામ કષાયના વિપાકરૂપે પોતામાં છે, વસ્તુમાં નથી. જેને જીવ કહીએ, ભગવાન આત્મા કહીએ.. આહા..હા..! એમાં એ સંકલેશ સ્થાનો છે જ નહિ. એટલે આમાં ટીકા કરી. મહારાજ! કર્મસહિત છે અને કહે અમે શુદ્ધ છીએ.. શુદ્ધ છીએ.. શુદ્ધ છીએ. ભાઈ! વસ્તુ તો શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા છે એ પણ પોતાને કારણે છે, કર્મને કારણે નહિ. આહા..હા..! ગોમ્મટસારમાં નથી આવ્યું? નિગોદના જીવનું આવ્યું છે. કર્મકલંક પહુરા.. પ્રચુર કલંક છે એને પોતાને. ભાવકર્મ પહુરા, ભાવકર્મ પહુરા. કર્મની પ્રચુરતા નથી લેવી. આહા..હા..! એના ઉપાદાનમાં જ અશુદ્ધતા ભાવ વિકારની કલંકતા ઉગ્ર છે એ પોતાને કારણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા સ્થાનો અસંખ્ય પ્રકાર છે એના એ બધાય જીવને નથી. એટલું પહેલું કહ્યું. '**કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય. આહા..હા..! '**અનુભૂતિથી ભિન્ન છે.**' અંતરના પૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને દશા થઈ એ દશાથી તે ભિન્ન છે. જીવમાં નથી કેમકે જીવનો આશ્રય લઈને અનુભૂતિ થઈ તેમાં એ આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ અને આવું તત્ત્વ. આહા..હા..!

'**કષાયના વિપાકનું...**' મંદપણું. લ્યો ઠીક! રાગની મંદતા—શુભભાવ એ જીવના નથી. આહા..હા..! પર્યાયમાં છે, પણ દ્રવ્યસ્વભાવમાં એ નથી. આહા..હા..! પર્યાયબુદ્ધિ ઉડાડવી છેને? '**णाणसहावाधियं मुणदि**' ભગવાન જ્ઞાનસ્વરૂપે એ આ ભેદથી ભિન્ન છે એ શુભભાવના અસંખ્ય પ્રકાર છે, એ બધા ભાવથી ભગવાન ભિન્ન છે, જીવ આત્મા એનાથી ભિન્ન છે. કેમ? કે તેના અભેદ જીવના અનુભવમાં અનુભૂતિ એ પર્યાય છે વર્તમાન. ઓલું પહેલું દ્રવ્ય લીધું હતું કે જીવદ્રવ્યમાં એ નથી. કેમ? કે એના તરફની અનુભૂતિથી તે ભિન્ન રહે છે. વીતરાગમાર્ગ ભાઈ, બહુ સૂક્ષ્મ છે. અરે..! જન્મ-મરણ ચોર્યાસીના કરી રહ્યો છે અનાદિથી. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે શુભભાવ કેવા હતા! શુક્લલેશ્યા. આહા..હા..! પણ એ વસ્તુ આત્મામાં નથી. અને એણે માન્યું હતું કે આ ભાવથી મને કલ્યાણ છે. આહા..હા..! શરીરાદિની ક્રિયા અને એને અનુસરણે થતો ભાવ, બેય ભિન્ન છે આત્માથી. સમજાણું કાંઈ? શરીરાદિની ક્રિયા થાય બચાવવાની, એને અનુસરીને થતો ભાવ, બેય વિકાર છે. આહા..હા..!

'**કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે...**' આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ જીવમાં નથી. વસ્તુ નથી. કેમકે તે જીવના સ્વભાવનો અનુભવ થતાં, એ બાજુ પર્યાય વળતાં ભિન્ન રહી જાય છે, એમાં અનુભવમાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! જીવને નથી. એટલે જડને છે? એક જણો પ્રશ્ન કરતો હતો કે ક્ષાયિકભાવ સ્થાન

જીવને નથી તો જડને છે? ક્ષાયિકભાવ તો સિદ્ધને પણ છે, એમ કહેતો હતો. સ્થાનકવાસી સાધુ હતા. અરે.. ભાઈ! સાંભળને, બાપા! એ પર્યાયના ભેદો દ્રવ્યમાં ક્યાં છે? એમ વાત છે. અને આ એક ૭મી ગાથામાં છેને? '**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं**' જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. જ્ઞાનીને દર્શન-ચારિત્ર નથી તો જડને હોય? અરે..! ભગવાન! સાંભળને, ભાઈ! જ્ઞાની એટલે જ્ઞાયકભાવમાં આ દર્શન અને જ્ઞાન એવા ભેદ છે નહિ. આહા..હા..! ભેદનું લક્ષ કરવા જાય તો એ વ્યવહાર થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૭મી ગાથાની ટીકા કરતાં કહે, જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી તો દર્શન-જ્ઞાન-ચારિત્ર જડને, અજ્ઞાનીને હોય? કઈ અપેક્ષાએ વાત (છે)? સાંભળને! જ્ઞાયકની દૃષ્ટિ થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ જ્ઞાયકમાં ભાસતો નથી. આહા..હા..! આવી વાતું સમજવી કઠણ બહુ પડે. અને બહુ બહારમાં મિથ્યા પ્રભાવના ઘણી થઈ ગઈને. આ વાત અંતરમાં બેસવી ઘણો પુરુષાર્થ માગે છે. આહા..હા..! '**તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન** છે.' લ્યો! એ ૨૬ બોલ થયા. આવશે વિશેષ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૧૨, બુધવાર, તા. ૨૩-૦૬-૧૯૭૬, ગાથા-૫૦ થી ૫૬, શ્લોક-૩૭, પ્રવચન નં. ૧૦૪

સમયસાર, જીવ-અધિકાર. ૨૬ બોલ ચાલ્યા છે. છેલ્લો એ હતો કે આત્મામાં જે કાંઈ શુભભાવ, કષાયની મંદતાનો વિશુદ્ધભાવ થાય એ બધા પુદ્ગલના પરિણામ છે, એ અનુભૂતિથી ભિન્ન છે. એટલે? વસ્તુ જે છે અખંડ અભેદ એની ધ્યાનની પર્યાયને તે બાજુ વાળતાં વર્તમાન પર્યાયને-અવસ્થાને ધ્રુવ તરફ ઢાળતાં એને અભેદવસ્તુ શ્રદ્ધામાં આવે છે, આ ભેદ એમાં દેખાતો નથી. સમજાય છે કાંઈ?

વર્તમાન નિર્મળ પર્યાય એનામાં—ધ્યાનની પર્યાયમાં ધ્યેય દ્રવ્યને બનાવવું. એવું છે, ભગવાન! ધ્યાન વિષય કુરુ. પરમઅધ્યાત્મ તરંગણી. આમાં પણ એ શબ્દ છે. આ શુભભાવ પણ પુદ્ગલના પરિણામ છે, એથી તેના ઉપર લક્ષ ન રાખવું એમ કહે છે. આહા..હા..! લક્ષને-વર્તમાન પર્યાયને ત્રિકાળી અભેદ ઉપર વાળતાં એ અભેદમાં આવા ભેદ દેખાતા નથી.

આહા..હા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? તેથી એને પુદ્ગલના પરિણામ કહ્યાં. વ્યવહારરત્નત્રયનો શુભરાગ એ પણ પોતાની પર્યાયને ધ્યાનમાં ધ્યેયને બનાવતા એ વસ્તુ અનુભવમાં આવતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અનુભૂતિ જે દ્રવ્યની પર્યાય અંતરમાં વાળતા જીવમાં નથી એમ કહ્યું, પછી કહ્યું, કારણ કે વર્તમાન પર્યાયને અંતરમાં વાળતા જે અનુભૂતિ થાય એમાં એ પરિણામ દેખાતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. એ અનુભૂતિથી ભિન્ન છે.

વર્તમાન દશાને અંતર ધ્રુવ અભેદ.. ભલે એ દશામાં ધ્રુવ છે આ, અભેદ છે એમ લક્ષમાં ન આવે, પણ પર્યાયનું વલણ જે પર તરફ છે એને અંતરમાં વાળતા એ અભેદ ઉપર જ દૃષ્ટિ જાય એમ કહે છે. આ અભેદ છે એમ દૃષ્ટિ કરું એટલો ભલે વિચાર ન હોય ત્યાં. સમજાણું? આહા..હા..! આ સામાન્ય છે અને દૃષ્ટિની પર્યાય એને વિષય કરે એવો પણ જ્યાં ભેદ નથી. ફક્ત વર્તમાન દશા ચાલતી પર તરફના વલણવાળી છે એ પર્યાયબુદ્ધિ છે એ, એને દ્રવ્યબુદ્ધિમાં લેવું એમ કહે છે. જ્યાં આખી ચીજ પડી છે. પરમાત્મસ્વરૂપે પ્રભુ બિરાજે છે. એની વર્તમાન પર્યાયમાં ધ્યાનમાં એને લે. ભેદભાવ એમાં નહિ ભાસે. એથી એને અનુભૂતિથી ભિન્ન કહેવામાં આવે છે. આવો માર્ગ છે. સમજાણું કાંઈ? એ ૨૬ થયા.

૨૭. **'ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે...'** આહા..હા..! હવે તો કહે છે, ચારિત્રની પ્રાપ્તિ સંયમલબ્ધિના સ્થાન એ બધાંય જીવને નથી. આહા..હા..! કેમકે ચારિત્રની, સંયમની નિર્મળતાના પર્યાયો ભેદરૂપ છે અને દૃષ્ટિ અને પર્યાયનો વિષય છે એ ત્રિકાળ ઉપર છે. એથી ભેદસ્થાન અનુભૂતિથી ભિન્ન છે, તેથી તેને પુદ્ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. આહા..હા..! નિમિત્તનું તો લક્ષ છોડ, વિકલ્પનો શુભભાવ એનું પણ લક્ષ છોડ, પણ એમાં ભેદ પડે છે એનું પણ લક્ષ છોડ એમ કહે છે. આહા..હા..! જ્યાં પૂર્ણ પરમાત્મા સાક્ષાત્ સ્વરૂપે બિરાજે છે એમાં એ ચીજ નથી. કેમકે એના તરફ વળતાં જે અનુભવ થાય એના અનુભવથી એ ભિન્ન રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે, બાપુ! કોઈને એકાંત લાગે. આમાં તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... એકાંત છે, બાપુ! એકાંત જ છે. સમ્યક્ એકાંત છે. સમજાણું કાંઈ? આહા..!

સંયમના.. શું કીધું? ચારિત્રમોહનો વિપાક એને ઘટતો જાય ત્યાં. એમ નિર્મળ સંયમ પર્યાયમાં ઘટતી જાય ને સંયમની પર્યાય વિશેષ નિર્મળ થશે. આહા..હા..! એ ભેદ નથી. કેમ? પહેલાં એ લીધું. સંયમસ્થાનો જીવને નથી એમ કહ્યું? હવે કેમ જીવને નથી? કે જે ભગવાન આત્મા ઉપર પર્યાયને વાળતા એ અનુભૂતિથી ભેદ ભિન્ન રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો, ભાઈ! વીતરાગસ્વરૂપે ભગવાન બિરાજે છે. વર્તમાન પર્યાયને એના તરફ વાળતાં ધ્યાનમાં તેને ધ્યેય બનાવતા, આ ધ્યાન છે અને ધ્યેય એમ

પણ નહિ, એવો પણ ભેદ છે, પણ વર્તમાન પર્યાયને આમ જ્ઞાયક તરફ વાળતાં તેમાં સંયમલબ્ધિના સ્થાનો પણ દૃષ્ટિના વિષયમાં નથી, તેથી તેના પર્યાયમાં પણ એ નથી. આહા..હા..! અનુભૂતિ કીધીને? સમજાણું કાંઈ? માર્ગ બાપા બહુ ઝીણો છે. વાદવિવાદે ને આ ને તે.. ભગવાન! અહીં ભગવાન પાસે જાવું ત્યાં વાદ કેવા? આહા..હા..!

'**સંયમલબ્ધિસ્થાનો...**' પુદ્‌ગલના પરિણામ. એમાં તો ક્ષયોપશમ છે ચારિત્રનો વિશેષ, પણ તેના પરિણામ તરફ લક્ષ છોડવા અહીં ત્રિકાળી વસ્તુ છે ત્યાં પર્યાયને ઢાળવા એને એ પરિણામને પુદ્‌ગલના પરિણામ કહ્યાં; અથવા એ સંયમના નિર્મળ પરિણામના સ્થાન, એના ઉપર લક્ષ જતાં તને વિકલ્પ થશે. આહા..હા..! અને તેથી તે પુદ્‌ગલના પરિણામ ઠરશે. આહા..હા..! માર્ગ ભાઈ એવો છે આ. ક્રમે-ક્રમે સંયમની દશા કર્મના ઘટવાથી, અહીં પુરુષાર્થ એ જાતનો વધવાથી સંયમના લબ્ધિસ્થાન. આહા..હા..! તે જીવને નથી. એમ પહેલું કહ્યું? પછી કહે કેમ? કે અનુભૂતિ પર્યાય જે એ બાજુ વળી તેમાં એ સ્થાન રહેતા નથી અનુભવમાં. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! પણ આવું નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય... કહે. બાપુ! નિશ્ચય એટલે સત્ય. આહા..હા..! વ્યવહાર બધા ઉપચારિક વાત છે.

ખરેખર તો જીવ વસ્તુ છે જે આત્મા ભગવાન, એના ઉપર લક્ષ જતાં તેને ધ્યેય બનાવતાં આ ભેદભાવ છૂટી જાય છે. એથી ખરેખર તો નિમિત્તને પણ બીજી ચીજ છે (તેથી) અજીવ કહી દીધું, આ જીવ નહિ. રાગને અજીવ કીધું કે એમાં ચૈતન્યનો ભાવ નહિ. ભેદભાવને અજીવ કહી દીધું. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે ભેદભાવનું લક્ષ કરીશ તો તો રાગ થાશે, અજીવ ઉત્પન્ન થશે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? આહા..હા..! આવો માર્ગ છે. બહાર ડોકિયા મારે છે, એ કાઢ ને અંદર જા એમ કહે છે. આહા..હા..! જ્યાં ચીજ પડી છે અનાદિઅનંત. અવિચળ ધ્રુવસ્વરૂપ ભગવાન, તેના પર્યાયને એમાં વાળ. એમાં એ નથી કેમકે પર્યાયને અહીં વાળતા અનુભૂતિમાં એ આવતા નથી. આહા..હા..! તેથી તે ભેદના સ્થાનને પણ અજીવ કીધા છે અહીંયાં. સમજાણું કાંઈ? જીવ-અજીવ અધિકાર છેને, અને તેથી પુદ્‌ગલપરિણામ કહ્યાને. આહા..હા..!

સંયમના લબ્ધિના પ્રાપ્તિના નિર્મળ.. ક્રમે-ક્રમે કહ્યુંને? '**ક્રમશઃ નિવૃત્તિ...**' રાગની નિવૃત્તિ અને અરાગની સંયમની પરિણામની યોગ્યતાની વૃદ્ધિ એવા જે સ્થાન-પ્રકારો એ બધાય જીવને નથી—જીવદ્રવ્યને નથી. કેમકે દ્રવ્ય ઉપર પર્યાય વાળતાં અનુભૂતિમાં એ આવતા નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! આહા...! કહો, ગિરધરભાઈ! આવું ક્યાંય સાંભળ્યું નહિ હોય આટલા વર્ષમાં. આહા..હા..! અને માણસ કહે, નવો માર્ગ કાઢ્યો. અરે.. પ્રભુ! માર્ગ તો અનાદિનો આ જ છે, નવો નથી. આહા..હા..! મોક્ષમાર્ગમાં નથી કહ્યું? કે આ તો નવો માર્ગ છે. પણ પૂર્વે જે માર્ગ હતો એમાં ગોટો વાળ્યો હતો એથી તને નવો લાગે પણ નવો નથી, જે અનાદિનો છે ઈ છે આ. છેને? એમાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે.

આ તો નવું કાઢ્યું એમ કહે. નવો માર્ગ છે. નવો નથી, બાપા! એમાંથી નવું તને લાગે પણ નવો નથી, અનાદિનો આ જ માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! ચોર્યાસીના અવતાર કરીને મરી ગયો છે, ભાઈ! નિમિત્તની દૃષ્ટિ, રાગની દૃષ્ટિ અને ભેદની દૃષ્ટિ. આહા..હા..! વિકાર ઉત્પન્ન થાય અને એના ફળ તરીકે ચાર ગતિમાં રઝળવું, ઉત્પન્ન થવું થાય. આ ભગવાન આત્મા... આહા..હા..! ક્યાંક વર્ણ, ગંધ, રસ નથી, પછી કહે વિશુદ્ધિ ને .. પરિણામ નથી. હવે અહીં કહે છે કે લબ્ધિના સ્થાન જે છે.. આહા..હા..! એ જીવદ્રવ્યમાં નથી. પર્યાયમાં (છે), પણ દ્રવ્ય દૃષ્ટિ કરતાં દ્રવ્ય ઉપર વાળતા દ્રવ્યમાં નથી અને વાળતાં અનુભૂતિમાં પણ આવતા નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. એને એમ કરવું પડશે, ભાઈ! એનું હિત કરવું હોય તો માર્ગ તો આ છે. દુનિયાના વાદવિવાદે આ કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..!

એમ તો નથી કહ્યું? કે સમકિત તો નિસર્ગાત, અધિગમાત. આવે છેને? .. ના પાડી નિમિત્તથી. સમ્યગ્દર્શનના પરિણામ નિસર્ગથી-સ્વભાવથી થાય (અને) અધિગમ-ગુરુગમથી થાય; પણ અહીં તો કહે છે કે એ પરિણામ અંતરમાં વાળ્યા છે ત્યારે એ પરિણામ થયા છે, એ પરિણામમાં ભેદરૂપ જે ભાવ છે એ પણ એ પરિણામનો વિષય નથી. આહા..હા..! અને એ નિમિત્તથી થયા માટે એ તો એક જ્ઞાન કરાવ્યું. અધિગમ પણ સ્વભાવથી જ થાય છે. શું કહ્યું સમજાણું? એ તો (નિમિત્તનું) જ્ઞાન કરાવ્યું, ભાઈ! આહા..હા..! લ્યો, સમ્યગ્દર્શન પણ અધિગમ અને નિસર્ગ બેયથી થાય છે અને તમે કહો એકથી જ થાય. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! આ એ જ કહે છે. સમ્યગ્દર્શનની પર્યાય વર્તમાન અંતરમાં વાળતા પ્રગટ થાય ત્યાં નિમિત્ત ને રાગ-દ્વેષનું લક્ષ રહ્યું નથી. સમજાય છે? અધિગમાત્વ એક કહ્યું ને ત્યાં ને ત્યાં અંતર વળ્યો તેથી એને અધિગમ કહ્યું, પણ અધિગમ એટલે નિમિત્ત ઉપર લક્ષ રાખીને સમકિત થાય છે (એમ નથી). આહા..હા..! કેટલી શૈલી! ચેતનજી! આહા..હા..! કોઈ એમ કહે કે નિમિત્તથી ન થાય તો પછી આ શું કહ્યું છેને? સમ્યગ્દર્શન જ અધિગમથી થાય છે. ઘણાને નિસર્ગથી.. ભાઈ! એ તો નિમિત્તની ઉપસ્થિતિમાં શ્રવણ કર્યું કે પ્રભુ! તું શુદ્ધ આત્મા છો ને.

કહ્યુંને કુંદકુંદાચાર્યે? અમારા ગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. આહા..હા..! આપ્યો એવું અમારું લક્ષ તો હતું ત્યાં, પણ એ લક્ષને છોડીને અમે જ્યારે શુદ્ધાત્મા તરફ ગયા ત્યારે એ લક્ષ પણ રહ્યું નહિ અને નિમિત્ત પણ રહ્યું નહિ. દેવચંદજી! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! એ ત્યાં પણ લખ્યું છે હોં! અધિગમાત છે એ તો નિમિત્તથી કહ્યું, બાકી એને થાય છે તો સ્વના આશ્રયે જ. સમજાય છે? એને થાય છે તો સ્વભાવને આશ્રયે, એને આશ્રયે થાતું નથી. આવી વાતું હવે. સમજાણું કાંઈ?

**'પર્યાપ્ત તેમ જ અપર્યાપ્ત એવાં બાદર ને સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય,**

**ચતુરિંદ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેદ્રિય જેમનાં લક્ષણ છે એવા જે જીવસ્થાનો તે બધાંય...'** એ જીવના ભેદો એ જીવમાં નથી. જીવસ્થાન જીવમાં નથી. ગજબ વાત છે! આહા..! એવા '**જીવસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...'** આહા..હા..! કેમકે ભગવાન આત્મા પોતાની પર્યાયને અંતરમાં વાળતા જીવમાં એ નથી અને અનુભૂતિમાં નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મામાં એ જીવના ભેદો નથી. અભેદ વસ્તુમાં ભેદ નથી. કેમ? કે અભેદના ધ્યાનમાં એ ભેદ અંદર આવતા નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહા..હા..! અને તકરાર કરે આમ થાય, આનાથી થાય. આહા..હા..! એ તો એમ પણ કહે છે, તમે આ શાસ્ત્ર શું કરવા વાંચો છો? કે નિમિત્તથી થાતું નથી અને આ વાંચીને જ્ઞાન થાય છે એમ તો છે નહિ. એય..! ભગવાન! એમ ન થાય.

**શ્રોતા :-** નિમિત્તના તો ઘોર પ્રયત્ન કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘોર નિમિત્તને પરખ, આશ્રય લે છે એમ કહે છે. ભગવાન! એને એમ સૂઝે છેને. આહા..હા..! આ પરદ્રવ્ય છે એને વાંચો છો શું કરવા? એ તો નિમિત્ત છે. આહા..હા..! એઈ..! એ તો વળી બીજું. આ કેમ વાંચો છો એ વળી બીજું. આ વાંચો છો એ નિમિત્ત છે કે નહિ સામે? અને આ જ વાંચો છો એ વળી બીજું. એ પદ્મપુરાણ નથી વાંચતા અને આ વાંચો છો એમાં આ નિમિત્તમાં કાંઈ વિશેષતા છે, એમ કહે છે. અરે..! ભગવાન! શું થાય?

**શ્રોતા :-** આ નિમિત્તથી લાભ વધારે મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનાથી લાભ નથી, નિમિત્તથી નથી. એઈ..! અહીં તો કહ્યું નિમિત્ત ઉપર લક્ષ છે ત્યાં સુધી તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? અને વિકલ્પ છે તે તો પુદ્‌ગલના પરિણામ કહ્યાં અહીંયા. કેમ? કે એનું લક્ષ અંતરમાં જાય ત્યારે એ વિકલ્પના પરિણામ અનુભૂતિમાં આવતા નથી. આહા..હા..! જે સાંભળ્યું એ પોતાની જ્ઞાનની પર્યાય થઈ એ પોતાથી થઈ ભલે, પણ નિમિત્તથી નહિ, વાણીથી નહિ, છતાં એ પર્યાય પણ છે એની નિર્મળ પર્યાયને અંતરમાં વાળતાં એ પરલક્ષી જે જ્ઞાન થયું એ પણ પરમાં ચાલ્યું જાય છે. સમજાણું કાંઈ? આ તો જેને અંતરની વાતું... આહા..હા..! કેટલો પુરુષાર્થ જોઈએ ત્યાં! આહા..હા..!

એ '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...'** ઓહોહો..! પંચેન્દ્રિયની પર્યાપ્તદશા પુદ્‌ગલ પરિણામ છે. એ ૨૮ થયો.

છેલ્લો. '**મિથ્યાદષ્ટિ,...'** આહા..હા..! વિપરીતદષ્ટિના પરિણામ '**સાસાદાનસમ્યગ્દષ્ટિ,...'** બીજું ગુણસ્થાન, '**સમ્યગ્મિથ્યાદષ્ટિ,...'** મિશ્ર ત્રીજું ગુણસ્થાન '**અસંયતસમ્યગ્દષ્ટિ,...'** આહા..હા..! પરિણામને દ્રવ્યમાં વાળતાં એ અસંયતસમ્યગ્દષ્ટિના પરિણામ પણ લક્ષમાં રહેતા

નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'અસંયતસમ્યગ્દૃષ્ટિ, સંયતાસંયત,...'** શ્રાવકપણું, પંચમ ગુણસ્થાન એ પુદ્‌ગલના પરિણામ છે. અવિરતિ અસંયતદષ્ટિ એ પર્યાય છે અને પર્યાયનું લક્ષ જશે તો રાગ જ થશે. આહા..હા..! એથી કહે છે કે એ અસંયત સમ્યગ્દૃષ્ટિ પણ પુદ્‌ગલના પરિણામ છે. કેમકે પરિણામ જ્યારે અંતરમાં વાળ્યા ત્યારે અસંયત સમ્યગ્દૃષ્ટિના પરિણામ અનુભૂતિમાં આવતા નથી, અનુભૂતિમાં અભેદ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેમ ઝોલા બહુ ખાય છે? ધન્નાલાલજી! ઝોલા બહુ આવે છે. સવારે બહુ આવતા હતા, અત્યારે પણ આવે છે. ઘણી ઊંઘ આવે છે. આવા વખતે ઊંઘ આવે એનો અર્થ.. આહા..હા..! સમજાણું કાંઈ? આહા...!

**'પ્રમત્તસંયત,...'** આહા..હા..! છઠ્ઠું ગુણસ્થાન **'અપ્રમત્તસંયત,...'** સાતમી ભૂમિકા. પર્યાય છેને એ. **'અપૂર્વકરણ-ઉપશમક તથા ક્ષપક,...'** એ આઠમું. બે થઈને આઠમું. **'અનિવૃત્તિકરણ...'** ઉપશમ અને ક્ષપક એ નવમું. **'સૂક્ષ્મસાંપરાય-ઉપશમક તથા ક્ષપક,...'** એ દસમું. **'ઉપશાંતકષાય,...'** અગિયારમું **'ક્ષીણકષાય,...'** બારમું. આહા..હા..! **'સયોગકેવળી...'** આહા..હા..! મોહ-જોગ ભવા એમ પાઠ છેને? ગુણસ્થાન છે તે મોહ અને યોગના ભેદથી ચૌદ પડ્યા છે એમ કહે છે. ગોમ્મટસારમાં છે. મોહ-જોગ ભવા. આહા..હા..! તેરમું ગુણસ્થાન તારું નથી. અમારે ગાતા તલકચંદભાઈ. લાઠીવાળા જાડા નહોતા? તલકચંદભાઈ. તેરમું ગુણસ્થાન તારું નથી એમ ગાતા.

**'અયોગકેવળી...'** આહા..હા..! **'જેમનાં લક્ષણ છે એવાં જે ગુણસ્થાનો...'** આવા લક્ષણ એ તો ગુણસ્થાનના છે, કહે છે **'તે બધાંય જીવને નથી...'** આહા..હા..! ત્યારે જડને હોય આ? જીવના દ્રવ્યમાં નથી અને દ્રવ્યનો અનુભવ કરવામાં ભેદ આવતો નથી. સમજાણું? ભાઈ! આ તો અલૌકિક માર્ગ છે, બાપુ! આહા..હા..! ભવસિંધુને તરવાનો ઉપાય આ. ચોર્યાસીના અવતારમાં મોટો ભવસિંધુ દરિયો છે આ. એને ચૈતન્યસિંધુ ભગવાન, એને આશ્રયે જતાં એ ભવ તરાય એવું છે, પર્યાયને આશ્રયે નહિ, એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? **'જે ગુણસ્થાનો તે બધાંય જીવને નથી...'** આહા..હા..! જડપણું જીવને નથી એ ઠીક. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘયણ, સંસ્થાન.. રાગ નથી જીવને એ ઠીક કે ભાઈ રાગ તે ચૈતન્યનો એમાં અભાવ છે, પણ અહીં તો ભેદ છે એમાં ચૈતન્યનો અભાવ એમ કહે છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન આત્મા એના તરફ વળતાં એ જીવદ્રવ્યમાં નથી તો અનુભૂતિમાં પણ એ ભેદ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અક્ષરે-અક્ષર ફરતાં ફરી જાય એવી વાત છે, બાપા! આ તો વીતરાગ પરમેશ્વર.. આહા..હા..! ત્રિલોકનાથની ધ્વનિ છે આ. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ **'જેમનાં લક્ષણ છે એવા જે ગુણસ્થાનો તે બધાંય જીવને નથી...'** આહા..હા..! **'કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.'**

અનુભૂતિની પર્યાય દ્રવ્ય ઉપર ઢળી છે એ અભેદને જોવે છે. આહા..હા..! અભેદમાં ભેદ ભાસતો નથી માટે ભેદને પુદ્‌ગલના પરિણામ કીધા. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! '**(આ પ્રમાણે આ બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે; તે બધાય, જીવના નથી. જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે.)**' આહા..હા..! ચૈતન્યસ્વભાવભાવ.. ચૈતન્યસ્વભાવભાવ શક્તિ એ આત્મા છે. આહા..હા..! એનો કળશ ૩૭.

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्ना भावाः सर्व एवास्य पुंसः
तेनैवान्तरस्तत्त्वतः पश्यतोऽमी
नो दृष्टाः स्युदद्दृष्टमेकं परं स्यात्।।३७।।

આહા..હા..! રંગ, ગંધ આદિ બાહ્ય ચીજ. રાગ, મોહાદિ અભ્યંતરના પરિણામ. આહા..હા..!

'**मोहादयो वा ભાવો કહ્યા તે બધાય...**' '**अस्य पुंसः**' '**આ પુરુષથી (આત્મા)...**' આ પુરુષ પ્રભુ આત્મા, આહા..હા..! '**(પુરુષથી) આત્માથી ભિન્ન છે...**' ભગવાન આત્મા પોતાની પર્યાયથી પોતામાં વળતાં એ બધા ભાવો '**पुंसः**'માં નથી. આહા..હા..! '**તેથી...**' '**अन्तःतत्त्वतः पश्यतः**' આહા..હા..! અંતઃતત્ત્વને જોનારને, અંતઃતત્ત્વને દેખનારને, અંતઃતત્ત્વને અનુભવનારને, અંતઃતત્ત્વની અનુભૂતિ કરનારને.. આહા..હા..! '**पश्यतः**' છેને? આહા..હા..! અંતઃતત્ત્વને જોનારને, અંતઃતત્ત્વને દેખનારને, અંતઃતત્ત્વને અનુભવનારને. આહા..હા..! લોકોને આ બરાબર પકડાય નહિ, સમજાય નહિને એટલે પછી ઓલા વ્રત ને તપમાં ચાલી નીકળ્યા અને એ પછી ધર્મ છે. પ્રભુ! ભૂલી ગયો, ભાઈ! આહા..હા..! જે રસ્તે જવાનું છે ત્યાં ગયો નહિ અને જે રસ્તેથી ખસવું છે ત્યાં ગયો. આહા..હા..! ભગવાન પૂર્ણસ્વરૂપ છે ત્યાં જવું છેને, નાથ! એને પ્રાપ્ત કરવો છેને? આહા..હા..! તો જ્યાં છે ત્યાં જાય તો પ્રાપ્ત થાય. એ પર્યાયમાં છે? રાગમાં છે? નિમિત્તમાં છે? સમજાણું કાંઈ?

'**अन्तःतत्त्वतः पश्यतः**' આહા..હા..! જ્ઞાયકભાવ ચૈતન્યશક્તિસ્વભાવરૂપ ભાવ અંતઃએકત્વ એને '**पश्यतः**' આહા..! એ પર્યાય છે. '**અંતદૃષ્ટિ વડે જોનારને...**' આહા..હા..! '**अमी नो दृष्टाः स्युः**' '**એ બધા દેખાતા નથી,...**' આહા..હા..! ભગવાન પૂર્ણસ્વરૂપ એમાં જનારને એટલે અંતઃતત્ત્વને જોનારને, અંતઃતત્ત્વના અંતરને અનુભવનારને એ દેખાતા નથી. આહા..હા..! આવી વાત ભારે! પણ એનો સાધક કોઈ સ્વભાવ હશે કે નહિ? આમ ને આમ પ્રગટ થાય? એમ કહેવું છે.

શ્રીમદ્‌માં પણ આવે છે એક કાગળ. આજ હમણાં કાઢ્યો. ૨૯માં વર્ષમાં. અધ્યાત્મીઓ સાધનને ઉડાવે પણ ત્યારે એને કરવાનું શું રહ્યું? એ સાધન વ્યવહાર હોં! એ વ્યવહારનું લખાણ આવે છે એમાં. ૨૯મું અધ્યયન છે. એ કાગળ છે. એ વિકલ્પના વ્યવહાર એ સાધન જ નથી. સાધન તો રાગથી ભિન્ન પાડવાની પ્રજ્ઞાદશા અથવા અનુભવ એ સાધન છે. આહા..હા..!

સંસારની દુકાને બેઠો હોય તો કેટલો સાવધાન રહે? બરાબર આમ. બે ટંકનું એક કરી નાખે. બે ટંક ખાય તો એક ટંક કરી નાખે. સાંજે ચાર વાગે આવશું લ્યો. આહા..હા..! આવા ધંધાના ઉલ્લસિત પરિણામ અને ભગવાનમાં જાવું એના ઉલ્લસિત પરિણામના ઠેકાણા ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ નવો કાઢ્યો હશે? આ તો અનાદિનો છે.

**શ્રોતા** :- કુંદકુંદાચાર્યે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બે હજાર વર્ષ થયા. અનાદિનો આ જ છે. આહા..હા..!

'अन्तःतत्त्वतः' આહા..હા..! એ ભેદો આદિ અંતઃતત્ત્વ નહિ, શુભરાગ અંતઃતત્ત્વ નહિ, નિમિત્ત એ બાહ્યતત્ત્વ, અંતઃતત્ત્વ નહિ. આહા..હા..! 'अन्तःतत्त्वतः पश्यतः' અંતઃતત્ત્વ એવો જે દ્રવ્યસ્વભાવ વસ્તુ, એને જોનાર, અનુભવનાર એવી પર્યાય, એ પર્યાયમાં અંતઃતત્ત્વને જોનારને એ ભેદ ત્યાં દેખાતા નથી, ભેદ ત્યાં હોતા નથી. આહા..હા..! '**अमी नो दृष्टाः स्युः**' '**એ બધા દેખાતા નથી,...**' '**अमी नो दृष्टाः स्युः**' આહા..હા..! '**एकं परं दृष्टं स्यात्**' આહા..હા..! '**एकं परं**' સામાન્ય દ્રવ્ય ધ્રુવ '**एकं परं**' ઉત્કૃષ્ટ વસ્તુ. આહા..હા..! '**दृष्टं स्यात्**' દેખવામાં. '**स्यात्**' એટલે દેખવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**एकं परं दृष्टं स्यात्**' '**માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે**' આહા..હા..! '**કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.**' આહા..હા..! આવી વાત છે, ભાઈ! માખણની વાત છે આ તો. આચાર્યે બીજા વ્યવહાર કર્યો એ લોપ થઈ જાય છે. બાપુ! વ્યવહારનયના કથને એ વસ્તુ આવે, પણ એ એમ કહે છે કે એ તો હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

દર્શનસારમાં તો કહ્યું કે દેવસેનઆચાર્ય મુનિએ, દિગંબર સંત, હે પ્રભુ! તમે મહાવિદેહમાં જઈને જો આ વસ્તુ લાવ્યા ન હોત તો અમે ધર્મ કેમ પામત? આહા..હા..! તો તમારા ગુરુ પાસે નહોતું કાંઈ? પ્રમોદ બતાવે છે. આહા..હા..! ભગવાન સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે ત્યાં પ્રભુ આપ ગયા અને આ વાત લાવ્યા. આ ન હોત તો અમે મુનિધર્મ કેમ પામત? એમ કહે છે. આહા..હા..! એથી એના ગુરુમાં અને એના ગુરુની પરંપરામાં કાંઈ નહોતું એમ થયું? એમ નથી. એમની અધિકતા વિશેષતા ભાસી બહુમાનમાં.. આહા..હા..! આવી સાદી ભાષા અને ગંભીરતાનો પાર ન મળે. આહા..હા..! બનારસીદાસમાં .. તો એમ જ કહે છે. કુંદકુંદાચાર્ય જેવા થયા નથી, છે નહિ અને થાશે નહિ. એમ ભાષા છે. હુએ, ન હોંગે. એથી કરીને બીજા મુનિઓનો અનાદર કરે છે એમ નથી. પ્રભુ! એમ ન લેવાય. જેની વિશેષતાનો ઉપકાર થાય એને એમ વર્ણવે. આહા..હા..! લ્યો, એવા થયા નથી અને એવા થાશે નહિ. અમારે તો હિસાબે અમને જે લાભ થયો એ હિસાબે તો એમ કહીએ છીએ. આહા..હા..! દિગંબર આચાર્ય જેવા એમ કે. હવે ત્યાં બીજા આચાર્યોનું બલિદાન થઈ જાય છે? અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ!

'एकं परं दृष्टं स्यात्' 'स्यात्' એટલે હોય છે, એમ. એક ઉત્કૃષ્ટ વસ્તુ અભેદ અનુભવાય છે. અભેદ દેખાય છે, અભેદ અનુભવાય છે, અભેદ જણાય છે. આહા..હા..! અભેદને અવલોકે છે પર્યાય. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પરમાર્થનય અભેદ જ છે...**' આહા..હા..! એ પર્યાયના ભેદને પણ એ સ્વીકારતો નથી. આહા..હા..! '**પરમાર્થનય...**' એ ઓલામાં આવ્યું હતું. આજ નહોતું કહ્યું? સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં. પરમાત્મા થયો. મૂળ એવો પાઠ છે હોં ત્યાં. પરા-મા. એ છે. એમ આપણે આવ્યું હતુંને ઓલામાં. ટીકામાં. તત્ત્વજ્ઞાનતરંગિણી. તત્ત્વજ્ઞાનમાં. એવો જ અર્થ આમાં છે સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં. ગાથા આવી હતી આજે જોતો હતો. ... આહા..હા..! પૂર્વપરિણામયુક્ત દ્રવ્ય તે કારણ છે અને ઉત્તરપરિણામયુક્ત તે તેનું કાર્ય છે. આહા..હા..! એમાં નિમિત્ત કારણ છે એ તો ત્યાં આવ્યું નહિ. વ્યવહાર નાખ્યો તેના પૂર્વના પરિણામને કારણ (કહ્યા) અને પછીના પરિણામને કાર્ય (કહ્યું) વ્યવહારનયે અને નિશ્ચયથી તો તે જ પરિણામ કારણ અને તે જ પરિણામ કાર્ય. સમજાણું કાંઈ? એ એમાં છે. એક શ્લોક છે. પરા-મા-અર્થ. ઉત્કૃષ્ટ લક્ષ્મીવાળો ભગવાન આત્મા. છેને અહીં કીધુંને? પરમ. પરમ કીધુંને? આહા..હા..! સર્વોપરી તત્ત્વ ભગવાન આત્મા એકરૂપ અંતરદૃષ્ટિ કરનારને એકરૂપ ભગવાન દેખાય છે. સમજાણું કાંઈ?

'**તે નયની દૃષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર જ દેખાય છે.**' કઈ નય? આ પરમાર્થનય. વ્યવહારનય છે, એનો વિષય છે, પણ તે આશ્રય કરવાલાયક નથી. એ માટે એને અહીં નિષેધ કર્યો છે. વ્યવહારનય નથી? નય છે તે જ્ઞાન છે અને જ્ઞાન છે તો એનો વિષય ન હોય? ભેદ વિષય છે. આહા..હા..! પણ એ આશ્રય કરવાલાયક નથી. ભગવાન..! ઓલામાં કહ્યુંને? 'उभयनयविरोधध्वंसिनि' એમાં આવે છેને કળશમાં? ભગવાન! નિશ્ચય અને વ્યવહારમાં-પર્યાયમાં વિરોધ છે. ભગવાને તો જીવને ઉપાદેય કહ્યો છે. 'जिनवचसि रमन्ते'નો અર્થ એ. જિનવચનમાં ત્રિકાળી ભગવાનને ઉપાદેય કહ્યો છે. કળશટીકામાં. કળશટીકા છેને? સમજાય છે કાંઈ? આહા..હા..! 'जिनवचसि' દિવ્યધ્વનિ દ્વારા કહી છે. શું? ઉપાદેયરૂપ શુદ્ધજીવ વસ્તુ. વ્યવહારનય 'विरोधध्वंसिनि' છેને? ચોથો કળશ. ચોથો કળશ છેને. 'जिनवचसि रमन्ते'ની વ્યાખ્યા શું? વાણીમાં રમવું છે? પણ જિનવચન દ્વારા કહી છે ઉપાદેય શુદ્ધ જીવવસ્તુ, તેમાં સાવધાનપણે, આહા..હા..! '**રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે.**' આહા..હા..! જિનવચનમાં રમવું એમ કહ્યું, તો જિનવચનમાં ત્રિકાળી વસ્તુને ઉપાદેય કહી એમાં રમવું એ એનો અર્થ છે. ઊભયનય વિરુદ્ધ બેય નયમાં રમવું એવો અર્થ કરે છે આમાં. 'जिनवचसि रमन्ते' જિનવચન તો નિશ્ચય અને વ્યવહાર બેય છે. આહા..હા..! અરે.. ભાઈ! બેમાં ન રમાય. અજ્ઞાનપણે વ્યવહારનયના વિષયમાં રમે, જ્ઞાનપણે અંતરના વિષયમાં રમે. સમજાણું કાંઈ?

એટલે એનો અર્થ બીજો જ કરવો પડે. સમજાણું?

'**जिनवचसि रमन्ते**' અને '**उभयनय**' બેય નયો વીતરાગે કહ્યા છે. આવે છેને ઓલા સાતમા અધ્યયનમાં નહિ? નિશ્ચય-વ્યવહારનો. બે નય ભગવાને કીધા, એકેય નય છોડ્યો જાતો નથી અને નિશ્ચય-વ્યવહાર શું છે એ સમજાતું નથી. એવું કહ્યું છેને? જિનાજ્ઞા માનીને નિશ્ચય-વ્યવહાર અંગીકાર કરે છે. સમજ્યા? એવું છે. જીવ એમ માને છે કે જિનમતમાં નિશ્ચય અને વ્યવહાર બે નય કહ્યા છે. માટે અમારે બંને નયોનો અંગીકાર કરવો. એ પ્રમાણે વિચારી જેમ-જેમ કેવળ નિશ્ચયાભાસના અવલંબીઓએ કથન કર્યું હતું એ પ્રમાણે અહીં નિશ્ચયને અંગીકાર કરે. કેવળ વ્યવહારાભાસ.. કથન તે વ્યવહારનય કરે, જોકે તે પ્રમાણે અંગીકાર કરવામાં બંને નયમાં પરસ્પર વિરોધ છે. આ '**विरोधध्वंसिनि**' કહ્યુંને? તોપણ કરે શું? કારણ કે બંને નયોનું સાચું સ્વરૂપ તેને ભાસ્યું નથી અને જૈનમતમાં બે નય કહ્યાં તેમાં કોઈને છોડ્યો જાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! તેથી ભ્રમપૂર્વક બંને નયનું સાધન સાધે છે. નિશ્ચયનું સાધન અને વ્યવહારનું પણ સાધન. આહા..હા..! સમજાણું? અંગીકાર કરવામાં બંને નયનું સાધન સાધે છે. કેમ? કારણ બંને નયોનું સાચું સ્વરૂપ તેને ભાસ્યું નથી અને જૈનમતમાં બે નય કહ્યાં તેમાં કોઈને છોડ્યો જતો નથી. છોડે તો એકાંત થઈ જશે. આહા..હા..! હવે તેથી ભ્રમપૂર્વક બંને નયોનું સાધન સાધે છે. બંને નયોનું સાધન સાધે છે. આહા..હા..! એ જીવો પણ મિથ્યાદૃષ્ટિ જાણવા. બહુ સરસ છે આ. આ અધિકાર એવો સરસ છે. નિશ્ચય-વ્યવહારનયાભાસ અવલંબી મિથ્યાદૃષ્ટિનું નિરૂપણ.

**શ્રોતા :-** નિશ્ચય-વ્યવહાર બેયમાં આ વાત લીધી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ છે. પંચાસ્તિકાયમાં આવે છેને નિશ્ચય અને વ્યવહારનું. ત્યારે અહીં નિશ્ચય-વ્યવહારનો એકલું સમજ્યા વિનાનું અવલંબન એમાંથી કાઢ્યું એ. આહા..હા..! એટલે વ્યવહારનયને સાધનમાં માને છે અને નિશ્ચયનયને સાધન માને છે. આહા..હા..!

'**તે નયની દૃષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર જ દેખાય છે.**' એટલે કે અભેદ ઉપર દૃષ્ટિ જતાં એકલો આત્મા અભેદ જ દેખાય છે. આહા..હા..! એનો આશ્રય કરીને પડ્યો છે અંદર એને અભેદ જ દેખાય છે. સમજાણું કાંઈ? આવી વાતું સમજવી એને. અરે..! જન્મ-મરણ કરી-કરીને, બાપુ! દરિદ્રતાના ગામ, દરિદ્રતાના ભંડાર તેં ભર્યા. ચૈતન્યરત્ન રહ્યું અંદર આખું એની કિંમત કરી નહિ, એના માહાત્મ્ય લીધા નહિ. વ્યવહાર અને પરના માહાત્મ્યની કિંમત છૂટીને કિંમત છે. આહા..હા..! '**માટે તે બધાય વર્ણાદિક તથા રાગાદિક ભાવો પુરુષથી ભિન્ન જ છે.**' જુઓ! ભાઈ! એકાંત ન હોયને? જ તો ન હોય એમાં. પુરુષથી ભિન્ન જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ તો સ્યાદ્વાદ છે એમ કહે છેને. એમાં નાખ્યું છેને? નિમિત્તથી થાય, ઉપાદાનથી થાય એનું નામ સ્યાદ્વાદ છે. ભાઈ! એમ સ્યાદ્વાદ ન હોય. સમજાણું કાંઈ?

'આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે...' છે ખરા. 'તેમનું સ્વરૂપ વિસેષતાથી જાણવું હોય તો ગોમ્મટસાર આદિ ગ્રંથોમાંથી જાણી લેવું.' લ્યો. આહા..હા..! હવે શિષ્યનો પ્રશ્ન. 'જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં તે જીવના છે એમ કેમ કહ્યું છે?' તત્ત્વાર્થસૂત્રમાં એ રાગ-દ્વેષ, પુણ્ય એ ઉદયભાવ જીવતત્ત્વ કહ્યો છે. ઉદયભાવને જીવતત્ત્વ કહ્યો છે. અહીં કહે કે એ જીવ નથી. કેમ કહ્યું બાપુ એ તો સાંભળને, ભાઈ! આહા..હા..! 'એમ કેમ કહ્યું છે? તેનો ઉત્તર ગાથામાં કહે છે :-' તે જીવના છે એમ કહ્યું છે તે ઉત્તર ગાથામાં છે.

ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।
गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।।५६।।

વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.

આહા..હા..! વ્યવહાર કહે છે કે છે, નિશ્ચય કહે કે નથી. બે વિરોધ છે એ તો. વિરોધ નય છેને. આહા..હા..!

'ટીકા :- અહીં, વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી,... ' જુઓ, પર્યાયાશ્રિત વ્યવહારનય હોવાથી 'સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે...' સફેદ રૂનું બનેલું વસ્ત્ર. આહા..હા..! કસુંબા વડે રંગાયેલું છે 'એવા વસ્ત્રના ઔપાધિક ભાવની જેમ,...' એ વસ્ત્રના રંગાયેલા ઔપાધિક ભાવની જેમ 'પુદ્ગલના સંયોગવશે અનાદિ કાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે...' જેમ.. કીધુંને? પુદ્ગલના સંયોગને વશે... આહા..હા..! 'અનાદિકાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે એવા જીવના ઔપાધિકભાવને અવલંબીને પ્રવર્તતો થકો, (તે વ્યવહારનય)...' આહા..હા..! એ જીવના ઔપાધિકભાવો એને અવલંબીને પ્રવર્તતો વ્યવહારનય... આહા..હા..! 'બીજાના ભાવને બીજાનો કહે છે;...' આહા..હા..! છે અજીવભાવ એને જીવભાવ કહે છે. આહા..હા..! એમ કહે છે.

'જીવના ઔપાધિકભાવ (-વર્ણાદિક)ને અવલંબીને પ્રવર્તતો થકો, (તે વ્યવહારનય) બીજાના ભાવને બીજાનો કહે છે;...' જેમ સફેદ લૂગડું કસુંબાના રંગે રંગાણું એ તો ઔપાધિકભાવ બીજાનો છે. આહા..હા..! 'અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી,...' આહા..હા..! જોયું! પહેલું વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી એમ કીધું. આહા..હા..! નિશ્ચયનય દ્રવ્યને આશ્રયે ત્રિકાળી વસ્તુને. આહા..હા..! 'કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો,...' કેવળ એક જીવનો સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ એવા જીવના સ્વભાવિકભાવને અવલંબીને પ્રવર્તતો થકો.. આહા..હા..! 'બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો,...' આહા..હા..! સમજાણું કાંઈ? 'બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો,...' આહા..હા..! નિષેધ કરે છે. નિશ્ચયનય તો સ્વદ્રવ્ય આશ્રયે બીજા

ઉપાધિના ભાવનો નિષેધ કરે છે.

'**માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત...**' લ્યો! રંગથી માંડીને ગુણસ્થાનના ભેદપર્યંત ઠેઠ.. આહા..હા..! '**જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે...**' આહા..હા..! બે નય છે તો બેય આદરવી જોઈએ. એક નય છે તે જાણવાલાયક છે, એક નય છે તે આદરવાલાયક છે. '**બીજાનો નથી કહેતો,...**' આહા..હા..! '**તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.**' એની વિશેષ વાત આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**જેઠ વદ-૧૩, ગુરુવાર, તા. ૨૪-૦૬-૧૯૭૬,**
**ગાથા-૫૬ થી ૬૦**
**પ્રવચન નં. ૧૦૫**

૫૬ ગાથાનો છેલ્લો શબ્દાર્થ. '**વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે...**' ૨૯ બોલ આવ્યાને? '**તે વ્યવહારથી જીવના છે...**' પર્યાયની દૃષ્ટિએ વ્યવહારથી એના છે. '**અને નિશ્ચયથી જીવના નથી...**' લ્યો, આ સ્યાદ્વાદ. પર્યાયમાં વ્યવહાર એ પર્યાયમાં કહો કે વ્યવહારથી કહો. વ્યવહારથી છે, વસ્તુની દૃષ્ટિએ જોતા નિશ્ચયમાં એ નથી. આનું નામ સ્યાદ્વાદ છે. છેને? '**(ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.**' જુઓ! પાઠમાં છેને? 'न सन्तीति युक्ता प्रज्ञप्ति' છેને? સંસ્કૃતમાં છે. ભગવાનનું પ્રજ્ઞપ્તિ છેને? એટલે ભગવાનનું કથન આ ન્યાયે બરાબર છે. પર્યાયમાં છે, વ્યવહારથી છે, વસ્તુમાં નથી નિશ્ચયમાં. એવી પ્રજ્ઞપ્તિ નામ વીતરાગના વચનનું કથન છે. એ '**યોગ્ય છે.**' સમજાણું કાંઈ?

'**હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો.**'

एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।
ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।।५७।।

આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

'**ટીકા :- જેમ જળમિશ્રિત દૂધનો,...**' જળમિશ્રિત, પાણીથી મિશ્રિત '**દૂધનો જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ...**' પાણીમાં દૂધ અને દૂધનું પાણી બેય ભેગું. પરસ્પર છેને? અવગાહ અંદર રહેલો '**સંબંધ હોવા છતાં, સ્વલક્ષણભૂત જે દૂધપણું-ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે...**' દૂધનું સ્વલક્ષણપણું જે છે એવા ગુણ વડે વ્યાપ્ત હોવાને

લીધે '**દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે;...**' દૂધ પાણીથી જુદું પ્રતીત થાય છે એમ કહે છે. અધિક એટલે જુદું. આહા..હા..!

'**તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે...**' ઓલો પરસ્પર અવગાહસંબંધ હતો. આ તાદાત્મ્યસ્વરૂપસંબંધ. અગ્નિ અને ઉષ્ણતા સાથે તદ્રૂપ સંબંધ, તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે. '**તેવો જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી,...**' એમ દૂધની સાથે જળનો સંબંધ નહિ હોવાથી, '**નિશ્ચયથી જળ દૂધનું નથી;...**' એ પાણી એ દૂધનું નથી. આહા..હા..! '**તેવી રીતે...**' રંગ, ગંધ અને પુદ્‌ગલાદિ ગુણસ્થાનના ભાવ છેલ્લા એ '**વર્ણાદિક પુદ્‌ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્‌ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહસ્વરૂપસંબંધ...**' આત્માને અને રાગ-દ્વેષાદિને '**પરસ્પર અવગાહસ્વરૂપ સંબધ હોવા છતાં,...**' આહા..હા..! પરસ્પર એકબીજાને અવગાહરૂપ સંબંધ હોવા છતાં '**સ્વલક્ષણભૂત ઉપોયગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે...**' ભગવાન આત્મા જાણન-દેખન એવો ઉપયોગ, તેથી અધિક નામ જુદો ભગવાન છે. આહા..હા..! જેમ જળથી દૂધ જુદું એક જગ્યાએ વ્યાપેલું છતાં એના લક્ષણથી દૂધના જોઈએ તો પાણીથી દૂધ જુદું છે, એમ આત્મામાં રાગ ને પુણ્ય ને ગુણસ્થાનની સાથે અવગાહ-વ્યાપવું બસ એટલું. એવો સંબંધ હોવા છતાં આત્માને અને રાગને તાદાત્મ્યસંબંધ નથી. જેમ અગ્નિ અને ઉષ્ણતાનો તાદાત્મ્યસંબંધ છે, તેમ ભગવાન આત્મા અને પુણ્ય-પાપના ગુણસ્થાનના ભાવની સાથે તાદાત્મ્યસંબંધ નથી. પરસ્પર અવગાહસંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે...**' એનું તો જાણવું-જાણવો એ સ્વભાવ છે. એનાથી તો એ રાગ-દ્વેષ ગુણસ્થાનના ભેદથી ભિન્ન છે. જાણવાના સ્વભાવથી રાગાદિના ભાવ છે એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :-** ઉપયોગથી ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપયોગરૂપ ત્રિકાળી સ્વભાવ છેને. અને પર્યાયમાંથી જ લક્ષ થાય છેને. ઉપયોગ પરથી જુદો છે એ પર્યાયમાં ઉપયોગે જુદું પડે છેને? ત્રિકાળને ક્યાં છે પરિણતિ? ઉપયોગ ગુણે જુદો છે એવું પરિણતિએ નક્કી કર્યું. ત્રિકાળી લક્ષણ એ ક્યાં નક્કી કરે છે? આહા..! સમજાણું કાંઈ? એ તો છે એ છે. એને શું? છતાં એને લક્ષણ કહેવાય નિશ્ચયથી. એનો ઉપયોગ, જ્ઞાન એનું લક્ષણ ત્રિકાળ હોં! છતાં 'આ લક્ષણ છે એ આનું છે' એવો નિર્ણય કરનાર તો પર્યાય છે. વાત સમજાય છે?

'**णाणसहावाधियं मुणदि आदं**' ન આવ્યું ૩૧માં? ૩૧ ગાથા. '**णाणसहावाधियं**' એટલે જ્ઞાનસ્વભાવથી જુદો, ત્રિકાળી જ્ઞાનસ્વભાવથી જુદો, પણ એ નિર્ણય કોણ કરે? એ સ્વભાવ તરફ ઢળેલી પર્યાય કે આ આત્મા ગુણથી અધિક છે ઉપયોગથી, એવો નિર્ણય તો પરિણતિમાં થાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળી જીવનો ઉપયોગ લક્ષણ કહીએ ત્રિકાળ,

પણ એ ઉપયોગ લક્ષણ જે છે એવું જાણે કોણ? ત્રિકાળ ન જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ અને પર્યાયની વ્યાખ્યા આ તો સ્પષ્ટ કરે છે. આહા..હા..!

દૂધ અને જળ એક જગ્યાએ પરસ્પર વ્યાપીને અવગાહનપણે હોવા છતાં દૂધના ગુણના લક્ષણથી જોઈએ તો તે જળથી દૂધ જુદું છે, એમ આત્માને અને પુણ્ય-પાપના દયા-દાન, વ્રતાદિના વિકલ્પો એને અવગાહનની અપેક્ષાએ—વ્યાપવા અપેક્ષાએ ત્યાં હોવા છતાં એના સ્વભાવની શક્તિથી જોઈએ તો જ્ઞાનગુણથી અધિક, એવું રાગથી ભિન્ન પડીને પરિણતિ જે જ્ઞાનમાં જાય છે એથી .. ભિન્ન પડ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે ભિન્ન પડ્યો. આહા..હા..! ગુણમાં ક્યાં આનાથી અધિક છું, ભિન્ન છું એવું એમાં ક્યાં છે? સમજાણું કાંઈ?

**'સ્વલક્ષણભૂત...'** એમ છેને? ઓલામાં પણ એ આવ્યું હતુંને સ્વલક્ષણભૂત .. ગુણ તે વડે આત્માને. એમ અહીં સ્વલક્ષણભૂત ઉપયોગ ગુણ. આહા..હા..! દૂધનો મીઠાશ ગુણ, આનો ઉપયોગ ગુણ. આ આત્મા ને પુણ્ય અને પાપના ભાવ ગુણસ્થાનાદિ એક અવગાહ નામ એક ઠેકાણે વ્યાપેલા હોવા છતાં તેના જ્ઞાનગુણથી જોઈએ, અંતરમાં ઢળે પરિણતિ ત્યારે જ્ઞાનથી અધિક ભિન્ન છે, તેથી તે પર્યાયમાં આવ્યો નથી. પર્યાયમાં છે એ એના નથી, એમ કહે છે. આવી વાતું છે.

**'આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...'** જુઓ, શું કહે છે? **'સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...'** એ પ્રતીત થાય છે પર્યાયમાં. આહા..હા..! આમ આવે છેને, ઉપયોગલક્ષણો નિત્યં. ઉપયોગ લક્ષણ નિત્ય. નિત્ય પણ એ નિર્ણય કરનાર, ઉપયોગલક્ષણનો નિર્ણય કરનાર પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપયોગ નામ જાણવાના સ્વભાવથી પ્રભુ આવા રાગાદિના ભાવથી જે ભિન્ન ને જુદો છે, પણ એ જુદો કરનાર ગુણ નથી, જુદી કરનાર પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપયોગ નામ જાણવાના સ્વભાવથી પ્રભુ આવા રાગાદિના ભાવથી જુદો છે, પણ એ જુદો કરનાર ગુણ નથી, જુદી કરનાર પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અવ્યક્તમાં આવ્યું હતું કે ચૈતન્યસામાન્યમાં સર્વ વ્યક્તિઓ અંતર્ગત છે. સમજાણું? તેથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે. કોને? વસ્તુને. ભગવાન આત્મા એની જે પ્રગટ પર્યાયો છે એ પર્યાયો અંતર્લીન છે એમાં, પણ એ અંતર્લીન છે એવું જે અવ્યક્તપણું એ વ્યક્ત પર્યાયે નિર્ણય કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. વાણિયાને આવું... બુદ્ધિવાળા! વેદિયા જેવા ઘણા વાણિયા હોય છે. કહો, શાંતિભાઈ! આહા..હા..!

કહે છે કે વસ્તુ ભગવાન આત્મા જેમ દૂધના ગુણ વડે, દૂધ અને પાણી એક જગ્યાએ હોવા છતાં તેના દૂધની મીઠાશગુણ વડે ભિન્ન દેખાય છે. એ ભિન્ન દેખાય છે એ પણ પર્યાયવાળો જાણે છેને? એ પરનું એ પર્યાયવાળો જાણે છે. એમ આત્મા જ્ઞાન ઉપયોગ સ્વભાવથી ગુણથી તે ભિન્ન છે એટલે કે પરથી તે જુદો છે એવો નિર્ણય કર્યો કોણે? પર્યાયે

ગુરુ એટલે. આહા..હા..! એનો ગુણ આ છે ઉપયોગ ત્રિકાળી, પણ એ ઉપયોગ ત્રિકાળી ગુણ છે એવો નિર્ણય કોણે કર્યો? સમજાણું કાંઈ? આહા...! 'એ પર્યાય એ બાજુ ઢળી છે એ આ ગુણથી—ભગવાન જ્ઞાનથી જુદો છે' એવો જેની પર્યાયમાં નિર્ણય થયો એને આ જુદો છે એમ જાણવામાં આવ્યું. સમજાણું કાંઈ? ગુણને ક્યાં જાણવું હતું? ગુણદ્રવ્ય તો ધ્રુવ છે, કૂટસ્થ છે. એમાં કાંઈ ક્રિયા નથી. ક્રિયા તો પરણતિમાં, પર્યાયમાં ક્રિયા છે. દ્રવ્ય અને ગુણ તો અક્રિય છે. આહા..હા..!

દ્રવ્ય અને શક્તિ જે છે એ તો અક્રિય છે. એટલે? એમાં પરિણમવું, બદલવું, સક્રિયપણું, પરિણતિની અપેક્ષાનું સક્રિયપણું એમાં નથી. સમજાણું કાંઈ? રાગની સક્રિયતા તો એમાં નથી, પણ નિર્મળ પર્યાયની સક્રિયતા દ્રવ્ય-ગુણમાં ક્યાં છે? સમજાણું કાંઈ? રાગની સક્રિયતા તો છે જ નહિ, પણ રાગની સક્રિયતા આ ગુણથી અધિકમાં નથી એ તો પર્યાયે નિર્ણય કર્યો અંદર વળી એણે. સમજાણું કાંઈ? આહા..હા..! લોકોને બાહ્યથી હો.. હા.. હો... હા.. એમાંથી ધર્મ લઈ લેવો છે. વ્યવહારના મોટા વ્યાખ્યાનો માણસને આપે, લાખો માણસને. હો.. હા.. થઈ જાય. માણસ ભેગા થાય. દાન આપો ને આ સુધારો અને આ સુધારો. મોટા મંદિર બનાવો. આહા..! અરે..! અહીં કહે છે, પણ સાંભળ ભાઈ! એ તો થવા કાળે ત્યાં થાય. એમાં તારો ભાવ તો એનાથી જુદો પણ વર્તમાન થયેલા રાગથી પણ જુદો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સ્વલક્ષણભૂત...**' ત્રિકાળ પોતાનું લક્ષણ છે. જાણક.. જાણક એવો જે '**ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' બીજા બધા દ્રવ્યથી જુદો જાણવામાં આવે છે. '**તેથી જેવો અગ્નિનો ઉષ્ણતા સાથેનો તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે...**' તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે '**તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ...**' આહા..હા..! અવગાહસંબંધ છે, તાદાત્મ્યસંબંધ નથી. આહા..હા..! અગ્નિ અને ઉષ્ણતા તે રૂપે છે અને દૂધ અને જળને અવગાહસંબંધ છે. એમ વિકારને અને આત્માને અવગાહસંબંધ છે. આહા..હા..!

વ્યવહારરત્નત્રયનો જે રાગ અને આત્માને એક અવગાહસંબંધ છે ભલે આમ, પણ એના ગુણથી જુઓ તો જ્ઞાનગુણે અધિક ભિન્ન પડે છે વ્યવહારથી. સમજાણું કાંઈ? વ્યવહારને સાથે લઈને એ જુદો પડે છે? વ્યવહારથી તો જુદું પાડવું છે. સમજાણું કાંઈ? ઘણી જ સાદી ભાષાએ એકદમ ભિન્નપણું (બતાવ્યું છે). રાગાદિ ગુણસ્થાનાદિ ભાવ હો, પણ સ્વભાવની શક્તિના ગુણથી જોઈએ પર્યાયમાં, પર્યાય જે આ બાજુ વળે ત્યારે તો તેનું ભિન્નપણું ભાસે છે એને, એકપણું-અવગાહપણું ભાસતું નથી. બરાબર છે? આહા..હા..!

'**અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે...**' તાદાત્મ્યસંબંધ છે એમ ન લીધું. '**તાદાત્મ્યસ્વરૂપસંબંધ...**' છેને? આહા..હા..! ઓલામાં એમ હતું પરસ્પર અવગાહસ્વરૂપસંબંધ,

અવગાહસ્વરૂપસંબંધ. આહા..હા..! એમ અહીંયાં '**અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી વર્ણાદિક પુદ્‌ગલપરિણામો આત્માના નથી.**' આહા..હા..! આ ધારી રાખે એની વાત નથી, એમ કહે છે અહીં. રાગમાં છે વ્યાપેલો છતાં એ ગુણથી આમ જુદો પડે છે ત્યારે તેના એ નથી, એમ પર્યાયમાં અંદરથી જુદો પડે છે ત્યારે એના નથી. એવો અનુભવ થવો એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બે પ્રકારના કહ્યાને? એક પરસ્પર અવગાહસંબંધ અને એક તાદાત્મ્યસંબંધ. દૂધને અને પાણીને પરસ્પર અવગાહસંબંધ અને અગ્નિને અને ઉષ્ણતાને તાદાત્મ્યસંબંધ. એમ ભગવાન આત્માને રાગાદિ સાથે અવગાહસંબંધ અને ગુણથી આત્માને જોતાં તેની (રાગની) સાથે સંબંધ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો જે રાગાદિ વ્યાપ્ત અવગાહ સંબંધ છે છતાં વચ્ચે સાંધ છે. એથી જ્ઞાનની પર્યાયને આમ વાળતા ઓલું જુદું પડી જાય છે. સમજાણું કાંઈ? આમ રાગ, દયા, દાન, વ્રતાદિ જે વિકલ્પ છે પણ જ્ઞાનગુણે અધિક છે એમ પર્યાયને રાગની એકતા નહોતી ત્યાં, ભિન્નતા છે. એ ભિન્નતા જ્ઞાનની પર્યાયને આમ વાળતાં એ તાદાત્મ્યસંબંધમાં ન રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલપરિણામો આત્મા નથી.**' વ્યવહારથી છે અને નિશ્ચયથી નથી. હા અને ના. પર્યાયનયે-વ્યવહારનયે છે, દ્રવ્યનયે-નિશ્ચયનયે નથી. આહા..હા..! આનું નામ સ્યાદ્વાદ છે. સમજાણું કાંઈ? 'પર્યાયનયે-વ્યવહારનયે છે તે નિશ્ચય પણ છે' એ સ્યાદ્વાદ નથી, એ તો એકાંત થઈ ગયું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહારનયને જૂઠી કેમ કહે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારનય જૂઠો છે. વસ્તુમાં એ છે નહિ. આહા..હા..! આ કળશટીકામાં તો ઘણે ઠેકાણે છે, જૂઠો... જૂઠો... જૂઠો.. જૂઠો... આહા..હા..!

એક વાણિયા હતા વાણિયા. એના સુરધન હતા જૂઠોભાઈ. સુરધન-સુરધન સમજો છો? બાપના બાપ. પિતાના પિતાને. નથી માનતા? કુટુંબના માણસ હોયને મોટા. વૃદ્ધ મરી ગયા હોય પછી એને સુરધન તરીકે બેસાડે છેને ઘરમાં. નથી ત્યાં? પિતાના પિતા મોટા હોય કોઈ, મરી ગયા પછી સ્થાપના કરે એને. નથી તમારે થાતું ત્યાં? હા એ. પિતાને સ્થાપે ત્યાં. પિતૃ કહેવાય એ. એક વાણિયાનો પિતૃ જૂઠાભાઈ હતા. પિતાના પિતા તે જૂઠા. પછી ધુણે. ધુણે સમજ્યાને? કોણ છો? જૂઠાભાઈ. એટલે કેમ કે જૂઠો છો હું. આ ખુલાસો કર્યો. પાળિયાદમાં હતો એક. પાણિયાદમાં વિશાશ્રીમાળી. એનું નામ ભૂલી ગયા. ભુદરભાઈ. ભુદરભાઈ હતા એક, વિશાશ્રીમાળી. એમના પિતૃ હતા જૂઠાભાઈ. એટલે ધુણે. આમ સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે. ધુણે એટલે કોક નથી બોલતો કે હું જૂઠાભાઈ છું? પણ એ જૂઠાભાઈ તો ઓલો જૂઠો છે એમ છે અહીં તો. તમારો દાદો જૂઠોભાઈ એ આવ્યા એમ

તમે કહેતા હતા. ના, હું તો જૂઠો છું. ભુદરભાઈ હતા વિશાશ્રીમાળી. આહા..હા..!

અહીંયાં કહે છે કે યથાર્થપણે વ્યવહારના ભાવો છે એ જૂઠાં છે. સત્ય વસ્તુ છે ત્રિકાળ એની અપેક્ષામાં એ વસ્તુ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા સામાયિક ને પોષા કરેને પડિક્કમણા? પછી એને પૂછે શું તમે આ કેમ તમારા બાપ-દાદાના પિતૃને ધુણે. ભુવા થાયને ભુવા. શું કહે છે? ભુવો હોય. શું કહેવાય? નોરતામાં.. હોયને? નોરતામાં નહિ? આસો સુદ. શ્રાદ્ધ નહિ નોરતા. શ્રાદ્ધ પહેલાં આવી જાય, પછી નોરતા. આસો સુદ એકમથી નોમ. પછી દશેરા. એ નવ નોરતામાં ધુણે. પછી ઓલો ધુણે એ ભુવો કહેવાય ભુવો. ધુણે એ. પછી અહીં કહીએ સામાયિક અને પોષા કરે. પણ આ તમે આવા ભુવા શેના થયા? પણ હું તો બોલું છું કે હું જૂઠો છું. પણ તમે જૂઠો ઓલા જૂઠો છે એમ કહે છે. તમારો બાપના બાપ જૂઠાભાઈ હતા એ એ આવ્યા છે એમ જુઠાભાઈ માને છે. હું જુઠો છું એમ ક્યાં તમે ખુલાસો કર્યો? અહીં કહે છે કે ધુણ એક વાર અંતરમાં. વિકારભાવ બધા જૂઠાં છે, સ્વરૂપમાં છે નહિ. એવી વાત છે. ઓહોહો..!

વિશાશ્રીમાળી છે. ત્યાં વિશાશ્રીમાળીના ઘણા ઘર. દશાશ્રીમાળીના થોડા, પાળિયાદમાં. જોબાળિયાના એક-બે જ ખાલી. સુખલાલભાઈ હતા, નહિ સુખલાલભાઈ. સુખલાલ હતા. અહીંયાં ચુનિલાલ છેને ત્યાં દીક્ષામાં. કેશુભાઈ ને થોડા ઘર. બાકી તો વિશાશ્રીમાળીના. આહા..હા..! તે દી એમ કહેતા લ્યો. જૂઠો છું. પણ તમે આ સામાયિક, પોષા કરનારા આવા ભુવા થાવ છો? પ્રભુ! હું કહું છુંને કે હું જૂઠો છું. જૂઠો એટલે ઓલો તમારો પિતૃ જૂઠો છે એમ માને છે લોકો. આહા..હા..!

અહીં કહે છે કે વાસ્તવિક જૂઠું ક્યારે થાય ભેદ છે એ રાગાદિ? કે જ્ઞાનની પર્યાય આ બાજુ વળે ત્યારે જૂઠાં થાય. સમજાણું કાંઈ? પર્યાય તરીકે તો છે. આહા..હા..! '**નિશ્ચયથી વર્ણાદિક પુદ્‌ગલપરિણામો આત્માના નથી.**' આહા..હા..! વ્યવહારથી છે, નિશ્ચયથી નથી, એનું નામ સ્યાદ્વાદ; એમ નિમિત્તથી થાતું નથી, પણ નિમિત્ત છે એનું નામ સ્યાદ્વાદ. નહિ નિમિત્ત કો દાવ. કહ્યું છેને એણે તો? આ તમારા રમે છેને ગંજીપો? નહિ? દાવ-દાવ નહિ? પાસા-પાસા. પાસા હોયને પાસા? આમ નાખે. એમ પાસામાં નિમિત્તનો કોઈ દી દાવ આવતો જ નથી કહે છે. બનારસીદાસ કહે છે, નહિ નિમિત્તકો દાવ. આહા..હા..! આમ કહ્યું કે .. 'નિશ્ચય જહાં તહાં નિમિત્ત પર હોય. ભેદજ્ઞાન પરમાણ વિધિ વિરલા પૂજે કોઈ.' બહુ પાઠમાં તો.. આહા..હા..! એમ આ વ્યવહાર છે એ નિમિત્ત છે અંદર, ત્રિકાળી શુદ્ધ ઉપાદાનમાં એ છે નહિ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાનસ્વભાવના ઉપયોગથી જોઈએ તો એ બધા જૂઠાં છે એટલે આત્માના નથી.

'**હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે;...**' બેને તો વિરોધ થયો. એક કહે છે કે છે અને બીજો કહે કે નહિ. '**અવિરોધ કઈ**

રીતે કહેવામાં આવે છે?' હવે એનો મેળ શી રીતે કરવો? એમ કહે છે. 'તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે :-'

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।।५९।।
गंधरसफासरूवा देहो संठाणमाइया जे य।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।।६०।।

દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'-
બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.
ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.
એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,
નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

'**ટીકા :- જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને** (સંઘને)...' સંઘ નીકળ્યો હોયને માર્ગે? '**લૂંટાતો દેખીને,...**' આહા..હા..! આ માર્ગ લૂંટારો છે એમ નથી કહેતા? અમારે તો બન્યું હતું પ્રત્યક્ષ. ગારિયાધારથી ઉમરાળે જાતાં. ઘણા વર્ષની વાત છે. પોણોસો વર્ષ પહેલાંની વાત છે. એ પાનડા આવે છે પાનડા ગામ. નદી એવી આવે છે ને વચમાં આવે છે મોટી. એ લૂંટારું કહેવાય. એ નદી એવી છે કે ભેળા ઊંચા એટલે ચોર અંદર લૂંટતા હોય તો કોઈ દેખે નહિ બહારથી. એવી નદી છે. એક ફેરી અમે નીકળ્યા ત્યાં. પણ તે દી તો અમારી નાની ઉંમર. પણ અમારી સાથે માણેકચંદ હતા સાથે. મૂળજીના બનેવી. એ હેઠે ઉતરી ગયા. કેમ? અને હાથમાં પથરા લીધા. એમ કે આ નદીમાં ઉતરીએ છીએ ત્યાં ચોર હોય તો? ગાડાવાળાને કહે, એકમદ હાંકો અને પથરા રાખ્યા હાથમાં. કેમકે આ માર્ગ લૂંટારો છે. માર્ગ લૂંટારો છે. સમજાણું? એ દાખલો છે આ.

'**વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને...**' એ પાનડા છે ત્યાં. પાનડામાં મોટી નદી છેને. બે ભેળા થાય બે બાજુ ઊંચા. એટલે ઓલા અંદરમાં કોઈ લૂંટતો હોય ચોર તો દેખાય નહિ. એટલે એ માર્ગને લૂંટારું કહે છે. આમ સીધું હોય સીધું તો તો આમ છેટેથી દેખાય એ કાંઈક છે ત્યાં. '(**સંઘને**) **લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી...**' જોયું! એટલી વાત ત્યાં છેને સંઘ. સાર્થ થોડી વાર રહે છેને. '**તેનો ઉપચાર કરીને, આ માર્ગ લૂંટાય છે એમ કહે છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સાર્થની, સંઘની માર્ગમાં એટલો કાળ સ્થિત છે ને થોડો કાળ આમ?

**'સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, આ માર્ગ લૂંટાય છે એમ કહે છે, તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી;...'** માર્ગ શું લૂંટે? લૂંટાય છે તો માણસો. લૂટનારા ચોર આદિ. આહા..હા..! **'તેવી રીતે ભગવાન અર્હંતદેવો, જીવમાં બંધપર્યાયથી સ્થિતિ પામેલાં (રહેલાં)...'** આહા..હા..! રાગનો અને કર્મનો આમ સંબંધ છેને એટલો? **'કર્મનો અને નોકર્મનો વર્ણ દેખીને, કર્મ-નોકર્મની (બંધપર્યાયથી) જીવમાં સ્થિતિ હોવાથી...'** એવી એક સ્થિતિ છેને એટલી? રાગની, પુણ્યની, કર્મના નિમિત્તની. એ તો છેને આમ? આહા..! **'એમ વ્યવહારથી જણાવે છે,...'** આહા..હા..! **'(બંધપર્યાયથી) જીવમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને જીવનો આ વર્ણ છે એમ વ્યવહારથી જણાવે છે,...'** માર્ગ લૂંટાતો નથી, પણ માર્ગમાં તેટલો કાળ સંઘ હોય છે એ અપેક્ષાથી એને માર્ગ લૂંટાય છે એમ કહેવામાં આવે છે. એમ અલ્પ કાળ રાગાદિ અને કર્મનો સંબંધ છે એટલું દેખીને 'આત્માના છે' એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..!

ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવ તો એમ ને એમ પ્રવાહ પડ્યો જ છે. એની પર્યાયમાં રાગ અને કર્મનો સંબંધ દેખી અને એના વ્યવહારથી છે એમ કહેવામાં આવે. જેમ ઓલો સંઘ થોડો કાળ ત્યાં રહે છેને રસ્તામાં, એથી એનો ઉપચાર કર્યો કે આ માર્ગ લૂંટે છે, લૂંટાય છે તો સંઘ. આહા..હા..! સમજાણું કાંઈ? કેવો દાખલો આપ્યો છે. લ્યો! આ દાખલો તો અમારે અનુભવ થઈ ગયેલો છે સાક્ષાત્. તે દી. એવું હતું અને હતા વાદળા. એટલે બરાબર પ્રકાશ નહિ અને બાર ગાઉનું ચાલવું. ગારિયાધારથી ઉમરાળા બાર ગાઉ. સવારે ચાલે તો સાંજે પહોંચે. ગાડાને તે દી. તે દી ક્યાં મોટરું-બોટરું હતી? બાર કલાક. બાર કલાક લાગે. બાર ગાઉના બાર કલાક. પાછા વચમાં ઢેબરા ખાવા રોકાયને? દસ વાગે, અગિયાર વાગે. ત્યાં કૂવો-બુવો હોય પાણીનો ધોરિયો ચાલતો હોય ત્યાં રોકાય. ગામમાંથી છાશ લઈ આવે. ઢેબરા-બેબરા હોય છે. એમાં ઓલું આવે ત્યાં એમ કહે, આ માર્ગ લૂંટારો છે એમ કહે. માર્ગ લૂંટારો છે? પણ ત્યાં થોડો કાળ રહે છેને ચાલનારા. એમ આ વ્યવહારમાં આત્મા ત્રિકાળ છે એમાં સમય પર્યાય પૂરતો ત્યાં સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી આત્માના છે એમ વ્યવહારથી કહેવામાં આવે. આહા..હા..! ત્રિકાળી આનંદનો નાથ ધ્રુવ પ્રવાહ એમ ને એમ આમ (છે). એમાં સમય પૂરતો રાગ અને કર્મનો સંબંધ દેખીને (એના છે એમ કહેવાય છે). આહા..હા..! સમજાણું કાંઈ? કેવો દાખલો આપ્યો છે!

**'(બંધપર્યાયથી) જીવમાં સ્થિતિ હોવાથી...'** છેને જીવમાં, પર્યાયમાં એટલું ટકવું રાગમાં, રાગ અને કર્મનું ટકવું છેને? **'સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...'** અમૂર્ત સ્વભાવ અને ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક **'એવા જીવનો કોઈ પણ વર્ણ નથી.'** એક સમયનો આમ સંબંધ દેખીને ધ્રુવપ્રવાહ જાય

છે; એમ માર્ગ તો ચાલ્યો જાય છે એમ ને એમ, પણ સંઘ એમાં થોડો વાર ટકે એવી અપેક્ષા લઈને માર્ગ લૂંટાય છે એમ કહેવાય છે. એમ ભગવાન ધ્રુવ છે એ તો અનાદિઅનંત પડ્યો છે જ. એક સમયની પર્યાયના સંબંધમાં રાગાદિ આવતાં વ્યવહારથી એના છે એમ કહેવામાં આવે છે, પરમાર્થે એના છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

નિત્યાનંદ પ્રભુ નિત્ય ધ્રુવસ્વભાવનો સાગર પ્રભુ એ ધ્રુવ તો એમ ને એમ અનાદિઅનંત આમ જાય છે, પણ એક સમયની પર્યાયમાં આટલો સંબંધ દેખી અને એ જીવના છે એમ કહ્યા, પરમાર્થે જીવના છે નહિ. સમજાય છે? આહા..હા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ તો પ્રવાહ તો અનાદિથી ચાલ્યો જ આવે છે. એની વર્તમાન પર્યાયમાં એક સમયનો રાગ અને કર્મનો સંબંધ એક સમયનો જ છે. બરાબર છે? એક સમયનો જ છે. બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો, પણ એક સમયનો સંબંધ છે. આહા..હા..! એટલો સંબંધ દેખીને જેમ માર્ગ લૂંટાતો નથી, પણ લૂંટાય છે એમ આરોપથી કહેવાય છે. આહા..! એમ ભગવાન આત્માને રાગાદિમાં એ આત્મા નથી, પણ એક સમય પૂરતો સંબંધ છે એને દેખીને વ્યવહારથી એના છે એમ કહે છે, નિશ્ચયથી અંદર વસ્તુ જોવે તો એમાં છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

માર્ગ તો માર્ગ છે આકાશનો આકાશમાં. એ માર્ગ લૂંટે છે? પણ એ સંઘ એટલી વાર ત્યાં ઊભો છેને? ત્યાં લૂંટાય છેને? એટલે એ માર્ગ લૂંટે છે એમ કહે છે. એમ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવ ચાલ્યો જાય છે એમ ને એમ ધ્રુવ પ્રવાહ. એની એક સમયની પર્યાયમાં રાગ અને કર્મનો સંબંધ દેખી, આહા..હા..! વ્યવહારથી એના કહ્યા, વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગમે તેટલો સંબંધ લ્યો બીજાનો એ એક સમય પૂરતો છે. બીજે સમયે બીજો પણ સમય પૂરતો છેને? રાગને ગુણસ્થાન ભેદને, કર્મને, શરીરને એક સમય પૂરતો (સંબંધ છે). વસ્તુ તો વસ્તુ છે આમ ત્રિકાળ, પણ એક સમયની પર્યાયમાં અટકતો રાગ અને સંબંધવાળો કર્મ એક સમય પૂરતો દેખીને વ્યવહારે એના કહ્યા, પરમાર્થે એના છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેવો દાખલો આપ્યો છે!

એવા નથી. એનો રંગ નથી એમાં બધા નથી. શરીર ને શરીરના રંગનો સંબંધ તો એક સમય પૂરતી સ્થિતિમાં છે. સમજાણું કાંઈ? અટકેલો રાગ છે એમાં એક સમય પૂરતો અટકેલો છે ત્યાં. વસ્તુ તો વસ્તુ છે આમ ધ્રુવ. એક સમય પૂરતો રાગ ને પુણ્ય ને દયા, દાનના વિકલ્પને કે અશુભભાવને ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં એ નથી પણ વર્તમાન પૂરતો એટલો સંબંધ દેખીને કહ્યું એને. આહા..હા..! અટક્યો છેને એટલો? એમ કહે છે. એથી વ્યવહારથી કહ્યાં, સંઘ લૂંટાય છે છતાં માર્ગ લૂંટાય એમ કહ્યું; એમ સંબંધ છે એક સમયનો માટે એના છે એમ કહ્યું, વસ્તુમાં છે નહિ. આહા..હા..!

**‘એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ,**

**પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન,...**' એક સમય પૂરતા બસ છે. '**માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંક્લેશસ્થાન, વિશુદ્ધિસ્થાન,...**' લ્યો, આ વિશુદ્ધિસ્થાન આવ્યું. વિશુદ્ધિ અહીં છેને એના ભાઈનું નામ? '**સંયમલબ્ધિસ્થાન,...**' આહા..હા..! કહે છે કે એ ઉઘાડનો ભાવ સમય-સમયનો પણ એક સમય પૂરતો છે. આહા..હા..! સંયમલબ્ધિના સ્થાન એક સમય પૂરતો એટલું છે. એથી એ લબ્ધિસ્થાન જીવના વ્યવહારથી કહ્યા. આહા..હા..! ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ એના છે જ નહિ. લબ્ધિસ્થાન પણ ઉઘાડ એટલી દશા એની નથી. આહા..હા..!

'**જીવસ્થાન...**' જીવનો ત્રિકાળીમાં એક સમયનો ભેદ છે એ તો. પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ એક સમયની એ દશા છે એ તો. આહા..હા..! સંજ્ઞીપણું, અસંજ્ઞીપણું એ એક સમય પૂરતી દશા છે. આહા..હા..! '**એ બધા (ભાવો) વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે,...**' એક સમય પૂરતા સંબંધની અપેક્ષાએ.. ત્રિકાળી ભગવાન ધ્રુવમાં તો એ છે નહિ. ધ્રુવ એનો સંબંધ કરતો પણ નથી. આહા..હા..! પર્યાયની અવસ્થામાં એક સમયનો.. ઓહોહો..! આટલો બધો ખીચડો! ૨૯ બોલનો તો એક સમયનો સંબંધ છે એમ કહે છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન ધ્રુવ પ્રવાહ તો પડ્યો જ છે એમ ને એમ ચાલ્યો જ જાય છે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એમાં એને એક સમયના સંબંધમાં પર્યાયમાં સંબંધ દેખીને એને વ્યવહારથી કહેવાય છે. આહા..હા..!

ત્રિકાળી દ્રવ્યના સ્વભાવને જોઈએ તો તેનો કાંઈ સંબંધ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? માર્ગ લૂંટાતો નથી, લૂંટાય છે તો ઓલો, પણ માર્ગમાં એટલો ટકી રહે છે ને? ઊભો રહે છેને? એમ ભગવાન આત્મા એક સમય પૂરતો ત્યાં રાગમાં રોકાઈ ગયો છે ને? સમજાણું? ગુણસ્થાનના ભેદમાં, જીવસ્થાનના ભેદોમાં, સંયમલબ્ધિસ્થાનના ભેદો એક સમયમાત્રમાં છે. તેથી એના જીવના કહેવામાં આવે છે, વસ્તુમાં છે નહિ. આહા..હા..!

'**તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...**' આહા..હા..! '**અને જે ઉપયોગગુણવડે અન્યથી અધિક છે...**' જોયું! ઓલા બધાને મૂર્ત કહી દીધા. આહા..હા..! ભગવાન અરૂપી, અમૂર્ત, એ તો વસ્તુ કીધી. આહા..હા..! '**અને જે ઉપયોગગુણ વડે અન્યથી અધિક છે...**' જાણવાના સ્વભાવવાળું તત્ત્વ એ ભેદની પર્યાયથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન એક સમયની સ્થિતિમાં દેખીને એના છે એમ કહ્યું. આહા..હા..! પણ જેનો સદાય અમૂર્ત સ્વભાવ ભગવાન આત્મા. આ બધા મૂર્તમાં જાય. પુદ્‌ગલ પરિણામ કીધા છેને? આહા..હા..! શું સમયસાર! આહા..હા..! ગમે તેટલો સંસારનો સંબંધ એક સમય પૂરતો છે. ભૂલ પણ એક સમયની છે. સમજાણું કાંઈ? બાકી તો આખો ભગવાનસ્વરૂપ છે. એક સમયનો સંબંધ ને ભૂલ એટલો અટકતું દેખીને એના છે એમ કહ્યા વ્યવહારે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાન અમૂર્ત સ્વભાવ અને

ઉપયોગગુણથી અધિક. એટલે? મૂર્તથી જુદો અને આવા ભેદની પર્યાયો જે છે સંયમલબ્ધિ આદિની એનાથી ઉપયોગગુણથી ભિન્ન-અધિક છે. એટલામાં એ આવ્યો નથી—રહેતો નથી. સમજાણું કાંઈ?

'**ઉપયોગગુણ વડે અન્યથી અધિક છે...**' જુદો છે. લબ્ધિના સ્થાનની એક સમયની પર્યાય એનાથી ઉપયોગગુણથી ભિન્ન છે. વર્ણ, ગંધથી તો ભિન્ન છે, પણ આ પર્યાય જે લબ્ધ છે એ તો એક સમય પૂરતી છે. આહા..હા..! અને ભગવાન અંદર જ્ઞાનગુણ ઉપયોગગુણે કરીને ભિન્ન અધિક છે, એથી નિશ્ચયથી એનામાં છે નહિ. આહા..હા..! આમ એવું લાગે કે સંસાર તો જાણે અનંતકાળથી એટલે અનંતકાળથી આત્મામાં એક સાથે અનંતકાળ છે? શું કીધું એ? આહા..હા..! સંસારનો રાગનો, મિથ્યાત્વનો અનાદિ છે. અનાદિ છે એ તો પ્રવાહે અનાદિ છે, પણ એની સાથે સંબંધ તો એક સમય પૂરતો જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા અનંત ચોર્યાસીના અવતાર કર્યા તો કહે કે એક સમયનો સંબંધ છે એમ કહે છે. મિથ્યાત્વના ભાવનો સંબંધ એક સમય પૂરતો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંયમલબ્ધિના ભેદરૂપી ભાવ એ તો એક સમય પૂરતા છે. વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! કઈ શૈલી જુઓને!

'**જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણવડે અન્યથી અધિક છે...**' આહા..હા..! વર્તમાન પર્યાયને અંતરમાં વાળતાં ઉપયોગગુણે કરીને જુદો પડી ગયો. આની સાથે-ભેદ સાથે સંબંધ રહ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું સંપ્રદાયમાં મળે નહિ એટલે લોકોને એવું લાગે. વસ્તુ તો આ છે, જૈનધર્મ તો આ છે. આહા..હા..! અનંતકાળથી સંસાર હો, પણ એ અનંતકાળથી અનંતકાળનો એને સંબંધ નથી. એક સમય પૂરતો સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ એને ગમે તેટલો સંસાર હો, ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિ કર્મની, પણ એ એક સમય પૂરતી સ્થિતિ-સંબંધ છે. શું કીધું સમજાણું? સમય પૂરતો સંબંધ છે. એક સમયમાં ૭૦ ક્રોડાક્રોડી સ્થિતિની ભલે શક્તિ હોય, પણ એ સ્થિતિનો સંબંધ એક સમય પૂરતો જ છે એની સાથે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીયની ૩૦ ક્રોડાક્રોડી, અશાતાની ૩૦ ક્રોડાક્રોડી, શાતા... એ તો બધું આખો સરવાળો કહીને ગણ્યું, પણ એનો સંબંધ તો એક સમય પૂરતો જ છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં?

**શ્રોતા :-** દ્રવ્ય સ્વભાવ જોતાં એક સમયનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! દ્રવ્યસ્વભાવ ન જોવે, સંબંધ જુઓ તો એક સમયનો છે એમ. દ્રવ્યસ્વભાવ તો પછી, પણ એની સાથે સંબંધ એક સમય પૂરતો છે. આહા..હા..! ચાહે તો ગુણસ્થાનના ભેદ, ચાહે તો રાગનો ભેદ, ચાહે તો મિથ્યાત્વનો ભેદ, જીવસ્થાનના ભેદો બધાં એક સમય પૂરતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખો ઉકરડો એક સમયનો સંબંધ છે એમ કહે છે. ૨૯ બોલ. આહા..હા..! એ અપેક્ષાએ કહ્યું વ્યવહારે એના છે. ત્રિકાળ

સ્વભાવથી જોતાં એ પર્યાયનો સંબંધ જ જેમાં નથી. આહા..હા..! તેથી તે નિશ્ચયથી એના નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિ જ્યારે ગુલાંટ ખાય છે. એક પર્યાયના સંબંધમાં અટકેલી દૃષ્ટિ, જ્ઞાનગુણે અધિક છું એમ દૃષ્ટિ જ્યારે પરથી ખસી જાય છે ત્યારે એને સંબંધ એક સમયનો છે એ રહેતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું ઝીણું. ઝઘડા બધા. ઉપાદાનની પર્યાય સ્વતંત્ર થાય છે ત્યારે નિમિત્તની પર્યાયનો એક સમયનો સંબંધ છે વ્યવહારે. સમજાણું કાંઈ? પોતાની પર્યાય તે કાળે થાય છે તે કાળે નિમિત્ત છે ઉચિત બહિરંગ, પણ એ બેનો સંબંધ એક સમય પૂરતો છે.

'**સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણ વડે અન્યથી અધિક છે...**' એક સમયના પર્યાયમાં અટકેલાથી જુદો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવા જીવના તે સર્વ નથી,...**' આહા..હા..! નિમિત્ત કાઢી નાખ્યું, રાગ કાઢી નાખ્યો, ભેદરૂપ પર્યાય છે એ કાઢી નાખી. ભેદરૂપ પર્યાય પણ એક સમય પૂરતી છે એને, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તનો સંબંધ એક સમય, રાગનો સંબંધ એક સમય, ભેદ પર્યાયનો ભેદ જે વ્યવહાર એનો એ ત્રિકાળી દ્રવ્યમાં પરમપરિણામિકમાં એક સમયનો સંબંધ એ પર્યાયદૃષ્ટિથી છે, પણ વસ્તુદૃષ્ટિથી જોતા એમાં એ છે નહિ. આહા..હા..! એવા નથી.

'**કારણ કે વર્ણાદિ ભાવોને ને જીવને તાદાત્મ્યલક્ષણસંબંધનો અભાવ છે.**' જોયું, ભાષા જોઈ! એ ભેદભાવ, રાગભાવ અને નિમિત્તભાવ. કાળાદિ આદિ છેને નિમિત્ત? બેને અને આત્માને તાદાત્મ્યસંબંધ નથી. આહા..હા..! એક સમયનો સંબંધ સંયોગે છે. સંયોગસંબંધ છે. આહા..! એક સમય પૂરતો, બે સમય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણસંબંધનો અભાવ છે.**' આહા..હા..! એ નિમિત્ત કાળાદિ આદિ, રાગાદિ ભાવ અને લબ્ધિસ્થાનાદિ ભાવ એક સમયના, એ ભાવોને અને આત્માને એક સમય પૂરતો સંબંધ છે એથી વ્યવહારે કહ્યાં, પણ વસ્તુની દૃષ્ટિએ જોતાં તેમાં તાદાત્મ્ય (સંબંધ નથી). દ્રવ્યની સાથે એ ભેદો એકરૂપ થયા જ નથી. રાગ ને નિમિત્ત ને ભેદ દ્રવ્યની સાથે એકમેક થયા નથી. માટે તેને તાદાત્મ્યસંબંધ નથી. આહા..હા..! બેય વાત કરી. વ્યવહારે છે અને નિશ્ચયે નથી. એવું એનું સ્વરૂપ છે અને આ રીતે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ-૧૪, શુક્રવાર, તા. ૨૫-૦૬-૧૯૭૬,**
**ગાથા-૫૮ થી ૬૧,**
**પ્રવચન નં. ૧૦૬**

૫૮ થી ૬૦, એનો ભાવાર્થ. '**આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારનયથી કહ્યા છે;...**' એક સમય પૂરતો એને સંબંધ છે ને? અસ્તિ છેને એટલું? આહા..હા..! ભગવાન તો ત્રિકાળ આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન (છે). એની વર્તમાન સ્થિતિમાં એક સમય પૂરતો આ રાગ, વર્ણ, ગુણસ્થાનભેદ એનો સંબંધ હોવાથી વ્યવહારનયથી એના કહ્યા. '**નિશ્ચયનયથી તેઓ જીવના નથી...**' કાયમી સ્વભાવની અપેક્ષાએ એ ગુણસ્થાન આદિ ભેદો તાદાત્મ્યસંબંધ નથી. વસ્તુની સાથે તદ્રૂપ સંબંધ નથી. એક ક્ષણિક સમય પૂરતો સંબંધ છે. આહા..હા..! સમજાણું? '**જીવ તો પરમાર્થે...**' જ્ઞાન, આનંદસ્વરૂપ છે. ઉપયોગસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એની અવસ્થામાં એક સમયની સ્થિતિ આ ભેદો બધાની દેખીને વ્યવહારથી એના છે એમ કહેવામાં આવે છે, વસ્તુમાં નથી. આહા..હા..! આવી વાત. હા ને ના.

'**અહીં એમ જાણવું કે પહેલાં વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો હતો...**' એટલે શું? કે એક સમયમાં ભેદ ને રાગાદિ છે એ વ્યવહારને જૂઠો કહ્યો હતો. કહ્યું હતુંને ૧૧માં, વ્યવહાર જૂઠો છે. '**ત્યાં એમ ન સમજવું કે તે સર્વથા અસત્યાર્થ છે,...**' પર્યાયમાં નથી જ એમ ન સમજવું. પર્યાયમાં રાગ, કર્મસંબંધ, ગુણસ્થાનભેદ સત્ય છે. એટલું સત્ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કથંચિત્ અસત્યાર્થ જાણવો;...**' એટલે કે ત્રિકાળની અપેક્ષાએ એક સમયની દશાને અસત્યાર્થ કહેવામાં આવ્યું છે, પણ વર્તમાન પર્યાયની અપેક્ષાએ તે વ્યવહાર તે સત્ય છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

'**કારણ કે જ્યારે એક દ્રવ્યને જુદું,...**' વસ્તુને જ્યારે જુદી સિદ્ધ કરવી (હોય), '**પર્યાયોથી અભેદરૂપ,...**' એની પર્યાયો બધી છે તેમાં એકમેક. '**તેના અસધારણ ગુણમાત્રને પ્રધાન કરીને...**' ઉપયોગસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવી કાયમી ટકતી ચીજને મુખ્ય કરીને '**કહેવામાં આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્ત-નૈમિત્તિકભાવ...**' નિમિત્ત-નૈમિત્તિકભાવ. નિમિત્ત કર્મ અને વિકાર નૈમિત્તિક એવો ભાવ '**તથા નિમિત્તથી થતા પર્યાયો તે સર્વ ગૌણ થઈ જાય છે.**' આહા..હા..! અભાવ થઈ જાય છે એમ નહિ, ગૌણ થઈ જાય છે. કેમકે '**એક અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી.**' આહા..હા..! એક

સમયની પર્યાય વસ્તુને અભેદ જ્યાં જોવે છે ત્યાં એમાં એ દેખાતા નથી. આવું. અભેદ વર્તમાન પર્યાયને ત્રિકાળ અભેદની દૃષ્ટિથી જોઈએ તો તેમાં એ ભેદ દેખાતો નથી.

**શ્રોતા :-** શેમાં દેખાતો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભેદમાં. પર્યાય અને ત્રિકાળના અભેદદૃષ્ટિ એમાં એ છે નહિ. સમજાણું કાંઈ? એ છઠ્ઠી-સાતમીમાં ખુલાસો થઈ ગયો છે કે અભેદમાં ભેદ દેખાતો નથી અને ભેદ દેખવા જાય તો અભેદદૃષ્ટિ રહેતી નથી. પહેલાં અધિકાર આવી ગયો, છઠ્ઠી-સાતમી ગાથા. સમજાણું કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ. એક સમય પૂરતો સંસાર છે. ઉદયભાવ સંસાર કહ્યો છેને? સંસાર આમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ પાંચમા, પણ ખરું ભાવ તે સંસાર છે. એક સમયમાં વિકાર, મલિનતા, અશુદ્ધતા એ સંસાર છે. સંસાર પર્યાયદૃષ્ટિથી છે. સંસાર નથી એમ નહિ. ત્રિકાળની અપેક્ષાએ નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળને જ્યાં અભેદથી જોતાં, પર્યાયને ત્રિકાળમાં વાળતાં એના ભેદો ત્યાં હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. ત્રિકાળમાં નથી એટલે જીવદ્રવ્યમાં નથી. પર્યાયમાં છે તેથી વ્યવહારે કથંચિત્ એટલું સત્ છે ઉદયભાવ.

તત્ત્વાર્થસૂત્રમાં કહ્યુંને? જીવતત્ત્વ. રાગ એ જીવતત્ત્વ કહ્યું એ પર્યાયનયથી, પણ ત્રિકાળને જોતાં એ પર્યાય ત્યાં ગૌણ થઈ જાય છે. પર્યાય અંતર ત્રિકાળમાં વાળતાં એ ભેદ ત્યાં અભેદમાં દેખાતો નથી. આહા..હા..! આવું હવે સમજવું.. આહા..હા..! વસ્તુ એવી છે. બિલકુલ કહે કે સંસાર છે જ નહિ, અશુદ્ધતા છે જ નહિ. ભ્રાંતિ છે એ. એક સમય પૂરતી અશુદ્ધતા છે. આ લોકો કહે છેને કે એ તો માયા-તે નથી. યા મા તે. યા મા એ નથી. એમ આવે છેને? માયા નથી માયા. પણ યા મા, તે નથી. પણ તે નથી એટલું છે. એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? એ ત્રિકાળમાં યા મા, માયા નથી, પણ વર્તમાનમાં એ છે. આહા..હા..! બ્રહ્મ સત્ અને જગત મિથ્યા. કઈ અપેક્ષાએ? એ પર્યાયની એક સમયની દશાને લક્ષમાં ન લેતાં ગૌણ કરીને અભેદમાં એ નથી તેથી બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, પણ તેની સમયની પર્યાયની અપેક્ષાએ નથી તો તો સંસાર નથી તો સંસારનો અભાવ મોક્ષ પણ નથી, કાંઈ નથી. સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશમાં કહ્યું આગળ કે જીવને બંધ પણ નથી અને મોક્ષ પણ નથી. આવે છેને? ૬૮ ગાથા અને ૪૩ આવે છે. ૪૩ ગાથા એક આવે છે. ઉત્પાદ-વ્યય નથી. જીવને ભાવ-અભાવ, ઉત્પાદ-વ્યય નથી એવું ૪૩માં આવે છે. સમજાણું? ..માં આવી ગયું છે. ૪૩, ૪૩ છેને?

भावाभावाहिँ संजुवउ भावाभावाहिँ जो जि।
देहि जि दिट्ठउ जिणवरहिँ मुणि परमप्पउ सो जि।।४३।।

'પર્યાયાર્થિકનયકર ઉત્પાદવ્યયકર સહિત હૈ,...' જુઓ, ધ્રુવ અને ઉત્પાદ-વ્યય.

વ્યવહારનયથી-પર્યાયનયથી ઉત્પાદ-વ્યય છે. **'તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ,...'** વર્તમાન પર્યાયદૃષ્ટિએ જોઈએ તો તે ઉત્પાદ-વ્યય છે, સંસાર છે, ઉદય છે, પર્યાય છે; પણ દ્રવ્યાર્થિકનયથી જોઈએ તો ઉત્પાદ-વ્યય એમાં છે જ નહિ. આહા..હા..! એ ઉત્પાદ-વ્યય ત્રિકાળમાં નથી તેથી વર્તમાનમાં નથી એમ નથી. આહા..હા..! છેને? **'સદા ધ્રુવ હી હૈ, વહી પરમાત્મા નિર્વિકલ્પ સમાધિકે બલસે તીર્થંકરદેવોંને દેહમેં ભી દેખ લિયા હૈ,...'** ૪૩. ૪૩ ને? ૬૮. ૬૮ એ તો આપણે આવી ગયું છે ૩૨૦માં.

**'યદ્યપિ યહ આત્મા શુદ્ધાત્માનુભૂતિકે અભાવકે હોને પર શુભ-અશુભ ઉપયોગોંસે પરિણમન કરકે જીવન, મરણ, શુભ, અશુભ, કર્મબંધકો કરતાં હૈ, ઔર શુદ્ધાત્માનુભૂતિકે પ્રગટ હોને પર શુદ્ધોપયોગસે પરિણત હોકર મોક્ષકો કરતા હૈ, તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર ન બંધકા કર્તા હૈ ઔર ન મોક્ષકા કર્તા હૈ.'** આહા..હા..! **'ઐસા કથન સુનકર શિષ્યને પ્રશ્ન કિયા,...'** ૬૮. આવ્યું છેને આજે ૩૨૦માં? **'કિ હૈ પ્રભો, શુદ્ધદ્રવ્યાર્થિકસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયકર મોક્ષકા ભી કર્તા નહીં હૈ, તો ઐસા સમજના ચાહિયે કિ શુદ્ધનયકર મોક્ષ હી નહીં હૈ. જબ મોક્ષ નહીં, તબ મોક્ષકે લિયે યત્ન કરના વૃથા હૈ.'** આત્મામાં બંધ અને મોક્ષ નથી તો પછી બંધ નથી તો મોક્ષ કરવો વૃથા છે. મોક્ષ પણ નથી.

**'ઉસકા ઉત્તર કહતે હૈં—મોક્ષ હૈ વહ બંધપૂર્વક હૈ, ઔર બંધ હૈ વહ શુદ્ધનિશ્ચયનયકર હોતા હી નહીં,...'** શુદ્ધનિશ્ચયથી બંધ હોય તો બંધરૂપ ત્રિકાળ રહે. આહા..હા..! સમજાય છે કાંઈ? વ્યવહારનયથી-અશુદ્ધનયથી પર્યાયમાં બંધ છે અને વ્યવહારનયથી-અશુદ્ધનયથી બંધનો અભાવ કરીને મોક્ષનો માર્ગ છે. એ વ્યવહારનયથી છે. સમજાણું? નિશ્ચયમાં તો બંધ અને મોક્ષ પણ નથી, બંધ અને મોક્ષના કારણ પણ નિશ્ચયમાં નથી. આહા..હા..! જૈનદર્શન! પણ પર્યાયમાં બંધ છે, બંધનો નાશ કરવાનો ઉપાય પણ છે એ બધો વ્યવહાર છે. મોક્ષમાર્ગનો પર્યાય તે વ્યવહાર છે. પર્યાય છેને? આહા..હા..! ઓલો વ્યવહારમોક્ષમાર્ગ કહે એ તો અહીં વાત પણ નથી, પણ વસ્તુનું નિર્મળ આનંદ સ્વરૂપ ભગવાન એની પરિણતિમાં મોક્ષના માર્ગની દશા એ વ્યવહાર છે. પર્યાય છેને? વ્યવહારે બંધ છે અને વ્યવહારે મોક્ષ છે અને મોક્ષનો માર્ગ વ્યવહારે છે. આહા..હા..! આવી વાતું. વસ્તુ તો વસ્તુ છેને. આહા..હા..! કીધુંને ઓલામાં. લાંબી વાત તો છે. એ કહે છે.

**'હંમેશા બંધા હી રહતા, કભી બંધ કા અભાવ...'** નિશ્ચયથી હોય તો. **'કોઈ એક પુરુષ સાંકલ સે બંધ રહા હૈ,...'** દ્રવ્યસંગ્રહમાં પણ આ છે. દ્રવ્યસંગ્રહમાં છે. **'ઔર કોઈ એક પુરુષ બંધરહિત હૈ. ઉનમેંસે જો પહલે બંધા થા ઉસકો તો મુક્ત ઐસા કહના ઠીક માલૂમ પડતા હૈ ઔર દૂસરા જો બંધા હી નહીં ઉસકો જો આપ છૂટ ગયે ઐસા કહા જાય તો વહ ક્રોધ કરે કિ મૈં કબ બંધા થા,...'** આહા..હા..!

**'બંધા હોવે વહ છૂટે, ઈસલિયે બંધેકો તો મોક્ષ કહના ઠીક હૈ ઔર બંધા હી ન હો ઉસે છૂટે કૈસે કહ સકતે હૈં? ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધનિશ્ચયનયકર બંધા હુઆ નહીં હૈ, ઈસ કારણ મુક્ત કહના ઠીક નહીં હૈ.'** દ્રવ્યને બંધ કહેવું અને દ્રવ્યને મુક્ત કહેવું એ છે નહિ. આહા..હા..!

**'બંધ ભી વ્યવહારનયકર હૈ ઔર મુક્તિ ભી વ્યવહારનયકર હૈ,...'** પર્યાય છેને. આહા..હા..! મોક્ષનો માર્ગ અને મોક્ષ એ પર્યાય વ્યવહારનયથી છે. પર્યાયમાં છેને. ત્રિકાળીમાં નથી. આહા..હા..! એટલે વ્યવહાર નથી જ એમ કોઈ કહે.. નિશ્ચય જ નથી તો નિશ્ચય પ્રાપ્ત કરશે એ નથી તેને. એનો અર્થ એવો નથી કે વ્યવહાર છે માટે એ વ્યવહાર નિશ્ચયનું કારણ છે, એમ અહીં નથી કહેવું. અહીંયા તો વ્યવહાર છે એટલે કે પર્યાય છે. મોક્ષની પર્યાય છે, મોક્ષના માર્ગની પર્યાય છે, બંધની પર્યાય છે અને બંધના માર્ગની છે, એટલી વાત કરી; પણ એનો અર્થ એવો નથી કે બંધના માર્ગની પર્યાય એ મોક્ષના માર્ગને પ્રગટ કરે. ઓલો વ્યવહાર જ્યાં સાબિત કરવા જાય છેને ત્યાં કહે જુઓ, એને કારણે આ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** રાગરૂપ વ્યવહારની વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. પર્યાય છે. આહા..હા..!

**'એક અભેદદ્રવ્યની દૃષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી.'** છે ખરા પર્યાયમાં. સંસાર, રાગ, બંધ એ પર્યાયમાં છે. જેમ ઓલા માર્ગમાં એક સમયના માર્ગમાં ઓલો સંઘ નીકળ્યો હતોને થોડો? માર્ગમાં થોડી વાર ટકતો હતોને? આહા..હા..! એમ સંસાર રાગ-દ્વેષ એક સમયમાં ટક્યા આમ છે. સમજાણું કાંઈ? માર્ગમાં જેમ સંઘની એક સમયની સ્થિતિ દેખીને માર્ગ લૂંટાય છે એમ કહેવાય છે, એમ ભગવાન અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ એમાં એક સમયનો રાગાદિનો સંબંધ દેખી અને વ્યવહારથી છે એમ કહ્યું. સમજાણું કાંઈ? એટલે કે એક સમયનો સંબંધ છે, ત્રિકાળમાં એ છે નહિ. આહા..હા..! આવી વાત! આહાહા..! નયના ઝઘડા એવા..

**'માટે તે સર્વ તે દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે.'** કથંચિત્ એટલે? દ્રવ્યમાં નથી. દ્રવ્યની અપેક્ષાએ નિષેધ કર્યો છે. પર્યાયની અપેક્ષાએ ન હોય તો તો સંસાર, રાગ એ બધું નથી થાય. નથી થાય તો એને ટાળવાનો પુરુષાર્થ પણ મોક્ષનો માર્ગ નથી થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. ઓલામાં તો કહ્યું છેને કે દ્રવ્ય છે તે નિષ્ક્રિય છે, પરમાર્થ વચનિકા, અને મોક્ષનો જે માર્ગ નિશ્ચયમોક્ષમાર્ગ હોં! એ વ્યવહાર છે. પર્યાય છેને. એટલે એ વ્યવહાર મોક્ષનું કારણ છે એ વ્યવહાર આ. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય મોક્ષનું કારણ છે, એ વ્યવહાર છે. મોક્ષ પણ વ્યવહાર છે. આહા..હા..! ઝઘડા મોટા. જે રીતે છે તે રીતે એને સમજવું જોઈએ.

લલિતપુરમાં કાંઈક બોલ્યા હશે ભાઈ ઓલા. અહીં બેસતાને અમારે ચાર જણા બેસતા. રમેશ ને એ નહોતા ભાષણ કરતાં? લલિતપુરમાં શિક્ષણ શિબિર થવાની છે માટે પધારજો. એટલે કાંઈક બોલ્યા હશે એમ લાગે છે. લોકો બધા ભેગા થયા હતા. માર્યા એને માર્યો. સારી રીતે માર્યો. એમ લખ્યું નથી કે હું કાંઈક બોલ્યો, પણ બોલ્યા વિના મારે નહિ. એમ ન મારે. એમ ને એમ ન મારે. કાંઈક કીધું હોય. એ વખતે એમ બોલવું ન જોઈએ. ખરેખર જો ન રુચે તો ત્યાં જાવું નહિ અને જાવું હોય તો વિરોધ કરવો નહિ. ધન્નાલાલજી! વાત તો આવી છે, બાપા! એને બેઠી હોય એ વાત કરતા હોય. એનો વિરોધ કરે તો એને દુઃખ થાય. એવો આવ્યો છે કાગળ કાલે. બહુ મને પીટ્યો. દુઃખે છે બધું. એ મારે માટે નથી કહ્યું. એ નવનીતભાઈને કહ્યું. પણ નવનીતભાઈ શું કરે? એવા ઝઘડા. આહા..હા..! આ મક્ષીમાં ને બધે ઘણે ઠેકાણે શ્વેતાંબરનો હક છે ત્યાં દિગંબરની મૂર્તિઓ એટલે ત્યાં આંખ ચડાવી દે. આજે છાપામાં આવ્યું છે. શું કરે પણ? એના હકમાં હોય એને ચડાવી દે. આહા..હા..! અરે..! પ્રભુ.. પ્રભુ! આ શું થાય? એ જેની આ દશા છે. ઝઘડા ન કરવા જોઈએ. આહા..હા..!

અહીં કહે છે, જે વ્યવહારનયને જૂઠી કીધી હતી એટલે કે પર્યાયમાં સંસાર નથી દ્રવ્યની અપેક્ષાએ એમ કહ્યું હતું એ સર્વથા નથી એમ ન સમજવું. ત્રિકાળની અપેક્ષાએ નથી, કથંચિત્ છે ખરું અંદર. સંસાર છે, ઉદય છે, બંધ છે. આ જેટલા બોલો કહ્યા એ બધા એક સમયમાં છે એને સંબંધ. વસ્તુ ત્રિકાળ આનંદકંદ પ્રભુ નિત્યાનંદનો પ્રવાહ ધ્રુવ. આહા..હા..! પણ એક સમયની સંબંધવાળી અસ્તિ છે. એ વ્યવહાર નથી એમ કહ્યો એ તો ત્રિકાળની અપેક્ષાએ કહ્યો હતો, પણ વર્તમાનની અપેક્ષાએ તો વ્યવહાર છે. તેથી કથંચિત્ સત્યાર્થ એમ કહ્યું. જોયું. **'કથંચિત્ નિષેધ કરવામાં આવે છે.'** આહા..હા..! આવી વાતું!

**'જો તે ભાવોને દ્રવ્યમાં કહેવામાં આવે...'** જોયું! પર્યાયમાં છે એ દ્રવ્યમાં કહેવામાં આવે **'તો તે વ્યવહારનયથી કહી શકાય છે.'** રંગ, ગંધ, રસ, સ્પર્શ, રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ એ દ્રવ્યના પર્યાયમાં છે. દ્રવ્યના વ્યવહારે કહી શકાય છે. નિશ્ચયથી એનામાં નથી. સમજાણું કાંઈ? આ ઝઘડા નિશ્ચય અને વ્યવહારના. આહા..! નિશ્ચય અને વ્યવહારનું આવે છેને? સમયસાર નાટક. જગત ભરમાયો હૈ. નિશ્ચય અને વ્યવહારમાં જગત ભરમાયો છે. બરાબર સમજે નહિ. જે રીતે છે તે રીતે ન જાણે અને બીજી રીતે ખતવવા જાય 'જો વ્યવહાર સત્ છે કે નહિ? તો વ્યવહાર છે તો એ માર્ગ સત્ છે કે નહિ વ્યવહારનો? તો વ્યવહાર સત્ છે તે નિશ્ચયને કારણ છે કે નહિ?' એમ નથી.

અહીંયાં તો પર્યાયમાં બંધ છે એક સમય પૂરતો. આખી ચીજ પ્રભુ આનંદનું દળ પરમસ્વભાવભાવ, એની એક સમયની દશામાં આ બધું છે, સત્ય છે, છે, સાચું છે. પણ ત્રિકાળની દૃષ્ટિમાં એ આવતું નથી. ત્રિકાળની દૃષ્ટિ કરાવવા તે નથી એમ કહ્યું, પણ વ્યવહારથી કહીએ તો સત્ય છે. ત્રિકાળમાં નથી પણ પર્યાયમાં છે. આવી વાત છે. સમજાણું કાંઈ?

કહો, સુજાનલમજી! આવી વાતું છે આ. આહા..હા..! બેય નયનો વિષય નથી તો નય શેનો? નય છે એ વિષયી છે તો એનો વિષય હોય કે નહિ? તેથી કહ્યુંને? ... વ્યવહારને મૂકીશ નહિ એટલે કે વ્યવહાર નથી એમ ન માનીશ. એથી એવો અર્થ નથી કે વ્યવહારથી નિશ્ચય થાય. એ અહીં વાત નથી. આહા..હા..! વ્યવહાર છે. એમ ન માનીશ તો ગુણસ્થાનભેદ રહેશે નહિ કાંઈ, તીર્થ નહિ રહે. ચોથું, પાંચમું, છઠ્ઠું ભેદ છે એ તીર્થ નહિ રહે વ્યવહાર નહીં માને તો. એનો અર્થ એવો નથી કે વ્યવહરને લઈને તીર્થ થયું છે—સમ્યગ્દર્શન-જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા મૂકે બધે જ્યાં હોય ત્યાં. જુઓ, ... વ્યવહાર પણ છે એટલું. પણ એનો અર્થ એવો નથી કે વ્યવહારથી નિશ્ચય પમાય છે. સમજાણું કાંઈ? આવી વાતું.

'**જો તે ભાવોને દ્રવ્યમાં કહેવામાં આવે...**' જોયું! દ્રવ્યમાં નથી કીધું એ બરાબર નિશ્ચયથી. પણ હવે દ્રવ્યમાં એના પર્યાય છે એમ જો કહેવામાં આવે તો વ્યવહારનયથી કહી શકાય છે. એ નયના વિભાગ છે. આહા..હા..! ઓલી કોર. '**અહીં શુદ્ધનયની દૃષ્ટિથી કથન છે...**' ત્રિકાળ ભગવાન જે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને સમાધિથી જણાય એવો જે ત્રિકાળી વસ્તુ ભગવાન પરમાત્મા, પરમાત્મા પોતે છે. એ રાગરહિત નિર્વિકલ્પ એટલે વીતરાગસહિત સમાધિ નામ શાંતિ, અકષાયભાવ એનાથી તે જણાય એવો છે. એથી કરીને એમ નથી કે એનાથી જણાય માટે વ્યવહારથી પણ નિશ્ચય થાય, એમ અહીં કહેવું નથી. આહા..હા..!

**શ્રોતા** :- વ્યવહાર પોતે જ નિશ્ચયમોક્ષમાર્ગ કહેવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અહીં કીધુંને.. આ તો ઓલો વ્યવહાર રાગનો કહે છેને? રાગ તે વ્યવહાર છે અને એનાથી (પમાય), એમ નથી. સર્વવિશુદ્ધ અધિકારમાં ન આવ્યું છેલ્લું? ઉપાય અને ઉપેય. વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એનું નિર્મળ અધૂરું પરિણમન તે ઉપાય છે, એનું પૂર્ણ નિર્મળ પરિણમન તે ઉપેય છે. સમજાણું? (નિર્મળ પરિણમન) એ ઉપાય છે અને પૂર્ણ નિર્મળ પરિણમન તે ઉપેય છે, ફળ છે એમ કહ્યું છે ત્યાં. ત્યાં ઉપાયમાં એમ નથી કહ્યું કે જરી રાગનો ભાગ છે એ ઉપાય છે.

**શ્રોતા** :- બીજે ઠેકાણે કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજે ઠેકાણે કહ્યું તે જાણવાલાયક કહ્યું. છે એટલું જણાવવા. આહા..હા..! એવું છે, ભાઈ!

અહીંયાં તો કહે છે કે જે આત્મા વસ્તુ છે, વસ્તુ, દ્રવ્ય વસ્તુ, આનંદ ને જ્ઞાયકભાવ સ્વરૂપ પ્રભુ, એની દશામાં, એના દ્રવ્યસ્વભાવનું અપૂર્ણ પરિણમન વીતરાગી એ ઉપાય છે અને તેનું પૂર્ણ પરિણમન ઉપેય એનું ફળ છે. એ સ્વભાવની અધૂરાશ અને પુરાશ એમાં સમાય છે. રાગ વ્યવહાર તે ઉપાય છે અને રાગથી (પમાય છે) એમ નથી. ધન્નાલાલજી!

આવી વાત છે. અરેરે..! ઝીણું પડે પણ, ભાઈ! માર્ગ તો આવો છે.

**શ્રોતા :-** આપને બહોત... થા ઉસે સ્થૂલ કર દિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વસ્તુ આવી છે. આવી વસ્તુ છે, બાપુ! આમાં ક્લેશને સ્થાન ક્યાં છે? એકાંત છે એને સ્થાન પણ ક્યાં છે? આહા..હા..! એકાંત જ છે. ભગવાન દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન મુક્ત એનું જ અધૂરું શુદ્ધ પરિણમન તેને કારણ કહ્યું છે, ઉપાય કહ્યો છે, માર્ગ કહ્યો છે અને એના પૂર્ણ શુદ્ધ પરિણમનની દશા, એનું ફળ ઉપેય કહ્યું છે. આહા..હા..! ત્યાં વ્યવહારરત્નત્રય કારણ છે ઉપાયમાં, એમ કહ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં વ્યવહાર છે એટલું સિદ્ધ કરવું છે. એ વ્યવહાર મોક્ષનો માર્ગ છે માટે નિશ્ચય કારણ છે એ અહીં સિદ્ધ નથી કરવું. આહા..હા..!

વસ્તુ જે ત્રિકાળી ભગવાન ધ્રુવપદ, નિજપદ ધ્રુવ પિછાણે. આહા..હા..! એવી ધ્રુવ વસ્તુ જે છે અનાદિઅનંત ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એમાં તો સંસારનો જે પર્યાયમાં સંબંધ છે એ દ્રવ્યમાં તો નથી અને ખરેખર તો જ્ઞાયકભાવ જે ત્રિકાળ છે એની સાથે કર્મને અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. શું કીધું સમજાણું? વસ્તુ જે છે એ નૈમિત્તિક ને કર્મ નિમિત્ત એમ નથી. વસ્તુની પર્યાય જે વિકારી છે એ નૈમિત્તિક અને કર્મ નિમિત્ત. એ વ્યવહાર પર્યાય સાથે સંબંધ છે. આહા..હા..! એ કહ્યું.

**'શુદ્ધનયની દૃષ્ટિથી કથન છે તેથી એમ સિદ્ધ કર્યું છે કે આ સર્વ ભાવોને સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારથી કહ્યા છે.'** વ્યવહારથી છે અને વ્યવહારનયનો એ વિષય છે, અસ્તિ છે. આહા..હા..! **'જો નિમિત્ત-નૈમિત્તિકભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે વ્યવહાર કથંચિત્ સત્યાર્થ પણ કહી શકાય છે.'** કર્મનું નિમિત્ત અને અહીંયાં રાગાદિનું થવું નૈમિત્તિક. સમજાણું? એ નિમિત્તિ અને નૈમિત્તિકની દૃષ્ટિએ જોવામાં આવે તો વ્યવહાર તો સત્યાર્થ પણ કહી શકાય. રાગ છે, વિકાર છે, ઉદય છે, સંસાર છે, મલિન છે. આહા..હા..! છેને. દેવજીભાઈ! આવું ઝીણું બહુ, બાપુ! ભાગ્યાશાળી તો આવી ગયા અહીંયા. આહા..હા..! માર્ગ આવો છે. પ્રભુ ત્રિકાળ છે એમાં તો આ પર્યાયનો વ્યવહાર તો એમાં છે નહિ. એથી તેને જૂઠા કહ્યું, પણ પર્યાયની અપેક્ષાએ એ દ્રવ્યની પર્યાય છે. આહા..હા..! એની અપેક્ષાએ વ્યવહાર સત્ છે. કથંચિત્ સત્ અને કથંચિત્ નથી. ત્રિકાળની અપેક્ષાએ નથી અને વર્તમાનની અપેક્ષાએ છે. આહા..હા..! છે?

**'જો સર્વથા અસત્યાર્થ જ કહેવામાં આવે...'** પર્યાયમાં રાગ ને પુણ્ય-પાપ ને બંધન છે જ નહિ, સંસાર જ નથી એમ કહેવામાં આવે.. આહા..હા..! તો તે સર્વ પરમાર્થનો લોપ થઈ જાય. **'સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય.'** કારણ કે રાગાદિ નથી તો પછી રાગનો અભાવ કરવાનો મોક્ષમાર્ગ પણ નથી. એ વ્યવહારનો લોપ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત આવે ત્યાં ઓલા.. જોયું! છે કે નહિ

વ્યવહાર? પણ વ્યવહાર છે એટલું સિદ્ધ કરવું છે. એ વ્યવહારમોક્ષમાર્ગ છે એ અહીં સિદ્ધ નથી કરવું. સમજાણું કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ તો રાગ છે. એ ત્રિકાળની અપેક્ષાએ તો એ છે જ નહિ, પણ પર્યાયમાં રાગ છે. છે એટલું સત્યાર્થ છે, એટલું. એથી વ્યવહાર છે રાગભાગ માટે નિશ્ચય પમાય છે એમ એનો સવાલ નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે ઝીણી. આહા..હા..!

ઓલામાં આવ્યુંને કે સમકિતીને દુઃખ છે જ નહિ, અશુદ્ધભાવ છે જ નહિ. ઘણે ઠેકાણે લખાણ એ આવે. કેમકે સમ્યગ્દર્શન એનો વિષય જે ત્રિકાળ શુદ્ધ છે, એમાં કોઈ શક્તિ, અશુદ્ધ થવાની કોઈ શક્તિ નથી. એથી સમ્યગ્દર્શનમાં જે ત્રિકાળી દ્રવ્યદૃષ્ટિમાં લીધું છે એથી સમ્યગ્દૃષ્ટિને દુઃખ ને અશુદ્ધતા છે જ નહિ. એ દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય એમાં આ અશુદ્ધતા થાય એવી કોઈ શક્તિ નથી. દૃષ્ટિ અશુદ્ધ થાય એવી નથી, એનો વિષય જે છે ત્રિકાળ, અશુદ્ધ થાય એવો કોઈ શક્તિ-ગુણ નથી. આહા..હા..! આવે છેને બધે ઠેકાણે? આ શેઠિયા સાથે એ વાંધા આવ્યા હતાને મોટા? દીપચંદજી શેઠિયા. એવા લખાણ આવે. નિશ્ચયસમકિતીને અશુદ્ધતા છે જ નહિ, અશુદ્ધ પરિણમન જ નથી એને, એમ આવે છે. એ દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય એ અપેક્ષાએ એને અશુદ્ધતા છે જ નહિ, પણ જ્યારે એને જ્ઞાનથી જોવું હોય ત્યારે પર્યાયમાં જ્ઞાનીને, મુનિને પણ અશુદ્ધતા છે અને મુનિને પણ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને દુઃખ નથી એમ આવે. કઈ અપેક્ષાએ? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ; પણ જ્ઞાનીને રાગ છે, એનું પરિણમન છે. એ પરિણમનની અપેક્ષાએ જ્ઞાની કર્તા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ૪૭ નયમાં આવે છેને.

ધર્મી જીવને પણ રાગનું પરિણમન છે એટલું દુઃખ છે, એટલો રાગનો કર્તા છે અને તેનો ભોક્તા પણ છે. આહા..હા..! અંશે-અંશને અહીં તો જોવાનું છે. એટલે એક જ એમ લઈ લે કે ધર્મીને રાગ-દ્વેષ અને દુઃખ હોય જ નહિ. એ તો ત્રિકાળી દ્રવ્ય અને દૃષ્ટિની અપેક્ષાએ વાત છે, પણ પર્યાયમાં છઠ્ઠે ગુણસ્થાને મુનિ એમ કહે કે અમને અનાદિની હજી કલુષિતતા છે. આવે છે? બીજો કળશ, સમયસાર. આહા..હા..! એક કોર કહે કે સમકિતીને અશુદ્ધતા હોય જ નહિ, એનું પરિણમન જ અશુદ્ધ જ ન હોય. બીજી કોર કહે કે છઠ્ઠા ગુણસ્થાનવાળા આચાર્ય, અમારે અનાદિની અશુદ્ધતા છે હજી, દુઃખ છે અને એનું પરિણમન પણ છે, વેદન પણ દુઃખનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનથી. દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન ત્રિકાળીને જાણે અને વર્તમાનમાં રાગનું પરિણમન જેટલું છે તેને પણ જાણે. પરિણમનનો કર્તા હું છું. કર્મને લઈને રાગ થયો છે એમ નહિ અને રાગ નથી જ બિલકુલ પરિણમનમાં મારે, એમ નહિ. આવી વાતું બધી. એ અહીં કહ્યું.

**'સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય.'** જોયું! પર્યાયમાં રાગાદિ નથી એમ માને તો રાગનો અભાવ કરવાનો પુરુષાર્થ એનો પણ લોપ થાય છે. આહા..હા..!

કારણ કે એ પણ પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..! '**સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય.**' પર્યાયમાં રાગ નથી જ તો એને નાશ કરવાનો ઉપાય પણ પર્યાયમાં નથી એમ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! આવા પલાખા બહુ ઝીણા. જાણવું પડશે ને બાપુ એને. આહા..હા..!

પંચાસ્તિકાયમાં એમ કહ્યું ૬૨ ગાથામાં કે વિકારનું પરિણમન એના અસ્તિત્વમાં છે. જીવના અસ્તિત્વમાં પોતાને કારણે છે. સમજાય છે? ૬૨ ગાથા. વિકાર પોતાને કારણે છે. વિકારનું ષટ્કારક પરિણમન પોતાથી છે, પરકારકની એને અપેક્ષા નથી. દ્રવ્ય, ગુણ અને પર્યાયનું અસ્તિકાય ત્યાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ રાગ છે. આહા..હા..! વિકાર છે. એ વિકાર વિકારને કારણે છે, દ્રવ્ય-ગુણને કારણે નહિ, નિમિત્તને કારણે નહિ. ત્યાં એનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે. પંચાસ્તિકાય, જીવાસ્તિકાય, દ્રવ્ય, ગુણ અને પર્યાય એ વસ્તુ છે. આહા..હા..! અને જ્યાં બીજે ઠેકાણે કહે, આહા..હા..! કે વિકાર સ્વપર કારણે છે, સ્વપર હેતુ છે, એકલા સ્વથી જ નહિ. ત્યાં તો એ વિકારભાવ છે એને અસ્તિ છે એ સિદ્ધ નથી કરવું, ત્યાં ઉત્પન્ન થવામાં નિમિત્ત છે અને આ છે એમ બે સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ક્લિષ્ટ જેવું લાગે એને. ઝીણું લાગે બધું. આહા..હા..!

સ્વપર હેતુ કહ્યો. હવે અહીં કહ્યું કે બિલકુલ હેતુ નહિ, નિરપેક્ષ. એનો પર્યાય છેને. એનો પર્યાય એનાથી છે, એને પરની અપેક્ષા નથી. વિકારને પરની અપેક્ષા નથી. એના અસ્તિત્વની છેને પર્યાય. આહા..હા..! પણ જ્યારે એને વિભાવ તરીકે નિમિત્તને આશ્રયે થયેલી દશા બતાવવી હોય ત્યારે સ્વ ઉપાદાન પોતાનું અને નિમિત્ત પર, એ વિકાર સ્વપર હેતુએ છે. આહા..હા..! જ્યારે વિકારનો પર્યાય સ્વતઃસિદ્ધ છે એને અહેતુ છે, કોઈ હેતુ નથી. ૬૨ ગાથામાં. અને જ્યારે અહીં સ્વપર હેતુ કીધો ત્યાં આગળ એ એકલા સ્વથી થયો છે એમ નહિ. કારણ કે એનું લક્ષ પર ઉપર ગયું છે, એટલે સ્વપર હેતુ વિકાર કહ્યો. પંચાસ્તિકાય. આહા..હા..! અને અહીંયાં એમ કહ્યું કે એ બધા રાગાદિ કર્મજન્ય છે. એ તો ત્રિકાળમાં નથી અને કાઢી નાખવા માટે કહ્યા. આવી અપેક્ષાઓ. આહા..હા..! આવ્યુંને? કર્મજન્ય છેને? પરમાત્મપ્રકાશ. રાગ-દ્વેષ એ કર્મજન્ય છે. એ આત્માથી થયા નથી. આહા..હા..!

અશુદ્ધતા સ્વભાવમાં ક્યાં છે તે થાય? પર્યાયમાં થઈ છે એ પર્યાયનું લક્ષ પર ઉપર ગયું છે એથી થયેલો ભાવ સ્વપર હેતુ કહેવામાં આવે. નહિતર સત્ છે એને હેતુ ન હોય એમ સિદ્ધ કરવું હોય ત્યારે પંચાસ્તિકાયમાં સિદ્ધ કર્યું, રાગ પણ સત્ છે એની પર્યાય છે. સત્‌ને હેતુ કોઈ હોઈ શકે નહિ. અહેતુ છે. એમ સિદ્ધ કર્યા પછી એ રાગ પરના લક્ષે થાય છે એટલું બતાવવા સ્વપર હેતુ કહ્યો. સમજાણું કાંઈ? અને ત્રિકાળમાં એ નથી, કાઢી નાખવા માગે છે એક સમયનો સંબંધ, તો એ કહે છે કે એ બધો કર્મજન્ય બધી ઉપાધિ છે. અહીં કીધું કે આત્માથી છે, ત્યાં કહ્યું કે સ્વપર હેતુએ છે, અહીં કહે કે એકલા કર્મજન્ય છે. ન્યાય

સમજાય છે? આહા..હા..! કાંતિભાઈ! આવું છે.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ.

જે જે અપેક્ષાએ જ્યાં કહ્યું હોય તેનું તે અપેક્ષાએ જ્ઞાન કરવું. ત્યાં બીજી અપેક્ષા ખોળવા જાય તો સત્ય નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

કારણ કે રાગનો ઉત્પાદ, મિથ્યાત્વનો ઉત્પાદ એ ઉત્પાદ દ્રવ્યની પર્યાયમાં છે અને એ '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' સિદ્ધ કરવું છે ત્યારે એ રાગને કોઈ હેતુ (નથી). સત્ છે, રાગ પણ સત્ છે, ઉદયભાવ સત્ છે. આહા..હા..! જે સત્ હોય એને હેતુ ન હોય. ત્યાં આગળ પરકારકની અપેક્ષા નથી એમ કીધું. હેતુ નહિ એટલે. આહા..હા..! અને અહીં કહ્યું છે કે એ વિભાવ છે. હવે એ વિભાવ છે એટલે? સ્વના લક્ષે ન થાય. પરનું લક્ષ થયું એટલે વિભાવ થયો એ સ્વપર હેતુ કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં પરમાત્મપ્રકાશમાં... એ બધા છેલ્લી ગાથામાં આવે છેને સમયસારમાં નહિ? '**वर्णादिमान्नटति**'. પુદ્‌ગલ નાચે, આત્મા ક્યાં નાચે! આહા..હા..! સમજાણું કાંઈ? જીવદ્રવ્યનો એકલો સ્વભાવ જ્યાં જોઈએ તો એ બધી પર્યાયનો બધો પુદ્‌ગલનો નાચ છે, ભગવાનનો આત્માનો કાંઈ નહિ. આહા..હા..! છે શ્લોક? નાટયતિ નથી આવતું? આ શું છે? આ સમયસાર ને? પહેલાં છે, નાટયતિ. ૧૨૬ પાનું નહિ. કળશ છે એ. છેલ્લો નહિ. છેલ્લું. જુઓ! ૪૪ કળશ.

अस्मिन्ननादिनि महत्यविवेकनाटचे
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।

એકલો પુદ્‌ગલ નાચે છે. દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ બધો પર્યાયમાં પુદ્‌ગલ નાચે છે. એય..! જીવદ્રવ્ય એકલું છે આમ એ ક્યાં નાચે? આહા..હા..! એ બધો પુદ્‌ગલનો નાચ, સંસારનો નાચ એ પુદ્‌ગલનો નાચ. ૬૨માં કહ્યું, એ સંસારની પર્યાય એ પરની અપેક્ષા વિનાની તારી પર્યાય છે. આહા..હા..! એની અસ્તિ એનામાં છેને? એનામાં છેને? એનું છેને? પરથી નથી, પરમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. સમજાય એટલું સમજવું બાપુ આ તો. આ તો બહુ વિરોધ આવે એટલે વધારે (સ્પષ્ટતા થાય). આહા..હા..! જુઓને. શું લખે છે? જુઓ!

'**આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં વર્ણાદિમાન પુદ્‌ગલ જ નાચે છે,...**' એ વિકાર છે પુદ્‌ગલનો અને પુદ્‌ગલ નાચે છે એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એ જીવવસ્તુની અપેક્ષાએ કીધું. એમાં તો બધો પુદ્‌ગલના નિમિત્તથી .. તો એનો જ છે. આહા..હા..! ૬૨મી ગાથામાં એમ કહ્યું કે સંસારનો ઉદયભાવ છે એ તારી પર્યાયના અસ્તિત્વમાં છે જેને પરની અપેક્ષા છે જ નહિ, ઉદયની અપેક્ષા કર્મની છે નહિ. આહા..હા..!

**'માટે જિનદેવનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ સમજ્યે જ સમ્યગ્જ્ઞાન છે,...'** જે અપેક્ષાએ પર્યાયનું કહ્યું, જે અપેક્ષાએ દ્રવ્યમાં નથી કહ્યું, એનો ઉપદેશ એ રીતે એણે જાણવો જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! **'માટે જિનદેવનો ઉપદેશ...'** અપેક્ષાથી કથન છે. એ **'સમજ્યે જ સમ્યગ્જ્ઞાન છે, સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે.'** રાગ પરથી જ છે અને આત્મામાં નથી જ એ એકાંત છે અને રાગ દ્રવ્યમાં પણ છે એ તદ્દન જૂઠી વાત છે. કેમ? કે રાગ જેટલા થયા એ નાશ પામે છે તો અંદર ગયાને?—ના. આહા..હા..! પર્યાય વ્યય થાય છેને? વ્યય થઈને જાય ક્યાં? અંદર. અંદર વિકાર ગયો? સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. સમજાણું? વિકાર થયો એ ગયો ક્યાં? વિકાર અંદરમાં નથી. એ પરિણામિકભાવમાં યોગ્યતા રહી ગઈ, બસ. વિકાર ગયો એ પરિણામિકભાવ થઈ ગયો અંદર. આહા..હા..! વર્તમાન પ્રગટ છે ત્યાં સુધી તે ઉદયભાવ છે. આહા..હા..! ક્ષયોપશમભાવની પર્યાય એ પણ વ્યય થાય છેને બીજે સમયે? બીજે ઉત્પન્ન થાય અને પહેલાંની વ્યય થાય. ગઈ ક્યાં પણ? એ ત્યાં ક્ષયોપશમ છે અંદર? આહા..હા..! આવો માર્ગ!

**'સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે.'** એટલે? પાછું એમાં એમ નથી ત્યાં કે બંધના માર્ગથી પણ મોક્ષ થાય, નહિતર સર્વથા એકાંત થઈ જાય, એ અહીં વાત નથી. મોક્ષનો માર્ગ સર્વથા પોતાની પરિણતિથી થાય છે અને સર્વથા રાગની પરિણતિથી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શબ્દ બહુ આવે કળશટીકામાં. આ તો એકદમ પહેલો નકાર કર્યો અને વળી પાછો કહે વ્યવહારથી છે એમ સિદ્ધ કર્યું. એમ બંધનો માર્ગ એને મોક્ષનો માર્ગ કહ્યો છે, વ્યવહાર છેને? નિશ્ચયથી નિર્મળ પર્યાય એ મોક્ષનો માર્ગ છે. માર્ગ એ છે, રાગને નિમિત્ત સહચર દેખીને કહ્યું. એથી એ રાગ બંધનું કારણ છે એ મોક્ષનું કારણ થાય એમ નથી. સમજાણું કાંઈ?

**'હવે પૂછે છે કે વર્ણાદિક સાથે જીવનો તાદાત્મ્યલક્ષણસંબંધ કેમ નથી?'** આત્માની સાથે ત્રિકાળ સંબંધ એનો કેમ નથી? એક પર્યાય પૂરતો સંબંધ તમે કહ્યો, પણ રાગ, સંસાર, ઉદયભાવ, ગુણસ્થાન એ વસ્તુની સાથે તાદાત્મ્યસંબંધ કેમ નથી? **'તાદાત્મ્યલક્ષણસંબંધ કેમ નથી?'** શિષ્યનો આ પ્રશ્ન છે કે તમે તો ક્ષણિક અનિત્ય સંબંધ કીધો. રાગને વિકારને, સંસારની દશાને ક્ષણિક અનિત્ય સંબંધ, પણ ભગવાન સાથે એનો તાદાત્મ્યસંબંધ કેમ નથી? સમજાણું કાંઈ? **'તેનો ઉત્તર કહે છે :-'**

तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी।
संसारपमुक्काणं णत्थि हु वण्णादओ केई।।६१।।

હરિગીત.

**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.**

આહા..હા..! એક સમય પૂરતો સંબંધ છે. અનિત્યતાદાત્મ્ય-અનિત્ય સંબંધ, નિત્ય તાદાત્મ્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :- જે નિશ્ચયથી બધીયે અવસ્થાઓમાં...**' જે સ્વરૂપપણે વ્યાપ્ત હોય, દરેક અવસ્થામાં એ વ્યાપ્ત હોય અને તે સ્વરૂપપણાથી વ્યાપ્તિરહિત ન હોય. જુઓ અનેકાંત. આહા..હા..! '**બધીયે અવસ્થાઓમાં યદ્-આત્મકપણાથી...**' યદ્ એટલે જે સ્વરૂપપણાથી વ્યાપ્ત અવસ્થા હોય અને તાદાત્મ્ય-તે સ્વરૂપપણાથી રહિત ન હોય '**તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણસંબંધ હોય છે.**' સમજાણું કાંઈ? જેમ જ્ઞાન ને આનંદને આત્મા સાથે સંબંધ છે એ તાદાત્મ્યલક્ષણસંબંધ છે, પણ રાગ અને ઉદયભાવનો સંબંધ છે એ દરેક અવસ્થામાં છે અને કોઈ અવસ્થા વિના નથી એવો એ સંબંધ નથી. સંસાર અવસ્થામાં છે અને મોક્ષ અવસ્થામાં નથી. દરેક અવસ્થામાં હોય અને એના વિના ન હોય એવું એને લાગુ ન પડ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

'**જે નિશ્ચયથી બધીયે અવસ્થાઓમાં યદ્-આત્મકપણાથી અર્થાત્ જે-સ્વરૂપપણાથી વ્યાપ્ત...**' નામ પ્રસરેલ હોય અને તે સ્વરૂપથી રહિત ન હોય '**તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણસંબંધ હોય છે. (જે વસ્તુ સર્વ અવસ્થાઓમાં જે ભાવોસ્વરૂપ હોય...**' દરેક અવસ્થામાં એ હોય. '**અને કોઈ અવસ્થામાં તે ભાવોસ્વરૂપપણું છોડે નહિ, તે વસ્તુનો તે ભાવોની સાથે તાદાત્મ્યસંબંધ હોય છે.) માટે બધીયે અવસ્થાઓમાં જે વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે...**' બધી અવસ્થામાં વર્ણાદિ વ્યાપ્ત હોય છે એ પુદ્‌ગલની સાથે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાળો, રાતો આદિ વર્ણ છે એ પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય અવસ્થા છે, એની અવસ્થા વિના એ હોય નહિ. આહા..હા..! એમ જે ગુણસ્થાનના ભેદ પાડ્યા એ પણ પુદ્‌ગલની સાથે એને તાદાત્મ્યસંબંધ છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો સમયસાર. 'ભાવો બ્રહ્માંડના ભર્યા...' આહા..હા..!

'**બધીયે અવસ્થાઓમાં જે વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી એવા પુદ્‌ગલનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણસંબંધ છે;...**' આહા..હા..! પુદ્‌ગલ સાથે એનો બધો સંબંધ છે. આત્માની સાથે સંસાર અવસ્થામાં છે અને મોક્ષ અવસ્થામાં નથી માટે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે નહિ. આહા..હા..! સમજાય છે?

'**જોકે સંસાર-અવસ્થામાં કથંચિત્ વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે...**' બધી અવસ્થામાં નહિ. સંસાર અવસ્થામાં રાગ, ગુણભેદ એનાથી વ્યાપ્ત હોય છે. છેને? '**અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી...**' સંસાર અવસ્થામાં. '**તોપણ મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે...**' મોક્ષ અવસ્થામાં એની વ્યાપ્તિ આવતી નથી. માટે તાદાત્મ્યલક્ષણ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એના કરતા પુદ્ગલદશા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને વર્ણાદિમાનનું નાટક પુદ્ગલ નાચે છે. ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ એકરૂપ છે એ ન નાચે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતો નથી...**' મોક્ષ અવસ્થામાં રાગ અને ભેદ હોતા નથી. '**એવા જીવનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણસંબંધ કોઈ પણ પ્રકારે નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ? જેમ આત્મા અને આનંદસ્વરૂપ ભગવાન કે જ્ઞાનસ્વરૂપ એ તાદાત્મ્ય લક્ષણ છે. કોઈપણ વખતે જ્ઞાન અને આનંદનું તાદાત્મ્યપણું આત્મામાં ન હોય એમ બને નહિ. એમ વિકારની અવસ્થાનું સંસાર અવસ્થામાં એ હોય છે, એનાથી રહિત હોતું નથી, મોક્ષ અવસ્થામાં એનાથી રહિત છે, એનાથી સહિત હોતું નથી. માટે તે વર્ણથી માંડીને ગુણસ્થાન તાદાત્મ્યલક્ષણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ-૦)), શનિવાર, તા. ૨૬-૦૬-૧૯૭૬,**
**ગાથા-૬૧, ૬૨,**
**પ્રવચન નં. ૧૦૭**

૬૧ ગાથાનો ભાવાર્થ. આ વર્ણ, ગંધ આદિ જે કહ્યા એ જીવસ્થાન, માર્ગણાસ્થાન અને ગુણસ્થાન. '**દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે.**' શું કહ્યું? દ્રવ્ય જે વસ્તુ છે એની બધી અવસ્થામાં વ્યાપે તેને તેની સાથે એકરૂપ સંબંધ કહેવાય. એ શબ્દ પહેલો. '**પુદ્ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે...**' એ ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાનના બધા પુદ્ગલના નિમિત્તે બધા ભેદ પડે છે. અભેદ વસ્તુ. આહા..હા..! વસ્તુ છે તે અભેદ ત્રિકાળી ધ્રુવવસ્તુ તે અભેદ છે. એમાં જે આ પુદ્ગલના નિમિત્તથી આ રાગ, વર્ણ, ગુણસ્થાન જે ભેદ દેખાય છે એ ભેદ આત્માની દરેક અવસ્થામાં વ્યાપતા નથી. સમજાણું કાંઈ?

'**પુદ્ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે...**' ભાષા દેખો! આહા..હા..! અભેદ વસ્તુમાં જેટલા એ બધા ભેદ ને રાગાદિ થાય એ બધા પુદ્ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા..! વસ્તુ જે છે આત્મા એ તો અભેદ અખંડ વસ્તુને આત્મા

કહીએ. એ રીતે આત્મા તે જ છે વસ્તુ આખી એ દૃષ્ટિએ રંગ અને રાગ જીવસ્થાન અને માર્ગણાસ્થાનના ભેદો એ બધા પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા..!

**'તેથી વર્ણાદિભાવો સાથે પુદ્‌ગલનો તાદાત્મ્યસંબંધ છે.'** આહા..હા..! જ્યાં-જ્યાં પુદ્‌ગલ ત્યાં-ત્યાં આ બધા ભાવો એની સાથે સંબંધ રાખે છે. **'સંસાર-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો કોઈ પ્રકારે કહી શકાય છે, પણ મોક્ષ-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો સર્વથા નથી. તેથી વર્ણાદિભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધ નથી...'** આહા..હા..! કર્તાકર્મમાં કહ્યું છેને કે જેટલો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ જે થાય એ સંયોગલક્ષણી સ્વભાવ છે, તાદાત્મ્યસ્વરૂપ નથી. સંયોગીભાવ છે, સ્વભાવભાવ નહિ. આહા..હા..! જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો વિકલ્પ જે ઊઠે એ આત્મા (સાથે) તાદાત્મ્યસંબંધ નથી. એ સંયોગે છે એ તો. જેમ બીજી ચીજ છે એમ એ સંયોગે ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી વર્ણાદિભાવો સાથે...'** ભગવાન આત્માને એકરૂપ **'તાદાત્મ્યસંબંધ નથી એ ન્યાય છે.'** આહા..! વસ્તુ જે છે વસ્તુ આત્મા, એના તરફના ઢળવાના ભાવમાં તો વસ્તુ અભેદ દૃષ્ટિમાં આવે. એમાં ભેદાદિ બધા છે એ તો કહે છે પુદ્‌ગલના સંબંધે ભેદ પડે છે. એ દૃષ્ટિ છોડી દેવા જેવી છે. એ આત્મા નહિ, એમ કહે છે. આહા..હા..! આ લીધું છે રંગથી અને સરવાળો કર્યો છે ગુણસ્થાન-માર્ગણાસ્થાન સુધી. સમજાણું કાંઈ? ઉપાડ્યું છે વર્ણથી. રંગ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન, સંહનન કરતાં-કરતાં જીવસ્થાન, માર્ગણાસ્થાન... આહા..હા..! એ બધા પુદ્‌ગલની સાથે જ્યાં-જ્યાં તે ત્યાં-ત્યાં તેનો સંબંધ છે. આહા..હા..! જ્યાં-જ્યાં ભગવાન આત્મા ત્યાં-ત્યાં એનો સંબંધ નથી. સંસાર-અવસ્થામાં એક સમય પર્યાય પૂરતો ભલે સંબંધ હો, પણ મોક્ષ-અવસ્થામાં તો સર્વથા છે નહિ. આહા..હા..! એથી ધર્મીએ અભેદ સ્વભાવની દૃષ્ટિ કરવાની છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? જે આત્મા અભેદ અખંડ છે એ આત્મા તેનો અને એણે આશ્રય કરવો અથવા સમ્યગ્દર્શન નિર્વિકલ્પ શાંતિ એ પર્યાય દ્વારા એને પકડવો એમ કહે છે.

**શ્રોતા :-** કોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યને, અભેદને. આહા..હા..! પર્યાયે અભેદને પકડવો. આહા...!

જીવ-અજીવ અધિકાર છેને. એ બધા અજીવમાં નાખ્યા—રાગ, રંગ, પુણ્ય-પાપ, દયા, દાન, ગુણસ્થાન. આહા..હા..!

**શ્રોતા :-** તેરમું-ચૌદમું ગુણસ્થાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અજીવમાં. ગુણસ્થાન ભેદ જ નથી જેમાં. એ કહેશે હમણાં.

**'હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છે :-'** ૬૨-૬૨. આહા..હા..!

जीवो चेव हि एदे सव्वे भाव त्ति मण्णसे जदि हि।
जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।।६२।।
આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,
તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.

આહા..હા..!

'**ટીકા :- જેમ...**' જે રંગ ને રાગ ને ગુણસ્થાનાદિ ભેદો પ્રગટ થાય અને ઢંકાય એ બધી અવસ્થાઓનો સંબંધ પુદ્ગલ સાથે છે, કહે છે. આહા..હા..! છે? અનુક્રમે. જોયું! અનુક્રમે શબ્દ પહેલો વાપર્યો છે. એ પ્રગટ થાય રાગાદિ કે રાગ ઢંકાઈ જાય, આવિર્ભાવ-તિરોભાવ એવી પામતી પ્રગટ દશાઓ વડે '**પુદ્ગલદ્રવ્યની સાથે-સાથે રહેતા થકા,...**' આહા..હા..! પુદ્ગલનો બધો એ ખેલ છે કહે છે. છેલ્લો કળશ આવશેને.

**શ્રોતા :-** અનુક્રમ ઉપર આપે વજન આપ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુક્રમે એમ કે ક્રમે થાય ત્યાં. આહા..હા..! રાગ, રંગ, ગુણસ્થાન આદિ ક્રમે-ક્રમે થાય છે. પર્યાય છેને. આહા..હા..! અનુક્રમે પ્રગટ થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** તો એનો ક્રમ છે એમ પ્રગટ થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રગટ થાય છે, એના અનુક્રમથી પ્રગટ થાય છે.

**શ્રોતા :-** આઘોપાછો ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આઘોપાછો નહિ.

**શ્રોતા :-** પુરુષાર્થ કરવાથી આઘોપાછો થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુરુષાર્થ કરે તો દ્રવ્યમાં જાય. પર્યાયને આઘી-પાછી કરતો નથી. પહેલાં (અંતરમાં) જાય તો પર્યાય થાય એ પણ અનુક્રમમાં આવવાની હતી તે થઈ. ઝીણો વિષય ભાઈ! આહા..હા..!

'**પુદ્ગલદ્રવ્યની સાથે-સાથે રહેતા થકા, પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે...**' પુદ્ગલનું રંગ ને રાગાદિથી એનો વિસ્તાર છે એમ જાહેર કરે છે, આહા..હા..! ચૈતન્યનો એ વિસ્તાર છે એમ એ જાહેર નથી કરતું. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ-અજીવ અધિકાર છે. એ બધા ભેદોને અજીવ કીધા છે. રાગ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ અજીવ છે. આહા..હા..! આ બધી તકરારું ચાલે છે. વ્યવહારથી થાય, અજીવથી જીવ થાય. કહ્યુંને હમણાં? કોઈ સાથે વિરોધ ન કરવો. ભાઈએ રમેશે લખ્યું છેને અનશન કરવાનો. માર્યો હશે ત્યાં. કારણ કે એવું બધું એણે લખ્યું છે. મુમુક્ષુ માટે કાંઈક બોલ્યો હશે છોકરો .. આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ લખ્યું છે.. પણ એ વખતે ભાઈ એમ તમને એ લોકો પંડિત ભેગા થયા હોય... એમ તમારું માને? પછી જુઓ થાય. એને બિચારાને અપમાન લાગે.

**શ્રોતા :-** એને માર્યો એ વ્યાજબી છે એમને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માર્યો એ એનો ઉદય હતો માટે થયો છે. એ મારનાર તો નિમિત્ત છે. જ્યારે તમે એમ કહેશો કે પરથી કાંઈ થાય નહિ. પરે માર્યો નથી ખરેખર. એ શરીરની અવસ્થા તે કાળે તે રીતે થવાની હતી, ભાઈ!

**શ્રોતા :-** શરીરનું ઉપાદાન કામ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું ઉપાદાન છે. આહા..હા..! એને જરી .. .. સ્વાધ્યાય મંડળમાં માણસો એમ કે નપુંસક છે, ભાઈ! શું કરે, બાપા! બીજા સાથે .. નમી જવું જોઈએ, બાપા! એને નમી ન જવું... પંડિતજી! આહા..હા..! આ વાત બધાને બેસે એમ કેમ થાય? આસ્રવ ને બંધતત્ત્વ અનાદિ રહેવાનું છે કે નહિ?

**શ્રોતા :-** બધાને નથી રહેવાનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો રહેવાનું છે કે નહિ એટલી વાત છે. તો એવા જીવો હોય છે. આસ્રવ અને બંધને જ પોતાના માનનારા. એ જે નથી માનતો એણે આવા માનનાર ઉપર આક્રમણ ન કરવું. પંડિતજી! વાત અહીં...

**શ્રોતા :-** તમારો તો હંમેશાથી આ જ નિયમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! પર્યાયમાં છે એના એને કહે છે પુદ્‌ગલના છે. ગુણસ્થાન, માર્ગણાસ્થાન તો એની પર્યાયમાં છે, પણ એ પર્યાયો ભેદરૂપ છે એમ ગણીને પુદ્‌ગલના અનુક્રમે તેમાં આવિર્ભાવ અને તિરોભાવ એનાથી થાય છે. આત્મામાં એ પ્રગટે છે અને ઢંકાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આત્માની પર્યાયમાં તો થાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય છે પણ એ પર્યાય ત્રિકાળીની નથી. ત્રિકાળી સાથે એને સંબંધ નથી એ અપેક્ષાએ પુદ્‌ગલની સાથે સંબંધ છે એમ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે. આહા..હા..! એ તો પંચાસ્તિકાયમાં ન કહ્યું? ૫૮ ગાથા. ચાર ભાવ કર્મકૃત છે એમ કહ્યું છે ત્યાં. શું કહ્યું? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય છે તે કર્મકૃત છે એમ કહ્યું. પછી ફેરવી નાખ્યું પાછું. કર્મકૃત હોય તો આત્મા અકર્તા ઠરે. અકર્તા ઠરે એમ હોઈ શકે નહિ. કર્તા તો છે. તો કહે ભાઈ, જુઓ! તને નિમિત્તથી વાત કરી હતી, પણ બાકી ખરેખર ચાર ભાવનો કર્તા તો જીવ જ છે.

નિયમસારમાં તો ત્યાં સુધી કહ્યું કે ચાર ભાવ છે એ આવરણસહિત છે. ત્યાં એમ કીધું. છે? ક્ષાયિકભાવ આવરણસહિત છે. વસ્તુ જે છે એને આવરણ એટલે નિમિત્તની અપેક્ષા છેને, અભાવની. અને ત્યાં તો એમ પણ કહ્યું કે ચાર ભાવથી આત્મા ગમ્ય નથી. આવે છે? નિયમસાર. ક્ષાયિકભાવથી ગમ્ય નથી. એટલે? એને આશ્રયે ગમ્ય નથી એમ એનો અર્થ. એમ અર્થ કર્યો પણ એને હોય એમ સમજવું જોઈએને. સમજાણું કાંઈ? આહા..હા..! ચાર ભાવાંતર. એ ચાર ભાવાંતરને ગમ્ય નથી. આહા..હા..! ભગવાન પરમસ્વભાવભાવ એનાથી

ચાર છે તે અનેરા ભાવ છે. પરમસ્વભાવભાવ વસ્તુ એ દળ-વસ્તુ અનાદિઅનંત ધારાવાહી ચીજ તેની અપેક્ષાએ ચાર ભાવ આશ્રય કરવાલાયક નથી, એથી ચાર ભાવને ગમ્ય નથી એમ કહ્યું. એમ તો ક્ષયોપશમભાવને ગમ્ય છે, ઉપશમને ગમ્ય છે. કેવળજ્ઞાનને ગમ્ય નથી? પણ કઈ અપેક્ષાએ કીધું, ભાઈ? એ પર્યાય છે એનો આશ્રય લેવા જાય તો દ્રવ્યનો આશ્રય નહિ થાય, એમ કહે છે. આહા..હા..!

ભગવાન ત્રણલોકનો નાથ પૂર્ણ સ્વરૂપ એનો આશ્રય લે તો ધર્મ થાય. ચાર ભાવને આશ્રયે ધર્મ ન થાય. ધર્મને આશ્રયે ધર્મ ન થાય એમ કહે છે. આહા..હા..! ક્ષાયિકસમકિતને આશ્રયે ધર્મ ન થાય. પોતે ધર્મ છે, આહા..હા..! પણ એને આશ્રયે (ધર્મ) ન થાય. આશ્રય તો ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ (એનો હોય). આવી વાત છે. હવે આમાં વાદવિવાદ ક્યાં કરે? પોતાનું કરી લેવું છે અહીં તો. પંડિતજી! કોઈ માને, ન માને બધા એક અભિપ્રાયના થાય એવું ક્યાંથી બને? સમજાણું કાંઈ? આહા..હા..!

ભાવાંતરને અગમ્ય છે. આહા..હા..! પરમસ્વભાવભાવ એ ચાર ભાવથી ભાવાંતર અનેરા છે. પરમસ્વભાવભાવ એની અપેક્ષાએ પર્યાયભાવ અનેરા ભાવ છે. એ અનેરા ભાવને આશ્રયે, અનેરા ભાવથી આત્મા ગમ્ય નથી—એનાથી જણાય એવો નથી. એટલે? ભાવાંતરને આશ્રયે જણાય એવો નથી એને ભાવાંતરથી જણાય એવો નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ધર્મસ્વભાવ વસ્તુ જેને ખરેખર આત્મા જ એને કહીએ. એમ આવે છેને ૩૮ ગાથા. શુદ્ધભાવ (અધિકાર), નિયમસાર. ખરેખર એ આત્મા છે. જે પર્યાય વિનાની ચીજ છે એ જ ખરેખર તો આત્મા છે. પર્યાય છે તે અભૂતાર્થ, અભૂતાર્થનયથી આત્મા છે, વ્યવહારનય. આહા..હા..!

**શ્રોતા** :- બાહ્યતત્ત્વ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બાહ્યતત્ત્વ છે. અંતઃતત્ત્વ...

ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એવો પ્રવાહ છે. ધ્રુવનો પ્રવાહ છે ધ્રુવ. એનો આશ્રય લેતા ધર્મ થાય. આહા..હા..! ધર્મનો આશ્રય... ગુણસ્થાનના ભેદમાં સંસાર અવસ્થામાં પણ તન્મય નથી. આહા..હા..! જો તાદાત્મ્ય હોય તો એ ભેદ છે એ બધો રૂપી છે તો જીવ રૂપીપણાને પામી જાય. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં સંસાર અવસ્થામાં પણ દયા, દાન, વ્રતનો રાગ અને ગુણસ્થાન ભેદ એ બધા રૂપી છે. ભગવાન આત્મા એની સાથે સંસારદશામાં પણ તાદાત્મ્ય નથી—એકરૂપે નથી. આહા..હા..! એનું એને માહાત્મ્ય નથી.

## જેઠ વદ-૦)), રવિવાર, તા. ૨૭-૦૬-૧૯૭૬, ગાથા-૬૩ થી ૬૬, પ્રવચન નં. ૧૦૮

આ સમયસાર, ૬૩-૬૪નો ભાવાર્થ છે. કહે છે કે જે આ આત્મા છે એને ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ એ રાગ-દ્વેષ ને શરીરથી ભિન્ન જોયો છે અને ભિન્ન છે. આ શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ ક્રિયાના ભાવ એ બધા પુદ્‌ગલના છે, જીવના નથી એમ ભગવાને જોયું છે. આકરી વાત છે. આહા..હા..! તો જેને સંસાર-અવસ્થામાં પણ એમ માને કે આ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ શુભ, હિંસા, જૂઠું, ચોરી અશુભ, એ રાગની સાથે આત્મા તન્મય છે, એના સ્વરૂપની એ ચીજ છે એમ માને ત્યાં સુધી મિથ્યાદષ્ટિ, જીવના વાસ્તવિક સ્વરૂપને ન જાણતાં જે એનામાં નથી એને પોતાનું માની અને ચાર ગતિમાં રખડી રહ્યો છે, ચોર્યાસીના અવતારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. એ વસ્તુ જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ આત્મા છે. એમાં જેટલા પુણ્ય અને પાપ અંતરના ભાવ અને એના ફળ તરીકે આ બહારની બધી ધૂળ, સામગ્રી એમાં જેને મોટપ વર્તે છે એની અધિકાઈ એને આત્માનું ભાન નથી. એ આ આત્માથી એ ચીજને અધિક મહિમાવાળી માને છે એને ભગવાન આત્માની મહિમાની ખબર નથી. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે '**સંસાર-અવસ્થામાં...**' પણ આત્મા એ પુણ્ય અને પાપના ભાવ અને આ બધી એની સામગ્રી જે ફળ બહાર દેખાય એ એની સાથે જો એ તન્મય હોય તો તો રૂપી થઈ જાય અને જડ થઈ જાય. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એ આત્મા શું ચીજ છે એને અનંતકાળથી આ એક સમયમાત્ર પણ એ ચીજને ઓળખી જ નથી એણે. આહા..હા..! અને એની કિંમત કર્યા વિના જેટલું દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા આદિ થાય એ બધા વિકારભાવ સંસારના પરિભ્રમણના કારણ છે. આવી વાત છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**ભાવાર્થ :- જો એમ માનવામાં આવે કે સંસાર-અવસ્થામાં જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્યસંબંધ છે...**' આ રંગની દશા આ જડની અને અંદર રાગ થાય દયા, દાન વિકલ્પો એની સાથે ભગવાન આત્માને એકરૂપ છે, જેમ અગ્નિ અને ઉષ્ણતા એકરૂપ છે, એમ આત્માને અને આને એકરૂપ છે એમ માનનારા '**તો જીવ મૂર્તિક થયો;...**' આહા..હા..! પુણ્ય અને પાપના ભાવવાળો અને પુણ્ય-પાપના ભાવનો કરનારો એ જીવ મૂર્તિક ઠર્યો, જડ ઠર્યો એમ કહે છે અહીં તો. ઝીણી વાત, ભાઈ! છે?

**'અને મૂર્તિકપણું તો પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે;...'** આહા..હા..! એને શુભ અને અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવ એ તો વિકારી પુદ્‌ગલજન્ય ભાવ છે એને આત્માના માને તો આત્મા મૂર્ત થઈ ગયો, જડ થઈ ગયો. આહા..હા..! કેમકે શુભ-અશુભભાવ એ પણ અચેતન છે. એમાં ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપનો એમાં અંશ નથી. આ તો અચેતન છે જ આ માટી અને આ બધા પૈસા, બાયડી, છોકરા, કુટુંબ બધું, હજીરા, હજીરા એટલે આ મકાન આદિ એ તો બધું જડ છે. એ જડને પોતાના માને અને એના કારણરૂપ જે પુણ્ય અને પાપના ભાવ એને પણ પોતાના માને ત્યાં સુધી એણે આત્માને રૂપી અને જડ માન્યો. આવી વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ ઝીણો બહુ છે, ભાઈ! લોકો બહારથી માની બેઠા છે એવો માર્ગ નથી, ભાઈ! ચોર્યાસી લાખના અવતારમાં એ રજળી રહ્યો છે, દુઃખી છે. આહા..હા..! એને પોતાની આનંદ ચીજ છે એની એને ખબર નથી. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આહા..હા..!

સવારે કહ્યું હતુંને? એ તો પરમાત્મા છે. આહા..હા..! શક્તિ અને એનો સ્વભાવ તો પરમાત્મસ્વરૂપ છે. જો પરમાત્મસ્વરૂપ એનું ન હોય તો પ્રગટ દશામાં પરમાત્મા થાશે ક્યાંથી? સમજાણું કાંઈ? એનો સ્વભાવ પરમાત્મસ્વરૂપ જ છે આત્માનો. રાગાદિ, પુણ્યાદિ નહિ અને અલ્પજ્ઞતા પણ નહિ. સમજાય છે કાંઈ? એ તો સર્વજ્ઞ પૂર્ણ આનંદસ્વભાવી પ્રભુ છે. એને આ સંસારમાં કોઈ એમ માને કે આ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ મારા કરેલા છે અને મારું સ્વરૂપ છે, તો તો કહે છે કે તું જડ થઈ ગયો, ચૈતન્ય રહ્યો નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ઈન્દ્ર અને ગણધરની સમીપમાં આ વાત કરતાં હતા એ વાત આ છે. આહા..હા..!

બહારથી શરીરની કોઈ ક્રિયા થાય, વાણીની થાય અને એમાં કોઈ એને અનુસારે શુભ-અશુભભાવ હોય, બધોય તે જડ છે, અચેતન છે. આહા..હા..! એ મૂર્ત છે. એને જો રાગ અને શરીરની ક્રિયાવાળો માને તો તો એ મૂર્ત થઈ ગયો. આહા..હા..! અજીવ થઈ ગયો એ એમ કહે છે અહીં. જીવ ન રહ્યો. એને જીવની ખબર નથી. આહા..હા..! ભગવાન આત્મા તો જ્ઞાનનો સમુદ્ર, જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્યસ્વરૂપ છે એ તો. આહા..હા..! એવા ચૈતન્યના સ્વરૂપને અંતર્મુખ થઈને તેની પ્રતીતિ ને અનુભવ ન કરે અને આ પુણ્ય ને પાપના ભાવ ને શરીરાદિની ક્રિયા એમાં 'હું છું' એમ માનીને એ કર્તવ્ય કરે એ જડ છે. આહા..હા..! ભારે આકરું કામ, ભાઈ! કહો, આમાં શું છે આમાં? આ બધા કાર્ય કરતાં હતાને તમે? આહા..હા..! આ કાર્યકર્તાઓ બધા મોટા-મોટા નથી કહેવાતા?

જડ બાપા તને ખબર નથી, ભાઈ! આ પરમાણુ છે, આ જડ છે અજીવ. એની આ થતી ક્રિયાઓ બધી હાલ-ચાલ એ જડની છે. એ તો ઠીક, પણ પુદ્‌ગલ કર્મ જે જડ છે તેના સંગે થયેલો પુણ્ય-પાપનો ભાવ એ અચેતન કારણ માટે એનો ભાવ પણ અચેતન

છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ અચેતનને આત્માના માનવા અથવા એ અચેતન કર્તવ્ય આત્માનું છે એમ માનવું એણે આત્માને જડ માન્યો. આવી વાત છે. કાંઈ ખબર ન મળે. જરી આ શરીર ઠીક મળ્યું, પાંચ-પચાસ લાખ મળ્યા ધૂળ અને કાંઈક.. અમે બધા બાદશાહી છે. મૂર્ખાઈ છે બધી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે કે તારી ચીજ જે જ્ઞાનસ્વરૂપી ભગવાન એ સંસારદશામાં સંયોગો દેખાય છે, રાગના ને શરીરના ને વાણીના એ જો તારા હોય તો તો તું રૂપી થઈ ગયો. આહા..હા..! આવું છે ઝીણું બહુ. દેહ, વાણી ને મન એની થતી ક્રિયાઓ એ તો જડ, પણ એને અનુસરીને થતાં પુણ્ય-પાપના ભાવ એ પણ જડ. આહા..હા..! અરે..! એને સાંભળવું કઠણ પડે. આ દુનિયાની આ બધી જંજાળના મોહ. શરીર કાંઈક ઠીક મળ્યું હોય, એમાં પાંચ-પચાસ લાખ રૂપિયા ધૂળ મળી હોય, બાયડી ઠીક મળી હોય અને છોકરા કાંઈક (ઠીક કમાતા હોય).. હું પહોળો ને શેરી સાંકડી થઈ ગઈ એને. આહા..હા..! એ મૂર્ખને ખબર નથી કે હું ક્યાં છું? આહા..હા..! સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે સંસારદશામાં પણ એ વિકાર ને એના ફળ એ આત્માની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? જો એના વિના જુદો આત્મા છે એમ ન માને તો તો એ મૂર્ત થઈ ગયો જડ અને જડ તો પુદ્ગલનું લક્ષણ છે. જોયું! એ તો અજીવનું લક્ષણ છે. ઝીણી વાત, ભાઈ! આહા..હા..! અંદરમાં પુણ્ય અને પાપની ચિતરામણ. શુભ-અશુભભાવ હોં! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ-વાસના એ પુણ્ય-પાપના ભાવની ચીતરામણ એ પુદ્ગલની ચિતરામણ છે. અને એના ફળ તરીકે આ ધૂળ બહાર દેખાય હજીરા પાંચ, પચાસ લાખ મૂડી ને એ બધા જડ છે. આહા..! ભાઈ! તને ખબર નથી. તું ક્યાં સલવાઈ ગયો છો એની તને ખબર નથી. સલવાઈ ગયો સમજો છો? ઘૂસી ગયો. આહા..હા..!

ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને આ રાગ ને શરીરની ક્રિયાવાળો અને તે હું કરું એમ માનવું... આહા..હા..! એણે જીવને જડ માન્યો અને એ જડ માનતા એ જડ તો પુદ્ગલનું લક્ષણ છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું છે, બાપુ! આહા..હા..! છે?

**'માટે પુદ્ગલદ્રવ્ય તે જ જીવદ્રવ્ય ઠર્યું,...'** આહા..હા..! અત્યારે પણ એ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ તરીકે આ સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ એ મારા છે અને એમાં હું છું, એ મારું કર્તવ્ય છે એમ માનનાર જડ, જડ આત્માને માને છે. આહા..હા..! આવી વાતું બહુ (આકરી). આ બધા હુશિયાર મોટા-મોટા કામ કેટલા કરે જગતના, લ્યો. નહિ? ગિરધરભાઈ! આહા..હા..! ભાઈ! તું કોણ છો? તું તો ચૈતન્ય જ્ઞાન-આનંદસ્વરૂપ પ્રભુ (છો). એને આવા કામ રાગના અને પરના કરવા એ માને એ તો અચેતનને ચેતન

માન્યું છે એણે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, એમ આવે છે ૨૫ બોલમાં. જીવને અજીવ માને તે મિથ્યાત્વ. મિથ્યાત્વના મહાપાપ અનંત સંસારનું કારણ! ચોર્યાસીના અવતારની ગાંઠ! આહા..હા..! એ અજીવને જીવ માને. એ પુણ્ય અને પાપના ભાવ અને તેના ફળ બધા અજીવ છે એને જીવના માને, એણે અજીવને જીવ માન્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે સિવાઈ કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું. વળી મોક્ષ થતાં પણ તે પુદ્ગલોનો જ મોક્ષ થયો;...**' કારણ કે આત્મા સાથે પુણ્ય-પાપના ભાવનું એકરૂપ તદ્રૂપ છે તો તો મોક્ષ થતાં પણ સાથે તદ્રૂપ રહે રાગ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! '**પુદ્ગલોનો જ મોક્ષ થયો; તેથી મોક્ષમાં પણ પુદ્ગલો જ જીવ ઠર્યાં,...**' આહા..હા..! વર્તમાન દશામાં પણ એ પુણ્ય ને પાપ અને એના ફળ તરીકે આત્માની સાથે એકમેક હોય, જેમ અગ્નિ અને ઉષ્ણતા, સાકરની મીઠાશ અને સાકર એકમેક છે, એમ ભગવાન આત્મામાં એ શુભ-અશુભભાવ અને તેના ફળ આત્મા સાથે એકરૂપ હોય તો મોક્ષ થતાં પણ ત્યાં એકરૂપ રૂપી રહે ત્યાં. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! લોકોએ કલ્પ્યો છે બહારમાં ધર્મ. આ જાત્રા કરીને ધર્મ થઈ ગયો, વ્રત પાળ્યા ને ધર્મ થઈ ગયો, અપવાસ-બપવાસ કર્યા ને ધર્મ થઈ ગયો. આહા..હા..! એ બધા રાગને જડને પોતાના માનનારા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**અન્ય કોઈ ચૈતન્યરૂપ જીવ ન રહ્યો.**' આહા..હા..! શુભ-અશુભભાવની સાથે ભગવાન તદ્રૂપ-એકરૂપ હોય તો તો મોક્ષમાં પણ એકરૂપ રહે વિકાર સાથે. જીવ તો જુદો કોઈ રહ્યો નહિ. આહા..હા..! '**આ રીતે સંસાર તેમ જ મોક્ષમાં પુદ્ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી...**' આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યસ્વરૂપ એવો જે ભગવાન આત્મા એણે દૃષ્ટિમાં લીધો નહિ અને એનાથી વિરુદ્ધ ભાવને દૃષ્ટિમાં લઈ અને પોતાના માન્યા, આહા..હા..! એ ચૈતન્ય રહ્યો નહિ એને. આહા..હા..! '**જીવનો જ અભાવ થયો.**' એને. આહા..હા..!

'**માટે માત્ર સંસાર-અવસ્થામાં જ વર્ણાદિભાવો જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ જ થાય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ ભાવ કરે છે દયા, દાન, વ્રત, એ કોણ આત્મા કરે કે જડ કરે? બાપુ! તને ખબર નથી, ભાઈ! એ વિકારભાવ છે તે અચેતન છે એ ચેતન કરે એમ માને તો આત્મા રૂપી થઈ જાય છે. આહા..હા..! આવો માર્ગ સાંભળવા મળે નહિ જેને બિચારાને અને એમ ને એમ જગતમાં રખડી મરે છે અનાદિથી. સમજાણું કાંઈ? ધર્મને નામે-બહાને પણ પુણ્યના ભાવને પોતાના માની અચેતનને ચેતન માની સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છે...**' ૬૫ અને ૬૬. આહાહા..!

एक्कं च दोण्णि तिण्णि य चत्तारि य पंच इंदिया जीवा।
बादरपज्जत्तिदरा पडयीओ णामकम्मस्स।।६५।।
एदाहि य णिव्वत्ता जीवट्ठाणा उ करणभूदाहिं।
पयडीहिं पोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।।६६।।

જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને,
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.
પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.

આ કેવો દાખલો આપ્યો હતો, નામકર્મનો.

આહા..હા..! ટીકા. ઝીણી વાત છે, પ્રભુ! ધર્મ સમજવો એ સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંતકાળમાં ત્યાગી થયો, સાધુ થયો, હજારો રાણી છોડી, નગ્ન દિગંબર થયો જંગલવાસી, પણ આત્મા રાગની ક્રિયાથી રહિત છે એવો જે ચૈતન્ય તેનું એણે ભાન ન કર્યું. સમજાણું કાંઈ? એ ક્રિયા આપણે કરીએ છીએ રાગની એ કરતાં-કરતાં આત્મા હાથ આવશે. જડ કરતાં-કરતાં ચૈતન્ય આવશે હાથ, સમજાણું કાંઈ? એમ માનનારા કહે છે કે એ '**નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી,...**' એટલે શું? સત્યદૃષ્ટિથી કાર્ય અને કરણ એકમેક છે. કરણ અને કાર્યનું અભિન્નપણું છે.

'**જે જેના વડે કરાય છે (-થાય છે) તે તે જ છે એમ સમજીને...**' શું કહે છે? '**જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું હોવાથી...**' સોનું, સોનું છેને સોનાનું પાંદડું એ સોના વડે કરાય છે. '**તે સુવર્ણ જ છે,...**' સોનું-સુવર્ણ અને સોના વડે થયા પાંદડા એ પણ સુવર્ણ જ છે. આ પાંદડા કરે નહિ? વરખ કર્યો છે. એ સોનું કરણ છે અને એનું આ કાર્ય જે અક્ષરાદિ એ સોનાનું કાર્ય છે. કરણ અને કર્મ બે જુદાં ન હોય. એટલે? સાધન અને કાર્ય બે જુદાં ન હોય. આહા..હા..!

કહે છે, કર્મ એટલે કારણ, કરણ એટલે સાધન. એ બે એકમેક હોવાથી '**જે જેના વડે કરાય છે તે તે જ છે એમ સમજીને, જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું હોવાથી સુવર્ણ જ છે,...**' આહા..હા..! ઝીણી વાત, પ્રભુ! સુવર્ણથી પાનું થાય તે સુવર્ણ જ છે, એ પાનું સોનીથી થયું નથી. હજી તો દૃષ્ટાંત કઠણ. સોનાની વસ્તુ છે એમાંથી જે ઘડીને પાનાપણે થાય એ કાર્યનો કરણ સોનું છે. કરણ અને કાર્ય બે અભિન્ન હોય. એને ભિન્ન કરણ હોય અને કાર્ય ભિન્ન હોય એમ હોઈ શકે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત કારણ હોય અને કાર્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત જ (નથી). નિમિત્તનો અર્થ એ છે એટલું. એ સાધન નથી. આહા..હા..! આકરી વાતું, બાપુ!

**'બીજું કાંઈ નથી,...'** એટલે શું કહે છે? સોનું સોનાના પાંદડારૂપે થયું એ સોનું છે. સોનું એ કરણ છે અને પાંદડું થયું એ એનું કર્મ એટલે કાર્ય છે. કાર્ય અને કરણ બે એક છે. એને સોનીએ કર્યા પાંદડાને એમ નથી. સોનાના વેપારી બધા મરી ગયા રખડીને. આ શરાફ શેઠ છે. સોનીએ શું કર્યું? સોનીનું કાર્ય હોય તો સોની સાથે અભેદ હોય. સોના સાથે અભેદ ન આવ્યું. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ ઝીણો બહુ, ભાઈ! આહા..હા..! અત્યારે તો સાંભળવા મળતો નથી. આ કરો.. આ કરો.. સામાયિક કરો ને પોષા કરો ને પડિક્કમણા કરો. કરો, કરો ને કરો. રાગ કરે એમાં તો. આહા..હા..! સમજાણું કાંઈ? આ જાત્રા કરો, પૂજા કરો, દાન કરો, મંદિર બનાવો એ બધું કરવાનો ભાવ છે એ તો બધો રાગ છે. રાગનું કરણ પુદ્ગલ છે એમ કહે છે અહીં. આહા..હા..! રાગનું કરણ-સાધન, રાગ કર્મ છે, કાર્ય છે. એનું કરણ પુદ્ગલ છે, કર્મ છે. આહા..હા..! ચૈતન્ય કરણ અને વિકારી કાર્ય એનું એમ હોઈ શકે નહિ, ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વરનો માર્ગ બાપા બહુ સૂક્ષ્મ! બિચારા પડ્યા એમ ને એમ. જ્યાં પડ્યા હોય એમાં વેપાર ને ધંધા અને કાંઈક પાંચ-પચાસ, લાખ, બે લાખ મળે એટલે થઈ રહ્યું. એમાં ઘૂંચાઈ જાય અને બાયડી ઠીક મળે. મરી ગયો એમ ને એમ. આહા..હા..! આવી વાત છે. આહા..હા..!

પ્રભુ! તું ક્યાં છો? તારું સાધન શું? અને તારું કાર્ય શું? આહા..હા..! ભગવાન ચૈતન્યનું કરણ-સાધન, એનું કાર્ય તો જાણવા-દેખવાના પરિણામ એ એનું કાર્ય છે. આહા..હા..! જુઓ, આ આંગળી છેને એ કાર્ય છે, પર્યાય છે, એનું કરણ એ પરમાણુ છે, આત્મા નહિ. એ પુણ્ય અને પાપના ભાવ એ કાર્ય, એનું કરણ સાધન પુદ્ગલ કર્મ છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું છે, ભાઈ! અરે..! તું દુઃખી થઈને દુઃખી છો, બાપા! એને ખબર નથી. આ ઓલા કરોડોપતિ ને અબજોપતિ બિચારા ભિખારા દુઃખી છે. આહા..હા..! જેને આત્મા શું છે એ ભાન નથી અને પરમાં પોતાનું માનીને હરખને સડકા કરી રહ્યો છે એ દુઃખના દુઃખી વેદન છે. આહા..હા..! એને રાગથી ભિન્ન પાડવો આત્માને, એમ કહે છે અહીં.

**શ્રોતા :-** પૈસાનું શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા ક્યાં એના બાપના હતા? એ તો જડના છે. એ તો અજીવના છે. છોકરો અને બાયડી ક્યાં એના છે? એનો આત્મા જુદો, એનું શરીર જુદું. તારે ને એને શું સંબંધ? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..! જયંતિભાઈ!

અહીં તો પરમાત્મા એમ કહે છે કે કારણ અને કાર્ય બે એક હોય. કરણ એટલે કારણ. કાર્ય અને કરણ એક હોય. એટલે કે જેમ સોનું કારણ છે તો પાંદડું જે થાય તે તેનું કાર્ય છે સોનાનું, સોનીનું નહિ. અરેરે..! હજી દાખલો કઠણ પડે. કેમકે એ પરમાણુમાં પણ કરણ નામનો એક ગુણ છે, તે કરણના ગુણથી કરીને પાંદડાનું કાર્ય થાય છે, સોનીથી નહિ, હથોડેથી

નહિ. આહા..હા..!

'**તેમ જીવસ્થાનો...**' આહા..હા..! ભગવાન આત્મામાં એકેન્દ્રિયપણું, બે ઇન્દ્રિયપણું, પંચેન્દ્રિયપણું.. આહા..હા..! બાદરપણું ને સૂક્ષ્મપણું... છે? એ બધી પંચેન્દ્રિય પર્યાયાદિ '**નામની પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં હોવાથી...**' આહા..હા..! નામકર્મ છે એક આઠ કર્મમાં. એમાં એક પ્રકૃતિ છે કે જે પોતે પ્રકૃતિને કારણે આ પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ, બાદરની દશા ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલો દાખલો સ્થૂળ આપીને અંદર ઉતારશે પછી. નામકર્મ નામનું એક કર્મ છે અંદર, જેની ૯૩ તો પ્રકૃતિ છે. તો એક પ્રકૃતિ એવી છે કે જે પર્યાપ્ત આદિને ઉપજાવે. એ જીવ ન ઉપજાવે. આહા..હા..! ઓલામાં કહ્યું છેને છ-કાય છે એ જીવ નથી. આવે છેને? ભાઈ! પંચાસ્તિકાય. એમાં જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. આહા..હા..! છ-કાયની શરીરની ઉત્પત્તિ અને ભેદની ઉત્પત્તિ પર્યાપ્ત-અપર્યાપ્ત આદિની, એ ભેદની ઉત્પત્તિ પુદ્ગલના કરણથી કાર્ય થયું છે. આહા..હા..! બેસવું કઠણ.

ભગવાન તો જ્ઞાનઘન પ્રભુ છેને. આ ચૈતન્યબિંબ પ્રભુ, એમાંથી આ પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદ ક્યાંથી રચાય? આહા..હા..! સમજાણું કાંઈ? આવી જાત. આ શરીર સારું હોય તો શરીરથી કામ થાય. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. ધૂળેય નથી સાંભળને. આ તો જડ, માટી, ધૂળ છે. એ તો અજીવ છે, ત્યાં નથી લઈ જવું. અહીં તો વધારે લઈ જવું છે. આહા..હા..! ભગવાન આત્મામાં પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ, બાદર આદિ જે ભેદ પડે છે એ કર્મની પ્રકૃતિ નામને લઈને છે. એ કર્મનું કાર્ય છે, આત્માનું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી પડે. ભગવાન! તું કોણ છો? ક્યાં છો? અને શું થાય છે તારામાં? એની એને ખબરું નથી. બહારની મોટપ આડે ભગવાન આત્માની મોટપ એને સૂઝતી નથી. બહારની મોટપને અધિક કરી ગયો. આ શરીર ઠીક મળ્યું, પૈસા મળ્યા, બાયડી-છોકરા. એમાં પાંચ-પચાસ હજાર પેદા કરતો હોય મહિને. આહા..હા..! મરી ગયો. એય..! ગિરધરભાઈ! એનું એને માહાત્મ્ય નથી આવતું. આહા..હા..!

'**णाणसहावाधियं मुणदि आदं**' ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ એ બધા ભેદથી અને રાગથી અધિક જુદો એનું એને માહાત્મ્ય નથી આવતું અને એનું માહાત્મ્ય આવ્યા વિના પરનું માહાત્મ્ય છૂટતું નથી અને પરના માહાત્મ્યમાં આવ્યો એને સ્વનું માહાત્મ્ય આવતું નથી. આહા..હા..! એક કહે, શુભભાવ કર્યો, દયા ને દાન ને વ્રત-તપનો શુભભાવ. એને એમ થઈ ગયું કે આહા..હા..! આ તે શું કર્યું? આહા..હા..! છાપામાં આવે. આણે પચાસ હજાર આપ્યા ને આ આપ્યું. આહા..હા..! આજે ડોક્ટર આવ્યા હતા સવારે. રસ્તોગી. બહેન પાસે આવ્યા હશેને કાંઈક કરે છેને. આવ્યા હતા અંદર. એમ કે તમે મારી દીકરીને પૂછ્યું હતું? કીધું હા. અહીં કાંપ છેને? સી.યુ. શાહ. ચીમનભાઈનું દવાખાનું છેને? સાત લાખ આપ્યા છેને એમાં. ત્યાં મુંબઈમાં સવારે, બપોરે, સાંજ ત્રણ વાર વ્યાખ્યાનમાં આવતા. સાત લાખ

આપ્યા છે એણે કાંપમાં. કહ્યું હતું એણે. પણ એને એમ થઈ ગયું બધાને કે આ પૈસા ખર્ચીએ એટલે ધર્મ થઈ જશે. ધૂળેય નથી સાંભળને હવે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માર્યો એણે અંદર.. એણે સારો કર્યો એમ. એના મકાનમાં ઉતર્યા હતાને. રમણીકભાઈ રોનકવાળા. પાંચ-છ કરોડ રૂપિયા. એના મકાનમાં ઉતર્યા હતાને. અહીં વિનંતી કરવા આવ્યા હતા. દાદરમાં અઢાર દી. એને કહે કે મહારાજ! અમારા બનેવીના ઘરે કાંઈક જાદુ કરો. જાદુ કરો એમ કહ્યું. મેં કીધું જાદુ અમારી પાસે સાંભળે તો જાદુ થાય એવું છે. અહીં કોઈ જાદુ બીજો નથી. સવાર, બપોર અને રાત ત્રણ વાર હોં ચર્ચા. સાત લાખ આપ્યા અને સવા લાખ આપ્યા એક .. કાંપમાં છેને. એ તો પાંચ-છ કરોડ રૂપિયાવાળો છે. અમે બહાર નીકળીએ એટલે ઓલાને ડ્રાઈવરને ન બોલાવતા પોતે બેસે. નરમ માણસ છે. હીરાભાઈ અને રમણીકભાઈ બે ભાઈઓ. અરે..! પૈસા ક્યાં, બાપા! એ મકાન ક્યાં? જડ ક્યાં? અરે..! એનો ભાવ થાય જે પાપનો, રળવાનો, રાખવાનો એ પાપ ક્યાં, બાપુ! એ તું નહિ. અરે..! એને ખર્ચવાનો ભાવ થાય રાગ મંદનો, પ્રભુ! એ રાગ તારો નહિ, એ તું નહિ. એ તો પુદ્ગલના કારણે થયેલું કાર્ય તે પુદ્ગલનું છે. આવી વાતું છે. કહો, સુજાનમલજી! આવી વાતું! ઉગમણી-આથમણી જેવી વાતું. આહા..હા..!

પરમાત્મા કહે છે કે કરણનું કાર્ય એટલે કર્મ એટલે કાર્ય. કરણ એટલે સાધન. કરણ એટલે કારણ. કર્મ એટલે કાર્ય. કારણ અને કાર્ય એક જાતના હોય, અભિન્ન હોય. એટલે? કે સોનું કારણ છે અને પાંદડું થવું તેનું કાર્ય છે.

**શ્રોતા :-** સોની ક્યાં ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોની એને ઘરે રહ્યો. આ બધા પાના ફેરવેને ચોપડાના આ દેણું છે ને ઢીંકણું છે. એ તો કાર્ય જડનું છે. ફલાણા પાસે મોતીલાલ હરખચંદ પાસે પાંચ લાખ છે. આની પાસે પાનું કાઢે ફટ.. ફટ... ફટ... એ જાણે હુશિયારનો દીકરો હું જાણે, પણ ધૂળેય નથી સાંભળને. એ તો જડના કાર્ય છે. પાના ફરવા એ બધું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પાનું ફરે ને સોનું ઝરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ઝરતું નથી. આ લેણું-દેણું કેટલું છે એ જોવે ને. એમાં શું થયું? ધૂળ. એ તો રાગ છે. રાગ તે પુદ્ગલનું કાર્ય છે, તારું નહિ એમ કહે છે અહીં.

ત્રણલોકનો નાથ ચૈતન્ય પરમાત્મા સર્વજ્ઞદેવ જિનેશ્વર કરોડો દેવ અને કરોડો રાજેન્દ્રની વચ્ચે આમ કહેતા હતા. કહે છે કે તારામાં જે કાંઈ રાગ થાય એ રાગનું કાર્ય તે પુદ્ગલનું કારણ છે. આ ગજબ વાતું છે, નાથ! ચૈતન્યનું નહિ, એ ચૈતન્યની જાત નહિ એમાં. આહા..હા..! બહુ વાતું બાપા, જગતથી જુદી બહુ પણ. જયંતિભાઈ! એક તો સાંભળવા ન આવે અને સાંભળે તો કહે આ શું માંડી છે? એક તો સાંભળતા હતા, બહુ નિશ્ચયની વાતું કરે છે

નિશ્ચયની. એવું સાંભળતા હતા સાંભળે ત્યારે કહે છે એવી ને એવી વાત. અરે.. ભગવાન! તું સાંભળ તો ખરો એકવાર, પ્રભુ! આહા..હા..! કહે છે કે સોનું કારણ અને પાંદડું જે થાય એ એનું કાર્ય છે. આ અક્ષર થયાને જુઓ સોનાના. એ સોનાના અક્ષરોનું સોનું કારણ છે અને આ અક્ષર થયા એ એનું કાર્ય છે. સોનીનું નહિ, કારીગરનું નહિ. ભાઈ! માર્ગ બહુ ઝીણો, ભાઈ! આહા..હા..!

અહીં તો પરમાત્મા સર્વજ્ઞદેવ કહે છે, પ્રભુ! તું સર્વજ્ઞસ્વભાવી આત્મા છોને. શું કહ્યું? સર્વજ્ઞસ્વભાવ આત્મા. એ સર્વજ્ઞસ્વભાવી કાર્ય શું કરે? એ તો જ્ઞાનનું કાર્ય કરે, પ્રભુ! આહા..હા..! ભાઈ! તું સર્વજ્ઞસ્વભાવી છો. સર્વજ્ઞ વસ્તુ છે પર એ તારી ચીજ નથી. સર્વજ્ઞસ્વભાવી છો. આહા..હા..! અને એ સર્વજ્ઞસ્વભાવ કારણ થઈને વર્તમાન જાણવા-દેખવાના ભાવ થાય તે તેનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ એ વાત કરી છે અહીં જીવ-અજીવની વાત છે. રાગ છે દયા, દાન, વ્રત, ભક્તિનો એ અજીવ છે એમ કહે છે, જીવનો નથી. જીવનો હોય તો સાથે રહેવો જોઈએ. તો સિદ્ધમાં પણ રહેવો જોઈએ. આહા..હા..! કાંતિભાઈ! આહા..હા..!

લાખ-બે લાખ ખરચે ત્યાં એને એમ થઈ જાય કે ઓહોહો..! અને તકતી લગાડે. તસ્દી લઈને તકતી લગાડે એમ. તસ્દી કરીને મહેનત કરીને તકતી લગાડે. અપાસરામાં તકતી ચોડો. .. બે-પાંચ ખાનગી મિત્રો પાસે કરાવે. અમે આપ્યા છેને. આહા..હા..! હોળી શું કરી પણ તેં હવે સાંભળને. તસ્દી મહેનત કરીને આ તકતી લગાડી આ કાર્ય રાગના કર્યા. પાપ રાગના કર્યા. આહા..હા..! એ રાગનું કાર્ય તે ચૈતન્યનું માન્યું એ જડ છે, મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે, પાખંડી છે, ચાર ગતિમાં રખડનારો છે. એય..! શાંતિભાઈ! આવી વાતું છે. કો'કને કાંઈક સારું થાય એમ તો કરો. સારું તો પ્રભુ એને કહે છે, સર્વજ્ઞ પ્રભુ આત્મા, એનામાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના વીતરાગી પરિણામ થાય. કેમકે એ વીતરાગસ્વરૂપ આત્મા છે, જિનસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, એના કાર્યમાં અકષાય પરિણામ થાય એ એનું કાર્ય છે. આહા..હા..! આ તો ભક્તિનો ભાવ એ જડ છે એમ કહે છે અને એ ભાવ મારું કાર્ય છે, ભાઈ! તને દૃષ્ટિની ખબર નથી, પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? ક્યાં ગયો માનીને તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શું દાખલો આપીને વાત કરી છે! આહા..હા..! સોનું કારણ અને એનું પાંદડું કાર્ય, જે અક્ષર થાય એ એનું કાર્ય. આહા..હા..! દાખલો ગળે ઉતરવો કઠણ, ભાઈ! એ વસ્તુ સ્વતંત્ર છે. સોનું પલટીને-બદલીને પાંદડું થાય છે. કાંઈ સોની બદલીને પાંદડું થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચોખા જે રંધાય છે એ ચોખા કારણ છે અને જે રંધાણા એ કાર્ય ચોખાનું છે, પાણીનું નહિ, સ્ત્રીનું નહિ, અગ્નિનું નહિ, બાપુ! તને ખબર નથી.

**શ્રોતા** :- પાણીમાં નાખે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ નાખે? આહા..હા..! ચોખો જે છે જે કાળે એ ચડે છે એ ચડવાના કાર્યનો કર્તા એ ચોખો છે, પાણી નહિ, સ્ત્રી નહિ, અગ્નિ નહિ, કોઈ નહિ. કેમકે કરણ અને કાર્ય બે અભિન્ન હોય છે. આહા..હા..! એ ચોખાનું રાંધવાનું કાર્ય પાણી કરે ને બાયડી કરે ને સ્ત્રી કરે એવું ત્રણકાળમાં છે નહિ. શશીભાઈ! આવું છે આ. ગાંડા કહે એવું છે આ તો. ભગવાનની વાણી આવી. આવી વીતરાગ કહેતા હશે? આહા..હા..! 'છ-કાયની દયા પાળી શકું છું' એવું માનનાર કર્તા પોતે અને કાર્ય જડનું એમ માન્યું એણે. આહા..હા..! પ્રભુ! પણ તે કાર્યના કાળે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવી જેની દૃષ્ટિ થઈ છે તેને તેના કાર્યના કાળને જાણવામાં જાણવાની દશા થઈ એ એનું કાર્ય છે. દયાના ભાવ નહિ અને દયાની ક્રિયા નહિ. આવી વાત છે, ભાઈ! આમાં કાંઈ પંડિતાઈ કામ કરે એવું નથી. વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા..! તમારે તો બહુ ઓલું કરે છે બહાર જઈને, હોંગકોંગમાં. લાખો રૂપિયા પેદા કરીને પછી ખરચે ક્યાંક થોડાક. કોણ આપે? કોણ દે? ભાઈ! તને ખબર નથી.

કારણ અને કાર્ય જુદાં ન હોય. કાર્યનું કારણ અને કારણનું કાર્ય બે એકમેક હોય. આહા..હા..! એ પૈસો આમ જાય એનું કારણ એ જડ રજકણો અને એ જવાની ક્રિયા એ એનું કાર્ય, આત્માનું કાર્ય એ છે એમ નથી. ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્તને માનતા નથી લાગતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત છે તે રહ્યું એને ઘરે. આહા..હા..!

જુઓને! '**નિશ્ચયનયે...**' એટલે કે સત્યદૃષ્ટિએ એટલે સત્યને સત્ય તરીકે જાણવું હોય તો, '**કર્મ...**' એટલે કાર્ય '**અને કરણ...**' નામ કારણ બે એક હોય છે. આહા..હા..! આ નિમિત્તકારણ ઉડાડી દીધું. એય..! સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! આ લાકડી છે, પુદ્ગલ માટી છે આ. એ એનું આમ થવું એ એનું કાર્ય એ પુદ્ગલનું છે. આ નીચલી આંગળીનું નહિ. કારણ કે કારણ અને કાર્ય એક હોય છે અને આ આંગળી તો જુદી છે. સમજાણું કાંઈ? ગળે ઉતરવું કઠણ. કોઈ દી સાંભળ્યા ન મળે. આહા..હા..! સાંભળ્યું એ બધો કુધર્મ સાંભળ્યો હોય અને એને ધર્મ માનીને સંતોષ લ્યે કે આપણે કાંઈક કરીએ છીએ. આહા..હા..!

અહીં તો કહે છે કે ભગવાન ત્રિલોકનાથના દર્શન થાય એવો જે શુભભાવ, સમવસરણમાં ત્રણલોકના નાથ બિરાજતા હોય. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન વીસ તીર્થંકરો. સમવસરણમાં ગયો અનંતવાર, દર્શન કર્યા એ ભાવ શુભ હતો. એ શુભભાવ મારું કર્તવ્ય છે એમ માન્યું એ મિથ્યાદૃષ્ટિ હતો.

**શ્રોતા :-** ભગવાનની પૂજા કરવી એ ક્યાં ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૂજાનો ભાવ આવે, પણ એ ભાવ છે રાગ, એ કર્તા આત્માનું કાર્ય નહિ. અરેરે..! ભારે ઉતરવું કઠણ. સાંભળવા મળે નહિ, હવે એ સમજે કેદી? રખડી

મરે છે અનાદિથી નરક ને નિગોદ ભવ કરી-કરી. આહા..હા..! નિગોદના ભવ એક શ્વાસમાં અઢાર ભવ. ભાઈ! તને ભાન વિનાના આવા ભવ થયા છે, ભાઈ! આહા..હા..! અહીં તો નિશ્ચયથી તો ભવ અને ભવના ભાવનું કાર્ય તારું નહિ. આહા..હા..! પુદ્ગલ નાચે છે. કહેશેને હમણાં. એય..!

નિશ્ચય નામ સત્યદૃષ્ટિએ, વસ્તુના સ્વરૂપનું જેવું સ્વરૂપ છે તે દૃષ્ટિએ જોઈએ તો કાર્ય અને કારણ બે એકમેક હોય છે. આહા..હા..! આ નિમિત્ત કારણ તો એમાં રાખ્યું નહિ. એય..! એનું એ કાર્ય અને કરણ એનામાં છે. આહા..હા..! નિમિત્ત મેળવજે એને. કોણ મેળવે? બાપા! ભાઈ! તને ખબર નથી. આહા..હા..! તું તો ચૈતન્ય દીવડો છોને. ચૈતન્ય સૂર્ય છો. એ ચૈતન્યસૂર્ય શું કરે? થાય તેને પોતામાં રહીને જાણે, એમાં ભળ્યા વિના. આહા..હા..! આવું જો માને તો પછી આ સંસારમાં કરી શકે નહિ કાંઈ. એઈ..! પણ કરે છે કેદી? માને છે અજ્ઞાનથી. આહા..હા..! જુઓ, આ પછી તારો બાપ હુંડીનો ધંધો કરી શકે નહિ એમ કહે છે. હવે કરવો કે નહિ? પણ કરવું કાર્ય તારું નથી પછી કરવું ક્યાં રહ્યું? કેમ બેસે? આહા..હા..! બહુ સિદ્ધાંત ગજબનો સિદ્ધાંત છે.

વીતરાગ પરમાત્મા આહા..હા..! '**સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું હોવાથી સુવર્ણ જ છે, બીજું કાંઈ નથી,...**' બીજું કાંઈ નથી. સોની આદિ નહિ એમ કહે છે. આ અનેકાંત. '**તેમ જીવસ્થાનો...**' ભેદો બધા '**નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં હોવાથી પુદ્ગલ જ છે, જીવ નથી.**' આહા..હા..! સૂક્ષ્મપણું, સ્થૂળપણું, બાદરપણું, પર્યાપ્તપણું, સંજ્ઞીપણું, આહા..હા..! એ જીવ નથી. ભગવાન જ્ઞાયકસ્વરૂપમાં તો ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. આહા..હા..! એના પરિણામ થાય તો એના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અભેદ પરિણામ થાય. આહા..હા..! એ મોક્ષનો માર્ગ તે કાર્ય અને ભગવાન આત્મા કારણ, બસ. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો રાગ એ કાર્ય, પુદ્ગલ તેનું કારણ. ગજબ વાતું છે. આહા..હા..! એય..! આવી વાતું છે.

એક તો જાણે ભડકતા હોય એમાં વળી આવું આવે. અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ છે એ કોઈ અલૌકિક છે. ક્યાંય દુનિયામાં બીજે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહેવું છે ઈ કે આત્મામાં આ જીવના ભેદો પડે છે બધા પર્યાપ્ત-અપર્યાપ્ત એનું કારણ નામકર્મની પ્રકૃતિ છે અને એનું એ કાર્ય છે, પ્રભુનું કાર્ય નહિ, એ ચૈતન્યનું કાર્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છ પર્યાપ્તિ બાંધેને.. નથી આવતું? માતાના ઉદરમાં આવે અને પછી આહાર, શરીર, ઈન્દ્રિય.. કહે છે કે એ કાર્ય આત્માનું નહિ, પ્રકૃતિનું કાર્ય છે. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ જીવ માતાના ઉદરમાં આવે ત્યારે એ જાણે છે કે આ કાર્ય તો મારું જાણવાનું એ મારું કાર્ય છે. હું આવ્યો અને આ ક્રિયા થઈ એ મારું કાર્ય નહિ. આહા..હા..! માતાના

પેટમાં સવા નવ મહિના જણેતાના પેટમાં રહે ત્યાં હું નહિ, ત્યાં વિકલ્પ થયો તે પણ હું નહિ. આહા..હા..! અને માતાના પેટથી નીકળવું, જન્મ થવો એ મારું કાર્ય (નહિ). આહા..હા..! એ તો પુદ્ગલના કાર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આગમથી પ્રસિદ્ધ છે...'** જોયું! એ સિદ્ધાંતમાં વીતરાગે આ કહ્યું છે. આગમ પરમાગમ સર્વજ્ઞના કહેલાં. આહા..હા..! ત્રિલોકનાથ પરમેશ્વરે દિવ્યધ્વનિમાં જે આવ્યું અને એની આગમ રચના થઈ, એ આગમમાં આ પ્રસિદ્ધ છે કે નામકર્મને લઈને પર્યાપ્તિ-અપર્યાપ્તિપણું છે, આત્માને લઈને નહિ. આહા..હા..! **'તથા અનુમાનથી પણ જાણી શકાય છે...'** બે વાત કરી પાછી. જડના કાર્ય જડના છે, આત્માના નહિ એ અનુમાનથી પણ જાણી શકાય છે. **'કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે...'** જોયું! એ મૂર્ત છે. **'તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી કર્મપ્રકૃતિઓ પુદ્ગલમય છે...'** આહા..હા..! એ મૂર્ત છે તેના કારણ પણ મૂર્ત છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે. આહા..હા..!

**શ્રોતા :-** આવા ઉપદેશનો જ કાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી બાપુ વસ્તુ છે, ભાઈ! મનુષ્યપણું ચાલ્યું જાય છે અને આ જો કામ અંતરનું ન કર્યું (તો) એ ઢોરના અવતાર અને આ અવતારમાં ફેર શું, ભાઈ? આહા..હા..! સમજાણું કાંઈ? જેણે મનુષ્યપણું પામીને ભવના અભાવની વાતું જાણી નહિ અંદર અને આ ભવના ભાવોને ડોળી નાખ્યો આખી જિંદગી આ કર્યું ને આ કર્યું, બાપા! ઢોરને અવતાર મળ્યો નથી અને તને મળ્યો, બેય અવતાર વિનાના થઈ જશો. આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧, સોમવાર, તા. ૨૮-૦૬-૧૯૭૬, ગાથા-૬૫-૬૬, શ્લોક-૩૮-૩૯ પ્રવચન નં. ૧૦૯

૬૫-૬૬ ગાથાનું ચાલે છે. અહીં આત્મા જે છે એની વ્યાખ્યા છે કે આત્મા કોને કહેવો? જે વસ્તુ જ્ઞાનઘન અભેદ વસ્તુ છે તેને આત્મા કહેવો એટલે કે એવા આત્મા ઉપર દૃષ્ટિ આપતા એને આત્માનું વાસ્તવિક સ્વરૂપ અનુભવમાં આવે, એને જન્મ-મરણ મટે. સમજાય છે કાંઈ? એ આત્મામાં આ શરીરને લઈને પર્યાપ્તિ, અપર્યાપ્તિ, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય આદિ થાય છે એ બધા પુદ્ગલના કાર્ય છે એમ કહે છે. નામકર્મ જડ છે એનું

એ કાર્ય છે. એને પોતાનું માનવું એ અજીવને જીવ માનીને એ રખડવાના રસ્તા છે. પરિભ્રમણના પંથ છે. એમ પર્યાપ્ત-અપર્યાપ્ત લીધાને ચૌદ બોલો. એમ '**ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંસ્થાન અને સંહનન—તેઓ પુદ્‌ગલમય નામકર્મની પ્રકૃતિઓ...**' આ તો સીધું જડ છે.

'**પુદ્‌ગલથી અભિન્ન છે; તેથી માત્ર જીવસ્થાનોને પુદ્‌ગલમય કહેતાં, આ બધાં પણ પુદ્‌ગલમય કહ્યાં સમજવાં.**' '**માટે વર્ણાદિક જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.**' એટલે કે પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ જે જીવની વિકારી અશુદ્ધ દશા, આહા..હા..! એ બધા પુદ્‌ગલના કાર્ય છે, એ આત્મા નહિ. આત્મા તો અખંડ અનાદિઅનંત ચૈતન્ય ધ્રુવ, એવો જે આત્મા તેની અંતર દૃષ્ટિ કરતાં તેને આત્માનું જ્ઞાન થાય, તેના જન્મ-મરણ મટે. સમજાણું કાંઈ? કેમકે જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ એ વિનાનો આત્મા છે. આહા..હા..! એ આત્માને અંતરમાં પૂર્ણજ્ઞાનઘન એવી અંતર દૃષ્ટિ આપતાં એને પૂર્ણ આત્મા જાણવામાં, માનવામાં આવે એને ધર્મની શરૂઆત ત્યારે એને થાય. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

'**અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૩૮.

निर्वतर्यते येन यदत्र किञ्चित्
तदेवतत्स्यान्न कथञ्चनान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं।
पश्यन्ति रुक्मं न कथञ्चनासिम्।।३८।।

'**શ્લોકાર્થ :- જે વસ્તુથી જે ભાવ બને, તે ભાવ તે વસ્તુ જ છે કોઈ રીતે અન્ય વસ્તુ નથી;...**' આહા..હા..! '**જેમ જગતમાં સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે,...**' સોનાથી બનેલું મ્યાન એ સોનું છે, એ તરવાર નહિ. સમજાણું કાંઈ? સોનાથી બનેલું મ્યાન એ સોનું છે, એ તરવાર નહિ. એમ પુદ્‌ગલથી બનેલા આ ભાવ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એ આત્મા નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? એને બોલાય એમ કે આ સોનાની તરવાર છે. સોનાની તરવાર નથી, તરવાર તો લોઢાની છે. આહા..હા..! સોનાનું તો મ્યાન છે. એમ આ ભગવાન આત્માને શરીરવાળો, પુણ્યવાળો, પાપવાળો, દયા, દાન, પુણ્ય-પાપના ભાવવાળો કહેવો એ સોનાના મ્યાનમાં તરવાર રહી છે એને તરવાર સોનાની કહેવી એવું છે. આહા..હા..!

ભગવાન આત્મામાં જે કંઈ પુણ્ય અને પાપના રાગ-દ્વેષના ભાવ થાય એ પુદ્‌ગલના છે. સોનાનું મ્યાન સોનાનું છે, એમ એ પુદ્‌ગલના છે, એને આત્માના માનવા એ મિથ્યા ભ્રાંતિ છે, અજ્ઞાન છે. આહા..હા..! એ ચોર્યાસી લાખ અવતારમાં રઝળવાના એ રસ્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એને પોતાના માને તો એણે અજીવને જીવ માન્યો છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું

કાંઈ? તરવારને સોનાની માની છે. તરવાર સોનાની નથી, એમ પુણ્ય અને પાપવાળો આત્મા નથી. આવી ઝીણી વાતું બહુ, ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એને આત્મા કહે છે કે જે આ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, દયા, દાન, ભક્તિના ભાવ, અરે..! અહીં તો ગુણસ્થાન અને લબ્ધિસ્થાનના ભેદભાવ, આહા..હા..! એ પુદ્ગલના સંગે ભેદ પડ્યો કહે છે, માટે બધા પુદ્ગલના છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ ભેદમાં આવ્યો નથી. એ પુણ્ય-પાપના વિકલ્પની ક્રિયામાં આત્મા આવ્યો નથી. આહા..હા..! અને એને આત્મા માનવો એ મિથ્યા ભ્રમણાના પંથ છે. આવી વાત છે. સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ કરવી એવો જે ભાવ શુભ, એનું એ સ્વરૂપ મારું છે કે એ આત્મા છે, એનાથી કલ્યાણ થશે એમ માનનાર અજીવને જીવ માને છે. આહા..હા..! આવી વાતું છે. વીતરાગ પરમેશ્વર એને ચૈતન્ય વસ્તુ છે એ તો વિજ્ઞાનઘન છે. આહા..હા..! દૃષ્ટિનો વિષય જે છે એ તો અભેદ અખંડ ચૈતન્યપિંડ છે. એને ભેદવાળો ને રાગવાળો માનવો, આહા..હા..! ભારે વાત છેને. એ કહે છે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ કહ્યું, જુઓ!

**'સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે,...'** એમ પુદ્ગલના કારણે બનેલા પુણ્ય-પાપના ભાવ જ્ઞાની એને જડ અને અચેતન દેખે છે. સમજાણું કાંઈ? ધર્મી એને કહીએ, ધર્મની શરૂઆત કરનાર એને કહીએ કે જે પુણ્ય અને પાપના ભાવ એ પર્યાયમાં ગુણસ્થાન આદિના ભેદો એ મારી ચીજ નથી. એવા ભેદ અને દયા, દાનના વિકલ્પથી, રાગથી ભિન્ન મારી ચીજ છે. એવા પૂર્ણાનંદના નાથને દૃષ્ટિમાં લેવો, એણે આત્માને જેવો છે તેવો સમ્યક્ રીતે એને પ્રતીત્યો-જાણ્યો. આહા..હા..! પંડિતજી! આવી વાત. એ શરીર, વાણી, મન, પુણ્ય અને પાપ એ બધા પુદ્ગલથી બનેલ છે. ભાવાર્થ છે ને? **'તેથી પુદ્ગલ જ છે, જીવ નથી.'** આહા..હા..! ૩૯.

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।

આહા..હા..! ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવ જિનવરદેવ તીર્થંકર એમ કહે છે કે **'અહો જ્ઞાની જનો!'** અહો ધર્મી જનો! આહા..હા..! **'આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય એક પુદ્ગલની રચના જાણો;...'** આહા..હા..! આકરી વાતું છે. અહીં તો હજી ભક્તિ ને દયા, દાન, વ્રતના ભાવ થાય તે કલ્યાણનું કારણ. આહા..હા..! એને અજીવને જીવનું કારણ માન્યું. અજીવનું કારણ તો પુદ્ગલ છે. આહા..હા..! એને જીવના કાર્ય માન્યા અને જીવનું સ્વરૂપ એને માન્યું. આહા..હા..! એક સમયની સ્થિતિ, ગુણસ્થાન,

માર્ગણાસ્થાન, જીવસ્થાન આદિ એક સમયની સ્થિતિનો જીવ.. ઓલામાં આવ્યું હતુંને? માર્ગે ચાલતા સંઘ જ્યાં થોડી વાર ઊભો હોય ત્યાં લૂંટાઈ માણસ, પણ લૂંટારો માર્ગ કહેવાય. એમ ભગવાન આત્મામાં ધ્રુવ ચૈતન્યમૂર્તિ માર્ગ પડ્યો છે અનાદિઅનંત. આહા..હા..! એમાં એક સમય પૂરતા દયા, દાન, વ્રત, રાગાદિ અને ગુણસ્થાનભેદનો આધાર દેખીને, એક સમયનો હોં! આહા..હા..! એ જીવના કહેવા એ મિથ્યાત્વ છે. આહા..હા..!

**શ્રોતા :-** જીવની પર્યાયમાં થાય છે કે નહીં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં છે એ ભેદ છે એ દ્રવ્યનો સ્વભાવ નહિ. એ સ્વભાવ પરના કારણે ઊભી થયેલી દશા, કલંક ઊભું થયું. આહા..હા..!

અહીંયાં તો ચૈતન્ય અખંડાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે જે વસ્તુ જ્ઞાનઘન, ચૈતન્યઘન, પૂર્ણઘન આત્મા તેને આત્મા અમે કહીએ છીએ. આહા..હા..! પર્યાયમાં, રાગાદિના ભેદ છે તો એની પર્યાયમાં. એ કહેશે. દેહની સંજ્ઞા એને આપશે એ આત્માના નહિ. આહા..હા..!

જે ચીજ પુણ્ય અને પાપના ભાવ નીકળી જાય છે અને ગુણસ્થાન અને જીવસ્થાનના ભેદો પણ નીકળી જાય છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! જિનવરમાર્ગ બહુ ઝીણો છે. લોકો તો બહારથી આ દયા પાળો, વ્રત કરો, ભક્તિ, પૂજા કરો. ધર્મ છે. બાપુ! એ વસ્તુ બીજી છે આખી. એ વીતરાગમાર્ગ નહિ ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? દયા પાળી શકતો નથી, છતાં પાળવું એ માન્યતા મિથ્યાત્વ છે અને દયાનો ભાવ આવ્યો એ જીવનો સ્વભાવ નથી, એ પુદ્‌ગલથી રચાયેલો છે. આહા..હા..! ગજબ છે. એ રાગ દયાનો ભાવ છે એ હિંસા છે. ભગવાન આનંદના નાથની તેમાં હિંસા થાય છે.

**શ્રોતા :-** દયા તો સુખની વેલડી છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લોકો કઈ દયા? એ તો છેને. ૮૧માં બોલતા બધા ગઢડામાં. ‘દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા દયા તણા...’ એ દયા બાપુ નહિ, ભાઈ! એને ખબર નથી. આહા..હા..! ગઢડામાં એ ચોડ્યું હતું. ૮૧નું ચોમાસું હતુંને. ઘડિયાળ પાસે ચોડ્યું હતું. દયા તે સુખની... કઈ દયા, ભાઈ! તને ખબર નથી. આત્માને રાગની ઉત્પત્તિ ન થાય અને સ્વભાવની દૃષ્ટિએ શાંતિ અને વીતરાગતા ઉત્પન્ન થાય તેને પરમાત્મા દયા અને અહિંસા કહે છે. આહા..હા..!

પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં તો એમ કહ્યું છે કે જે રાગ ઉત્પન્ન થાય ચાહે તો ભગવાનની ભક્તિનો, ગુરુની ભક્તિનો, અરે..! શાસ્ત્ર શ્રવણનો.. આહા..હા..! એ રાગ છે. અહીંયાં તો રાગને પુદ્‌ગલનું કાર્ય ઠરાવવું છે. ભગવાન આનંદઘનનું કાર્ય છે એ? આહા..હા..! સમજાણું કાંઈ? આનંદઘન પ્રભુ છે એનું કાર્ય તો આનંદ આવે. વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા છે એનું કાર્ય તો વીતરાગતા આવે. કારણ એવું કાર્ય આવે એ અહીં સિદ્ધ કરવું છે. દયા, દાન, વ્રતાદિના, તપનો વિકલ્પ ઊઠે છે રાગ એ તો પુદ્‌ગલનું કાર્ય છે, તારું નહિ. આહા..હા..!

કેમ બેસે? આહા..હા..! ઉગમણી-આથમણી વાતું. સંપ્રદાયમાં તો સાંભળવું મળે નહિ. એય.. ગિરધરભાઈ! આખી જિંદગી એમ ને એમ બિચારા... આહા..હા..! વ્રત પાળો ને અપવાસ કરો ને એ તો બધો વિકલ્પ છે રાગ છે, ભાઈ! તને ખબર નથી. એ રાગ પુદ્‌ગલનું કાર્ય છે. ભગવાન ચૈતન્યનું એ કાર્ય હોય?

રાતે કહ્યું હતું કે આ કર્તા-કર્મનો અધિકાર લેવો છેને, તો કર્તા-કર્મનો ઉપોદઘાત અહીંથી લીધો. આહા..હા..! એવી શૈલી કોઈ એની. આહા..હા..! સમયસારની શૈલી.. અહીંથી ઉપાડ્યું. કરણ ને કાર્ય બે અભિન્ન હોય. સમજાય છે કાંઈ? પુદ્‌ગલ એ કરણ છે અને ભેદ રાગાદિ તેનું કાર્ય છે એ અભિન્ન છે. આહા..હા..! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ છે, એ કારણ છે, કરણ છે તો એનું કર્મ આનંદ અને જ્ઞાતાદષ્ટાના પરિણામ તે એનું કર્મ છે. કર્મ એટલે કાર્ય. આહા..હા..! બહુ આથમણી-ઉગમણી વાતું ભાઈ આ તો. ઓલા કહે કે વ્રત પાળો ને અપવાસ કરો, દયા પાળો એ ધર્મ. અહીં કહે છે કે એ તારા વ્રત ને તપનો રાગ એ વિકલ્પ ઊઠે છે. આનંદઘન જ્ઞાનસ્વરૂપમાં એ વૃત્તિનું ઉત્થાન છે. એ વૃત્તિનું ઉત્થાન એટલે કે ઉત્પત્તિ થઈ છે, વસ્તુમાં નથી એ. આહા..હા..!

સોનાના મ્યાનને સોનાનું મ્યાન કહે છે, એને તરવાર નથી કહેતા; એમ પુદ્‌ગલના કાર્યને પુણ્ય-પાપના ભાવને પુદ્‌ગલ કહે છે અહીંયાં, એ જીવ નથી એને કહેતા. આહા..હા..! આટલી વાતું ભારે, ભાઈ! સાધુઓ એમ મનાવે કે આ વ્રત પાળવા, પરની દયા પાળવી, જૂઠું ન બોલવું, બ્રહ્મચર્ય પાળવું એ બધો ધર્મ છે. અહીં પ્રભુ કહે છે, સાંભળ ભાઈ! તને એ ખબર નથી, ભાઈ! એ બધી પંચમહાવ્રતાદિની વૃત્તિઓ છે એ રાગ છે, એ આસ્રવ છે, એ પુદ્‌ગલનું કાર્ય છે, ભગવાન આત્માનું કાર્ય નહિ. આહા..હા..! ક્યાં એને લઈ જવો છે ઉપાડીને. ત્રણલોકના નાથ આનંદઘન ત્યાં જા. ભેદ ઉપરની દષ્ટિ છોડી દે એમ કહે છે. પ્રેમચંદભાઈ! આહા..હા..! તારે સુખને પંથે જાવું હોય, ધર્મને પંથે પ્રભુ તારે જાવું હોય તો એ પૂર્ણ આનંદઘન વસ્તુ છે અંદર ચૈતન્ય પૂર્ણ, એમાં જા, એનો સ્વીકાર કર. આહા..હા..! ભેદ ને રાગ ને નિમિત્તનો સ્વીકાર પ્રભુ છોડી દે. આહા..હા..! આકરી વાતું! સમજાણું કાંઈ? ઓલા કહે કે દયા, દાન કરો ને ધર્મ થાય, ઓલા કહે કે ભક્તિ-જાત્રા કરો તો ધર્મ થાય, આ દિગંબરો વળી કહે વ્રત કરો ને તપ કરો, નાગા થાવ. અરે.. ભગવાન! એય..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, પ્રભુ! તું ભૂલમાં ભરમાઈ ગયો છો. આહા..હા..! જે ભાવ વૃત્તિ ઊઠે છે એ ચૈતન્યના ઘરની ગાંઠ નથી. એના ઘરમાં એ રાગ ઉત્પન્ન થાય એવી કોઈ શક્તિ નથી. આહા..હા..! એના અનંત ગુણો છે પ્રભુના. આ આત્માના હોં! અહીં પ્રભુ એને કહીએ છીએ. સંખ્યાએ અનંત શક્તિઓ છે. ભાઈએ કહ્યું હતુંને? તેં કહ્યું હતુંને. અનંત શક્તિનો સંગ્રહાલય. કહ્યું હતુંને રસ્તામાં નહિ? આહાર કરવા જતા. આહા..હા..! અનંત શક્તિનો સંગ્રહનો સ્થાન છે એ, એ રાગનું સ્થાન નથી. કહ્યું હતુંને ભાઈએ, નહિ?

આપણે આહાર વહોરવા જતા. શક્તિનું છે. તેં કહ્યું હતું? એણે કહ્યું હતું. કહ્યું હતું. બે ભાઈઓમાંથી એક જણે કહ્યું હતું. આહા..હા..!

ભાઈ! તને ખબર નથી. પ્રભુ છે એ તો અનંતગુણનું ગોદામ છે. એમાંથી તો ગુણની ધારા વહે, નાથ! રાગની ધારા વહે એ આત્મા નહિ. આહા..હા..! અરે..! એણે સાંભળ્યું પણ નથી, ખબર પણ નથી. એમ ને એમ જિંદગી આંધળે-આંધળી ચાલી જાય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીતરાગતા, સ્વચ્છતા એવી શક્તિઓ અનંતગુણનું એ ગોદામ છે. એ અનંત શક્તિનો સંગ્રહાલય છે. એ ગુણની અનંત શક્તિનું સંગ્રહનું સ્થાન છે. આહા..હા..! અને એ તો સ્વભાવનો સાગર છે. એમાં પુણ્ય અને પાપની ઉત્પત્તિ એનાથી થાય એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ફેરફાર ભાઈ, પ્રેમચંદભાઈ! આ વળી ભક્તિવાળા એમ કહે કે અમને ભક્તિથી કલ્યાણ થશે. આહા..હા..! અમારે તો ગુરુની ભક્તિ કરવી. તારી દેશે આપણને, લ્યો! આપણે કાંઈ જોવાનું નથી બીજું. કોણ ગુરુ પણ? ગુરુ તો તું છો. આહા..હા..! તને તારી સમજણથી તને આત્માનું જ્ઞાન થાય, તો તું ગુરુ છો. આત્મા ગુરુ અને આત્મા દેવ, આત્મા તીર્થ અને આત્મા તીર્થનું ધામ. બાકી બધી વાતું બહારની. આહા..હા..! એ બધા પુણ્યના કારણ છે. આહા..હા..!

**શ્રોતા :-** આપે જ તો બતાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ એવી છે. ભગવાન ત્રણલોકના નાથ જિનવરદેવ ઇન્દ્રો ને ગણધરોની સભામાં કરોડો દેવો અને કરોડો રાજેન્દ્રો આદિમાં આ વાત કરતાં હતા, એ વાત આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, નાનજીભાઈ! સમજાય છે કે નહિ? પછી ત્યાં વાંચવું પડશે એમ કીધું. આ બચ્ચાને પૂછ્યું હતું કે વાંચે છે? કહે ના. એ ઘરે વાંચે છે. જોડે તમારો બચ્ચો બેઠો છેને. મેં કીધું વાંચવું જોઈએને. ઉમરાળા સ્વાધ્યાય મંદિર છે ત્યાં. પણ મૂળ આવતા ન હોય બીજા કહે છે. પણ એને કહેવું જોઈએ. બાપા! આ સાંભળો તો ખરા, બાપુ! આ ચીજ શું છે? અરેરે..! અને સાંભળ્યા વિના સમજણ એને ક્યાંથી આવશે? એનું લક્ષ ક્યાં જશે? આહા..હા..! 'લક્ષ થવાને તેહનો...' આવે છેને. 'કહ્યા શાસ્ત્ર સુખદાયી...' શાસ્ત્ર એને લક્ષ કરાવે એ નિમિત્ત. અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે. આહા..હા..! પણ એને બેસે (શી રીતે)?

પર્યાય એક સમયની દશામાં જેની દૃષ્ટિ, એક સમયની અવસ્થા પ્રગટ પર્યાયમાં જેની દૃષ્ટિ અને એ દૃષ્ટિનું ઘોલન અનાદિ કાળનું. હવે એને આ અંદર ભગવાન પૂર્ણ આનંદનો નાથ તત્ત્વ એ તત્ત્વ છે, પર્યાય એ તત્ત્વ નહિ, પર્યાય એ આત્મા નહિ, એ તો અણાત્મા. આહા..હા..! વ્યવહારનયે એ આત્મા. નિશ્ચયે તો ભગવાન પૂર્ણઘન એકલો આનંદનું દળ, અનાકુળ શાંતિનો રસકંદ. કહેશે અનાદિઅનંત. આહા..હા..! એને આત્મા ભગવાન કહે છે અને એની દૃષ્ટિ કરવી. એણે નિમિત્તની દૃષ્ટિ ઊઠાવી દેવી પડશે અને રાગની દૃષ્ટિ ઊઠાવી

દેવી પડશે અને ભેદની દૃષ્ટિ પણ ઊઠાવી દેવી પડશે. આહા..હા..! ત્યારે અંદર અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની દૃષ્ટિમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! ધર્મની શરૂઆત તો અહીંથી છે. ચારિત્ર તો ક્યાંય રહી ગયું હજી તો. સમજાય છે કાંઈ?

દૃષ્ટિમાં જે અભેદ ચીજ ખ્યાલમાં, પ્રતીતમાં આવી એ ચીજમાં રમવું, ઠરવું એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ ક્રિયાકાંડ, દેહના વ્રતના પરિણામ એ ચારિત્ર નહિ. આહા..હા..! ગજબ વાતું છે, ભાઈ! આવી વાતું છે. ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવ મહાવિદેહમાં એ ફરમાવે છે. ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા આઠ દી સંવત ૪૯ પરમાત્મા બિરાજે છે સીમંધર ભગવાન, જેનું કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે, બે હજાર હાથ ઊંચા છે, લાખો કેવળીઓ સભામાં છે ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા. આહા..હા..! ત્યાં આગળ સાંભળી, હતા જ્ઞાની ધર્મી ચારિત્રવંત પણ વિશેષ નિર્મળતાની પોતાની પાત્રતાને લઈને વિશેષ નિર્મળતા થઈ, ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા વયા ગયા લાગે છે. વયા ગયા લાગે છે. હતા નરમ માણસ. સવારમાં નહિ ઈંદોરવાળા આવ્યા હતા. ઈંદોરવાળા હતા એ અને બીજા હતા એના અગ્રેસર. શ્વેતાંબર હશે. એ બધા ફરવા નીકળ્યા. પણ માણસો નરમ. સાંભળીને આહા..હા..! આવી વાત! આહા..હા..! એનો બાપ અહીં માનતો લાગે છે. ઈંદોરના હશે આપણે કાંઈ જાણતા નથી. પણ એ છોકરો જુવાન માણસ હતો. રોજ બેસતો ત્યાં. બહુ ખુશી થયો. ઓહોહો..! જેણે સત્ય જાણવું હશે તો અહીં આવવું પડશે, એમ કહ્યું. સ્થાનકવાસી હો, શ્વેતાંબર હો, દિગંબર હોય, તેરાપંથી એમ બિચારો બોલ્યા હોં! બાપુ! માર્ગ આ છે, ભાઈ! આ તો સનાતન વીતરાગનો પંથ છે, આહા..હા..! બાકી બધા વાડા બાંધીને બેઠા અને પોતાને નામે માન્યો એવો ધર્મ મનાવ્યો. આહા..હા..! આકરી વાત, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અહો જ્ઞાની જનો! આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત...'** સુધી લઈ ગયા. એ ચોથું ગુણસ્થાન ને પાંચમું ગુણસ્થાન ને તેરમું ગુણસ્થાન... આહા..હા..! એ બધા ભેદો તે પુદ્‌ગલના કારણે ભેદ ઊઠ્યા ભગવાનમાં. આહા..હા..! એ તો ગુણની શક્તિનું આખું ધામ પ્રભુ છે. અનાદિઅનંત સ્વસંવેદ્ય અચળ છે. આવશે એમાં શ્લોક. વસ્તુ તો અનાદિઅનંત અચળ ક્યાંય ધ્રુવમાંથી ફરે એ નથી. આહા..હા..! અને એ તો પોતાના આનંદ ને જ્ઞાનના વેદનથી જણાય એવી ચીજ છે. આવા ભેદને આશ્રયે જણાય એવી એ ચીજ નથી કહે છે. આહા..હા..! આવો માર્ગ! કહો, સુજાનમલજી! સાદડી-બાદડીમાં ક્યાંય છે આ? સાદડી છે આ મુંબઈની. સાદડી સમજ્યા મુંબઈમાં? મરી જાય પછી એની સાદડી થાય. સાદડી એટલે બધા ભેગા થાય. બે-પાંચ દીએ ભેગા થાય એને સાદડી કહે છે. મુંબઈમાં થાય છે સાદડી. ભેગા થાય સગા-વ્હાલા. વિસામો દેવા અથવા આશ્વાસન દેવા. વ્યવહાર બધા, પણ આત્માના ભાન વિના બધી સાદડીઓ છે. આહા..હા..!

અહીં પ્રભુ એમ કહે છે, ભાઈ! મૂળ ચીજ જે એક ક્ષણમાં અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ એને અમે આત્મા કહીએ છીએ અને એ આત્માની દૃષ્ટિ થયા વિના એને સમ્યગ્દર્શનની શરૂઆત થાય નહિ ત્રણકાળમાં; અને સમ્યગ્દર્શન નથી ત્યાં જ્ઞાન પણ નથી અને ત્યાં વ્રત અને ચારિત્ર પણ હોતા નથી. આહા..હા..! એકડા વિનાના મીંડા છે બધા. વર રહી ગયો અંદર. વર વિના જાન જોડી દીધી. સમજાણું કાંઈ? દુલ્હો. દુલ્હા કહે છે તમારે. દુલ્હાને મૂકીને જાન જોડી એ જાન ન કહેવાય, એ માણસના ટોળા કહેવાય. આહા..હા..! એમ ભગવાન અનંત આનંદનો નાથ સત્સ્વરૂપ, સચ્ચિદાનંદસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ શુદ્ધ એનો આશ્રય છોડી દઈને બધી વાતું કરી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્રત પાળ્યા, ભક્તિ કરી, પૂજા કરી, દાન કર્યા, મંદિરો કરોડો, અબજો રૂપિયા ખર્ચીને કર્યા એ વર વિનાની જાન છે. સમજાણું કાંઈ? આવી વાતું છે.

એ અહીં કહે છે, જુઓને કહ્યુંને? ભગવાન! એકવાર સાંભળને પ્રભુ! આહા..હા..! એવા ભેદને રાગે તારી મહિમા છે, પ્રભુ? એમ કહે છે. આહા..હા..! ભક્તિનો ભાવ થાય ભગવાનની પૂજાનો એ ભાવથી તારી મહિમા છે? આહા..હા..! એનાથી તને ઓળખાવવો પ્રભુ! એ તો કલંક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આણે ભક્તિ બહુ કરી ભગવાનની, પૂજાઓ કરી ને આરતી ઉતારી ને.. આહા..હા..! એ વડે તારી પ્રશંસા, પ્રભુ! એ પ્રશંસા, નથી, એ તારા મહિમાનો નાશ થાય છે. મહિમા મરી જાય છે ત્યાં. આહા..હા..! ઝીણી વાતું બહુ, ભાઈ! અનંતકાળ થયા. ચોર્યાસીના અવતાર કરતાં-કરતાં કાગડાના, કૂતરાના ભવ (કર્યા). અહીં કદાચિત સાધુ થયો હોયને લ્યોને બહાર, પણ અંદર દૃષ્ટિ મિથ્યાત્વ છે, રાગની ક્રિયાથી ધર્મ માનનારા છે એ બધા કાગડે, કૂતરે નરક-નિગોદમાં જવાના છે. અરેરે..! પ્રભુ! આ વસ્તુ આવી છે, ભાઈ! પ્રભુના માર્ગના રસ્તા જુદાં છે. દુનિયા બહારથી સંતોષ મનાવી લેશે એથી કાંઈ વસ્તુ નહિ આવે હાથ. સમજાણું કાંઈ?

ભાષા જુઓ! '**વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો...**' બધા આવ્યાને? ૨૯ બોલ. આહા..હા..! ગુણસ્થાનના ભાવ, સ્થાન ભેદ પડ્યોને? જીવસ્થાનના ભાવ, માર્ગણાસ્થાનના ભાવ. આહા..હા..! '**તે બધાય એક પુદ્‌ગલની રચના...**' ભાષા છે? '**एकस्य पुद्गलस्य**' એય..! ઓલો કહે કે માતા-પિતાના બેથી એક દીકરો થાય, એકથી ન થાય. ત્યારે નિશ્ચયથી રાગ પોતાની પર્યાયથી પોતાથી થાય, નિમિત્તથી નહિ. ત્યારે ઓલા કહે કે જેમ એક દીકરો માતા-પિતા બેથી થાય, એમ ઉપાદાન અશુદ્ધ અને રાગ નિમિત્ત બેથી પુત્ર થાય. અહીં કહે છે કે એ વાત બેય ખોટી તારી. એ રાગ તારાથી થાય એ જણાવા માટે વાત કરી. પર્યાયમાં અસ્તિત્વ છે તારું એટલું, પણ એ વસ્તુમાં અસ્તિત્વ છે, મૂળ ચીજનું અસ્તિત્વ છે, એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું આ ગળે ઉતરવું ભારે કઠણ. આખો દી માન્યું. ઈચ્છામી પડિક્કમણું... તસ્સ મિચ્છામી દુક્કડમ.. લ્યો! અને તાવકાણી.. અપ્પાણં વોસરે

થઈ ગયો કાયોત્સર્ગ. અરે.. ભગવાન! બાપા! પ્રભુ એ મારગડા વીતરાગના જુદાં છે, ભાઈ!

અહીં તો કહે છે, રંગ, ગંધ, રસ, સ્પર્શ, સંહનન, સંસ્થાન, પર્યાપ્ત, અપર્યાપ્ત, ગુણસ્થાન, માર્ગણાસ્થાન ભેદો.. આહા..હા..! **'एकस्य पुद्गलस्य'** એકાંત નથી થાતું? ઓલામાં રાગ થાય એ પોતાથી જ થાય. ૬૨મી ગાથા. એ તો એનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? બીજે ઠેકાણે કળશ આવે છે જયસેનાચાર્યનો કે કર્મ અને આત્મા બે થઈને રાગ થાય, એકથી ન થાય, એ પ્રમાણજ્ઞાન કરાવવા જણાવ્યું છે. રાગ તારામાં થાય એ તારું અસ્તિત્વ છે પર્યાયનું, એટલું જણાવ્યું છે; અને અહીં બેયને ઉડાડીને દ્રવ્યમાં નથી.. આહા..હા..! વળી પાછું જ્ઞાન કરે ત્યારે એમ જાણે કે જે રાગનું પરિણમન છે એ મારામાં મારે કારણે છે. નય-નય. એ તો જ્ઞાન જાણે છે કે આ અસ્તિત્વ મારી પર્યાયનું, એટલું; પણ વસ્તુનું કાર્ય છે અને વસ્તુનું સ્વરૂપ છે એ નહિ. આહા..હા..! એક કોર અકર્તા કહે કે તારી શક્તિ એવી છે કે રાગને કરે નહિ એવી તારી શક્તિ છે. એક કોર કહે કે પરિણમન જે રાગનું છે એ સમકિતી જ્ઞાની પોતાનું છે એમ માને છે. બાપુ! એની અપેક્ષા જાણવી જોઈએને. એક કોર કહે કે આ રાગના પરિણામ એકલા પુદ્ગલથી રચાયેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવચનસારમાં જ્ઞાનના અધિકારમાં એમ કહે કે તારા રાગના પરિણામ તારા એકલાથી થયેલા છે. એ જ્ઞાન જાણે છે એને હોં! અશુદ્ધનયથી એને કહેવાયને, પરથી નહિ એટલે. આહા..હા..! એટલી અપેક્ષાઓ એને ન જાણે, એક જ પકડીને બેસે. આહા..હા..!

અહીં તો એ સિદ્ધ કર્યું, પુદ્ગલ નિમિત્ત છે તેનું કાર્ય છે આ. નિમિત્તનું કાર્ય થયું, એમાં ઉપાદાનનું ક્યાં રહ્યું? અરે..! કઈ અપેક્ષાએ? આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્તને આશ્રયે થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તને આશ્રયે પણ ચીજ તો ભલે... અહીં તો એક પુદ્ગલની જ રચના જાણો એમ કહે છે. એ એમ જ છે. એ પુદ્ગલનું જ કાર્ય છે. વસ્તુનું નથી એ અપેક્ષા બતાવવી છે. વસ્તુ છે એ તો આનંદઘન, શુદ્ધ ચૈતન્યઘન છે. એકલો પવિત્રતાનો પિંડ આત્મા છે. એમાં પવિત્રતામાંથી અપવિત્ર ક્યાંથી રચાય? સમજાણું કાંઈ? આવી વાતું હવે. આમાં એક કલાકમાં આવી વાતું ધારવી કેટલી? આહા..હા..! અરે.. ભાઈ! આ મનુષ્યદેહ ચાલ્યો જાય છે. પાછો ક્યારે મળશે? આ સત્ય જો નહિ સમજે, રખડવાના રસ્તે ચાલ્યો જશે. આહા..હા..! ત્યાં કોઈની સિફારીશ નહિ કામ આવે કે અમે ઘણાને આમ સમજાવ્યા હતા, અમે આમ વ્રત-તપ કર્યા હતા. ભાઈ!

અહીં તો કહે છે કે એ ભેદો બધા એક પુદ્ગલના છે. છે? **'एकस्य पुद्गलस्य हि'** પોછો **'हि'** છે? આહા..હા..! આહા..હા..! એ શબ્દ નથી આવ્યો એમાં, પણ એમ જોઈએ. **'એક પુદ્ગલની જ રચના જાણો;...'** એમ કહે છે. આહા..હા..! કઈ અપેક્ષાથી કહે છે? રાગની રચના તો પર્યાયમાં પોતાના ઊલટા પુરુષાર્થથી થાય છે અને તેમાં કર્મ નિમિત્ત

હો, નિમિત્ત હો, પણ નિમિત્ત છે માટે રાગ થાય છે એમ નથી. એક સિદ્ધાંત એ. બીજો સિદ્ધાંત કે એ રાગનો આત્મા કર્તા નથી. અકર્તા નામનો ગુણ છે તેથી રાગ કાર્ય, રાગ કરું એવો એનો સ્વભાવ નથી. ત્રીજી વાત કે એ રાગનું પરિણમન તે જીવનું શુદ્ધનયથી તારામાં છે. ચોથી વાત એ કે રાગની રચના પુદ્‌ગલ એકલાની છે, તારી નહિ, દ્રવ્યની નહિ. આહા..હા..! એય..! એકલો વસ્તુ સ્વભાવને પ્રતીતમાં લેવા માટે આનંદનો નાથ ચિદાનંદ પ્રભુ એકલો જ્ઞાનઘન, વીતરાગ મૂર્તિ આત્મા છે. અકષાય સ્વભાવનો રસ છે એ. આહા..હા..! એવો અકષાય સ્વભાવનો રસ એટલે સ્વરૂપ એ છે. એ કષાયના ભાવને કરે એ અકષાયભાવમાં ક્યાંથી આવ્યું? કહે છે. આહા..હા..! એથી અહીં એને વસ્તુનો સ્વભાવ ત્રિકાળી તેની દૃષ્ટિ કરાવવા આ રાગાદિની રચના પુદ્‌ગલની છે માટે દૃષ્ટિ છોડી દેવા જેવી છે. પર્યાયબુદ્ધિ છે એ છોડી દે એમ કહેવું છે. આહા..હા..! આમાં તકરાર વાદવિવાદ કરે, જો આવ્યું. પુદ્‌ગલ કરણ અને રાગ કાર્ય. અભિન્ન આવ્યું કે નહિ? એય..! ભાઈ! કઈ અપેક્ષાથી કહ્યું આમાં? આહા..હા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.' તેને તે રીતે જાણવું જોઈએ. ખેંચાતાણ ન કરવી જોઈએ, ભાઈ!

અહીં તો પ્રભુ એમ કહે છે. જીવ-અજીવ અધિકાર છેને. જીવ તો એને કહીએ કે અખંડ અભેદ ચિદ્‌ઘન છે તેને જીવ કહીએ અને એની દૃષ્ટિ થતાં તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેને ધર્મનું પહેલું પગથિયું થાય. સોપાન-પગથિયું-નિસરણી. આહા..હા..! એ બતાવવા અહીંયાં રાગ ને ભેદની રચના એક જ પુદ્‌ગલની છે એમાં બેકલો આત્મા ભેગો ભળ્યો તો થાય છે એમ નથી. અહીં તો આત્મા દ્રવ્ય લેવું છેને વસ્તુ આખી. પણ એ પર્યાયમાં પોતે કરે નિમિત્ત હો, પણ નિમિત્તથી થતું નથી. વિકારના પરિણામમાં પરકારકની અપેક્ષા બિલકુલ નથી. એ ૬૨ ગાથા. અસ્તિકાય સિદ્ધ કરવું છે. એનો પર્યાય એનામાંથી થયો છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને જ્યાં રાગ થાય ત્યાં નિમિત્ત હોય છે એવું જ્ઞાન કરાવવા એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા, પણ પ્રમાણનું જ્ઞાન રાગ રાગથી થયો છે એવું પ્રમાણમાં નિશ્ચયનું જ્ઞાન રાખીને નિમિત્તનું ભેળવ્યું છે. ઓલાને ઉડાવીને ભેળવ્યું છે એમ નહિ. હવે એ બેયને અહીં તો ઉડાવવા છે પાછા. આહા..હા..! આવું છે.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે એ તો. ચૈતન્યસૂર્યનો ઝબકારો હોય તો એ ચૈતન્યનો હોય, એમાં રાગનો અંધકારનો ઝબકાર હોય એમાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ તો વાક્ય વિસામાનું આવે છે. આહા..હા..! અરે..! પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ! એ 'હરિનો માર્ગ છે શુરાનો કાયરના નહિ કામ.' એમ પરમાત્માનો માર્ગ છે વીરોનો, તે કાયરના કામ નહિ અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એય..! ચેતનજી! શું એક પુદ્‌ગલથી થાય કીધું. ત્યારે નિમિત્તથી થાય એ ક્યાં ગયું તમારું? એ તો પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કરવાની વાત છે. અહીં તો પર્યાયની દૃષ્ટિ ઊઠાવી દેવાની છે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય પરથી દૃષ્ટિ ઊઠાવવાની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટિ ઊઠાવવાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? હિંમતભાઈ! આમાં તમારે વેપારીને તમારા લોઢામાં શું ...? આહા..હા..!

એક કાગળ આવ્યો છે. કાગળ આવ્યો છે મોક્ષમાર્ગનો. એને કાંઈક ભૂલ લાગે છે. જવાબ આપો, એમ કહ્યું. અહીંનું વાંચન કરે છે બિચારા કો'ક જુવાનિયાઓ. કેવું ગામ? ઝવેરા. દમોહ પાસે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં હિન્દીમાં કાંઈક એને ભૂલ દેખાય છે. મૂળ હિન્દી જોઈને આપણે ભાઈ ચંદુભાઈએ સુધાર્યું છે. એમાં એ બે ભાગ નથી. આમાં આવ્યું છે. પણ બહુ પ્રેમથી બિચારા... ઓહોહો..! અમને આ સ્વાધ્યાયનો વખત, તમે અમૃત વરસાવ્યા. અમે જુવાનિયાઓ સ્વાધ્યાયમાં ચડ્યા. વાંચે. બાપા! વાંચો તો ખરા, ભાઈ! બહુ-બહુ લખ્યું છે. પણ એને જરી ઓલો બે લીટીનો ફેર. રાગના કારણોમાં રાગ કરે છે એમ આવે છેને? રાગ-દ્વેષ થવાને ચોથા અધિકારમાં. એ જવાબ માગે છે બિચારા. ભલે ચર્ચા તો કરે. આહા..હા..!

ઓહો..! ધર્મીજીવો! એમ કહે છે. આહા..હા..! એ રંગ, ગંધ ને રાગ અને ગુણસ્થાનના ભેદો, ભેદ. આહા..હા..! એ બધા ભેદના કારણો **'એક પુદ્ગલની રચના જાણો;...'** અભેદ ચૈતન્યમૂર્તિ ભગવાન રચે તો શું રચે? એ તો શુદ્ધ આનંદની રચના કરે. અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન અતીન્દ્રિય આનંદની રચના કરે. આહા..હા..! એ દ્રવ્યસ્વભાવમાં હોય તેની રચના કરે. એ દ્રવ્યસ્વભાવમાં રાગાદિ નથી માટે રાગની, ભેદની રચના એ પુદ્ગલથી જાણો. આહા..હા..! એક બાજુ બેય તકરાર કરે. નિમિત્તવાદીઓ કહે છે કે નહિ, નિમિત્તથી થાય; ઉપાદાનવાદીઓ કહે છે કે ઉપાદાનથી થાય, નિમિત્તનું ત્યાં કાંઈ જોર નહિ. 'ઉપાદાન બળ જહાં તહાં, નહિ નિમિત્ત કો દાવ.' રમે છેને ઓલા? પાસા. નિમિત્તનો કાંઈ દાવ આવતો નથી. અહીં નિમિત્તનો દાવ આવ્યો આમાં. કઈ અપેક્ષાએ? પર્યાયમાં તો નિમિત્તનો દાવ નથી, પર્યાય તો રાગ પોતાથી થઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ વસ્તુના સ્વભાવની દૃષ્ટિ કરાવવા એ સ્વભાવ એની રચના આ વિકારની અને ભેદની ન કરે એથી પુદ્ગલ તે ભેદનું અને રાગનું કારણ છે એમ જાણો એમ કહે છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! અરે..! ભગવાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાન અને અવધિજ્ઞાન રહ્યા નહિ અને આહા..હા..! ઓલા લક્ષ્મી-લક્ષ્મી ઘટે, બાપ મરી જાય પછી છોકરા વઢે. મકાન-બકાન હોય પૈસા બધા. એમ આ ત્રણલોકના નાથના વિરહ પડ્યા અત્યારે, એમ કેવળજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન કે અવધિના વિરહ પડ્યા એટલે આ તકરાર ઊભી થઈ એકદમ. ઓલો કહે કે આમ થાય, ઓલો કહે કે આમ થાય, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

મનોહરલાલજી વર્ણી આવ્યા હતાને? જયપુર. બે પ્રશ્ન કર્યા મને. એક તો રાગ ને દ્વેષના પરિણામને પુદ્ગલના કેમ કહ્યા? પુદ્ગલના કેમ કહ્યા? કીધું, એ નીકળી જાય છે, એનો સ્વભાવ નથી એટલે. આહા..હા..! બીજો પ્રશ્ન. જે આ ઉદ્દેશિક આહાર થાય છે, એ લોકો

કરે છે. એનો જો ખુલાસો થઈ જાય તો બહુ (સારુ થાય). બાપુ! લોકો કરે છે પણ એ ક્ષુલ્લક અને સાધુ માટે કરે છે, માટે તે ઉદ્દેશિક છે. એને ભગવાનના વિરહે ઉદ્દેશિક નથી કહેવું, પ્રભુ! ન કહેવાય અત્યારે હોં! અરે..! ભગવાનના વિરહ પડ્યા અને ઉદ્દેશિકને આમ સંપ કરાવવો છે. ભાઈ! એમ ન થાય. એમ કે લોકો કરે છેને એ સાધુ ને શ્રાવક ક્યાં કહે છે. પણ બાપુ! કરે છે કોના માટે એ? પાણી બનાવે.

**શ્રોતા :-** સમય બદલતા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમય બદલતા વસ્તુ બદલે નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! સમજાણું કાંઈ? આ સાધુ માટે બનાવે છેને? નગ્ન સાધુ માટે સવારે આહાર, પાણી, રસ લાવે, ઢીંકણું લાવે, ઊના પાણી કરે. બધો ઉદ્દેશિક આહાર છે. બાપુ! આ માર્ગ નહિ, ભાઈ! વીતરાગના વિરહ પડ્યા અને આવી રીતે એમાં ઉદ્દેશિક નથી એમ સિદ્ધ કરવા જશો, બાપુ! નહિ રહે હોં! આહા..હા..!

એમ અહીંયાં કર્મના નિમિત્તથી થાય છે એમ સિદ્ધ કરવા પર્યાયને જશો તો દ્રવ્ય ઊડી જશે. પર્યાયની સિદ્ધિ છે. પર્યાયની સિદ્ધિ. પર્યાયમાં રાગની સિદ્ધિ છે. એ ઉપાદાનથી છે, નિમિત્ત પર છે. અહીંયાં તો પરકારકની અપેક્ષા જ નથી. એવું એનું પરિણમન અને એનું સિદ્ધ અનાદિઅનંત પર્યાય એની છે એમ સિદ્ધ કરવું છે. પંચાસ્તિકાય છેને? અને બેથી થાય એમ કહ્યું હોય તો એ નિમિત્ત જોડે એનું જ્ઞાન કરાવવા. એકથી થયું છે. એકથી થયું છે એને દૃષ્ટિમાં રાખીને નિમિત્તથી થયું એમ વ્યવહારથી કહેવામાં આવે, ઓલું રાખીને. અહીં તો બેયને ઉડાવ્યું. વસ્તુને બતાવવી છે હવે તો અહીં. આહા..હા..!

એક સમયનો પર્યાય, એમાં જે ભેદ અને રાગ થાય એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! આવી છે અપેક્ષાઓ, ભાઈ! આહા..હા..! '**एकस्य पुद्गलस्य हि**' પાછું જોયું! આહા..હા..! નિશ્ચય-નિશ્ચય. એ પુદ્ગલનું જ નિર્માણ છે. વસ્તુ ભગવાન આનંદનો નાથ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ અનાદિઅનંત એ કારણ કેમ હોય વિકાર અને ભેદનું? એટલે નિમિત્તને આધિન થયેલો ભેદ અને રાગ એ પુદ્ગલની રચના છે એમ કરી નાખ્યું, વસ્તુની રચના નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જાણો એમ કીધું. એમ અનુભવો એમ કહે છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પુદ્ગલની રચના છે એમ '**विदन्तु**' જાણો. એય..! વસ્તુ સ્વરૂપમાં નથી એ અપેક્ષાએ. આહા..હા..!

કોઈ એવી શક્તિ કે ગુણ નથી કે વિકાર કરે. શક્તિ ને ગુણ તો બધા અનંત નિર્મળ પવિત્ર છે. આહા..હા..! અને તેથી શક્તિના વર્ણનમાં તો એમ લીધું છે. ક્રમબદ્ધ પર્યાય નિર્મળ. ૪૭ શક્તિના વર્ણનમાં અશુદ્ધતા લીધી જ નથી. કેમકે શક્તિ જે છે શુદ્ધ એનું પરિણમન તો શુદ્ધ જ હોય, અશુદ્ધ હોય એનું અહીં જ્ઞાન થઈ જાય, જ્ઞાન થાય, બસ. આહા..હા..! આવું બધું ક્યારે પકડે? અરે..!

ભગવાન પરમાત્માની વાત સંતો જગતમાં જાહેર કરે છે આ આડતિયા થઈને. આ વીતરાગનો માલ છે એ આડતિયા થઈને વેચે છે. આહા..હા..! આડતિયા સમજો છો? ભગવાન આમ કહે છે, ભાઈ! આહા..હા..! ત્રણલોકના નાથ જિનવરદેવ ઈન્દ્રો અને ગણધરોની સભામાં પરમાત્મા એમ કહેતા હતા કે વસ્તુમાં રાગ અને ભેદ પડે તે એક પુદ્ગલનું કાર્ય છે. આહા..હા..! પ્રભુ! તારું કાર્ય નહિ એ. તારા કાર્યમાં તો નિર્મળ દશા થાય એ તારું કાર્ય છે. આહા..હા..! કારણ પરમાત્મા નિર્મળ કાર્ય થાય તેનું તે કારણ છે. આહા..હા..! એમ.

**'માટે આ ભાવો પુદ્ગલ જ હો,...'** વિશેષ. છે? આહા..હા..! ઓલામાં હશેને. આહા..હા..! **'पुद्गल एव'** **'પુદ્ગલ જ હો,...'** આહા..હા..! એ ચૈતન્ય નહિ. આકરું પડે માણસને બહુ, હોં! ભગવાનની કરતાં-કરતાં કલ્યાણ થશે એવા માનનારને આકરું બહુ લાગે. આ વ્રત ને અપવાસ કરતા કરતા કલ્યાણ થશે. એ વાત, ભાઈ! એ તો વિકલ્પ છે તને ખબર નથી. પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છેને. ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર છે એ તો. ચૈતન્યના પ્રકાશના તેજનું પૂર છે. એમાં રાગ એનું કારણ કેમ હોય આત્મા? આહા..હા..! એટલે દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં રાગના કારણ તરીકે પુદ્ગલ જ છે એમ તું જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આવી વાતું છે. બાકી ચોર કોટવાલને દંડે એવું છે. આહા..હા..! અષ્ટ સહસ્રીમાં આવ્યું છે.

**'આત્મા ન હો;...'** આહા..હા..! એ શુભ-અશુભભાવ ને ભેદ તે આત્મા ન હો. એ પુદ્ગલ હો અને આત્મા ન હોય. આ અનેકાંત. એય..! આહા..હા..! **'કારણ કે...'** **'स विज्ञानघनः'** હવે લ્યો આવ્યું. આત્મા તો વિજ્ઞાનઘન છે. એ તો જ્ઞાનનો પુંજ છે. જેમ રૂનું ધોકડું છે, આખું રૂનું ધોકડું ૨૫ મણનું, એમ ભગવાન આત્મા જ્ઞાનનું ઢોકળું એકલો જ્ઞાનનું પુંજ છે. અરે..! કેમ બેસે એને? સમજાણું કાંઈ? છે? **'स विज्ञानघनः'** એ ઘનમાં રાગ ને ભેદ ક્યાંથી આવે કહે છે. આહા..હા..! એ તો વિજ્ઞાનઘન છે. જ્ઞાન સમજણનો-સમજણનો પુંજ છે. જ્ઞાનનું ધોકડું છે. એ જ્ઞાનના સ્વભાવથી ખીચોખીચ ભરેલો પ્રભુ છે. આહા..હા..! **'તેથી આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે.'** તેથી આ વિજ્ઞાનઘનથી આ બધું અનેરું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**અષાઢ સુદ-૨, મંગળવાર, તા. ૨૯-૦૬-૧૯૭૬,**
**ગાથા-૬૭-૬૮, શ્લોક-૪૦,**
**પ્રવચન નં. ૧૧૦**

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૬૭ ગાથા. 'હવે, **આ જ્ઞાનઘન આત્મા સિવાય...**' આત્મા તો વિજ્ઞાનઘન (છે). આવ્યું છેને માથે? એ વિજ્ઞાનનો ઘન છે, જ્ઞાનનો પિંડ છે. એ જ્ઞાનઘન સિવાય અન્ય '**જે કાંઈ છે...**' વર્ણ, ગંધ, શરીર, વાણી મન, દયા, દાન, રાગાદિના ભાવ '**તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે...**' જૂઠું છે એ બધું, એમ કહે છે. આહા..હા..! ૬૭.

पज्जत्तापज्जत्ता जे समुहुमा बादरा य जे चेव।
देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।
**પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી,**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

આ જીવને બાદર કહ્યો બાદર, એ વ્યવહારથી જૂઠી દૃષ્ટિએ કહ્યો છે, એમ કહે છે. આહા..હા..! એને '**સૂક્ષ્મ,...**' કહ્યો. '**એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત—એ દેહની સંજ્ઞાઓને...**' એ તો દેહનું નામ છે, દેહની સંજ્ઞા છે. આહા..હા..! એ '**સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે,...**' એ વ્યવહારથી. અસદ્ભૂત વ્યવહારનયથી જૂઠી છે એમ કીધું છે. આહા..હા..!

'**તે, પરની પ્રસિદ્ધિને લીધે,...**' એટલે કે રાગાદિ આત્મા છે, પુણ્યાદિ આત્મા છે એવી પ્રસિદ્ધિ છે અનાદિની અજ્ઞાનીને એને લઈને એ સમજાવ્યું છે કે રાગ તે આત્મા, તે આત્મા જ્ઞાનમય, રાગ તે નહિ. આહા..હા..! પુણ્યના ભાવ રાગ તે આત્મા, એ આત્મા જ્ઞાનમય, રાગમય નહિ. આહા..! આમ સમજાવ્યું છે કહે છે. સમજાણું કાંઈ? '**ઘીના ઘડાની જેમ...**' ઘીનો દૃષ્ટાંત આપ્યો છેને. '**વ્યવહાર છે...**' આહા..હા..! '**કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે...**' આહા..હા..! એ વ્યવહાર પ્રયોજનને સિદ્ધ કરતું નથી, અપ્રયોજન છે કહે છે. આ રાગ તે આત્મા એમ કહેવું અપ્રયોજન છે. એમાં કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાનમાં વિજ્ઞાનઘન તન્મય નથી. તેથી તેને જીવના કહેવા એ અપ્રયોજન છે, એમાં કોઈ પ્રયોજન નથી. આહા..હા..! '**કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે...**' એનો અર્થ કે જૂઠો છે એ. આહા..હા..!

**શ્રોતા :-** આમાં તો નથી લખ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં નથી લખ્યું, આમાં લખ્યું છે. આમાં લખ્યું છે. એ અપ્રયોજનભૂતનો અર્થ જ ઈ છે. ઘીના ઘડાનો દાખલો આપ્યો છેને? કેટલામો છે? ૪૦. રાગી જીવ, દ્વેષી જીવ ઈત્યાદિ. ઉત્તર આમ છે કે કહેવામાં તો વ્યવહારથી એમ જ કહેવાય છે, નિશ્ચયથી એવું કહેવું જૂઠું છે. ઘી ઘડામાં એમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે. દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ, ઘણા પ્રકારે પણ તે સઘળું કહેવું તે વ્યવહારમાત્રથી છે, દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે.

**શ્રોતા :-** દ્રવ્યનું સ્વરૂપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, તે એની અપેક્ષાએ વાત થાયને. એ છે ભલે એમાં. આ જીવનું ક્યાં છે ઈ? એમાં હો. અજીવપણું છે એ તો, આત્માનું નથી. આહા..હા..! આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિનો વિકલ્પ ઊઠે છે. કહે છે કે એ રાગ તે આત્મા એમ જૂઠી દૃષ્ટિએ કહ્યું છે. આહા..હા..!

**શ્રોતા :-** એનાથી જીવ ભરમાઈ ગયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ઓળખાવ્યું. એ દ્વારા ઓળખાવ્યું ત્યાં ચોંટી ગયો કે આ છે. ઘીનો ઘડો કીધોને. .. જૂઠું છે. આહા..હા..! આ તો સખત છે. કળશટીકા છે. જૂઠું.. જૂઠું.. ઘણે ઠેકાણે લખે છે. એટલે? ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ જે ધ્રુવ જ્ઞાયકમૂર્તિ વિજ્ઞાનઘન તે ભૂતાર્થ ને સત્યાર્થ છે. આહા..હા..! એ દૃષ્ટિનો વિષય છે અને દૃષ્ટિમાં એ લેવાલાયક છે. એ સિવાય જેટલા આ રાગ ને પુણ્ય ને દયા ને ભક્તિ ને પૂજા ને એવો જે વિકલ્પવાળો જીવને કહેવો એમાં એ જીવ તન્મય નથી. આહા..હા..! વળી ત્યાં પ્રવચનસારમાં તો એમ કહ્યું છે. શુભ અને અશુભ. એ વળી શુદ્ધનયથી વળી રાગ. પણ અહીં તો તન્મય કહ્યું છે. શુભ, અશુભ ને શુદ્ધ પરિણમતા તન્મય છે. એ તો પર્યાયમાં એકરૂપ છે એટલું. દ્રવ્ય તન્મય છે એમ નહિ. પર્યાય એ રૂપે પરિણમી છે. એ વખતે એ તો વસ્તુની સ્થિતિ સિદ્ધ કરવી છે. આહા..હા..! પણ જ્યાં વસ્તુ પોતે એકલી સિદ્ધ કરવી છે ત્યાં એ તો વિજ્ઞાનઘન ભગવાન, શુભ અને અશુભપણે થયો જ નથી. એ શુભ-અશુભપણે કહેવું એ જૂઠી દૃષ્ટિ છે. આહા..હા..!

છઠ્ઠી ગાથામાં એમ નથી કહ્યું? કે આત્મા શુભાશુભપણે પરિણમ્યો નથી. એટલે? કે જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્મા.. તે શુભ-અશુભ અચેતન છે. જો જ્ઞાયક અચેતનપણે પરિણમે તો અચેતન થઈ જાય. આહા..હા..! એય..! આહા..હા..! જે ભાવ શુભ છે ભક્તિનો, અરે..! મહાવ્રતનો, કહે છે કે એ તો અચેતન છે. એમાં ચૈતન્ય વિજ્ઞાનઘન જ્ઞાનઘનનું કિરણ ક્યાં છે એમાં? આહા..હા..! એથી પર્યાયમાં ત્યાં તન્મય કહ્યું. એ અહીં દ્રવ્યમાં તન્મય નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આવી વાતું. અને ૧૮૯ ગાથામાં તો એમ જ કહ્યું, શુદ્ધનયથી આત્મા રાગનો કર્તા અને ભોક્તા છે. સ્વતઃ રાગ કરે છે અને રાગ ભોગવે છે.

શુદ્ધનયથી છે. શુદ્ધ એટલે સ્વ-આશ્રય પરિણતિથી કરે માટે એને શુદ્ધનય કીધી. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૮૯ ગાથા. પ્રવચનસાર, જ્ઞેય અધિકાર.

**શ્રોતા :-** સાચું ક્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય સાચું, ત્યાં પર્યાય સિદ્ધ કરવી છે, અહીં દ્રવ્ય સિદ્ધ કરવું છે.

દ્રવ્યદૃષ્ટિમાં વસ્તુ જે જ્ઞાયકસ્વરૂપ છે તેમાં એ રાગ છે જ નહિ. આહા..હા..! તેથી છઠ્ઠી ગાથામાં કહ્યું કે શુભ-અશુભપણે આત્મા થયો જ નથી. એટલે કૌંસમાં કહ્યું પંડિતજીએ કે જ્ઞાયક ફીટીને અચેતન થયો જ નથી. આહા..હા..! શુભ છે એ અચેતન છે. શુભરાગ છે, આહા..હા..! અચેતન છે. એમાં ચૈતન્યસ્વભાવ જે જ્ઞાયકભાવનો અંશ એમાં (શુભનો) અભાવ છે, જો એ જ્ઞાયકભાવ શુભપણે થાય તો અચેતન થઈ જાય. આહા..હા..! માટે શુભાશુભપણે નથી થયો એવો જ્ઞાયકભાવ તે શુદ્ધ છે, તે પ્રમત્ત અને અપ્રમત્ત નથી. એમ કહ્યું છેને ત્યાં? છઠ્ઠી ગાથા. કેમ નથી? શુભ-અશુભપણે પરિણમ્યો નથી, માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. કેમકે શુભાશુભપણે પરિણમે તો જ્ઞાયક તે અચેતન થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ગંભીર માર્ગ વીતરાગનો છે, ભાઈ! પરમેશ્વર સર્વજ્ઞનો માર્ગ ઘણો ગંભીર, ઘણો ઊંડો અને ઘણો ફળદાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારના રસીલાને તો આ એવી વાત લાગે કે આ તો બધો વ્યવહારનો લોપ થાય છે. એ જ કહે છે પણ વ્યવહાર રાગાદિ છે નહિ પછી પ્રશ્ન શું? આહા..હા..!

જ્યાં આત્માને સ્વીકાર કરવો છે એ તો જ્ઞાનઘન વિજ્ઞાનઘન જ્ઞાનનો પુંજ પ્રભુ એકલો આખો, અસંખ્ય પ્રદેશી જ્ઞાનનો પુંજ વસ્તુ. એ ચીજ તે શુભાશુભપણે કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? એને શુભ-અશુભભાવાળો કહેવો એ અસદ્ભુત વ્યવહારનયથી છે કહે છે. આહા..હા..! એમાં આવ્યું છેને કે રાગ છે એમ જેટલો જણાય છે એને અસદ્ભુત ઉપચાર વ્યવહારનય કહીએ અને એ વખતે નથી જણાતો તે રાગ એને અસદ્ભુત અનુપચાર વ્યવહાર કહે છે. છે બેય અસદ્ભુત. આહા..હા..! સમજાણું? એ તો ૧૧મી ગાથામાં આવ્યું. વ્યવહાર બધો અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે. છે? ૧૧મી ગાથા છે. આહા..હા..! શુદ્ધનય એક ભૂતાર્થ હોવાથી સત્ય પદાર્થ જે છે તેને એ પ્રસિદ્ધ કરે છે. આહા..હા..! એ વાતને અહીંયાં વિસ્તારથી સમજાવી છે. છે?

જેમ '**ઘીના ઘડાની જેમ** વ્યવહાર છે...' એમ ભગવાન આત્માને રાગના, દયાના ભાવવાળો કહેવો.. આહા..હા..! દયા તો પાળી શકતો નથી પરની પણ એને ભાવ થાય દયાનો એ દયાના ભાવવાળો કહેવો એ જૂઠું છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો જ્ઞાયક ચૈતન્ય વિજ્ઞાનઘન છે. છેને માથે આવી ગયું છેને? કળશમાં આવી ગયું છે.

'**જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર ઘીનો ઘડો જ પ્રસિદ્ધ હોય,...**' ઘીથી જુદો એણે ઘડો જોયો નહોતો. એને પ્રસિદ્ધ ઘીનો ઘડો તે જાણીતો છે. '**તે સિવાયના**

**બીજા ઘડાને તે જાણતો ન હોય, તેને સમજાવવા...'** આહા..હા..! **'જે આ ઘીનો ઘડો છે...'** ભાષા દેખો! **'આ ઘીનો ઘડો છે તે માટીમય છે,...'** લે. સમજાણું કાંઈ? **'આ ઘીનો ઘડો છે તે માટીમય છે.'**

**શ્રોતા :-** એ તો આવડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આવડે છે. એ તો અહીં આત્મામાં ઉતારવું છે.

અહીં તો બીજી વાત કહેવી છે કે ઘીનો ઘડો શબ્દ કહેવો છે અને કહેવો છે કે માટીમય છે. સમજાણું કાંઈ? કારણ કે ઘી વિના એણે ઘડો ખાલી જોયો નથી. એથી એને એમ કહેવું કે આ ઘીનો ઘડો તે માટીમય છે. **'એમ ઘડામાં ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે, કારણ કે પેલા પુરુષને ઘીનો ઘડો જ પ્રસિદ્ધ (જાણીતો) છે;...'** એ તો દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. **'તેવી રીતે આ અજ્ઞાની લોકને...'** આહા..હા..! ઓલાએ ઘીનો ઘડો ખાલી જોયો જ નહોતો અને ઘીના ઘડાથી જ એને પ્રસિદ્ધિ હતી. એમ **'અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે,...'** આહા..હા..! રાગવાળો, પુણ્યવાળો, ભેદવાળો એ અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે. ઓલાને ઘીનો ઘડો પ્રસિદ્ધ છે, આને અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે. હવે એમાં સિદ્ધાંત.

**'શુદ્ધ જીવને જાણતો નથી,...'** ઓલો ઘી વિનાનો ખાલી ઘડો જાણતો નહોતો, એમ આ રાગ વિનાનો ભગવાન આત્મા જાણતો નથી. **'તેને સમજાવવા...'** જુઓ પાછી વાત (**-શુદ્ધ જીવનું જ્ઞાન** કરાવવા) **જે આ વર્ણાદિમાન** (**વર્ણાદિવાળો**) **જીવ છે તે જ્ઞાનમય છે,...'** આહા..હા..! આ રાગ જીવ છે, આ રાગ છે, રાગવાળો જીવ છે તે જ્ઞાનમય છે. એમાં ને એમાં નિષેધ કર્યો કે રાગમય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગાદિમય જીવ છે તે જ્ઞાનમય છે. આહા..! રાગ વિનાનો પ્રસિદ્ધ નહોતોને માટે રાગથી એને સમજાવ્યું, પણ સમજાવ્યું એ કે રાગવાળો આ જીવ તે જ્ઞાનમય છે, રાગમય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ ઘીનો ઘડો છે તે માટીમય છે. એમ રાગવાળો જીવ છે તે જ્ઞાનમય છે. આહા..હા..! એને સમજાવ્યું છે. રાગથી જુદો જાણ્યો નથી અનાદિથી. રાગની અને પુણ્યની એને વ્યવહારના અશુદ્ધતાની પ્રસિદ્ધિ છે. એ પ્રસિદ્ધિને લઈને એને એ રીતે સમજાવ્યું કે જે આ રાગ તે જીવ એ જ્ઞાનમય છે, રાગમય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે.

રાગ **'જીવ છે તે જ્ઞાનમય છે,...'** આહા..હા..! રાગવાળો જીવ છે તે જ્ઞાનમય છે. રાગવાળો છે એ વ્યવહાર કહ્યો. એ વ્યવહાર કહ્યો. એ જ્ઞાનમય છે એને નિશ્ચય કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હવે એ રાગથી જીવને લાભ થાય એમ સિદ્ધ કરે છે. જ્યાં-ત્યાં સાધક કહ્યો હોયને રાગને? શુભભાવને સાધક કહ્યો. ભાઈ! એ સાધક તો આરોપિત કથન છે. આ વિરોધ થઈ જાય એ તો. રાગ સાધક છે. આ તો રાગ આત્મા છે જ નહિ.

પછી રાગ આત્માને મદદ કરે અનુભવમાં, એ વસ્તુ ક્યાંથી આવે? આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારનો રાગ સાધક છે એમ કહ્યું છે પંચાસ્તિકાય આદિમાં, એને તમે એમ માનો કે આ રાગ સાધક છે અને અરાગીસ્વરૂપ તે સાધ્ય છે, તો અહીં તો રાગ તે જીવ છે જ નહિ. જે જીવ નથી તે જીવને લાભ કરે? સમજાણું કાંઈ આમાં? આહા..હા..! એનો જે સ્વભાવ ચૈતન્યમય આનંદ પ્રભુ એની પરિણતિ નિર્મળ છે તેનાથી તે સાધ્ય થાય છે. આહા..હા..! એ એની પરિણતિ નિર્મળ તે સાધક છે. રાગને સાધકપણાનો તો આનો એને આરોપ આપીને કથન કર્યું છે. ભારે કઠણ પડે શાસ્ત્રોના અર્થ સમજવા.

એક કોર કહે શુભરાગ તન્મય છે આત્માની સાથે. અહીં કહે કે તન્મય આત્મા નથી. એ તો પર્યાયપણે તન્મય છે એમ કહ્યું, અહીં દ્રવ્યપણે નથી એમ કહેવું છે. ત્યાં વ્યવહાર સાધક કહ્યો હતો એ આરોપિત કથન હતું, અહીં રાગ છે તે જીવ નથી માટે રાગ સાધન થાય નહિ. અજીવ સાધન જીવનું થાય? એમ કહે છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું બહુ આકરી પડે લોકોને. આહા..હા..! આ ભગવાનની ભક્તિ કરે બધા. એ કહેતા બિચારા નહિ? હમણાં આવ્યા હતાને એક. દાદભાવાળા કાસમભાઈનો દીકરો આવ્યો હતો. ખોજા-ખોજા. હીરાભાઈ આવતા તે દી. ઘણા વર્ષ પહેલાં. ભક્તિ કરે બસ. આપણે તો શ્રીમદ્‌ને ગુરુ પકડ્યા, બસ. પછી આપણે આ શ્વેતાંબરનું મંદિર છે કે દિગંબરનું એ કાંઈ જોવાનું નહિ. અમે તો બધે (જઈએ). આહા..હા..! એમ કહેતા. હીરાભાઈ. હીરાભાઈ હતા, નહિ? ઘણા વર્ષ પહેલાં આવતા બાવળાના ખોજા. એનો નાનો હતો કાસમભાઈ. એની વહુ સાથે કાંઈ નહોતું તો અહીં રહેતા હતા પહેલાં. હીરાભાઈનું ... વેચતા વનસ્પતિનું. શાક ને એ વેચતા. એનો દીકરો હમણાં આવ્યો હતો. બાવળાથી. એ એમ કહેતા કે અમારે તો પકડ્યા છે ગુરુને. એ તારશે અમારે કાંઈ કરવાનું નથી હવે. અમારે તો આ મંદિર શ્વેતાંબરનું છે કે દિગંબરનું એ પણ જોવાનું નથી. અમે તો બધે જઈએ. આહા..હા..!

એ તો કહ્યું નહોતું? કાલે કહ્યું હતું. ચૌદમી ગાથા રાતે. ચારિત્ર પાહુડની. વેદાંત, અન્યમત, ઈશ્વરકર્તા માનનારા અને શ્વેતાંબર એ બધામાં ઉત્સાહ થવો એ મિથ્યાત્વના લક્ષણ છે. ૧૪મી ગાથા. ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા અને શ્રદ્ધા. પાંચ બોલ કહ્યા હતા. આહા..હા..! આકરી વાતું, બાપુ! વીતરાગનો માર્ગ સાચો સાંભળવો મુશ્કેલ છે. આહા..હા..! એ કાલે બિચારા આવ્યા હતા દિગંબર. વ્યાખ્યાનમાં નહિ સવારમાં? ઈંદોરવાળા. એ જુવાન હતો માણસ, એ હશે દિગંબર અને એના બાપા અહીં માનનારા હશે. અહીં આવતા હશે. આપણે ન ઓળખીએ. એ અને એની સાથે મુખ્ય માણસો શ્વેતાંબર હતા. મુખ્ય માણસ. બધા ફરવા નીકળેલા. ફરવા. પણ હતા નરમ બિચારા હોં. એવું બોલતો હતો. જુવાન માણસ, ઈન્દોર. સાંભળીને... ત્યાં તો મુખ્ય માણસ હતો એ પણ નરમ માણસ બિચારો. સાંભળતો હતો. આ કહે કે આ દિગંબરો ને શ્વેતાંબરો ને સ્થાનકવાસી ને તેરાપંથીને બધાને અહીં આવવું

પડશે સાચું સમજવું હોય તો. એય..!

આ રાગવાળો જીવ છે તે જ્ઞાનમય છે, રાગમય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકના નાથ જેને ત્રણકાળનું જ્ઞાન અને જેને ઈન્દ્રો જેના તળિયા ચાટે. આહા..હા..! એનો માર્ગ કેવો, બાપા! સમજાણું કાંઈ? એ શૈલી તો જુઓ આ.

**'અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે,...'** અજ્ઞાનીઓને એથી અશુદ્ધ તે રાગવાળો અશુદ્ધવાળો જીવ તે જ્ઞાનમય છે. આહા..હા..! ઓલું ઉડાવી દીધું પાછું. અશુદ્ધવાળો જીવ તે જ્ઞાનમય છે, એ અશુદ્ધપણે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને શ્રદ્ધામાં જ હજી ઠેકાણા નથી, એના આચરણ શા? એ વ્યવહાર કરે, પાળે એ આચરણ બધો સંસાર છે. આહા..હા..! રાગ તે સંસારમાં પ્રવેશ કરાવનાર છે. હવે એ રાગથી ભિન્ન એણે જાણ્યો નથી એથી એને એટલું જણાવ્યું કે આ રાગવાળો જીવ તે જ્ઞાનમય છે, રાગમય નથી. આહા..હા..! રાગવાળો જીવ તે જ્ઞાનમય છે, રાગમય નથી. આહા..હા..! વ્યવહારવાળો જીવ તે નિશ્ચયનય છે, વ્યવહારનય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ જે વિજ્ઞાનઘન અનાદિઅનંત ધ્રુવ પ્રવાહ જે પંથ આમ ચાલ્યો જાય છે એમ ભગવાન ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિઅનંત વસ્તુ, એમાં એક સમય પૂરતો રાગને સંબંધ એ રાગ વિનાનો જીવને જોયો નથી, પ્રસિદ્ધ નથી એથી એ વખતે એને સમજાવવામાં આ વ્યવહાર આવ્યો કે આ રાગવાળો જીવ, વસ્તુમાં છે નહિ. એક સમયનો રાગ સંસારનો સંબંધ જ એક સમયનો છે. એટલો સંબંધ દેખીને, સંબંધ વિનાનો જેણે જોયો નથી એને સંબંધવાળો જીવ તે જ્ઞાનમય છે તેમ બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે રાગમય નથી. છે? બેય કહ્યુંને.

**'વર્ણાદિમાન...'** એટલે અહીં વર્ણથી લીધું છે રંગથી. રંગ અને રાગવાળો **'જીવ છે તે જ્ઞાનમય છે, વર્ણાદિમય નથી...'** આહા..હા..! કેટલી સિદ્ધ કરી છે વાત! કેવી શૈલીએ! વ્યવહાર સમજાવવા માટે આવે છે, પણ એ વ્યવહાર જૂઠો છે. વ્યવહારવાળો કહેવો એ જૂઠો છે એમ કહે છે, પણ સમજાવવામાં બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે માણસને શી રીતે પકડવો? આહા...!

**'એમ (સૂત્ર વિષે) જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે, કારણ કે તે અજ્ઞાની લોકને વર્ણાદિમાન જીવ જ પ્રસિદ્ધ છે.'** પર્યાય બુદ્ધિવાળાને રાગવાળો પ્રસિદ્ધ છે. આહા..હા..! અંદર વસ્તુ આખી છે. એક સમયની પર્યાયની પાછળ વસ્તુ દળ છે આખું. એક સમયની પર્યાયની રમતમાં એણે રાગ ભાળ્યો છે. પર્યાયબુદ્ધિ છેને? એટલે આમ ઢળ્યો છે. એથી એને સમજાવવા એમ કહે છે કે આ રાગાવાળો જીવ પર્યાયમાં હોય એ જ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાછળ આખો આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! જ્ઞાનનું ધોકડું કહેવું એમાં પણ ફેર છે. કારણ કે ધોકડામાં તો આ શું કહેવાય?

એમાં પોલ હોય પણ અમાં મોટું ધોકડું શું? ધોકડું. એમાં પોલ હોય છે ઘણી. આ તો ઘન છે, વિજ્ઞાનઘન છે. આહા..હા..! એ ગાંસડીમાં પણ પોલ હોય છે. ..ની ગાંસડી હોય ને એમાં અંદર ચૂંક ગરે. એવું ગરે. આહા..હા..! એમાં અસંખ્ય પ્રદેશી આકાશની પોલ હોય ભેગી. આહા..હા..! એ આવે છે હોં બીજે ઠેકાણે. આહા..હા..!

અહીં તો પરમાત્મા પોતે પરમસ્વરૂપ ભગવાન અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એના શક્તિ અને સ્વભાવનો પિંડ છે, ઘન છે, જેમાં વર્તમાન પર્યાય પ્રવેશ કરવાનો પણ અવકાશ નથી. આહા..હા..! નિર્મળ પર્યાય પ્રવેશ કરવાનો અવકાશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્મળ પર્યાય પણ વિજ્ઞાનઘનમાં ઉપર તરે છે. આહા..હા..! એને એમ કહે છે, પ્રભુ! એકવાર સાંભળ, તને જાણીતી ચીજ નથી માટે જાણીતી ચીજથી તને કહ્યું છે કે આ રાગવાળો જીવ. એટલું કહીને આ રાગવાળો જીવ રાગમય છે એમ નથી કીધું. આ રાગવાળો એમ તને જે ખ્યાલમાં છે તે જ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ. આમાં શું કરવું કાંઈ સૂઝ પડતી નથી, એક જણો કહે. આહા..હા..! આ સત્ય સમજણ કરવી, સત્ શ્રદ્ધા કરવી. આહા..હા..! વસ્તુ ત્રિકાળી શુદ્ધ જ્ઞાનઘન છે એ તરફ વળવું, ઢળવું. એ કરવાનું નથી? આહા..હા..! ઓહોહો..! શૈલી તે શૈલી!

જેમ કહ્યુંને આઠમામાં? કે વ્યવહારથી સમજાવાય છે. ગમે તેવો હુશિયાર હોય માણસ તોપણ આત્માને સમજાવવો હોય, અહીં તો રાગવાળો કહીને જ્ઞાનમય કીધું, ત્યાં તો જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા એટલો વ્યવહાર કહ્યો. આહા..હા..! આઠમી ગાથા. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. આહા..હા..! પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રને નિર્મળને પ્રાપ્ત કરે તે આત્મા, એટલો પણ વ્યવહાર કહ્યો; અને એ વ્યવહાર કહેનારને અનુસરવાલાયક નથી અને સાંભળનારને એ વ્યવહાર અનુસરવા લાયક નથી. આહા..હા..! આઠમી ગાથામાં કહ્યું. સમજાણું કાંઈ? આ તો જેને આત્માનું કામ કરવું હોય એની વાતું છે, બાપુ! આહા..હા..! 'કારણ કે તે **અજ્ઞાની લોકને વર્ણાદિમાન જીવ જ પ્રસિદ્ધ છે.**'

'**હવે આ જ અર્થનું** કળશરૂપ કાવ્ય કહે છે :-'

धृतकुम्भाभिधानेऽपि कुम्भो धृतमयो न चेत्।
जीवो वर्णादिमज्जीवजल्पनेऽपि न तन्मयः।।४०।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જો ઘીનો ઘડો એમ કહેતાં પણ ઘડો છે તે ઘીમય નથી (-માટીમય જ છે),...**' ઘી તો એક સંયોગી ચીજ છે. એના સ્વભાવની ચીજ નથી. આહા..હા..! સંયોગે માટીનો ઘડો છે, ઘીની સાથે, ઘીની સાથે; એમ ભગવાન આત્મા વિજ્ઞાનઘન રાગના સંયોગસંબંધમાં એક સમય પૂરતો છે, એ ત્રિકાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઘીનો ઘડો એમ કહેતાં પણ ઘડો છે તે ઘીમય નથી (માટીમય જ છે), તો તેવી રીતે વર્ણાદિવાળો જીવ...**' 'જલ્પનેऽपि' એમ રંગ અને રાગવાળો

જીવ કહેતા છતાં **'जीव न तन्मयः'** એ રાગ ને રંગ સાથે તન્મય નથી. આહા..હા..! ઘડો અને ઘી બે એક નથી, તદ્દન ભિન્ન છે, એમ રાગ અને ભગવાન તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? બધા બોલ લીધા હતાને ૨૯. રંગ ને ગંધ ને. ૨૯. છે? **'जीव न तन्मयः'** હવે ત્યાં કીધું કે તન્મય છે શુભભાવ સાથે, પ્રવચનસાર. એ તો પર્યાયમાં તન્મય છે. રાગ પર્યાયમાં થયેલો છે, પર્યાયમાં છે. બીજે થયો છે અને પર્યાયમાં નહિ એમ નહિ. એનું પરિણમન સિદ્ધ કરવું છે ત્યાં. શુભ વખતે શુભ પરિણમે, અશુભ વખતે અશુભ અને શુદ્ધ વખતે શુદ્ધ એમ સિદ્ધ કરવું છે. અહીં કહે છે કે વસ્તુ સ્વભાવમાં એ રાગ તન્મય નથી. આહા..હા..! પર્યાયમાં હો તો એનાથી આ દ્રવ્ય સ્વભાવની સાથે તન્મય નથી. આહા..હા..!

**'जीव न तन्मयः' 'જીવ છે તે વર્ણાદિમય નથી (-જ્ઞાનઘન જ છે).'** ઘડો જેમ માટીમય જ છે, માટીવાળો પણ નહિ. સમજાણું? માટીમય છે. એમ ભગવાન આત્મા જ્ઞાનમય છે, જ્ઞાનઘન છે, જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી તન્મય છે, એકમેક છે, રાગથી તન્મય નથી. આહા..હા..! એમ જીવસ્થાનના ભેદથી તન્મય નથી. એમ માર્ગણાસ્થાનના ભેદથી તન્મય નથી. આહા..હા..! અરે..! સંયમલબ્ધિના સ્થાનથી તન્મય નથી. ગજબ છેને! અને છેવટે ગુણસ્થાનનું હવે છેટે લેશે. ૬૮માં. આમાં નાખીને. આહા..હા..!

ભગવાન આત્મા વિજ્ઞાનઘનમય છે તે સંયમલબ્ધિના પર્યાય છે એની સાથે તન્મય વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ સાથે તન્મય નથી, રંગ સાથે તન્મય નથી, સંયમ લબ્ધિના સ્થાન જે વિકાસરૂપે, ભેદરૂપે ખીલ્યા છે તેનાથી ભગવાન તન્મય નથી. આહા..હા..! ભેદના અંશથી અભેદ ચીજ તે તન્મય નથી. આવી વાત છે. જેમ ઘીનો ઘડો માટીમય અને ઘી કાંઈ તન્મય નથી, ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશુદ્ધિસ્થાનમાં આવ્યા છેને? કષાયની મંદતાના વિશુદ્ધિસ્થાનો અસંખ્ય પ્રકારના છે. રાગ પ્રશસ્ત શુભરાગના સ્થાન અસંખ્ય પ્રકારના છે, પણ તેની સાથે પ્રભુ તન્મય નથી. એને ઓળખાવ્યો. એણે શુભરાગ વિનાનો કોઈ દી જાણ્યો નથી આત્માને અને શુભરાગવાળો પ્રસિદ્ધ છે એને એ દ્વારા કહીને કે શુભરાગવાળો જીવ તે જીવ જ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી ઘીનો ઘડો કહેવામાં આવે છે છતાં નિશ્ચયથી ઘડો ઘી-સ્વરૂપ નથી;...'** વ્યવહારથી કહેવામાં આવે છે એ તો કથનમાત્ર છે. આહા..હા..! એ કાંઈ ઘીમય ઘડો નથી થતો. ઘડો તો માટીમય જ રહે છે. આહા..હા..! **'ઘી ઘી-સ્વરૂપ છે, ઘડો માટી-સ્વરૂપ છે;...'** જોયું! **'ઘી ઘી-સ્વરૂપ છે, ઘડો માટી-સ્વરૂપ છે; તેવી રીતે વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો ઇત્યાદિ સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ,...'** આહા..હા..! **'મનુષ્ય જીવ ઇત્યાદિ કહેવામાં આવ્યો છે, છતાં નિશ્ચયથી જીવ તે સ્વરૂપ નથી;...'** દેવસ્વરૂપે, મનુષ્યસ્વરૂપે જીવ નથી. આહા..હા..! ઉદયભાવ છેને

દેવ એ હોં! શરીર નહિ. આહા..હા..! દેવ જે છે એ ઉદયભાવની જે ગતિ છે તે જીવ છે એમ કહેવું એ તો પ્રસિદ્ધિને કારણે, પણ એ દેવ તે જીવ એ જ્ઞાનમય છે, દેવમય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચાર ગતિના જીવની પર્યાય હોં! ગતિની પર્યાય ઉદયભાવની, શરીર નહિ. શરીર મનુષ્યનું, દેવનું એની સાથે અહીં સંબંધ નથી. એ તો જડ છે એની સાથે કાંઈ વાત નથી. અંદર ગતિની જે યોગ્યતા મનુષ્ય અને દેવની છે એને કહ્યું કે આ દેવ જીવ, મનુષ્ય જીવ, નિગોદનો જીવ, એકેન્દ્રિયનો જીવ, બે ઇન્દ્રિયનો જીવ, ત્રણ ઇન્દ્રિયનો, પર્યાપ્ત જીવ, અપર્યાપ્ત જીવ. આહા..હા..! '**છતાં નિશ્ચયથી જીવ તે સ્વરૂપે નથી;...**' આહા..હા..! એ સંયમલબ્ધિના સ્થાન ભેદરૂપે (છે), જ્ઞાયક વિજ્ઞાનઘન તે સ્વરૂપે નથી. આહા..હા..! એવા લબ્ધિના સ્થાનરૂપે તન્મય હોય તો કોઈ દી જુદો પડે નહિ. સિદ્ધપણું થતાં એ પર્યાયના ભેદ રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માણસો એમ કહે, મોટી મોટી વાતું. બાપા! મોટો તું છો, ભાઈ! તારા મોટપની શું કહેવી વાત! તારા કેવળજ્ઞાનની શું કહેવી અને તારા કેવળજ્ઞાન સિવાય ગુણની-દ્રવ્યની શું કહેવી! આહા..હા..! એવો જે ભગવાન જ્ઞાનમય, આનંદમય, અકષાયમય, વીતરાગમય, સ્વચ્છતામય, પ્રભુતામય એને આ વર્ણાદિના ભેદવાળો કહેવો એ વ્યવહારથી છે, જૂઠી દૃષ્ટિએ છે. આહા..હા..! સત્યાર્થ ભગવાન ત્રિકાળ જે છે ભૂતાર્થ એ તો એનાથી ભિન્ન, એનામાં રાગમય થયો જ નથી. એ ભેદની પર્યાયપણે એક સમયમાં દેખાય છે તે દ્રવ્ય થયું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો ઇત્યાદિ પુદ્‌ગલસ્વરૂપ છે,...**' આહા..હા..! એ રાગાદિ ભાવ દયા, દાનનો વિકલ્પ છે એ પુદ્‌ગલસ્વરૂપ છે. કેમકે એ રાગવાળો જીવ કહીને એને જ્ઞાનમય જણાવ્યો છે, એ રાગ સાથે તન્મય નથી. આહા..હા..! એથી એને પુદ્‌ગલ કહીને કહ્યું છે. એ દયા, દાન, ભક્તિનો ભાવ એ પુદ્‌ગલ છે. ગજબ વાત છે. કેમકે એ રાગમાં ચેતનપણું નથી. અને પુદ્‌ગલના સંગે થયેલો ભાવ તેની જાતનો છે એમ ગણીને એને પુદ્‌ગલ કહ્યો છે. આહા..હા..!

એક કોર રાગને શુદ્ધ નિશ્ચયનયથી જીવનો છે એમ કહ્યું, જ્ઞેય અધિકાર, પ્રવચનસાર. શુદ્ધનયથી રાગ એનો છે, શુદ્ધનયથી મિથ્યાત્વ એનું છે. આહા..હા..! કેમકે સ્વ-આશ્રિત નિશ્ચય ગણીને પર્યાયમાં સ્વ-આશ્રિત મિથ્યાત્વ થયું છે પોતાના ઊંધા પુરુષાર્થથી. આવી વાત છે. સમજાણું કાંઈ? ત્યાં એમ કહ્યું કે એની પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરવા; અને અહીં દ્રવ્યમાં એ રાગ નથી એમ સિદ્ધ કરવા વસ્તુના સ્વભાવમાં રાગ ને ભેદ કેવો? આહા..હા..! સમજાણું કાંઈ? એવી રીતે છે. અહીં એને રૂપી કહ્યું. ભેદને રૂપી પુદ્‌ગલના પરિણામ કહ્યા. અહીં પુદ્‌ગલ કહ્યું લ્યો. જોયું! પુદ્‌ગલસ્વરૂપ છે. આહા..હા..! ભગવાન વિજ્ઞાનઘનનો પિંડ પ્રભુ એનાથી જાત એની જુદી છે. જીવ-અજીવ અધિકાર છેને. એને અજીવમાં નાખ્યું છે. રાગને અજીવમાં નાખ્યો. એ પુદ્‌ગલમાં નાખ્યો એટલે અજીવમાં નાખ્યો. જીવ-અજીવ અધિકાર છેને.

આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. હવે આમાં વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. શાસ્ત્રમાં એવા લખાણ ઘણાં આવે, ઘણા પ્રકારના.

અહીં તો શરૂ એ કર્યું છે કે પુદ્‌ગલ કરણ છે અને રાગાદિ તેનું કર્મ છે, એમ સિદ્ધ કર્યું હતુંને. કર્મ-કરણ લીધુંને? આહા..હા..! જડકર્મ પુદ્‌ગલ તે કારણ છે, સાધન છે, કરણ છે અને પુણ્ય દયા, દાનનો ભાવ એ બધું એનું કર્મ-એનું કાર્ય છે. આહા..હા..! ઓલા કહે કે જુઓ! નિમિત્તને લઈને થયુંને. અરે..! પ્રભુ! કઈ અપેક્ષા છે, ભાઈ? થયું છે તો પોતાની પર્યાયના ઊંધા પુરુષાર્થથી, પણ તે સ્વભાવમાં નથી તેથી નિમિત્તને લક્ષે થયેલું એને નિમિત્તમાં નાખ્યું. કેમકે નિમિત્ત એ વ્યવહાર છે અને આ અશુદ્ધતા એ વ્યવહાર છે, બેને એક ગણીને એનું કરણ અને કાર્ય કીધું છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! આહા..હા..! '**જીવ જ્ઞાનસ્વરૂપ છે.**' આહા..હા..!

હવે છેલ્લો બોલ લીધો ૬૮માં. '**હવે કહે છે કે (જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ) એ પણ સિદ્ધ થયું કે રાગાદિ ભાવો પણ જીવ નથી :**' આહા..હા..! ૬૮.

**मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।**
**ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।।६८।।**
**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.**

એ ચૌદે ગુણસ્થાન અચેતન. આત્માની જાત ક્યાં છે! ચેતનસ્વરૂપ ક્યાં છે! એની જાત હોય તો સિદ્ધમાં રહેવી જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તેરમું ગુણસ્થાન, ચૌદમું ગુણસ્થાન અચેતન. ધર્મચંદજી! આવી વાતું છે. આહા..હા..! અમારે તલકચંદભાઈ હતા. એની વહુ પણ ગુજરી ગયા બિચારા નહિ હમણાં? એ કહેતા બિચારા હોં! તેરમું ગુણસ્થાન તારું નહિ. ગાતા બિચારા. લાઠીથી આવતા નહિ જાડા? શેઠ. એની વહુ ગુજરી ગયા હમણાં. ત્યાં કાઢ્યા હતા રૂપિયા કાંઈક ચાર હજાર કાંઈક. આહા..હા..! એકાકાર વિજ્ઞાનઘન પ્રભુ એમાં ચૌદ ગુણસ્થાનને અચેતન કહ્યાં છે. પુદ્‌ગલના ભાવ કહ્યા ને પુદ્‌ગલ. પુદ્‌ગલના પરિણામ કહો, પછી અભેદથી તે પુદ્‌ગલ છે. એક કોર ભગવાન જીવદ્રવ્ય છે અને એક કોર એ પુદ્‌ગલ છે. આહા..હા..!

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.**

'**ટીકા :- આ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને,...**' આહા..હા..! જોયું! '**મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને,...**' એટલે આમાંથી એ કાઢે લોકો કે મોહકર્મનો ઉદય આવે એટલે અહીં વિકાર કરવો

પડે, એમ નથી અહીંયાં. ઉદય છે એ કારણ છે અને તેના તરફ વળેલી પોતાની દશા છે એ વિકારી છે. એ બેને એક નાખ્યા અહીં અત્યારે. એટલે ઘણે ઠેકાણે આ રતનચંદજી નાખે છેને બહુ. જ્યાં કર્મની વાત આવે ત્યાં. કર્મનો ઉદય આવે એટલે એ નિમિત્ત થઈને જ આવે છે, એને વિકારી કરવું જ પડે. અરે.. પ્રભુ! એમ હોય નહિ, ભાઈ!

**શ્રોતા** :- ડિગ્રી ટુ ડિગ્રી વિકાર કરવો પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ડિગ્રી ટુ ડિગ્રી કરવો પડે. એ સાચી વાત, (એ લોકો એમ કહે) છે. એમ નથી. અહીં તો વાત બીજી કહેવી છે. એ ઉદય છે એ તો જડની પર્યાય છે, એને આ ભાવ અડતો પણ નથી-વિકારભાવ જે થયો એ. એકબીજામાં અન્યોઅન્ય અભાવ છે, પણ તે વિકારીભાવ નિમિત્તને લક્ષે થયેલો છે તેથી તેનું પુદ્ગલનું કાર્ય ગણીને કાઢી નાખવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કીધુંને ૧૮૯માં પ્રવચનસાર. શુદ્ધનયથી આત્મા વિકારનો કર્તા સ્વતઃ છે, પરને લઈને નહિ, ઉદયને લઈને નહિ. ૬૨ ગાથામાં કીધું પંચાસ્તિકાય. આત્મા વિકારની પર્યાયનું ષટ્કારકરૂપી પર્યાયનું પરિણમન સ્વતઃ છે, નિરપેક્ષ છે, કર્મના કારકની અપેક્ષા નથી. ઉદયની અપેક્ષાથી અહીં વિકાર થાય છે એવી અપેક્ષા નથી. આહા..હા..! અહીંયાં બીજી અપેક્ષા છે. એ વાત તો ત્યાં સિદ્ધ કરીને હવે દ્રવ્યસ્વભાવમાં એ વિકાર નથી એટલે પર્યાયનો વિકાર ને કર્મ બે એક ગણીને એ કર્મપ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોય તે. જોયું! '**સદાય અચેતન હોવાથી,...**' એ પ્રકૃતિ જડ છે, અચેતન છે, કર્મ છે અચેતન. આહા..હા..! ભારે આકરું કામ!

કર્મનો ઉદય આવે તો ડીગ્રી ટુ ડીગ્રી કરવું પડે, એ વાત જ તદ્દન બે દ્રવ્યની એકતાની છે મિથ્યાત્વની. જયસેનાચાર્યની ટીકામાં તો છે કે કર્મનો ઉદય હોવા છતાં જીવ પોતે શુદ્ધપણે પરિણમે તો ઉદય થઈ જાય છે. જયસેનાચાર્યમાં, ૪૫ ગાથામાં છેને. કર્મનો ઉદય છે એ આવે માટે અહીં પરિણમવું જ પડે (એમ) બિલકુલ નહિ. એની વર્તમાન પુરુષાર્થની જેટલી યોગ્યતા તે-પણે પરિણમે. સમજાણું કાંઈ? આહા..હા..! ઉદય હોય છતાં ઉદયપણે ન પરિણમે, એવો પાઠ છે. એ પોતાની પરિણતિની સ્વતંત્રતા છે. અહીં બીજી અપેક્ષા છે. એ પોતાની પરિણતિમાં વિકારનું અશુદ્ધપણું થવું એ અશુદ્ધ એવું જે કર્મ એના આધિન થઈને એને વશ થઈને થાય છે તેથી તેના કારણે થયું એમ કહેવામાં આવે છે. આટલી વાતું હવે આમાં. સમજાણું કાંઈ? છે?

'**મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનો...**' ચૌદે હોં! '**પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના...**' ઓલામાં નામકર્મની પ્રકૃતિ લીધી હતી. પર્યાપ્તિ, અપર્યાપ્તિ, બાદર, સૂક્ષ્મ—નામ અને મોહ બે છે અહીં તો. અહીંયાં મોહ જોગ ભવા છે. મોહ અને યોગના નિમિત્તથી આ બધા ભેદ પડે છે. મોહ જોગ જયસેનાચાર્યની ટીકામાં છે. મોહ જોગ ભવા. હા, ગોમ્મટસારનું છે. એ દાખલો આપ્યો છે ત્યાં. ગોમ્મટસારનું છે. આહા..હા..!

અહીં કહે છે, એ '**પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને સદાય અચેતન હોવાથી,...**' એનો દાખલો આપશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## અષાઢ સુદ-૩, બુધવાર, તા. ૩૦-૦૬-૧૯૭૬, ગાથા-૬૮, પ્રવચન નં. ૧૧૧

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૬૮ ગાથા.

'**ટીકા :- આ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો...**' પહેલે જ ગુણસ્થાનથી માંડીને ચૌદ ગુણસ્થાન સુધી લેવું છે. એ બધા '**પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક...**' ઉદય લીધો છે. પાઠમાં વિપાક છે. વિપાકપૂર્વક છે. મોહકર્મ જડ છે એના ઉદય નામ વિપાકકાળે, વિપાક પૂર્વક-વિપાકપૂર્વક એ ચૌદ ગુણસ્થાન થાય છે. આહા..! એમ વિશુદ્ધિના સ્થાન, રાગની મંદતાના સ્થાન અસંખ્ય પ્રકાર શુભભાવ. વિશુદ્ધિ કીધી છેને? એ પણ મોહકર્મની પ્રકૃતિના વિપાકપૂર્વક, આહા..હા..! થતાં હોવાથી તે પુદ્ગલ છે. સમજાણું કાંઈ? શુભભાવ. આ વાત. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ વિશુદ્ધભાવ-શુભભાવ એ પુદ્ગલ કર્મના વિપાકથી થયેલો, વિપાકપૂર્વક થયેલો ભાવ છે. આહા..હા..!

એક કોર રાગને આત્માની પર્યાય કહે. આત્મામાં રાગનું પરિણમન તન્મય છે પર્યાયમાં. પર્યાય અપેક્ષાએ છેને. એ વાત તો પર્યાયમાં રાગ છે એ બરાબર છે, પણ અહીંયાં તો વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરાવવી છે. અને વસ્તુના સ્વભાવમાં એ ભાવ છે નહિ. અને આત્માની જેટલી શક્તિઓ ગુણ છે એ કોઈ શક્તિ-ગુણ વિકારને કરે એવો એનો કોઈ ગુણ નથી. આહા..હા..! એથી વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ બધા પુદ્ગલ કર્મના પાકનું કાર્ય છે. આહા..હા..! આવી વાત છે. વ્યવહારમોક્ષમાર્ગ એ શુભરાગ છે, એ પણ પુદ્ગલ વિપાકપૂર્વક થવાથી એ પણ પુદ્ગલ છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ? છેને?

'**મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી,...** ' આહા..હા..! '**કારણના જેવાં જ કાર્યો હોય છે...**' પુદ્ગલ કારણ છે મોહકર્મ, એના કાર્ય પણ રાગાદિ ગુણસ્થાનાદિ .. છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ કરીને (સમજીને, નિશ્ચય કરીને),...**' કારણના જેવા જ કાર્ય હોય છે. આહા..હા..! આમ ઉપાદાન સદૃશ

કારણના કાર્ય હોય છે. શાસ્ત્રમાં એ (આવે). એ અત્યારે નથી લેવું. નહિતર ઉપાદાન સદૃશ્ય કાર્ય હોય. એ તો એની પર્યાય સિદ્ધ કરવી હોય ત્યારે. અહીંયાં તો કર્મના પાકમાં કારણપૂર્વક થયા હોવાથી તે પરિણામ શુભને અને ગુણસ્થાનને પુદ્‌ગલના કહ્યાં છે. આહા..હા..! **'કારણના જેવાં જ કાર્યો હોય છે...'** અહીં ભાષા જોઈ! પુદ્‌ગલ કારણ છે તેવાં જ કાર્ય શુભરાગ અને ગુણસ્થાન તે પુદ્‌ગલ છે. આહા..હા..! હવે એને અહીંયા પુદ્‌ગલના કારણથી કાર્ય માટે પુદ્‌ગલ છે એમ કહ્યું. એમ લેશે દાખલો આપીને.

**'જવપૂર્વક જ જે જવ થાય છે...'** જવ-જવ. જવપૂર્વક જવ થાય છે. **'તે જવ જ હોય છે...'** જવના કારણથી જે જવ થાય એ જવ જ હોય. **'એ ન્યાયે,...'** પુદ્‌ગલના પાકથી થયેલો શુભભાવ અને ગુણસ્થાન.. ગુણસ્થાનમાં અહીં ... છે, પણ પછી બધા ભાવ લેશે. એક-એક બોલ પછી લેશે. આહા..હા..! **'પુદ્‌ગલ જ છે, જીવ નથી.'** હવે તત્ત્વાર્થસૂત્રમાં એમ કહે કે રાગ, ગુણસ્થાન આદિનો પ્રકાર એ જીવનો ઉદયતત્ત્વ છે, જીવતત્ત્વ છે. એની પર્યાયને સિદ્ધ કરવી છે. અહીં તો સ્વભાવને સિદ્ધ કરવો છેને. આહા..હા..! અને કર્તા-કર્મનો અધિકાર શરૂ થવાનો છે એનો આ ઉપોદઘાત છે બધો આ. છે તો હજી જીવ-અજીવનો અધિકાર, પણ છેલ્લી ગાથા પછી કર્તા-કર્મમાં લઈ જવું છેને? અહીંથી ઉપાડ્યું છે. આહા..હા..!

પુદ્‌ગલ કારણ છે તો એનું કાર્ય પુદ્‌ગલ જ છે. આહા..હા..! અહીં ચૌદ કીધા છે. આગળ લેશે ને ૧૦૮-૯. પુદ્‌ગલ છે તેર ગુણસ્થાન. એ પુદ્‌ગલ પુદ્‌ગલના કર્તા-કર્મના છે. આહા..હા..! નવા કર્મ જે બંધાય એમાં એ પુદ્‌ગલ જે તેર ગુણસ્થાન છે તે તેનું કારણ છે. આહા..હા..! સમજાણું? ત્યાં તો એવું લીધું છે કે જે તેર ગુણસ્થાન છે એ કર્મ વ્યાપક થઈને એનું એ વ્યાપ્ય છે. અથવા આ વ્યાપક થઈને નવા કર્મ એનું વ્યાપ્ય છે. આહા..હા..! વ્યાપ્ય-વ્યાપક તો સ્વદ્રવ્યમાં હોય. સમજાણું? સ્વદ્રવ્ય વ્યાપક અને એની પર્યાય વ્યાપ્ય. પણ ત્યાં આગળ તો એમ લઈ લીધું, કર્તાકર્મ બતાવવું છેને કે જે આત્મા જે ગુણસ્થાન છે તેર એ કર્તા છે અને નવા કર્મનું બંધન તે તેનું કર્મ છે. આહા..હા..! એ ગુણસ્થાન છે તે વ્યાપક છે અને કર્મ બંધાય તે તેનું વ્યાપ્ય છે-અવસ્થા છે એમ કહે છે. આહા..હા..! સમજાણું? ૧૦૯-૧૦-૧૧. આહા..હા..! તેર ગુણસ્થાન પુદ્‌ગલ છે અને એ કર્તા છે, કોના? કે નવા કર્મ બંધાય તેના. એ પુદ્‌ગલ છે તે વ્યાપક થઈને નવા કર્મની અવસ્થાનું વ્યાપ્ય તે કરે છે. હવે જડની સાથે વ્યાપ્ય-વ્યાપક નાખ્યું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... નહિતર વ્યાપ્ય-વ્યાપક તો સ્વદ્રવ્યની અંદર હોય, પરની સાથે વ્યાપ્ય-વ્યાપક ન હોઈ શકે; પણ અહીંયાં અંદર વસ્તુના સ્વભાવની દૃષ્ટિ બતાવવા એ વિકારભાવ છે તે કર્તા છે અને નવું કર્મ બંધાય તે તેનું કર્મ નામ વ્યાપ્ય છે. આહા..હા..! શુભભાવ તે વ્યાપક છે અને નવું કર્મ બંધાય એ એનું વ્યાપ્ય-અવસ્થા છે. સમજાણું કાંઈ? આવા

કેટલા ભંગ પડે એટલે માણસને સમજણ ન હોય ને એને ઊંધું પડે. આહા..હા..!

અહીંયાં તો કહ્યું કે પુદ્ગલના વિપાકપૂર્વક થાય છે તેથી પુદ્ગલ. જોયું! અને એ પુદ્ગલભાવ વ્યાપક થઈને નવા કર્મ બાંધે એ એનું વ્યાપ્ય છે, એ ત્યાં કહ્યું. આહા..હા..! સ્વભાવ ચૈતન્ય છે એ કર્તા થઈને વિકાર પરિણામ એનું કર્મ ન હોઈ શકે. આહા..હા..! કારણ કે વસ્તુસ્વભાવ છે એ તો શુદ્ધ ચૈતન્યઘન છે, એ કર્તા થઈને વિકારી કાર્ય એનું એમ ન હોય. એથી વિકારી કાર્યને કર્મનું કાર્ય ગણી અને નવા કર્મની પર્યાયનું કારણ ગણી... શું કીધું સમજાણું? જૂના કર્મને કારણ ગણી અને વિકારી અનેક ગુણસ્થાનભેદ થાય તે તેનું કાર્ય અને તે રાગાદિ ગુણસ્થાનભેદ એને કારણ ગણી અને નવી કર્મની અવસ્થા થાય તેને કાર્યને વ્યાપક કહીને વ્યાપ્યવ્યાપક ત્યાં આગળ નાખ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તાકર્મ બતાવવું છેને? આહા..હા..!

અહીં કહે છે, '**પુદ્ગલ જ છે...**' ભાષા દેખો. ઓલામાં વિકારી પર્યાય જીવની જ છે, પ્રવચનસાર ૧૮૯ ગાથા. શુદ્ધનયથી રાગ જીવનો છે. આહા..હા..! શુદ્ધનયથી એટલે સ્વદ્રવ્યની પર્યાયના આશ્રયે પોતાથી રાગ થયો છે તે શુદ્ધનયથી એને પર્યાયને શુદ્ધનય કહીને સ્વદ્રવ્યની પર્યાય પોતાથી થઈ છે, કર્મથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા વ્યાપક થઈને એ શુભભાવરૂપી રાગનું વ્યાપ્ય થાય છે, ત્યાં એમ કહ્યું. અહીંયાં એમ કહ્યું કે એ શુભભાવ તે પુદ્ગલનું કાર્ય છે તેથી તે આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! કર્તાકર્મ. ત્રણ પ્રકાર. એક તો એ કે પુદ્ગલપૂર્વક થયા માટે પુદ્ગલ છે, જીવ નથી. એક સિદ્ધાંત ઠર્યો. ત્રણ બોલ કહેશે. એ યુક્તિથી કહ્યું જવપૂર્વક જવનું.

હવે આગમથી સિદ્ધ કરે છે. '**ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...**' બે વાત. આગમથી સિદ્ધ છે. આહા..હા..! એ નિશ્ચય આગમનો સિદ્ધાંત છે તે ગુણસ્થાનને યોગ ને મોહથી થયેલા કહે છે. કહો, સમજાણું કાંઈ? બે બોલ થયા. એક યુક્તિપૂર્વક કહ્યું કે પુદ્ગલથી થયા માટે પુદ્ગલ છે, જવપૂર્વક જવ જ હોય. આહા..હા..! અને આગમમાં પણ તેને પુદ્ગલ કહ્યા છે, એ બીજો બોલ કહ્યો. છે? '**ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે...**' નિશ્ચયના આગમો પરમ આગમ નિશ્ચયના હોં! આહા..હા..! નહિતર આગમથી તો રાગ એનો છે એમ સિદ્ધ થયું. એ પર્યાયની સિદ્ધિ કરવાનું આગમ અને અહીં વસ્તુના સ્વભાવની સિદ્ધિ કરવાનું આગમ. આહા..હા..! એ તો આવી ગયું નહિ પહેલું? એમ કે રાગને તમે એનો કહો તો શાસ્ત્રમાં જીવનો કહ્યો છેને? ૪૬ ગાથામાં નથી આવતું? સમજાણું કાંઈ? કે ભાઈ! વ્યવહારે જીવનો છે. આહા..હા..! નિશ્ચયે છે નહિ. આહા..હા..! હા ને ના. વ્યવહાર ને નિશ્ચય. બે બોલ થયા. ક્યા બે બોલ? યુક્તિ અને આગમ. યુક્તિ એટલે જવથી જવ થાય એમ પુદ્ગલથી પુદ્ગલ થાય માટે રાગ ને ગુણસ્થાનના ભેદ પુદ્ગલ છે એમ સિદ્ધ કર્યું. હવે આગમથી પણ એને પુદ્ગલ કહે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આગમથી સિદ્ધ થાય છે...**' બે વાત.

ત્રીજી. '**તેમ જ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી...**' ત્રીજી વાત. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રણ પહેલાં આવી ગયા હતાને? ૪૪માં આવી ગયા. '**તેમ જ ચૈતન્યસ્વભાવ...**' ભગવાન આત્મા, એનાથી વ્યાપ્ત તો પ્રભુ આત્મા છે. આહા..હા..! ચૈતન્યસ્વભાવથી કાયમ વ્યાપ્ત તો પ્રભુ આત્મા છે. '**તેનાથી ભિન્નપણે...**' ભેદજ્ઞાનીઓ પરથી ભિન્ન પાડીને સ્વભાવનો અનુભવ કરે છે. આહા..હા..! એને '**ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી...**' સમજાણું કાંઈ? આહા..હા..! એમ શુભરાગ પુદ્‌ગલપૂર્વક થવાથી તે પુદ્‌ગલ છે, આગમ પણ એને પુદ્‌ગલ કહે છે અને ભેદજ્ઞાનીઓ વડે પણ રાગથી ભિન્ન પાડીને સ્વયં ચૈતન્યના અનુભવમાં રાગ ભિન્ન પડી જાય છે, માટે પુદ્‌ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સમજવું, સમજવું ને સમજવું. આહા..હા..!

'**ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા...**' છે. રાગથી વ્યાપ્ત આત્મા નથી. એ '**તેનાથી ભિન્નપણે...**' આત્મા ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત છે એમ ધર્મી જીવને અનુભવમાં આવતા '**ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે...**' સમ્યગ્દૃષ્ટિ વડે.. આહા..હા..! '**સ્વયં ઉપલભ્યમાન...**' છે. સ્વયં ઉપલભ્યમાન છે. એ અચેતન છે એ સ્વયં ઉપલભ્યમાન છે. ચૈતન્યસ્વરૂપ વ્યાપ્ત આત્મામાં એ છે નહિ. સમજાણું કાંઈ? આવું સમજવું. હવે આ ત્રણ-ચાર લીટીમાં ત્રણ બોલ નાખ્યા. પુદ્‌ગલપૂર્વક પુદ્‌ગલ, જવપૂર્વક જવ, આગમથી પણ તેને પુદ્‌ગલ કહ્યાં. આહા..હા..! પરમાગમમાં શુભરાગ જે ભક્તિનો, દયાનો, વ્રતનો, એને આગમમાં પુદ્‌ગલ કહ્યા. યુક્તિપૂર્વક પણ પુદ્‌ગલ કહ્યાં અને ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત એવો આત્મા એનો જે અનુભવ કરનાર ધર્મી જીવને રાગ ભિન્ન પડી જાય છે. છે? એ રાગ સ્વયં ઉપલભ્યમાન જુદો રહે છે. તેથી '**તેમનું સદાય અચેતનપણું સિદ્ધ થાય છે.**' આહા..હા..! ચૈતન્યના અનુભવમાં તે રાગ આવતો નથી. ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત પ્રસરેલો પ્રભુ, એનો અનુભવ કરનાર.. છે? '**તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે...**' આહા..હા..! સ્વયં ઉપલભ્યમાન છે. પર્યાય લીધી પાછી. જે પર્યાય અંતરમાં વળે છે એ દ્વારા આ રાગ ભિન્ન છે એમ સ્વયં ઉપલભ્યમાન છે. શું કીધું સમજાણું?

'**તેનાથી ભિન્નપણે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે...**' ત્યાં તો પર્યાય થઈ પાછી. આહા..હા..! અંતરમાં જ્ઞાનની પર્યાય ભેદજ્ઞાનની વાળે છે તેથી તેનામાં રાગ આવતો નથી, માટે તે રાગ પુદ્‌ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. ઓહોહો..! અચેતનપણું સિદ્ધ થાય છે. એટલે? ચૈતન્યપણાના.. વિકારી ભાવ એ ચૈતન્યનો નહિ. એ તો પુદ્‌ગલનો છે. એક વાત. એ આગમે એને પુદ્‌ગલના કહ્યા છે. બે વાત. અને ચૈતન્યસ્વભાવ એવો આત્મા એનો અનુભવ કરનાર, એ પર્યાયથી ભેદ પાડીને અનુભવ કરનાર એને એ સ્વયં રાગ ભિન્ન દેખાય છે. એ અચેતન ચેતનના અનુભવમાં આવતો નથી. આહા..હા..! આવી

વાત છે. ઓહોહો..!

અહીં તો ચૈતન્યસ્વભાવવાળો આત્મા સિદ્ધ કરવો છે. ચૈતન્યસ્વભાવ આત્મા, ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્મા, એને જે વિકારના પરિણામ એ પુદ્ગલપૂર્વક થતાં પુદ્ગલનાં છે. આગમ એને પુદ્ગલ કહે અને અનુભવમાં એ ચૈતન્યસ્વભાવનો આત્મા અનુભવમાં રાગ સ્વયં ભિન્ન ઉપલભ્યમાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ગંભીર વાત છે. આવું ધીરેથી, શાંતિથી વાંચન પણ કરે નહિ.

**શ્રોતા :-** ... ગુરુ વિના જ્ઞાન નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા વિના જ્ઞાન નથી એમ કહે છે. આહા..હા..! શું શૈલી!

વિશુદ્ધસ્થાન. એઈ.. વિશુદ્ધ! વિશુદ્ધસ્થાન. એને ખબર ન હોય વિશુદ્ધ. શુભભાવ. વિશુદ્ધ શુભભાવ. એના સ્થાન એટલે અસંખ્ય પ્રકાર. એવા જે ભાવ એ પુદ્ગલના વિપાકપૂર્વક હોવાથી, કારણ જેવું કાર્ય હોવાથી, જવના કારણનું કાર્ય જવ હોવાથી, પુદ્ગલ વિપાકના કારણથી થયેલા માટે શુભભાવ પુદ્ગલ છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું ભારે આકરી. આહા..હા..! આગમ પણ એને શુભભાવને પુદ્ગલ કહે છે અને ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત ભગવાન આત્મા એનો અનુભવ કરવામાં રાગ સ્વયં ભિન્ન રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું પણ ઘણું કહ્યું. આહા..હા..! સંતોની શૈલી અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. જૈનમાર્ગનો ધોધ વહેવરાવ્યો છે. કારણ કે રાગ તે જૈનધર્મ નથી. જૈનધર્મ તે વીતરાગભાવે છે. આહા..હા..! એ સિદ્ધ કરવા જૈનધર્મ, વીતરાગી ધર્મ, વીતરાગી પરિણતિ એ ધર્મ. એ વીતરાગી પરિણતિમાં રાગ જે દેખાય છે કહે છે એ તો પુદ્ગલ છે. પુદ્ગલપૂર્વક (પુદ્ગલે). જવપૂર્વક જવ. આહા..હા..! હવે નિમિત્તકારણ પુદ્ગલ અને વિકારી પરિણામ અશુદ્ધ ઉપાદાનનું કાર્ય એનું. કેમકે શુદ્ધસ્વભાવ જે ચૈતન્ય છે તેવા શુદ્ધસ્વભાવથી વ્યાપ્ત આત્મા છે તેમાં રાગ છે નહિ. આહા..હા..! તેથી તે રાગને... ધીમેથી કહેવાય છે હળવે.. હળવે... આહા..હા..! પુદ્ગલપૂર્વક કાર્ય કીધું એને. આહા..હા..! આત્માની વ્યાપ્ય રાગ અવસ્થા, વ્યાપ્ય-વ્યાપક, વ્યાપક આત્મા અને રાગ એની વ્યાપ્ય અવસ્થા, એને ત્યાં સ્વભાવ ચૈતન્ય સ્વભાવ એવો આત્મા, એની દૃષ્ટિ કરાવવા એને રાગને પુદ્ગલ કર્મ થઈને થયું માટે પુદ્ગલ છે. આગમ એને પુદ્ગલ, સિદ્ધાંત એને પુદ્ગલ કહે છે. આહા..હા..! અને ચૈતન્યસ્વભાવ એવો આત્મા એનો અનુભવ કરનારને સ્વયં રાગ ભિન્નપણે પ્રાપ્ત થાય છે. એમાં અભિન્નપણે પ્રાપ્ત થતો નથી. આહા..હા..! એમ કહીને એનું જ્ઞાન કરે છે એમ આવ્યું. સ્વયં ઉપલભ્યમાન. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનની પર્યાય અંતર વળતા ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્માનો અનુભવ થતાં તેમાં રાગનો અનુભવ આવતો નથી. અહીં પાછું તે સ્વયં ઉપલભ્યમાન છે. એટલે? એ રાગ છે એ પુદ્ગલ છે એવું અહીંયાં જ્ઞાનમાં સ્વપર અનુભવ થતાં તે જ્ઞાનમાં આવી જાય છે. આહા..હા..! ઝીણું ભારે ભાઈ આ તો. અહીં સાડા પાંચ લીટી છે. આહા..હા..!

વસ્તુની સ્થિતિ આવી છે.

'**પણ તેમનું સદાય અચેતનપણું...**' એટલે? ચૈતન્યસ્વભાવમાં વ્યાપ્ત પ્રભુ, એનો અનુભવ કરતાં.. એ પર્યાયને લેશે. ટીકામાં લેશે ભાવાર્થમાં. સ્વભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે એના પરિણામ. ભાવાર્થમાં છેને? ભાવાર્થમાં. '**નયદૃષ્ટિમાં ચૈતન્ય અભેદ છે અને એના પરિણામ પણ સ્વભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે.**' એ આ. એટલે? પરિણામ, જે ચૈતન્યસ્વભાવ વ્યાપ્તમાં પરિણામ ગયા એ એના શુદ્ધ પરિણામ છે. છેને ભાઈ? ભાવાર્થમાં. ખરેખર તો ચૈતન્યસ્વભાવ એવો આત્મા, એમાં રહેલો વ્યાપ્ત પ્રભુ. આહા..હા..! એની દૃષ્ટિ થતાં એના તરફના વલણનો અનુભવ થતાં એમાં રાગ અંતરમાં આવતો નથી, ભિન્નપણે તે ઉપલબ્ધ થાય છે. આહહા..! એ અનુભવમાં રાગની ભિન્નતાની પ્રાપ્તિ થાય છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. હા... હા... હો..હા.. કરીને. ઇંદોરનું આવ્યું છે મોટું ચોપાનિયું. બધા ભેગા થયા હશેને હો..હા.. આમ રથ કાઢ્યો ને આમ આ કાઢ્યું. બાબુભાઈ છે હોં ત્યાં. બાબુભાઈ પણ બોલતા હતા. બાકી બધા ઘણાય. આહા..હા..! ધર્મ ક્યાં રહ્યો, બાપા! ભાઈ! આહા..હા..! ધર્મની પર્યાય તો ચૈતન્યસ્વભાવ વ્યાપ્ત ભગવાન, એના તરફ જાય ત્યારે ધર્મની પર્યાય થાય, ત્યારે રાગ ભિન્ન રહી જાય. આહા..હા..! ત્યારે ધર્મ થાય. પ્રેમચંદભાઈ! આવી વાત છે, બાપા! ઓલા વયા ગયા? વિંછીયાવાળા. ગયા હશે. હિંમતભાઈ આવ્યા હતા. આહા..હા..! બહુ ફડચો કરી નાખ્યો છે.

કેમકે ચૈતન્યસ્વભાવ એવો આત્મા.. વ્યાપ્ત કીધો છેને? '**ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત...**' આહા..હા..! ત્રિકાળી ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્મા, '**તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો...**' આહા..હા..! '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી...**' આહા..હા..! એ રાગનું હોવાપણું સ્વયં પરથી ભિન્ન ભાસે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વથી એ ભિન્ન ભાસે છે. અનુભવમાં એ રાગ આવતો નથી. આહા..હા..! રાગ હોય છે, પણ એ તો પરથી ભિન્ન (સ્વયં) ઉપલભ્યમાન. આહા..હા..! સ્વથી ભિન્ન એવું એનું જ્ઞાન થાય છે કહે છે. આહા..હા..! ગજબ વાત કરી છેને! ક્યાં છે ભાઈ આ? આવું સત્! આહા..હા..!

એમાં ત્રણ બોલ નાખ્યા. યુક્તિ નાખી, આગમ નાખ્યું, અનુભવ નાખ્યો. ત્રણથી સિદ્ધ કર્યું. આહા..હા..! આ ટાણે એને પર સિદ્ધ કરવા છે અને સ્વસ્વભાવમાં વ્યાપ્ત થવું છે, ચૈતન્યસ્વભાવ એમાં એ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. ત્યાં વળી એનો ચૈતન્ય.. એ બધી નયોનું... બધા નયોનું લક્ષ રાખીને સમ્યગ્દૃષ્ટિ છે એમ કહે છે. એનો અર્થ કે આ છે ખરી વાત. ..ક્ષણિક. કેમકે ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત ત્રિકાળી વસ્તુ એમાં એક સમયનો સંગ જેનો કર્યો તેના સંગે થયેલું કાર્ય ચૈતન્યસ્વભાવના વ્યાપકમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ બેમાંથી નક્કી કોનું કરવું? એમ કહે. પર્યાયમાં છે એનાથી છે, એવું લક્ષ રાખીને હવે દ્રવ્યસ્વભાવમાં નથી, સ્વભાવ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત પ્રભુ છે. એ રાગ ને

વિકારથી વ્યાપ્ત નથી. આહા..હા..!

એ કર્તાકર્મના અધિકારની શરૂઆત કરી. કીધુંને તેથી. પહેલું ત્યાંથી ઉપાડ્યું છે આ. આહા..હા..! ઓલામાં આવ્યું નથી પરિભાષાસૂત્ર, પરિભાષા. જ્યાં જ્યાં જે તે જોઈએ ત્યાં એવી જ શૈલી. આહા..હા..! પરિભાષાસૂત્ર બાંધ્યું છે. આવે છેને? એટલે કે યથાસ્થાને જ્યાં જોઈએ તે ગાથા આવવી જોઈએ એવી રચના થઈ છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય પણ જે ભવિષ્યમાં આવવાનું એ પહેલી વાત કરે. જેમ ઓલા બંધ અધિકારનું ન આવ્યું? કે જીવ પરને જીવાડું, મારું એ અધ્યવસાય મિથ્યાત્વ છે, જૂઠું છે, પણ તેનો અધ્યવસાયનો ત્યાગ કરાવ્યો કે હું તો એમ કહું છું કે પરાશ્રયભાવ (બધોય છોડાવ્યો છે). ૭૨માં આવવાનું છે એ, ૨૭૨ ગાથામાં, એનો કળશ કર્યો છે. આહા..હા..! એવી શૈલી જ કરે છે. આહા..હા..!

પરથી નથી થયું. એ કાર્ય પરનું છે, સ્વનું નથી. પરથી થયું નથી એ તો સ્વથી થયું એવું પર્યાયમાં સિદ્ધ કરવા. હવે વસ્તુના સ્વભાવને જ્યાં જોઈએ, એ તો પર્યાયના લક્ષે પર્યાયની વાત કરી, પણ વસ્તુનો સ્વભાવ જે ત્રિકાળી છે એવા ચૈતન્યસ્વભાવના ભાવથી વ્યાપ્ત રહેલું દ્રવ્ય, એનો અનુભવ કરતાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામથી.. સમજાણું? એનો અનુભવ કરતાં એ પરિણામમાં રાગનું વેદન આવતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? અને એમ ને એમ આ વાંચી જાય. ઓલો એક જણો કહેતો હતો, સમયસાર પંદર દીમાં હું વાંચી ગયો. બહુ સારી વાત, બાપા! ભાઈ! એની એક-એક લીટી અને એના ભાવ ગંભીર છે, ભાઈ! આહા..હા..! અને વસ્તુની સ્થિતિ (એવી છે).

ભગવાન ચૈતન્યસ્વભાવ છેને. એમાં વિકાર થવો એવો કોઈ સ્વભાવ છે? કોઈ શક્તિ છે? ગુણ છે? આહા..હા..! પર્યાયમાં એનો ભાવ થાય એ તો સ્વતઃ વિકારનું પરિણમન છે. ષટ્કારકરૂપે વિકાર પરિણમે છે એને દ્રવ્ય-ગુણ અને સ્વભાવ અને સ્વભાવવાનની અપેક્ષા નથી. આહા..હા..! એને નિમિત્તના કારકોની અપેક્ષા નથી. એમ સિદ્ધ કરીને પછી જ્યારે એનો સ્વભાવ ચૈતન્ય ત્રિકાળી કાયમી સ્વભાવથી વ્યાપ્ત એવો એવા આત્માને અનુભવતાં તેમાં તે રાગ આવતો નથી, માટે તે અચેતન છે. ચેતન હોય તો એના અનુભવમાં આવવો જોઈએ. આહા..હા..!

**શ્રોતા :-** ભેદજ્ઞાનીઓ વડે જુદો અનુભવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એનો અર્થ? ભેદજ્ઞાનીઓ વડે જે ચેતનસ્વભાવ વ્યાપ્ત આત્મા ભિન્નપણે, ભેદજ્ઞાનીઓ વડે ભિન્નપણે સ્વયં ઉપલભ્યમાન થાય છે. આહા..હા..! લ્યો! એટલે? જ્યાં જ્ઞાનના પરિણામ, શ્રદ્ધાના ભાવ, અંતર ચૈતન્યસ્વભાવ વ્યાપ્ત આત્મામાં ગયા ત્યારે એને રાગ સ્વયં ભિન્ન ઉપલભ્યમાન થાય છે, અંદર અભિન્ન અનુભવ આવતો નથી. માટે ચૈતન્યથી (ભિન્ન તેની) જાત તે અચેતન છે. આહા..હા..! ભાઈ! આ તો વીતરાગની વાણી, બાપા! આહા..! આ કાંઈ કથાવાર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- .. રાગને ભૂલી જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાગ નીકળી જાય છે, રાગ આવતો નથી. પરિણામ જે છે નિર્મળ એના છે. એમ કહેશે. એ પરિણામ આ બાજુ ઢળ્યા ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્મામાં તે પરિણામ એના ખરા. આહા..હા..! પણ એ પરિણામમાં રાગ આવ્યો નહિ ભેગો. આહા..હા..! સમજાણું કાંઈ? હા, એ પરિણામમાં—જ્ઞાન પરિણામમાં રાગ ભિન્ન છે તેવું જ્ઞાન થાય છે, ભિન્ન રહે છે તેનું જ્ઞાન થાય છે, અભિન્ન છે એનું અહીં જ્ઞાન થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો પરમાત્મા, ભાઈ! જે દિગંબર સંતો એટલે.. આહા..હા..! અકષાયના પૂતળા, વીતરાગી બિંબ પ્રભુ એ તો. મુનિ એટલે આહા..હા..! ધન્યદશા. આહા..હા..! એ મુનિ કહેવાય, બાપા! મુનિ કોને કહે! આહા..હા..! એ મુનિના દર્શન થવા એ ભાગ્ય જોઈએ. આહા..હા..! મુનિ મુનિપણાની સ્થિતિએ હોય એની વાત છેને. આહા..હા..! જેની વાણી તો જુઓ. આહા..હા..!

ભગવાન! તું તો ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્મા છોને. રાગથી વ્યાપ્ત આત્મા છે? આહા..હા..! જ્યાં ત્રિકાળી આત્મા અને વ્યાપ્ય રાગ એમ સિદ્ધ કરવું હોય ત્યારે પુદ્‌ગલથી ભિન્ન (કહે). કળશમાં બહુ આવે છે. વ્યાપ્ય-વ્યાપક તો આત્માની સાથે છે, પરની સાથે નથી. આહા..હા..! એ તો પરથી ભિન્ન પોતાની પર્યાય સિદ્ધ કરવી છે. અને અહીં તો હવે રાગથી ચૈતન્યસ્વભાવ વ્યાપ્ત આત્મા એના જે પરિણામ જે જાણવા-દેખવાના થયા એમાં એ રાગ આવતો નથી. રાગથી ભિન્નપણે તેનું જ્ઞાન થાય છે. ચૈતન્યના અનુભવમાં રાગના ભિન્નપણે તેનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું લુખ્ખું લાગે માણસને અને ઓલી વાર્તામાં આમ થાય ને આમ થાય, બીજાની સેવા કરો, આ સરસ્વતીના પુત્ર છે એ બધા પંડિતો એને આ આપો દાન. અરે..! પ્રભુ! ભાઈ! આહા..હા..! આહા..હા..! એને આપો, એમ કહે. એ રાજી થાય, ભાઈ! એમાં શું આવ્યું? આહા..હા..! હજી શાસ્ત્રજ્ઞાન પણ સાચા નથી એના તો. આહા..હા..! વ્યવહારથી થાય, રાગથી લાભ થાય, સાધક કહ્યું છે એને, આવી રીતે સિદ્ધ કરીને જોર આપે એને તો વાસ્તવિક આગમની શૈલી શું છે એની પણ ખબર નથી.

**શ્રોતા** :- વ્યવહાર પુણ્ય કરતાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અપેક્ષાએ એટલે કઈ અપેક્ષાએ? આહા..હા..!

સાધકના બે પ્રકાર કથનમાં છે, સાધકપણું બે પ્રકારે નથી. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે, મોક્ષમાર્ગ બે પ્રકારે નથી. આહા..હા..! વ્યવહારનો મોક્ષ વ્યવહાર(મોક્ષ), નિશ્ચયનો મોક્ષ નિશ્ચયમોક્ષ એમ હશે? વ્યવહાર તો બંધનું કારણ છે. એને આરોપથી-વ્યવહારથી મોક્ષનો માર્ગ આરોપ કર્યો. આહા..હા..! આટલામાં તો બહુ ભર્યું. ઘણું ભર્યું છે. આ બધા બોલ

માટે હોં! આ તો ગુણસ્થાન માટે કહ્યું છે, પણ બધા બોલ માટે છે. જુઓ! હવે જુઓ.

**'એવી રીતે રાગ,...'** છેને? રાગમાં લઈ લેવું કે રાગ છે તે પુદ્‌ગલપૂર્વક થવાથી તે રાગ પુદ્‌ગલ છે, જવપૂર્વક જવ થાય તે કારણના જેવું કાર્ય માટે પુદ્‌ગલ છે. આગમ રાગને પુદ્‌ગલ કહે છે અને ભેદજ્ઞાની વડે રાગ ભિન્ન ઉપલભ્યમાન છે. આહા..હા..! આ એક એક બોલમાં બધું ઉતારવું. એમ **'દ્વેષ,...'** દ્વેષના પરિણામ પુદ્‌ગલના વિપાકથી થયેલા હોવાથી જવના કારણે જવ થાય માટે પુદ્‌ગલના કારણે પુદ્‌ગલ માટે એને પુદ્‌ગલ કહેવા. આગમ પણ એને પુદ્‌ગલ કહે છે. અનુભવમાં પણ તે દ્વેષનો અંશ ભિન્ન ઉપલભ્યમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આગમમાં તો બેય આવે છે, જીવના છે (અને જીવના નથી).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં નિશ્ચય આગમ કહેવું છે. એ તો વાત આવી ગઈ ૪૬ ગાથામાં. ભાઈ! અહીં કહ્યું છેને? કહ્યું છે એ વ્યવહારથી છે, પણ પરમાર્થની દૃષ્ટિમાં એ છે નહિ. વ્યવહાર નામ અસદ્‌ભુત જૂઠી દૃષ્ટિથી છે, એમ કહે છે. આહા..હા..! અથવા કથનમાત્રથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'જ્યાં જ્યાં જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' એમ એણે જાણવું જોઈએને. દૃષ્ટિને સિદ્ધાંત કહે છે ત્યાં વાળવી જોઈએ. પોતાની દૃષ્ટિ પ્રમાણે સિદ્ધાંતને વાળવા એમ ન હોય. આહા..હા..!

એમ **'મોહ, પ્રત્યય,...'** આસ્રવ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ. એ પાંચેય પુદ્‌ગલપૂર્વક હોવાથી પુદ્‌ગલ છે. આહા..હા..! અને આગમ પણ તેને પુદ્‌ગલ કહે છે આસ્રવને અને અનુભવમાં પણ આસ્રવ ભિન્નપણે જણાય છે. ચૈતન્યસ્વભાવી આત્માનો અનુભવ કરતાં તેમાં ભેળા આવતા નથી. માટે તે ભિન્નપણે જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ **'કર્મ,...'** એ તો જડ છે. **'નોકર્મ,...'** શરીર, વાણી આદિ. એ તો સીધા પુદ્‌ગલ છે. **'વર્ગ,...'** અનુભાગના. એ જડ, સીધા જડ છે. **'વર્ગણા,...'** જડ, **'સ્પર્ધક,..'** જડ. **'અધ્યાત્મસ્થાન,...'** જડ. લ્યો. આ આત્માના પરિણામ. અધ્યવસાયસ્થાન એ પુદ્‌ગલપૂર્વક હોવાથી તે પુદ્‌ગલ છે, આગમ તેને પુદ્‌ગલ કહે છે અને અધ્યવસાયસ્થાન ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત ભગવાન એનો અનુભવ કરતાં તે અધ્યવસાય ભિન્ન રહી જાય છે. આહા..હા..! ભિન્ન ઉપલભ્યમાન છે. સમજાણું કાંઈ?

**'અનુભાગસ્થાન,...'** એ પર્યાયમાં જેટલા ભાગ, રસના ભાગ આવેને. **'યોગસ્થાન,...'** કંપનના સ્થાન. **'બંધસ્થાન,...'** એ પણ વિકારી પર્યાયના બંધના પ્રકાર. **'ઉદયસ્થાન,...'** આહા..હા..! **'માર્ગણાસ્થાન,...'** આહા..હા..! ચૌદ માર્ગણાના ભેદ પુદ્‌ગલપૂર્વક હોવાથી પુદ્‌ગલ, આગમ તેને પુદ્‌ગલ કહે અને ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્માનો અનુભવ કરતાં તે ભિન્નપણે રહી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન,...'** સ્થિતિ. કર્મની સ્થિતિ છેને? એના પ્રકાર છે. એની યોગ્યતા જીવમાં છે. **'સંક્લેશસ્થાન,...'**

અશુભભાવ. એ અશુભભાવ હિંસાનો, જૂઠાનો, ચોરીનો ભાવ, ક્રોધ, માન, માયા, લોભનો ભાવ. એ અશુભભાવ એ પુદ્‌ગલપૂર્વક હોવાથી પુદ્‌ગલના છે, આગમ એને પુદ્‌ગલ કહે છે, ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત ભગવાન છે એનાથી રાગ ભિન્ન રહી જાય છે. સંક્લેશસ્થાન.

એમ '**વિશુદ્ધિસ્થાન,...**' વિશુદ્ધિસ્થાન. શુભભાવના ભાવ. આહા..હા..! વિશુદ્ધિની બહુ તકરાર લે છે, ભાઈ! ઈશ્વર. કાંતિલાલ ઈશ્વરને? હા ઈ. વિશુદ્ધિમાં આમ છે ને વિશુદ્ધિમાં આમ છે. વાંચે છે. અરે... પ્રભુ! શુભભાવથી સમકિત થાય છે. આહા..હા..! અરે.. ભગવાન! સમજાણું કાંઈ? એ બહુ લખે છે. અહીં કહે છે કે એ શુભભાવ ગમે તે જાતનો હો, તીર્થંકરપણાના બાંધવાનો ભાવ શુભ એ પણ પુદ્‌ગલપૂર્વક છે, પુદ્‌ગલ છે. આહા..હા..! એ ષોડશકારણભાવના. આહા..હા..! એ તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવને અહીં પુદ્‌ગલ કીધું છે. કેમકે પ્રકૃતિ છે તેના પુદ્‌ગલપૂર્વક વિપાકથી થયેલો ભાવ છે, એ ચૈતન્યનો વિપાકભાવ નથી. ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત પ્રભુ ભરેલો એનો એ વિપાક એનું કાર્ય નથી. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત એનું કાર્ય તો આનંદના અંકુર ફૂટે, શાંતિના અંકુર ફૂટે એ એનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશુદ્ધિસ્થાન પુદ્‌ગલપૂર્વક હોવાથી પુદ્‌ગલ, આગમ એને પુદ્‌ગલ કહે, અનુભવમાં એ ભિન્ન રહી જાય છે માટે અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સંયમલબ્ધિસ્થાન...**' લ્યો, સંયમલબ્ધિસ્થાન. આહા..હા..! ભેદ પડી ગયો ને એ નિમિત્તમાં? અભેદ ચૈતન્યઘન વિજ્ઞાનઘન, એવો સ્વભાવ ભગવાન આત્મા, એમાં નિમિત્તના સંગે ભેદ પડી ગયો એ બધો. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેઓ પણ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્‌ગલ જ છે, જીવ નથી એમ આપોઆપ આવ્યું (-ફલિત થયું, સિદ્ધ થયું).**' આપોઆપ આવ્યું. ફલિત થયું, સિદ્ધ થયું. આહા..હા..! મૂળ તો ચૈતન્યસ્વભાવ વ્યાપ્ત પ્રભુ એને અહીં સિદ્ધ કરવો છે. એ જીવ, એમ. શું કીધું સમજાણું? ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત તે આત્મા. એ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત એના કાર્યમાં ચૈતન્યસ્વભાવ આવે કે રાગ આવે? એ વાત અહીં સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? જીવ સિદ્ધ કરવો છેને? અજીવને ભિન્ન પાડવું છે. જીવ-ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત પ્રભુ એ જીવ અને એમાં જે થતાં રાગાદિ પરિણામ એ અજીવ. આહા..હા..! એ જીવના ચૈતન્યસ્વભાવથી વ્યાપ્તમાં એ રાગ અને ભેદ આવતો નથી અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

સિદ્ધાંત ત્યાં વધારે સિદ્ધ એ કર્યો કે વસ્તુ જે છે એ ચૈતન્યસ્વભાવ જે ત્રિકાળી તેનાથી વ્યાપ્ત છે. સમજાણું કાંઈ? એને આત્મા કહીએ. આહા..હા..! ચૈતન્ય કાયમી સ્વભાવથી રહેલો આત્મા, તેને આત્મા કહીએ અને એવા ચૈતન્યસ્વભાવથી રહેલો પ્રભુ આત્મા, એના પરિણામ તો ચૈતન્યની જાતના, શાંતિના, આનંદના એ હોય. સમજાણું? એથી વિકારના પરિણામને ચૈતન્યસ્વભાવ આત્માના ન હોઈને પુદ્‌ગલના છે એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આવી વાતું છે. આવો માર્ગ! આહા..હા..! છેલ્લી ગાથા છેને આ? જીવ-અજીવ

અધિકારની છેલ્લી ગાથા.

'**માટે રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.**' લ્યો! જેમ ઓલા ગુણસ્થાન જીવ નથી એમ સિદ્ધ કર્યું, એમ આ રાગાદિ ભાવો બધા એ પણ જીવ નથી. એનો ભાવાર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

નોંધ :- પ્રવચન નં. ૧૧૨ ઉપલબ્ધ નથી.

## અષાઢ સુદ-૫, શુક્રવાર, તા. ૨-૦૭-૧૯૭૬, કળશ-૪૨ થી ૪૪, પ્રવચન નં. ૧૧૩

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૪૨ કળશ ચાલે છે. છેલ્લું એ આવ્યું કે આ ચેતન જે આત્મા છે એ ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું. જે આત્મા છે એને રાગનું લક્ષણ કહેતા રાગ સર્વ અવસ્થામાં વ્યાપતો નથી. માટે રાગ તેનું લક્ષણ નથી. આ શરીર, રંગ, ગંધ આદિ જે જડ છે એનું એ કાંઈ સ્વરૂપ નથી કે એનાથી આત્મા જણાય. એ આત્મા ચૈતન્યલક્ષણે લક્ષિત છે. આહા..હા..! જાણકસ્વભાવ તે ચૈતન્યલક્ષણે એ લક્ષિત થઈ શકે છે, જણાય છે. એ ચૈતન્યવસ્તુ છે આત્મા એનો આશ્રય કર્યે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ તો શુભરાગ છે, એને આશ્રયે ચૈતન્ય ન પકડાય. આહા..હા..! તેમ આ જડની ક્રિયા દેહાદિની, વાણીની એ તો જડ છે, એનાથી કાંઈ આત્મા ન પકડાય. આહા..હા..!

અહીંયાં તો આત્મા સર્વજ્ઞ ભગવાન તીર્થંકરે જે આત્મા કહ્યો એ તો ચૈતન્યલક્ષણે લક્ષિત છે. આહા..હા..! એ જાણવાની જે ક્રિયા એના દ્વારા આત્મા જણાય એવો છે. એકાંત ન થઈ ગયું? એ સમ્યક્ એકાંત એ જ એનું સ્વરૂપ છે. છે? '**ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે...**' ભગવાન આત્મા એનું ચેતન જાણવું એ એનું લક્ષણ છે. '**તે યોગ્ય છે.**' તે વ્યાજબી છે. છે? '**તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે,...**' આહા..હા..! ભગવાન આત્મામાં જાણવાનું લક્ષણ એ પ્રગટ છે, પર્યાયમાં પ્રગટ છે. જાણવાની દશા પ્રગટ છે કે નહિ? આહા..હા..! ચૈતન્યની પર્યાય પ્રગટ છેને? વસ્તુ તો ત્રિકાળ છે, પણ એની પર્યાય જે જાણવાની એ તો પ્રગટ છે. આહા..હા..! છે?

'**व्यञ्जित-जीव-तत्त्वम्**' '**તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે...**' આહા..હા..! જાણક... જાણક... જાણક દશા જે જાણવાની દશા એણે જીવને પ્રગટ કર્યું છે કે આ આત્મા. આહા..હા..! એ પુણ્ય ને પાપના ભાવ એ તો રાગ છે, આસ્રવ છે, એનાથી જણાય એવો નથી. આહા..હા..! વીતરાગમાર્ગ ઝીણો બહુ, બાપુ! આહા..હા..! દેહની ક્રિયા આદિ જે આ વાણી એ તો જડની-અજીવની છે. એનું તો ચૈતન્યલક્ષણ જાણવું... જાણવું... જાણવું... આહા..હા..! એ જાણવાના જ્ઞાનના લક્ષણે તે લક્ષ થઈ શકે છે, આત્મા પ્રગટ થઈ શકે છે. જ્ઞાનની પર્યાયને લક્ષે આત્મા પ્રગટ થઈ શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**व्यञ्जित-जीव-तत्त्वम्**' છેને? જાણકસ્વભાવ તેનાથી આત્મા આ ચૈતન્યસ્વરૂપ છે એમ વ્યંજિત નામ તત્ત્વ પ્રગટ થાય છે. આહા..હા..! પ્રગટ છે તેનાથી પ્રગટ થાય છે એમ કર્યું. શું કીધું ઈ? જાણવાની દશા છે એ પ્રગટ છે એનાથી ત્રિકાળી આત્મા પ્રગટ થાય છે, જીવતત્ત્વ પ્રગટ થાય છે. આહા..હા..! આવી વસ્તુ છે.

**શ્રોતા :-** વધારે સ્પષ્ટીકરણ કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વધારે સ્પષ્ટ તો થાય છે. આહા..!

જે વસ્તુ છે આત્મા એ ચેતન છે, એનું લક્ષણ ચૈતન્ય છે. આહા..હા..! એનું લક્ષણ કોઈ દયા, દાન, વ્રતના ભાવ એ એનું લક્ષણ નથી, એ તો વિકાર છે. એથી વિકાર દ્વારા ચૈતન્યને પકડી શકાય નહિ, શરીર દ્વારાની ક્રિયાથી પકડી શકાય નહિ, ફક્ત ચૈતન્યની જાણવાની ક્રિયા, રાગથી લક્ષને છોડી દઈ અને પ્રગટ જ્ઞાનની પર્યાયના લક્ષણે ચૈતન્યને પકડે, આહા..હા..! તો તે આત્મા જણાય એવો અને પ્રગટ થાય એવો છે. આહા..હા..!

**શ્રોતા :-** હાલે-ચાલે જીવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હાલે-ચાલે જીવ (નહીં), એ તો જડ. હાલે-ચાલે તો રજકણ પણ ચાલે છે, પરમાણુ પણ ચાલે છે. અહીં તો હાલે-ચાલે એ તો નહિ પણ રાગ એ જીવ નહિ. આહા..હા..! એવી વાત છે.

શુદ્ધ ઉપાદાન ચૈતન્યસ્વભાવ એનો અને એની પ્રગટ દશા ક્ષણિક ધ્રુવ ઉપાદાન. ધ્રુવ ઉપાદાન શુદ્ધ ધ્રુવ ચૈતન્ય અને એનું ક્ષણિક ઉપાદાન જ્ઞાનની પર્યાય. આહા..હા..! એ જ્ઞાનની ક્ષણિક પર્યાયથી ધ્રુવ ઉપાદાન જાણી શકાય છે એમ કહે છે, લ્યો! ક્ષણિક છેને પર્યાય. તેથી કહ્યુંને કે '**ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે તે યોગ્ય છે. તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે, તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે...**' આહા..હા..! આ જાણનાર... જાણનાર... જાણનાર... એવી જે દશા એના દ્વારા ત્રિકાળી જાણનાર જણાય છે. આહા..હા..! રાગાદિ તો અંધકાર છે. આ તો ચૈતન્યના પ્રકાશની પર્યાય પ્રગટ છે એનાથી આત્મા પ્રગટ જણાય છે. આહા..હા..! એવી ટૂંકી વાત કરી છેને. એનો અર્થ એ કે ત્રિકાળી ભગવાન આત્મા એનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. છેલ્લે શબ્દ કહેશે ઈ. થોડો કહેશે

પાછળ. **'તેનો જ આશ્રય કરવાથી જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે...'** પાછળથી છે. આવશે. આહા..હા..! પાછળ છે. બીજો પેરેગ્રાફ છેને? **'ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી...'** એમાં. ત્રીજી લીટી છે એની. (આશ્રય કરવાથી...) બસ ઈ. એ તો મૂળ પાછું એ લીધું ભૂતાર્થ. આહા..હા..!

ભગવાન આત્મા જાણવાની પર્યાય જે છે તે તેનું લક્ષણ છે અને લક્ષણથી તે વસ્તુ લક્ષ આત્મા છે તે અનુભવમાં આવી શકે છે. આહા..હા..! એની જાત છે એ. જાત છે એની જ્ઞાનની. એનો વિષય ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હિન્દી થોડું-થોડું સમજી લેવું. ગુજરાતી ચાલે છેને. આહા..હા..! કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત સંવત્ ૪૯માં ભગવાન પાસે ગયા હતા ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે સીમંધર પ્રભુ. ત્યાં ગયા હતા. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત. આહા..હા..! એ આઠ દિન ત્યાં રહ્યા. સાક્ષાત્ સમવસરણમાં ભગવાનની વાણી સાંભળી અને શ્રુતકેવળીઓ સાથે ચર્ચા કરી. આહા..હા..! ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** એ ચર્ચામાં શું આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ આવ્યું કે ચૈતન્યલક્ષણે જણાય એવો આત્મા એમ ભગવાન કહે છે અને એમ છે. આહા..હા..! ઈ આ આગમ છે આ બધા. પોણા ચાર લાખ અક્ષર. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર ભગવાનની વાણી છે. દિગંબર સંતોની વાણી છે. દિગંબર સંતોની વાણી એટલે સર્વજ્ઞની વાણી. આહા..હા..! એવી વાણી ક્યાંય શ્વેતાંબર કે સ્થાનકવાસીમાં એ વસ્તુ નથી. ભાઈ! એ ક્યાંય નથી. આહા..હા..! એને સમજવા મુશ્કેલ પડે છે. મોટા ઉપાદાનનો ઝઘડો આવ્યો છે આજે પાછો. આહા..હા..! એમ કે આ બધા શિબિર કાઢે છેને. એ શું છે તમારું બધું? નિમિત્તથી તમારે બીજાને સમજાવું છે અને નિમિત્તથી થાય નહિ એમ કહેવું છે તમારે. અરે..! પ્રભુ! ઘણું આવ્યું છે આજે. ભક્તિ પછી આવજો સાંભળવા-વાંચવા. પંડિતજી વાંચશે. અક્ષર બહુ ઝીણા છે. અરે.. પ્રભુ! શું થાય? ભાઈ! વાણી છે એ જડ નથી? એને વાણીને કાળે વાણી ન નીકળે? એ આત્માથી નીકળે છે? એ ઉપાદાન નથી એનું? એ આત્માથી વાણી નીકળે? આ તો જડ છે અવાજ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** આપ બોલો તો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બોલે? બોલે એ જડ. ભગવાન તો ચૈતન્યસ્વરૂપ છેને. એ તો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... વાણી થાય એને જાણે, વાણીને કરે નહિ, દેહની ક્રિયા થાય એને જાણે, દેહની ક્રિયા કરે નહિ. અરે..! રાગ થાય તેને જાણે, રાગ કરે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ ભાઈ છે સનાતન. સનાતન સત્ય જૈનધર્મ એ આ છે. આહા..હા..! અરે..! લોકોને સમજવા...

**શ્રોતા** :- સત્ય બે પ્રકારના હોય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એક જ સત્ય હોય, આ એક જ પ્રકારનું આ.

**શ્રોતા** :- એક ત્રિકાળી સત્ય, એક વર્તમાન સત્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વર્તમાન સત્ય કેવું વળી? ઈ વર્તમાન તો આ. જ્ઞાનલક્ષણ જે પર્યાય એ વર્તમાન સત્ય અને ત્રિકાળી તે ત્રિકાળી સત્ય. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ છે આત્મા. સત્ નામ શાશ્વત ચિદ્ અને જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા, એને અનુભવવા માટે તો એનું લક્ષણ જ્ઞાન જ કામ આવે. આહા..હા..! એ લક્ષણ છે. આહા..હા..! જુઓને!

'**તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે અને તે અચળ છે...**' જ્ઞાન અચળ છે, ચળાચળ નથી. ખસી જઈને જડમાં જાય, રાગમાં જાય એવું નથી. આહા..હા..! '**સદા મોજૂદ છે.**' આહા..હા..! જ્ઞાનલક્ષણ સદા હયાતી ધરાવે છે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાનલક્ષણ છે એ તો ધ્રુવ છે, પણ તેને વર્તમાન જ્ઞાનલક્ષણે કરીને એને જાણવો એ વર્તમાન પર્યાયનું લક્ષણ તેનાથી તે જણાય એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમાં એકાંતમાં અનેકાંત શું કરવું? તે જ્ઞાનથી જણાય અને રાગથી ન જણાય એ અનેકાંત છે. આત્મા જ્ઞાનથી જણાય અને દયા, દાનના વિકલ્પ નિમિત્ત છે એનાથી જણાય. એમ છે? આહા..હા..!

'**आलम्ब्यताम्**' આહા..હા..! '**જગત તેનું જ અવલંબન કરો!**' આહા..હા..! જુઓ! અમૃતચંદ્રાચાર્યની વાણી છે આ. આ કળશ છે ઈ. મૂળ શ્લોક છે એ કુંદકુંદાચાર્ય અને આ કળશ છે એ અમૃતચંદ્રાચાર્ય. ઓલી કોર છે. આ પદ્મપ્રભમલધારીદેવ છે નિયમસારના કર્તા. કહે છે, જગત! હે જગતના જીવો! આહા..હા..!

**શ્રોતા** :- જગતનો બીજો અર્થ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બીજો છે. એ તો કાલે કહ્યું હતું.

'**તેનું જ અવલંબન કરો!**' આહા..હા..! '**आलम्ब्यताम्**' ત્રિકાળી ચૈતન્ય ભગવાનનું આલંબન લ્યો. આહા..હા..! રાગ ને પરના આલંબનથી કાંઈ કલ્યાણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! આવી વાતું ઝીણી. છે? '**आलम्ब्यताम्**' આહા..હા..! '**(તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે.)**' જોયું! જ્ઞાનની પર્યાયથી વસ્તુની ત્રિકાળતા ધ્રુવતા ગ્રહણ થાય છે, તેથી તેનું આલંબન લે. આહા..હા..! રાગ ને નિમિત્ત ને સંયોગનું આલંબન છોડી દે. આહા..હા..!

**ભાવાર્થ** :- બહુ શબ્દ આવ્યા સારા. વાચ્યને બતાવનારા. આહા..હા..! '**નિશ્ચયથી વર્ણાદિભાવો...**' વર્ણ એટલે રંગ. રંગાદિ '**વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા**' પુણ્ય-પાપના, દયા-દાનના ભાવ એ રાગ એ બધા રંગાદિમાં આવી ગયા. એ '**જીવમાં કદી વ્યાપતા નથી...**' જીવમાં ત્રણે કાળમાં રહેનારા નથી. '**તેથી તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહિ;...**' આહા..હા..! '**કદી વ્યાપતા નથી...**' અંતર દ્રવ્યમાં ક્યાં વ્યાપે

છે? એક સમયની પર્યાયમાં છે એ તો પહેલી વાત ગઈ. આહા..હા..! વસ્તુ ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા, એમાં રંગ ને રાગ ક્યાંથી આવ્યો? આહા..હા..!

'**તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહિ;...**' અરે..! દયા, દાન, વ્રતાદિના ભાવ એ રાગ એ પણ જીવનું લક્ષણ નહિ. આહા..હા..! એનાથી જીવને પમાય નહિ, એનાથી સમ્યગ્દર્શન થાય નહિ, એમ કહે છે. આકરી વાતું. આહા..હા..! '**વ્યવહારથી તેમને જીવનાં લક્ષણ માનતાં પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે છે...**' એમ. એમાં વ્યાપતો નથી ને છતાં વ્યાપે વ્યવહારથી કહેવું તો દોષ આવે છે. '**કારણ કે સિદ્ધ જીવોમાં તે ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી.**' એમ. જોયું! સદા વ્યાપતા નથી એટલે સિદ્ધ જીવોમાં એ છે નહિ. પુણ્ય ને પાપના ભાવ સિદ્ધમાં નથી. જો જીવના હોય તો સદાય જીવમાં રહેવા જોઈએ. આહા..હા..! '**માટે વર્ણાદિભાવોનો આશ્રય કરવાથી...**' જુઓ! રંગ અને રાગનો આશ્રય કરવાથી. જુઓ આવ્યું. '**જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું જ નથી.**' આહા..હા..! રંગ અને રાગ એનો આશ્રય કરવાથી જીવસ્વરૂપનું જ્ઞાન સમ્યક્ થતું જ નથી. આહા..હા..!

'**અમૂર્તપણું જોકે સર્વ જીવોમાં વ્યાપે છે...**' અમૂર્ત લઈએ આત્માને તો અમૂર્ત આત્મા પણ છે અને અમૂર્ત આકાશ ધર્માસ્તિમાં પણ છે. છ પદાર્થ છેને ભગવાને જોયેલા? તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ—એ ચાર અરૂપી અમૂર્ત છે. એટલે અમૂર્તથી લેવા જઈએ તો અમૂર્ત પોતામાં પણ છે અને આકાશમાં પણ છે. એટલે એનાથી પણ આત્મા જણાય નહિ. આહા..હા..! છે? '**પાંચ અજીવ દ્રવ્યોમાંના એક પુદ્ગલદ્રવ્ય સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—એ ચાર દ્રવ્યો અમૂર્ત હોવાથી,...**' પુદ્ગલ છે એ મૂર્ત છે અને આત્મા, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ અમૂર્ત છે પાંચ. પાંચ અમૂર્તિક અરૂપી છે પાંચ. માટે '**અમૂર્તપણું જીવમાં વ્યાપે છે તેમ જ ચાર અજીવ દ્રવ્યોમાં પણ વ્યાપે છે;...**' આહા..હા..! '**એ રીતે અતિવ્યાપ્તિ દોષ આવે છે.**' પોતામાં પણ છે અને પરમાં પણ છે. એટલે એ લક્ષણ યથાર્થ થયું નહિ. '**માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી પણ જીવનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ થતું નથી.**' આહા..હા..!

'**ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપ્યું હોવાથી...**' લ્યો! આહા..હા..! જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવું જે લક્ષણ સર્વ જીવોમાં રહે છે. '**અવ્યાપ્તિદોષથી રહિત છે,...**' કોઈ વખતે હોય અને કોઈ વખતે ન હોય એમ નથી. સર્વ જીવમાં વ્યાપે છે. આહા..હા..! '**અને જીવ સિવાય કોઈ દ્રવ્યમાં નહિ વ્યાપતું હોવાથી અતિવ્યાપ્તિદોષથી રહિત છે; વળી તે પ્રગટ છે;...**' ચૈતન્યલક્ષણ પ્રગટ છે. આહા..હા..! '**તેથી...**' જુઓ! પહેલું કહ્યું હતુંને કાલે? આશ્રય કરવાથી જીવનું યથાર્થ. વર્ણાદિ ભાવોનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું નથી. નકારથી હતું. હવે '**તેથી તેનો જ આશ્રય કરવાથી...**'

અસ્તિ લીધું. આહા..હા..! જાણક સ્વભાવ દ્વારા આત્મા જણાય, જ્ઞાનની પર્યાય દ્વારા જણાય. સમજાણું કાંઈ? સમકિતની પર્યાય, જ્ઞાનની પર્યાય, ચારિત્રની પર્યાય, એ બધી નિર્મળ પર્યાય એના વડે જ્ઞાનપર્યાય વડે જણાય. આહા..હા..!

'**તેથી તેનો જ આશ્રય કરવાથી...**' ચૈતન્યલક્ષણનો જ આશ્રય કરવાથી '**જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે.**' આહા..હા..! કેવી વાત કરી જુઓ! હવે આ લોકો કહે વ્રત પાળવા, તપસ્યા કરવી, ભક્તિ કરવી. એ તો રાગ છે એનાથી જણાય. તો એ તો કહે છે કે એનું લક્ષણ નથી, એની જાત નથી એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર એકાંત થઈ જાય છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય. વ્યવહાર હો, પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે વ્યવહાર હોય છે, પણ એ વ્યવહારથી નિશ્ચય પમાય છે એમ નથી. આહા..હા..! આવી વાત! હોય છે અને એનાથી પમાતું નથી. રાગ છેને? પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પણ અલ્પતા છે તો રાગ હોય છે, પણ એ રાગ સાધન છે અને રાગથી આત્માને લાભ થાય એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** મંદ રાગથી લાભ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મંદ રાગ એ રાગ છે. લાભ શું થાય? પુણ્ય બંધાય. અબંધસ્વભાવ હાથ ન આવે એમાંથી. આહા..હા..! કો'ક આ કહેતું હતું ત્રણ-ચાર દી પહેલાં. ૩૫-૩૫ વર્ષના જુવાન ત્રણ. સણોસરા. બસમાં આવી ગયા. અહીં કોઈ કહેતું હતું. ત્રણ, ચાર હતા એમાં એક બચી ગયો વળી. ત્રણ જુવાન ઓલામાં જાતા હશે આ શું કહેવાય? રીક્ષા. રીક્ષા આમ જાતી હશે અને એમાં ઓલી બસ આવી. ચડી ગઈ એના ઉપર. આહા..હા..! ત્રણ જણા ૩૫-૩૫ વર્ષના. જુઓ! આ દેહસ્થિતિ. એ દેહસ્થિતિ એટલી જ હતી. એ અકસ્માત છે નહિ કાંઈ. આહા..હા..! દેહનું આયુષ્ય જ એટલું હતું. એ તો નિમિત્ત છે બસ તો. આહા..હા..! હવે એને ૩૫-૩૫ વર્ષના છોકરા. કેટલી આશાઓ હશે અને કેટલું આમ કરશું ને.. આહા..હા..! આ જીવન. ઘણાં તો મરીને ઢોર થાય. આહા..હા..! પશુમાં જાય બિચારા. આર્ય માણસ હોય એટલે માંસ ને દારૂ હોય નહિ, ધર્મ હોય નહિ. આહા..હા..! અને ધર્મનું પઠન-પાઠન, શ્રવણ એ ન હોય એટલે પુણ્ય પણ ન હોય. આહા..હા..! આ સંસારમાં આખો દીના પાપ અને એમાં દેહ છૂટી જાય. ઘણાં જીવો.. ભગવાન તો એમ કહે છે પશુમાં અવતરે. કારણ કે સંખ્યા મોટી છે. પશુ પંચેન્દ્રિય જીવો અસંજ્ઞી અને સંજ્ઞી ઘણા જીવો છે. આહા..હા..! એને આવા ટાણે જો આ સમજ્યો નહિ અને બહારના કામમાં રોકાણો, અવસર ચાલ્યો જશે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી આશા હશે બિચારાને. ... શું કીધું? રીક્ષા.

**શ્રોતા :-** નવી રીક્ષા લાવ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, લાવ્યા હોય, નવી હોય તો શું થયું? આહા..હા..! સ્થિતિ પૂરી થાય ત્યાં એટલું જ દેહમાં રહેવાનું હતું. એ અકસ્માત તો લોકો જાણે. ભગવાન તો

કહે તે સમયે દેહ છૂટવાનો હતો. ભગવાનના જ્ઞાનમાં છે કે નહિ? આહા..હા..! હવે એને ક્યાં આ સમજવું? અને ધર્મને નામે આવે તો મળે બિચારાને કુધર્મ ને બહારના.. આહા..હા..!

**શ્રોતા :-** દેશનું ભલું થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ દેશનું ભલું કરતો હતો? દેશનું ભલું કરવું છે લોકોને. કોનો દેશ? ક્યાં દેશ? તારો ક્યાં હતો? એ તો પરક્ષેત્ર છે. તારો દેશ તો અહીં છે અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા.

**શ્રોતા :-** એ તો નિશ્ચયનો, ઓલો વ્યવહારનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર એ તો કહેવાનો છે વ્યવહાર, છે નહિ. આહા..હા..! અમારું ગામ છે આ એમ કહેતા નથી? એ ગામ એનું છે? ગામ તો ગામનું છે. આહા..હા..! કોના દેશ? કોના પાદર? પ્રભુ! અહીં તો રાગ તારો નથી તો વળી દેશ ક્યાંથી આવ્યો? આહા..હા..! રાગ એ ઉપાધિ સંયોગી ભાવ છે, એ કાંઈ સ્વભાવભાવ નથી. ચૈતન્યલક્ષણ એ સ્વભાવભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આનંદ એનું લક્ષણ ન કહ્યું, કેમકે ચૈતન્યની પર્યાય પ્રગટ છે એ અપેક્ષાએ કહ્યું છે. સમજાણું કાંઈ?

આમ તો પંચાસ્તિકાયમાં તો ઉત્પાદ-વ્યય બધા લક્ષણ છે એવું કહ્યું છે એ તો વસ્તુને સિદ્ધ કરવા. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પણ જીવનું લક્ષણ છે એટલે કે એની પર્યાયમાં થાય છે એવું સિદ્ધ કરવું છે. ત્યાં એમ લીધું છે. અહીંયાં તો વાસ્તવિક જે ત્રિકાળી ધર્મ જેનાથી થાય એને અહીં લક્ષમાં લેવું છે. ઓલામાં તો વસ્તુ સિદ્ધ કરવી હતી. રાગાદિ એની દશામાં થાય છે. ઉત્પાદ છેને બધો? અનંત ગુણનો વિકારી ભલે ઉત્પાદ, પણ એ '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' છેને? ત્યાં એને લક્ષણ કહ્યું છે. આહા..હા..! એ જુદી ચીજ છે. એ લક્ષણથી તો વસ્તુની સ્થિતિની મોજૂદગી સિદ્ધ કરવી છે અને અહીંયાં તો એનું સ્વરૂપ જે ત્રિકાળી છે.. આહા..હા..! એને જ્ઞાનના લક્ષણે પકડવું છે એ અહીં લક્ષણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં લક્ષણ કહ્યું, ભાઈ! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ એનું લક્ષણ છે. ઉત્પાદ અનંત વિકારી થાય એ એનું લક્ષણ છે. આહા..હા..! એટલે? એનાથી ફક્ત વસ્તુ શું છે ચૈતન્ય એની સિદ્ધિ કરવી છે; પણ અહીંયાં તો ચૈતન્યનો જે ત્રિકાળી સ્વભાવ છે એ જ્ઞાનની પર્યાયે જણાય એવો છે, રાગથી જણાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેનો જ આશ્રય કરવાથી જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે.'**

**'હવે, જો આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તોપણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે? એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે :-'** આહા..હા..! જાણગ... જાણગ... જાણગ... સ્વભાવ એનું લક્ષણ પ્રગટ છે અને એનાથી જણાય એવું એ તત્ત્વ છે, છતાં લોકો અજ્ઞાનમાં કેમ આ લક્ષણને જાણતા નથી? આહા..હા..! **'આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે:-'** હજી વિકલ્પ છેને? આહા..હા..! શ્લોક-૪૩.

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।

આહા..હા..!

'**શ્લોકાર્થ :- આમ પૂર્વોક્ત જુદાં લક્ષણને લીધે જીવથી અજીવ ભિન્ન છે...**' ભગવાન આત્મા રાગ એ અજીવ છે. આહા..હા..! એનાથી જીવ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જીવથી અજીવ જુદો છે. '**स्वयमुल्लसन्तम्**' '**તેને (અજીવને) તેની મેળે જ (-સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું-પરિણમતું જ્ઞાની પુરુષ અનુભવે છે,...**' એટલે રાગ અને આત્માના ભાવ-સ્વભાવથી તે ભિન્ન અનુભવે છે. આહા..હા..! ધર્મી જીવ જ્ઞાનસ્વભાવી આત્માને અનુભવતાં રાગસ્વભાવ ભિન્ન રહી જાય છે. આહા..હા..! જ્ઞાનના અનુભવમાં રાગનો ભાવ આવતો નથી. આહા..હા..! '**स्वयमुल्लसन्तम्**' આવ્યું હતુંને? '**स्वयमुल्लसन्तम्**' આહા..હા..! એ અહીંયાં આ હતો રાગ, એ ભિન્ન છે તેમ ભાન છે. આહા..હા..!

આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને જ્ઞાનથી અનુભવતાં રાગ તે ભિન્નપણે રહી જાય છે. એ જીવના અનુભવમાં આવતો નથી, માટે તે રાગ જીવ નથી. આહા..હા..! રાગ એટલે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના ભાવ, શાસ્ત્રનું ભણતર કરવું રાગ એ બધો રાગ છે. આહા..હા..! એ રાગને ધર્માત્મા જ્ઞાનલક્ષણે લક્ષિત અનુભવ થતાં રાગને જ્ઞાનના અનુભવથી ભિન્ન અનુભવે છે, ભિન્ન જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**जीवात् अजीवम् विभिन्नं**' એ અજીવ '**स्वयमुल्लसन्तम्**' એમ. આહા..હા..! '**(અજીવને) તેની મેળે જ (-સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું-પરિણમતું જ્ઞાની પુરુષ અનુભવે છે,...**' એટલે કે જાણે છે. આહા..હા..! ધર્મી જીવ એને કહીએ કે જે જ્ઞાનસ્વભાવે આત્માને જાણતાં જ્ઞાનનો, આનંદનો અનુભવ થાય, તેનાથી રાગ ભિન્ન રહી જાય એમ અજીવને જ્ઞાનથી-આત્માથી જુદો જાણે છે. આહા..હા..! આમ અજીવ જુદું-જુદું એમ નહિ એમ કહે છે. એના અનુભવમાં અજીવ આવતો નથી એથી એ જુદો જાણે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ, પુણ્ય, દયા, દાનનો વિકલ્પ એ અજીવ કેમ છે? કે ચૈતન્યના લક્ષણે આત્માને અનુભવતાં એ રાગનો ભાવ ચૈતન્યના અનુભવમાં આવતો નથી. એ ભિન્નપણે રહી જાય છે માટે તે અજીવ છે એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! આવી વાત ઝીણી. એક તો નવરાશ હોય નહિ, સાંભળવા કો'ક દી સાંભળે કલાક, તે મારી બધી વાતું આનાથી આમ થાય અને આનાથી આમ થાય, એવી વ્યવહારની વાતું કરે. એમાં આ નિશ્ચય. એ ભગવાને કહેલો હોં! આહા..હા..!

ધર્મી જીવ એને કહીએ કે જ્ઞાનલક્ષણે આત્માને અનુભવતાં... આહા..હા..! એના જ્ઞાનના વેદનમાં આનંદનું વેદન જોતાં રાગનું વેદન ભિન્ન રહી જાય છે. આહા..હા..! તેથી તે રાગ, દયા, દાન, વ્રતાદિનો ભાવ એને અજીવમાં ગણવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું! **'તોપણ અજ્ઞાનીને...'** **'निरवधि-प्रविजृम्भितः अयं मोहः'** જેની મર્યાદા નથી એવો ફેલાયેલો આ મોહ. આહા..હા..! એટલે જ્ઞાનાનંદ સ્વભાવ અને રાગ, બેને એકપણાની ભ્રાંતિથી. આહા..હા..! જાણકસ્વભાવ આત્મા અને રાગ અજાણસ્વભાવ અજીવ, અજ્ઞાનીને બેની એકપણાની ભ્રાંતિ, અરે..! આ કેમ નાચે છે? આહા..હા..! આ શું થયું છે? આવી ચીજ છેને! કહે છે. જ્ઞાનસ્વભાવથી જણાય એવો પ્રભુ છેને. એને આ રાગની એકતા શું પરિણમી-નાચી રહી છે! જીવ ને અજીવ બે એક થઈને કેમ પરિણમી રહ્યા છે? કહે છે. આહા..હા..! એ **'नानटीति'** એનો અર્થ કર્યો છે ભાઈ ત્યાં. ... આ શબ્દનો અર્થ. .. રાગ નાચે છે કહે છે. મગજમાં તે વખતે એમ આવ્યું હતું. મડદું છેને ... લાશ છે એ લાશ. ચૈતન્ય ભગવાન તો અરૂપી આનંદકંદ છે. એના જ્ઞાનના અનુભવમાં રાગ તો ભિન્ન છે. આ અજ્ઞાનીને આવું મડદું કેમ નાચી રહ્યું છે? એમ કહે છે. જેમાં ચેતનપણું નથી, આહા..હા..! એવો રાગનો ભાગ કેમ થઈ રહ્યો છે? કહે છે. આહા..હા..! જીવતી જ્યોત પ્રભુ ચૈતન્ય, એને ભૂલીને આ રાગની એકતાબુદ્ધિ કેમ એને ઉત્પન્ન થઈ? કહે છે. આ ચૈતન્યની સાથે મડદાને કેમ ભેગા કર્યા? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અમૃતચંદ્રાચાર્યનો કળશ છે. દિગંબર સંત એક હજાર વર્ષ પહેલાં થયા છે. કુંદકુંદાચાર્ય મહારાજ બે હજાર વર્ષ પહેલાં. દિગંબર સંત. આ અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પહેલાં (થયા) એની આ ટકા છે. અરે..! એને કહે છે કે આ શું થયું પણ આ? આહાહા..! અરે..! રાગ ને ચૈતન્ય એક આ કેમ થઈ ભ્રાંતિ? આહા..હા..! તદ્દન ભગવાન ભિન્ન, રાગ ભિન્ન, જીવસ્વરૂપ ને અજીવસ્વરૂપ બેય ભિન્ન તદ્દન અને એમાં જ્ઞાન અને રાગની એકતા બુદ્ધિ, કેમ મોહ નાચી રહ્યો છે? આહા..હા..! મિથ્યાત્વ કેમ આ થઈ રહ્યું છે? ભાવમાં મિથ્યા છે. આહા..હા..! એમાં તો લખ્યું છે એણે, નિમિત્તને લે છે અને ઉપાદાનને માને છે તે જ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વને સમકિત માને છે. એમ લખ્યું છે. શું થાય? સ્વતંત્ર જીવ છે ને. આહા..હા..!

**શ્રોતા :-** મૂર્ખાય કરવામાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વતંત્ર છેને. અહીં તો એ જ કહે છે. અરે..! અજ્ઞાનીને આ શું થયું છે? **'निरवधि'** અનાદિનો આવો મોહ શું નાચી રહ્યો છે? આહા..હા..!

**શ્રોતા :-** આ પુસ્તક એની પાસે નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુસ્તક હોય. એ પુસ્તકથી જ્ઞાન થાય છે કે વાંચવાથી થાય છે કે નહિ? અને તમે કહો કે થતું નથી, એમ કહે છે. આહા..હા..! ભાઈ! એ વાંચવાથી થતું

નથી. એ જે જ્ઞાનની પર્યાય થાય છે એનો જ્ઞાનગુણનો પર્યાય ઉત્પન્નનો કાળ છે તેથી થાય છે, ત્યાં શબ્દોથી, વાંચવાથી (જ્ઞાન થતું) નથી; અને તે પણ પરલક્ષી જ્ઞાન એ કંઈ સમ્યગ્જ્ઞાન નથી. આહા..હા..! આહા..હા..!

જ્ઞાનના લક્ષણે જ્ઞાનને-આત્માને અનુભવતાં જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! એની જાતનો નમૂનો પ્રગટે. આહા..હા..! આ ધોકડા છે, લોઢાના ઓલા હોય છે, પણ અંદર અવકાશ છે. લોઢું હોય છેને? તોપણ થોડો અવકાશ છે. અંદર આકાશના પ્રદેશ થોડો થોડો અવકાશ છે, તદ્દન એકમેક નથી અને આ તો ભગવાન જ્ઞાન અને આનંદથી એકમેક છે. એમાં જરીએ આકાશના પ્રદેશનો અવકાશ નથી. આહા..હા..! એવો ઘન છે. વિજ્ઞાનઘન છે. એમાં ક્યાંય આકાશના પ્રદેશને અવકાશ ને ભિન્નતા નથી. આહા..હા..! ખરેખર તો આ હીરા-માણેક છેને? એઈ..! આ ઝવેરી રહ્યા. એ હીરા-માણેકમાં અંદર થોડી ઝીણો આકાશના પ્રદેશનો અવકાશ હોય છે. તદ્દન આમ થઈ ગયેલ નથી; અને આત્મા જ્ઞાનઘન આનંદકંદ છે, એમાં ક્યાંય અવકાશ નથી આકાશનો. આહા..હા..!

અરે..! આવા આત્માને રાગસહિત અમર્યાદ ફેલાયેલો મોહ-મોહ. '**(અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ) કેમ નાચે છે...**' ઓહોહો..! '**अहो बत**' '**એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે!**' કહે છે. વિકલ્પ છેને હજી. ધર્માત્મા સંત છે, મોક્ષગામી છે, અલ્પકાળમાં જેને મોક્ષ છે. દિગંબર સંત તો અલ્પકાળમાં જેને કેવળજ્ઞાન છે. આહા..હા..! એ એમ કહે છે, અરે..! અમને જરી (ખેદ થાય છે કે) આ શું થયું પણ આ? આવો ભગવાન ચૈતન્યબિંબ ભિન્ન છે, એને આ રાગ સાથે એકપણું માનીને આ શું થયું છે તને? અને અમને તો ખેદ થાય છે. આહા..હા..!

'**अहो बत**' '**મહા આશ્ચર્ય છે...**' '**अहो**' નો અર્થ. '**बत**'નો અર્થ '**ખેદ છે!**' આશ્ચર્યસહિત ખેદ છે. આહા..હા..! ચૈતન્યબિંબ પ્રભુ અંદર મોજૂદગી ચીજ છે અસ્તિ. સત્... સત્... ધ્રુવ... એવી ધ્રુવ ચીજને ન જાણતાં એને આ રાગ સાથે એકતાની બુદ્ધિનું પરિણમન બેનું એકપણાનું, આ શું થયું તને આ? આ તો આશ્ચર્યની વાત છે. ભગવાનને રાગ સાથે એકતાનો અનુભવ એ તો આશ્ચર્ય છે. આશ્ચર્ય છે માટે ખેદ અમને થાય છે. પ્રશસ્ત-અપ્રશસ્ત. પ્રશસ્ત ખેદ છે. શુભરાગ છેને. આહા..હા..!

'**વળી ફરી મોહનો પ્રતિષેધ કરે છે અને કહે છે કે જો મોહ નાચે છે તો નાચો!**' આહા..હા..! પણ ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ તે જ્ઞાયક જ છે. સમજાણું કાંઈ? એની માન્યતામાં ભલે રાગની એકતાથી સ્વપરની એકતાબુદ્ધિથી રાગ મોહ નાચે, પણ વસ્તુ તો વસ્તુ રહી છે. આહા..હા..! ૪૪.

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।

रागदिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।४४।।

'अस्मिन् अनादिनि महति अविवेक-नाट्ये' આમાં અર્થ હશે. **'આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં...'** આહા..હા..! રાગ અને આત્મા એક એવું મોટું અવિવેકનું નાટક છે કહે છે. આહા..! અવિવેકનું. ભિન્ન પાડવાનું નહિ, આ તો એકતાનું નાટક છે. આહા..હા..! **'અનાદિ કાળના મોટા અવિવેક...'** આહા..હા..! ચૈતન્યબ્રહ્મ પ્રભુ આનંદનો નાથ આત્મા, એને આ રાગ સાથે અવિવેકપણું એટલે એકપણું એવા નાચમાં **'વર્ણાદિમાન પુદ્ગલ જ નાચે છે,...'** આહા..હા..! જ્ઞાયકસ્વભાવ વસ્તુ તો જ્ઞાયકસ્વભાવ છે અને આ રાગ ને રંગ નિગોદથી માંડીને પંચેન્દ્રિય સુધી, આહા..હા..! એ બધા પુદ્ગલ જ નાચે છે. ભગવાન તો જ્ઞાયકભાવે રહ્યો છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે?

એ તો જ્ઞાનસ્વભાવસ્વરૂપ પ્રભુ છે એ રાગ ને રંગમાં અચેતનમાં ક્યાં જાય? આહા..હા..! એ ચૈતન્ય પ્રભુ તો ચૈતન્યપણે જ છે અને આ રાગાદિનો જે નાચ છે એ તો બધો પુદ્ગલનો નાચ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પુદ્ગલથી થયા તે પુદ્ગલ છે એમ કીધું. જડ પુદ્ગલ છે તેના પૂર્વક થયા વિકારો એ બધા પુદ્ગલ જ નાચે છે. આહા..હા..! શુભભાવ થયો એ પુદ્ગલનું પરિણમન, અશુભ થયો એ પુદ્ગલની જાત, શુભનું ફળ આવ્યું સ્વર્ગ એ જડની જાત, અશુભનું ફળ આવ્યું નરક, તિર્યંચ એ અજીવની જાત. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહુ ઝીણો, બાપુ! જિનવરદેવ એવો માર્ગ ક્યાંય છે નહિ. આ શૈલી જ નથીને આ વસ્તુની, આહા..હા..!

કહે છે, એ વસ્તુ જે છે.. એ તો ઓલામાં નથી આવ્યું ૨૦૦ ગાથામાં? પ્રવચનસાર. એ તો અનાદિનો જ્ઞાયક જ રહ્યો છે. ૨૦૦ ગાથા. એટલે? એ જ્ઞાનસ્વભાવસ્વરૂપ, વસ્તુ જ્ઞાનસ્વભાવસ્વરૂપ એ તો જ્ઞાયક જ રહ્યો છે. એ નાચતો નથી, પુદ્ગલની પર્યાય નાચે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો જીવ-અજીવ અધિકાર છેને. જીવસ્વરૂપ તો જ્ઞાયકભાવપણે રહ્યો છે અને આ પુણ્ય ને પાપના ભાવ ને રંગ-રાગ એના ફળ આ, એ બધો પુદ્ગલનો નાચ છે. આહા..હા..! આ શરીર ને વાણી ને આ બધું એ પુદ્ગલનો નાચ છે. આહા..હા..!

'पुद्गलः एव नटति' એમ છેને? પુદ્ગલ જ નાચે છે. પણ પરિણતિ રાગની એની છેને? સાંભળને હવે, કહે છે. આહા..હા..! એ રાગની દશા એ સ્વભાવ તારો નહિ. એ ચૈતન્યની જાત નહિ, એ અચેતન પુદ્ગલ છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલ છે એમ કહે છે. આહા..હા..! છે? **'અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં વર્ણાદિમાન પુદ્ગલ જ નાચે છે,...'** વર્ણ, ગંધ, રંગના રાગાદિ ભાવ એ પુદ્ગલ જ છે. આહા..હા..! ચૈતન્યસૂર્ય તો ચૈતન્યપણાના સ્વભાવમાં જ અનાદિ છે. સમજાણું કાંઈ? આ બધા પડદા. સ્વર્ગમાંથી પશુમાં જાય અને પશુમાંથી નરકમાં

જાય. આહા..હા..! એ તો એ બધા પુદ્ગલના ઠાઠ છે. પુણ્યનો ભાવ કરે, પાપનો ભાવ થાય એ તો બધા પુદ્ગલના નાચ છે. ભગવાન તો જ્ઞાયકભાવે રહ્યો ત્રિકાળી. એ તો કહ્યું છેને કે શુભાશુભભાવે થયો જ નથી. થાય તો જડ થઈ જાય. કેમકે આ તો જાણકસ્વભાવ અને શુભાશુભભાવ અચેતનસ્વભાવ. એ જાણકસ્વભાવ અચેતનપણે થાય તો તો જડ થઈ જાય. તો એ જડપણે થયો જ નથી. આહા..હા..! એ પુણ્ય-પાપપણે અને એના ફળ પણે થયો એ તો પુદ્ગલનું થયું છે, એ પુદ્ગલના નાચ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત કરી છેને!

'**(અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે,...**' શું કહે છે? આહા..હા..! ભગવાન આત્મા તો શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. આવ્યું હતુંને સવારમાં? શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. અભેદ સ્વભાવ કહો કે એક સ્વભાવ કહો. સમજાણું કાંઈ? જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ તે એકરૂપ, એકરૂપ પવિત્ર અને જ્ઞાનમૂર્તિ એકસ્વભાવરૂપ એ તો ત્રિકાળ છે. આહા..હા..! એમાં અનેકપણું... આહા..હા..! શુભ-અશુભભાવ ને એના ફળ ને એના સંયોગ ને આહા..હા..! રાજા થાય ને રંક થાય ને નારકી થાય ને તિર્યંચ થાય ને કીડી થાય ને કાગડો થાય ને.. આહા..હા..! એ બધા પુદ્ગલના નાચ છે, ભાઈ! એ ચૈતન્ય ક્યાં આવ્યો એમાં? આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો જેને સત્ય સમજવું હોય એની વાત છે. વાદવિવાદ કરીને બેસે તો આ વાત (પાર પડે નહિ). અહીં એમ કીધું જુઓ! રાગ-દ્વેષ એ પુદ્ગલ છે એમ કીધું. તો તમે તો કહો કે નિમિત્તથી થાય નહિ અને આમાં નિમિત્તથી થાય એમ લખ્યું છે. એય..! પુણ્ય ને પાપ બધાં પુદ્ગલથી થયા છે એમ કહ્યું. તો નિમિત્તથી થાય નહિ કહો છો ને અહીં નિમિત્તથી થયું. કઈ અપેક્ષાએ વાત છે, ભાઈ? આશ્રય કરીને થયો તો એની જાતના છે એમ કહ્યું. છે તો પોતાની પર્યાય નિમિત્તને વશે થયેલી, પણ એ નિમિત્તને વશે થયેલી તે નિમિત્ત પુદ્ગલ છે તો એને વશે થયેલો ભાવ પુદ્ગલમાં નાખ્યો, ત્રિકાળ સ્વભાવનો આશ્રય લેવા માટે. આહા..હા..! હવે અહીં કહે કે પુદ્ગલ નાચે છે. રાગ એ પુદ્ગલ થયા. તમે કહો કે કર્મને લઈને રાગ થાય નહિ. અરે.. ભગવાન! સાંભળને ભાઈ! એમ કે વિકાર થાવ તો થાવ પુદ્ગલને લઈને, એમ. એય..! આવી વાત છે. એ અશુદ્ધ ઉપાદાન એને વ્યવહાર ગણી અને કર્મ નિમિત્ત છે એ વ્યવહાર ગણી બેને એક ગણીને કાઢી નાખ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અભેદ જ્ઞાનમાં...**' એટલે કે એકરૂપ જ્ઞાનમાં. જ્ઞાનસ્વરૂપ પ્રભુ જ્ઞાનસ્વભાવરૂપ એકરૂપ વસ્તુ ધ્રુવ. એમાં રાગાદિ ભાવ એ બધા પુદ્ગલ છે. આહા..હા..! અજીવ છે એ. અજીવનો નાચ હો તો નાચો, પણ જીવ તો છે એ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ટીકાના શબ્દો અને એનો વિકલ્પ બધું પુદ્ગલ છે એમ કહ્યું. ભગવાન તો જ્ઞાયકસ્વભાવ છે એ વિકલ્પમાં ક્યાં આવે છે? આહા..હા..! એમ કહે છે. જુઓ! ટીકા લખવા વખતનો

વિકલ્પ અને આ શબ્દોનું થવું એ બધું એક ગણીને પુદ્ગલ નાચે છે એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી, જ્ઞાતા-દૃષ્ટાના ભાવથી પરિપૂર્ણ ભાવવાળો એકસ્વભાવી, પૂર્ણ સ્વભાવમાં એક જ સ્વભાવ છે એનો, ભેદરૂપી સ્વભાવ પણ નહિ. આહા..હા..! એવો જે ચૈતન્યસ્વભાવવસ્તુ જીવ-આત્મા, એને છોડીને પુણ્ય ને પાપના ભાવ અને એના ફળ એ બધા પુદ્ગલનો નાચ છે, કહે છે. આહા..હા..! કેમકે એ નીકળી જાય છે. એની જાતના હોય તો નીકળે નહિ. એની જાતથી વિરુદ્ધ જાતના છે તેથી તેને અજીવ કહીને પુદ્ગલના કહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. અરે..!

નિમિત્તથી થાય નહિ તો આ શું કીધું? પુદ્ગલથી વાણી થાય, પુદ્ગલથી રાગ થાય. ભાઈ! કઈ અપેક્ષા કહી? બાપુ! શુદ્ધ ઉપાદાન જ્ઞાયકભાવમાં એ ચીજ નથી. આહા..હા..! તેથી અશુભ ઉપાદાનની દશાને પુદ્ગલના પૂર્વક એ ભાવ થવાથી તેને પુદ્ગલનો નાચ કહ્યો. એથી એમ ન માનવું કે એ પુદ્ગલને લઈને વિકાર થયો, પુદ્ગલનો ઉદય આવ્યો માટે વિકાર થયો, એમ નહિ. પુદ્ગલપૂર્વક થયેલા ભાવ એને પુદ્ગલ ગણ્યા. ભલે એનો પુરુષાર્થ એને વશ થવાનો ઊંધો પુરુષાર્થ થયો છે તો એનાથી, પણ એ ઊંધા પુરુષાર્થની દશા સ્વભાવમાં નથી. જ્ઞાયકસ્વરૂપમાં ક્યાં છે? એ તો ચૈતન્યદળ છે. જ્ઞાનના શક્તિનું એ તો સત્ત્વ છે. આહા..હા..! જેમાં વિકલ્પનો પ્રવેશ થાય એવું પોલાણ નથી. સમજાણું કાંઈ? દયા, દાનના વિકલ્પ પ્રવેશ કરે એવી એ ચીજ નથી. એ તો ભિન્ન ચીજ છે. નિત્ય ધાતુ ભગવાન ચૈતન્યરસ એની અપેક્ષાએ જે રાગાદિ ભાવ એ ત્રિકાળમાં નથી માટે ત્રિકાળી વસ્તુ નથી એમ ગણીને પુદ્ગલ નાચે છે એમ કહ્યું છે. ભગવાન આત્મા ક્યાં નાચે! આહા..હા..! આમાં તકરારું કરે, વાંધા ઊઠાવે. જુઓ, પુદ્ગલનો નાચ કીધો છેને? તો વિકાર-સંસાર પુદ્ગલને લઈને છે. એ ઉદયભાવ સંસાર એ પુદ્ગલ ગણ્યા, બાપુ! આહા..હા..! એને કહીને કહે છે. આહા..હા..! પુદ્ગલ જ અનેક પ્રકારે નાચે છે. આહા..હા..! **'જીવ તો અનેક પ્રકારનો છે નહિ;...'** જોયું! **'આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકારોથી વિલક્ષણ, શુદ્ધ ચૈતન્યધાતુની મૂર્તિ છે.'** આહા..હા..! વિશેષ કહેવાશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૬, શનિવાર, તા. ૩-૦૭-૧૯૭૬, કળશ-૪૪, ૪૫, પ્રવચન નં. ૧૧૪

૪૪ કળશનો ભાવાર્થ છે. આત્મામાં થતાં જે પુણ્ય-પાપના ભાવ, રાગ ને દ્વેષ આદિ એ '**ચિત્વિકાર ચૈતન્યનો વિકાર દેખીને એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે,...**' જીવ-અજીવ અધિકાર છેને. એટલે ચૈતન્યની પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કામભાવના પરિણામ થાય એ ચિદ્ જ્ઞાનનો વિકાર છે એથી આત્માના છે એમ ભ્રમ ન કરવો. એનો તો અર્થ એ થયો કે જ્યાં રાગને વ્યવહાર સાધન કહ્યું છે નિશ્ચયવાળાને, એ પણ સાધન નથી. સાધન છે એમ ભ્રમ ન કરવો.

**શ્રોતા :-** આ અર્થ નીકળે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અર્થ નીકળે છે કે નહિ? જુઓ! બધા શેઠ છેને. શરાફ છેને શરાફ. આહા..હા..!

**શ્રોતા :-** કસોટીએ ચડાવે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કસોટીએ ચડાવે ત્યારે શરાફ લે. આહા..હા..! અત્યારે ઝઘડો એ આવ્યો છેને એમાં, નિશ્ચય અને વ્યવહારના ઝઘડા. એમ કે આ વ્યવહાર સાધન છે, (વ્યવહાર) કરતાં-કરતાં નિશ્ચય થાય. એ કોને કહેવાય? અજ્ઞાનીને તો રાગ છે એ તો એનો પોતાનો છે એમ માન્યો છે એ બંધનું કારણ છે, એ સાધન ક્યાંથી થયું? આહા..હા..! અંતર સ્વરૂપનું જેને... કહેશે આગળ, ચૈતન્યનો અનુભવ તો નિરાકુળ છે. એમાં છે છેલ્લું. આહા..હા..! બહુ સરસ (વાત) લીધી છે.

'**રાગાદિ ચિદ્વિકારને દેખી એવો ભ્રમ ન કરવો...**' આહા..! આનંદનો નાથ પ્રભુ, જ્ઞ-સ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી આત્મા એના વિરૂદ્ધનો વિકાર દેખીને ચૈતન્યના છે તેમ ભ્રમ ન કરવો. આહા..હા..! અને એ ચૈતન્યસ્વભાવના સાધક છે એમ ભ્રમ ન કરવો. સમજાણું કાંઈ? આહા..હા..! એનું સાધન તો સ્વભાવનો નિરાકુળતા અનુભવ તે કાર્ય-પરમાત્માનું સાધન છે. સમજાણું કાંઈ? વ્યવહાર સાધન કહ્યું છે એ તો... કહ્યું છેને જુઓ! કેટલું સ્પષ્ટ કર્યું છે ટોડરમલે કે વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો એ તો માર્ગ તો બંધમાર્ગ છે, પણ નિશ્ચયમોક્ષમાર્ગ જ્યાં આત્માને સ્વ-આશ્રયે નિરાકુળ આનંદના અનુભવથી જે નિશ્ચય-સાચો માર્ગ પ્રગટ્યો છે એને પણ રાગનો ભાવ છે તો આકુળતા, પણ તેને નિમિત્ત દેખીને વ્યવહારથી ઉપચાર કરીને તેને મોક્ષમાર્ગ કહ્યો છે. આહા..હા..! આટલી તો વાત સ્પષ્ટ કેટલી કરી છે! અને

બીજી વાત ત્યાં કરી છે કે વ્યવહારે કહ્યું હોય ત્યાં નિમિત્તાદિની અપેક્ષાથી જાણવું. આહા..હા..!

**શ્રોતા :-** નથી, પણ નિમિત્તાદિની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પછી લીધું છે. પહેલાં આ સ્પષ્ટ કરીને.

વ્યવહાર-નિશ્ચયનું સર્વત્ર લક્ષણ આ જાણવું કે જ્યાં નિશ્ચય સ્વનો આશ્રય આનંદ આદિ પ્રગટ્યો છે એને જે રાગ સાથે છે એને સહચર સાથે દેખીને વ્યવહારથી, ઉપચારથી એને મોક્ષમાર્ગ આરોપણ કરીને કહ્યું છે. આહા..હા..! એમ સર્વત્ર આ લક્ષણ જાણવું એમ લખ્યું છેને. નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર.. બહુ યથાર્થ. આહા..હા..! એ ગૃહસ્થાશ્રમમાં ટોડરમલજી જેવાએ આવી વાત કરી. અત્યારના સાધુ અને પંડિતને બેસે નહિ. વ્યવહારથી પણ થાય, વ્યવહારથી પરંપરાએ શાસ્ત્રમાં લખ્યું છે. કોને? અને કઈ રીતે? જે રાગ આત્માનો સ્વભાવ જ નથી. એમ અહીં તો સિદ્ધ કરવું છેને જુઓ! ચૈતન્યનો વિકાર દેખીને ચૈતન્યના છે એમ ભ્રમ ન કરવો. એ પણ ચૈતન્ય જ છે એમ ન માનવું. આહા..હા..! 'કારણ કે **ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય.**' આહા..હા..! જ્ઞાનની દશા ચૈતન્યની દરેક અવસ્થા વિષે વ્યાપે છે. તો જ્ઞાન તેનું લક્ષણ અને સ્વરૂપ ચૈતન્યનું કહેવાય. આહા..હા..! મોટી તકરાર.

**શ્રોતા :-** એમાં સમાધાનનો રસ્તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બધા રસ્તા સમાધાનના ચાલે છે, પણ સાંભળવા ક્યાં છે એને. એને પોતાની પક્કડ આડે.. આ શું થાય? ભાઈ! આહા..હા..! બહુ દૂર, ઘણો ફેર, ભાઈ! એ સ્વભાવનો આશ્રય લે તો જલ્દી પહોંચી જાય; અને રાગને જે પરંપરા કહ્યું છે સમકિતી અને જ્ઞાનીને, એ ઉગ્ર આશ્રય લેશે ત્યારે રાગ ટળી જશે એ અપેક્ષાએ પરંપરા વ્યવહારનયથી આરોપણ કરીને કહ્યું છે, ભાઈ! આહા..હા..! બહુ ઝઘડા. અત્યારે વાત એ કે ઓલી વસ્તુ નિશ્ચયસમ્યગ્દર્શન નથી. હવે એને આ ક્રિયાકાંડ ને વ્રત ને તપ ને એનાથી સાધન માનવું છે સાધુને અને પંડિતોને એને મનાવવું છે. ભાઈ! એમ ન ચાલે. ભાઈ! માર્ગ આ તો વીતરાગનો છે. વીતરાગમાર્ગમાં તો વીતરાગી પર્યાયથી જ ધર્મ થાય, રાગથી ન થાય. એ રાગ ચૈતન્ય જ નથી. આહા..હા..! એ જડ છે. જુઓ!

'**રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી, મોક્ષ અવસ્થામાં તેમનો અભાવ છે.**' આહા..હા..! '**વળી તેમનો અનુભવ પણ...**' જુઓ, ભાષા જુઓ. રાગનો અનુભવ એના નથી એમ સિદ્ધ કરવા ન્યાય આપ્યો આ. આહા..હા..! એ રાગનો અનુભવ '**આકુળતામય દુઃખરૂપ છે.**' આહા..હા..! ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ હો પણ એ આકુળતામય-દુઃખરૂપ છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી ગયા. ટાણે આવ્યા છો બરાબર હોં! આવી વાત છે, ભાઈ! કહે છે.. કેવો સિદ્ધાંત મૂક્યો છે? કે રાગનો અનુભવ તો આકુળતામય-દુઃખમય છે. આહા..હા..! ચાહે તો તીર્થંકરગોત્ર બાંધે જે ભાવે,

એ ભાવ દુઃખરૂપ આકુળતા છે. હવે આ કેમ બેસે?

**શ્રોતા** :- સાધ્ય થઈ ગઈને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને લઈને સાધ્ય થઈ છે? એની પોતાની દશા જ એવી છે કે જ્યાં તીર્થંકરગોત્ર બાંધ્યું એની દશા જ એવી છે કે એ આગળ વધીને કેવળજ્ઞાન જ પામશે. આહા..હા..!

તીર્થંકરનું સમકિત અપ્રતિહત હોય છે, ક્ષયોપશમ હોય છે. શ્રેણિક રાજા આદિ તો ક્ષાયિક થઈને આવ્યા, પણ કેટલાક તો ત્રીજી નરકથી આવે અને તીર્થંકર થાય એને ક્ષયોપશમસમકિત હોય છે, છતાં એ પડે નહિ. જ્યારે એ ત્રીજી નરકે જાય ત્યાં એક ક્ષણ પડે એ જુદી વસ્તુ છે, પણ એ ક્ષયોપશમ પણ ક્ષાયિકને જ પ્રાપ્ત કરે એવી સ્થિતિ એની છે. એ પોતાના સ્વભાવનો આશ્રય ઉગ્ર લઈ એને ત્યાં ક્ષાયિક થવાને તીર્થંકરને ક્ષાયિક થવાને શ્રુતકેવળી કે બીજા તીર્થંકરના નિમિત્તની હાજરીની પણ જરૂર નથી ત્યાં. બીજા જે સમકિતી ક્ષાયિક થાય એને શ્રુતકેવળી અને તીર્થંકરની હાજરી હોય. હાજરી હોવા છતાં એનાથી નથી પામતો એ. કારણ કે એનાથી પામે તો ક્ષયોપશમ સમકિતી તો ઘણા બેઠા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ જીવની જેની તૈયારી એટલી છે કે જ્યાં સ્વભાવ તરફ આમ ઢળ્યો, સમીપ નિમિત્ત હો. સમજાણું કાંઈ? પણ એનાથી ક્ષાયિકસમકિત પામતા નથી. આહા..હા..! એ તો ઉપાદાન નિમિત્તમાં લખ્યું નથી?

**શ્રોતા** :- નિમિત્તની વાત બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કહેતા હતા. હવે આવી ઉપાદાન-નિમિત્તની વ્યાખ્યા. હવે એને અત્યારે પંડિત અજીતપ્રસાદ હતો. એ કહે, જુઓ! નિમિત્તની વાત એણે કરી છે એ બરાબર છે. ઉપાદાનની વાત કરી છે એ ઉટપટાંગ છે. અરે..! પ્રભુ! શું કરવું? ભાઈ! આ હોય પંડિત? બાપા! આ પંડિત કહેવાય? પોતાને નુકસાન થાય છે, ભાઈ! બહારની પ્રરૂપણા જગત માને ન માને એ જુદી વાત છે, પણ અસત્યને માનવા.. એને દુઃખ થશે, ભાઈ! અહીં કીધું હતુંને? રાગનો અનુભવ દુઃખ છે. એને તું મોક્ષનું કારણ માન, દુઃખનો અનુભવ એ મોક્ષનું કારણ થાય? પરમાનંદની પૂર્ણ અનુભવદશા તે મોક્ષ. હવે એના કારણ તો અનાકુળ આનંદનો અનુભવ એ એનું કારણ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાશીમાં પણ તેદી કહ્યું હતું. ઉપાદાનને નામે ચાલતા. વિચાર કોટિમાં છે. હતા તમે? એમ કહ્યું હતું. પણ તેદી તો નવું હતુંને એટલે.

**શ્રોતા** :- ઊભા થઈને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના; આ તો બેઠા-બેઠા કહ્યું હતું. બેઠા બેઠા કહ્યું. આમ ઓલું કરીને નહિ, અનાદર કરીને નહિ. પણ એમ કે આ તમે ઉપાદાનથી થાય એ વિચારકોટીનો છે એમ કરીને મીઠી ભાષાથી કહ્યું. બહુ ઓલી નહિ. હવે થોડી આકરી ભાષા આવે છે.

**શ્રોતા** :- ઈ માન્યતા પાકી કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાકી કરી. અરે.. પ્રભુ!

અહીં કહે છે કે રાગનો વ્યવહારરત્નત્રયનો જે અનુભવ એ તો દુઃખમય છે. એ દુઃખમય અનુભવ એ મોક્ષનું કારણ થાય? મોક્ષ જે પરમાનંદ દશા.. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'માટે તેઓ ચેતન નથી,...'** જોયું! રાગનો અનુભવ દુઃખરૂપ છે તે ચેતન નહિ. ચેતન દુઃખરૂપ નથી, ચેતન તો આનંદરૂપ છે. આહા..હા..! શું કહે છે? ચેતન આ છે. આહા..હા..! સમ્યગ્દર્શનનું પરિણમન આનંદમય છે. હા, એ ચૈતન્ય છે. આહા..હા..! જુઓને! કેટલી સ્પષ્ટતા કરી છે! આહા..હા..! આમાં આગ્રહ ઘરનો કરીને અર્થ કરવો એમ ચાલે નહિ, ભાઈ! આ તો ત્રિલોકના નાથનો માર્ગ છે. સર્વજ્ઞ પરમાત્મા એના માર્ગમાં એની રીત હોય તેમ જાણવું જોઈએ. પોતાના સ્વાર્થ માટે એને માન્યું હોય માટે ફેરવવું પડે એ માટે ખોટું કરવું એ ન ચાલે, ભાઈ! પરમાત્મા બિરાજે છે. આ એની કુંદકુંદાચાર્ય લાવ્યા વાણી. આહા..હા..! એના બન્યા શાસ્ત્ર, એના કર્યા અર્થો. આહા..હા..! એ છપાવ્યા તો આ સોનગઢથી છપાવ્યા તો એનો વાંક કાઢે છે બધા; પણ છપાવ્યા ગમે ત્યાંથી છપાવે. અંગ્રેજીમાં છપાવે અંગ્રેજ પોતે. તો શું? એથી કરીને એની ચીજ થઈ ગઈ? આહા..હા..!

અહીં તો બહુ સરસ વાત લીધી છે, ભાઈ! જો વ્યવહાર-રાગ જે છે એ જો મોક્ષનું કારણ હોય તો એ ચૈતન્ય જ નથી. કેમકે રાગનો અનુભવ તે દુઃખરૂપ આકુળતા છે. આકુળતા એ આત્મસ્વભાવ હોય? આહા..હા..! ઓહોહો..! પંચમહાવ્રતના પરિણામ દયા-દાનના, ભગવાનની ભક્તિ ત્રિલોકના નાથની (કરે), કહે છે કે એ રાગ છે એ દુઃખની અનુભવદશા છે. આહા..હા..! એ ચેતન નથી. આહા..હા..! કેટલો ન્યાય મૂક્યો છે!

'જડ છે.' આ દુઃખનો અનુભવ, ભાઈ! એ જડ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામનો રાગ, શાસ્ત્રને ભણવાની ઊઠતી વૃત્તિ રાગ. આહા..હા..! એ રાગ દુઃખરૂપ છે, એ ચૈતન્ય નહિ, એ ચૈતન્યની જાતમાંથી નહિ. આહા..હા..! એ તો જડ છે. કેટલા સિદ્ધ કર્યા છે! આહા..હા..! વ્યવહારરત્નત્રયને પાપ કહ્યું છેને? પુણ્ય-પાપ અધિકારમાં પાપ કહ્યું છે. આહા..હા..! ભાઈ! આનંદનો નાથ પ્રભુ, અનાકુળ શાંતિનો સાગર આત્મા, એમાંથી અનાકુળ આનંદનો અનુભવ થાય એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! વચ્ચે રાગ-વ્યવહાર આવે, પૂર્ણ ન હોય ત્યારે એને આવે, પણ એ છે તો દુઃખરૂપ. આહા..હા..! કેટલી સ્પષ્ટ!

**શ્રોતા** :- સમ્યગ્દષ્ટિને દુઃખનું વેદન હોય જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! વેદન ન હોય એ તો વળી પાછું એકાંત કરી નાખ્યું. એ તો સમ્યગ્દર્શન અને એના સ્વભાવની વાત ચાલે ત્યારે એમ કહેવાય, પણ સાથે જ્ઞાન છે એ જ્ઞાન તો છઠ્ઠે ગુણસ્થાને ગણધરને પણ જે રાગ છે એ દુઃખરૂપ છે. આહા..હા..!

શુભરાગ એ દુઃખ હોં! વિષયની વાસના, રળવાનો ભાવ, અનુકૂળ ચીજમાં ઉલ્લસિત વીર્યનું ખુશીપણું એ તો બધો પાપરાગ તીવ્ર દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો રાગની મંદતા જે પ્રશસ્ત, દેવ-ગુરુ-શાસ્ત્ર જે પ્રશસ્ત છે એને આશ્રયે થયેલા ભાવને પ્રશસ્ત કહીએ, પંચાસ્તિકાયમાં. આહા..હા..! એ રાગ પણ દુઃખરૂપ ને આકુળતાનો અનુભવ છે. કહો, શેઠ! આવું છે. આહા..હા..! માર્ગ છે એને છે એને માન તો ખરો, બાપુ! આહા..હા..! સત્ છે એને સત્ રીતે જો, નહિતર મરી ગયો છો અનાદિથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભારે પણ બે લીટીમાં તો ગજબ કર્યું છેને! '**તેમનો અનુભવ પણ...**' એ કેમ ચૈતન્યના નથી? કે એ '**અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે.**' આહા..હા..! ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે છે એ પણ આકુળતામય દુઃખરૂપ છે, એ ચેતન નથી, એ જડ છે. આટલા ત્રણ તો નામ આપ્યા. આહા..હા..! '**ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે,...**' ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એવો જે અનુભવ, આહા..હા..! એ તો અનાકુળ-નિરાકુળ છે. કહો, આ તો સાદી વાત છેને.

પરમાનંદસ્વરૂપ ભગવાન જ્ઞ-સ્વભાવી સર્વજ્ઞસ્વભાવી પૂર્ણ આનંદસ્વભાવી એનો આશ્રય લઈને, એની સન્મુખ થઈને જે દશા પ્રગટ થાય એ તો અનાકુળ દશા છે, ઉપશમરસની દશા છે, અવિકારી દશા છે, શાંતના અનુભવની દશા છે. આહા..હા..! '**તે જ જીવનો સ્વભાવ છે...**' કહો. એ પર્યાયની વાત કરી. કેમકે ભગવાન આત્મા અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ, એની સામું જોતાં, એનો આશ્રય લેતાં જે દશા થાય એ તો આનંદદશા હોય છે. આહા..હા..! શું વાત કરી છે! ધર્મ તો એને કહીએ કે અનાકુળ આનંદનું વેદન થાય તેને ધર્મ કહીએ. આહા..હા..! કહો, ચેતનજી! આહા..હા..! પ્રભુ! તું છે એમ રાખને. વસ્તુને વસ્તુ તરીકે રાખ, ફેરવ નહિ, પલટો ન માર. આહા..હા..!

આ આત્મા જે છે... એ કહ્યું હતુંને? આ શક્કરકંદ નથી થતા? શક્કરિયા-શક્કરકંદ. એની લાલ છાલ ઉપરની એક જરી એ સિવાયનું આખું શક્કરકંદ છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પની છાલ, એની પાછળ ભગવાન છે એ તો એકલો આનંદનો કંદ છે. જેમ ઓલો સાકરકંદ છે. સાકરકંદને શક્કરકંદ કહે છે. સાકરની મીઠાશનો પિંડ છે એ. આહા..હા..! એની મીઠાશનો સ્વાદ આવે એ શક્કરિયું કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! એમ ભગવાન આત્મા એક પુણ્ય અને પાપની છાલ જે વિકલ્પ છે એ તો દુઃખરૂપ છે. એની પાછળ અનાકુળ આનંદનો કંદ શક્કરકંદ પ્રભુ છે. આહા..હા..! ધીરાના કામ છે, ભાઈ! આ કોઈ પંડિતાઈ ને બહુ ભાષા કરતાં આવડે ને લોકોને સમજાવતા આવડે તો આ સમજાય એવી ચીજ નથી આ. આહા..હા..! કહો, શાંતિભાઈ! આહા..હા..!

આનંદકંદ છે. શક્કરકંદ છે. શક્કર એટલે સાકર. સાકરની મીઠાશનો કંદ શક્કરિયું. આહા..હા..!

એમ પ્રભુ! તારું દળ આખું અનાકુળ આનંદનું દળ છે. આ શરીરના ચામડા જુદાં, કર્મના જડ જુદાં, એ પુણ્ય અને પાપની છાલ જુદી, એ દુઃખરૂપ છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે. અરેરે..! આવી સીધી વાત છે. સચ્ચિદાનંદ પ્રભુ છે એ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદ. આહા..હા..! એનો અનુભવ છે એ તો અનાકુળનો અનુભવ હોય, એ મોક્ષનો માર્ગ હોય અને એ અનાકુળ અનુભવ તે ચૈતન્યની જાત કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! હવે શું કરે? ભગવાનના વિરહ પડ્યા, અવધિ-મનઃપર્યયજ્ઞાન કાંઈ રહ્યા નહિ. આહા..હા..! કેટલી વાર એવું થઈ જાય છે મનમાં કે કોઈ એવું અવધિજ્ઞાન બેનને થઈ જાય છે? એમ થઈ જાય છે હોં! કોઈવાર. સ્થિતિ પૂરી થવાની છેલ્લી સ્થિતિમાં કાંઈ એવો કોઈ ચમત્કાર ધર્મનો (થાય તો). બહેન જેવા પાક્યા છે. આહા..હા..! ઓલા ફૂલચંદજી કહેતાને, ભાઈ! ઓલાને વિદ્યાનંદજીને. વિદ્યાનંદને કહેતા હતા, અમે આપના તરફથી ઘણી આશા રાખીએ છીએ. એ તો એમ કે સારું લગાડવા. આમ તો માને નહિ અંદર, પણ એને નગ્ન છે, લોકો બહારને માને છેને લોકો. શેઠિયાઓ પણ ફીદા-ફીદા થઈ જાય છે. રાજકુમારસિંહ મુનિરાજ... મુનિરાજ... મુનિરાજ.. એમ કહે. અરે.. ભગવાન! આહા..હા..! અહીં તો એમ કહે છે... એક ઘાના બે કટકા કરે છે અહીં તો. આહા..હા..! એ પુણ્યનો ભાવ જે વ્યવહારરત્નત્રયનો એ આકુળતામય હોવાથી ચૈતન્ય નથી અને જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહાર બધો અચેતન છે, જડ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અચેતન છે. આહા..હા..! જેનું ફળ દુઃખ છેને અને ભવિષ્યમાં પણ એ દુઃખનું કારણ છે. એ ૭૪માં નથી કહ્યું? આહા..હા..! ૭૪ ગાથા. શુભભાવ વર્તમાનમાં દુઃખ છે અને એનું પુણ્ય બંધાશે ત્યારે એને સંયોગો કોઈ મળશે સાંભળવાના, એ ઉપર એનું લક્ષ જશે તો એને રાગ જ થશે. આહા..હા..! એ ભગવાનની વાણી સાંભળે તોપણ રાગ થાશે. આહા..હા..! શુભભાવ તો વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે એમ કહ્યું છે. એટલે કે એના ફળ તરીકે સંયોગ મળશે અને સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ જ થશે, દુઃખ જ થશે. આહા..હા..! ગજબ વાત છેને વીતરાગની વાત! વીતરાગ કહે છે કે મારી સામું જોતાં અને મારી વાણી સાંભળતા તારા પુણ્યને લઈને આ યોગ મળ્યો તને, પણ અમારી સામું જોતાં તને રાગ થશે, ભાઈ! આહા..હા..! અમે પરદ્રવ્ય છીએ. આહા..હા..! અમારી સામું જોતાં.. ભાઈએ લખ્યું છે-ન્યાલભાઈએ. ભગવાન એમ કહે છે કે તું મારી સામું જો તો.. બાબુભાઈ! ન્યાલભાઈમાં આવે છે. તારામાં જો તું, ભાઈ! આ વાણી વીતરાગની છે. આહા..હા..!

અહીં કહે છે.. બહુ વાત સરસ. આહા..હા..! એ વ્યવહાર જેને કહીએ રાગ એ તો ચોખ્ખી વાત મૂકી દ્રવ્યસંગ્રહમાં. વ્યવહારરત્નત્રય એટલે શુભરાગ. પાઠ છે એ તો ચોખ્ખો

દ્રવ્યસંગ્રહમાં. શુભરાગ અને રાગ તે દુઃખનો અનુભવ. આહા..હા..! ત્રણલોકના નાથની પૂજા ને ભક્તિનો ભાવ, સમવસરણમાં હોં જઈને, એ ભાવ રાગ છે, પ્રભુ! સ્વ-આશ્રય છોડીને જેટલો પરાશ્રયમાં જાય એ રાગ છે, એ દુઃખ છે. આહા..હા..! આહા..હા..!

**'ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે,...'** ને પ્રભુ! આહા..હા..! એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે આનંદરૂપ છે. એ નિરાકુળ આનંદરૂપ ત્રણ છે. આહા..હા..! માણસ કહે છેને, ચારિત્ર તો ભાઈ! મીણને દાંતે લોઢાના ચણા ચાવવા. અરે..! એમ ન કહે, પ્રભુ! ચારિત્રની એમ વ્યાખ્યા ન કર. ચારિત્ર તો આનંદદાતા.. આહા..હા..! સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં શાંતિ એ તો અતીન્દ્રિય આનંદનો દાતાર છે. એનો અનુભવ તે અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો. નથી કહેતા? આહાહા..! ગજબ વાત કરી છે. એમ થોડું કહ્યું ઘણું કરીને જાણજે, ભાઈ! વ્યવહારમાત્ર દુઃખરૂપ છે. ભગવાનનો અનુભવ આનંદરૂપ છે. આ એમાં તારે જાણવું હોય એ જાણી લે હવે. બાર અંગમાંથી આ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ચૈતન્યનો અનુભવ...'** ભગવાન આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એની લીનતા એ ચૈતન્યનો અનુભવ આનંદ છે. આહા..હા..! ઓલામાં નથી નાખ્યું? છ ઢાળામાં નથી? ત્યાગ-વૈરાગ્ય નથી કાંઈક? ખેદ ન કર. ત્યાગ-વૈરાગ્યને દુઃખરૂપ જાણે.

**શ્રોતા :-** આતમ હીત હેતુ વીરાગ જ્ઞાન, તે લખે આપકૂં કષ્ટદાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કષ્ટદાન. આહા..હા..! રાગનો ત્યાગ અને આનંદની ઉત્પત્તિ એને કષ્ટદાન માને. એ છે આનંદનો સાગર. આહા..હા..! એ રાગથી ખસી અને સ્વભાવમાં જાય છે ત્યારે એને આનંદ થાય છે. આહા..હા..! એને એવી ચારિત્રદશા એ તો આનંદમય છે એને કષ્ટદાન માને. આહા..હા..! બાપુ! તને ધર્મની શ્રદ્ધા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે, તે જ જીવનો સ્વભાવ છે...'** આહા..હા..! **'એમ જાણવું.'** લ્યો! આહા..હા..! પંડિતે આવો અર્થ કર્યો છે.

**'હવે, ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતાદ્રવ્ય પોતે પ્રગટ થાય છે...'** છેલ્લો કળશ છેને આનો? **'એમ કળશમાં મહિમા કરી અધિકાર પૂર્ણ કરે છે :-'**

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे ।।४५।।

આહા..હા..!

**'શ્લોકાર્થ :- આ પ્રમાણે જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને...'** એટલે? જ્ઞાનની એકાગ્રતાના અનુભવનો વારંવાર અભ્યાસ કરી. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન

આત્મા એનો અંતરમાં જ્ઞાનની એકાગ્રતાનો 'कलना' અભ્યાસ કહો, અનુભવ કહો. આહા..હા..! એ વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે એનો એકાગ્રતાનો અભ્યાસ અનુભવનો કરી. આહા..હા..! એ '**જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ...**' એટલે? સ્વરૂપ આનંદનો સાગર પ્રભુ, તે તરફની દૃષ્ટિમાં અંતરની એકાગ્રતાથી રાગથી તે ભિન્ન પડી જાય છે. આહા..હા..! દુઃખની દશાથી ભિન્ન પડી જાય છે અને આનંદની દશામાં લીન થાય છે. આહા..હા..! આત્માનો અભ્યાસ એટલે જ્ઞાનનો અભ્યાસ એમ કીધુંને? જ્ઞાન તે આત્મા એમ કીધું છેને? આહા..હા..!

એ જ્ઞાન તે આત્મા, એનો અભ્યાસ-અંતરમાં અનુભવ. એ કરવત જેમ કરવત બે ભાગ-ફાડ પાડે. આહા..હા..! એમ અંતરનો અનુભવ રાગ ને ભગવાનની દશાને ફાડ પાડી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું! આહા..હા..! આઠ-આઠ વર્ષના છોકરાઓ કેવળજ્ઞાન લેતા હશે. આહા..હા..! આ તો અભ્યાસ કીધોને. રાજકુમારો હોય આઠ વર્ષના, પણ અંતરમાં આત્માના સ્વાદ આવ્યા છેને. આહા..હા..! એ સ્વાદમાં વારંવાર અભ્યાસમાં જાય છે. આહા..હા..! એ આઠ વર્ષના બાળક શરીરે, એ પરમાત્મા અંતર્મુહૂર્તમાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે પરમાત્મસ્વરૂપ.. એ ઘણે ઠેકાણે આવેલું છે હોં! પર-મા ને એ બધું. પરા-મા અને પર-મા એવા આવ્યા છે જુદાં-જુદાં અર્થ. પરમાત્માનો અર્થ પરમાત્મા. ટીકામાં બે-ત્રણ-ચાર ઠેકાણે આવ્યું છે. આહા..હા..!

પરા-ઉત્કૃષ્ટ. જેની આનંદ અને જ્ઞાનલક્ષ્મી એવો મા-એવો જે પદાર્થ એને રાગથી ભિન્ન પાડીને સ્વના અનુભવમાં અભ્યાસમાં આવે. છેને? 'कलना' છેને? 'कलना-पाटनं' 'वारंवार...' અનુભવ કરે એમ. 'कलना' એટલે અનુભવ, 'पाटनं' એટલે વારંવાર. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા અંદર જ્ઞાન ને આનંદનું નિધાન ખાણ છે, કહે છે. ભાઈ! એ અરૂપી છે. એ આનંદનો સાગર છે. એવું જે જ્ઞાન એટલે આત્મા એને અંતરમાં અનુભવનો અભ્યાસ વારંવાર કરીને, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલું જુદું પાડવું છેને?

'**જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને નચાવીને...**' આનંદનું પરિણમન કરીને, એમ કહે છે. આત્માને આનંદનો નાથ કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે. આહા..હા..! અંદર પ્રભુ છે આનંદનો સાગર, એનો અભ્યાસ અંતરમાં એકાગ્રતા કરતાં-કરતાં.. આહા..હા..! નચાવે છે. એ આનંદની દશાને પરિણમાવે છે એમ કહે છે. આહા..હા..! 'यावत्' જ્યાં જીવ અને અજીવ બંને 'स्फुट-विघटनं न एव प्रयातः' પ્રગટપણે જુદાં ન થયા. આહા..હા..! અર્થ કરશે બે પ્રકારનો. 'ज्ञातृद्रव्यं' 'प्रसभ-विकसत्-व्यक्त-चिन्मात्रशक्त्या' આહા..હા..! '**અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ...**' જેમ ગુલાબની કળી સંકોચરૂપ હોય અને એ વિકાસ થાય, એમ ભગવાન જ્ઞાન ને દર્શન અને આનંદ શક્તિરૂપે હતું, એની કળી હતી એને ખીલવ્યું અંદરમાં. સમજાણું કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! કોઈ વાર્તા ને કથા મળે ને રાજી થાય, પણ એ ધર્મ નથી, ભાઈ! આહા..હા..!

તારી મોટપની તને ખબર નથી. તારો અતીન્દ્રિય આનંદનો સાગર એ એને ભગવાન આત્મા કહીએ. આહા..હા..! એના તરફનો અભ્યાસ કર. તેં આ રાગનો અભ્યાસ તો કર્યો અનાદિથી. રાગ, પુણ્ય ને પાપ મારા એ તો દુઃખરૂપનો અભ્યાસ કર્યો. આહા..હા..! હવે આ આનંદના નાથનો અભ્યાસ તો કર, કહે છે. આહા..હા..!

છેલ્લી ગાથા. '**જ્ઞાતાદ્રવ્ય, અત્યંત વિકાસ...**' '**प्रसभ**' એટલે અત્યંત '**विकसत्**' '**વિકાસરૂપ થતી...**' '**व्यक्त**' '**પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે...**' આહા..હા..! અંદર ચિત્શક્તિરૂપે ભગવાન તો છે, પણ એનો અભ્યાસ અનુભવ કરતાં પર્યાયમાં ચિત્શક્તિની પ્રગટતા થાય છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદની પ્રગટ દશા થાય છે. આહા..હા..! '**विश्वं व्याप्य**' અને તે જ્ઞાનની પર્યાયના વિશ્વને જાણી શકે છે. એ શ્રુતજ્ઞાનની પર્યાયની એટલી તાકાત છે. લોકાલોક જાણવાની તાકાત છે. ભલે વ્યક્તપણે આમ ખ્યાલ ન આવે એ જુદી વસ્તુ છે, પણ એની પર્યાયની તાકાત '**વિશ્વવ્યાપ...**' આહા..હા..! છે? વિશ્વવ્યાપ. આહા..હા..! લોકાલોકને (જાણી લે). આનંદ જ્ઞાનસ્વરૂપનો અંતર અનુભવ કરતાં કેવળજ્ઞાન થઈ જાય છે ને અનુભવ થતાં સમકિત થાય છે. બે વાત કરશે. સમજાણું કાંઈ? આહા..! ત્યાં ભલે સમ્યગ્દર્શન ન હોય તોપણ જ્ઞાનની પર્યાય વિશ્વને જાણે છે. આહા..હા..! એનો સ્વભાવ જ એવડો છે. જ્ઞાનની સ્વસમયની પર્યાય સ્વને આશ્રયે થઈ એવી જ્ઞાનની પર્યાયમાં વિશ્વ નામ લોક અને અલોક જાણવાની તાકાત છે. એવી જ્ઞાનની પર્યાય લોકાલોકને વ્યાપીને એટલે? લોકાલોકને જાણતી પર્યાય.. આહા..હા..! '**પોતાની મેળે જ અતિ વેગથી...**' પ્રગટ થઈ. આહા..હા..! આમ સમુદ્રમાંથી જેમ બાઢ આવે બાઢ, ભરતી-ભરતી, એમ અંતરની શક્તિમાંથી અંતરના અનુભવને કરતાં-કરતાં શક્તિ પર્યાયમાં બાઢ આવી—મોટી ભરતી આવી. આહા..હા..! આવી વાત છે. આવો ધર્મ ભારે, ભાઈ! કઈ જાતનો આ ધર્મ. કોઈ કેટલાક એ કહે છે, સોનગઢે નવો ધર્મ કાઢ્યો. અરે..! ભાઈ! નવો નથી. અનાદિનો બાપા માર્ગ. તેં સાંભળ્યો નહિ એટલે તને નવો લાગે. અનાદિ તીર્થંકરો, કેવળીઓ, સંતો અનાદિથી પોકાર કરીને આ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ ધર્મ તો વિદેહક્ષેત્રમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મામાં છે. આહા..હા..!

'**પોતાની મેળે જ અતિ વેગથી...**' એટલે? જે જ્ઞાનની શક્તિ અનુભવ કરતાં પ્રગટ થઈ, તે સ્વયં પોતાની મેળાએ જગતને જાણે એવા જોરથી '**ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે પ્રકાશી નીકળ્યું.**' જ્ઞાન. આહા..હા..! બે પ્રકાર લેશે. સમ્યગ્દર્શનમાં પ્રકાશી નીકળ્યું અને કેવળજ્ઞાન થતાં પ્રકાશી નીકળ્યું. બે અર્થ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- આ કળશનો આશય બે રીતે છે :-**' '**ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં—કરતાં...**' એટલે કે આ જાણનાર પ્રભુ આત્મા છે, જાણનાર જ્ઞાતા-દૃષ્ટા પ્રજ્ઞાબ્રહ્મ

પ્રભુ આત્મા છે. પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. આહા..હા..! આવી વાત છે. ઘરમાં આનંદ અને ગોતવા જાય બહાર. '**ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં-કરતાં...**' જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબ્રહ્મ પ્રભુ એમાં અંતરમાં '**कलना**' અનુભવનો વારંવાર અનુભવ કરતાં '**જ્યાં જીવ અને અજીવ બન્ને સ્પષ્ટ ભિન્ન સમજાયા...**' આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશની મૂર્તિ એમ જણાણું અને રાગાદિ અજીવ થઈને એ ભેદપણે જણાણું. આહા..હા..! '**કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો**' આ સમકિતની વ્યાખ્યા કરી. આહા..હા..! જ્ઞાનસ્વભાવી પ્રભુ આત્મા અરૂપી આનંદઘન, એનો અભ્યાસ કરતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આનાથી થાય છે, કોઈ નિમિત્તથી ને બાહ્યથી ને વિકલ્પથી થાતી નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! અભ્યાસ નહિને અને આ વાત અત્યારે ચાલતી નહોતી એટલે લોકોને.. આ કરો.. આ કરો.. આ કરો.. વ્રત પાળો, અપવાસ કરવો, ભક્તિ કરો, દાન કરો. મંદિર બનાવો ને રથયાત્રા કાઢો અને ગજ શું કહેવાય ગજ? ગજરથ ચલાવો. લાખ-બે લાખ-પાંચ લાખ ખર્ચો. બાપુ! એ કાંઈ ધર્મ નથી, ભાઈ! આહા..હા..! ગજરથ તો આનંદના નાથનું ચક્ર ફરવે અંદર. આહા..હા..! એ હાથી જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન. આહા..હા..! એને અંતરમાં એકાગ્ર થતાં થતાં બે જીવ અને અજીવ જુદાં પડી જાય. આહા..હા..! ત્યારે એને સમ્યગ્દર્શન થાય. કોઈ વ્યવહાર કરતાં-કરતાં થાય એમ ન આવ્યું. સ્વભાવ તરફનો અનુભવ કરતાં... કરતાં... કરતાં... સમ્યગ્દર્શન થાય. આહા..હા..!

'**સમ્યગ્દષ્ટિ આત્મા,...**' ઓલું વિશ્વવ્યાપ આવ્યું છે ખરુંને? '**શ્રુતજ્ઞાન વડે વિશ્વના સમસ્ત ભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી...**' જાણવાનો સ્વભાવ જ છે એનો. આહા..! વિશ્વને જાણવાની પર્યાયની તાકાત એની છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિને ચાહે તો તિર્યંચ હો, અરે..! આઠ વર્ષની બાળિકા હોય-શરીર, પણ એને આ આત્મા શુદ્ધ ચૈતન્ય તરફના અભ્યાસથી જે સમ્યગ્દર્શન થાય, એની પર્યાયમાં જ્ઞાનમાં વિશ્વને જાણવાની તાકાત છે. આહા..હા..! એક સમયની પર્યાય છ દ્રવ્ય લોકાલોકને જાણે. એટલે શું? ન જાણે એ શું? જેનો સ્વભાવ જ જાણવો એ ન જાણે એ શું? એને એક જ સમયની પર્યાયની એટલી તાકાત છે. આહા..હા..! આવો ધર્મ!

'**નિશ્ચયથી વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે;...**' સમજાણું? '**માટે તે વિશ્વને જાણે છે એમ કહ્યું.**' શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ લોકાલોક પરોક્ષ (જાણે), પણ જાણવાનો જ એનો સ્વભાવ છે. આહા..હા..! ભગવાન આત્મા અંતરના સ્વભાવની શરણે જતાં, એકાગ્રતાના અભ્યાસથી સમ્યગ્દર્શન થતાં તેના આનંદનું વેદન આવે અને તેની જ્ઞાનની પર્યાય વિશ્વને જાણે એવી એની તાકાત છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની મોટપની એને ખબર નથી. ભગવાન અંદર કેવડો મોટો છે, શું છે? આહા..હા..! પામર તરીકે માન્યો, એક સમયની પર્યાય પૂરતો માન્યો અને રાગવાળો માન્યો. આહા..હા..! એણે પૂર્ણાનંદના

સ્વભાવનો અનાદર કર્યો છે. પૂર્ણ આનંદના સ્વભાવની હયાતી છે તેનો નકાર કર્યો છે અને રાગ ને પુણ્યની હયાતી છે એનો સ્વીકાર કર્યો છે. એમાં પૂર્ણાનંદના નાથની અભાવ એટલે હિંસાદશા થઈ. આહા..હા..! જાણે એ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. આહા..હા..!

**'એક આશય તો એ પ્રમાણે છે.'** જ્ઞાનસ્વરૂપ ભગવાન એની અંતરમાં વલણ થતાં રાગ ને આત્મા બે જુદાં પડી જાય. સમ્યગ્દર્શન થતાં બે જુદાં પડે અને એની સાથે થતું જ્ઞાન વિશ્વના નાથને જાણ્યો જેણે પર્યાયમાં, એ પર્યાય લોકને જાણવાને માટે શું છે? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેની જ્ઞાનપર્યાયમાં વિશ્વનાથ પ્રભુ.. આહા..હા..! એ જેની પર્યાયમાં જણાણો એ પર્યાય વિશ્વને જાણે એમાં પ્રશ્ન શું છે? આહા..હા..! આવી વાત છે. આહા..હા..! આમુલચુલ રસ એવું આવે છે. જિનાદેશ જાતા આવે છેને? એમાં એવું આવે છે. આમુલચૂલ રસ એવું આવે છે. એવી ભાષા છે. આહા..હા..! વાણીની વાત કરી ત્યાં. જિનવાણી. આમુલ વાણી છે. એનો ચૂલરસ-મીઠો રસ કહે છે. એ વાણીનું ભાન થયુંને એનો.

**'બીજો આશય આ પ્રમાણે છે : જીવ-અજીવનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદો પડ્યા પહેલાં...'** જીવ-અજીવ તદ્દન જુદો થયાં પહેલાં. **'જીવનો મોક્ષ થયા પહેલાં, ભેદજ્ઞાન ભાવતાં-ભાવતાં અમુક દશા થતાં નિર્વિકલ્પ ધારા જામી...'** વીતરાગરહિત જે દશા હતી એ વીતરાગસહિત દશા થઈ. આહા..હા..! જામી. ચંદુભાઈ કહે છેને. તમારે ચંદુભાઈ ડોક્ટર. જામી એમ કહે. આહા..હા..! અંતરમાં સ્વભાવની એકાગ્ર થતાં નિર્વિકલ્પ ધારા જામી, વીતરાગની ધારા પરિણમી અંદર, કહે છે. આહા..હા..! **'જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો; અને તે શ્રેણિ અત્યંત વેગથી આગળ વધતાં-વધતાં...'** અંતરની એકાગ્રતાની ધારા આગળ વધી. આહા..હા..! **'વધતાં-વધતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. પછી અઘાતિકર્મનો નાશ થતાં જીવદ્રવ્ય અજીવથી કેવળ ભિન્ન થયું.'** આહા..હા..! આ બે તદ્દન જુદાં પડી ગયા પછી. પહેલાં સમ્યગ્દર્શન સુધીની વાત કરી હતી, પછી આગળ ધારા વધતાં-વધતાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ થતાં જીવ અને અજીવ બે જુદાં પડી ગયા. આહા..! **'જીવ-અજીવના ભિન્ન થવાની આ રીત છે.'** પદ્ધતિ આ છે. આહા..હા..! સ્વભાવની શુદ્ધતાની એકાગ્રતાનો અભ્યાસ એ અજીવથી જુદાં પડવાની રીત અને માર્ગ છે. આહા..હા..! અહીં કહે કે રાગને ભેગો લઈને રાગથી મદદ થાય. આહા..! જેને જુદું પાડવો એને જુદાં પાડવામાં મદદ એની? સમજાણું કાંઈ? રાગ તો અજીવ છે. એને કાંઈ ચૈતન્યના અનુભવથી જુદો પાડવો છે. હવે એની સહાયથી અહીં જુદો પડે? બહુ ઝીણી વાત, ભાઈ!

**'ટીકા :- આ પ્રમાણે જીવ અને અજીવ જુદાં-જુદાં થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયા.'** જીવ જીવરૂપે થઈ ગયો અને અજીવ અજીવરૂપે રહ્યો. એમ આ રંગભૂમિની વાત પૂરી થઈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ


પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ